
શ્રીમજ્જિનસેનાચાર્ય-વિરચિત

# મહાપુરાણ ભાગ–૧




: પ્રકાશક :

શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર, સોનગઢ

ॐ

શ્રીમજ્જિનસેનાચાર્ય-વિરચિત

# મહાપુરાણ ભાગ–૧

## (આદિપુરાણ)

: પ્રેરણાસ્રોત :

સ્વ. નાગરદાસ બી. મોદી, સોનગઢ


હિન્દી અનુવાદક : સંપાદક

ડૉ. પન્નાલાલ જૈન

(સાહિત્યાચાર્ય)

: ગુજરાતી અનુવાદક :

પ્રશમ જિતેન્દ્ર મોદી, સોનગઢ

(સંપાદક : આત્મજાગ્રતિ)



: પ્રકાશક :

શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર, સોનગઢ

મો. ૦૯૭૨૨૮૩૩૧૪૩

કહાન સંવત : ૩૭ | વીર સંવત : ૨૫૪૩ | વિક્રમ સંવત : ૨૦૭૩ | ઈ. સ. : ૨૦૧૭

પ્રથમ આવૃત્તિ
પ્રત : ૧૦૦૦

-: પ્રકાશન તિથિ :-
ભગવાન મહાવીરસ્વામી નિર્વાણ કલ્યાણક દિન, દીપાવલી
વિક્રમ સંવત ૨૦૭૩, આસો વદ-૦)), તા. ૧૯-૧૦-૨૦૧૭

## : પ્રાપ્તિસ્થાન :

* શ્રી કુંદકુંદ-કહાન
  મોક્ષાર્થી પરિવાર
  સોનગઢ—૩૬૪૨૫૦
  (સૌરાષ્ટ્ર)
  મો. નં. : ૯૭૨૨૮૩૩૧૪૩
* શ્રી કુંદકુંદ-કહાન
  પારમાર્થિક ટ્રસ્ટ,
  વીલેપાર્લે (વેસ્ટ),
  મુંબઈ—૪૦૦૦૫૬
  ફોન : ૦૨૨-૨૬૧૩૦૮૨૦
* શ્રી સીમંધર-કુંદકુંદ-કહાન
  આધ્યાત્મિક ટ્રસ્ટ
  રાજકોટ – ૩૬૦ ૦૦૫,
  ફોન : (૦૨૮૧) ૩૧૦૦૫૦૮
* વિજય એમ. બોટાદરા
  મુંબઈ-૪૦૦૦૭૭
  મો. નં. : ૦૯૮૧૯૧૯૫૩૫૩

## પ્રસ્તુત આવૃત્તિના પ્રકાશનાર્થે પ્રાપ્ત આર્થિક સહાય

| | |
|---|---|
| રૂા. ૧૦૦૦૦૦/- | એક મુમુક્ષુ, મુંબઈ |
| રૂા. ૭૦૦૦૦/- | એક મુમુક્ષુ, મુંબઈ |
| રૂા. ૧૧૦૦૦/- | એક મુમુક્ષુ, મુંબઈ |
| રૂા. ૧૧૦૦૦/- | એક મુમુક્ષુ, અમદાવાદ |
| રૂા. ૧૧૦૦૦/- | શ્રીમતી પ્રવીણાબેન કાંતિલાલ ગાલા, મુંબઈ |
| રૂા. ૧૦૦૦૦/- | શ્રીમતી શ્રુતિ હિરલ ગાલા, મુંબઈ |
| રૂા. ૧૦૦૦૦/- | શ્રીમતી ચંદ્રકલા પ્રેમચંદ જૈન, દેવલાલી |
| રૂા. ૧૦૦૦/- | શ્રી રાજેશભાઈ રજનીકાંત શાહ, રાજકોટ |
| રૂા. ૫૦૦/- | શ્રીમતી મંજુલાબેન શિવલાલ ડગલી, બોટાદ |

મુદ્રક :
**સ્મૃતિ ઓફસેટ**
**સોનગઢ-૩૬૪૨૫૦**
**મો. ૦૯૮૨૪૯ ૪૪૪૦૧**

મૂલ્ય : સ્વાધ્યાય



આચાર્ય જિનસેન (દ્વિતીય) વનમાં તાડપત્ર ઉપર મહાપુરાણ શાસ્ત્ર લખી રહ્યા છે.

# પ્રકાશકીય નિવેદન

જેના અભાવમાં જિનવરસ્વામી મળવા છતાં ન મળ્યા સમાન રહ્યો, જેના અભાવમાં દિવ્યધ્વનિના શ્રવણપાન છતાં ધર્મોપદેશથી વંચિત રહેવા સમાન રહ્યો એવો દુર્લભ દ્રવ્યદૃષ્ટિપ્રધાન ઉપદેશ આ દુષમકાળે ભવ્ય જીવોને જેમના પ્રતાપે સુલભ બન્યો એવા ઉપકારમૂર્તિ સ્વાનુભવવિભૂષિત કરુણાસિંધુ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીએ પ્રધાનપણે તો, જેની પ્રાપ્તિ વિના જીવ બોધિપણે—સમ્યગ્જ્ઞાનપણે પરિણમ્યો નથી એવો, દ્રવ્યદૃષ્ટિનો જ માર્ગ પ્રકાશ્યો છે અને સાથોસાથ તે બોધિબીજને અનુકૂળ એવી સમાધિ—વૈરાગ્યની ભૂમિ માટે પુરાણોના સેંકડો પ્રસંગોનું ખૂબ મલાવી મલાવીને વર્ણન કરતાં કરતાં એ પુરાણ-પ્રસંગો વડે જીવોના **પરિણામની વિચિત્રતા**, તે તે પરિણામોની તેના **જન્મક્ષણે અફરતા—નિશ્ચિતતા**, પરિણામોની **યોગ્યતા** અને **ક્રમબદ્ધતા** તેમજ પુણ્ય-પાપ અને તેનું ફળ, સંયમ અને તેનું ફળ અને તે દ્વારા હેય-ઉપાદેયપણાની સિદ્ધિ કરતાં રહ્યા હતા. તેઓશ્રીના દ્રવ્યદૃષ્ટિપ્રધાન મૂળભૂત ઉપદેશનું સંકલન તો અનેકવાર પ્રકાશિત થતું આવ્યું જ છે, પરંતુ તેઓશ્રીના પ્રવચનોમાં વારંવાર પુરાણ-પ્રસંગો સાંભળતાં એક ભાવના રહ્યા કરતી હતી કે મોટા ભાગના પુરાણો હિન્દીમાં જ ઉપલબ્ધ હોવાથી તથા મોટા ગ્રંથાકારમાં હોવાથી, સામાન્ય જનસમુદાય માટે તેનું વાંચન સુલભ ન હોવાથી, આચાર્યોના મહાન પુરાણોમાંથી કેટલાક સમાધિ-વૈરાગ્ય-પ્રેરક પુરાણોનું ગુજરાતીમાં સંકલન પ્રકાશિત કરવું. ફળસ્વરૂપે **પાંડવપુરાણ, બોધિ-સમાધિ-નિધાન ભાગ-૧ અને ભાગ-૨, મહાવીરપુરાણ, શાંતિનાથપુરાણ બાદ શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર, સોનગઢ** દ્વારા **આચાર્ય શ્રી જિનસેન** વિરચિત આ **''મહાપુરાણ ભાગ-૧ (આદિપુરાણ)''** પ્રકાશિત કરવાનું બનતાં પ્રસન્નતા અનુભવીએ છીએ.

સર્વજ્ઞદેવની દિવ્યધ્વનિમાં ચાર અનુયોગનો ઉપદેશ હોય છે, તેમાં પ્રથમ અનુયોગનું નામ પ્રથમાનુયોગ છે. બીજી રીતે કહીએ તો દ્રવ્યાનુયોગ, ચરણાનુયોગ અને કરણાનુયોગમાં જે વર્ણન છે તેનો 'પુરાવો' (-સાક્ષી) એટલે આ પ્રથમાનુયોગ! તેથી, પ્રથમાનુયોગના અભ્યાસથી એ ત્રણેય અનુયોગના વર્ણનનું ભાવભાસન સરળ બને છે; વિશેષરૂપે દ્રવ્યાનુયોગના વિષયની દૃઢતા તેમજ ચિંતન-મનન પ્રબળ બને છે.

પુરાણના સ્વાધ્યાયથી પુરાણના પ્રસંગોનો શાંતચિત્તે વિચાર કરતાં મુખ્યતઃ વૈરાગ્યભાવના વિશેષ વૃદ્ધિગત્ થવા પામે છે જેના કારણે ગૃહસ્થભૂમિકામાં પ્રવૃત્તિ, પરિચય અને પ્રમાદથી વિશેષ નિવૃત્તિપૂર્વક દ્રવ્યદૃષ્ટિપ્રધાન આત્મસાધનામાં વિશેષ આરૂઢતા થઈ શકે છે.

આ શાસ્ત્રના પ્રકાશન સમયે અનુવાદના પ્રેરણાસ્તોત્ર એવા શ્રી નાગરદાસ મોદીને સ્મરણપટ પર અંકિત કરીએ છીએ. આ શાસ્ત્રના પ્રૂફ રીડિંગના કાર્યમાં અમદાવાદ નિવાસી શ્રી રોમેશભાઈ શાહે ઘણી મદદ કરી છે તથા પ્રસ્તાવના તથા પરિશિષ્ટો પણ લખી આપેલ છે, જેમાં પં. અભિષેક શાસ્ત્રી(પાલડી) તથા પં. સોનુ શાસ્ત્રી(વસ્ત્રાપુર) અમદાવાદનો સહયોગ મળેલ છે તે બદલ તેમનો પણ આભાર માનીએ છીએ. ટાઈપસેટીંગ માટે નિજેશભાઈ જૈન, સોનગઢ કે જેમના સહયોગથી અનુવાદકશ્રીએ આ ગુજરાતી ભાષાંતર કાર્ય અલ્પ સમયમાં પૂર્ણ કરેલ છે, માટે તેમનો તથા મુદ્રણકાર્ય માટે સ્મૃતિ ઓફસેટના નિલયભાઈ જૈન, સોનગઢના અમે આભારી છીએ. તદુપરાંત જે કોઈએ આર્થિક સહયોગ બળ આપીને અમને પ્રોત્સાહન બળ પુરું પાડ્યું છે તેઓના અમે ઋણી છીએ.

મુમુક્ષુ વાચકોને વિનંતી કે આ આદિપુરાણના અધ્યયન દરમ્યાન આપને કોઈ ત્રૂટી જણાય તો અમને અવગત જરૂર કરશો કે જેથી નવા સંસ્કરણમાં સુધારી શકાય.

અંતમાં આ પુરાણના વાંચન વડે પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા પ્રરૂપિત અધ્યાત્મના માર્મિક સિદ્ધાંતોનું સરળતાપૂર્વક ભાવભાસન થાઓ તથા આ દુર્લભ મનુષ્યભવમાં બોધિ-સમાધિની ઉપલબ્ધિ થાઓ અને એ રીતે પૂજ્ય ગુરુદેવશ્રી આદિ ધર્માત્માઓનો સત્-સમાગમ ચરિતાર્થને પ્રાપ્ત થાઓ એવી શુભભાવના સહ.....

ભાદરવા વદ-૧
ક્ષમાવણી પર્વ
૭ સપ્ટેમ્બર ૨૦૧૭

—પ્રકાશક
શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર

# અર્પણ

ભવાટવીમાં ભટકતાં ભૂલા પડેલાં ભવ્યોને ઉગારનાર ભગવાન શ્રી સીમંધરસ્વામીના સમવસરણના શ્રોતા, મહાવિદેહમાં સમવસરણમાં ભગવત્ કુંદકુંદાચાર્યદેવના પ્રત્યક્ષ દર્શન કરનાર હે અનંત-ઉપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવ ! આપશ્રીએ ૪૫-૪૫ વર્ષો સુધી અધ્યાત્મની ધોધમાર વર્ષા વરસાવીને પંચમઆરાના અંત સુધી ધસમસતી વહેતી રહેનાર તત્ત્વજ્ઞાનની ગંગા વડે ભવ્ય જીવો પર જે અસીમ ઉપકાર કર્યો છે તે ઉપકાર પ્રતિ ભક્તિ-અંજલિ સમર્પિત કરવા **મહાપુરાણ ભાગ-૧, (આદિપુરાણ)** ગુજરાતીમાં પ્રકાશિત કરીને આપને અર્પણ કરતાં અમો અત્યંત પ્રસન્નતા અનુભવીએ છીએ.

—પ્રકાશક-પરિવાર



**અધ્યાત્મમૂર્તિ સદ્ગુરુદેવ પૂજ્ય શ્રી કાનજીસ્વામી**

જન્મ દિન : વૈશાખ સુદ-૨, સં. ૧૯૪૬ (૨૧ એપ્રિલ, ૧૮૯૦)

સમાધિ દિન : કારતક વદ-૭, સં. ૨૦૩૭, (૨૮ નવેમ્બર ૧૯૮૦)

# પ્રસ્તાવના

પ્રસ્તુત ગ્રંથ **''મહાપુરાણ''** જૈન પુરાણશાસ્ત્રોમાં મુગટમણિ છે. તેનું બીજું નામ **''ત્રિષષ્ટિલક્ષણ મહાપુરાણ સંગ્રહ''** પણ છે. આ ગ્રંથમાં ૨૪ તીર્થંકર, ૧૨ ચક્રવર્તી, ૯ નારાયણ, ૯ પ્રતિનારાયણ અને ૯ બળભદ્ર–એમ ૬૩ શલાકાપુરુષોનું જીવન સંગ્રહિત છે.

તેની કાવ્યકલા, અલંકાર, ગુંથણી, પ્રસાદ, ઓજ અને મધુરતાનો અપૂર્વ સુમેળ, શબ્દ–ચતુરતા અને બંધ પોતાની રીતે અદ્‌ભુત છે. ભારતીય સાહિત્યના ખજાનામાં જે અમૂલ્ય મહાન ગ્રંથરત્નો છે, તેમાં સ્વામી જિનસેનની આ રચના પોતાનું વિશિષ્ટ સ્થાન ધરાવે છે.

આ મહાપુરાણની વ્યાખ્યા આચાર્ય જિનસેને જ સ્વયં ગ્રંથની ઉત્થાનિકામાં જ (અ. ૧/૨૧થી ૨૬) આ પ્રમાણે કરી છે :

''આ ગ્રંથ અત્યંત પ્રાચીનકાળથી પ્રચલિત છે, તેથી ''પુરાણ'' કહેવાય છે, આમાં મહાપુરુષોના ચરિત્રોનું વર્ણન કરવામાં આવ્યું છે, અથવા તીર્થંકરાદિ મહાપુરુષોએ આનો ઉપદેશ આપ્યો છે અથવા તેના વાંચવાથી મહાન કલ્યાણની (મુક્તિના માર્ગની) પ્રાપ્તિ થાય છે.–તેથી તેને ''મહાપુરાણ'' કહેવામાં આવે છે. પ્રાચીન કવિઓ દ્વારા જેનો પ્રચાર થયેલો છે, તેથી તેની પુરાણતા– પ્રાચીનતા પ્રસિદ્ધ છે જ, તથા તેની કિંમત તેના મહિમાથી જ પ્રસિદ્ધ છે, તેથી તેને ''મહાપુરાણ'' કહે છે. આ પુરાણ મહાપુરુષો સાથે સંબંધ રાખવાવાળું છે તથા મહાન કલ્યાણનું કારણ છે તેથી ઋષિવરો આને ''મહાપુરાણ'' માને છે.

આ ગ્રંથ ઋષિ દ્વારા પ્રરૂપિત હોવાથી ''આર્ષ'', સત્યાર્થ નિરૂપણ કરનાર હોવાથી ''સુક્ત'' તથા ધર્મની પ્રરૂપણા કરનાર હોવાથી ''ધર્મશાસ્ત્ર'' માનવામાં આવ્યું છે. અનેક કથાઓનું જેમાં વર્ણન કરવામાં આવ્યું છે તેથી તેને ''ઈતિહાસ'' ''ઈતિવૃત્તિ'' અને ''ઐતિહય'' પણ માને છે અને તે પરંપરાથી જે ઉપદેશ ચાલ્યો આવે છે, તે જિનશાસનની આમ્નાય પ્રમાણે છે. આ પુરાણ ગણધરદેવ દ્વારા કહેવામાં આવેલ છે, તેને હું (જિનસેનાચાર્ય) મંદબુદ્ધિ, ફક્ત ભક્તિના કારણે કહેવા ઈચ્છું છું.''

આચાર્યદેવે શરૂઆતમાં જ જયસેનગુરુની સ્તુતિ કર્યા બાદ, કવિ પરમેશ્વરનો ઉલ્લેખ આ પ્રમાણે કર્યો છે :

''તે કવિ પરમેશ્વર લોકમાં કવિઓ દ્વારા પૂજાવા યોગ્ય છે, જેમણે શબ્દ અને અર્થના સંગ્રહ સ્વરૂપ સમસ્તપુરાણનો સંગ્રહ કર્યો હતો.'' (અ. ૧/૬૦)

આ ગ્રંથની રચનામાં આચાર્ય જિનસેન તથા આચાર્ય ગુણભદ્ર સ્વામીએ આગમ પરંપરા, આચાર્ય યતિવૃષભ કૃત "તિલોય પણણતિ" અને કવિ પરમેશ્વર કૃત "વાગર્થ સંગ્રહ" જેવી આગમોત્તર રચનાઓનો પણ ઘણો બધો આધાર લીધો છે. છતાં તેમની આ રચના એટલી પ્રામાણિક સર્વાંગપૂર્ણ અને શ્રેષ્ઠ બની છે કે તેમના આ વિષયની પૂર્વકાલીન રચનાઓ પ્રાયઃ અંધકારમાં ડૂબી ગઈ. તેથી એ કોઈ આશ્ચર્યની વાત નથી કે કવિ પરમેષ્ઠિ જેવા ગ્રંથકારની રચનાઓ પણ ઉપેક્ષિત થઈ ગઈ અને ક્રમે કરીને કાળના પ્રવાહમાં વિલીન થઈ ગઈ.

"આદિપુરાણ"નો મહિમા એક કવિના શબ્દમાં જોઈએ :

**"હે મિત્ર ! જો તમે બધા કવિઓની કવિતા સાંભળીને મન પ્રસન્ન કરવા ઇચ્છો છો, તો કવિવર જિનસેનાચાર્યના મુખકમળથી કહેલા આદિપુરાણને સાંભળવા તમારા કાનને નજીકમાં લાવો."**

સમગ્ર પુરાણની પ્રશંસા કરતાં એક અન્ય વિદ્વાને લખ્યું છે :—**"આ મહાપુરાણમાં ધર્મનું નિરૂપણ છે, મુક્તિના માર્ગનું કથન છે, ઉત્તમ કવિતા છે અને તીર્થંકરોનું ચરિત્ર છે અથવા કવીન્દ્ર જિનસેનાચાર્યના મુખકમળથી નીકળેલા વચન કોના મનને પ્રસન્ન નહીં કરે ?"**

જૈન પુરાણકારોનો હેતુ અને દૃષ્ટિકોણ સ્પષ્ટ છે કે પુરાણના નાયક તે જ મહાપુરુષ હોઈ શકે કે જેનું ચરિત્ર પૂર્વ પરંપરા અનુસાર લોક-પ્રસિદ્ધ હોય અને જેમના દ્વારા લોકજીવનનો ઉત્કર્ષ અને અભ્યુદય થવો સંભવિત હોય. આ જ મત "પઉમચરિય"ના કર્તા વિમલસૂરિનો છે. તેઓ કહે છે : "જે પદ્મચરિત પહેલાં નામાવલિ પ્રમાણે હતું અને આચાર્ય પરંપરાથી ચાલ્યું આવે છે, તે બધાને જ હું અહીં ક્રમસર કહીશ." (૧/૮). આ જ વાત રવિષેણાચાર્યે "પદ્મપુરાણ"માં કહી છે : "હું રામના ચરિત્રનું તે જ વર્ણન કરું છું, જે વિદ્વાનોની પરંપરામાં ચાલ્યું આવે છે. કારણ કે એવા જ મહાપુરુષના ગુણોના કીર્તનથી વિજ્ઞાનની વૃદ્ધિ થાય છે, નિર્મળ યશ ફેલાય છે તથા પાપ દૂર થાય છે." (૧/૨૧-૨૪). આવો જ અભિપ્રાય આપણને આચાર્ય જિનસેન (પ્રથમ) કૃત "હરિવંશપુરાણ"માં આ પ્રમાણે મળે છે : "દેશ અને કાલની ગતિવિધિઓના જ્ઞાતા આચાર્યોએ જ્યાં—ત્યાંથી તે જ પુરાણ-વૃત સંગ્રહ કરીને વર્ણન કરવું જોઈએ કે જે પુરુષાર્થ સાધનમાં ઉત્સાહ વર્ધક હોય." (૧/૭૦). આવા પુરાણ જ આ દેશનો પ્રાચીન ઈતિહાસ છે, કારણ કે તેમાં પૂર્વે થયેલા મહાપુરુષોના ચરિત્રો તથા લોકજીવનના આદર્શ માપદંડોનો પણ સમાવેશ હોય છે.

## શ્રી મહાવીર શાસનની પરંપરા અને પુરાણોનું ઉદ્‌ગમ :

વીતરાગી જૈન શાસનની પરંપરા અનાદિકાળથી ચાલી આવે છે. કેમકે જૈન શાસન શાશ્વત સત્ય પર આધારિત છે, જેમાં કોઈપણ કાળે ફેરફાર થયો નથી. આ વીતરાગી શાસનની ગૌરવપૂર્ણ પરંપરાના પુનીત પ્રવાહમાં, જંબૂદ્વીપના આપણા ભરતક્ષેત્રમાં વર્તમાન ચોવીસીના પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાનથી અંતિમ તીર્થંકર શ્રી મહાવીર ભગવાન સુધી બધા જ તીર્થંકરોએ જૈન દર્શનમાં વસ્તુ વ્યવસ્થાનું તથા જીવના પરમહિતરૂપ મુક્તિના માર્ગનું પ્રતિપાદન કર્યું છે. મહાવીર પ્રભુના નિર્વાણ બાદ પ્રથમ બાસઠ વર્ષમાં ત્રણ અનુબદ્ધ કેવળી ભગવંતો થયા. શ્રી ગૌતમસ્વામી, શ્રી સુધર્માસ્વામી અને શ્રી જંબૂસ્વામી. ત્યારબાદ સો વર્ષના સમય દરમ્યાન બાર અંગ અને ચૌદપૂર્વના ધારક પાંચ શ્રુતકેવળી આચાર્યો થયા. ૧. શ્રી વિષ્ણુનંદિ, ૨. શ્રી નંદિમિત્ર, ૩. શ્રી અપરાજિત, ૪. શ્રી ગોવર્ધન, ૫. શ્રી ભદ્રબાહુ–પ્રથમ. મહાવીરપ્રભુના મોક્ષગમન બાદ લગભગ પાંચસો વર્ષ સુધીની આચાર્યોની પરંપરા માટે પરિશિષ્ટ જુઓ. આ વિશાળ આધ્યાત્મિક જ્ઞાન પ્રવાહ આચાર્યો દ્વારા પેઢી દર પેઢી મૌખિકરૂપથી પ્રવાહિત વહેતો રહ્યો.

આ જ્ઞાનપ્રવાહ બે વિભાગમાં સુરક્ષિત રહ્યો, જે ''શ્રુતસ્કંધ''ના નામે ઓળખાય છે. પ્રથમ શ્રુતસ્કંધના કર્તા શ્રુતવત્સલ આચાર્ય ધરસેન હતા. તેમણે આ જ્ઞાન, ગિરનારની ગુફામાં મુનિવર પુષ્પદંત અને ભૂતબલિને આપ્યું. તેમણે આ અમૂલ્યજ્ઞાનને લિપિબદ્ધ કર્યું. જે ''ષટ્‌ખંડાગમ''ના નામથી પ્રસિદ્ધ છે. દ્વિતીય શ્રુતસ્કંધના સર્જક આચાર્યશ્રી ગુણધરસ્વામીએ ''કસાયપાહુડ'' નામના ગ્રંથની રચના કરી. તેમની પરંપરામાં ''કલિકાલસર્વજ્ઞ''ના નામથી પ્રસિદ્ધ, શ્રમણ સંસ્કૃતિના મુકુટમણિ શ્રી કુન્દકુન્દ આચાર્યદેવ થયા. તેઓશ્રીએ વિક્રમ સંવત ૪૯માં સદેહે મહાવિદેહક્ષેત્રમાં વર્તમાન વિદ્યમાન તીર્થંકર શ્રી સીમંધર ભગવાનની દિવ્યદેશનાને આઠ દિવસ પ્રત્યક્ષ સાંભળી તથા શ્રુતકેવળીઓ સાથે સૂક્ષ્મ આધ્યાત્મિક ચર્ચાઓ કરી. આ ઉત્તમ જ્ઞાનભંડારને સંઘરીને અહીં ભરતક્ષેત્રમાં આવી, શ્રી સમયસાર, શ્રી પ્રવચનસાર, શ્રી પંચાસ્તિકાય, શ્રી નિયમસાર, શ્રી અષ્ટપાહુડ આદિ ૮૪ પાહુડ ગ્રંથોની રચના કરી. તીર્થંકર દ્વારા કહેવામાં આવેલા ઉત્તમોત્તમ સિદ્ધાંતોનું પ્રતિપાદન કરી, તેઓશ્રીએ સનાતન દિગંબર જૈન ધર્મની પરંપરાને સુદઢ કરી તથા રત્નત્રયરૂપ મુક્તિના માર્ગનો માણેકસ્થંભ રોપ્યો. તેથી જ આચાર્ય કુંદકુંદ ભગવાનનું નામ તીર્થંકર મહાવીર સ્વામી તથા ગણધર ગૌતમસ્વામી પછી મંગલરૂપમાં હંમેશા યાદ કરવામાં આવે છે :

**મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી।**
**મંગલં કુન્દકુન્દાર્યો, જૈન ધર્મોસ્તુ મંગલમ્॥**

તેમના બાદ, દિગંબર જૈન શાસનની પરંપરામાં અનેક કુશળ આચાર્યો તથા મુનિવરો થયા. તેઓનું વીતરાગી જૈન સાહિત્યના ક્ષેત્રમાં અવિસ્મરણીય યોગદાન રહ્યું છે. તેમાંના કેટલાકના નામ તેમની સુપ્રસિદ્ધ રચનાઓ સાથે નીચે પ્રમાણે છે :

આચાર્ય શિવાર્ય (ભગવતી આરાધના), આચાર્ય ઉમાસ્વામી (મોક્ષશાસ્ત્ર), આચાર્ય સમન્તભદ્ર સ્વામી (રત્નકરંડ શ્રાવકાચાર) આચાર્ય કાર્તિકેયસ્વામી (કાર્તિકેયાનુપ્રેક્ષા), આચાર્ય પૂજ્યપાદ સ્વામી અપરનામ દેવનંદિ (સમાધિતંત્ર), આચાર્ય યતિવૃષભ (તિલોયપણણતિ), મુનિરાજ યોગીન્દુદેવ (પરમાત્મપ્રકાશ), આચાર્ય સિદ્ધસેન (સન્મતિ સૂત્ર), આચાર્ય રવિષેણ (પદમપુરાણ). આચાર્ય અકલંકદેવ (તત્ત્વાર્થ રાજવાર્તિક), આચાર્ય માનતુંગ (ભક્તામર સ્તોત્ર), આચાર્ય જટાસિંહનંદિ (વરાંગચરિત્ર), આચાર્ય અપરાજિત (ભગવતી આરાધના–ટીકા), આચાર્ય જિનસેન-પ્રથમ (હરિવંશપુરાણ), આચાર્ય વીરસેન (ધવલા ટીકા), આચાર્ય જિનસેન–દ્વિતીય (આદિપુરાણ), આચાર્ય ગુણભદ્ર (ઉત્તરપુરાણ), આચાર્ય વાદિભસિંહસૂરિ (ક્ષત્રચૂડામણિ), આચાર્ય વિદ્યાનંદિ (તત્ત્વાર્થ શ્લોકવાર્તિક), આચાર્ય મહાવીર (ગણિતસાર સંગ્રહ), આચાર્ય અનંતકીર્તિ (બૃહદ્ સર્વજ્ઞ સિદ્ધિ), આચાર્ય અમૃતચંદ્ર (આત્મખ્યાતિ ટીકા, પુરુષાર્થસિદ્ધિઉપાય), આચાર્ય અમિતગતિ (યોગસાર પ્રાભૃત), આચાર્ય દેવસેન (આલાપ પદ્ધતિ), આચાર્ય ઈન્દ્રનંદિ (શ્રુતાવતાર), આચાર્ય પ્રભાચંદ્ર (પ્રમેય કમલમાર્તંડ), આચાર્ય નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી (ગોમ્મટસાર), આચાર્ય માણિક્યનંદિ (પરીક્ષામુખ), આચાર્ય શુભચંદ્ર (જ્ઞાનાર્ણવ), મુનિરાજ વાદિરાજ (એકીભાવ સ્તોત્ર), આચાર્ય શુભચંદ્ર–દ્વિતીય (પાંડવપુરાણ), આચાર્ય વસુનંદી (પ્રતિષ્ઠાસાર સંગ્રહ), આચાર્ય નેમિચંદ્ર સિદ્ધાંતિદેવ (દ્રવ્યસંગ્રહ), આચાર્ય પદ્મનંદી (પદ્મનંદી પંચવિંશતિકા), આચાર્ય બ્રહ્મદેવ (પરમાત્મપ્રકાશ– ટીકા), આચાર્ય જયસેન (કુન્દકુન્દત્રયી તાત્પર્યવૃત્તિ ટીકા), આચાર્ય અનંતવીર્ય લઘુ (પ્રમેય રત્નમાલા), મુનિરાજ પદ્મપ્રભમલધારિદેવ (નિયમસાર ટીકા–તાત્પર્યવૃત્તિ), આચાર્ય અભયચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી (યોગસાર ટીકા), મુનિરાજ બાલચંદ્ર (દ્રવ્ય-સંગ્રહ ટીકા), આચાર્ય સકલકીર્તિ (શાંતિનાથ પુરાણ, મહાવીર પુરાણ)...... વિગેરે.....

આ જ ક્રમમાં દિગંબર જૈન ધર્મની પરંપરામાં અનેક જ્ઞાની ધર્માત્મા વિદ્વાનો તથા કવિઓ થયા, જેમણે પોતાની રચના દ્વારા જૈન શાસનને ટકાવી રાખ્યું.

પં. આશારધરજી (સાગાર–અનગાર ધર્મામૃત, ત્રિષષ્ઠિ સ્મૃતિ શાસ્ત્ર, ભરતેશ્વર અભ્યુદય કાવ્ય), પાંડે રાજમલજી (જંબૂસ્વામી ચરિત, સમયસાર–કલશ ટીકા), પં. બનારસીદાસજી (નાટક સમયસાર), ભૈયા ભગવતીદાસજી (બ્રહ્મવિલાસ), કવિવર ભૂધરદાસજી (પાર્શ્વપુરાણ, જૈન શતક), પં. દીપચંદજી શાહ કાસલીવાલ (અનુભવપ્રકાશ), આચાર્યકલ્પ પં. ટોડરમલજી (મોક્ષમાર્ગ પ્રકાશક), પં. દૌલતરામજી કાસલીવાલ (જીવંધર ચરિત, પદ્મપુરાણ વચનિકા), પં. જયચંદજી છાબડા (ધન્યકુમાર

ચરિત, સમયસાર વચનિકા) પં. સદાસુખદાસજી (રત્નકરંડ શ્રાવકાચાર વચનિકા), કવિવર બુધજનજી (બુધજનવિલાસ), પં. દૌલતરામજી (છઢાળા), કવિવર ધનંજય (વિષાપહાર સ્તોત્ર), પાંડે હેમરાજજી (પ્રવચનસાર વચનિકા), કવિવર સંતલાલજી (સિદ્ધચક્ર વિધાન), પં.  ટેકચંદજી (સુદૃષ્ટિ તરંગિણી), કવિવર ભાગચંદજી (સત્તાસ્વરૂપ, નેમિનાથ પુરાણ), બ્ર. ધર્મદાસ ક્ષુલ્લક (સમ્યગ્જ્ઞાન દીપિકા), પં. ગોપાલદાસ બરૈયા (જૈન સિદ્ધાંત પ્રવેશિકા), શ્રીમદ્ રાજચંદ્રજી (અપૂર્વ અવસર કાવ્ય).... વિગેરે...

તીર્થંકર મહાવીરની દિવ્યધ્વનિમાં જે ઉપદેશ આવ્યો, તેનો સંગ્રહ ગણધર ભગવંતો દ્વારા દ્વાદશાંગ આગમમાં કરવામાં આવ્યો. તેમાં બારમા દૃષ્ટિવાદ નામના અંગના પાંચ અવાન્તર ભેદ છે : (૧) પરિકર્મ (૨) સૂત્ર (૩) પ્રથમાનુયોગ (૪) પૂર્વગત (ચૌદ પૂર્વ) (૬) ચૂલિકા. તેમાં પ્રથમાનુયોગ નામના ભેદમાં જીવને ઉપદેશને યોગ્ય તીર્થંકર, ચક્રવર્તી આદિ ત્રેસઠ મહાશલાકા પુરુષોનું વર્ણન છે.

તદ્ઉપરાંત ''જ્ઞાતૃધર્મકથા'' નામના છઠ્ઠા અંગમાં, જ્ઞાતા જે તીર્થંકર, ગણધર, ચક્રવર્તી આદિની ધર્મકથાનું  વર્ણન આવે છે. આઠમા અંતકૃત દશાંગ અંગમાં દરેક તીર્થંકરના કાળમાં દસ-દસ મુનિવરો ઘોર ઉપસર્ગ સહન કરી અંતકૃત કેવળી થયા, તેનું વર્ણન આવે છે. શ્રી મહાવીર પ્રભુના કાળમાં નમિ, મતંગ, સોમિલ, રામપુત્ર, સુદર્શન, યમલીક, વલિક, વિકૃવલિ, કિષ્કંવિલ, પાલંવષ્ટ પુત્ર—આ દસ અંતકૃત કેવળી થયા. નવમા અનુત્તરોપપાદિક દશાંગ નામના અંગમાં દરેક તીર્થંકરના કાળમાં દસ-દસ મુનિવરો દારૂણ ઉપસર્ગ સહન કરી સમાધિપૂર્વક દેહત્યાગ કરીને—વિજય, વૈજયંત, જયંત, અપરાજિત અને સર્વાર્થસિદ્ધિ નામના કોઈ એક અનુત્તર વિમાનમાં ઉપજે છે. તેમની કથા આ નવમા અંગમાં આવે છે. શ્રી મહાવીરપ્રભુના કાળમાં ઋજુદાસ,  ધન્ય, સુનક્ષત્ર, કાર્તિકેય, નંદ, નંદન, શાલિભદ્ર, અભય, વારિષેણ, ચિલાતીપુત્ર—આ દસ મુનિવરો થયા.

દિગંબર જૈન ધર્મની પરંપરામાં તીર્થંકર આદિના ચરિત્રના તથ્યોનું પ્રાચીન સંકલન આપણને પ્રાકૃત ભાષાના આચાર્ય યતિવૃષભ રચિત ગ્રંથ ''તિલોયપણ્ણતિ''માં મળે છે. તેના ચોથા મહાધિકારમાં તીર્થંકર ક્યા સ્વર્ગમાંથી પધાર્યા, નગરી અને માતા-પિતાનું નામ, જન્મતિથિ—નક્ષત્ર, વંશ, પારણા, તીર્થંકરોનો અંતરાલ સમય, આયુષ્ય, કુમારકાળ, શરીરની ઊંચાઈ-વર્ણ, રાજ્યકાળ, વૈરાગ્યનું નિમિત્ત, ચિહ્ન, દીક્ષાતિથિ—નક્ષત્ર—દીક્ષાવૃક્ષ, ષષ્ઠ આદિ પ્રાથમિક તપ, દીક્ષા પરિવાર, કુમારકાળમાં દીક્ષા લીધી કે રાજ્યકાળમાં, આહાર દાનમાં પંચાશ્ચર્યનું થવું, છદ્મસ્થનો કાળ, કેવળજ્ઞાનની તિથિ—નક્ષત્ર—સ્થાન, કેવળજ્ઞાનની ઉત્પત્તિનો અંતરાલ સમય, કેવળજ્ઞાન થતાં અંતરિક્ષ થવું, કેવળજ્ઞાનના સમયે ઈન્દ્ર આદિનું કાર્ય, સમવસરણનું સાંગોપાંગ વર્ણન, સમવસરણમાં કોણ નથી જઈ શકતું, અતિશય, આઠ પ્રાતિહાર્ય, કેવળજ્ઞાનનો સમય, ગણધર સંખ્યા, ઋષિ સંખ્યા,

પૂર્વધર, અવધિજ્ઞાની, કેવળજ્ઞાની, વિક્રિયાઋદ્ધિધારી, આર્જિકાઓની સંખ્યા, મુખ્ય આર્જિકાઓના નામ, શ્રાવક સંખ્યા, શ્રાવિકા સંખ્યા, નિર્વાણ તિથિ–નક્ષત્ર–સ્થાનનું નામ, એકલા મુક્તિ પામ્યા કે મુનિવરોની સાથે મુક્તિ પામ્યા, કેટલા દિવસ પહેલાં યોગનિરોધ કર્યો, ક્યા આસનથી મોક્ષ પામ્યા, અનુબદ્ધકેવલિ કેટલા થયા, અનુત્તર વિમાનમાં કેટલા શિષ્યો ગયા, મોક્ષગામી મુનિવરોની સંખ્યા, સ્વર્ગગામી શિષ્યોની સંખ્યા, તીર્થંકરોનો મોક્ષ–અંતરાલ સમય, તીર્થપ્રવર્તન કાર્ય....વિગેરે મુખ્ય-મુખ્ય તથ્યોનો વિધિવત સંગ્રહ છે. તે જ પ્રમાણે ચક્રવર્તીના માતા-પિતા, નગર, શરીરનો રંગ વિગેરેની સાથે દિગ્વિજયની યાત્રાનો માર્ગ–નગર–નદીઓ તથા પર્વતોનું સવિસ્તાર વર્ણન છે. નવ નારાયણ, નવ પ્રતિનારાયણ, નવ બલભદ્ર તેમજ અગિયાર રુદ્રના જીવનની મુખ્ય-મુખ્ય ઘટનાઓનું વર્ણન પણ તેમાં કરેલ છે. આના આધારે જ જુદા-જુદા પુરાણકારોએ પોતાની શૈલી પ્રમાણે નાના-મોટા, અનેક પુરાણોની રચના કરેલ છે.

## ગ્રંથકર્તા આચાર્ય જિનસેન (દ્વિતીય)નો પરિચય :

આચાર્ય જિનસેન મૂલસંઘના **''પંચસ્તુપ''** નામના અન્વયમાં થયેલા. આગળ જતાં તે મુનિસંપ્રદાય **''સેનાન્વય''** તથા **''સેનસંઘ''**ના નામથી પ્રસિદ્ધ થયો. આ જ સંપ્રદાયમાં ગુહનન્દિ, વૃષભનન્દિ, ચંદ્રસેન, આર્યનન્દિ અને વીરસેન પણ થયા. આ પંચસ્તુપ અન્વયનું મુખ્ય કેન્દ્ર કોઈ એક સમયે ઉત્તર-પૂર્વ ભારતમાં હતું.

ધવલા તથા જયધવલા ટીકાના રચયિતા આચાર્ય વીરસેન જેવા મહાન ગુરુના તેઓ શિષ્ય હતા. તેમના દાદાગુરુનું નામ આચાર્ય આર્યનન્દિ હતું. વીરસેનના એક ગુરુભાઈ જયસેન પણ હતા. આદિપુરાણમાં જિનસેને તેમને પણ ગુરુ સ્વરૂપે યાદ કર્યા છે. તેમના સધર્મી, દશરથગુરુ તેમજ વિનયસેન પણ હતા. જિનસેન, વીરસેનના વાસ્તવિક ઉત્તરાધિકારી હતા. જિનસેન અને દશરથગુરુના સુપ્રસિદ્ધ શિષ્ય ગુણભદ્ર થયા.

**આચાર્ય જિનસેનની ગુરુ પરંપરા :—**

- આચાર્ય ચન્દ્રસેન
  - આર્યનન્દિ
    - વીરસેન
      - દશરથગુરુ
      - **જિનસેન**
        - (દશરથગુરુ, જિનસેન) — **ગુણભદ્ર** — લોકસેન
      - વિનયસેન — કુમારસેન (કાષ્ઠાસંઘ પ્રવર્તક)
      - શ્રીપાલ
      - પદ્મસેન
      - દેવસેન
    - જયસેન

જયધવલાની પ્રશસ્તિમાં આચાર્ય જિનસેને પોતાનો જ પરિચય સુંદર અલંકારિક ભાષામાં આપ્યો છે—

૧. તે વીરસેનસ્વામીનો શિષ્ય જિનસેન થયો, જે શ્રીમાન હતો અને ઉજ્જ્વળબુદ્ધિનો ધારક પણ.

૨. નિકટભવ્ય હોવાને કારણે મુક્તિરૂપી લક્ષ્મીએ તત્પર થઈને માનો પોતે જ વરણ કરવાની ઈચ્છાથી જેના માટે શ્રુતમાળાની યોજના કરી હતી.

૩. જેણે બાળપણથી જ અખંડપણે બ્રહ્મચર્યવ્રતનું પાલન કર્યું હતું, છતાં આશ્ચર્ય છે કે સ્વયંવરની વિધિપૂર્વક સરસ્વતી સાથે વિવાહ કરેલા.

૪. જે ન તો બહુ સુંદર હતા, ન અત્યંત ચતુર, છતાં સરસ્વતીએ અનન્ય શરણ આપીને તેની સેવા કરી હતી.

૫. બુદ્ધિ, શાંતિ અને વિનય—એ જ જેના સ્વાભાવિક ગુણ હતા, તે ગુણો દ્વારા જ જેઓ ગુરુની આરાધના કરતા હતા. એ તો બરાબર જ છે કે **ગુણો દ્વારા કોની આરાધના નથી થતી ?**

૬. જે શરીરથી જો કે કૃશ હતા, પરંતુ તપરૂપી ગુણોથી કૃશ નહોતા. **વાસ્તવમાં શરીરની દુર્બળતા એ દુર્બળતા નથી, પણ જે ગુણોથી દુર્બળ છે, તેઓ કૃશ છે.**

૭. જેણે ન તો કાપાલિકા (સાંખ્ય શાસ્ત્ર પક્ષમાં—તરવાનો ઘડો)ને ગ્રહણ કરેલો કે ન વધુ ચિંતન કરેલું, છતાં પણ અધ્યાત્મવિદ્યારૂપી સાગરને પાર કરેલો.

૮. જેનો બધો જ સમય જ્ઞાનની આરાધનામાં જ પસાર થયો અને તત્ત્વદર્શી જેને જ્ઞાનનો અવતાર કહે છે.

"હરિવંશપુરાણ"ના રચયિતા આચાર્ય જિનસેને (પ્રથમ), વીરસેન અને જિનસેનનો ઉલ્લેખ આ પ્રમાણે કર્યો છે :

"જેઓએ પરલોકને જીતી લીધો છે અને જે કવિઓના ચક્રવર્તી છે, તે વીરસેનગુરુની કલંક રહિત કીર્તિ પ્રકાશિત થઈ રહી છે. જિનસેનસ્વામીએ પાર્શ્વનાથ ભગવાનના ગુણોની સ્તુતિની રચના કરી છે : "પાર્શ્વ-અભ્યુદય". તે સ્તુતિ જ તેમની કીર્તિનું વર્ણન કરે છે. આ જિનસેનની "વર્ધમાનપુરાણ" રચના, ઉગતા સૂર્યના કિરણોની જેમ વિદ્વાન—પુરુષોના અંતઃકરણરૂપી સ્ફટિકભૂમિમાં પ્રકાશિત થઈ રહી છે."

શ્રવણબેલગોલના કેટલાક શિલાલેખોમાં પણ જિનસેનનો ઉલ્લેખ છે. (અભિલેખ નં. ૪૭, ૫૦, ૧૦૫, ૪૨૨)

આચાર્ય જિનસેન કાવ્ય, વ્યાકરણ, નાટક, દર્શન, ન્યાય, અલંકાર, આચાર તથા સૈદ્ધાંતિક રહસ્યોના મર્મજ્ઞ—બહુશ્રુત

વિદ્વાન હતા. જિનસેન સિદ્ધાંત મર્મજ્ઞ તો હતા જ, સાથે ઉચ્ચ કોટિના કવિ પણ હતા. આપની કવિતામાં મધુરતા, પ્રવાહ, પ્રસાદ, શૈલી, રસ તથા અલંકાર છે. જ્યાં જેવી જરૂરિયાત, ત્યાં તેવો ભાવ ઉત્તમ શૈલીથી લખ્યો છે.

**સમય—વિચાર :—**

''હરિવંશપુરાણ''ની પ્રશસ્તિમાં લખ્યા પ્રમાણે તેની રચના વિ.સં. ૮૪૦માં પૂર્ણ થયેલી નિશ્ચિત છે. તેની શ્લોક સંખ્યા દસથી બાર હજાર શ્લોક છે. તેની પૂર્ણતામાં ઓછામાં ઓછા પાંચ વર્ષ તો થયા જ હશે. આમ તેની શરૂઆત વિ.સં. ૮૩૫માં નક્કી થાય છે. આ ગ્રંથની શરૂઆત વખતે આદિપુરાણના કર્તા જિનસેનનું આયુષ્ય ઓછામાં ઓછું પચ્ચીસ વર્ષ તો જરૂર હશે. આમ, વિ.સં. ૮૩૫માં પચ્ચીસ વર્ષ ઓછા કરતાં તેમનો જન્મ વિ.સં. ૮૧૦માં લગભગ નક્કી થાય છે. આમાં થોડો ફેર હોઈ શકે છે, પરંતુ વધારે ફેરની શક્યતા નથી.

આચાર્ય વીરસેને ''ષટ્ખંડાગમ'' ગ્રંથ પરની ૭૨૦૦૦ શ્લોક પ્રમાણ ટીકા ''ધવલા'', કારતક સુદ ૧૩, વિ. સં. ૮૭૩માં પૂર્ણ કરી. ત્યારબાદ ''કષાયપ્રાભૃત'' ગ્રંથ પરની પહેલા સ્કંધની ચાર વિભક્તિ પર ''જયધવલા'' ટીકાના ૨૦,૦૦૦ શ્લોક લખ્યા, ત્યારે આપનું આયુષ્ય પુરું થતાં સ્વર્ગવાસ થયો. પોતાના ગુરુનો અધૂરો રહેલો ગ્રંથ આચાર્ય જિનસેને બીજા ૪૦,૦૦૦ શ્લોક લખી ''જયધવલા'' ગ્રંથ, ફાગણ સુદ ૧૦, વિ.સં. ૮૯૪માં (ઈ.સ. ૮૩૭) પૂર્ણ કર્યો. ત્યારબાદ ''મહાપુરાણ'' ગ્રંથની રચના શરૂ કરી.

''આદિપુરાણ''ના ૪૩ પર્વ અને ત્રણ શ્લોકની રચના—લગભગ ૧૦૩૮૦ શ્લોકની રચના બાદ આપનું આયુષ્ય પૂર્ણ થતાં સ્વર્ગવાસ થયો. દસ હજાર શ્લોકની રચનામાં ઓછામાં ઓછા પાંચ-છ વર્ષ તો જરૂર થયા હશે. આમ, આચાર્ય જિનસેનનું અસ્તિત્વ વિ.સં. ૯૦૦ સુધી જરૂર માની શકાય.

**આચાર્ય જિનસેન (દ્વિતીય)નો સમય : આશરે વિ.સં. ૮૧૦-૯૦૦ (ઈ.સ. ૭૫૩-૮૪૩).**

## રચનાઓ :

**(૧) પાર્શ્વાભ્યુદય :—**હરિવંશપુરાણની રચના વિ.સં. ૮૪૦માં પૂર્ણ થયેલી. તેમાં આ કાવ્યનો ઉલ્લેખ આચાર્ય જિનસેને (પ્રથમ) કરેલો છે. તેથી એમ કહી શકાય કે આ કાવ્યરચના વિ.સં. ૮૪૦ થી કંઈક પહેલા થઈ છે—એ નક્કી છે. પોતાના સધર્મી વિનયસેનની પ્રેરણાથી આ રચના કરી છે. આ તેમની પ્રથમ રચના લાગે છે.

સંસ્કૃતભાષામાં ચાર સર્ગમાં કુલ ૩૬૪ શ્લોક છે. પ્રથમ સર્ગમાં ૧૧૮, બીજા સર્ગમાં ૧૧૮, ત્રીજા સર્ગમાં ૫૭ અને ચોથા સર્ગમાં ૭૧ પદ છે. કાવ્યની ભાષા અને શૈલી અત્યંત મનોહર છે. ક્યાંય નીરસતા નથી આવતી, એ પ્રસન્નતાની વાત છે. સાહિત્યિક દૃષ્ટિએ આ કાવ્ય અતિ સુંદર અને કાવ્યગુણોથી સુશોભિત છે.

મુનિરાજ પારસનાથ પરનો ઘોર ઉપસર્ગ, ધરણેન્દ્ર અને પદ્માવતી દ્વારા તેનું નિરાકરણ તથા સંવર(કમઠ)નો પશ્ચાત્તાપ, ક્ષમાયાચના અને જૈનધર્મનું શરણ લેવું તથા દેવો દ્વારા પુષ્પવૃષ્ટિ અને ઈન્દ્ર દ્વારા ''કેવળજ્ઞાન-પૂજન''નું સુંદર વર્ણન કર્યું છે.

**(૨) ''જય ધવલા ટીકા'' :—**શ્રી ગુણધર આચાર્યકૃત ''કષાય પ્રાભૃત'' ગ્રંથની, પ્રથમ સ્કંધની ચાર વિભક્તિ પર ''જય ધવલા'' નામની વીસ હજાર શ્લોક પ્રમાણ ટીકા લખ્યા બાદ આચાર્ય વીરસેનનો સ્વર્ગવાસ થયો. પોતાના ગુરુનો અધુરો રહેલો ગ્રંથ તેમણે ચાલીસ હજાર શ્લોક પ્રમાણ રચના કરીને પૂર્ણ કર્યો. આમ, આ ''જયધવલા ટીકા'' કુલ સાઈઠ હજાર શ્લોક પ્રમાણ સંસ્કૃત મિશ્રિત પ્રાકૃત ભાષામાં લખાયેલો ગ્રંથ છે. ટીકાનો ભાષા પ્રવાહ એવો છે કે એવો નિર્ણય નથી થઈ શકતો  કે ગુરુ અને શિષ્યમાં કોણે ક્યો ભાગ લખ્યો છે. આ ઉપરથી જ આચાર્ય જિનસેનની વિદ્વતા અને રચનાની પ્રવીણતાનું અનુમાન કરી શકાય છે.

આચાર્યદેવે આ ટીકામાં ચૂર્ણિસૂત્ર અને ઉચ્ચારણા આદિ દ્વારા તત્ત્વનું સૂક્ષ્મતમ યથાર્થ વિવેચન કર્યું છે. કષાયના ઉપશમ અને ક્ષપણનું સુંદર, સરસ અને હૃદયગ્રાહી વિશ્લેષણ કર્યું છે. આ ટીકામાં આવેલ સૈદ્ધાંતિક ચર્ચાનું અધ્યયન તથા મનન કરવા યોગ્ય છે. સ્વયં જ અનેક વિકલ્પો ઊઠાવીને પદાર્થનું સૂક્ષ્મતાથી નિરૂપણ કરવું—એ આ ટીકાની ખાસ વિશેષતા છે.

તેઓશ્રીએ અત્યંત નિર્માનતાપૂર્વક ''જયધવલા''ની પ્રશસ્તિમાં લખ્યું છે કે : ''ગુરુ દ્વારા બહુ વક્તવ્ય પૂર્વાર્ધને પ્રકાશિત કર્યા બાદ, તેને જોઈને આ ''અલ્પ વક્તવ્ય'' ઉત્તરાર્ધને પૂરો કર્યો.''



**(૩) ''આદિ પુરાણ'' :—**આચાર્યદેવે ત્રેસઠ શલાકા પુરુષોનું ચરિત્ર લખવાની ઈચ્છાથી ''મહાપુરાણ''ની શરૂઆત કરી હતી. ''આદિપુરાણ'' તેની શરૂઆતનો ભાગ છે. આ પુરાણમાં કુલ ૪૭ પર્વ અને કુલ બાર હજાર શ્લોક પ્રમાણ રચના છે. આ ગ્રંથ ઉચ્ચ દરજ્જાનું સંસ્કૃત મહાકાવ્ય છે. તેના ૪૨ પર્વ અને ૪૩માં પર્વના ત્રણ શ્લોકની રચના બાદ તેમનો સ્વર્ગવાસ થયેલ. બાકીના પાંચ પર્વના ૧૬૨૦ શ્લોક, તેમના સુયોગ્ય શિષ્ય ગુણભદ્રાચાર્ય રચિત છે. આદિપુરાણમાં પ્રથમ તીર્થંકર ૠષભદેવ અને ભરત ચક્રવર્તીનું વિસ્તૃત વર્ણન છે. આ બંને શલાકાપુરુષોના જીવન સાથે સંપર્કમાં આવેલા અનેક મહાપુરુષોની કથાઓ પણ આલેખવામાં આવી છે.

આચાર્યદેવે શરૂઆતમાં જ જયસેન ગુરુની સ્તુતિ બાદ કવિ પરમેશ્વરનો ઉલ્લેખ આ પ્રમાણે કર્યો છે— "તે કવિ પરમેશ્વર લોકમાં કવિઓ દ્વારા પૂજાવા યોગ્ય છે, જેમણે શબ્દ અને અર્થના સંગ્રહસ્વરૂપ સમસ્ત પુરાણનો સંગ્રહ કર્યો હતો"— આ જ કવિ પરમેશ્વરે ગદ્યમાં બધા જ પુરાણોની રચના કરી હતી, તેનો આધાર લઈને આચાર્ય જિનસેને આદિપુરાણની રચના કરી છે.

આદિપુરાણનો મહિમા કરતાં ગુણભદ્રાચાર્ય લખે છે—"આ આદિનાથ ભગવાનનું ચરિત્ર કવિ પરમેશ્વર દ્વારા લખેલી ગદ્યકથાના આધારે લખવામાં આવી છે. તેમાં બધા જ છંદ અને અલંકારના લક્ષણ છે, તેમાં સૂક્ષ્મ અર્થ અને ગૂઢ પદોની રચના છે, વર્ણનની અપેક્ષાએ ઉત્તમ છે, બધા જ શાસ્ત્રોના ઉત્તમ પદાર્થોનું પ્રત્યક્ષ જ્ઞાન કરાવવાવાળું છે, આની સામે બીજા કાવ્યોની તુલના થઈ શકે તેમ નથી, શ્રવણ કરવા યોગ્ય છે, વિદ્વાન પુરુષો દ્વારા ગ્રહણ કરવા યોગ્ય છે, મિથ્યા કવિઓના અભિમાન દૂર કરે છે અને અત્યંત સુંદર છે. આને સિદ્ધાંત ગ્રંથોની ટીકા કરનાર તથા લાંબા સમય સુધી શિષ્યોનું શાસન કરવાવાળા ભગવાન જિનસેને કહ્યું છે. તેનો બાકીનો ભાગ નિર્મળ બુદ્ધિવાળા ગુણભદ્રસૂરિએ અતિ વિસ્તારના ભયથી ઉતરતા કાળના કારણે ટૂંકમાં જ સંગ્રહિત કર્યું છે."

જિનસેનાચાર્યે પૂર્વવર્તી આચાર્યો/કવિઓને યાદ કરતાં પહેલાં એક શ્લોક લખ્યો છે, જેનો ભાવાર્થ આ પ્રમાણે છે : "પુરાણના કર્તા કેવળી–શ્રુતકેવળીઓને નમસ્કાર હો, જેમના મુખકમળમાં સાક્ષાત્ સરસ્વતી નિવાસ કરે છે તથા તેમના વચન અન્ય કવિઓની કવિતાની રચના માટે સૂત્રધારના સૂત્ર સમાન છે."

આચાર્યદેવે ઉત્થાનિકામાં જ પોતાનાથી પૂર્વવર્તી સુપ્રસિદ્ધ આચાર્યો તથા વિદ્વાન કવિઓને અનેક વિશેષણો દ્વારા યાદ કર્યા છે :

(૧) સિદ્ધસેન (૨) સમન્તભદ્ર (૩) શ્રીદત્ત (૪) યશોભદ્રસ્વામી (૫) પ્રભાચન્દ્ર (૬) શિવકોટિ (૭) સિંહનંદિ જટાચાર્ય (૮) કાણભિક્ષુ મુનિ (૯) દેવમુનિ (દેવનન્દિ) (૧૦) ભટ્ટ અકલંકદેવ (૧૧) શ્રીપાલ (૧૨) પાત્રકેસરી (૧૩) વાદિભસિંહ (૧૪) વીરસેન (૧૫) જયસેન (૧૬) કવિ પરમેશ્વર.

**(નોંધ :– ઉપરોક્ત આચાર્યો/વિદ્વાનોનો ટૂંકો પરિચય હિંદી આદિપુરાણ ભાગ-૧ ની પ્રસ્તાવનામાં આપેલ છે. સંપાદક–અનુવાદક :–ડો. પન્નાલાલ સાહિત્યાચાર્ય. પ્રકાશક :–ભારતીય જ્ઞાનપીઠ. જિજ્ઞાસુઓને ત્યાંથી વાંચી લેવા વિનંતી.)**

આપના લૌકિક જીવન સંબંધમાં ખાસ જાણકારી પ્રાપ્ત થતી નથી. બાળપણમાં જ જિનદીક્ષા ધારણ કરેલી. કઠોર બ્રહ્મચર્યની સાધના દ્વારા વાગ્દેવીની આરાધનામાં તત્પર હતા.

આપનો જન્મ ક્યાં થયો તેમજ આપ ક્યા સ્થાન પર વિશેષ નિવાસ કરતાં હતાં, તેનો સ્પષ્ટ ઉલ્લેખ ક્યાંય મળતો નથી. તેમની સાથે સંબંધ રાખવાવાળા કેટલાક ગ્રંથોમાં વંકાપુર, વાટગ્રામ અને ચિત્રકૂટના નામનો ઉલ્લેખ મળે છે.

વંકાપુર તે સમયે વનવાસ દેશની રાજધાની હતી. જે હાલમાં કર્ણાટક પ્રાન્તના ધારવાડ જિલ્લામાં આવેલું છે. તેને રાષ્ટ્રકૂટ અકાલ વર્ષના સામન્ત લોકાદિત્યના પિતા વંકેયરસે, પોતાના નામ પરથી રાજધાની બનાવી હતી. આ એ જ વંકાપુર છે, જ્યાં આચાર્ય ગુણભદ્રના શિષ્ય લોકસેન મુનિ દ્વારા ''ઉત્તરપુરાણ'' ગ્રંથની પૂજા શ્રાવણ સુદ : ૫, ગુરુવાર વિ.સં. ૯૫૫ (ઇ.સ. ૮૯૮)ના રોજ કરવામાં આવી હતી.

વાટગ્રામ અને વટપદને એક ગણીને કેટલાક વિદ્વાન વડોદરાને વાટગ્રામ માને છે. આચાર્યદેવે ''જયધવલા'' ટીકાની સમાપ્તિ ફાગણસુદ ૧૦, વિ.સં. ૮૯૪માં રાજા અમોઘવર્ષના રાજ્યકાળ દરમ્યાન વાટગ્રામમાં કરી હતી.

ચિત્રકૂટ એ વર્તમાનમાં રાજસ્થાનમાં આવેલું ચિત્તોડ હોવું જોઈએ—એવું વિદ્વાનોનું માનવું છે. આ એ ચિત્રકૂટ છે, જ્યાં એલાચાર્ય નિવાસ કરતા હતા, જેમની પાસેથી વીરસેનસ્વામીએ સિદ્ધાંત ગ્રંથોનું અધ્યયન કર્યું હતું.

આચાર્ય જિનસેનનો સંબંધ ''ચિત્રકૂટ'' સાથે હોવાથી તેમજ અમોઘવર્ષ દ્વારા સન્માનિત હોવાથી, તેમનું જન્મસ્થાન મહારાષ્ટ્ર અને કર્ણાટકની સીમા પર આવેલું હોવું જોઈએ—એવું અનુમાન કરવામાં આવે છે.

જિનસેનસ્વામીને એક વખત એવું ખ્યાલમાં આવ્યું કે હવે મારા જીવનનો અંત અત્યંત નિકટ છે અને આ મહાપુરાણ પુરું નહીં કરી શકું, ત્યારે તેમણે પોતાના બે સુયોગ્ય શિષ્યોને બોલાવીને તેમની પરીક્ષા કરવાનું નક્કી કર્યું. તેમણે કહ્યું કે સામે આ એક સુકું વૃક્ષ ઊભું છે, તેનું કાવ્ય—વાણીમાં વર્ણન કરો.

એક શિષ્યે કહ્યું : ''શુષ્કં કાષ્ઠં તિષ્ઠત્યગ્રે''

બીજા શિષ્યે કહ્યું : ''નિરસ તરુરિહ વિલસતિ પુરતઃ''

ગુરુને બીજા શિષ્યનું વાક્ય સુંદર લાગ્યું, તેથી તેઓશ્રીએ તેને આજ્ઞા કરી કે તમે આ પુરાણ પુરું કરો. બીજા શિષ્ય ગુણભદ્રસ્વામીએ ગુરુઆજ્ઞા સ્વીકાર કરી આ મહાપુરાણને પૂર્ણ કર્યું.

## આચાર્ય ગુણભદ્ર :—

ગુણભદ્ર, મૂલસંઘ સેનાન્વયના વિદ્વાન આચાર્ય હતા. આ અન્વયના મુનિવરો જૈન કર્મ-સિદ્ધાંત સંબંધી જ્ઞાનના શ્રેષ્ઠ સંરક્ષક હતા. તેઓ તેમના પ્રતિભાશાળી ગુરુ જિનસેન (દ્વિતીય)ના યોગ્યતમ શિષ્ય હતા. ગુરુ પ્રત્યે તેઓ સંપૂર્ણ સમર્પિત હતા. આદિપુરાણના ૪૩મા પર્વના પ્રારંભથી તેમની રચના શરૂ થાય છે. શરૂઆતના પદો ઉપરથી જ આપણને તેઓશ્રીના ગુરુભક્ત હૃદયનો સાક્ષાત્કાર થાય છે.

**''જે પ્રકારે ગુરુ અને લઘુ વર્ણોથી બનેલો છંદ અત્યંત સુંદર હોય છે, તે જ પ્રકારે ગુરુ અને શિષ્ય દ્વારા બનેલું આ પુરાણ પણ અત્યંત સુંદર જ હશે.'' ॥૧૩॥**

**''જેમ શેરડીનો પૂર્વાર્ધ ભાગ જ રસવાળો હોય છે (ઉપરનો નહિ), તેમ આ પુરાણનો પૂર્વાર્ધ ભાગ જ રસવાળો છે—એમ વિચારીને હું તેના ઉત્તરભાગની રચનાની શરૂઆત કરું છું.'' ॥૧૪॥**

**''જો મારા વચન સ્વાદિષ્ટ (સરસ) લાગે તો, તેમાં ગુરુનો જ મહિમા સમજવો, કારણ કે જે ફળ મીઠાં હોય છે, તેમાં વૃક્ષનો જ પ્રભાવ હોય છે.'' ॥૧૭॥**

**''જો કે વચન હૃદયથી નીકળે છે અને મારા હૃદયમાં ગુરુ બિરાજમાન છે, તેથી તેઓ મારા વચનોને જરૂર સુધારી લેશે, તેથી મને આ ગ્રંથની રચના કરવામાં કંઈ જ પરિશ્રમ નહીં થાય.'' ॥૧૮॥**

**''આ પુરાણરૂપી સમુદ્ર અત્યંત ગંભીર છે, તેનો કિનારો ઘણો દૂર છે—તેનો ભય નથી કારણ કે દરેક જગ્યાએ દુર્લભ અને બધામાં શ્રેષ્ઠ ગુરુ જિનસેનાચાર્ય મારી આગળ (સાથે) છે.'' ॥૩૮॥**

**''જિનસેનાચાર્યનો અનુગામી શિષ્ય પુરાણ (પ્રશસ્ત) માર્ગનું અવલંબન લઈ સંસાર સમુદ્રને પાર થવા ઇચ્છે છે, તો પછી આ પુરાણને પાર થવું ક્યાં મુશ્કેલ છે?'' ॥૪૦॥**

તેઓશ્રીએ દશરથગુરુને પણ પોતાના ગુરુ તરીકે સ્વીકાર્યા છે. સંભવ છે કે તેઓ તેમના શિક્ષાગુરુ હશે. તેમના દાદાગુરુ ''ધવલા''ના રચયિતા સમર્થ આચાર્ય વીરસેન હતા.

તેઓ સંસ્કૃત ભાષાના શ્રેષ્ઠ કવિ હતા. તેમણે પોતાની કાવ્ય-કળાથી, પોતાના ગુરુની કીર્તિને જ ઉત્કૃષ્ટ સ્થાપિત કરી છે. તેમનું સંપૂર્ણજીવન કાવ્ય-સાધનામાં જ પસાર થયું છે. સરસતા અને સરલતા તેમની કવિતાના મુખ્ય ગુણો હતા. તેઓ

સિદ્ધાંતશાસ્ત્રરૂપી સમુદ્રના જ્ઞાતા હોવાથી તેમની બુદ્ધિ નય અને પ્રમાણમાં નિપુણ હતી. તેઓ ઉત્કૃષ્ટ જ્ઞાની, તપસ્વી, પક્ષોપવાસી ભાવલિંગી મુનિરાજ હતા.

તેમનું નિવાસસ્થાન દક્ષિણ આરકટ જિલ્લાનું ''તિરુનરુડકુણ્ડમ'' નામનું નગર હતું. તેમના ગૃહસ્થ જીવન સંબંધી કંઈ જ માહિતી મળતી નથી. તેમની જાતિ શું હતી ? તેમના માતા-પિતાનું નામ શું હતું ? તેમણે ક્યારે દીક્ષા લીધી ? વિગેરે બાબતોનો ઉલ્લેખ, ન તો તેમની ગ્રંથ પ્રશસ્તિમાં છે કે ન પરવર્તી આચાર્યોની ગ્રંથ–પ્રશસ્તિમાં. ગૃહવાસી વિરક્ત મુનિરાજને પોતાના લૌકિક વંશનો પરિચય આપવાનું યોગ્ય નથી લાગતું. આ જ કારણ છે કે કેટલાક મુનિવરો સિવાય અધિકાંશ આચાર્યો/મુનિવરોનો લૌકિક વંશનો ઇતિહાસ આપણને મળતો નથી.

આચાર્ય જિનસેનની જેમ, તેમની સાધનાભૂમિ કર્ણાટક અને મહારાષ્ટ્રની સાધનાભૂમિ રહી છે. આ જ પ્રાંતોમાં નિવાસ દરમ્યાન તેમણે ગ્રંથોની રચના કરી અને જૈન શાસનની અપૂર્વ પ્રભાવના કરી હતી. તેમના સુપ્રસિદ્ધ ગ્રંથ ''ઉત્તરપુરાણ''ની રચના વનવાસ દેશની રાજધાની બંકાપુરમાં થઈ હતી. મહાપુરાણ જેવા ગ્રંથને પૂર્ણ કરવો, તે તેમના જેવા સાહિત્ય-કલાવિદ્ વિદ્વાન આચાર્યનું જ કામ છે.

**તેમનો સમય : આશરે વિ.સં. ૮૭૫-૯૫૨ (ઈ.સ. ૮૧૮-૮૯૫)**

## તેમની રચનાઓ :

**(૧) આદિપુરાણ :—**પોતાના ગુરુના અધૂરા રહેલા ગ્રંથને ૪૩માં પર્વના ચોથા પદથી ૧૬૨૦ શ્લોક લખી પૂર્ણ કર્યો. આ ગ્રંથમાં કુલ ૪૭ પર્વો છે. આ ગ્રંથમાં વિસ્તારથી પ્રથમ તીર્થંકર ઋષભદેવ અને પ્રથમ ચક્રવર્તી ભરતેશનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

**(૨) ઉત્તરપુરાણ :—**આ ગ્રંથમાં બીજા તીર્થંકરથી અંતિમ તીર્થંકર ભગવાન મહાવીર–ત્રેવીસ તીર્થંકર, અગિયાર ચક્રવર્તી, નવ બલભદ્ર, નવ નારાયણ, નવ પ્રતિનારાયણ તેમજ જીવંધરસ્વામી, આદિ વિશિષ્ટ મહાપુરુષોની કથા આલેખવામાં આવી છે. આ ગ્રંથમાં કથાઓની શૈલી રોચક અને પ્રવાહપૂર્ણ છે. વર્ણનશૈલીની મધુરતાને કારણે સંક્ષેપમાં લખેલી કથાઓ પણ રુચિકર લાગે છે. કથાઓની સાથે જ રત્નત્રય, દ્રવ્ય-ગુણ, કર્મ, સૃષ્ટિ, કર્તૃત્વ વિગેરે અનેક વિષયોનું વિવેચન કરવામાં આવ્યું છે. આચાર્યદેવે કેટલીક કથાઓને નવારૂપમાં દર્શાવી છે. જેમકે રામકથા, પદ્મપુરાણની અપેક્ષાએ જુદી છે. બલરામ અને શ્રીકૃષ્ણની કથા હરિવંશપુરાણની કથાથી જુદી છે. આની રચના કવિ પરમેશ્વરના ગદ્યાત્મક પુરાણના આધારે જ થઈ હશે. આ

ગ્રંથમાં શ્રી ચંદ્રપ્રભુ, શ્રી શાંતિનાથ, શ્રી નેમિનાથ, શ્રી પાર્શ્વનાથ અને શ્રી મહાવીર ભગવાન સિવાયના અન્ય ચરિત્રોને સંક્ષેપમાં લખવામાં આવ્યા છે. કુલ આઠ હજાર શ્લોક પ્રમાણ રચના છે. આચાર્યદેવ સ્વયં અંતિમ પ્રશસ્તિમાં ૨૦મા પદમાં લખે છે—

"ગ્રંથનો જે ભાગ, ભગવાન જિનસેનના કથનથી બાકી હતો, તેને નિર્મળબુદ્ધિના ધારક ગુણભદ્રસૂરિએ હીન કાળના અનુરોધથી તથા અતિ વિસ્તારના ભયથી સંક્ષેપમાં સંગૃહિત કર્યો છે."

ત્યારબાદ છ શ્લોકમાં ગ્રંથના મહિમાનું વર્ણન કર્યા પછી ૨૭માં પદમાં લખે છે — "ભક્તિથી ભરેલા ભવ્યોએ નિરંતર આ મહાપુરાણ–ગ્રંથની વ્યાખ્યા કરવી જોઈએ, તેને જ સાંભળવું જોઈએ, તેનું જ ચિંતવન કરવું જોઈએ, ઉત્સાહપૂર્વક તેની પૂજા કરવી જોઈએ અને તેને જ લખવું જોઈએ." ગુણભદ્રસ્વામીનું વક્તવ્ય અહીં પૂરું થાય છે.

આ પ્રશસ્તિમાં ૨૮માં પદથી ૪૩ પદ સુધીની રચના, તેમના શિષ્ય લોકસેનમુનિની છે. તેમણે આ ગ્રંથની વિધિપૂર્વક ભવ્યજનો દ્વારા શ્રાવણ વદ પાંચમ, વિ.સં. ૯૫૫ (ઈ.સ. ૮૯૮)ના રોજ બંકાપુરમાં પૂજા કરાવી. ત્યારે આ અંતિમ પદો લખાયેલાં લાગે છે. આ ગ્રંથની રચના પણ વનવાસ દેશની રાજધાની બંકાપુરમાં જ થયેલી. તે સમયે રાજા અકાલવર્ષના સામન્ત લોકાદિત્ય બંકાપુર રાજધાનીમાં રહીને, સમગ્ર વનવાસ દેશનું શાસન કરતા હતા. આ બંકાપુર પૂના-બેંગલોર રેલ્વે લાઈન પર આવેલા "હરિહર" સ્ટેશનની પાસે આવેલા "હાવેરી" રેલ્વે સ્ટેશનથી ૨૪ કિલોમીટર દૂર ધારવાડ જિલ્લામાં આવેલું છે. આચાર્યદેવે આ પવિત્ર સ્થાન પર જ "ઉત્તરપુરાણ" ગ્રંથ પૂર્ણ કરેલો.

સમસ્ત શાસ્ત્રોનાં જાણકાર તેમજ અખંડ ચારિત્રના ધારક મુનિરાજ લોકસેન, ગુણભદ્રાચાર્યના શિષ્યોમાં મુખ્ય હતા. તેઓ આ ગ્રંથનો અને ગ્રંથકારનો મહિમા કરતાં પ્રશસ્તિના અંતિમ શ્લોક નં. ૪૩માં લખે છે — "આ મહાપુરાણ ફક્ત પુરાણ જ છે" એમ કહેવું ઉચિત નથી. કારણ કે આ અદ્ભુત ધર્મશાસ્ત્ર છે, તેની કથાઓ સાંભળવાલાયક છે, અત્યંત મનોહર છે. આ ત્રેસઠ શલાકા પુરુષોનું વ્યાખ્યાન છે. ચરિત્રવર્ણન કરવાનો માનો સમૂહ છે, તેમાં કવિતાના અદ્ભુત ગુણો રહેલા છે અને કવિઓ પણ તેના વચનરૂપી કમળો પર ભમરાની માફક આસક્ત છે. ખરેખર આ ગ્રંથના રચયિતા શ્રી ગુણભદ્રાચાર્ય પોતે જ એક અદ્ભુત કવિ હતા."

(૩) **આત્માનુશાસન** :—આ એક અત્યંત સુંદર આધ્યાત્મિક ગ્રંથ છે. આ ૨૬૯ પદ્યના, ધર્મ તેમજ નીતિ ગ્રંથમાં તેના નામ પ્રમાણે, આત્મતત્ત્વ અને તેનો મહિમા દર્શાવી તેની ઉપર કેવી રીતે શાસન કરવું, તેનું હૃદયગ્રાહી ભાષામાં વર્ણન કરવામાં આવ્યું છે. આ આપની સ્વતંત્ર રચના છે. આ ગ્રંથ પર પ્રભાચંદ્રાચાર્યની સંસ્કૃત ટીકા તેમજ પં. ટોડરમલજી અને પં. બંશીધરજી શાસ્ત્રી કૃત હિન્દી—ટીકા ઉપલબ્ધ છે.

ઉત્થાનિકા પ્રમાણે સુભાષિતરૂપમાં સુખ-દુઃખ, વિવેક, સમ્યગ્દર્શન, દૈવની પ્રબળતા, સત્સાધુ પ્રશંસા, મૃત્યુની અનિવાર્યતા, ચારિત્રારાધના, જ્ઞાનારાધના, તપારાધના, સ્ત્રી-નિન્દા, સમીચીન ગુરુનું સ્વરૂપ, સાધુઓની અસાધુતા, મનોનિગ્રહ, કષાય-વિજય, યથાર્થ તપસ્વી....વિગેરે વિષયો પર પદ્યરચના કરવામાં આવી છે. તેની રચનાશૈલી ભર્તૃહરિના ''વૈરાગ્ય-શતક'' પ્રમાણે અત્યંત પ્રભાવશાળી છે. આ ગ્રંથ જૈન સમાજમાં ખૂબ જ પ્રચલિત છે. આમાં સુભાષિતોની ઓછપ નથી. જો એના શ્લોક કંઠસ્થ કરવામાં આવે તો, સમય-સમય પર આત્મશાંતિ પ્રાપ્ત કરવા માટે ઉપયોગી બને એમ છે.

આ ગ્રંથ સંસ્કૃત ભાષામાં વિવિધ પદ્ય-વૃત્તોમાં મહદ્‌ભાવ, ગંભીર આશય અને શ્રેષ્ઠ પદ લાલિત્યપૂર્વક અનેક બોધયુક્ત વિષયો પર લખવામાં આવ્યો છે. તેઓશ્રીની વિષય પ્રતિપાદન—શૈલી અદ્‌ભુત, વૈરાગ્યરસમય અને આત્માને ઉપશમભાવનો જનક અને પોષક છે, ભવ્યાત્માઓને સંસાર પરિણામથી પાછા વાળી મોક્ષમાર્ગ સન્મુખ સહેજે દોરી શકે એવી સચોટ છે. આ ગ્રંથ ન્યુનાધિક રુચિવાળા સર્વજીવોને કલ્યાણ પ્રાપ્ત થવામાં અનુપમ સહાયકપણાની ગરજ સારે એવો છે.

આ ગ્રંથ નાનો હોવા છતાં પણ વિષયની દૃષ્ટિથી સર્વાંગ સંપૂર્ણ છે, આમાં મોક્ષમાર્ગની પ્રરૂપણા તો છે જ, તદ્‌ઉપરાંત ''બિન જાને તૈ દોષ, ગુણન કો કૈસે તજિયે—ગહિયૈ''—તે નીતિ પ્રમાણે આમાં બંધમાર્ગ તેમજ તેના ફળને પણ દર્શાવવામાં આવ્યું છે. જીવના પરાશ્રિત પરિણામ જ બંધમાર્ગ છે અને જીવના સ્વાશ્રિત પરિણામ જ મોક્ષમાર્ગ છે—આ તો વસ્તુસ્થિતિ છે. જે પણ આસન્ન ભવ્ય જીવ આના હાર્દને સમજીને રુચિપૂર્વક પુરુષાર્થ કરશે, તે નિયમથી આત્મ-સ્વાતંત્ર્યનો ઉપભોક્તાબની, મોક્ષનો અધિકારી થશે—એમાં કોઈ શંકા નથી.

ગ્રંથના અંતમાં પ્રશસ્તિરૂપ શ્લોક આ પ્રમાણે લખ્યો છે :—

> જિનસેનાચાર્ય પાદ સ્મરણાધીન ચેત સામ્ ।
> ગુણભદ્ર ભદન્તાનાં કૃતિરાત્માનુશાસનમ્ ॥૨૬૯॥

અર્થાત્—જેનું ચિત્ત શ્રી જિનસેનાચાર્યના ચરણસ્મરણને આધીન છે, તેવા ગુણભદ્રભદન્તની કૃતિ આ આત્માનુશાસન છે.

**(૪) જિનદત્ત—ચરિત** :—આ પ્રબન્ધ કાવ્યમાં નવ સર્ગ છે. અનુષ્ટુપ શ્લોકોમાં તેની રચના છે. જિનદત્તના જીવનચરિત્રનું સુંદર વર્ણન કરવામાં આવ્યું છે. આ કથાનો હિન્દી અનુવાદ ઉપલબ્ધ છે અને આ ગ્રંથ માણિકચંદ્ર ગ્રંથમાળા દ્વારા પ્રકાશિત થયેલ છે.

# સમકાલીન રાજા

પુરાણોની એક આ પણ વિશેષતા છે કે તે પોતાના સમયનો ''જ્ઞાનકોશ'' તો હોય જ છે, તદ્ઉપરાંત તેમાં ઈતિહાસ સિવાય રાજકીય તેમજ સામાજિક વાતોનો પણ સમાવેશ કરવામાં આવે છે.

આચાર્ય જિનસેનનો સમય રાજકીય સ્થિરતા, સમૃદ્ધિનો તેમજ ધાર્મિક ઉન્નતિનો યુગ હતો.

આચાર્ય જિનસેન અને ગુણભદ્રના સંપર્કમાં રહેવાવાળા રાજાઓમાં અમોઘવર્ષ (પ્રથમ)નું નામ સર્વોપરિ છે. તેઓ જગતુંગદેવ (ગોવિન્દ તૃતીય)ના પુત્ર હતા. એમનું નામ બોદ્ણરાય હતું. નૃપતુંગ, શર્વ, રાંડ, અતિશય ધવલ, વીરનારાયણ, પૃથ્વી વલ્લભ, લક્ષ્મીવલ્લભ, મહારાજાધિરાજ, ભટાર, પરમ ભટ્ટારક વિગેરે અનેક પદવીઓના ધારક હતા. ઈતિહાસજ્ઞોએ તેમનો કાળ વિ.સં. ૮૭૧-૯૩૪ (ઈ.સ. ૮૧૪-૮૭૭)નો નિશ્ચિત કર્યો છે. તેમની રાજધાની ''માન્યખેટ'' હતી. આ ''માન્યખેટ'' એ વખતે કર્ણાટક અને મહારાષ્ટ્રની રાજધાની હતી. વર્તમાનમાં ''મલખેડ''ના નામથી પ્રસિદ્ધ છે. હૈદરાબાદ રેલ્વે લાઈન પર ''મલખેડ ગેટ'' નામના સ્ટેશનથી સાત-આઠ કિલોમીટર દૂર છે. તેઓ પોતાની દાનશીલતા અને ન્યાયપરાયણતાથી પ્રસિદ્ધ હતા. તેઓ જૈનમંદિરોમાં તેમજ જૈન વસતિકાઓને પણ અતિશય પ્રમાણમાં દાન આપતા. તેઓ જૈન આચાર્યો તેમજ વિદ્વાનોના આશ્રયદાતા હતા. તેઓ સ્વયં શાસ્ત્રીય ચર્ચામાં રુચિ ધરાવતા વિદ્વાન હતા. તેઓ જિનસેનસ્વામીના પરમભક્ત હતા.

શ્રી ગુણભદ્ર સ્વામી લખે છે : ''મહારાજા અમોઘવર્ષ જિનસેન સ્વામીના ચરણકમળમાં પોતાનું મસ્તક નમાવીને પોતાને કૃત-કૃત્ય માને છે, અને તેમનું હંમેશા સ્મરણ કરે છે''—અમોઘવર્ષના સમયમાં કેરળ, માળવા, ગુર્જર અને ચિત્રકૂટ પણ રાષ્ટ્રકૂટ રાજ્યમાં સમ્મિલિત હતા. તેમના જ સમયમાં જિનસેનસ્વામીએ ''જયધવલા'' ગ્રંથની પૂર્ણતા વિ.સં. ૮૯૪માં વાટગ્રામમાં કરી હતી. તેમણે રાજ્યત્યાગ વિ.સં. ૯૩૫માં કર્યો. તે સમયે આચાર્યપદવી પર શ્રી ગુણભદ્ર બિરાજમાન હતા. રાજ્ય ત્યાગ બાદ તેમણે સંસ્કૃત કાવ્ય ''પ્રશ્નોત્તર રત્નમાલિકા''ની તેમજ કન્નડ ભાષામાં ''કવિરાજ માર્ગ'' નામના અલંકાર ગ્રંથની રચના કરી હતી.

તેમના સમકાલીન શ્રી મહાવીરાચાર્ય તેમના 'ગણિતસાર' ગ્રંથમાં લખે છે :

''વિધ્વસ્તૈકાન્ત પક્ષસ્ય સ્યાદ્વાદ ન્યાય વેદિનઃ।
દેવસ્ય નૃપતુંગસ્ય વર્ધતાં તસ્ય શાસનમ્ ॥''

ગાથાર્થ : જેમણે સમસ્ત એકાંતવાદી પક્ષોનો નાશ કર્યો છે અને જેઓ ન્યાય તથા સ્યાદ્વાદ પદ્ધતિના જ્ઞાતા છે, એવા રાજાઓમાં શ્રેષ્ઠ નૃપતુંગ(અમોઘવર્ષ), તેમનું શાસન વૃદ્ધિ પામો.

અંતમાં તેમણે જિનદીક્ષા ધારણ કરી આરાધનામાં જ સમય વીતાવેલો.

તેમના પછી તેમના પુત્ર અકાલવર્ષે જે ''કૃષ્ણ-દ્વિતીય''ના નામથી પ્રસિદ્ધ હતા, તેમણે વિ.સં. ૯૬૮ (ઈ.સ. ૯૧૧) સુધી રાજ્ય કર્યું.

## વર્તમાન યુગમાં વીર-શાસન પ્રભાવક સંત પૂજ્ય શ્રી કાનજીસ્વામીનો ઉદય :

વીર પ્રભુની પચ્ચીસમી સદીની (ઇ.સ.ની વીસમી સદીની) શરૂઆતમાં મિથ્યાત્વનો ઘોર અંધકાર છવાયેલો હતો, મોક્ષમાર્ગ તથા જૈનદર્શનના મૂળભૂત સિદ્ધાંતો મૃતઃપ્રાય થયા હતા. પરમાગમો મોજુદ હોવા છતાં તેના ગૂઢ રહસ્યોને સમજાવનાર કોઈ ન હતું. એવા આ કલિકાળમાં, જૈન શાસનના નભોમંડળમાં એક મહાપ્રતાપી વીર પુરુષ, અધ્યાત્મયુગસ્રષ્ટા, સ્વાનુભવવિભૂષિત, આત્મજ્ઞસંત પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો ઉદય થયો. તેઓશ્રીએ પોતાના શુદ્ધાત્મતત્ત્વના અનુભવના બળથી, સાતિશય જ્ઞાન અને ચૈતન્યરસીલી વાણી દ્વારા સળંગ ૪૫ વર્ષ સુધી (વીર સં. ૨૪૬૧ થી ૨૫૦૭, ઈ.સ. ૧૯૩૫ થી ૧૯૮૦) આચાર્યોના હૃદયમાં રહેલા ગૂઢ રહસ્યોને સુગમ ભાષામાં યુક્તિ અને ન્યાય દ્વારા સમજાવીને તેને એવા પ્રજ્વલિત કર્યા છે કે જેનાથી આ મુક્તિનો માર્ગ પંચમકાળના અંત સુધી જીવિત રહેશે અને ભવ્યજીવોને ભવના અભાવ કરવામાં પરમ ઉપકારભૂત થશે. આ જ કારણથી સનાતન દિગંબર જૈન ધર્મના ઈતિહાસમાં આ ૪૫ વર્ષનો સમય ''વીતરાગ માર્ગની પ્રભાવનાના **સુવર્ણયુગ**'' તરીકે અંકિત થયો છે.

ઉપકારમૂર્તિ, નિષ્કારણ કરૂણાસાગર પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીએ પ્રધાનપણે તો જેની પ્રાપ્તિ વિના જીવ બોધિપણે—સમ્યગ્જ્ઞાનપણે પરિણમ્યો નથી એવો, દ્રવ્યદૃષ્ટિનો જ માર્ગ પ્રકાશ્યો છે. સાથેસાથે તે બોધિબીજને અનુકૂળ એવી સમાધિ—વૈરાગ્યની ભૂમિ માટે પુરાણોના સેંકડો પ્રસંગોનું ખૂબ મલાવી-મલાવીને વર્ણન કરતાં. એ પુરાણ પ્રસંગો વડે જીવોના પરિણામની વિચિત્રતા, તે તે પરિણામોની જન્મક્ષણે નિશ્ચિતતા, પરિણામોની યોગ્યતા અને ક્રમબદ્ધતા, તેમજ પુણ્ય-પાપ અને તેનું ફળ, સંયમ અને તેનું ફળ, અને તે દ્વારા હેય-ઉપાદેયપણાની પ્રસિદ્ધિ કરતાં રહ્યાં.

જિનવાણીમાં ચારેય અનુયોગ દ્વારા ઉપદેશ હોય છે. દ્રવ્યાનુયોગ અર્થાત્ સ્વભાવ અને સ્વભાવનું ફળ, કરણાનુયોગ અર્થાત્ વિકાર અને વિકારનું ફળ, ચરણાનુયોગ અર્થાત્ વીતરાગી પરિણમનની વૃદ્ધિ અને તેનું ફળ, અને પ્રથમાનુયોગ અર્થાત્ આ ત્રણેય અનુયોગમાં જે વર્ણન આવે છે, તેનો પુરાવો (સાક્ષી) હોય છે. પ્રથમાનુયોગના અભ્યાસથી વિશેષરૂપે તો દ્રવ્યાનુયોગના વિષયની દૃઢતા અને ચિંતન—મનન પ્રબળ બને છે.

## આપણે પુરાણોના કેટલાક પ્રસંગો જોઈએ —

(૧) પ્રથમ તીર્થંકર ભગવાનના પૌત્ર અને પ્રથમ ચક્રવર્તીના પુત્ર મરીચી, પોતાના દાદા–તીર્થંકરની સાથે મુનિદીક્ષા લે છે અને સમવસરણમાં દિવ્ય-દેશનાનું શ્રવણ પણ કરે છે. તે દેશના વડે લાખો જીવો ધર્મને માર્ગે વળ્યા, સમકિત પામ્યા અને મુક્તિને પણ વર્યા.પરંતુ મરીચી મુનિએ પુરુષાર્થ કેમ ન કર્યો ? પિતા ભરતજીએ કે ઈન્દ્રએ તેને સન્માર્ગ પર કેમ ન ચઢાવ્યો ? સળંગ સાત-સાત ભવ સુધી કુમાર્ગનું પ્રવર્તન કરતો રહ્યો અને પછી નરક-નિગોદમાં ગયો !!!

(૨) તીર્થંકર મહાવીરને કેવળજ્ઞાન થયા પછી ૬૫ દિવસ સુધી દિવ્યધ્વનિ કેમ ન છૂટી ? સૌધર્મ ઈન્દ્રે પણ ૬૫ દિવસ સુધી પોતાના અવધિજ્ઞાનનો ઉપયોગ કેમ ન કર્યો ? તેના સમાધાનમાં શ્રી ''જયધવલા''માં આચાર્યદેવે કાળલબ્ધિના સામર્થ્યને પ્રસિદ્ધ કરતાં કહ્યું : ''ભગવાન મહાવીરકી દિવ્યધ્વનિકો પૂરી તરહસે ગ્રહણ કરનેમેં સમર્થ, ગણધર ન હોનેસે ૬૫ દિન તક દિવ્યધ્વનિ ખીરી નહીં. પુનઃ શંકા કી ગઈ કિ દેવેન્દ્રને ઉસ સમય ગણધરકો લાકર ક્યોં નહિ ઉપસ્થિત કિયા ? ઈસકા સમાધાન કરતે હુએ કહા કિ **કાળલબ્ધિકે બિના દેવેન્દ્ર ભી ઉસ સમય ગણધરકો ઉપસ્થિત કરનેમેં અસમર્થ થા.''**

આનું સચોટ સમાધાન આચાર્ય અકલંકદેવના એક ''માસ્ટર કી'' સમાન વચનામૃતમાં સમાયેલું છે–**''જીવની જેવી ભવિતવ્યતા હોય તેવી જ તેની બુદ્ધિ થાય છે અને તે વ્યવસાય અર્થાત્ પુરુષાર્થ પણ તેવો જ કરે છે, અને સહાયક નિમિત્ત પણ તેવા જ મળી જાય છે.''**

(૩) શ્રી ઋષભદેવ ભગવાન, પૂર્વે જ્યારે લલિતાંગ દેવની પર્યાયમાં હતા, ત્યારે તેમને સ્વયંપ્રભા નામની દેવી સાથેના **અતિસ્નેહના કારણે**, ત્યારપછીના દરેક ભવમાં સાથે રહ્યા. વજ્રજંઘ રાજા અને શ્રીમતી રાણી–ભોગભૂમિમાં આર્ય અને આર્યા–શ્રીધરદેવ અને સ્વયંપ્રભદેવ–સુવિધિ રાજા અને કેશવ નામનો પુત્ર, અચ્યુતેન્દ્રમાં બંને સાથે દેવ–વજ્રનાભિ ચક્રી અને ધનદત્ત શેઠ–સર્વાર્થસિદ્ધિમાં પણ સાથે જ–છેલ્લા ભવમાં તીર્થંકર ઋષભદેવ અને દાનતીર્થ પ્રવર્તક રાજા શ્રેયાંસ.

(૪) કમઠના જીવના **ક્રોધ અને વેરના સંસ્કાર** શ્રી પારસનાથ ભગવાન સાથે ભવોભવ સુધી સાથે રહ્યા. (૧) શ્રી પારસનાથ ભગવાન પૂર્વભવમાં જ્યારે ''મરૂભૂતિ'' હતા ત્યારે તેમના ભાઈ તરીકે ''કમઠ''નો જીવ હતો. – (૨) હાથી અને સર્પ – (૩) હાથી બારમાં સ્વર્ગમાં અને સાપ પાંચમી નરકમાં – (૪) અગ્નિવેગ મુનિ અને અજગર – (૫) સોળમાં સ્વર્ગમાં દેવ અને છઠ્ઠી નરકનો નારકી (૬) વજ્રનાભિ ચક્રવર્તી અને શિકારી ભીલ – (૭) અહમિન્દ્ર અને સાતમી નરકનો નારકી – (૮) આનંદકુમાર અને સિંહ – (૯) તેરમા સ્વર્ગમાં દેવ અને નરકમાં (૧૦) પાર્શ્વનાથ ભગવાન અને સંગમ દેવ. આ

દશ ભવમાં, પહેલા-બીજા-ચોથા-છઠ્ઠા અને આઠમા ભવમાં તેમના મૃત્યુનું કારણ કમઠનો જીવ જ બને છે. અંતિમ ભવમાં પણ **ક્રોધ અને વેરની ભાવનાથી** તે ઘોર ઉપસર્ગ કરે જ છે. પરંતુ મુનિરાજ પારસનાથ પોતાની ચૈતન્યગુફામાં લીન રહી કેવળજ્ઞાન પ્રગટ કરે છે.

(૫) અંતિમ ચક્રવર્તી બ્રહ્મદત્તનું આયુષ્ય સાતસો વર્ષનું હતું. અહીંના વર્તમાન ચક્રવર્તીના ભવમાં ઉત્કૃષ્ટ પુણ્યના સંયોગો હોવા છતાં, **અહીંની પ્રત્યેક ક્ષણે તેઓ કરોડો વર્ષોના પાપ કર્મનો બંધ (નરકના આયુનો બંધ) કરતા હતા,** જેના ફળ સ્વરૂપે તેઓ સાતમી નરકના નારકી થયા.

(૬) તદ્‌ભવ મોક્ષગામી બલભદ્ર રામ, જેનો સુપ્રભાતે રાજ્યાભિષેક થવાનો હતો, તેમને આગળના દિવસે વનવાસ પ્રાપ્ત થયો ! **તેને પૂર્વકર્મની બલિહારી જ સમજવીને !!**

(૭) સાક્ષાત્ સર્વજ્ઞદેવની વાણી સાંભળવા છતાં પણ જે હોનહાર છે, તેને જીવ સ્વયં ફેરવી શકતો નથી કે ટાળી શકતો નથી. શ્રી નેમિનાથ પ્રભુના શ્રીમુખેથી પોતાના પિતા શ્રીકૃષ્ણનું વેદનાપૂર્ણ મરણ થવાનું સાંભળતાં જ, ૧૬-૧૬ ઋદ્ધિનો ધારક પુત્ર પ્રદ્યુમ્ન, પિતાની રક્ષા કરવા રોકાતા નથી કે સ્વયંની ઋદ્ધિઓ દ્વારા પિતાશ્રીની રક્ષા કરવાનો આદેશ કરતા નથી, પરંતુ આ સંસારની ક્ષણભંગુરતાથી વૈરાગ્ય પામીને દીક્ષિત થઈને મુક્તિને પામે છે.

(૮) દ્વારકા નગરી બળતી હતી ત્યારે સ્વયં દેવોપનિત ચક્રના સ્વામી હોવા છતાં પણ શ્રીકૃષ્ણ પોતાના માતા-પિતાને બચાવી નથી શક્યા. તે સમયે તેમને અંતરમાં કેટલી વેદના થતી હશે !!

(૯) જેમનું તદ્‌ભવે કે આગામી ભવે મોક્ષ જવાનું સુનિશ્ચિત છે, એવા પાંચ પાંડવોને રાજમહેલમાં રહેવાને બદલે વનજંગલમાં ભટકતા રહેવું પડે ! અને એક વર્ષ છૂપાવેશમાં હીનકક્ષાની નોકરી કરવી પડે !! **પૂર્વકર્મકૃત અશાતાના ઉદયને કોણ ટાળી શકે ?**

(૧૦) કીચક જેવો મહાપ્રતાપી રાજા, દાસીવેષમાં રહેલી દ્રૌપદીને દેખતાં પૂર્વભવના સ્નેહના સંસ્કારવશ મોહાંધ બની જાય છે. ફળસ્વરૂપે ભીમના હાથે મરણતોલ માર ખાય છે. ત્યારબાદ તેને વૈરાગ્યભાવ જાગૃત થતાં દીક્ષિત થઈને મુક્તિને પ્રાપ્ત કરે છે. **જુઓ, પરિણામોની વિચિત્રતા ! ક્ષણ પહેલાં તીવ્ર મોહના પરિણામ અને ક્ષણવાર પછી આત્મ આરાધનાના અપૂર્વ પુરુષાર્થ વડે મોક્ષમાર્ગના પરિણામ !**

(૧૧) પરમ વીતરાગ દિગંબર જૈન મુનિરાજ પર ઘોર ઉપસર્ગ કરીને શ્રેણિક રાજાએ સાતમી નરકનું આયુષ્ય બાંધ્યું ! થોડીક ક્ષણો બાદ મુનિરાજના ઉપદેશથી જૈનધર્મ અંગીકાર કર્યો તેમજ તીર્થંકર મહાવીરની સમીપ ક્ષાયિક સમકિત પ્રગટ કર્યું.

હવે આવતી ચોવીસીમાં પ્રથમ તીર્થંકર થઈને મુક્તિ પામશે! **ક્યાં ક્ષણ પહેલાંના તીવ્ર વિરાધનાના પરિણામ અને ક્યાં રત્નત્રયરૂપ આરાધનાના શુદ્ધ પરિણામ!**

(૧૨) જુઓ! એકી સાથે જમનારા રાજા શ્રેણિક, ચેલણા અને અભયકુમાર...! એક મરીને નરકે જાય, એક મરીને સ્વર્ગે જાય અને એક નિર્વાણને પામે! ત્રણેય એક જ પરિવારના સમ્યગ્દષ્ટિ ધર્માત્મા!

(૧૩) પ્રથમ બળભદ્ર ''વિજય'' જાણતા હતા કે જેના માટે મને બેહદ પ્રેમ છે, તે મારા ભાઈ પ્રથમ નારાયણ ''ત્રિપૃષ્ઠ'' મરીને સાતમી નરકે જશે! આવું જાણતાં હોવા છતાં શું તેમણે તેને નરકે જતાં બચાવવા કોઈ પ્રયત્ન નહીં કર્યો હોય? કોઈ બોધ નહીં આપ્યો હોય? એને માટે કાંઈક કરવાની આકુળતામાં રહ્યા હશે? અરે...**એ સાધક જીવ તો ''ક્રમબદ્ધ પરિણમતી વ્યવસ્થાનો તો હું જ્ઞાતા છું'' — એમ જ્ઞાતા ભાવે શાંત ચિત્તે રહી પોતાની વૈરાગ્ય ભાવનાને ઘૂંટતા હતા.**

અત્રે એ વિચારણીય વાત છે કે જે પરિવારના સભ્યો માટે જીવ પરિગ્રહાદિ કરીને પાપના પોટલા બાંધે છે અને તેની મમતામાં જ કાળ ગુમાવે છે, તે લોકો તો પોતાના પરિણામની યોગ્યતાનુસારે અન્યગતિમાં ચાલ્યા જવાના છે. કોની આશાએ અને શાને માટે જીવન જીવાય છે? **રાત-દિવસ કરતાં કરતાં મારું આયુષ્ય તો ઘોડાપુરની જેમ ચાલ્યું જાય છે. દિવસે-દિવસે હું મૃત્યુની સમીપ જઈ રહ્યો છું. આમ ગંભીરતાથી નિજ-હિતના અર્થે વિચારતાં, શીઘ્ર આત્મ-સાધના કરવાની ભાવના જાગે છે.**

કુદેવ-કુગુરુ-કુધર્મના સેવનથી જીવ નરક-નિગોદમાં ચિરકાળ ભ્રમણ કરીને મનુષ્ય થતાં, એ કુધર્મના સંસ્કાર એને ફરી જાગૃત થાય છે અને એ જીવ સંસાર સમુદ્રમાં જ ડૂબેલો રહે છે. તેથી, વીતરાગી દેવ-ગુરુ-ધર્મના સ્વરૂપને સમજી, નિઃશંક થઈ, તેમના પ્રત્યે અપૂર્વ ભક્તિ અને ઉલ્લાસના પરિણામ અત્યંત જરૂરી છે.

ધર્મના ક્ષેત્રમાં આવીને પણ જીવ સ્થૂળ માન-સન્માનની અપેક્ષાથી તેમજ તીવ્ર માયાચારીના પરિણામો કરીને તેના ફળમાં ચિરકાળ અધોગતિને પામે છે.

આ મહાપુરાણનો ''આદિપુરાણ'' એ તેનો શરૂઆતનો ભાગ છે અને બીજો ભાગ ''ઉત્તર પુરાણ'' છે. આ ગ્રંથ ''આદિપુરાણ'' સંસ્કૃત સાહિત્યનું એક અનુપમ રત્ન છે. એવો કોઈ વિષય નથી કે જેનું એમાં પ્રતિપાદન ન થયું હોય. આ પુરાણ છે, મહાકાવ્ય છે, ધર્મકથા છે, ધર્મશાસ્ત્ર છે, રાજનીતિ શાસ્ત્ર છે, આચાર શાસ્ત્ર છે તથા યુગની આદ્ય વ્યવસ્થાને બતાવવાવાળો મહાન ઈતિહાસ છે. યુગના આદિપુરુષ શ્રી ઋષભદેવ ભગવાન તથા તેમના પ્રથમપુત્ર સમ્રાટ ભરત ચક્રવર્તી, આદિપુરાણના મુખ્ય નાયક છે. તેમની સાથે સંપર્કમાં આવેલા અન્ય અનેક મહાપુરુષોની કથાઓનો પણ આમાં સમાવેશ થયેલ

છે. ''આદિપુરાણ''માં કુલ ૪૭ પર્વ છે. તેમાં શરૂઆતના ૪૨ પર્વ અને ૪૩માં પર્વના ૩ શ્લોક જિનસેનાચાર્ય દ્વારા રચિત છે. બાકીના ૧૬૨૦ શ્લોકની રચના તેમના સુયોગ્ય શિષ્ય શ્રી ગુણભદ્રાચાર્યે કરેલી છે. ''ઉત્તરપુરાણ'' ગ્રંથમાં શ્રી અજિતનાથથી શ્રી મહાવીર ભગવાન સુધીના ૨૩ તીર્થંકર, ભરતજી સિવાયના ૧૧ ચક્રવર્તી, ૯ બળભદ્ર, ૯ નારાયણ અને ૯ પ્રતિનારાયણ તથા જીવન્ધરસ્વામી આદિ કેટલાક વિશિષ્ટ પુરુષોની કથા આલેખવામાં આવી છે. આ ગ્રંથમાં, કુલ ૪૭ પર્વમાંથી, ૨૫ પર્વનું વર્ણન આવેલ છે. બાકીના ૨૨ પર્વનું વર્ણન મહાપુરાણ ભાગ-૨માં આવશે.

પુરાણમાં અનેક મહાપુરુષોની કથાઓ અને પ્રસંગો વાંચતા, વૈરાગ્યની ભાવનાને બળ મળે છે. વીતરાગધર્મની આરાધનાની વિશેષ ભાવના જાગૃત થાય છે તેમજ સ્વભાવ સન્મુખ થવાની ખુમારી જાગૃત થાય છે. તેથી જ આ કથાઓને આચાર્ય સમન્તભદ્ર **''બોધિ અને સમાધિનું નિધાન''** કહે છે. એવા સર્વજ્ઞકથિત આ પુરાણના અધ્યયન વડે સૌ મુમુક્ષુઓ પોતાનું જીવન ન્યાય—નીતિમય અને વૈરાગ્યમય બનાવીને પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી દ્વારા પ્રરૂપિત અધ્યાત્મના માર્મિક સિદ્ધાંતોનું સરળતાપૂર્વક ભાવભાસન કરે અને આત્મસાધનાના માર્ગે પ્રગતિ કરે એ જ મંગલ ભાવના.

આ સંસ્કરણને જિજ્ઞાસુ પાઠકો, સ્વાધ્યાયપ્રેમી મુમુક્ષુઓ, વિદ્વદ્જનો, સંશોધકો અને સમસ્ત જૈન સમાજ માટે ઉપયોગી બનાવવાનો પ્રયત્ન કર્યો છે. અંતમાં અમે પાઠકોને એક વિશેષ નિવેદન કરવા ઇચ્છીએ છીએ કે આ પ્રકાશનમાં કદાચિત્ ક્યાંય કોઈ શબ્દ-અર્થ-ભાષા સંબંધી અથવા વિષય સંબંધી અમારાથી કંઈ ભૂલ થઈ હોય તો તેને આગમ આધારપૂર્વક સુધારવા માટે અમને જણાવે તથા આ વિષયને શ્રેષ્ઠ બનાવવા માટે કોઈ સૂચન હોય તો અમને જણાવીને કૃતજ્ઞ કરશો, જેથી આગામી પ્રકાશનમાં તેનો સમાવેશ કરી શકીએ.

શ્રાવણ સુદ-૧૫ (રક્ષાબંધન-પર્વ) —રોમેશભાઈ બાબુલાલ શાહ, અમદાવાદ
૭ ઓગસ્ટ ૨૦૧૭

**સંદર્ભ ગ્રંથ** : (૧) આદિપુરાણ પ્રસ્તાવના. (૨) ઉત્તરપુરાણ પ્રસ્તાવના, (૩) જયધવલા પ્રશસ્તિ. (૪) આચાર્ય ઇન્દ્રનન્દિ કૃત ''શ્રુતાવતાર''. (૫) તીર્થંકર મહાવીર ઔર ઉનકી આચાર્ય પરંપરા : ડૉ. નેમિચન્દ્ર શાસ્ત્રી, જ્યોતિષાચાર્ય. (૬) જૈનધર્મકા પ્રાચીન ઇતિહાસ ભાગ : ૨ : પરમાનન્દ શાસ્ત્રી. (૭) જૈન સાહિત્ય ઔર ઇતિહાસ : પં. નાથૂરામ પ્રેમી. (૮) જૈનાચાર્ય : પં. મૂલચંદ જૈન વત્સલ, સાહિત્ય શાસ્ત્રી. (૯) આત્માનુશાસન (હિન્દી) : પ્રસ્તાવના. (૧૦) સમ્યગ્જ્ઞાન ચંદ્રિકા

# અધ્યાત્મયુગસ્રષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી

## (સંપૂર્ણ જીવન-દર્શન, સંક્ષિપ્તમાં)

એવા એ કળિકાળમાં જગતનાં કંઈ પુણ્ય બાકી હતાં,
જિજ્ઞાસુ હૃદયો હતાં તલસતાં સદ્‌વસ્તુને ભેટવા;
એવા કંઈક પ્રભાવથી ગગનથી ઓ ક્હાન ! તું ઊતરે,
અંધારે ડૂબતાં અખંડ સત્‌ને તું પ્રાણવંતું કરે.

વર્તમાન ચોવીસીના પ્રથમ તીર્થંકરદેવના પૂર્વના ભોગભૂમિના એક ભવમાં, સમ્યક્ત્વપ્રાપ્તિની તેમની કાળલબ્ધિ પાકતાં, ગગનમાંથી બે-બે મુનિરાજ ઊતરે છે. અંતિમ તીર્થંકરદેવના પૂર્વના સિંહના ભવમાં, સમ્યક્ત્વપ્રાપ્તિની તેમની કાળલબ્ધિ પાકતાં, ગગનમાંથી બે-બે મુનિરાજ ઘોર જંગલમાં ઊતરે છે. ઉપાદાન તૈયાર થતાં જાણે કે નિમિત્તને સ્વયં હાજર થવું પડે છે—તે ન્યાયે, લાખો ભવ્ય જીવોની તત્ત્વજિજ્ઞાસા-તૃપ્તિનો કાળ પાકતાં, સીમંધરસભામાં દેશનાનું શ્રવણ-પાન કરીને સ્વર્ગે જવા સક્ષમ એવા રાજકુમારનો જીવ, જાણે કે ભવિજન ભાગ્યવશ પોતાનો માર્ગ બદલીને, ગગનમાંથી અહીં ભરતભૂમિમાં ઊતર્યો !

ભગવાન શ્રી મહાવીરસ્વામી દ્વારા સમુપદિષ્ટ તથા આચાર્યશિરોમણિ શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ તેમજ શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ આદિ નિર્ગ્રંથ દિગંબર સંતો દ્વારા શાસ્ત્રમાં સુરક્ષિત વીતરાગમાર્ગ જ્યારે રૂઢિચુસ્ત સાંપ્રદાયિકતાની દેહાશ્રિત બાહ્યક્રિયા અને અધ્યાત્મતત્ત્વજ્ઞાનશૂન્ય ભક્તિમાર્ગના અંધકારમાં ડૂબી રહ્યો હતો એવા કળિકાળમાં, વીતરાગમાર્ગના અખંડ સત્‌ને પ્રાણવંતું કરવા ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના ઉમરાળા ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી પરિવારના શ્રેષ્ઠીવર્ય પિતાશ્રી મોતીચંદભાઈ ગીગા કુરા ગાંડાણીના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, તા. ૨૧-૪-૧૮૯૦, રવિવારે વહેલી સવારે તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થયું. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાયા.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું; તે સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જવળ ભવિષ્યની આગાહી કરતાં બાર લીટીના કાવ્ય–'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ.'–ની રચના કરી હતી.

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કર્યો હતો. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કર્યો અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કર્યું હતું. પછી ૨૪ વર્ષની વયે (વિ.સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયના વૈરાગી સાધુ હીરાજી મહારાજ પાસે દીક્ષા અંગીકાર કરી હતી. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટતાં તીક્ષ્ણબુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના ખોજક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતામ્બર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી – કર્મ છે તો વિકાર થાય ને? જોકે ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓએ દૃઢતાપૂર્વક સિંહગર્જના કરેલી કે– 'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ.સં. ૧૯૭૮મા મહાવીરપ્રભુના શાસન-ઉદ્ધારનો અને લાખો મુમુક્ષુઓનો મહાન પુણ્યોદયસૂચક એક મંગલકારી પવિત્ર પ્રસંગ બન્યો :

૩૨ વર્ષની ઉંમરે વિધિની કોઈ ધન્યપળે દામનગરમાં દામોદર શેઠ દ્વારા શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર શેઠ દ્વારા ગુરુદેવશ્રીના કરકમળમાં આવ્યું અને તેનું અધ્યયન અને ચિંતન કરતાં કરતાં પૂર્વના સંસ્કારના બળે અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાતાં આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ

ઉદ્‌ગાર નીકળ્યા – 'શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.' આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિએ નિજઘર દેખ્યું અર્થાત્ તેઓશ્રીને વૈશાખ વદ ૮ના રોજ સમ્યગ્દર્શન થયું.

વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલાં રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગપ્રકાશક' ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રીને આપ્યો જે વાંચતાં, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં, તેઓ તેના વાંચનમાં એટલા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું પણ ગમતું નહીં. ત્યારબાદ અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેષ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડી. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કર્યો.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઑફ ઈન્ડિયા' નામના એકાંત મકાનમાં ૧૯૯૧ના ફાગણ વદ પાંચમના દિને નિવાસ કર્યો અને મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ.સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે ભગવાન પાર્શ્વનાથના ફોટા સમક્ષ સંપ્રદાયના ચિહ્ન મુહપત્તિનો ત્યાગ કર્યો અને જાહેર કર્યું કે–'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈનધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહા વીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી કાર્ય કર્યું.

'સ્ટાર ઑફ ઈન્ડિયા'માં સવા ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખૂબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ.સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાયમંદિર' જીવનપર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યાં, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી હતી. પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યાં.

વિ.સં. ૧૯૮૧મા ગઢડામાં ૧૫ વર્ષની ઉંમરે પૂજ્ય શાંતાબેનને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રથમ દર્શન ને પ્રવચન-શ્રવણનો લાભ પ્રાપ્ત થયેલો. વિ.સં. ૧૯૮૫મા વઢવાણમાં ૧૫ વર્ષની ઉંમરે પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રથમ દર્શન અને પ્રવચન-શ્રવણનો લાભ પ્રાપ્ત થયેલો. વિ.સં. ૧૯૮૬મા વિંછીયામાં પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શન ને પ્રવચન-શ્રવણ માટે બંને

બહેનોને જવાનું થતાં ત્યાં પ્રથમવાર બંને બહેનોને પરિચય થયેલો. પૂજ્ય ગુરુદેવશ્રીએ 'પરિવર્તન' કર્યા બાદ સોનગઢમાં બંને બહેનોએ સાથે રહેવાનું શરૂ કરીને, જીવનપર્યંત સાથે રહીને, પૂજ્ય ગુરુદેવશ્રીની દેશના વડે પોતપોતાની આત્મસાધના કરતાં રહીને, શાસનની અત્યંત ભક્તિપૂર્વક સેવા કરી હતી. ગુરુ-શાસન પ્રભાવનામાં બંને બહેનોનું નોંધનીય વિશેષ યોગદાન રહ્યું હતું.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ શ્રી નાનાલાલભાઈ વિગેરે જસાણી ભાઈઓના યોગદાન દ્વારા નવનિર્મિત શ્રી દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગલ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક-વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતા. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બન્યું. રોજ બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહેતાં. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

વિ.સં. ૧૯૯૭મા દિગમ્બર જૈન સમાજના તત્કાલીન પ્રમુખ દિગમ્બર જૈનાચાર્ય શ્રી શાંતિસાગરજી મહારાજ શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્રની યાત્રા કરીને સોનગઢ આવેલા; પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન સાંભળીને તથા તત્ત્વચર્ચા કરીને એટલા પ્રભાવિત થયેલા કે તેઓએ ગુરુદેવશ્રીને ઉદ્દેશીને કહેલ કે 'તીર્થંકર અકેલે મોક્ષ નહીં જાતે; યહાં કુછ ઐસા યોગ હૈ—ઐસા હમે લગતા હૈ'—અર્થાત્ પૂજ્ય ગુરુદેવશ્રી ભવિષ્યમાં તીર્થંકર થશે એવું દિગમ્બર જૈન સમાજના પ્રમુખ આચાર્યને લાગ્યું હતું.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરો તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો, પંડિત શ્રી હિંમતભાઈ જે. શાહના ગુજરાતીમાં અનુવાદિત શ્રી સમયસાર આદિ પરમાગમો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોના પુસ્તક છપાવવાનું કાર્ય વિ.સં. ૧૯૯૯ (ઈ.સ. ૧૯૪૩) થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાનગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ.સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક અધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના સ્થાપક આદ્યપ્રમુખ મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ

કરતું 'શ્રી સદ્‌ગુરુ પ્રવચન પ્રસાદ' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્ય-વિહારી મહાપુરુષની મંગલવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતામ્બર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણ પૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે....! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ (ઈ.સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ.સં. ૨૦૦૩ના શ્રાવણ માસમાં શરૂ કરવામાં આવેલ હતા.

પૂજ્ય ગુરુદેવશ્રીની દેશનાનું સામર્થ્ય પ્રસિદ્ધ કરતો એક પ્રસંગ ઈ.સ. ૧૯૪૬મા બન્યો. અજમેરનિવાસી શ્રી ન્યાલચંદભાઈ સોગાની સોનગઢ આવ્યા અને પ્રથમવાર જ પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શનનો લાભ સંપ્રાપ્ત થયો. પૂજ્ય ગુરુદેવશ્રીનું એક જ પ્રવચન સાંભળી રાતભર આત્મમંથન કરતાં કરતાં સવાર સુધીમાં અતીન્દ્રિય આનંદનો અનુભવ પ્રાપ્ત કરીને જૈનજગતને પ્રતીત કરાવી કે જો તમારો પુરુષાર્થ અને ગુરુપ્રતિ અર્પણતા ગાઢ હોય તો આ મહાપુરુષની દેશના એટલી પ્રખર છે કે તેમનું એક જ પ્રવચન-શ્રવણ ભવ્યોના ભવાંતનું પ્રબળ નિમિત્ત બનવાનું સામર્થ્ય ધરાવે છે.

વિ.સં. ૨૦૦૩મા બંધાયેલ 'ભગવાન શ્રી કુંદકુંદ પ્રવચન મંડપ'ના શિલાન્યાસ પ્રસંગે ઈન્દૌરના સર શેઠ હુકમચંદજી પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ અત્યંત અહોભાવથી બોલ્યા હતા કે 'આપકે પાસ મોક્ષ જાનેકા સીધા રાસ્તા હૈ.'

વિ.સં. ૨૦૦૩મા પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ છત્રછાયામાં, 'ભારતવર્ષીય દિગમ્બર જૈન વિદ્વત્ પરિષદ'નું ત્રીજું અધિવેશન પં. શ્રી કૈલાશચંદ્રજી (બનારસ)ની અધ્યક્ષતામાં ભરવામાં આવ્યું હતું જેમાં દિગમ્બર જૈન સમાજના સુપ્રસિદ્ધ ૩૨ વિદ્વાનોએ લાભ લીધો હતો. પૂજ્ય ગુરુદેવશ્રીની દેશનાથી પ્રભાવિત થઈને તેઓએ સર્વસંમતિથી એક વિશાળ પ્રસ્તાવ પારિત કરેલો હતો જેમાં સ્પષ્ટપણે ઉલ્લેખ કરાયેલ કે ''....ભગવાન કુંદકુંદની વાણી સમજીને મહારાજશ્રીએ માત્ર પોતાને જ ઓળખ્યા છે એમ નહીં પણ હજારો લાખો મનુષ્યોને એક જીવન ઉદ્ધારના સત્ય માર્ગ પર ચાલવાનો ઉપાય દર્શાવી દીધો છે.....''

દિગંબર જૈન સમાજના તત્કાલીન મૂર્ધન્ય પંડિત શ્રી કૈલાસચંદજીએ પોતાની પત્રિકાના સંપાદકીય લેખમાં પૂજ્ય ગુરુદેવશ્રીની વિશેષતા દર્શાવતા લખેલ કે જો કાનજીસ્વામી ઈસ યુગમેં ન હુએ હોતે તો હમારે લિયે સમયસાર ગ્રંથ માત્ર દર્શનીય રહ જાતા અર્થાત્ પૂજ્ય ગુરુદેવશ્રીના કારણે સમયસાર જેવા મહાન ગ્રંથનો પોતાને અભ્યાસ કરવાનો સુયોગ પ્રાપ્ત થયો હતો. ફરીથી

એ જ પત્રિકાના સંપાદકીય લેખમાં પૂજ્ય ગુરુદેવશ્રીનો દષ્ટિકોણ રજૂ કરતા તેમણે લખેલ કે કાનજીસ્વામી નિમિત્તકો નહીં માનતે ઐસા નહીં હૈ લેકિન વે નિમિત્તસે કુછ હોતા નહીં હૈ ઐસા માનતે હૈં. એ રીતે મૂળ દિગંબર સંપ્રદાયમાં પણ સમયસાર-સ્વાધ્યાયયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રતિભા પ્રસિદ્ધિ પામી હતી.

લાડનૂનિવાસી શ્રી રતનલાલ ગંગવાલના પિતાશ્રી શ્રી વચ્છરાજજી પૂજ્ય ગુરુદેવશ્રીનો મહિમા સાંભળીને સોનગઢ આવેલા; અત્યંત પ્રભાવિત થઈને તેઓએ પૂજ્ય બહેનશ્રીબેનની છત્રછાયામાં બાળબ્રહ્મચારી બહેનોના આવાસ માટે ‘શ્રી ગોગીદેવી દિગમ્બર જૈન શ્રાવિકા બ્રહ્મચર્યાશ્રમ’નું વિ.સં. ૨૦૦૮મા નિર્માણ કરેલું.

શ્રી કુંદકુંદાચાર્યદેવ વિરચિત શ્રી સમયસાર આદિ પાંચેય પરમાગમો આરસમાં ઉત્કીર્ણ કરેલ ‘શ્રી મહાવીર કુંદકુંદ પરમાગમ મંદિર’નું ઉદ્ઘાટન વિ.સં. ૨૦૩૦મા સોનગઢમાં ૨૬,૦૦૦ ભક્તોની ઉપસ્થિતિમાં શ્રી શાંતિપ્રસાદજી સાહુના હસ્તે થયું હતું.

ટ્રસ્ટી શ્રી નેમિચંદજી પાટની (આગ્રા)ના સફળ સંચાલનમાં શ્રી સમ્મેદશિખરજીની યાત્રા નિમિત્તે વિ.સં. ૨૦૧૩ (ઈ.સ. ૧૯૫૭) તથા વિ.સં. ૨૦૨૩ (ઈ.સ. ૧૯૬૭)મા—એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગલ વિહાર થયો હતો. તે જ રીતે વિ.સં. ૨૦૧૫ (ઈ.સ. ૧૯૫૯) અને વિ.સં. ૨૦૨૦ (ઈ.સ. ૧૯૬૪)મા—એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર થયો હતો. આ મંગલ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યાં અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. ફળસ્વરૂપે ભારતભરમાં મહતી ધર્મપ્રભાવના થઈ અને સોનગઢના આ સંત પ્રત્યે લોકોમાં શ્રદ્ધાભક્તિનો જુવાળ જાગી ઊઠ્યો. યાત્રા દરમ્યાન અનેક સ્થાનોએથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

પોણા છ માસની ૮૦૦ મુમુક્ષુ-યાત્રાળુઓ સાથે નીકળેલી વિ.સં. ૨૦૧૩ની શ્રી સમ્મેદશિખરજીની પ્રથમ યાત્રા વખતે ઈસરી આશ્રમમાં દિગમ્બર જૈન સમાજના અનેક પ્રસિદ્ધ વિદ્વાનોની હાજરીમાં ક્ષુલ્લક શ્રી ગણેશપ્રસાદજી વર્ણીજી સાથે પૂજ્ય ગુરુદેવશ્રીની વાત્સલ્યતાભરી વાતચીત થયેલી; ત્યારે વર્ણીજીએ પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું કે ‘‘સ્વામીજીકી પ્રસન્નમુદ્રા મુઝે બહોત પસંદ આઈ; ઔર મુઝે ઐસા લગા કિ ઈસ આત્માકે દ્વારા સમાજકા કલ્યાણ હોગા.’’ ત્યારબાદ મધુવન (શિખરજી)માં અનેક દિગંબર મુનિઓ, વિદ્વાનો, વર્ણીજી સહિત અનેક ત્યાગીઓ અને પાંચ હજારથી અધિક શ્રોતાગણની સમક્ષ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન થયેલું. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન-શ્રવણથી પ્રભાવિત થઈને સેંકડો પંડિતોના વિદ્યાપતિ પં. બંસીધરજી (ઇન્દૌર)એ હિંમતપૂર્વક સ્પષ્ટ જાહેર કરેલું કે ‘.....આપકી વાણીમેં તીર્થંકરોંકા ઔર કુંદકુંદસ્વામીકા હી હૃદય હૈ.’ ભારતવર્ષીય

દિ. જૈન વિદ્વત્પરિષદના અધ્યક્ષ પં. ફૂલચંદજી સિદ્ધાંતશાસ્ત્રી પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન-સત્સમાગમથી એટલા બધા પ્રભાવિત થયા કે તેઓ પોતાની રૂઢિગત્ માન્યતા છોડીને પૂજ્ય ગુરુદેવશ્રીના અનુયાયી બની ગયા.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને શ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદૃષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ દ્વારા ઈ.સ. ૧૯૫૯થી નવેમ્બર ૧૯૮૦ સુધી ટેપમાં ઉતારી લેવામાં આવી, જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં જ ભારતભરમાં–વિશેષરૂપે હિન્દી સમાજમાં તેમજ નાઈરોબી, લંડન, સ્વીત્ઝરલેન્ડ, હોંગકોંગ, અમેરિકા, કેનેડા ઈત્યાદિ વિદેશોમાં, અગણિત સંખ્યામાં ટેપરીલો તથા કેસેટોથી ટ્રસ્ટના કેસેટ-વિભાગ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોનો મુમુક્ષુઓએ લાભ પ્રાપ્ત કર્યો હતો. હાલમાં CD યુગ શરૂ થતાં સ્વ. શાંતિલાલ રતિલાલ શાહના પરિવાર દ્વારા આ મંગલવાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે, તે એમ પ્રસિદ્ધ કરે છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમકાળના અંત સુધી આ દિવ્યવાણી ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

દશલક્ષણ પર્યુષણપર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલાં તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. પર્યુષણમાં સૌ પ્રથમ બહારગામ–રાજધાની દિલ્હીમાં–વાંચન કરવા માટે સોનગઢથી શ્રી ખીમચંદભાઈ શેઠ ગયા હતા. તેઓ તેમ જ શ્રી લાલચંદભાઈ મોદી અને શ્રી યુગલકિશોરજી (કોટા), પૂજ્ય ગુરુદેવની સૂક્ષ્મ તત્ત્વ-પ્રરૂપણાનો પ્રચાર કરનાર અગ્રેસર વક્તાઓ હતા/છે. પ્રવચનકારોને મોકલવાની આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગ્રતિ આવી હતી અને આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણપર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે. ડૉ. હુકમચંદજી ભારિલ્લના નિર્દેશનમાં નવા નવા વિદ્વાનો તૈયાર કરવા માટે શ્રી પૂનમચંદજી ગોદિકા દ્વારા આચાર્યકલ્પ પંડિત શ્રી ટોડરમલજીની સ્મૃતિરૂપે જયપુરમાં શ્રી ટોડરમલ સ્મારક ભવનનું ઈ.સ. ૧૯૬૭મા નિર્માણ થયું જેનું ઉદ્‌ઘાટન પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં તેઓશ્રીના આશીર્વાદથી થયું હતું. નવા પ્રવચનકાર વિદ્વાનોને પ્રવચન-પદ્ધતિ માટે પ્રશિક્ષિત કરવા દર વર્ષે પ્રશિક્ષણવર્ગ જયપુરથી શરૂ કરવામાં આવ્યા હતા. ઉત્તર ગુજરાત તેમજ હિન્દી પ્રાંતમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલ તત્ત્વજ્ઞાનના પ્રચાર-પ્રસારમાં પંડિત શ્રી બાબુભાઈ ફતેપુરવાળાનું વિશેષ યોગદાન રહ્યું હતું.

ભગવાન શ્રી મહાવીરસ્વામી પછીના આ યુગમાં જ્યારે બૌદ્ધ સંપ્રદાયનો ઘણો પ્રભાવ હતો ત્યારે સમર્થ આચાર્ય શ્રી

અકલંકદેવે તત્કાલીન પ્રમુખ બૌદ્ધ આચાર્ય સાથે વાદવિવાદ કરીને તેમનો પરાજય કરતાં જૈન સમાજમાં જયજયકાર થયેલો; તેવી જ રીતે ઓક્ટોબર ૧૯૬૩મા ખાનિયા (જયપુર)માં દિગમ્બર સમ્પ્રદાયના પ્રખર પંડિતો અને કાનજીસ્વામીના અનુયાયી તરીકે પ્રસિદ્ધ પં. શ્રી ફૂલચંદજી સિદ્ધાન્તશાસ્ત્રી વચ્ચે કેટલાક દિવસો સુધી લેખિત પ્રશ્નોત્તર દ્વારા તત્ત્વચર્ચા થતાં, પં. શ્રી ફૂલચંદજી દ્વારા તે પંડિતોની રૂઢિગત્ માન્યતાનો શાસ્ત્રોના આધારો દ્વારા પરાજય થતાં, પૂજ્ય ગુરુદેવશ્રીએ અત્યંત ભાવવિભોર થઈને જૈનદર્શનના સત્યમાર્ગની જીત સંબંધી પં. ફૂલચંદજી માટે અત્યંત પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું હતું કે—પંડિત ફૂલચંદજીએ બહુ કાર્ય કર્યું છે, બહુ મહેનત કરી છે. શાસ્ત્રથી આધાર આપીને બરાબર સાચી શ્રદ્ધાને થંભાવી રાખી છે. એવો એ એક પંડિત નીકળ્યો ! શાસ્ત્રના પંડિતપણે ભણીને સ્વ-આશ્રય અને પર-આશ્રય આ બે બોલને ટકાવી રાખ્યા; બહુ જબ્બર વાત છે. હજારો બોલ ઓહોહો....! ઘણું જ્ઞાન છે. અત્યારે ચાલતો આ પંથ-વિપંથ, તેમાં આ વાત બહાર મૂકવી ! ઘણી હિંમત કરી છે. આ ઐતિહાસિક પ્રસંગે પૂજ્ય ગુરુદેવશ્રીની અત્યંત ભાવવિભોર પ્રસન્ન મુખમુદ્રા દેખીને ભક્તો રોમાંચિત થઈ ગયેલા. આ ઐતિહાસિક પ્રસંગ પછી તેઓ સોનગઢ આવ્યા ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીએ મુરબ્બી શ્રી રામજીભાઈ દોશીને આજ્ઞા કરેલી કે તમો આખાય મંડળને લઈને તેમને વાજતે-ગાજતે લઈ આવો. તેથી તે મુજબ અમે બધા શોભાયાત્રાપૂર્વક પં. ફૂલચંદજીને બજારેથી સ્વાધ્યાયમંદિર લઈ આવેલા હતા.

કાઠિયાવાડમાં દિગમ્બર શાસ્ત્રોના સૌથી જૂના વિશેષ અભ્યાસી, પૂજ્ય ગુરુદેવશ્રીના વિશેષ કૃપાપાત્ર, જામનગરનિવાસી શ્રી વીરજીભાઈ વારીયા કે જેઓ સંપ્રદાય સમયના બહુ જૂના અનુયાયી હતા તેમના માટે એક રાત્રિના પાછલા પહોરે પૂજ્ય ગુરુદેવશ્રીને સ્વપ્ન આવ્યું કે વીરજીભાઈની તબિયત વિશેષ નાદુરસ્ત છે ને તેમને અમારા દર્શનની અભિલાષા છે. સવારે ઉઠતાં જ પૂજ્યશ્રી પાસે સમાચાર આવ્યા કે વીરજીભાઈની તબિયત ઘણી જ નાજુક છે ને આપના દર્શનની ભાવના છે. વાત પૂરી થાય તે પહેલાં જ પૂજ્ય ગુરુદેવશ્રીએ ફરમાવ્યું કે ચાલો જામનગર! અને જામનગરમાં ગુરુ-શિષ્યનું વાત્સલ્ય—ભક્તિપૂર્ણ મિલન થયું હતું. શ્રી વીરજીભાઈ ઉંમરમાં પૂજ્ય ગુરુદેવશ્રી કરતાં મોટા હતા, સંપ્રદાય-સમયથી જ તેમને પૂજ્ય ગુરુદેવશ્રીનો વિશેષ પરિચય હતો તેથી તેમને પૂજ્ય ગુરુદેવશ્રીની વિશેષ કૃપાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષના મંગલકારી જન્મોત્સવો ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫મા હીરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી-જડિત આઠસો પાનાનો એક દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવી તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન મંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા દેશભરના હજારો ભક્તોની હાજરીમાં મુંબઈમાં અર્પણ થયો હતો. જોગાનુજોગ થોડા જ દિવસોમાં તેઓ ભારતના વડાપ્રધાન બન્યા.

વિ.સં. ૨૦૩૭ના કારતક વદ ૭, તા. ૨૮-૧૧-૧૯૮૦, શુક્રવારના રોજ આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ જ્ઞાયકમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રમાંથી સ્વર્ગપુરીમાં પ્રયાણ કર્યું. જેમ નવપલ્લવિત વટવૃક્ષ શરૂઆતમાં સ્વયં પોતાની વિશાળતાને સમૃદ્ધ કરતો થકો વિશાળકાય બની ગયા બાદ તેમાંથી અનેક વટવૃક્ષનું નવસર્જન કરતો હોય છે, તેમ સોનગઢના આ સંતે શરૂઆતમાં સ્વયંભૂપણે અધ્યાત્મયુગનું નવસર્જન કર્યું અને તેમની વિશાળ પ્રભાવના-છાયામાં દેશ-વિદેશમાં—જયપુર, દેવલાલી, અલિગઢ, દિલ્હી, ગાંધીનગર, સોનાગિર, બાંસવાડા, ઈન્દૌર, દ્રોણગિરિ, નાગપુર, ગજપંથા, કોટા ઈત્યાદિ તથા નાઈરોબી, લંડન, અમેરિકા ઈત્યાદિ ક્ષેત્રોમાં—સ્થપાયેલ સંસ્થાઓ દ્વારા, તેઓશ્રીએ પ્રરૂપેલ તત્ત્વજ્ઞાનના પ્રચાર વડે તેઓશ્રી દ્વારા નવસર્જિત અધ્યાત્મયુગને યુગના અંત સુધી ટકાવી રાખવાનું પણ તેઓશ્રીના પુણ્યપ્રતાપે બન્યું. એ રીતે તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરતા ગયા.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતાં. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખૂબ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ.સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થકાળનો જ અનુભવ થતો.

ઈ.સ. ૧૯૪૧ થી ઈ.સ. ૧૯૮૦ દરમ્યાન પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના નિર્દેશનમાં તથા પૂજ્ય શાંતાબેનના ભક્તિ-ઉલ્લાસભર્યા સંચાલનમાં સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારતદેશના અનેક શહેરોમાં તથા નાઈરોબીમાં—એમ કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગલ પ્રતિષ્ઠા આ ધર્મયુગસ્રષ્ટા સત્પુરુષના કરકમળ દ્વારા થઈ હતી.

તેઓશ્રીની અધ્યાત્મ-દેશનાના પ્રભાવથી શ્રી સીમંધરસ્વામી દિગમ્બર જિનમંદિર, શ્રી સમવસરણ મંદિર, શ્રી માનસ્તંભજી, શ્રી મહાવીર કુંદકુંદ પરમાગમ મંદિર, શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલય જેવા જિનાયતનોના નિર્માણથી આજે સુવર્ણપુરી જૈનજગતમાં આત્મસાધનાનું તીર્થધામ બની ગયું છે અને નજીકના ભવિષ્યમાં ૪૧ ફૂટના ભગવાન શ્રી બાહુબલીના ખડ્ગાસન જિનબિંબની તેમજ જમ્બૂદ્વીપના અનેક જિનબિંબોની સ્થાપના થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરી આકર્ષક અજાયબી તરીકે વિશ્વના નકશામાં સ્થાન પામશે.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર હતું. પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહ્યા. ભાવલિંગી મુનિઓના તેઓ પરમ ઉપાસક હતા.

પોતે ચતુર્થ ગુણસ્થાનવર્તી સાધક હોવા છતાં તેમનો જીવન-વ્યવહાર અને પરિણામની સ્થિતિ અત્યંત ઉચ્ચ કોટિના હતા. તીર્થંકરનું દ્રવ્ય હોવાથી જગતના જીવો આત્મકલ્યાણને પામો એવી કરુણા વર્તતી હોવાથી ૯૧મા વર્ષે પણ ગામોગામ વિહાર કરીને ભવ્યજીવોની તત્ત્વજિજ્ઞાસા છીપાવતા હતા છતાં તેઓ એટલા નિસ્પૃહી હતા કે તેઓશ્રીએ ક્યારેય કોઈને પણ જિનમંદિર બંધાવો કે સ્વાધ્યાયમંદિર બંધાવો એવું કહેવું તો દૂર રહ્યું, ઈશારો સુદ્ધાં કરેલ ન હતો.

જીવોના આત્મકલ્યાણની કરુણા હોવા છતાં એટલા નિર્મમત્વી હતા કે ક્યારેય કોઈને પણ પૂછેલ ન હતું કે તમે રોજ સ્વાધ્યાય કરો છો ને?

કોઈ વ્યક્તિ જીવનપર્યંત તત્ત્વજ્ઞાન ન સમજવાથી પૂજ્ય ગુરુદેવશ્રીનો વિરોધ કરતો હોય ને તે વ્યક્તિને પોતાના અજ્ઞાન માટે પશ્ચાતાપ થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની ક્ષમા માગતો ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીને શરમ.....શરમ..... અનુભવાતી અને કહેતાં કે ભૂલી જાઓ.....ભૂલી જાઓ.... ભગવાને પણ પોતાના ભૂતકાળમાં ભૂલો કરવામાં કાંઈ બાકી રાખ્યું ન હતું. તમે ભગવાન છો એમ અમે દેખીએ છીએ અને તમે પણ તમને ભગવાન તરીકે દેખો.—આવી તો નિર્માનતા હતી.

તત્ત્વવિરોધના કારણે કોઈ દૈનિકપત્રમાં કે પત્રિકામાં પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ અનુચિત લખાણ છાપે તો ભક્તો તેનો વિરોધ કરવાના હોય તો તેઓશ્રી કહેતાં કે ભાઈ! અમારું કોઈ વિરોધી નથી. અમારો કોઈ વિરોધ કરતો નથી. અમે કોઈને વિરોધી દેખતા નથી. અમે તો બધાને ભગવાન તરીકે દેખીએ છીએ. ગમે તેવું લખાણ લખીને વિરોધ કરનાર પણ જો પ્રવચન સાંભળવા આવતો તો તેને સભામાં આગળ બેસવા બોલાવતાં ને પ્રવચનમાં વાત્સલ્યભાવે તેમને સંબોધિત કરતાં. પૂરા જીવન દરમ્યાન કોઈપણ વ્યક્તિએ ગમે તેવો વિરોધ કર્યો હોય તે પણ જો એકવાર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યક્ષ દર્શન–સત્‌સમાગમમાં આવતો તો તે જીવનભર તેમનો અનુયાયી બની જતો. ક્ષમાપના દિને પ્રવચનસભામાં જાહેરમાં કહેતાં કે કોઈ જીવને અમારાથી પર્યાયદષ્ટિથી જોવાઈ ગયું હોય તો અમે ક્ષમા માગીએ છીએ. સૌ જીવો ભગવાન છે.—આવી તો તેમની કરુણામય ક્ષમાભાવના હતી.

જીવનમાં નિસ્પરિગ્રહી તો એવા કે ૪૫-૪૫ વર્ષો સુધી સ્વાધ્યાયમંદિરના એક જ રૂમમાં રહેલાં કે જ્યાં જિનવાણી-સ્વાધ્યાય માટે એક બેઠક, સૂવા માટે એક ગાદલાવાળી બેંચ ને ત્યાગીને યોગ્ય માત્ર ચાર જોડી કપડા ! અને સ્વાધ્યાય અર્થે સેંકડો શાસ્ત્રોથી ભરેલા કબાટો !!

દેશ અને દુનિયામાં શું ભજી રહ્યું છે તે જાણવાનું કૂતુહલ નહીં હોવાથી ક્યારેય ન્યૂઝપેપર સુદ્ધાં વાંચ્યું ન હતું.

રસના અલોલુપી—નિઃસ્વાદી તો એટલા કે જીવનમાં ક્યારેય બે ત્રણ શાક સિવાય ન તો કોઈ શાક ચાખ્યું હતું, મગની દાળ સિવાય ન તો કોઈ દાળ કે કઢી ચાખ્યા હતા, ન તો કોઈ ચટણી, મરચાં ચાખેલા, ન તો કોઈ મીઠાઈ કે ફરસાણ કે મુખવાસ ચાખેલા. જાણે કે કોઈ ત્યાગી-વ્રતી હોય તેવું તેમનું જીવન હતું.

કરુણાશીલતાનો સાગર હોવા છતાં તત્ત્વમાં એટલા નિર્ભીક ને સત્યમાર્ગ પ્રવક્તા હતા કે કોઈપણ લૌકિક મહાનુભાવનો તેમના પર પ્રભાવ પડતો ન હતો. એક પ્રતિષ્ઠિત શ્રેષ્ઠી તથા એક ત્યાગી-વ્રતી દ્વારા ઉદ્દિષ્ટ ભોજન માટે કાંઈક જતું કરવા સંબંધી પૂજ્ય ગુરુદેવશ્રીને ઈશારો કરવામાં આવતાં, તેઓશ્રીએ બહુ સ્પષ્ટપણે કહ્યું કે પોતાના માટે બનેલો આહાર—ઉદ્દિષ્ટ ભોજન—પ્રાણ જાય તોપણ મુનિરાજ લ્યે નહીં. દેશકાળના નામે સર્વજ્ઞકથિત શુદ્ધ આમ્નાયનું ઉલ્લંઘન કેમ કરાય ? ભાવનગરના મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજી (દેશના પ્રથમ રાજ્યપાલ-મદ્રાસના) સોનગઢ આવેલા; તેમને તેઓશ્રીએ પ્રવચનમાં કહેલ કે થોડું માગે તે નાનો માગણ, ઘણું માગે તે મોટો માગણ—વર્ષે પાંચ હજાર જોઈતા હોય તે નાનો માગણ અને વર્ષે પાંચ લાખ જોઈતા હોય તે મોટો માગણ ! શ્રીમદ્ રાજચંદ્રજીને પોતાના ધર્મગુરુ માનનાર રાષ્ટ્રપિતા ગાંધીજી વિ.સં. ૧૯૯૫મા રાજકોટમાં પ્રવચનમાં આવેલા. પૂજ્ય ગુરુદેવશ્રીએ પોતાની તત્ત્વની મસ્તીમાં કહેલ કે હું બીજાની સેવા કરી શકું છું એમ માનનાર મૂઢ છે. આ વાત ગાંધીજીને એટલી બધી સ્પર્શી ગયેલ કે કેટલાક વર્ષો પછી તેમણે કોઈને પૂછેલ કે મને મૂઢ કહેનાર મહારાજ હાલ ક્યાં વિચરે છે ?

ગુણ પ્રશંસક તો એટલા કે કોઈએ પણ શાસન-સંબંધી પ્રશંસનીય કાર્ય કર્યું હોય—ચાહે તે પોતાનો શિષ્ય ભલે હોય તોપણ—તેની મુક્તકંઠે પ્રશંસા કરતા હતાં.

—આવી અનેક ઉચ્ચ કોટિની પરિણતિ અને અધ્યાત્મતત્ત્વજ્ઞાનથી ભરપૂર ઉપદેશના સુસંગમના કારણે પ્રથમ પરિચયમાં જ શ્રોતાઓ તેમના પ્રતિ ભાવવિભોર બનીને તેમના અનુયાયી બની જતાં.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ-વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વપ્રકારે સમજાવ્યો હતો. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-

ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઈત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું હતું. ‘‘સેંકડો શાસ્ત્રોના અમારા મંથનનો આ સાર અંદરથી આવ્યો છે’’—એ ‘‘ક્રમબદ્ધપર્યાય’’ના શંખનાદ વડે તેઓશ્રીએ જૈનજગતને આંદોલિત કર્યું. જેમ શ્રી સમયસારનું સ્મરણ કરે અને કાનજીસ્વામીનું સ્મરણ થયા વિના રહેતું નથી, તેમ ‘‘ક્રમબદ્ધપર્યાય’’ શબ્દ કાને પડે ને કાનજીસ્વામીનું સ્મરણ થયા વિના રહેવું અસંભવ છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

કરુણાસાગર, પુરુષાર્થપ્રેરણામૂર્તિ, સમ્યગ્જ્ઞાનવિભૂષિત આ ધર્માત્માના મહિમાનું વર્ણન શબ્દાતીત છે; માત્ર અહોભાવથી અનુભવગમ્ય  છે.

‘‘તું પરમાત્મા છો—એમ નક્કી કર! તું પરમાત્મા છો—એમ નક્કી કર!’’—એવો મહામંત્ર મુમુક્ષુઓને આપીને ભક્તોને ભગવાન બનવાની પ્રેરણા કરનાર આ મહાપુરુષે પ્રકાશેલો સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન-સ્તંભ શ્રી કહાનગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

ભવભીરૂ ભવ્યાત્માના ભવનો અભાવ કરનાર સત્પુરુષનો પ્રભાવના-ઉદય જયવંત વર્તો!

હે જ્ઞાનપોષક સુમેઘ તને નમું હું,<br>
આ દાસના જીવનશિલ્પી તને નમું હું.

—જિતેન્દ્ર એન. મોદી

# અનુક્રમણિકા


| અધ્યાય | વિષય | પેજ નંબર |
|---|---|---|
| ૧. | ત્રેસઠ શલાકા પુરુષની કથાનું મુખ્ય વર્ણન | ૨ |
| ૨. | કથા ઉપોદ્‌ઘાત વર્ણન | ૨૪ |
| ૩. | ત્રેસઠ શલાકા પુરુષની કથાનું પીઠીકા વર્ણન | ૩૮ |
| ૪. | શ્રી ઋષભદેવના પૂર્વભવ નિરૂપણ વિષે, મહાબળ—અભ્યુદય વર્ણન | ૫૯ |
| ૫. | લલિતાંગ દેવ—સ્વર્ગભોગ વર્ણન, સ્વયંપ્રભાદેવીનો સમાગમ | ૮૦ |
| ૬. | લલિતાંગ દેવનું સ્વર્ગમાંથી ચ્યુત થવું, પૂર્વવિદેહના પુષ્કલાવતી દેશમાં રાજા વજ્રબાહુના પુત્ર ''વજ્રજંઘ'' તરીકે જન્મ, સ્વયંપ્રભા દેવીનો વિદેહક્ષેત્રના પુંડરિકિણીનગરીનાં રાજા વજ્રદંત ચક્રવર્તીની પુત્રી ''શ્રીમતી'' તરીકે જન્મ | ૧૦૭ |
| ૭. | વજ્રજંઘ અને શ્રીમતીના સમાગમનું વર્ણન | ૧૨૨ |
| ૮. | વજ્રજંઘ અને શ્રીમતીના પાત્રદાનનું વર્ણન | ૧૪૬ |
| ૯. | વજ્રજંઘ-આર્ય અને શ્રીમતી-આર્યાને ભોગભૂમિમાં સમ્યગ્દર્શનની ઉત્પત્તિનું વર્ણન | ૧૬૩ |
| ૧૦. | શ્રીધરદેવ, સુવિધિરાજા અને અચ્યુતેન્દ્રના ઐશ્વર્યનું વર્ણન | ૧૭૮ |
| ૧૧. | વજ્રનાભિ ચક્રવર્તી—મુનિપણું અંગીકાર કરી તીર્થંકર વજ્રસેન સમીપ ષોડશકારણ ભાવનાના ચિંતવનપૂર્વક તીર્થંકરપ્રકૃતિનો બંધ કર્યો. ત્યાંથી સર્વાર્થસિદ્ધિના અહમિન્દ્ર થયા તેનું વર્ણન | ૧૯૫ |
| ૧૨. | ભગવાન આદિનાથના સ્વર્ગાવતરણનું વર્ણન | ૨૧૪ |
| ૧૩. | ભગવાનના જન્મ-અભિષેકનું વર્ણન | ૨૨૬ |
| ૧૪. | ઈન્દ્ર દ્વારા સ્તુતિ અને ત્યારબાદ તાંડવનૃત્ય | ૨૪૪ |
| ૧૫. | ભગવાનનો કુમારકાળ, યશસ્વતી અને સુનંદાનો વિવાહ, ભરતની ઉત્પત્તિનું વર્ણન | ૨૬૩ |

| | | |
|---|---|---|
| ૧૬. | ભગવાનના સામ્રાજ્યનું વર્ણન | ૨૭૭ |
| ૧૭. | ભગવાનના તપકલ્યાણકનું વર્ણન | ૨૯૪ |
| ૧૮. | ધરણેન્દ્રનું વિજયાર્ધ પર જવું, આદિ | ૩૧૪ |
| ૧૯. | વિજયાર્ધ પર્વતનું વર્ણન, નમિ-વિનમિના રાજ્ય પ્રાપ્તિનું વર્ણન | ૩૨૯ |
| ૨૦. | ભગવાનને આહારદાન તથા કેવળજ્ઞાનની ઉત્પત્તિનું વર્ણન | ૩૩૫ |
| ૨૧. | ધ્યાન તત્ત્વનું વર્ણન તથા અન્ય મતાવલંબીઓનું નિરાકરણ | ૩૫૯ |
| ૨૨. | ઈન્દ્ર અને દેવોનું સમવસરણમાં આગમન, સમવસરણનું વર્ણન | ૩૮૭ |
| ૨૩. | સમવસરણની વિભૂતિનું વર્ણન | ૪૧૦ |
| ૨૪. | ભગવાનકૃત ધર્મોપદેશનું વર્ણન | ૪૨૬ |
| ૨૫. | ઈન્દ્ર દ્વારા ભગવાનની એક હજાર આઠ નામ દ્વારા સ્તુતિ, ભગવાનના વિહારનું વર્ણન | ૪૪૮ |

| | | |
|---|---|---|
| પરિશિષ્ટ-૧ | : ભગવાન વૃષભદેવ | ૪૯૧ |
| પરિશિષ્ટ-૨ | : કાળચક્ર | ૪૯૩ |
| પરિશિષ્ટ-૩ | : ભગવાન મહાવીરના નિર્વાણ બાદ મૂલસંઘની આચાર્ય પરંપરા | ૪૯૪ |
| પરિશિષ્ટ-૪ | : ૨૪ તીર્થંકરોની વચ્ચે જન્મકાળનો અંતરાલ | ૪૯૬ |
| પરિશિષ્ટ-૫ | : ૧૪ કુલકરોનાં નામ, આયુ અને ઊંચાઈ | ૪૯૮ |
| પરિશિષ્ટ-૬ | : કાળનું પ્રમાણ | ૪૯૯ |
| પરિશિષ્ટ-૭ | : આદિપુરાણમાં આવેલા ''દેશવિભાગ''માંથી કેટલાક દેશોનો પરિચય | ૫૦૦ |
| પરિશિષ્ટ-૮ | : કેટલાક દિગંબર જૈન પુરાણો | ૫૦૪ |

## ભગવાન ઋષભદેવ વગેરે દશ જીવોનાં પૂર્વભવોનું દિગ્દર્શન

| | ૧<br>ઋષભદેવ | ૨<br>શ્રેયાંસ | ૩<br>ભરત | ૪<br>બાહુબલી | ૫<br>વૃષભસેન | ૬<br>અનંતવિજય | ૭<br>અનંતવીર્ય (મહાસેન) | ૮<br>શ્રીષેણ | ૯<br>ગુણસેન | ૧૦<br>જયસેન |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ● | જયવર્મા | ધનશ્રી | અતિગૃદ્ધરાજા અને નરક | પ્રીતિવર્ધનના સેનાપતિ | પ્રીતિવર્ધનના મંત્રી | પ્રીતિવર્ધનના પુરોહિત | – | – | – | – |
| ૧ | મહાબલ | નિર્નામિકા | શાર્દૂલસિંહ | ભોગભૂમિ | ભોગભૂમિ | ભોગભૂમિ | – | – | – | – |
| ૨ | લલિતાંગ દેવ | સ્વયંપ્રભા | દિવાકરદેવ | પ્રભાકરદેવ | કનકપ્રભદેવ | પ્રભંજનદેવ | ક્રોધી-વૈશ્ય | માની-રાજા | માયાવી-વણિક | લોભી-કંદોઈ |
| ૩ | વજ્રજંઘ રાજા | શ્રીમતી રાણી | મતિવર મંત્રી | સેનાપતિ | પુરોહિત | નગરશેઠ | સિંહ | ભૂંડ | વાનર | નોળિયો |
| ૪ | ભોગભૂમિ આર્ય | ભોગભૂમિ આર્યા | અહમિન્દ્ર | અહમિન્દ્ર | અહમિન્દ્ર | અહમિન્દ્ર | ભોગભૂમિ | ભોગભૂમિ | ભોગભૂમિ | ભોગભૂમિ |
| ૫ | શ્રીધરદેવ | સ્વયંપ્રભ દેવ | અહમિન્દ્ર | અહમિન્દ્ર | અહમિન્દ્ર | અહમિન્દ્ર | ચિત્રાંગદ દેવ | મણિકુંડલ દેવ | મનોહર દેવ | મનોરથ દેવ |
| ૬ | સુવિધિરાજા | કેશવ પુત્ર | અહમિન્દ્ર | અહમિન્દ્ર | અહમિન્દ્ર | અહમિન્દ્ર | વરદત્ત રાજા | વરસેન રાજા | ચિત્રાંગદ રાજા | શાંતદમન રાજા |
| ૭ | અચ્યુતેન્દ્ર | અચ્યુતેન્દ્ર | અહમિન્દ્ર | અહમિન્દ્ર | અહમિન્દ્ર | અહમિન્દ્ર | અચ્યુત દેવ | અચ્યુત દેવ | અચ્યુત દેવ | અચ્યુત દેવ |
| ૮ | વજ્રનાભિ ચક્રી | ધનદત્ત | સુબાહુ (ભાઈ) | મહાબાહુ (ભાઈ) | પીઠ (ભાઈ) | મહાપીઠ (ભાઈ) | જય (ભાઈ) | વિજય (ભાઈ) | જયંત (ભાઈ) | અપરાજિત (ભાઈ) |
| ૯ | (નવમા ભવમાં આ દશેય જીવો સર્વાર્થસિદ્ધિમાં દેવ હતા) | | | | | | | | | |
| ૧૦ | ઋષભદેવ તીર્થંકર | શ્રેયાંસ ગણધર | ભરત ચક્રવર્તી | બાહુબલી | વૃષભસેન(પુત્ર) ગણધર | અનંતવિજય ગણધર(પુત્ર) | અનંતવીર્ય (મહાસેન)(પુત્ર) | શ્રીષેણ (પુત્ર) | ગુણસેન(પુત્ર) ગણધર | જયસેન (પુત્ર) |
| (આ દશેય જીવો તે જ ભવમાં મોક્ષ પામ્યા) | | | | | | | | | | |

ૐ

શ્રીમજ્જિનસેનાચાર્ય-વિરચિત

# મહાપુરાણ ભાગ–૧

## (આદિપુરાણ)



**श्रीमते सकलज्ञानसाम्राज्यपदमीयुषे ।**
**धर्मचक्रभृते भर्त्रे, नमः संसारभीमुषे ।।१।।**

જેણે કીધી સકળ જનતા નીતિને જાણનારી,
ત્યાગી રાજ્યાદિવિભવને જે થયા મૌનધારી,
વેતો કીધો સુગમ સબળો મોક્ષનો માર્ગ જેણે,
વંદું છું તે ઋષભ જિનને ધર્મધોરી પ્રભુને.

# અધ્યાય પહેલો

જે અનંતચતુષ્ટયરૂપ અંતરંગ અને અષ્ટ-પ્રાતિહાર્યરૂપ બહિરંગ લક્ષ્મીથી સહિત છે, જેમણે સમસ્ત પદાર્થોને જાણવાવાળા કેવળજ્ઞાનરૂપી સામ્રાજ્યનું પદ પ્રાપ્ત કરી લીધું છે, જે ધર્મચક્રના ધારક છે, જે ત્રણ લોકના અધિપતિ છે અને પંચ-પરાવર્તનરૂપ સંસારનો ભય નષ્ટ કરવાવાળા છે એવા શ્રી અર્હંતદેવને મારા નમસ્કાર છે !!

વિશેષ— આ શ્લોકમાં બધા વિશેષણ જ વિશેષણ છે, વિશેષ્ય નથી. આનાથી એક વાત સિદ્ધ થાય છે કે ઉક્ત વિશેષણ જેમનામાં જોવામાં આવે તેઓ વંદનીય છે. ઉક્ત વિશેષણ અર્હંત દેવમાં જોવામાં આવે છે, તેથી અહીં તેમને જ નમસ્કાર કરવામાં આવ્યા છે; અથવા 'श्रीमते' પદ વિશેષ્ય વાચક છે. શ્રી ઋષભદેવના એક હજાર આઠ નામોમાં એક 'श्रीमत' નામ પણ છે કે જે આગળ આ જ ગ્રંથમાં કહેવામાં આવશે કે 'श्रीमान स्वयंवृषभः' આદિ. તેથી, અહીં કથાનાયક શ્રી ઋષભદેવ ભગવાનને નમસ્કાર કરવામાં આવ્યા છે. ટિપ્પણકારે/ટીકાકારે આ શ્લોકનું વ્યાખ્યાન વિવિધ પ્રકારે કર્યું છે કે જેમાં તેમણે અરહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, ભરત ચક્રવર્તી, બાહુબલી, વૃષભસેન ગણધર તથા પાર્શ્વનાથ તીર્થંકર આદિને પણ નમસ્કાર કર્યા છે. તેથી તેમના અભિપ્રાય અનુસાર કંઈક વિશેષ વ્યાખ્યાન અહીં પણ કરવામાં આવે છે. ભગવાન ઋષભદેવના પક્ષનું વ્યાખ્યાન ઉપર કરવામાં આવી ગયું છે. અરહંત પરમેષ્ઠિના પક્ષમાં 'श्रीमते' શબ્દનો અર્થ અરહંત પરમેષ્ઠિ લેવામાં આવે છે કારણ કે તેઓ અંતરંગ–બહિરંગ લક્ષ્મીથી સહિત હોય છે. સિદ્ધ પરમેષ્ઠિના પક્ષમાં 'सकलज्ञानसाम्राज्यपदमीयुषे' પદનો અર્થ સિદ્ધ પરમેષ્ઠિ કરવામાં આવે છે કારણ કે તેઓ સંપૂર્ણ જ્ઞાનીઓના સામ્રાજ્યના પદને–લોકાગ્રનિવાસને પ્રાપ્ત થઈ ચૂક્યા છે. આચાર્ય પરમેષ્ઠિના પદમાં 'धर्मचक्रभृते' પદનો અર્થ આચાર્ય લેવામાં આવે છે કારણ કે તેઓ ઉત્તમ ક્ષમા આદિ દશ ધર્મના ચક્રને અર્થાત્ સમૂહને ધારણ કરે છે. ઉપાધ્યાય પરમેષ્ઠિના પક્ષમાં 'यत्रें' પદનો અર્થ ઉપાધ્યાય કરવામાં આવે છે કારણ કે તેઓ અજ્ઞાનાંધકાર દૂર કરીને સમ્યગ્જ્ઞાનરૂપી સુધા દ્વારા બધા જીવોનું ભરણ–પોષણ કરે છે. સાધુ પરમેષ્ઠિના પક્ષમાં 'संसारभीयुषे' શબ્દનો અર્થ સાધુ કરવામાં આવે છે કારણ કે તેઓ પોતાની સિંહવૃત્તિથી સંસારસંબંધી ભ્રમને નષ્ટ કરવાવાળા છે.

આ શ્લોકમાં જે 'श्रीमते' આદિ પદ છે તે જાતિવાચક હોવાથી એક વચનનું પ્રત્યય લગાડવામાં આવ્યું છે. તેથી, ભૂત-ભવિષ્ય-વર્તમાનકાળસંબંધી સમસ્ત તીર્થંકરોને પણ આ શ્લોક દ્વારા જ નમસ્કાર સિદ્ધ થઈ જાય છે. ભરત ચક્રવર્તીના પક્ષમાં આ પ્રકારે વ્યાખ્યાન છે—જે નવનિધિ અને ચૌદરત્નરૂપ લક્ષ્મીના અધિપતિ છે, જે સકલજ્ઞાનવાન જીવોના સંરક્ષણરૂપ સામ્રાજ્ય પદને પ્રાપ્ત છે, જે પૂર્વજન્મમાં કરેલા ધર્મના ફળસ્વરૂપે ચક્રરત્નને ધારણ કરે છે, જે ષટખંડ ભરતક્ષેત્રની રક્ષા કરવાવાળા છે અને જેણે સંસારના જીવોનો ભય નષ્ટ કર્યો અથવા ષટખંડ ભરતક્ષેત્રમાં બધી જ બાજુ ભ્રમણ કરવામાં જેને કોઈપણ પ્રકારનો ભય ન થયો અથવા જે સમીચીન ચક્ર દ્વારા બધાનો ભય દૂર કરવાવાળા છે એવા તદ્ભવ મોક્ષગામી ચક્રધર ભરતને નમસ્કાર છે !!

બાહુબલીના પક્ષમાં આ પ્રમાણે વ્યાખ્યાન છે—જે ભરત ચક્રધરને ત્રિવિધ યુદ્ધમાં પરાસ્ત કરીને અદ્ભુત શૌર્યલક્ષ્મીથી યુક્ત થયા છે, જે ધર્મ દ્વારા અથવા ધર્મ માટે ચક્રરત્નને ધારણ કરવાવાળા ભરતના સ્તવન આદિથી કેવળજ્ઞાનરૂપ સામ્રાજ્યના પદને પ્રાપ્ત થયા છે, એક વર્ષના મુશ્કેલ કાયોત્સર્ગ પછી ભરત દ્વારા સ્તવન આદિ કરવામાં આવતા નિઃશલ્ય થઈ શુક્લધ્યાન ધારણ કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું, જે કામદેવ અને રાજા બંને છે અથવા લક્ષ્મીના અધિપતિ છે અને કર્મબંધને નષ્ટ કરી સંસારનો ભય અપહરણ કરવાવાળા છે એવા શ્રી બાહુબલી સ્વામીને નમસ્કાર હો !!

વૃષભસેન ગણધરના પક્ષમાં આ પ્રમાણે વ્યાખ્યાન છે—જે સ્યાદ્વાદલક્ષ્મીથી ઉપલક્ષિત જિનશાસન અર્થાત્ શ્રુતજ્ઞાનનાં વિષયમાં પરોક્ષરૂપે સમસ્ત પદાર્થોને જાણવાવાળા જ્ઞાનના સામ્રાજ્યને પ્રાપ્ત છે, જે ધર્મચક્ર અર્થાત્ ધર્મના સમૂહને ધારણ કરવાવાળા છે–પદાર્થોના અનંત સ્વભાવને જાણવાવાળા છે, મુનિસંઘના અધિપતિ છે અને પોતાના સદુપદેશ દ્વારા સંસારનો ભય નષ્ટ કરવાવાળા છે એવા શ્રી વૃષભસેન ગણધરને નમસ્કાર છે !!

'धर्मचक्रभृते' શબ્દનો અર્થ પાર્શ્વનાથ પણ થાય છે. તેથી, આ શ્લોકમાં ભગવાન પાર્શ્વનાથને પણ નમસ્કાર કરવામાં આવ્યા છે. એવી જ રીતે, નારાયણ, બળભદ્ર આદિ અન્ય કથાનાયકોને પણ નમસ્કાર કરવામાં આવ્યા છે. વિશેષ વ્યાખ્યાન સંસ્કૃત ટિપ્પણીથી જાણવું જોઈએ. આ શ્લોકના ચારેય ચરણના પ્રથમ અક્ષરોથી આ ગ્રંથનું પ્રયોજન પણ ગ્રંથકર્તાએ વ્યક્ત કર્યું છે—'श्रीसाधन' અર્થાત્ કૈવલ્યલક્ષ્મીને પ્રાપ્ત કરવી એ જ આ ગ્રંથના નિર્માણનું પ્રયોજન છે.

જેઓ અજ્ઞાનાંધકારરૂપ વસ્ત્રથી આચ્છાદિત જગતને પ્રકાશિત કરવાવાળા છે તથા બધી તરફ ફેલાવવાવાળી જ્ઞાનરૂપી પ્રભાના ભારથી અત્યંત શોભાયમાન છે એવા શ્રી જિનેન્દ્રરૂપી સૂર્યને મારા નમસ્કાર છે!!

જેની મહિમા અજેય છે, જે મિથ્યાદષ્ટિઓના શાસનનું ખંડન કરવાવાળું છે, જે નય–પ્રમાણના પ્રકાશથી સદાય પ્રકાશિત રહે છે અને મોક્ષલક્ષ્મીનું પ્રધાન અનન્ય કારણ છે, એવું તે જિનશાસન નિરંતર જયવંત રહો!!

શ્રી અરહંત ભગવાને જેના દ્વારા પાપરૂપી શત્રુઓની સેનાને સહજમાં જ જીતી લીધી હતી, એવું જિનેન્દ્રપ્રણીત રત્નત્રયરૂપી શસ્ત્ર હંમેશા જયવંત રહો!!

જે પુરુષોત્તમે ઈન્દ્રના વૈભવને તિરસ્કૃત કરવાવાળા પોતાના સામ્રાજ્યને તૃણ સમાન તુચ્છ સમજતા મુનિદીક્ષા ધારણ કરી હતી, જેમની સાથે જ કેવળ સ્વામિભક્તિથી પ્રેરિત થઈને ઈક્ષ્વાકુ અને ભોજવંશના મોટા મોટા હજારો રાજાઓએ દીક્ષા લીધી હતી, જેમના નિર્દોષ ચરિત્રને ધારણ કરવા માટે અસમર્થ થયેલા કચ્છ-મહાકચ્છ આદિ અનેક રાજાઓએ વૃક્ષોના પાન તથા છાલને પહેરવાનું અને વનમાં ઉત્પન્ન થયેલા કંદમૂળ આદિનું ભક્ષણ કરવાનું શરૂ કરી દીધું હતું, જેમણે આહાર-પાણીનો ત્યાગ કરીને સર્વસહા પૃથ્વીની જેમ બધા પ્રકારના ઉપસર્ગ સહન કરવાનો દ્રઢ વિચાર કરી અનેક પરિષહ સહન કર્યા હતા તથા કર્મનિર્જરાના મુખ્ય કારણ તપનું લાંબા સમય સુધી પાલન કર્યું હતું, હજાર વર્ષ સુધી તપ કરવાવાળા જે જિનેન્દ્રના મસ્તક પર વધેલી જટા ધ્યાનરૂપી અગ્નિથી બાળવામાં આવેલા કર્મરૂપ ઇંધનથી નિકળતી ધૂમશીખા સમાન શોભાયમાન થતી હતી, દિગંબરી દીક્ષા ધારણ કરી તે દિવસથી છ માસ ઉપવાસના પચખાણ લીધેલા, છ માસ ઉપવાસ કરી મર્યાદા પ્રગટ કરવાના અભિપ્રાયથી પ્રભુને વિહાર કરતાં જોઈ સુર-અસુર એમ સમજતા હતા કે જાણે ચાલતો સુમેરુ પર્વત જ છે; જે હસ્તિનાપુરના રાજા શ્રેયાંસના દાન દેવાથી દેવરૂપ વાદળોએ પાંચ પ્રકારનાં રત્નોની વર્ષા કરી હતી, થોડા સમય પછી ઘાતિયાકર્મરૂપી શત્રુઓને પરાજિત કરી દેતાં જેમને લોકાલોકને પ્રકાશિત કરવાવાળી કેવળજ્ઞાનરૂપી ઉત્કૃષ્ટ જ્યોતિ પ્રાપ્ત થઈ હતી, જે સભારૂપી સરોવરમાં બેઠેલાં ભવ્ય જીવોનાં મુખરૂપી કમળને પ્રકાશિત કરવા માટે સૂર્યસમાન હતા, જેમણે કર્મરૂપી શત્રુઓને નષ્ટ કરવાવાળા સમીચીન ધર્મનો ઉપદેશ આપ્યો હતો અને જેમના દ્વારા પોતાના વંશનું માહાત્મ્ય સાંભળીને વલ્કલો પહેરેલા ભરતપુત્ર મરીચિએ લીલાપૂર્વક નૃત્ય કર્યું હતું

એવા તે નાભિરાજાના પુત્ર વૃષભચિહ્નથી સહિત આદિદેવ—પ્રથમ તીર્થંકર ભગવાન વૃષભદેવને હું નમસ્કાર કરી એકાગ્ર ચિત્તથી વારંવાર તેમની સ્તુતિ કરું છું !!

તેમના પછી, જે ધર્મસામ્રાજ્યના અધિપતિ છે એવા અજિતનાથથી લઈને મહાવીર પર્યંત ત્રેવીસ તીર્થંકરોને પણ નમસ્કાર કરું છું !!

ત્યારબાદ, કેવળજ્ઞાનરૂપી સામ્રાજ્યના યુવરાજપદમાં સ્થિત રહેવાવાળા તથા સમ્યગ્જ્ઞાનરૂપી કંઠાભરણને પ્રાપ્ત ગણધરોની હું વારંવાર સ્તુતિ કરું છું !! હે ભવ્ય પુરુષો ! જે દ્રવ્યાર્થિકનયની અપેક્ષા આદિ અને અંતથી રહિત છે, ઉન્નત છે, અનેક ફળ દેવાવાળું છે અને વિસ્તૃત તથા સઘન છાયાથી યુક્ત છે એવા શ્રુતસ્કંધરૂપી વૃક્ષની ઉપાસના કરો !!

આ રીતે, દેવ-શાસ્ત્ર-ગુરુના સ્તવન દ્વારા મંગળરૂપ સત્ક્રિયા કરીને હું ત્રેંસઠ શલાકા (૨૪ તીર્થંકર, ૧૨ ચક્રવર્તી, ૯ નારાયણ, ૯ પ્રતિનારાયણ અને ૯ બળભદ્ર) પુરુષોને આશ્રિત પુરાણનો સંગ્રહ કરીશ—તીર્થંકરો, ચક્રવર્તીઓ, બળભદ્રો, નારાયણો અને પ્રતિનારાયણોનું પુરાણ પણ કહીશ. આ ગ્રંથ અત્યંત પ્રાચીન કાળથી પ્રચલિત છે, તેથી પુરાણ કહેવાય છે. આમાં મહાપુરુષોનું વર્ણન કરવામાં આવ્યું છે અથવા તીર્થંકર આદિ મહાપુરુષોએ આનો ઉપદેશ આપ્યો છે અથવા આ વાંચવાથી મહાન કલ્યાણની પ્રાપ્તિ થાય છે, તેથી તેને મહાપુરાણ કહે છે—એમ પણ કેટલાય વિદ્વાનો મહાપુરાણનો અર્થ કરે છે.

આ પુરાણ મહાપુરુષોથી સંબંધ રાખવાવાળો છે તથા મહાન અભ્યુદય—સ્વર્ગ-મોક્ષાદિ કલ્યાણોનું કારણ છે, તેથી મહર્ષિ લોકો તેને મહાપુરાણ માને છે. આ ગ્રંથ ઋષિપ્રણીત હોવાની સાથે-સાથે, સત્યાર્થનું નિરૂપક હોવાથી સૂક્ત તથા ધર્મનું પ્રરૂપક હોવાથી ધર્મશાસ્ત્ર મનાય છે. 'इति इह आसीत'—'અહીં આમ થયું' એવી અનેક કથાઓનું આમાં નિરૂપણ હોવાથી ઋષિગણ આને 'ઈતિહાસ', 'ઈતિવૃત્ત' અને 'ઐતિહ્ય' પણ માને છે. જે ઈતિહાસ નામક મહાપુરાણનું કથન સ્વયં ગણધરદેવે કર્યું છે તેને હું માત્ર ભક્તિથી પ્રેરિત થઈને કહીશ કારણ કે હું અલ્પજ્ઞાની છું. મોટા મોટા બળદ દ્વારા ઊઠાવવા યોગ્ય ભારને ઊઠાવવાની ઈચ્છા કરવાવાળા વાછડાને જેમ ખૂબ જ મુશ્કેલી

પડે છે, તેવી જ રીતે ગણધરદેવ દ્વારા કહેવામાં આવેલા મહાપુરાણને કહેવાની ઈચ્છા રાખવાવાળા અલ્પજ્ઞ એવા મને મુશ્કેલી પડી રહી છે. ક્યાં તો આ અત્યંત ગંભીર પુરાણરૂપી સમુદ્ર અને ક્યાં મારા સમાન અલ્પજ્ઞ! હું મારા બાહુ દ્વારા અહીં સમુદ્ર તરવા ઈચ્છું છું, તેથી અવશ્ય જ મારી મશ્કરી થશે અથવા એમ સમજો કે હું અલ્પજ્ઞ થઈને પણ પોતાની શક્તિ અનુસાર આ પુરાણને કહેવાનો પ્રયત્ન કરી રહ્યો છું, જેમ કે કપાયેલી પૂંછવાળો બળદ પણ શું પોતાની કપાયેલી પૂંછ ન ઉપાડે? અર્થાત્ અવશ્ય ઉપાડે છે. જોકે આ પુરાણ ગણધરદેવ દ્વારા કહેવામાં આવ્યું છે, તેમ છતાં પણ હું મારી ભક્તિ પ્રમાણે કહેવાનો પ્રયત્ન કરું છું. જે રસ્તે સિંહ ચાલ્યા છે, તે રસ્તેથી જો હરણ પણ પોતાની શક્તિ અનુસાર ચાલવા ઈચ્છે તો તેને કોણ રોકી શકે છે!!

પ્રાચીન કવિઓ દ્વારા નિરુપણ કરી સુગમ બનાવવામાં આવેલા કથામાર્ગમાં મારી પણ ગતિ છે, કારણ કે આગળ ચાલવાવાળા પુરુષો દ્વારા જે માર્ગ સાફ કરી નાખવામાં આવે છે, તે માર્ગ પર કયો પુરુષ સરળતાથી નથી જઈ શકતો? અર્થાત્ બધા જ જઈ શકે છે! અથવા મોટા-મોટા હાથીઓના મર્દન કરવાથી જ્યાં વૃક્ષ ઘણાં જ અલ્પ કરી નાખવામાં આવ્યા છે એવા વનમાં જંગલી હાથીઓના બચ્ચા જ્યાં-ત્યાં સરળતાથી ફરતા જ હોય છે! અથવા જે સમુદ્રમાં મોટી-મોટી માછલીઓએ પોતાના વિશાળ મોઢાના આઘાતથી માર્ગ સાફ કરી દીધો છે, તેમાં એ માછલીઓના નાના-નાના બચ્ચા પણ પોતાની ઈચ્છાથી ફરે છે! અથવા જે રણભૂમિમાં મોટા-મોટા શૂરવીર યોદ્ધાઓએ પોતાના શસ્ત્રપ્રહાર દ્વારા શત્રુઓને રોકી દીધા છે, તેમાં કાયર પુરુષ પણ પોતાને યોદ્ધા માનીને નિઃશંક થઈને ઊછળે જ છે. તેથી, હું પ્રાચીન કવિઓને જ હાથનો સહારો માનીને આ પુરાણરૂપી સમુદ્રને તરવા માટે તૈયાર થયો છું. સેંકડો શાખારૂપ તરંગોથી વ્યાપ્ત આ પુરાણરૂપી મહાસમુદ્રમાં જો હું કદાચિત્ પ્રમાદથી સ્ખલિત થઈ જાઉં—અજ્ઞાનથી કોઈ ભૂલ કરી બેસું તો વિદ્વજ્જન મને ક્ષમા જ કરશે. સજ્જન પુરુષ કવિના પ્રમાદથી ઉત્પન્ન થયેલા દોષોને છોડીને આ કથારૂપી અમૃતથી માત્ર ગુણોનું જ ગ્રહણ કરવાની ઈચ્છા કરે કારણ કે સજ્જન પુરુષ ગુણ જ ગ્રહણ કરે છે. ઉત્તમ-ઉત્તમ ઉપદેશરૂપી રત્નોથી ભરેલાં આ કથારૂપ સમુદ્રમાં મગરમચ્છને છોડીને સાર વસ્તુઓને ગ્રહણ કરવાનો જ પ્રયત્ન કરવો જોઈએ.

પૂર્વકાળમાં સિદ્ધસેન આદિ અનેક કવિઓ થઈ ગયા છે અને હું પણ કવિ છું. તેથી, બંનેમાં 'કવિ' નામની

તો સમાનતા છે પણ અર્થમાં એટલો જ ફર્ક છે કે જેટલો પદ્મરાગમણિ અને કાચમાં ફર્ક છે! તેથી, જેના દર્પણમાં સમસ્ત શાસ્ત્ર પ્રતિબિંબિત હતા, એ કવિઓને હું ખૂબ માનું છું—એમનો આદર કરું છું. મને એ અન્ય કવિઓથી શું પ્રયોજન કે જે વ્યર્થમાં જ પોતાને કવિ માને છે. હું એ પુરાણના રચનાર કવિઓની વંદના કરું છું કે જેમના મુખકમળમાં સાક્ષાત્ સરસ્વતી નિવાસ કરે છે તથા જેમના વચન અન્ય કવિઓની કવિતામાં 'સૂત્રપાત'નું કામ કરે છે—મૂળભૂત હોય છે!

એ સિદ્ધસેન કવિ જયવંત હો કે જે પ્રવાદીરૂપ હાથીઓના ઝૂંડ માટે સિંહ સમાન છે, નૈગમ આદિ નય જ જેમના કેશર (ગળા ઉપરના વાળ) છે તથા અસ્તિ-નાસ્તિ આદિ વિકલ્પ જ તેમના ધારદાર નખ છે!!

હું એ મહાકવિ સમંતભદ્રને નમસ્કાર કરું છું કે જે કવિઓમાં બ્રહ્મા સમાન છે અને જેમના વચનરૂપ વજ્રના પ્રહારથી મિથ્યાત્વરૂપી પર્વત ચૂર-ચૂર થઈ જાય છે!! સ્વતંત્ર કવિતા કરવાવાળા કવિ, શિષ્યોને ગ્રંથના મર્મ સુધી પહોંચાડનાર ગમક—ટીકાકાર, શાસ્ત્રાર્થ કરવાવાળા વાદી અને મનોહર વ્યાખ્યાન આપવાવાળા વાગ્મી—આ બધાના મસ્તક ઉપર સમંતભદ્રસ્વામીનો યશ ચૂડામણિ સમાન લાગે છે અર્થાત્ તેઓ બધામાં શ્રેષ્ઠ હતા.

હું એ શ્રીદત્તને નમસ્કાર કરું છું કે જેમનું શરીર તપોલક્ષ્મીથી અત્યંત સુંદર છે અને જે પ્રવાદીરૂપી હાથીઓને ભેદવામાં સિંહ સમાન હતા!! આ વિદ્વાનોની સભામાં જેમનું નામ માત્ર કહી દેતા બધાનો ગર્વ દૂર થઈ જાય છે એવા યશોભદ્રસ્વામી મારી રક્ષા કરો. હું એ પ્રભાચંદ્ર કવિની સ્તુતિ કરું છું કે જેમનો યશ ચંદ્રના કિરણો સમાન અત્યંત શુક્લ છે અને જેમણે ચંદ્રોદયની રચના કરીને જગતને હંમેશા માટે આહ્લાદિત કર્યું છે!! વાસ્તવમાં ચંદ્રોદયની રચના કરવાવાળા એ પ્રભાચંદ્ર આચાર્યના કલ્પાંતકાળ સુધી સ્થિર રહેવાવાળા અને સજ્જનોનાં મુકુટ સમાન યશની પ્રશંસા કોણ નથી કરતું? અર્થાત્ બધા જ કરે છે!!

જેમના વચનોથી પ્રગટ થયેલ ચારેય આરાધનારૂપ મોક્ષમાર્ગ (ભગવતી આરાધના)ની આરાધના કરીને જગતના જીવ સુખી થાય છે એ શિવકોટી મુનીશ્વર પણ મારી રક્ષા કરે!

જેમની જટારૂપ પ્રબળ—યુક્તિપૂર્ણ વૃત્તિઓ—ટીકાઓ કાવ્યના અનુચિંતનમાં એવી શોભાયમાન થાય છે કે

માનો તે આપણને તેનો અર્થ જ કહી રહી હોય, એ જટાસિંહનંદિ આચાર્ય (વરાંગચરિત્તના કર્તા) મારી રક્ષા કરે! એ કાણભિક્ષુ જયવાન હો કે જેમના ધર્મરૂપ સૂત્રમાં પરોવેલા વચનરૂપ નિર્મળ મણિ કથાશાસ્ત્રના અલંકારપણાને પ્રાપ્ત થયા હતા અર્થાત્ જેમના દ્વારા રચવામાં આવેલ કથાગ્રંથ બધા જ ગ્રંથમાં અત્યંત શ્રેષ્ઠ છે !!

જે કવિઓમાં તીર્થંકર સમાન હતા અથવા જેમણે કવિઓને પથપ્રદર્શન કરવા માટે કોઈ લક્ષણગ્રંથની રચના કરી હતી અને જેમનું વચનરૂપી તીર્થ વિદ્વાનોનાં શબ્દ-સંબંધી દોષને નષ્ટ કરવાવાળું છે એવા એ દેવાચાર્ય–દેવનંદીનું કોણ વર્ણન કરી શકે?

ભટ્ટ અકલંક, શ્રીપાળ અને પાત્રકેશરી આદિ આચાર્યોના અત્યંત નિર્મળ ગુણ વિદ્વાનોના હૃદયમાં મણિમાળા સમાન સુશોભિત થાય છે, એ વાદિસિંહ કવિ કોના દ્વારા પૂજ્ય નથી કે જે કવિ પ્રશસ્ત વ્યાખ્યાન આપવાવાળા અને ટીકાકારોમાં સર્વોત્તમ હતા! એ અત્યંત પ્રસિદ્ધ વીરસેન ભટ્ટારક અમને પવિત્ર કરે કે જેમનો આત્મા સ્વયં પવિત્ર છે, જે કવિઓમાં શ્રેષ્ઠ છે, જે લોકવ્યવહાર તથા કાવ્યસ્વરૂપના મહાન જ્ઞાતા છે તથા જેમની વાણીની સામે બીજાઓની તો વાત જ શું પણ સ્વયં સુરગુરુ બૃહસ્પતિની વાણી પણ સીમિત–અલ્પ જણાય છે !!

ધવલ આદિ સિદ્ધાંત ઉપર અનેક પ્રકરણોના રચનાર અમારા ગુરુ શ્રી વીરસેન ભટ્ટારકના કોમળ ચરણકમળ હંમેશા અમારા મનરૂપ સરોવરમાં વિદ્યમાન રહે! શ્રી વીરસેન ગુરુની ધવલ, ચંદ્ર સમાન નિર્મળ અને સમસ્ત લોકને ધવલ કરવાવાળી વાણી (ધવલટીકા) તથા કીર્તિને હું વારંવાર નમસ્કાર કરું છું. એ જયસેન ગુરુ અમારી રક્ષા કરે કે જે તપોલક્ષ્મીના જન્મદાતા હતા, શાસ્ત્ર અને શાંતિના ભંડાર હતા, વિદ્વાનોના સમૂહના અગ્રણી–પ્રધાન હતા, તેઓ કવિ-પરમેશ્વર-લોકમાં કવિઓ દ્વારા પૂજ્ય હતા તથા જેમણે શબ્દ અને અર્થના સંગ્રહરૂપ સમસ્ત પુરાણનો સંગ્રહ કર્યો હતો.

આ ઉપર કહેવામાં આવેલા કવિઓ સિવાય બીજા પણ અનેક કવિઓ છે, તેમનું ગુણગાન તો દૂર રહ્યું પણ તેમના નામ લેવામાં પણ કોણ સમર્થ છે? અર્થાત્ કોઈ સમર્થ નથી. મંગળ પ્રાપ્તિની અભિલાષાથી હું એ જગત્પૂજ્ય બધા જ કવિઓનો સત્કાર કરું છું. સંસારમાં તે પુરુષ જ કવિ છે અને તે જ ચતુર છે કે જેમની વાણી

ધર્મકથાના અંગપણાને પ્રાપ્ત થાય છે અર્થાત્ જેઓ પોતાની વાણી દ્વારા ધર્મકથાની રચના કરે છે. કવિતા પણ એ જ પ્રશંસનીય સમજવામાં આવે છે કે જે ધર્મશાસ્ત્રથી સંબંધ રાખે છે. ધર્મશાસ્ત્રના સંબંધ રહિત કવિતા મનોહર હોવા છતાં પણ માત્ર પાપાસ્રવ માટે હોય છે. ઘણા મિથ્યાદષ્ટિ કાનને પ્રિય લાગવાવાળા મનોહર કાવ્યગ્રંથોની રચના કરે છે, પરંતુ તેમના તે કાવ્ય અધર્માનુબંધી હોવાથી—ધર્મશાસ્ત્રના નિરુપક ન હોવાથી સજ્જનોને સંતુષ્ટ નથી કરી શકતા. લોકમાં કેટલાક કવિઓ એવા પણ છે કે જે કાવ્યનિર્માણ માટે ઉદ્યમ કરે છે પરંતુ તે, બોલવાની ઈચ્છા કરતાં ગૂંગા પુરુષની જેમ, કેવળ મજાકને જ પાત્ર બની રહે છે. યોગ્યતા ન હોવા છતાં પણ પોતાને કવિ માનવાવાળા કેટલાય લોકો બીજા કવિઓના કેટલાક શબ્દોને લઈને તેની છાયા માત્ર કરી દે છે અર્થાત્ અન્ય કવિઓની રચનામાં થોડું પરિવર્તન કરીને તેને પોતાની માની લે છે, જેવી રીતે નકલી વ્યાપારી બીજાના થોડા કપડા લઈને તેમાં થોડું પરિવર્તન કરીને વેપારી બની જાય છે. શ્રૃંગારાદિ રસથી ભરેલી કવિતારૂપી કામિનીના ભોગમાં—તેની રચના કરવામાં અસમર્થ થઈ કેટલાય કવિઓ એવી રીતે સહાયકોની વાંછા કરે છે કે જેવી રીતે સ્ત્રી-સંભોગમાં અસમર્થ કામીજન ઔષધાદિ સહાયકોની વાંછા કરે છે.

કેટલાય કવિઓ, અન્ય કવિઓ દ્વારા રચાયેલા શબ્દ તથા અર્થમાં થોડું પરિવર્તન કરી તેનાથી પોતાના કાવ્યગ્રંથોનો પ્રસાર કરે છે, જેવી રીતે કોઈ વ્યાપારી અન્ય દ્વારા બનાવાયેલ માલમાં થોડું પરિવર્તન કરી પોતાની છાપ લગાવીને તેનો વેપાર કરે છે. કેટલાક કવિ એવી કવિતા કરે છે કે જે શબ્દોથી તો સુંદર હોય છે, પરંતુ અર્થથી શૂન્ય હોય છે. તેમની એ કવિતા લાખની બનેલી કંઠી સમાન ઉત્કૃષ્ટ શોભાને પ્રાપ્ત નથી થતી. કેટલાય કવિઓ સુંદર અર્થને પામીને પણ તેને યોગ્ય સુંદર પદયોજના વિના સજ્જન પુરુષોને આનંદિત કરવા માટે સમર્થ થઈ શકતા નથી, જેવી રીતે ભાગ્યથી મળેલી કૃપણ મનુષ્યની લક્ષ્મી, યોગ્ય પદ—સ્થાન યોજના વિના સત્પુરુષોને આનંદિત નથી કરી શકતી. કેટલાય કવિ પોતાની ઈચ્છાનુસાર કાવ્ય રચવાનું શરૂ તો કરી દ્યે છે, પરંતુ શક્તિ ન હોવાથી તેને પૂર્ણ નથી કરી શકતા, તેથી તેઓ કરના ભારથી દબાયેલા બહુકુટુંબી વ્યક્તિ સમાન દુઃખી થાય છે. કેટલાય કવિઓ પોતાની કવિતા દ્વારા કપિલ આદિ આપ્તભાસોના ઉપદિષ્ટ મતનું પોષણ કરે છે—મિથ્યામાર્ગનો પ્રચાર કરે છે. આવા કવિઓનું કવિતા રચવું વ્યર્થ છે, કારણ કે કુકવિ કહેવડાવા કરતાં અકવિ કહેડાવવું સારું

છે. કેટલાય કવિઓ એવા પણ છે કે જેમણે ન્યાય—વ્યાકરણ આદિ મહાવિદ્યાઓનો અભ્યાસ નથી કર્યો તથા જેઓ સંગીત આદિ કળાશાસ્ત્રોના જ્ઞાનથી દૂર છે છતાં પણ તેઓ કાવ્ય-રચનાની ચેષ્ટા કરે છે. અહો! એમના સાહસને તો જુઓ! તેથી, બુદ્ધિમાનોએ શાસ્ત્ર અને અર્થનો સારી રીતે અભ્યાસ કરી તથા મહાકવિઓની ઉપાસના કરીને એવા કાવ્યની રચના કરવી જોઈએ કે જે ધર્મોપદેશથી સહિત હોય, પ્રશંસનીય હોય અને યશ વધારવાવાળી હોય.

ઉત્તમ કવિ બીજા દ્વારા બતાવેલા દોષોથી ક્યારે પણ ડરતા નથી. શું અંધકારને નષ્ટ કરવાવાળો સૂર્ય ઉલ્લુના (ઘૂવડના) ભયથી ઉદિત નથી થતો? અન્ય પુરુષ સંતુષ્ટ થાય અથવા ન થાય, કવિઓએ પોતાનું પ્રયોજન પૂર્ણ કરવા પ્રત્યે જ ઉદ્યમ કરવો જોઈએ. કારણ કે કલ્યાણની પ્રાપ્તિ અન્ય પુરુષોની આરાધનાથી નથી થતી, પરંતુ શ્રેષ્ઠ માર્ગના ઉપદેશથી થાય છે. કેટલાય કવિઓ પ્રાચીન છે અને કેટલાય નવા છે તથા તે બધાના મત જુદા-જુદા છે તેથી, તે બધાને પ્રસન્ન કરવા કોણ સમર્થ થઈ શકે? કારણ કે કોઈ શબ્દોની સુંદરતાને પસંદ કરે છે, કોઈ મનોહર અર્થસંપત્તિ ઇચ્છે છે, કોઈ સમાસની અધિકતાને સારું માને છે અને કોઈ અલગ-અલગ રહેવાવાળી અસમસ્ત પદાવલીને જ ઇચ્છે છે, કોઈ સરળ રચના ઇચ્છે છે, કોઈ મુશ્કેલ રચના ઇચ્છે છે, કોઈ મધ્યમ દરજ્જાની રચના પસંદ કરે છે અને કોઈ એવા પણ છે કે જેની રુચિ બધાથી વિલક્ષણ—અનોખી છે. આ રીતે, ભિન્ન-ભિન્ન વિચાર હોવાના કારણે બુદ્ધિમાન પુરુષોને પ્રસન્ન કરવા મુશ્કેલ કાર્ય છે તથા સુભાષિતોથી સર્વથા અપરિચિત રહેવાવાળા મૂર્ખ મનુષ્યોને વશમાં કરવા તો તેનાથી પણ વધારે મુશ્કેલ કાર્ય છે.

દુષ્ટ પુરુષ નિર્દોષ અને મનોહર કાયાને પણ દૂષિત કરી નાખે છે કે જેવી રીતે ચંદનવૃક્ષની મનોહર કાંતિથી યુક્ત નવા કોપલોને સર્પ દૂષિત કરી નાખે છે, પરંતુ સજ્જન પુરુષ સદોષ રચનાને પણ નિર્દોષ બનાવી નાખે છે કે જેવી રીતે શરદ ઋતુ પંકસહિત સરોવરને પંકરહિત—નિર્મળ બનાવી નાખે છે. દુર્જન પુરુષ દોષ ઇચ્છે છે અને સજ્જન પુરુષ ગુણોને ઇચ્છે છે. તેમનો આ સહજ સ્વભાવ છે કે જેની ચિકિત્સા ઘણા લાંબા સમયમાં પણ નથી થઈ શકતી અર્થાત્ તેમનો આ સ્વભાવ કોઈ પણ રીતે છૂટી શકતો નથી. સજ્જનોનું ધન ગુણ છે અને દુર્જનોનું ધન દોષ છે તો પછી તેમને પોતપોતાનું ધન ગ્રહણ કરવાથી કોણ રોકી શકે? અથવા દુર્જન મારા કાવ્યથી દોષ ગ્રહણ કરી લે કે જેથી ગુણ જ ગુણ રહી જાય! એ વાત અમને અત્યંત ઇષ્ટ છે, કારણ કે જે કાવ્યમાંથી સમસ્ત

દોષ કાઢી લેવામાં આવ્યા હોય એ કાવ્ય નિર્દોષ થઈને ઉત્તમ થઈ જશે.

જેવી રીતે મંત્રવિદ્યાને સાંભળીને ભૂત—પિશાચાદિ મહા ગ્રહોથી પીડિત મનુષ્યોનું મન દુઃખી થાય છે, તેવી જ રીતે નિર્દોષ ધર્મકથાને સાંભળીને દુર્જનોનું મન દુઃખી થાય છે. જે પુરુષોની બુદ્ધિ મિથ્યાત્વથી દૂષિત થાય છે તેને ધર્મરૂપી ઔષધિ તો અરુચિકર લાગે જ છે, સાથે-સાથે ઉત્તમોત્તમ અન્ય પદાર્થ પણ ખરાબ લાગે છે કે જેવી રીતે પિતજ્વરવાળાને ઔષધિ અથવા દૂધ આદિ ઉત્તમ પદાર્થ પણ કડવા લાગે છે. કવિરૂપ મંત્રવાદિઓ દ્વારા પ્રયોગમાં લેવામાં આવેલા સુભાષિતરૂપ મંત્રને સાંભળીને દુર્જન પુરુષ ભૂતાદિ ગ્રહ સમાન પ્રકોપને પ્રાપ્ત થાય છે.

જેવી રીતે ઘણા સમયથી જામેલી વાંસની ગાંઠ—જડ સ્વભાવથી જ આડી હોય તેને કોઈ સીધી કરી શકતું નથી, તેવી જ રીતે ચિરસંચિત માયાચારથી પૂર્ણ દુર્જન પણ સ્વભાવથી આડો હોય છે, તેને કોઈ સીધો—સરળ પરિણામી નથી કરી શકતા અથવા જેવી રીતે કોઈ કૂતરાની પૂંછને સીધી નથી કરી શકતા, તેવી જ રીતે દુર્જનને પણ કોઈ સીધું કરી શકતું નથી. આ એક આશ્ચર્યની વાત છે કે સજ્જન પુરુષ ચિરકાળના સતત પ્રયત્નથી પણ જગતને પોતાની સમાન સજ્જન બનાવવા સમર્થ નથી થતાં, પરંતુ દુર્જન પુરુષ તેને સીધું જ દુષ્ટ બનાવી લે છે. ઈર્ષ્યા નહીં કરવી, દયા કરવી તથા ગુણી જીવોથી પ્રેમ કરવો એ સજ્જનતાની અંતિમ સીમા છે અને તેનાથી વિપરીત અર્થાત્ ઈર્ષ્યા કરવી, નિર્દયી હોવું તથા ગુણી જીવોથી પ્રેમ નહીં કરવો એ દુર્જનતાની અંતિમ સીમા છે. આ સજ્જન અને દુર્જનોનો સ્વભાવ જ આવો છે એમ નિશ્ચય કરી સજ્જનોમાં ન તો વિશેષ રાગ કરવો જોઈએ અને ન દુર્જનોનો અનાદર પણ કરવો જોઈએ. કવિઓના પોતાના કર્તવ્યની પૂર્તિમાં સજ્જન પુરુષ જ અવલંબન થાય છે એમ માનીને હું અલંકાર, ગુણ, રીતિ આદિ લહેરોથી ભરેલા કવિતારૂપી સમુદ્રને પાર કરવા ઈચ્છું છું અર્થાત્ સત્પુરુષોના આશ્રયથી જ હું આ મહાન કાવ્યગ્રંથને પૂર્ણ કરવા ઈચ્છું છું.

કાવ્ય—સ્વરૂપના જાણવાવાળા વિદ્વાન કવિના ભાવ અથવા કાર્યને કાવ્ય કહે છે. કવિનું એ કાર્ય સર્વસંમત અર્થથી સહિત, ગ્રામ્યદોષથી રહિત, અલંકારથી યુક્ત અને પ્રસાદ આદિ ગુણોથી શોભિત હોવું જોઈએ. કેટલાક વિદ્વાન અર્થની સુંદરતાને વાણીનું અલંકાર કહે છે અને કેટલાક પદની સુંદરતાને, પરંતુ અમારો મત છે કે અર્થ

અને પદ બંનેની સુંદરતા જ વાણીના અલંકાર છે. સજ્જન પુરુષોનું બનાવેલું જે કાવ્ય અલંકાર-સહિત, શ્રૃંગારાદિ રસોથી યુક્ત, સૌંદર્યથી ઓતપ્રોત અને ઉચ્છિષ્ટતા-રહિત અર્થાત્ મૌલિક હોય છે, તે કાવ્ય સરસ્વતીદેવીના મુખસમાન શોભાયમાન હોય છે અર્થાત્ જેવી રીતે શરીરમાં મુખ સૌથી પ્રધાન અંગ છે, તેના વિના શરીરની સ્થિરતા અને શોભા નથી હોતી તેવી જ રીતે, સર્વ લક્ષણોથી પૂર્ણ કાવ્ય જ બધા શાસ્ત્રોમાં પ્રધાન છે તથા તેના વિના અન્ય શાસ્ત્રોની શોભા અને સ્થિરતા નથી થઈ શકતી. જે કાવ્યમાં ન તો રીતિની રમણીયતા છે, ન પદોનું લાલિત્ય છે અને ન રસનો પ્રવાહ છે તેને કાવ્ય ન કહેવું જોઈએ, તે તો માત્ર કાનને દુઃખ આપવાવાળી ગ્રામીણ ભાષા જ છે. જે અનેક અર્થોને સૂચિત કરવાવાળા પદવિન્યાસથી સહિત, મનોહર રીતિઓથી યુક્ત અને સ્પષ્ટ અર્થથી ઉદ્ભાસિત કાવ્યોની રચના કરે છે તે મહાકવિ કહેવાય છે. જે પ્રાચીનકાળના ઈતિહાસથી સંબંધ રાખવાવાળું હોય, જેમાં તીર્થંકર, ચક્રવર્તી આદિના ચરિત્રનું ચિત્રણ કરવામાં આવ્યું હોય તથા જે ધર્મ, અર્થ અને કામના ફળને દેખાડવાવાળું હોય તેને મહાકાવ્ય કહે છે.

કોઈ એક પ્રકીર્ણક વિષયને લઈને કેટલાક શ્લોકોની રચના તો કોઈપણ કવિ કરી શકે છે, પરંતુ પૂર્વાપરનો સંબંધ મેળવીને કોઈ પ્રબંધની રચના કરવી મુશ્કેલ કાર્ય છે. જ્યારે આ સંસારમાં શબ્દોનો સમૂહ અનંત છે, વર્ણનીય વિષય પોતાની ઈચ્છાને આધીન છે, રસ સ્પષ્ટ છે અને ઉત્તમોત્તમ છંદ સુલભ છે ત્યારે કવિતા કરવામાં દરિદ્રતા શું છે?! અર્થાત્ ઈચ્છાનુસાર સામગ્રી મળતા ઉત્તમ કવિતા જ કરવી જોઈએ. વિશાળ શબ્દમાર્ગમાં ભ્રમણ કરતો જે કવિ અર્થરૂપી સઘન વનમાં ફરવાથી ખેદખિન્નતાને પ્રાપ્ત થયો છે તેને વિશ્રામ માટે મહાકવિરૂપ વૃક્ષોની છાયાનો આશ્રય લેવો જોઈએ અર્થાત્ જેવી રીતે મહાવૃક્ષોની છાયાથી માર્ગનો થાક દૂર થઈ જાય છે અને ચિત્ત હલકું થઈ જાય છે, તેવી જ રીતે મહાકવિઓના કાવ્યગ્રંથોના પરિશીલનથી અર્થાભાવથી થવાવાળી બધી જ ખિન્નતા દૂર થઈ જાય છે અને ચિત્ત પ્રસન્ન થઈ જાય છે. પ્રતિમા જેનું મૂળ છે, માધુર્ય, ઓજ, પ્રસાદ આદિ ગુણ જેની ઉન્નત શાખાઓ છે અને ઉત્તમ શબ્દ જ જેના ઉજ્જ્વળ પત્તા છે એવું આ મહાકવિરૂપ વૃક્ષ યશરૂપ પુષ્પમંજરીને ધારણ કરે છે અથવા બુદ્ધિ જ જેના કિનારા છે, પ્રસાદ આદિ ગુણ જ જેની લહેરો છે, જે ગુણરૂપી રત્નોથી ભરેલો છે, ઉચ્ચ અને મનોહર શબ્દોથી યુક્ત છે તથા જેમાં ગુરુ-શિષ્ય-પરંપરારૂપ વિશાળ પ્રવાહ ચાલ્યો આવી રહ્યો છે

એવા આ મહાકવિ સમુદ્રસમાન આચરણ કરે છે. હે વિદ્વાન પુરુષો! તમે લોકો ઉપર કહેલા કાવ્યરૂપી રસાયણનો ભરપૂર ઉપયોગ કરો કે જેથી તમારું યશરૂપી શરીર કલ્પાંત કાળ સુધી સ્થિર રહી શકે. ભાવાર્થ—જેવી રીતે રસાયણના સેવનથી શરીર પુષ્ટ થઈ જાય છે, તેવી જ રીતે ઉપર કહેલા કાવ્ય, મહાકવિ આદિના સ્વરૂપને સમજીને કવિતા કરવાવાળાનો યશ ચિરસ્થાયી થઈ જાય છે.



જે પુરુષ યશરૂપી ધનનો સંચય અને પુણ્યનો વ્યવહાર–લેવડદેવડ કરવા ઇચ્છે છે તેમના માટે ધર્મકથાને નિરુપણ કરવાવાળું આ કાવ્ય મૂળ ધન સમાન માનવામાં આવ્યું છે. આમ નિશ્ચય કરી હું એવી કથાની શરૂઆત કરું છું કે જે ધર્મશાસ્ત્રથી સંબંધ રાખવાવાળી છે, જેની શરૂઆત અનેક સજ્જન પુરુષો દ્વારા કરવામાં આવી છે તથા જેમાં ઋષભનાથ આદિ મહાપુરુષોના જીવનચરિત્રનું વર્ણન કરવામાં આવ્યું છે, જે ધર્મકથા કલ્પલતા સમાન ફેલાયેલી અનેક શાખાઓ–ઉપકથાઓ સહિત છે, છાયા–કાંતિ નામક ગુણસહિત છે, ફળો–સ્વર્ગ, મોક્ષાદિની પ્રાપ્તિથી શોભાયમાન છે, આર્ય પુરુષો દ્વારા સેવિત છે, મનોહર છે અને ઉત્તમ છે અથવા જે ધર્મકથા વિશાળ સરોવર સમાન પ્રસન્ન છે, અત્યંત ગંભીર–ગૂઢ અર્થથી રહિત છે, નિર્મળ છે, સુખકારી છે, શીતળ છે અને જગત્-ત્રયના સંતાપને દૂર કરવાવાળી છે અથવા જે ધર્મકથા આકાશગંગા સમાન ગુરુપ્રવાહ–ગુરુ પરંપરાથી યુક્ત છે, પંક–દોષથી રહિત છે, તાપ–સંસારભ્રમણજન્ય ખેદને નષ્ટ કરવાવાળી છે, કુશળ પુરુષો દ્વારા કરવામાં આવેલા પ્રવેશથી સહિત છે અને પુણ્યરૂપ છે અથવા જે ધર્મકથા ચિત્તને પ્રસન્ન કરવા, બધા પ્રકારના મંગળનો સંગ્રહ કરવા તથા પોતાનામાં જ જગત્-ત્રયને પ્રતિબિંબિત કરવાને કારણે દર્પણની શોભા ઉપર હસતી જણાય છે અથવા જે ધર્મકથા અત્યંત ઉન્નત અને અભીષ્ટ ફળને દેવાવાળા શ્રુતસ્કંધરૂપી કલ્પવૃક્ષથી પ્રાપ્ત થયેલી શ્રેષ્ઠ વિશાળ શાખા સમાન શોભાયમાન થઈ રહી છે અથવા જે ધર્મકથા પ્રથમાનુયોગરૂપી ઊંડા સમુદ્રના કિનારા સમાન મહાગંભીર શબ્દોથી સહિત છે અને ફેલાયેલા મહાન અર્થરૂપ જળથી યુક્ત છે, જે ધર્મકથા સ્વર્ગ–મોક્ષાદિના સાધક સમસ્ત તંત્રોનું નિરૂપણ કરવાવાળી છે, મિથ્યામતને નષ્ટ કરવાવાળી છે, સજ્જનોનાં સંવેગને ઉત્પન્ન કરવાવાળી છે અને વૈરાગ્યરસને વધારવાવાળી છે, જે ધર્મકથા આશ્ચર્યકારી અર્થોથી ભરેલી છે, અત્યંત મનોહર છે, સત્ય અથવા પરમ પ્રયોજનને સિદ્ધ કરવાવાળી છે, અનેક મોટી-મોટી કથાઓથી યુક્ત છે, ગુણવાન પૂર્વાચાર્યો દ્વારા જેમની રચના

કરવામાં આવી છે, જે યશ તથા કલ્યાણને કરવાવાળી પુણ્યરૂપ છે અને સ્વર્ગ–મોક્ષાદિ ફળ આપવાવાળી છે એવી એ ધર્મકથાને હું પૂર્વાચાર્યોની આમ્નાય અનુસાર કહીશ. હે સજ્જન પુરુષો! તેને તમે બધા ધ્યાનથી સાંભળો.

બુદ્ધિમાનોએ આ કથાની શરૂઆતમાં જ કથા, વક્તા અને શ્રોતાઓના લક્ષણ અવશ્ય કહેવા જોઈએ. મોક્ષના પુરુષાર્થને ઉપયોગી હોવાથી ધર્મ, અર્થ અને કામનું કથન કરવું કથા કહેવાય છે. જેમાં ધર્મનું વિશેષ નિરૂપણ હોય છે તેને બુદ્ધિમાન પુરુષ સત્કથા કહે છે. ધર્મના ફળસ્વરૂપે જે અભ્યુદયોની પ્રાપ્તિ થાય છે તેમાં અર્થ અને કામ પણ મુખ્ય છે. તેથી, ધર્મનું ફળ દેખાડવા માટે અર્થ અને કામનું વર્ણન કરવું પણ કથા કહેવાય છે. જો આ અર્થ અને કામની કથા ધર્મકથાથી રહિત હોય તો તે વિકથા જ કહેવાશે અને માત્ર પાપાસ્રવનું જ કારણ થશે. જેનાથી જીવોને સ્વર્ગ આદિ અભ્યુદય અને મોક્ષની પ્રાપ્તિ થાય તેને જ વાસ્તવમાં ધર્મ કહેવાય છે, તેને સંબંધિત જે કથા છે તેને સદ્ધર્મકથા કહે છે. સપ્ત-ઋદ્ધિઓથી શોભાયમાન ગણધર આદિ દેવોએ આ સદ્ધર્મકથાના સાત અંગ કહ્યા છે. આ સાત અંગોથી ભૂષિત કથા અલંકારોથી સજાવેલી નટી સમાન અત્યંત સરસ થઈ જાય છે. દ્રવ્ય, ક્ષેત્ર, તીર્થ, કાળ, ભાવ, ફળ અને પ્રકૃત—આ સાત અંગ કહેવાય છે. ગ્રંથની આદિમાં આનું નિરૂપણ અવશ્ય હોવું જોઈએ. જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ—આ છ દ્રવ્ય છે; ઉર્ધ્વ, મધ્ય અને પાતાળ—આ ત્રણ લોક ક્ષેત્ર છે; જિનેન્દ્રદેવનું ચારિત્ર જ તીર્થ છે; ભૂત, ભવિષ્ય અને વર્તમાન—આ ત્રણ પ્રકારનો કાળ છે; ક્ષાયોપશમિક અથવા ક્ષાયિક–આ બે ભાવ છે; તત્ત્વજ્ઞાનનું હોવું ફળ કહેવાય છે અને વર્ણનીય કથાવસ્તુને પ્રકૃત કહે છે. આ રીતે, ઉપર કહેલા સાત અંગ જે કથામાં જોવા મળે તેને સત્‌કથા કહે છે. આ ગ્રંથમાં પણ અવસર અનુસાર આ અંગોનો વિસ્તાર કરવામાં આવશે.

**વક્તાનું લક્ષણ :—**

ઉપર કહેલી કથાને કહેવાવાળા આચાર્ય એ જ હોઈ શકે કે જે સદાચારી હોય, સ્થિરબુદ્ધિ હોય, ઈન્દ્રિયોને વશમાં કરવાવાળા હોય, જેની બધી જ ઈન્દ્રિયો સમર્થ હોય, જેના અંગોપાંગ સુંદર હોય, જેના વચન સ્પષ્ટ, પરિમાર્જિત અને બધાને પ્રિય લાગવાવાળા હોય, જેનો આશય જિનેન્દ્રમતરૂપી સમુદ્રના જળથી ધોવાયેલો અને

નિર્મળ હોય, જેની વાણી સમસ્ત દોષોના અભાવથી અત્યંત ઉજ્જ્વળ હોય, શ્રીમાન્ હોય, સભાને વશમાં કરવાવાળા હોય, પ્રશસ્ત વચન બોલવાવાળા હોય, ગંભીર હોય, પ્રતિભાયુક્ત હોય, જેના વ્યાખ્યાનને સત્પુરુષ પસંદ કરતાં હોય, અનેક પ્રશ્ન તથા કુતર્કોને સહન કરવાવાળા હોય, દયાળુ હોય, પ્રેમી હોય, બીજાનાં અભિપ્રાયને સમજવામાં નિપુણ હોય, જેણે સમસ્ત વિદ્યાઓનું અધ્યયન કર્યું હોય અને ધીરવીર હોય એવા પુરુષે જ કથા કરવી જોઈએ. જે અનેક ઉદાહરણો દ્વારા વસ્તુસ્વરૂપ કહેવામાં કુશળ હોય, સંસ્કૃત–પ્રાકૃત આદિ અનેક ભાષાઓમાં નિપુણ હોય, અનેક શાસ્ત્ર અને કળાઓના જાણકાર હોય તે જ ઉત્તમ વક્તા કહેવાય છે. વક્તાએ કથા કહેતા સમયે ચપટીઓ ન વગાડવી જોઈએ, નેણ ન ચલાવવા જોઈએ, કોઈના ઉપર આક્ષેપ ન કરવો જોઈએ, હસવું ન જોઈએ, જોરથી બોલવું ન જોઈએ અને ધીરે પણ ન બોલવું જોઈએ, જો કદાચ સભામાં જોરથી બોલવું પડે તો ઉદ્ધતપણું છોડીને સત્ય–પ્રમાણિત વચન એ રીતે બોલે કે જેથી કોઈને ક્ષોભ ન થાય. વક્તાએ હંમેશા એવા જ વચન બોલવા જોઈએ કે જે હિતકારી હોય, પરિમિત હોય, ધર્મોપદેશથી સહિત હોય અને યશ આપનાર હોય, અવસર આવતા પણ અધર્મયુક્ત તથા અકીર્તિને ફેલાવવાવાળા વચન કહેવા ન જોઈએ. આ રીતે, અયુક્તિઓનો પરિહાર કરવાવાળી કથાની યુક્તિઓનો સમ્યક્ પ્રકારે વિચાર કરી જે વર્ણનીય કથાવસ્તુ પ્રારંભ કરે છે તે પ્રશંસનીય શ્રેષ્ઠ વક્તા કહેવાય છે. બુદ્ધિમાન વક્તાએ પોતાના મતની સ્થાપના કરતાં સમયે આક્ષેપિણી કથા કહેવી જોઈએ, મિથ્યામતનું ખંડન કરતાં સમયે વિક્ષેપિણી કથા કહેવી જોઈએ, પુણ્યના ફળસ્વરૂપ વિભૂતિ આદિનું વર્ણન કરતાં સમયે સંવેદિની કથા કહેવી જોઈએ તથા વૈરાગ્ય ઉત્પાદનના સમયે નિર્વેદિની કથા કહેવી જોઈએ. આ રીતે, ધર્મકથાના અંગભૂત આક્ષેપિણી, વિક્ષેપિણી, સંવેદિની અને નિર્વેદિનીરૂપ ચારેય પ્રકારની કથાનો વિચાર કરી શ્રોતાઓની યોગ્યતાનુસાર વક્તાએ વચન કરવું જોઈએ. હવે આચાર્ય શ્રોતાઓના લક્ષણ કહે છે.

**શ્રોતાનું લક્ષણ :—**

જેઓ હંમેશ ધર્મશ્રવણ કરવામાં લાગ્યા રહે છે તેમને વિદ્વાનોએ શ્રોતા માન્યા છે. સારા અને ખરાબનાં ભેદથી શ્રોતા અનેક પ્રકારના છે. તેમના સારા અને ખરાબ ભાવોને જાણવા માટે નિમ્નાનુસાર દૃષ્ટાંતોની કલ્પના કરવામાં આવે છે : માટી, ચારણી, બકરી, બિલાડી, પોપટ, બગલો, પથ્થર, સર્પ, ગાય, હંસ, ભેંસ, ફૂટેલો ઘડો,

મચ્છર અને જળો (ખરાબ લોહી ચુસવાવાળી ઇયળ). આ પ્રકારે ચૌદ પ્રકારના શ્રોતાઓના દૃષ્ટાંત સમજવા જોઈએ. ભાવાર્થ—

(૧) જેમ પાણીના સંસર્ગમાં રહેતા માટી કોમળ રહે છે, પછી કઠણ થઈ જાય છે, તેવી જ રીતે જે શ્રોતા શાસ્ત્ર સાંભળતા સમયે કોમળ પરિણામી હોય પરંતુ પછી કઠોર પરિણામી થઈ જાય તેવા શ્રોતાઓ માટી સમાન છે.

(૨) જેવી રીતે ચારણી સારભૂત લોટને નીચે જવા દે છે અને કચરાને રાખી મૂકે છે તેવી જ રીતે, જે શ્રોતા વક્તાના ઉપદેશમાંથી સારભૂત તત્ત્વને છોડીને નિઃસાર તત્ત્વને ગ્રહણ કરે છે તે શ્રોતા ચારણી સમાન છે.

(૩) જે શ્રોતા અત્યંત કામી છે અર્થાત્ શાસ્ત્રોપદેશના સમયે શ્રૃંગારનું વર્ણન સાંભળીને જેના પરિણામ શ્રૃંગારરૂપ થઈ જાય તે શ્રોત અજ–બકરા સમાન છે.

(૪) જેવી રીતે ઘણો ઉપદેશ મળવા છતાં પણ બિલાડો પોતાની હિંસક પ્રવૃત્તિ નથી છોડતો, ઉંદરને સામે જોતાં જ તેના ઉપર આક્રમણ કરી દે છે, તેવી જ રીતે જે શ્રોતાને ઘણી રીતે સમજાવવા છતાં પણ ક્રૂરતા નથી છોડતો, અવસર મળતા ક્રૂર પ્રવૃત્તિ કરવા લાગે છે તેવો શ્રોતા માર્જાર–બિલાડા સમાન છે.

(૫) જેવી રીતે પોપટ પોતે અજ્ઞાની છે પણ બીજાના શીખવાડવાથી જ કાંઈક શીખી શકે છે. તેવી જ રીતે જે શ્રોતા જ્ઞાનથી રહિત છે અને બીજાઓના સમજાવવાથી થોડા શબ્દો માત્ર ગ્રહણ કરી શકે છે તેવા શ્રોતા શુક–પોપટ સમાન છે.

(૬) જે શ્રોતા બગલા સમાન બહારથી ભદ્રપરિણામી લાગતા હોય, પરંતુ જેમનું અંતરંગ અત્યંત દુષ્ટ હોય એવા શ્રોતા બગલા સમાન છે.

(૭) જેના પરિણામ હંમેશા કઠોર રહેતા હોય તથા જેના હૃદયમાં, સમજાવવા છતાં પણ, જિનવાણીનો પ્રવેશ નથી થતો તેવા શ્રોતા પથ્થર સમાન છે.

(૮) જેવી રીતે સાપને પીવડાવેલું દૂધ પણ વિષરૂપ થઈ જાય છે, તેવી જ રીતે જેમની સામે ઉત્તમથી ઉત્તમ

ઉપદેશ પણ ખરાબ અસર કરે છે તે શ્રોતા સર્પ સમાન છે.

(૯) જેવી રીતે ગાય તૃણ ખાઈને દૂધ આપે છે, તેવી જ રીતે જે શ્રોતા થોડો ઉપદેશ સાંભળીને પણ ઘણો લાભ લીધા કરે છે તે ગાય સમાન શ્રોતા છે.

(૧૦) જે કેવળ સાર વસ્તુને ગ્રહણ કરે છે, તે શ્રોતા હંસ સમાન છે.

(૧૧) જેવી રીતે ભેંસ પાણી તો થોડું જ પીવે છે પણ સમસ્ત પાણીને ગંદુ કરી નાખે છે તેવી જ રીતે, જે શ્રોતા ઉપદેશ તો અલ્પ ગ્રહણ કરે છે, પરંતુ પોતાના કુતર્કોથી સમસ્ત સભામાં ક્ષોભ ઉત્પન્ન કરી દે છે એવા શ્રોતા ભેંસ સમાન છે.

(૧૨) જેના હૃદયમાં કોઈ પણ ઉપદેશ ટકે નહીં તે ફૂટેલા ઘડા સમાન શ્રોતા છે.

(૧૩) જે ઉપદેશ તો કાંઈ પણ ગ્રહણ ન કરે પરંતુ આખી સભાને વ્યાકુળ કરી દે એ ડાંસ–મચ્છર સમાન શ્રોતા છે.

(૧૪) જે ગુણ છોડીને ફક્ત અવગુણનો જ ગ્રહણ કરે તે જળો સમાન શ્રોતા છે.

ઉપર કહેલા શ્રોતાઓના ઉત્તમ, મધ્યમ અને જઘન્યના ભેદથી ત્રણ–ત્રણ ભેદ પડે છે. આ સિવાય બીજા પણ અનેક પ્રકારના શ્રોતા છે, પરંતુ એ બધાની ગણતરીથી શું લાભ? આ શ્રોતાઓમાં જે શ્રોતા ગાય અને હંસ સમાન છે તે ઉત્તમ શ્રોતા કહેવાય છે, જે માટી અને પોપટ સમાન છે તે મધ્યમ શ્રોતા કહેવાય છે અને બાકીના બધા અન્ય શ્રોતાઓની જેમ જઘન્ય શ્રોતા છે. જે શ્રોતા નેત્ર, દર્પણ, ત્રાજવા અને કસૌટી સમાન ગુણ–દોષ બતાવવાવાળા છે તે સત્કથારૂપ રત્નના પરિક્ષક માનવામાં આવ્યા છે.

શ્રોતાઓએ શાસ્ત્ર સાંભળવાના બદલામાં કોઈ પણ સાંસારિક વસ્તુની ઈચ્છા ન કરવી જોઈએ. એ જ રીતે, વક્તાએ પણ શ્રોતાઓથી સત્કાર, ધન, ઔષધિ અને આશ્રય–ઘર આદિની ઈચ્છા ન કરવી જોઈએ. સ્વર્ગ–મોક્ષ આદિ કલ્યાણની અપેક્ષા રાખીને જ વક્તાએ સન્માર્ગનો ઉપદેશ આપવો જોઈએ અને શ્રોતાઓએ સાંભળવું

જોઈએ, કારણ કે સત્પુરુષોની ચેષ્ટા વાસ્તવિક કલ્યાણની પ્રાપ્તિ માટે જ હોય છે, અન્ય લૌકિક કાર્ય માટે નહીં. જે શ્રોતા શુશ્રૂષા આદિ ગુણોથી યુક્ત હોય છે તે જ પ્રશંસનીય મનાય છે અને જે વક્તા વાત્સલ્ય આદિ ગુણોથી ભૂષિત હોય છે તે જ પ્રશંસનીય વક્તા મનાય છે. શુશ્રૂષા, શ્રવણ, ગ્રહણ, ધારણ, સ્મૃતિ, ઉહ, અપોહ અને નિર્ણીત—આ શ્રોતાઓના આઠ ગુણ માનવા જોઈએ. ભાવાર્થ—સત્કથા સાંભળવાની ઈચ્છા થવી શુશ્રૂષા ગુણ છે, સાંભળવું તે શ્રવણ છે, સમજીને ગ્રહણ કરવું તે ગ્રહણ છે, લાંબા સમય સુધી ધારણ કરી રાખવું ધારણા છે, પહેલાં ગ્રહણ કરેલા ઉપદેશ આદિને યાદ કરવું સ્મરણ છે, તર્ક દ્વારા પદાર્થના સ્વરૂપનો વિચાર કરવાની શક્તિ હોવી ઉહ છે, હેય વસ્તુઓને છોડવી અપોહ છે અને યુક્તિ દ્વારા પદાર્થનો નિર્ણય કરવો નિર્ણીત ગુણ છે. શ્રોતાઓમાં આ ગુણોનું હોવું અત્યંત આવશ્યક છે. સત્કથા સાંભળવાથી શ્રોતાઓને જે પુણ્યનો સંચય થાય છે તેનાથી પહેલાં તો તેમને સ્વર્ગ આદિ અભ્યુદયની પ્રાપ્તિ થાય છે અને પછી ક્રમથી મોક્ષની પ્રાપ્તિ થાય છે.

આ રીતે, મેં શાસ્ત્ર અનુસાર તમને લોકોને કથાની શરૂઆતનું વર્ણન કર્યું છે. હવે, આ કથાના અવતારનું વર્ણન કરું છું તે સાંભળો.

### કથાવતારનું વર્ણન :—

ગુરુપરંપરાથી એવું સાંભળવામાં આવે છે કે ત્રીજા કાળના અંતમાં નાભિરાજાના પુત્ર ભગવાન ઋષભદેવ વિહાર કરતાં પોતાની ઈચ્છાનુસાર પૃથ્વીના મુકુટભૂત કૈલાસ પર્વત પર આવીને બિરાજમાન થયા. કૈલાસ પર બિરાજમાન થયેલા એ ભગવાન ઋષભદેવની દેવોએ ભક્તિપૂર્વક પૂજા કરી તથા હાથ જોડીને સ્તુતિ કરી. એ જ પર્વતપર ત્રિજગદ્ગુરુ ભગવાનને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ, તેનાથી હર્ષિત થઈને ઈન્દ્રએ ત્યાં સમવસરણની રચના કરાવી. દેવાધિદેવ ભગવાન આશ્ચર્યકારી વિભૂતિની સાથે જ્યારે સમવસરણ-સભામાં બિરાજમાન હતા, ત્યારે ભક્તિથી ઓતપ્રોત મહારાજ ભરતે આવીને હર્ષપૂર્વક તેમને નમસ્કાર કર્યા. મહારાજ ભરતે મનુષ્ય અને દેવોથી પૂજિત જિનેન્દ્રદેવની અર્થપૂર્ણ અનેક સ્તોત્રો દ્વારા પૂજા કરી અને પછી વિનયથી નત થઈને પોતાને યોગ્ય સ્થાનમાં બેસી ગયા. દેદીપ્યમાન દેવોથી ભરેલી એ સભા ભગવાનથી ધર્મરૂપી અમૃતનું પાન કરીને એ રીતે સંતુષ્ટ થઈ હતી કે જેવી રીતે સૂર્યના તેજ કિરણોનું પાન કરીને કમલિની સંતુષ્ટ થાય છે. ત્યારબાદ, મૂર્તિમાન વિનયની જેમ

મહારાજ ભરત હાથ જોડી સભાની વચ્ચે ઊભા થઈને આ પ્રકારે કહેવા લાગ્યા. પ્રાર્થના કરતાં સમયે મહારાજ ભરતના દાંતના કિરણરૂપી કેશરથી શોભાયમાન મુખથી જે મનોહર વાણી નીકળી રહી હતી તે એવી લાગતી હતી કે જાણે તેમના મુખથી પ્રસન્ન થઈ ઉજ્જ્વળવર્ણધારિણી સરસ્વતી જ નીકળી રહી હોય !

હે દેવ! દેવ અને ધરણેન્દ્રોથી ભરેલી સભા આપના નિમિત્તથી પ્રકૃષ્ટ જ્ઞાનને પામીને કમલિની સમાન શોભાયમાન થઈ રહી છે, કારણ કે બધાના મુખ, કમળની સમાન અત્યંત પ્રફુલ્લિત થઈ રહ્યા છે. હે ભગવન્! આપના આ દિવ્ય વચન અજ્ઞાનાંધકારરૂપ પ્રલયમાં નષ્ટ થયેલા જગતની પુનઃઉત્પત્તિ માટે સીંચવામાં આવેલા અમૃત સમાન જણાય છે. હે દેવ! જો અજ્ઞાનાંધકારને નષ્ટ કરવાવાળા આપના વચનરૂપ કિરણ પ્રગટ ન થયા હોત તો નિશ્ચયથી આ સમસ્ત જગત અજ્ઞાનરૂપી સઘન અંધકારમાં પડ્યું રહેત. હે દેવ! આપના દર્શનમાત્રથી જ હું કૃતાર્થ થઈ ગયો છું. બરાબર જ છે કે મહાનિધિને પ્રાપ્ત કરીને કોણ કૃતાર્થ ન થાય! આપના વચન સાંભળીને તો હું વધારે કૃતાર્થ થઈ ગયો, કારણ કે લોકો અમૃતને જોઈને જો કૃતાર્થ થઈ જાય છે તો શું તેનો સ્વાદ લેવાવાળા કૃતાર્થ નહીં થાય? અર્થાત્ અવશ્ય જ કૃતાર્થ થશે. હે નાથ! વનમાં વરસાદ થવો બધાને ઈષ્ટ છે એ કહેવત જે સાંભળવામાં આવતી હતી તે, આજે અહીં આપના દ્વારા ધર્મરૂપી જળની વર્ષા જોઈને, મને પ્રત્યક્ષ થઈ ગઈ. ભાવાર્થ—જેવી રીતે વનમાં પાણીની વર્ષા બધાને સારી લાગે છે, તેવી જ રીતે આ કૈલાસના કાનનમાં આપના દ્વારા થવાવાળી ધર્મરૂપી જળની વર્ષા બધાને સારી લાગી રહી છે. હે ભગવન્! ઉપદેશ દેતાં આપે કઈ વસ્તુ બાકી રાખી છે? અર્થાત્ કાંઈ પણ બાકી રાખ્યું નથી. શું સઘન અંધકારને નષ્ટ કરવાવાળો સૂર્ય કોઈ પદાર્થને પ્રકાશિત કરવાથી બાકી રાખે છે?—ક્યારે પણ નહીં.

હે ભગવાન! આપના દ્વારા બતાવેલા તત્ત્વોમાં સત્પુરુષોની બુદ્ધિ ક્યારેય મોહને પ્રાપ્ત નથી થતી. શું મહાપુરુષોના દર્શાવેલા માર્ગપર નેત્રવાળો પુરુષ ક્યારેય પડે છે?—ક્યારેય નથી પડતો. હે સ્વામી! ત્રણે લોકની લક્ષ્મીનું મુખ જોવા માટે મંગળ દર્પણ સમાન આચરણ કરવાવાળા આપના આ વચનોના વિસ્તારમાં પ્રતિબિંબિત થયેલી સંસારની સમસ્ત વસ્તુઓને જોકે હું જોઈ રહ્યો છું તથાપિ મારા હૃદયમાં કાંઈ પૂછવાની ઈચ્છા થઈ રહી છે અને એ ઈચ્છાનું કારણ આપના વચનરૂપી અમૃતનું નિરંતર પાન કરતાં રહેવાની લાલસા જ સમજવી જોઈએ.

હે દેવ! જોકે લોકો કહી શકે છે કે ગણધરને છોડીને શાશ્વત આપને પ્રશ્ન પૂછવાવાળો આ કોણ છે? તેમ છતાં હું એ વાતને કાંઈ ગણતો નથી. આપની સાતિશય ભક્તિ જ આપને પ્રશ્ન પૂછવા માટે મને પ્રેરિત કરે છે. હે ભગવાન! પદાર્થનું વિશેષ સ્વરૂપ જાણવાની ઈચ્છા, અધિક લાભની ભાવના, શ્રદ્ધાની અધિકતા અથવા કાંઈક કરવાની ઈચ્છા જ મને આપની પાસે વાચાળ કરી રહી છે. હે ભગવાન! હું તીર્થંકર આદિ મહાપુરુષોના એ પુણ્યને સાંભળવા ઈચ્છું છું કે જેમાં સર્વજ્ઞપ્રણીત સમસ્ત ધર્મોનો સંગ્રહ કરવામાં આવ્યો હોય. હે દેવ! મારા ઉપર પ્રસન્ન થાઓ! દયા કરો! અને કહો કે આપના સમાન કેટલા સર્વજ્ઞ–તીર્થંકર થશે? મારા સમાન કેટલા ચક્રવર્તી થશે? કેટલા નારાયણ, કેટલા બળભદ્ર અને કેટલા તેમના શત્રુ પ્રતિનારાયણ થશે? તેમનું અતીત ચરિત્ર કેવું હતું? વર્તમાનમાં અને ભવિષ્યમાં કેવું થશે? હે વક્તૃશ્રેષ્ઠ! આ બધું હું આપનાથી સાંભળવા ઈચ્છું છું. બધાનું હિત કરવાવાળા હે જિનેન્દ્ર! એ પણ કહો કે એ બધા ક્યા-ક્યા નામનાં ધારક થશે? કયા-કયા ગોત્રમાં ઉત્પન્ન થશે? તેમના સહોદર કોણ-કોણ હશે? તેમના કયા-કયા લક્ષણ હશે? તેઓ કેવા આકારના ધારક થશે? એમના આભૂષણો ક્યા-ક્યા હશે? એમના કયા-કયા અસ્ત્ર હશે? તેમની આયુ અને શરીરનું પ્રમાણ શું હશે? એક–બીજામાં કેટલું અંતર હશે? ક્યા યુગમાં કેટલા યુગોના અંશ હોય છે? એક યુગથી બીજા યુગમાં કેટલું અંતર હશે? યુગોનું પરિવર્તન કેટલી વાર થાય છે? યુગના કયા ભાગમાં મનુ–કુલકર ઉત્પન્ન થાય છે? તેઓ શું જાણે છે? એક મનુથી બીજા મનુ ઉત્પન્ન થાય ત્યાં સુધીનો સમય–અંતરાલ કેટલો હોય છે? હે દેવ! આ બધું જાણવાનું કુતૂહલ મને થયું છે. તેથી, યથાર્થ રીતિથી મને આ બધા તત્ત્વોનું સ્વરૂપ કહો. આ સિવાય, લોકનું સ્વરૂપ, કાળનું અવતરણ, વંશોની ઉત્પત્તિ, વિનાશ અને સ્થિતિ, ક્ષત્રિય આદિ વર્ણોની ઉત્પત્તિ પણ હું આપનાથી સાંભળવા ઈચ્છું છું. હે જિનેન્દ્રસૂર્ય! અનાદિકાળની વાસનાથી ઉત્પન્ન થયેલા મિથ્યાજ્ઞાનની સાતિશયતાથી વધેલા આ સંશયરૂપી અંધકારને આપ આપના વચનરૂપી કિરણો દ્વારા શીઘ્ર નષ્ટ કરો.

આ પ્રકારે પ્રશ્ન કરીને મહારાજ ભરત જ્યારે ચૂપ થઈ ગયા અને કથા સાંભળવામાં ઉત્સુક થતા થકા પોતાને યોગ્ય આસનપર બેસી ગયા ત્યારે સમસ્ત સભાએ ભરત મહારાજના આ પ્રશ્નોની સાતિશય પ્રશંસા કરી કે જે સમયાનુસાર કરવામાં આવ્યા હતા, પ્રકાશમાન અર્થોથી ભરેલા હતા, પૂર્વાપર સંબંધથી સહિત હતા તથા ઉદ્ધતપણાથી

રહિત હતા. એ સમયે એમના એ પ્રશ્નને સાંભળીને બધા દેવતાઓ મહારાજ ભરતની તરફ જોવા લાગ્યા કે જેથી એવું લાગતું હતું કે જાણે તેઓ તેમના ઉપર પુષ્પવૃષ્ટિ જ કરી રહ્યા હતા. હે ભરતેશ્વર! આપ ધન્ય છો! આજે આપ અમારા પણ પૂજ્ય થયા. આ પ્રકારે ઈન્દ્રોએ તેમની પ્રશંસા કરી હતી, એ બરાબર જ છે, વિનયથી કોની પ્રશંસા નથી થતી? અર્થાત્ બધાની થાય છે. સંસારના બધા પદાર્થોને એકસાથે જાણવાવાળા ભગવાન વૃષભનાથ જોકે પ્રશ્ન વિના જ ભરત મહારાજના મનનો અભિપ્રાય જાણી ગયા હતા તથાપિ શ્રોતાઓના અનુરોધથી  મહારાજ ભરત દ્વારા પ્રાર્થના કરવામાં આવતા આદિનાથ ભગવાન સાતિશય ગંભીર વાણીથી પુરાણનો અર્થ કહેવા લાગ્યા.

એ સમયે ભગવાનના મુખથી જે વાણી નીકળી રહી હતી તે ખૂબ જ આશ્ચર્ય કરવાવાળી હતી, કારણ કે એના નીકળતા સમયે ન તો તાળવું, કંઠ, હોઠ આદિ અવયવો હાલતા હતા કે ન દાંતના કિરણો પ્રગટ થતા હતા. ભગવાનનું મુખકમળ જ વાસ્તવમાં સરસ્વતીનું ઉત્પત્તિસ્થાન હતું. તેણે ત્યાં ઉત્પન્ન થઈને જ જગતને વશમાં કર્યું. ભગવાનના મુખથી (સર્વાંગથી) જે દિવ્યધ્વનિ પ્રગટ થઈ રહી હતી તે બોલવાની ઈચ્છા વિના જ પ્રગટ થઈ રહી હતી. બરાબર જ છે કે જગતનો ઉદ્ધાર કરવાવાળા મહાપુરુષોની ચેષ્ટાઓ આશ્ચર્ય કરવાવાળી હોય છે. જેવી રીતે નહેરોના જળનો પ્રવાહ એકરૂપ હોવા છતાં પણ અનેક પ્રકારના વૃક્ષોને પ્રાપ્ત થઈને અનેકરૂપ થઈ જાય છે, તેવી જ રીતે જિનેન્દ્રદેવની વાણી એકરૂપ હોવા છતાં પણ પૃથક્-પૃથક્ શ્રોતાઓને પ્રાપ્ત કરીને અનેકરૂપ થઈ જાય છે. ભાવાર્થ—ભગવાનની દિવ્યધ્વનિ ઉદ્‌ગમસ્થાનથી એકરૂપ જ પ્રગટ થાય છે, પરંતુ તેમાં સર્વભાષારૂપ પરિણમન થવાનો અતિશય હોય છે કે જેથી બધા શ્રોતા પોતપોતાની ભાષામાં સમજી જાય છે. એ જગદ્‌ગુરુ ભગવાન સ્વયં કૃતકૃત્ય હોવા છતાં પણ ધર્મોપદેશ દ્વારા બીજાની ભલાઈ માટે ઉદ્યોગ કરતાં હતા, આનાથી નિશ્ચય થાય છે કે મહાપુરુષોની ચેષ્ટાઓ સ્વભાવથી જ પરોપકાર માટે હોય છે. એમના મુખથી પ્રગટ થયેલી દિવ્યવાણીએ વિશાળ સભાને અમૃતની ધારા સમાન સંતુષ્ટ કર્યા હતા કારણ કે અમૃતધારા સમાન જ તેમની વાણી ભવ્ય જીવોનો સંતાપ દૂર કરવાવાળી હતી, જન્મ-મરણનાં દુઃખથી છોડાવવાવાળી હતી. મહારાજ ભરતે જે કાંઈ પૂછ્યું હતું તે બધું ભગવાન વૃષભદેવ વિના કષ્ટે કહેવા લાગ્યા. જગદ્‌ગુરુ ભગવાન ઋષભદેવે સૌપ્રથમ ઉત્સર્પિણી કાળ સંબંધી ત્રેસઠ શલાકા પુરુષોનું ચરિત્ર નિરુપણ કરવાવાળા અત્યંત ગંભીર પુરાણનું નિરૂપણ કર્યું, પછી અવસર્પિણી કાળનો આશ્રય

કરીને તે સંબંધી ત્રેસઠ શલાકા પુરુષોની કથા કહેવાની ઈચ્છાથી પીઠિકા સહિત તેના પુરાણનું વર્ણન કર્યું. ભગવાન વૃષભદેવે તૃતીય કાળના અંતમાં જે પૂર્વકાલીન ઈતિહાસ કહ્યો હતો, વૃષભસેન ગણધરે તેના અર્થરૂપથી અધ્યયન કર્યું. ત્યારબાદ, ગણધરોમાં પ્રધાન વૃષભસેન ગણધરે ભગવાનની વાણીને અર્થરૂપથી હૃદયમાં ધારણ કરી જગતના હિત માટે તેની પુરાણરૂપથી રચના કરી, તે જ પુરાણ અજિતનાથ આદિ શેષ તીર્થંકરો, ગણધરો તથા મોટા મોટા ઋષિઓ દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યું.

ત્યારબાદ, ચતુર્થ કાળના અંતમાં કોઈ એક દિવસ સિદ્ધાર્થ રાજાના પુત્ર સર્વજ્ઞ મહાવીર સ્વામી વિહાર કરતાં કરતાં રાજગૃહીના વિપુલાચલ પર્વત ઉપર આવીને વિરાજમાન થયા. આ વાતના સમાચાર મળતાં રાજગૃહીના અધિપતિ વિનયવાન શ્રેણિક મહારાજે જઈને તે અંતિમ તીર્થંકર ભગવાન મહાવીરને એ પુરાણ પૂછ્યું. મહારાજ શ્રેણિક પ્રત્યે મહાવીર સ્વામીના અનુગ્રહનો વિચાર કરીને ગૌતમ ગણધરે એ સમસ્ત પુરાણનું વર્ણન કર્યું. ગૌતમસ્વામી લાંબા સમય સુધી તેનું સ્મરણ–ચિંતવન કરતાં રહ્યા. પછી તેમણે તે સુધર્માચાર્યને કહ્યું અને સુધર્માચાર્યએ જંબૂસ્વામીને કહ્યું. એ જ સમયથી લઈને આજ સુધી આ પુરાણ વચ્ચેના સમયમાં નષ્ટ ન થવાવાળી ગુરુપરંપરાના ક્રમથી ચાલ્યું આવ્યું છે. એ જ પુરાણનો હું પણ આ સમયે શક્તિ અનુસાર પ્રકાશ કરીશ. આ કથનથી એ સિદ્ધ થાય છે કે આ પુરાણના મૂળ કર્તા અંતિમ તીર્થંકર ભગવાન મહાવીર છે અને નિકટ ક્રમની અપેક્ષા ઉત્તર ગ્રંથકર્તા ગૌતમ ગણધર છે. મહારાજ શ્રેણિકના પ્રશ્નને ઉદ્દેશીને ગૌતમસ્વામીએ જે ઉત્તર આપ્યો હતો તેનું જ અનુસંધાન વિચારીને હું આ પુરાણ ગ્રંથની રચના કરું છું. આ પ્રતિમુખ નામનું પ્રકરણ કથાના સંબંધને સૂચિત કરવાવાળું છે અને કાયમી પ્રામાણિકતા સિદ્ધ કરવા માટે ઉપયોગી છે, તેથી મેં અહીં તેનું વર્ણન કર્યું છે. આ પુરાણ ઋષિઓ દ્વારા કહેવામાં આવ્યું હોઈ નિશ્ચયથી પ્રમાણભૂત છે. તેથી, આત્મકલ્યાણ ઈચ્છવાવાળાઓએ તેનું શ્રદ્ધાન, અધ્યયન અને ધ્યાન કરવું જોઈએ. આ પુરાણ પુણ્ય વધારવાવાળું છે, પવિત્ર છે, ઉત્તમ છે, મંગળરૂપ છે, આયુષ્ય વધારવાવાળું છે, શ્રેષ્ઠ છે, યશ વધારવાવાળું છે અને સ્વર્ગ પ્રદાન કરવાવાળું છે. જે મનુષ્ય આ પુરાણની પૂજા કરે છે તેમને શાંતિની પ્રાપ્તિ થાય છે, તેમના બધા જ વિઘ્ન નષ્ટ થઈ જાય છે, જેઓ આ કથાના વિષયમાં જે કાંઈ પૂછે છે તેમને સંતોષ અને પુષ્ટિની પ્રાપ્તિ થાય છે, જે આ વાંચે છે તેને આરોગ્ય તથા અનેક મંગળની પ્રાપ્તિ થાય છે અને

જે સાંભળે છે તેમના કર્મોની નિર્જરા થાય છે. આ પુરાણના અધ્યયનથી દુઃખ આપવાવાળા ખોટા સ્વપ્ન નષ્ટ થઈ જાય છે તથા સુખ આપવાવાળા સારા સ્વપ્નાઓની પ્રાપ્તિ થાય છે. આનાથી અભીષ્ટ ફળની પ્રાપ્તિ થાય છે તથા વિચાર કરવાવાળાઓને શુભ–અશુભ આદિ નિમિત્તોની ઉપલબ્ધિ પણ થાય છે.

પૂર્વકાળમાં વૃષભસેન આદિ ગણધર જે માર્ગથી ચાલ્યા હતા, આ સમયે હું પણ એ જ માર્ગ પર ચાલવા ઇચ્છું છું અર્થાત્ તેમણે જે પુરાણનું નિરૂપણ કર્યું હતું તેનું જ નિરુપણ હું પણ કરવા ઇચ્છું છું. એનાથી હું હાસ્યને પાત્ર જ થઈશ, એના સિવાય બીજું શું થાય! એ કોઈ આશ્ચર્યની વાત નથી કારણ કે જે આકાશમાં ગરુડ આદિ મોટા-મોટા પક્ષીઓ ઊડે છે તેમાં શું નાના પક્ષી નથી ઊડતા? અર્થાત્ અવશ્ય ઊડે છે. પુરાણરૂપી માર્ગને વૃષભસેન આદિ ગણધરોએ જેવી રીતે પ્રકાશિત કર્યો છે, તેવી જ રીતે હું પણ મારી શક્તિ અનુસાર પ્રકાશિત કરું છું, કારણ કે લોકમાં જે આકાશ સૂર્યના કિરણોના સમૂહથી પ્રકાશિત થાય છે, તે જ આકાશને શું તારાગણ પ્રકાશિત નથી કરતાં? અર્થાત્ અવશ્ય કરે છે. ભાવાર્થ—હું આ પુરાણને કહું છું અવશ્ય, પરંતુ તેનું જેવું વિશદ નિરુપણ વૃષભસેન આદિ ગણધરોએ કર્યું હતું એવું હું નથી કરી શકતો; જેવી રીતે તારાગણ આકાશને પ્રકાશિત કરે છે અવશ્ય, પરંતુ સૂર્ય સમાન પ્રકાશિત નથી કરી શકતા.

બોધિ–સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ કરાવીને સાતિશય શોભિત ભવ્ય જીવોના હૃદયરૂપી કમળના સંકોચને દૂર કરવાવાળું, વચનરૂપી કિરણોના વિસ્તારથી મિથ્યામતરૂપી અંધકારને નષ્ટ કરવાવાળું, સદાચારનું નિરુપણ કરવાવાળું અથવા ઉત્તમ છંદોથી સહિત શુદ્ધ માર્ગ–રત્નત્રયરૂપ મોક્ષમાર્ગને પ્રકાશિત કરવાવાળું અને પ્રકાશમાન શબ્દ તથા અર્થરૂપ સંપત્તિથી સૂર્યબિંબની સાથે સ્પર્ધા કરવાવાળું આ જિનેન્દ્રદેવસંબંધી પવિત્ર–પુણ્યવર્ધક પુરાણ જગતમાં સદાય જયશીલ રહો!

આ રીતે, આર્ષ નામથી પ્રસિદ્ધ ભગવજ્જિનસેનાચાર્ય-વિરચિત ત્રિષષ્ઠિલક્ષણ મહાપુરાણ સંગ્રહમાં ‘કથાના મુખ્ય વર્ણન’ નામનો પ્રથમ અધ્યાય સમાપ્ત થયો.

# અધ્યાય બીજો

હવે હું દેવાધિદેવ સ્વયંભૂ ભગવાન વૃષભદેવને નમસ્કાર કરી તેમના આ મહાપુરાણ સંબંધી ઉપોદ્‌ઘાતનું વિસ્તારથી કથન કરું છું.

ત્યારબાદ, ધર્મનું સ્વરૂપ જાણવામાં જેમની બુદ્ધિ લાગી રહી છે એવા બુદ્ધિમાન શ્રેણિક મહારાજે ગણનાયક ગૌતમસ્વામીને પૂછ્યું કે હે ભગવાન! શ્રી વર્ધમાનસ્વામીના મુખથી આ સંપૂર્ણ પુરાણ અર્થરૂપથી મેં સાંભળ્યું છે. હવે આપના અનુગ્રહથી તે ગ્રંથના રૂપમાં સાંભળવા ઈચ્છું છું. હે સ્વામી! આપ અમારા અકારણ બંધુ છો, અમારાથી વિના કારણે જ પ્રેમ રાખવાવાળા છો તથા જન્મ-મરણ આદિ દુઃખદાયી રોગોથી પીડિત સંસારી પ્રાણીઓ માટે અકારણ—સ્વાર્થરહિત વૈદ્ય છો. હે દેવ! આકાશગંગાના જળ સમાન સ્વચ્છ આપના ચરણના નખના કિરણો જે મારા મસ્તક પર પડી રહ્યા છે, તે એવા જણાય છે કે જાણે બધી જ તરફથી મારો અભિષેક કરી રહ્યા હોય! હે સ્વામી! ઉગ્ર તપસ્યાની લબ્ધિથી બધી બાજુ ફેલાવાવાળી આપના શરીરની આભા અસમયમાં જ પ્રાતઃ સમયના સૂર્યની સઘન શોભા ધારી રહી છે. હે ભગવાન! જેવી રીતે સૂર્ય રાત્રે વિકસિત થયેલા કમળોને શીઘ્ર જ પ્રબોધિત—વિકસિત કરે છે, તેવી જ રીતે આપે અજ્ઞાનરૂપી નિદ્રામાં નિમીલિત—સૂતેલા આ સમસ્ત જગતને પ્રબોધિત—જાગૃત કરી દીધું છે. હે દેવ! હૃદયના જે અજ્ઞાનરૂપી અંધકારને ચંદ્રમા પોતાના કિરણોથી સ્પર્શી શકતો નથી તથા સૂર્ય પણ પોતાના કિરણોથી જેનો સ્પર્શ નથી કરી શકતો તેને આપ આપના વચનરૂપી કિરણોથી અનાયાસ જ નષ્ટ કરી દ્યો છો. હે યોગી! ઉત્તરોત્તર વધતી આપની આ બુદ્ધિ આદિ સાત ઋદ્ધિઓ એવી જણાય છે કે જાણે કર્મરૂપી ઈંધનના બળવાથી ઉદ્દીપ્ત થયેલી અગ્નિની સાત શિખાઓ જ હોય! હે ભગવાન! આપના આશ્રયથી જ આ સમવસરણ પુણ્યનું આશ્રયસ્થાન તથા પવિત્ર થઈ રહ્યું છે અથવા એવું લાગે છે કે જાણે તપરૂપી લક્ષ્મીનું ઉપદ્રવરહિત રક્ષાવન જ હોય! હે નાથ! આ સમવસરણમાં જે પશુઓ બેઠેલા છે તે ધન્ય છે, તેમનું શરીર મીઠા

ઘાસને ખાવાથી અત્યંત પુષ્ટ થઈ રહ્યું છે, તે દુષ્ટ પશુઓ દ્વારા થવાવાળી પીડાને ક્યારેય જાણતા જ નથી. પાદ્પ્રક્ષાલન કરવાથી આમતેમ ફેલાયેલા કમંડળના જળથી પવિત્ર થયેલા આ હરણના બચ્ચા એવી રીતે વધી રહ્યા છે કે જાણે અમૃત પીને જ વધી રહ્યા હોય! આ બાજુ આ હાથણીઓ સિંહના બચ્ચાને દૂધ પીવડાવી રહી છે અને આ હાથીના બચ્ચા સ્વેચ્છાથી સિંહણના સ્તનને ચૂસે છે—દૂધ પીવે છે.

અહો! ઘણા આશ્ચર્યની વાત છે કે જે હરણોને બોલતા પણ નથી આવડતું તેઓ પણ મુનિઓ સમાન ભગવાનના ચરણોનો આશ્રય લઈ રહ્યા છે! જેની છાલોને કોઈ છોલી નથી શકતું તથા જે પુષ્પ અને ફળોથી શોભાયમાન છે એવા બધી તરફ લાગેલા આ વનના વૃક્ષ એવા લાગે છે કે જાણે ધર્મરૂપી બગીચાના જ વૃક્ષ હોય! આ ફૂલેલી અને ભમરાઓથી ઘેરાયેલી વનલત્તાઓ કેટલી સુંદર છે ! એ બધી ન્યાયવાન રાજાની પ્રજા સમાન દુઃખ (હાથથી ફળ-ફૂલ તોડવાથી થતા દુઃખ)ને તો જાણતી જ નથી. આપનું આ મનોહર તપોવન કે જે વિપુલાચલ પર્વતની ચારે તરફ વિદ્યમાન છે, પ્રગટ થયેલા દયાવન સમાન મારા મનને આનંદિત કરે છે. હે ભગવાન! ઉગ્ર તપશ્ચરણ કરવાવાળા આ દિગંબર તપસ્વીજન કેવળ આપના ચરણોના પ્રસાદથી જ મોક્ષમાર્ગની ઉપાસના કરી રહ્યા છે. હે ભગવાન! આપનું માહાત્મ્ય અત્યંત પ્રગટ છે. આપ જગતનો ઉપકાર કરવામાં સાતિશય કુશળ છો, તેથી આપ ભવ્યસમુદાયના સાર્થવાહ—નાયક ગણાવ છો. હે મહાયોગિન્! સંસારમાં કોઈ પણ પદાર્થ એવો નથી કે જે આપના જ્ઞાનનો વિષય ન હોય. આપના મનોહર જ્ઞાનકિરણો ત્રણે લોકમાં ફેલાઈ રહ્યા છે. તેથી, હે દેવ! આપ જ આ પુરાણ કહો. હે ભગવાન! આ સિવાય એક વાત હજી કહેવી છે કે જે ચિત્તને સ્થિર કરીને સાંભળી લો કે જેથી મારો ઉપકાર કરવામાં આપનું ચિત્ત વધારે દૃઢ થઈ જાય. એ વાત એમ છે કે મેં પહેલાં અજ્ઞાનવશ ઘણાં દુરાચરણ કર્યા છે. હવે એ પાપોની શાંતિ માટે જ આ પ્રાયશ્ચિત્ત કરી રહ્યો છું. હે નાથ! મેં અજ્ઞાનીએ પહેલાં હિંસા, જૂઠ, ચોરી, પરસ્રીસેવન અને અનેક પ્રકારના આરંભ અને પરિગ્રહ આદિ દ્વારા અત્યંત ઘોર પાપોનો સંચય કર્યો છે. બીજું તો શું પણ મેં મિથ્યાદષ્ટિએ મુનિરાજનો વધ કરવામાં પણ ખૂબ આનંદ માન્યો હતો કે જેથી મને નરકમાં લઈ જવાવાળા નરકાયુનો એવો બંધ થયો કે જે ક્યારે પણ ન છૂટી શકે. તેથી, હે પ્રભો! એ પવિત્ર પુરાણને પ્રારંભથી કહેવા માટે મારા ઉપર પ્રસન્ન થાઓ, કારણ કે એ પુણ્યવર્ધક પુરાણ સાંભળવાથી મારા પાપોનું

અવશ્ય જ નિરાકરણ થઈ જશે. આ રીતે, દાંતોની કાંતિરૂપ પુષ્પો દ્વારા પૂજા અને સ્તુતિ કરતાં મગધસમ્રાટ વિનય સાથે ઉપર કહેલા વચનો કહીને ચુપ થઈ ગયા.

ત્યારબાદ, શ્રેણિકના પ્રશ્નથી પ્રસન્ન થયેલા અને તીવ્ર તપશ્ચરણરૂપી લક્ષ્મીથી શોભાયમાન મુનિજન નીચે લખ્યા અનુસાર એ ધર્માત્મા શ્રેણિક મહારાજની પ્રશંસા કરવા લાગ્યા.

હે મગધેશ્વર! તું ધન્ય છે. તું પ્રશ્ન કરવાવાળાઓમાં અત્યંત શ્રેષ્ઠ છો, તેથી અધિક ધન્ય છે. આજે મહાપુરાણ સંબંધી પ્રશ્ન પૂછીને અમારા ચિત્તને ખૂબ જ હર્ષિત કર્યું છે. હે શ્રેણિક! શ્રેષ્ઠ અક્ષરોથી સહિત જે પુરાણને અમે લોકો પૂછવા ઈચ્છતા હતા તે જ તેં પૂછ્યું છે. જુઓ, આ કેવો સારો સંબંધ મળ્યો છે. જાણવાની ઈચ્છા પ્રગટ કરવી પ્રશ્ન કહેવાય છે. તારા પ્રશ્નમાં ધર્મનું સ્વરૂપ જાણવાની ઈચ્છા છે. તેથી, હે શ્રેણિક! ધર્મનું સ્વરૂપ જાણવાની ઈચ્છા કરતાં આખા સંસારને જાણવા ઈચ્છ્યું છે અર્થાત્ ધર્મનું સ્વરૂપ જાણવાની ઈચ્છાથી તેં અખિલ વિશ્વના સ્વરૂપને જાણવાની ઈચ્છા પ્રગટ કરી છે. હે શ્રેણિક! જુઓ, આ ધર્મ એક વૃક્ષ છે, અર્થ એનું ફળ છે અને કામ એ ફળોનો રસ છે. ધર્મ, અર્થ અને કામ—આ ત્રણને ત્રિવર્ગ કહે છે. આ ધર્મની પ્રાપ્તિનું મૂળ કારણ ધર્મનું શ્રવણ કરવું છે. હે આયુષ્મન! તું આ નિશ્ચય કર કે ધર્મથી જ અર્થ, કામ અને સ્વર્ગની પ્રાપ્તિ થાય છે. વાસ્તવમાં આ ધર્મ જ અર્થ અને કામની ઉત્પત્તિનું સ્થાન છે. જે ધર્મની ઈચ્છા કરે છે તે સમસ્ત ઈષ્ટ પદાર્થોની ઈચ્છા કરે છે. ધર્મની ઈચ્છા રાખવાવાળો મનુષ્ય જ ધની અને સુખી કહેવાય છે કારણ કે ધન, ઋદ્ધિ, સુખ, સંપત્તિ આદિ બધાનું મૂળ કારણ એક ધર્મ જ છે. ઈચ્છિત વસ્તુઓ આપવા માટે ધર્મ જ કામધેનુ છે, ધર્મ જ મહાન ચિંતામણિ છે, ધર્મ જ સ્થિર રહેવાવાળું કલ્પવૃક્ષ છે અને ધર્મ જ અવિનાશી નિધિ છે. હે શ્રેણિક! જુઓ, ધર્મનું કેવુ માહાત્મ્ય છે કે જે પુરુષ ધર્મમાં સ્થિર રહે છે–નિર્મળ ભાવોથી ધર્મનું આચરણ કરે છે, તે ધર્મ તેને અનેક સંકટોથી બચાવે છે તથા દેવતાઓ પણ તેની ઉપર આક્રમણ નથી કરી શકતા–દૂર-દૂર જ રહે છે. હે બુદ્ધિમાન! વિચાર, રાજનીતિ, લોકપ્રસિદ્ધિ, આત્માનુભવ અને ઉત્તમ જ્ઞાન આદિની પ્રાપ્તિથી પણ ધર્મનું અચિંત્ય માહાત્મ્ય માનવામાં આવે છે. ભાવાર્થ—દ્રવ્યોની અનંત શક્તિનો વિચાર, રાજસન્માન, લોકપ્રસિદ્ધિ, આત્માનુભવ અને અવધિ–મનઃપર્યય આદિ જ્ઞાન—આ બધાની પ્રાપ્તિ ધર્મથી જ થાય છે. તેથી, આ બધું જોઈને ધર્મનું અલૌકિક

માહાત્મ્ય રાખવું જોઈએ. આ ધર્મ નરક, નિગોદ આદિના દુઃખોથી આ જીવની રક્ષા કરે છે અને અવિનાશી સુખથી યુક્ત મોક્ષ સ્થાનમાં તેને પહોંચાડે છે. તેથી તેને ધર્મ કહે છે. જે પુરાણનો અર્થ છે તે જ ધર્મ છે. મુનિજન પુરાણને પાંચ પ્રકારનું માને છે—ક્ષેત્ર, કાળ, તીર્થ, સત્પુરુષ અને તેમની ચેષ્ટાઓ. ઉર્ધ્વ, મધ્ય અને પાતાળરૂપ ત્રણલોકની જે રચના છે તેને ક્ષેત્ર કહે છે. ભૂત, ભવિષ્ય અને વર્તમાનરૂપ ત્રણકાળનો જે વિસ્તાર છે તેને કાળ કહે છે. મોક્ષપ્રાપ્તિના ઉપાયભૂત સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રને તીર્થ કહે છે. આ તીર્થનું સેવન કરનારા શલાકાપુરુષ સત્પુરુષ કહેવાય છે અને પાપોને નષ્ટ કરવાવાળા એ સત્પુરુષોના ન્યાયોપેત આચરણને તેમની ચેષ્ટાઓ કહે છે. હે શ્રેણિક! તેં પુરાણના આ સંપૂર્ણ અર્થને પોતાના પ્રશ્નમાં સમાવિષ્ટ કરી લીધું છે. અહો શ્રેણિક! તારો આ પ્રશ્ન સરળ હોવા છતાં પણ ગંભીર છે, બધા તત્ત્વોથી ભરેલો છે તથા ક્ષેત્ર, ક્ષેત્રને જાણવાવાળો આત્મા, સન્માર્ગ, કાળ અને સત્પુરુષોના ચરિત્ર આદિને આધારભૂત છે. હે બુદ્ધિમાન શ્રેણિક! યુગના આદિમાં ભરત ચક્રવર્તીએ ભગવાન આદિનાથને આ જ પ્રશ્ન પૂછ્યો હતો અને આ જ પ્રશ્ન સગર ચક્રવર્તીએ ભગવાન અજિતનાથને પૂછ્યો હતો. આજે તેં પણ અત્યંત બુદ્ધિમાન ગૌતમ ગણધરથી એ જ પ્રશ્ન પૂછ્યો છે. આ રીતે, વક્તા અને શ્રોતાઓની જે પ્રમાણભૂત—સાચી પરંપરા ચાલી આવતી હતી તેને તેં સુશોભિત કરી દીધી. હે શ્રેણિક! તું પ્રશ્ન કરવાવાળો, ભગવાન ગૌતમસ્વામી ઉત્તર આપવાવાળા અને અમે બધા તારી સાથે સાંભળવાવાળા છીએ. હે રાજન્! આવી સામગ્રી ન તો પહેલાં ક્યારે પણ મળી છે અને ન ક્યારે પણ મળશે. તેથી, પૂર્ણ શ્રુતજ્ઞાનને ધારણ કરવાવાળા આ ગૌતમસ્વામી આ પુણ્યકથાનું કહેવાનું શરૂ કરે અને અમે બધા તારી સાથે સાંભળીએ. આ રીતે, એ બધા ઋષિગણ મહારાજ શ્રેણિકને ધર્મમાં ઉત્સાહિત કરીને એકાગ્રચિત્ત થઈને ઉચ્ચ સ્વરથી ગણધરસ્વામીનું નીચે લખેલું સ્તોત્ર બોલવા લાગ્યા—

હે સ્વામી! જોકે પ્રત્યક્ષ જ્ઞાનના ધારી મોટા-મોટા મુનિ પણ પોતાના જ્ઞાન દ્વારા આપના અભ્યુદયને નથી જાણી શક્યા, તોપણ અમે લોકો પ્રત્યક્ષ સ્તોત્રો દ્વારા આપની સ્તુતિ કરવા માટે તત્પર થયા છીએ, તે એક આશ્ચર્યની વાત છે. હે ઋષિ! આપ ચૌદ પૂર્વ—મહા મહાવિદ્યારૂપી સાગરના પારગામી છો, તેથી અમે માત્ર ભક્તિથી પ્રેરિત થઈને જ આપની સ્તુતિ કરવા ઇચ્છીએ છીએ. હે ભગવાન! આપ ભવ્યજીવોને મોક્ષસ્થાનની

પ્રાપ્તિ કરાવવાવાળા છો. આપની ચંદ્ર સમાન ઉજ્જ્વળ કીર્તિ ફરકતી ધ્વજા સમાન શોભાયમાન થઈ રહી છે. હે દેવ! ચારે તરફ ફેલાયેલા સમુદ્રને જેણે પોતાની ક્યારી બનાવી છે એવી વધતી આપની કીર્તિરૂપી વેલ આ સમયે ત્રસનાડીરૂપી વૃક્ષના અગ્રભાગ ઉપર આક્રમણ કરી રહી છે—એના ઉપર આરૂઢ થવા ઈચ્છે છે. હે નાથ! મોટા-મોટા મુનિ પણ એમ માને છે કે આપ યોગીઓમાં મહાયોગી છો, પ્રસિદ્ધ છો, અસંખ્યાત ગુણોના ધારક છો તથા સંઘના અધિપતિ ગણધર છો. ઉત્કૃષ્ટ વાણીને ગૌતમ કહે છે અને તે ઉત્કૃષ્ટ વાણી સર્વજ્ઞ તીર્થંકરની દિવ્યધ્વનિ જ હોઈ શકે છે, તેને આપ જાણો છો અથવા તેનું અધ્યયન કરો છો, તેથી આપ ગૌતમ મનાવ છો અર્થાત્ આપનું નામ સાર્થક છે અથવા એમ સમજો કે ભગવાન વર્ધમાનસ્વામી, ગૌતમ અર્થાત્ ઉત્તમ સોળમા સ્વર્ગમાંથી અવતર્યા છે, તેથી વર્ધમાનસ્વામીને ગૌતમ કહે છે. એ ગૌતમ અર્થાત્ વર્ધમાનસ્વામી દ્વારા કહેવામાં આવેલી દિવ્યધ્વનિને આપ જાણો છો, તેથી લોકો આપને ગૌતમ કહે છે. આપે ઈન્દ્ર દ્વારા કરવામાં આવેલી અર્ચારૂપી વિભૂતિને પ્રાપ્ત કરી છે, તેથી આપ ઈન્દ્રભૂતિ કહેવાવ છો તથા આપને સમ્યગ્જ્ઞાનરૂપી કંઠાભરણ પ્રાપ્ત થયો છે, તેથી આપ સર્વજ્ઞદેવ શ્રી વર્ધમાનસ્વામીના સાક્ષાત્ પુત્ર સમાન છો. હે દેવ! આપે આપના ચાર નિર્મળ જ્ઞાન દ્વારા સમસ્ત સંસારને જાણી લીધો છે તથા આપ બુદ્ધિના પારને પ્રાપ્ત થયા છો, તેથી વિદ્વાન લોકો આપને બુદ્ધ કહે છે. હે દેવ! આપને જોયા વિના અજ્ઞાન અંધકારથી પાર રહેવાવાળી કેવળજ્ઞાનરૂપી ઉત્કૃષ્ટ જ્યોતિની પ્રાપ્તિ થવી અત્યંત મુશ્કેલ છે. આપ, એ જ્યોતિનો પ્રકાશ થવાથી, જ્યોતિસ્વરૂપ અનોખા દીપક છો. હે સ્વામી! શ્રુત-દેવતા દ્વારા સ્ત્રીરૂપને ધારણ કરવાવાળી આપની સમ્યગ્જ્ઞાનરૂપી દીપિકા જગતરૂપી ઘરને પ્રકાશિત કરતી થકી અત્યંત શોભાયમાન થઈ રહી છે. આપના દિવ્ય વચનોનો સમૂહ લોકોના મિથ્યાત્વરૂપી અંધકારને નષ્ટ કરતો થકો સૂર્યના કિરણોના સમૂહ સમાન સમીચીન માર્ગનો પ્રકાશ કરે છે. હે દેવ! આપની આ પ્રજ્ઞા લોકમાં સૌથી ઉત્તમ છે, સમસ્ત વિદ્યાઓમાં પારંગત છે અને દ્વાદશાંગરૂપી સમુદ્રમાં જહાજ સમાન છે અર્થાત્ જહાજનું કામ કરે છે. હે દેવ! આપે અત્યંત ઊંચા વર્ધમાનસ્વામીરૂપ હિમાલયથી તે શ્રુતજ્ઞાનરૂપી ગંગા નદીનું અવતરણ કરાવ્યું છે કે જે સ્વયં પવિત્ર છે અને સમસ્ત પાપરૂપી રજને ધોવાવાળી છે. હે દેવ! કેવળી ભગવાનમાં માત્ર એક કેવળજ્ઞાન જ હોય છે અને આપને પ્રત્યક્ષ અને પરોક્ષના ભેદથી બે પ્રકારનું જ્ઞાન વિદ્યમાન છે. તેથી, આપ શ્રુતકેવળી કહેવાવ છો.

હે દેવ! અમે લોકો મોહ અથવા અજ્ઞાનાંધકારથી રહિત મોક્ષરૂપી પરમ ધામમાં પ્રવેશ કરવા ઇચ્છીએ છીએ. તેથી આપની ઉપાસના કરીને આપથી તેના દ્વાર ખોલવાનું કારણ પ્રાપ્ત કરવા ઇચ્છીએ છીએ. હે દેવ! આપ સર્વજ્ઞ દેવ દ્વારા કહેવામાં આવેલી સમસ્ત વિદ્યાઓને જાણો છો, તેથી આપ બ્રહ્મશ્રુત કહેવાવ છો તથા પરંબ્રહ્મરૂપ સિદ્ધપદની પ્રાપ્તિ થવી આપને આધીન છે—એમ બ્રહ્મનું સ્વરૂપ જાણવાવાળા યોગીશ્વરો પણ કહે છે. હે દેવ! જે દિગંબર મુનિ મોક્ષ પ્રાપ્ત કરવાના અભિલાષી છે તેઓ આપને મસ્તક ઝુકાવીને નમસ્કાર કરતાં થકા તેના ઉપાયભૂત સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની ઉપાસના કરે છે. હે દેવ! આપ મહાયોગી છો, ધ્યાની છો, તેથી આપને નમસ્કાર છે. આપ મહાબુદ્ધિવાન છો, તેથી આપને નમસ્કાર છે. આપ મહાત્મા છો, તેથી આપને નમસ્કાર છે તથા મોટી-મોટી ઋદ્ધિઓના ધારક છો, તેથી આપને નમસ્કાર છે. હે દેવ! આપ દેશાવધિ, પરમાવધિ અને સર્વાવધિરૂપ અવધિજ્ઞાનને ધારણ કરવાવાળા છો, તેથી આપને નમસ્કાર છે. હે દેવ! આપ કોષ્ઠબુદ્ધિ નામની ઋદ્ધિને ધારણ કરવાવાળા છો અર્થાત્ જેવી રીતે કોઠામાં અનેક પ્રકારના ધાન્ય ભરેલા રહે છે, તેવી જ રીતે આપના હૃદયમાં પણ અનેક પદાર્થોનું જ્ઞાન ભરેલું છે, તેથી આપને નમસ્કાર છે. આપ બીજબુદ્ધિ નામની ઋદ્ધિથી સહિત છો અર્થાત્ જેવી રીતે ઉત્તમ જમીનમાં વાવેલું એક પણ બીજ અનેક ફળ ઉત્પન્ન કરી દે છે, તેવી જ રીતે આપ પણ આગમના બીજરૂપ એક-બે પદોને ગ્રહણ કરીને અનેક પ્રકારના જ્ઞાનને પ્રગટ કરી દ્યો છો, તેથી આપને નમસ્કાર છે. આપ પદાનુસારી ઋદ્ધિને ધારણ કરવાવાળા છો અર્થાત્ આગમના આદિ-મધ્ય-અંતને અથવા ક્યાંયથી પણ એક પદને સાંભળીને પણ સમસ્ત આગમને જાણી લ્યો છો, તેથી આપને નમસ્કાર છે. આપ સંભિન્નશ્રોતૃ ઋદ્ધિને ધારણ કરવાવાળા છો અર્થાત્ આપ નવ યોજન પહોળા અને બાર યોજન લાંબા ક્ષેત્રમાં ફેલાયેલા ચક્રવર્તીના કટક સંબંધી સમસ્ત મનુષ્ય અને તિર્યંચોના અક્ષરાત્મક અને અનક્ષરાત્મક મળેલા શબ્દોને એક સાથે ગ્રહણ કરી શકો છો, તેથી આપને વારંવાર નમસ્કાર છે. આપ ઋજુમતિ અને વિપુલમતિ નામના બંને પ્રકારના મનઃપર્યયજ્ઞાનથી સહિત છો, તેથી આપને નમસ્કાર છે. આપ પ્રત્યેકબુદ્ધ છો, તેથી આપને નમસ્કાર છે તથા આપ સ્વયંબુદ્ધ છો તેથી આપને નમસ્કાર છે.

હે સ્વામી! દશ પૂર્વોનું પૂર્ણ જ્ઞાન હોવાથી આપ જગતમાં પૂજ્યતાને પ્રાપ્ત થયા છો, તેથી આપને નમસ્કાર

છે. એ સિવાય આપ સમસ્ત પૂર્વ વિદ્યાઓના પારગામી છો, તેથી આપને નમસ્કાર છે. હે નાથ! આપ પક્ષોપવાસ, માસોપવાસ આદિ કઠીન તપસ્યાઓ કરો છો, આતાપન આદિ યોગ લગાવીને દીર્ઘકાળ સુધી કઠીન-કઠીન તપ તપો છો, અનેક ગુણોથી સહિત અખંડ બ્રહ્મચર્યનું પાલન કરો છો અને અત્યંત તેજસ્વી છો, તેથી આપને નમસ્કાર છે. હે દેવ! આપ અણિમા, મહિમા, ગરિમા, લઘિમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય, ઈશિત્વ અને વશિત્વ—આ આઠ વિક્રિયાઋદ્ધિની સિદ્ધિને પ્રાપ્ત થયા છો અર્થાત્ (૧) આપ આપના શરીરને પરમાણુ સમાન સૂક્ષ્મ કરી શકો છો, (૨) મેરુથી પણ સ્થૂળ બનાવી શકો છો, (૩) અત્યંત ભારે–વજનદાર કરી શકો છો, (૪) હલકુ બનાવી શકો છો, (૫) જમીન પર બેઠા-બેઠા જ મેરુ પર્વતની ટોચને અડી શકો છો અથવા દેવોના આસન કંપાયમાન કરી શકો છો, (૬) અઢી દ્વીપમાં જ્યાં ઈચ્છો ત્યાં જઈ શકો છો અથવા જળમાં સ્થળની જેમ અને સ્થળમાં જળની જેમ ચાલી શકો છો, (૭) ચક્રવર્તી સમાન વિભૂતિને પ્રાપ્ત કરી શકો છો અને (૮) વિરોધી જીવોને પણ વશમાં કરી શકો છો, તેથી આપને નમસ્કાર છે. આ સિવાય, હે દેવ! આપ આમર્ષ, ક્ષ્વેલ, નાગ્વિપ્રુટ, જલ્લ અને સર્વૌષધિ આદિ ઋદ્ધિઓથી સુશોભિત છો અર્થાત્ (૧) આપના વમનની વાયુ બધા જ રોગ નષ્ટ કરી દે છે, (૨) આપના મુખથી નીકળેલા કફને સ્પર્શીને વહેવાવાળો વાયુ બધા જ રોગ નષ્ટ કરી શકે છે, (૩) આપના મુખથી નીકળેલો વાયુ બધા જ રોગ નષ્ટ કરી દે છે, (૪) આપના મળને સ્પર્શીને વહેતો વાયુ બધા રોગોને દૂર કરી શકે છે અને (૫) આપના શરીરને સ્પર્શ કરીને વહેતો વાયુ બધા જ રોગોને નષ્ટ કરી શકે છે, તેથી આપને નમસ્કાર છે. હે દેવ! આપ અમૃતસ્રાવિણી, મધુસ્રાવિણી, ક્ષીરસ્રાવિણી અને ઘૃતસ્રાવિણી આદિ રસઋદ્ધિઓને ધારણ કરવાવાળા છો અર્થાત્ (૧) ભોજનમાં મળેલું વિષ પણ આપના પ્રભાવથી અમૃતરૂપ થઈ શકે છે, (૨) ભોજન મીઠું ન હોવા છતાં પણ આપના પ્રભાવથી મીઠું થઈ શકે છે, (૩) આપના નિમિત્તથી ભોજનગૃહ અથવા ભોજનમાં દૂધ ઝરવા લાગી શકે છે અને (૪) આપના પ્રભાવથી ભોજનગૃહની ઘીની કમી દૂર થઈ શકે છે, તેથી આપને નમસ્કાર છે. આ સિવાય, આપ મનોબળ, વચનબળ અને કાયબળ ઋદ્ધિથી સંપન્ન છો અર્થાત્ આપ સમસ્ત દ્વાદશાંગનું અંતર્મુહૂર્તમાં અર્થરૂપમાં ચિંતવન કરી શકો છો, સમસ્ત દ્વાદશાંગનું અંતર્મુહૂર્તમાં શબ્દો દ્વારા ઉચ્ચારણ કરી શકો છો અને શરીર સંબંધી અતુલ બળથી સહિત છો, તેથી આપને નમસ્કાર છે. હે દેવ! આપ જલચારણ, જંઘાચારણ,

શ્રેણીચારણ, તંતુચારણ, પુષ્પચારણ અને મંગળચારણ આદિ ચારણઋદ્ધિઓથી યુક્ત છો અર્થાત્ (૧) આપ જળમાં પણ સ્થળ સમાન ચાલી શકો છો તથા આવું કરતાં જળકાયિક જીવો અને જળચર જીવોને આપના દ્વારા કોઈ પણ પ્રકારની બાધા નહીં થાય, (૨) આપ ડગ ભર્યા વિના જ આકાશમાં ચાલી શકો છો, (૩) આપ વૃક્ષોપર લાગેલા ફળો ઉપર ચાલી શકો છો અને આમ કરતાં પણ તે ફળ વૃક્ષથી તૂટીને નીચે નહીં પડે, (૪) આપ આકાશમાં શ્રેણીબદ્ધ ગમન કરી શકો છો અને વચ્ચે આવતા પર્વત આદિ પણ આપને રોકી શકતા નથી, (૫) આપ સુતરના કે કરોળિયાની જાળના તંતુઓ ઉપર ગમન કરી શકો છો અને એ આપના ભારથી તૂટશે નહીં, (૬) આપ પુષ્પો ઉપર પણ ગમન કરી શકો છો, પરંતુ એ તૂટશે પણ નહીં અને એમાં રહેવાવાળા જીવોને કોઈ પણ પ્રકારનું કષ્ટ નહીં થાય અને (૭) એ સિવાય આપ આકાશમાં પણ સર્વત્ર ગમનાગમન કરી શકો છો, તેથી આપને નમસ્કાર છે. હે સ્વામી! આપ અક્ષીણ ઋદ્ધિના ધારક છો અર્થાત્ આપ જે ભોજનશાળામાં ભોજન કરી આવો એનું ભોજન ચક્રવર્તીના લશ્કરને જમાડવા છતાં પણ ક્ષીણ ન થાય અને આપ નાની જગ્યામાં બેસીને પણ ધર્મોપદેશ આપશો તો એ સ્થાનપર સમસ્ત મનુષ્ય અને દેવ આદિના બેસવા છતાં પણ સંકીર્ણતા નહીં થાય, તેથી આપને નમસ્કાર છે.

હે નાથ! સંસારમાં આપ જ પરમ હિતકારી બંધુ છો, આપ જ પરમગુરુ છો અને આપની સેવા કરવાવાળા પુરુષોને જ્ઞાનરૂપી સંપત્તિની પ્રાપ્તિ થાય છે. હે ભગવાન! આ સંસારમાં આપે જ સમસ્ત ધર્મશાસ્ત્રોનું વર્ણન કર્યું છે, તેથી આ મોટા-મોટા યોગીઓ આપને જ નમસ્કાર કરે છે. હે દેવ! મોક્ષરૂપી પરમ કલ્યાણની પ્રાપ્તિ આપથી જ થાય છે એમ માનીને અમે લોકો આપનામાં શ્રદ્ધા રાખતા આપના ચરણરૂપ વૃક્ષોની છાયાનો આશ્રય લઈએ છીએ. હે દેવ! આપની સ્તુતિ કરવાથી અમારી વચનગુપ્તિની હાનિ થાય છે, આપનું સ્મરણ કરવાથી મનોગુપ્તિમાં બાધા પહોંચે છે તથા આપને નમસ્કાર કરવામાં કાયગુપ્તિની હાની થાય છે તો ભલે થાય, અમને તેની ચિંતા નથી; અમે સદાય આપની સ્તુતિ કરશું, આપનું સ્મરણ કરશું અને આપને નમસ્કાર કરશું. હે સ્વામી! જગતમાં શ્રેષ્ઠ અને સ્તુતિ કરવાયોગ્ય આપની અમે લોકોએ જે ઉપર લખ્યા અનુસાર સ્તુતિ કરી છે તેના ફળસ્વરૂપે અમને ત્રેસઠ શલાકા પુરુષોનું પુરાણ સંભળાવો એ જ અમે બધા પ્રાર્થના કરીએ છીએ. હે દેવ! પુરાણના સાંભળવાથી અમને

જે સુયોગ્ય ધર્મની પ્રાપ્તિ થશે તેનાથી અમે કવિતારૂપી પુરાણની જ આશા કરીએ છીએ. હે નાથ આપના ચરણોની આરાધના કરવાથી અમને જે કાંઈ પુણ્યનો સંચય થયો છે તેનાથી અમને પણ આપની આ ઉત્કૃષ્ટ મહાસંપત્તિની પ્રાપ્તિ થાય. હે દેવ! આપના પ્રસાદથી અમારી આ પ્રાર્થના સફળ હો! આજે રાજર્ષિ શ્રેણિકની સાથે-સાથે અમ શ્રોતાઓ ઉપર કૃપા કરો.

આ પ્રકારે, મુનિઓએ જ્યારે ઉચ્ચ સ્વરથી સ્તોત્રો દ્વારા ગૌતમ ગણધરસ્વામીની જે સ્તુતિ કરી હતી તેનાથી એ સમયે મુનિસમાજમાં પુણ્યવર્ધક ખૂબ જ કોલાહલ થવા લાગ્યો. આ પ્રકારે સમુદાયરૂપથી મોટા-મોટા મુનિઓએ જ્યારે ગણધરદેવની સ્તુતિ કરી ત્યારે તેઓ પ્રસન્ન થયા. બરાબર જ છે કે યોગીજન ભક્તિ દ્વારા વશીભૂત થાય જ છે. આ પ્રકારે મુનિઓએ જ્યારે ખૂબ જ શાંતિ અને ગંભીરતા સાથે સ્તુતિ કરીને ગણધર મહારાજને પ્રાર્થના કરી, ત્યારે તેમણે તેમના અનુગ્રહમાં પોતાનું ચિત્ત લગાવ્યું—એ તરફ ધ્યાન આપ્યું.

ત્યારબાદ, જ્યારે સ્તુતિથી ઉત્પન્ન થયેલો કોલાહલ શાંત થઈ ગયો અને બધા લોકો હાથ જોડીને પુરાણ સાંભળવાની ઈચ્છાથી સાવધાન થઈ ચુપચાપ બેસી ગયા, ત્યારે તે ભગવાન ગૌતમસ્વામી શ્રોતાઓને સંબોધતા ગંભીર મનોહર અને ઉત્કૃષ્ટ અર્થથી ભરેલી વાણી દ્વારા કહેવા લાગ્યા. એ સમયે દાંતના જે ઉજ્જ્વળ કિરણો નીકળી રહ્યા હતા તેનાથી એવું જણાતું હતું કે જાણે તેઓ શબ્દસંબંધી સમસ્ત દોષોના અભાવથી અત્યંત નિર્મળ થયેલી સરસ્વતીદેવીને જ સાક્ષાત્ પ્રગટ કરી રહ્યા હોય! એ સમયે ગણધરસ્વામી એવા શોભાયમાન થઈ રહ્યા હતા કે જેમ ભક્તિરૂપી મૂલ્ય દ્વારા પોતાની ઈચ્છાનુસાર ખરીદવાના અભિલાષી મુનિજનોને સુભાષિતરૂપી મહારત્નોનો જ સમૂહ દેખાડી રહ્યા હોય! એ સમયે તેઓ પોતાના દાંતોના કિરણરૂપી ફૂલોને આખી સભામાં પ્રસરાવી રહ્યા હતા જેથી એવું લાગતું હતું કે જાણે સરસ્વતીદેવીના પ્રવેશ માટે રંગભૂમિને જ સજાવી રહ્યા હોય! મનની પ્રસન્નતાને વિભક્ત કરવા માટે જ જાણે કે બધી બાજુ ફેલાયેલી પોતાની સ્વચ્છ અને પ્રસન્ન દૃષ્ટિ દ્વારા એ ગૌતમસ્વામી સમસ્ત સભાનું પ્રક્ષાલન કરતાં જણાતા હતા. જોકે એ ઋષિરાજ તપશ્ચરણના માહાત્મ્યથી પ્રાપ્ત થયેલા આસનપર બેઠા હતા તથાપિ પોતાના ઉત્કૃષ્ટ માહાત્મ્યથી એવા જણાતા હતા કે જાણે સમસ્ત લોકની ઉપર જ બેઠા હોય! એ સમયે તેઓ ન તો સરસ્વતીને જ અધિક કષ્ટ આપવા માંગતા હતા અને ન તો ઈન્દ્રિયોને જ

અધિક ચલાયમાન કરવા ઈચ્છતા હતા. બોલતા સમયે તેમના મુખનું સૌંદર્ય પણ નષ્ટ થયું ન હતું. એ સમયે તેમને ન તો પરસેવો આવતો હતો, ન પરિશ્રમ થતો હતો, ન કોઈ વાતથી ભય લાગતો હતો અને ન તેઓ બોલતા-બોલતા સ્ખલિત થતા હતા. તેઓ વિના કોઈ પરિશ્રમથી જ અતિશય પ્રૌઢ—ગંભીર સરસ્વતી પ્રગટ કરી રહ્યા હતા. તેઓ એ સમયે સમ, સીધા અને વિસ્તૃત સ્થાનપર પર્યંકાસનથી બેઠા હતા કે જેથી એવા જણાતા હતા કે જાણે શરીર દ્વારા વૈરાગ્યની અંતિમ સીમાને જ પ્રગટ કરી રહ્યા હોય! એ સમયે એમનો ડાબો હાથ પર્યંક પર હતો અને જમણો હાથ ઉપદેશ દેવા માટે થોડો ઉપર ઊઠેલો હતો કે જેથી એવા જણાતા હતા કે જાણે તેઓ માર્દવ ધર્મને નૃત્ય જ કરાવી રહ્યા હોય અર્થાત્ ઉચ્ચતમ વિનય ધર્મને પ્રગટ કરી રહ્યા હોય! તેઓ કહેવા લાગ્યા કે હે આયુષ્માન્ બુદ્ધિમાન ભવ્યજનો! મેં શ્રુતસ્કંધથી આ પુરાણ જેવું સાંભળ્યું છે તે તેવું જ તમને લોકોને કહીશ, તમે લોકો તેને ધ્યાનથી સાંભળો. હે શ્રેણિક! આદિ બ્રહ્મા પ્રથમ તીર્થંકર ભગવાન વૃષભદેવે ભરત ચક્રવર્તીને જે પુરાણ કહ્યું હતું તેને જ હું આજે તને કહીશ, તું ધ્યાન દઈને સાંભળ.

શ્રુતસ્કંધના ચાર મહા અધિકાર વર્ણિત કર્યા છે કે જેમાં પહેલાં અનુયોગનું નામ પ્રથમાનુયોગ છે. પ્રથમાનુયોગમાં તીર્થંકર આદિ સત્પુરુષોના ચરિત્રનું વર્ણન હોય છે. બીજા મહાધિકાર—અનુયોગનું નામ કરણાનુયોગ છે, તેમાં ત્રણે લોકનું વર્ણન એ પ્રકારે લખ્યું હોય છે કે જેવી રીતે કોઈ તામ્રપત્ર ઉપર કોઈની વંશાવલી લખી હોય. જિનેન્દ્રદેવે ત્રીજા મહા અધિકારને ચરણાનુયોગ કહ્યું છે. આમાં મુનિ અને શ્રાવકોના ચારિત્રની શુદ્ધિનું વર્ણન હોય છે. ચોથો મહાધિકાર દ્રવ્યાનુયોગ છે. આમાં પ્રમાણ, નય, નિક્ષેપ તથા સત્સંખ્યા, ક્ષેત્ર, સ્પર્શન, કાળ, અંતર, ભાવ, અલ્પબહુત્વ, નિર્દેશ, સ્વામિત્વ, સાધન, અધિકરણ, સ્થિતિ, વિધાન આદિ દ્વારા દ્રવ્યોનો નિર્ણય કરવામાં આવે છે. આનુપૂર્વી આદિના ભેદથી ઉપક્રમના પાંચ ભેદ માનવામાં આવ્યા છે. આ પુરાણની શરૂઆતમાં એ ઉપક્રમોનો શાસ્ત્રાનુસાર સંબંધ જાણી લેવો જોઈએ. પ્રકૃત અર્થાત્ જેનું વર્ણન કરવાની ઈચ્છા છે એવા પદાર્થોને શ્રોતાઓની બુદ્ધિમાં બેસાડી દેવું—તેમને સારી રીતે સમજાવી દેવું તે ઉપક્રમ છે, તેનું બીજું નામ ઉપોદ્ઘાત પણ છે. (૧) આનુપૂર્વી, (૨) નામ, (૩) પ્રમાણ, (૪) અભિધેય અને (૫) અર્થાધિકાર—આ ઉપક્રમના પાંચ ભેદ છે. જો ચારેય મહાધિકારોને પૂર્વ ક્રમથી ગણવામાં આવે તો પ્રથમાનુયોગ પહેલો અનુયોગ થાય છે અને જો ઉલ્ટા

ક્રમથી જોવામાં આવે તો આ જ પ્રથમાનુયોગ અંતિમ અનુયોગ થાય છે. પોતાની ઈચ્છાનુસાર ક્યાંયથી પણ ગણવામાં આવતા તે બીજા, ત્રીજા આદિ કોઈ પણ ક્રમ પર આવી શકે છે. ગ્રંથના નામ કહેવાને નામ ઉપક્રમ કહે છે. આ પ્રથમાનુયોગ શ્રુતસ્કંધના ચારેય અનુયોગોમાં સૌથી પહેલો છે, તેથી તેનું નામ 'પ્રથમાનુયોગ' નામ સાર્થક છે.

ગ્રંથ વિસ્તારના ભયથી ડરવાવાળા શ્રોતાઓના અનુરોધથી હવે આ ગ્રંથનું પ્રમાણ કહું છું. એ પ્રમાણ અક્ષરોની સંખ્યા અને અર્થ—આ બંનેની અપેક્ષા કહેવામાં આવશે. જોકે આ પ્રથમાનુયોગરૂપ ગ્રંથ અર્થની અપેક્ષા અપરિમેય છે–સંખ્યાથી રહિત છે તથાપિ શબ્દોની અપેક્ષા પરિમેય છે–સંખ્યેય છે, ત્યારે એનો એક અંશ પ્રથમાનુયોગ અસંખ્યેય કેવી રીતે હોઈ શકે? ૩૨ અક્ષરોના અનુષ્ટુપ શ્લોકો દ્વારા ગણના કરતાં પ્રથમાનુયોગમાં બે લાખ કરોડ, પંચાવન હજાર કરોડ, ચાર સો બેતાલીસ કરોડ અને એકત્રીસ લાખ સાત હજાર પાંચ સો (૨૫૫૪૪૨૩૧૦૭૫૦૦) શ્લોક છે. આ રીતે, ગ્રંથ પ્રમાણ નક્કી કરીને હવે તેના પદોની સંખ્યાનું વર્ણન કરીએ છીએ. પ્રથમાનુયોગ ગ્રંથના પદોની ગણના પાંચ હજાર માનવામાં આવી છે અને સોળસો ચોંત્રીસ કરોડ ત્ર્યાંસી લાખ સાત હજાર આઠ સો અઠ્યાસી અક્ષરોનું એક મધ્યમ પદ થાય છે. આ મધ્યમ પદ દ્વારા જ અગિયાર અંગ તથા ચૌદ પૂર્વની ગ્રંથ સંખ્યાનું વર્ણન કરવામાં આવે છે. આ જે પ્રમાણ ઉપર કહેવામા આવ્યું છે તે દ્રવ્યશ્રુતનું જ છે, ભાવશ્રુતનું નથી. તે ભાવની અપેક્ષા શ્રુતજ્ઞાનરૂપ જ છે કે જે સત્યાર્થ, વિરોધરહિત અને કેવળીપ્રણીત છે. સંપૂર્ણ દ્વાદશાંગ જ આ પુરાણનો અભિધેય વિષય છે, કારણ કે એનાથી બહાર ન તો કોઈ વિષય જ છે અને ન તો કોઈ શબ્દ જ છે. જેવી રીતે મહામૂલ્ય રત્નોની ઉત્પત્તિ સમુદ્રથી થાય છે, તેવી જ રીતે સુભાષિતરૂપી રત્નોની ઉત્પત્તિ આ પુરાણથી થાય છે.

આ પુરાણમાં તીર્થંકર, ચક્રવર્તી, બળભદ્ર અને નારાયણોની સંપદાઓ તથા મુનિઓની ઋદ્ધિઓનું તેમની પ્રાપ્તિના કારણોની સાથે-સાથે વર્ણન કરવામાં આવશે. એવી જ રીતે, સંસારી-જીવ, મુક્ત-જીવ, બંધ, મોક્ષ આ બંનેનું કારણ, છ દ્રવ્ય અને નવ પદાર્થ—આ બધા આ ગ્રંથના અર્થસંગ્રહ છે અર્થાત્ આ બધાનું આમાં વર્ણન કરવામાં આવશે. આ પુરાણમાં ત્રણે લોકની રચના, ત્રણે કાળનો સંગ્રહ, સંસારની ઉત્પત્તિ અને વિનાશ—આ

બધાનું વર્ણન કરવામાં આવશે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ માર્ગ, મોક્ષરૂપ એનું ફળ તથા ધર્મ-અર્થ-કામરૂપ પુરુષાર્થ—આ બધાનો જે કાંઈ વિસ્તાર છે તે બધો આ ગ્રંથની અભિધેયતાને ધારણ કરે છે અર્થાત્ તેનું આમાં વર્ણન કરવામાં આવશે. વધારે કહેવાથી શું? જે કાંઈ જેટલી નિર્બાધ ધર્મની સૃષ્ટિ છે તે બધી આ ગ્રંથની વર્ણનીય વસ્તુ છે. જે સુભાષિત બીજી જગ્યાએ ઘણા સમય સુધી શોધવા છતાં પણ નથી મળી શકતા તેનો સંગ્રહ આ પુરાણમાં પોતાની ઈચ્છાનુસાર પદ-પદ પર કરી શકાય છે. આ ગ્રંથમાં જે પદાર્થ ઉત્તમ ગણવામાં આવ્યો છે તે બીજી જગ્યાએ પણ ઉત્તમ હશે તથા જે આ ગ્રંથમાં ખરાબ ગણવામાં આવ્યો છે, તે બધી જગ્યાએ ખરાબ જ ગણવામાં આવશે. ભાવાર્થ—આ ગ્રંથ પદાર્થોના ગુણ અને અવગુણની પરીક્ષા કરવા માટે કસોટી સમાન છે. આ રીતે, આ મહાપુરાણ ઘણા ભારે વિષયોનું નિરુપણ કરવાવાળું છે. હવે, આના અર્થાધિકારોની સંખ્યાનો નિયમ કહીએ છીએ.

આ ગ્રંથમાં ત્રેસઠ મહાપુરુષોનું વર્ણન કરવામાં આવશે. તેથી, તે સંખ્યા અનુસાર ઋષિઓએ આના ત્રેસઠ અધિકાર જ કહ્યા છે. પુરાણ સ્કંધના ત્રેસઠ અધિકાર અને અવયવ અવશ્ય છે, પરંતુ તેના અવાંતર અધિકારોની સંખ્યા અમર્યાદિત છે. કોઈ કોઈ આચાર્ય એમ પણ કહે છે કે તીર્થંકરોના પુરાણમાં ચક્રવર્તી આદિના પુરાણોનો પણ સંગ્રહ થઈ જાય છે. તેથી ચોવીસ પુરાણ જ સમજવા જોઈએ કે જે આ પ્રકારે છે—પહેલું પુરાણ વૃષભનાથનું, બીજું અજિતનાથનું, ત્રીજું સંભવનાથનું, ચોથું અભિનંદનનાથનું, પાંચમું સુમતિનાથનું, છઠ્ઠું પદ્મપ્રભનું, સાતમું સુપાર્શ્વનાથનું, આઠમું ચંદ્રપ્રભુનું, નવમું પુષ્પદંતનું, દશમું શીતલનાથનું, અગિયારમું શ્રેયાંસનાથનું, બારમું વાસુપૂજ્યનું, તેરમું વિમલનાથનું, ચૌદમું અનંતનાથનું, પંદરમું ધર્મનાથનું, સોળમું શાંતિનાથનું, સત્તરમું કુંથુનાથનું, અઢારમું અરનાથનું, ઓગણીસમું મલ્લિનાથનું, વીસમું મુનિસુવ્રતનાથનું, એકવીસમું નમિનાથનું, બાવીસમું નેમિનાથનું, ત્રેવીસમું પાર્શ્વનાથનું અને ચોવીસમું મહાવીરસ્વામીનું. આ પ્રકારે, ચોવીસ તીર્થંકરોના આ ચોવીસ પુરાણ છે, તેનો જે સમૂહ છે તે જ મહાપુરાણ કહેવાય છે. આજે મેં જે મહાપુરાણનું વર્ણન કર્યું છે તે આ અવસર્પિણી યુગના અંતમાં નિશ્ચયથી ખૂબ જ અલ્પ રહી જશે, કારણ કે 'દુઃખમાં' નામના પાંચમા કાળના દોષથી મનુષ્યોની બુદ્ધિ ઉત્તરોત્તર ઘટતી જશે અને બુદ્ધિના ઘટવાથી પુરાણના ગ્રંથનો વિસ્તાર પણ ઘટી જશે.

તેનું સ્પષ્ટ નિરુપણ આ પ્રકારે સમજવું જોઈએ—અમારી પછી શ્રુતકેવળી સુધર્માચાર્ય કે જે અમારા સમાન જ છે તેઓ આ મહાપુરાણને પૂર્ણરૂપથી પ્રકાશિત કરશે. તેમની પાસે આ સંપૂર્ણ પુરાણ જંબૂસ્વામી સાંભળશે અને તેઓ અંતિમ કેવળી થઈને આ લોકમાં તેનો પૂર્ણ પ્રકાશ કરશે. આ સમયે હું, સુધર્માચાર્ય અને જંબૂસ્વામી—ત્રણેય પૂર્ણ શ્રુતજ્ઞાનને ધારણ કરવાવાળા–શ્રુતકેવળી છીએ. અમે ત્રણેય ક્રમ-ક્રમથી કેવળજ્ઞાન પ્રાપ્ત કરી મુક્ત થઈ જશું. અમે ત્રણેય કેવળીઓનો સમય ભગવાન વર્ધમાનસ્વામીની મુક્તિ બાદ બાસઠ (૬૨) વર્ષનો છે. ત્યારબાદ, ક્રમ-ક્રમથી વિષ્ણુ, નંદિમિત્ર, અપરાજિત, ગોવર્ધન અને ભદ્રબાહુ તથા બુદ્ધિમાન આચાર્ય થશે. આ આચાર્ય બાર અંગ અને ચૌદ પૂર્વરૂપ મહાવિદ્યાઓના પારંગત અર્થાત્ શ્રુતકેવળી થશે અને પુરાણને સંપૂર્ણરૂપથી પ્રકાશિત કરતાં રહેશે. તેમનો સમય ૧૦૦ વર્ષનો હશે. તેમના પછી ક્રમથી વિશાખાચાર્ય, પ્રોષ્ઠિલાચાર્ય, ક્ષત્રિયાચાર્ય, જયસેનાચાર્ય, નાગસેન, સિદ્ધાર્થ, ધૃતિષેણ, વિજય, બુદ્ધિમાન, ગંગદેવ અને ધર્મસેન—આ અગિયાર આચાર્ય અગિયાર અંગ અને દશ પૂર્વના ધારક થશે. તેમનો કાળ ૧૮૩ વર્ષનો હશે. એ સમય સુધી આ પુરાણનો પૂર્ણ પ્રકાશ થતો રહેશે.

ત્યારબાદ, ક્રમથી નક્ષત્ર, જયપાલ, પાંડુ, ધ્રુવસેન અને કંસાચાર્ય—આ પાંચ તપસ્વી મુનિ થશે. આ બધા અગિયાર અંગના ધારી થશે. આમનો સમય ૨૨૦ વર્ષ માનવામાં આવે છે. એ સમયે આ પુરાણ એક ચતુર્થાંશ ભાગ ઓછો અર્થાત્ ૩/૪ રૂપમાં પ્રકાશિત રહેશે. પછી યોગ્ય પાત્રનો અભાવ થવાથી ભગવાનનું કહેલું આ પુરાણ અવશ્ય જ ઓછું થતું જશે. તેમના પછી સુભદ્ર, યશોભદ્ર, ભદ્રબાહુ અને લોહાચાર્ય—એ ચાર આચાર્ય રહેશે કે જે વિશાળ કીર્તિના ધારક અને પ્રથમ અંગ (આચારાંગ) રૂપી સમુદ્રના પારગામી થશે. આ બધાનો સમય ૧૧૮ વર્ષનો થશે. એ સમયે આ પુરાણનો ચોથો ભાગ જ રહી જશે. ત્યારપછી અર્થાત્ વર્ધમાનસ્વામીના મોક્ષગમન બાદ ૬૮૩ વર્ષ પછી આ પુરાણ ક્રમ-ક્રમથી થોડું-થોડું ઘટતું જશે. એ સમયે લોકોની બુદ્ધિ પણ અલ્પ થતી જશે, તેથી વિરલા આચાર્ય જ એને અલ્પરૂપમાં ધારણ કરી શકશે—આ પ્રકારે જ્ઞાન-વિજ્ઞાનથી સંપન્ન ગુરુપરિપાટી દ્વારા આ પુરાણ જ્યારે અને જેટલી માત્રામાં પ્રકાશિત થતું રહેશે તેનું સ્મરણ કરવા માટે જિનસેન આદિ મહાબુદ્ધિમાન પૂજ્ય અને શ્રેષ્ઠ કવિ ઉત્પન્ન થશે.



શ્રી વર્ધમાનસ્વામીએ જેનું નિરૂપણ કર્યું છે એ પુરાણ જ શ્રેષ્ઠ અને પ્રામાણિક છે, એ સિવાય બીજા બધા

પુરાણાભાસ છે, તેમને માત્ર વાણીના દોષમાત્ર જાણવા જોઈએ. જ્યારે પાંચ પરમેષ્ઠીઓનું નામ લેવું જ જીવોને પવિત્ર કરી દે છે, ત્યારે વારંવાર તેમની કથારૂપ અમૃતનું પાન કરવાને તો કહેવું જ શું! તે તો અવશ્ય જ જીવોને પવિત્ર કરી દે છે–કર્મમળથી રહિત કરી દે છે. જ્યારે આમ વાત છે તો શ્રદ્ધાળુ ભવ્ય જીવોએ પુણ્યરૂપી રત્નોથી ભરેલા આ પુરાણરૂપી સમુદ્રમાં અવશ્ય જ અવગાહન કરવું જોઈએ. ઉપર જે પુરાણનું લક્ષણ કહ્યું છે તેને અહીં હવે ક્રમથી કહેશું અને તેમાં પણ સૌથી પહેલાં ભગવાન વૃષભનાથના પુરાણની કારિકા કહેશું. શ્રી વૃષભનાથના પુરાણમાં કાળનું વર્ણન, કુલકરોની ઉત્પત્તિ, વંશોની ઉત્પત્તિ, ભગવાનનું સામ્રાજ્ય, અરહંત અવસ્થા, નિર્વાણ અને યુગનો વિચ્છેદ થવો એ મહાધિકાર છે. અન્ય પુરાણોમાં જે અધિકાર હશે એ સમયાનુસાર કહેવામાં આવશે. આ કથાનો આ ઉપોદ્‌ઘાત છે. હવે આગળ આ કથાની પીઠિકા, કાળાવતાર અને કુલકરોની સ્થિતિ કહેશું.

આ પ્રકારે, ગૌતમસ્વામીના કહેવાથી ભક્તિથી નમ્ર થયેલી એ મુનિઓની સમસ્ત સભા પુરાણ સાંભળવાની ઈચ્છાથી શ્રેણિક મહારાજાની સાથે સાવધાન થઈ ગઈ. એ બરાબર જ છે કે એવો કયો બુદ્ધિમાન હશે કે જે આવા પુરુષોનાં હિતકારી વચનોનો અનાદર કરે! આ રીતે, જે આચાર્ય પરંપરાથી પ્રાપ્ત થયું છે, નિર્દોષ છે, પુણ્યરૂપ છે અને યુગના આદિમાં ભરત ચક્રવર્તી માટે ભગવાન વૃષભદેવ દ્વારા કહેવામાં આવ્યું હતું એવું આ જગતને પવિત્ર કરવાવાળું ઉત્કૃષ્ટ તીર્થસ્વરૂપ પુરાણરૂપી પવિત્ર જળ તમારા લોકોના સમસ્ત પાપ-કલંકરૂપી કીચડને ધોઈને તમને પરમ શુદ્ધિ પ્રદાન કરે!

આ રીતે, આર્ષ નામથી પ્રસિદ્ધ ભગવજ્જિનસેનાચાર્ય-વિરચિત ત્રિષષ્ટિલક્ષણ મહાપુરાણ સંગ્રહમાં ‘કથા ઉપોદ્‌ઘાત-વર્ણન’ નામનો બીજો અધ્યાય સમાપ્ત થયો.

# અધ્યાય ત્રીજો

હું એ વૃષભનાથ સ્વામીને નમસ્કાર કરીને આ મહાપુરાણની પીઠિકાનું વ્યાખ્યાન કરું છું કે જે આ અવસર્પિણી યુગના સૌથી પ્રાચીન મુનિ છે, જેમણે કર્મરૂપી શત્રુઓને જીતી લીધા છે અને વિનાશથી રહિત છે.

## કાળદ્રવ્યની સિદ્ધિ

કાળદ્રવ્ય અનાદિનિધન છે. વર્તના-પરિણમન તેનું લક્ષણ માનવામાં આવે છે. (દ્રવ્યોની પર્યાયોને બદલવામાં જે સહાયક હોય તેને વર્તના કહે છે.) આ કાળદ્રવ્ય અત્યંત સૂક્ષ્મ પરમાણુ બરાબર છે અને અસંખ્યાત હોવાના કારણે સમસ્ત લોકાકાશમાં પથરાયેલા છે. ભાવાર્થ—કાળદ્રવ્યના એક-એક પરમાણુ લોકાકાશના એક-એક પ્રદેશ પર સ્થિત છે. એ કાળદ્રવ્યમાં અનંત પદાર્થોના પરિણમનમાં નિમિત્ત બનવાની તાકાત છે, તેથી તે અસંખ્યાત હોઈને પણ અનંત પદાર્થોના પરિણમનમાં સહકારી બને છે. જેવી રીતે કુંભારના ચાકને તેની નીચે લાગેલી ખીલી કારણ છે, તેવી જ રીતે પદાર્થોના પરિણમનમાં કાળદ્રવ્ય સહકારી કારણ છે. સંસારના સમસ્ત પદાર્થ પોતપોતાના ગુણ-પર્યાય દ્વારા સ્વયમેવ જ પરિણમનને પ્રાપ્ત થયા કરે છે અને કાળદ્રવ્ય એમના એ પરિણમનમાં સહકારી કારણ થાય છે. જ્યારે પદાર્થોનું પરિણમન પોતપોતાના ગુણપર્યાયરૂપથી થાય છે ત્યારે અનાયાસ જ સિદ્ધ થઈ જાય છે કે તે બધા પદાર્થ સર્વદા પૃથક્-પૃથક્ રહે છે અર્થાત્ પોતપોતાનું સ્વરૂપ છોડીને પરસ્પરમાં મળતા નથી. જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ અને આકાશ—આ પાંચ અસ્તિકાય છે અર્થાત્ સત્-સ્વરૂપ હોઈને બહુપ્રદેશી છે, એમાં કાળદ્રવ્યની ગણતરી નથી, તેથી કેટલાય લોકો માને છે કે તે (કાળદ્રવ્ય) છે જ નહીં; પરંતુ તેમનું એમ માનવું બરાબર નથી, કારણ કે જોકે એક પ્રદેશી હોવાને કારણે કાળદ્રવ્યની પંચાસ્તિકાયમાં ગણતરી નથી, છતાં પણ છ દ્રવ્યમાં તો તેની ગણતરી કરવામાં આવી છે. એ સિવાય યુક્તિથી પણ કાળદ્રવ્યનો સદ્ભાવ સિદ્ધ થાય છે. એ

યુક્તિ આ પ્રકારે છે કે સંસારમાં જે સમય-કલાક આદિ વ્યવહારકાળ પ્રસિદ્ધ છે એ પર્યાય છે. પર્યાયનું મૂળભૂત કોઈ ને કોઈ પર્યાયી અવશ્ય હોય છે, કારણ કે પર્યાયી વિના પર્યાય ન હોઈ શકે. તેથી વ્યવહારકાળનું મૂળભૂત મુખ્ય કાળદ્રવ્ય છે. મુખ્ય પદાર્થ વિના વ્યવહાર—ગૌણ પર્યાયની સત્તા સિદ્ધ નથી થતી. જેવી રીતે વાસ્તવિક સિંહ વિના કોઈ પ્રતાપી બાળકમાં સિંહનો વ્યવહાર ન કરી શકાય, તેવી જ રીતે મુખ્ય-નિશ્ચયકાળ વિના ઘડી, કલાક આદિમાં કાળદ્રવ્યનો વ્યવહાર ન કરી શકાય, પરંતુ હોય છે અવશ્ય, તેથી કાળદ્રવ્યનું અસ્તિત્વ અવશ્ય માનવું પડે છે. જોકે એમાં એકથી વધારે બહુપ્રદેશોનો અભાવ છે, તેથી તેને અસ્તિકાયમાં ગણવામાં નથી આવતું, છતાં પણ તેમાં અગુરુલઘુ આદિ અનેક ગુણ તથા તેના વિકારરૂપ અનેક પર્યાય અવશ્ય છે, કારણ કે તે દ્રવ્ય છે અને જે-જે દ્રવ્ય હોય છે તેમાં ગુણ-પર્યાયોનો સમૂહ અવશ્ય હોય છે. દ્રવ્યત્વનો ગુણ-પર્યાયો સાથે જેવો સંબંધ છે તેવો બહુપ્રદેશો સાથે નથી. આથી, બહુપ્રદેશોનો અભાવ હોવા છતાં પણ કાળદ્રવ્યને પદાર્થ માની શકાય છે અને આ રીતે કાળ નામના પૃથક્ પદાર્થની સત્તા સિદ્ધ થાય છે. જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ અને આકાશને અસ્તિકાય કહેવાથી જ એ સિદ્ધ થઈ જાય છે કે કાળદ્રવ્ય અસ્તિકાય નથી, કારણ કે વિપક્ષીના રહેતા જ વિશેષણની સાર્થકતા સિદ્ધ થઈ શકે છે. જેવી રીતે છ દ્રવ્યોમાં ચેતનરૂપ આત્મદ્રવ્યને જીવ કહેતાં જ પુદ્‌ગલાદિ પાંચ દ્રવ્યોને અજીવ સિદ્ધ કરી દે છે, તેવી જ રીતે જીવાદિને અસ્તિકાય કહેવું જ કાળદ્રવ્યને અનાસ્તિકાય સિદ્ધ કરે છે. આ નિશ્ચય કાળ સિવાય જે ઘડી, કલાક આદિ છે તે વ્યવહાર કાળ કહેવાય છે. અહીં એ યાદ રાખવું આવશ્યક થાય છે કે વ્યવહારકાળ નિશ્ચયકાળથી સર્વથા સ્વતંત્ર નથી, તે તેના જ આશ્રયે ઉત્પન્ન થતી તેની પર્યાય જ છે. આ નાનો છે, આ મોટો છે આદિ વાતોથી વ્યવહારકાળ સ્પષ્ટ જાણી શકાય છે—એમ સર્વજ્ઞદેવે વર્ણન કર્યું છે. આ વ્યવહારકાળ વર્તનારૂપ, લક્ષણરૂપ નિશ્ચયકાળદ્રવ્ય દ્વારા જ પ્રવર્તિત થાય છે અને તે ભૂત, ભવિષ્ય અને વર્તમાનરૂપ થઈને સંસારનો વ્યવહાર ચલાવવા માટે સમર્થ થાય છે અથવા કલ્પિત કરવામાં આવે છે, તે વ્યવહારકાળ સમય, આવલિ, ઉચ્છ્‌વાસ, નાડી આદિના ભેદથી અનેક પ્રકારનો હોય છે. આ વ્યવહારકાળ સૂર્યાદિ જ્યોતિષચક્રના ફરવાથી જ પ્રગટ થાય છે એમ વિદ્વાન લોકો માને છે. જો ભવ, આયુ, કાય અને શરીર આદિ સ્થિતિનો સમય જોડવામાં આવે તો તે અનંત સમયરૂપ થાય છે અને તેનું પરિવર્તન પણ અનંત પ્રકારથી થાય છે.

## કલ્પકાળની સ્થિતિ

આ વ્યવહારકાળના બે ભેદ કહેવામાં આવે છે : (૧) ઉત્સર્પિણી અને (૨) અવસર્પિણી. જેમાં મનુષ્યોના બળ, આયુ અને શરીરનું પ્રમાણ ક્રમ-ક્રમથી વધતા જાય તેને ઉત્સર્પિણી કહે છે અને જેમાં તે જ ક્રમ-ક્રમથી ઘટતા જાય તેને અવસર્પિણી કહે છે. ઉત્સર્પિણી કાળનો સમય ૧૦ ક્રોડાક્રોડી સાગર છે તથા અવસર્પિણી કાળનું પ્રમાણ પણ આટલું જ છે. આ બંનેને જોડીને ૨૦ ક્રોડાક્રોડી સાગરનો એક કલ્પકાળ થાય છે. હે રાજન્! આ ઉત્સર્પિણી અને અવસર્પિણી પ્રત્યેકના છ-છ ભેદ હોય છે. હવે ક્રમપૂર્વક તેના નામ કહેવામાં આવે છે, તે સાંભળ. અવસર્પિણી કાળના છ ભેદ આ છે—(૧) સુખમા-સુખમા, (૨) સુખમા, (૩) સુખમા-દુ:ખમા, (૪) દુ:ખમા-સુખમા, (૫) દુ:ખમા અને (૬) દુ:ખમા-દુ:ખમા અથવા અતિ દુ:ખમા. આને અવસર્પિણીના ભેદ જાણવા જોઈએ. ઉત્સર્પિણી કાળના પણ છ ભેદ થાય છે કે જે ઉક્ત ભેદોથી વિપરીતરૂપ છે, જેમકે (૧) દુ:ખમા-દુ:ખમા, (૨) દુ:ખમા, (૩) દુ:ખમા-સુખમા, (૪) સુખમા-દુ:ખમા, (૫) સુખમા અને (૬) સુખમા-સુખમા. 'સમા' (ખમા) કાળના ભેદને કહે છે તથા 'સુ' અને 'દુર' ઉપસર્ગ ક્રમથી 'સારા' અને 'ખરાબ' અર્થમાં આવે છે. 'સુ' અને 'દુર્' ઉપસર્ગોને પૃથક્ પૃથક્ 'સમા'ની સાથે જોડવાથી તથા વ્યાકરણના નિયમાનુસાર 'સ'ને 'ષ' કરી દેવાથી 'સુષમા' (સુખમા) તથા 'દુ:ષમા' (દુ:ખમા) શબ્દોની સિદ્ધિ થાય છે. એનો અર્થ ક્રમથી 'સારો કાળ' અને 'ખરાબ કાળ' થાય છે. આ રીતે, ઉત્સર્પિણી અને અવસર્પિણીના છએ કાળ સાર્થક નામવાળા છે. એવી જ રીતે, પોતાના અવાંતર ભેદો સહિત ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળ પણ સાર્થક નામથી યુક્ત છે, કારણ કે જેમાં સ્થિતિ આદિની વૃદ્ધિ થતી રહે તેને ઉત્સર્પિણી અને જેમાં ઘટતી રહે તેને અવસર્પિણી કહે છે. આ ઉત્સર્પિણી અને અવસર્પિણી નામના બંને ભેદ કાળચક્રના પરિભ્રમણથી પોતાના છએ કાળની સાથે સાથે કૃષ્ણપક્ષ અને શુક્લપક્ષની જેમ ફર્યા કરે છે અર્થાત્ જેવી રીતે કૃષ્ણપક્ષ પછી શુક્લપક્ષ અને શુક્લપક્ષ પછી કૃષ્ણપક્ષ બદલાયા કરે છે, તેવી જ રીતે અવસર્પિણી પછી ઉત્સર્પિણી અને ઉત્સર્પિણી પછી અવસર્પિણી બદલાયા કરે છે.

## ૧. સુખમા-સુખમા કાળનું વર્ણન :–

પહેલાં આ ભરતક્ષેત્રના મધ્યવર્તી આર્યખંડમાં અવસર્પિણી કાળનો પહેલો ભેદ સુખમા-સુખમા નામનો કાળ વર્તી રહ્યો હતો, તે કાળનો સમય ચાર ક્રોડાક્રોડી સાગર હતો, તે સમયે અહીં નીચે લખ્યા અનુસાર વ્યવસ્થા હતી–

દેવકુરુ અને ઉત્તરકુરુ નામની ઉત્તર ભોગભૂમિઓમાં જેવી સ્થિતિ રહેતી હોય છે ઠીક એવી જ સ્થિતિ આ ભરતક્ષેત્રમાં યુગની શરૂઆતમાં અર્થાત્ અવસર્પિણી કાળના પહેલા કાળમાં હતી. એ સમયે મનુષ્યોનું આયુષ્ય ત્રણ પલ્યનું હતું તથા શરીરની ઊંચાઈ છ હજાર ધનુષ હતી. એ સમયે અહીંના મનુષ્યના શરીરનું અસ્થિબંધન વજ્ર સમાન હતું, તેઓ અત્યંત સૌમ્ય અને સુંદર આકારના ધારક હતા. તેમનું શરીર તપાવેલા સુવર્ણ સમાન દેદીપ્યમાન હતું. મુકુટ, કુંડલ, હાર, કરધની, કડા, બાજુબંધ અને યજ્ઞોપવિત—આ આભૂષણોને તેઓ સર્વદા ધારણ કરી રાખતા હતા. ત્યાંના મનુષ્યોને પુણ્યના ઉદયથી અનુપમ રૂપ, સૌંદર્ય તથા સંપદાઓની પ્રાપ્તિ થતી રહે છે, તેથી તેઓ સ્વર્ગના દેવો સમાન પોતપોતાની સ્ત્રીઓ સાથે ચિરકાળ સુધી ક્રીડા કરતાં રહે છે. તે પુરુષો બધા જ ખૂબ બળવાન, ધીરવીર, તેજસ્વી, પ્રતાપી, સામર્થ્યવાન અને પુણ્યશાળી હોય છે. તેમના વક્ષઃસ્થળ ખૂબ જ વિસ્તૃત હોય છે તથા તેઓ બધાય પૂજ્ય (આદરણીય) ગણાય છે. તેમને ત્રણ દિવસ પછી ભોજનની ઈચ્છા થાય છે ત્યારે કલ્પવૃક્ષથી પ્રાપ્ત બદરીફળ સમાન ઉત્તમ ભોજન ગ્રહણ કરે છે. તેમને ન તો કોઈ પરિશ્રમ કરવો પડે છે, ન કોઈ રોગ થાય છે, ન મળ-મૂત્રાદિની બાધા થાય છે, ન માનસિક પીડા થાય છે, ન પરસેવો થાય છે અને ન અકાળમૃત્યુ થાય છે. તેઓ કોઈ બાધા વિના જ સુખપૂર્વક જીવન વિતાવે છે. ત્યાંની સ્ત્રીઓ પણ એટલા જ આયુષ્યની ધારક હોય છે, તેમનું શરીર પણ તેટલું જ ઊંચું હોય છે અને તે પોતાના પુરુષોની સાથે એવી જ શોભાયમાન થાય છે કે જેમ કલ્પવૃક્ષ પર લાગેલી કલ્પવેલ! તે સ્ત્રીઓ પોતાના પુરુષોમાં અનુરક્ત રહે છે અને પુરુષ પોતાની સ્ત્રીઓમાં અનુરક્ત રહે છે. તેઓ બંને પોતાના જીવનપર્યંત કોઈપણ ક્લેષ વિના જ ભોગ-સંપદાઓનો ઉપભોગ કરતાં રહે છે. દેવો સમાન તેમનું રૂપ સ્વભાવથી જ સુંદર હોય છે, તેમના વચનો સ્વભાવથી જ મીઠાં હોય છે અને તેમની ચેષ્ટાઓ સ્વભાવથી જ ચતુર હોય છે.

ઈચ્છાનુસાર મનોહર આહાર, ઘર, વાજા, માળા, આભૂષણ અને વસ્ત્રાદિ સમસ્ત ભોગોપભોગની સામગ્રી તેમને ઈચ્છા કરતાં જ કલ્પવૃક્ષોથી પ્રાપ્ત થઈ જાય છે. જેમના પલ્લવરૂપી વસ્ત્ર મંદ સુગંધિત વાયુ સમાન હંમેશા હલતા રહે છે તેવા સદાય પ્રકાશમાન રહેવાવાળા ત્યાંના કલ્પવૃક્ષ અત્યંત શોભાયમાન રહે છે. સુખમા-સુખમા નામના કાળના પ્રભાવથી ઉત્પન્ન થતી ક્ષેત્રની સામર્થ્યથી વૃદ્ધિને પ્રાપ્ત થયેલા તે કલ્પવૃક્ષો ત્યાંના જીવોને મનોવાંછિત પદાર્થ આપવા માટે સદાય સમર્થ રહે છે. તે કલ્પવૃક્ષ પુણ્યાત્મા પુરુષોને ઈચ્છિત ભોગ આપતા રહે છે, તેથી જાણકાર પુરુષોએ તેનું 'કલ્પવૃક્ષ' આ નામ સાર્થક જ કહ્યું છે. તે કલ્પવૃક્ષ દસ પ્રકારના છે : (૧) મદ્યાંગ, (૨) તૂર્યાંગ, (૩) ભૂષણાંગ, (૪) માલ્યાંગ, (૫) જ્યોતિરંગ, (૬) દીપાંગ, (૭) ગૃહાંગ, (૮) ભોજનાંગ, (૯) પાત્રાંગ (ભાજનાંગ) અને (૧૦) વસ્ત્રાંગ. આ બધા પોતાના નામ અનુસાર જ કાર્ય છે, તેથી તેમના નામ માત્ર કહી દીધા છે તથા અધિક વિસ્તાર સાથે તેમનું કથન નથી કર્યું. આ રીતે, ત્યાંના મનુષ્ય પોતાના પૂર્વપુણ્યના ઉદયથી ચિરકાળ સુધી ભોગોને ભોગવીને આયુષ્ય સમાપ્ત થતાં જ શરદઋતુના મેઘ સમાન વિલીન થઈ જાય છે. આયુષ્યના અંતમાં પુરુષને બગાસું આવે છે અને સ્ત્રીને છીંક—આટલાથી જ પુણ્યાત્મા પુરુષ પોતાનું શરીર છોડીને સ્વર્ગમાં ચાલ્યા જાય છે. તે સમયના મનુષ્ય સ્વભાવથી જ કોમળ પરિણામી હોય છે, તેથી તે ભદ્રપુરુષ મરીને સ્વર્ગમાં જ જાય છે. સ્વર્ગ સિવાય તેમની કોઈ ગતિ નથી હોતી. આ પ્રકારે, અવસર્પિણી કાળના પ્રથમ સુખમા-સુખમા નામક કાળનું થોડું વર્ણન કર્યું છે. અહીંની બીજી બધી જ વિધિ ઉત્તરકુરુ સમાન સમજવી જોઈએ.

## ૨. સુખમા કાળનું વર્ણન :—

ત્યારબાદ, જ્યારે ક્રમ-ક્રમથી પ્રથમ કાળ પૂર્ણ થયો અને કલ્પવૃક્ષ, મનુષ્યોનું બળ, આયુષ્ય તથા શરીરની ઊંચાઈ આદિ બધું ઘટવા લાગ્યું, તે સમયે ત્યારે 'સુખમા' નામના બીજા કાળની શરૂઆત થઈ. તેનો સમય ત્રણ ક્રોડાક્રોડી સાગર હતો. આ ભારતવર્ષમાં (ભરતક્ષેત્રમાં) તે સમયે કલ્પવૃક્ષો દ્વારા ઉત્કૃષ્ટ વિભૂતિને વિસ્તૃત કરતી મધ્યમ ભોગભૂમિની રચના થઈ. અહીંના મનુષ્ય દેવો સમાન કાંતિના ધારક હતા, તેમનું આયુષ્ય બે પલ્યનું હતું, તેમનું શરીર ચાર હજાર ધનુષ ઊંચું હતું તથા તેમની બધી જ ચેષ્ટાઓ શુભ હતી, તેના શરીરની કાંતિ ચંદ્રની કળાઓની સાથે સ્પર્ધા કરતી હતી અર્થાત્ તેનાથી પણ અધિક સુંદર હતી, તેમનું સ્મિત ઉજ્જ્વળ હતું, તેઓ બે

દિવસ પછી કલ્પવૃક્ષોથી પ્રાપ્ત થયેલા બહેડા બરાબર ઉત્તમ અન્ન ખાતા હતા. તે સમયે અહીંની શેષ બધી વ્યવસ્થા હરિક્ષેત્ર સમાન હતી.

## ૩. સુખમા-દુઃખમા કાળનું વર્ણન :—

પછી ક્રમથી જ્યારે બીજો કાળ પૂરો થઈ ગયો અને કલ્પવૃક્ષ તથા મનુષ્યોના બળ-વિક્રમ આદિ ઘટવા લાગ્યા ત્યારે જઘન્ય ભોગભૂમિની રચના પ્રગટ થઈ. તે સમયે ન્યાયવાન રાજા સમાન મર્યાદાનું ઉલ્લંઘન ન કરતો ત્રીજો સુખમા-દુઃખમા નામનો કાળ યથાક્રમથી પ્રવૃત્ત થયો. તેની સ્થિતિ બે ક્રોડાક્રોડી સાગરની હતી. તે સમયે આ ભારતવર્ષમાં મનુષ્યોનું આયુષ્ય એક પલ્યનું થઈ ગયું હતું. તેમના શરીર એક કોષ ઊંચા હતા, તેઓ પ્રિયંગુ સમાન શ્યામ વર્ણના હતા અને એક દિવસના આંતરામાં આમળા બરાબર ભોજન ગ્રહણ કરતાં હતા. આ પ્રકારે ક્રમ-ક્રમથી ત્રીજો કાળ વ્યતીત થવામાં પલ્યનો આઠમો ભાગ બાકી રહી ગયો ત્યારે કલ્પવૃક્ષોનું સામર્થ્ય ઘટી ગયું અને જ્યોતિરંગ જાતિના કલ્પવૃક્ષોનો પ્રકાશ અત્યંત મંદ થઈ ગયો હતો.

ત્યારબાદ, કોઈ એક સમયે અષાઢ સુદ પૂનમના દિવસે સંધ્યા સમયે આકાશના બંને ભાગમાં અર્થાત્ પૂર્વદિશામાં ઉદિત થતો ચમકતો ચંદ્ર અને પશ્ચિમમાં અસ્ત થતો સૂર્ય દેખાયો. તે સમયે એ સૂર્ય અને ચંદ્ર એવા શોભાયમાન થઈ રહ્યા હતા કે જાણે આકાશરૂપી સમુદ્રમાં સુવર્ણના બનેલા બે જહાજ જ હોય! અથવા આકાશરૂપી હાથીના ગંડસ્થળની સમીપ સિંદૂરથી બનેલા બે ગોળાકાર ચિહ્ન જ હોય! અથવા પૂર્ણિમારૂપી સ્ત્રીના બંને હાથોમાં રાખેલા રમવાના લાખનિર્મિત બે ગોળા જ હોય! અથવા આગળ આવવાવાળા દુઃખમા-સુખમા નામક કાળરૂપી નવીન રાજાના પ્રવેશ માટે જગતરૂપી ઘરના વિશાળ દરવાજા ઉપર રાખેલા બે સુવર્ણ કળશ જ હોય! અથવા તારારૂપી ફેન અને મંગળ, બુધ આદિ ગ્રહરૂપી મગરમચ્છોથી ભરેલા આકાશરૂપી સમુદ્રના મધ્યભાગમાં સુવર્ણના બે મનોહર જળક્રીડાગ્રહ જ બનેલા હોય! અથવા સદ્વ—ગોળાકાર( સદાચારી) અને અસંગ (પરિગ્રહરહિત) હોવાના કારણે સાધુસમૂહનું અનુકરણ કરી રહ્યા હોય! અથવા શીતકર—શીતળ કિરણોથી યુક્ત (અલ્પ કર લેવાવાળો) અને તીવ્રકર—ઉષ્ણ કિરણોથી યુક્ત (વધારે કર લેવાવાળો) હોવાના કારણે ક્રમથી ન્યાયી અને અન્યાયી રાજાનું અનુકરણ કરી રહ્યા હોય!

## કુલકરોની ઉત્પત્તિ

એ સમયે ત્યાં **'પ્રતિશ્રુતિ'** નામના પ્રસિદ્ધ કુલકર વિદ્યમાન હતા કે જે સૌથી વધારે તેજસ્વી અને પ્રજાજનોના નેત્ર સમાન શોભાયમાન હતા અર્થાત્ નેત્ર સમાન પ્રજાજનોને હિતકારી માર્ગ દેખાડતા હતા. જિનેન્દ્રદેવે તેમનું આયુષ્ય પલ્યના દશમા ભાગ પ્રમાણ અને ઊંચાઈ એક હજાર આઠસો ધનુષ કહી છે. તેમના મસ્તક પર પ્રકાશમાન મુકુટ શોભાયમાન થઈ રહ્યું હતું. કાનમાં સુવર્ણમય કુંડળ ચમકી રહ્યા હતા અને તે સ્વયં મેરુ પર્વત સમાન ઊંચા હતા, તેથી તેમના વક્ષઃસ્થળ પર પડેલો રત્નોનો હાર ઝરણા સમાન જણાતો હતો. તેમનું ઉન્નત અને શ્રેષ્ઠ શરીર વિવિધ પ્રકારના આભૂષણોની કાંતિના ભારથી અતિશય પ્રકાશમાન થઈ રહ્યું હતું. તેમણે પોતાના વધતા તેજથી સૂર્યને પણ તિરસ્કૃત કરી દીધો હતો. તેઓ ખૂબ જ ઊંચા હોવાથી એવા લાગતા હતા કે જાણે જગતરૂપી ઘરની ઊંચાઈ માપવા માટે ઊભું કરવામાં આવેલું માપદંડ જ હોય ! આ સિવાય તેઓ જન્માંતરના સંસ્કારથી પ્રાપ્ત થયેલા અવધિજ્ઞાનના પણ ધારક હતા, તેથી તેઓ જ બધામાં ઉત્કૃષ્ટ બુદ્ધિમાન ગણાતા હતા. તેઓ દેદીપ્યમાન દાંતોના કિરણોરૂપી જળથી દિશાઓનું વારંવાર પ્રક્ષાલન કરતાં જ્યારે પ્રજાને સંતુષ્ટ કરવાવાળા વચન બોલતા હતા ત્યારે એવા જણાતા હતા કે જાણે અમૃતનો રસ જ પ્રગટ કરી રહ્યા હોય ! પહેલાં ક્યારેય પણ ન દેખાવાવાળા સૂર્ય અને ચંદ્રને જોઈને ભયભીત થયેલા ભોગભૂમિજ મનુષ્યોને તેમણે તેનું નિમ્નલિખિત સ્વરૂપ જણાવીને ભયરહિત કર્યા હતા.

તેમણે કહ્યું કે હે ભદ્ર પુરુષો! તમને આ જે દેખાય છે તે સૂર્ય-ચંદ્ર નામના ગ્રહ છે, તે મહાકાંતિના ધારક છે તથા આકાશમાં સદાય ફરતા રહે છે. **(પૃથ્વી ફરતી નથી, ગ્રહો ફરે છે.)** અત્યાર સુધી તેમનો પ્રકાશ 'જ્યોતિરંગ' જાતિના કલ્પવૃક્ષોના પ્રકાશથી તિરોહિત રહેતો હતો, તેથી દેખાતા ન હતા; પરંતુ જોકે હવે કાળદોષને વશ જ્યોતિરંગ જાતિના કલ્પવૃક્ષોનો પ્રભાવ ઓછો થઈ ગયો છે, તેથી દેખાવા લાગ્યા છે. એનાથી તમને લોકોને કોઈ ભય નથી, તેથી તમે ડરો નહીં. પ્રતિશ્રુતિના આ વચનોથી તેમને ઘણું આશ્વાસન મળ્યું. ત્યારબાદ, પ્રતિશ્રુતિએ આ ભરતક્ષેત્રમાં થવાવાળી વ્યવસ્થાઓનું નિરૂપણ કર્યું. 'આ ધીરવીર પ્રતિશ્રુતિએ અમારા વચન સાંભળ્યા' તેથી પ્રસન્ન થઈને એ ભોગભૂમિજોએ 'પ્રતિશ્રુતિ' નામથી જ સ્તુતિ કરી અને કહ્યું કે ''અહો મહાભાગ! અહો

બુદ્ધિમાન! આપ ચિરંજીવ રહો તથા અમારા ઉપર પ્રસન્ન થાઓ કારણ કે આપે અમારું દુઃખરૂપી સમુદ્રમાં નૌકારૂપી કામ કર્યું છે અર્થાત્ હિતનો ઉપદેશ આપીને અમને દુઃખરૂપી સમુદ્રમાંથી બહાર કાઢ્યા છે.'' આ પ્રકારે પ્રતિશ્રુતિનું સ્તવન તથા વારંવાર સત્કાર કરીને તે બધા આર્ય તેમની આજ્ઞાનુસાર પોતપોતાની સ્ત્રીઓની સાથે પોતપોતાના ઘરે ચાલ્યા ગયા.



ત્યારબાદ, ક્રમક્રમથી સમય વ્યતીત થતા તથા પ્રતિશ્રુતિના સ્વર્ગવાસ બાદ અસંખ્યાત કરોડ વર્ષનો મન્વંતર (એક કુલકર પછી બીજા કુલકર ઉત્પન્ન થવા સુધીનું વચ્ચેનું અંતર) વ્યતીત થઈ ગયો. ત્યારે સમીચીન બુદ્ધિના ધારક **'સન્મતિ'** નામના દ્વિતીય કુલકરનો જન્મ થયો. તેમના વસ્ત્ર ખૂબ જ શોભાયમાન થતા હતા તથા તેઓ સ્વયં ખૂબ જ ઊંચા હતા, તેથી હરતા-ફરતા કલ્પવૃક્ષ સમાન લાગતા હતા. તેમના કેશ ખૂબ જ સુંદર હતા, તેઓ પોતાના મસ્તક પર મુકુટ બાંધેલા હતા, કાનમાં કુંડળ પહેરેલાં હતા, તેમનું વક્ષઃસ્થળ હારથી સુશોભિત હતું—આ બધા કારણોથી તેઓ અત્યંત શોભાયમાન થઈ રહ્યા હતા. તેમનું આયુષ્ય 'અમમ' બરાબર સંખ્યાત વર્ષ હતું તથા શરીરની ઊંચાઈ એક હજાર ત્રણ સો ધનુષ હતી.

તેમના સમયે જ્યોતિરંગ જાતિના કલ્પવૃક્ષોની પ્રભા ખૂબ જ મંદ થઈ ગઈ હતી તથા તેનું તેજ બુઝાતા દીપક સમાન નષ્ટ થવા સન્મુખ હતું. એક દિવસ રાત્રિના સમયે શરૂઆતમાં જ્યારે થોડો અંધકાર હતો ત્યારે તારાગણ આકાશરૂપી આંગણને વ્યાપ્ત કરીને સર્વ તરફ પ્રકાશમાન થવા લાગ્યા. એ સમયે અકસ્માત તારાઓને જોઈ ભોગભૂમિજ મનુષ્ય અત્યંત ભ્રમમાં પડી ગયા અથવા અત્યંત વ્યાકુળ થઈ ગયા. તેમને ભયે એટલા કંપાયમાન કરી દીધા હતા કે જેટલા પ્રાણીઓની હિંસા મુનિજનોને કંપાયમાન કરી દે છે. સન્મતિ કુલકરે ક્ષણવાર વિચાર કરીને એ આર્ય પુરુષોને કહ્યું કે ''હે ભદ્ર પુરુષો! આ કોઈ ઉત્પાત નથી, તેથી તમે વ્યર્થ જ ભયને વશ ન થાઓ. આ 'તારાઓ' છે, આ નક્ષત્રોના સમૂહ છે, આ સદાય પ્રકાશમાન રહેવાવાળા સૂર્ય-ચંદ્ર આદિ ગ્રહ છે અને આ તારાઓથી ભરાયેલું આકાશ છે. આ જ્યોતિષચક્ર સર્વદા આકાશમાં વિદ્યમાન રહે છે, અત્યારથી પહેલાં પણ વિદ્યમાન હતું, પરંતુ 'જ્યોતિરંગ' જાતિના કલ્પવૃક્ષોના પ્રકાશથી તિરોભૂત હતા. હવે તે વૃક્ષોની પ્રભા ક્ષીણ થઈ ગઈ છે, તેથી સ્પષ્ટ દેખાવા લાગ્યા છે. આજથી સૂર્ય, ચંદ્ર, તારા આદિનો ઉદય અને અસ્ત થતો રહેશે અને તેનાથી

દિવસ-રાતનો વિભાગ થતો રહેશે.'' એ બુદ્ધિમાન સન્મતિએ સૂર્યગ્રહણ, ચંદ્રગ્રહણ, ગ્રહોનું એક રાશિમાંથી બીજી રાશી ઉપર જવું, દિવસ અને અયન આદિનું સંક્રમણ બતાવતા જ્યોતિષવિદ્યાના મૂળ કારણોનો પણ ઉલ્લેખ કર્યો હતો, એ આર્ય લોકો પણ તેમના વચન સાંભળીને શીઘ્ર જ ભયરહિત થઈ ગયા. વાસ્તવમાં એ સન્મતિ પ્રજાનું ઉપકાર કરવાવાળી કોઈ સર્વશ્રેષ્ઠ જ્યોતિ જ હતા. ''સમીચીન બુદ્ધિના આપવાવાળા આ સન્મતિ અમારા સ્વામી હો!''—આ પ્રકારે તેમની પ્રશંસા અને પૂજા કરીને એ આર્ય પુરુષ પોતપોતાના સ્થાને ચાલ્યા ગયા.

ત્યારબાદ, અસંખ્યાત કરોડ વર્ષનો અંતરાલ કાળ વ્યતીત થતા આ ભરતક્ષેત્રમાં **'ક્ષેમંકર'** નામના ત્રીજા મનુ(કુલકર) થયા. તેમની ભૂજાઓ યુગ સમાન લાંબી હતી, શરીર ઊંચું હતું, વક્ષઃસ્થળ વિશાળ હતું, આભા ચમકી રહી હતી તથા મસ્તક મુકુટથી શોભાયમાન હતું— આ બધા કારણોથી તેઓ એક પર્વતથી પણ વધારે શોભાયમાન થઈ રહ્યા હતા. આ મહાપ્રતાપી મનુનું 'અટટ' બરાબર આયુષ્ય હતું અને શરીરની ઊંચાઈ આઠસો ધનુષ હતી. પહેલાં જે પશુ, સિંહ, વ્યાઘ્ર આદિ ભદ્રપરિણામી હતા કે જેનું લાલન-પાલન પ્રજા પોતાના હાથે જ કર્યા કરતી હતી, તે હવે આ સમયે વિકારી થવા લાગ્યા અર્થાત્ મોઢું ફાડવા લાગ્યા અને ભયંકર શબ્દ કરવા લાગ્યા. તેની આ ભયંકર ગર્જના સાથે મળેલા વિકારી ભાવને જોઈને પ્રજા ડરવા લાગી તથા વિના કોઈ આશ્ચર્યથી નિશ્ચળ બેઠેલા ક્ષેમંકર મનુ પાસે જઈને તેમને પૂછવા લાગ્યા, ''હે દેવ! સિંહ, વ્યાઘ્ર આદિ જે પશુ પહેલાં ખૂબ જ શાંત હતા અને જે અત્યંત સ્વાદિષ્ટ ઘાસ ખાતા હતા અને તળાવનું રસાયણ સમાન રસીલું પાણી પીને પુષ્ટ થતા હતા તથા જેને અમે અમારા ખોળામાં બેસાડીને અમારા હાથથી ખવડાવતા હતા, જેના ઉપર અમે અત્યંત વિશ્વાસ કરતાં હતા અને જે વિના કોઈ ઉપદ્રવથી અમારી સાથે-સાથે રહ્યા કરતાં હતા, આજે તેઓ વિના કોઈ કારણોથી જ પોતાના સિંગથી અમને મારે છે, દાઢ અને નખથી અમને વિદારવા ઈચ્છે છે અને અત્યંત ભયંકર દેખાય છે. હે મહાભાગ! આપ અમારું કલ્યાણ કરવાવાળો કોઈ ઉપાય બતાવો. કારણ કે આપ સકળ સંસારનું કલ્યાણ વિચારતા રહો છો, તેથી તમે સાચા ક્ષેમંકર છો.'' આ પ્રકારે એ આર્યોના વચન સાંભળીને ક્ષેમંકર મનુને પણ તેમનાથી મિત્રભાવ ઉત્પન્ન થઈ ગયો અને તેઓ કહેવા લાગ્યા કે ''તમારું કહેવું બરાબર છે. આ પશુઓ પહેલાં વાસ્તવમાં શાંત હતા, પણ હવે ભયંકર થઈ ગયા છે, તેથી તેને છોડી દેવા જોઈએ. તેઓ કાળદોષથી વિકારને પ્રાપ્ત થયા

છે, હવે તેનો વિશ્વાસ ન કરવો જોઈએ. જો તમે તેની ઉપેક્ષા કરશો તો તેઓ અવશ્ય તમને નુકશાન કરશે''. ક્ષેમંકરના ઉક્ત વચન સાંભળીને તેઓએ શીંગ અને દાઢવાળા પશુઓનો સાથ છોડી દીધો અને ફક્ત નિરુપદ્રવી ગાય, ભેંસ આદિ પશુઓની સાથે રહેવા લાગ્યા. ક્રમ-ક્રમથી સમય વ્યતીત થતા ક્ષેમંકર મનુનું આયુષ્ય પૂર્ણ થઈ ગયું.

ત્યારબાદ, જ્યારે અસંખ્યાત કરોડ વર્ષનો મન્વંતર વ્યતીત થઈ ગયો ત્યારે ઊંચા શરીરના ધારક, દોષોનો નિગ્રહ કરવાવાળા અને સજ્જનોમાં અગ્રસર **'ક્ષેમંધર'** નામના ચોથા મનુ થયા. એ મહાત્માનું આયુષ્ય 'તુટિક' પ્રમાણ હતું અને શરીરની ઊંચાઈ સાતસો પંચોતેર ધનુષ હતી. એમના સમયમાં જ્યારે સિંહ, વ્યાઘ્ર આદિ દુષ્ટ પશુ અતિશય પ્રબળ અને ક્રોધી થઈ ગયા ત્યારે તેમણે લાકડી આદિ ઉપાયો દ્વારા તેમનાથી બચવાનો ઉપદેશ આપ્યો, કારણ કે તેમણે દુષ્ટ જીવોથી રક્ષા કરવાના ઉપાયનો ઉપદેશ આપીને પ્રજાનું કલ્યાણ કર્યું હતું તેથી તેમનું 'ક્ષેમંધર' આ સાર્થક નામ પ્રસિદ્ધ થયું હતું.

તેમની પછી પહેલાંની જેમ અસંખ્યાત કરોડ વર્ષનો મન્વંતર પડ્યો. પછી ક્રમથી પ્રજાના પુણ્યોદયથી **'સીમંકર'** નામના પાંચમાં કુલકર ઉત્પન્ન થયા. તેમનું શરીર ચિત્ર-વિચિત્ર વસ્ત્રો તથા માળા આદિથી શોભાયમાન હતું. જેવી રીતે ઇન્દ્ર સ્વર્ગની લક્ષ્મીનો ભોગ કરે છે, તેવી જ રીતે તેઓ પણ અનેક પ્રકારની ભોગ-લક્ષ્મીનો ઉપભોગ કરતાં હતા. મહાબુદ્ધિમાન આચાર્યોએ એમનું આયુષ્ય 'કમલ' પ્રમાણ વર્ષ કહ્યું છે તથા ઊંચાઈ સાતસો પચાસ ધનુષ હતી. તેમના સમયમાં જ્યારે કલ્પવૃક્ષ અલ્પ રહી ગયા તથા અલ્પફળ આપવા લાગ્યા તથા આ કારણથી લોકોમાં વિષાદ થવા લાગ્યો ત્યારે સીમંકર મનુએ વિચારીને કલ્પવૃક્ષની સીમા નક્કી કરી દીધી અર્થાત્ એ પ્રકારની વ્યવસ્થા કરી દીધી કે આ જગ્યાના કલ્પવૃક્ષોથી આટલા લોકો કામ ચલાવે અને બીજી જગ્યાના કલ્પવૃક્ષોથી બીજા લોકો કામ ચલાવે. પ્રજાએ આ વ્યવસ્થાથી જ એ મનુનું નામ 'સીમંકર' રાખી દીધું.

ત્યારબાદ, પહેલાંની જેમ મન્વંતર વ્યતીત થતા **'સીમંધર'** નામના છઠ્ઠા મનુ ઉત્પન્ન થયા. તેમની બુદ્ધિ ખૂબ જ પવિત્ર હતી. તેઓ 'નલીન' પ્રમાણ વર્ષના આયુષ્યના ધારક હતા, તેમના મુખ અને કમળની કાંતિ કમળ સમાન હતી તથા શરીરની ઊંચાઈ સાતસો પચીસ ધનુષ હતી. તેમના સમયમાં જ્યારે કલ્પવૃક્ષ અત્યંત થોડા રહી

ગયા તથા ફળ પણ ખૂબ અલ્પ આપવા લાગ્યા તથા તે કારણથી જ્યારે લોકોમાં ખૂબ જ કલહ થવા લાગ્યો, કલહ નહીં પણ એકબીજાના વાળ પકડી-પકડીને મારવા લાગ્યા, ત્યારે તે સીમંધર મનુએ કલ્યાણની સ્થાપનાની ભાવનાથી એ કલ્પવૃક્ષોની સીમાઓને અન્ય અનેક વૃક્ષ તથા નાની-નાની ઝાડીઓથી ચિહ્નિત—સિંચિત કરી દીધા હતા.

ત્યારબાદ, ફરી અસંખ્યાત કરોડ વર્ષોનો અંતર પડ્યો અને કલ્પવૃક્ષોની શક્તિ આદિ બધી જ ઉત્તમ વસ્તુઓમાં ક્રમ-ક્રમથી ઘટાડો થવા લાગ્યો, ત્યારે મન્વંતરને વ્યતીત કર્યા બાદ **'વિપુલવાહન'** નામના સાતમા મનુ ઉત્પન્ન થયા. એમનું શરીર ભોગલક્ષ્મીથી આલિંગીત હતું. તેમનું આયુષ્ય 'પદ્મ' પ્રમાણ વર્ષનું હતું તથા શરીર સાતસો ધનુષ ઊંચું અને લક્ષ્મીથી વિભૂષિત હતું. તેમણે હાથી, ઘોડા આદિ સવારી યોગ્ય પશુઓ ઉપર કુથાર, અંકુશ, પલાન, તોબરા આદિ લગાવીને સવારી કરવાનો ઉપદેશ આપ્યો હતો.

ત્યારબાદ, અસંખ્યાત કરોડ વર્ષનો અંતરાલ ગયા પછી **'ચક્ષુષ્માન'** નામના આઠમા મનુ ઉત્પન્ન થયા. તેઓ 'પદ્માંગ' પ્રમાણ વર્ષ આયુષ્યના ધારક હતા તથા છસો પંચોતેર ધનુષ ઊંચા હતા. એમના શરીરની શોભા ખૂબ જ સુંદર હતી. તેમના સમયની પહેલાંના લોકો પોતાના સંતાનોનું મોઢું જોઈ શકતા ન હતા, સંતાનની ઉત્પત્તિ થતા જ માતા-પિતાનું મૃત્યુ થઈ જતું હતું; પરંતુ હવે તેઓ ક્ષણવાર સંતાનોનું મોઢું જોઈને મરવા લાગ્યા. તેમના માટે આ નવીન વાત હતી, તેથી ભયનું કારણ થયું. એ સમયે ભયભીત થયેલા આર્ય પુરુષોને 'ચક્ષુષ્માન' મનુએ યથાર્થ ઉપદેશ આપીને તેમનો ભય છોડાવ્યો હતો, કારણ કે તે મનુના સમયમાં માતા-પિતા પોતાના સંતાનોને ક્ષણવાર જોઈ શકતા હતા, તેથી તેમનું 'ચક્ષુષ્માન' એ સાર્થક નામ પ્રસિદ્ધ થયું.

ત્યારબાદ, કરોડો વર્ષોનું અંતર વ્યતીત થતા **'યશસ્વાન'** નામના નવમા મનુ થયા. તેઓ ખૂબ જ યશસ્વી હતા. એ મહાપુરુષનું આયુષ્ય 'કુમુદ' પ્રમાણ વર્ષનું હતું. તેમના શરીરની ઊંચાઈ છસો પચાસ ધનુષ હતી. તેમના સમયમાં પ્રજા પોતાના સંતાનોનું મોઢું જોવાની સાથે સાથે તેમને આશીર્વાદ આપીને તથા ક્ષણવાર જીવીને પછી મૃત્યુ પામતા હતા. યશસ્વાન મનુના ઉપદેશથી પ્રજા પોતાના સંતાનોને આશીર્વાદ આપતા હતા, તેથી ઉત્તમ સંતાનવાળી પ્રજાએ પ્રસન્ન થઈને તેમનું યશોગાન કર્યું જેથી તેમનું 'યશસ્વાન્' એ સાર્થક નામ પડ્યું હતું.

તેમના પછી કરોડો વર્ષ વ્યતીત થતા **'અભિચંદ્ર'** નામના દશમા મનુ ઉત્પન્ન થયા. તેમનું મુખ ચંદ્રમા સમાન સૌમ્ય હતું, તેમનું આયુષ્ય 'કુમુદાંગ' પ્રમાણ વર્ષ હતું. તેમનું મુકુટ અને કુંડળ અતિશય દેદીપ્યમાન હતું. તેઓ છસો પચીસ ધનુષ ઊંચા હતા તથા દેદીપ્યમાન શરીરના ધારક હતા. તેઓ યથાયોગ્ય અવયવોમાં અનેક પ્રકારના આભૂષણરૂપ મંજરીઓ ધારણ કરતાં હતા. તેમનું શરીર મહાકાંતિમાન હતું તથા સ્વયં પુણ્યના ફળથી શોભાયમાન હતા તેથી ફળદ્રુપ તથા ઊંચા કલ્પવૃક્ષ સમાન શોભાયમાન થતા હતા. એ સમયે પ્રજા પોતાના સંતાનોનું મુખ જોવા લાગી હતી, તેને આશીર્વાદ આપવા લાગી હતી તથા રાતના સમયે પ્રજાએ તે મનુના ઉપદેશથી ચંદ્રની સામે ઊભા રહીને પોતાના સંતાનોને રમાડ્યા હતા, તેથી તેમનું નામ 'અભિચંદ્ર' એ સાર્થક નામ પ્રસિદ્ધ થયું હતું.

ત્યારબાદ, ફરી કરોડો વર્ષનું અંતર વ્યતીત થતા **'ચન્દ્રાભ'** નામના અગિયારમાં મનુ થયા. તેમનું મુખ ચંદ્ર સમાન હતું. તેઓ સમયની ગતિવિધિના જ્ઞાતા હતા. તેમનું આયુષ્ય 'નયુત'[1] પ્રમાણ વર્ષનું હતું. તેઓ અનેક શોભાયમાન સામુદ્રિક લક્ષણોથી ઉજ્જ્વળ હતા. તેમનું શરીર છસો ધનુષ ઊંચું હતું તથા ઉદય થતા સૂર્ય સમાન દેદીપ્યમાન હતું. તેઓ સમસ્ત કળાઓ—વિદ્યાઓને ધારણ કરીને જ ઉત્પન્ન થયા હતા, જનતાને ખૂબ જ પ્રિય હતા તથા પોતાના મંદ સ્મિતથી બધાને આહ્લાદિત કરતાં હતા, તેથી ઉદિત થતા જ સોળ કળાઓને ધારણ કરવાવાળા લોકપ્રિય અને ચંદ્રિકાથી યુક્ત ચંદ્ર સમાન શોભાયમાન થતા હતા. તેમના સમયમાં પ્રજાજન પોતાના સંતાનોને આશીર્વાદ આપીને અત્યંત પ્રસન્ન તો થતા જ હતા, પરંતુ કેટલાક દિવસો સુધી તેમની સાથે જીવિત પણ રહેવા લાગ્યા હતા અને પછી સુખપૂર્વક સ્વર્ગલોકને પ્રાપ્ત કરતાં હતા. તેમણે ચંદ્ર સમાન બધા જીવોને આહ્લાદિત કર્યા હતા, તેથી તેમનું 'ચંદ્રાભ' આ સાર્થક નામ પ્રસિદ્ધ હતું.

ત્યારબાદ, યોગ્ય અંતર વ્યતીત કરીને પ્રજાના નેત્રોને આનંદ આપવાવાળા, મનોહર શરીરના ધારક **'મરુદેવ'** નામના બારમા મનુ ઉત્પન્ન થયા. તેમના શરીરની ઊંચાઈ પાંચસો પંચોતેર ધનુષ હતી. તેમનું આયુષ્ય 'નયુતાંગ' પ્રમાણ વર્ષ હતું. તેઓ સૂર્ય સમાન દિવ્ય હતા અથવા તેઓ સ્વયં જ એક વિલક્ષણ સૂર્ય હતા, કારણ

૧. नयुत = विंशतिशून्याग्रं षट्भ्रमितचतुरशीति संगुणनं नयुतवर्ष प्रमाणम् ।।

કે સૂર્ય સમાન તેજસ્વી હોવા છતાં પણ લોકો તેમને સુખપૂર્વક જોઈ શકતા હતા, જ્યારે સૂર્યના પ્રકાશને કારણે સૂર્યને કોઈ જોઈ શકતું નથી. સૂર્ય સમાન ઉદય થવા છતાં પણ તેનો ક્યારે પણ અસ્ત થતો ન હતો અર્થાત્ તેમનો ક્યારેય પણ પરાભવ થતો ન હતો, જ્યારે સૂર્ય તો અસ્ત થઈ જાય છે. જમીનમાં સ્થિત રહેવા છતાં પણ તેઓ આકાશને પ્રકાશિત કરતાં હતા, જ્યારે સૂર્ય તો આકાશમાં રહીને જ તેને પ્રકાશિત કરતો હતો. તેમના સમયમાં પ્રજા પોતાના સંતાનોની સાથે ઘણા દિવસો સુધી જીવિત રહેવા લાગ્યા હતા તથા તેમનું મુખ જોઈને અને શરીરને સ્પર્શ કરીને સુખી થતાં હતા. તે મરુદેવ જ ત્યાંના લોકોના પ્રાણ હતા કારણ કે એમનું જીવન મરુદેવને જ આધીન હતું અથવા તો એમ સમજો કે તેઓ તેમના દ્વારા જ જીવીત રહેતા હતા, તેથી પ્રજાએ તેમનું 'મરુદેવ' એ સાર્થક નામ રાખ્યું હતું. આ મરુદેવે જ એ સમયે જળરૂપ દુર્ગમ સ્થાનોમાં ગમન કરવા માટે નાની-મોટી નૌકા ચલાવવાનો ઉપદેશ આપ્યો હતો તથા પહાડરૂપ દુર્ગમ સ્થાનોમાં જવા માટે સીડી બનાવડાવી હતી. તેમના સમયમાં જ અનેક નાના-નાના પહાડ, ઉપસમુદ્ર તથા નાની-નાની નદીઓ ઉત્પન્ન થઈ હતી તથા નીચ રાજાઓ સમાન અસ્થિર રહેવાવાળા મેઘ પણ ગમે ત્યારે વરસવા લાગ્યા હતા.

ત્યારબાદ, સમય વ્યતીત થતા જ્યારે કર્મભૂમિની સ્થિતિ ધીરે-ધીરે નજીક આવી રહી હતી અર્થાત્ કર્મભૂમિની રચના થવા માટે જયારે થોડો જ સમય બાકી રહી ગયો હતો, ત્યારે ખૂબ જ પ્રભાવશાળી **'પ્રસેનજિત'** નામના તેરમા કુલકર ઉત્પન્ન થયા. તેમનું આયુષ્ય એક 'પર્વ'[1] પ્રમાણ હતું. અને શરીરની ઊંચાઈ પાંચસો પચાસ ધનુષ હતી. તે પ્રસેનજિત મહારાજ માર્ગ પ્રદર્શન કરવા માટે પ્રજાના ત્રીજા નેત્ર સમાન હતા. અજ્ઞાનરૂપી દોષોથી રહિત હતા અને ઉદય થતા જ પદ્મા-લક્ષ્મીના કરગ્રહણથી અતિશય શોભાયમાન હતા. આ બધા કારણોથી તેઓ સૂર્ય સમાન જણાતા હતા કારણ કે સૂર્ય પણ માર્ગ દેખાડવા માટે ત્રીજા નેત્ર સમાન હોય છે, અંધકારથી રહિત હોય છે તથા ઉદય થતા જ કમળોના સમૂહને આનંદિત કરે છે. એમના સમયમાં બાળકોની ઉત્પત્તિ જરાયુથી લપેટાયેલી થવા લાગી અર્થાત્ ઉત્પન્ન થયેલા બાળકોના શરીર પર માંસની એક પાતળી થેલી રહેવા લાગી. તેમણે પોતાની પ્રજાને એ જરાયુ ખેંચવાનો અથવા ફાડવાનો ઉપદેશ આપ્યો હતો. મનુષ્યોના શરીર ઉપર જે આવરણ

૧. પર્વ—દે-ગણિત/૧/૧ : સમયનું એક પ્રમાણ વિશેષ. પૃ. ૫૦, જૈ.સિ. ૩:

હોય છે તેને 'જરાયુપટલ' અથવા 'પ્રસેન' કહે છે. તેરમા મનુએ તેને જીતવાનો–દૂર કરવાનો ઉપદેશ આપ્યો હતો, તેથી તેઓ 'પ્રસેનજિત' કહેવાતા હતા. 'પ્રસા' શબ્દનો અર્થ 'જન્મ લેવો' થાય છે તથા 'ઈન' શબ્દનો અર્થ 'સ્વામી' થાય છે. જરાયુ ઉત્પત્તિને રોકી લે છે, તેથી તેને જ પ્રસેન–જન્મનો સ્વામી કહે છે. તેમણે તે પ્રસેન (પ્રસા+ઈન=પ્રસેન)ને નષ્ટ કરવાનો અથવા દૂર કરવાનો ઉપાય બતાવ્યો હતો, તેથી તેમનું નામ 'પ્રસેનજિત' પડ્યું હતું.

તેમના પછી જ **'નાભિરાય'** નામના (ચૌદમા) કુલકર થયા હતા કે જે મહાબુદ્ધિમાન હતા. એમના પૂર્વવર્તી યુગશ્રેષ્ઠ કુલકરોએ જે લોકવ્યવસ્થાના ભારને ધારણ કર્યો હતો, તેઓ પણ તે સારી રીતે ધારણ કરતાં હતા. તેમનું આયુષ્ય એક કરોડ પૂર્વનું હતું તથા શરીરની ઊંચાઈ પાંચસો પચીસ ધનુષ હતી. તેમનું મસ્તક મુકુટથી શોભાયમાન હતું અને બંને કાન કુંડળોથી અલંકૃત હતા, તેથી તે નાભિરાજ એ મેરુ પર્વત સમાન શોભાયમાન થઈ રહ્યા હતા કે જેનો ઉપરી ભાગ બંને તરફ ફરતા સૂર્ય અને ચંદ્ર સમાન શોભાયમાન થઈ રહ્યો હતો. તેમનું મુખ કમળ પોતાના સૌંદર્યથી ગર્વપૂર્વક પૂર્ણમાસીના ચંદ્રનો તિરસ્કાર કરી રહ્યું હતું તથા મંદ હાસ્યથી દાંતના જે કિરણો નીકળી રહ્યા હતા તે તેમાં કેસરની જેમ શોભાયમાન થઈ રહ્યા હતા. જેવી રીતે હિમવાન પર્વત ગંગાના જળપ્રવાહથી યુકત પોતાના તટને ધારણ કરે છે, તેવી જ રીતે નાભિરાજ અનેક આભરણોથી ઉજ્જ્વળ અને રત્નહારથી ભૂષિત પોતાના વક્ષઃસ્થળને ધારણ કરી રહ્યા હતા. તેઓ ઉત્તમ આંગળીઓ અને હથેળીઓથી યુક્ત જે બે ભૂજાઓને ધારણ કરી રહ્યા હતા, તે ઉપર તરફ ફણ ઊઠાવેલા સર્પ સમાન શોભાયમાન થઈ રહ્યા હતા તથા બાજુબંધથી સુશોભિત તેમના બંને ખભા એવા લાગતા હતા કે જાણે સર્પસહિત નિધિઓના બે ઘડા જ હોય ! તે નાભિરાજ જે કટિભાગને ધારણ કરી રહ્યા હતા તે અત્યંત સુદૃઢ અને સ્થિર હતો, તેમનું અસ્થિબંધન વજ્રમય હતું તથા તેમની પાસે જ સુંદર નાભિ શોભાયમાન થઈ રહી હતી. તે કટિભાગને ધારણ કરીને તેઓ એવા લાગતા હતા કે જાણે મધ્યલોકને ધારણ કરી ઉર્ધ્વ અને અધોભાગમાં વિસ્તારને પ્રાપ્ત થયેલો લોકનો સ્કંધ જ હોય ! તેઓ કરધનીથી (કંદોરાથી) શોભાયમાન કમરને ધારણ કરી રહ્યા એવા જણાતા હતા કે જાણે બધી તરફ ફેલાયેલા રત્નોથી યુક્ત રત્નદ્વીપને ધારણ કરેલો સમુદ્ર જ હોય! તેઓ વજ્ર સમાન મજબૂત, ગોળાકાર અને એકબીજાથી લાગેલી જે જાંઘને ધારણ કરી રહ્યા હતા

તે એવી લાગતી હતી કે જાણે જગતરૂપી ઘરની અંદર લાગેલા બે મજબૂત સ્તંભ જ હોય! તેમના શરીરનો ઊર્ધ્વભાગ વક્ષઃસ્થળરૂપી શિલાથી યુક્ત હોવાના કારણે અત્યંત વજનદાર હતો, જાણે કે આમ સમજીને જ બ્રહ્માએ તેને નિશ્ચળરૂપથી ધારણ કરવા માટે તેમના ઉર (ગોઠણથી ઉપરનો ભાગ) સહિત જાંઘને ખૂબ જ મજબૂત બનાવી હતી. તેઓ જે ચરણતળને ધારણ કરેલા હતા તે ચંદ્ર, સૂર્ય, નદી, સમુદ્ર, મચ્છ, કચ્છપ આદિ અનેક શુભ લક્ષણોથી સહિત હતા જેથી એવા લાગતા હતા કે જાણે તે ચર-અચરરૂપ સર્વ જગત તેમની સેવા કરવા માટે તેમના આશ્રયમાં આવી પડ્યા હોય. આ પ્રકારે, સ્વાભાવિક મધુરતા અને સુંદરતાથી બનેલું નાભિરાજનું જેવું શરીર હતું, હું માનું છું કે એવું શરીર દેવોના અધિપતિ ઈન્દ્રને પણ મળવું કઠણ છે.

તેમના સમયમાં ઉત્પન્ન થતા સમયે બાળકની નાભિમાં નાળ દેખાવા લાગી હતી અને નાભિરાજાએ તે કાપવાની આજ્ઞા આપી હતી, તેથી તેમનું 'નાભિ' એ સાર્થક નામ પડી ગયું હતું. તેમના જ સમયે આકાશમાં થોડી સફેદી સહિત કાળા રંગના સઘન મેઘ પ્રગટ થયા હતા. એ મેઘ ઈન્દ્રધનુષસહિત હતા. એ સમયે કાળના પ્રભાવથી પુદ્ગલ પરમાણુઓમાં મેઘ બનવાનું સામર્થ્ય ઉત્પન્ન થઈ ગયું હતું, તેથી સૂક્ષ્મ પુદ્ગલો દ્વારા બનેલા મેઘના સમૂહ છિદ્રરહિત લગાતાર સમસ્ત આકાશને ઘેરીને જ્યાં ત્યાં ફેલાઈ ગયા હતા. એ મેઘ વિજળીથી યુક્ત હતા, ગંભીર ગર્જના કરી રહ્યા હતા અને પાણી વરસાવી રહ્યા હતા, જેથી એવા શોભાયમાન થઈ રહ્યા હતા કે જાણે સુવર્ણની માળાઓથી સહિત મદ વરસાવવાવાળા અને ગર્જના કરતાં હાથી જ હોય! એ સમયે મેઘની ગંભીર ગર્જનાથી નીકળેલો અવાજ પહાડોથી ભટકાઈને નીકળતો પ્રતિધ્વનિ એવો લાગતો હતો જાણે કે તે પર્વતની દીવાલો ગુસ્સે થઈને પ્રતિધ્વનિના બહાને આક્રોશ-વચન જ કહી રહી હોય! એ સમયે મેઘમાળા દ્વારા વરસાવેલા જલકણોને ધારણ કરવાવાળો ઠંડો પવન મયૂરોની પાંખને ફેલાવતો વહી રહ્યો હતો. આકાશમાં વાદળાઓનું આગમન જોઈને હર્ષિત થયેલા ચાતક પક્ષી મનોહર શબ્દ બોલવા લાગ્યા અને મોરના સમૂહ અકસ્માત તાંડવ નૃત્ય કરવા લાગ્યા. એ સમયે ધારાપ્રવાહ વરસાવતા મેઘના સમૂહ એવા લાગતા હતા કે જાણે જેમાંથી ધાતુઓના નિર્ઝર નીકળી રહ્યા હોય એવા પર્વતોનો અભિષેક કરવા માટે તત્પર થયા હોય!

પહાડો ઉપર ક્યાંક ક્યાંક ગેરુના રંગથી લાલ થયેલું નદીઓનું જે પૂર ઘણા વેગથી વહી રહ્યું હતું તે એવું

લાગતું હતું કે જાણે મેઘના પ્રહારથી નીકળેલા પહાડના રક્તનો પ્રવાહ હોય! એ વાદળા ગરજતા મોટી ધારથી વરસી રહ્યા હતા કે જેથી એવું લાગતું હતું કે જાણે કલ્પવૃક્ષોનો ક્ષય થઈ જવાથી શોકથી પીડિત થઈ રૂદન કરી રહ્યા હોય! વાયુના આઘાતથી એ વાદળોમાંથી એવો ગંભીર અવાજ થઈ રહ્યો હતો કે જાણે વગાડવાવાળાના હાથના મારથી મૃદંગનો જ અવાજ હોય! એ જ સમયે આકાશમાં વિજળી ચમકી રહી હતી કે જેથી એવું લાગતું હતું કે જાણે આકાશરૂપી રંગભૂમિમાં અનેક રૂપ ધારણ કરતી તથા ક્ષણ-ક્ષણમાં અહીં તહીં પોતાનું શરીર ફેરવતી કોઈ નટી નૃત્ય કરી રહી હોય! એ સમયે ચાતક પક્ષી બાળકો સમાન આચરણ કરી રહ્યા હતા, કારણ કે જેવી રીતે બાળક માતાના સ્તનમાં આસક્ત હોય છે, તેવી જ રીતે ચાતક પક્ષી પણ પયોધર—મેઘમાં આસક્ત હતા; બાળક જેવી રીતે મુશ્કેલીથી પ્રાપ્ત થયેલા દૂધને પીતા તૃપ્ત નથી થતા, તેવી જ રીતે ચાતક પક્ષી પણ મુશ્કેલીથી પ્રાપ્ત થયેલા જળને પીતા તૃપ્ત થતા ન હતા અને બાળક જેવી રીતે માતાથી પ્રેમ રાખે છે, તેવી જ રીતે ચાતક પક્ષી પણ મેઘથી પ્રેમ રાખે છે; અથવા તે વાદળા પામર મનુષ્ય સમાન આચરણ કરતાં હતા કારણ કે જેવી રીતે પામર મનુષ્ય સ્ત્રીમાં આસક્ત હોય છે, તેવી જ રીતે તે વાદળા પણ વિજળીરૂપી સ્ત્રીમાં આસક્ત હતા; પામર મનુષ્ય જેવી રીતે ખેતીને યોગ્ય વર્ષાકાળની અપેક્ષા રાખે છે, તેવી જ રીતે તે પણ વર્ષાકાળની અપેક્ષા રાખે છે; પામર મનુષ્ય જેવી રીતે મહાજડ-મહામૂર્ખ હોય છે, તેવી જ રીતે તે પણ મહાજળ—જળથી ભરેલા હતા અને પામર મનુષ્ય જેવી રીતે ખેતી કરવામાં તત્પર રહે છે, તેવી જ રીતે મેઘ પણ ખેતી કરાવવામાં તત્પર હતા. જોકે તે વાદળા બુદ્ધિરહિત હતા છતાં પણ પુદ્ગલ પરમાણુઓની વિચિત્ર પરિણતિ થવાના કારણે શીઘ્ર જ વરસીને અનેક પ્રકારની વિકૃતિને પ્રાપ્ત થઈ જતા હતા. એ સમયે મેઘમાંથી પાણીના જે ટીપા પડી રહ્યા હતા, તે મોતી સમાન સુંદર હતા તથા તેમણે સૂર્યના તાપથી તપેલી પૃથ્વીને શાંત કરી દીધી હતી.

ત્યારબાદ, મેઘમાંથી પડેલા જળની આર્દ્રતા(ભીનાશ) પૃથ્વીનો આધાર, આકાશનું અવગાહન, વાયુનો અંતર્નીહાર અર્થાત્ શીતળ પરમાણુઓનો સંચય કરવો અને તડકાની ઉષ્ણતા—આ બધા ગુણોના આશ્રયથી ઉત્પન્ન થયેલી દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપી સામગ્રીને પ્રાપ્ત કરી ખેતરોમાં અનેક અંકુર ઉત્પન્ન થયા. તે અંકુર નજીક-નજીક લાગેલા હતા તથા અંકુર અવસ્થાથી લઈને ફળ લાગવા સુધી નિરંતર ધીરે-ધીરે વધતા જતા હતા. આ જ રીતે

બીજા પણ અનેક પ્રકારના ધાન્ય ઉગાડ્યા વિના જ બધી બાજુ ઉત્પન્ન થયા હતા. એ બધું ધાન્ય, પ્રજાના પૂર્વોપાર્જિત પુણ્યકર્મના ઉદયથી અથવા એ સમયના પ્રભાવથી જ સમય પાકતાં, પાકી ગયું તથા ફળ દેવા યોગ્ય થઈ ગયું. જેવી રીતે પિતાનું મૃત્યુ થતાં પુત્ર તેના સ્થાન પર આરૂઢ થાય છે, તેવી જ રીતે કલ્પવૃક્ષોનો અભાવ થતાં તે ધાન્ય તેના સ્થાન પર આરૂઢ થયા હતા! એ સમયે ન તો વધારે વૃષ્ટિ થતી હતી કે ન ઓછી, પરંતુ મધ્યમ વૃષ્ટિ થતી હતી. તેથી બધું જ ધાન્ય કોઈ પણ બાધા વિના જ ફળસહિત થઈ ગયા હતા. સાઠી, ચોખા, કલમ, વ્રીહી, જવ, ઘઉં, કાંગની, સામા, કોદો, નીવાર(તિન્ની), વટાણા, તલ, અળસી, મસૂર, સરસોં, ધાણા, જીરું, મગ, અડદ, અરહર, રોંસા, મઠ, ચણા, કળથી અને તેવરા આદિ અનેક પ્રકારના ધાન્ય તથા કેસૂડો અને કપાસ આદિ પ્રજાની આજીવિકા હેતુ ઉત્પન્ન થયા હતા.

આ પ્રકારે, ભોગોપભોગને યોગ્ય એ ધાન્યની મૌજૂદગી હોવા છતાં પણ તેના ઉપયોગથી અજાણ પ્રજા ફરી-ફરી મોહ પામતી હતી–તેઓ તે ધાન્યને જોઈને ભ્રમમાં પડી જતા હતા. આ યુગપરિવર્તનના સમયે કલ્પવૃક્ષ બિલકુલ જ નષ્ટ થઈ ગયા હતા, તેથી પ્રજાજન નિરાશ્રય થઈને અત્યંત વ્યાકુળ થવા લાગ્યા. એ સમયે આહાર સંજ્ઞાના ઉદયથી તેમને તીવ્ર ભૂખ લાગી રહી હતી, પરંતુ તેને શાંત કરવાનો કોઈ ઉપાય જાણતા ન હતા. તેથી જીવિત રહેવાના સંદેહથી તેમના ચિત્ત અત્યંત વ્યાકુળ થઈ ઊઠ્યા. અંતમાં તે બધા લોકો એ યુગના મુખ્ય નાયક અંતિમ કુલકર શ્રી નાભિરાજ પાસે જઈને ખૂબ જ દીનતાપૂર્વક આ પ્રકારે પ્રાર્થના કરવા લાગ્યા કે હે નાથ! મનવાંછિત ફળ દેવાવાળા તથા કલ્પાંતકાળ સુધી ન ભૂલી શકાય એવા કલ્પવૃક્ષ વિના અમે હવે પુણ્યહીન અનાથ લોકો કેવી રીતે જીવિત રહેશું? હે દેવ! આ બાજુ આ અનેક વૃક્ષ ઉત્પન્ન થયા છે કે જે ફળોના ભારથી નમેલી પોતાની શાખાઓ દ્વારા આ સમયે જાણે કે અમને બોલાવી જ રહી હોય! શું આ વૃક્ષ છોડવા યોગ્ય છે? અથવા તેના ફળ સેવન કરવા યોગ્ય છે? જો અમે આ ફળ ગ્રહણ કરશું તો તે અમને મારશે કે અમારી રક્ષા કરશે? તથા આ વૃક્ષોની બાજુમાં જ બધી દિશાઓમાં આ કોઈ નાની-નાની ઝાડીઓ થઈ રહી છે, તેની શાખાઓ ફળોના ભારથી નમી રહી છે કે જેથી તે અત્યંત શોભાયમાન થઈ રહી છે, તેનો શું ઉપયોગ છે? તેને ક્યા પ્રકારે ઉપયોગમાં લેવા જોઈએ? અને ઇચ્છાનુસાર તેનો સંગ્રહ કરી શકાય કે નહીં? હે સ્વામી! આજે આ બધી વાત

અમને કહો. હે દેવ નાભિરાજ ! આપ આ બધું જાણો છો અને અમે લોકો અજાણ—મૂર્ખ છીએ. તેથી દુઃખી થઈને આપને પૂછીએ છીએ. આપ પ્રસન્ન થઈને અમને જણાવો.

આ રીતે, જે આર્ય પુરુષ કે જેમને 'અમારે શું કરવું જોઈએ' એ વિષયમાં મૂઢ હતા તથા અત્યંત ડરેલા હતા તેમને 'ડરો નહીં' એમ કહીને મહારાજ નાભિરાજ નીચે કહેલા વાક્ય કહેવા લાગ્યા. ''કારણ કે એ કલ્પવૃક્ષ નષ્ટ થઈ ગયા છે, તેથી પાકેલા ફળોના ભારથી નમ્ર થયેલા આ સાધારણ વૃક્ષ જ હવે તમારો એવો ઉપકાર કરશે જેવો પહેલાં કલ્પવૃક્ષ કરતાં હતા. હે ભદ્રપુરુષો! આ વૃક્ષ તમારે ભોગ્ય છે, એ વિષયમાં તમારે કોઈપણ સંશય રાખવો જોઈએ નહીં, પરંતુ આ વિષવૃક્ષોને દૂરથી જ છોડી દેવા જોઈએ. આ સ્તંભકારી આદિ કોઈ ઔષધિઓ છે, તેના મસાલા આદિ સાથે પકાવેલા અન્ન આદિ ખાવાયોગ્ય પદાર્થ અત્યંત સ્વાદિષ્ટ થઈ જાય છે. આ સ્વભાવથી જ મીઠા તથા લાંબા-લાંબા પૌંડ અને ઈક્ષુના વૃક્ષ લાગેલા છે, તેને દાંતથી અથવા યંત્રોથી અથવા પીલીને તેનો રસ કાઢીને પીવો જોઈએ.'' એ દયાળું મહારાજ નાભિરાજે થાળી આદિ અનેક પ્રકારના વાસણો હાથીના ગંડસ્થળ પર માટી દ્વારા બનાવીને એ આર્ય પુરુષોને આપ્યા તથા એવી રીતે જ બનાવવાનો ઉપદેશ આપ્યો. આ રીતે, મહારાજ નાભિરાજ દ્વારા કહેવામાં આવેલા ઉપાયોથી પ્રજા ખૂબ જ પ્રસન્ન થઈ. તેઓએ નાભિરાજ મનુનો ખૂબ જ સત્કાર કર્યો તથા તેમણે તે કાળને યોગ્ય જે વૃત્તિનો ઉપદેશ આપ્યો હતો, તેઓ તે પ્રકારે જ પોતાનું કાર્ય ચલાવવા લાગ્યા. એ સમયે અહીં ભોગભૂમિની વ્યવસ્થા નષ્ટ થઈ ગઈ હતી. પ્રજાનું હિત કરવાવાળા કેવળ નાભિરાજ જ ઉત્પન્ન થયા હતા. તેથી તેઓ જ કલ્પવૃક્ષની સ્થિતિને પ્રાપ્ત થયા હતા અર્થાત્ કલ્પવૃક્ષ સમાન પ્રજાનું હિત કરતાં હતા.

ઉપર પ્રતિશ્રુતિને આદિ લઈને નાભિરાજ પર્યંત જે ચૌદ મનુઓનું ક્રમ-ક્રમથી વર્ણન કર્યું છે તેઓ બધા પોતાના પૂર્વ ભવમાં વિદેહક્ષેત્રોમાં ઉચ્ચકુલીન મહાપુરુષ હતા; તેઓએ તે ભવમાં પુણ્ય વધારવાવાળા પાત્રદાન તથા યથાયોગ્ય વ્રતાચરણરૂપી અનુષ્ઠાન દ્વારા સમ્યગ્દર્શન પ્રાપ્ત થવા પહેલાં જ ભોગભૂમિનું આયુષ્ય બાંધી લીધું હતું, એ પછી શ્રી જિનેન્દ્રની સમીપ રહેવાથી તેમને ક્ષાયિક સમ્યગ્દર્શન તથા શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ થઈ હતી અને જેના ફળસ્વરૂપે આયુના અંતમાં મરીને તેઓ આ ભરતક્ષેત્રમાં ઉત્પન્ન થયા હતા. આ ચૌદમાંથી કેટલાય કુલકરોને

જાતિસ્મરણ હતું અને કેટલાય અવધિજ્ઞાનરૂપી નેત્રના ધારક હતા, તેથી તેમણે વિચાર કરીને પ્રજાને ઉપર કહેલા નિયોગો–કાર્યોનો ઉપદેશ આપ્યો હતો. તેઓ પ્રજાના જીવનનો ઉપાય જાણતા હોવાથી 'મનુ' તથા આર્ય પુરુષોને કુળની જેમ સાથે રહેવાનો ઉપદેશ દેવાના કારણે 'કુલકર' કહેવાતા હતા. તેઓએ અનેક વંશ સ્થાપિત કર્યા હતા, તેથી 'કુલધર' કહેવાતા હતા તથા યુગની આદિમાં થયા હોવાથી 'યુગાદિપુરુષ' પણ કહેવાતા હતા. ભગવાન વૃષભદેવ તીર્થંકર પણ હતા અને કુલકર પણ માનવામાં આવ્યા હતા, તેવી જ રીતે મહારાજ ભરત ચક્રવર્તી પણ હતા અને કુલકર પણ કહેવાતા હતા. એ કુલકરોમાંથી શરૂના પાંચ કુલકરોએ અપરાધી મનુષ્યો માટે 'હા' આ દંડની વ્યવસ્થા કરી હતી અર્થાત્ 'ખેદ છે કે તેં આવો અપરાધ કર્યો.' તેની પછીના પાંચ કુલકરોએ 'હા' અને 'મા'–આ બે પ્રકારના દંડની વ્યવસ્થા કરી હતી અર્થાત્ 'ખેદ છે કે તેં આવો અપરાધ કર્યો, હવે ફરી આવું નહીં કરતો.' શેષ કુલકરોએ 'હા', 'મા' અને 'ધિક્' આ ત્રણ પ્રકારના દંડની વ્યવસ્થા કરી હતી અર્થાત્ 'ખેદ છે કે તેં આવો અપરાધ કર્યો, હવે ફરી આવું નહીં કરતો અને તને ધિક્કાર છે કે જે રોકવા છતાં પણ તું અપરાધ કરે છે.' ભરત ચક્રવર્તીના સમયમાં લોકો વધારે દોષ અથવા અપરાધ કરવા લાગ્યા હતા, તેથી તેમણે વધ, બંધન આદિ શારીરિક દંડ દેવાની રીતિ ચલાવી હતી.

આ મનુઓનું આયુષ્ય ઉપર 'અમમ' આદિ સંખ્યા દ્વારા કહેવામાં આવ્યું છે, તેથી હવે તેનો નિર્ણય કરવા તેની પરિભાષાનું નિરૂપણ કરીએ છીએ. ચોર્યાસી લાખ વર્ષોનો એક પૂર્વાંગ હોય છે. ચોર્યાસી લાખનો વર્ગ કરતાં અર્થાત્ પરસ્પર ગુણાકાર કરવાથી જે સંખ્યા આવે તેને પૂર્વ કહે છે. (૮૪,૦૦,૦૦૦ x ૮૪,૦૦,૦૦૦ =૭૦,૫૬૦,૦૦૦,૦૦૦,૦૦૦). આ સંખ્યામાં એક કરોડનો ગુણાકાર કરવાથી જે આવે તેને એક પૂર્વ કોટી કહેવાય છે. પૂર્વની સંખ્યામાં ચોરાસીને ગુણતા જે આવે તેને પર્વાંગ કહે છે તથા પર્વાંગમાં પૂર્વાંગ અર્થાત્ ચોર્યાસીલાખને ગુણતા પર્વ કહેવાય છે. આનાથી આગળ નયુતાંગ, નયુત આદિ સંખ્યામાં કહી છે, તેના માટે પણ ક્રમથી આ જ ગુણાકાર કરવો જોઈએ. ભાવાર્થ—પર્વને ચોર્યાસીથી ગુણવાથી નયુતાંગ, નયુતાંગને ચોર્યાસી લાખથી ગુણવાથી નયુત; નયુતને ચોર્યાસીથી ગુણવાથી કુમુદાંગ, કુમુદાંગને ચોર્યાસી લાખથી ગુણવાથી કુમુદ; કુમુદને ચોર્યાસીથી ગુણવાથી પદ્માંગ, પદ્માંગને ચોર્યાસી લાખથી ગુણવાથી પદ્મ; પદ્મને ચોર્યાસીથી ગુણવાથી નલિનાંગ,

નલિનાંગને ચોર્યાસી લાખથી ગુણવાથી નલિન થાય છે. આવી રીતે, ગુણાકાર કરવાથી આગળની સંખ્યાનું પ્રમાણ નીકળે છે. હવે, ક્રમથી એ સંખ્યાના ભેદોના નામ કહેવામાં આવે છે કે જે અનાદિનિધન જૈનાગમમાં રૂઢ છે. પૂર્વાંગ, પૂર્વ, પર્વાંગ, પર્વ, નયુતાંગ, નયુત, કુમુદાંગ, કુમુદ, પદ્માંગ, પદ્મ, નલિનાંગ, નલિન, કમલાંગ, કમલ, તુટ્યાંગ, તુટિક, અટ્ટાંગ, અટ્ટ, અમમાંગ, અમમ, હાહાંગ, હાહા, હૂહૂંગ, હૂહૂ, લતાંગ, લતા, મહાલતાંગ, મહાલતા, શિર:પ્રકમ્પિત, હસ્તપ્રહેલિત અને અચલ—આ બધા સંખ્યાના નામ છે કે જે કાળદ્રવ્યની પર્યાય છે. આ બધા સંખ્યાતના ભેદ છે, તેનાથી આગળ અસંખ્યાત છે. આગળ મનુઓનું જે આયુષ્ય કહ્યું છે તેને આ ભેદોમાં જ યથાસંભવ સમજી લેવું જોઈએ. જે બુદ્ધિમાન પુરુષ આ સંખ્યાજ્ઞાનને જાણે છે તે જ પૌરાણિક–પુરાણનો જાણનાર વિદ્વાન હોઈ શકે છે.

ઉપર જે કુલકરોનું વર્ણન કરી ચૂક્યા છીએ તેમના નામ યથાક્રમથી આ પ્રકારે છે—પહેલાં પ્રતિશ્રુતિ, બીજા સન્મતિ, ત્રીજા ક્ષેમંકર, ચોથા ક્ષેમંધર, પાંચમાં સીમંકર, છઠ્ઠા સીમંધર, સાતમાં વિમલવાહન, આઠમાં ચક્ષુષ્માન, નવમાં યશસ્વાન, દશમાં અભિચંદ્ર, અગિયારમાં ચંદ્રાભ, બારમાં મરુદેવ, તેરમાં પ્રસેનજિત અને ચૌદમાં નાભિરાજ. એમના સિવાય ભગવાન ઋષભદેવ 'તીર્થંકર' પણ હતા અને 'મનુ' પણ તથા ભરત, 'ચક્રવર્તી' પણ હતા અને 'મનુ' પણ હતા. હવે સંક્ષેપમાં એ કુલકરોના કાર્યનું વર્ણન કરું છું—પ્રતિશ્રુતે સૂર્ય-ચંદ્રના દેખવાથી ભયભીત થયેલા મનુષ્યોના ભયને દૂર કર્યા હતા, તારાથી ભરેલા આકાશને જોવાથી લોકોને જે ભય થયો હતો તે સન્મતિએ દૂર કર્યો હતો, ક્ષેમંકરે પ્રજામાં ક્ષેમ-કલ્યાણનો પ્રચાર કર્યો હતો, ક્ષેમંધરે કલ્યાણ ધારણ કર્યુ હતું, સીમંકરે આર્ય પુરુષોની સીમા નક્કી કરી હતી, સીમંધરે કલ્પવૃક્ષોની સીમા નિશ્ચિત કરી હતી, વિમલવાહને હાથી આદિ ઉપર સવારી કરવાનો ઉપદેશ આપ્યો હતો, સૌથી અગ્રેસર રહેવાવાળા ચક્ષુષ્માને પુત્રનું મુખ જોવાની પરંપરા ચલાવી હતી, યશસ્વાનનું બધા યશોગાન કરતાં હતા, અભિચંદ્રે બાળકોને ચંદ્ર સાથે ક્રીડા કરવાનો ઉપદેશ આપ્યો હતો, ચંદ્રાભના સમયે માતા-પિતા પોતાના પુત્રો સાથે થોડા દિવસો જીવિત રહેવા લાગ્યા હતા, મરુદેવના સમયે માતા-પિતા પોતાના પુત્રો સાથે ઘણા દિવસો સુધી જીવિત રહેવા લાગ્યા હતા, પ્રસેનજિતે ગર્ભની ઉપર રહેવાવાળી જરાયુરૂપી મળને હટાવવાનો ઉપદેશ આપ્યો હતો અને નાભિરાજે નાળ કાપવાનો ઉપદેશ આપીને પ્રજાને આશ્વાસન

આપ્યું હતું. એ નાભિરાજે વૃષભદેવને ઉત્પન્ન કર્યા હતા.

આ પ્રકારે, જ્યારે ગૌતમ ગણધરે ઘણા આદરથી યુગના આદિ પુરુષો–કુલકરોની ઉત્પત્તિનું કથન કર્યું, ત્યારે તે મુનિઓની સમસ્ત સભા રાજા શ્રેણિકની સાથે પરમ આનંદને પ્રાપ્ત થઈ. એ સમયે મહાવીરસ્વામીની શિષ્ય પરંપરામાં સર્વશ્રેષ્ઠ આચાર્ય ગૌતમસ્વામી કાળના છ ભેદનું તથા કુલકરોના કાર્યોનું વર્ણન કરી ભગવાન આદિનાથનું પવિત્ર પુરાણ કહેવા માટે તત્પર થયા અને મગધેશ્વરથી બોલ્યા કે હે શ્રેણિક! સાંભળ.

આ રીતે, આર્ષ નામથી પ્રસિદ્ધ ભગવજ્જિનસેનાચાર્ય-વિરચિત ત્રિષષ્ટિલક્ષણ મહાપુરાણ સંગ્રહમાં 'પીઠિકા-વર્ણન' નામનો ત્રીજો અધ્યાય સમાપ્ત થયો.

* આ લોકમાં વિદ્યાવાન પુરુષ, પંડિતો દ્વારા પણ સન્માનને પ્રાપ્ત થાય છે અને વિદ્યાવતી સ્ત્રી પણ સર્વશ્રેષ્ઠ પદને પ્રાપ્ત કરે છે. (અ. ૧૬, શ્લોક ૯૮)
* વિદ્યા મનુષ્યોના મનોરથોને પૂર્ણ કરવાવાળી કામધેનુ છે, વિદ્યા જ ચિન્તામણિ છે, વિદ્યા જ ધર્મ, અર્થ તથા કામરૂપી ફળથી સહિત સંપદાઓની પરંપરાને ઉત્પન્ન કરનાર છે. (અ. ૧૬, શ્લોક ૧૦૦)
* વિદ્યા જ મનુષ્યોનો બંધુ છે, વિદ્યા જ મિત્ર છે, વિદ્યા જ કલ્યાણ કરનાર છે, વિદ્યા જ સાથે-સાથે જવાવાળું ધન છે અને વિદ્યા જ બધા પ્રયોજનનોને સિદ્ધ કરનાર છે. (અ. ૧૬, શ્લોક ૧૦૧)
* આ સંસારમાં પુણ્યથી જ સુખની પ્રાપ્તિ થાય છે. જેમ બીજ વિના અંકુર ઉત્પન્ન થતું નથી, તેમ પુણ્ય વિના સુખ મળતું નથી. દાન આપવું, ઇન્દ્રિયોને વશ કરવી, સંયમ ધારણ કરવો, સત્ય બોલવું, લોભનો ત્યાગ કરવો અને ક્ષમાભાવ ધારણ કરવો વિગેરે શુભ પરિણામોથી ઇચ્છિત પુણ્યની પ્રાપ્તિ થાય છે. (અ. ૧૬, શ્લોક ૨૭૧)
* હે મોક્ષાર્થી ! જો તું સુખ પ્રાપ્ત કરવા ઇચ્છતો હોય તો આનંદપૂર્વક શ્રેષ્ઠ મુનિઓને દાન કરો, તીર્થંકરોને નમસ્કાર કરી તેમની પૂજા કરો, શીલવ્રતોનું પાલન કરો એ પર્વના દિવસોમાં ઉપવાસ કરવાનું ન ભૂલ. (અ. ૧૬, શ્લોક ૨૭૪)
* આ રૂપની શોભા સંધ્યાકાળની લાલિમા સમાન ક્ષણવારમાં નષ્ટ થઈ જાય છે અને યુવાની કુંપળની કાંતિ સમાન ટૂંક સમયમાં જ કરમાઈ જાય છે. (અ. ૧૭, શ્લોક ૧૪)

## અધ્યાય ચોથો

જે બુદ્ધિમાન મનુષ્ય ઉપર કહેલાં ત્રણે પર્વનું અધ્યયન કરે છે, તે જ સંપૂર્ણ પુણ્યનો અર્થ સમજીને આ લોક તથા પરલોકમાં આનંદ પ્રાપ્ત કરે છે. આ પ્રકારે મહાપુરાણની પીઠિકા કહીને હવે શ્રી વૃષભદેવસ્વામીનું ચરિત્ર કહીશ.

પુરાણોમાં લોક, દેશ, નગર, રાજ્ય, તીર્થ, તપ, ગતિ અને ફળ—આ આઠ વાતોનું વર્ણન અવશ્ય જ કરવું જોઈએ. લોકનું નામ કહેવું, તેની વ્યુત્પત્તિ કહેવી, પ્રત્યેક દિશા તથા તેના અંતરાળની લંબાઈ–પહોળાઈ આદિ કહેવી એ ઉપરાંત બીજી પણ અનેક વાતોનું વિસ્તારથી વર્ણન કરવું તે લોકાખ્યાન કહેવાય છે. લોકના કોઈ એક ભાગમાં દેશ, પહાડ, દ્વીપ તથા સમુદ્ર આદિનું વિસ્તારપૂર્વક વર્ણન કરવું તેને, જાણકાર સમ્યગ્જ્ઞાની પુરુષ દેશાખ્યાન કહે છે. ભારતવર્ષ આદિ ક્ષેત્રોમાં રાજધાનીનું વર્ણન કરવું, પુરાણ જાણવાવાળા આચાર્યોના મતમાં તેને પુરાણાખ્યાન અર્થાત્ નગરવર્ણન કહે છે. એ દેશનો આ ભાગ અમુક રાજાને આધીન છે અથવા તે નગર અમુક રાજાને આધીન છે ઈત્યાદિ વર્ણન કરવું તેને જૈન શાસ્ત્રોમાં રાજાખ્યાન કહેવાય છે. જે આ અપાર સંસાર સમુદ્રથી પાર ઉતારે તેને તીર્થ કહે છે, એવું તીર્થ ભગવાનનું ચરિત્ર જ હોઈ શકે છે, તેથી તેનું કથન કરવું તેને તીર્થાખ્યાન કહે છે. જે પ્રકારનું તપ અને દાન કરવાથી જીવોને અનુપમ ફળની પ્રાપ્તિ થાય છે, તે પ્રકારના તપ તથા દાનનું કથન કરવું તેને તપદાનકથા કહે છે. નરક આદિના ભેદથી ગતિના ચાર ભેદ માનવામાં આવ્યા છે, તેનું કથન કરવું તેને ગત્યાખ્યાન કહે છે. સંસારી જીવોને જેવું કાંઈ પણ પુણ્ય અને પાપનું ફળ પ્રાપ્ત થાય છે તેનું મોક્ષપ્રાપ્તિપર્યંત વર્ણન કરવું તેને ફળાખ્યાન કહે છે. ઉપર કહેલાં આઠ આખ્યાનોમાંથી અહીં નામાનુસાર સૌથી પહેલાં લોકાખ્યાનનું વર્ણન કરવામાં આવશે. બાકીના સાત આખ્યાનોનું વર્ણન પણ સમય અનુસાર કરવામાં આવશે.

જેમાં જીવાદિ પદાર્થ પોતપોતાની પર્યાયો સહિત જોવામાં આવે તેને લોક કહે છે. તત્ત્વોના જાણકાર આચાર્યોએ લોકનું આ જ સ્વરૂપ કહ્યું છે. જ્યાં જીવાદિ દ્રવ્યોનો વિસ્તાર નિવાસ કરે છે તેને ક્ષેત્ર કહે છે. સાર્થક નામ હોવાના કારણે વિદ્વાન પુરુષ લોકને જ ક્ષેત્ર કહે છે. જીવાદિ પદાર્થોને અવગાહ દેવાવાળો આ લોક અકૃત્રિમ છે–કોઈએ બનાવેલો નથી, નિત્ય છે, તેનો ક્યારેય પણ સર્વથા પ્રલય નથી થતો, સ્વયમેવ જ બનેલો છે અને અનંત આકાશની બરાબર મધ્યમાં સ્થિત છે. કેટલાય મૂર્ખ લોકો કહે છે કે આ લોકને બનાવવાવાળો કોઈને કોઈ અવશ્ય છે. આવા-આવા લોકોનો દુરાગ્રહ દૂર કરવા માટે અહીં સર્વ પ્રથમ સૃષ્ટિવાદની જ પરિક્ષા કરવામાં આવે છે.

## ઈશ્વર કર્તાવાદનું ખંડન

જો એમ માની લેવામાં આવે કે આ લોકનો કોઈ બનાવવાવાળો છે તો એ વિચાર કરવો જોઈએ કે તે સૃષ્ટિની પહેલાં અર્થાત્ લોકની રચના કરવા પહેલાં સૃષ્ટિની બહાર ક્યાં રહેતો હતો? કઈ જગ્યાએ બેસીને લોકની રચના કરતો હતો? જો એમ કહો કે તે આધાર રહિત અને નિત્ય છે, તો તેણે આ સૃષ્ટિ કેવી રીતે બનાવી અને બનાવીને ક્યાં રાખી? બીજી વાત એ છે કે તમે એ ઈશ્વરને એક તથા શરીરસહિત માન્યો હોઈ તે સૃષ્ટિનો રચયિતા ન થઈ શકે કારણ કે એક જ ઈશ્વર અનેકરૂપ સંસારની રચના કરવામાં કેવી રીતે સમર્થ થઈ શકે? તથા શરીરરહિત અમૂર્તિક ઈશ્વરથી મૂર્તિક વસ્તુઓની રચના કેવી રીતે થઈ શકે? કારણ કે લોકમાં પ્રત્યક્ષ જોવામાં આવે છે કે મૂર્તિક વસ્તુઓની રચના મૂર્તિક પુરુષો દ્વારા જ થાય છે, જેવી રીતે મૂર્તિક કુંભાર દ્વારા મૂર્તિક ઘરની જ રચના થાય છે. એક વાત એ પણ છે કે જોકે સંસારના સમસ્ત પદાર્થ કારણસામગ્રી વિના બનાવી શકાતા નથી, ત્યારે ઈશ્વર તેના વિના જ લોકને કેવી રીતે બનાવશે? જો એમ કહો કે તે પહેલાં કારણસામગ્રી બનાવી લે છે અને પછી લોકને બનાવે છે, તો એ પણ ઠીક નથી, કારણ કે તેમાં 'અનવસ્થા' દોષ આવે છે. કારણસામગ્રીને બનાવવા માટે પણ કારણસામગ્રીની આવશ્યકતા હોય છે. જો ઈશ્વર તે કારણસામગ્રીને પણ પહેલાં બનાવી લે છે, તો તેને દ્વિતીય કારણસામગ્રીને યોગ્ય તૃતીય સામગ્રીને તેની પહેલાં પણ બનાવવી પડશે અને આ રીતે આ પરિપાટીનો ક્યારેય અંત નહીં આવે. જો એમ કહો કે કારણસામગ્રી સ્વભાવથી જ—સ્વયમેવ બની જાય છે, તેને ઈશ્વરે નથી બનાવી તો એ વાત લોકમાં પણ લાગૂ થઈ શકે છે—માનવું જોઈએ કે લોક પણ સ્વતઃસિદ્ધ છે, તેને

કોઈએ બનાવ્યો નથી. આ ઉપરાંત એક વાત એ પણ વિચારણીય છે કે એ ઈશ્વરને કોણે બનાવ્યા? જો કોઈએ તેને બનાવ્યા છે તો ઉપર કહ્યા પ્રમાણે અનવસ્થા દોષ લાગે છે અને જો તે સ્વતઃસિદ્ધ છે—તેને કોઈએ પણ નથી બનાવ્યા તો આ લોક પણ સ્વતઃસિદ્ધ હોય શકે છે—પોતાની મેળે બની શકે છે. જો તમે એમ કહો કે તે ઈશ્વર સ્વતંત્ર છે અને સૃષ્ટિ બનાવવામાં સમર્થ છે, તેથી સામગ્રી વિના જ ઈચ્છા માત્રથી જ લોકને બનાવી લે છે, તો આપની આ ઈચ્છા માત્ર છે. આ યુક્તિશૂન્ય કથન પર કોણ બુદ્ધિમાન વિશ્વાસ કરશે? એક વાત એ પણ વિચાર કરવાયોગ્ય છે કે જો આ ઈશ્વર કૃતકૃત્ય છે—બધા કાર્ય પૂર્ણ કરી ચૂક્યા છે, કોઈ કાર્ય કરવું તેનું બાકી રહ્યું નથી, તો તેને સૃષ્ટિ ઉત્પન્ન કરવાની ઈચ્છા જ કેમ થશે? કારણ કે કૃતકૃત્ય પુરુષને કોઈપણ પ્રકારની ઈચ્છા નથી થતી. જો એમ કહો કે તે અકૃતકૃત્ય છે, તો પછી તે લોકને બનાવવા માટે સમર્થ ન થઈ શકે, જેવી રીતે અકૃતકૃત્ય કુંભાર ઘડો નથી બનાવી શકતો.

એક વાત આ પણ છે કે તમારો માનેલો ઈશ્વર અમૂર્તિક છે, નિષ્ક્રિય છે, વ્યાપી છે અને વિકારરહિત છે, તો આવો ઈશ્વર ક્યારેય પણ લોકને બનાવી શકતો નથી. કારણ કે ઉપર કહ્યા પ્રમાણે અમૂર્તિક ઈશ્વર મૂર્તિક પદાર્થોની રચના નથી કરી શકતો. કોઈપણ કાર્ય કરવા માટે હાથ, પગ આદિના સંચાલનરૂપ કોઈ ને કોઈ ક્રિયા અવશ્ય કરવી પડે છે, પરંતુ તમે તો ઈશ્વરને નિષ્ક્રિય માન્યો છે, તેથી તે લોકને બનાવી શકે નહીં. જો સક્રિય માનો તો તે અસંભવ છે કારણ કે ક્રિયા તેને જ હોઈ શકે કે જેને અધિષ્ઠાનથી કોઈ ક્ષેત્ર બાકી રહ્યું હોય, પરંતુ તમારો ઈશ્વર તો સર્વવ્યાપી છે તે ક્રિયા કઈ રીતે કરી શકે? એ સિવાય ઈશ્વરને સૃષ્ટિ રચવાની ઈચ્છા પણ ન થઈ શકે કારણ કે તમે ઈશ્વરને નિર્વિકાર માન્યો છે. જેના આત્મામાં રાગ-દ્વેષ આદિ વિકાર ન હોય તેને ઈચ્છાની ઉત્પત્તિ થવી અસંભવ છે. જ્યારે ઈશ્વર કૃતકૃત્ય છે તથા ધર્મ, અર્થ, કામ અને મોક્ષમાં કોઈની પણ ઈચ્છા નથી રાખતા તો પછી સૃષ્ટિ બનાવવાથી તેને શું ફળ મળશે? આ વાતનો પણ વિચાર કરવો જોઈએ, કારણ કે વિના પ્રયોજન ફક્ત સ્વભાવથી જ સૃષ્ટિની રચના કરે છે તો તેની તે રચના નિરર્થક સિદ્ધ થાય છે. જો એમ કહો કે તે તેની ક્રીડા જ છે, ક્રીડામાત્રથી જ જગતને બનાવે છે તો દુઃખથી કહેવું પડશે કે તમારો ઈશ્વર ખૂબ જ મોહી છે, ખૂબ જ અજ્ઞાની છે કે જે બાળક સમાન નિષ્પ્રયોજન ક્રિયા કરે છે. જો એમ કહો કે ઈશ્વર જીવોના શરીરાદિક તેમના

કર્મો અનુસાર જ બનાવે છે અર્થાત્ જે જેવા કર્મ કરે તેના તેવા જ શરીરાદિની રચના કરે છે, તો આમ કહેવું પણ બરાબર નથી, કારણ કે આમ માનવાથી તમારો ઈશ્વર જ નથી રહેતો. તેનું કારણ એ છે કે તે કર્મોની અપેક્ષા કરવાથી જુલાહેની (કબીરપંથી) જેમ પરતંત્ર થઈ જશે અને પરતંત્ર થઈ જવાથી ઈશ્વર નહીં રહી શકે. કારણ કે વણકર રૂ અને અન્ય ઉપકરણોને આધીન હોય છે તથા પરતંત્ર હોવાથી ઈશ્વર નથી કહેવાતો, તેવી જ રીતે તમારો ઈશ્વર પણ કર્મોને આધીન હોઈ ઈશ્વર કહેવાય શકે નહીં. ઈશ્વર તો સર્વત્ર સ્વતંત્ર હોય છે. જો એમ કહો કે જીવના કર્મો અનુસાર સુખ-દુઃખ આદિ કાર્ય સ્વયમેવ થયા કરે છે, ઈશ્વર તો તેમાં નિમિત્ત માનવામાં આવે છે, તો એ વાત પણ તમારી બરાબર નથી કારણ કે સુખ-દુઃખાદિ કાર્ય કર્મ અનુસાર સ્વયમેવ સિદ્ધ થઈ જાય છે, તો ખેદ છે કે આપ વ્યર્થમાં જ ઈશ્વરની પુષ્ટિ કરો છો. જો એમ કહેવામાં આવે કે ઈશ્વર ખૂબ જ પ્રેમી છે—ખૂબ જ દયાળુ છે, તેથી જીવોનો ઉપકાર કરવા માટે જ સૃષ્ટિની રચના કરે છે, તો તેણે આ સમસ્ત સૃષ્ટિને સુખરૂપ અને ઉપદ્રવરહિત જ બનાવવી જોઈતી હતી. દયાળુ થઈને પણ સૃષ્ટિના બહુભાગને દુઃખી કેમ બનાવે છે?

એક વાત એ પણ છે કે સૃષ્ટિની પહેલાં જગત હતું કે નહીં? જો હતું તો પછી સ્વતઃસિદ્ધ વસ્તુને રચવામાં તેણે વ્યર્થ જ પરિશ્રમ કેમ કર્યો? અને જો ન હતું તો તેની શું રચના કરશે? કારણ કે જે વસ્તુ આકાશ-કમળ સમાન સર્વથા અસત્ હોય તેની રચના કોઈ કરી શકતું નથી. જો સૃષ્ટિને બનાવવાવાળો ઈશ્વર મુક્ત છે—કર્મમળ-કલંકથી રહિત છે તો તે ઉદાસીન—રાગ-દ્વેષથી રહિત હોવાના કારણે જગતની રચના નથી કરી શકતો; અને જો સંસારી છે—કર્મમળકલંકથી સહિત છે તો તે મારી-તમારી જેવો ઈશ્વર નહીં કહેવાય. તો પછી તે સૃષ્ટિની રચના કઈ રીતે કરશે? આ રીતે, આ સૃષ્ટિવાદ કોઈપણ રીતે સિદ્ધ થતો નથી. આ વાતનો પણ થોડો વિચાર કરો કે એ ઈશ્વર લોકને બનાવે છે, તેથી લોકના સમસ્ત જીવો તેના સંતાન સમાન થયા, છતાં પણ તે જ ઈશ્વર બધાનો સંહાર પણ કરે છે; તેથી તેને પોતાના સંતાનોને નષ્ટ કરવાનું ખૂબ પાપ લાગે છે. જો એમ કહો કે દુષ્ટ જીવોનો નિગ્રહ કરવા માટે જ તે સંહાર કરે છે, તો એનાથી સારું એ જ છે કે તે દુષ્ટ જીવોને ઉત્પન્ન જ ન કરે. જો તમે એમ કહો કે ‘‘જીવોના શરીરની ઉત્પત્તિ કોઈ બુદ્ધિમાત્ર કારણથી જ થઈ શકે છે કારણ કે તેની રચના એક વિશેષ પ્રકારની છે. જેવી રીતે કોઈ ગ્રામ આદિની રચના વિશેષ પ્રકારની હોય છે, તે કોઈ બુદ્ધિમાન કારીગરે બનાવેલું

હોય છે, તેવી જ રીતે જીવોના શરીર આદિની રચના પણ વિશેષ પ્રકારની છે કે જે કોઈ બુદ્ધિમાન કર્તાએ બનાવેલું છે અને તે બુદ્ધિમાન કર્તા ઈશ્વર જ છે.'' પરંતુ તમારું આ કારણ ઈશ્વરના અસ્તિત્વને સિદ્ધ કરવામાં સમર્થ નથી કારણ કે વિશેષ રચના આદિની ઉત્પત્તિ અન્ય પ્રકારથી પણ થઈ શકે છે.



આ સંસારમાં શરીર, ઇન્દ્રિયો, સુખ, દુઃખ આદિ જેટલા પણ અનેક પ્રકારના પદાર્થ જોવામાં આવે છે તે બધાની ઉત્પત્તિ ચેતન આત્માની સાથે સંબંધ રાખવાવાળા કર્મરૂપી વિધાતા દ્વારા જ થાય છે. તેથી, અમે પ્રતિજ્ઞાપૂર્વક કહીએ છીએ કે સંસારી જીવોના અંગ-ઉપાંગ આદિમાં જે વિચિત્રતા જોવામાં આવે છે તે બધી નિર્માણ નામના નામકર્મરૂપ વિધાતાની કુશળતા દ્વારા જ ઉત્પન્ન થાય છે. આ કર્મોની વિચિત્રતાથી અનેકરૂપતાને પ્રાપ્ત થયેલો આ લોક જ એ વાતને સિદ્ધ કરી દે છે કે શરીર, ઇન્દ્રિયો આદિ અનેકરૂપધારી સંસારનો કર્તા સંસારી જીવોનો આત્મા જ છે અને કર્મ તેમના સહાયક છે અર્થાત્ આ સંસારી જીવો જ પોતાના કર્મના ઉદયથી પ્રેરિત થઈને શરીર આદિ સંસારની રચના કરે છે. વિધિ, સૃષ્ટા, વિધાતા, દૈવ, પુરાકૃત કર્મ અને ઈશ્વર—આ બધા કર્મરૂપી ઈશ્વરના પર્યાયવાચક શબ્દ છે, એમના સિવાય બીજું કોઈ લોકને બનાવવાવાળું નથી. જોકે ઈશ્વરવાદી પુરુષ આકાશ, કાળ આદિની રચના ઈશ્વર વિના જ માને છે, ત્યારે તેમનું આ કહેવું ક્યાં રહ્યું કે સંસારની બધી વસ્તુઓ ઈશ્વર દ્વારા જ બનાવવામાં આવી છે!

આ રીતે, પ્રતિજ્ઞા ભંગ થવાના કારણે શિષ્ટ પુરુષોએ આવા સૃષ્ટિવાદી–ઈશ્વરવાદીનો નિગ્રહ કરવો જોઈએ કે જે વ્યર્થમાં જ મિથ્યાત્વના ઉદયમાં પોતાના દૂષિત મતનો અહંકાર કરે છે, તેથી માનવું જોઈએ કે આ લોક કાળદ્રવ્યની જેમ જ અકૃત્રિમ છે, અનાદિ-નિધન છે–આદિ-અંતથી રહિત છે અને જીવ, અજીવ આદિ તત્ત્વોનો આધાર થઈને હમેશા પ્રકાશમાન રહે છે. ન એને કોઈ બનાવી શકે છે કે ન એનો કોઈ સંહાર કરી શકે છે, તે હંમેશા પોતાની સ્વાભાવિક સ્થિતિમાં વિદ્યમાન રહે છે તથા અધોલોક, તિર્યક્લોક અને ઉર્ધ્વલોક—એ ત્રણ ભેદોથી સહિત છે. વેત્રાસન, ઝલ્લરી અને મૃદંગનો જેવો આકાર હોય છે ઠીક એવો જ આકાર અધોલોક, મધ્યલોક અને ઉર્ધ્વલોકનો હોય છે અર્થાત્ અધોલોક વેત્રાસન સમાન નીચે પહોળો અને ઉપર સાંકડો હોય છે, મધ્યલોક ઝલ્લરી સમાન બધી તરફ ફેલાયેલો છે અને ઉર્ધ્વલોક મૃદંગ સમાન વચ્ચે પહોળો અને બંને છેડામાં સાંકડો છે અથવા

બંને પગ ફેલાવીને અને કમર પર હાથ રાખીને ઊભા રહેલા પુરુષનો જેવો આકાર હોય છે, બુદ્ધિમાન પુરુષો લોકનો પણ તેવો જ આકાર માને છે. આ લોક અનંતાનંત આકાશના મધ્યભાગમાં સ્થિત તથા ઘનોદધિ, ઘનવાત અને તનુવાત—આ ત્રણ પ્રકારના વિસ્તૃત વાતવલયોથી ઘેરાયેલો છે અને એવો જણાય છે કે જાણે અનેક રસ્સીઓથી બનેલું શીંડુ જ હોય! નીચેથી લઈ ઉપર સુધી ઉપર્યુક્ત ત્રણ વાતવલયોથી ઘેરાયેલો આ લોક એવો જણાય છે કે જાણે ત્રણ કપડાઓથી ઢંકાયેલો સુપ્રતિષ્ઠ જ હોય!

વિદ્વાનોએ મધ્યલોકનો વિસ્તાર એક રાજૂ કહ્યો છે તથા પૂરા લોકની ઊંચાઈ તેનાથી ચૌદ ગુણી અર્થાત્ ચૌદ રાજૂ કહી છે. આ લોક અધોભાગમાં સાત રાજૂ, મધ્યભાગમાં એક રાજૂ, ઉર્ધ્વલોકના મધ્યમાં પાંચ રાજૂ અને સૌથી ઉપર એક રાજૂ પહોળો છે. આ લોકની બરાબર વચ્ચે મધ્યલોક છે કે જે અસંખ્યાત દ્વીપ-સમુદ્રોથી શોભાયમાન છે, એ દ્વીપ-સમુદ્ર ક્રમ-ક્રમથી બમણા વિસ્તારવાળા છે તથા વલય સમાન છે. ભાવાર્થ—જંબૂદ્વીપ થાળી સમાન અને બાકીના દ્વીપ-સમુદ્ર વલય સમાન વચ્ચેથી ખાલી છે. આ મધ્યલોકના મધ્યભાગમાં જંબૂદ્વીપ છે. આ જંબૂદ્વીપ ગોળ છે અને લવણ સમુદ્રથી ઘેરાયેલો છે, તેની વચ્ચે નાભિ સમાન મેરુ પર્વત છે. આ જંબૂદ્વીપ એક લાખ યોજન પહોળો છે તથા હિમવત્ આદિ છ કુલાચલ, ભરત આદિ સાત ક્ષેત્રો અને ગંગા, સિંધુ આદિ ચૌદ નદીઓથી વિભક્ત થઈને અત્યંત શોભાયમાન થઈ રહ્યો છે. મેરુ પર્વતરૂપી મુકુટ અને લવણ સમુદ્રરૂપી કરધનીથી યુક્ત આ જંબૂદ્વીપ એવો શોભાયમાન થાય છે કે જાણે બધાય દ્વીપ-સમુદ્રોનો રાજા હોય!

આ જ જંબૂદ્વીપમાં મેરુ પર્વતથી પશ્ચિમ તરફ વિદેહક્ષેત્રમાં એક ગંધિલ નામનો દેશ છે કે જે સ્વર્ગના ટૂકડા સમાન શોભાયમાન છે. આ દેશની પૂર્વ દિશામાં મેરુ પર્વત છે, પશ્ચિમ દિશામાં ઉર્મિમાલિની નામની વિભંગ નદી છે, દક્ષિણમાં સીતોદા નદી છે અને ઉત્તરમાં નીલગિરિ છે. આ દેશ વિદેહક્ષેત્રની અંતર્ગત છે. ત્યાંથી મુનિગણ હંમેશા કર્મરૂપી મળને નષ્ટ કરી વિદેહ (વિગત દેહ) શરીરરહિત થઈને નિર્વાણ પ્રાપ્ત કરે છે, તેથી તે ક્ષેત્રનું 'વિદેહ' નામ સાર્થક છે અને રૂઢિ બંને અવસ્થાઓને પ્રાપ્ત છે. એ ગંધિલ દેશની પ્રજા હંમેશા પ્રસન્ન રહે છે તથા અનેક પ્રકારના ઉત્સવ કર્યા કરે છે, તેમને સદાય ઈચ્છિત ભોગ પ્રાપ્ત થયા કરે છે, તેથી તેઓ સ્વર્ગને પણ સારું નથી સમજતા. એ દેશના પ્રત્યેક ઘરમાં સ્વભાવથી જ સુંદર સ્ત્રીઓ છે, સ્વભાવથી જ ચતુર પુરુષો છે અને

સ્વભાવથી જ મધુર વચન બોલવાવાળા બાળકો છે. એ દેશમાં મનુષ્યોની ચતુરાઈ એમના ચતુરાઈપૂર્ણ વેશથી પ્રગટ થાય છે, તેમના આભૂષણોથી તેમની સંપત્તિનું જ્ઞાન થાય છે તથા ભોગ-વિલાસથી તેમના યૌવનની શરૂઆત થાય છે. ત્યાંના મનુષ્ય ઉત્તમ પાત્રોને દાન દેવામાં અને દેવાધિદેવ અરહંત ભગવાનની પૂજા કરવામાં જ પ્રેમ રાખે છે, તે લોકો શીલની રક્ષા કરવામાં જ પોતાની અત્યંત શક્તિ દેખાડે છે અને પ્રોષધોપવાસ ધારણ કરવામાં જ રુચિ રાખે છે.

ભાવાર્થ—આ પરિસંખ્યા અલંકાર છે. પરિસંખ્યાનો સંક્ષિપ્ત અર્થ નિયમ છે, તેથી આ શ્લોકનો ભાવ એમ થયો કે ત્યાંના લોકોની પ્રીતિ સુપાત્રદાન આદિમાં જ હતી, વિષયવાસનાઓમાં ન હતી, તેમની શક્તિ શીલવ્રતની રક્ષા માટે જ હતી, નિર્બળને પીડિત કરવા માટે ન હતી અને તેમની રુચિ પ્રોષધોપવાસ ધારણ કરવામાં હતી, વેશ્યા આદિ વિષયના સાધનોમાં ન હતી.

એ ગંધિલ દેશમાં શ્રી જિનેન્દ્રરૂપી સૂર્યનો ઉદય રહે છે. તેથી ત્યાં મિથ્યાદ્રષ્ટિઓનો ઉદ્ભવ ક્યારે પણ નથી થતો કે જેવી રીતે દિવસમાં સૂર્યનો ઉદય રહેતા જુગનુઓનો ઉદ્ભવ નથી થતો. એ દેશના બગીચા ફળશાળી વૃક્ષોથી સદાય શોભાયમાન રહે છે તથા તેમાં જે કોયલો મનોહર શબ્દ કરે છે તેનાથી એવું લાગે છે કે જાણે એ બગીચા એ શબ્દો દ્વારા પથિકોને બોલાવી જ રહ્યા હોય! એ દેશના સીમા પ્રદેશો પર ફળોથી શોભાયમાન ધન આદિના ખેતર એવા જણાય છે કે જાણે સ્વર્ગાદિ ફળોથી ધાર્મિક ક્રિયાઓ જ હોય! એ દેશમાં ધાનના ખેતરોની નજીક આકાશથી જે પોપટની હારમાળા નીચે ઊતરે છે તેને ખેતરની રક્ષા કરવાવાળી ગોપીકાઓ એમ માને છે કે જાણે લીલા મણિઓનો બનેલું તોરણ જ ઊતરી રહ્યું હોય! મંદ-મંદ હવાથી હલતા ફૂલોના ભારથી ઝુકેલા વાયુના આઘાતથી અવાજ કરતાં ત્યાંના ધાનના ખેતરો એવા લાગતા હતા કે જાણે પક્ષીઓને જ ઉડાવી રહ્યા હોય! એ દેશમાં પથિક લોકો યંત્રોના ચીં-ચીં શબ્દોથી શોભાયમાન પૌડૌ (જાડી મોટી શેરડી) તથા ઈક્ષુના ખેતરમાં જઈને પોતાની ઈચ્છાનુસાર ઈક્ષુનો મીઠો રસ પીવે છે. એ દેશના ગામ એટલા નજીક વસેલા છે કે મુર્ગા એક ગામથી બીજે ગામ આરામથી ઊડીને જઈ શકે છે, તેની સીમા પરસ્પર મળેલી છે તથા સીમાઓ પણ ધાનના એવા ખેતરોથી શોભાયમાન છે કે જે થોડા જ પરિશ્રમથી ઊગી જાય છે.

એ દેશના લોકો જ્યારે એક કળાને સારી રીતે શીખી લે છે પછી જ બીજી કળાઓ શીખવાની શરૂઆત કરે છે અર્થાત્ ત્યાંના મનુષ્ય બધા જ વિષયનું પૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરવાનો ઉદ્યોગ કરે છે તથા એ દેશમાં ગુણ ન રહેતા હોવા છતાં પણ પોતાને ગુણી કહેવાની ઉદ્દંડતા નથી. એ દેશમાં મુનિઓમાં જો શિથિલતા છે તો શરીરમાં જ છે અર્થાત્ લગાતાર ઉપવાસ આદિ કરવાથી તેમનું શરીર જ શિથિલ થયું છે, સમાધિ-ધ્યાન આદિમાં શિથિલતા નથી. એ સિવાય નિગ્રહ-દમન જો છે તે ઈન્દ્રિય સમૂહમાં જ છે અર્થાત્ ઈન્દ્રિયોની વિષય-પ્રવૃત્તિ રોકવામાં આવે છે, પ્રાણી સમૂહમાં ક્યારેય પણ નિગ્રહ નથી થતો અર્થાત્ પ્રાણીઓનો કોઈ ઘાત નથી કરતું. એ દેશમાં કોલાહલ પક્ષીઓના માળામાં જ છે, અન્યત્ર નથી તથા વર્ણસંકરતા (અનેક રંગોનો મેળ) ચિત્ર સિવાય બીજે ક્યાંય નથી અર્થાત્ ત્યાંના મનુષ્ય વર્ણસંકરવ્યભિચારજાત નથી. એ દેશમાં જો ભંગ શબ્દનો પ્રયોગ થાય છે તો તરંગોમાં જ થાય છે, ત્યાંના મનુષ્યોમાં ક્યારેય ભંગ—વિનાશ નથી થતો. મદ—તરુણ હાથીનોના ગંડસ્થળથી ઝરવાવાળા તરલ પદાર્થોનો વિકાર હાથીઓમાં હોય છે, ત્યાંના મનુષ્યોમાં મદ—અહંકારનો વિકાર નથી હોતો. દંડ (કમળપુષ્પની અંદરનો એ ભાગ કે જેમાં કમળગટ્ટો લાગે છે) ની કઠોરતા કમળમાં જ છે, ત્યાંના પુરુષોમાં દંડપારુષ્ય નથી— તેમને કડક સજા આપવામાં આવતી નથી. ત્યાં જળનો સંગ્રહ તળાવમાં જ થાય છે, ત્યાંના મનુષ્યોમાં જડ—મૂર્ખ મનુષ્યોનો સંગ્રહ નથી થતો.

એ દેશના નગર સ્વર્ગ સમાન છે, ગામ દેવકુરુ—ઉત્તરકુરુ ભોગભૂમિ સમાન છે, ઘર સ્વર્ગના વિમાનોની સ્પર્ધા કરવાવાળા છે અને મનુષ્ય દેવો સમાન છે. એ દેશના હાથી, ઐરાવત આદિ દિગ્ગજોની સાથે સ્પર્ધા કરવાવાળા છે, સ્ત્રીઓ દિક્કુમારીઓ સમાન છે અને દિગ્વિજય કરવાવાળા રાજાઓ દિક્પાળ સમાન છે. એ દેશમાં મનુષ્યોનો સંતાપ દૂર કરવાવાળી તથા સ્વચ્છ જળથી ભરેલી અનેક વાવડીઓ શોભાયમાન થઈ રહી છે. કિનારા ઉપર લાગેલા વૃક્ષોની છાયાથી એ વાવડીઓમાં ગરમીનો પ્રવેશ જરાપણ થઈ શકતો નથી તથા અનેક લોકો તેનું પાણી પીવે છે. એ દેશના કુવા, તળાવ આદિ ભલે જળાશય હોય, તેમ છતાં તે પોતાના મધુર જળથી લોકોનો સંતાપ દૂર કરે છે. એ દેશની નદીઓ એકદમ વેશ્યાઓ સમાન શોભાયમાન થાય છે. વેશ્યાઓ જેવી રીતે વિપંકા અર્થાત્ રજોધર્મથી રહિત હોય છે, તેવી જ રીતે નદીઓ પણ વિપંકા અર્થાત્ કીચડરહિત છે, વેશ્યાઓ જેવી રીતે

ગ્રાહવતી–ધનસંચય કરવાવાળી હોય છે, તેવી જ રીતે નદીઓ પણ ગ્રાહવતી–મગરમચ્છોથી ભરેલી છે. વેશ્યાઓ જેવી રીતે ઉપરથી સાફ હોય છે, તેવી જ રીતે નદીઓ પણ સાફ હોય છે; વેશ્યાઓ જેવી રીતે કુટીલવૃત્તિ–માયાચારિણી હોય છે, તેવી જ રીતે નદીઓ પણ કુટીલવૃત્તિ–આડી વહેવાવાળી છે; વેશ્યાઓ જેવી રીત અલંઘ્ય હોય છે–વિષયી મનુષ્યો દ્વારા વશીભૂત નથી થતી, તેવી જ રીતે નદીઓ પણ અલંઘ્ય છે–ઊંડી હોવાના કારણે તરીને પાર કરવાયોગ્ય નથી; વેશ્યાઓ જેવી રીતે સર્વભોગ્યા–ઊંચ, નીચ સર્વ પ્રકારના મનુષ્યો દ્વારા ભોગ્ય થાય છે, તેવી જ રીતે નદીઓ પણ સર્વભોગ્ય–પશુ, પક્ષી, મનુષ્યો બધા દ્વારા ભોગ્ય છે; વેશ્યાઓ જેવી રીતે વિચિત્રા–અનેક વર્ણની હોય છે, તેવી જ રીતે નદીઓ પણ અનેકવર્ણ–અનેક રંગની છે તથા વેશ્યાઓ જેવી રીતે નિમગ્ના નીચ પુરુષો તરફ જાય છે, તેવી જ રીતે નદીઓ પણ નિમગ્ના–ઢાળવાળી જમીન તરફ જાય છે.

એ દેશમાં તળાવોના કિનારે કંઠમાં મૃણાલનો ટૂકડો વાગી જવાથી વ્યાકુળ થયેલા હંસ અનેક પ્રકારના મનોહર શબ્દ કરે છે. એ દેશના વનોમાં મદથી નિમીલિત (બીડાયેલા) નેત્રવાળા જંગલી હાથીઓ નિરંતર આ પ્રકારે ફરે છે કે જાણે દિગ્ગજોને જ બોલાવી રહ્યા હોય! જેમના શિંગડાની અણી ઉપર કીચડ લાગેલો તથા જે ઘણી મુશ્કેલીથી વશમાં કરી શકાય છે એવા અભિમાની બળદ એ દેશના ખેતરોમાં સ્થળ કમલિનીઓને ઉખાડ્યા કરે છે. એ દેશના જિનમંદિરોમાં સંગીતના સમયે જે તબલા વગાડે છે તેના અવાજને મેઘનો અવાજ સમજીને હર્ષથી ઉન્મત્ત થયેલા મયૂરો અસમયમાં જ–વર્ષાઋતુ વિના જ નૃત્ય કરતાં રહે છે. તે દેશની ગાયો યથાસમય ગર્ભ ધારણ કરીને મનોહર શબ્દ કરતી પોતાના દૂધથી બધાનું પોષણ કરે છે, તેથી તે મેઘ સમાન શોભાયમાન થાય છે. કારણ કે મેઘ પણ યથા સમય જળરૂપ ગર્ભ ધારણ કરીને મનોહર શબ્દ–ગર્જના કરતાં થકાં પોતાના જળથી બધાનું પોષણ કરે છે. એ દેશમાં વરસતા મેઘ મદોન્મત્ત હાથી સમાન શોભાયમાન થાય છે, કારણ કે જેવી રીતે હાથી પતાકાઓ સહિત હોય છે તેવી જ રીતે, મેઘ પણ વાદળાની પંક્તિઓથી સહિત છે; હાથી જેવી રીતે ગંભીર ગર્જના કરે છે, તેવી જ રીતે મેઘ પણ ગંભીર ગર્જના કરે છે તથા હાથી જેવી રીતે મદ વરસાવે છે, તેવી જ રીતે મેઘ પણ પાણી વરસાવે છે.

એ દેશમાં સુયોગ્ય રાજાની પ્રજાને કરની તકલીફ ક્યારેય પણ અડી નથી શકતી તથા સદાય સુકાળ રહેવાથી

ત્યાં ન તો અતિવૃષ્ટિની તકલીફ છે કે ન તો કોઈપણ પ્રકારની અનીતિઓ પણ છે. આવા આ ગંધિલ દેશના મધ્યમાં વિજયાર્ધ નામનો એક અતિ વિશાળ પર્વત છે કે જે ચાંદીમય છે તથા પોતાના સફેદ કિરણોથી કુલાચલ પર્વતોની મજાક કરતો હોય એમ લાગે છે. તે વિજયાર્ધ પર્વત ધરાતલથી પચ્ચીસ યોજન ઊંચો છે અને ઊંચા શિખરોથી એવો જણાય છે કે જાણે સ્વર્ગલોકનો સ્પર્શ કરવા માટે જ ઉદ્ધત હોય! એ પર્વત મૂળથી લઈને દસ યોજનની ઊંચાઈ સુધી પચાસ યોજન, વચ્ચે ત્રીસ યોજન અને ઉપર દસ યોજન પહોળો છે. તે પર્વત ઊંચાઈનો એક ચતુર્થાંશ ભાગ અર્થાત્ સવા છ યોજન જમીનની અંદર પ્રવિષ્ટ છે તથા ગંધિલા દેશની પહોળાઈ બરાબર લાંબો છે, જેથી એવું જણાય છે કે જાણે એક દેશને માપવાનું માપદંડ જ હોય! એ પર્વત ઉપર દશ-દશ યોજન પહોળી બે શ્રેણીઓ છે કે જે ઉત્તરશ્રેણી અને દક્ષિણશ્રેણીના નામથી પ્રસિદ્ધ છે. તેના ઉપર વિદ્યાધરોના નિવાસસ્થાન બનેલા છે કે જે પોતાના સૌંદર્યથી દેવોના વિમાનોનો પણ ઉપહાસ કરે છે. વિદ્યાધર સ્ત્રીઓના આમતેમ ફરવાથી તેમના પગની જે મહાવર[1] એ પર્વત ઉપર લાગી જાય છે તેનાથી તે એવો શોભાયમાન થાય છે કે જાણે તેને સદાય લાલ-લાલ કમળોનો ઉપહાર જ આપવામાં આવે છે. એ પર્વતની શક્તિને કોઈ ભેદી શકતું નથી, તે અવિનાશી છે, અનેક વિદ્યાધરો તેની ઉપાસના કરે છે તથા તે સ્વયં અત્યંત નિર્મળતા ધારણ કરે છે, તેથી સિદ્ધ પરમેષ્ઠીના આત્મા સમાન શોભાયમાન થાય છે, કારણ કે સિદ્ધ પરમેષ્ઠીનો આત્મા પણ અભેદ્ય શક્તિનો ધારક છે, અવિનાશી છે, સમ્યગ્જ્ઞાની જીવો દ્વારા સેવિત છે અને કર્મમય કલંકથી રહિત હોવાના કારણે સ્થાયી વિશુદ્ધતા ધારણ કરે છે—અત્યંત નિર્મળ છે અથવા તે પર્વત ભવ્ય જીવ સમાન છે કારણ કે જેવી રીતે ભવ્ય જીવ અનાદિકાળથી શુદ્ધિ અર્થાત્ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર દ્વારા પ્રાપ્ત થવા યોગ્ય નિર્મળતાની શક્તિને ધારણ કરે છે, તેવી જ રીતે એ પર્વત પણ અનાદિકાળથી શુદ્ધિ અર્થાત્ નિર્મળતાની શક્તિને ધારણ કરે છે. અંતર એટલો જ છે કે પર્વત દીક્ષા ધારણ નથી કરી શકતો જ્યારે ભવ્ય જીવ દીક્ષા ધારણ કરી તપસ્યા કરી શકે છે.

એ પર્વત સદાય વિદ્યાધરો દ્વારા આરાધ્ય છે—વિદ્યાધર તેની સેવા કરે છે, સ્વયં નિર્મળરૂપ છે, સનાતન છે—અનાદિથી ચાલતો આવ્યો છે અને સુનિશ્ચિત પ્રમાણ છે—લંબાઈ, પહોળાઈ આદિના નિશ્ચિત પ્રમાણથી સહિત છે.

---

૧. ઉકાળેલી લાખમાંથી બનાવેલ લાલ રંગ—જે સ્ત્રીઓ તેમના હાથે અને પગે લગાવતી.

તેથી બરાબર જૈનાગમની સ્થિતિને ધારણ કરે છે, કારણ કે જૈનાગમ પણ વિદ્યાધરો દ્વારા—સમ્યગ્જ્ઞાનના ધારક વિદ્વાન પુરુષો દ્વારા આરાધ્ય છે—મોટા-મોટા વિદ્વાન તેનું ધ્યાન-અધ્યયન આદિ કરે છે; નિર્મળરૂપ છે—પૂર્વાપર દોષોથી રહિત છે; સનાતન છે—દ્રવ્યદ્રષ્ટિની અપેક્ષા અનાદિથી ચાલ્યો આવ્યો છે અને સુનિશ્ચિત પ્રમાણ છે—યુક્તિસિદ્ધ પ્રત્યક્ષ-પરોક્ષ પ્રમાણોથી પ્રસિદ્ધ છે. એ પર્વત પર ચારણઋદ્ધિના ધારક મુનિ સદાય સિંહ સમાન વિહાર કરતાં રહે છે કારણ કે જેવી રીતે સિંહ એકલો હોય છે, તેવી જ રીતે તે મુનિ પણ એકાકી—એકલા રહે છે; સિંહને જેવી રીતે આમતેમ ફરવામાં ભય નથી હોતો, તેવી જ રીતે એ મુનિઓને પણ આમતેમ વિહાર કરવામાં અથવા ચતુર્ગતિરૂપ સંસારનો ભય નથી હોતો; સિંહના નખ જેવી રીતે મોટા હોય છે, તેવી જ રીતે દીર્ઘ તપસ્યાના કારણે એ મુનિઓના નખ પણ મોટા હોય છે અને સિંહ જેવી રીતે ધીર હોય છે, તેવી જ રીતે મુનિ પણ અત્યંત ધીરવીર હોય છે.

તે પર્વત પોતાની બંને શ્રેણીઓથી એવો જણાય છે કે જાણે બંને પાંખ ફેલાવીને સ્વર્ગલોકની શોભા જોવાની ઈચ્છાથી ઉડવા ઈચ્છતો હોય! એ પર્વતના મનોહર શિખરો પર કિન્નર અને નાગકુમાર જાતિના દેવ ચિરકાળ સુધી ક્રીડા કરતાં-કરતાં પોતાના નિવાસસ્થાનોને પણ ભૂલી જતા હતા. એ પર્વતની રજતમયી સફેદ દિવાલો ઉપર આશ્રય લેવાવાળા શરદઋતુના શ્વેત વાદળોની ખબર લોકોને ત્યારે પડે કે જ્યારે તે નાના-નાના ટીપાઓ થઈને વરસે છે, ગરજે છે અને આમતેમ ચાલવા લાગે છે. તે પર્વત પોતાના ઊંચા-ઊંચા શિખરો દ્વારા દેવોના અનેક આવાસોને ધારણ કરે છે, તે આવાસ ચમકતા મણિઓથી યુક્ત છે અને એ પર્વતના ચૂડામણિ સમાન જણાય છે. એ શિખરો ઉપર અનેક જિનમંદિરો પણ બનેલા છે. તે વિજયાર્ધ પર્વતરૂપી રાજા મુકૂટ સમાન અત્યંત ઊંચા કૂટોને ધારણ કરે છે. તે મુકુટ અથવા કૂટ મહામૂલ્ય રત્નોથી ચિત્ર-વિચિત્ર થઈ રહ્યા છે તથા સુર-અસુર તેમની પ્રશંસા કરે છે. તે પર્વત દેદીપ્યમાન વજ્રમય કપાટો-બારણાઓથી યુક્ત દરવાજાઓને ધારણ કરે છે કે જેથી એવું લાગે છે કે જાણે પોતાના સારભૂત ધનને રાખવા માટે લાંબા-પહોળા મહાદુર્ગ—કિલ્લાને જ ધારણ કરી રહ્યા હોય! તે પર્વત અત્યંત વિશુદ્ધ અને અલંઘ્ય છે, તેથી જ જાણે કે ગંગા, સિંધુ નામની મહાનદીઓએ નીલગિરિની ગોદથી (મધ્યભાગથી) આવીને તેના ચરણોનો અથવા સમીપવર્તી શાખાઓનો આશ્રય લીધો છે. તે પર્વત તળેટીની નજીકના અનેક વનોથી

શોભાયમાન છે, તેથી નીલવસ્ત્રને પહેરેલાં ઊભા બળભદ્રની ઉત્કૃષ્ટ શોભાને ધારણ કરી રહ્યા છે. તે પર્વત વનની ચારે તરફ બનેલી ઊંચી વનવેદીને ધારણ કરે છે જેથી એવું લાગે છે કે જાણે કોઈ દ્વારા બનાવવામાં આવેલી સુંદર સીમા અથવા સૌંદર્યની અવધિને જ ધારણ કરી રહ્યા હોય. એ પર્વત પર કલ્પવૃક્ષોના મધ્યમાર્ગમાં સુગંધિત વાયુ હમેશા મંદ-મંદ વહેતો રહે છે, તે વાયુમાં આમતેમ ફરવાવાળી વિદ્યાધરીઓના નૂપુરનો મનોહર શબ્દ પણ મળેલો હોય છે. તે પર્વત પોતાની પૂર્વ અને પશ્ચિમની કોટિઓથી દિશાઓના કિનારાનું મર્દન કરતાં એવા જણાય છે કે જાણે જગતના ભારેમાં ભારે વજનને ધારણ કરવાનું સામર્થ્ય રાખવાવાળા માહાત્મ્યને જ પ્રગટ કરી રહ્યા હોય!

જો આ પર્વત તિર્યક્ પ્રદેશમાં લાંબો ન થઈને ક્રીડામાત્રથી જ આકાશમાં જ વધતો જાત તો જગતરૂપી કુટીમાં ક્યાં સમાત? એ પર્વત એટલો ઊંચો અને એટલો નિર્મળ છે કે પોતાના ઊંચા-ઊંચા શિખરો દ્વારા કુલાચલોની સાથે પણ સ્પર્ધા માટે તૈયાર રહે છે. એવા એ વિજયાર્ધ પર્વતની ઉત્તરશ્રેણીમાં એક અલકા નામની શ્રેષ્ઠ પુરી છે કે જે કેશવાળી વિદ્યાધરીઓના મુખની સાથે-સાથે ચંદ્રની પણ હાંસી ઉડાવે છે. ખૂબ જ અભ્યુદયને પ્રાપ્ત એ નગરી તે ઉત્તરશ્રેણીમાં એવી રીતે સુશોભિત થાય છે કે જેવી રીતે પાંડુક શિલા ઉપર જિનેન્દ્રદેવની અભિષેક-ક્રિયા સુશોભિત હોય છે.

તે અલકાપુરી કોઈ મોટા વ્યાકરણથી બનેલી પ્રક્રિયા સમાન અતિશય વિસ્તૃત છે તથા ભગવત્ જિનેન્દ્રદેવની દિવ્યધ્વનિના અનેક ભાષારૂપ પરિણત થવાવાળા અતિશય સમાન શોભાયમાન છે અર્થાત્ તેમાં અનેક ભાષાઓના જાણવાવાળા પુરુષો રહે છે. એ નગરી ઊંચા-ઊંચા ગોપુર—દરવાજાથી સહિત અત્યંત ઉન્નત કોટાને ધારણ કરે છે જેથી એવી જણાય છે કે જાણે વેદિકાના વલયને ધારણ કરેલા જંબૂદ્વીપનું સ્થળ જ હોય! એ નગરીની પરિખામાં (કોટની ચારે બાજુની ખાઈમાં) અનેક કમળ ખીલેલાં છે અને એ કમળ ઉપર ચારે તરફ ભ્રમર ફરી રહ્યા છે, જેથી એવું જણાય છે કે જાણે એ પરિખા આમતેમ ફરતા ભ્રમરરૂપી સુંદર અંજનથી સુશોભિત કમળરૂપી નેત્રો દ્વારા ત્યાંના વિદ્યાધરોને જોઈ રહી હોય! તે નગરીની ચારે તરફ પરિખાથી ઘેરાયેલો જે કોટ છે તે કેવળ તેની શોભા માટે જ છે. કારણ કે એ નગરીનું પાલન કરવાવાળા વિદ્યાધર નરેશ પોતાની ભૂજાઓથી જ પ્રજાનું રક્ષણ કરે છે. એ નગરીના મોટા-મોટા મકાનોના શિખરો ઉપર ઉડતી પતાકાઓ, કૈલાશના શિખર ઉપર ઉતરતી

હંસમાળાને તિરસ્કૃત કરે છે. તે નગરીના પ્રત્યેક ઘરમાં ખીલેલાં કમળથી શોભાયમાન અનેક વાપિકાઓ છે, તેમાં બતક પક્ષી મનોહર શબ્દ કરે છે જેથી એવું જણાય છે કે જાણે કે તેઓ માનસરોવરની હાંસી જ ઉડાવે છે. એ નગરીમાં અનેક વાપિકાઓ સ્ત્રીઓની સમાન શોભાયમાન થઈ રહી છે, કારણ કે સ્વચ્છ જળ જ તેમનું વસ્ત્ર છે, નીલકમલ જ કર્ણફૂલ છે, કમળ જ મુખ છે અને શોભાયમાન કુવલય (ભૂરૂ કમળ) જ નેત્ર છે.

તે નગરીમાં કોઈ એવો મનુષ્ય નથી કે જે અજ્ઞાની હોય, કોઈ એવી સ્ત્રી નથી કે જે શીલથી રહિત હોય, કોઈ એવું ઘર નથી કે જે બગીચાથી રહિત હોય અને કોઈ એવો બગીચો નથી કે જે ફળોથી રહિત હોય. તે નગરીમાં ક્યારે પણ એવો ઉત્સવ નથી થતો કે જે જિનપૂજા વિના જ કરવામાં આવતો હોય તથા મનુષ્યોનું એવું મરણ પણ નથી થતું જે સંન્યાસની વિધિથી રહિત હોય. એ નગરીમાં ધાન્યના એવા ખેતરો નિરંતર શોભાયમાન છે કે જે વિના મહેનતે જ સમયસર પાકી જાય છે અને પુણ્ય સમાન પ્રજાને મહાન ફળ આપે છે. એ નગરીના ઉપવનમાં એવા અનેક નાના-નાના વૃક્ષ છે કે જેમને હજી સ્થિરતા—દ્રઢતા પ્રાપ્ત નથી થઈ. અન્ય લોકો તેની યત્નપૂર્વક રક્ષા કરે છે અને બાળકની જેમ તેમને પાણી સિંચે છે. એ નગરીના બજાર કોઈ મહાસાગર સમાન શોભાયમાન છે કારણ કે તેમાં મહાસાગર સમાન જ શબ્દ થતો રહે છે, મહાસાગર સમાન જ રત્ન ચમકતા રહે છે અને મહાસાગરમાં જેવી રીતે જળજંતુ આમતેમ ફરતા રહે છે, તેવી જ રીતે બજારમાં મનુષ્યો ફરતા રહે છે. એ નગરીમાં વિકોશત્વ કમળમાં જ થાય છે, ત્યાંના મનુષ્યોમાં વિકોશત્વ—(ખજાનાનો અભાવ) નથી થતો; ડરપોકપણું સ્ત્રીઓમાં જ છે, ત્યાંના પુરુષોમાં નથી; અધરતા હોઠમાં જ છે, ત્યાંના મનુષ્યોમાં અધરતા—નીચતા નથી; નિંસ્ત્રિંશતા—ખંગપણું તલવારોમાં જ છે, ત્યાંના મનુષ્યોમાં નિંસ્ત્રિંશતા—ક્રુરતા નથી; યાચના અને કરગ્રહ—પાણીગ્રહણ લગ્નમાં જ થાય છે, ત્યાંના મનુષ્યોમાં યાચના—ભીખ માંગવી અને કરગ્રહ—કર વસૂલ કરવો અથવા અપરાધ થતા જંજીર આદિ હાથોનું બંધાવું નથી થતું; મ્લાનતા—મુરઝાઈ જવું પુષ્પમાળાઓમાં જ છે, ત્યાંના મનુષ્યોમાં મ્લાનતા—ઉદાસીનતા અથવા નિષ્પ્રભતા નથી અને બંધન—રસ્સી આદિથી બંધાવું કેવળ હાથીઓમાં જ છે, ત્યાંના મનુષ્યોમાં બંધન—કારાગાર આદિનું બંધન નથી.

તે નગરીના મધુવન વર-વધૂ અર્થાત્ દંપતિ સમાન બધાને અતિશય પ્રિય લાગે છે કારણ કે દંપતિને લોકો

જેવી રીતે ખૂબ ઉત્સુકતાથી જોવે છે, તેવી જ રીતે ત્યાંના ઉપવનોને પણ લોકો ખૂબ જ ઉત્સુકતાથી જોવે છે; દંપતિ જેવી રીતે વયસ્કાંત–તરુણ અવસ્થાથી સુંદર હોય છે, તેવી જ રીતે ઉપવન પણ વયસ્કાંત–પક્ષીઓથી સુંદર હોય છે; દંપતિ જેવી રીતે સપુષ્પક–પુષ્પમાળાઓથી સહિત હોય છે, તેવી જ રીતે ઉપવન પણ સપુષ્પક–ફૂલોથી સહિત હોય છે અને દંપતિ જેવી રીતે બાણાંકિત–બાણ ચિહ્નથી ચિહ્નિત હોય છે અથવા ધનુષબાણથી સહિત હોય છે, તેવી જ રીતે ઉપવન પણ વાણ જાતિના વૃક્ષોથી સહિત હોય છે. આ રીતે, જેનું માહાત્મ્ય પ્રસિદ્ધ છે અને જે અનેક પ્રકારના સચ્ચરિત્ર બ્રાહ્મણ, ક્ષત્રિય આદિ વર્ણોથી વ્યાપ્ત છે એવી તે અલકા નગરી તે વિજયાર્ધ પર્વતરૂપી રાજાના મસ્તક ઉપર ગોળ તથા ઉત્તમ રંગવાળા તિલક સમાન સુશોભિત થાય છે.

તે અલકાપુરીનો રાજા **'અતિબળ'** નામનો વિદ્યાધર હતો કે જે શત્રુઓના બળનો ક્ષય કરવાવાળો હતો, જેની આજ્ઞાને સમસ્ત વિદ્યાધર રાજા મુકૂટ સમાન પોતાના મસ્તક પર ધારણ કરતાં હતા. તે અતિબળ રાજા ધર્મથી–સ્વભાવથી જ વિજય લાભ કરતો હતો, શૂરવીર હતો અને શત્રુસમૂહને જીતવાવાળો હતો. તેણે સંધિ, વિગ્રહ, વાન, આસન, સંશ્રય અને દ્વૈષીભાવ–એ છ ગુણોથી મોટા-મોટા શત્રુઓને જીતી લીધા હતા. તે રાજા હમેશા વૃદ્ધ મનુષ્યોની સંગતિ કરતો હતો તથા તેણે ઇન્દ્રિયોના બધા જ વિષયો જીતી લીધા હતા, તેથી તે પોતાની સેના દ્વારા મોટા-મોટા શત્રુઓને લીલામાત્રમાં જ ઉખાડી નાખતો હતો–નષ્ટ કરી દેતો હતો. તે રાજા દિગ્ગજ સમાન હતો કારણ કે જેવી રીતે દિગ્ગજ મહાન ઉદયથી સહિત હોય છે તેવી જ રીતે, તે રાજા પણ મહાન ઉદય–વૈભવથી સહિત હતો; દિગ્ગજ જેવી રીતે ઊંચા વંશના ધારક હોય છે, તેવી જ રીતે તે રાજા પણ સર્વશ્રેષ્ઠ વંશ–કુળનો ધારક હતો–ઊંચકુળમાં ઉત્પન્ન થયો હતો; દિગ્ગજ જેવી રીતે ભાસ્વન્મહાર–પ્રકાશમાન લાંબી સૂંઢનો ધારક હોય છે, તેવી જ રીતે તે રાજા પણ દેદીપ્યમાન લાંબી ભૂજાઓનો ધારક હતો તથા દિગ્ગજ જેવી રીતે પોતાના મહાદાનથી–ભારે મદજળથી ભ્રમર આદિ આશ્રિત પ્રાણીઓનું પોષણ કરે છે, તેવી જ રીતે તે રાજા પણ પોતાના મહાદાન–વિપુલ ધનથી શરણમાં આવેલા પુરુષોનું પોષણ કરે છે.

તે રાજાના મુખમાંથી શોભાયમાન દાંતોના કિરણો નીકળી રહ્યા હતા તથા બંને નેણ ઉપર ઊઠેલી હતી જેથી એવું લાગતું હતું કે જાણે તેના મુખે ચંદ્રિકાથી શોભિત ચંદ્રને જીતી લીધો છે અને તેથી તેણે પોતાની નેણરૂપ બંને

ધ્વજા લહેરાવી હોય ! મહારાજ અતિબળનું મસ્તક ઠીક ત્રિકૂટાચલના શિખર સમાન શોભાયમાન હતું કારણ કે જેવી રીતે ત્રિકૂટાચલ–સપુષ્પકેશ–પુષ્પક વિમાનના સ્વામી રાવણથી સહિત હતું, તેવી જ રીતે તેમનું મસ્તક તથા સપુષ્પકેશ અર્થાત્ કેશોથી સહિત હતું; ત્રિકૂટાચલનું શિખર જેવી રીતે સદાનવ–દાનવોથી–રાક્ષસોથી સહિત હતું, તેવી જ રીતે તેનું મસ્તક પણ સદાનવ–સદાય નવીન હતું–શ્યામ કેશોથી સહિત હતું અને ત્રિકૂટાચલની સમીપ જેવી રીતે જળના ઝરણા વહી રહ્યા હતા, તેવી જ રીતે તેના મસ્તકની સમીપ ચંવર ઢળી રહ્યા હતા. તે રાજા ગુણોનો સમુદ્ર હતો, તેનું વક્ષઃસ્થળ અત્યંત વિસ્તૃત હતું અને હારરૂપી લતાઓથી ઘેરાયેલું હતું, તેથી એવું જણાતું હતું કે જાણે લક્ષ્મીનું ક્રીડાદ્વીપ જ હોય ! તે રાજાની બંને ભૂજાઓ હાથીની સૂંઢ સમાન હતી, જાંઘ કામદેવના તરકશ સમાન હતી, પિંડરિયો પદ્મરાગમણિ સમાન સુદઢ હતી અને ચરણ કમળ સમાન સુંદર કાંતિના ધારક હતા. તે રાજાના પ્રત્યેક અંગોનું વર્ણન કરવું વ્યર્થ છે કારણ કે સંસારમાં સુંદર વસ્તુની ઉપમા દેવા યોગ્ય જે કોઈ વસ્તુઓ છે તે બધાને તે પોતાના અંગો દ્વારા જીતવા ઈચ્છતો હતો. ભાવાર્થ—સંસારમાં એવો કોઈ પદાર્થ નથી કે જેની ઉપમા આપીને તે રાજાના અંગોનું વર્ણન કરવામાં આવે.

તે રાજાને મનોહર અંગોને ધારણ કરવાવાળી **'મનોહરા'** નામની રાણી હતી કે જે પોતાની સૌંદર્ય–શોભા દ્વારા એવી જણાતી હતી કે જાણે કામદેવનું વિજયબાણ જ હોય ! તે રાણી પોતાના પતિ માટે હાસ્યરૂપી પુષ્પથી શોભાયમાન લતા સમાન પ્રિય હતી અને જિનવાણી સમાન હિત ચાહવાવાળી તેથી યશ વધારવાવાળી હતી. તે બંનેને અતિશય ભાગ્યશાળી **'મહાબળ'** નામનો પુત્ર ઉત્પન્ન થયો, તે પુત્રના ઉત્પન્ન થતાં જ તેના સમસ્ત સહોદરોમાં પ્રેમભાવ એકત્રિત થઈ ગયો હતો. કળાઓમાં કુશળતા, શૂરવીરતા, દાન, બુદ્ધિ, ક્ષમા, દયા, ધૈર્ય, સત્ય અને શૌર્ય એ તેના સ્વાભાવિક ગુણ હતા. તે મહાબળનું શરીર તથા ગુણ તે બંને પ્રતિદિન પરસ્પરની ઈર્ષાથી વૃદ્ધિને પ્રાપ્ત થઈ રહ્યા હતા અર્થાત્ ગુણોની વૃદ્ધિ જોઈને શરીર વધી રહ્યું હતું અને શરીરની વૃદ્ધિથી ગુણ વધી રહ્યા હતા. તે બરાબર જ છે કારણ કે એક સ્થાન પર રહેવાવાળાઓમાં ક્રિયાઓની સમાનતા હોવાથી ઈર્ષા જ થયા કરે છે. તે પુત્રએ ગુરુઓની સમીપ આન્વિક્ષિકી આદિ ચારેય વિદ્યાઓનું અધ્યયન કર્યું હતું તથા તે પુત્ર તે વિદ્યાઓથી એવો શોભાયમાન થતો હતો કે જેમ ઉદિત થતો સૂર્ય પોતાની પ્રભાઓ દ્વારા શોભાયમાન થાય છે. તેણે ગુરુઓના

સંયોગ અને પૂર્વભવના સંસ્કારના સુયોગથી સમસ્ત વિદ્યાઓ ભણી લીધી કે જેથી તે વાયુના સમાગમથી અગ્નિ સમાન ખૂબ જ દેદીપ્યમાન થઈ ગયો. મહારાજ અતિબળે પોતાના પુત્રની યોગ્યતા પ્રગટ કરવાવાળા વિનય આદિ ગુણ જોઈને તેને યુવરાજ પદ આપવાનું સ્વીકાર કર્યું. તે સમયે પિતા–પુત્ર બંને વડે વિભક્ત થયેલી રાજ્યલક્ષ્મી પહેલાંથી ઘણી વધારે વિસ્તૃત થઈ હિમાલય અને સમુદ્ર બંનેમાં પડતી આકાશ અને ગંગાની જેમ ચિરકાળ સુધી શોભાયમાન થતી રહી. જોકે રાજા અતિબળને બીજા પણ અનેક પુત્રો હતા, તેમ છતાં તે એક મહાબળ પુત્રથી જ પોતાને પુત્રવાન માન્યા કરતો હતો, જેવી રીતે આકાશમાં જોકે અનેક ગ્રહો હોય છે તેમ છતાં તે એક સૂર્ય ગ્રહ દ્વારા જ પ્રકાશમાન થાય છે, અન્ય ગ્રહો દ્વારા નહીં.

ત્યારબાદ, કોઈ એક દિવસે રાજા અતિબળ વિષયભોગોથી વિરક્ત થયા અને કામભોગથી તૃષારહિત થઈને દીક્ષા ગ્રહણ કરવા માટે ઉદ્યમ કરવા લાગ્યા. તે સમયે તેમણે વિચાર કર્યો કે આ રાજ્ય વિષપુષ્પ સમાન અત્યંત વિષમ અને પ્રાણહરણ કરવાવાળું છે, દૃષ્ટિવિષ સર્પ સમાન મહા ભયાનક છે, વ્યભિચારિણી સ્ત્રી સમાન નાશ કરવાવાળું છે તથા ભોગવેલી પુષ્પમાળા સમાન ઉચ્છિષ્ટ છે, તેથી હેય છે–છોડવા યોગ્ય છે, સ્વાભિમાની પુરુષોએ સેવન કરવાયોગ્ય નથી. તે બુદ્ધિમાન મહારાજ અતિબળ ફરી વિચાર કરવા લાગ્યા કે હું ઉત્તમ ક્ષમા ધારણ કરીને અથવા ધ્યાન-અધ્યયન આદિ દ્વારા સમર્થ થઈને પોતાની આત્મિક શક્તિને વધારીને આ સંસારરૂપી વેલને અવશ્ય ઉખાડી નાખીશ. આ સંસારરૂપી વેલનું મૂળ મિથ્યાત્વ જ છે, જન્મ-મરણ આદિ તેના જ પુષ્પ છે અને અનેક વ્યસન અર્થાત્ દુઃખ પ્રાપ્ત થવું જ તેનું ફળ છે. કેવળ વિષયરૂપી આસવનું પાન કરવા માટે આ પ્રાણીરૂપી ભ્રમર નિરંતર આ લતાની સેવા કર્યા કરે છે. આ યૌવન ક્ષણભંગુર છે અને આ પંચેન્દ્રિયના ભોગ જોકે અનેકવાર ભોગવવામાં આવી ચૂક્યા છે તથાપિ તેનાથી તૃપ્તિ નથી થતી, તૃપ્તિ થવી તો દૂર રહી પરંતુ તૃષ્ણારૂપી અગ્નિની સાતિશય વૃદ્ધિ થાય છે. આ શરીર પણ અત્યંત અપવિત્ર, ઘૃણાનું સ્થાન અને નશ્વર છે, આજે અથવા કાલે ખૂબ જ શીઘ્ર મૃત્યુરૂપી વજ્રથી પિસાઈને નષ્ટ થઈ જશે અથવા દુઃખરૂપી ફળથી યુક્ત અને પરિગ્રહરૂપી ગાંઠોથી ભરાયેલું આ શરીરરૂપ વાંસ મૃત્યુરૂપી અગ્નિથી બળીને તડ તડ શબ્દ કરતું શીઘ્ર જ નષ્ટ થઈ જશે. આ બંધુવર્ગ બંધન સમાન છે, ધન દુઃખને વધારવાવાળું છે અને વિષયો વિષ મળેલા ભોજન સમાન છે. લક્ષ્મી અત્યંત ચંચળ છે, સંપદાઓ જળની

લહેરો સમાન ક્ષણભંગુર છે. વધારે ક્યાં સુધી કહેવામાં આવે, આ બધું જ તો અસ્થિર છે, તેથી રાજ્ય ભોગવવું સારું નથી, તેને બધી જ રીતે છોડી દેવું જોઈએ, આ પ્રકારે નિશ્ચય કરી ધીરવીર મહારાજ અતિબળે રાજ્યાભિષેકપૂર્વક પોતાનું સમસ્ત રાજ્ય પુત્ર મહાબળને સોંપી દીધું અને પોતે, બંધનથી છૂટકારો મેળવેલ હાથી સમાન, ઘરેથી નીકળીને અનેક વિદ્યાધરો સાથે વનમાં જઈને દીક્ષા લઈ લીધી.

ત્યારબાદ, મહારાજ અતિબળ પવિત્ર જિનલિંગ ધારણ કરી ઘણા સમય સુધી ઘોર તપ કરવા લાગ્યા. તેમનું તે તપશ્ચરણ કોઈ વિજિગીષુ–શત્રુઓ ઉપર વિજય પ્રાપ્ત કરવાના અભિલાષી સેના સમાન હતું; કારણ કે તે સેના જેવી રીતે ગુપ્તિ–બરછા આદિ હથિયારો દ્વારા તથા સમિતિ–સમૂહો દ્વારા સુસંવૃત રહે છે, તેવી જ રીતે તેમનું તે તપશ્ચરણ પણ મનોગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ એ ત્રણ ગુપ્તિઓથી તથા ઈર્યા, ભાષા, એષણા, આદાનનિક્ષેપણ અને પ્રતિષ્ઠાપન—એ પાંચ સમિતિઓથી સુસંવૃત્ત–સુરક્ષિત હતું અથવા તેમનું તે તપશ્ચરણ કોઈ મહાસર્પના ફણમાં લાગેલા રત્ન સમાન અન્ય સાધારણ મનુષ્યોને દુર્લભ હતું. તેમનું તે તપશ્ચરણ દોષોથી રહિત હતું તથા નાભિરાજાના સમયમાં થવાવાળા વસ્ત્રાભૂષણરહિત કલ્પવૃક્ષ સમાન શોભાયમાન હતું અથવા એમ કહો કે તે તપશ્ચરણ ભવિષ્યકાળના સુખનું કારણ હોવાથી ગુરુઓના સદ્‌વચનો સમાન હતું. નિશ્ચિત નિવાસસ્થાનથી રહિત હોવાના કારણે પક્ષીઓના મંડળ સમાન હતું, વિષાદ, ભય, દીનતા આદિનો અભાવ થઈ જવાથી સિદ્ધસ્થાન–મોક્ષમંદિર સમાન હતું, ક્ષમા-શાંતિનો આધાર હોવાના કારણે અર્થાત્ પૃથ્વીનો આધાર હોવાના કારણે વાતવલયની ઉપમાને પ્રાપ્ત થતું જણાતું હતું તથા પરિગ્રહરહિત હોવાના કારણે પૃથક્ રહેવાના કારણે પરમાણુ સમાન હતું, મોક્ષનું કારણ હોવાથી નિર્મળ રત્નત્રય સમાન હતું, અતિશય ઉદાર ગુણોથી સહિત હતું, વિપુલ તેજથી પ્રકાશમાન અને આત્મબળથી સંયુક્ત હતું.

આ પ્રકારે, અતિબળના દીક્ષા ધારણ કર્યા બાદ તેના બળવાન પુત્ર મહાબળે રાજ્યનો ભાર ધારણ કર્યો. તે સમયે અનેક વિદ્યાધર નમ્ર થઈને તેના ચરણોમાં નમસ્કાર કર્યા કરતાં હતા. તે મહાબળ દૈવ અને પુરુષાર્થ–બંનેથી સંપન્ન હતો, તેની ચેષ્ટાઓ વીર માનવ સમાન હતી તથા તેણે શત્રુઓના બળનો સંહાર કરી પોતાની ભુજાઓનું બળ પ્રસિદ્ધ કર્યું હતું. જેવી રીતે મંત્રશક્તિના પ્રભાવથી મોટા-મોટા સર્પ વિકારરહિત થઈને સામર્થ્યહીન થઈ જાય છે–

વશીભૂત થઈ જાય છે, તેવી જ રીતે તેમની મંત્રશક્તિ–વિમર્શશક્તિના પ્રભાવથી મોટા-મોટા સર્પ (વિરોધી રાજાઓ) સામર્થ્યહીન થઈને વિકારરહિત થઈ જતા હતા. જેવી રીતે, સ્વાદિષ્ટ અને પાકેલા ફળોથી શોભાયમાન આમ્રવૃક્ષ પર પ્રજાની પ્રેમપૂર્ણ દૃષ્ટિ પડે છે, તેવી જ રીતે માધુર્ય આદિ અનેક-અનેક ગુણોથી શોભાયમાન રાજા મહાબળ ઉપર પણ પ્રજાની પ્રેમપૂર્ણ દૃષ્ટિ પડ્યા કરતી હતી. તે ન તો અત્યંત કઠોર હતો અને ન તો અતિશય કોમળતાને ધારણ કરતો, પરંતુ મધ્યસ્થ વૃત્તિનો આશ્રય કરીને તેણે સમસ્ત જગતને વશીભૂત કરી દીધું હતું. જેવી રીતે ગ્રીષ્મકાળના આશ્રયથી ઉડતી ધૂળને મેઘ શાંત કરી દે છે, તેવી જ રીતે સમૃદ્ધિની ઇચ્છા કરવાવાળા તે રાજાએ સમયાનુસાર ઉદ્ધત થયેલા–ગર્વને પ્રાપ્ત થયેલા અંતરંગ—કામ, ક્રોધ, મદ, માત્સર્ય, લોભ અને મોહ તથા બહિરંગ બંને પ્રકારના શત્રુઓને શાંત કરી દીધા હતા. તે રાજાના ધર્મ, અર્થ, અને કામ પરસ્પરમાં કોઈને બાધા પહોંચાડતા ન હતા. તે સમાનરૂપથી ત્રણેનું પાલન કરતો હતો જેથી એવું લાગતું હતું કે જાણે તેના કાર્યની ચતુરાઈથી તે ત્રણે વર્ગ પરસ્પરમાં મિત્રતાને જ પ્રાપ્ત થયા હોય ! રાજારૂપી હાથી રાજ્ય પામીને પ્રાયઃ મદથી કઠોર થઈ જાય છે, પરંતુ તે મહાબળ મદથી કઠોર થયો ન હતો, પરંતુ સ્વચ્છબુદ્ધિનો ધારક થયો હતો. અન્ય રાજા યુવાની, રૂપ, ઐશ્વર્ય, કુળ, જાતિ આદિ ગુણોથી મદ–ગર્વ કરવા લાગતા હતા, પરંતુ મહાબળના ઉક્ત ગુણોએ એક શાંતિભાવ જ ધારણ કર્યો હતો. પ્રાયઃ રાજ્યપુત્ર રાજ્યલક્ષ્મીના નિમિત્તે પરમ અહંકારને પ્રાપ્ત થઈ જતા હોય છે, પરંતુ મહાબળ રાજ્યલક્ષ્મીને પામીને પણ શાંત રહેતો હતો, જેવી રીતે મોક્ષની ઇચ્છા રાખવાવાળા મુનિ કામવિદ્યાથી સદાય નિર્વિકાર અને શાંત રહે છે. રાજા મહાબળના રાજ્ય કરવાથી ‘અન્યાય’ શબ્દ જ નષ્ટ થઈ ગયો હતો તથા ભય અને ક્ષોભ પ્રજાને ક્યારેય સ્વપ્નમાં પણ થતા ન હતા. તે રાજાના રાજ્યકાર્ય જોવામાં ગુપ્તચર અને વિચારશક્તિ જ નેત્રનું કામ આપતા હતા, નેત્ર તો ફક્ત મોઢાની શોભા અથવા પદાર્થોને જોવા માટે જ હતા.

કેટલાક સમય પછી યૌવનનો પ્રારંભ થતા સમસ્ત કળાઓના ધારક મહાબળનું રૂપ એટલું જ લોકપ્રિય થઈ ગયું હતું કે જેટલું સોળેય કળાઓને ધારણ કરવાવાળા ચંદ્રનું હોય છે. રાજા મહાબળ અને કામદેવ બંને સુંદર શરીરના ધારક હતા. હજી સુધી રાજાને કામદેવની ઉપમા જ આપવામાં આવતી હતી, પરંતુ કામદેવ અદૃશ્ય થઈ ગયો અને રાજા મહાબળ દૃશ્ય જ રહ્યા, તેથી એવું જણાતું હતું કે જાણે કામદેવે તેની ઉપમા દૂરથી જ છોડી દીધી

હોય! એ રાજાના મસ્તક ઉપર ભ્રમર સમાન કાળા, કોમળ અને ઘુઘરાળા વાળ હતા, તેની ઉપર મુકૂટ લાગેલું હતું જેથી તે મસ્તક એવું લાગતું હતું કે જાણે કાળા મેઘસહિત મેરુ પર્વતનું શિખર જ હોય! તે રાજાનું કપાળ અતિશય વિસ્તૃત અને ઊંચું હતું જેથી એવું શોભાયમાન થતું હતું કે જાણે લક્ષ્મીના વિશ્રામ માટે એક સુવર્ણમય શિલા જ બનાવવામાં આવી હોય! એ રાજાની અતિશય લાંબી અને વાંકી નેણની રેખાઓ એવી જણાતી હતી કે જાણે કામદેવની અસ્ત્રશાળામાં રાખેલી બે ધનુષયષ્ટિ જ હોય! નેણની સમીપ રહેવાવાળી તેમની બંને આંખો એવી શોભાયમાન થતી હતી કે જાણે સમસ્ત જગતને જીતવાની ઈચ્છા કરવાવાળા કામદેવના બાણ ચલાવવાના બે યંત્ર જ હોય! રત્નજડિત કુંડળોથી શોભાયમાન તેના બંને મનોહર કાન એવા જણાતા હતા જાણે કે સરસ્વતી દેવીને ઝૂલવા માટે બે ઝૂલા જ હોય! બંને નેત્રોની વચ્ચે તેમનું ઊંચું નાક એવું જણાતું હતું કે જાણે નેત્રોની વૃદ્ધિ વિષયક સ્પર્ધાને રોકવા માટે વચ્ચે એક લાંબો પુલ જ બાંધી દીધો હોય!

તે રાજાનું મુખ સુગંધિત કમળ સમાન શોભાયમાન હતું કે જેમાં દાંતોના સુંદર કિરણો જ કેશર હતા અને હોઠ જ જેના પાત્ર હતા. હારના કિરણોથી શોભાયમાન તેનું વિસ્તૃત વક્ષઃસ્થળ એવું જણાતું હતું કે જાણે પાણીથી ભરેલું વિસ્તૃત અને સંતોષિત કરવાવાળું લક્ષ્મીનું સ્નાનગૃહ જ હોય! કેયુર—બાજુબંધની કાંતિથી સહિત તેના બંને ખભા એવા શોભાયમાન થતા હતા કે જાણે લક્ષ્મીના વિહાર માટે બનાવવામાં આવેલા તે ક્રીડાચલ જ હોય! તે યુગ—જુઆરી સમાન લાંબી અને મનોહર હથેળીઓથી અંકિત ભુજાઓને ધારણ કરતો હતો જેથી એવું જણાતું હતું કે જાણે કોયલોથી શોભાયમાન બે મોટી-મોટી શાખાઓને ધારણ કરવાવાળું કલ્પવૃક્ષ જ હોય! તે રાજા ગંભીર નાભિથી યુક્ત અને ત્રિવલીથી શોભાયમાન મધ્યભાગને ધારણ કરતો હતો જેથી એમ જણાતું હતું કે જાણે ભંવર અને તરંગોથી સહિત રેતીના ઢગલાને ધારણ કરવાવાળો સમુદ્ર જ હોય! કરધનીથી ઘેરાયેલું તેનું સ્થૂળ નિતંબ એવું શોભાયમાન થઈ રહ્યું હતું કે જાણે વેદિકાથી ઘેરાયેલું જંબૂદ્વીપ જ હોય! દેદીપ્યમાન કાંતિને ધારણ કરવા અને કદલીસ્તંભની સમાનતા રાખવાવાળી તેની બંને જાંઘ એવી શોભાયમાન થતી હતી જાણે કે સ્ત્રીઓને દષ્ટિરૂપી બાણ ચલાવવા માટે કરવામાં આવેલા બે નિશાન હોય! તે મહાબળ વજ્ર સમાન સ્થિર તથા સુંદર આકૃતિવાળી પિંડરિયોને ધારણ કરતો હતો કે જેથી એવું જણાતું હતું કે જાણે કામદેવના વિજયી બાણોને તીક્ષ્ણ કરવા માટે બે

શાણ(ધાર કાઢવાની પથરી) જ ધારણ કર્યા હોય! તે આંગળીરૂપી પાનથી યુક્ત શોભાયમાન તથા નખોના કિરણોરૂપી કેશરથી યુક્ત બે ચરણકમળ એવા જણાતા હતા કે જાણે લક્ષ્મીના રહેવા માટે કુળપરંપરાથી ચાલ્યા આવતા બે ઘર જ હોય!

આ રીતે, મહાબળનું રૂપ ખૂબ જ સુંદર હતું! તેમાં નવયૌવનને કારણે અનેક હાવ-ભાવ, વિલાસ ઉત્પન્ન થતા રહેતા હતા જેથી એવું લાગતું હતું કે જાણે બધી જગ્યાનું સૌંદર્ય અહીં જ ભેગું થયું હોય! તે રાજાએ ફક્ત પોતાના રૂપની શોભાથી જ જગતને નહોતું જીત્યું, પરંતુ વૃદ્ધજનોની સંગતિથી પ્રાપ્ત થયેલી મંત્રશક્તિથી પણ જીત્યું હતું. તે રાજાને ચાર મંત્રી હતા કે જે મહાબુદ્ધિમાન, સ્નેહી અને દીર્ઘ-દર્શી પણ હતા. તે ચારેય મંત્રી રાજાના બાહ્ય પ્રાણ સમાન હતા. તેમના નામ ક્રમથી મહામતિ, સંભિન્નમતિ, શતમતિ અને સ્વયંબુદ્ધ હતા. તે ચારેય મંત્રી રાજ્યના સ્થિર મૂળસ્તંભ સમાન હતા. તે ચારેય મંત્રીમાં 'સ્વયંબુદ્ધ' નામનો મંત્રી શુદ્ધ સમ્યગ્દષ્ટિ હતો અને બાકીના ત્રણ મંત્રી મિથ્યાદ્રષ્ટિ હતા. જોકે તેમનામાં આ પ્રકારનો મતભેદ હતો, પરંતુ સ્વામીનું હિત કરવા માટે તે ચારેય મંત્રી તત્પર રહેતા હતા. તે ચારેય મંત્રી રાજ્યના ચરણ સમાન હતા. તેમની ઉત્તમ યોજના કરવાથી મહાબળનું રાજય સમવૃત્ત સમાન અતિશય વિસ્તારને પ્રાપ્ત થયું હતું. ભાવાર્થ—'વૃત્ત' છંદને કહે છે. તેના ત્રણ ભેદ છે–સમવૃત્ત, અર્ધસમવૃત્ત અને વિષમવૃત્ત. જેમના ચારેય ચરણ એક સમાન લક્ષણના ધારક હોય છે તેને 'સમવૃત્ત' કહે છે, જેના પ્રથમ અને તૃતીય તથા દ્વિતીય અને ચતુર્થ ચરણ એક સમાન લક્ષણના ધારક હોય તેને 'અર્ધસમવૃત્ત કહે છે તથા જેમના ચારેય ચરણ ભિન્ન-ભિન્ન લક્ષણના ધારક હોય છે તેને 'વિષમવૃત્ત' કહે છે. જેવી રીતે એક સમાન લક્ષણના ધારક ચારેય ચરણોની યોજનાથી–રચનાથી સમવૃત્ત નામક છંદનો ભેદ પ્રસિદ્ધ થાય છે તથા પ્રસ્તાર આદિની અપેક્ષાથી વિસ્તારને પ્રાપ્ત થાય છે, તેવી જ રીતે તે ચારેય મંત્રીઓની યોજનાથી સમ્યક્ કાર્ય વિભાગથી રાજા મહાબળનું રાજ્ય પ્રસિદ્ધ થયું હતું તથા પોતાના અવાંતર વિભાગોથી વિસ્તારને પ્રાપ્ત થયું હતું.

રાજા મહાબળ ક્યારેક પૂર્વોક્ત ચારેય મંત્રીઓની સાથે, ક્યારેક ત્રણની સાથે, ક્યારેક બેની સાથે તથા ક્યારેક યથાર્થવાદી એક સ્વયંબુદ્ધ મંત્રીની સાથે પોતાના રાજ્યનો વિચાર કરતાં હતા. તે રાજા સ્વયં જ કાર્યનો

નિર્ણય કરી લેતા હતા, મંત્રીઓ તેમના નિશ્ચિત કરેલા કાર્યની માત્ર પ્રશંસા કરી લેતા હતા, જેવી રીતે તીર્થંકર ભગવાન દીક્ષા લેતા સમયે સ્વયં વિરક્ત થાય છે, લોકાન્તિક દેવ માત્ર તેમના વૈરાગ્યની પ્રશંસા જ કર્યા કરે છે. ભાવાર્થ—રાજા મહાબળ એટલા વધારે બુદ્ધિમાન હતા અને દીર્ઘદર્શી વિચારક હતા કે તેમના નિશ્ચિત વિચારોને કોઈ મંત્રી સદોષ કરી શકતા ન હતા. અનેક વિદ્યાધરોના સ્વામી રાજા મહાબળ ઉપર્યુક્ત ચારેય મંત્રીઓ ઉપર રાજ્યભાર રાખીને અનેક સ્ત્રીઓની સાથે ચિરકાળ સુધી કામદેવના નિવાસસ્થાનને જીતવા અને નંદનવનની સમાનતા રાખવાવાળા ઉપવનોમાં વારંવાર વિહાર કરતાં હતા. વિહાર કરતાં સમયે ઘનીભૂત મંદાર વૃક્ષોના મધ્યમાં ભ્રમણ કરવાના કારણે સુખપ્રદ શીતળ, મંદ તથા સુગંધિત વાયુ દ્વારા તેનો સંભોગજન્ય અન્ય સમસ્ત ખેદ દૂર થઈ જતો હતો. આ પ્રકારે, પુણ્યના ઉદયથી નમસ્કાર કરવાવાળા વિદ્યાધરોના દેદીપ્યમાન મુકૂટોમાં લાગેલા મકર આદિના ચિહ્નોથી જેના ચરણકમળ વારંવાર સ્પૃષ્ટ થઈ રહ્યા હતા અને જેને આગળ ચાલીને તીર્થંકરની મહનીય વિભૂતિ પ્રાપ્ત થવાવાળી હતી એવા તે મહાબળ રાજા મેરુપર્વત ઉપર ઈન્દ્ર સમાન, વિજયાર્ધ પર્વત પર ચિરકાળ સુધી ક્રીડા કરતાં રહ્યા.

આ રીતે, આર્ષ નામથી પ્રસિદ્ધ ભગવજ્જિનસેનાચાર્ય-વિરચિત, ત્રિષષ્ટિલક્ષણ મહાપુરાણ સંગ્રહમાં ‘શ્રી મહાબળ-અભ્યુદય-વર્ણન’ નામનો ચોથો અધ્યાય સમાપ્ત થયો.

* સુર, અસુર, મનુષ્ય અને નાગેન્દ્ર આદિના ઉત્તમ-ઉત્તમ ભોગ, લક્ષ્મી, દીર્ઘ આયુ, અનુપમ રૂપ, સમૃદ્ધિ, ઉત્તમ વાણી, ચક્રવર્તીનું સામ્રાજ્ય, ઈન્દ્રપદ, જેને પ્રાપ્ત કરતાં સંસારમાં જન્મ લેવો નથી પડતો એવું અરિહંતપદ અને અનંત—સમસ્ત સુખને દેનાર શ્રેષ્ઠ નિર્વાણ પદ—આ બધાની પ્રાપ્તિ એક પુણ્યથી જ થાય છે. માટે, હે પંડિતજન ! જો સ્વર્ગ અને મોક્ષના અચિંત્ય મહિમાવંત શ્રેષ્ઠ સુખને પ્રાપ્ત કરવા ઈચ્છતો હો તો ધર્મ કરો. કારક કે ધર્મ જ સ્વર્ગના ભોગ અને મોક્ષના અવિનાશી અનંત સુખની પ્રાપ્તિ કરાવે છે. ખરેખર તો સુખની પ્રાપ્તિ થવી, તે ધર્મનું જ ફળ છે.

(અ. ૧૬, શ્લોક ૨૭૨-૭૩)

# અધ્યાય પાંચમો

ત્યારબાદ, કોઈ એક દિવસે રાજા મહાબળના જન્મદિવસનો ઉત્સવ થઈ રહ્યો હતો. તે ઉત્સવ મંગળ ગીતો, વાજિંત્રો અને નૃત્ય આદિપૂર્વક થઈ રહ્યો હતો. તે સમયે વિદ્યાધરોના અધિપતિ રાજા મહાબળ સિંહાસન પર બેઠા હતા. અનેક વારાંગનાઓ તેમના ઉપર ક્ષીર સમુદ્ર સમાન શ્વેત વર્ણ ચામર ઢોળી રહી હતી. તેમની જ સમીપ ઊભેલી તે તરૂણ સ્ત્રીઓ એવી જણાતી હતી કે જાણે કામદેવરૂપી વૃક્ષની મંઝરીઓ જ હોય અથવા સૌંદર્યરૂપી સાગરની તરંગો જ હોય અથવા સુંદરતાની કળીઓ જ હોય! પોતપોતાના વિશાળ વક્ષસ્થળથી સમીપના પ્રદેશને આચ્છાદિત કરવાવાળા તથા મુકૂટોથી શોભાયમાન અનેક વિદ્યાધર રાજા મહાબળને ઘેરીને બેઠા હતા. તેમની વચ્ચે બેઠેલા મહાબળ એવા શોભાયમાન થઈ રહ્યા હતા કે જાણે અનેક પર્વતોથી ઘેરાયેલો તેમની વચ્ચે સ્થિત સુમેરુ પર્વત જ હોય! તેમના વક્ષઃસ્થળ પર ચંદ્ર સમાન ઉજ્જ્વળ કાંતિનો ધારક શ્વેત હાર પડ્યો હતો કે જે હિમવત્ પર્વતના શિખર પર પડતાં ઝરણા સમાન શોભાયમાન થઈ રહ્યો હતો. જેવી રીતે વિસ્તૃત આકાશમાં આમતેમ ચાલતી હંસોની પંક્તિઓ શોભાયમાન થાય છે, તેવી જ રીતે રાજા મહાબળના વિસ્તીર્ણ વક્ષઃસ્થળ પર ઈન્દ્રનીલમણિ સહિત મોતીઓની કંઠી શોભાયમાન થઈ રહી હતી. તે સમયે મંત્રી, સેનાપતિ, પુરોહિત, શેઠ અને અન્ય અધિકારી લોકો રાજા મહાબળને ઘેરીને બેઠા હતા. તે રાજા કોઈની સાથે હસીને, કોઈની સાથે વાતો કરીને, કોઈને સ્થાન આપીને, કોઈને દાન આપીને, કોઈનું સન્માન કરીને અને કોઈને આદરસહિત જોઈને સમસ્ત સભાસદોને સંતુષ્ટ કરી રહ્યા હતા. તે મહાબળ સંગીત આદિ અનેક કળાઓના જાણકાર વિદ્વાન પુરુષોની ગોષ્ઠીનો વારંવાર અનુભવ કરતાં રહેતા હતા તથા શ્રોતાઓ સમક્ષ કલાવિદ્ પુરુષ પરસ્પરમાં જે સ્પર્ધા કરતાં હતા તેને પણ જોતા જતા હતા. આ દરમિયાન સામંતો દ્વારા મોકલાવાયેલા દૂતોને દ્વારપાળોથી બોલાવીને તેમનું વારંવાર યથાયોગ્ય સત્કાર કરી લેતા હતા તથા અન્ય દેશોના રાજાઓના પ્રતિષ્ઠિત પુરુષો દ્વારા લાવેલી ભેટોનું અવલોકન

કરી તેમનું સન્માન પણ કરતાં જતા હતા. આ પ્રકારે, પરમ આનંદને વિસ્તૃત કરતાં આશ્ચર્યકારી વૈભવસહિત તે મહારાજ મહાબળ મંત્રીમંડળની સાથે-સાથે સ્વેચ્છાનુસાર સભામંડપમાં બેઠા હતા. તે સમયે તીક્ષ્ણબુદ્ધિના ધારક તથા ઈષ્ટ અને મનોહર વચન બોલવાવાળા સ્વયંબુદ્ધ મંત્રીએ રાજાને અતિશય પ્રસન્ન જોઈને સ્વામીનું હિત કરવાવાળા નીચે લખેલા વચનો કહ્યા :

હે વિદ્યાધરોના સ્વામી! જરા આ તરફ સાંભળો! હું આપનું કલ્યાણ કરવાવાળા થોડા વચનો કહીશ. હે પ્રભો! આપને જે આ વિદ્યાધરોની લક્ષ્મી પ્રાપ્ત થઈ છે તેને આપ કેવળ પુણ્યનું જ ફળ સમજો. હે રાજન્! ધર્મથી ઈચ્છાનુસાર સંપત્તિ મળે છે, તેનાથી ઈચ્છાનુસાર સુખની પ્રાપ્તિ થાય છે અને તેનાથી મનુષ્ય પ્રસન્ન રહે છે, તેથી આ પરંપરા ધર્મથી જ પ્રાપ્ત થાય છે. રાજ્ય, સંપદાઓ, ભોગ, યોગ્ય કુળમાં જન્મ, સુંદરતા, પાંડિત્ય, દીર્ઘ આયુષ્ય અને આરોગ્ય આ બધું જ પુણ્યનું જ ફળ સમજો. હે વિભો! જેવી રીતે કારણ વિના ક્યારેય પણ કાર્યની ઉત્પત્તિ નથી થતી, દીપક વિના ક્યારેય પણ કોઈએ ક્યાંય પ્રકાશ નથી જોયો, બીજ વિના અંકુર નથી હોતું, મેઘ વિના વૃષ્ટિ નથી થતી અને છત્ર વિના છાયા નથી હોતી, તેવી જ રીતે ધર્મ વિના સંપદાઓ પ્રાપ્ત નથી થતી. જેવી રીતે વિષ ખાવાથી જીવન નથી હોતું, પડતર(પથરાળ) જમીનથી ધાન્ય ઉત્પન્ન નથી થતું અને અગ્નિથી આહ્લાદ ઉત્પન્ન નથી થતો, તેવી જ રીતે અધર્મથી સુખની પ્રાપ્તિ નથી થતી. જેનાથી સ્વર્ગ આદિ અભ્યુદય તથા મોક્ષપુરુષાર્થની નિશ્ચિત્‌રૂપથી સિદ્ધિ થાય છે તેને ધર્મ કહે છે. હે રાજન્! હું અત્યારે તે જ ધર્મનું વિસ્તારપૂર્વક વર્ણન કરું છું તેને સાંભળો.

ધર્મ તે જ છે જેનું મૂળ દયા હોય અને સંપૂર્ણ પ્રાણીઓ ઉપર અનુકંપા કરવી તે દયા છે. તે દયાની રક્ષા માટે જ ઉત્તમ ક્ષમા આદિ શેષ ગુણ કહેવાયા છે. ઈન્દ્રિયોનું દમન કરવું, ક્ષમા ધારણ કરવી, હિંસા નહીં કરવી, તપ, દાન, શીલ, ધ્યાન અને વૈરાગ્ય તે દયારૂપ ધર્મના ચિહ્ન છે. અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને પરિગ્રહનો ત્યાગ કરવો તે સનાતન ધર્મ કહેવાય છે. તેથી હે મહાભાગ! રાજ્ય આદિ સમસ્ત વિભૂતિને ધર્મનું ફળ જાણીને તેના અભિલાષી પુરુષોએ પોતાની બુદ્ધિ સદાય ધર્મમાં સ્થિર રાખવી જોઈએ. હે બુદ્ધિમાન! જો આપ આ ચંચળ લક્ષ્મીને સ્થિર કરવા ઈચ્છતા હો તો આપે આ અહિંસા આદિરૂપ ધર્મ માનવો જોઈએ તથા શક્તિ અનુસાર તેનું પાલન પણ કરવું જોઈએ. આ પ્રકારે, સ્વામીનું કલ્યાણ ઈચ્છવાવાળો સ્વયંબુદ્ધ મંત્રી જ્યારે ધર્મથી

સહિત, અર્થથી ભરેલા અને યશને વધારવાવાળા વચન કહીને ચૂપ થઈ ગયા ત્યારે તેના વચનોને સાંભળવામાં અસમર્થ મહામતિ નામનો બીજો મિથ્યાદૃષ્ટિ મંત્રી નીચે અનુસાર બોલ્યો.

મહામતિ મંત્રી ભૂતવાદનું આલંબન લઈ ચાર્વાક મતનું પોષણ કરતો જીવતત્ત્વના વિષયમાં દૂષણ લગાવવા લાગ્યો. તે બોલ્યો કે હે દેવ! ધર્મીના રહેતાં જ તેને ધર્મનો વિચાર કરવો સંગત હોય છે, પરંતુ આત્મા નામક ધર્મીનું અસ્તિત્વ સિદ્ધ નથી, તેથી ધર્મનું ફળ કેવી રીતે હોઈ શકે? જેવી રીતે મહુઆ, ગોળ, પાણી આદિ પદાર્થોને ભેગા કરવાથી તેમાં માદક શક્તિ ઉત્પન્ન થઈ જાય છે, તેવી જ રીતે પૃથ્વી, જળ, વાયુ અને અગ્નિના સંયોગથી તેમાં ચેતના ઉત્પન્ન થઈ જાય છે. તેથી આ લોકમાં પૃથ્વી આદિ તત્ત્વોથી બનેલા આપણા શરીરથી પૃથક્ રહેવાવાળો ચેતન નામનો કોઈ પદાર્થ નથી કારણ કે શરીરથી પૃથક્ તેની ઉપલબ્ધિ જોવામાં આવતી નથી. સંસારમાં જે પદાર્થ પ્રત્યક્ષરૂપથી પૃથક્ સિદ્ધ નથી થતો તેનું અસ્તિત્વ માનવામાં આવતું નથી, જેવી રીતે આકાશના ફૂલ. જ્યારે ચેતના શક્તિ નામનો જીવ પૃથક્ પદાર્થ સિદ્ધ નથી થતો ત્યારે કોઈના પુણ્ય-પાપ અને પરલોક આદિ કેવી રીતે સિદ્ધ થઈ શકે છે? શરીરનો નાશ થઈ જવાથી આ જીવ પાણીના પરપોટા સમાન એક ક્ષણમાં વિલીન થઈ જાય છે. તેથી જે મનુષ્ય પ્રત્યક્ષનું સુખ છોડીને પરલોક સંબંધી સુખ ઈચ્છે છે તે બંને લોકના સુખથી ચ્યુત થઈને વ્યર્થમાં જ ક્લેશ ભોગવે છે. તેથી વર્તમાનના સુખ છોડીને પરલોકના સુખની ઈચ્છા કરવી એવી છે જેવી કે મોઢામાં આવેલા માંસને છોડીને મોહવશ કોઈ શિયાળનું માછલીની ઈચ્છા કરવી અર્થાત્ જેવી રીતે, શિયાળ માછલીની આશાથી મોઢામાં આવેલો માંસનો ટૂકડો છોડીને પસ્તાય છે, તેવી જ રીતે પરલોકના સુખોની આશાથી વર્તમાનના સુખને છોડવાવાળો પુરુષ પણ પસ્તાય છે. ''આધી છોડ એકકો ધાવૈ, ઐસા ડૂબા હાથ ન પાવૈ.'' પરલોકના સુખની ચાહથી ઠગાયેલો જે મૂર્ખ માણસ પ્રત્યક્ષના ભોગને છોડી દે છે તે સામે પીરસેલું ભોજન છોડીને હાથ જ ચાટતો રહે છે અર્થાત્ પરોક્ષસુખની આશાથી વર્તમાનનું સુખ છોડવું ભોજન છોડીને હાથ ચાટવા સમાન છે.

આ પ્રકારે, ભૂતવાદી મહામતિ મંત્રી પોતાના પક્ષની યુક્તિઓ આપીને જ્યારે ચૂપ થયો ત્યારે વાદ કરવાની ઈચ્છાથી ઉત્પન્ન થયેલા હાસ્યને ધારણ કરવાવાળો સંભિન્નમતિ નામનો ત્રીજો મંત્રી કેવળ વિજ્ઞાનવાદનો આશ્રય લઈને જીવનો અભાવ સિદ્ધ કરતો નીચે પ્રમાણે પોતાના મતની સિદ્ધિ કરવા લાગ્યો.

તે બોલ્યો કે હે જીવવાદિન્ સ્વયંબુદ્ધ! આપનો કહેલો જીવ નામનો કોઈ પૃથક્ પદાર્થ નથી, કારણ કે તેની પૃથક્ ઉપલબ્ધિ નથી. આ સમસ્ત જગત વિજ્ઞાનમાત્ર છે, કારણ કે ક્ષણભંગુર છે. જે-જે ક્ષણભંગુર હોય છે તે બધો જ જ્ઞાનનો વિકાર હોય છે. જો જ્ઞાનનો વિકાર ન હોય ને સ્વતંત્ર પૃથક્ પદાર્થ હોય તો તે નિત્ય હોય, પરંતુ સંસારમાં કોઈ પદાર્થ નિત્ય નથી, તેથી તે બધા જ જ્ઞાનના વિકારમાત્ર છે. તે વિજ્ઞાન નિરંશ છે—અવાંતરભાગોથી રહિત છે, પરંપરા ઉત્પન્ન કર્યા વિના જ તેનો નાશ થઈ જાય છે અને વૈદ્ય-વેદક અને સંવિત્તિરૂપથી ભિન્ન પ્રકાશિત થાય છે અર્થાત્ તે સ્વભાવથી ન તો કોઈ અન્ય જ્ઞાન દ્વારા જણાય છે અને ન કોઈને જાણે છે, એક ક્ષણ રહીને સમૂળ નષ્ટ થઈ જાય છે. અહીં પ્રશ્ન થઈ શકે છે કે વિજ્ઞાનની સંતાન-પ્રતિસંતાન માની લેવાથી પદાર્થનું સ્મરણ તો સિદ્ધ થઈ જશે પરંતુ પ્રત્યભિજ્ઞાન સિદ્ધ નહીં થઈ શકે. કારણ કે પ્રત્યભિજ્ઞાનની સિદ્ધિ માટે પદાર્થને અનેક ક્ષણસ્થાયી માનવું જોઈએ કે જે આપે માન્યું નથી. પૂર્વક્ષણમાં અનુભૂત પદાર્થનું દ્વિતીયાદિ ક્ષણમાં પ્રત્યક્ષ થવાથી જે જોડરૂપ જ્ઞાન થાય છે તેને પ્રત્યભિજ્ઞાન કહે છે. ઉક્ત પ્રશ્નનું સમાધાન આ પ્રકારે છે—ક્ષણભંગુર પદાર્થમાં જે પ્રત્યભિજ્ઞાન આદિ હોય છે તે વાસ્તવિક નથી, પરંતુ ભ્રાંત છે. જેવી રીતે કાપી નાખ્યા બાદ ફરીથી વધેલા નખ અને વાળમાં 'આ તે જ નખ-વાળ છે' તેવા પ્રકારનું પ્રત્યભિજ્ઞાન ભ્રાંત થાય છે. તેથી, વિજ્ઞાનની સંતાનથી અતિરિક્ત જીવ નામનો કોઈ પદાર્થ નથી કે જે પરલોકરૂપ ફળને ભોગવવાવાળો હોય. તેથી, પરલોક સંબંધી દુઃખ દૂર કરવા માટે પ્રયત્ન કરવાવાળા પુરુષોનો પરલોકભય એવો જ છે કે જેવી રીતે ટીટોડી પક્ષીને પોતાની ઉપર આકાશ પડવાનો ભય હોય છે.



આ પ્રકારે, વિજ્ઞાનવાદી સંભિન્નમતિ મંત્રી જ્યારે પોતાનો અભિપ્રાય પ્રગટ કરી ચૂપ થઈ ગયો ત્યારે પોતાની પ્રશંસા કરતો શતમતિ નામનો ચોથો મંત્રી નૈરાત્મ્યવાદ(શૂન્યવાદ)નું અવલંબન લઈ નીચે પ્રમાણે કહેવા લાગ્યો.

આ સમસ્ત જગત શૂન્યરૂપ છે. તેમાં નર, પશુ, પક્ષી, ઘટ આદિ પદાર્થોનો જે પ્રતિભાસ થાય છે તે બધો જ મિથ્યા છે. ભ્રાંતિથી જ તેવો પ્રતિભાસ થાય છે, જેવી રીતે સ્વપ્ન અથવા ઇન્દ્રજાળ આદિમાં હાથી આદિનો મિથ્યા પ્રતિભાસ થાય છે. તેથી જ્યારે આખું જગત મિથ્યા છે ત્યારે તમારો માનેલો આ જીવ કેવી રીતે સિદ્ધ થઈ

શકે છે? અને તેના અભાવમાં પરલોક પણ કેવી રીતે સિદ્ધ થઈ શકે છે? કારણ કે આ બધું જ ગંધર્વનગર સમાન અસત્ સ્વરૂપ છે. તેથી જે પુરુષ પરલોક માટે તપશ્ચરણ તથા અનેક અનુષ્ઠાન આદિ કરે છે તે વ્યર્થમાં જ ક્લેશ પ્રાપ્ત કરે છે, આવા જીવો યથાર્થ જ્ઞાનથી રહિત છે. જેવી રીતે ગ્રીષ્મ ઋતુમાં મરુભૂમિમાં પડતાં સૂર્યના ચમકીલા કિરણોને જળ સમજીને મૃગ વ્યર્થમાં જ દોડ્યા કરે છે, તેવી જ રીતે આ ભોગાભિલાષી મનુષ્ય પરલોકના સુખોને સાચું સુખ સમજીને વ્યર્થમાં જ દોડ્યા કરે છે—તેની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરે છે. આ પ્રકારે, ખોટા દૃષ્ટાંત અને ખોટા હેતુઓ દ્વારા સારહીન વસ્તુનું પ્રતિપાદન કરી જ્યારે શતમતિ પણ ચૂપ થઈ ગયો ત્યારે સ્વયંબુદ્ધ મંત્રી કહેવા માટે ઉદ્યત થયો.

હે ભૂતવાદિન્! 'આત્મા નથી' આ તમે મિથ્યા કહી રહ્યા છો, કારણ કે પૃથ્વી આદિ ભૂતચતુષ્ટયથી અતિરિક્ત જ્ઞાન-દર્શનરૂપ ચૈતન્યની પણ પ્રતીતિ થાય છે. તે ચૈતન્ય શરીરરૂપ નથી અને ન શરીર ચૈતન્યરૂપ છે, કારણ કે બંનેનો પરસ્પર વિરુદ્ધ સ્વભાવ છે. ચૈતન્ય ચિત્ સ્વરૂપ છે—જ્ઞાન, દર્શન સ્વરૂપ છે અને શરીર અચિત્ સ્વરૂપ છે—જડ સ્વરૂપ છે. શરીર અને ચૈતન્ય બંને મળીને એક નથી થઈ શકતા, કારણ કે બંનેમાં પરસ્પર વિરોધી ગુણોનો યોગ જોવામાં આવે છે. ચૈતન્યનો પ્રતિભાસ તલવાર સમાન અંતરંગરૂપ હોય છે અને શરીરનો પ્રતિભાસ મ્યાન સમાન બહિરંગરૂપ હોય છે. ભાવાર્થ—જેવી રીતે મ્યાનમાં તલવાર રહે છે, અહીં મ્યાન અને તલવાર બંનેમાં અભેદ નથી હોતો, તેવી જ રીતે 'શરીરમાં ચૈતન્ય છે' અહીં શરીર અને આત્મામાં અભેદ નથી થતો. પ્રતિભાસ ભેદ હોવાથી બંને પૃથક્-પૃથક્ પદાર્થ સિદ્ધ થાય છે. આ ચૈતન્ય ન તો પૃથ્વી આદિ ભૂત ચતુષ્ટયનું કાર્ય છે અને ન તેનો કોઈ ગુણ છે, કારણ કે બંનેની જાતિ પૃથક્-પૃથક્ છે, એક ચૈતન્ય સ્વરૂપ છે તો બીજો જડરૂપ છે. યથાર્થમાં કાર્યકારણભાવ, ગુણગુણીભાવ સજાતીય પદાર્થોમાં જ હોય છે, વિજાતીય પદાર્થોમાં નથી હોતો.

આ સિવાય એક કારણ એ પણ છે કે પૃથ્વી આદિથી બનેલા શરીરનું ગ્રહણ તેના એક અંશરૂપ ઈન્દ્રિયો દ્વારા જ થાય છે, જ્યારે જ્ઞાનરૂપ ચૈતન્યનું સ્વરૂપ અતીન્દ્રિય છે—જ્ઞાનમાત્રથી જ જણાય છે. જો ચૈતન્ય પૃથ્વી આદિનું કાર્ય અથવા સ્વભાવ હોય તો પૃથ્વી આદિથી નિર્મિત શરીરની સાથે-સાથે જ ઈન્દ્રિયો દ્વારા તેનું પણ ગ્રહણ અવશ્ય થાય, પરંતુ એવું થતું નથી. તેનાથી સ્પષ્ટ સિદ્ધ થાય છે કે શરીર અને ચૈતન્ય પૃથક્-પૃથક્ પદાર્થ છે, તે

ચૈતન્ય શરીરનો પણ વિકાર ન હોઈ શકે કારણ કે ભસ્મ આદિ જે શરીરના વિકાર છે તેનાથી તે વિસદૃશ હોય છે. જો ચૈતન્ય શરીરનો વિકાર હોય તો તે ભસ્મ આદિ વિકારરૂપ જ ચૈતન્ય હોવો જોઈએ, પરંતુ એવું નથી થતું. તેનાથી સિદ્ધ થાય છે કે ચૈતન્ય શરીરનો વિકાર નથી.

બીજી વાત એ પણ છે કે શરીરનો વિકાર મૂર્તિક હશે, પરંતુ આ ચૈતન્ય અમૂર્તિક છે—રૂપ, રસ, ગંધ, સ્પર્શથી રહિત છે, ઇન્દ્રિયો દ્વારા તેનું ગ્રહણ નથી થતું. શરીર અને આત્માનો સંબંધ એવો છે જેવો કે ઘર અને દીપકનો હોય છે. આધાર અને આધેયરૂપ હોવાથી ઘર અને દીપક જેવી રીતે પૃથક્ સિદ્ધ પદાર્થ છે, તેવી જ રીતે શરીર અને આત્મા પણ પૃથક્ સિદ્ધ પદાર્થ છે. તમારો સિદ્ધાંત છે કે શરીરના પ્રત્યેક અંગોપાંગની રચના પૃથક્-પૃથક્ ભૂત ચતુષ્ટયથી થાય છે, તો આ સિદ્ધાંત પ્રમાણે શરીરના પ્રત્યેક અંગોપાંગમાં પૃથક્-પૃથક્ ચૈતન્ય હોવો જોઈએ. કારણ કે તમારો મત છે કે ચૈતન્ય ભૂત ચતુષ્ટયનું જ કાર્ય છે, પરંતુ આથી વિપરીત જ જોવામાં આવે છે. શરીરની સાથે અંગોપાંગમાં એક જ ચૈતન્યનો પ્રતિભાસ હોય છે, તેનું કારણ એ છે કે જ્યારે શરીરના કોઈ એક અંગમાં કંટક આદિ વાગે છે તો આખા શરીરમાં દુઃખનો અનુભવ થાય છે. તેનાથી જણાય છે કે બધા જ અંગોપાંગમાં વ્યાપ્ત થઈને રહેવાવાળો ચૈતન્ય ભૂત ચતુષ્ટયનું કાર્ય હોય તો તે પણ પ્રત્યેક અંગોમાં પૃથક્-પૃથક્ જ હોત.

એ સિવાય આ વાતનો પણ વિચાર કરવો જોઈએ કે મૂર્તિમાન શરીરથી મૂર્તિરહિત ચૈતન્યની ઉત્પત્તિ કેવી રીતે થશે? કારણ કે મૂર્તિમાન અને અમૂર્તિમાન પદાર્થોમાં કાર્ય-કારણભાવ નથી હોતો. કદાચિત્ તમે એમ કહો કે મૂર્તિમાન પદાર્થથી પણ અમૂર્તિમાન પદાર્થની ઉત્પત્તિ થઈ શકે છે જેવી રીતે કે મૂર્તિમાન ઇન્દ્રિયોથી અમૂર્તિમાન જ્ઞાન ઉત્પન્ન થતું જોવામાં આવે છે. તે પણ બરાબર નથી, કારણ કે ઇન્દ્રિયોથી ઉત્પન્ન થયેલા જ્ઞાનને અમે મૂર્તિક જ માનીએ છીએ. તેનું કારણ પણ એ છે કે તે આત્મા મૂર્તિક કર્મોની સાથે બંધને પ્રાપ્ત કરી એકરૂપ થઈ ગયો છે, તેથી કથંચિત્ મૂર્તિક માનવામાં આવે છે. જ્યારે આત્મા પણ કથંચિત્ મૂર્તિક માનવામાં આવે છે ત્યારે ઇન્દ્રિયોથી ઉત્પન્ન થયેલા જ્ઞાનને પણ મૂર્તિક માનવું ઉચિત છે. આનાથી સિદ્ધ થાય છે કે મૂર્તિક પદાર્થોથી અમૂર્તિક પદાર્થોની ઉત્પત્તિ નથી થતી. આ સિવાય એક વાત એ પણ ધ્યાન દેવા યોગ્ય છે કે પૃથ્વી આદિ ભૂત ચતુષ્ટયમાં

જે શરીરનો આકાર પરિણમિત થયો છે તે પણ કોઈ અન્ય નિમિત્તથી થયો છે. જો એ નિમિત્ત પર વિચાર કરવામાં આવે તો કર્મસહિત સંસારી આત્માને છોડીને બીજું શું નિમિત્ત હોઈ શકે છે?—અર્થાત્ કોઈ નહીં. ભાવાર્થ— કર્મસહિત સંસારી આત્મા જ પૃથ્વી આદિને શરીરરૂપ પરિણમિત કરાવે છે અને તેથી શરીર અને આત્માની સત્તા પૃથક્ સિદ્ધ થાય છે. જો એમ કહો કે જીવ પહેલાં ન હતો, શરીરની સાથે જ ઉત્પન્ન થાય છે અને શરીરની સાથે જ નષ્ટ થઈ જાય છે, માટે પાણીના પરપોટા સમાન જ છે, જેવી રીતે પાણીનો પરપોટો જળમાં જ ઉત્પન્ન થઈને તેમાં જ નષ્ટ થઈ જાય છે, તેવી જ રીતે તે જીવ પણ શરીરની સાથે ઉત્પન્ન થઈને તેની જ સાથે નષ્ટ થઈ જાય છે. આપનું આ માનવું બરાબર નથી, કારણ કે શરીર અને જીવ બંને વિલક્ષણ–વિસદૃશ પદાર્થ છે. વિસદૃશ પદાર્થથી વિસદૃશ પદાર્થની ઉત્પત્તિ કોઈપણ રીતે ન થઈ શકે.



તમારું કહેવું છે કે શરીરથી ચૈતન્યની ઉત્પત્તિ થાય છે. અહીં અમે પૂછીએ છીએ કે શરીર ચૈતન્યની ઉત્પત્તિમાં ઉપાદાન કારણ છે કે સહકારી કારણ છે? ઉપાદાન કારણ તો ન થઈ શકે, કારણ કે ઉપાદેય ચૈતન્યથી શરીર વિજાતીય પદાર્થ છે. જો સહકારી કારણ માનો તો તે અમને પણ ઈષ્ટ છે, પરંતુ ઉપાદાન કારણની શોધ પણ કરવી જોઈએ. કદાચિત્ એમ કહો કે સૂક્ષ્મરૂપથી પરિણત ભવચતુષ્ટયનો સમુદાય જ ઉપાદાન કારણ છે તો આપનું એ કહેવું પણ અસત્ છે, કારણ કે સૂક્ષ્મ ભૂત ચતુષ્ટયના સંયોગ દ્વારા ઉત્પન્ન થયેલા શરીરથી તે ચૈતન્ય પૃથક્ જ પ્રતિભાસિત થાય છે. તેથી જીવ દ્રવ્યને જ ચૈતન્યનું ઉપાદાન કારણ માનવું યોગ્ય છે, કારણ કે તે જ તેનું સજાતીય અને સલક્ષણ છે. ભૂતવાદીએ જે પુષ્પ, ગોળ, પાણી આદિના મળવાથી માદક શક્તિના ઉત્પન્ન થવાનું દૃષ્ટાંત આપ્યું છે, ઉપર્યુક્ત કથનથી તેનું પણ નિરાકરણ થઈ જાય છે. કારણ કે મદિરાના કારણ જે ગોળ આદિ છે તે જડ અને મૂર્તિક છે તથા તેનાથી જે માદક શક્તિ ઉત્પન્ન થાય છે તે પણ જડ અને મૂર્તિક છે. ભાવાર્થ—માદક શક્તિનું ઉદાહરણ વિષમ છે. કારણ કે પ્રકૃતમાં આપ સિદ્ધ કરવા ઈચ્છો છો કે વિજાતીય દ્રવ્યથી વિજાતીયની ઉત્પત્તિ અને ઉદાહરણ આપી રહ્યા છો સજાતીય દ્રવ્યથી સજાતીયની ઉત્પત્તિનું! વાસ્તવમાં ભૂતવાદી ચાર્વાક ભૂત-પિશાચોથી ગ્રસિત થયેલો જણાય છે. જો એવું ન હોય તો આ સંસારને જીવરહિત કેવળ પૃથ્વી, જળ, તેજ, વાયુરૂપ જ કેવી રીતે કહેત? કદાચિત્ ભૂતવાદી એમ કહે કે પૃથ્વી આદિ ભૂત ચતુષ્ટયમાં ચૈતન્યશક્તિ

અવ્યક્તરૂપથી પહેલાંથી જ રહે છે, તો તે પણ ઠીક નથી. કારણ કે અચેતન પદાર્થમાં ચેતનશક્તિ જોવામાં આવતી નથી, આ વાત અત્યંત પ્રસિદ્ધ છે.

આ ઉપર્યુક્ત કથનથી સિદ્ધ થયું કે જીવ કોઈ ભિન્ન પદાર્થ છે અને જ્ઞાન તેનું લક્ષણ છે. જેવી રીતે, આ વર્તમાન શરીરમાં જીવનું અસ્તિત્વ છે તેવી જ રીતે, પાછળના અને આગળના શરીરમાં તેનું અસ્તિત્વ સિદ્ધ થાય છે કારણ કે જીવોનું વર્તમાન શરીર પાછળના શરીર વિના ન હોઈ શકે. તેનું કારણ આ છે કે વર્તમાન શરીરમાં સ્થિત આત્મામાં જે દુગ્ધપાન આદિ ક્રિયાઓ જોવામાં આવે છે તે પૂર્વભવના સંસ્કાર જ છે. જો વર્તમાન શરીર પહેલાં આ જીવનું કોઈ શરીર ન હોત અને આ નવીન જ ઉત્પન્ન થયું હોત તો જીવની અચાનક જ દુગ્ધપાન આદિમાં પ્રવૃત્તિ ન થઈ શકે. આ રીતે, વર્તમાન શરીરની પછી પણ આ જીવ કોઈને કોઈ શરીર ધારણ કરશે કારણ કે ઐન્દ્રિયિકજ્ઞાનસહિત (ઇન્દ્રિયજ્ઞાનસહિત) આત્મા શરીર વિના રહી શકતો નથી. જ્યાં આ જીવ પોતાના આગળના અને પાછળના શરીરથી યુક્ત હોય છે તે જ તેનો પરલોક કહેવાય છે અને તે શરીરમાં રહેવાવાળો આત્મા પરલોકી કહેવામાં આવે છે તથા તે જ પરલોકી આત્મા પરલોક સંબંધી પુણ્ય-પાપના ફળને ભોગવે છે. આ સિવાય જાતિસ્મરણથી જીવન-મરણરૂપ આવાગમનથી અને આપ્તપ્રણિત આગમથી પણ જીવનું પૃથક્ અસ્તિત્વ સિદ્ધ થાય છે. જેવી રીતે, કોઈ યંત્રમાં જે હલન-ચલન થાય છે તે કોઈ અન્ય ચાલકની પ્રેરણાથી થાય છે તેવી જ રીતે, આ શરીરમાં પણ જે યાતાયાતરૂપી હલન-ચલન થઈ રહ્યું છે તે પણ કોઈ અન્ય ચાલકની પ્રેરણાથી જ થઈ રહ્યું છે, તે ચાલક આત્મા છે. એ સિવાય શરીરની જે ચેષ્ટાઓ થાય છે તે હિત-અહિતના વિચારપૂર્વક થાય છે. તેનાથી પણ જીવનું અસ્તિત્વ પૃથક્ જણાય છે. જો આપના કહ્યા અનુસાર પૃથ્વી આદિ ભૂત ચતુષ્ટયના સંયોગથી જીવ ઉત્પન્ન થાય છે તો ભોજન-પાન માટે અગ્નિ પર રાખેલા કડાયામાં પણ જીવની ઉત્પત્તિ થઈ જવી જોઈએ. કારણ કે ત્યાં પણ અગ્નિ, પાણી, વાયુ અને પૃથ્વીરૂપ ભૂતચતુષ્ટયનો સંયોગ થાય છે. આ રીતે, આ સિદ્ધ થાય છે કે ભૂતવાદીઓના મતમાં અનેક દૂષણ છે. તેથી, આ નિશ્ચય સમજો કે ભૂતવાદીઓનો મત મૂર્ખજનોનો પ્રલાપ છે, તેમાં કાંઈ પણ સાર નથી.

ત્યારબાદ, સ્વયંબુદ્ધે વિજ્ઞાનવાદીને કહ્યું કે આપ આ જગતને વિજ્ઞાન માત્ર માનો છો, વિજ્ઞાનથી અતિરિક્ત

કોઈપણ પદાર્થનો સદ્ભાવ નથી માનતા પરંતુ વિજ્ઞાનથી જ વિજ્ઞાનની સિદ્ધિ નથી થઈ શકતી. કારણ કે આપના મતાનુસાર સાધ્ય-સાધન બંને એક થઈ જાય છે. વિજ્ઞાન જ સાધ્ય થાય છે અને વિજ્ઞાન જ સાધન થાય છે, એવી હાલતમાં તત્ત્વનો નિશ્ચય કઈ રીતે થઈ શકે? એક વાત આ પણ છે કે સંસારમાં બાહ્ય પદાર્થોની સિદ્ધિ વાક્યોના પ્રયોગથી જ થાય છે. જો વાક્યોનો પ્રયોગ ન કરવામાં આવે તો કોઈપણ પદાર્થની સિદ્ધિ નહીં થાય અને એ અવસ્થામાં સંસારનો વ્યવહાર બંધ થઈ જશે. જો તે વાક્ય વિજ્ઞાનથી ભિન્ન છે તો વાક્યોનો પ્રયોગ રહેતા વિજ્ઞાનાદ્વૈત સિદ્ધ ન થઈ શકે. જો એમ કહો કે તે વાક્ય પણ વિજ્ઞાન છે તો હે મૂર્ખ! તો તું એમ કહે કે 'આ સંસાર વિજ્ઞાનમાત્ર છે' એ વિજ્ઞાનાદ્વૈતની સિદ્ધિ કોના દ્વારા કરી છે? એ સિવાય એક વાત એ પણ વિચારણીય છે કે જ્યારે તું નિરંશ–નિર્વિભાગ વિજ્ઞાનને જ માને છે ત્યારે ગ્રાહ્ય આદિનો ભેદ–વ્યવહાર કઈ રીતે સિદ્ધ થઈ શકશે? ભાવાર્થ—વિજ્ઞાન પદાર્થોને જાણે છે તેથી ગ્રાહક કહેવાય છે અને પદાર્થ ગ્રાહ્ય કહેવાય છે. જ્યારે તું ગ્રાહ્ય પદાર્થોની સત્તા જ સિદ્ધ નથી કરતો તો જ્ઞાન ગ્રાહક કેવી રીતે સિદ્ધ થઈ શકે? જો ગ્રાહ્યને સ્વીકાર કરે છે તો વિજ્ઞાનનો અદ્વૈત નષ્ટ થઈ જાય છે.

જ્ઞાનનો પ્રતિભાસ ઘટ-પટ આદિના વિષયોથી શૂન્ય નથી થતો અર્થાત્ ઘટ-પટ આદિના વિષયો રહેવા છતાં જ્ઞાન તેને જાણી શકે છે. જો ઘટ-પટ આદિ વિષય ન હોય તો તેને જાણવાવાળું જ્ઞાન પણ ન હોઈ શકે. શું ક્યારેય પ્રકાશ કરવાયોગ્ય પદાર્થો વિના પણ ક્યાંય કોઈ પ્રકાશક–પ્રકાશ કરવાવાળો હોય છે?—અર્થાત્ નથી હોતો. આ રીતે, જો જ્ઞાનને માને છો તો તેના વિષયભૂત પદાર્થોને પણ માનવા જોઈએ. અમે પૂછીએ છીએ કે આપના મતમાં એક વિજ્ઞાનથી બીજા વિજ્ઞાનનું ગ્રહણ થાય છે કે નહીં? જો થાય છે તો તમારા માનેલા વિજ્ઞાનમાં નિરાલંબનતાનો અભાવ થયો અર્થાત્ તે વિજ્ઞાન નિરાલંબ ન રહ્યું, તેણે દ્વિતીય વિજ્ઞાનને જાણ્યું તેથી તે બંનેમાં ગ્રાહ્ય-ગ્રાહકભાવ સિદ્ધ થઈ ગયો કે જે વિજ્ઞાનાદ્વૈતનો બાધક છે. જો એમ કહો કે એક વિજ્ઞાન બીજા વિજ્ઞાનને ગ્રહણ નથી કરતું, તો પછી તમે એ દ્વિતીય વિજ્ઞાનને કે જે અન્ય સંતાનરૂપ છે તેને સિદ્ધ કરવા માટે શું હેતુ આપશો? કદાચિત્ અનુમાનથી તેને સિદ્ધ કરશો તો ઘટ-પટ આદિ બાહ્ય પદાર્થોની સિદ્ધિ અવશ્ય સિદ્ધ થઈ જશે, કારણ કે જ્યારે સાધ્ય-સાધનરૂપ અનુમાન માની લીધું ત્યારે વિજ્ઞાનાદ્વૈત ક્યાં રહ્યું? તેના અભાવમાં અનુમાનના વિષયભૂત ઘટ-

પટ આદિ પદાર્થો અવશ્ય માનવા પડશે. જો આ સંસાર કેવળ વિજ્ઞાનમય જ છે તો પછી સમસ્ત વાક્ય અને જ્ઞાન મિથ્યા થઈ જશે. કારણ કે જ્યારે બાહ્ય ઘટ-પટ આદિ પદાર્થ જ નથી તો 'આ વાક્ય અને જ્ઞાન સત્ય છે તથા આ અસત્ય' આ સત્યાસત્ય વ્યવસ્થા કેવી રીતે થઈ શકશે? જ્યારે તમે સાધન આદિનો પ્રયોગ કરો છો ત્યારે સાધનથી ભિન્ન સાધ્ય પણ માનવું પડશે અને તે સાધ્ય ઘટ-પટ આદિ બાહ્ય પદાર્થ જ હશે. આ રીતે, વિજ્ઞાનથી અતિરિક્ત બાહ્ય પદાર્થોનો પણ સદ્ભાવ સિદ્ધ થઈ જાય છે. તેથી, આપનું આ વિજ્ઞાનાદ્વૈતવાદ કેવળ બાળકોની બોલી સમાન સાંભળવામાં મનોહર લાગે છે.

આ પ્રકારે, વિજ્ઞાનવાદનું ખંડન કરી સ્વયંબુદ્ધ શૂન્યવાદનું ખંડન કરવા માટે તત્પર થયા. તે બોલ્યા કે તમારા શૂન્યવાદમાં શૂન્યત્વને પ્રતિપાદન કરવાવાળા વચન અને તેનાથી ઉત્પન્ન થવાવાળું જ્ઞાન છે કે નહીં? આ પ્રકારે બે વિકલ્પ ઉત્પન્ન થાય છે. જો તમે આ વિકલ્પના ઉત્તરમાં એમ કહો કે હા, શૂન્યત્વને પ્રતિપાદન કરવાવાળા વચન અને જ્ઞાન બંને જ છે; તો ખેદની સાથે કહેવું પડશે કે તમે જીતાઈ ગયા કારણ કે વાક્ય અને વિજ્ઞાનની જેમ તમારે પણ બધા પદાર્થ માનવા પડશે. જો એમ કહો કે અમે વાક્ય અને વિજ્ઞાનને નથી માનતા તો શૂન્યતાની સિદ્ધિ ક્યા પ્રકારે થશે? ભાવાર્થ—જો આપ શૂન્યતા પ્રતિપાદક વચન અને વિજ્ઞાનને સ્વીકાર કરો છો તો વચન અને વિજ્ઞાનના વિષયભૂત જીવાદિ સમસ્ત પદાર્થ પણ સ્વીકૃત કરવા પડશે. તેથી, શૂન્યવાદ નષ્ટ થઈ જશે અને જો વચન તથા વિજ્ઞાનને સ્વીકૃત નથી કરતાં તો શૂન્યવાદનું સમર્થન અથવા મનન કોના દ્વારા કરશો? આવી અવસ્થામાં આ શૂન્યવાદનું પ્રતિપાદન કરવું ઉન્મત્ત પુરુષના રડવા સમાન વ્યર્થ છે. તેથી, એ સિદ્ધ થઈ જાય છે કે જીવ શરીર આદિથી પૃથક્ પદાર્થ છે તથા દયા, સંયમ આદિ લક્ષણવાળો ધર્મ પણ અવશ્ય છે.

તત્ત્વજ્ઞ મનુષ્ય એ જ તત્ત્વોને માને છે કે જે સર્વજ્ઞદેવ દ્વારા કહેવામાં આવ્યા હોય. તેથી, વિદ્વાનોએ તે આપ્તાભાસ દ્વારા કહેલા તત્ત્વોને હેય સમજવા જોઈએ. આ પ્રકારે સ્વયંબુદ્ધ મંત્રીના વચનોથી તે સંપૂર્ણ સભા આત્માના સદ્ભાવના વિષયમાં સંશયરહિત થઈ ગઈ અર્થાત્ બધાયે જ આત્માનું પૃથક્ અસ્તિત્વ સ્વીકાર કરી લીધું અને સભાના અધિપતિ રાજા મહાબળ પણ અતિશય પ્રસન્ન થયા. તે પરવાદીરૂપ વૃક્ષ પણ સ્વયંબુદ્ધ મંત્રીના વચનરૂપી વજ્રના કઠોર પ્રહારથી શીઘ્ર જ મ્લાન થઈ ગયા. ત્યારબાદ, જ્યારે બધી જ સભા શાંતભાવથી ચૂપચાપ

બેસી ગઈ ત્યારે સ્વયંબુદ્ધ મંત્રી શ્રુત, પરિચિત અને અનુભૂત પદાર્થથી સંબંધ રાખવાવાળી કથા કહેવા લાગ્યા.

હે મહારાજ! હું એક કથા કહું છું, તે સાંભળો. કેટલાક સમય પહેલાં આપના વંશમાં ચૂડામણિ સમાન એક 'અરવિંદ' નામનો વિદ્યાધર થયો હતો. તે પોતાના પુણ્યોદયથી અહંકારી શત્રુઓની ભૂજાઓનો ગર્વ દૂર કરતો આ ઉત્કૃષ્ટ અલકા નગરીનું શાસન કરતો હતો. તે રાજા વિદ્યાધરોને યોગ્ય અનેક ઉત્તમોત્તમ ભોગોનો અનુભવ કરતો રહેતો હતો. તેને બે પુત્ર થયા. એકનું નામ 'હરિચંદ્ર' અને બીજાનું નામ 'કુરુવિંદ' હતું. એ અરવિંદ રાજાએ ઘણા આરંભને વધારવાવાળા રૌદ્રધ્યાનના ચિંતવનથી તીવ્ર દુઃખ દેવાવાળી નરકાયુનો બંધ કરી લીધો હતો. જ્યારે તેના મૃત્યુના દિવસો નજીક આવ્યા ત્યારે તેને દાહજ્વર ઉત્પન્ન થઈ ગયો કે જેથી તે દિવસે-દિવસે શરીરનો અત્યંત દુઃસહ સંતાપ વધવા લાગ્યો. તે રાજા ન તો લાલ કમળોથી સુવાસિત જળ દ્વારા, ન પંખાની શીતળ હવા દ્વારા ન મણિઓના હાર દ્વારા અને ન ચંદનના લેપ દ્વારા સુખ-શાંતિને પામી શકતો હતો. તે સમયે પુણ્ય ક્ષય થવાથી તેની સમસ્ત વિદ્યાઓ તેને છોડીને ચાલી ગઈ હતી. તેથી, તે એક ગજરાજ સમાન અશક્ત થઈ ગયો હતો કે જેની મદશક્તિ સર્વથા ક્ષીણ થઈ ગઈ હોય. જ્યારે તે દાહજ્વરથી આખા શરીરમાં બેચેની ઉત્પન્ન કરવાવાળા સંતાપને સહન ન કરી શક્યો ત્યારે તેણે એક દિવસ પોતાના હરિચંદ્ર પુત્રને બોલાવી કહ્યું કે હે પુત્ર! મારા શરીરમાં આ સંતાપ વધી જ રહ્યો છે. જુઓ તો લાલ કમળોની જે માળા સંતાપ દૂર કરવા માટે શરીર પર રાખવામાં આવી છે, તે કેવી મુરઝાઈ ગઈ છે! તેથી, હે પુત્ર! તું મને તારી વિદ્યા દ્વારા મને જલ્દી ઉત્તરકુરુ દેશમાં મોકલી દે અને ઉત્તરકુરુમાં પણ એ વનમાં મોકલજે કે જે સીતોદા નદીના તટ પર સ્થિત છે તથા અત્યંત શીતળ છે. કલ્પવૃક્ષોને હલાવવાવાળા તથા સીતા નદીના તરંગોથી ઊઠેલાં ત્યાંનો ઠંડો પવન મારા આ સંતાપને અવશ્ય શાંત કરી દેશે. પિતાના આવા વચન સાંભળીને રાજપુત્ર હરિચંદ્રએ પોતાની આકાશગામીની વિદ્યા મોકલી, પરંતુ રાજા અરવિંદનું પુણ્ય ક્ષીણ થઈ ગયું હતું તેથી તે વિદ્યા પણ ઉપકાર કરી ન શકી અર્થાત્ તેને ઉત્તરકુરુ દેશ મોકલી ન શકી. જ્યારે આકાશગામીની વિદ્યા પણ પોતાના કાર્યથી વિમુખ થઈ ગઈ, ત્યારે પુત્રએ સમજી લીધું કે પિતાની બિમારી અસાધ્ય છે, તેથી તે ખૂબ જ ઉદાસ થયો અને કિંકર્તવ્યવિમૂઢ જેવો થઈ ગયો.

ત્યારબાદ, કોઈ એક દિવસ બે ગરોળી પરસ્પર લડી રહી હતી. લડતાં-લડતાં એકની પૂંછ કપાઈ ગઈ અને

પૂંછથી નીકળેલા લોહીના કેટલાક ટીપા રાજા અરવિંદના શરીર પર પડ્યા. એ લોહીના ટીપાથી તેનું શરીર ઠંડું થઈ ગયું–દાહજ્વરની વ્યથા શાંત થઈ ગઈ. પાપના ઉદયથી તે ખૂબ જ સંતુષ્ટ થયો અને વિચારવા લાગ્યો કે મેં દૈવયોગથી ખૂબ જ સારી ઔષધિ પ્રાપ્ત કરી છે. તેણે કુરુવિંદ–બીજા પુત્રને બોલાવીને કહ્યું કે હે પુત્ર! મારા માટે લોહીથી ભરેલો એક કુંડ બનાવી દે. રાજા અરવિંદને વિભંગાવધિજ્ઞાન હતું, તેથી વિચાર કરી ફરી બોલ્યો કે આ જ સમીપવર્તી વનમાં અનેક પ્રકારના હરણ રહે છે, તેનાથી જ તું તારું કામ કર અર્થાત્ તેને મારીને તેના લોહીથી કુંડ ભરી દે. તે કુરુવિંદ પાપથી ડરતો રહેતો હતો, તેથી પિતાના આવા વચન સાંભળીને તથા થોડો વિચાર કરીને પાપમય કાર્ય કરવા માટે અસમર્થ થતો થકો ક્ષણભર ચૂપચાપ ઊભો રહ્યો. ત્યારબાદ, વનમાં ગયો, ત્યાં કોઈ અવધિજ્ઞાની મુનિથી જ્યારે તેને ખબર પડી કે અમારા પિતાનું મૃત્યુ અત્યંત નિકટ છે અને તેમણે નરક આયુનો બંધ કરી લીધો છે, તેથી પાપકર્મ કરવાથી તે અટકી ગયો, પરંતુ પિતાના વચન પણ ઉલ્લંઘન કરવાયોગ્ય નથી એમ માનીને તેણે કૃત્રિમ લોહી અર્થાત્ લાખના રંગથી ભરેલો કુંડ બનાવડાવ્યો. પાપકાર્ય કરવામાં અતિશય ચતુર રાજા અરવિંદે જ્યારે કુંડ તૈયાર થવાના સમાચાર સાંભળ્યા ત્યારે તે ખૂબ જ હર્ષિત થયો, જેવી રીતે કોઈ દરિદ્ર પુરુષ પહેલાં ક્યારેય પણ પ્રાપ્ત નહીં થયેલા નિધાનને જોઈને હર્ષિત થાય છે.

જેવી રીતે, પાપી–નારકી જીવ વૈતરણી નદીને ખૂબ જ સારી માને છે, તેવી જ રીતે તે પાપી અરવિંદ રાજા પણ લાખના લાલ રંગથી છેતરાઈને અર્થાત્ સાચું લોહી સમજીને તે કુંડને ખૂબ જ સારું માની રહ્યો હતો. જ્યારે તેને કુંડની પાસે લાવવામાં આવ્યા તો આવતાં જ તે કુંડની વચ્ચે સૂઈ ગયો અને ઈચ્છાનુસાર ક્રિડા કરવા લાગ્યો, પરંતુ મોઢામાં એ લોહી જતાં જ તેને સમજ પડી ગઈ કે આ કૃત્રિમ લોહી છે. આ જાણીને પાપરૂપી સમુદ્રને વધારવા માટે ચંદ્ર સમાન તે બુદ્ધિરહિત રાજા અરવિંદ, જાણે કે નરકનું પૂર્ણ આયુ પ્રાપ્ત કરવાની ઈચ્છાથી ક્રોધિત થઈને પુત્રને મારવા માટે દોડ્યો, પરંતુ વચમાં જ એવી રીતે પડ્યો કે પોતાની જ તલવારથી તેનું હૃદય વિદીર્ણ થઈ ગયું તથા મરી ગયો. તે કુમરણને પામીને પાપના યોગથી નરકગતિમાં પહોંચ્યો.

હે રાજન્! આ કથા અલકા નગરીમાં લોકોને આજ સુધી યાદ છે. જેવી રીતે દાંત તૂટી જવાથી હાથી પોતાનું મોઢુ નીચું કરી લે છે અથવા જેવી રીતે ફણનો મણિ ઉખાડી લીધા પછી સર્પ તેજરહિત થઈ જાય છે અથવા સૂર્ય

અસ્ત થઈ જવાથી જેવી રીતે કમળ મૂરઝાઈ જાય છે, તેવી જ રીતે પિતાના મૃત્યુથી કુરુવિંદે પોતાનું મોઢું નીચું કરી લીધું, તેનું બધુ જ તેજ જતું રહ્યું તથા શરીર શિથિલ થઈ ગયું. આ રીતે, તે શોચનીય અવસ્થાને પ્રાપ્ત થયો હતો. હે રાજન્! હવે બીજી 'કથા : દંડ વિદ્યાધર' સાંભળો.

સમુદ્ર સમાન વિસ્તિર્ણ આપના આ વંશમાં એક દંડ નામનો વિદ્યાધર થઈ ગયો છે, તે ખૂબ જ પ્રતાપી હતો. તેણે તેના સમસ્ત શત્રુઓને દંડિત કર્યા હતા. જેવી રીતે સમુદ્રમાંથી મણિ ઉત્પન્ન થાય છે, તેવી જ રીતે એ દંડ વિદ્યાધરથી પણ 'મણિમાલી' નામનો પુત્ર ઉત્પન્ન થયો. જ્યારે તે મોટો થયો ત્યારે રાજા દંડે તેને યુવરાજ પદ પર નિયુક્ત કર્યો અને પોતે ઈચ્છાનુસાર ભોગ ભોગવવા લાગ્યો. તે વિષયોમાં એટલો અધિક ઉત્સુક થઈ રહ્યો હતો કે ચિરકાળ સુધી ભોગ ભોગવીને પણ તૃપ્ત થતો ન હતો, પરંતુ સ્ત્રી, વસ્ત્ર તથા આભૂષણમાં પહેલાંની અપેક્ષા અધિક આસક્ત થતો જતો હતો. અત્યંત વિષયાસક્તિના કારણે માયાચારી ચેષ્ટાઓ કરવાવાળા તે આર્તધ્યાની રાજાએ તીવ્ર સંક્લેશ ભાવોથી તિર્યંચ આયુષ્યનો બંધ કર્યો. કારણ કે મરતા સમયે તેનું આર્તધ્યાન નામનું કુધ્યાન પૂર્ણતાને પ્રાપ્ત થઈ રહ્યું, તેથી કુમરણથી મરીને તે મોહના ઉદયમાં પોતાના ભંડારમાં ખૂબ જ મોટો અજગર થયો. તેને જાતિસ્મરણ પણ થઈ ગયું હતું, તેથી તે ભંડારીની જેમ ભંડારમાં ફક્ત પોતાના પુત્રને જ પ્રવેશ કરવા દેતો હતો, બીજાને નહીં.

એક દિવસ અતિશય બુદ્ધિમાન રાજા મણિમાલી કોઈ અવધિજ્ઞાની મુનિરાજથી પિતાના અજગર આદિના સમસ્ત વૃત્તાંત જાણીને પિતૃભક્તિથી તેમનો મોહ દૂર કરવા માટે ભંડારમાં ગયો અને અજગરની સમીપ જઈને ઊભો રહીને સ્નેહયુકત વચન કહેવા લાગ્યો. હે પિતા! તમે ધન, ઋદ્ધિ આદિમાં અત્યંત મમત્વ અને વિષયોમાં અત્યંત આસક્તિ કરી હતી. એ જ દોષથી તમે આ સમયે કુયોનિમાં અજગર પર્યાયમાં આવ્યા છો. આ વિષયરૂપી આમિષ(લાલચ) અત્યંત કટુક છે, દુર્જર છે અને કિંપાક-વિષફળ સમાન છે, તેથી ધિક્કારવાયોગ્ય છે. હે પિતાજી! આ વિષયરૂપી આમિષ(લાલચને)ને હજી પણ છોડી દ્યો. હે તાત! જેવી રીતે રથનું પૈડું નિરંતર સંસાર પરિભ્રમણ કરતું રહે છે—ચાલતું રહે છે, તેવી જ રીચે આ વિષય પણ નિરંતર સંસાર—ચતુર્ગતિરૂપ સંસારનો બંધ કરતું રહે છે. જો કે આ કંઠસ્થ પ્રાણ સમાન વિષય મુશ્કેલીથી છોડી શકાય છે તથા પણ ત્યાજ્ય અવશ્ય છે. આ વિષય

શિકારીના ગીત સમાન છે કે જે પહેલાં મનુષ્યરૂપી હરણોને ઠગવા માટે વિશ્વાસ કરાવે છે અને પછી ભયંકર થઈ પ્રાણોનું હરણ કરી લે છે. જેવી રીતે તાંબુલ ચૂનો, કાથો અને સોપારીનો સંયોગ પામીને રાગ—લાલીમા વધારે છે, તેવી જ રીતે આ વિષય પણ સ્ત્રી, પુત્રાદિનો સંયોગ પામીને રાગ—સ્નેહ વધારે છે અને વધતા અંધકાર સમાન સમીચીન માર્ગને રોકી દે છે. જેવી રીતે જૈનમત, મતાંતરોનું ખંડન કરી દે છે, તેવી જ રીતે આ વિષય પણ પિતા, ગુરુ આદિના હિતોપદેશરૂપી મતોનું ખંડન કરી દે છે, તે વિજળીની ચમક સમાન ચંચળ છે અને ઈન્દ્રધનુષ સમાન વિચિત્ર છે. વધારે કહેવાથી શું લાભ? જુઓ! વિષયોથી ઉત્પન્ન થયેલું આ વિષયસુખ આ જીવને સંસારરૂપી અટવીમાં ભ્રમણ કરાવે છે. જે આ વિષયરસની આસક્તિથી વિમુક્ત રહીને પોતાના આત્માને પોતાનામાં જ સ્થિર રાખે છે એવા મુનિઓના સમૂહને નમસ્કાર છે!

આ પ્રકારે રાજા મણિમાલાએ વિષયોની નિંદા કરી. ત્યારબાદ પોતાના પુત્રના ધર્મવાક્યોરૂપી સૂર્ય દ્વારા તે અજગરનો સંપૂર્ણ મોહરૂપી ગાઢ અંધકાર નષ્ટ થઈ ગયો. તે અજગરે પોતાના વીતેલા જીવન પર ખૂબ જ પશ્ચાત્તાપ કર્યો અને તેણે ધર્મરૂપી ઔષધિ ગ્રહણ કરી મહાવિષ સમાન ભયંકર વિષયાસક્તિ છોડી દીધી. તેણે સંસારથી ભયભીત થઈને આહાર-પાણી છોડી દીધા. શરીરથી પણ મમત્વ ત્યાગી દીધું અને આયુષ્યના અંતમાં શરીર ત્યાગીને ખૂબ જ ઋદ્ધિનો ધારક દેવ થયો. તે દેવે અવધિજ્ઞાન દ્વારા પોતાના પૂર્વભવ જાણી મણિમાલી પાસે આવીને તેનો સત્કાર કર્યો તથા તેને પ્રકાશમાન મણિઓથી શોભાયમાન એક મણિઓનો હાર આપ્યો. રત્નોના કિરણોથી શોભાયમાન તથા લક્ષ્મીના તેજ(હાસ) સમાન નિર્મળ તે હાર આજે પણ આપના કંઠમાં શોભાયમાન છે.

હે રાજન્! એ સિવાય એક બીજો પણ વૃત્તાંત છે કે જે હું આપને જેમનો તેમ કહી સંભળાવું છું. એ વૃત્તાંતને જોવાવાળા કેટલાય વૃદ્ધ વિદ્યાધરો આજે પણ વિદ્યમાન છે. શતબલ નામના આપના દાદા થઈ ગયા છે કે જે પોતાના મનોહર ગુણો દ્વારા પ્રજાને હંમેશા સુયોગ્ય રાજાથી યુક્ત કરતાં હતા. તે ભાગ્યશાળી શતબલે ચિરકાળ સુધી રાજ્ય ભોગવીને આપના પિતાને રાજ્યનો ભાર સોંપી દીધો હતો અને સ્વયં ભોગોથી નિઃસ્પૃહ થઈ ગયા હતા. તેમણે સમ્યગ્દર્શનથી પવિત્ર થઈને શ્રાવકના વ્રત ગ્રહણ કર્યા હતા અને વિશુદ્ધ પરિણામથી દેવાયુનો બંધ કર્યો હતો. તેમણે ઉપવાસ, અવમોદર્ય આદિ સત્ પ્રવૃત્તિને ધારણ કરી આયુના અંતમાં યથાયોગ્ય રીતિથી

સમાધિમરણપૂર્વક શરીર છોડ્યું હતું કે જેથી મહેન્દ્ર સ્વર્ગમાં મોટી-મોટી ૠદ્ધિઓના ધારી શ્રેષ્ઠ દેવ થયા. ત્યાં તે અણિમા, મહિમા આદિ ગુણોસહિત હતા તથા સાત સાગર પ્રમાણ તેમની સ્થિતિ હતી. કોઈ એક દિવસ આપ સુમેરુ પર્વતના નંદનવનમાં ક્રીડા કરવા માટે મારી સાથે ગયા હતા અને ત્યાં તે દેવ પણ આવ્યા હતા. આપને જોઈને ઘણા જ સ્નેહપૂર્વક તેમણે ઉપદેશ આપ્યો હતો કે હે કુમાર! આ જૈન ધર્મ જ ઉત્તમ ધર્મ છે, તે જ સ્વર્ગ આદિ અભ્યુદયોની પ્રાપ્તિનું સાધન છે, તેને તું ક્યારેય પણ ભૂલતો નહીં.

આ કથા કહીને સ્વયંબુદ્ધ કહેવા લાગ્યો કે હે રાજન્! આપના પિતાના દાદાનું નામ સહસ્રબલ હતું. અનેક વિદ્યાધર રાજા તેમને નમસ્કાર કરતાં હતા અને પોતાના મસ્તક પર તેમની આજ્ઞા ધારણ કરતાં હતા. તેમણે પણ પોતાના પુત્ર શતબલ મહારાજને રાજ્ય આપી મોક્ષ પ્રાપ્ત કરવાવાળી જિનદીક્ષા ગ્રહણ કરી હતી. તે તપરૂપી કિરણો દ્વારા સમસ્ત પૃથ્વીને પ્રકાશિત કરતાં અને મિથ્યાત્વરૂપી અંધકારની ઘટાને વિઘટિત કરતાં થકા સૂર્ય સમાન વિહાર કરતાં રહ્યા. પછી કેવળજ્ઞાન પ્રાપ્ત કરી મનુષ્ય, દેવ અને ધરણેન્દ્રો દ્વારા પૂજિત થઈ અનંત, અપાર ને નિત્ય મોક્ષપદને પ્રાપ્ત થયા.

હે આયુષ્માન્! આ રીતે, ઈન્દ્રિયોને વશમાં કરવાવાળા આપના પિતાએ પણ આપને રાજ્યભાર સોંપીને વૈરાગ્યભાવથી ઉત્કૃષ્ટ જિનદીક્ષાને ધારણ કરી છે અને પુત્ર, પૌત્ર તથા અનેક વિદ્યાધર રાજાઓ સહિત તપશ્ચર્યા કરતાં થકા મોક્ષલક્ષ્મીને પ્રાપ્ત કરવા ઈચ્છે છે. હે રાજન્! મેં ધર્મ અને અધર્મના ફળના દૃષ્ટાંત આપવા માટે જ આપના વંશમાં ઉત્પન્ન થયેલા એ વિદ્યાધર રાજાઓનું વર્ણન કર્યું છે કે જેમની કથારૂપી દુદુંભી અત્યંત પ્રસિદ્ધ છે. આપ ઉપર કહેલા ચારેય દૃષ્ટાંતોને ચારેય ધ્યાનોનું ફળ સમજો કારણ કે રાજા અરવિંદ રૌદ્રધ્યાનના કારણે નરકમાં ગયા, દંડ નામના રાજા આર્તધ્યાનથી ભંડારમાં અજગર થયા, રાજા શતબલ ધર્મધ્યાનના પ્રભાવથી દેવ થયા અને રાજા સહસ્રબલ શુક્લધ્યાનના મહાત્મ્યથી મોક્ષમાં બિરાજમાન થયા. આ ચારેય ધ્યાનોમાં પહેલાં બે ધ્યાન—આર્ત અને રૌદ્ર ધ્યાન અશુભધ્યાન છે કે જે કુગતિના કારણ છે અને આગળના બે ધ્યાન—ધર્મ અને શુક્લધ્યાન શુદ્ધ છે કે જે સ્વર્ગ અને મોક્ષના કારણ છે. તેથી, હે બુદ્ધિમાન્ રાજન્! ધર્મ સેવન કરવાવાળા પુરુષોને ન તો સ્વર્ગાદિના ભોગ દુર્લભ છે અને ન મોક્ષ! આ વાત આપ પ્રત્યક્ષ પ્રમાણ તથા સર્વજ્ઞ વીતરાગના ઉપદેશથી નિશ્ચિત કરી શકો

છો. હે રાજન્! જો આપ નિર્દોષ ફળ ચાહો છો તો આપે પણ જિનેન્દ્રદેવ દ્વારા ઉપદિષ્ટ પ્રસિદ્ધ મહિમાથી યુક્ત આ જૈનધર્મની ઉપાસના કરવી જોઈએ.

આ પ્રકારે, સ્વયંબુદ્ધ મંત્રીના કહેલા ઉદાર અને ગંભીર વચન સાંભળીને તે સંપૂર્ણ સભા ખૂબ જ પ્રસન્ન થઈ તથા પરમ આસ્તિક્યભાવને પ્રાપ્ત થઈ. સ્વયંબુદ્ધના વચનોથી સમસ્ત સભાસદોને એ વિશ્વાસ થઈ ગયો કે આ જિનેન્દ્રપ્રણિત ધર્મ જ વાસ્તવિક તત્ત્વ છે, અન્ય મત-મતાંતર નહીં. ત્યારબાદ, સમસ્ત સભાસદ તેની આ પ્રકારે સ્તુતિ કરવા લાગ્યા કે આ સ્વયંબુદ્ધ સમ્યગ્દ્રષ્ટિ છે, વ્રતી છે, ગુણ અને શીલથી સુશોભિત છે, મન-વચન-કાયથી સરળ છે, ગુરુભક્ત છે, શાસ્ત્રોનો વેત્તા છે, અતિશય બુદ્ધિમાન છે, ઉત્કૃષ્ટ શ્રાવકોને યોગ્ય ઉત્તમ ગુણોથી પ્રશંસનીય છે અને મહાત્મા છે. વિદ્યાધરોના અધિપતિ મહારાજ મહાબળે પણ મહાબુદ્ધિમાન સ્વયંબુદ્ધની પ્રશંસા કરી અને તેના વચનોનો સ્વીકાર કર્યો તથા પ્રસન્ન થઈને તેનો અતિશય સત્કાર કર્યો.

ત્યારબાદ, કોઈ એક દિવસે સ્વયંબુદ્ધ મંત્રી અકૃત્રિમ ચૈત્યાલયોમાં બિરાજમાન જિનપ્રતિમાઓની ભક્તિપૂર્વક વંદના કરવાની ઈચ્છાથી મેરુ પર્વત પર ગયા. તે પર્વત જિનેન્દ્ર ભગવાનના સમવસરણ સમાન શોભાયમાન થઈ રહ્યો છે. કારણ કે જેવી રીતે સમવસરણ(અશોક, સપ્તચ્છદ, આમ્ર અને ચંપક) ચાર વનોથી સુશોભિત હોય છે, તેવી જ રીતે તે પર્વત પણ ચાર (ભદ્રશાલ, નંદન, સૌમનસ અને પાંડુક) વનોથી સુશોભિત છે. તે અનાદિનિધન છે તથા પ્રમાણથી (એક લાખ યોજન) સહિત છે, તેથી શ્રુત સ્કંધ સમાન છે. કારણ કે આર્યદ્રષ્ટિથી શ્રુતસ્કંધ પણ અનાદિનિધન છે અને પ્રત્યક્ષ–પરોક્ષ પ્રમાણોથી સહિત છે અથવા તે પર્વત કોઈ ઉત્તમ મહારાજા સમાન છે કારણ કે જેવી રીતે, મહારાજ અનેક મહીભૃતો (પર્વતોનો) અધિશ હોય છે તેવી જ રીતે, તે પર્વત પણ અનેક પર્વતો (મહીભૃતો)નો અધિશ છે; મહારાજ જેવી રીતે સુવૃત–સદાચારી અને સદાસ્થિત–સમીચીન સભાથી યુક્ત હોય છે તેવી જ રીતે, તે પર્વત પણ સુવ્રત–ગોળાકાર અને સદાસ્થિત–સદા વિદ્યમાન રહે છે તથા મહારાજ જેવી રીતે, પ્રવૃદ્ધ કટક–મોટી સેનાના નાયક હોય છે તેવી જ રીતે, પર્વત પણ પ્રવૃદ્ધ કટક–ઊંચા શિખરવાળા છે અથવા તે પર્વત આદિ પુરુષ શ્રી વૃષભદેવ સમાન જણાય છે કારણ કે ભગવાન વૃષભદેવ જેવી રીતે સર્વ લોકોત્તર છે–લોકમાં સર્વથી શ્રેષ્ઠ છે, તેવી જ રીતે તે પર્વત પણ સર્વ લોકોત્તર છે–સર્વદેશોથી

ઉત્તરદિશામાં વિદ્યમાન છે; ભગવાન જેવી રીતે, સર્વ ભૂભૃતોમાં–બધા જ રાજાઓમાં જ્યેષ્ઠ છે, તેવી જ રીતે તે પર્વત પણ સર્વ ભૂભૃતોમાં–પર્વતોમાં જ્યેષ્ઠ–ઉત્કૃષ્ટ છે; ભગવાન જેવી રીતે મહાન હતા તેવી જ રીતે, તે પર્વત પણ મહાન છે અને ભગવાન જેવી રીતે સુવર્ણ વર્ણના હતા તેવી જ રીતે, તે પર્વત પણ સુવર્ણ વર્ણનો છે.

તે મેરુપર્વત ઈન્દ્ર સમાન સુશોભિત છે, કેમકે ઈન્દ્ર જેવી રીતે વજ્રમયી શસ્ત્રોથી સુશોભિત થાય છે તેવી જ રીતે, તે પર્વત પણ વજ્ર-હીરાથી સુશોભિત થાય છે. ઈન્દ્ર જેવી રીતે અપ્સરઃસંશ્રય–અપ્સરાઓનો આશ્રય હોય છે તેવી જ રીતે, તે પર્વત પણ અપ્સરઃસંશ્રય–જળથી ભરેલા તળાવનો આધાર છે અને ઈન્દ્રનું શરીર જેવી રીતે, ચારે તરફ ફેલાતી જ્યોતિ–તેજથી સુશોભિત થાય છે તે જ રીતે, તે પર્વતનું શરીર પણ ચારે તરફ ફેલાયેલા જ્યોતિષી દેવોથી સુશોભિત છે. સૌધર્મ સ્વર્ગના ઈન્દ્રના વિમાન આ પર્વતની ચૂલિકાની અત્યંત નિકટ છે–વાળ માત્ર અંતરથી વિદ્યમાન છે, તેથી એવું લાગે છે કે જાણે સ્વર્ગલોક ધારણ કરવા માટે એક ઊંચો સ્તંભ જ હોય! તે પર્વત પોતાની કટનીઓથી  જે વન પંક્તિઓને ધારણ કરેલો છે તે હંમેશા ફૂલોથી ઉજ્જ્વળ રહે છે તથા એવી જણાય છે કે જાણે કલ્પવૃક્ષોની સાથે સ્પર્ધા કરીને જ બધી ઋતુઓના ફળ-ફૂલ આપી રહી હોય! તે પર્વત સુવર્ણમયી છે, ઊંચો છે અને અનેક રત્નોની કાંતિથી સહિત છે. તેથી, એવું જણાય છે કે જાણે જિનેન્દ્રદેવના અભિષેક માટે દેવો દ્વારા બનાવાયેલું સુવર્ણમય ઊંચું અને રત્નખચિત સિંહાસન જ હોય! તે પર્વત પર શ્રી જિનેન્દ્રદેવનો અભિષેક થાય છે તથા અનેક ચૈત્યાલય વિદ્યમાન છે જાણ કે એ જ બે કારણોથી ઉત્પન્ન થયેલા પુણ્ય દ્વારા તે વિના કોઈ રોકટોક સ્વર્ગને પ્રાપ્ત થયો છે અર્થાત્ સ્વર્ગ સુધી ઊંચો ચાલ્યો ગયો છે.

તે પર્વત લવણ સમુદ્રના વાદળી જળરૂપી સુંદર વસ્ત્રોને ધારણ કરેલા જંબૂદ્વીપરૂપી મહારાજને સારી રીતે લગાડાયેલા મુકુટ સમાન જણાય છે. અથવા તે જગત એક સરોવર સમાન છે કારણ કે સરોવરની જેમ તે કુલાચલરૂપી ખૂબ જ ઊંચી લહેરોથી શોભાયમાન છે, સંગીત માટે વાગતા વાજાઓના શબ્દરૂપી પક્ષીઓના શબ્દોથી સુશોભિત છે, ગંગા-સિંધુ આદિ મહાનદીઓના જળરૂપી મૃણાલથી વિભૂષિત છે, નંદન આદિ મહાવનરૂપી કમળપત્રોથી આચ્છન્ન છે, સૂર અને અસુરોના સભાભવનરૂપી કમળોથી શોભિત છે તથા સુખરૂપ મકરંદના પ્રેમી જીવનરૂપી ભ્રમરાવલીને ધારણ કરેલા છે એવા આ જગતરૂપી સરોવરની વચ્ચે તે પિતવર્ણનો સુવર્ણમયી મેરુ પર્વત

એવો જણાય છે કે જાણે પ્રલયકાળના પવનથી ઉડેલો તથા એક જગ્યાએ ભેગી થયેલી કમળોની કેસરનો સમૂહ હોય! વાસ્તવમાં તે પર્વત પર્વતોનો રાજા છે કારણ કે રાજા જેવી રીતે રત્નજડીત કટકો–કડાથી યુક્ત હોય છે તેવી જ રીતે, તે પર્વત પણ રત્નજડીત કટકો–શિખરોથી યુક્ત છે અને રાજા જેવી રીતે, મુકુટથી શોભાયમાન થાય છે તેવી જ રીતે, તે પર્વત પણ ચૂલિકારૂપી દેદીપ્યમાન મુકુટથી શોભાયમાન છે.

આ રીતે, વર્ણનયુક્ત તથા જિનમંદિરોથી શોભાયમાન તે પર્વત સ્વયંબુદ્ધ મંત્રીએ જોયો. અદ્‌ભુત શોભાયુક્ત તે મેરુ પર્વતને જોતાં તે મંત્રી અત્યંત આનંદને પ્રાપ્ત થયો અને ઘણા જ આશ્ચર્યથી તેની સમીપવર્તી પ્રદેશોનું નીચે લખ્યા અનુસાર નિરૂપણ કરવા લાગ્યો. આ ગિરિરાજે પોતાના શિખરના અગ્રભાગથી સમસ્ત આકાશરૂપી આંગણને ઘેરી લીધું છે કે જેથી એવું શોભાયમાન થાય છે કે જાણે લોકનાડીની લંબાઈ જ માપી રહ્યો હોય! મનોહર તથા ગાઢ છાયાવાળા વૃક્ષોથી શોભાયમાન આ પર્વતોના શિખર પર તે દેવલોકો પોતપોતાની દેવીઓ સાથે સદાય નિવાસ કરે છે. તેના ચરણોને આશ્રિત રહેવાવાળા એ ગજદંત પર્વત એવા જણાતા હતા કે જાણે નિષધ અને નીલ પર્વતોએ ભક્તિપૂર્વક સેવા માટે પોતાના હાથ જ ફેલાવ્યા હોય!

આ પર્વતની ચારે તરફ ભદ્રશાલ વન છે કે જે પોતાની શોભાથી દેવકુરુ અને ઉત્તરકુરુની શોભાને તિરસ્કૃત કરી રહી છે અને પોતાના વૃક્ષો દ્વારા આ પર્વત સંબન્ધી ચારે તરફના ભૂમિભાગને સદાય અલંકૃત કરતાં રહે છે. આ તરફ નંદનવન, આ તરફ સૌમનસવન અને આ તરફ પાંડુકવન શોભાયમાન છે. આ ત્રણેય વન સદાય ફાલેલા વૃક્ષોથી અત્યંત મનોહર છે. આ તરફ આ અર્ધચંદ્રાકાર દેવકુરુ તથા ઉત્તરકુરુ શોભાયમાન થઈ રહ્યા છે, આ તરફ શોભાવાન જંબૂવૃક્ષ છે અને આ શાલ્મલી વૃક્ષ છે. આ પર્વતના ચારેય વનોમાં જિનેન્દ્રદેવના ચૈત્યાલયો શોભાયમાન છે કે જે રત્નોની કાંતિથી ભાસમાન પોતાના શિખરો દ્વારા આકાશરૂપી આંગણને પ્રકાશિત કરી રહ્યા છે. આ પર્વત સદાય પુણ્યજનો, યક્ષોથી વ્યાપ્ત રહે છે, અનેક બાગ-બગીચાઓ તથા જિનાલયોથી સહિત છે તથા તેની સમીપ જ અનેક નદીઓ અને વિદેહક્ષેત્ર વિદ્યમાન છે, તેથી તે કોઈ નગરી સમાન જણાય છે. કારણ કે નગર પણ સદાય પુણ્યજનો–ધર્માત્મા લોકોથી વ્યાપ્ત રહે છે, બાગ-બગીચાઓ અને જિનમંદિરોથી સહિત હોય છે તથા તેની સમીપ અનેક નદીઓ અને ખેતર વિદ્યમાન હોય છે. આ પર્વત સંસારી જીવરૂપી ભ્રમરોથી સહિત તથા ભરત આદિ

ક્ષેત્રરૂપી પત્રોથી શોભાયમાન આ જંબૂદ્વીપરૂપી કમળની કર્ણિકા સમાન ભાસિત થાય છે. આ પ્રકારે, ઉત્કૃષ્ટ મહિમાથી યુક્ત આ સુમેરુ પર્વત, જણાય છે કે આજે પણ ત્રણેય લોકોની લંબાઈનું ઉલ્લંઘન કરી રહ્યો છે.

આ રીતે, દૂરથી જ વર્ણન કરતો થકો સ્વયંબુદ્ધ મંત્રી તે મેરુ પર્વત પર એવો જઈ પહોંચ્યો કે જાણે જિનમંદિરોએ પોતાના ધ્વજારૂપી હાથોથી તેને આદર સહિત બોલાવ્યો જ હોય! ત્યાં અનાદિનિધન સદાય પ્રકાશિત રહેવાવાળા અને દેવથી પૂજિત અકૃત્રિમ ચૈત્યાલયોને પ્રાપ્ત કરીને તે સ્વયંબુદ્ધ મંત્રી પરમ આનંદને પ્રાપ્ત થયો. તેણે પહેલાં પ્રદક્ષિણા આપી અને ભક્તિપૂર્વક વારંવાર નમસ્કાર કર્યા અને પૂજા કરી. આ પ્રકારે, યથાક્રમથી ભદ્રશાલ આદિ વનોની સમસ્ત અકૃત્રિમ પ્રતિમાઓની વંદના કરી. વંદના બાદ તેણે સૌમનસવનની પૂર્વદિશા સંબંધી ચૈત્યાલયોમાં પૂજા કરી તથા ભક્તિપૂર્વક પ્રણામ કરીને ક્ષણવાર માટે તે ત્યાં જ બેસી ગયો. એટલામાં જ તેણે પૂર્વવિદેહક્ષેત્ર સંબંધી મહાકચ્છ દેશના અરિષ્ટ નામક નગરથી આવેલા આકાશમાં ચાલવાવાળા આદિત્યગતિ અને અરિંજય નામના બે મુનિ અકસ્માત જ જોયા, તે બંને મુનિ યુગમંધરસ્વામીના સમવસરણરૂપી સરોવરના મુખ્ય હંસ હતા. અતિશય બુદ્ધિમાન સ્વયંબુદ્ધ મંત્રીએ સન્મુખ જઈને તેમની પૂજા કરી, વારંવાર પ્રણામ કર્યા અને જ્યારે તેઓ સુખપૂર્વક બેસી ગયા ત્યારે તેણે નીચે કહ્યા અનુસાર પોતાના મનોરથ તેમને પૂછ્યા.

હે ભગવન્! આપ જગતને જાણવારૂપી અવધિજ્ઞાનરૂપી પ્રકાશ ધારણ કરો છો, તેથી આપને હું થોડી મનોગત વાત પૂછું છું, કૃપા કરી તે કહો. હે સ્વામિ! આ લોકમાં અત્યંત પ્રસિદ્ધ વિદ્યાધરોના અધિપતિ રાજા મહાબળ અમારા સ્વામી છે, તે ભવ્ય છે કે અભવ્ય? આ વિષયમાં મને સંશય છે. જિનેન્દ્રદેવના કહેલા સન્માર્ગનું સ્વરૂપ દેખાડવાવાળા મારા વચનોને જેવી રીતે પ્રમાણભૂત માને છે તેવી જ રીતે શ્રદ્ધાન પણ કરશે કે નહીં? આ વાત હું આપ બંનેના અનુગ્રહપૂર્વક જાણવા ઈચ્છું છું. આ પ્રકારે પ્રશ્ન કરીને જ્યારે સ્વયંબુદ્ધ મંત્રી ચૂપ થઈ ગયા ત્યારે તેમાંથી આદિત્યગતિ નામના અવધિજ્ઞાની મુનિ કહેવા લાગ્યા કે હે ભવ્ય! તારો સ્વામી ભવ્ય જ છે, તે તારા વચનો પર વિશ્વાસ કરશે અને દશમા ભવમાં તીર્થંકર પદ પણ પ્રાપ્ત કરશે. તે આ જ જંબૂદ્વીપના ભરત નામક ક્ષેત્રમાં આવવાવાળા યુગના પ્રારંભમાં ઐશ્વર્યવાન પ્રથમ તીર્થંકર થશે. હવે હું સંક્ષેપથી તેના એ પૂર્વભવોનું વર્ણન કરું છું કે જ્યાં તેણે ભોગોની ઈચ્છાની સાથે-સાથે ધર્મનું બીજ વાવ્યું હતું, તે તું સાંભળ :—

આ જ જંબૂદ્વીપમાં મેરુ પર્વતની પશ્ચિમ તરફ વિદેહક્ષેત્રમાં ગંધિલા નામનો એક દેશ છે, તેમાં સિંહપુર નામનું નગર છે કે જે ઈન્દ્રના નગર સમાન સુંદર છે. તે નગરમાં એક શ્રીષેણ નામનો રાજા થઈ ગયો છે, તે રાજા ચંદ્ર સમાન બધાને પ્રિય હતો. તેની એક અત્યંત સુંદર સુંદરી નામની સ્ત્રી હતી. તે બંનેને પહેલાં **'જયવર્મા'** નામનો પુત્ર થયો અને ત્યારબાદ તેનો નાનોભાઈ **'શ્રીવર્મા'** થયો, તે શ્રીવર્મા બધા લોકોને ખૂબ પ્રિય હતો. તે નાનો પુત્ર માતા-પિતાને પણ સ્વભાવથી જ પ્યારો હતો. બરાબર જ છે કે **સંતાનપણું સમાન રહેવા છતાં પણ કોઈના ઉપર અધિક પ્રેમ હોય જ છે.** પિતા શ્રીષેણે મનુષ્યોનો અનુરાગ તથા ઉત્સાહ જોઈને નાના પુત્ર શ્રીવર્માના મસ્તક પર રાજ્યપટ્ટ બાંધ્યું અને તેના મોટાભાઈ જયવર્માની ઉપેક્ષા કરી. પિતાની આ ઉપેક્ષાથી જયવર્માને ખૂબ જ વૈરાગ્ય થયો કે જેથી તે પોતાના પાપની નિંદા કરતો સ્વયંપ્રભ ગુરુથી દીક્ષા લઈને તપસ્યા કરવા લાગ્યો. જયવર્મા હજી નવદીક્ષિત જ હતો—તેને દીક્ષા લીધાને વધારે સમય થયો ન હતો એટલામાં તેણે વિભૂતિ સાથે આકાશમાં જતાં મહીધર નામના વિદ્યાધરને જોયો. એ વિદ્યાધરને જોઈને જયવર્માએ નિદાન કર્યું કે મને આગામી ભવમાં મોટા-મોટા વિદ્યાધરોનો ભોગ પ્રાપ્ત થાય. તે એવો વિચાર કરી રહ્યો હતો કે એટલામાં એક ભયંકર સર્પે ઝાડમાંથી નીકળીને તેમને ડંખ મારી દીધો. તે ભોગોની ઈચ્છા કરતો કરતો જ મર્યો હતો તેથી અહીં મહાબળ થયો છે અને અત્યારે પણ તૃપ્ત ન કરવાવાળા વિદ્યાધરોને ઉચિત ભોગોને ભોગવી રહ્યો છે. પૂર્વભવના સંસ્કારથી જ તે ચિરકાળ સુધી ભોગોમાં અનુરક્ત રહ્યો છે, પરંતુ તમારા વચન સાંભળીને શીઘ્ર જ તેનાથી વિરક્ત થશે. આજ રાત્રે તેણે સ્વપ્નમાં જોયું છે કે તારા સિવાય અન્ય ત્રણ દુષ્ટ મંત્રીઓએ તેને જબરદસ્તી ભારે કીચડમાં ફેંકી દીધો છે અને તેં દુષ્ટ મંત્રીઓની ભર્ત્સના-નિંદા (અવગણના) કરીને તેમને કીચડથી કાઢ્યા છે અને સિંહાસન પર બેસાડીને તેમનો અભિષેક કર્યો છે. એ સિવાય બીજા સ્વપ્નમાં જોયું છે કે અગ્નિની એક પ્રદીપ્ત જ્વાળા વિજળી સમાન ચંચળ અને પ્રતિક્ષણ ક્ષીણ થતી જઈ રહી છે. તેણે આ બંને સ્વપ્ન આજે રાત્રિના અંતિમ સમયમાં જોયા છે. અત્યંત સ્પષ્ટરૂપથી બંને સ્વપ્નાઓને જોઈને તારી પ્રતિક્ષા કરતો જ બેઠો છે, તેથી તું શીઘ્ર જ જઈને તેને સમજાવ. તેના પૂછ્યા પહેલાં જ તારાથી આ બંને સ્વપ્નાઓને સાંભળીને વિસ્મિત થશે અને પ્રસન્ન થઈને નિઃસંદેહ તારા સમસ્ત વચનોનો સ્વીકાર કરશે. જેવી રીતે તરસ્યો ચાતક મેઘથી પડેલા જળમાં અને જન્માંધ પુરુષ તિમિર રોગ દૂર કરવાવાળ શ્રેષ્ઠ ઔષધિમાં અતિશય પ્રેમ કરે છે, તેવી જ રીતે મુક્તિરૂપી સ્ત્રીની દૂતી સમાન

કાળલબ્ધિ દ્વારા પ્રેરિત થયેલો મહાબળ તારી પાસે પ્રબોધિત થઈને સમીચીન ધર્મમાં અતિશય પ્રેમ કરશે.

રાજા મહાબળે જે પહેલું સ્વપ્ન જોયું છે તેને તું તેના આગામી ભવમાં પ્રાપ્ત થવાવાળી વિભૂતિનું સૂચક સમજ અને બીજું સ્વપ્ન તેના આયુષ્યના અતિશય હ્રાસને સૂચિત કરવાવાળું જાણ. આ નિશ્ચિત છે કે હવે તેનું આયુષ્ય એક મહિનાનું જ શેષ રહી ગયું છે. તેથી, હે ભદ્ર! તેના કલ્યાણ માટે શીઘ્ર જ પ્રયત્ન કર, પ્રમાદી ન થા. આમ કહીને અને સ્વયંબુદ્ધ મંત્રીને આશીર્વાદ આપીને ગગનગામી આદિત્યગતિ નામના મુનિરાજ પોતાના સાથી અરિંજયની સાથે-સાથે અંતર્હિત થઈ ગયા. મુનિરાજના વચન સાંભળીને વ્યાકુળ થયેલો સ્વયંબુદ્ધ પણ મહાબળને સમજાવવા માટે શીઘ્ર જ ત્યાંથી પાછો ફર્યો અને તત્કાળ જ મહાબળ પાસે જઈને તેને પ્રતિક્ષામાં બેઠેલા જોઈને પ્રારંભથી લઈને સ્વપ્નાના ફળ પર્યંત વિષયને સૂચિત કરવાવાળા મુનિરાજના સમસ્ત વચન કહેવા લાગ્યો. ત્યારબાદ, તેણે એ ઉપદેશ પણ આપ્યો કે હે બુદ્ધિમાન! જિનેન્દ્ર ભગવાનનો કહેલો આ ધર્મ જ સમસ્ત દુઃખોની પરંપરાનો નાશ કરવાવાળો છે. તેથી, તેમાં જ બુદ્ધિ લગાવો, તેનું જ પાલન કરો.

બુદ્ધિમાન મહાબળે સ્વયંબુદ્ધથી પોતાના આયુષ્યનો ક્ષય જાણીને વિધિપૂર્વક શરીર છોડવામાં—સમાધિમરણ ધારણ કરવામાં પોતાનું ચિત્ત લગાવ્યું. અતિશય સમૃદ્ધિશાળી રાજા પોતાના ઘરના બગીચાના જિનમંદિરમાં ભક્તિપૂર્વક અષ્ટાહ્નિક મહાયજ્ઞ કરીને ત્યાં જ દિવસ વ્યતીત કરવા લાગ્યો. પોતાનું વૈભવશાળી રાજ્ય અતિબળ નામના પુત્રને સોંપીને તથા મંત્રી આદિ સમસ્ત લોકોથી પૂછીને તે રાજા પરમ સ્વતંત્રતાને પ્રાપ્ત થઈ ગયો. ત્યારબાદ, તે શીઘ્ર જ પરમ પૂજ્ય સિદ્ધકૂટ ચૈત્યાલય પહોંચ્યો, ત્યાં તેણે સિદ્ધ પ્રતિમાઓની પૂજા કરી નિર્ભય થઈ સંન્યાસ ધારણ કર્યું. બુદ્ધિમાન મહાબળે ગુરુની સાક્ષીપૂર્વક જીવનપર્યંત માટે આહાર-પાણી તથા શરીરથી મમત્વ છોડવાની પ્રતિજ્ઞા કરી અને વીર શૈયાસન ધારણ કર્યું. મહાબળ આરાધનારૂપી નૌકા પર આરૂઢ થઈને સંસારરૂપી સાગરને પાર કરવા ચાહતો હતો, તેથી તેણે સ્વયંબુદ્ધ મંત્રીને નિર્યાપક આચાર્ય—સંલ્લેખનાની વિધિ કરાવવાવાળા આચાર્ય બનાવીને તેનું ખૂબ જ સન્માન કર્યું. તે શત્રુ-મિત્ર આદિમાં સમતા ધારણ કરવા લાગ્યો, બધા જીવો સાથે મૈત્રીભાવનો વિચાર કરવા લાગ્યો, સદાય અનુત્સુક રહેવા લાગ્યો અને બાહ્ય-અભ્યંતર પરિગ્રહનો ત્યાગ કરી પરિગ્રહત્યાગી મુનિ સમાન જણાવા લાગ્યો. તે ધીરવીર મહાબળ શરીર તથા આહારનો ત્યાગ કરવાનું મહાવ્રત

ધારણ કરી આરાધનાઓની પરમ વિશુદ્ધિને પ્રાપ્ત થયો હતો, તે સમયે તેનું ચિત્ત પણ અત્યંત સ્થિર હતું. એ ધીરવીરે પ્રાયોપગમન નામનું સંન્યાસ ધારણ કરી શરીરથી બિલકુલ સ્નેહ છોડી દીધો હતો. તેથી તે શરીર રક્ષા માટે ન તો સ્વકૃત ઉપકારની ઈચ્છા રાખતો હતો અને ન પરકૃત.

ભાવાર્થ—સંન્યાસ મરણના ત્રણ ભેદ છે : ૧. ભક્તપ્રત્યાખ્યાન, ૨. ઈંગિનીમરણ, ૩. પ્રાયોપગમન. (૧) ભક્તપ્રત્યાખ્યાન અર્થાત્ ભોજનની પ્રતિજ્ઞા કરીને જે સંન્યાસમરણ થાય તેને ભક્તપ્રત્યાખ્યાન કહે છે, તેનો કાળ અંતર્મુહૂર્તથી લઈને ૧૨ વર્ષ સુધીનો હોય છે. (૨) પોતાના શરીરની સેવા સ્વયં કરે, કોઈ બીજાથી રોગ આદિનો ઉપચાર ન કરાવે—આવી વિધિથી જે સંન્યાસ ધારણ કરવામાં આવે છે તેને ઈંગીનીમરણ કહે છે. (૩) જેમાં સ્વકૃત અને પરકૃત બંને પ્રકારના ઉપચાર ન હોય તેને પ્રાયોપગમન કહે છે. રાજા મહાબળે પ્રાયોપગમન નામનું ત્રીજું સંન્યાસ ધારણ કર્યું હતું. દુષ્કર તપસ્યા કરવાવાળા મહાબળ મહારાજાનું શરીર તો કૃષ થઈ ગયું હતું, પરંતુ પંચ પરમેષ્ઠીનું સ્મરણ કરતાં રહેવાથી પરિણામોની વિશુદ્ધિ વધી ગઈ હતી. નિરંતર ઉપવાસ કરવાવાળા તે મહાબળના શરીરમાં શિથિલતા અવશ્ય આવી ગઈ હતી, પરંતુ ગ્રહણ કરેલી પ્રતિજ્ઞામાં રંચમાત્ર પણ શિથિલતા આવી ન હતી. **બરાબર જ છે કે પ્રતિજ્ઞામાં શિથિલતા ન કરવી તે જ મહાપુરુષોનું વ્રત છે.** શરીરના લોહી, માંસ આદિ રસોનો ક્ષય થઈ જવાથી તે મહાબળ શરદ ઋતુના મેઘ સમાન અત્યંત દુર્બળ થઈ ગયો હતો અથવા એમ સમજો કે એ સમયે તે રાજા દેવ સમાન રક્ત, માંસ આદિથી રહિત શરીરને ધારણ કરી રહ્યો હતો. રાજા મહાબળે મરણનો પ્રારંભ કરવાવાળા વ્રત ધારણ કર્યા છે એ જોઈને તેના બંને નેત્ર જાણે કે શોકથી ક્યાંક જઈને છુપાઈ ગયા હતા અને પહેલાંના હાવભાવ આદિ વિલાસોથી વિરક્ત થઈ ગયા હતા. જો કે તેના બંને ગાલના રક્ત, માંસ તથા ચામડી આદિ બધું સુકાઈ ગયા હતા, તોપણ તેમણે પોતાની અવિનાશી કાંતિ દ્વારા પોતાની શોભા છોડી ન હતી–તેઓ તે સમયે પણ પહેલાંની જેમ સુંદર હતા. સમાધિગ્રહણ પહેલાં તેના જે ખભા અત્યંત સ્થૂળ તથા બાજુબંધના ઘસાવાથી અત્યંત કઠોર હતા, તે સમયે તે પણ કઠોરતા છોડીને અતિશય કોમળ થઈ ગયા હતા. તેનું ઉદર અંદર તરફ ઝુકી ગયું હતું અને ત્રિવલી (પેટ ઉપર પડતી કરચલીઓ) પણ નષ્ટ થઈ ગઈ હતી. તેથી એવું જણાતું હતું કે જાણે હવા ન ચાલવાથી તરંગરહિત સુકાયેલું તળાવ જ ન હોય! જેવી રીતે અગ્નિમાં તપાવેલું

સુવર્ણ પાષાણ અત્યંત શુદ્ધિને ધારણ કરતું થકું અધિક પ્રકાશમાન થવા લાગે છે, તેવી જ રીતે તે મહાબળ પણ તપરૂપી અગ્નિથી તપ્ત થઈને અત્યંત શુદ્ધિને ધારણ કરતો થકો અધિક પ્રકાશમાન થવા લાગ્યો હતો.

રાજા અસહ્ય શરીર સંતાપને લીલામાત્રમાં જ સહન કરી લેતો હતો તથા ક્યારેય પણ કોઈ વિપત્તિથી પરાજિત થતો ન હતો. તેથી, તેની સાથે યુદ્ધ કરતાં સમયે પરિષહ જ પરાજયને પ્રાપ્ત થયો હતો–પરિષહ તેને પોતાના કર્તવ્યમાર્ગથી ચ્યુત કરી શકતા ન હતા. જો કે તેના શરીરમાં માત્ર ચામડી અને હાડકા જ શેષ રહી ગયા હતા, તેમ છતાં તેણે પોતાની સમાધિના બળથી અનેક પરિષહોને જીતી લીધા હતા, તેથી તે સમયે યથાર્થમાં 'મહાબળ' સિદ્ધ થયો હતો. તેણે પોતાના મસ્તક પર લોકોત્તમ પરમેષ્ઠીને તથા હૃદયમાં અરિહંત પરમેષ્ઠીને બિરાજમાન કર્યા હતા તથા આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ—આ ત્રણ પરમેષ્ઠીના કવચ અને અસ્ત્ર ધારણ કર્યા હતા. ધ્યાન દ્વારા તેના બંને નેત્ર માત્ર પરમાત્માને જ જોતા હતા, કાન પરમ મંત્ર ણમોકાર મંત્રને જ સાંભળતા હતા અને જિહ્વા તેનો જ પાઠ કરતી હતી. તે રાજા મહાબળ પોતાના મનરૂપી ગર્ભગૃહમાં નિર્ધૂમ દીપક સમાન કર્મકલંકથી રહિત અરિહંત પરમેષ્ઠીને બિરાજમાન કરી જ્ઞાનરૂપી તેજ દ્વારા મોહ અથવા અજ્ઞાનરૂપી અંધકારથી રહિત થઈ ગયો હતો. આ રીતે, મહારાજા મહાબળ નિરંતર બાવીસ દિવસ સુધી સલ્લેખનાની વિધિ કરતાં રહ્યા. જ્યારે આયુષ્યનો અંતિમ સમય આવ્યો ત્યારે તેમણે પોતાનું મન વિશેષરૂપથી પંચ પરમેષ્ઠીમાં લગાવ્યું. તેણે હાથ જોડી લલાટ પર સ્થાપિત કર્યા અને મનમાં નિશ્ચલરૂપથી નમસ્કાર મંત્રનો જાપ કરતાં થકા મ્યાનથી તલવાર સમાન, શરીરથી જીવને પૃથક્ ચિંતવન કરતાં થકા અને પોતાના શુદ્ધ આત્મસ્વરૂપની ભાવના કરતાં થકા સ્વયંબુદ્ધિ મંત્રી સમક્ષ સુખપૂર્વક પ્રાણ છોડ્યા. સ્વયંબુદ્ધ મંત્રી જેવી રીતે, પહેલા પોતાની મંત્રશક્તિ અને વિચારશક્તિ દ્વારા મહાબળમાં બળ સન્નિહિત(ઉત્પન્ન) કરતો રહેતો હતો તેવી જ રીતે, તે સમયે પણ મંત્રશક્તિ–પંચ નમસ્કારમંત્રના જાપના પ્રભાવ દ્વારા તેનામાં આત્મબળ સંનિહિત કરતો રહ્યો, તેનું ધૈર્ય નષ્ટ થવા દીધું નહીં. આ રીતે, નિઃસ્વાર્થભાવે મહારાજા મહાબળની ધર્મ સહાયતા કરવાવાળા સ્વયંબુદ્ધ મંત્રીએ અંત સુધી પોતાના મંત્રીપણાનું કાર્ય કર્યું.

ત્યારબાદ, તે મહાબળનો જીવ શરીરરૂપી ભાર છોડી દેવાના કારણે જાણે હલકું થઈને વિશાળ સુખ સામગ્રીથી ભરેલા ઐશાન સ્વર્ગને પ્રાપ્ત થયો. ત્યાં તે શ્રીપ્રભ નામના અતિશય સુંદર વિમાનમાં ઉપપાદ શૈયામાં

ઘણી જ ઋદ્ધિનો ધારક 'લલિતાંગ' નામનો ઉત્તમ દેવ થયો. મેઘ રહિત આકાશમાં શ્વેત વાદળો સહિત વિજળી સમાન ઉપપાદ શૈયા પર શીઘ્ર જ તેનું વૈક્રિયિક શરીર શોભાયમાન થવા લાગ્યું. તે દેવ અંતર્મુહૂર્તમાં યૌવનથી પૂર્ણ તથા સંપૂર્ણ લક્ષણોથી સંપન્ન થઈને ઉપપાદ શૈયા પર એવો સુશોભિત થવા લાગ્યો કે જાણે બધા લક્ષણોથી સહિત કોઈ તરુણ પુરુષ સૂઈને ઊઠ્યો હોય! દેદીપ્યમાન કેયુર, કુંડળ, મુકુટ અને બાજુબંધ આદિ આભૂષણ પહેરેલો, માળાથી સહિત અને ઉત્તમ વસ્ત્રો ધારણ કરેલો અતિશય કાંતિમાન લલિતાંગ નામક દેવ ઉત્પન્ન થયો. તે સમયે પલકારરહિત નેત્રોથી સહિત તેનું રૂપ નિશ્ચળ બેઠેલી બે માછલીઓ સહિત સરોવરના જળ સમાન શોભાયમાન થઈ રહ્યું હતું અથવા તેનું શરીર કલ્પવૃક્ષની શોભા ધારણ કરી રહ્યું હતું કારણ કે તેની બંને ભૂજાઓ ઉજ્જવળ શાખાઓ સમાન હતી, અતિશય શોભાયમાન હાથની હથેળીઓ કોમળ પલ્લવ સમાન હતી અને નેત્ર ભ્રમર સમાન હતા. લલિતાંગ દેવના રૂપનું વધારે વર્ણન કરવાથી શું લાભ છે? તેનું વર્ણન તો એટલું જ પર્યાપ્ત છે કે તે યોનિ વિના જ ઉત્પન્ન થયો હતો અને અતિશય સુંદર હતો. તે સમયે સ્વયં કલ્પવૃક્ષો દ્વારા ઉપરથી છોડવામાં આવેલા પુષ્પોની વર્ષા થઈ રહી હતી અને દુંદુભિનો ગંભીર શબ્દ દિશાઓમાં વ્યાપ્ત થતો થકો નિરંતર વધી રહ્યો હતો, જળના નાના નાના ટીપાઓને વરસાવતો અને નંદનવનના હલતા કલ્પવૃક્ષોથી પુષ્પ-પરાગ ગ્રહણ કરતો અતિશય મનોહર પવન ધીરે-ધીરે વહી રહ્યો હતો.

ત્યારબાદ, બધી તરફથી નમસ્કાર કરતાં કરોડો દેવોના શરીરની પ્રભાથી વ્યાપ્ત દિશાઓમાં દષ્ટિ ફેરવીને લલિતાંગ દેવે જોયું કે આ પરમ ઐશ્વર્ય શું છે? હું કોણ છું? અને આ બધા કોણ છે કે જે મને દૂર-દૂરથી આવીને નમસ્કાર કરી રહ્યા છે? લલિતાંગ દેવ આ બધું જોઈને ક્ષણભર માટે આશ્ચર્યથી ચકિત થઈ ગયો! હું અહીં ક્યાં આવી ગયો? ક્યાંથી આવ્યો? આજે મારું મન પ્રસન્ન કેમ થઈ રહ્યું છે? આ શૈયાતલ કોનું છે? અને આ મનોહર મહાન આશ્રમ ક્યો છે? આ પ્રકારે ચિંતવન કરી જ રહ્યો હતો કે તેને તે જ સમયે અવધિજ્ઞાન પ્રગટ થઈ ગયું. એ અવધિજ્ઞાન દ્વારા લલિતાંગ દેવે સ્વયંબુદ્ધ મંત્રી આદિની બધી વાત જાણી લીધી. 'આ મારા તપનું મનોહર ફળ છે, આ અતિશય કાંતિવાન સ્વર્ગ છે, આ પ્રણામ કરતાં તથા શરીરનો પ્રકાશ બધી તરફ ફેલાવતા દેવો છે, આ કલ્પવૃક્ષોથી ઘેરાયેલા શોભાયમાન વિમાન છે, આ મનોહર શબ્દ કરતી તથા રુમઝુમ શબ્દ કરવાવાળા મણિમય

નૂપુર પહેરેલી દેવીઓ છે, આ તરફ અપ્સરાઓનો સમૂહ મંદ-મંદ હસતો થકો નૃત્ય કરી રહ્યો છે, આ તરફ મનોહર અને ગંભીર ગીત ચાલી રહ્યા છે અને આ તરફ મૃદંગ વાગી રહ્યા છે'—આ પ્રકારે 'ભવપ્રત્યય-અવધિજ્ઞાન'થી પૂર્વોક્ત બધી જ વાતોનો નિશ્ચય કરી તે લલિતાંગ દેવ અનેક રત્નોના કિરણોથી શોભાયમાન શય્યા પર સુખથી બેઠો જ હતો કે નમસ્કાર કરતાં અનેક દેવો તેની પાસે આવ્યા.

તે દેવો ઊંચા સ્વરથી કહી રહ્યા હતા કે હે સ્વામી! આપની જય થાઓ. હે વિજયશીલ આપ સમૃદ્ધિમાન થાઓ. હે નેત્રને આનંદ કરવાવાવાળા, મહાકાંતિવાન! આપ સદાય વૃદ્ધિગત રહો—આપના બળ-વિદ્યા-ઋદ્ધિ આદિની સદાય વૃદ્ધિ થતી રહે. ત્યારબાદ, પોતપોતાના નિયોગથી પ્રેરિત થયેલ અનેક દેવ વિનયસહિત તેની પાસે આવ્યા અને મસ્તક નમાવીને આ પ્રકારે કહેવા લાગ્યા કે હે નાથ! સ્નાનની સામગ્રી તૈયાર છે, તેથી સૌપ્રથમ મંગલમય સ્નાન કરો. ત્યારબાદ, આપના ભાગ્યથી પ્રાપ્ત થયેલી તથા પોતપોતાની નાની ટુકડીઓની સાથે બધી તરફથી આવવાવાળી દેવોની બધી જ સેનાનું અવલોકન કરો. આ તરફ નાટ્યશાળામાં આવીને લીલાસહિત નેણ ચડાવીને નૃત્ય કરતી દર્શનીય સુંદર દેવ નર્તકીઓને જુઓ. હે દેવ! આજે મનોહર વેશભૂષાથી યુક્ત દેવીઓનું સન્માન કરો, કારણ કે નિશ્ચયથી દેવપર્યાયની પ્રાપ્તિનું આટલું જ ફળ છે. આ પ્રકારે, કાર્યકુશળ લલિતાંગ દેવે એ દેવોના કહ્યા અનુસાર બધા જ કાર્ય કર્યા. **બરાબર જ છે કે પોતાના નિયોગોનું (નિયુક્ત કર્તવ્યોનું) ઉલ્લંઘન નહીં કરવું તે જ મહાપુરુષોનું શ્રેષ્ઠ ભૂષણ છે.**

તે લલિતાંગ દેવ તપાવેલા સુવર્ણ સમાન કાંતિમાન હતો, સાત હાથ ઊંચા શરીરનો ધારક હતો, સાથે-સાથે ઉત્પન્ન થયેલા વસ્ત્ર, આભૂષણ અને માળાથી વિભૂષિત હતો, સુગંધિત શ્વાસોચ્છ્વાસથી સહિત હતો, અનેક લક્ષણોથી ઉજ્જ્વળ હતો અને અણિમા-મહિમા આદિ ગુણોથી યુક્ત એવો તે લલિતાંગ દેવ નિરંતર દિવ્ય ભોગોનો અનુભવ કરવા લાગ્યો. તે એક હજાર વર્ષ બાદ માનસિક આહાર લેતો હતો, એક પક્ષમાં શ્વાસોચ્છ્વાસ લેતો હતો તથા સ્ત્રી-સંભોગ શરીર દ્વારા કરતો હતો. તે શરીરની કાંતિ સમાન ક્યારેય પણ નહીં મુરઝાવાવાળી ઉજ્જ્વળ માળા તથા શરદકાળ સમાન નિર્મળ દિવ્ય અંબર—વસ્ત્ર ધારણ કરતો હતો. તે દેવને ચાર હજાર દેવીઓ હતી તથા સુંદર લાવણ્ય અને વિલાસ આદિ ચેષ્ટાઓથી સહિત ચાર મહાદેવીઓ હતી. તે ચાર મહાદેવીઓમાં પહેલી સ્વયંપ્રભા,

બીજી કનકપ્રભા, ત્રીજી કનકલતા અને ચોથી વિદ્યુલ્લતા હતી. આ સુંદર સ્ત્રીઓની સાથે પુણ્યના ઉદયથી પ્રાપ્ત થવાવાળા ભોગોને નિરંતર ભોગવતા થકા આ લલિતાંગ દેવનો ઘણો જ સમય વીતી ગયો. તેના આયુષ્યરૂપી સમુદ્રમાં અનેક દેવીઓ પોતપોતાની આયુષ્યસ્થિતિ પૂર્ણ થઈ જવાથી ચંચળ તરંગ સમાન વિલિન થઈ ચૂકી હતી. જ્યારે તેનું આયુષ્ય [૧]પૃથક્ત્વપલ્ય બરાબર અવશેષ રહી ગયું ત્યારે તેના પોતાના પુણ્યના ઉદયથી એક 'સ્વયંપ્રભા' નામની પ્રિય પત્ની ઉત્પન્ન થઈ. વેશભૂષાથી સુસજ્જિત તથા કાંતિયુક્ત શરીરને ધારણ કરવાવાળી તે સ્વયંપ્રભા પતિની સમીપ એવી સુશોભિત થઈ રહી હતી કે જાણે રૂપવતી સ્વર્ગની લક્ષ્મી જ હોય! જેવી રીતે કેરીના નવા ફૂલ (મંજરી) ભમરાને અતિશય પ્યારા હોય છે તેવી જ રીતે, તે સ્વયંપ્રભા લલિતાંગ દેવને અતિશય પ્યારી હતી. તે દેવ સ્વયંપ્રભાનું મુખ જોઈને તથા તેના શરીરને સ્પર્શ કરીને, હાથણીમાં આસક્ત રહેવાવાળા હાથી સમાન, ચિરકાળ સુધી ક્રીડા કરતો રહેતો હતો. તે દેવ તે સ્વયંપ્રભા સાથે ચંદ્રકાંત શિલાઓથી યુક્ત તથા ભમરો, કોયલ આદિ પક્ષીઓ દ્વારા વાચાલિત નંદન આદિ વનોથી સહિત મેરુ પર્વત પર, ક્યારેક નીલ-નિષધ આદિ મોટા-મોટા પર્વતો ઉપર, ક્યારેક વિજયાર્ધના શિખરો ઉપર, ક્યારેક કુંડલગિરિ ઉપર, ક્યારેક રુચકગિરિ ઉપર, ક્યારેક માનુષોત્તર પર્વત ઉપર, ક્યારેક નંદીશ્વર મહાદ્વીપમાં, ક્યારેક અન્ય અનેક દ્વીપ-સમુદ્રોમાં અને ક્યારેક ભોગભૂમિ આદિ પ્રદેશમાં દિવ્ય સુખ ભોગવતો થકો નિવાસ કરતો હતો.

આ રીતે, અનેક ઋદ્ધિઓનો ધારક અને અદ્ભુત શોભાથી યુક્ત તે લલિતાંગ દેવ પોતાના કરેલા પુણ્યકર્મના ઉદયથી મંદ-મંદ હાસ્ય અને વિલાસ આદિ દ્વારા સ્પષ્ટ ચેષ્ટા કરવાવાળી અનેક દેવાંગનાઓ સાથે એક સાગરથી થોડું વધારે પોતાના આયુષ્યપ્રમાણ પોતાની ઈચ્છાનુસાર ઉદાર અને ઉત્કૃષ્ટ દિવ્ય ભોગ ભોગવતો રહ્યો. તે બુદ્ધિમાન લલિતાંગ દેવે પૂર્વભવમાં અત્યંત તીવ્ર અસહ્ય સંતાપને આપવાવાળા તપશ્ચરણ દ્વારા પોતાના શરીરને નિષ્કલંક કર્યું હતું, તેથી જ તેણે આ ભવમાં મનોહર કાંતિની ધારક દેવીઓ સાથે સુખ ભોગવ્યું અર્થાત્ સુખનું કારણ તપશ્ચરણ વગેરેથી ઉત્પન્ન થયેલો ધર્મ છે. તેથી, સુખ ઈચ્છવાવાળા લોકોએ સદાય ધર્મનું જ ઉપાર્જન કરવું જોઈએ. હે આર્યપુરુષો! જો અતિશય લક્ષ્મી પ્રાપ્ત કરવા ચાહો છો, તો ભોગોની તૃષ્ણા છોડીને તપમાં તૃષ્ણા કરો

૧. ત્રણથી વધારે અને નવથી ઓછી સંખ્યાને 'પૃથક્ત્વ' કહે છે.

તથા નિષ્પાપ શ્રી જિનેન્દ્રદેવની પૂજા કરો અને તેમના જ વચનોનું શ્રદ્ધાન કરો, અન્ય મિથ્યાદષ્ટિ કુકવિઓના કહેલા મિથ્યામતોનું અધ્યયન ન કરો. આ પ્રકારે, જે પ્રશંસનીય પુરુષાર્થને આપવાવાવાળો છે અને કર્મરૂપી કુટિલ વનને નષ્ટ કરવા માટે તીક્ષ્ણ કુહાડા સમાન છે એવા આ જૈનધર્મની સેવા માટે હે સુખાભિલાષી પંડિતજન! સદાય પ્રયત્ન કરો અને દુર્બુદ્ધિને નષ્ટ કરવાવાળા જૈનધર્મમાં આસ્થા—શ્રદ્ધા કરો.

આ પ્રકારે, આર્ષ નામથી પ્રસિદ્ધ ભગવજ્જિનસેનાચાર્ય-વિરચિત ત્રિષષ્ટિલક્ષણ મહાપુરાણ સંગ્રહમાં ‘લલિતાઙ્ગ-સ્વર્ગભોગ-વર્ણન’ નામનો પાંચમો અધ્યાય સમાપ્ત થયો.

* વનમાં ઉત્પન્ન થયેલ લતાઓના પુષ્પ સમાન આ યુવાની શીઘ્ર જ નષ્ટ થઈ જશે, ભોગની સંપદાઓ વિષ-વેલની સમાન છે અને જીવન નાશવંત છે. (અ. ૧૭, શ્લોક ૧૫)
* આ આયુષ્યની સ્થિતિ ઘટયંત્રના પાણીની જેમ ઝડપથી ઘટતી જાય છે અને આ શરીર અત્યંત દુર્ગંધિત તથા ઘૃણા ઉત્પન્ન કરનાર છે. (અ. ૧૭, શ્લોક ૧૬)
* આ નિશ્ચય છે કે આ અસાર સંસારમાં સુખ લેશમાત્ર નથી અને માત્ર દુઃખ ને દુઃખ જ છે, છતાંપણ આશ્ચર્ય છે કે મન્દબુદ્ધિ પુરુષો તેમાં સુખની ઈચ્છા કરે છે. (અ. ૧૭, શ્લોક ૧૭)
* આ વૃદ્ધ છે અને આ યુવાન છે—તેવો ભેદ તો માત્ર અવસ્થાનો કરેલો છે, વૃદ્ધાવસ્થામાં ન તો જ્ઞાનની વૃદ્ધિ થાય છે અને ન યુવાન અવસ્થામાં બુદ્ધિનો ઘટાડો થાય છે, પરંતુ જોવામાં તો એમ આવે છે કે વૃદ્ધાવસ્થા ઘણું કરીને બુદ્ધિની મંદતા થાય છે અને પ્રથમ અવસ્થામાં ઘણું કરીને પુણ્યવાન પુરુષોની બુદ્ધિ વધતી રહે છે. (અ. ૧૮, શ્લોક ૧૧૮-૧૧૯)
* નવીન તરૂણ અવસ્થા દોષ ઉત્પન્ન નતી કરતી કે વૃદ્ધાવસ્થા દોષ ઉત્પન્ન નથી કરતી. કેમકે ચંદ્રમા નવીન હોવા છતાં મનુષ્યોને આનંદિત કરે છે અને અગ્નિ જીર્ણ હોવા છતાં દઝાડે છે. (અ. ૧૮, શ્લોક ૧૨૦)
* બુદ્ધિમાન પુરુષોની જીભ ક્યારેય સ્વપ્નમાં પણ ખોટું બોલતી નથી, તેમને બીજાનું અનિષ્ટ કરવાની કિંચિત્‌માત્ર પણ ઈચ્છા હોતી નથી અને બીજાનો નાશ કરવાનું કદી વિચારતા જ નથી. (અ. ૧૮, શ્લોક ૧૨૩)

## અધ્યાય છઠ્ઠો

ત્યારબાદ, કોઈ સમયે (આયુષ્યના છ માસ બાકી રહ્યા ત્યારે) તે લલિતાંગ દેવના આભૂષણ સંબંધી નિર્મળ મણિ અકસ્માત પ્રાતઃકાળના દીપક સમાન નિસ્તેજ થઈ ગયા. જન્મથી જ તેના વિશાળ વક્ષઃસ્થળ પર રહેલી માળા એવી કરમાઈ ગઈ કે જાણે તેના વિયોગથી ભયભીત થઈ તેની લક્ષ્મી જ મ્લાન થઈ ગઈ હોય! તેના વિમાન સંબંધી કલ્પવૃક્ષ પણ એવા કંપાયમાન થવા લાગ્યા કે જાણે તેના વિયોગરૂપી મહાવાયુથી કંપિત થઈને ભયને જ ધારણ કરી રહ્યા હોય! તે સમયે તેના શરીરની કાંતિ પણ શીઘ્ર જ મંદ પડી ગઈ હતી. **બરાબર જ છે કે પુણ્યરૂપી છત્રનો અભાવ થવાથી તેની છાયા ક્યાં રહી શકે છે? અર્થાત્ ક્યાંય નહીં.** એ સમયે કાંતિથી રહિત તથા નિષ્પ્રભતાને પ્રાપ્ત થયેલા લલિતાંગ દેવને જોઈને ઐશાન સ્વર્ગમાં ઉત્પન્ન થયેલા દેવ શોકને કારણે તેને પુનઃ જોવા માટે સમર્થ ન થઈ શક્યા. લલિતાંગ દેવની દીનતા જોઈને તેના સેવક લોકો પણ દીનતાને પ્રાપ્ત થઈ ગયા. બરાબર જ છે કે વૃક્ષના ચાલવાથી તેની શાખા-ઉપશાખા આદિ શું વિશેષરૂપથી નથી ચાલવા લગતા? અર્થાત્ અવશ્ય ચાલવા લાગે છે. તે સમયે એવું જણાતું હતું કે આ દેવે જન્મથી લઈ આજ સુધી જે દેવો સંબંધી સુખ ભોગવ્યા છે તે બધા જ દુઃખ બનીને આવ્યા હોય! જેવી રીતે શીઘ્ર ગતિવાળા પરમાણુ એક જ સમયમાં લોકના અંત સુધી પહોંચી જાય છે, તેવી જ રીતે લલિતાંગ દેવની કંઠમાળાની મ્લાનતાના (કરમાઈ જવાના) સમાચાર પણ તે સ્વર્ગના અંત સુધી વ્યાપ્ત થઈ ગયા હતા.

ત્યારબાદ, સામાનિક જાતિના દેવોએ તેમની સમીપ આવીને તે સમયને યોગ્ય તથા તેનો વિષાદ દૂર કરવાવાળા આ પ્રમાણે અનેક વચન કહ્યા : 'હે ધીર! આજે આપની ધીરતાનું સ્મરણ કરો અને શોકને છોડી દ્યો. કારણ કે જન્મ, મરણ, વૃદ્ધાવસ્થા, રોગ અને ભય કોને પ્રાપ્ત નથી થતા! સ્વર્ગથી ચ્યુત થવું બધા માટે સાધારણ વાત છે કારણ કે આયુષ્ય ક્ષીણ થતાં આ સ્વર્ગ ક્ષણભર પણ ધારણ કરવા માટે સમર્થ નથી. સદાય પ્રકાશમાન

રહેવાવાળું આ સ્વર્ગ પણ અંધકારરૂપ પ્રતિભાસિત થવા લાગે છે કારણ કે જ્યારે પુણ્યરૂપી દીપક બુઝાઈ જાય છે ત્યારે આ બધી તરફથી અંધકારમય થઈ જાય છે. જેવી રીતે પુણ્યના ઉદયથી સ્વર્ગમાં નિરંતર પ્રીતિ રહ્યા કરે છે, તેવી જ રીતે પુણ્ય ક્ષીણ થઈ જતા તેમાં અપ્રીતિ થવા લાગે છે. આયુષ્યના અંતમાં દેવોની સાથે ઉત્પન્ન થવાવાળી માળા જ મ્લાન નથી થતી, પરંતુ પાપરૂપી આતપના તપતા રહેવાથી જીવોનું શરીર પણ મ્લાન થઈ જાય છે. દેવોના અંત સમયમાં પહેલાં હૃદય કંપાયમાન થાય છે અને પછી કલ્પવૃક્ષ કંપાયમાન થાય છે, પહેલાં લક્ષ્મી નષ્ટ થાય છે અને પછી લજ્જાની સાથે શરીરની પ્રભા પણ નષ્ટ થઈ જાય છે. પાપના ઉદયથી પહેલાં લોકોમાં અસ્નેહ વધે છે અને પછી બગાસાની વૃત્તિ થાય છે, પછી શરીરના વસ્ત્રોમાં અપ્રીતિ ઉત્પન્ન થઈ જાય છે, પહેલાં માનભંગ થાય છે અને પછી વિષયોની ઈચ્છા નષ્ટ થઈ જાય છે, પહેલાં અજ્ઞાન અંધકાર મનને રોકે છે અને પછી નેત્રને રોકે છે. વધારે ક્યાં સુધી કહેવામાં આવે! **સ્વર્ગથી ચ્યુત થવા સન્મુખ દેવને જે તીવ્ર દુઃખ થાય છે તે નારકીને પણ થઈ શકતું નથી!** તે સમયના તે તીવ્ર દુઃખનો પોતે જ અનુભવ કરી શકે છે. જેવી રીતે ઉદિત થતાં સૂર્યનો અસ્ત થવો નિશ્ચિત છે, તેવી જ રીતે સ્વર્ગમાં પ્રાપ્ત થયેલા જીવોના અભ્યુદયોનું પતન થવું પણ નિશ્ચિત છે. તેથી, હે આર્ય! કુયોનિરૂપી આવર્તમાં નાખવાવાળા શોકને પ્રાપ્ત ન થાઓ તથા ધર્મમાં મન લગાવો. કારણ કે ધર્મ જ પરમ શરણ છે. હે આર્ય! કારણ વિના ક્યારેય કોઈ કાર્ય થતું નથી અને જો કે પંડિતજન પુણ્યને જ સ્વર્ગ તથા મોક્ષનું કારણ કહે છે, તેથી પુણ્યના સાધનભૂત જૈનધર્મમાં પોતાની બુદ્ધિ લગાવીને ખેદને છોડો. આમ કરવાથી તમે નિશ્ચયથી જ પાપરહિત થઈ જશો. આ પ્રકારે, સામાનિક દેવોના કહેવાથી લલિતાંગ દેવે ધૈર્યનું અવલંબન લીધું, ધર્મમાં બુદ્ધિ લગાવી અને પંદર દિવસ સુધી સમસ્ત લોકના જિન ચૈત્યાલયોની પૂજા કરી. ત્યારબાદ, અચ્યુત સ્વર્ગના જિન પ્રતિમાઓની પૂજા કરતાં થકા તે આયુષ્યના અંતમાં ત્યાં જ સાવધાન ચિત્ત થઈને ચૈત્યવૃક્ષની નીચે બેસી ગયો તથા ત્યાં નિર્ભય થઈ હાથ જોડીને ઊચ્ચ સ્વરથી નમસ્કાર મંત્રનું ઉચ્ચારણ કરતો થકો અદૃશ્યતાને પ્રાપ્ત થઈ ગયો.

આ જંબૂદ્વીપના મહામેરુથી પૂર્વ દિશા તરફ સ્થિત વિદેહક્ષેત્રમાં જે મહા મનોહર પુષ્કલાવતી નામનો દેશ છે તે સ્વર્ગભૂમિ સમાન સુંદર છે. તે જ દેશમાં એક ઉત્પલખેટ નામનું નગર છે કે જે કમળોથી આચ્છાદિત ધાનના

ખેતર, કોટ અને પરિખા (કોટની ચારે બાજુની ખાઈ) આદિની શોભાથી તે પુષ્કલાવતી દેશને ભૂષિત કરતું રહે છે. તે નગરીના રાજા **'વજ્રબાહુ'** હતા કે જે ઈન્દ્ર સમાન આજ્ઞા ચલાવવામાં સદાય તત્પર રહેતા હતા. તેની રાણીનું નામ **'વસુંધરા'** હતું. તે વસુંધરા સહનશીલતા આદિ ગુણોથી એવી શોભાયમાન થઈ રહી હતી કે જાણે બીજી વસુંધરા—પૃથ્વી જ હોય! તે લલિતાંગ નામનો દેવ સ્વર્ગથી ચ્યુત થઈ તે જ વજ્રબાહુ અને વસુંધરાને, વજ્ર સમાન જાંઘ હોઈ **'વજ્રજંઘ'** આ સાર્થક નામને ધારણ કરવાવાળો પુત્ર થયો. તે વજ્રજંઘ શત્રુરૂપી કમળોને સંકુચિત કરતો થકો બંધુરૂપી કુમુદોને હર્ષિત કરતો હતો તથા પ્રતિદિન કળાઓની વૃદ્ધિ કરતો હતો, તેથી બીજના ચંદ્ર સમાન વધવા લાગ્યો. જ્યારે તે યૌવન અવસ્થાને પ્રાપ્ત થયો ત્યારે તેની રૂપ સંપત્તિ અનુપમ થઈ ગઈ કે જેવી રીતે ચંદ્ર ક્રમ-ક્રમથી વધીને જ્યારે પૂર્ણ થઈ જાય છે ત્યારે તેની કાંતિ અનુપમ થઈ જાય છે. શાસ્ત્રજ્ઞાનથી ભૂષિત તેની આ રૂપસંપત્તિ નેત્રોને એટલો જ આનંદ દેતી હતી કે જેટલો શરદઋતુની ચાંદથીની ભૂષિત ચંદ્રની મૂર્તિ આપે છે. પદ, વાક્ય અને પ્રમાણ આદિના વિષયમાં પ્રવીણતાને પ્રાપ્ત થયેલી તેની બુદ્ધિ બધા જ શાસ્ત્રોમાં દીપિકા સમાન દૈદીપ્યમાન રહે છે. તે સમસ્ત કળાઓનો જ્ઞાતા, વિનયી, જિતેન્દ્રિય અને કુશળ હતો, તેથી રાજ્યલક્ષ્મીના કટાક્ષોને પણ આશ્રય થયો હતો—તે તેને પ્રાપ્ત કરવા ચાહતી હતી. તેના સ્વાભાવિક ગુણ બધા જ લોકોને પ્રસન્ન કરતાં હતા તથા તેનો સ્વાભાવિક મનુષ્યપ્રેમ તેની યોગ્યતાને પુષ્ટ કરતો હતો. તે વજ્રજંઘ સરસ્વતીમાં અનુરાગ, કીર્તિમાં સ્નેહ અને રાજ્યલક્ષ્મી પર ભોગ કરવાનો અધિકાર રાખતો હતો. તેથી વિદ્વાનોમાં શિરમૌર ગણાતા હતો. જો કે તે બુદ્ધિમાન ઉત્કૃષ્ટ યૌવનને પ્રાપ્ત થઈ ગયો હતો છતાં પણ તે સ્વયંપ્રભાના અનુરાગથી તે અન્ય સ્ત્રીઓમાં નિસ્પૃહ જ રહેતો હતો.

આ પ્રકારે, એ બુદ્ધિમાન વજ્રજંઘનો સમય ઘણા જ આનંદથી વ્યતીત થઈ રહ્યો હતો. હવે સ્વયંપ્રભા મહાદેવી સ્વર્ગથી ચ્યુત થઈને ક્યાં ઉત્પન્ન થઈ તેનું વર્ણન કરવામાં આવે છે. લલિતાંગ દેવના સ્વર્ગથી ચ્યુત થતાં તે સ્વયંપ્રભા દેવી તેના વિયોગથી, ચકલા વિના ચકલી સમાન, ખૂબ જ ખેદખિન્ન થઈ અથવા ગ્રિષ્મઋતુમાં જેવી રીતે પૃથ્વી પ્રભારહિત થઈને સંતાપ ધારણ કરવા લાગે છે, તેવી જ રીતે તે સ્વયંપ્રભા પણ પતિના વિરહમાં પ્રભારહિત થઈને સંતાપ ધારણ કરવા લાગી અને જેવી રીતે વર્ષાઋતુમાં કોયલ પોતાનો મનોહર આલાપ છોડી

દે છે, તેવી જ રીતે તેણે પણ પોતાનો મનોહર આલાપ છોડી દીધો હતો તે પતિના વિરહમાં ચૂપચાપ બેસી રહેતી હતી. જેવી રીતે દિવ્ય ઔષધીઓના અભાવમાં અનેક મોટી બિમારીઓ દુઃખ દેવા લાગે છે, તેવી જ રીતે લલિતાંગ દેવના અભાવમાં તે પતિવ્રતા સ્વયંપ્રભાને અનેક માનસિક વ્યથાઓ દુઃખ દેવા લાગી હતી. ત્યારબાદ, તેના અંતઃપરિષદના સદસ્ય દૃઢધર્મ નામના દેવે તેનો શોક દૂર કરી સન્માર્ગમાં તેની મતિ લગાવી. તે સમયે તે સ્વયંપ્રભા ચિત્રલિખિત પ્રતિમા સમાન અથવા મરણના ભયથી રહિત શૂરવીર મનુષ્યની બુદ્ધિ સમાન ભોગોથી નિસ્પૃહ થઈ ગઈ હતી. જે આગામી કાળમાં શ્રીમતી થવાવાળી છે એવી તે મનસ્વીની—વિચાર શક્તિથી સહિત સ્વયંપ્રભા ભવ્યજીવોની શ્રેણી સમાન ધર્મસેવન કરતી થકી છ મહિના સુધી બરાબર જિનપૂજન કરવામાં ઉદ્યત રહી. ત્યારબાદ, સૌમનસ વન સંબંધિત પૂર્વદિશાના જિનમંદિરમાં ચૈત્યવૃક્ષની નીચે પંચ પરમેષ્ઠીઓનું સારી રીતે સ્મરણ કરતી સમાધિપૂર્વક પ્રાણત્યાગ કરી સ્વર્ગથી ચ્યુત થઈ ગઈ. ત્યાંથી ચ્યુત થતાં જ તે, રાત્રિનો અંત થતાં તારાઓની જેમ, એક ક્ષણમાં અદૃશ્ય થઈ ગઈ.

જેનું વર્ણન પહેલાં કરવામાં આવી ગયું છે એવા વિદેહક્ષેત્રમાં એક પુંડરીકિણી નગરી છે. વજ્રદંત નામનો રાજા તેનો અધિપતિ હતો, તેની રાણીનું નામ લક્ષ્મીમતી હતું કે જે વાસ્તવમાં લક્ષ્મી સમાન સુંદર શરીરવાળી હતી. તે રાજા તે રાણીસહિત એવો શોભાયમાન હતો કે જેવી રીતે કલ્પલતાથી કલ્પવૃક્ષ! તે સ્વયંપ્રભા એ બંનેને **'શ્રીમતી'** નામથી પ્રસિદ્ધ પુત્રી થઈ. તે શ્રીમતી પોતાના રૂપ અને સૌંદર્યની લીલાથી કામદેવની ધ્વજા સમાન જણાતી હતી. જેવી રીતે ચૈત્ર મહિનાને પામીને ચંદ્રની કળા લોકોને અધિક આનંદિત કરવા લાગે છે, તેવી જ રીતે નવયૌવન પ્રાપ્ત કરીને તે શ્રીમતી પણ લોકોને અધિક આનંદિત કરવા લાગી હતી. તે શ્રીમતી પોતાના મુખકમળ ઉપર—મસ્તક પર કાળી અલકાવલીને ધારણ કરેલી હતી તે બરાબર જ કે આશ્રયમાં આવેલા નિરુપદ્રવી મલિન પદાર્થોને પણ કોણ ધારણ નથી કરતું? અર્થાત્ બધા જ કરે છે. તે કંઈક નીચે તરફ લટકેલા કોમળ અને કુટિલ કેશપાશને ધારણ કરતી હતી કે જેથી એવી જણાતી હતી કે જાણે કાળા સર્પના લંબાયમાન શરીરને ધારણ કરેલી ચંદનવૃક્ષની લતા જ હોય. આ પ્રકારે, તે શ્રીમતી કામદેવને પણ ઉન્મત્ત કરવાવાળી સંપત્તિને ધારણ કરવાના કારણે એવી જણાતી હતી કે જાણે દેવાંગનાના રૂપને સારભૂત અંશોથી બનાવી હોય! એમ જણાતું હતું કે બ્રહ્માએ લક્ષ્મીને

ચંચળ બનાવીને જે પાપ ઉપાર્જન કર્યું હતું તે તેણે શ્રીમતીને બનાવીને ધોઈ નાખ્યું હતું! ચંદ્રની કળા સમાન જનસમૂહને આનંદ દેવાવાળી તે શ્રીમતીને જોઈ જોઈને તેના માતા-પિતા અત્યંત પ્રીતિને પ્રાપ્ત થતા હતા.

ત્યારબાદ, કોઈ એક દિવસે શ્રીમતી સૂર્યના કિરણો સમાન નિર્મળ મહામૂલ્ય રત્નોથી શોભાયમાન અને સ્વર્ગ વિમાનને લજ્જિત કરવાવાળા રાજભવનમાં સૂઈ રહી હતી. તે દિવસે તેને સંબંધ રાખવાવાળી એક વિચિત્ર ઘટના થઈ. તે જ નગરના મનોહર નામના ઉદ્યાનમાં શ્રી યશોધર મુનિ બિરાજમાન હતા. તેમને તે જ દિવસે કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. તેથી, સ્વર્ગના દેવો પોતાની વિભૂતિ સાથે વિમાનમાં આરૂઢ થઈને તેમની પૂજા કરવા માટે આવ્યા હતા. તે સમયે ભ્રમરોની સાથે-સાથે દિશાઓને વ્યાપ્ત કરવાવાળી પુષ્પવર્ષાઓ એવી જણાતી હતી કે જાણે યશોધર મહારાજના દર્શન કરવા માટે સ્વર્ગલક્ષ્મી દ્વારા મોકલાવાયેલી નેત્રોની પરંપરા જ હોય! એ સમયે મંદ-મંદ હલતા મંદારવૃક્ષોના સઘન કેશરથી કંઈક પીળા થયેલા તથા ભેગા થયેલા ભ્રમરોના ગુંજારવથી મનોહર વાયુ શબ્દ કરતો થકો વહી રહ્યો હતો અને દુદુંભિ વાજાઓના શબ્દોથી દશે દિશાઓને વ્યાપ્ત કરતો દેવોના હર્ષથી ઉત્પન્ન થવાવાળો ખૂબ જ કોલાહલ થઈ રહ્યો હતો.

શ્રીમતી પ્રાતઃકાળના સમયે અકસ્માત કોલાહલને સાંભળીને ઊઠી અને મેઘની ગર્જના સાંભળીને ડરીને હંસીની સમાન ભયભીત થઈ ગઈ. તે સમયે દેવોનું આગમન જોઈને તેને તરત જ પૂર્વ જન્મનું સ્મરણ થઈ આવ્યું ને તે લલિતાંગ દેવનું સ્મરણ કરી વારંવાર ઉત્કંઠિત થતી મૂર્છિત થઈ ગઈ. ત્યારબાદ, સખીઓએ અનેક શીતોપચાર અને પંખાના વાયુથી આશ્વાસન આપી તેને સચેત કરી, પરંતુ પછી પણ તેણે પોતાનું મોઢું ઊંચું ન કર્યું. તે સમયે મનોહર પ્રભાથી દૈદીપ્યમાન, સુંદર અને ઉત્તમ-ઉત્તમ લક્ષણોથી સહિત તે લલિતાંગનું શરીર શ્રીમતીના હૃદયમાં શોભાયમાન થઈ રહ્યું હતું. અનેક આશંકાઓ કરતી સખીઓએ તેને તેનું કારણ પણ પૂછ્યું, પરંતુ તે ચૂપચાપ બેસી રહી. લલિતાંગની પ્રાપ્તિપર્યંત મારે મૌન રાખવું જ શ્રેયસ્કર છે એવું વિચારીને તે મૌન રહી ગઈ. ત્યારબાદ, ગભરાયેલી સખીઓએ દ્વારપાળ સાથે જઈને તેના માતા-પિતાને બધો જ વૃત્તાંત કહી સંભળાવ્યો.

સખીઓની વાત સાંભળીને તેના માતા-પિતા તરત જ તેની પાસે ગયા અને તેની અવસ્થા જોઈને દુઃખી થયા.

'હે પુત્રી! અમને આલિંગન કર, ગોદમાં આવ' આ પ્રકારે સમજાવવા છતાં પણ જ્યારે તે મૂર્છિત જેવી થઈ ચૂપચાપ બેઠી રહી ત્યારે સમસ્ત ચેષ્ટાઓ અને વિકારોને જાણવાવાળા વજ્રદંત મહારાજ રાણી લક્ષ્મીમતીને બોલ્યા કે હે તન્વિ! હવે આ તારી પુત્ર પૂર્ણ યૌવન અવસ્થાને પ્રાપ્ત થઈ ગઈ છે. હે સુંદર દાંતવાળી! જુઓ, આ તેનું શરીર કેવું અનુપમ અને કાંતિયુક્ત થઈ ગયું છે. આવું શરીર સ્વર્ગની દિવ્યાંગનાઓને પણ દુર્લભ છે. તેથી, હે સુંદરી! આ સમયે તેનો આ વિકાર કાંઈ પણ દોષ ઉત્પન્ન નથી કરી શકતો. તેથી, હે દેવી! તું અન્ય રોગ આદિની શંકા કરતી વ્યર્થમાં જ ભયને પ્રાપ્ત ન થા. નિશ્ચય જ તેના હૃદયમાં કોઈ પૂર્વભવનું સ્મરણ થઈ આવ્યું છે કારણ કે સંસારી જીવ પ્રાયઃ પુરાતન સંસ્કારોનું સ્મરણ કરી મૂર્છિત થઈ જ જાય છે. આમ કહેતા–કહેતા વજ્રદંત મહારાજ કન્યાને આશ્વાસન દેવા માટે પંડિતા નામની ધાયને નિયુક્ત કરીને લક્ષ્મીમતીની સાથે ઊભા થયા.

કન્યા પાસેથી પાછા આવતા મહારાજ વજ્રદંતની સામે એક સાથે બે કાર્ય ઉપસ્થિત થયા. એક તો પોતાના પૂજ્ય પિતા યશોધર મહારાજને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ હતી, તેથી તેમની પૂજા માટે જવું અને બીજું આયુધશાળામાં ચક્રરત્ન ઉત્પન્ન થયું હતું, તેથી દિગ્વિજય માટે જવું. મહારાજ વજ્રદંત એક સાથે આ બે કાર્યોનો પ્રસંગ આવતા નિશ્ચય ન કરી શક્યા કે તેમાંથી પહેલાં ક્યું કાર્ય કરવું જોઈએ, તેથી તેઓ ક્ષણભર માટે વ્યાકુળ થઈ ગયા. ત્યારબાદ, પહેલાં ક્યું કાર્ય કરવું જોઈએ તે વાતનો વિચાર કરતાં કરતાં બુદ્ધિમાન વજ્રદંતે નિશ્ચય કર્યો કે સૌથી પહેલાં ગુરુદેવ યશોધર મહારાજના કેવળજ્ઞાનની પૂજા કરવી જોઈએ. કારણ કે બુદ્ધિમાન પુરુષોએ દૂરવર્તી કાર્યોની અપેક્ષા નિકટવર્તી કાર્ય જ પહેલાં કરવું જોઈએ, ત્યારબાદ દૂરવર્તી મુખ્ય કાર્ય કરવું જોઈએ. તેથી જે અરિહંત પૂજાથી પુણ્ય થાય છે, જેનાથી મોટા-મોટા અભ્યુદય પ્રાપ્ત થાય છે તથા જે ધર્મમય આવશ્યક કાર્ય છે એવા અરિહંત-પૂજા આદિ પ્રધાન કાર્ય જ પહેલાં કરવા જોઈએ.

મનમાં આવો વિચાર કરી તે રાજા વજ્રદંત પુણ્ય વધારવાવાળી યશોધર મહારાજની ઉત્કૃષ્ટ પૂજા કરવા માટે ઊભા થયા. ત્યારબાદ, સેનાની સાથે જઈને તેણે જગદ્‌ગુરુ યશોધર મહારાજની પૂજા કરી. પૂજા કરતાં સમયે તેનું મુખકમળ અત્યંત પ્રફુલ્લિત થઈ રહ્યું હતું. પ્રકાશમાન બુદ્ધિના ધારક વજ્રદંતે જ્યાં યશોધર ગુરુના ચરણમાં પ્રણામ કર્યા કે તરત જ તેને અવધિજ્ઞાન પ્રાપ્ત થઈ ગયું. **બરાબર જ છે કે વિશુદ્ધ પરિણામોથી કરવામાં**

**આવતી ભક્તિ શું ફળીભૂત નથી થતી? અથવા શું-શું ફળ નથી આપતી!** તે અવધિજ્ઞાનથી રાજાએ જાણી લીધું કે પૂર્વભવમાં તે અચ્યુત સ્વર્ગના ઈન્દ્ર હતા અને તેની પુત્રી શ્રીમતી લલિતાંગ દેવની સ્વયંપ્રભા નામની પ્રિયા હતી. તે બુદ્ધિમાન વજ્રદંત વંદના આદિ કરીને ત્યાંથી પાછા ફર્યા અને શીઘ્ર જ દિગ્વિજય માટે ચાલી નીકળ્યા. ઈન્દ્ર સમાન કાંતિના ધારક તે ચક્રવર્તી ચક્રરત્નની પૂજા કરી હાથી, ઘોડા, રથ, પાયદળ, દેવ અને વિદ્યાધર—આ પ્રકારે છ પ્રકારની સેના સાથે દિશાઓને જીતવા માટે ગયો.

ત્યારબાદ, અતિશય ચતુર પંડિતા નામની ધાઈ કોઈ એક દિવસ એકાંતમાં શ્રીમતીને સમજાવવા માટે આ પ્રકારે ચાતુર્યથી ભર્યા વચન કહેવા લાગી. તે સમયે તે અશોક વાટિકાની મધ્યમાં ચંદ્રકાંત શીલા પર બેઠી હતી તથા પોતાના કોમળ હાથોથી સામે બેસેલી શ્રીમતીના અંગોને ઘણા પ્યારથી સ્પર્શ કરી રહી હતી. બોલતા સમયે તેના મુખ કમળના જે દાંતોના કિરણરૂપી જળનો પ્રવાહ વહી રહ્યો હતો તેનાથી એવું જણાતું હતું કે જાણે તે શ્રીમતીના હૃદયનો સંતાપ જ દૂર કરી રહી હોય! તે કહેવા લાગી કે હે પુત્રી! હું સમસ્ત કાર્યોની યોજનામાં પંડિતા છું, અતિશય ચતુર છું, તેથી મારું 'પંડિતા' નામ સાર્થક છે. એ સિવાય હું તારી માતા સમાન છું અને પ્રાણ સમાન સદાય સાથે રહેવાવાળી પ્રિય સખી છું. તેથી, હે ધન્ય કન્યા! તું અહીં મને તારા મૌનનું કારણ જણાવ. કારણ કે એ પ્રસિદ્ધ છે કે રોગ માતાથી નથી છુપાવવામાં આવતો. મેં મારા ચિત્તમાં તારી આ ચેષ્ટાનો સારી રીતે વિચાર કર્યો છે, પરંતુ મને કાંઈ પણ સમજ નથી પડતી. તેથી, હે કન્યા! સાચું-સાચું જણાવ. હે સખી! શું આ કામનો ઉન્માદ છે અથવા કોઈ ભૂત આદિનો ઉપદ્રવ છે? પ્રાયઃ કરીને યૌવનના પ્રારંભમાં કામરૂપી ગ્રહનો ઉપદ્રવ થયા જ કરે છે.

આ રીતે પંડિતા ધાઈ દ્વારા પૂછવામાં આવતા શ્રીમતીએ પોતાનો મુરઝાયેલો ચહેરો એ રીતે નીચે કરી લીધો કે જેવી રીતે સૂર્યાસ્તના સમયે કમલિની મુરઝાઈને નીચે ઝુકી જાય છે. તે નીચું મોં કરીને કહેવા લાગી કે એ સત્ય છે કે હું આવા વચન કોઈની પણ સામે ન કહી શકું કારણ કે મારું હૃદય લજ્જાથી પરાધીન થઈ રહ્યું છે, પરંતુ આજે હું તારી સામે કહેતાં લજ્જિત નથી થતી તેનું કારણ પણ એ છે કે હું આ સમયે અત્યંત દુઃખી થઈ રહી છું અને તું મારી માતા સમાન તથા ચિરપરિચિત છે. તેથી હે મનોરાંગી! સાંભળ, હું કહું છું; આ મારી કથા ઘણી

લાંબી છે. આજે દેવોનું આગમન જોઈને મને મારા પૂર્વભવના ચરિત્રનું સ્મરણ થઈ આવ્યું છે. તે પૂર્વભવનું ચરિત્ર કેવું છે અથવા તે કથા કેવી છે એ બધી વાત હું વિસ્તારથી કહું છું. તે બધો વિષય મારી સ્મૃતિમાં સ્વપ્નમાં અનુભવ કર્યા સમાન સ્પષ્ટ પ્રતિભાસિત થઈ રહ્યો છે.

હે કમલનયને! આ મધ્યલોકમાં એક ધાતકીખંડ નામનો એક મહાન દ્વીપ છે કે જે પોતાની શોભાથી સ્વર્ગભૂમિને તિરસ્કૃત કરે છે. આ દ્વીપની પૂર્વમેરુથી પશ્ચિમ દિશા તરફ સ્થિત વિદેહક્ષેત્રમાં એક ગંધિલા નામનો દેશ છે કે જે પોતાની શોભાથી દેવકુરુ અને ઉત્તરકુરુને પણ જીતી શકે છે. તે દેશમાં એક પાટલી નામનું ગ્રામ છે, તેમાં નાગદત્ત નામનો એક વૈશ્ય રહેતો હતો. તેની સ્ત્રીનું નામ સુમતિ હતું અને તે બંનેને ક્રમથી નંદ, નંદિમિત્ર, નંદિષેણ, વરસેન અને જયસેન—આ પાંચ પુત્ર તથા મદનકાંતા અને શ્રીકાંતા નામની બે પુત્રીઓ ઉત્પન્ન થઈ. પૂર્વભવમાં હું તેમના જ ઘરમાં 'નિર્નામા' (શ્રીમતીનો પૂર્વભવ) નામની સૌથી નાની પુત્રી થઈ. કોઈ એક દિવસ મેં ચારણચરિત નામના મનોહર વનમાં અંબરતિલક પર્વત પર બિરાજમાન અવધિજ્ઞાનથી સહિત તથા અનેક ઋદ્ધિઓથી વિભૂષિત પિહિતાશ્રવ નામના મુનિરાજના દર્શન કર્યા. દર્શન અને નમસ્કાર કરી મેં તેમને પૂછ્યું કે હે ભગવન્! હું ક્યા કર્મથી આ દરિદ્રકુળમાં ઉત્પન્ન થઈ છું? હે પ્રભો! કૃપા કરીને તેનું કારણ કહો અને મુજ દીન તથા અતિશય ઉદ્વિગ્ન સ્ત્રી પર અનુગ્રહ કરો.

આ પ્રકારે પૂછવા પર તે મુનિરાજ મધુર વાણીથી કહેવા લાગ્યા કે હે પુત્રી! પૂર્વભવમાં તું તારા પોતાના કર્મોદયથી આ દેશના પલાલપર્વત નામના ગ્રામમાં દેવિલગ્રામ નામના પટેલની સુમતિ સ્ત્રીના ઉદરથી ધનશ્રી નામની પ્રસિદ્ધ પુત્રી થઈ હતી. કોઈ એક દિવસ તેં પાઠ કરતાં સમાધિગુપ્તિ મુનિરાજની સમીપ મરેલા કુતરાનું કલેવર નાખ્યું હતું અને પોતાના તે અજ્ઞાનપૂર્ણ કાર્યથી ખુશ પણ થઈ હતી. આ જોઈને મુનિરાજે તે સમયે તને ઉપદેશ આપ્યો હતો કે બાલિકે! તેં આ ખૂબ જ વિરુદ્ધ કાર્ય કર્યું છે, ભવિષ્યમાં ઉદયના સમયે તે તને દુઃખદાયી અને કટુક ફળ આપશે, કારણ કે **પૂજ્ય પુરુષોનું કરેલું અપમાન અન્ય પર્યાયમાં અધિક સંતાપ આપે છે.** મુનિરાજના આમ કહેવાથી ધનશ્રીએ તે જ સમયે તેમની સામે જઈને પોતાનો અપરાધ ક્ષમા કરાવ્યો અને કહ્યું કે હે ભગવન્! મેં આ કાર્ય અજ્ઞાનવશ જ કર્યું છે, તેથી ક્ષમા કરી દ્યો. એ સમયે ઉપશમભાવથી ક્ષમા માંગી લેવાથી

તને થોડું પુણ્ય પ્રાપ્ત થયું હતું કે જેથી તું આ સમયે મનુષ્ય યોનિમાં આ અતિશય દરિદ્ર કુળમાં ઉત્પન્ન થઈ છે. તેથી, હે કલ્યાણી! કલ્યાણ કરવાવાળા જિનેન્દ્રગુણ સંપત્તિ અને શ્રુતજ્ઞાન એ બે ઉપવાસ વ્રતને ક્રમથી ગ્રહણ કર. હે આર્યે! વિધિપૂર્વક કરવામાં આવેલું આ અનશન તપ, કરવામાં આવેલા કર્મોનો અતિશય શીઘ્ર નષ્ટ કરવાવાળું માનવામાં આવે છે. તીર્થંકર નામક પુણ્ય પ્રકૃતિની કારણભૂત સોળ ભાવનાઓ, પાંચ કલ્યાણક, આઠ પ્રાતિહાર્ય તથા ચોત્રીસ અતિશય—આ ૬૩ ગુણોને ઉદ્દેશીને જે ઉપવાસ વ્રત કરવામાં આવે છે તેને જિનેન્દ્રગુણસંપત્તિ કહે છે. ભાવાર્થ : આ વ્રતમાં જિનેન્દ્ર ભગવાનના ૬૩ ગુણોને લક્ષમાં લઈને ૬૩ ઉપવાસ કરવામાં આવે છે કે જેની વ્યવસ્થા આ પ્રકારે છે—સોલહકારણ ભાવનાઓની સોળ એકમ, પાંચ કલ્યાણકોની પાંચ પાંચમ, આઠ પ્રાતિહાર્યોની આઠ અષ્ટમી અને ચોત્રીસ અતિશયોની વીસ દશમ તથા ચૌદ ચતુર્દશી—આ પ્રકારે ૬૩ ઉપવાસ થાય છે. પૂર્વોક્ત પ્રકારથી જિનેન્દ્રગુણસંપત્તિ નામક વ્રતમાં ૬૩ ઉપવાસ કરવા જોઈએ એવું ગણધર આદિ મુનિઓએ કહ્યું છે. હવે આ સમયે શ્રુતજ્ઞાન નામના ઉપવાસ વ્રતનું સ્વરૂપ કહું છું. અઠ્યાવીસ, અગિયાર, બે, અઠ્યાસી, એક, ચૌદ, પાંચ, છ, બે અને એક—આ પ્રકારે મતિજ્ઞાન આદિ ભેદની એકસો અટ્ઠાવન સંખ્યા થાય છે. તેના નામાનુસાર ક્રમ આ પ્રકારે છે કે મતિજ્ઞાનના ૨૮, અંગના ૧૧, પરિકર્મના ૨, સૂત્રના ૮૮, અનુયોગનો એક ૧, પૂર્વના ૧૪, ચૂલિકાના ૫, અવધિજ્ઞાનના ૬, મનઃપર્યયજ્ઞાનના બે અને કેવળજ્ઞાનનો ૧—આ રીતે જ્ઞાનના આ એકસો અટ્ઠાવન ભેદોની પ્રતીતિ કરીને જે એકસો અટ્ઠાવન દિવસનો ઉપવાસ કરવામાં આવે છે તેને શ્રુતજ્ઞાન ઉપવાસ વ્રત કહેવાય છે. હે પુત્રી! તું પણ વિધિપૂર્વક ઉપર કહેલાં બંને અનશન વ્રતોનું આચરણ કર. હે પુત્રી! આ બંને વ્રતોનું મુખ્ય ફળ કેવળજ્ઞાનની પ્રાપ્તિ જ છે. **સમ્યગ્દર્શનસહિત આ વ્રત કરવામાં આવતા વ્યવહારથી કેવળજ્ઞાનની પ્રાપ્તિનું કારણ કહેવાય છે, નિશ્ચયથી તો બંધનું જ કારણ છે અને ગૌણ ફળ સ્વર્ગ આદિની (-સંસારની) પ્રાપ્તિ છે.**

હે કલ્યાણી! જો, મુનિરાજ શાપ દેવામાં અને અનુગ્રહ કરવામાં—બંનેમાં સમર્થ હોય છે. તેથી તેમનું અપમાન કરવું બંને લોકમાં દુઃખ દેવાવાળું છે. જે પુરુષ વચન દ્વારા મુનિઓનો અનાદર કરે છે તેઓ બીજા ભવમાં ગૂંગા થાય છે, જે મનથી નિરાદર કરે છે તેની મન સાથે સંબંધ રાખવાવાળી સ્મરણશક્તિ નષ્ટ થઈ જાય છે અને

જે શરીરથી તિરસ્કાર કરે છે તેને એવા ક્યા દુઃખ છે કે જે પ્રાપ્ત નથી થતા! તેથી, બુદ્ધિમાન પુરુષોએ તપસ્વી મુનિઓનો ક્યારે પણ અનાદર ન કરવો જોઈએ. હે મુગ્ધે! જે મનુષ્ય ક્ષમારૂપી ધનને ધારણ કરવાવાળા મુનિઓને, મોહરૂપી કાષ્ટથી ઉત્પન્ન થયેલી, વિરોધરૂપી વાયુથી પ્રેરિત થયેલી, દુર્વચનરૂપી તિલગોથી (શબ્દોથી) ભરેલી અને ક્ષમારૂપી ભસ્મોથી ઢંકાયેલી ક્રોધરૂપી અગ્નિને પ્રજ્વલિત કરે છે, તેના દ્વારા બંને લોકોમાં થવાવાળું પોતાનું કયુ હિત નથી નષ્ટ થઈ જતું? આ પ્રકારે મેં મુનિરાજના હિતકારી વચન માનીને જિનેન્દ્રગુણસંપત્તિ તથા શ્રુતજ્ઞાન નામના બંને વ્રતોના વિધિપૂર્વક ઉપવાસ કરી આયુષ્યના અંતમાં સ્વર્ગમાં ગઈ. ત્યાં લલિતાંગ દેવની સ્વયંપ્રભા નામની મહાદેવી થઈ અને ત્યાંથી લલિતાંગ દેવની સાથે મધ્યલોકમાં આવીને મેં વ્રત દેવાવાળા પિહિતાસ્રવ ગુરુની પૂજા કરી. મોટી-મોટી ૠદ્ધિઓને ધારણ કરવાવાળી મેં તે ઐશાન સ્વર્ગમાં શ્રીપ્રભ વિમાનના અધિપતિ લલિતાંગદેવ સાથે અનેક ભોગ ભોગવ્યા તથા ત્યાંથી ચ્યવીને અહીં વજદંત ચક્રવર્તીની શ્રીમતી નામની પુત્રી થઈ છું. હે સખી! અહીં સુધી મારી પૂર્વભવની કથા છે.

હે કૃષોદરી! લલિતાંગ દેવના સ્વર્ગથી ચ્યુત થયા પછી હું છ મહિના સુધી જિનેન્દ્રદેવની પૂજા કરતી રહી, પછી ત્યાંથી ચ્યવીને અહીં ઉત્પન્ન થઈ છું. હું આ સમયે તેનું સ્મરણ કરી તેમની શોધ માટે પ્રયત્ન કરી રહી છું અને તેથી જ મેં મૌન ધારણ કર્યું છે. હે સખી! આ લલિતાંગ હજી પણ મારા મનમાં નિવાસ કરી રહ્યો છે. એવું લાગે છે કે જાણે કોઈએ ટાંકણી દ્વારા કોતરીને સદાને માટે મારા મનમાં તેને સ્થિર કરી દીધો છે. જો કે આજે તેનું તે દિવ્ય વૈક્રિયક શરીર નથી, છતાં પણ તે પોતાની દિવ્ય શક્તિથી અનંગતા—કામદેવપણું ધારણ કરીને મારા મનમાં અધિષ્ઠિત છે. હે સુમુખી! જે અતિશય સૌમ્ય છે, સુંદર છે, સાથે-સાથે ઉત્પન્ન થયેલા વસ્ત્ર તથા માળા આદિથી સહિત છે, પ્રકાશમાન આભરણોથી ઉજ્જ્વળ છે અને સુખકર સ્પર્શથી સહિત છે એવા લલિતાંગ દેવના શરીરને હું સામે જોઈ રહી છું, તેના હાથના સ્પર્શથી લાલિત સુખદ સ્પર્શને પણ જોઈ રહી છું; પરંતુ તેની પ્રાપ્તિ વિના મારું આ શરીર કૃષતાને નથી છોડી રહ્યું. આ અશ્રુબિંદુ નિરંતર મારી આંખમાંથી નીકળી રહ્યા છે કે જેથી એવું લાગે છે કે તે મારું દુઃખ જોવા માટે અસમર્થ થઈને તે લલિતાંગને શોધવા માટે જ જાણે ઉદ્યત થયા છે! આટલું કહીને તે શ્રીમતી ફરી પંડિતા સખીને કહેવા લાગી કે હે પ્રિય સખી! તું જ મારા પતિને શોધવા માટે સમર્થ

છે, તારા સિવાય બીજું કોઈ આ કાર્ય નથી કરી શકતું. હે કમલનયને! આજે તારા રહેતા મને દુઃખ કઈ રીતે હોઈ શકે! સૂર્યની પ્રભાના દેદીપ્ય રહેતા છતાં પણ શું કમલિનીને દુઃખ થાય છે? અર્થાત્ નથી થતું. હે સખી! તું સમસ્ત કાર્ય કરવામાં અતિશય નિપુણ છે, તેથી તું સાચે જ પંડિતા છે—તારું 'પંડિતા' નામ સાર્થક છે. તેથી, મારા આ કાર્યની સિદ્ધિ તારી ઉપર જ અવલંબિત છે. હે સખી! મારા પ્રાણપતિ લલિતાંગને શોધીને મારા પ્રાણોની રક્ષા કર, કારણ કે સ્ત્રીઓની વિપત્તિ દૂર કરવા માટે સ્ત્રીઓનું જ અવલંબન હોય છે.

આ કાર્યની સિદ્ધિ માટે હું આજે તને એક ઉપાય કહું છું, તે એ છે કે મેં પોતાના પૂર્વભવ સંબંધી ચરિત્રને કહેવાવાળું એક ચિત્રપટ બનાવ્યું છે. તેમાં ક્યાંક-ક્યાંક ચિત્ત પ્રસન્ન કરવાવાળા ગૂઢ વિષય પણ લખવામાં આવ્યા છે. એ સિવાય તે ધૂર્ત મનુષ્યોના મનને ભ્રાંતિમાં નાખવાવાળું છે. હે સખી! તું તે લઈને જા. ધૃષ્ટતાને કારણે ઉદ્ધત બુદ્ધિને ધારણ કરવાવાળા જે પુરુષ જૂઠી રીતે જો પોતાને મારો પતિ બનાવવા ચાહે તો તેને એ ગૂઢ વિષયોના સંશયમાં હાસ્યકિરણરૂપી વસ્ત્રથી આચ્છાદિત કરજે અર્થાત્ ચિત્રપટ જોઈને જો કોઈ ખોટી રીતે મારો પતિ બનવા ચાહે તેને તું ગૂઢ વિષય પૂછજે અને જ્યારે તે ઉત્તર ન આપી શકે તો પોતાના મંદ હાસ્યથી તેને લજ્જિત કરજે.

આ પ્રકારે, જ્યારે શ્રીમતી કહી ચૂકી ત્યારે ઈષત્ હાસ્યના કિરણોના બહાને પુષ્પાંજલિ વેરાવતી તે પંડિતા સખી તેના ચિત્તને આશ્વાસન દેવાવાળા વચનો કહેવા લાગી. હે મધુરભાષિણી! મારા રહેતાં તારા ચિત્તને સંતાપ ન થઈ શકે, કારણ કે આમ્ર મંજરીના રહેતા કોયલને કેવી રીતે દુઃખ થઈ શકે! હે સખી! જેવી રીતે કવિની બુદ્ધિ સુશ્લિષ્ટ—અનેક ભાવોને સૂચિત કરવાવાળા ઉત્તમ અર્થને અને લક્ષ્મી જેવી રીતે ઉદ્યોગશાળી મનુષ્યોને શોધી લાવે છે, તેવી જ રીતે હું પણ તારા પતિને શોધી લાવું છું. હે સખી! હું ચતુર બુદ્ધિની ધારક છું તથા કાર્ય કરવામાં હંમેશા ઉદ્યત રહું છું, તેથી તારું આ કાર્ય અવશ્ય સિદ્ધ કરી દઈશ. તું આ નિશ્ચિત સમજ કે મને આ ત્રણે લોકમાં કોઈપણ કાર્ય મુશ્કેલ નથી. તેથી, હે સુંદરી! જેવી રીતે માધવી લતા પ્રગટ થતા પ્રવાલો અને અંકુરોના સમૂહને ધારણ કરે છે, તેવી જ રીતે તું અનેક પ્રકારના આભરણોના સજાવટને ધારણ કર. આ કાર્યની સિદ્ધિમાં તારે સંશય કરવો ન જોઈએ. કારણ કે શ્રીમતી દ્વારા ઈચ્છિત પદાર્થોની સિદ્ધિ નિઃસંદેહ થાય જ છે.

તે પંડિતા આ પ્રકારે કહીને તથા તે શ્રીમતીને સમજાવીને તેના દ્વારા આપવામાં આવેલ ચિત્રપટને લઈને શીઘ્ર જ મહાપૂત નામક અત્યંત પવિત્ર જિનમંદિર ગઈ. તે જિનમંદિર રત્નોના કિરણોથી શોભાયમાન પોતાના ઊંચા ઊઠેલા શિખરોથી એવા જણાતા હતા કે જાણે ફણ ઊંચા કરેલા શેષનાગ જ સંતુષ્ટ થઈને પાતાળલોકથી નીકળ્યા હોય! તે મંદિરની દિવાલો વેશ્યાઓની સમાન હતી કારણ કે જેવી રીતે વેશ્યાઓ વર્ણસંકરતા—બ્રાહ્મણ આદિ વર્ણોની સાથે વ્યભિચારથી ઉત્પન્ન થયેલા તથા અનેક આશ્ચર્યકારી કાર્યોથી સહિત થઈને જગતના કામી પુરુષોનું ચિત્ત હરણ કરે છે, તેવી જ રીતે તે દિવાલો પણ વર્ણસંકરતા—કાળા, લીલા, પીળા, લાલ, આદિ રંગોના મેલથી બનેલા અનેક ચિત્રોથી સહિત થઈને જગતના બધા જીવોના ચિત્ત હરણ કરતી હતી. રાત્રિને પણ દિવસ બનાવવામાં સમર્થ અને મણિઓના ચિત્ર-વિચિત્ર રહેવાવાળા પોતાના ઊંચા-ઊંચા શિખરોથી તે મંદિર એવું જણાતું હતું કે જાણે સ્વર્ગનું સ્વર્ગ સાથે ઉન્મિલન કરી રહ્યા છે—સ્વર્ગને પણ પ્રકાશિત કરી રહ્યા હોય! એ મંદિરમાં રાત-દિવસ અનેક મુનિઓના સમૂહ ગંભીર શબ્દોથી સ્તોત્ર આદિનો પાઠ કરતાં રહે છે, જેથી એવું જણાય છે કે જાણે તે આવેલા ભવ્ય જીવોની સાથે સંભાષણ જ કરી રહ્યા હોય! તેના શિખરોના અગ્ર ભાગ પર લાગેલી તથા પવન દ્વારા હલતી ધ્વજાઓ એવી સુશોભિત થઈ રહી હતી કે વંદના, ભક્તિ આદિ માટે દેવોને જ બોલાવી રહી હોય! એ મંદિરના ઝરોખાથી નીકળતા ધૂપના ધુમાડા એવા જણાતા હતા કે જાણે સ્વર્ગને ભેટ આપવા માટે નવીન મેઘ જ જઈ રહ્યા હોય! તે મંદિરના શિખરોની ચારે તરફ જે ચંચળ કિરણોના ધારક તારાગણ ચમકી રહ્યા હતા, તે ઉપર આકાશમાં સ્થિર રહેવાવાળા દેવોની પુષ્પ-ઉપહારની ભ્રાંતિ ઉત્પન્ન કર્યા કરતાં હતા અર્થાત્ દેવલોકો એમ સમજતા હતા કે ક્યાંક શિખર ઉપર કોઈએ ફૂલોનો ઉપહાર તો નથી ચડાવ્યો ને!

તે ચૈત્યાલય સદ્વૃત્તસંગત—સમ્યક્ ચારિત્રના ધારક મુનિઓથી ભરેલું હતું, અનેક ચિત્રોના સમૂહથી શોભાયમાન હતું અને સ્તોત્રપાઠ આદિના શબ્દોથી સહિત હતું, તેથી કોઈ મહાકાવ્ય સમાન સુશોભિત થઈ રહ્યું હતું. કારણ કે મહાકાવ્ય પણ સદ્વૃત્ત-વસંતતિલકા આદિ સુંદર-સુંદર છંદોથી સહિત હોય છે, મૃદંગ, કમળ, છત્ર, હાર આદિ ચિત્ર શ્લોકોથી મનોહર હોય છે અને ઉત્તમ-ઉત્તમ શબ્દોથી સહિત હોય છે. એ ચૈત્યાલય પર ધ્વજા ફરકી રહી હતી, અંદર ઘંટ લટકી રહ્યા હતા, સ્તોત્ર આદિના વાંચવાથી ગંભીર શબ્દ થઈ રહ્યા હતા અને સ્વયં

અનેક મજબૂત સ્તંભોથી સ્થિર હતા, તેથી એવા જણાતા હતા કે જાણે કોઈ મોટો હાથી જ હોય! કારણ કે હાથી પર પણ ધ્વજા ફરકતી હોય છે, તેના ગળામાં મનોહર શબ્દ કરતાં ઘંટ બાંધેલા રહે છે, તે સ્વયં ગંભીર ગર્જનાના શબ્દથી સહિત હોય છે તથા મજબૂત ખંભાઓથી બાંધેલા રહેવાના કારણે સ્થિર હોય છે. તે ચૈત્યાલય પાઠ કરવાવાળા મનુષ્યોના પવિત્ર શબ્દો તથા વંદના કરવાવાળા મનુષ્યોની જય-જય ધ્વનિથી અસમયમાં જ મયૂરોને મદોન્મત્ત બનાવી દેતા હતા અર્થાત્ મંદિરમાં થવાવાળા શબ્દને મેઘના શબ્દ સમજીને મયૂર વર્ષા વિના જ મદોન્મત્ત થઈ જતા હતા. તે ચૈત્યાલય અત્યંત ઊંચા-ઊંચા શિખરોથી સહિત હતા, અનેક ચારણ—માગધ સ્તુતિપાઠક તેમની સ્તુતિ કરતાં હતા અને અનેક વિદ્યાધર—પરમાગમના જાણવાવાળા તેની સેવા કરતાં હતા, તેથી એવા શોભાયમાન થતા હતા કે જાણે મેરુ પર્વત જ હોય! કારણ કે મેરુ પર્વત પણ અત્યંત ઊંચા શિખરોથી સહિત છે, અનેક ચારણઋદ્ધિના ધારક મુનિજન તેની સ્તુતિ કરતાં રહે છે તથા અનેક વિદ્યાધર તેની સેવા કરે છે.

ઈત્યાદિ વર્ણનયુક્ત તે ચૈત્યાલયમાં જઈને પંડિતા ધાઈએ પહેલાં જિનેન્દ્રદેવની વંદના કરી અને પછી તે ત્યાંની ચિત્રશાળામાં પોતાનું ચિત્રપટ ફેલાવીને આવેલા લોકોની પરીક્ષા કરવાની ઈચ્છાથી બેસી ગઈ. વિશાળ બુદ્ધિના ધારક કેટલાય પુરુષો આવીને ખૂબ જ સાવધાનીથી તે ચિત્રપટને જોવા લાગ્યા અને કેટલાય તે જોઈને 'આ શું છે?' એમ જોરથી વાતો કરવા લાગ્યા. તે પંડિતા સમુચિત વાક્યોથી તે બધાનો ઉત્તર આપતી અને પંડિતાભાસ—મૂર્ખ લોકો પર મંદ હાસ્યનો પ્રકાશ ફેલાવતી ગંભીર ભાવથી ત્યાં બેઠી હતી.

ત્યારબાદ, જેણે સમસ્ત દિશાઓને જીતી લીધી છે અને જેને સમસ્ત મનુષ્ય, વિદ્યાધર અને દેવ નમસ્કાર કરે છે એવા વજ્રદંત ચક્રવર્તી દિગ્વિજયથી પાછા આવી ગયા. તે સમયે ચક્રવર્તીએ બત્રીસ હજાર રાજાઓ દ્વારા કરવામાં આવેલા રાજ્યાભિષેક મહોત્સવને પ્રાપ્ત કર્યો હતો. તે બરાબર જ છે, પુણ્યથી શું-શું પ્રાપ્ત નથી થતું? જો કે તે ચક્રવર્તી અને તે બત્રીસ હજાર રાજા હાથ, પગ, મોઢું આદિ અવયવથી સમાન આકારના ધારક હતા, છતાં પણ તે ચક્રવર્તી પોતાના પુણ્યના મહાત્મ્યથી તે બધા દ્વારા પૂજ્ય થયા હતા. તેનું શરીર અનુપમ હતું, મુખ ચંદ્ર સમાન સૌમ્ય હતું અને નેત્ર કમલ સમાન સુંદર હતા. પુણ્યના ઉદયથી તે સમસ્ત મનુષ્ય અને દેવોથી વધીને શોભાયમાન થઈ રહ્યા હતા. તેના બંને પગમાં જે શંખ, ચક્ર, અંકુશ આદિના ચિહ્ન શોભાયમાન હતા તે એવા જણાતા હતા કે જાણે

લક્ષ્મીએ જ ચક્રવર્તીના આ બધા લક્ષણ લખ્યા છે. અવ્યર્થ આજ્ઞાના ધારક મહારાજ વજ્રદંત પૃથ્વીનું પાલન કરતાં હતા ત્યારે કોઈપણ પ્રજા અપરાધ કરતી ન હતી, તેથી કોઈપણ પુરુષ દંડને પાત્ર થતા ન હતા. તે ચક્રવર્તી વક્ષઃસ્થળ પર લક્ષ્મીને અને મુખમાં સરસ્વતીને ધારણ કરતો હતો, પરંતુ અત્યંત પ્રિય કીર્તિને ધારણ કરવા માટે તેની પાસે કોઈ સ્થાન જ રહ્યું ન હતું તેથી તેણે એકલી કીર્તિને લોકના અંત સુધી પહોંચાડી દીધી હતી અર્થાત્ લક્ષ્મી અને સરસ્વતી તો તેની સમીપ જ રહેતી હતી અને કીર્તિ સમસ્ત લોકમાં ફેલાઈ ગઈ હતી.

તે રાજા ચંદ્રસમાન કાંતિવાન અને સૂર્યસમાન ઉત્કર—તેજસ્વી હતા. આશ્ચર્યકારી ઉદયને ધારણ કરવાવાળા તે રાજા કાંતિ અને તેજ બંનેને ઉત્કૃષ્ટરૂપથી ધારણ કરતાં હતા. પુણ્યરૂપી કલ્પવૃક્ષનું વધારેમાં વધારે ફળ આટલું જ ફળ હોય છે તે સૂચિત કરવા માટે જ જાણે તે ચક્રવર્તીને ચૌદ મહારત્ન પ્રગટ થયા હતા. તેને ત્યાં પુણ્યની રાશિ સમાન નવ અક્ષયનિધિઓ પ્રગટ થઈ હતી કે જેનાથી તેનો ભંડાર હમેશા ભર્યો રહેતો હતો. આ પ્રકારે, તે પુણ્યવાન ચક્રવર્તી છ ખંડોથી શોભિત પૃથ્વીનું પાલન કરતો ચિરકાળ સુધી દસ પ્રકારના ભોગ(ચૌદ રત્ન, નવ નિધિ, સુંદર સ્ત્રી, નગર, આસન, શૈયા, સેના, ભોજન, પાત્ર અને નાટ્યશાળા) ભોગવતો રહ્યો. આ પ્રકારે, દેદીપ્યમાન મુકુટ અને પ્રકાશમાન રત્નોના કુંડળ ધારણ કરવાવાળા તે કાર્યકુશળ ચક્રવર્તી થોડા જ દિવસોમાં દિગ્વિજય કરીને પાછા ફર્યા અને પોતાની વિજયસેના સાથે રાજધાનીમાં પ્રવિષ્ટ થયા. તે સમયે તે એવા શોભાયમાન થઈ રહ્યા હતા કે જેમ દેદીપ્યમાન મુકુટ અને રત્નકુંડલોને ધારણ કરવાવાળો કાર્યકુશળ ઈન્દ્ર પોતાની દેવસેના સાથે અમરાવતીમાં પ્રવેશ કરતાં સમયે શોભિત થાય છે.

સમસ્ત કાર્ય કરી ચૂક્યા બાદ પણ જેના હૃદયમાં પુત્રી—શ્રીમતીના વિવાહની થોડી ચિંતા વિદ્યમાન છે, એવા ઉત્કૃષ્ટ શોભાના ધારક તે વજ્રદંત ચક્રવર્તીએ મંદ-મંદ વાયુ દ્વારા હલતી ધ્વજાઓથી શોભાયમાન તથા અન્ય અનેક ઉત્તમ-ઉત્તમ શોભાથી પોતાના નગરમાં પ્રવેશ કર્યો હતો. જેની સેનાના લોકોએ લવિંગની લતાઓથી વ્યાપ્ત સમુદ્રતટના વનમાં ચંદનલતાઓનું ચૂર્ણ કર્યું છે તે વનોમાં બેઠેલી દેવાંગનાઓએ જેને પોતાના આળસ ભરેલા સુશોભિત નેત્રોથી ધીરે-ધીરે જોયા છે અને જેમણે વિજયાર્ધ પર્વતની ગુફાઓને સ્વચ્છ કરી તેમાં આશ્રય પ્રાપ્ત કર્યો છે એવા તે સર્વત્ર વિજય પ્રાપ્ત કરવાવાળા વજ્રદંત ચક્રવર્તી પોતાના પુણ્યના ફળથી પ્રાપ્ત થયેલી પૃથ્વીનું ચિરકાળ

સુધી પાલન કરતા રહ્યા. દિગ્વિજય સમયે જે સમુદ્ર સમીપ વનવેદિકાના મધ્યભાગને પ્રાપ્ત થયા, જેણે વિજયાર્ધ પર્વતના કિનારાઓનું ઉલ્લંધ કર્યું, જેણે તરંગોથી ચંચળ સમુદ્રોની સ્ત્રીરૂપ ગંગા અને સિંધુ નદીને પાર કરી અને હિમવત કુલાચલની ઊંચાઈને તિરસ્કૃત કરી–તેના ઉપર પોતાનો અધિકાર જમાવ્યો એવા તે જિનશાસનના જ્ઞાતા વજ્રદંત ચક્રવર્તી સમસ્ત દિશાઓને જીતીને ચક્રવર્તીની પૂર્ણ લક્ષ્મીને પ્રાપ્ત થયા.

આ પ્રકારે, આર્ષ નામથી પ્રસિદ્ધ ભગવજ્જિનસેનાચાર્ય-વિરચિત ત્રિષષ્ટિલક્ષણ મહાપુરાણ સંગ્રહમાં લલિતાંગ દેવનું સ્વર્ગમાંથી ચ્યુત થવા આદિનું વર્ણન કરવાવાળો છઠ્ઠો અધ્યાય સમાપ્ત થયો.

* જેમ કાચા વાસણમાં રાખેલો શેરડીનો રસ અથવા દૂધ, સ્વયં બગડી જાય છે અને તે વાસણને પણ નષ્ટ કરે છે, તેમ અપાત્રને આપેલું દાન સ્વયં નષ્ટ થાય છે અને લેનાર પાત્રને પણ નષ્ટ કરે છે–તેને અહંકાર આદિ અવગુણોથી સહિત વિષયવાસનામાં ફસાવી દે છે. (અ. ૨૦, શ્લોક ૧૪૩)
* જેમ લોખંડની નૌકા સમુદ્રમાં બીજાને પાર કરાવી નથી શકતી (અને પોતે પણ પાર થઈ શકતી નથી), તેમ કર્મોના (-ભાવકર્મોના) ભારથી દબાયેલો દોષવાન જીવ કોઈને સંસાર સમુદ્રમાંથી પાર કરાવી શકતો નથી. (અને ન તો પોતે પાર થઈ શકે છે.) (અ. ૨૦, શ્લોક ૧૪૫)
* સંકલ્પ-વિકલ્પથી વશીભૂત થયેલો મૂર્ખ પ્રાણી, પદાર્થોને ઈષ્ટ કે અનિષ્ટ માને છે, તેમ માનવાથી તેને રાગ-દ્વેષ ઉત્પન્ન થાય છે અને રાગદ્વેષનાં કારણે ન છૂટી શકે તેવા તીવ્ર કર્મબંધની પ્રાપ્તિ થાય છે. (અ. ૨૧, શ્લોક ૨૪)
* જે સુખ પર પદાર્થોના સંબંધથી થાય છે, તે સુખ જ નથી; પરંતુ જે શુદ્ધાત્મામાંથી ઉત્પન્ન થાય છે, નિત્ય છે, અવિનાશી છે અને ક્ષયરહિત છે, તે જ ખરેખર ઉત્તમ સુખ છે (અ. ૨૧, શ્લોક ૨૦૯)
* સમ્યગ્દર્શન થતાં જ જ્ઞાન અને ચારિત્ર ફળને આપવાવાળા હોય છે, તેવી જ રીતે સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્રના હોવાથી સમ્યગ્જ્ઞાન પણ મોક્ષનું કારણ થાય છે. (અ. ૨૪, શ્લોક ૧૨૧)
* ધર્મથી સુખ પ્રાપ્ત થાય છે અને અધર્મથી દુઃખ મળે છે—આ વાત નિર્વિવાદ પ્રસિદ્ધ છે. તેથી જ તો બુદ્ધિમાન પુરુષ અનર્થોને છોડવાની ઈચ્છાથી ધર્મમાં જ તત્પરતા ધારણ કરે છે. (અ. ૧૦, શ્લોક ૧૪)

## અધ્યાય સાતમો

ત્યારબાદ, કાર્યકુશળ ચક્રવર્તીએ માનસિક પીડાથી પીડિત પુત્રીને બોલાવીને મંદ હાસ્યના કિરણરૂપી જળ દ્વારા સિંચન કરતાં નીચે અનુસાર ઉપદેશ આપ્યો !

'હે પુત્રી! શોકને પ્રાપ્ત ન થા, મૌનને દૂર કર, હું અવધિજ્ઞાન દ્વારા તારા પતિનો બધો જ વૃત્તાંત જાણું છું. હે પુત્રી! તું શીઘ્ર જ સુખપૂર્વક સ્નાન કર, અલંકાર ધારણ કર અને ચંદ્રબિંબ સમાન ઉજ્જ્વળ દર્પણમાં પોતાની શોભા જો, ભોજન કર અને મધુર વાતચિતથી પ્રિય સખીજનોને સંતુષ્ટ કર. તારા ઈષ્ટપતિનો સમાગમ આજ અથવા કાલે અવશ્ય થશે જ! શ્રી યશોધર તીર્થંકરના કેવળજ્ઞાન મહોત્સવના સમયે મને અવધિજ્ઞાન પ્રાપ્ત થયું હતું, તેનાથી જ હું થોડા ભવોનો વૃત્તાંત જાણવા લાગ્યો છું. હે પુત્રી! તું તારા, મારા અને તારા પતિના પૂર્વજન્મ સંબંધી વૃત્તાંત સાંભળ. હું તને અલગ-અલગ કહું છું.

આ ભવથી પહેલાં પાંચમા ભવમાં હું મારી ૠદ્ધિઓથી સ્વર્ગપુરી સમાન શોભાયમાન અને મહા દેદીપ્યમાન આ પુંડરિકીણી નગરીમાં અર્ધ ચક્રવર્તીનો પુત્ર ચંદ્રકીર્તિ નામથી પ્રસિદ્ધ થયો હતો. તે સમયે જયકીર્તિ નામનો મારો એક મિત્ર હતો કે જે મારી જ સાથે વૃદ્ધિને પ્રાપ્ત થયો હતો. સમયાનુસાર પિતાથી કુળ પરંપરાથી ચાલી આવેલી ઉત્કૃષ્ટ રાજ્યવિભૂતિને પ્રાપ્ત કરીને હું તે જ નગરમાં પોતાના મિત્રની સાથે ચિરકાળ સુધી ક્રીડા કરતો રહ્યો. તે સમયે હું અણુવ્રત ધારણ કરવાવાળો ગૃહસ્થ હતો. પછી ક્રમથી સમય વ્યતીત થતાં આયુષ્યના અંત સમયમાં સમાધિ ધારણ કરવા માટે ચંદ્રસેન નામક ગુરુ પાસે પહોંચ્યો. ત્યાં પ્રીતિવર્ધન નામના ઉદ્યાનમાં આહાર તથા શરીરનો ત્યાગ કરીને સંન્યાસવિધિના પ્રભાવથી ચોથા માહેન્દ્ર સ્વર્ગમાં ઉત્પન્ન થયો. ત્યાં હું સાત સાગરના આયુષ્યનો ધારક સામાનિક જાતિનો દેવ થયો. મારો મિત્ર જયકીર્તિ પણ ત્યાં જ ઉત્પન્ન થયો, તે પણ મારા સમાન

જ ઋદ્ધિનો ધારક થયો હતો. આયુષ્યના અંતમાં ત્યાંથી ચ્યુત થઈને અમે બંને પુષ્કર નામના દ્વીપમાં પૂર્વમેરુ સંબંધી પૂર્વવિદેહક્ષેત્રમાં મંગલાવતી દેશના રત્નસંચય નગરમાં શ્રીધર રાજાના પુત્ર થયા. હું બળભદ્ર થયો અને જયકીર્તિનો જીવ નારાયણ થયો. મારો જન્મ શ્રીધર મહારાજની મનોહરા નામની રાણીથી થયો હતો અને શ્રીવર્મા મારું નામ હતું તથા જયકીર્તિનો જન્મ તે જ રાજાની બીજી રાણી મનોરમાથી થયો હતો અને તેનું નામ વિભિષણ હતું. અમે બંને ભાઈ રાજ્ય પ્રાપ્ત કરીને ત્યાં દીર્ઘકાળપર્યંત ક્રીડા કરતાં રહ્યા. અમારા પિતા શ્રીધર મહારાજે મને રાજ્યભાર સોંપીને સુધર્માચાર્યથી દીક્ષા લઈ લીધી અને અનેક પ્રકારના ઉપવાસ કરીને સિદ્ધપદ પ્રાપ્ત કરી લીધું હતું. મારી માતા મનોહરા મારા પર ખૂબ જ સ્નેહ રાખતી હતી, તેથી પવિત્ર વ્રતોનું પાલન કરતી અને સુધર્માચાર્ય દ્વારા કહેલા તપોનું આચરણ કરતી, તે ચિરકાળપર્યંત ઘરમાં જ રહી. તેણે વિધિપૂર્વક કર્મક્ષપણ નામક વ્રતના ઉપવાસ કર્યા હતા અને આયુષ્યના અંતમાં સમાધિપૂર્વક શરીર છોડ્યું હતું કે જેથી મરીને સ્વર્ગમાં લલિતાંગ દેવ (આ લલિતાંગ સ્વયંપ્રભાના પતિ લલિતાંગદેવથી ભિન્ન દેવ હતો) થઈ.

ત્યારબાદ, થોડા સમય પછી મારા ભાઈ વિભિષણની મૃત્યુ થઈ ગઈ અને તેના વિયોગમાં જ્યારે હું ખૂબ જ શોક કરી રહ્યો હતો ત્યારે લલિતાંગદેવે આવીને અનેક ઉપાયોથી મને સમજાવ્યો હતો કે હે પુત્ર! તું અજ્ઞાની પુરુષ સમાન શોક ન કર અને આ નિશ્ચય સમજ કે આ સંસારમાં જન્મ-મરણ આદિના ભય અવશ્ય થયા જ કરે છે. આ પ્રકારે, જે પહેલાં મારી માતા હતી, તે લલિતાંગ દેવના સમજાવાથી મેં શોક છોડ્યો અને પ્રસન્ન ચિત્ત થઈને ધર્મમાં મન લગાવ્યું. ત્યારબાદ મેં શ્રી યુગંધર મુનિ સમીપ પાંચ હજાર રાજાઓની સાથે જિનદીક્ષા ગ્રહણ કરી અને અત્યંત કઠીન પરંતુ ઉત્તમ ફળ આપવાવાળા સિંહનિષ્ક્રીડિત તથા સર્વતોભદ્ર નામના તપને વિધિપૂર્વક તપીને મતિ, શ્રુતિ, અવધિજ્ઞાનરૂપી નિર્મળ પ્રકાશને પ્રાપ્ત કર્યો. પછી આયુષ્યના અંતમાં મરીને અનલ્પ (અનેક) ઋદ્ધિઓથી યુક્ત અચ્યુત નામક સોળમા સ્વર્ગમાં ઈન્દ્ર પદવી પ્રાપ્ત કરી. ત્યાં મારું આયુષ્ય બાવીસ સાગર પ્રમાણ હતું. અત્યંત કાંતિમાન તે અચ્યુત સ્વર્ગમાં હું દિવ્ય ભોગને ભોગવતો રહ્યો. કોઈ એક દિવસ મેં માતાના સ્નેહથી લલિતાંગ દેવ સમીપ જઈને તેમની પૂજા કરી. હું તેને અત્યંત ચમકીલા પ્રીતિવર્ધન નામના વિમાનમાં બેસાડીને મારા સોળમાં સ્વર્ગમાં લઈ ગયો અને ત્યાં તેમનો મેં ખૂબ જ સત્કાર કર્યો.

આ પ્રકારે મારી માતાનો જીવ લલિતાંગ અત્યંત સુખ સંયુક્ત સ્વર્ગમાં દિવ્ય ભોગોને ભોગવતો થકો જ્યાં સુધી વિદ્યમાન રહ્યો ત્યાં સુધી મેં ઘણીવાર તેમનો સત્કાર કર્યો. ત્યારબાદ લલિતાંગ દેવ ત્યાંથી ચ્યવીને જંબૂદ્વીપના પૂર્વવિદેહક્ષેત્રમાં મંગલાવતી દેશના વિજયાર્ધ પર્વતની ઉત્તર શ્રેણીમાં ગંધર્વપુરના રાજા વાસવ વિદ્યાધરના ઘરે તેની પ્રભાવતી નામની મહાદેવીથી 'મહિધર' નામનો પુત્ર થયો. રાજા વાસવ પોતાનો બધો જ રાજ્યભાર મહીધર પુત્રને સોંપીને તથા અરિંજય નામના મુનિરાજ સમીપ મુક્તાવલી તપ તપીને નિર્વાણને પ્રાપ્ત થયા. રાણી પ્રભાવતી પદ્માવતી આર્યિકા સમીપ દીક્ષિત થઈને ઉત્કૃષ્ટ રત્નાવલી તપ તપીને અચ્યુત સ્વર્ગમાં પ્રતિન્દ્ર થઈ અને ત્યાં સુધીમાં આ બાજુ મહીધર પણ અનેક વિદ્યાઓને સિદ્ધ કરીને આશ્ચર્યકારી વૈભવથી સંપન્ન થઈ ગયો.

ત્યારબાદ, કોઈ એક દિવસે હું પુષ્કરાર્ધ દ્વીપના પશ્ચિમ ભાગમાં પૂર્વવિદેહ સંબંધી વત્સકાવતી દેશમાં ગયો હતો. ત્યાં પ્રભાકરી નગરીમાં શ્રી વિનયંધર મુનિરાજના નિર્વાણકલ્યાણકની પૂજા કરી અને પૂજા સમાપ્ત કરીને મેરુ પર્વત પર ગયો. ત્યાં તે સમયે નંદનવનના પૂર્વદિશા સંબંધી ચૈત્યાલયમાં સ્થિત રાજા મહીધરને વિદ્યાઓની પૂજા કરવા માટે ઉદ્યત જોઈને મેં તેને ઉચ્ચ સ્વરમાં આ પ્રકારે સમજાવ્યું કે અહો ભદ્ર! તુ જાણે છે કે હું અચ્યુત સ્વર્ગનો ઈન્દ્ર છું અને તું લલિતાંગ છે? તું મારી માતાનો જીવ છે, તેથી તારા ઉપર મને અસાધારણ પ્રેમ છે. હે ભદ્ર! દુઃખ દેવાવાળા આ વિષયોની આસક્તિથી હવે વિરક્ત થા! આ પ્રકારે મેં એને કહ્યું જ હતું કે તે તરત જ વિષયભોગોથી વિરક્ત થઈ ગયો અને 'મહીકંપ' નામના જ્યેષ્ઠ પુત્રને રાજ્યભાર સોંપીને અનેક વિદ્યાધરોની સાથે જગન્નંદન મુનિના શિષ્ય થઈ ગયા તથા કનકાવલી તપ કરીને તેના પ્રભાવથી પ્રાણત સ્વર્ગમાં વીસ સાગરની સ્થિતિનો ધારક ઈન્દ્ર થયો. ત્યાં તે અનેક ભોગોને ભોગવીને ધાતકીખંડ દ્વીપના પૂર્વ દિશા સંબંધી પશ્ચિમ વિદેહક્ષેત્રમાં સ્થિત ગંધિલ દેશની અયોધ્યા નામની નગરીમાં જયવર્મા રાજાના ઘરે તેની સુપ્રભા નામની રાણીથી 'અજિતંજય' નામનો પુત્ર થયો. થોડા સમય બાદ રાજા જયવર્માએ પોતાનું સમસ્ત રાજ્ય અજિતંજય પુત્રને સોંપીને અભિનંદન મુનિરાજ સમીપ દીક્ષા લઈ લીધી અને આચામ્લવર્ધન તપ તપીને કર્મબંધનથી રહિત થઈ મોક્ષરૂપ ઉત્કૃષ્ટ પદને પ્રાપ્ત કરી લીધું. તે મોક્ષમાં આત્યંતિક, અવિનાશી અને અવ્યાબાધ ઉત્કૃષ્ટ સુખ પ્રાપ્ત થાય છે. રાણી સુપ્રભા પણ સુદર્શના નામની ગણિનીની પાસે જઈને તથા રત્નાવલી વ્રતના ઉપવાસ કરીને અચ્યુત સ્વર્ગના અનુદિશ વિમાનમાં દેવ થઈ.

ત્યારબાદ, અજિતંજય રાજા ચક્રવર્તી થઈને કોઈ એક દિવસ ભક્તિપૂર્વક અભિનંદન સ્વામીની વંદના માટે ગયા. વંદના કરતાં સમયે તેમના પાપાસ્રવના દ્વાર રોકાઈ ગયા હતા, તેથી તેનું 'પિહિતાશ્રવ' નામ પડી ગયું. 'પિહિતાશ્રવ' આ સાર્થક નામ પામીને તે સુદીર્ઘકાળ સુધી રાજ્યસુખનો અનુભવ કરતો રહ્યો. કોઈ એક દિવસે મેં તેને સ્નેહપૂર્વક આ પ્રકારે સમજાવ્યું—હે ભવ્ય! તું આ નષ્ટ થઈ જવાવાળા વિષયોમાં આસક્ત ન થા. જુઓ, પંડિત લોકો તે તૃપ્તિને સુખ કહે છે કે જે વિષયોથી ઉત્પન્ન ન થઈ હોય તથા અંતથી રહિત હોય, તે તૃપ્તિ મનુષ્ય તથા દેવોને ઉત્તમોત્તમ વિષય ભોગવવા છતાં પણ નથી થઈ શકતી! આ ભોગ વારંવાર ભોગવી ચૂક્યા છીએ, તેમાં કાંઈ પણ રસ બદલતો નથી. જ્યારે તેમાં તે પહેલાંનો જ રસ છે ત્યારે પછી ચર્વણ (ચવાઈ ગયેલાને ફરી ચાવવામાં) કરેલાનું ફરી ચર્વણ કરવામાં શું લાભ છે! જે ઈન્દ્ર સમ્બન્ધી ભોગોથી તૃપ્ત નથી થયો, તે શું મનુષ્યના ભોગોથી તૃપ્ત થઈ શકશે? આ ભોગ, પર્યાયનો નાશ થતા પહેલાં પણ વચ્ચે જ નષ્ટ થઈ જાય છે, તેથી તેને છોડ! આ પ્રકારે મારા વચનોથી જેને વૈરાગ્ય ઉત્પન્ન થઈ ગયો છે એવા પિહિતાશ્રવ રાજાએ મોટા-મોટા વીસ હજાર રાજાઓની સાથે મંદિરસ્થવિર નામક મુનિરાજની સમીપ દીક્ષા લઈને અવધિજ્ઞાન તથા ચારણઋદ્ધિ પ્રાપ્ત કરી. તે જ પિહિતાશ્રવ મુનિરાજે અંબરતિલક નામના પર્વત પર પૂર્વભવમાં તને સ્વર્ગના શ્રેષ્ઠ સુખ દેવાવાળા જિનગુણસંપત્તિ અને શ્રુતજ્ઞાન નામના વ્રત આપ્યા હતા.

આ પ્રકારે હે પુત્રી! જે પિહિતાશ્રવ પહેલાં મારા ગુરુ હતા—માતાના જીવ હતા તે જ પિહિતાશ્રવ વ્રત-દાનની અપેક્ષા તારા પણ પૂજ્ય ગુરુ થયા. મારી માતાના જીવ લલિતાંગે મને ઉપદેશ આપ્યો હતો, તેથી મેં ગુરુના સ્નેહથી મારા સમયમાં થવાવાળા બાવીસ લલિતાંગ દેવોનું સન્માન કર્યું હતું. (એ બાવીસ લલિતાંગમાંથી પહેલા લલિતાંગ તો મારી માતા મનોહરાનો જીવ હતો કે જે ક્રમથી જન્માંતરમાં પિહિતાશ્રવ થયા) અને અંતનો લલિતાંગ તારો પતિ હતો કે જે પૂર્વભવમાં મહાબળ હતો તથા સ્વયંબુદ્ધ મંત્રીના ઉપદેશથી દેવોની વિભૂતિનો અનુભવ કરવાવાળા થયો હતો. તે બાવીસમો લલિતાંગ સ્વર્ગથી ચ્યુત થઈને આ સમયે મનુષ્યલોકમાં સ્થિત છે. તે આપણો અત્યંત નિકટ સંબંધી છે. હે પુત્રી! તે તારો પતિ થશે. હે કમલાનને! હું તે વિષયનો પરિચય કરાવવાવાળી એક બીજી કથા કહું છું, તે પણ સાંભળ.

જ્યારે હું અચ્યુત સ્વર્ગનો ઈન્દ્ર હતો ત્યારે એકવાર બ્રહ્મેન્દ્ર અને લાંતવ સ્વર્ગના ઈન્દ્રોએ ભક્તિપૂર્વક મને પૂછ્યું હતું કે અમે બંનેએ યુગંધર તીર્થંકરના તીર્થમાં સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું છે, તેથી આ સમયે તેમનું પૂર્ણ ચરિત્ર જાણવા ઈચ્છીએ છીએ. તે સમયે મેં તે બંને ઈન્દ્રો તથા પોતાની ઈચ્છાથી સાથે-સાથે આવેલા એ તમે બંને દંપત્તિ (લલિતાંગ અને સ્વયંપ્રભા)ને યુગંધર સ્વામીનું ચરિત્ર આ પ્રકારે કહ્યું હતું.

જંબૂદ્વીપના પૂર્વવિદેહક્ષેત્રમાં એક વત્સકાવતી દેશ છે કે જે ભોગભૂમિ સમાન છે. આ દેશમાં સીતા નદીની દક્ષિણ દિશા તરફ એક સુસીમા નામનું નગર છે, તેમાં કોઈ એક સમયે પ્રહસિત અને વિકસિત નામના બે વિદ્વાન રહેતા હતા, તે બંને જ્ઞાનરૂપી ધનથી સહિત અત્યંત બુદ્ધિમાન હતા. તે નગરના અધિપતિ શ્રીમાન અજિતંજય રાજા હતા. તેમના મંત્રીનું નામ અમિતમતિ અને અમિતમતિની સ્ત્રીનું સત્યભામા હતું. પ્રહસિત, આ બંનેનો જ બુદ્ધિમાન પુત્ર હતો અને વિકસિત તેનો મિત્ર હતો. તે બંને સદાય સાથે-સાથે રહેતા હતા. તે બંને વિદ્વાન હેતુ, હેત્વાભાસ, છળ, જાતિ આદિ વિષયોના પંડિત, વ્યાકરણરૂપી સમુદ્રના પારગામી, સભાને પ્રસન્ન કરવામાં તત્પર, રાજમાન્ય, વાદવિવાદરૂપી ખુજલીને નષ્ટ કરવા માટે ઉત્તમ વૈદ્ય તથા વિદ્વાનોની ગોષ્ઠીમાં યથાર્થજ્ઞાનની પરીક્ષા માટે કસોટી સમાન હતા.

કોઈ એક દિવસ તે બંને વિદ્વાનો રાજાની સાથે અમૃતશ્રાવિણી ૠદ્ધિના ધારક મતિસાગર નામના મુનિરાજના દર્શન માટે ગયા. રાજાએ મુનિરાજથી જીવતત્ત્વનું સ્વરૂપ પૂછ્યું. ઉત્તરમાં તે મુનિરાજ જીવતત્ત્વનું નિરૂપણ કરવા લાગ્યા. તે સમયે પ્રશ્ન કરવામાં ચતુર હોવાના કારણે તે બંને વિદ્વાન પ્રહસિત અને વિકસિત હઠપૂર્વક બોલ્યા કે ઉપલબ્ધિ વિના અમે જીવતત્ત્વ ઉપર વિશ્વાસ કેવી રીતે કરીએ? જ્યારે જીવ જ નથી ત્યારે મૃત્યુ બાદ થવાવાળો પરલોક અને પુણ્ય-પાપ આદિના ફળ કેવી રીતે હોઈ શકે? તે ધીરવીર મુનિરાજ એ વિદ્વાનોના આવા ઉપાલંભરૂપ (નિંદાજનક) વચન સાંભળીને તેમને સમજાવવા માટે આ પ્રમાણે કહેવા લાગ્યા :

તમે લોકોએ જીવનો અભાવ સિદ્ધ કરવા માટે જે અનુપલબ્ધિ હેતુ કહ્યો છે તે અસત્ છે. કારણ કે તેમાં હેતુ સંબંધી અનેક દોષ જોવા મળે છે. ઉપલબ્ધિ પદાર્થના સદ્ભાવનું કારણ ન થઈ શકે કારણ કે અલ્પજ્ઞાનીઓને પરમાણુ આદિ સૂક્ષ્મ, રામ-રાવણ આદિ અંતરિત તથા મેરુ આદિ દૂરવર્તી પદાર્થોની પણ ઉપલબ્ધિ નથી થતી,

પરંતુ તે બધાનો સદ્‌ભાવ માનવામાં આવે છે. તેથી, જીવનો અભાવ સિદ્ધ કરવા માટે તમે જે હેતુ આપ્યો છે તે વ્યભિચારી છે. તે સિવાય એક વાત હું તમને પૂછું છું કે તમે તમારા પિતાના દાદાને જોયા છે કે નહીં? જો નથી જોયા તો તેઓ હતા કે નહીં? જો ન હતા તો તમે ક્યાંથી ઉત્પન્ન થયા? અને જો હતા તો જ્યારે તમે તેમને નથી જોયા—તમને તેમની ઉપલબ્ધિ જ નથી થઈ ત્યારે તેમનો સદ્‌ભાવ કેવી રીતે માની શકાય? જો તેમનો સદ્‌ભાવ માનો છો તો તેની જેમ જ જીવનો પણ સદ્‌ભાવ માનવો જોઈએ. જો એમ માની પણ લેવામાં આવે કે જીવનો અભાવ છે તો અનુપલબ્ધિ હોવાના કારણે તેનો અભાવ સિદ્ધ નથી થઈ શકતો. કારણ કે એવા કેટલાય સૂક્ષ્મ પદાર્થ છે કે જેનું અસ્તિત્વ તો છે, પરંતુ તેની ઉપલબ્ધિ નથી થતી. જેવી રીતે જીવ અર્થને કહેવાવાળો જીવ શબ્દ અને તેના જ્ઞાનનું જીવજ્ઞાન-સદ્‌ભાવ માનવામાં આવે છે, તેવી જ રીતે તેના વાચ્યભૂત બાહ્ય જીવ અર્થનો પણ સદ્‌ભાવ માનવામાં શું નુકશાન છે? કારણ કે જ્યારે જીવ પદાર્થ જ ન હોત તો તેનો વાચક શબ્દ ક્યાંથી આવે? અને તેને સાંભળવાથી તેનું જ્ઞાન પણ કેવી રીતે થાત? જીવ શબ્દ અભ્રાંત બાહ્ય પદાર્થની અપેક્ષા રાખે છે કારણ કે તે સંજ્ઞાવાચક શબ્દ છે. જે-જે સંજ્ઞાવાચક શબ્દ હોય છે તે કોઈ સંજ્ઞાથી પોતાનો સંબંધ રાખે છે; જેવી રીતે લૌકિક ઘટ આદિ શબ્દ, ભ્રાંતિ શબ્દ, મત શબ્દ અને હેતુ આદિ શબ્દ. ઈત્યાદિ યુક્તિઓથી મુનિરાજે જીવ તત્ત્વનો નિર્ણય કર્યો જે સાંભળીને તે બંને વિદ્વાનોએ જ્ઞાનનો અહંકાર છોડીને મુનિને નમસ્કાર કર્યા.

તે બંને વિદ્વાનોએ તે જ મુનિરાજ સમીપ ઉત્કૃષ્ટ તપ ગ્રહણ કરીને સુદર્શન અને આચામ્લવર્ધન વ્રતના ઉપવાસ કર્યા. વિકસિતે નારાયણ પદ પ્રાપ્ત હોવાનું નિદાન પણ કર્યું. આયુષ્યના અંતમાં બંને શરીર છોડીને મહાશુક્ર સ્વર્ગમાં ઈન્દ્ર અને પ્રતિન્દ્ર પદ ઉપર સોળ સાગર પ્રમાણ સ્થિતિના ધારક ઉત્તમ દેવ થયા. તેઓ ત્યાં સુખમાં તન્મય થઈને સ્વર્ગલક્ષ્મીનો અનુભવ કરવા લાગ્યા. પોતાના આયુષ્યના અંતમાં તે બંને ત્યાંથી ચ્યવીને ધાતકીખંડ દ્વીપના પશ્ચિમ ભાગ સંબંધી પૂર્વવિદેહક્ષેત્રમાં પુષ્કલાવતી દેશની પુંડરિકીણી નગરીમાં રાજા ધનંજયની જયસેના અને યશસ્વતી રાણીના બળભદ્ર અને નારાયણના પદ ધારણ કરવાવાળા પુત્ર ઉત્પન્ન થયા. હવે ઉત્પત્તિની અપેક્ષા બંનેના ક્રમમાં વિપર્યય—પલટો થઈ ગયો હતો અર્થાત્ બળભદ્ર ઊર્ધ્વગામી હતા અને નારાયણ અધોગામી હતા. મોટા પુત્રનું નામ મહાબળ તથા નાનાપુત્રનું નામ અતિબળ હતું(મહાબળ પ્રહસિતનો જીવ હતો અને

અતિબળ વિકસિતનો જીવ હતો). રાજ્યના અંતમાં જ્યારે નારાયણ અતિબળનું આયુષ્ય પુરું થઈ ગયું ત્યારે મહાબળે સમાધિગુપ્ત મુનિરાજ પાસે દીક્ષા લઈને અનેક તપ કર્યા કે જેથી આયુષ્યના અંતમાં શરીર છોડીને તે પ્રાણત નામના ચૌદમા સ્વર્ગમાં ઈન્દ્ર થયા. ત્યાં વીસ સાગર સુધી દેવોની લક્ષ્મીનો ઉપભોગ કરતો રહ્યો. આયુષ્ય પૂર્ણ થતા ત્યાંથી ચ્યવીને ધાતકીખંડ દ્વીપના પશ્ચિમ ભાગ સંબંધી પૂર્વવિદેહક્ષેત્રમાં સ્થિત વત્સકાવતી દેશની પ્રભાકરી નગરીના અધિપતિ તથા પોતાના પ્રતાપથી સમસ્ત શત્રુઓને નમ્ર કરવાવાળા મહાસેન રાજાની વસુંધરા નામક રાણીથી 'જયસેન' નામનો પુત્ર થયો. તે પુત્ર ચંદ્રમા સમાન સમસ્ત પ્રજાને આનંદિત કરતો હતો. અનુક્રમથી તેણે ચક્રવર્તી થઈને પહેલાં તો ચિરાકળ સુધી પ્રજાનું શાસન કર્યું અને પછી ભોગોથી વિરક્ત થઈને જિનદીક્ષા ધારણ કરી. સીમંધર સ્વામીના ચરણકમળના મૂળમાં સોલહકારણ ભાવનાઓનું ચિંતવન કરતાં-કરતાં તેણે ઘણા સમય સુધી નિર્દોષ તપશ્ચરણ કર્યું. પછી આયુષ્યના અંતમાં ઉપરિમ ગ્રૈવેયકના મધ્યભાગમાં અર્થાત્ આઠમા ગ્રૈવેયકમાં અહમિન્દ્ર પદ પ્રાપ્ત કર્યું. ત્યાં ત્રીસ સાગર સુધી દિવ્ય સુખોનો અનુભવ કરી ત્યાંથી અવતીર્ણ થયો અને પુષ્કરાર્ધ દ્વીપના પૂર્વવિદેહક્ષેત્રમાં મંગલાવતી દેશના રત્નસંચય નગરમાં અજિતંજય રાજાની વસુમતી રાણીથી 'યુગંધર' નામનો પ્રસિદ્ધ પુત્ર થયો. તે પુત્ર મનુષ્ય તથા દેવો દ્વારા પૂજિત હતો. તે જ પુત્ર ગર્ભ, જન્મ અને તપ આ ત્રણેય કલ્યાણકોમાં ઈન્દ્ર આદિ દેવો દ્વારા કરવામાં આવેલી પૂજાને પ્રાપ્ત કરી આજે અનુક્રમથી કેવળજ્ઞાની થઈ બધા દ્વારા પૂજિત થઈ રહ્યા છે. આ પ્રકારે તે પ્રહસિતના જીવે પુણ્યકર્મથી છાસઠ સાગર(૧૬+૨૦+૩૦=૬૬) સુધી સ્વર્ગના સુખ ભોગવીને અરિહંત પદ પ્રાપ્ત કર્યું. તે યુગંધર સ્વામી આ યુગના સૌથી શ્રેષ્ઠ પુરુષ છે, તીર્થંકર છે, ધર્મરૂપી રથના ચલાવવાવાળા છે તથા ભવ્યજીવરૂપ કમળવનને વિકસિત કરવા માટે સૂર્ય સમાન છે, એવા આ તીર્થંકરદેવ અમારી રક્ષા કરે—સંસારના દુઃખ દૂર કરી મોક્ષપદ પ્રદાન કરે.

તે સમયે મારા આ વચન—યુગંધર તીર્થંકરનું ચરિત્ર સાંભળીને અનેક જીવ સમ્યગ્દર્શનને પ્રાપ્ત થયા તથા તમે બંને (લલિતાંગ અને સ્વયંપ્રભા) પણ પરમ ધર્મપ્રેમને પ્રાપ્ત થયા હતા. હે પુત્રી! તને એ વાતનું સ્મરણ હશે કે જ્યારે પિહિતાશ્રવ ભટ્ટારકને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું હતું તે જ સમયે આપણે લોકોએ સાથે જઈને તેમની પૂજા કરી હતી. હે પુત્રી! તું એ પણ જાણતી હોઈશ કે આપણે લોકો ક્રીડા કરવા માટે સ્વયંભૂરમણ સમુદ્ર તથા

અંજનગિરિ પર જતાં હતા. આ પ્રકારે, પિતાના કહ્યા બાદ શ્રીમતીએ કહ્યું કે હે તાત! આપના પ્રસાદથી હું આ બધું જાણું છું. અંબરતિલક પર્વત પર ગુરુદેવ પિહિતાશ્રવ મુનિના કેવળજ્ઞાનની જે પૂજા કરી હતી તે પણ મને યાદ છે તથા અંજનગિરિ તથા સ્વયંભૂરમણ સમુદ્રમાં જે વિહાર કર્યો હતો તે બધું જ મને યાદ છે. હે પિતાજી! તે બધી જ વાતો પ્રત્યક્ષની જેમ મારા હૃદયમાં પ્રતિભાસિત થઈ રહી છે, પરંતુ મારો પતિ લલિતાંગ ક્યાં ઉત્પન્ન થયો છે તે વિષયમાં મારું ચિત્ત ચંચળ થઈ રહ્યું છે.

આ પ્રકારે કહેતી શ્રીમતીને વજ્રદંત ફરી કહેવા લાગ્યા કે હે પુત્રી! જ્યારે તમે બંને સ્વર્ગમાં સ્થિત હતા ત્યારે હું તમારા ચ્યુત થતાં પહેલાં જ અચ્યુત સ્વર્ગથી ચ્યુત થઈ ગયો હતો અને આ નગરીમાં યશોધર મહારાજ તથા વસુંધરા રાણીને વજ્રદંત નામનો શ્રેષ્ઠ પુત્ર થયો હતો. જ્યારે તમારા બંનેનું આયુષ્ય પચાસ હજાર પૂર્વ વર્ષ બાકી હતું ત્યારે હું સ્વર્ગથી ચ્યુત થયો હતો. તમે બંને પણ પોતાનું બાકીનું આયુષ્ય ભોગવીને સ્વર્ગથી ચ્યુત થયા અને આ દેશમાં યથાયોગ્ય રાજપુત્ર અને રાજપુત્રી થયા છો. આજથી ત્રીજા દિવસે લલિતાંગના જીવ રાજપુત્ર સાથે તારો સમાગમ થઈ જશે. તારી પંડિતા સખી આજે જ તેના બધા જ સમાચાર સ્પષ્ટરૂપથી લાવશે. હે પુત્રી! તે લલિતાંગ તારી ફઈના જ પુત્રરૂપે ઉત્પન્ન થયો છે અને તે જ તારો પતિ થશે. આ સમાગમ એવો આવી ગયો છે કે જાણે જે વેલને ગોતી રહ્યા છીએ તે સ્વયં જ પોતાના પગમાં આવી મળી છે. હે પુત્રી! તારી ફઈ આજે આવી રહી છે, તેથી તેને લાવવા માટે અમે લોકો પણ તેની સન્મુખ જઈએ છીએ, એમ કહીને રાજા વજ્રદંત ઊભા થઈને ત્યાંથી ચાલ્યા ગયા.

રાજા ગયા અને તે જ સમયે પંડિતા સખી આવી પહોંચી. તે સમયે તેનો ચહેરો પ્રફુલ્લિત થઈ રહ્યો હતો અને ચહેરાની પ્રસન્ન કાંતિ કાર્યની સફળતાને સૂચિત કરી રહી હતી. તે આવીને શ્રીમતીને બોલી કે હે કન્યા! તારું ભાગ્ય ખૂબ જ બળવાન છે. આજે તારું મનોરથ પૂર્ણ થયું છે. હું વિસ્તારપૂર્વક બધા સમાચાર કહું છું, તું સાવધાન થઈને સાંભળ. તે સમયે હું તારી આજ્ઞાથી ચિત્રપટ લઈ અને અનેક આશ્ચર્યોથી ભરેલા મહાપૂત નામના જિનાલયમાં ગઈ. મેં ત્યાં જઈને તારું વિચિત્ર ચિત્રપટ ફેલાવીને રાખી દીધું. પોતાને પંડિત માનવાવાળા કેટલાય મૂર્ખ લોકો તેનો આશય સમજી ન શક્યા. તેથી જોઈને જ પાછા ચાલ્યા ગયા હતા. હાં, વાસવ અને દુર્દાન્ત કે

જે ખોટું બોલવામાં ઘણા ચતુર હતા, આ ચિત્રપટ જોઈને ખૂબ જ પ્રસન્ન થયા અને પછી પોતાના અનુમાનથી બોલવા લાગ્યા કે અમે બંને ચિત્રપટનો સ્પષ્ટ આશય જાણીએ છીએ. કોઈ રાજપુત્રીને જાતિસ્મરણ થયું છે, તેથી તેણે પોતાના પૂર્વભવની સમસ્ત ચેષ્ટાઓ લખી છે. આ પ્રકારે કહેતાં-કહેતાં તે ખૂબ જ ચતુરાઈથી બોલ્યા કે આ રાજપુત્રીના પૂર્વજન્મના પતિ અમે જ છીએ. ત્યારે ખૂબ જ હસીને મેં કહ્યું કે કદાચિત્ એવું બની પણ શકે છે. ત્યારબાદ, જ્યારે મેં તેને ચિત્રપટના ગૂઢ અર્થના વિષયમાં પ્રશ્ન કર્યા અને તેને ઉત્તર આપવા માટે બાધ્ય કર્યા ત્યારે તે ચૂપ રહી ગયા અને લજ્જિત થઈ ચૂપચાપ ત્યાંથી ચાલ્યા ગયા.

ત્યારબાદ, તારા સસુરનો તરુણ પુત્ર વજ્રજંઘ ત્યાં આવ્યો કે જે પોતાના દિવ્ય શરીર, કાંતિ અને તેજ દ્વારા સમસ્ત ભૂતળમાં અનુપમ હતો. તે ભવ્યએ આવીને પહેલાં જિનમંદિરની પ્રદક્ષિણા કરી અને પછી જિનેન્દ્રદેવની સ્તુતિ કરી પ્રણામ કર્યા, તેમની પૂજા કરી અને પછી ચિત્રશાળામાં પ્રવેશ કર્યો. તે શ્રીમાન્ આ ચિત્રપટને જોઈને બોલ્યા કે એવું જણાય છે કે જાણે આ ચિત્રપટમાં લખેલું ચરિત્ર મારું પહેલાંનુ જાણીતું હોય! આ ચિત્રપટમાં આ જે ચિત્ર ચિત્રિત કરવામાં આવ્યું છે તેની શોભા વાણીથી અગોચર છે, આ ચિત્ર લંબાઈ, પહોળાઈ, ઊંચાઈ આદિ પ્રમાણથી સહિત છે તથા તેમાં ઉંચા-નીચા બધા પ્રદેશોનો વિભાગ બરાબર દેખાડવામાં આવ્યો છે. આહા! આ ચિત્ર ખૂબ જ ચતુરાઈથી બનાવવામાં આવ્યું છે, તેની દીપ્તિ ખૂબ જ શોભાયમાન છે, તે રસ અને ભાવોથી સહિત છે, મનોહર છે તથા રેખાઓની મધુરતાથી સંગત છે. આ ચિત્રમાં મારા પૂર્વભવનો સંબંધ વિસ્તારપૂર્વક લખવામાં આવ્યો છે. એવું જણાય છે કે હું મારા પૂર્વભવના હોવાવાળા શ્રીપ્રભ વિમાનના અધિપતિ લલિતાંગદેવના સ્વામિત્વને સાક્ષાત્ જોઈ રહ્યો છું. આહા! અહીં આ સ્ત્રીનું રૂપ અત્યંત શોભાયમાન થઈ રહ્યું છે, તે અનેક પ્રકારના આભરણોથી ઉજ્જ્વળ છે અને એવું જણાય છે કે જાણે સ્વયંપ્રભાનું જ રૂપ હોય! પરંતુ આ ચિત્રમાં કેટલાય ગૂઢ વિષય કેમ દેખાડવામાં આવ્યા છે? એવું જણાય છે કે અન્ય લોકોને મોહિત કરવા માટે જ આ ચિત્ર બનાવવામાં આવ્યું છે. આ ઐશાન સ્વર્ગ લખ્યું છે, આ દેદીપ્યમાન શ્રીપ્રભ વિમાન ચિત્રિત કરવામાં આવ્યું છે અને આ શ્રીપ્રભ વિમાનના અધિપતિ લલિતાંગ દેવની સમીપમાં સ્વયંપ્રભા દેવી દેખાડવામાં આવી છે. આ કલ્પવૃક્ષોની પંક્તિ છે, આ કમળોનું શોભાયમાન સરોવર છે, આ મનોહર દોલાગ્રહ (હીંચકાવાળું ઘર) છે અને આ અત્યંત સુંદર કૃત્રિમ પર્વત છે.

આ તરફ પ્રણયકોપ કરીને પરમાઙ્ગમુખ બેઠેલી સ્વયંપ્રભા દેખાડવામાં આવી છે કે જે કલ્પવૃક્ષોની સમીપ વાયુથી ઝુલતી લતા સમાન શોભાયમાન થઈ રહી છે. આ તરફ તટ ભાગ ઉપર લાગેલા મણિઓની ફેલાતી પ્રભારૂપી પડદાથી તિરોહિત (ઢંકાયેલ) મેરુ પર્વતના તટ પર અમારા બંનેની મનોહર ક્રિડા દેખાડવામાં આવી છે. આ તરફ અંતઃકરણમાં છુપાયેલા પ્રેમની સાથે કપટથી કંઈક ઈર્ષ્યા કરતી સ્વયંપ્રભાએ આ પોતાનો પગ હઠપૂર્વક મારી ગોદમાંથી હઠાવીને શૈયાના મધ્યભાગ પર રાખ્યો છે. આ બાજુ આ સ્વયંપ્રભા મણિમય નૂપુરોની ઝનકારથી મનોહર પોતાના ચરણકમળ દ્વારા મને મારવા ચાહે છે, પરંતુ ગૌરવના કારણે જ જાણે સખી સમાન આ કરધનીએ (કંદોરાએ) તેને રોકી દીધો છે. આ તરફ દેખાડવામાં આવ્યું છે કે હું બનાવટી કોપ કરીને બેઠો છું અને મને પ્રસન્ન કરવા માટે અતી નમ્રીભૂત થઈ સ્વયંપ્રભા પોતાનું મસ્તક મારા ચરણો પર રાખી રહી છે. આ બાજુ આ અચ્યુત સ્વર્ગના ઈન્દ્રની સાથે થયેલો મેળાપ તથા પિહિતાશ્રવ ગુરુની પૂજા આદિનો વિસ્તાર દેખાડવામાં આવ્યો છે અને આ જગ્યાના પરસ્પરના પ્રેમભાવથી ઉત્પન્ન થયેલો રતિ આદિનો ભાવ દેખાડ્યો છે. જો કે આ ચિત્રમાં અનેક વાતો દેખાડવામાં આવી છે તેમ છતાં થોડી વાતો છૂટી પણ ગઈ છે. જેમ કે એક દિવસ હું પ્રણયકોપના સમયે આ સ્વયંપ્રભાના ચરણોમાં પડ્યો હતો અને તે પોતાના કોમળ કર્ણફૂલથી મને મારી રહી હતી, પરંતુ આ વિષય અહીં દેખાડવામાં આવ્યો નથી. એક દિવસ તેણે મારા વક્ષઃસ્થળ પર મહાવર લાગેલા પોતાના પગના અંગૂઠાથી છાપ લગાડી હતી, તે છાપ એવી હતી કે જાણે 'આ મારા પતિ છે' એ વાતને સૂચિત કરવાવાળું ચિહ્ન જ હતું, પરંતુ તે વિષય પણ અહીં દેખાડવામાં આવ્યો નથી. મેં તેના પ્રિયંગુફળ સમાન કાંતિમાન કપોળફલક પર ઘણી વાર પત્રરચના કરી હતી, પરંતુ તે વિષય પણ આ ચિત્રમાં દેખાડવામાં આવ્યો નથી. નિશ્ચયથી આ હાથની આવી ચતુરાઈ સ્વયંપ્રભાના જીવની જ છે કારણ કે ચિત્રકળાના વિષયમાં આવી ચતુરાઈ અન્ય કોઈ સ્ત્રીને હોઈ શકતી નથી.

આ પ્રકારે તર્ક-વિતર્ક કરતો થકો તે રાજકુમાર વ્યાકુળની જેમ શૂન્ય હૃદય અને નિમીલિતનયન થઈને ક્ષણવાર કાંઈક વિચારતો રહ્યો. તે સમયે તેની આંખોમાંથી આંસુ વહી રહ્યા હતા અને તે અંતની મરણ અવસ્થાને પ્રાપ્ત થવા જ ઈચ્છતો હતો કે દૈવયોગથી તે જ સમયે મૂર્ચ્છાએ સખી સમાન આવીને તેને પકડી લીધો અર્થાત્

તે મૂર્ચ્છિત થઈ ગયો. તેની આવી અવસ્થા જોઈને ફક્ત મને જ વિષાદ થયો ન હતો, પરંતુ ચિત્રમાં સ્થિત મૂર્તિઓનું અંતઃકરણ પણ આર્દ્ર થઈ ગયું હતું. ત્યારબાદ, પરિચારકોએ તેને અનેક ઉપાયોથી સચેત કર્યો, પરંતુ તેની ચિત્તવૃત્તિ તારી તરફ જ લાગી રહી. તેને સમસ્ત દિશાઓ એવી દેખાતી હતી કે જાણે તારાથી જ વ્યાપ્ત હોય! થોડી જ વાર પછી જ્યારે તે સચેત થયો ત્યારે તે મને આ પ્રકારે પૂછવા લાગ્યો કે હે ભદ્રે! આ ચિત્રમાં મારા પૂર્વભવની આ ચેષ્ટાઓ કોણે લખી છે? મેં જવાબ આપ્યો કે તમારા મામાની એક શ્રીમતી નામની પુત્રી છે, તે સ્ત્રીઓની સૃષ્ટિની એકમાત્ર મુખ્ય નાયિકા છે—તે સ્ત્રીઓમાં સૌથી વધારે સુંદર છે અને પતિવરણ કરવાને યોગ્ય અવસ્થામાં વિદ્યમાન છે અર્થાત્ અવિવાહિતા છે. હે રાજકુમાર! તમે તેને ઉજ્જ્વળ વસ્ત્રથી શોભાયમાન કામદેવની ધ્વજા જ સમજો અથવા સ્ત્રી-સૃષ્ટિના માધુર્યથી શોભાયમાન અંતિમ નિર્માણરેખા જ જાણો અર્થાત્ સ્ત્રીઓમાં તેનાથી વધીને સુંદર સ્ત્રીની રચના હોઈ શકતી નથી. તેના લંબાઈમાન કટાક્ષ એવા છે કે જાણે પુર્ણ યૌવનના પ્રારંભને સૂચિત કરવાવાળા સૂત્રપાત જ હોય! તેના એવા આ કટાક્ષોથી જ કામદેવ પોતાના બાણોના કૌશલની પ્રશંસા કરે છે અર્થાત્ તેના લંબાઈમાન કટાક્ષોને જોઈને એવું જણાય છે કે તેના શરીરમાં પૂર્ણ યૌવનનો પ્રારંભ થઈ ગયો છે તથા કામદેવ કે જે પોતાના બાણોની પ્રશંસા કર્યા કરે છે તે તેના કટાક્ષોના ભરોસે જ કર્યા કરે છે. તેનું મુખરૂપી ચંદ્ર સદાય દાંતોના ઉજ્જ્વળ કિરણોથી શોભાયમાન રહે છે, તેથી એવું જણાય છે કે જાણે લક્ષ્મીના હાથમાં સ્થિત ક્રિડા કમળને જ જીતવા માગે છે. ચાલતા સમયે તેના લાક્ષારસથી રંગેલા ચરણોને લાલ કમળ સમજીને કમળ શીઘ્ર જ ઘેરી લે છે. તેના કર્ણફૂલ પર બેઠેલી તથા મનોહર શબ્દ કરતી ભ્રમરીઓ એવી લાગે છે કે જાણે તેને કામશાસ્ત્રનો જ ઉપદેશ આપી રહી હોય અને તેથી તે તેને મારવા છતાં પણ ત્યાંથી હઠતી નથી. રાજા વજ્રદંતની પ્રિય પુત્રી તે શ્રીમતીએ જ આ ચિત્રમાં પોતાનું કલાકૌશલ દેખાડ્યું છે કે જે લક્ષ્મીની જેમ અનેક અર્થીજનો દ્વારા પ્રાર્થનીય છે અર્થાત્ જેને અનેક અર્થીજન ઇચ્છે છે, જે યૌવનવતી હોવાના કારણે સ્થૂળ અને કઠોર સ્તનોથી સહિત છે તથા જે સારા-સારા મનુષ્યો દ્વારા શોધ કરવા યોગ્ય છે અર્થાત્ દુર્લભ છે. એવી તે શ્રીમતી આજે આપની શોધ કરી રહી છે અને આપની શોધ માટે જ તેણે મને અહીં મોકલી છે. તેથી સમજવું જોઈએ કે આપના સમાન બીજું કોઈ પુણ્યવાન નથી. તે પ્યારી શ્રીમતી આપના સ્વર્ગનું નામ લલિતાંગ બતાવે છે, પરંતુ તે જૂઠ છે કારણ કે આપ આ મનુષ્યભવમાં પણ સૌમ્ય તથા સુંદર અંગોના ધારક હોવાથી સાક્ષાત્ લલિતાંગ દેખાવ છો.

આ પ્રકારે મારા કહેવાથી તે રાજકુમાર કહેવા લાગ્યા કે સારું પંડિતે! સારું, તે ઘણું સારું કર્યું. ઈચ્છિત પદાર્થોની સિદ્ધિમાં કર્મોનો ઉદય પણ ખૂબ વિચિત્ર હોય છે. **જુઓ, અનુકૂળતાને પ્રાપ્ત થયેલો કર્મોનો ઉદય જીવોને જન્માંતરથી લાવીને આ બીજા ભવમાં પણ શીઘ્ર જ મળાવી દે છે. અનુકૂળતાને પ્રાપ્ત થયેલો દૈવ અભિષ્ટ**(મનવાંછિત) **પદાર્થોને કોઈ બીજા દ્વીપથી, દિશાઓના અંતથી, કોઈ અંતરદ્વીપ—ટાપુથી અથવા સમુદ્રથી લાવીને તેનો સંયોગ કરાવી દે છે.** આ પ્રકારે, જે અનેક વચન કહી રહ્યો હતો, જેના હાથથી પરસેવો નિકળી રહ્યો હતો તથા જેને કુતૂહલ ઉત્પન્ન થઈ રહ્યું હતું એવા તે રાજકુમાર વજ્રજંઘે આપણું ચિત્રપટ પોતાના હાથમાં લઈ લીધું અને આ પોતાનું ચિત્ર મારા હાથમાં સોંપી દીધું. જુઓ! આ ચિત્રમાં તારા ચિત્રથી મળતા બધા જ વિષય સ્પષ્ટ દેખાઈ રહ્યા છે. જેવી રીતે પ્રત્યાહારશાસ્ત્ર-વ્યાકરણશાસ્ત્રમાં સૂત્ર, વર્ણ અને ધાતુઓના અનુબંધનો ક્રમ સ્પષ્ટ રહે છે, તેવી જ રીતે આ ચિત્રમાં પણ રેખાઓ, રંગો અને અનુકૂળ ભાવોનો ક્રમ અત્યંત સ્પષ્ટ દેખાઈ રહ્યો છે અર્થાત્ જ્યાં જે રેખા જોઈએ ત્યાં તે જ રેખા બનાવવામાં આવી છે, જ્યાં જે રંગ જોઈએ ત્યાં તે જ રંગ ભરવામાં આવ્યો છે અને જ્યાં જેવા ભાવ દેખાડવા જોઈએ ત્યાં તેવા જ ભાવ દેખાડવામાં આવ્યા છે. રાજકુમારે તને આ ચિત્ર શું આપ્યું કે જાણે પોતાના મનનો અનુરાગ જ સોંપી દીધો છે અથવા તારા મનોરથને સિદ્ધ કરવા માટે સત્યંકાર—બાનુ જ આપ્યું છે. પોતાનું ચિત્ર મને આપ્યા બાદ રાજકુમારે હાથ ફેલાવીને કહ્યું કે હે આર્યે! તારા દર્શન ફરી થાઓ, આ સમયે જાઓ, અમે પણ જઈએ છીએ. આ પ્રકારે કહીને તે જિનાલયથી બહાર નીકળીને ચાલ્યા ગયા અને હું એ સમાચારને લઈને અહીં આવી છું. એમ કહીને પંડિતાએ વજ્રજંઘે આપેલું ચિત્રપટ ફેલાવીને શ્રીમતીની સામે રાખી દીધું.

શ્રીમતીએ આ ચિત્રપટને ઘણીવાર સુધી નિરખી-નિરખીને જોયું અને જોઈને તેને પોતાના મનોરથો પૂર્ણ થવાનો વિશ્વાસ થઈ ગયો અને તે નિશ્ચિંત થઈ ગઈ. જેવી રીતે ચિરકાળથી સંતપ્ત થયેલી ચાતકી મેઘનું આગમન જોઈને હર્ષિત થાય છે, જેવી રીતે હંસીની શરદઋતુમાં કિનારાની નીકળેલી જમીન જોઈને પ્રસન્ન થાય છે, જેવી રીતે ભવ્ય જીવ અધ્યાત્મશાસ્ત્રને જોઈને પ્રમુદિત થાય છે, જેવી રીતે કોયલ પાકેલા આમ્રવનને જોઈને આનંદિત થાય છે અને જેવી રીતે દેવોની સેના નંદીશ્વર દ્વીપને પામીને પ્રસન્ન થાય છે, તેવી જ રીતે શ્રીમતી એ ચિત્રપટને

પ્રાપ્ત કરીને પ્રસન્ન થઈ હતી! તેની બધી જ આકુળતા દૂર થઈ ગઈ હતી. બરાબર જ છે કે અભિલાષિત વસ્તુની પ્રાપ્તિ કોની ઉત્કંઠા દૂર નથી કરતી? ત્યારબાદ, શ્રીમતી ઈચ્છાનુસાર વર પ્રાપ્ત થવાથી કૃતાર્થ થઈ જશે એ વાતનું સમર્થન કરવા માટે પંડિતા શ્રીમતીને એ અવસરને યોગ્ય વચન કહેવા લાગી.



હે કલ્યાણી! દૈવયોગથી તું શીઘ્ર જ અનેક કલ્યાણ પ્રાપ્ત કર! તું વિશ્વાસ રાખ કે હવે પ્રાણનાથની સાથે તારો સમાગમ શીઘ્ર જ થશે. તે રાજકુમાર ત્યાંથી ચૂપચાપ ચાલ્યા ગયા તેથી શંકા ન કર કારણ કે તે સમયે પણ તેમનું ચિત્ત તારામાં જ લાગેલું હતું, એ વાતનો મેં સારી રીતે નિશ્ચય કરી લીધો છે. તે જતા સમયે દરવાજા પર ઘણીવાર સુધી રાહ જોતો રહ્યો, વારંવાર મને જોતો રહ્યો અને સુખપૂર્વક ગમન કરવાયોગ્ય ઉત્તમમાર્ગમાં ચાલવા છતાં પણ ડગલે-પગલે સ્ખલિત થઈ જતો હતો. તે હસતો હતો, આળસ લેતો હતો, કંઈક યાદ કરતો હતો, દૂર સુધી જોતો હતો અને ઉષ્ણ તથા ઊંડો શ્વાસ છોડતો હતો. આ બધા ચિહ્નોથી જણાતું હતું કે તેનામાં કામજ્વર વધી રહ્યો છે. તે વજ્રજંઘ, રાજા વજ્રદંતનો ભાણેજ છે અને લક્ષ્મીમતી દેવીના ભાઈનો પુત્ર છે. તેથી તારા માતાપિતા પણ તેને શ્રેષ્ઠ વર સમજે છે. આ સિવાય તે લક્ષ્મીવાન છે, ઉચ્ચકુળમાં ઉત્પન્ન થયો છે, ચતુર છે, સુંદર છે અને સજ્જનો દ્વારા માન્ય છે. આ પ્રકારે, તેનામાં વરને યોગ્ય બધા જ ગુણ વિદ્યમાન છે. હે કલ્યાણી! તું લક્ષ્મી અને સરસ્વતીની સૌત થઈને સેંકડો સુખોનો અનુભવ કરતી થકી ચિરકાળ સુધી તેના હૃદયરૂપી ઘરમાં નિવાસ કરીશ. જો સામાન્ય ગુણોની અપેક્ષાએ વિચાર કરવામાં આવે તો લક્ષ્મી અને સરસ્વતી બંને તારી ઉપમાને પામી શકતી નથી. કારણ કે તું અનોખી લક્ષ્મી છે અને અનોખી જ સરસ્વતી છે. જેના પાન ફાટેલા છે, જે સદાય સંકુચિત થતું રહે છે અને જે પરાગરૂપી ધૂળથી સહિત છે એવી કમળરૂપી ઝૂપડીમાં જે લક્ષ્મીનો જન્મ થયો છે તેને લક્ષ્મી નથી કહી શકતા, તે તો અલક્ષ્મી—દરિદ્રા છે. તને તેની ઉપમા કઈ રીતે દઈ શકાય! તેવી જ રીતે ઉચ્છિષ્ટ અને ચંચળ જીભના અગ્રભાગરૂપી પલ્લવ ઉપર જેનો જન્મ થયો છે, તે સરસ્વતી પણ નીચકુળમાં ઉત્પન્ન થવાના કારણે તારી ઉપમાને પ્રાપ્ત કરી શકતી નથી. કારણ કે તારું કુળ અતિશય શુદ્ધ છે—તું ઉચ્ચકુળમાં ઉત્પન્ન થઈ છે. હે લતાંગી! જેવી રીતે પવિત્ર માનસ સરોવરમાં રાજહંસી ક્રિડા કર્યા કરે છે, તેવી જ રીતે તું પણ લલિતાંગ—વજ્રજંઘના પવિત્ર અને એકાંત મનમાં અનેક વર્ષો સુધી ક્રીડા કર. વિધાતા તમારા બંનેનો યોગ્ય સમાગમ

કરી કૃતકૃત્યપણાને પ્રાપ્ત થશે, કારણ કે જો તે આવું ન કરે અર્થાત્ તમારા બંનેનો સમાગમ ન કરે તો લોકનિંદાથી કેવી રીતે બચે? તેથી હે ભદ્રે! ધૈર્ય ધર, તારો પતિ શીઘ્ર જ આવશે. જો, તારા પતિના આગમન માટે આખું નગર કેવું અતિશય કૌતુકપૂર્ણ થઈ રહ્યું છે. આ રીતે, પંડિતાએ વજ્રજંઘ સંબંધી અનેક મનોહર વાતો કહીને શ્રીમતીને સુખી કરી, પરંતુ તે તેની પ્રાપ્તિના વિષયમાં હજી સુધી પણ નિરાકુળ નથી થઈ.

આ બાજુ પંડિતાએ શ્રીમતીને જ્યાં સુધી બધા સમાચાર કહ્યા ત્યાં સુધીમાં મહારાજ વજ્રદંત વિશાળ ભ્રાતૃપ્રેમસહિત અડધે સુધી સામે જઈને વજ્રબાહુ રાજાને લઈ આવ્યા. રાજા વજ્રદંત પોતાના બનેવી, બહેન અને ભાણેજને જોઈને પરમ પ્રીતિને પ્રાપ્ત થયા. તે બરાબર જ છે કે ઈષ્ટજનોના દર્શન પ્રીતિ માટે જ હોય છે. ત્યારબાદ, થોડા સમય સુધી કુશળમંગળની વાતો થતી રહી અને પછી ચક્રવર્તી તરફથી બધા મહેમાનોનો ઉચિત સત્કાર કરવામાં આવ્યો. સ્વયં ચક્રવર્તી દ્વારા કરાવાયેલા સત્કારને પામીને રાજા વજ્રબાહુ ખૂબ જ પ્રસન્ન થયા. **સત્ય છે કે સ્વામી દ્વારા કરવામાં આવેલો સત્કાર સેવકોની પ્રીતિ માટે જ હોય છે.** આ પ્રકારે, જ્યારે બધા પરિવારજન સંતોષપૂર્વક સુખથી બેઠા હતા ત્યારે ચક્રવર્તીએ પોતાના બનેવી રાજા વજ્રબાહુને કહ્યું કે જો આપની મારા ઉપર અસાધારણ પ્રીતિ છે તો મારા ઘરમાં જે કાંઈ વસ્તુ આપને સારી લાગતી હોય તે જ લઈ લો. આજે આપ પુત્ર અને સ્ત્રીસહિત મારા ઘરે પધાર્યા છો, તેથી મારું મન પ્રીતિની અંતિમ સીમાને પ્રાપ્ત થઈ રહ્યું છે. આપ મારા ઈષ્ટબંધુ છો અને આજે પુત્રસહિત મારા ઘરે આવ્યા છો, તેથી દેવાયોગ્ય આનાથી વધીને અને આવો ક્યો અવસર મને પ્રાપ્ત થઈ શકે? તેથી આ અવસર પર એવી કોઈ વસ્તુ નથી કે જે હું તમને આપી ન શકું. હે પ્રિય! મારી આ પ્રેમભરી પ્રાર્થનાને સ્વીકારશો. આ પ્રકારે પ્રેમથી વશીભૂત ચક્રવર્તીના વચન સાંભળીને રાજા વજ્રબાહુએ આ પ્રકારે ઉત્તર આપ્યો કે હે ચક્રી! તમારા પ્રસાદથી મારે ત્યાં બધું જ છે, હું તમારી પાસે કઈ વસ્તુની પ્રાર્થના કરું? આજે તમે સન્માનપૂર્વક મારી સાથે જે વ્યવહાર કર્યો છે—ભેટ આદિ દ્વારા સ્નેહ પ્રગટ કર્યો છે તે જાણે કે તમે મને સ્નેહની સૌથી ઊંચી ભૂમિ ઉપર જ બેસાડી દીધો છે. હે દેવ! નષ્ટ થઈ જવાવાળું આ ધન શું વસ્તુ છે! આ તમે સંપન્ન બનાવવાવાળી દૃષ્ટિ મારા ઉપર સમર્પિત કરી છે તે જ મારા માટે ઘણું છે. હે દેવ! આજે તમે મને સ્નેહપૂર્ણ દૃષ્ટિથી જોયો, તેથી હું આજે કૃતકૃત્ય થઈ ગયો છું, ધન્ય થયો છું અને મારું જીવન પણ આજે

સફળ થયું છે. હે દેવ! જેવી રીતે લોકમાં શાસ્ત્રોની રચના કરવાવાળા તથા પ્રસિદ્ધ ધાતુઓથી બનેલા જીવ, અજીવ આદિ શબ્દ પરોપકાર કરવા માટે જ અર્થને ધારણ કરે છે, તેવી જ રીતે આપ જેવા ઉત્તમ પુરુષો પણ પરોપકાર કરવા માટે અર્થને–ધન-ધાન્ય આદિ વિભૂતિઓને ધારણ કરો છો.

હે દેવ! તમને તે વસ્તુથી જ સંતોષ થાય છે કે જે યાચકોના ઉપયોગમાં આવે છે અને તેનાથી પણ વધીને સંતોષ એ પ્રમાણે થાય છે કે જે ધન આદિ વિભાગથી રહિત–સમ્મિલિતરૂપથી રહેવાવાળા બંધુઓને ઉપયોગમાં આવે છે. તેથી, આપના જે ધનને હું ઈચ્છાનુસાર ભોગવી શકું છું એવું તે ધન ધરોહરરૂપથી આપની પાસે જ રહે, આ સમયે મને આવશ્યકતા નથી. હે દેવ! આપની પાસે ધન નહીં માગવામાં મને કોઈ અહંકાર નથી અને ન આપના વિષયમાં મને કોઈ અનાદર જ છે. હે દેવ! જો કે મને કોઈ વસ્તુની આવશ્યકતા નથી, તેમ છતાં આપની આજ્ઞાને પૂજ્ય માનીને તમારાથી પ્રાર્થના કરું છું કે તમે તમારી શ્રીમતી નામની ઉત્તમ કન્યા મારા પુત્ર વજ્રજંઘને આપી દ્યો. આ વજ્રજંઘ પ્રથમ તો આપનો ભાણેજ છે અને બીજું આપનો ભાણેજ હોવાથી જ તેનું ઉચ્ચકુળ પ્રસિદ્ધ છે, ત્રીજું આજે આપે તેનો જે સત્કાર કર્યો છે તે તેની યોગ્યતાને પુષ્ટ કરે છે અથવા એ બધું કહેવું વ્યર્થ છે, વજ્રજંઘ બધી જ રીતે આપની કન્યાને ગ્રહણ કરવાને યોગ્ય છે. કારણ કે લોકમાં એવી કહેવત પ્રસિદ્ધ છે કે કન્યા હસતી હોય કે રોતી હોય, અતિથિ તેનો અધિકારી હોય છે. તેથી, હે સ્વામી! તમારા ભાણેજ વજ્રજંઘને પુત્રી આપવા માટે પ્રસન્ન થાઓ. હું આશા રાખું છું કે મારી પ્રાર્થના સફળ થાઓ અને આ કુમાર વજ્રજંઘ જ તેનો પતિ થાય. હે દેવ! ધન, સવારી આદિ વસ્તુઓ તો મને આપની પાસેથી અનેકવાર મળી ચૂકી છે, તેથી તેનાથી શું પ્રયોજન છે? આ વખતે તો કન્યારત્ન આપો કે જે પહેલાં ક્યારેય નથી મળ્યું.

આ પ્રકારે, રાજા વજ્રબાહુએ જે પ્રાર્થના કરી હતી, તેને ચક્રવર્તીએ આમ કહીને સ્વીકાર કરી લીધી કે તમે જેવું કહ્યું છે તેમ જ થાઓ, યુવાવસ્થાને પ્રાપ્ત થયેલા બંનેનો આ સમાગમ અનુકૂળ જ છે. સ્વભાવથી જ સુંદર શરીરને ધારણ કરવાવાળો આ વજ્રજંઘ જ વર થાઓ અને અનેક ગુણોથી યુક્ત કન્યા શ્રીમતી તેની પત્ની થાઓ. તે બંનેનો પ્રેમ જન્માંતરોથી ચાલ્યો આવી રહ્યો છે, તેથી આ જન્મમાં પણ ચંદ્ર અને ચાંદની સમાન તે બંનેનો યોગ્ય સમાગમ થાઓ. આ લોકોત્તર કાર્યનો મેં પહેલાં જ વિચાર કરી લીધો હતો અથવા આ બંનેનું દૈવ આ

વિષયમાં પહેલેથી જ સાવધાન થઈ રહ્યું છે. એ વિષયમાં આપણે લોકો કોણ હોઈ શકીએ? આ પ્રકારે ચક્રવર્તી દ્વારા કહેલા વચનોનું સત્કાર કરી તે પવિત્ર બુદ્ધિનો ધારક રાજા વજ્રબાહુ પ્રીતિની પરમ સીમા પર આરૂઢ થયેલો અત્યંત પ્રસન્ન થયો. તે સમયે વજ્રજંઘની માતા વસુંધરા મહાદેવી પોતાના પુત્રના વિવાહરૂપ સંપદાથી એટલી અધિક હર્ષિત થઈ કે તે પોતાના અંગમાં પણ સમાઈ રહી ન હતી. તે સમયે વસુંધરાના શરીરમાં પુત્રના વિવાહરૂપ મહોત્સવથી રોમાંચ થઈ ગયો હતો કે જે એવો જણાતો હતો કે જાણે હર્ષના અંકુર જ હોય! મંત્રી, મહામંત્રી, સેનાપતિ, પુરોહિત, સામંત તથા નગરવાસી આદિ બધા લોકોએ તે વિવાહની પ્રશંસા કરી. તે કુમાર વજ્રજંઘ કામદેવ સમાન સુંદર આકૃતિનો ધારક છે અને શ્રીમતી પોતાની સૌંદર્ય સંપત્તિથી રતિને જીતવા ઈચ્છે છે. તે કુમાર સુંદર છે અને તે કુમારી કન્યા પણ સુંદરી છે, તેથી દેવ દેવાંગનાની લીલાને ધારણ કરવાવાળા આ બંનેનો યોગ્ય સમાગમ થવો જોઈએ. આ પ્રકારે આનંદના વિસ્તારને ધારણ કરતું તે નગર ખૂબ જ શોભાયમાન થઈ રહ્યું હતું અને રાજમહેલનું તો કહેવું જ શું હતું? તે તો જાણે કે બીજી જ શોભાને પ્રાપ્ત થઈ રહ્યું હતું, તેની તો શોભા જ બદલાઈ ગઈ હતી.

ચક્રવર્તીની આજ્ઞાથી 'વિશ્વકર્મા' નામક મનુષ્યરત્નોએ મહામૂલ્ય રત્નો અને સુવર્ણથી મહામંડપ તૈયાર કર્યો હતો. તે વિવાહ મંડપમાં સુવર્ણના સ્તંભ લાગેલા હતા અને તેની નીચે રત્નોથી શોભાયમાન તળકુંભ લાગેલા હતા, તે તળકુંભથી તે સુવર્ણના સ્તંભ એવા સુશોભિત થઈ રહ્યા હતા કે જેવી રીતે સિંહાસનથી રાજા સુશોભિત થાય છે. તે મંડપમાં સ્ફટિકની દિવાલો ઉપર અનેક મનુષ્યોના પ્રતિબિંબ પડતા હતા કે જેથી તે દિવાલો ચિત્રિત સમાન જણાતી હતી અને તેથી દર્શકોના મન મનોરંજિત કરી રહી હતી. તે મંડપની ભૂમિ નીલરત્નોથી બનેલી હતી, તેના ઉપર જ્યાં ત્યાં ફૂલ પાથરવામાં આવ્યા હતા. તે ફૂલોથી તે એવી સુશોભિત થઈ રહી હતી કે જાણે તારાઓથી વ્યાપ્ત આકાશ જ હોય! તેમ મંડપની અંદર જે મોતીઓની માળા લટકતી હતી તે એવી સુંદર જણાતી હતી કે જાણે કોઈએ કૌતુકવશ ફેણસહિત મૃણાલ જ લટકાવી દીધો હોય! તે મંડપની મધ્યમાં પદ્મરાગમણિઓની એક મોટી વેદી બની હતી કે જે એવી જણાતી હતી કે જાણે મનુષ્યોના હૃદયનો અનુરાગ જ વેદીના આકારમાં પરિણત થઈ ગયો હોય! તે મંડપના અંતમાં ચૂનાથી રંગાયેલા સફેદ શિખર એવા શોભાયમાન થઈ રહ્યા હતા કે જાણે પોતાની

શોભાથી સંતુષ્ટ થઈને દેવોના વિમાનોની મજાક જ કરી રહ્યા હોય! તે મંડપની બધી બાજુ એક નાની વેદિકા બનેલી હતી, તે વેદિકા તેના કટિસૂત્ર સમાન જણાતી હતી. તે વેદિકારૂપ કટિસૂત્રથી ઘેરાયેલો મંડપ એવો જણાતો હતો કે જાણે બધી તરફથી દિશાઓથી રોકવાવાળી સૌંદર્યની સીમાથી જ ઘેરાયો હોય! અનેક પ્રકારના રત્નોથી ખૂબ જ ઊંચો બનેલો તેનો ગોપુર-દ્વાર એવો જણાતો હતો કે જાણે રત્નોની ફેલાયેલી કાંતિના સમૂહથી ઇન્દ્રધનુષ જ બની રહ્યું હોય! તે મંડપનો અંદરનો દરવાજો બધા પ્રકારના રત્નોથી બનાવવામાં આવ્યો હતો અને તેની બંને તરફ મંગળ દ્રવ્ય રાખવામાં આવ્યા હતા, જેથી એવું જણાતું હતું કે જાણે લક્ષ્મીના પ્રવેશ માટે જ બનાવવામાં આવ્યો હોય! તે સમયે વજ્રદંત ચક્રવર્તીએ મહાપૂત ચૈત્યાલયમાં આઠ દિવસ સુધી કલ્પવૃક્ષ નામની મહાપૂજા કરી હતી.

ત્યારબાદ, જ્યોતિષીઓ દ્વારા બતાવાયેલા શુભ દિવસ, શુભ લગ્ન અને ચંદ્ર તથા તારાઓના બળથી સહિત શુભ મુહૂર્ત આવ્યું, તે દિવસે નગર વિશેષ સજાવવામાં આવ્યું. ચારે તરફ તોરણ લગાવવામાં આવ્યા તથા બીજી પણ વિભૂતિ પ્રગટ કરવામાં આવી કે જેથી તે સ્વર્ગલોક સમાન શોભાયમાન થવા લાગ્યું. રાજ્યભવનના આંગણામાં બધી બાજુ સઘનચંદન છાંટવામાં આવ્યું તથા ગુંજાર કરતાં ભ્રમરોથી સુશોભિત પુષ્પ બધી બાજુ વેરવામાં આવ્યા. આ બધા કારણોથી તે રાજભવનનું આંગણ ખૂબ જ શોભાયમાન થઈ રહ્યું હતું. તે આંગણમાં વરવધૂને બેસાડવામાં આવ્યા તથા વિધિવિધાનને જાણવાવાળા ગૃહસ્થાચાર્યોએ પવિત્ર જળથી ભરેલા રત્નજડિત સુવર્ણમય કળશોથી તેમનો અભિષેક કર્યો. તે સમયે રાજમંદિરમાં શંખના શબ્દોથી મળેલો મોટા-મોટા દુદુંભીઓનો ભારે કોલાહલ થઈ રહ્યો હતો અને તે આકાશનું પણ ઉલ્લંઘન કરી બધી તરફ ફેલાઈ ગયો હતો. શ્રીમતી અને વજ્રજંઘના વિવાહ-અભિષેકના સમયે અંતઃપુરનો એવો કોઈ મનુષ્ય ન હતો કે જે હર્ષથી સંતુષ્ટ થઈ નૃત્ય ન કરી રહ્યો હોય! તે સમયે વારાંગનાઓ, કુળવધૂઓ અને સમસ્ત નગરનિવાસીઓ એ બંને વરવધૂઓને આશીર્વાદની સાથે-સાથે પવિત્ર પુષ્પ અને અક્ષત દ્વારા પ્રસાદ પ્રાપ્ત કરાવી રહ્યા હતા. અભિષેક પછી તે બંને વરવધૂએ ક્ષીરસાગરની લહેરો સમાન અત્યંત ઉજ્જ્વળ ઝીણા અને નવીન રેશમી વસ્ત્ર ધારણ કર્યા.

ત્યારબાદ, બંને વરવધૂ અતિશય મનોહર પ્રસાધન ગૃહમાં જઈને પૂર્વદિશા તરફ મોઢું રાખીને બેસી ગયા અને ત્યાં તેમણે વિવાહ-મંગળને યોગ્ય ઉત્તમોત્તમ આભૂષણો ધારણ કર્યા. પહેલાં તેમણે પોતાના આખા શરીરમાં ચંદનનો

લેપ કર્યો, પછી લલાટ પર વિવાહ-ઉત્સવને યોગ્ય ઘસેલા ચંદનથી તિલક લગાવ્યું. ત્યારબાદ, સફેદ ચંદન અથવા કેશરથી શોભાયમાન વક્ષઃસ્થળ પર ગોળ નક્ષત્રમાળા સમાન સુશોભિત મોટા-મોટા મોતીઓથી બનેલા હાર ધારણ કર્યા. કુટિલ કેશોથી સુશોભિત તેમના મસ્તક પર ધારણ કરવામાં આવેલી માળા નીલગિરિના શિખર સમાન વહેતી સીતા નદી સમાન શોભાયમાન થઈ રહી હતી. તે બંનેએ કાનોમાં એવા કર્ણભૂષણ ધારણ કર્યા હતા કે જેમાં લાગેલા રત્નોના કિરણોથી તેમનું મુખકમળ ઉત્કૃષ્ટ શોભાને પ્રાપ્ત થઈ રહ્યું હતું. તે બંને શરદઋતુની ચાંદની અથવા મૃણાલ-તંતુ સમાન સુશોભિત સફેદ, ગોઠણ સુધી લટકતી પુષ્પમાળાથી અતિશય શોભાયમાન થઈ રહ્યા હતા. કડા, બાજુબંધ, કેયુર અને અંગૂઠી આદિ આભૂષણ ધારણ કરવાથી તે બંનેની ભૂજાઓ ભૂષણાંગ જાતિના કલ્પવૃક્ષની શાખાઓની જેમ અતિશય સુશોભિત થઈ રહી હતી. તે બંનેએ પોતપોતાના નિતંબ ભાગ પર કરધની પહેરી હતી, તેમાં લાગેલી નાની-નાની ઘંટડીઓ મધુર શબ્દ કરી રહી હતી. તે કરધનીઓથી તે એવા શોભાયમાન થઈ રહ્યા હતા કે જાણે તેમણે કામદેવરૂપી હાથીના વિજયસૂચક વાજા જ ધારણ કર્યા હોય! શ્રીમતીના બંને ચરણ મણિમય નૂપુરોના ઝનકારથી એવા જણાતા હતા જાણે કે ભ્રમરના મધુર શબ્દોથી શોભાયમાન કમળ જ હોય! વિવાહ સમયે આભૂષણ ધારણ કરવા જોઈએ, ફક્ત આ પદ્ધતિને પૂર્ણ કરવા માટે તેમણે મોટા-મોટા આભૂષણ ધારણ કર્યા હતા, નહીં તો તેમના સુંદર શરીરની શોભા જ તેમના આભૂષણ હતા. સાક્ષાત્ લક્ષ્મી સમાન લક્ષ્મીમતીએ સ્વયં પોતાની પુત્રી શ્રીમતીને અલંકૃત કરી હતી અને સાક્ષાત્ વસુંધરા સમાન વસુંધરાએ પોતાના પુત્ર વજ્રજંઘને આભૂષણ પહેરાવ્યા હતા.

આ પ્રકારે અલંકાર ધારણ કર્યા બાદ તે બંને કે જેમની મંગલક્રિયા પહેલાં જ થઈ ગઈ છે, તેઓને રત્નવેદી પર યથાયોગ્ય રીતિથી બેસાડવામાં આવ્યા. મણિમય દીપકના પ્રકાશથી જગમગતી અને મંગળ દ્રવ્યોથી સુશોભિત તે વેદી તે બંનેના બેસી જવાથી એવી શોભાયમાન થવા લાગી કે જાણે દેવ-દેવીઓથી સહિત મેરુ પર્વતની તળેટી જ હોય! તે સમયે સમુદ્ર સમાન ગંભીર શબ્દ કરતાં દંડાથી વગાડવામાં આવેલા નગારા ખૂબ જ મધુર શબ્દ કરતાં હતા, વારાંગનાઓ મધુર મંગળ ગીતો ગાઈ રહી હતી અને બંદીજન માગધજનોની સાથે મળીને ચારે તરફ ઉત્સાહવર્ધક મંગળ પાઠ બોલી રહ્યા હતા. જેની ભ્રોંહ ઉપર ઊઠેલી છે એવી વારાંગનાઓ લય-તાન આદિથી સુશોભિત તથા રુણઝુણ શબ્દ કરતાં નૂપુર અને મેખલાઓથી મનોહર નૃત્ય કરી રહી હતી. ત્યારબાદ, જેમના

મસ્તક સિદ્ધ પ્રતિમાના જળથી પવિત્ર કરવામાં આવ્યા છે એવા વર-વધૂને અતિશય શોભાયમાન સુવર્ણના પાટ પર બેસાડવામાં આવ્યા. ગોઠણ સુધી લાંબી ભૂજાઓના ધારક ચક્રવર્તીએ સ્વયં પોતના હાથમાં ભૃંગાર ધારણ કર્યું, તે ભૃંગાર સુવર્ણથી બનેલું હતું અને મોટા-મોટા રત્નોથી જડેલું હતું તથા મોતીઓથી અતિશય ઉજજ્વળ હતું. મુખ પર રાખેલા અશોકવૃક્ષના પલ્લવોથી તે ભૃંગાર એવું શોભાયમાન થઈ રહ્યું હતું કે જાણે તે બંને વર-વધૂઓના હસ્તપલ્લવની ઉત્તમ કાંતિનું અનુકરણ કરી રહ્યું હોય! ત્યારબાદ, 'તમે બંને દીર્ઘકાળ સુધી જીવીત રહો' એવું સૂચિત કરવા માટે જ ઊંચા ભૃંગારોથી છોડવામાં આવેલી જળધારા વજ્જંઘના હાથ પર પડી.

ત્યારબાદ, વિશાળ ભૂજાના ધારણ કરવાવાળા વજ્જંઘે હર્ષસહિત શ્રીમતીનું પાણીગ્રહણ કર્યું. તે સમયે શ્રીમતીના કોમળ સ્પર્શના સુખથી તેના બંને નેત્ર બંધ થઈ ગયા હતા. વજ્જંઘના હાથના સ્પર્શથી શ્રીમતીના શરીરમાં પણ પરસેવો થઈ ગયો હતો, જેવી રીતે ચંદ્રના કિરણોના સ્પર્શથી ચંદ્રકાંતમણિની બનેલી પૂતળીમાં જળબિંદુ ઉત્પન્ન થઈ જાય છે. જેવી રીતે મેઘની વૃષ્ટિથી પૃથ્વીનો સંતાપ નષ્ટ થઈ જાય છે, તેવી જ રીતે વજ્જંઘના હાથના સ્પર્શથી શ્રીમતીના શરીરનો ચિરકાલીન સંતાપ પણ નષ્ટ થઈ ગયો હતો. તે સમયે વજ્જંઘના સમાગમથી શ્રીમતી કોઈ મોટા કલ્પવૃક્ષથી વીંટળાયેલી કલ્પલતા સમાન સુશોભિત થઈ રહી હતી. તે શ્રીમતી સ્ત્રી-જગતમાં સૌથી શ્રેષ્ઠ હતી. બાજુમાં બેઠેલી તે શ્રીમતીથી તે વજ્જંઘ પણ એવો સુશોભિત થતો હતો કે જેવી રીતે રતિથી કામદેવ સુશોભિત થાય છે. આ પ્રકારે, લોકોને પરમાનંદ દેવાવાળા તે બંનેના વિવાહ ગુરુજનોની સાક્ષીપૂર્વક ખૂબ જ વૈભવ સહિત સમાપ્ત થયા. એ સમયે બધા લોકો તે વિવાહિતા શ્રીમતીનો ખૂબ જ આદર કરતાં હતા અને કહેતાં હતા કે આ શ્રીમતી વાસ્તવમાં જ શ્રીમતી છે અર્થાત્ લક્ષ્મીમતી છે. ઉત્તમ આકૃતિના ધારક, દેવ-દવાંગનાઓ સમાન ક્રીડા કરવાવાળા તથા અમૃત સમાન આનંદ દેવાવાળા તે વર-વધૂને જે પણ જોતા હતા તેમનું ચિત્ત આનંદથી સંતુષ્ટ થઈ જતું હતું.

જે સ્વર્ગલોકમાં પણ દુર્લભ છે એવા તે વિવાહોત્સવને જોવાવાળા પુરુષ પરમાનંદને પ્રાપ્ત થયા હતા અને બધા લોકો તેની પ્રશંસા કરતાં હતા. તેઓ કહેતાં હતા કે ચક્રવર્તી ખૂબ જ ભાગ્યશાળી છે કે જેને આવું ઉત્તમ સ્ત્રીરત્ન ઉત્પન્ન થયું છે અને તે તેણે બધા લોકોની પ્રશંસાના સ્થાનભૂત વજ્જંઘરૂપ યોગ્યસ્થાનમાં નિયુક્ત કર્યું છે. તેની તે પુણ્યવતી માતા પુણ્યવતીઓમાં સૌથી શ્રેષ્ઠ છે કે જેણે લક્ષ્મી સમાન કાંતિવાળી આ ઉત્તમ સંતાન ઉત્પન્ન કરી છે. તે વજ્જંઘ

કુમારે પૂર્વજન્મમાં ક્યુ તપ કર્યું હતું કે જેથી સંસારના સારભૂત અને અતિશય કાંતિનું ધારક આ સ્ત્રીરત્ન તેને પ્રાપ્ત થયું છે. જો કે આ કન્યાએ વજ્રજંઘને પતિ બનાવ્યો છે તેથી તે કન્યા ધન્ય છે, માન્ય છે અને ભાગ્યશાળી છે, તેના સમાન પુણ્યવતી બીજી કન્યા હોઈ શકે નહીં. પૂર્વજન્મમાં તે બંનેએ ન જાણે કેવા ઉપવાસ કર્યા હતા, કેવા ભારે તપ કર્યા હતા, ક્યું દાન આપ્યું હતું, કઈ પૂજા કરી હતી અને ક્યા વ્રતનું પાલન કર્યું હતું? અહા! ધર્મનું ઘણું મહાત્મ્ય છે. તપશ્ચરણથી ઉત્તમ સામગ્રી પ્રાપ્ત થાય છે, દાન દેવાથી મોટા-મોટા ફળ પ્રાપ્ત થાય છે અને દયારૂપી વેલ પર ઉત્તમ-ઉત્તમ ફળ પાકે છે. નક્કી જ તે બંનેએ પૂર્વજન્મમાં મહાપૂજ્ય અરિહંતદેવની ઉત્કૃષ્ટ પૂજા કરી હશે. કારણ કે **પૂજ્ય પુરુષોની પૂજા અવશ્ય જ સંપદાઓની પરંપરા પ્રાપ્ત કરાવતી રહે છે. તેથી, જે પુરુષ અનેક કલ્યાણ, ધન, ઋદ્ધિ તથા વિપુલ સુખ ઇચ્છે છે તેમણે સ્વર્ગ આદિના મહાફળ દેવાવાળા શ્રી અરિહંતદેવના કહેલા માર્ગમાં જ પોતાની બુદ્ધિ લગાવવી જોઈએ.** આ પ્રકારે, દર્શક લોકો વાર્તાલાપથી પ્રશંસનીય તે બંને વર-વધૂ પોતાના ઈષ્ટબંધુઓથી પરિવારિત થઈ સભામંડપમાં સુખથી બેઠા હતા.

તે વિવાહોત્સવમાં દરિદ્ર લોકોએ પોતાની દરિદ્રતા છોડી દીધી હતી, કૃપણ લોકોએ પોતાની કૃપણતા છોડી દીધી હતી અને અનાથ લોકો સનાથતાને પ્રાપ્ત થઈ ગયા હતા. ચક્રવર્તીએ આ મહોત્સવમાં દાન, માન, સંભાષણ આદિ દ્વારા પોતાના સમસ્ત બંધુઓનું સન્માન કર્યું હતું તથા દાસી, દાસ આદિ સેવકગણને પણ સંતુષ્ટ કર્યા હતા. તે સમયે ઘરે-ઘરે બધાને ખૂબ જ સંતોષ થયો હતો, ઘરે-ઘરે ધ્વજાઓ ફરકાવવામાં આવી હતી, ઘરે-ઘરે વરના વિષયમાં વાતો થઈ રહી હતી અને ઘરે-ઘરે કન્યાની પ્રશંસા થઈ રહી હતી. તે સમયે પ્રત્યેક દિવસ ખૂબ જ સંતોષ થતો હતો, પ્રત્યેક દિવસે ધર્મ તેમજ ભક્તિ થતી હતી અને પ્રત્યેક દિવસે ઇન્દ્ર જેવી વિભૂતિથી વર-વધૂનો સત્કાર કરવામાં આવતો હતો.

ત્યારબાદ, બીજા દિવસે પોતાનો ધાર્મિક ઉત્સાહ પ્રગટ કરવા માટે ઉત્સુક થયેલો વજ્રજંઘ સાંજના સમયે અનેક દીપકોનો પ્રકાશ કરીને મહાપૂત ચૈત્યાલયમાં ગયો. અતિશય કાંતિનો ધારક વજ્રજંઘ આગળ-આગળ જઈ રહ્યો હતો અને શ્રીમતી તેની પાછળ-પાછળ જઈ રહી હતી, જેવી રીતે કે અંધકારને નષ્ટ કરવાવાળા સૂર્યની પાછળ-પાછળ તેની દેદીપ્યમાન પ્રજા જાય છે. વજ્રજંઘ પૂજાની ઘણી સામગ્રીઓ સાથે લઈને જિનમંદિર પહોંચ્યો, તે મંદિર

મેરુપર્વત સમાન ઊંચું હતું કારણ કે તેના શિખરો પણ ઊંચા હતા. શ્રીમતીની સાથે-સાથે પ્રદક્ષિણા દેતો વજ્રજંઘ એવો શોભાયમાન થઈ રહ્યો હતો જેવી રીતે મહાકાંતિથી યુક્ત સૂર્ય મેરુ પર્વતને પ્રદક્ષિણા દેતો શોભાયમાન થાય છે. પ્રદક્ષિણા બાદ તેણે ઈર્યાપથશુદ્ધિ કરી અર્થાત્ માર્ગમાં ચાલતા સમયે થવાવાળી શારીરિક અશુદ્ધતાને દૂર કરી તથા પ્રમાદવશ થવાવાળી જીવહિંસાને દૂર કરવા માટે પ્રાયશ્ચિત્ત આદિ કર્યું. ત્યારબાદ, અનેક વિભૂતિઓને ધારણ કરવાવાળા જિનમંદિરની અંદર પ્રવેશ કરીને ત્યાં મહાતપસ્વી મુનિઓના દર્શન કર્યા અને તેમની વંદના કરી. પછી ગંધકૂટીની મધ્યમાં બિરાજમાન જિનેન્દ્રદેવની સુવર્ણમયી પ્રતિમાની અભિષેક પૂર્વક ચંદન આદિ અષ્ટ દ્રવ્યોથી પૂજા કરી. પૂજા કર્યા બાદ તે મહાબુદ્ધિમાન વજ્રજંઘે સ્તુતિ કરવાયોગ્ય જિનેન્દ્રદેવને સાક્ષાત્ કરીને–પ્રતિમાને સાક્ષાત્ જિનેન્દ્રદેવ માનીને ઉત્તમ અર્થોથી ભરેલા સ્તોત્રોથી તેમની સ્તુતિ કરવાનું શરૂ કર્યું.

હે દેવ! આપ કર્મરૂપી શત્રુઓને જીતવાવાળાઓમાં સર્વશ્રેષ્ઠ છો અને માનસિક વ્યથાઓથી રહિત છો, તેથી આપને નમસ્કાર છે. હે ઈશ! આજે હું કર્મરૂપી શત્રુઓનો નાશ કરવાની ઈચ્છાથી આપની આરાધના કરું છું. હે દેવ! આપના અનંતગુણોની સ્તુતિ સ્વયં ગણધરદેવ પણ નથી કરી શકતા, તેમ છતાં હું ભક્તિવશ આપની સ્તુતિ શરૂ કરું છું. કારણ કે ભક્તિ જ કલ્યાણકારિણી છે. હે પ્રભો! આપનો ભક્ત સદાય સુખી રહે છે, લક્ષ્મી પણ આપના ભક્ત પુરુષોની સમીપમાં જ જાય છે, આપમાં અત્યંત સ્થિર ભક્તિ સ્વર્ગાદિના ભોગ પ્રદાન કરે છે અને અંતમાં મોક્ષ પણ પ્રાપ્ત કરાવે છે, તેથી જ ભવ્ય જીવો શુદ્ધ મન, વચન, કાયાથી આપની સ્તુતિ કરે છે. હે દેવ! ફળ ઈચ્છવાવાળા જે પુરુષો આપની સેવા કરે છે તેમના માટે આપ સ્પષ્ટરૂપથી કલ્પવૃક્ષ સમાન આચરણ કરો છો અર્થાત્ મનવાંછિત ફળ આપો છો. હે પ્રભુ! આપે ધર્મોપદેશરૂપી વર્ષા કરીને, દુષ્કર્મરૂપી સંતાપથી અત્યંત તરસ્યા સંસારીજીવરૂપી ચાતકોને, નવીન મેઘ સમાન, આનંદિત કર્યા છે. હે દેવ! જેવી રીતે કાર્યની સિદ્ધિ ઈચ્છવાવાળા પુરુષ સૂર્ય દ્વારા પ્રકાશિત થયેલા માર્ગની સેવા કરે છે, તે જ માર્ગે આવ-જા કરે છે, તેવી જ રીતે આત્મહિત ઈચ્છવાવાળા પુરુષ આપના દ્વારા દેખાડાયેલા મોક્ષમાર્ગની સેવા કરે છે. હે દેવ! આપના દ્વારા નિરૂપિત તત્ત્વ જન્મ-મરણરૂપી સંસારનું નાશ કરવાનું કારણ છે તથા તેનાથી જ પ્રાણીઓને આલોક તથા પરલોક સંબંધી કાર્યની સિદ્ધિ થાય છે. હે પ્રભો! આપે લક્ષ્મીના સર્વસ્વભૂત તથા ઉત્કૃષ્ટ વૈભવથી યુક્ત સામ્રાજ્યને છોડીને પણ ઈચ્છાસહિત થઈને મુક્તિરૂપી લક્ષ્મીનું વરણ કર્યું છે તે એક આશ્ચર્યની વાત છે.

હે દેવ! આપ દયારૂપી લતાથી વેષ્ટિત (વીંટયાળેલા) છો, સ્વર્ગ આદિ મોટા-મોટા ફળ આપવાવાળા છો, અત્યંત ઉદાર છો અને મનવાંછિત પદાર્થ પ્રદાન કરવાવાળા છો, તેથી આપ કલ્પવૃક્ષ સમાન છો. હે દેવ! આપે કર્મરૂપી મોટા-મોટા શત્રુઓને નષ્ટ કરવાની ઈચ્છાથી તપરૂપી ધારથી શોભાયમાન ધર્મરૂપી ચક્રને વિના કોઈ ડરથી પોતાના હાથમાં ધારણ કર્યું છે. હે દેવ! કર્મરૂપી શત્રુઓને જીતતા સમયે આપે ન તો પોતાની ભોંહ ચડાવી હતી, ન હોઠ ચાવ્યા હતા, ન મુખની શોભા નષ્ટ કરી હતી અને ન તો પોતાનું સ્થાન જ છોડ્યું હતું. હે દેવ! આપે દયાળુ થઈને પણ મોહરૂપી પ્રબળ શત્રુને નાશ કરવાની ઈચ્છાથી અતિશય દુષ્કર તપશ્ચરણરૂપી કુઠાર પર પોતાનો હાથ ચલાવ્યો છે અર્થાત્ તેને પોતાના હાથમાં ધારણ કર્યું છે. હે દેવ! અજ્ઞાનરૂપી જળના સિંચનથી ઉત્પન્ન થયેલી અને અનેક દુ:ખરૂપી ફળને દેવાવાળી સંસારરૂપી લતા વર્ધિત થવા છતાં પણ—વધારવામાં આવવા છતાં પણ વધતી નથી તે મોટું આશ્ચર્ય છે. (આપે સંસારરૂપી લતાનો એવી રીતે છેદ કર્યો છે કે તે પછી ક્યારેય પણ વધતી નથી.) હે ભગવાન! આપના ચરણકમળ પ્રસન્ન થતાં લક્ષ્મી પ્રસન્ન થઈ જાય છે અને તેના વિમુખ થતાં લક્ષ્મી પણ વિમુખ થઈ જાય છે. હે દેવ! આ મધ્યસ્થ વૃત્તિ આવી જ વિલક્ષણ છે.

હે જિનેન્દ્ર! જો કે આપ અન્યત્ર ન જોવામાં આવતી પ્રાતિહાર્યરૂપ વિભૂતિને ધારણ કરો છો, તેમ છતાં સંસારમાં પરમ વીતરાગી કહેવામાં આવો છો, તે ઘણા આશ્ચર્યની વાત છે. શીતળ છાયાથી યુક્ત તથા આશ્રય લેવાવાળા ભવ્ય જીવોના શોકને દૂર કરતું થકું આ આપનું અતિશય ઉન્નત અશોક વૃક્ષ ખૂબ જ શોભાયમાન થઈ રહ્યું છે. હે જિનેન્દ્ર! જેવી રીતે ફાલેલા કલ્પવૃક્ષ મેરુ પર્વતની બધી બાજુએ પુષ્પવૃષ્ટિ કરે છે, તેવી જ રીતે આ દેવગણ આપની બધી બાજુ આકાશથી પુષ્પવૃષ્ટિ કરી રહ્યા છે. હે દેવ! સમસ્ત ભાષારૂપ પરિણત થવાવાળી આપની દિવ્યધ્વનિ એ જીવોના મનનો પણ અજ્ઞાનાંધકાર દૂર કરી દે છે કે જે મનુષ્યોની જેમ સ્પષ્ટ વચન પણ બોલી શકતા નથી. હે જિન! આપની બંને તરફ ઢાળવામાં આવતા ચંદ્રના કિરણ સમાન ઉજ્જ્વળ બંને ચામર એવા શોભાયમાન થઈ રહ્યા છે કે જાણે ઉપરથી પડતા પાણીના ઝરણા જ હોય! હે જિનરાજ! મેરુ પર્વતના શિખરની સાથે ઈર્ષ્યા કરવાવાળા અને સુવર્ણના બનેલા આ સિંહાસન ખૂબ જ સુંદર જણાય છે. હે દેવ! સૂર્યમંડળની સાથે વિદ્વેષ કરવાવાળા તથા જગતના અંધકારને દૂર કરવાવાળું અને બધી તરફ ફેલાયેલું આપનું આ

ભામંડલ આપના શરીરને અલંકૃત કરી રહ્યું છે. હે દેવ! આકાશમાં જે દુદુંભિનો જે ગંભીર શબ્દ થઈ રહ્યો છે, તે જાણે કે જોરજોરથી એ ઘોષણા કરી રહ્યો હોય કે સંસારના એક માત્ર સ્વામી આપ જ છો. હે દેવ! ચંદ્રબિંબની સાથે સ્પર્ધા કરવાવાળા અને અત્યંત ઊંચા આપના ત્રણેય છત્ર આપના સર્વશ્રેષ્ઠ પ્રભાવને પ્રગટ કરી રહ્યા છે. હે જિન! ઉપર કહેલા આપના આઠ પ્રાતિહાર્યોનો સમૂહ એવો શોભાયમાન થઈ રહ્યો છે કે જાણે એક જગ્યાએ ભેગા થયેલા ત્રણેય લોકના સર્વશ્રેષ્ઠ પદાર્થનો જ સાર હોય! હે દેવ! આ પ્રાતિહાર્યોનો સમૂહ આપની વૈરાગ્યરૂપી સંપત્તિને રોકવા માટે સમર્થ નથી, કારણ કે તે ભક્તિવશ દેવો દ્વારા રચવામાં આવ્યા છે.

હે જિનદેવ! આપના ચરણોના સ્મરણ માત્રથી જ હાથી, સિંહ, દાવાનળ, સર્પ, ભીલ, વિષમ સમુદ્ર, રોગ અને બંધન આદિ બધા જ ઉપદ્રવ શાંત થઈ જાય છે. જેના ગંડસ્થળથી ઝરતા મદરૂપી જળ દ્વારા દુર્દિન(વાદળા) પ્રગટ કરવામાં આવી રહ્યા છે તથા જે આઘાત કરવા માટે ઉદ્યત છે એવા હાથીને, પુરુષ આપના સ્મરણમાત્રથી જ જીતી લે છે. મોટા-મોટા હાથીનોના ગંડસ્થળનું ભેદન કરવાથી જેના નખ અતિશય કઠિન થઈ ગયા છે એવા સિંહ પણ, આપના ચરણોનું સ્મરણ કરવાથી, પોતાના પગમાં પડેલા જીવોને મારી શકતો નથી. હે દેવ! જેની જ્વાળાઓ ખૂબ જ પ્રદીપ્ત થઈ ગઈ છે તથા તે વધતી જ્વાળાઓને કારણે ઊંચી જઈ રહી છે તેવી અગ્નિ જો આપના ચરણકમળના સ્મરણરૂપી જળથી શાંત કરી દેવામાં આવે તો પછી તે અગ્નિ પણ ઉપદ્રવ નથી કરી શકતી. ક્રોધથી જેનું ફેણ ઉપર ઊઠેલું છે અને જે ભયંકર વિષ ફેંકી રહ્યો છે એવો સર્પ પણ આપના ચરણરૂપી ઔષધિના સ્મરણથી શીઘ્ર જ વિષરહિત થઈ જાય છે. હે દેવ! આપના ચરણોના અનુગામી ધની—વ્યાપારી લોકો પ્રચંડ લુટારુઓના પ્રચંડ ધનુષ્યના ટંકારથી ભયંકર વનમાં પણ નિર્ભય થઈને ઇચ્છાનુસાર ચાલ્યા જાય છે. તે પ્રબળ વાયુની અચનાક વૃદ્ધિથી કંપિત થઈ રહ્યા છે એવા મોટી-મોટી લહેરોવાળા સમુદ્રને પણ, આપના ચરણોની સેવા કરવાવાળા પુરુષ લીલામાત્રમાં પાર થઈ જાય છે. જે મનુષ્ય કઢંગા સ્થાનોમાં ઉત્પન્ન થયેલા ફોડા આદિના મોટા-મોટા ઘાવથી રોગી થઈ રહ્યા છે તે પણ આપના ચરણરૂપી ઔષધિનું સ્મરણ કરવામાત્રથી શીઘ્ર જ નિરોગ થઈ જાય છે.

હે ભગવન્! આપ કર્મરૂપી બંધનોથી રહિત છો, તેથી મજબૂત બંધનોથી બંધાયેલો મનુષ્ય પણ આપનું સ્મરણ કરી તત્કાલ જ બંધનરહિત થઈ જાય છે. હે જિનેન્દ્ર! આપે વિઘ્નોના સમૂહને પણ વિઘ્નિત કર્યા છે—નષ્ટ

કર્યાં છે, તેથી મારા વિઘ્નોના સમૂહને નષ્ટ કરવા માટે હું ભક્તિપૂર્ણ હૃદયથી આપની ઉપાસના કરું છું. હે દેવ! એકમાત્ર આપ જ ત્રણેય લોકને પ્રકાશિત કરવાવાળી જ્યોતિ છો, આપ જ સમસ્ત જગતના એકમાત્ર સ્વામી છો, આપ જ સમસ્ત સંસારના એક માત્ર બંધુ છો અને આપ જ સમસ્ત લોકના એક માત્ર ગુરુ છો, આપ જ સંપૂર્ણ વિદ્યાઓના આદિસ્થાન છો, આપ જ સમસ્ત યોગીઓમાં પ્રથમ યોગી છો, આપ જ ધર્મરૂપી તીર્થના પ્રથમ પ્રવર્તક છો અને આપ જ પ્રાણીઓના પ્રથમ ગુરુ છો, આપ જ બધાનું હિત કરવાવાળા છો, આપ જ બધી વિદ્યાઓના સ્વામી છો અને આપ જ સમસ્ત લોકને જોવાવાળા છો. હે દેવ! આપની સ્તુતિનો વિસ્તાર ક્યાં સુધી કરવામાં આવે! અત્યાર સુધી જેટલી પણ સ્તુતિ કરી ચૂક્યો છું, મારા જેવા અલ્પજ્ઞ માટે એટલી પણ ઘણી છે. હે દેવ! આ પ્રકારે આપની વંદના કરીને હું આપને પ્રણામ કરું છું અને તેના ફળ સ્વરૂપ આપનાથી કોઈ સીમિત અન્ય ફળની યાચના નથી કરતો, પરંતુ હે જિન! આપમાં જ મારી ભક્તિ સદાય અચળ રહે એટલું જ પ્રદાન કરો. કારણ કે તે ભક્તિ જ સ્વર્ગ તથા મોક્ષના ઉત્તમ ફળને ઉત્પન્ન કરનારી છે.

આ પ્રકારે, શ્રીમાન વજ્રજંઘ રાજાએ જિનેન્દ્રદેવને ઉત્તમ રીતિથી નમસ્કાર કર્યા, સ્તુતિ કરી અને પૂજા કરી. પછી રાગ-દ્વેષરહિત મુનિસમૂહની પણ ક્રમથી પૂજા કરી. ત્યારબાદ, શ્રી જિનેન્દ્રદેવના ગુણોનું વારંવાર સ્મરણ કરતો તે વજ્રજંઘ રાજ્ય આદિની વિભૂતિ પ્રાપ્ત કરવા માટે હર્ષથી શ્રીમતીની સાથે-સાથે અનેક ઋદ્ધિઓથી શોભાયમાન પુંડરીકિણી નગરીમાં પ્રવિષ્ટ થયો, ત્યાં ભરતભૂમિના બત્રીસ હજાર રાજાઓએ તે લક્ષ્મીવાન વજ્રજંઘનું રાજ્યાભિષેકપૂર્વક સન્માન કર્યું હતું. આ પ્રકારે, જિનેન્દ્ર ભગવાનની પૂજા કરતાં થકા હજારો રાજાઓ દ્વારા વારંવાર પ્રાપ્ત થયેલી કલ્યાણ પરંપરાનો અનુભવ કરતાં-કરતાં અને શ્રીમતીની સાથે ઉત્તમોત્તમ ભોગ ભોગવતા થકા વજ્રજંઘે દીર્ઘકાળ સુધી તે જ પુંડરીકિણી નગરીમાં નિવાસ કર્યો હતો.

આ પ્રકારે, આર્ષ નામથી પ્રસિદ્ધ ભગવજ્જિનસેનાચાર્ય-વિરચિત ત્રિષષ્ટિલક્ષણ મહાપુરાણ સંગ્રહમાં શ્રીમતી અને વજ્રજંઘના સમાગમનું વર્ણન કરવાવાળો સાતમો અધ્યાય સમાપ્ત થયો.

# અધ્યાય આઠમો

લગ્ન થઈ ગયા બાદ વજ્રજંઘે, જ્યાં નિત્ય જ અનેક ઉત્સવ થતાં રહેતા હતા એવા ચક્રવર્તીના ભવનમાં ઉત્તમ-ઉત્તમ ભોગોપભોગ સંપદાઓ દ્વારા ભોગોપભોગનો અનુભવ કરતાં થકા લાંબા સમય સુધી નિવાસ કર્યો હતો. બરાબર જ છે, ઈષ્ટ વસ્તુના આશ્રયથી બધાને પ્રસન્નતા જ થાય છે. જેવી રીતે ભમરો કમળથી રસ અને સુગંધ ગ્રહણ કરતો થકો ક્યારેય પણ સંતુષ્ટ થતો નથી, તેવી જ રીતે રાજા વજ્રજંઘ પણ શ્રીમતીના મુખરૂપી કમળથી રસ અને સુવાસને ગ્રહણ કરતો થકો ક્યારેય પણ સંતુષ્ટ થતો ન હતો, **બરાબર જ છે કે કામસેવનથી ક્યારેય પણ સંતોષ થતો નથી.** તે વજ્રજંઘ શ્રીમતીના કોમળ બાજુઓના સ્પર્શથી સ્પર્શન ઈન્દ્રિયને મુખરૂપી કમળના રસ અને ગંધથી રસના તથા ઘ્રાણ ઈન્દ્રિયને, સંભાષણના સમયે મધુર શબ્દો સાંભળીને કર્ણ ઈન્દ્રિયને અને શરીરના સૌંદર્યને નીરખીને નેત્ર ઈન્દ્રિયને તૃપ્ત કરતો હતો. આ રીતે પાંચે ઈન્દ્રિયોને બધી જ રીતે ચિરકાળ સુધી સંતુષ્ટ કરતો હતો. **બરાબર જ છે કે ઇન્દ્રિય સુખ ઇચ્છતા જીવોને એ સિવાય બીજો કોઈ ઉપાય નથી. XXX**

આ રીતે, વર-વધૂ તે પુંડરિકીણી નગરીમાં સ્વર્ગલોકના ભોગોથી પણ વધીને મનોહર ભોગો દ્વારા ચિરકાળ સુધી ક્રીડા કરતાં રહ્યા. જિનેન્દ્રદેવની પૂજા આદિ ઉત્સવો દ્વારા અને પાત્રદાન આદિ માંગલિક કાર્યો દ્વારા તે બંનેનો ઘણો સમય ત્યાં વ્યતીત થઈ ગયો હતો. ત્યાં અનેક લોકો આવીને વજ્રજંઘને ઉત્તમ-ઉત્તમ વસ્તુઓ ભેટ આપતા હતા, પૂજા આદિના ઉત્સવ થતા રહેતા હતા તથા પુત્ર-જન્મ આદિના સમયે અનેક ઉત્સવો કરવામાં આવતા હતા કે જેમાં તે બંનેનો ઘણો લાંબો સમય અનાયાસ જ વ્યતીત થઈ ગયો હતો.

વજ્રજંઘની એક અનુંધરી નામની નાની બહેન હતી કે જે તેના સમાન જ સુંદર હતી. રાજા વજ્રબાહુએ

---

**XXX** વજ્રજંઘ અને શ્રીમતીના ભોગોનું વિસ્તૃત વર્ણન મૂળ ગ્રંથમાંથી વાંચવું.

તે મોટી વિભૂતિ સાથે ચક્રવર્તીના મોટા પુત્ર અમિતતેજને આપી હતી. જેવી રીતે કોયલ વસંતને પામીને પ્રસન્ન થાય છે, તેવી જ રીતે તે નવવિવાહિતા સતી અનુંધરી ચક્રવર્તીના પુત્રને પામીને અત્યંત પ્રસન્ન થઈ હતી. આ રીતે, જ્યારે બધા જ કાર્ય પૂર્ણ થઈ ગયા ત્યારે ચક્રવર્તી વજ્રદંત મહારાજે પોતાના નગર પાછા જવા માટે પૂજા-સત્કાર આદિથી બધાનું સન્માન કરી વર-વધૂને વિદા કર્યા. તે સમયે ચક્રવર્તીએ પુત્રી માટે હાથી, ઘોડા, રથ, પાયદળ, રત્ન, દેશ અને ખજાના આદિ કૂળ પરંપરાથી ચાલ્યું આવતું ઘણું જ ધન આપ્યું હતું.

વજ્રજંઘ અને શ્રીમતીએ પોતાના ગુણોથી સમસ્ત પુરવાસીઓને ઉન્મુગ્ધ કરી લીધા હતા, તેથી તેમના જવાના શોકકારક સમાચાર સાંભળીને સમસ્ત પુરવાસી અત્યંત વ્યાકુળ થઈ ગયા હતા. ત્યારબાદ, કોઈ શુભ દિવસે શ્રીમાન વજ્રજંઘે પોતાની પત્ની શ્રીમતીની સાથે પ્રસ્થાન કર્યું. તે સમયે તેમના પ્રસ્થાનને સૂચિત કરવાવાળા નગારાઓનો ગંભીર અવાજ થઈ રહ્યો હતો. વજ્રજંઘ પોતાની પત્નીની સાથે આગળ ચાલવા લાગ્યો અને મહારાજ વજ્રબાહુ તથા તેમની પત્ની—મહારાણી વસુંધરા તેમની પાછળ-પાછળ જઈ રહ્યા હતા. પુરવાસી, મંત્રી, સેનાપતિ તથા પુરોહિત આદિ જે પણ તેમને પહોંચાડવા ગયા હતા તેમને વજ્રજંઘે થોડે દૂરથી પાછા મોકલી દીધા. હાથી, ઘોડા, રથ અને પાયદળ આદિની વિશાળ સેનાનું સંચાલન કરતો થકો વજ્રજંઘ ક્રમ-ક્રમથી ઉત્પલખેટક નગરમાં પહોંચ્યો, તે સમયે તે નગરીમાં અનેક ઉત્તમોત્તમ રચનાઓ કરવામાં આવી હતી, અનેક પ્રકારના ઉત્સવ થઈ રહ્યા હતા. એ નગરમાં પ્રવેશ કરતાં થકા અતિશય દૈદીપ્યમાન વજ્રજંઘ ઈન્દ્ર સમાન શોભાયમાન થઈ રહ્યો હતો. જ્યારે વજ્રજંઘે પ્રિયા શ્રીમતીની સાથે નગરની મુખ્ય-મુખ્ય ગલીઓમાં પ્રવેશ કર્યો ત્યારે પુરસુંદરીઓએ મહેલોની છતો ઉપર ચડીને તે બંને ઉપર ખૂબ જ પ્રેમથી અંજલી ભરી-ભરીને ફૂલ વરસાવ્યા હતા. તે સમયે બધી બાજુથી પ્રજાજન આવતા હતા અને શુભ આશીર્વાદની સાથે-સાથે પુષ્પ તથા અક્ષતથી મળેલો પવિત્ર પ્રસાદ તે બંને દંપતિઓની પાસે પહોંચાડતા હતા.

ત્યારબાદ, વાગતી શરણાઈઓના ગંભીર શબ્દોથી વ્યાપ્ત અનેક તોરણોથી અલંકૃત નગરોની શોભા જોતા થકા વજ્રજંઘે રાજભવનમાં પ્રવેશ કર્યો, તે રાજભવન અનેક પ્રકારની લક્ષ્મીથી સુશોભિત હતું, મહા મનોહર હતું અને સર્વ ઋતુઓમાં સુખ આપવાવાળી સામગ્રીઓથી સહિત હતું. એવા જ રાજમહેલમાં વજ્રજંઘ શ્રીમતીની સાથે-

સાથે ખૂબ જ પ્રેમ અને સુખથી નિવાસ કરતાં હતા. જો કે માતા-પિતા આદિ ગુરુજનોના વિયોગથી શ્રીમતી ખિન્ન રહેતી હતી, પરંતુ વજ્રજંઘ ખૂબ જ પ્રેમથી અત્યંત સુંદર રાજમહેલ દેખાડીને તેનું ચિત્ત પ્રસન્ન રાખતો હતો. શીલવ્રત ધારણ કરવાવાળી તથા બધી સખીઓમાં શ્રેષ્ઠ પંડિતા નામની સખી પણ તેની સાથે આવી હતી, તે પણ નૃત્ય આદિ અનેક પ્રકારના વિનોદપૂર્વક તેને પ્રસન્ન રાખતી હતી. આ રીતે, નિરંતર ભોગોપભોગ દ્વારા સમય વ્યતીત કરતાં થતા તેને ક્રમશર ઓગણપચાસ યુગલ અર્થાત્ અઠ્ઠાણું પુત્ર ઉત્પન્ન થયા.

ત્યારબાદ, કોઈ એક દિવસે મહાકાંતિમાન્ મહારાજ વજ્રબાહુ મહેલની છત ઉપર બેઠા-બેઠા શરદઋતુના વાદળાઓનો આકાર જોઈ રહ્યા હતા. તેમણે પહેલાં વાદળાનો જે આકાર જોયો હતો તેને તત્કાલ જ વિલિન થતો જોઈને તેમને વૈરાગ્ય ઉત્પન્ન થઈ ગયો. તેઓ તે જ સમયે સંસારના બધા જ ભોગોથી વિરક્ત થઈ ગયા અને મનમાં આ પ્રકારે ગંભીર વિચાર કરવા લાગ્યા :

જુઓ, આ શરદઋતુના વાદળા મારા જોતાં-જોતાં જ રાજમહેલની આકૃતિને ધારણ કરેલા હતા અને જોતાં-જોતાં જ ક્ષણમાં વિલિન થઈ ગયા, તે જ રીતે મારી આ સંપદા પણ મેઘ સમાન ક્ષણવારમાં વિલિન થઈ જશે. વાસ્તવમાં આ લક્ષ્મી વિજળી સમાન ચંચળ છે અને યૌવનની શોભા પણ શીઘ્ર જતી રહેવાવાળી છે. આ ભોગ પ્રારંભમાં જ મનોહર લાગે છે, પરંતુ અંતકાળમાં ખૂબ જ સંતાપ આપે છે. આ આયુષ્ય પણ ફૂટેલી નાળીના જળ સમાન પ્રત્યેક ક્ષણ નષ્ટ થતું જાય છે. રૂપ, આરોગ્ય, ઐશ્વર્ય, ઈષ્ટ બંધુઓનો સમાગમ અને પ્રિય સ્ત્રિઓનો પ્રેમ બધુ જ અનવસ્થિત—ક્ષણનશ્વર છે. આ પ્રકારે, વિચાર કરીને ચંચળ લક્ષ્મીને છોડવાના અભિલાષી બુદ્ધિમાન રાજા વજ્રબાહુએ પોતાના પુત્ર વજ્રજંઘનો રાજ્યાભિષેક કરીને તેને રાજ્યકાર્યમાં નિયુક્ત કર્યો અને સ્વયં રાજ્ય તથા ભોગોથી વિરક્ત થઈને શીઘ્ર જ શ્રી યમધર મુનિ સમીપ જઈને પાંચસો રાજાઓની સાથે જિનદીક્ષા લઈ લીધી. તે જ સમયે વીરબાહુ આદિ શ્રીમતીના અઠ્ઠાણું પુત્ર પણ તે જ રાજઋષિ વજ્રબાહુની સાથે દીક્ષા લઈને સંયમી થઈ ગયા. વજ્રબાહુ મુનિરાજે વિશુદ્ધ પરિણામોના ધારક વીરબાહુ આદિ મુનિઓની સાથે ચિરાકાળ સુધી વિહાર કર્યો અને પછી ક્રમ-ક્રમથી કેવળજ્ઞાન પ્રાપ્ત કરી મોક્ષરૂપી પરમધામ પ્રાપ્ત કર્યું. આ બાજુ વજ્રજંઘ પણ પિતાની રાજ્યવિભૂતિ પ્રાપ્ત કરી પ્રજાને પ્રસન્ન કરતો થકો ચિરકાળ સુધી અનેક પ્રકારના ભોગ ભોગવતો રહ્યો.

ત્યારબાદ, કોઈ એક દિવસે વિશાળ વિભૂતિના ધારક તથા અનેક રાજાઓથી ઘેરાયેલા મહારાજ વજ્રદન્ત સિંહાસન પર સુખથી બેઠા હતા કે એટલામાં જ વનપાલકે એક નવું ખીલેલું સુગંધિત કમળ લાવીને ખૂબ જ હર્ષથી તેમને અર્પિત કર્યું, તે કમળ રાજાના મુખની સુગંધ સમાન સુગંધિત અને ખૂબ જ સુંદર હતું. તેમણે તે પોતાના હાથમાં લીધું અને ખૂબ જ પ્રસન્નતાથી સૂંઘ્યું. એ કમળની અંદર તેની સુગંધનો લોભી એક ભ્રમર મરેલો પડ્યો હતો. બુદ્ધિમાન મહારાજે જ્યાં તેને જોયો કે તરત જ તેઓ વિષયભોગથી વિરક્ત થઈ ગયા. તેઓ વિચારવા લાગ્યા—

**અહો ! આ મદોન્મત્ત ભ્રમર તેની સુગંધથી આકર્ષાઈને અહીં આવ્યો હતો અને તેનો રસ પીતાં-પીતાં સૂર્યાસ્ત થઈ જવાથી તેમાં મરી ગયો. આવી વિષયોની ચાહને ધિક્કાર છે ! આ વિષય કિંપાકફળ સમાન વિષમ છે, પ્રારંભમાં અર્થાત્ સેવન કરતાં સમયે તો સારા લાગે છે, પરંતુ ફળ દેતા સમયે અનિષ્ટ ફળ આપે છે, તેથી તેને ધિક્કાર છે. પ્રાણીઓનું આ શરીર કે જે વિષયભોગોનું સાધન છે, તે શરદઋતુના વાદળા સમાન ક્ષણવારમાં વિલિન થઈ જાય છે. તેથી, આવા શરીરને પણ ધિક્કાર છે. આ લક્ષ્મી વિજળીની ચમક સમાન ચંચળ છે, આ ઇન્દ્રિય-સુખ પણ અસ્થિર છે અને ધન, ધાન્ય આદિ વિભૂતિ પણ સ્વપ્નમાં પ્રાપ્ત થયેલી વિભૂતિ સમાન શીઘ્ર જ નષ્ટ થઈ જવાવાળી છે. જે ભોગ સંસારી જીવોને લોભાવવા માટે આવે છે અને લોભાવીને તરત જ ચાલ્યા જાય છે એવા આ વિષયભોગોને પ્રાપ્ત કરવા માટે હે વિદ્વજ્જનો ! તમે મહા પ્રયત્ન શું કામ કરો છો ? શરીર, આરોગ્ય, ઐશ્વર્ય, યૌવન, સુખ-સંપદાઓ, ગ્રહ, સવારી આદિ બધું જ ઇન્દ્રધનુષ સમાન અસ્થિર છે.**

**જેવી રીતે તૃણના અગ્રભાગ પર લાગેલું પાણીનું બિંદુ પતન સન્મુખ હોય છે, તેવી જ રીતે પ્રાણીઓના આયુષ્યનો વિલાસ પતન સન્મુખ હોય છે. આ યમરાજ સંસારીજીવોની સાથે સદાય યુદ્ધ કરવા માટે તત્પર રહે છે. વૃદ્ધાવસ્થા તેની સૌથી આગળ ચાલવાવાળી સેના છે, અનેક પ્રકારના રોગ પાછળથી સહાયતા કરવાવાળા બળવાન સૈનિક છે અને કષાયરૂપી ભીલ સદાય તેની સાથે રહે છે. આ વિષય, તૃષ્ણારૂપી વિષમ જ્વાળાઓ દ્વારા ઇન્દ્રિય સમૂહને બાળે છે અને વિષમરૂપથી ઉત્પન્ન થયેલી વેદના પ્રાણોને નષ્ટ કરે છે. જ્યારે આ સંસારમાં પ્રાણીઓને સુખ તો અત્યંત અલ્પ છે અને દુઃખ**

જ વધારે છે તો પછી તેમાં સંતોષ શું છે? અને કેવી રીતે થઈ શકે છે? વિષય પ્રાપ્ત કરવાની ઇચ્છા કરતો આ પ્રાણી પહેલાં તો અનેક ક્લેશોથી દુઃખી થાય છે અને પછી ભોગવતી વખતે તૃપ્તિ ન થવાથી દુઃખી થાય છે અને પછી વિયોગ થઈ જતાં પશ્ચાતાપ કરતો થકો દુઃખી થાય છે. ભાવાર્થ— વિષય સામગ્રીની ત્રણ અવસ્થાઓ હોય છે—(૧) અર્જન, (૨) ભોગ અને (૩) વિયોગ. આ જીવ ઉક્ત ત્રણેય અવસ્થાઓમાં દુઃખી જ રહે છે. જે કુળ આજે અત્યંત ધનાઢ્ય અને અત્યંત સુખી માનવામાં આવે છે, તે કાલે દરિદ્ર થઈ શકે છે; અને જે આજે અત્યંત દુઃખી છે, તે જ કાલે ધનાઢ્ય અને સુખી થઈ શકે છે. આ સાંસારિક સુખ-દુઃખ ઉત્પન્ન કરવાવાળું છે, ઘન વિનાશથી સહિત છે, સંયોગ પછી વિયોગ અવશ્ય હોય છે અને સંપત્તિ બાદ વિપત્તિ આવે છે. આ પ્રકારે, સમસ્ત સંસારને અનિત્યરૂપથી જોતાં થકા ચક્રવર્તીએ અંતમાં નિરસ થવાવાળા વિષયોને વિષ સમાન માન્યા.

આ રીતે, વિષયભોગોથી વિરક્ત થઈને ચક્રવર્તીએ પોતાના સામ્રાજ્યનો ભાર પોતાના અમિતતેજ નામના પુત્રને આપવાનું વિચાર્યું અને રાજ્ય આપવાની ઇચ્છાથી તેને વારંવાર આગ્રહ પણ કર્યો, પરંતુ તે રાજ્ય લેવા માટે તૈયાર ન થયો. તે તૈયાર ન થતાં તેના નાના ભાઈઓને કહેવામાં આવ્યું, પરંતુ તેઓ પણ તૈયાર ન થયા. અમિતતેજે કહ્યું કે હે દેવ! જ્યારે તમે જ આ રાજ્યને છોડવા ઇચ્છો છો, ત્યારે તે અમને પણ નથી જોઈતું. આ રાજ્ય મને વ્યર્થ જણાય છે. હે પૂજ્ય! હું આપની સાથે જ તપોવનમાં ચાલીશ, તેથી આપની આજ્ઞા ભંગ કરવાનો દોષ નહીં લાગે. અમે આ નિશ્ચય કર્યો છે કે જે ગતિ તમારી છે, તે જ ગતિ મારી થાઓ. ત્યારબાદ, વજ્રદંત ચક્રવર્તીએ પુત્રોના પુત્રનો રાજ્ય ન લેવાનો દંઢ નિશ્ચય જાણીને પોતાનું રાજ્ય અમિતતેજના પુત્ર પુંડરીકને આપ્યું. તે સમયે તે પુંડરીક બાળ અવસ્થાનો હતો અને તે જ સંતાનની પરિપાટીનું પાલન કરવાવાળો હતો. રાજ્યની વ્યવસ્થા કરી રાજર્ષિ વજ્રદંત યશોધર તીર્થંકરના શિષ્ય ગુણધર મુનિ સમીપ ગયા અને ત્યાં પોતાના પુત્ર, સ્ત્રીઓ તથા અનેક રાજાઓની સાથે દીક્ષિત થઈ ગયા. મહારાજ વજ્રદંતની સાથે સાઈઠ હજાર રાણીઓએ, વીસ હજાર રાજાઓએ અને એક હજાર પુત્રોએ દીક્ષા ધારણ કરી હતી. તે સમયે શ્રીમતીની સખી

**પંડિતાએ પણ પોતાને અનુરૂપ દીક્ષા ધારણ કરી હતી—વ્રત ગ્રહણ કર્યા હતા. વાસ્તવમાં પાંડિત્ય તે જ છે કે જે સંસારથી ઉદ્ધાર કરાવે !**

ત્યારબાદ, જેવી રીતે સૂર્યના વિયોગથી કમલિની શોકને પ્રાપ્ત થાય છે, તેવી જ રીતે ચક્રવર્તી વજ્રદંત અને અમિતતેજના વિયોગથી લક્ષ્મીમતી અને અનુંધરી શોકને પ્રાપ્ત થઈ હતી. ત્યારબાદ, જેમણે દીક્ષા લીધી ન હતી, માત્ર દીક્ષાનો ઉત્સવ જોવા તેમની સાથે-સાથે ગયા હતા એવા પ્રજાજન, મંત્રીઓ દ્વારા પોતાની સાથે જ પુંડરીક બાળકને લઈને નગરમાં પ્રવેશ્યા. તે સમયે તે બધા શોકથી કાંતિશૂન્ય થઈ રહ્યા હતા. ત્યારબાદ, લક્ષ્મીમતીને એ વાતની ભારે ચિંતા થઈ કે આટલા મોટા રાજ્ય પર એક નાનો અપ્રસિદ્ધ બાળક સ્થાપિત કરવામાં આવ્યો છે, તે મારો પૌત્ર છે, વિના કોઈ પક્ષની સહાયતાથી હું તેની રક્ષા કેવી રીતે કરી શકીશ? હું આ બધા સમાચાર આજે જ બુદ્ધિમાન વજ્રજંઘને મોકલું છું, તેમના દ્વારા અધિષ્ઠિત થયેલા આ બાળકનું આ રાજ્ય અવશ્ય જ નિષ્કંટક થઈ જશે, અન્યથા તેના પર આક્રમણ કરી બળવાન રાજા તેને અવશ્ય નષ્ટ કરી દેશે. આવો નિર્ણય કરીને લક્ષ્મીમતીએ ગંધર્વપુરના રાજા મંદરમાલી અને રાણી સુંદરીના ચિંતાગતિ અને મનોગતિ નામના બે વિદ્યાધર પુત્રોને બોલાવ્યા. તે બંને પુત્ર ચક્રવર્તીથી ખૂબ જ સ્નેહ રાખતા હતા, પવિત્ર હૃદયવાળા, ચતુર, ઉચ્ચકુળમાં ઉત્પન્ન, પરસ્પરમાં અનુરક્ત, સમસ્ત શાસ્ત્રોના જાણકાર અને કાર્ય કરવામાં ઘણા કુશળ હતા. તે બંનેને એક પટારામાં સમાચાર-પત્ર રાખીને આપ્યો તથા જમાઈ અને પુત્રીને આપવા માટે અનેક પ્રકારની ભેટો આપી અને નીચે લખેલો સંદેશ કહીને બંનેને વજ્રજંઘ પાસે મોકલી દીધા : 'વજ્રદંત ચક્રવર્તી પોતાના પુત્ર અને પરિવારની સાથે વનમાં જઈને દીક્ષિત થઈ ગયા છે. તેમના રાજ્ય પર કમળ સમાન મુખવાળા પુંડરીકને બેસાડવામાં આવ્યો છે, પરંતુ ક્યાં તે ચક્રવર્તીનું રાજ્ય અને ક્યાં આ દુર્બળ બાળક! વાસ્તવમાં એક મોટા ભારે બળદ દ્વારા ઉપાડવાયોગ્ય ભાર માટે એક નાના બાળકને નિયુક્ત કરવામાં આવ્યો છે. આ પુંડરીક બાળક છે અને અમે બંને સાસ-વહુ સ્ત્રી છીએ, તેથી આ સ્વામિ વિનાનું રાજ્ય પ્રાયઃ નષ્ટ થઈ રહ્યું છે. હવે તેની રક્ષા તમારી ઉપર જ અવલંબિત છે, તેથી અવિલંબ આવી જાઓ. તમે અત્યંત બુદ્ધિમાન છો, તેથી તમારા સંનિધાનથી(સમીપતાથી) આ રાજ્ય નિરુપદ્રવ થઈ જશે.'

આવો સંદેશ લઈને તે બંને તે જ સમયે આકાશમાર્ગથી ચાલવા લાગ્યા. તે સમયે તેઓ સમીપમાં સ્થિત

મેઘને પોતાના વેગથી દૂર સુધી ખેંચીને લઈ જતા હતા. તેઓ ક્યાંક પોતાના માર્ગમાં અડચણ ઊભી કરવાવાળા ઉંચા-ઉંચા મેઘને ચીરતા જતા હતા, તે સમયે તે મેઘથી જે પાણીના ટીપા પડી રહ્યા હતા તેનાથી તેઓ એવા જણાતા હતા કે જાણે આંસુ જ વહી રહ્યા હોય. ક્યાંક નદીઓને જોતા જતાં હતા, તે નદીઓ દૂર હોવાના કારણે ઉપરથી અત્યંત કૃષ અને શ્વેતવર્ણ દેખાતી હતી કે જેથી એવું જણાતું હતું કે જાણે વર્ષાકાળરૂપી પતિના વિરહથી કૃષ અને પાંડુવર્ણ થઈ ગઈ હોય! તેઓ પર્વત પણ જોતા જતાં હતા, તે પર્વતો દૂર હોવાના કારણે ગોળ દેખાતા હતા કે જેથી એવા જણાતા હતા કે જાણે સૂર્યના સંતાપથી ડરીને જમીનમાં જ છુપાઈ રહ્યા હોય. તેઓ વાવડીઓના પાણી પણ જોતા જતા હતા, તે પાણી દૂર હોવાના કારણે અત્યંત ગોળ જણાતા હતા કે જેથી એવું જણાતું હતું કે જાણે પૃથ્વીરૂપી સ્ત્રીએ ચંદનનો સફેદ તિલક જ લગાવ્યો હોય!

આ રીતે, પ્રત્યેક માર્ગની શોભા જોતા-જોતા તે બંને અનુક્રમથી ઉત્પલખેટક નગર જઈ પહોંચ્યા. તે નગર સંગીતકાળમાં થવાવાળા ગંભીર શબ્દોથી દિશાઓને બહેરા કરી રહ્યા હતા. જ્યારે તે બંને ભાઈ રાજમંદિરની સમીપ પહોંચ્યા ત્યારે દ્વારપાળ તેમને અંદર લઈ ગયા. તેમણે રાજમંદિરમાં પ્રવેશ કરીને રાજસભામાં બેઠેલા વજ્રજંઘના દર્શન કર્યા. તે બંને વિદ્યાધરોએ તેમને પ્રણામ કર્યા અને પછી તેમની સાથે-સાથે લાવેલી ભેટો તથા જેની અંદર પત્ર રાખ્યો છે એવો રત્નમય પટારો પણ આપ્યો. મહારાજ વજ્રજંઘે પટારો ખોલીને તેની અંદર રાખેલો આવશ્યક પત્ર લઈ લીધો, તે જોઈને તેમને ચક્રવર્તીના દીક્ષા લીધાનો નિર્ણય થઈ ગયો અને તે વાતથી તેઓ ખૂબ જ વિસ્મિત થઈ ગયા. તેઓ વિચારવા લાગ્યા કે અહો! ચક્રવર્તી મહાન પુણ્યાત્મા છે કે જેમણે આટલા મોટા સામ્રાજ્યનો વૈભવ છોડીને પવિત્ર અંગવાળી સ્ત્રી સમાન દીક્ષા ધારણ કરી છે. અહો! ચક્રવર્તીના પુત્ર પણ મહાન પુણ્યશાળી અને અચિંત્ય સાહસના ધારક છે કે જેમણે આટલા વિશાળ રાજ્યને ઠોકર મારીને પિતાની સાથે જ દીક્ષા ધારણ કરી છે. ખીલેલા કમળ સમાન મુખની કાંતિનો ધારક બાળક પુંડરીક આ મહાન ભારને વહન કરવા માટે નિયુક્ત કરવામાં આવ્યો છે અને મામી લક્ષ્મીમતી 'કાર્ય ચલાવવું મુશ્કેલ છે' એમ સમજીને રાજ્યમાં શાંતિ બનાવી રાખવા માટે શીઘ્ર જ મારું સંનિધાન ઈચ્છે છે અર્થાત્ મને બોલાવે છે. આ પ્રકારે, કાર્ય કરવામાં ચતુર બુદ્ધિમાન વજ્રજંઘે પત્રના અર્થનો નિર્ણય કરી સ્વયં નિર્ણય કરી લીધો અને પોતાનો નિર્ણય શ્રીમતીને પણ કહ્યો.

પત્ર સિવાય એ વિદ્યાધરોએ લક્ષ્મીમતીનો કહેલો મૌખિક સંદેશ પણ કહી સંભળાવ્યો હતો કે જેથી વજ્રજંઘને પત્રના અર્થનો બરાબર નિર્ણય થઈ ગયો હતો. ત્યારબાદ, બુદ્ધિમાન વજ્રજંઘે પુંડરીકિણીનગરી જવાનો વિચાર કર્યો. પિતા અને ભાઈની દીક્ષા લેવાના સમાચાર સાંભળીને શ્રીમતીને ખૂબ જ દુઃખ થયું હતું, પરંતુ વજ્રજંઘે તેને સમજાવી અને તેની સાથે પણ ગુણ-દોષનો વિચાર કરી સાથે-સાથે ત્યાં જવાનો નિશ્ચય કર્યો. ત્યારબાદ, ખૂબ જ આદર-સત્કારપૂર્વક તે વિદ્યાધર દૂતોને તેમને આગળ મોકલી દીધા અને સ્વયં તેમની પાછળ પ્રસ્થાન કરવાની તૈયારી કરી.

ત્યારબાદ, મતિવર, આનંદ, ધનમિત્ર અને અકંપન આ ચાર મહામંત્રી, પુરોહિત, રાજશેઠ અને સેનાપતિઓને તથા બીજા પણ સાથે ચાલવા તૈયાર થયેલા પ્રધાન પુરુષોએ આવીને રાજા વજ્રજંઘને એવી રીતે ઘેરી લીધા હતા કે જેવી રીતે ક્યાંય જતા સમયે ઈન્દ્રને દેવગણ ઘેરી વળે છે. તે કાર્યકુશળ વજ્રજંઘે તે જ દિવસે શીઘ્ર જ પ્રસ્થાન કર્યું. પ્રસ્થાન કરતાં સમયે અધિકારી કર્મચારીઓમાં ખૂબ જ કોલાહલ થઈ રહ્યો હતો, તેઓ પોતાના સેવકોને કહી રહ્યા હતા કે તમે રાણીઓને સવારી માટે શીઘ્ર જ એવી હાથણીઓ લાવો કે જેના ગળામાં સુવર્ણમય માળા લટકતી હોય, પીઠ પર સુવર્ણમય ઝૂલા પડ્યા હોય અને જેઓ મદરહિત હોવાના કારણે કુલીન સ્ત્રીઓ સમાન સાધ્વી હોય! તમે લોકો શીઘ્ર ચાલવાવાળી ખચ્ચરીઓને જલ્દી તૈયાર કરો, તમે સ્ત્રીઓને ચડવા માટે પાલખી લાવો અને તમે પાલખી લઈ જવાવાળા મજબૂત માણસોને શોધો, તમે શીઘ્રગામી તરુણ ઘોડાઓને પાણી પીવડાવો અને તેમને શીઘ્ર તૈયાર કરો, તમે શીઘ્ર જ એવી દાસીઓ બોલાવો કે જે બધા કામ કરવામાં ચતુર હોય અને ખાસ કરીને રસોઈ બનાવવી, અનાજ સાફ કરવું અને દળવું આદિ કાર્ય કરી શકે; તમે આગળ-આગળ જઈને સેનાને રોકાવાની જગ્યા પર તંબુ આદિ તૈયાર કરો તથા ઘાસ આદિના ઉંચા-ઉંચા ઢગલા કરીને તૈયાર રાખો, તમે લોકો બધી સંપદાઓના અધિકારી છો, તેથી મહારાજની ભોજનશાળામાં નિયુક્ત કરવામાં આવો છો, તમે કોઈ પ્રતિબંધ વિના જ ભોજનશાળાની સમસ્ત યોગ્ય સામગ્રી ભેગી કરો, તમે ખૂબ જ દૂધ દેવાવાળી અને વાછરડાઓ સહિત સુંદર-સુંદર ગાય સાથે લઈ જાઓ, માર્ગમાં તેમને જળસહિત અને છાયાવાળા પ્રદેશોમાં સુરક્ષિત રાખજો, તમે લોકો હાથમાં ચમકતી તલવાર લઈને માછલીઓ સહિત સમુદ્રની તરંગ સમાન શોભાયમાન થતા રાજાના રણવાસની ખૂબ જ પ્રયત્નથી રક્ષા કરજો, તમે વૃદ્ધ કંચુકી લોકો અંતઃપુરની સ્ત્રીઓની મધ્યમાં રહીને ખૂબ જ

આદરથી અંગરક્ષાનું કાર્ય કરજો, તમે લોકો અહીં જ રહેજો અને પાછળના કાર્ય ખૂબ જ સાવધાનીથી કરજો, તમે લોકો સાથે જાઓ અને પોતપોતાનું કાર્ય જુઓ, તમે લોકો જઈને દેશના અધિકારીઓને આ વાતની શીઘ્ર જ પ્રેરણા આપો કે તેઓ પોતાની યોગ્યતાનુસાર સામગ્રી લઈને મહારાજને લેવા માટે આવે. માર્ગમાં તમે હાથીઓ અને ઘોડાઓની રક્ષા કરજો, તમે ઉંટનું પાલન કરજો અને તમે ખૂબ જ દૂધ દેવાવાળી વાછરડાસહિત ગાયની રક્ષા કરજો, તમે મહારાજ માટે શાંતિજાપ કરીને રત્નત્રયની સાથે-સાથે જિનેન્દ્રદેવની પ્રતિમાની પૂજા કરજો, તમે પહેલાં જિનેન્દ્રદેવનો અભિષેક કરો અને પછી શાંતિજાપની સાથે-સાથે પવિત્ર આશીર્વાદ દેતા થકા મહારાજના મસ્તક પર ગંધોદકની સાથે મળેલા સિદ્ધોના શેષાક્ષત ક્ષેપણ કરો, તમે જ્યોતિષી લોકો ગ્રહોના શુભોદય આદિનું સારું નિરુપણ કરો છો, તેથી મહારાજની યાત્રાની સફળતા માટે પ્રસ્થાનનો ઉત્તમ સમય કહો—આ પ્રકારે, તે સમયે ત્યાં મહારાજ વજ્રજંઘના પ્રસ્થાન માટે સામગ્રી એકઠા કરવાવાળા કર્મચારીઓનો ખૂબ જ કોલાહલ થઈ રહ્યો હતો.

ત્યારબાદ, રાજભવનની આગળનો ચોક હાથી, ઘોડા, રથ અને હથિયાર લીધેલા પાયદળોથી ખચાખચ ભરાઈ ગયો હતો. તે સમયે ઉપર બેઠેલા સફેદ છત્રોથી તથા મોરપીંછથી બનેલા વાદળી છત્રોથી આકાશ વ્યાપ્ત થઈ ગયું હતું કે જેથી એવું જણાતું હતું કે જાણે કેટલાક સફેદ અને કેટલાક કાળા મેઘથી જ વ્યાપ્ત થઈ ગયું હોય, તે સમયે છત્રોના સમૂહથી સૂર્યનો તેજ પણ રોકાઈ ગયો હતો. બરાબર જ છે કે **સદ્વૃત્ત—સદાચારી પુરુષોની સમીપ તેજસ્વી પુરુષોનું તેજ પણ ટકી શકતું નથી.** છત્ર પણ સદ્વૃત્ત—ગોળ હતા કે જેથી તેમની સમીપ સૂર્યનું તેજ ટકી શક્યું ન હતું. તે સમયે રથ અને હાથીઓ ઉપર લાગેલી ધ્વજાઓ વાયુના વેગ સમાન ફરકતી આપસમાં મળી રહી હતી કે જેથી એવું જણાતું હતું કે જાણે ઘણા સમય પછી એક-બીજાને જોઈને સંતુષ્ટ થઈને પરસ્પર મળી રહી હોય! ઘોડાના પગથી ઊઠેલી ધૂળ આગળ-આગળ ઉડી રહી હતી, જેથી એવું જણાતું હતું કે જાણે તે વજ્રજંઘને માર્ગ દેખાડવા માટે જ આકાશ પ્રદેશનું ઉલ્લંઘન કરી રહી હોય! હાથીઓની મદધારાથી, તેમની સૂંઢમાંથી નીકળેલા પાણીના છાંટાઓથી તથા ઘોડાઓની લાળ તથા ફેણથી પૃથ્વીની બધી જ ધૂળ જ્યાંની ત્યાં શાંત થઈ ગઈ હતી.

ત્યારબાદ, નગરથી બહાર નીકળતી તે સેના કોઈ મહાનદી સમાન અત્યંત શોભાયમાન થઈ રહી હતી.

કારણ કે જેવી રીતે મહાનદીમાં ફીણ હોય છે, તેવી જ રીતે આ સેનામાં સફેદ છત્ર હતા અને જેવી રીતે નદીમાં લહેરો હોય છે, તેવી જ રીતે તે સેનામાં અનેક ઘોડાઓ હતા; અથવા મોટા-મોટા હાથીઓ જ જેમાં જળ-જંતુ હતા, ઘોડાઓ જ જેમાં તરંગો હતા અને ચંચળ તલવારો જ જેમાં માછલી હતી તેવી તે સેનારૂપી નદીઓ ખૂબ જ સુશોભિત થઈ રહી હતી. તે સેનાએ ઉંચી-નીચી જમીનને સમાન કરી દીધી હતી તથા તે ચાલતા સમયે વિશાળ માર્ગમાં પણ સમાતી ન હતી, તેથી તે પોતાની ઈચ્છાનુસાર જ્યાં ત્યાં ફેલાઈને જઈ રહી હતી. **'પ્રાયઃ નવીન વસ્તુઓ જ લોકોને વધારે આનંદ આપે છે'**—લોકમાં આ જે કહેવત પ્રસિદ્ધ છે તે બિલકુલ બરાબર છે, તેથી જ તો મદના લોભી ભ્રમર જંગલી હાથીઓના ગંડસ્થળ છોડી-છોડીને રાજા વજ્રજંઘની સેનાના હાથીઓના મદ વહેતા ગંડસ્થળમાં વિલીન થઈ રહ્યા હતા અને સુગંધના લોભી કેટલાય ભ્રમર વનના મનોહર વૃક્ષને છોડીને મહારાજના હથિયારો ઉપર આવીને બેઠા. માર્ગમાં જગ્યાએ-જગ્યાએ ફળ અને ફૂલોના ભારથી નમેલા તથા ઘટ્ટ છાયાવાળા મોટા-મોટા વૃક્ષ લાગેલા હતા, તેનાથી એવું જણાતું હતું કે જાણે મનોહર વન તે વૃક્ષો દ્વારા માર્ગમાં મહારાજ વજ્રજંઘનો સત્કાર જ કરી રહ્યા હોય! તે સમયે સ્ત્રીઓએ કર્ણફૂલ આદિ આભૂષણ બનાવવા માટે પોતાના કર-પલ્લવોથી વનલતાના ઘણા ફૂલ અને પાન તોડી લીધા હતા. એવું જણાય છે કે તે વનના વૃક્ષોને અવશ્ય જ અક્ષીણપુષ્પ નામની ઋદ્ધિ પ્રાપ્ત થઈ ગઈ હતી, તેથી જ તો સૈનિકો દ્વારા ઘણા જ ફૂલ તોડી લીધા છતાં પણ તેમણે ફૂલોની શોભાનો પરિત્યાગ કર્યો ન હતો. ત્યારબાદ, ઘોડાઓ અને હાથીઓની ગંભીર ગર્જનાના શબ્દોથી શબ્દાયમાન તે સેના ક્રમ-ક્રમથી 'શષ્પ' નામક સરોવર પર પહોંચી.

ત્યારબાદ, જેના કિનારા નાના-મોટા વૃક્ષ અને લતાઓથી ઘેરાયેલા હતા તથા જ્યાં મંદ-મંદ વાયુ વહી રહ્યો છે એવા સરોવરના કિનારે વજ્રજંઘની સેના રોકાઈ ગઈ. જ્યારે સમસ્ત સેના પોતપોતાના સ્થાને રોકાઈ ગઈ, ત્યારે રાજા વજ્રજંઘ માર્ગ નિશ્ચિત કરવામાં ચતુર શીઘ્રગામી ઘોડા ઉપર બેસીને શીઘ્ર જ પોતાના પડાવમાં જઈ પહોંચ્યા. ઘોડાના પગથી ઉડેલી ધૂળથી જેનું શરીર રુક્ષ થઈ રહ્યું છે એવા ઘોડેસવાર લોકો પરસેવાથી યુક્ત થઈને તે સમયે પડાવમાં પહોંચ્યા હતા કે જે સમયે સૂર્ય તપી રહ્યો હતો. જ્યાં સરોવરના જળના તરંગોથી ઊઠતી મંદવાયુ દ્વારા શીતળતા વિદ્યમાન હતી એવા તળાવના કિનારે ઘણા ઉંચા તંબુમાં રાજા વજ્રજંઘે સુખપૂર્વક નિવાસ કર્યો.

ત્યારબાદ, આકાશમાં ગમન કરવાવાળા શ્રીમાન્ દમધર નામના મુનિરાજ સાગરસેન નામના મુનિરાજની સાથે-સાથે વજ્જંઘના પડાવમાં પધાર્યા. એ બંને મુનિઓએ વનમાં જ આહાર લેવાની પ્રતિજ્ઞા કરી હતી, તેથી ઈચ્છાનુસાર વિહાર કરતાં-કરતાં વજ્જંઘના પડાવની નજીક આવ્યા. તે મુનિરાજ અતિશય કાંતિના ધારક હતા અને પાપકર્મોથી રહિત હતા, તેથી એવા સુશોભિત થઈ રહ્યા હતા કે જાણે સ્વર્ગ અને મોક્ષના સાક્ષાત્ માર્ગ જ હોય! એવા બંને મુનિરાજને રાજા વજ્જંઘે દૂરથી જ જોયા. જેમણે પોતાના શરીરની દીપ્તિથી વનનો અંધકાર નષ્ટ કરી દીધો છે એવા બંને મુનિઓને રાજા વજ્જંઘે સંભ્રમસહિત(ત્વરાથી) ઊભા થઈને પડ્ગાહન કર્યું. પુણ્યાત્મા વજ્જંઘે રાણી શ્રીમતીની સાથે ખૂબ જ ભક્તિથી એ બંને મુનિઓને હાથ જોડીને અર્ઘ ચડાવ્યો અને પછી નમસ્કાર કરી ભોજનશાળામાં પ્રવેશ કરાવ્યો. ત્યાં વજ્જંઘે તેમને ઊંચા સ્થાન પર બેસાડ્યા, તેમના ચરણકમળનું પ્રક્ષાલન કર્યું, પૂજા કરી, નમસ્કાર કર્યા, પોતાના મન-વચન-કાયને શુદ્ધ કર્યા અને પછી શ્રદ્ધા, તુષ્ટિ, ભક્તિ, અલોભ, ક્ષમા, જ્ઞાન અને શક્તિ—ગુણોથી વિભૂષિત થઈને વિશુદ્ધ પરિણામથી એ ગુણવાન બંને મુનિઓને વિધિપૂર્વક આહાર આપ્યો. તેના ફળસ્વરૂપે નીચે લખેલા પંચાશ્ચર્ય થયા : દેવલોકો આકાશથી રત્નવર્ષા કરતાં હતા, પુષ્પવર્ષા કરતાં હતા, આકાશગંગાના જળના છાંટા વરસાવતો મંદ-મંદ વાયુ ચાલી રહ્યો હતો, દુંદુભિ વાજાઓ વાગી રહ્યા હતા અને દિશાઓને વ્યાપ્ત કરવાવાળા 'અહો દાનમ્ અહો દાનમ્' આ પ્રકારના શબ્દ થઈ રહ્યા હતા. ત્યારબાદ, વજ્જંઘ બંને મુનિરાજોની વંદના અને પૂજા કરી પાછા મોકલી ચૂક્યો ત્યારે તેણે પોતાના કંચુકીના કહેવાથી ખબર પડી કે તે બંને મુનિરાજ મારા જ અંતિમ પુત્ર છે. રાજા વજ્જંઘ શ્રીમતીની સાથે-સાથે ખૂબ જ પ્રેમથી તેમની સમીપ ગયા અને પુણ્યપ્રાપ્તિની ઈચ્છાથી સદ્ગૃહસ્થોનો ધર્મ સાંભળવા લાગ્યા. દાન, પૂજા, શીલ અને પ્રૌષધ આદિ ધર્મોનું વિસ્તૃત સ્વરૂપ સાંભળી ચૂક્યા બાદ વજ્જંઘે તેમને પોતાના તથા શ્રીમતીના પૂર્વભવ પૂછયા. તેમાંથી દમધર નામના મુનિ પોતાના દાંતોના કિરણોથી દિશાઓમાં પ્રકાશ ફેલાવતા તે બંનેના પૂર્વભવ કહેવા લાગ્યા.

હે રાજા! તું આ જન્મથી ચોથા જન્મમાં જંબૂદ્વીપના વિદેહક્ષેત્રમાં સ્થિત ગંધિલા દેશના સિંહપુર નગરમાં રાજા શ્રીષેણ અને અતિશય મનોહર સુંદરી નામની રાણીનો જ્યેષ્ઠ પુત્ર થયો હતો. ત્યાં તેં વિરક્ત થઈને જૈનેશ્વરી દીક્ષા ધારણ કરી, પરંતુ સંયમ પ્રગટ ન કરી શક્યો અને વિદ્યાધર રાજાઓના ભોગોમાં ચિત્ત લગાવીને મૃત્યુ

પામ્યો. તેથી, પૂર્વોક્ત ગંધિલા દેશના વિજયાર્ધ પર્વતની શ્રેણી ઉપર અલકા નામની નગરીમાં મહાબળ થયો. ત્યાં તેં મનોવાંછિત ભોગોનો અનુભવ કર્યો. પછી સ્વયંબુદ્ધ મંત્રીના ઉપદેશથી આત્મજ્ઞાન પ્રાપ્ત કરી તેં જિનપૂજા કરી સમાધિમરણથી શરીર છોડ્યું અને લલિતાંગ દેવ થયો. ત્યાંથી ચ્યુત થઈને હવે વજ્રજંઘ નામનો રાજા થયો છે.

આ શ્રીમતી પણ પહેલાં એક ભવમાં ધાતકીખંડ દ્વીપમાં પૂર્વમેરુથી પશ્ચિમ તરફ ગંધિલ દેશના પલાલપર્વત નામના ગ્રામમાં કોઈ ગૃહસ્થની પુત્રી હતી. ત્યાં કાંઈક પુણ્યના ઉદયથી તે જ દેશના પાટલી નામક ગ્રામમાં કોઈ વણિકને ત્યાં **નિર્નામિકા** નામની પુત્રી થઈ, ત્યાં તેણે પિહિતાશ્રવ નામક મુનિરાજના આશ્રયથી વિધિપૂર્વક જિનેન્દ્રગુણસંપત્તિ અને શ્રુતજ્ઞાન નામક વ્રતોના ઉપવાસ કર્યા કે જેના ફળ સ્વરૂપ શ્રીપ્રભ વિમાનમાં સ્વયંપ્રભા દેવી થઈ હતી. જ્યારે તું લલિતાંગ દેવની પર્યાયમાં હતો ત્યારે આ તારી પ્રિય દેવી હતી અને ત્યાંથી ચ્યવીને વજ્રદંત ચક્રવર્તીને શ્રીમતી પુત્રી થઈ છે. આ પ્રકારે, રાજા વજ્રજંઘે શ્રીમતીની સાથે પોતાના પૂર્વભવ સાંભળીને કૌતુહલથી પોતાના ઈષ્ટ સંબંધીઓના પૂર્વભવ પૂછયા. હે નાથ! આ મતિવર, આનંદ, ધનમિત્ર અને અકંપન મને મારા ભાઈ સમાન અતિશય પ્યારા છે, તેથી આપ પ્રસન્ન થઈને તેમના પૂર્વભવ કહો. આ પ્રકારે રાજાનો પ્રશ્ન સાંભળીને ઉત્તરમાં મુનિરાજ કહેવા લાગ્યા :

હે રાજન્! આ જંબૂદ્વીપના પૂર્વવિદેહ ક્ષેત્રમાં એક વત્સકાવતી નામનો દેશ છે કે જે સ્વર્ગ સમાન સુંદર છે. તેમાં એક પ્રભાકરી નામની નગરી છે. આ મતિવર પૂર્વભવમાં આ જ નગરીમાં અતિગૃધ્ર નામક રાજા હતો, તે વિષયોમાં અત્યંત આસક્ત રહેતો હતો. તેણે ખૂબ જ આરંભ અને પરિગ્રહના કારણે નરકાયુનો બંધ કરી લીધો હતો કે જેથી તે મરીને પંકપ્રભા નામની ચોથી નરકમાં ઉત્પન્ન થયો. ત્યાં દસ સાગર સુધી નરકોનું દુઃખ ભોગવતો રહ્યો. તેણે પૂર્વભવમાં પૂર્વોક્ત પ્રભાકરી નગરીની સમીપ એક પર્વત પર પોતાનું ઘણું જ ધન દાટી રાખ્યું હતું. તે નરકથી નીકળીને આ પર્વત પર સિંહ થયો. ત્યારબાદ, કોઈ એક દિવસે પ્રભાકરી નગરીના રાજા પ્રીતિવર્ધન પોતાથી પ્રતિકૂળ થયેલા નાનાભાઈને જીતીને પાછો ફર્યો અને તે જ પર્વત પર રોકાયો. તે ત્યાં પોતાના નાનાભાઈ સાથે બેઠો હતો કે એટલામાં પુરોહિતે આવીને તેમને કહ્યું કે આજે અહીં આપને મુનિદાનના પ્રભાવથી ખૂબ જ

લાભ થવાનો છે. હે રાજન્! તે મુનિરાજ અહીં કઈ રીતે આવશે તેનો ઉપાય હું મારા દિવ્યજ્ઞાનથી જાણીને આપને કહું છું, તે સાંભળો—

અમે લોકો નગરમાં ઘોષણા કરાવી દઈએ છીએ કે આજે રાજાના ખૂબ જ હર્ષનો સમય છે, તેથી સમસ્ત નગરવાસી લોકો પોતપોતાના ઘર પર ધ્વજાઓ લગાવો, તોરણ બાંધો અને ઘરના આંગણ તથા નગરની ગલીઓમાં સુગંધી પાણી છાંટીને એ પ્રકારે ફૂલ પાથરી દો કે વચમાં કોઈ જગ્યા ખાલી ન રહી જાય એવું કરવાથી નગરમાં જવાવાળા મુનિ, અપ્રાસુક હોવાના કારણે નગરને પોતાના વિહારને અયોગ્ય સમજીને પાછા ફરીને અહીં અવશ્ય જ આવશે. પુરોહિતના વચનોથી સંતુષ્ટ થઈને રાજા પ્રીતિવર્ધને તેવું જ કર્યું કે જેથી મુનિરાજ પાછા ફરીને ત્યાં આવ્યા. પિહિતાશ્રવ નામના મુનિરાજ એક મહિનાનો ઉપવાસ સમાપ્ત કરીને આહાર માટે ભ્રમણ કરતાં-કરતાં ક્રમ-ક્રમથી રાજા પ્રીતિવર્ધનના ઘરમાં પહોંચ્યા. રાજાએ તેમને વિધિપૂર્વક આહાર આપ્યો કે જેથી દેવોએ આકાશથી રત્નોની વર્ષા કરી અને તે રત્ન મનોહર શબ્દ કરતાં ભૂમિ ઉપર પડ્યા. રાજા અતિગૃધ્રના જીવ સિંહે પણ ત્યાં આ બધું જોયું કે જેથી તેને જાતિસ્મરણ થઈ ગયું, તે અતિશય શાંત થઈ ગયો, તેની મૂર્ચ્છા-મોહ જતો રહ્યો, એટલું જ નહીં તેણે શરીર અને આહારથી પણ મમત્વ છોડી દીધું. તે બધા જ પરિગ્રહ અર્થાત્ કષાયોનો ત્યાગ કરીને એક શીલાતટ પર બેસી ગયો. મુનિરાજ પિહિતાશ્રવે પણ પોતાના અવધિજ્ઞાનરૂપી નેત્રથી અકસ્માત્ જ સિંહનો બધો વૃતાંત જાણી લીધો અને જાણીને તેમણે રાજા પ્રીતિવર્ધનને કહ્યું કે હે રાજન્! આ પર્વત પર કોઈ શ્રાવક થઈને—શ્રાવકના વ્રત ધારણ કરીને સંન્યાસ કરી રહ્યું છે, તારે તેની સેવા કરવી જોઈએ. તે આગામી કાળમાં ભરતક્ષેત્રના પ્રથમ તીર્થંકર શ્રી વૃષભદેવના ચક્રવર્તીપદના ધારક પુત્ર થશે અને તે જ ભવમાં મોક્ષ પ્રાપ્ત કરશે, આ વિષયમાં જરાય પણ સંદેહ નથી.

મુનિરાજના આ વચનો સાંભળીને રાજા પ્રીતિવર્ધનને ખૂબ જ આશ્ચર્ય થયું તેણે મુનિરાજની સાથે ત્યાં જઈને અતિશય સાહસ કરવાવાળા સિંહને જોયો. ત્યારબાદ, રાજાએ તેની સેવા અથવા સમાધિમાં યોગ્ય સહાયતા કરી અને તે દેવ થવાવાળો છે તેમ સમજીને મુનિરાજે પણ તેના કાનમાં નમસ્કાર મંત્ર સંભળાવ્યા. તે સિંહ અઢાર દિવસ સુધી આહારનો ત્યાગ કરીને સમાધિથી શરીર છોડીને બીજા સ્વર્ગમાં દિવાકરપ્રભ નામક વિમાનમાં દિવાકરપ્રભ

નામનો દેવ થયો. આ આશ્ચર્ય જોઈને રાજા પ્રીતિવર્ધનના સેનાપતિ, મંત્રી અને પુરોહિત પણ શીઘ્ર જ અતિશય શાંત થઈ ગયા. આ બધાએ રાજા દ્વારા દેવામાં આવેલા પાત્રદાનની અનુમોદના કરી હતી, તેથી આયુ સમાપ્ત થતાં તે ઉત્તરકુરુ ભોગભૂમિમાં આર્ય થયા અને આયુના અંતમાં ત્યાંથી ઐશાન સ્વર્ગમાં લક્ષ્મીમાન્ દેવ થયા. તેમાંથી મંત્રી કાંચન નામક વિમાનમાં કનકાભ નામનો દેવ થયો, પુરોહિત ઋષિત નામના વિમાનમાં પ્રભંજન નામનો દેવ થયો અને સેનાપતિ પ્રભા નામક વિમાનમાં પ્રભાકર નામનો દેવ થયો. તમારી લલિતાંગ દેવની પર્યાયમાં તે બધા તમારા જ પરિવારના દેવ હતા. સિંહનો જીવ ત્યાંથી ચ્યુત થઈને મતીસાગર અને શ્રીમતીનો પુત્ર થઈને આપનો મતિવર નામનો મંત્રી થયો છે. પ્રભાકરનો જીવ સ્વર્ગથી ચ્યુત થઈને અપરાજિત સેનાની અને આર્જવાનો પુત્ર થઈને આપનો અકંપન નામનો સેનાપતિ થયો છે. કનકપ્રભનો જીવ શ્રુતકીર્તિ અને અનંતમતિનો પુત્ર થઈને આપનો આનંદ નામનો પ્રિય પુરોહિત થયો છે તથા પ્રભંજન દેવ ત્યાંથી ચ્યુત થઈને ધનદત્ત અને ધનદત્તાનો પુત્ર થઈને આપનો ધનમિત્ર નામનો સંપત્તિશાળી શેઠ થયો છે. આ પ્રકારે, મુનિરાજના વચનો સાંભળીને રાજા વજ્રજંઘ અને શ્રીમતી બંને ધર્મના વિષયમાં અતિશય પ્રીતિને પાત્ર થયા.

રાજા વજ્રજંઘે ફરીવાર ખૂબ જ આશ્ચર્યથી તે મુનિરાજને પૂછ્યું કે આ નોળિયો, સિંહ, વાંદરો અને સુવર– ચારેય જીવ આપના મુખકમળને જોવામાં દૃષ્ટિ લગાવીને, આ મનુષ્યોથી ભરાયેલા સ્થાનમાં પણ નિર્ભય થઈને કેમ બેઠા છે? આ પ્રકારે રાજાના પૂછવાથી ચારણઋદ્ધિના ધારક ઋષિરાજ બોલ્યા કે—

હે રાજન્! આ સિંહ પૂર્વભવમાં આ જ દેશના પ્રસિદ્ધ હસ્તિનાપુર નામક નગરમાં સાગરદત્ત વૈશ્યથી તેની ધનમતી નામક સ્ત્રીથી ઉગ્રસેન નામનો પુત્ર થયો હતો. તે ઉગ્રસેન સ્વભાવથી અત્યંત ક્રોધી હતો, તેથી તે અજ્ઞાનીએ પૃથિવીભેદ સમાન અપ્રત્યાખ્યાનાવરણ ક્રોધના નિમિત્તથી તિર્યંચ આયુનો બંધ કરી લીધો હતો. એક દિવસ તે દુષ્ટે રાજાના ભંડારની રક્ષા કરવાવાળા લોકોને ધમકાવીને ત્યાંથી બળપૂર્વક ઘણું ઘી અને ચોખા લઈને વેશ્યાઓને આપી દીધા. આ સમાચાર જ્યારે રાજાએ સાંભળ્યા ત્યારે તેમણે તેને બંધાવીને લાત, ઢીકા આદિથી ખૂબ જ માર્યો કે જેથી તે તીવ્ર વેદના સહન કરીને મર્યો અને અહીં આ વાઘ થયો છે.

હે રાજન્! આ સુવર પૂર્વભવમાં વિજય નામક નગરમાં રાજા મહાનંદથી તેની રાણી વસંતસેનાને હરિવાહન નામનો પુત્ર થયો હતો, તે અપ્રત્યાખ્યાનાવરણ માનના ઉદયથી હાડકા સમાન માનને ધારણ કરતો હતો. તેથી માતા-પિતાનો પણ વિનય કરતો ન હતો અને તેથી તેને તિર્યંચ આયુનો બંધ થઈ ગયો. એક દિવસ તે માતા-પિતાનું અનુશાસન ન માનીને દોડતો જઈ રહ્યો હતો કે પત્થરના થાંભલાથી ભટકાવાથી તેનું માથું ફાટી ગયું અને તે વેદનામાં આર્તધ્યાનથી મરીને આ સુવર થયો છે.

હે રાજન્! આ વાંદરો પૂર્વભવમાં ધન્યપુર નગરમાં કુબેર નામક વણિકના ઘરે તેની સુદત્તા નામની સ્ત્રીથી નાગદત્ત નામનો પુત્ર થયો હતો, તે ઘેટાના શિંગડા સમાન અપ્રત્યાખ્યાનાવરણ માયા ધારણ કરતો હતો. એક દિવસ તેની માતા, નાગદત્તની નાની બહેનના વિવાહ માટે ઈચ્છાનુસાર પસંદ કરીને કેટલોક સામાન લઈ રહી હતી. નાગદત્ત તેને ઠગવા ઈચ્છતો હતો, પરંતુ તેને કઈ રીતે ઠગવું જોઈએ તેનો ઉપાય તે જાણતો ન હતો. તેથી, એ જ અસમંજસમાં લાગ્યો રહ્યો અને અચાનક આર્તધ્યાનથી મરીને તિર્યંચ આયુનો બંધ થવાથી અહીં આ વાંદરાની અવસ્થા પ્રાપ્ત થયો છે.

હે રાજન્! આ નોળિયો પણ પૂર્વભવમાં આ જ સુપ્રતિષ્ઠિત નગરમાં લોલુપ નામનો હલવાઈ હતો, તે ધનનો ખૂબ જ લોભી હતો. કોઈ એક સમયે ત્યાંનો રાજા જિનમંદિર બનાવી રહ્યો હતો અને એ માટે તે મજદૂરોથી ઈંટ મંગાવતો હતો. તે લોભી મૂર્ખ હલવાઈ એ મજદૂરોને પૌહા આદિ દઈને તેનાથી છૂપી રીતે કેટલીક ઈંટો પોતાના ઘરમાં નખાવી દેતો હતો. આ ઈંટોને તોડતા એમાંથી કેટલાકમાંથી સુવર્ણ નીકળ્યું. આ જોઈને તેનો લોભ હજી વધારે વધી ગયો. તે સુવર્ણના લોભમાં તેણે વારંવાર મજદૂરોને પોહા આદિ દઈને તેમનાથી ઘણી ઈંટો પોતાના ઘરમાં નખાવાનું શરૂ કરી દીધું. એક દિવસ તેને પોતાની પુત્રીના ગામ જવું પડ્યું. જતા સમયે તે પુત્રને કહી ગયો કે હે પુત્ર! તું પણ મજદૂરોને થોડું ભોજન દઈને તેની પાસે આપણા ઘરમાં ઈંટો નખાવી લેજે. આમ કહીને તે તો ચાલ્યો ગયો પરંતુ પુત્રએ તેના કહ્યા અનુસાર ઘરમાં ઈંટો ન નખાવી. જ્યારે તે દુષ્ટ ઘરે પાછો ફર્યો અને પુત્રને પૂછતા જ્યારે તેને બધી વાત ખબર પડી ત્યારે તે પુત્ર ઉપર ખૂબ જ ક્રોધિત થયો. તે મૂર્ખે લાકડી તથા પત્થરોના મારથી પુત્રનું માથું ફોડી નાખ્યું અને તે દુઃખથી દુઃખી થઈને પોતાના પગ પણ કાપી નાખ્યા. અંતમાં તે રાજા દ્વારા

મરાવવામાં આવ્યો અને મરીને તે નોળિયાની પર્યાયને પ્રાપ્ત થયો છે, તે હલવાઈ અપ્રત્યાખ્યાનાવરણ લોભના ઉદયથી જ આ દશા સુધી પહોંચ્યો છે.

હે રાજન્! તમારા દાનને જોઈને જ આ ચારેય પરમ હર્ષને પ્રાપ્ત થઈ રહ્યા છે અને આ ચારેયને જાતિસ્મરણ થઈ ગયું છે કે જેથી તે સંસારથી ખૂબ જ વિરક્ત થઈ ગયા છે. તમારા આપેલા દાનની અનુમોદના કરવાથી આ બધાએ ઉત્તમ ભોગભૂમિના આયુષ્યનો બંધ કર્યો છે. તેથી તેઓ ભય છોડીને ધર્મ શ્રવણ કરવાની ઈચ્છાથી અહીં બેઠા છે. હે રાજન્! આ ભવથી આગામી આઠમા ભવમાં તું વૃષભનાથ તીર્થંકર થઈને મોક્ષ પ્રાપ્ત કરીશ અને તે ભવમાં આ બધા પણ સિદ્ધ થશે, તે વિષયમાં કાંઈપણ સંદેહ નથી અને ત્યાં સુધી આ પુણ્યશાળી જીવ તારી સાથે-સાથે જ દેવ અને મનુષ્યોના ઉત્તમ-ઉત્તમ સુખ અને વિભૂતિઓનો અનુભવ કરતાં રહેશે. આ શ્રીમતીનો જીવ પણ આપના તીર્થમાં દાનતીર્થની પ્રવૃત્તિ ચલાવવાવાળા રાજા શ્રેયાંસ થશે અને તે જ ભવમાં ઉત્કૃષ્ટ કલ્યાણ અર્થાત્ મોક્ષ પ્રાપ્ત કરશે તેમાં સંશય નથી.

આ પ્રકારે, ચારણઋદ્ધિધારી મુનિરાજના વચન સાંભળીને રાજા વજ્રજંઘનું શરીર હર્ષથી રોમાંચિત થઈ ગયું કે જેથી એમ જણાતું હતું કે જાણે પ્રેમના અંકુરોથી વ્યાપ્ત જ થઈ ગયું હોય. ત્યારબાદ, રાજા તે બંને મુનિરાજોને નમસ્કાર કરી રાણી શ્રીમતી અને અતિશય પ્રસન્ન થયેલા મતિવર આદિની સાથે પોતાના પડાવમાં પાછા આવ્યા. ત્યારબાદ, વાયુરૂપી વસ્ત્રને ધારણ કરવાવાળા તે બંને મુનિરાજ 'મુનિઓની વૃત્તિ પરિગ્રહ રહિત હોય છે' આ વાતને પ્રગટ કરતાં થકા વાયુની સાથે-સાથે જ આકાશમાર્ગથી વિહાર કરી ગયા. રાજા વજ્રજંઘે તે મુનિઓના ગુણોનું ધ્યાન કરતાં-કરતાં ઉત્કંઠિત ચિત્ત થઈને તે દિવસનો શેષ ભાગ પોતાની સેના સાથે તે જ શષ્પ નામક સરોવરના કિનારે વ્યતીત કર્યો.

ત્યારબાદ, ત્યાંથી કેટલાય પડાવ આગળ ચાલીને તે પુંડરીકિણી નગરમાં જઈ પહોંચ્યા. ત્યાં જઈને રાજા વજ્રજંઘે શોકથી પિડિત સતી લક્ષ્મીમતી દેવીને જોઈ અને ભાઈને મળવાની ઉત્કંઠા સહિત પોતાની નાની બહેન અનુંધરીને પણ જોઈ. બંનેને ધીરે-ધીરે આશ્વાસન દઈને સમજાવ્યું તથા પુંડરીકના રાજ્યને નિષ્કંટક કરી દીધું. તેણે સામ-દામ-દંડ-ભેદ આદિ ઉપાયોથી સમસ્ત પ્રજાને અનુરક્ત કરીને સરદારો તથા આશ્રિત રાજાઓનું પણ સન્માન

કરી તેમને પહેલાંની જેમ પોતપોતાના કાર્યમાં નિયુક્ત કરી દીધા. ત્યારબાદ, પ્રાતઃકાલીન સૂર્ય સમાન દૈદીપ્યમાન પુંડરીક બાળકને રાજસિંહાસન પર બેસાડી અને રાજ્યની બધી વ્યવસ્થા સુયોગ્ય મંત્રીઓના હાથમાં સોંપીને રાજા વજ્રજંઘ પોતાના ઉત્પલખેટક નગરમાં પાછા આવી ગયા. ઉત્કૃષ્ટ શોભાથી સુશોભિત મહારાજ વજ્રજંઘે પ્રિયા શ્રીમતીની સાથે ખૂબ જ ઠાઠ-બાટથી સ્વર્ગપુરી સમાન સુંદર પોતાના ઉત્પલખેટક નગરમાં પ્રવેશ કર્યો. પ્રવેશ કરતાં સમયે નગરની મનોહર સ્ત્રીઓ પોતાના નેત્રો દ્વારા તેમના સૌંદર્યરસનો પાન કરી રહી હતી. નગરમાં પ્રવેશ કરતાં સમયે વજ્રજંઘ એવો શોભાયમાન થઈ રહ્યો હતો કે જાણે સ્વર્ગમાં પ્રવેશ કરતો ઈન્દ્ર જ હોય!

શું આ ઈન્દ્ર છે? અથવા કુબેર છે? અથવા ધરણેન્દ્ર છે? અથવા શરીરધારી કામદેવ છે? આ પ્રકારે નગરના નર-નારીઓની વાત-ચિત દ્વારા જેમની પ્રશંસા થઈ રહી છે એવા અત્યંત શોભાયમાન અને ઉત્કૃષ્ટ વિભૂતિના ધારક વજ્રજંઘે પોતાના શ્રેષ્ઠ ભવનમાં પ્રવેશ કર્યો. છયે ઋતુઓમાં હર્ષ ઉત્પન્ન કરવાવાળા તે મનોહર રાજમહેલમાં કામદેવ સમાન સુંદર વજ્રજંઘ પોતાના પુણ્યના ઉદયથી પ્રાપ્ત થયેલા મનવાંછિત ભોગોને ભોગવતો થકો સુખથી નિવાસ કરતો હતો તથા જેવી રીતે સંભોગ આદિ ઉચિત ઉપાયો દ્વારા ઈન્દ્ર ઈન્દ્રાણીને પ્રસન્ન રાખે છે, તેવી જ રીતે તે વજ્રજંઘ સંભોગ આદિ ઉપાયોથી શ્રીમતીને પ્રસન્ન રાખતો હતો, તે સદા જૈનધર્મનું સ્મરણ રાખતો હતો અને દિશાઓમાં પોતાની કીર્તિ ફેલાવતો રહેતો હતો.

આ પ્રકારે, આર્ષ નામથી પ્રસિદ્ધ ભગવજ્જિનસેનાચાર્ય-વિરચિત ત્રિષષ્ટિલક્ષણ મહાપુરાણ સંગ્રહમાં શ્રીમતી અને વજ્રજંઘના પાત્રદાનનું વર્ણન કરવાવાળો આઠમો અધ્યાય સમાપ્ત થયો.

* આ જૈન ધર્મ જ દુઃખોથી રક્ષા કરે છે, આ ધર્મ સુખનો વિસ્તાર કરે છે અને આ ધર્મ કર્મોના ક્ષયથી ઉત્પન્ન થવાવાળા મોક્ષસુખને આપે છે. આ જૈનધર્મથી જ ઈન્દ્ર, ચક્રવર્તી અને ગણધરના પદ પ્રાપ્ત થાય છે, તીર્થંકરનું પદ પણ આ ધર્મથી જ પ્રાપ્ત થાય છે અને સર્વોત્કૃષ્ટ સિદ્ધપદ પણ આનાથી જ મળે છે. આ જૈન ધર્મ જ જીવોનો બંધુ છે, એ જ મિત્ર છે અને એ જ ગુરુ છે. તેથી, સ્વર્ગ અને મોક્ષના સુખ આપનાર આ જૈનધર્મમાં જ તું તારી બુદ્ધિને લગાવ!

(અ. ૧૦, શ્લોક ૧૦૭/૦૮/૦૯)

# અધ્યાય નવમો

ત્યારબાદ, ધર્મ, અર્થ અને કામ—આ ત્રણ વર્ગોના સંસર્ગથી મનોહર રાજ્ય કરવાવાળા મહારાજ વજ્રજંઘનો, છએ ઋતુઓના સુંદર ભોગ ભોગવતા થકા ઘણો સમય વ્યતીત થઈ ગયો.

ત્યારબાદ, એક દિવસ વજ્રજંઘ પોતાના શયનાગારમાં કોમળ, મનોહર અને ગંગાનદીના બાલૂદાર તટ સમાન સુશોભિત રેશમી ચાદરની ઉજ્જ્વળ શૈયા પર શયન કરી રહ્યો હતો. જે શયનાગારમાં તે શયન કરતો હતો તે કૃષ્ણ-અગુરુની બનેલી ઉત્કૃષ્ટ ધૂપના ધૂમાડાથી અત્યંત સુશોભિત થઈ રહ્યો હતો. મણિમય દીપકોના પ્રકાશથી તેનો સમસ્ત અંધકાર નષ્ટ થઈ ગયો હતો. જેના પ્રત્યેક પાયામાં રત્ન જડેલા છે તેવા અનેક મંચથી તે શોભાયમાન હતો, તેમાં જે ચારે તરફ મોતીઓના ગુચ્છા લટકી રહ્યા હતા તેનાથી તે એવો જણાતો હતો કે જાણે હંસ જ હોય! કુંદ, નીલકમલ અને મંદાર જાતિના ફૂલોની તીવ્ર સુગંધના કારણે તેમાં ઘણા ભ્રમર આવીને એકઠા થયા હતા તથા દીવાલો પર બનેલા અનેક પ્રકારના ચિત્રોથી તે અતિશય શોભાયમાન થઈ રહ્યું હતું. શ્રીમતીના સ્તનતટના સ્પર્શથી ઉત્પન્ન થયેલા સુખથી જેના નેત્ર નિમીલિત-બંધ થઈ રહ્યા છે તેવો તે વજ્રજંઘ મેરુ પર્વતની કંદરાની સ્પર્શ કરતી વિજળી સહિત વાદળા સમાન શોભાયમાન થઈ રહ્યો હતો. શયનાગારને સુગંધિત બનાવવા અને કેશનો સંસ્કાર કરવા માટે તે ભવનમાં અનેક પ્રકારની સુગંધિત ધૂપ સળગી રહી હતી.

દુર્ભાગ્યવશ તે દિવસે સેવક લોકો ઝરોખાના દ્વાર ખોલવાનું ભૂલી ગયા, તેથી તે ધૂમાડો તે શયનાગારમાં જ ભેગો થયો. કેશોના સંસ્કાર માટે જે ધૂપ સળગી રહ્યું હતું તેના ઊઠતા ધૂમાડાથી તે બંને પતિ-પત્ની ક્ષણવારમાં મૂર્છિત થઈ ગયા. તે ધૂમાડાથી તે બંનેના શ્વાસ રોકાઈ ગયા કે જેથી અંતઃકરણમાં તે બંનેને થોડી વ્યાકુળતા થઈ. અંતમાં મધ્યરાત્રિના સમયે તે બંને દંપત્તિ દીર્ઘ નિદ્રાને પ્રાપ્ત થઈ ગયા—સદાય માટે સૂઈ ગયા—મરી ગયા. જેવી રીતે દીપક બૂઝાઈ જતાં રોકાયેલા અંધકારના સમૂહથી મકાન નિષ્પ્રભ—મલિન થઈ જાય છે, તેવી જ રીતે જીવ

નીકળી જતાં તે બંનેના શરીર ક્ષણવારમાં નિષ્પ્રભ—મલિન થઈ ગયા. જેવી રીતે સમય પામીને ઉખડેલું કલ્પવૃક્ષ લતા સહિત હોવા છતાં પણ શોભાયમાન નથી થતું, તેવી જ રીતે પ્રાણરહિત વજ્રજંઘ, શ્રીમતીની સાથે હોવા છતાં પણ શોભાયમાન થઈ રહ્યો ન હતો. **જો કે તે ધૂપ તેમના ભોગોપભોગનું સાધન હતું, તેમ છતાં તેનાથી તેમનું મૃત્યુ થઈ ગયું. તેથી, સર્પના ફેણ સમાન પ્રાણોનું હરણ કરવાવાળા આ ભોગોને ધિક્કાર હો!** જે શ્રીમતી અને વજ્રજંઘ ઉત્તમ-ઉત્તમ ભોગોનો અનુભવ કરતાં થકા સદાય સુખી રહેતાં હતા તે પણ તે સમયે એક જ સાથે શોચનીય અવસ્થાને પ્રાપ્ત થયા હતા. તેથી સંસારની આવી સ્થિતિને ધિક્કાર છે! **હે ભવ્યજન! જ્યારે ભોગોપભોગના સાધનથી જ જીવોની આવી અવસ્થા થઈ જાય છે, ત્યારે અંતમાં દુઃખ દેવાવાળા આ ભોગોથી શું પ્રયોજન છે?** તેને છોડીને જિનેન્દ્રદેવના વીતરાગદેવના મતમાં જ પ્રીતિ કરો. તે બંનેએ પાત્રદાનથી પ્રાપ્ત થયેલા પુણ્યના કારણે ઉત્તરુકુરુની ભોગભૂમિના આયુષ્યનો બંધ કર્યો હતો. તેથી ક્ષણવારમાં ત્યાં જઈને જન્મ ધારણ કરી લીધો.

જંબૂદ્વીપ સંબંધી મેરુ પર્વતથી ઉત્તર તરફ ઉત્તરકુરુ નામની ભોગભૂમિ છે કે જે પોતાની શોભાથી સદાય સ્વર્ગની શોભા ઉપર હસતી રહે છે. જ્યાં મધ્યાંગ, વાદિત્રાંગ, ભૂષણાંગ, માલાંગ, દીપાંગ, જ્યોતિરંગ, ગ્રહાંગ, ભોજનાંગ, ભાજનાંગ અને વસ્ત્રાંગ—આ સાર્થક નામના ધારણ કરવાવાળા દસ પ્રકારના કલ્પવૃક્ષ છે. આ કલ્પવૃક્ષ અનેક રત્નોથી બનેલા છે અને પોતાની વિસ્તૃત પ્રભાથી દશેય દિશાને પ્રકાશિત કરતાં રહે છે. તેમાં મધ્યાંગ જાતિના વૃક્ષ ફેલાયેલી સુગંધથી યુક્ત તથા અમૃત સમાન મીઠા મધુ-મૈરેય, સીધુ, અરિષ્ટ અને આસવ આદિ અનેક પ્રકારના રસ આપે છે. કામોદ્દીપનની સમાનતા હોવાથી શીઘ્ર જ આ મધુ આદિના ઉપચારથી તેને મદ્ય ચડે છે. વાસ્તવતમાં વૃક્ષોના એક પ્રકારના રસ છે કે જેનું ભોગભૂમિમાં ઉત્પન્ન થવાવાળા પુરુષો સેવન કરે છે. શરાબી લોકો જે શરાબનું સેવન કરે છે તે નશો કહેવાય છે અને અંતઃકરણને મોહિત કરવાવાળું છે, તેથી આર્ય પુરુષો માટે સર્વથા ત્યાજવાયોગ્ય છે. વાદિત્રાંગ જાતિના વૃક્ષમાં દુંદુભિ, મૃદંગ, જલ્લરી, શંખ, ભેરી, ચંગ આદિ અનેક પ્રકારના વાજાઓ ફળે છે. ભૂષણાંગ જાતિના વૃક્ષ નૂપુર, બાજુબંધ, રુચિક, અંગદ (અનંત), કરધની, હાર અને મુકુટ આદિ અનેક પ્રકારના આભૂષણ ઉત્પન્ન કરે છે. માલાંગ જાતિના વૃક્ષ બધી ઋતુઓના ફૂલોથી વ્યાપ્ત અનેક પ્રકારની

માળાઓ અને કર્ણફૂલ આદિ અનેક પ્રકારના કર્ણ-આભરણ અધિકરૂપથી ધારણ કરે છે. દીપાંગ નામના કલ્પવૃક્ષ મણિમય દીપકોથી શોભાયમાન રહે છે અને પ્રકાશમાન કાંતિના ધારક જ્યોતિરંગ જાતિના વૃક્ષ સદાય પ્રકાશ ફેલાવતા રહે છે. ગૃહાંગ જાતિના કલ્પવૃક્ષ ઉંચા-ઉંચા રાજભવન, મંડપ, સભાગૃહ, ચિત્રશાળા અને નૃત્યશાળા આદિ અનેક પ્રકારના ભવન તૈયાર કરવા માટે સમર્થ રહે છે. ભોજનાંગ જાતિના વૃક્ષ અમૃત સમાન સ્વાદ આપવાવાળા, શરીરને પુષ્ટ કરવાવાળા અને છએ રસ સહિત અશન-પાન આદિ ઉત્તમ-ઉત્તમ આહાર ઉત્પન્ન કરે છે. અશન(રોટલી, દાળ, ભાત આદિ પદાર્થ), પાન (દૂધ, પાણી આદિ પીવાના પદાર્થ), ખાદ્ય (લાડવા આદિ ખાવાયોગ્ય પદાર્થ) અને સ્વાદ્ય (પાન, સોપારી, જાવિત્રી) આદિ સ્વાદ લેવા યોગ્ય પદાર્થ—આ ચાર પ્રકારના આહાર અને કડવું, ખાટું, ચરપરું(તીખું), મીઠું, કષાયેલું અને ખારું—આ છ પ્રકારના રસ છે. ભાજનાંગ જાતિના વૃક્ષ થાળી, કટોરા, સીપના આકારના વાસણો, ભૃંગાર અને કર્ક આદિ અનેક પ્રકારના વાસણ આપે છે—આ વૃક્ષોની ડાળીઓમાં લટકતા રહે છે. વસ્ત્રાંગ જાતિના વૃક્ષ રેશમી વસ્ત્ર, દુપટ્ટા અને ધોતી આદિ અનેક પ્રકારના કોમળ, ચીકણા અને મહામૂલ્ય વસ્ત્ર ધારણ કરે છે.

આ કલ્પવૃક્ષ ન તો વનસ્પતિકાયિક છે અને ન દેવો દ્વારા અધિષ્ઠિત જ છે. કેવળ વૃક્ષના આકારે પરિણત થયેલો પૃથ્વીનો સાર જ છે. આ બધા વૃક્ષ અનાદિનિધન છે અને સ્વભાવથી જ ફળ આપવાવાળા છે. આ વૃક્ષોનો તેવો જ સ્વભાવ જ છે, તેથી 'આ વૃક્ષ વસ્ત્ર તથા વાસણ આદિ કેવી રીતે દેતા હશે?' આ પ્રકારનો કુતર્ક કરવો–તેમના સ્વભાવને દુષણ લગાવવું ઉચિત નથી. ભાવાર્થ—પદાર્થોનો સ્વભાવ અનેક પ્રકારનો હોય છે, તેથી તેમાં તર્ક કરવાની આવશ્યકતા નથી. કહ્યું પણ છે કે 'स्वभावोऽतर्कगोचरः' અર્થાત્ **સ્વભાવ તર્કનો વિષય નથી.** જેવી રીતે આજકાલ અન્ય વૃક્ષ પોતપોતના ફળવાનો સમય આવતા અનેક પ્રકારના ફળ આપીને પ્રાણીઓનો ઉપકાર કરે છે, તેવી જ રીતે ઉપર્યુક્ત કલ્પવૃક્ષ પણ મનુષ્યોને દાનના ફળથી અનેક પ્રકારના ફળ આપીને ત્યાંના જીવો ઉપર ઉપકાર કરે છે. ત્યાંની પૃથ્વી બધી જ રીતે રત્નોથી બનેલી છે અને તેના ઉપર ઉજ્જ્વળ ફૂલોનો ઉપહાર પડ્યો રહે છે, તેથી તેની શોભા ક્યારેય પણ છોડતી જ નથી. ત્યાંની ભૂમિ પર સદાય ચાર અંગુલ પ્રમાણ મનોહર ઘાસ લહેરાતા રહે છે કે જેથી એવું જણાય છે કે જાણે લીલા રંગના વસ્ત્રથી ભૂપૃષ્ઠને ઢાંકી રહી હોય અર્થાત્ જમીન

પર લીલા રંગના કપડા પાથર્યા હોય! ત્યાંના પશુ સ્વાદિષ્ટ, કોમળ અને મનોહર તૃણરૂપી સંપત્તિને રસાયણ સમજીને ઘણા જ હર્ષથી ચરે છે. ત્યાં અનેક વાપિકાઓ છે કે જે કમળોથી સહિત છે, તેમાં સુવર્ણ સમાન પીળા કમળ ખીલી રહ્યા છે કે જે હંસના મધુર તથા ગંભીર શબ્દોથી અતિશય મનોહર જણાય છે. ત્યાં જગ્યા-જગ્યાએ ખીલેલા કમળોથી સુશોભિત તળાવ ઉન્મત્ત કોયલોથી ભરેલા વન અને ક્રીડાપર્વત છે. ત્યાં કોમળ વાયુ વૃક્ષોને હલાવતો થકો ધીરે-ધીરે વહેતો રહે છે, તે વાયુ વહેતા સમયે બધી તરફ કમળોની પરાગને ઉડાવતો રહે છે કે જેથી એવું જણાય છે કે જાણે બધી તરફ સુગંધિત ચૂર્ણ જ ફેલાઈ રહ્યું હોય. ત્યાં વાયુ દ્વારા ઉડેલી પુષ્પપરાગથી ઢંકાયેલી પૃથ્વી એવી શોભાયમાન થઈ રહી છે કે જાણે પીળા રંગના રેશમી વસ્ત્રથી ઢંકાયેલી હોય! ત્યાં દશેય દિશાઓમાં વાયુ દ્વારા ઉડી-ઉડીને આકાશમાં ભેગો થયેલો પુષ્પ-પરાગ બધી તરફથી ખેંચાયેલા ચંદોવાની શોભાને ધારણ કરે છે. ત્યાં ન ગરમીનો ક્લેશ હોય છે કે ન પાણી વરસે છે, ન તુષાર આદિ પડે છે કે ન અતિવૃષ્ટિ આદિ ઈતિઓ હોય છે અને જીવોને ભય ઉત્પન્ન કરવાવાળા સર્પ, વીંછી, ખટમલ આદિ દુષ્ટ જંતુ હોતા નથી. ત્યાં ન તો ચાંદની છે, ન તો રાત-દિવસનો વિભાગ અને ન તો ઋતુઓનું પરિવર્તન છે. ત્યાં સુખ આપવાવાળા બધા જ પદાર્થ સદાય એકસમાન જ રહે છે. ત્યાંના વન સદાય ફૂલોથી યુક્ત રહે છે, કમલિનીઓમાં સદાય કમળ લાગ્યા રહે છે અને રત્નની ધૂળથી વ્યાપ્ત થયેલા દેશ સદાય સુખી રહે છે.

ત્યાં ઉત્પન્ન થયેલા આર્ય લોકો પહેલાં સાત દિવસ સુધી પોતાની શૈયા ઉપર સીધા પડ્યા રહે છે, તે સમયે આચાર્યોએ હાથનો રસદાર અંગૂઠો ચૂસવો જ તેમનો દિવ્ય આહાર કહ્યો છે. ત્યારબાદ, વિદ્વાનોનો મત છે કે તે બંને દંપત્તિ બીજા સપ્તાહમાં પૃથ્વીરૂપી રંગભૂમિમાં ગોઠણભર ચાલતા થકા એક સ્થાનથી બીજા સ્થાન સુધી જવા લાગે છે. ત્યારબાદ, ત્રીજા સપ્તાહમાં તેઓ ઊભા થઈને અસ્પષ્ટ પરંતુ મીઠી-મીઠી વાતો કરવા લાગે છે અને પડતાં આખડતાં રમતા જમીન પર ચાલવા લાગે છે. પછી ચોથા સપ્તાહમાં પોતાના પગ પર સ્થિરતા રાખતા ચાલવા લાગે છે તથા પાંચમાં સપ્તાહમાં અનેક કળાઓ અને ગુણોથી સંપન્ન થઈ જાય છે. છઠ્ઠા સપ્તાહમાં પૂર્ણ યુવાન થઈ જાય છે અને સાતમાં સપ્તાહમાં સારા-સારા વસ્ત્રાભૂષણ ધારણ કરી ભોગ ભોગવવાવાળા થઈ જાય છે.

પૂર્વભવમાં દાન દેવાવાળા મનુષ્ય જ અહીં ઉત્પન્ન થાય છે. તેઓ ઉત્પન્ન થતાં પહેલાં નવ મહિના સુધી

એવી રીતે રહે છે કે જેવી રીતે કોઈ રત્નોના મહેલમાં રહેતું હોય, તેમને ગર્ભમાં કાંઈપણ દુઃખ થતું નથી અને સ્ત્રી-પુરુષ સાથે-સાથે જ જન્મે છે, તે બંને સ્ત્રી-પુરુષ દંપત્તિપણાને પ્રાપ્ત થઈને જ રહે છે. ત્યાં જે સમયે દંપત્તિનો જન્મ થાય છે તે જ સમયે તેમના માતા-પિતાનો દેહાંત થઈ જાય છે, તેથી ત્યાંના જીવોમાં પુત્ર આદિનો સંકલ્પ હોતો નથી. ત્યાં કેવળ છીંક અને બગાસુ લેવા માત્રથી પ્રાણીઓનું મૃત્યુ થઈ જાય છે અર્થાત્ અંત સમયમાં માતાને છીંક આવે છે અને પિતાને બગાસુ આવે છે. ત્યાં ઉત્પન્ન થવાવાળા જીવ સ્વભાવથી જ કોમળ પરિણામી હોવાના કારણે સ્વર્ગમાં જ જાય છે. ત્યાં ઉત્પન્ન થવાવાળા લોકોના શરીર અનેક લક્ષણોથી સુશોભિત તથા છ હજાર ધનુષ ઊંચા હોય છે—આવું આપ્ત પ્રણિત આગમ સ્પષ્ટ વર્ણન કરે છે. ત્યાં જીવોનું આયુષ્ય ત્રણ પલ્યનું હોય છે અને આહાર ત્રણ દિવસ પછી લે છે અને તે પણ બદરીફળ—નાના બોર સમાન. ત્યાં ઉત્પન્ન થયેલા જીવોને ન તો વૃદ્ધાવસ્થા હોય છે, ન રોગ હોય છે, ન વિરહ હોય છે, ન શોક હોય છે, ન અનિષ્ટનો સંયોગ હોય છે, ન ચિંતા હોય છે, ન દીનતા હોય છે, ન ઊંઘ આવે છે, ન આળસ આવે છે, ન નેત્રોના પલક ઝપકે છે, ન શરીરમાં મળ હોય છે, ન લાળ વહે છે અને ન પરસેવો હોય છે. ત્યાં વિરહનો ઉન્માદ નથી હોતો, કામજ્વર નથી હોતો, ભોગોનો વિચ્છેદ નથી હોતો, નિરંતર સુખ જ સુખ રહે છે. ત્યાં ન વિષાદ છે, ન ભય છે, ન ગ્લાનિ છે, ન અરુચિ છે, ન ક્રોધ છે, ન કૃપણતા છે, ન અનાચાર છે, ન કોઈ બળવાન છે અને ન કોઈ નિર્બળ છે. ત્યાં મનુષ્યો બાળ-સૂર્ય સમાન દૈદીપ્યમાન પરસેવા રહિત અને સ્વચ્છ વસ્ત્રોના ધારક હોય છે તથા પુણ્યના ઉદયથી સદાય સુખપૂર્વક ક્રીડા કરતાં રહે છે. ત્યાં દસ પ્રકારના કલ્પવૃક્ષોથી ઉત્પન્ન થયેલા ભોગોનો અનુભવ કરવાથી ઉત્પન્ન થતું સુખ ચક્રવર્તીની ભોગસંપદાઓનું પણ ઉલ્લંઘન કરે છે અર્થાત્ ત્યાંના જીવ ચક્રવર્તીની અપેક્ષા વધારે સુખી રહે છે.

ત્યાં મનુષ્ય ઘણા લાંબા આયુષ્યના ધારક હોય છે, તેમનું અસમયમાં મૃત્યુ થતું નથી. તેઓ પોતાના ત્રણ પલ્ય પ્રમાણ આયુષ્ય સુધી નિર્વિઘ્નરૂપથી જીવિત રહે છે. ત્યાં બધા જીવો સમાનરૂપે ભોગોનો અનુભવ કરે છે, બધાને એક સમાન જ સુખનો અનુભવ હોય છે. બધા જ નિરોગ રહીને છએ ઋતુઓના ભોગોપભોગ પ્રાપ્ત કરે છે. ત્યાં ઉત્પન્ન થયેલા બધા જીવ સુંદર આકારના ધારક હોય છે, બધા વજ્રવૃષભનારાચસંહનન સહિત હોય છે, બધા દીર્ઘ આયુષ્યના ધારક છે અને બધા જ કાંતિથી દેવો સમાન છે. ત્યાં સ્ત્રી-પુરુષ કલ્પવૃક્ષની છાયામાં જઈને

લીલાપૂર્વક મંદ-મંદ હસતા-હસતા ગીત વગાડવા આદિ ઉત્સવપૂર્વક સદાય ક્રીડા કરતાં રહે છે. ત્યાં કળાઓમાં કુશળ હોવું, સ્વર્ગ સમાન સુંદર શરીર પ્રાપ્ત થવું, મધુર કંઠ હોવો અને માત્સર્ય, ઈર્ષ્યા આદિ દોષોનો અભાવ હોવો આદિ ગુણો સ્વભાવથી જ હોય છે. ત્યાંના જીવો સ્વભાવથી જ સુંદર આકારવાળા, સ્વભાવથી જ મનોહર ચેષ્ટાઓવાળા અને સ્વભાવથી જ મધુર વચન બોલવાવાળા હોય છે. આ પ્રકારે, તેઓ સદાય પ્રસન્ન રહે છે.

ઉત્તમ પાત્રને દાન દેવાથી અથવા તેમના માટે આપવામાં આવેલ દાનની અનુમોદનાથી જીવ ભોગભૂમિમાં ઉત્પન્ન થાય છે અને જીવનપર્યંત નિરોગ રહીને સુખપૂર્વક વૃદ્ધિ પામે છે. જે જીવ મિથ્યાદૃષ્ટિ છે, વ્રતોથી હીન છે અને કેવળ ભોગોના અભિલાષી છે તેઓ અપાત્રમાં દાન દઈને ત્યાં તિર્યંચ પર્યાયને પ્રાપ્ત થાય છે. જે જીવો કુશીલ છે—ખોટા સ્વભાવના ધારક છે, મિથ્યા આચારનું પાલન કરે છે, કુવેષી છે, મિથ્યા ઉપવાસ કરવાવાળા છે, માયાચારી છે અને વ્રતભ્રષ્ટ છે તેઓ ભોગભૂમિમાં હરણ આદિ પશુ થાય છે અને ત્યાં પશુઓના યુગલ પણ આનંદથી ક્રીડા કરે છે. તેમને પરસ્પરમાં વિરોધ હોતો નથી અને ન તો વૈર હોય છે અને ન તેમનું જીવન નિરસ પણ હોય છે. આ પ્રકારે અત્યંત સુખોથી ભરેલા તે ઉત્તરકુરુ ક્ષેત્રમાં પાત્રદાનના પ્રભાવથી તે બંને શ્રીમતી અને વજ્રજંઘ દંપતી અવસ્થાને પ્રાપ્ત થયા—સ્ત્રી અને પુરુષરૂપે ઉત્પન્ન થયા. જેમનું વર્ણન પહેલાં કરવામાં આવ્યું છે એવા તે નોળિયો, સિંહ, વાંદરો અને સુવર પણ પાત્રદાનની અનુમોદનાના પ્રભાવથી ત્યાં જ દિવ્ય મનુષ્ય શરીરને પ્રાપ્ત કરી ભદ્ર પરિણામી આર્ય થયા.

આ બાજુ મતિવર, આનંદ, ધનમિત્ર અને અકંપન તે ચારેય જીવ શ્રીમતી અને વજ્રજંઘના વિરહથી ખૂબ જ શોકને પ્રાપ્ત થયા અને અંતમાં ચારેયે શ્રી દૃઢધર્મ નામના આચાર્ય પાસે ઉત્કૃષ્ટ જિનદીક્ષા ધારણ કરી લીધી અને ચારેય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી સંપદાનું આરાધન કરી પોતપોતાના આયુષ્ય અનુસાર સ્વર્ગલોકમાં ગયા. ત્યાં તપના પ્રભાવથી અધો ગ્રૈવેયકના સૌથી નીચેના વિમાનમાં—પહેલાં ગ્રૈવેયકમાં અહમિન્દ્રપદને પ્રાપ્ત થયા. **બરાબર જ છે કે તપ બધાના અભિષ્ટ ફળને ફળાવે છે.**

ત્યારબાદ, એક સમયે વજ્રજંઘ આર્ય પોતાની સ્ત્રીની સાથે કલ્પવૃક્ષની શોભા નિહારતા થકા બેઠા જ હતા કે એટલામાં આકાશમાં જતાં સૂર્યપ્રભદેવના વિમાનને જોઈને તેને પોતાની સ્ત્રીની સાથે-સાથે જ જાતિસ્મરણ થઈ

ગયું અને તે જ સમયે બંનેને સંસારના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થઈ ગયું, તે જ સમયે વજ્રજંઘના જીવે દૂરથી આવતા બે ચારણ મુનિ જોયા. તે મુનિ પણ તેના ઉપર અનુગ્રહ કરતાં થકા આકાશમાર્ગથી નીચે ઉતર્યા. વજ્રજંઘનો જીવ તેમને આવતા જોઈને તરત જ ઊભો થઈ ગયો. **બરાબર છે કે પૂર્વજન્મના સંસ્કાર જ જીવને હિતકાર્યમાં પ્રેરિત કરે છે.** બંને મુનિઓની સમક્ષ પોતાની સ્ત્રીની સાથે ઊભેલો વજ્રજંઘનો જીવ એવો શોભાયમાન થઈ રહ્યો હતો કે જેવી રીતે ઉદિત થતા સૂર્ય અને પ્રતિસૂર્ય સમક્ષ કમલિનીની સાથે દિવસ શોભાયમાન થાય છે. વજ્રજંઘના જીવે બંને મુનિઓના ચરણોમાં અર્ઘ ચડાવ્યો અને નમસ્કાર કર્યા. તે સમયે તેના નેત્રોમાંથી હર્ષના આંસુ નીકળીને મુનિરાજના ચરણો પર પડી રહ્યા હતા કે જેથી એવું જણાતું હતું કે જાણે અશ્રુજળથી તેમના ચરણોનું પ્રક્ષાલન જ કરી રહ્યા હોય. તે બંને મુનિ, સ્ત્રીની સાથે પ્રણામ કરતાં આર્ય વજ્રજંઘને આશીર્વાદ દ્વારા આશ્વાસન દઈને મુનિઓના યોગ્ય સ્થાન પર યથાક્રમ બેસી ગયા. ત્યારબાદ, સુખપૂર્વક બંને ચારણમુનિઓથી વજ્રજંઘ નીચે લખ્યા અનુસાર પૂછવા લાગ્યો. પૂછતાં સમયે તેના મુખના દાંતોનો કિરણોનો સમૂહ નીકળી રહ્યો હતો કે જેથી એવું જણાતું હતું કે જાણે તે પુષ્પાંજલી જ ફેલાવી રહ્યો હોય. તે બોલ્યો કે હે ભગવન્! તમે ક્યાંના રહેવાવાળા છો? તમે ક્યાંથી આવ્યા છો અને તમારા આવવાનું શું કારણ છે? આ બધુ તમે મને કહો. હે પ્રભો! તમારા દર્શનથી મારા હૃદયમાં મિત્રતાનો ભાવ ઉમટી રહ્યો છે, ચિત્ત ખૂબ જ પ્રસન્ન થઈ રહ્યું છે અને મને એમ લાગે છે કે જાણે તમે મારા પરિચિત બંધુ છો.

આ પ્રકારે વજ્રજંઘનો પ્રશ્ન સમાપ્ત થતા જ જ્યેષ્ઠ મુનિ પોતાના દાંતોના કિરણોરૂપી જળના સમૂહથી તેના શરીરનું પ્રક્ષાલન કરતાં થકા નીચે લખ્યા અનુસાર ઉત્તર આપવા લાગ્યા. હે આર્ય! તું મને સ્વયંબુદ્ધ મંત્રીનો જીવ જાણ કે જેનાથી તે મહાબળના ભવમાં સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરી કર્મોનો ક્ષય કરવાવાળા જૈનધર્મનું જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું, તે ભવમાં તારા વિયોગથી સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરી મેં દીક્ષા ધારણ કરી હતી અને આયુષ્યના અંતમાં સંન્યાસપૂર્વક શરીર છોડી સૌધર્મ સ્વર્ગના સ્વયંપ્રભ વિમાનમાં મણિચૂલ નામનો દેવ થયો હતો. ત્યાં મારું આયુષ્ય એક સાગરથી થોડું વધારે હતું. ત્યારબાદ, ત્યાંથી ચ્યુત થઈને ભૂલોકમાં ઉત્પન્ન થયો છું. જંબૂદ્વીપના પૂર્વ વિદેહક્ષેત્રમાં સ્થિત પુષ્કલાવતી દેશ સંબંધી પુંડરીકિણી નગરીમાં પ્રિયસેન રાજા અને તેમની મહારાણી સુંદરી

દેવીથી પ્રીતિંકર નામનો જ્યેષ્ઠ પુત્ર થયો છું અને આ મહાતપસ્વી પ્રીતિદેવ મારા નાનાભાઈ છે. અમે બંને ભાઈઓએ પણ સ્વયંપ્રભ જિનેન્દ્ર સમીપ દીક્ષા લઈને તપોબળથી અવધિજ્ઞાન તથા આકાશગામીનિ ચારણઋદ્ધિ પ્રાપ્ત કરી છે.

હે આર્ય! અમે બંનેએ પોતાના અવધિજ્ઞાનરૂપી નેત્રથી જાણ્યું કે તમે અહીં ઉત્પન્ન થયા છો. કારણ કે તમે અમારા પરમ મિત્ર હતા તેથી તમને સમજાવવા માટે અમે લોકો અહીં આવ્યા છીએ. હે આર્ય! તું નિર્મળ સમ્યગ્દર્શન વિના ફક્ત પાત્રદાનની વિશેષતાથી જ અહીં ઉત્પન્ન થયો છે, તે નિશ્ચિત જાણ. મહાબળના ભવમાં તેં અમારાથી જ તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરી શરીર છોડ્યું હતું, પરંતુ તે સમયે ભોગોની આકાંક્ષાને વશ તું સમ્યગ્દર્શનની વિશુદ્ધતાને પ્રાપ્ત કરી શક્યો ન હતો. હવે અમે બંને સર્વશ્રેષ્ઠ તથા સ્વર્ગ અને મોક્ષસંબંધી સુખના પ્રધાન કારણરૂપ સમ્યગ્દર્શન દેવાની ઈચ્છાથી અહીં આવ્યા છીએ. તેથી હે આર્ય ! આજે સમ્યગ્દર્શન ગ્રહણ કર, તે ગ્રહણ કરવાનો આ સમય છે. કારણ કે **કાળલબ્ધિ વિના આ સંસારમાં જીવોને સમ્યગ્દર્શનની ઉત્પત્તિ થતી જ નથી. જ્યારે દેશનાલબ્ધિ અને કાળલબ્ધિ આદિ બહિરંગ કારણ તથા કરણલબ્ધિરૂપ અંતરંગ કારણ સામગ્રીની પ્રાપ્તિ થાય છે ત્યારે આ ભવ્ય પ્રાણી વિશુદ્ધ સમ્યગ્દર્શનનો ધારક થઈ શકે છે.**

જે જીવનો આત્મા અનાદિકાળથી મિથ્યાત્વરૂપી કલંકથી દૂષિત થઈ રહ્યો છે, તે જીવને સૌથી પહેલાં દર્શનમોહનીય કર્મનો ઉપશમ થવાથી ઔપશમિક સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે. જેવી રીતે પિત્તના ઉદયથી ઉદભ્રાંત થયેલી ચિત્તવૃત્તિનો અભાવ થતાં દૂધ આદિ પદાર્થોના યથાર્થ સ્વરૂપનું પરિજ્ઞાન થવા લાગે છે, તેવી જ રીતે અંતરંગ કારણરૂપ મોહનીયકર્મનો ઉપશમ થતાં જીવ આદિ પદાર્થોના યથાર્થ સ્વરૂપનું પરિજ્ઞાન થવા લાગે છે. જેવી રીતે સૂર્ય રાત્રિસંબંધી અંધકારને દૂર કર્યા વિના ઉદિત થતો નથી, તેવી જ રીતે સમ્યગ્દર્શન મિથ્યાત્વરૂપી અંધકારને દૂર કર્યા વિના ઉત્પન્ન થતું નથી–પ્રાપ્ત થતું નથી. આ ભવ્ય જીવ અધઃકરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ— આ ત્રણ કરણો દ્વારા મિથ્યાત્વ પ્રકૃતિના મિથ્યાત્વ, સમ્યક્મિથ્યાત્વ અને સમ્યક્પ્રકૃતિરૂપ ત્રણ ખંડ કરીને કર્મોની સ્થિતિ ઘટાડીને સમ્યગ્દષ્ટિ થાય છે. વીતરાગ સર્વજ્ઞદેવ, આપ્તોપજ્ઞ આગમ અને જીવાદિ પદાર્થોનું ખૂબ જ નિષ્ઠાથી શ્રદ્ધાન કરવું સમ્યગ્દર્શન માનવામાં આવ્યું છે. આ સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રનું મૂળ કારણ છે,

તેના વિના તે બંને હોઈ શકતા નથી. જીવાદિ સાત તત્ત્વોનું ત્રણ મૂઢતારહિત અને આઠ અંગસહિત યથાર્થ શ્રદ્ધાન કરવું તે સમ્યગ્દર્શન છે. પ્રશમ, સંવેગ, આસ્તિક્ય અને અનુકંપા—આ ચાર સમ્યગ્દર્શનના ગુણ છે અને શ્રદ્ધા, રુચિ, સ્પર્શ તથા પ્રત્યય—તે તેની પર્યાય છે. નિઃશંકિત, નિઃકાંક્ષિત, નિર્વિચિકિત્સા, અમૂઢદષ્ટિ, ઉપગૂહન, વાત્સલ્ય, સ્થિતિકરણ અને પ્રભાવના—આ સમ્યગ્દર્શનના આઠ અંગ છે. આ આઠ અંગરૂપી કિરણોથી સમ્યગ્દર્શનરૂપી રત્ન ખૂબ જ શોભાયમાન થાય છે.

હે આર્ય! તું આ શ્રેષ્ઠ જૈનમાર્ગમાં શંકાને છોડી કોઈપણ પ્રકારનો સંદેહ ન કર, ભોગોની ઈચ્છા દૂર કર, ગ્લાનિને છોડીને અમૂઢદષ્ટિ–વિવેકપૂર્ણ દષ્ટિ પ્રાપ્ત કરી દોષોના સ્થાનને છુપાવીને સમીચિન ધર્મની વૃદ્ધિ કર. માર્ગથી વિચલિત થતાં ધર્માત્માનું સ્થિતિકરણ કર, રત્નત્રયના ધારક આર્ય પુરુષોના સંઘમાં પ્રેમભાવનો વિસ્તાર કરી અને જૈનશાસનની શક્તિ અનુસાર પ્રભાવના કર. દેવમૂઢતા, લોકમૂઢતા અને ગુરુમૂઢતા–પાખંડમૂઢતા—આ ત્રણ મૂઢતાઓને છોડ. કારણ કે મૂઢતાઓથી અંધ થયેલો જીવ તત્ત્વોને દેખતો છતાં પણ નથી દેખતો. હે આર્ય! પદાર્થના ઠીક-ઠીક સ્વરૂપનું દર્શન કરવાવાળા સમ્યગ્દર્શનને જ તું ધર્મનું સર્વસ્વ સમજ, તે સમ્યગ્દર્શન પ્રાપ્ત થઈ જતાં સંસારમાં એવું કોઈ સુખ નથી રહેતું કે જે જીવોને પ્રાપ્ત ન થઈ શકે. આ સંસારમાં તે જ પુરુષે શ્રેષ્ઠ જન્મ પ્રાપ્ત કર્યો છે, તે જ કૃતાર્થ છે અને તે જ પંડિત છે કે જેના હૃદયમાં છળ રહિત–વાસ્તવિક સમ્યગ્દર્શન પ્રકાશમાન રહે છે. હે આર્ય! તું આ નિશ્ચય જાણ કે આ સમ્યગ્દર્શન મોક્ષરૂપી મહેલની પહેલી સીડી છે, નરકાદિ દુર્ગતિઓના દ્વારને રોકવાવાળો મજબૂત દરવાજો છે, ધર્મરૂપી વૃક્ષનું સ્થિર જડ છે, સ્વર્ગ અને મોક્ષરૂપી ઘરનું દ્વાર છે તથા શીલરૂપી રત્નહારના મધ્યમાં લાગેલું શ્રેષ્ઠ રત્ન છે. આ સમ્યગ્દર્શન જીવોને અલંકૃત કરવાવાળું છે, સ્વયં દેદીપ્યમાન છે, રત્નોમાં શ્રેષ્ઠ છે, સૌથી ઉત્કૃષ્ટ છે અને મુક્તિરૂપી લક્ષ્મીના હાર સમાન છે. હે ભવ્ય! આવા આ સમ્યગ્દર્શનરૂપી રત્નહારને તું તારા હૃદયમાં ધારણ કર. જે પુરુષે અત્યંત દુર્લભ આ સમ્યગ્દર્શનરૂપી શ્રેષ્ઠ રત્નને પ્રાપ્ત કરી લીધું છે, તે શીઘ્ર જ મોક્ષ સુધીના સુખને પ્રાપ્ત કરી લે છે.

જુઓ, જે પુરુષ એક મુહૂર્ત માટે પણ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી લે છે તે આ સંસારરૂપી વેલને કાપીને ખૂબ જ નાની કરી નાખે છે અર્થાત્ તે અર્ધ પુદ્‌ગલપરાવર્તનથી અધિક સમય સુધી સંસારમાં નથી રહેતો. જેના હૃદયમાં

સમ્યગ્દર્શન વિદ્યમાન છે તે ઉત્તમ દેવ અને ઉત્તમ મનુષ્યપર્યાયમાં જ ઉત્પન્ન થાય છે, તેને નારકી અને તિર્યંચોના ખોટા ભવ ક્યારેય પણ નથી થતા. આ સમ્યગ્દર્શનના વિષયમાં વધારે કહેવાથી શું લાભ છે! તેની તો આટલી જ પ્રશંસા પર્યાપ્ત છે કે સમ્યગ્દર્શન પ્રાપ્ત થતાં અનંત સંસાર પણ સાન્ત—અંતસહિત થઈ જાય છે. હે આર્ય! તું મારા કહેવાથી અરિહંતદેવની આજ્ઞાને પ્રમાણ માનીને અનન્ય શરણ થઈને અન્ય રાગી-દ્વેષી દેવતાની શરણમાં ન જઈને સમ્યગ્દર્શનનો સ્વીકાર કર. જેવી રીતે શરીરના હાથ-પગ આદિ અંગોમાં મસ્તક પ્રધાન છે અને મોઢામાં નેત્ર પ્રધાન છે, તેવી જ રીતે મોક્ષના સમસ્ત અંગોમાં ગણધરાદિ દેવ સમ્યગ્દર્શનને જ પ્રધાન અંગ માને છે. હે આર્ય! તું લોકમૂઢતા, દેવમૂઢતા અને ધર્મમૂઢતાનો પરિત્યાગ કરી, જેને મિથ્યાદૃષ્ટિ પ્રાપ્ત નથી કરી શકતા એવા, સમ્યગ્દર્શનને ઉજ્જવળ કર—વિશુદ્ધ સમ્યગ્દર્શન ધારણ કર. તું સમ્યગ્દર્શનરૂપી તલવાર દ્વારા સંસારરૂપી લતાની દીર્ઘતાને કાપી નાખ. તું અવશ્ય જ નિકટભવી છે અને ભવિષ્યકાળમાં તીર્થંકર થવાનો છે. હે આર્ય! આ પ્રકારે મેં અરિહંતદેવ દ્વારા કહ્યા અનુસાર સમ્યગ્દર્શન વિષયને લઈને આ ઉપદેશ આપ્યો છે કે જે મોક્ષરૂપી કલ્યાણની પ્રાપ્તિ માટે તારે અવશ્ય જ ગ્રહણ કરવો જોઈએ.

આ પ્રકારે, તે મુનિરાજ આર્ય વજ્જંઘને સમજાવીને આર્યા શ્રીમતીથી કહેવા લાગ્યા કે હે માતા! તું પણ ખૂબ જ શીઘ્ર સંસારરૂપી સમુદ્રથી પાર થવા માટે નૌકા સમાન આ સમ્યગ્દર્શનને ગ્રહણ કર. વૃથા જ આ સ્ત્રીપર્યાયમાં શું કામ ખેદખિન્ન થઈ રહી છે. હે માતા! બધી સ્ત્રીઓમાં, રત્નપ્રભાને છોડીને નીચેની છ પૃથ્વીઓમાં, ભવનવાસી, વ્યંતર અને જ્યોતિષી દેવોમાં તથા અન્ય નીચ પર્યાયોમાં સમ્યગ્દૃષ્ટિ જીવોની ઉત્પત્તિ થતી નથી. આમ નિંદ્ય સ્ત્રીપર્યાયને ધિક્કાર છે કે જે નિર્ગ્રંથ દિગંબર મુનિધર્મ પાલન કરવા માટે બાધક છે અને જેમાં વિદ્વાનોએ કરીષ—છાણાની આગ સમાન કામનો સંતાપ કહ્યો છે. હે માતા! હવે તું નિર્દોષ સમ્યગ્દર્શનની આરાધના કર અને આ સ્ત્રીપર્યાયને છોડીને ક્રમથી સાત પરમસ્થાનોને પ્રાપ્ત કર. ભાવાર્થ—(૧) સજ્જાતિ, (૨) સદ્ગૃહસ્થતા(શ્રાવકના વ્રત), (૩) પારિવ્રજ્ય (મુનિઓના વ્રત), (૪) સુરેન્દ્રપદ, (૫) રાજ્યપદ, (૬) અરહંતપદ અને (૭) સિદ્ધપદ—આ સાત પરમસ્થાન—ઉત્કૃષ્ટપદ કહેવાય છે. સમ્યગ્દૃષ્ટિ જીવ ક્રમ-ક્રમથી આ પરમસ્થાનોને પ્રાપ્ત થાય છે. તમે લોકો થોડાક પુણ્ય-ભવોને ધારણ કરી ધ્યાનરૂપી અગ્નિથી સમસ્ત કર્મોને ભસ્મ કરી પરમપદને પ્રાપ્ત કરશો.

આ પ્રકારે, પ્રીતિંકર આચાર્યના વચનોને પ્રમાણ માનતા થકા આર્ય વજ્રજંઘે પોતાની સ્ત્રીની સાથે-સાથે પ્રસન્નચિત્ત થઈને સમ્યગ્દર્શન ધારણ કર્યું. તે વજ્રજંઘનો જીવ પોતાની પ્રિયાની સાથે-સાથે સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી ખૂબ જ સંતુષ્ટ થયો. તે ઠીક જ છે, અપૂર્વ વસ્તુનો લાભ પ્રાણીઓના મહાન સંતોષને પુષ્ટ કરે જ છે. જેવી રીતે કોઈ રાજકુમાર સૂત્ર—દોરામાં પરોવેલી મનોહર માળાને પ્રાપ્ત કરીને પોતાની રાજ્યલક્ષ્મીના યુવરાજપદ પર સ્થિત થાય છે, તેવી જ રીતે તે વજ્રજંઘનો જીવ પણ સૂત્ર—જૈન સિદ્ધાંતમાં પરોવેલી મનોહર સમ્યગ્દર્શનરૂપી કંઠમાળાને પ્રાપ્ત કરી મુક્તિરૂપી રાજ્યસંપદાના યુવરાજ પદ પર સ્થિત થયો હતો. વિશુદ્ધ પુરુષપર્યાયના સંયોગથી નિર્વાણ પ્રાપ્ત કરવાની ઈચ્છા કરતી થકી તે સતી આર્યા પણ સમ્યક્ત્વની પ્રાપ્તિથી અત્યંત સંતુષ્ટ થઈ હતી. જે પહેલાં ક્યારેય પણ પ્રાપ્ત થયું ન હતું એવા સમ્યગ્દર્શનરૂપી રસાયણનું આસ્વાદન કરી તે બંને જ દંપતિ કર્મ નષ્ટ કરવાવાળા જૈનધર્મમાં દ્રઢતાને પ્રાપ્ત થયા. પહેલાં કહેલા સિંહ, વાંદરો, નોળિયો અને સુવરના જીવ પણ ગુરુદેવ—પ્રિતિંકર મુનિના ચરણકમળનો આશ્રય લઈને આર્ય વજ્રજંઘ અને આર્યા શ્રીમતીની સાથે-સાથે જ સમ્યગ્દર્શનરૂપી અમૃતને પ્રાપ્ત થયા હતા. જેમણે હર્ષસૂચક ચિહ્નોથી પોતાના મનોરથની સિદ્ધિને પ્રગટ કર્યા છે એવા દંપત્તિને બંને મુનિરાજ ધર્મપ્રેમથી બરાબર સ્પર્શ કરી રહ્યા હતા. (ધર્મપ્રેમરૂપી સ્પર્શ, શરીરથી સ્પર્શ નહીં એમ સમજવા યોગ્ય છે, કારણ કે મુનિરાજ સ્ત્રીઓનો સ્પર્શ કરે નહીં.) તે વજ્રજંઘનો જીવ જન્માંતર સંબંધી પ્રેમથી આંખો ફાડી-ફાડીને શ્રી પ્રિતિંકર મુનિના ચરણો તરફ જોઈ રહ્યો હતો અને ખૂબ જ સંતુષ્ટ થઈ રહ્યો હતો. ત્યારબાદ, તે બંને ચારણમુનિ પોતાને યોગ્ય દેશમાં જવા માટે તૈયાર થયા, તે સમયે વજ્રજંઘના જીવે તેમને પ્રણામ કર્યા અને થોડે દૂર સુધી તેમને મૂકવા માટે તેમની પાછળ ઊભો રહી ગયો. ચાલતા સમયે બંને મુનિરાજોએ તેને આશીર્વાદ આપીને હિતનો ઉપદેશ આપ્યો અને કહ્યું કે હે આર્ય! ફરી તારા દર્શન હો! **(મુનિરાજ સામેથી તેના દર્શન હો તેમ કહે છે, તો તે જીવની યોગ્યતા કેટલી!)** તું આ સમ્યગ્દર્શનરૂપી સમીચિન ધર્મને ભૂલતો નહીં. આમ કહીને તે બંને ગગનગામી મુનિરાજ શીઘ્ર જ અંતર્હિત થઈ ગયા.

ત્યારબાદ, જ્યારે બંને ચારણ મુનિરાજ ચાલ્યા ગયા ત્યારે તે વજ્રજંઘનો જીવ થોડીવાર સુધી ખૂબ જ ઉત્કંઠિત રહ્યો. બરાબર જ છે, પ્રિય મનુષ્યનો વિરહ મનના સંતાપ માટે જ હોય છે! તે વારંવાર મુનિઓના ગુણોનું

ચિંતવન કરીને પોતાના મનનું આર્દ્ર કરતો થકો ચિરકાળ સુધી ધર્મ વધારવાવાળા નીચે લખેલા વિચાર કરવા લાગ્યો. અહા! કેવું આશ્ચર્ય છે કે સાધુ પુરુષોનો સમાગમ હૃદયથી સંતાપને દૂર કરે છે, પરમ આનંદની વૃદ્ધિ કરે છે અને મનની વૃત્તિને સંતુષ્ટ કરી દે છે. પ્રાયઃ સાધુપુરુષોનો સમાગમ દૂરથી જ પાપને નષ્ટ કરી દે છે, ઉત્કૃષ્ટ યોગ્યતાને પુષ્ટ કરે છે અને અત્યધિક કલ્યાણની વૃદ્ધિ કરે છે. આ સાધુ પુરુષો મોક્ષમાર્ગને સિદ્ધ કરવામાં સદાય દત્તચિત્ત રહે છે, તેમને સાંસારિક લોકોને પ્રસન્ન કરવાનું કાંઈપણ પ્રયોજન રહેતું નથી. તે મુનિરાજ કેવળ પરોપકાર કરવાની બુદ્ધિથી જ તેમની પાસે જઈ જઈને મોક્ષમાર્ગનો ઉપદેશ આપ્યા કરે છે. વાસ્તવમાં તે મહાપુરુષોનો સ્વભાવ જ છે. મોક્ષની ઈચ્છા કરવાવાળા આ સાધુજન પોતાનું દુઃખ દૂર કરવા માટે સદાય નિર્દય રહે છે અર્થાત્ પોતાનું દુઃખ દૂર કરવા માટે કોઈ પ્રકારનો કોઈ આરંભ કરતાં નથી, પરના દુઃખમાં સદાય દુઃખી રહે છે અર્થાત્ તેમના દુઃખ દૂર કરવા માટે સદાય તત્પર રહે છે અને બીજાના કાર્ય સિદ્ધ કરવા માટે નિઃસ્વાર્થભાવથી સદાય તૈયાર રહે છે. ક્યાં અમે અને ક્યાં આ અત્યંત નિસ્પૃહ સાધુ અને ક્યાં આ માત્ર સુખોનું સ્થાન ભોગભૂમિ! અર્થાત્ **નિસ્પૃહ મુનિઓનો ભોગભૂમિમાં જઈને મનુષ્યોને ઉપદેશ આપવો સહજ કાર્ય નથી,** તથાપિ આ તપસ્વી અમારા લોકોના ઉપકારમાં કેવા સાવધાન છે!

આ સાધુજન સદાય એ જ પ્રયત્ન કર્યા કરે છે કે સંસારના સમસ્ત જીવ સદાય સુખી રહે અને તેથી તે યતિ કહેવાય છે. જેવી રીતે આ ચારણઋદ્ધિધારી પુરુષોએ—મુનિઓએ દૂરથી આવીને અમારા લોકોનો ઉપકાર કર્યો, તેવી જ રીતે મહાપુરુષ બીજાઓનો ઉપકાર કરવામાં સદાય પ્રીતિ રાખે છે. તપરૂપી અગ્નિના સંતાપથી જેમનું શરીર અત્યંત કૃશ થઈ ગયું છે એવા તે ચારણ મુનિઓને હું હજી પણ સાક્ષાત્ જોઈ રહ્યો છું—જાણે કે હજી પણ તેઓ મારી સામે જ ઊભા છે, હું તેમના ચરણોમાં નમસ્કાર કરી રહ્યો છું અને તે બંને ચારણ મુનિ કોમળ હાથથી મસ્તક પર સ્પર્શ કરતાં મને સ્નેહથી વશીભૂત કરી રહ્યા છે. મને—ધર્મના તરસ્યા મનુષ્યને તેમણે સમ્યગ્દર્શનરૂપી અમૃત પીવડાવ્યું છે, તેથી મારું મન ભોગજન્ય સંતાપને છોડીને અત્યંત પ્રસન્ન થઈ રહ્યું છે. તે પ્રિતિંકર નામના જ્યેષ્ઠ મુનિ વાસ્તવમાં પ્રિતિંકર છે, કારણ કે તેમની પ્રીતિ સર્વગામી છે અને માર્ગનો ઉપદેશ દઈને તેમણે અમારા લોકો પર અપાર પ્રેમ દર્શાવ્યો છે. ભાવાર્થ—જે મનુષ્યને બધી જગ્યાએ જવાનું સામર્થ્ય હોવા છતાં પણ કોઈ

ખાસ જગ્યા પર કોઈ ખાસ વ્યક્તિ પાસે જઈને તેને ઉપદેશ આપે તો તેનાથી તેમની અપાર પ્રીતિનો ખ્યાલ આવે છે. અહીં પણ એ મુનિઓમાં ચારણઋદ્ધિ હોવાથી બધી જ જગ્યાએ જવાનું સામર્થ્ય હતું, પરંતુ તે સમયે અન્ય જગ્યાએ ન જઈને તેઓ વજ્રજંઘના જીવની પાસે—મારી પાસે પહોંચ્યા. તેથી, તેના—મારા વિષયમાં તેમની અપાર પ્રીતિનો ખ્યાલ આવે છે.

મહાબળના ભવમાં પણ તેઓ મારા સ્વયંબુદ્ધ નામના ગુરુ થયા હતા અને આજે આ ભવમાં પણ સમ્યગ્દર્શન દઈને વિશેષ ગુરુ થયા છે. જો સંસારમાં ગુરુઓની સંગતિ ન હોય તો ગુણોની પ્રાપ્તિ પણ થઈ શકતી નથી અને ગુણોની પ્રાપ્તિ વિના જીવોના જન્મની સફળતા પણ થઈ શકતી નથી. જેવી રીતે સિદ્ધરસના સંયોગથી તાંબુ આદિ ધાતુઓ સુવર્ણપણાને પ્રાપ્ત થઈ જાય છે, તેવી જ રીતે ગુરુદેવના ઉપદેશથી પ્રગટ થયેલા ગુણોના સંયોગથી ભવ્ય જીવ પણ શુદ્ધિને પ્રાપ્ત થઈ જાય છે. જેવી રીતે જહાજ વિના સમુદ્ર તરી શકાતો નથી, તેવી જ રીતે ગુરુના ઉપદેશ વિના આ સંસારરૂપી સમુદ્ર તરી શકાતો નથી. જેવી રીતે કોઈ પુરુષ દીપક વિના ગાઢ અંધકારમાં છુપાયેલા ઘટ-પટ આદિ પદાર્થોને જોઈ શકતો નથી, તેવી જ રીતે આ જીવ પણ ઉપદેશ દેવાવાળા ગુરુ વિના જીવ, અજીવ આદિ પદાર્થોને જાણી શકતો નથી. આ સંસારમાં ભાઈ અને ગુરુ—આ બંને પદાર્થ મનુષ્યોની પ્રીતિ માટે છે, પરંતુ ભાઈ તો આ લોકમાં જ પ્રીતિ ઉત્પન્ન કરે છે અને ગુરુ આલોક તથા પરલોક—બંને લોકમાં વિશેષરૂપથી પ્રીતિ ઉત્પન્ન કરે છે. જ્યારે ગુરુના ઉપદેશથી અમને લોકોને આ પ્રકારની વિશુદ્ધિ પ્રાપ્ત થઈ છે, તો હું ઈચ્છું છું કે જન્માંતરોમાં પણ મારી ભક્તિ ગુરુદેવના ચરણોમાં બની રહે!

આ પ્રકારે ચિંતવન કરતાં થકા વજ્રજંઘની સમ્યક્ત્વભાવના અત્યંત દ્રઢ થઈ ગઈ. આ ભાવના આગળ જતાં વજ્રજંઘ માટે કલ્પલતા સમાન સમસ્ત ઈષ્ટપદ આપવાવાળી થશે. શ્રીમતીના જીવે પણ વજ્રજંઘના જીવ સમાન ઉપર લખ્યા અનુસાર ચિંતવન કર્યું હતું. તેથી તેની સમ્યક્ભાવના પણ સુદ્રઢ થઈ ગઈ હતી. આ બંને પતિ-પત્નીનો સ્વભાવ એક સમાન હતો, તેથી બંનેમાં એક સમાન અખંડ પ્રીતિ રહેતી હતી. આ પ્રકારે, પ્રીતિપૂર્વક ભોગ ભોગવતા થકા તે બંને દંપત્તિઓનો ત્રણ પલ્ય પ્રમાણ કાળ વ્યતીત થઈ ગયો અને બંને જીવનના અંતમાં સુખપૂર્વક પ્રાણ છોડીને બાકી બચેલા પુણ્યથી, એક ઘરથી બીજા ઘર સમાન ઈશાન સ્વર્ગમાં પહોંચ્યા. જેવી રીતે વર્ષાકાળમાં

મેઘ પોતાની મેળે જ ઉત્પન્ન થઈ જાય છે અને સમય પામીને પોતાની મેળે જ વિલીન થઈ જાય છે, તેવી જ રીતે ભોગભૂમિજ જીવોના શરીર પોતાની મેળે જ ઉત્પન્ન થાય છે અને જીવનના અંતમાં પોતાની મેળે જ વિલિન થઈ જાય છે. જેવી રીતે વૈક્રિયિક શરીરમાં દોષ અને મળ નથી હોતા, તેવી જ રીતે ભોગભૂમિજ જીવોના શરીરમાં દોષ અને મળ હોતા નથી, તેમનું શરીર પણ દેવોના શરીર સમાન જ શુદ્ધ રહે છે.

તે વજ્રજંઘ આર્ય ઈશાન સ્વર્ગમાં સદાય પ્રકાશમાન રહેવાવાળા શ્રીપ્રભ વિમાનમાં દૈદીપ્યમાન કાંતિનો ધારક **'શ્રીધર'** નામનો ઋદ્ધિધારી દેવ થયો અને આર્યા શ્રીમતી પણ સમ્યગ્દર્શનના પ્રભાવથી સ્ત્રીલિંગથી છુટકારો મેળવીને ઈશાન સ્વર્ગના **'સ્વયંપ્રભ'** વિમાનમાં સ્વયંપ્રભ નામનો ઉત્તમ દેવ થઈ. સિંહ, નોળિયો, વાંદરો અને સુવરનો જીવ પણ અત્યંત સુખમય તે જ ઈશાન સ્વર્ગમાં મોટી-મોટી ઋદ્ધિઓના ધારક દેવ થયા. **બરાબર જ છે કે પુણ્યથી શું દુર્લભ છે!** આ સંસારમાં ધર્મ વિના સ્વર્ગ ક્યાં છે? અને સ્વર્ગ વિના સુખ ક્યાં છે? તેથી સુખ ઈચ્છવાવાળા પુરુષોએ ચિરકાળ સુધી ધર્મરૂપી કલ્પવૃક્ષની જ સેવા કરવી જોઈએ. જે જીવ પહેલાં સિંહ હતો તે ચિત્રાંગદ નામના મનોહર વિમાનમાં પ્રકાશમાન મુકુટનો ધારક **'ચિત્રાંગદ'** નામનો દેવ થયો, સુવરનો જીવ નંદ નામના વિમાનમાં પ્રકાશમાન મુકુટ, બાજુબંધ અને મણિમય કુંડલોથી ભૂષિત **'મણિકુંડલી'** નામનો દેવ થયો, વાંદરાનો જીવ નંદ્યાવર્ત નામના વિમાનમાં **'મનોહર'** નામનો દેવ થયો કે જે દેવાંગનાના મનનું હરણ કરવાવાળા સુંદર આકારથી શોભાયમાન હતો અને નોળિયાનો જીવ પ્રભાકર વિમાનમાં **'મનોરથ'** નામનો દેવ થયો કે જે સેંકડો મનોરથોથી પ્રાપ્ત દિવ્ય ભોગરૂપી અમૃતનું સેવન કરવાવાળો હતો.

આ પ્રકારે, પુણ્યના ઉદયથી સ્વર્ગલોકના સુખ ભોગવવાવાળા તે છએ જીવોના રૂપ, સૌંદર્ય, ભોગ આદિનું વર્ણન લલિતાંગ દેવ સમાન જાણવું જોઈએ. આ રીતે, પુણ્યના ઉદયથી સ્વર્ગલક્ષ્મીના નેત્રોને ઉત્સવ દેવાવાળા, અત્યંત પવિત્ર અને ચમકતા શરીરને ધારણ કરવાવાળા તે ઋદ્ધિધારી શ્રીધર દેવ મધુર વચન બોલવાવાળી દેવાંગનાઓ સાથે મનોહર ભોગ ભોગવતો થકો પોતાના જ વિમાનમાં ઉત્સવો દ્વારા ક્રીડા કરતો રહેતો હતો. ક્યારેક દેવાંગનાઓ પોતાના કોમળ કરપલ્લવોથી તેના પગ દબાવતી હતી, ક્યારેક પોતાના મુખરૂપી ચંદ્રમાથી નીકળતા મંદ હાસ્યના કિરણોરૂપી જળથી વારંવાર તેનો અભિષેક કરતી હતી અને ક્યારેક વિલાસથી યુક્ત

કટાક્ષરૂપી બાણોથી તેનું લક્ષ બનાવતી હતી. આ રીતે, આગામી કાળમાં તીર્થંકર થવાવાળાં તે પ્રસન્નચિત્ત શ્રીધર દેવ ભોગોપભોગની સામગ્રીથી પ્રત્યેક ક્ષણ સંતુષ્ટ રહેતો હતો.

આ પ્રમાણે, આર્ષ નામથી પ્રસિદ્ધ ભગવજ્જિનસેનાચાર્ય-વિરચિત ત્રિષષ્ટિલક્ષણ મહાપુરાણ સંગ્રહમાં શ્રીમતી અને વજ્રજંઘ આર્યના સમ્યગ્દર્શનની ઉત્પત્તિનું વર્ણન કરવાવાળો નવમો અધ્યાય સમાપ્ત થયો.

* સજ્જન પુરુષ ગુણગ્રાહી જ હોય છે. (અ. ૧, શ્લોક ૨૭)
* સંસારમાં તે જ પુરુષ કવિ છે અને તે જ ચતુર છે, જેની રચનાનું અંગ ધર્મકથા હોય છે અર્થાત્ જે પોતાની વાણી દ્વારા ધર્મકથાની રચના કરે છે. (અ. ૧, શ્લોક ૬૨)
* કવિતા પણ તે જ પ્રશંસનીય માનવામાં આવે છે, જે ધર્મશાસ્ત્ર સાથે સંબંધ રાખે છે. ધર્મશાસ્ત્રના સંબંધ વિનાની કવિતા સુંદર હોવા છતાં ફક્ત પાપાસ્રવનું જ (પાપબંધનું જ) કારણ છે. (અ. ૧, શ્લોક ૬૩)
* ઉત્તમ કવિઓ બીજાના દ્વારા બતાવવામાં આવેલી ભૂલોથી કદી ડરતા નથી, જેવી રીતે અંધકારને દૂર કરવાવાળો સૂરજ ઉદિત થવામાં ઘુવડથી ડરતો નથી. (અ. ૧, શ્લોક ૭૫)
* કલ્યાણની પ્રાપ્તિ બીજા પુરુષોની આરાધનાથી નથી થતી, પરંતુ શ્રેષ્ઠમાર્ગના ઉપદેશથી જ થાય છે. (અ. ૧, શ્લોક ૭૬)
* સ્વર્ગ-મોક્ષ આદિ કલ્યાણનું પ્રયોજન રાખીને જ વક્તાએ સત્યમાર્ગનો ઉપદેશ આપવો જોઈએ તથા શ્રોતાઓએ પણ તેવું જ પ્રયોજન રાખીને સાંભળવું જોઈએ, કારણ કે સત્પુરુષોનો પ્રયત્ન માત્ર વાસ્તવિક કલ્યાણની પ્રાપ્તિ માટે જ હોય છે, અન્ય લૌકિક કાર્ય માટે નથી હોતો. (અ. ૧, શ્લોક ૧૪૪)
* હે દેવ! આપના દર્શનમાત્રથી હું કૃતાર્થ થઈ ગયો. મહાનિધિને પ્રાપ્ત કરીને કોણ કૃતાર્થ નથી થતું? (અ. ૧, શ્લોક ૧૬૦)
* હે ભગવાન! આપના દ્વારા દર્શાવવામાં આવેલા તત્ત્વોમાં સત્પુરુષોની બુદ્ધિ કદી પણ મોહને પ્રાપ્ત થતી નથી. શું મહાપુરુષો દ્વારા બતાવવામાં આવેલા વિશાળ માર્ગમાં ચક્ષુવાળો પુરુષ કદી પડી જાય છે? અર્થાત્ નથી પડતો. (અ. ૧, શ્લોક ૧૬૪)

# અધ્યાય દસમો

ત્યારબાદ, કોઈ એક દિવસે શ્રીધરદેવને અવધિજ્ઞાનનો પ્રયોગ કરવાથી યથાર્થરૂપથી ખબર પડી કે અમારા ગુરુ શ્રીપ્રભ પર્વત પર બિરાજમાન છે અને તેમને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું છે. સંસારના સમસ્ત પ્રાણીઓની સાથે પ્રીતિ કરવાવાળા તે પ્રીતિંકર મુનિરાજ હતા, તે જ તેમના ગુરુ હતા. તેમની જ પૂજા કરવા માટે સારી-સારી સામગ્રી લઈને શ્રીધરદેવ તેમની સન્મુખ ગયા. જતાં જ તેમણે શ્રીપ્રભ પર્વત પર બિરાજમાન પ્રીતિંકર મહારાજની પૂજા કરી, નમસ્કાર કર્યા, ધર્મનું સ્વરૂપ સાંભળ્યું અને નીચે અનુસાર પોતાના મનની વાત પૂછી.

હે પ્રભો! મારા મહાબળના ભવમાં મારા જે ત્રણ મિથ્યાદૃષ્ટિ મંત્રી હતા તેઓ અત્યારે ક્યાં ઉત્પન્ન થયા છે—તેઓ કઈ ગતિને પ્રાપ્ત થયા છે? આ પ્રકારે પૂછવાવાળા શ્રીધરદેવને સર્વજ્ઞદેવ પોતાના વચનરૂપી કિરણો દ્વારા તેના હૃદયગત સમસ્ત અજ્ઞાન અંધકારને નષ્ટ કરતાં થકા કહેવા લાગ્યા કે હે ભવ્ય! તું મહાબળનું શરીર છોડીને સ્વર્ગમાં ગયો અને મેં રત્નત્રય પ્રાપ્ત કરી દીક્ષા ધારણ કરી લીધી. ત્યારે ખેદ છે કે તે ત્રણે ધીઠ મંત્રી કુમરણથી મરીને દુર્ગતિને પ્રાપ્ત થયા હતા. તે ત્રણેયમાંથી મહામતિ અને સંભિન્નમતિ—એ બે તો નિગોદ અવસ્થાને પ્રાપ્ત થયા છે કે જ્યાં માત્ર સઘન અજ્ઞાન અંધકારનું સામ્રાજ્ય છે અને જ્યાં અત્યંત તપ્ત ઉકળતા પાણીમાં થતાં પરપોટા સમાન જન્મ-મરણ થતાં રહે છે; તથા શતમતિ મંત્રી પોતાના મિથ્યાત્વને કારણે નરકગતિ ગયો છે. યથાર્થમાં ખોટા કર્મોનું ફળ ભોગવવા માટે નરક જ મુખ્ય ક્ષેત્ર છે. **જે જીવ મિથ્યાત્વરૂપી વિષથી મૂર્છિત થઈને સમીચીન જૈનમાર્ગનો વિરોધ કરે છે તેઓ કુયોનિરૂપી વમળમાં વ્યાપ્ત આ સંસારરૂપી માર્ગમાં દીર્ઘકાળપર્યંત ફરતા રહે છે.** કારણ કે સમ્યગ્જ્ઞાનનો વિરોધી જીવ અવશ્ય જ નરકરૂપી ગાઢ અંધકારમાં નિમગ્ન થાય છે. તેથી વિદ્વાન પુરુષોએ આપ્ત પ્રણીત સમ્યગ્જ્ઞાનનો જ નિરંતર અભ્યાસ કરવો જોઈએ. આ આત્મા ધર્મના પ્રભાવથી સ્વર્ગ-મોક્ષરૂપ ઉચ્ચસ્થાનોને પ્રાપ્ત થાય છે, અધર્મના પ્રભાવથી અધોગતિ અર્થાત્ નરકગતિને પ્રાપ્ત થાય છે અને ધર્મ-અધર્મ બંનેના સંયોગથી મનુષ્યપર્યાયને પ્રાપ્ત થાય છે.

હે ભદ્ર! તું ઉપર્યુક્ત અર્હંતદેવના વચનોનો નિશ્ચય કર. તારો શતબુદ્ધિ મંત્રી મિથ્યાજ્ઞાનની દઢતાથી બીજી નરકમાં અત્યંત ભયંકર દુઃખ ભોગવી રહ્યો છે. **પાપથી પરાજિત આત્માને પોતે કરેલા અનર્થનું એ જ ફળ છે કે જે તેને ધર્મથી દ્વેષ અને અધર્મથી પ્રેમ થાય છે.** ધર્મથી સુખ પ્રાપ્ત થાય છે અને અધર્મથી દુઃખ મળે છે—આ વાત નિર્વિવાદ પ્રસિદ્ધ છે, તેથી જ તો બુદ્ધિમાન પુરુષ અનર્થોને છોડવાની ઈચ્છાથી ધર્મમાં જ તત્પરતા ધારણ કરે છે. પ્રાણીઓ ઉપર દયા કરવી, સાચું બોલવું, ક્ષમા ધારણ કરવી, લોભનો ત્યાગ કરવો, તૃષ્ણાનો અભાવ કરવો, સમ્યગ્જ્ઞાન અને વૈરાગ્યરૂપી સંપત્તિ ભેગી કરવી તે જ ધર્મ છે અને તેનાથી વિપરીત અદયા આદિ ભાવ અધર્મ છે. વિષયાસક્તિ જીવોને ઈન્દ્રિયજન્ય સુખની તૃષ્ણા વધારે છે અને તે ઈન્દ્રિયજન્યસુખની તૃષ્ણા પ્રજ્વલિત અગ્નિ સમાન ભારે સંતાપ પેદા કરે છે. તૃષ્ણાથી સંતપ્ત થયેલો પ્રાણી તેને દૂર કરવાની ઈચ્છાથી પાપમાં અનુરક્ત થઈ જાય છે અને પાપમાં અનુરાગ કરવાવાળો પ્રાણી ધર્મથી દ્વેષ કરવા લાગે છે અને ધર્મથી દ્વેષ કરવાવાળો જીવ અધર્મને કારણે અધોગતિને પ્રાપ્ત થાય છે.

જેવી રીતે સમય આવતા પ્રાયઃ વર્ષાકાળમાં પાગલ કૂતરાનું વિષ પોતાની અસર દેખાડવા લાગે છે, તેવી જ રીતે કરેલા પાપકર્મ પણ સમય પાકતા નરકમાં મહા દુઃખ દેવા લાગે છે. જેવી રીતે અપથ્યસેવનથી મૂર્ખ મનુષ્યનો જ્વર વધી જાય છે, તેવી જ રીતે પાપાચરણથી મિથ્યાદષ્ટિ જીવોનું પાપ પણ ખૂબ જ વધી જાય છે. કરેલા કર્મોનો પરિપાક ખૂબ જ ખરાબ હોય છે, તે સદાય કડવા ફળ દેતા રહે છે, તેનાથી જ આ જીવ નરકમાં જઈને ત્યાં ક્ષણભર માટે પણ દુઃખથી નથી છૂટતો. નરકોમાં કેવું દુઃખ છે અને ત્યાં જીવોની ઉત્પત્તિ ક્યા કારણે થાય છે, તે જો તું જાણવા ઈચ્છતો હોય તો ક્ષણવાર માટે મન સ્થિર કરીને સાંભળ —

જે જીવ હિંસા કરવામાં આસક્ત રહે છે, અસત્ય બોલવામાં તત્પર હોય છે, ચોરી કરે છે, પરસ્ત્રીરમણ કરે છે, મદ્ય પીવે છે, મિથ્યાદષ્ટિ છે, ક્રૂર છે, રૌદ્રધ્યાનમાં તત્પર છે, પ્રાણીઓમાં સદાય નિર્દય રહે છે, ખૂબ જ આરંભ અને પરિગ્રહ રાખે છે, સદાય ધર્મથી દ્રોહ કરે છે, અધર્મમાં સંતોષ રાખે છે, સાધુઓની નિંદા કરે છે, માત્સર્ય સહિત છે, ધર્મસેવન કરવાવાળા પરિગ્રહ રહિત મુનિઓથી વિના કારણ જ ક્રોધ કરે છે, અતિશય પાપી છે, મધ અને માંસ ખાવામાં તત્પર છે, અન્ય જીવોની હિંસા કરવાવાળા કૂતરા-બિલાડી આદિ પશુઓને પાળે છે,

અતિશય નિર્દય છે, સ્વયં મધુ-માંસ ખાય છે અને તે ખાવાવાળાઓની અનુમોદના કરે છે તેવા જીવ પાપના ભારથી નરકમાં પ્રવેશ કરે છે. આ નરકને જ ખોટા કર્મોનું ફળ આપવાવાળું ક્ષેત્ર સમજવું જોઈએ. ક્રૂર જળચર, સ્થળચર, સર્પ, સરિસૃપ, પાપ કરવાવાળી સ્ત્રીઓ અને ક્રૂર પક્ષી આદિ જીવ નરકમાં જાય છે. અસંજ્ઞી પંચેન્દ્રિય જીવ ધર્મા નામની પહેલી પૃથ્વી સુધી જાય છે, સરિસૃપ-સરકવાવાળા જીવો બીજી પૃથ્વી સુધી જાય છે, પક્ષી ત્રીજી પૃથ્વી સુધી, સર્પ ચોથી પૃથ્વી સુધી, સિંહ પાંચમી પૃથ્વી સુધી, સ્ત્રીઓ છઠ્ઠી પૃથ્વી સુધી અને પાપી મનુષ્ય તથા મત્સ્ય સાતમી પૃથ્વી સુધી જાય છે. રત્નપ્રભા, શર્કરાપ્રભા, બાલુકાપ્રભા, પંકપ્રભા, તમઃપ્રભા અને મહાતમઃપ્રભા—આ સાત પૃથ્વીઓ છે કે જે ક્રમ-ક્રમથી નીચે-નીચે છે. ધર્મા, વંશા, શીલા-મેઘા, અંજના, અરિષ્ટા, મઘવી, અને માધવી– આ સાત પૃથ્વીઓના ક્રમથી નામાંતર છે. આ પૃથ્વીઓમાં જીવ મધમાખીઓના છત્તા સમાન લટકતા ઘૃણિત સ્થાનોમાં નીચે તરફ મોઢું કરીને ઉત્પન્ન થાય છે. તે ઠીક જ છે, પાપી જીવોની ઉન્નતિ કેવી રીતે થઈ શકે?

તે જીવો પાપકર્મના ઉદયથી અંતર્મુહૂર્તમાં જ દુર્ગંધિત, ઘૃણિત, જોવાને અયોગ્ય અને ખરાબ આકૃતિવાળા શરીરની પૂર્ણ રચના કરી લે છે. જેવી રીતે વૃક્ષના પત્તા ડાળીથી છૂટા પડી જતાં નીચે પડે છે, તેવી જ રીતે તે નારકી જીવ શરીરની પૂર્ણ રચના થતા તે ઉત્પત્તિસ્થાનથી અત્યંત દુઃસહ નરકની ભૂમિ પર પડે છે. ત્યાંની ભૂમિ પર અત્યંત તીક્ષ્ણ હથિયાર હોય છે. નારકી જીવ તે હથિયારો પર પડે છે કે જેથી તેમના શરીરની બધી જ સંધીઓ છિન્ન-ભિન્ન થઈ જાય છે અને આ દુઃખથી દુઃખી થઈને તે પાપી જીવ રોવા લાગે છે. ત્યાંની ભૂમિની અસહ્ય ગરમીથી સંતપ્ત થઈને વ્યાકુળ થયેલા નારકી ગરમ કડાઈમાં નાખેલા તલની સમાન પહેલાં તો ઊછળે છે અને પછી નીચે પડે છે. ત્યાં પડતાં જ અતિશય ક્રોધી નારકી ભયંકર તર્જના કરતાં તીક્ષ્ણ શસ્ત્રોથી તે નવીન નારકીઓના શરીરના ટુકડે-ટુકડા કરી નાખે છે. જેવી રીતે કોઈ લાકડીથી પ્રહાર કરતાં પાણી બુંદ-બુંદ થઈને વિખેરાઈ જાય છે અને પછી ક્ષણવારમાં મળીને એક થઈ જાય છે, તેવી જ રીતે નારકીઓનું શરીર પણ હથિયારોના પ્રહારથી છિન્ન-ભિન થઈને જ્યાં-ત્યાં વિખરાઈ જાય છે અને પછી ક્ષણવારમાં મળીને એક થઈ જાય છે. તે નારકીઓને અવધિજ્ઞાન હોવાથી પોતાના પૂર્વભવ સંબંધી ઘટનાઓનું સ્મરણ થતું રહે છે, તે સ્મરણથી તેઓ પરસ્પર એકબીજાને પોતાનું પૂર્વ વૈર કહીને આપસમાં માર-કાપ કરતાં રહે છે.

પહેલી ત્રણ પૃથ્વીઓ સુધી અતિશય ભયંકર અસુરકુમાર જાતિના દેવ ત્યાં જઈને નારકીઓને તેમના પૂર્વભવના વેરનું સ્મરણ કરાવીને પરસ્પરમાં ઝઘડવા માટે પ્રેરણા કરતાં રહે છે. ત્યાંના ભયંકર ગીધ (આ ગીધ, કૂતરા આદિ જીવ તિર્યંચગતિના નથી, પરંતુ નારકી જીવ વિક્રિયા શક્તિથી પોતાના શરીરનું તેવું પરિણમન કરી લે છે) પોતાની વજ્રમય ચાંચોથી તે નારકીઓના શરીરને ચીરી નાખે છે અને કાળા-કાળા કૂતરાઓ પોતાના ધારદાર નખોથી તેમના શરીર ચીરી નાખે છે. કેટલાય નારકીઓને ઉકળતું તાંબુ આદિ ધાતુઓ પીવડાવવામાં આવે છે કે જેના દુઃખથી તે ખરાબ રીતે બૂમો પાડીને શીઘ્ર જ વિલિન—નષ્ટ થઈ જાય છે. કેટલાય નારકીઓના ટુકડે-ટુકડા કરીને કોલ્હૂ—શેરડી પીલવાના સાંચામાં નાખીને પીલે છે અને કેટલાય નારકીઓને કડાઈમાં ઉકાળીને તેનો રસ બનાવે છે.

જે જીવ પૂર્વ પર્યાયમાં માંસભક્ષી હતા, તે નારકીઓના શરીરને બળવાન નારકી પોતાના ધારદાર શસ્ત્રોથી કાપી-કાપીને તેમનું માંસ તેમને જ ખવડાવે છે. જે જીવ પહેલાં ખૂબ શોખથી માંસ ખાતા હતા તેમનું મુખ સાણસીથી ફાડીને તેમના ગળામાં જબરદસ્તી તપાવેલા લોખંડનો ગોળો નાખવામાં આવે છે. જેમણે પૂર્વભવમાં પરસ્ત્રી સાથે ક્રીડા કરી હતી એવા નારકી જીવોથી અન્ય નારકી આવીને કહે છે કે ‘તને તારી પ્રિયા અભિસાર કરવાની ઈચ્છાથી સંકેત કરેલા કેતકી વનના એકાંતમાં બોલાવી રહી છે’ આ પ્રકારે કહીને તેને કઠોર કરવત જેવા પાનવાળા કેતકીવનમાં લઈ જઈને તપાવેલી લોખંડની પૂતળીઓ સાથે આલિંગન કરાવે છે. તે લોખંડની પૂતળીઓના આલિંગનથી તત્ક્ષણ જ મૂર્છિત જેવા થયેલા તે નારકીઓને અન્ય નારકી લોખંડના ચાબુકથી મર્મસ્થાનોમાં માર મારે છે, તે લોખંડની પૂતળીઓના આલિંગનકાળમાં જેના નેત્ર દુઃખથી બંધ થઈ ગયા છે તથા જેનું શરીર અંગારાની જેમ બળી રહ્યું છે તેવા તે નારકી તે જ ક્ષણ જમીન પર પડી જાય છે. કેટલાય નારકી, જેના પર ઉપરથી નીચે સુધી ધારદાર કાટા લાગેલા છે અને જે ધમણથી પ્રદીપ્ત કરવામાં આવેલા લોખંડના બનેલા સેમરના વૃક્ષો પર અન્ય નારકીઓને જબરદસ્તી ચડાવે છે. તે નારકીઓ તે વૃક્ષ ઉપર ચડે છે, કોઈ નારકી તેમને ઉપરથી નીચે તરફ ધક્કો મારે છે અને કોઈ નીચેથી ઉપર ધક્કો મારે છે. આ રીતે જ્યારે તેનું સંપૂર્ણ શરીર છોલાઈ જાય છે અને તેમાંથી રક્ત વહેવા લાગે છે ત્યારે ખૂબ જ મુશ્કેલીથી ત્યાંથી છુટકારો મેળવે છે.

કેટલાય નારકીઓને ભિલાવાના (એક પ્રકારનું ફળ) રસથી ભરેલી નદીમાં જબરદસ્તી ફેંકી દે છે કે જેથી ક્ષણવારમાં તેનું આખું શરીર ઓગળી જાય છે અને તેના ખારા જળની લહેરો તેને લિપ્ત કરી તેના ઘાવમાં ભારે દુઃખ પહોંચાડે છે. કેટલાય નારકીઓને ફુલિંગોથી (હાડકાંથી) વ્યાપ્ત સળગતી અગ્નિની શૈયા પર સુવડાવે છે. દીર્ઘ નિદ્રા લઈને સુખ પ્રાપ્ત કરવાની ઈચ્છાથી તે નારકી તેના ઉપર સુવે છે કે જેથી તેનું સંપૂર્ણ શરીર બળવા લાગે છે. ગરમીના દુઃખથી પીડિત થયેલા નારકી અસિપત્ર વનમાં પહોંચે છે કે તરત જ ત્યાં અગ્નિના ફુલિંગોને (હાડકાંઓને) વરસાવતો પ્રચંડ પવન વહેવા લાગે છે, તે વાયુના આઘાતથી અનેક આયુધમય પત્તા શીઘ્ર પડવા લાગે છે કે જેથી તે નારકીઓનું સંપૂર્ણ શરીર છિન્ન-ભિન્ન થઈ જાય છે અને તે દુઃખથી દુઃખી થઈને તે બિચારા દીન નારકી રોવા લાગે છે. તે નારકીઓ કેટલાય નારકીઓને લોખંડના સરીયા પર લગાવેલા માંસ સમાન લોહદંડ પર ટીંગાડીને અગ્નિમાં એટલા સુકાવે છે કે તે સુકાઈને શુષ્ક માંસની જેમ થઈ જાય છે અને કેટલાય નારકીઓને નીચે તરફ મોઢું રાખીને પહાડની ટોચ પરથી નીચે ફેંકી દે છે. કેટલાય નારકીઓના મર્મસ્થાન અને હાડકાના સંધિસ્થાનોને ધારદાર કરવતોથી વિદિર્ણ કરી નાખે છે અને તેમના નખના અગ્રભાગમાં તપાવેલી લોઢાની સોય મારીને ભયંકર વેદના પહોંચાડે છે. કેટલાય નારકીઓને ધારદાર શૂળના અગ્રભાગમાં ચડાવીને ફેરવે છે કે જેથી તેમના આંતરડાઓ નીકળીને લટકવા લાગે છે અને નીકળતા લોહીથી તેમનું સંપૂર્ણ શરીર લાલ-લાલ થઈ જાય છે. આ પ્રકારે, અનેક ઘાવથી જેમનું શરીર જર્જરિત થઈ ગયું છે એવા નારકીઓને બીજા બળિષ્ઠ નારકી ખારાપાણીથી સિંચે છે. જે નારકી ઘાવના દુઃખથી મૂર્ચ્છિત જેવા થઈ રહ્યા છે તેઓ ખારાપાણીના સિંચનથી ફરી સચેત થઈ જાય છે. કેટલાક નારકીઓને પહાડની ટોચથી નીચે ફેંકી દે છે અને નીચે પહોંચતા અનેક નિર્દય નારકીઓ કઠોરતાપૂર્વક સેંકડો વજ્રમય મુટ્ઠીઓનો માર મારે છે, કેટલાય નિર્દય નારકીઓ અન્ય નારકીઓને તેમના મસ્તક પર મુદગરથી પીટે છે કે જેથી તેમના નેત્ર નીકળીને બહાર પડી જાય છે. ત્રીજી પૃથ્વી સુધી અસુરકુમાર દેવ નારકીઓને ઘેટા બનાવીને પરસ્પર લડાવે છે કે જેથી તેમના મસ્તક ફાટી જાય છે અને તેમાંથી રક્ત-માંસ આદિ ખૂબ જ મળ બહાર નીકળવા લાગે છે. જે જીવ પહેલાં ખૂબ જ ઉદ્દંડ હતા તેમને તે નારકીઓ તપાવેલા લોખંડના આસન ઉપર બેસાડે છે અને વિધિપૂર્વક ધારદાર કાંટાના પાથરણા ઉપર સુવડાવે છે.

આ પ્રકારે, નરકની અત્યંત, અસહ્ય અને ભયંકર વેદના પામીને ભયભીત થયેલાં નારકીઓના મનમાં એ ચિંતા ઉત્પન્ન થાય છે કે અહો! અગ્નિની જ્વાળાઓથી તપેલી આ ભૂમિ સુખપૂર્વક ઊભા રહેવા યોગ્ય પણ નથી. અહીં સદાય અગ્નિના ફુલિંગોને (હાડકાંઓને) ધારણ કરવાવાળો તે વાયુ વહેતો રહે છે કે જેનો સ્પર્શ પણ દુઃખદાયી છે. આ બળતી દિશાઓ, દિશાઓમાં આગ લાગવાનો સંદેહ ઉત્પન્ન કરી રહી છે અને આ મેઘ તપ્તાયમાન ધૂળની વર્ષા કરી રહ્યો છે. આ વિષવન છે કે જે બધી જ તરફથી વિષલતાઓથી વ્યાપ્ત છે અને આ તલવારની ધાર સમાન ધારદાર પત્તાઓથી ભયંકર અસિપત્રવન છે. આ ગરમ કરેલી લોખંડની પૂતળીઓ નીચ, વ્યભિચારીણી સ્ત્રીઓ સમાન આલિંગન કરતી થકી અમને લોકોને અતિશય સંતાપ ઉત્પન્ન કરે છે. આ કોઈ મહાબળવાન પુરુષ અમને જબરદસ્તી લડાવી રહ્યા છે અને એવા જણાય છે કે જાણે અમારા પૂર્વજન્મ સંબંધી દુષ્કર્મોની સાક્ષી દેવા માટે યમરાજ દ્વારા જ મોકલવામાં આવ્યા હોય! જેમના શબ્દ ખૂબ જ ભયાનક છે, જેઓ સળગતી જ્વાળાઓ સમાન ભયંકર છે અને જેઓ મુખથી અગ્નિ કાઢી રહ્યા છે એવા ઊંટ અને ગધેડાઓનો સમૂહ અમને લોકોને ગળી જવા માટે સામે દોડતો આવી રહ્યો છે.

જેમનો આકાર અત્યંત ભયાનક છે, જેમણે પોતના હાથમાં તલવાર ઉગામી રાખી છે અને જે વિના કારણ જ લડવા માટે તૈયાર છે તેવા તે પુરુષ અમને લોકોને ડરાવી રહ્યા છે. ભયંકર રૂપથી આકાશથી પડતા આ ગીધ શીઘ્ર જ અમારી સામે આવી રહ્યા છે અને આ ભસતા કૂતરા અમને ખૂબ જ ભયભીત કરી રહ્યા છે. નિશ્ચયથી આ દુષ્ટ જીવોના છળથી અમારા પૂર્વભવના પાપ જ અમને આ પ્રકારે દુઃખ ઉત્પન્ન કરી રહ્યા છે. ખૂબ જ આશ્ચર્યની વાત છે કે અમને લોકોને બધી જ તરફથી દુઃખોએ ઘેરી રાખ્યા છે. આ બાજુ આ દોડતા નારકીઓના પગનો અવાજ સંતાપ ઉત્પન્ન કરી રહ્યો છે અને આ બાજુ આ કરુણ વિલાપથી ભરેલો કોઈના રોવાનો અવાજ આવી રહ્યો છે. આ બાજુ આ કાગડાઓના કઠોર શબ્દથી વિસ્તારને પ્રાપ્ત થયેલા શિયાળોના અમંગલકારી શબ્દ આકાશ-પાતાળને શબ્દાયમાન કરી રહ્યા છે. આ બાજુ આ અસિપત્રવનમાં મુશ્કેલીથી ચાલવાવાળા વાયુના પ્રકંપનથી ઉત્પન્ન થયેલો તથા તે વાયુના આઘાતથી પડતા પત્તાઓનો કઠોર શબ્દ થઈ રહ્યો છે.

જેના સ્કંધભાગ પર કાંટા લાગેલા છે એવું આ તે જ કૃત્રિમ સેમરનું વૃક્ષ છે કે જેની યાદ આવતા અમારા

સમસ્ત અંગોમાં કાંટા ચૂભવા સમાન દુઃખ થવા લાગે છે. આ તરફ ભિલાવાના (એક પ્રકારનું ફળ) રસથી ભરેલી વૈતરણી નામની નદી છે, તેમાં તરવું તો દૂર રહ્યું પરંતુ તેનું સ્મરણ કરવાથી પણ ભય ઉત્પન્ન થાય છે. આ તે જ નારકીઓના બિલ છે કે જે ગરમીથી અંદર જ અંદર બળી રહ્યા છે અને જેમાં આ નારકી છિદ્ર રહિત સાંચામાં ગળેલી સુવર્ણ-ચાંદી આદિ ધાતુઓ સમાન ફેરવવામાં આવે છે. અહીંની વેદના એટલી તીવ્ર છે કે તે કોઈ સહન કરી શકતું નથી, અહીંનો માર પણ એટલો તીવ્ર છે કે તે કોઈ સહન કરી શકતું નથી. આ પ્રાણ આયુષ્ય પૂર્ણ થયા પહેલાં છૂટી શકતા નથી અને તે નારકી પણ કોઈનાથી રોકી શકાતા નથી. આવી અવસ્થામાં અમારે ક્યાં જવું? ક્યાં ઊભા રહેવું? ક્યાં બેસવું? ક્યાં સુવું? અમે લોકો જ્યાં-જ્યાં જઈએ છીએ ત્યાં-ત્યાં વધારે-વધારે જ દુઃખ પામીએ છીએ. આ પ્રકારના અહીંના આ અપાર દુઃખથી કેવી રીતે પાર થશું? ક્યારે પાર થશું? અમારું આયુષ્ય પણ એટલું વધારે છે કે સાગર પણ તેની ઉપમા ધારણ કરી શકતું નથી.

આ રીતે, પ્રતિક્ષણ ચિંતવન કરતાં થકા નારકીઓને પ્રતિક્ષણ જે નિરંતર માનસિક સંતાપ થતો રહે છે તે જ તેમના પ્રાણોને સંશયમાં રાખવા માટે સમર્થ છે અર્થાત્ ઉક્ત પ્રકારના સંતાપથી તેમને મરવાનો સંશય બન્યો રહે છે. આ વિષયમાં હજી વધારે કહેવાથી શું લાભ છે! એટલું જ પર્યાપ્ત છે કે સંસારમાં જે-જે ભયંકર દુઃખ હોય છે તે બધાને, મુશ્કેલીથી દૂર થવાયોગ્ય કર્મોએ નરકમાં ભેગા કરી દીધા છે. તે નારકીઓને નિમેષમાત્ર પણ સુખ નથી. તેમને રાત-દિવસ આ પ્રકારનું દુઃખ જ દુઃખ ભોગવવું પડે છે. અનેક પ્રકારના દુઃખરૂપી સેંકડો આવર્તોથી ભરેલા નરકરૂપી સમુદ્રમાં ડૂબેલા નારકીઓને સુખની પ્રાપ્તિ તો દૂર રહી, તેનું સ્મરણ થવું પણ ખૂબ જ દૂરની વાત છે. શીત અથવા ઉષ્ણ નરકોમાં આ નારકીઓને જે દુઃખ થાય છે તે સર્વથા અસહ્ય અને અચિંત્ય છે. સંસારમાં એવો કોઈ પદાર્થ પણ નથી કે જેની સાથે તે દુઃખની ઉપમા આપી શકાય.

પહેલી ચાર પૃથ્વીઓમાં ઉષ્ણવેદના છે, પાંચમી પૃથ્વીમાં ઉષ્ણ અને શીત બંને વેદના છે અર્થાત્ ઉપરના બે લાખ બિલમાં ઉષ્ણ વેદના છે અને નીચેના એક લાખ બિલમાં શીત વેદના છે. છઠ્ઠી અને સાતમી પૃથ્વીમાં શીત વેદના છે. આ ઉષ્ણ અને શીતની વેદના નીચે-નીચેના નરકોમાં ક્રમ-ક્રમથી વધતી જાય છે. તે સાત પૃથ્વીઓમાં ક્રમથી ત્રીસ લાખ, પચ્ચીસ લાખ, પંદર લાખ, દસ લાખ, ત્રણ લાખ, એક લાખમાં પાંચ ઓછા અને પાંચ બિલ

છે. આ બિલ સદાય જાજ્વલ્યમાન રહે છે અને મોટાં-મોટાં હોય છે. આ બિલોમાં પાપી નારકી જીવ સદાય કુંભીપાક સમાન શેકાતા રહે છે, તે નરકોમાં ક્રમથી એક સાગર, ત્રણ સાગર, સાત સાગર, દસ સાગર, સત્તર સાગર, બાવીસ સાગર અને તેત્રીસ સાગરનું ઉત્કૃષ્ટ આયુષ્ય છે. પહેલી પૃથ્વીમાં નારકીઓના શરીરની ઉંચાઈ સાત ધનુષ, ત્રણ હાથ અને છ અંગુલ છે અને બીજી આદિ પૃથ્વીઓમાં ક્રમ-ક્રમથી બમણી-બમણી સમજવી અર્થાત્ બીજી પૃથ્વીમાં પંદર ધનુષ બે હાથ બાર અંગુલ, ત્રીજી પૃથ્વીમાં એકત્રીસ ધનુષ એક હાથ, ચોથી પૃથ્વીમાં બાસઠ ધનુષ બે હાથ, પાંચમી પૃથ્વીમાં એકસો પચ્ચીસ ધનુષ, છઠ્ઠી પૃથ્વીમાં બસો પચાસ ધનુષ અને સાતમી પૃથ્વીમાં પાંચસો ધનુષ શરીરની ઉંચાઈ છે.

તે નારકીઓ વિકલાંગ, હુંડક સંસ્થાનવાળા, નપુંસક, દુર્ગંધયુક્ત, ખરાબ કાળા રંગના ધારક, કઠિન, કર્કશ સ્પર્શવાળા, કઠોર સ્વર સહિત તથા જોવામાં અપ્રિય હોય છે. તે નારકીઓના શરીર અંધકાર સમાન કાળા અને રૂખા પરમાણુઓથી બનેલા હોય છે. તે બધાની દ્રવ્ય લેશ્યા અત્યંત કૃષ્ણ હોય છે, પરંતુ ભાવલેશ્યામાં અંતર હોય છે કે જે આ પ્રકારે છે—પહેલી પૃથ્વીમાં જઘન્ય કાપોત ભાવલેશ્યા હોય છે, બીજી પૃથ્વીમાં મધ્યમ કાપોત લેશ્યા હોય છે, ત્રીજી પૃથ્વીમાં ઉત્કૃષ્ટ કાપોત લેશ્યા અને જઘન્ય નીલ લેશ્યા છે, ચોથી પૃથ્વીમાં મધ્યમ નીલ લેશ્યા છે, પાંચમી પૃથ્વીમાં ઉત્કૃષ્ટ નીલ તથા જઘન્ય કૃષ્ણ લેશ્યા છે, છઠ્ઠી પૃથ્વીમાં મધ્યમ કૃષ્ણ લેશ્યા છે અને સાતમી પૃથ્વીમાં ઉત્કૃષ્ટ કૃષ્ણ લેશ્યા છે. આ પ્રકારે, ધર્મા આદિ સાત પૃથ્વીઓમાં ક્રમથી ભાવલેશ્યાનું વર્ણન કર્યું. કડવી તુંબડી અને કાંજીના સંયોગ સમાન જેવો કડવો અને અનિષ્ટ રસ ઉત્પન્ન થાય છે તેવો જ રસ નારકીઓના શરીરમાં ઉત્પન્ન થાય છે. કૂતરા, બિલાડા, ગધેડા, ઊંટ આદિ જીવોના મૃતક ક્લેવરોને ભેગા કરવાથી જે દુર્ગંધ ઉત્પન્ન થાય છે, તે પણ આ નારકીઓના શરીરની દુર્ગંધની બરાબરી કરી શકતી નથી. કરવત અને ગોખરુમાં જેવો કઠોર સ્પર્શ હોય છે તેવો જ કઠોર સ્પર્શ નારકીઓના શરીરમાં હોય છે. તે નારકીઓને અશુભકર્મનો ઉદય હોવાથી અપૃથક્ વિક્રિયા જ હોય છે અને તે પણ અત્યંત વિકૃત, ઘૃણીત અને કુરૂપ હોય છે. ભાવાર્થ—એક નારકી એક સમયમાં પોતાના શરીરનો એક જ આકાર બનાવી શકે છે અને તે પણ અત્યંત વિકૃત, ઘૃણિત અને કુરૂપ આકાર બનાવે છે. દેવો સમાન ઈચ્છિત અનેકરૂપ બનાવવાનું સામર્થ્ય નારકી જીવોમાં હોતું નથી. પર્યાપ્ત થતાં જ તેમને

વિભંગાવધિજ્ઞાન પ્રાપ્ત થઈ જાય છે કે જેનાથી તે પૂર્વભવના વૈરનું સ્મરણ કરી લે છે અને તેને પ્રગટ પણ કરવા લાગે છે. જે જીવ પૂર્વજન્મમાં પાપ કરવામાં ખૂબ જ ચતુર હતા, જે ખોટા વચન કહેવામાં ચતુર હતા અને જેઓ દુરાચારી હતા, તે તેમના જ દુષ્કર્મોનું ફળ છે.

હે દેવ! તે શતબુદ્ધિ મંત્રીનો જીવ પોતાના પાપકર્મના ઉદયથી ઉપર કહ્યા અનુસાર બીજી નરક સંબંધી મહા દુઃખોને પ્રાપ્ત થયો છે. તેથી, જે જીવ ઉપર કહેલા નરકોના તીવ્ર દુઃખ નથી ઇચ્છતા તે બુદ્ધિમાન પુરુષોએ આ જિનેન્દ્રપ્રણીત ધર્મની ઉપાસના કરવી જોઈએ. આ જૈન ધર્મ દુઃખોથી રક્ષા કરે છે, તે જ ધર્મ સુખનો વિસ્તાર કરે છે અને તે જ ધર્મ કર્મોના ક્ષયથી ઉત્પન્ન થવાવાળા મોક્ષસુખને આપે છે. આ જૈનધર્મથી ઈન્દ્ર, ચક્રવર્તી અને ગણધરના પદ પ્રાપ્ત થાય છે. તીર્થંકર પદ પણ આ જ ધર્મથી પ્રાપ્ત થાય છે અને સર્વોત્કૃષ્ટ સિદ્ધપદ આનાથી જ મળે છે. આ જૈન ધર્મ જ જીવોનો બંધુ છે, મિત્ર છે અને ગુરુ છે. તેથી હે દેવ! સ્વર્ગ અને મોક્ષના સુખ આપવાવાળા આ જૈનધર્મમાં જ તું તારી બુદ્ધિ લગાવ.

તે સમયે પ્રીતિંકર જિનેન્દ્રના ઉપર કહેલા વચન સાંભળીને પવિત્ર બુદ્ધિનો ધારક શ્રીધરદેવ અતિશય ધર્મપ્રેમને પ્રાપ્ત થયો અને ગુરુની આજ્ઞા અનુસાર બીજી નરકમાં જઈને શતબુદ્ધિને સમજાવવા લાગ્યો કે હે ભોળા મૂર્ખ શતબુદ્ધિ! તું મહાબળને–મને જાણે છે? તે ભવમાં અનેક મિથ્યાનયોના આશ્રયથી તારું મિથ્યાત્વ ખૂબ જ પ્રબળ થઈ રહ્યું હતું. જો, તે જ મિથ્યાત્વનું આ દુઃખ દેવાવાળું ફળ તારી સામે છે. આ પ્રકારે, શ્રીધરદેવ દ્વારા સમજાવવામાં આવેલા શતબુદ્ધિના જીવે શુદ્ધ સમ્યગ્દર્શન ધારણ કર્યું અને મિથ્યાત્વરૂપી મેલ નષ્ટ થઈ જવાથી ઉત્કૃષ્ટ વિશુદ્ધિ પ્રાપ્ત કરી. ત્યારબાદ, તે શતબુદ્ધિનો જીવ આયુષ્યના અંતમાં ભયંકર નરકથી નીકળીને પૂર્વ પુષ્કર દ્વીપના પૂર્વ વિદેહક્ષેત્રમાં મંગલાવતી દેશના રત્નસંચય નગરમાં મહિધર ચક્રવર્તીની સુંદરી નામક રાણીથી જયસેન નામનો પુત્ર થયો. જ્યારે તેના વિવાહ થઈ રહ્યા હતા તે જ સમયે શ્રીધરદેવે આવીને તેને સમજાવ્યો કે જેથી વિરક્ત થઈને તેણે યમધર મુનિરાજ સમીપ દીક્ષા ધારણ કરી લીધી. શ્રીધર દેવે તેને નરકોના ભયંકર દુઃખોની યાદ અપાવી હતી કે જેથી તે વિષયોથી વિરક્ત થઈને કઠિન તપશ્ચરણ કરવા લાગ્યો. ત્યારબાદ, આયુષ્યના અંત સમયમાં સમાધિપૂર્વક પ્રાણ છોડીને બ્રહ્મ સ્વર્ગમાં ઈન્દ્રપદને પ્રાપ્ત થયો. જુઓ, ક્યાં તે નારકીપણું અને ક્યાં ઈન્દ્રપદ પ્રાપ્ત

થવું! વાસ્તવમાં કર્મોની ગતિ ખૂબ જ વિચિત્ર છે. આ જીવ હિંસા આદિ અધર્મ કાર્યોથી નરકાદિ નીચ ગતિઓમાં ઉત્પન્ન થાય છે અને અહિંસા આદિ ધર્મકાર્યોથી સ્વર્ગ આદિ ઉચ્ચ ગતિઓને પ્રાપ્ત થાય છે. તેથી ઉચ્ચ પદની ઈચ્છા કરવાવાળા પુરુષોએ સદાય ધર્મમાં તત્પર રહેવું જોઈએ. ત્યારબાદ, અવધિજ્ઞાનરૂપી નેત્રથી યુક્ત તે બ્રહ્મેન્દ્રએ બ્રહ્મ સ્વર્ગથી આવીને પોતાના કલ્યાણકારી મિત્ર શ્રીધરદેવની પૂજા-પ્રશંસા કરી.

ત્યારબાદ, શ્રીધરદેવ સ્વર્ગથી ચ્યુત થઈને જંબૂદ્વીપ સંબંધી પૂર્વ વિદેહક્ષેત્રમાં સ્વર્ગ સમાન શોભાયમાન થવાવાળા મહાવત્સ દેશના સુશીમા નગરમાં **'સુદૃષ્ટિ'** રાજાની **'સુંદરનંદા'** નામની રાણીથી પવિત્રબુદ્ધિનો ધારક **'સુવિધિ'** નામનો પુત્ર થયો. તે સુવિધિ બાલ્યાવસ્થાથી જ ચંદ્રમા સમાન સમસ્ત કળાઓનો ભંડાર હતો અને પ્રતિદિન લોકોના નેત્રોનો આનંદ વધારતો રહેતો હતો. તે બુદ્ધિમાન સુવિધિએ બાલ્યાવસ્થામાં જ સમીચીન ધર્મનું સ્વરૂપ સમજી લીધું હતું. તે ઠીક જ છે, **આત્મજ્ઞાની પુરુષોનું ચિત્ત આત્મકલ્યાણમાં જ અનુરક્ત રહે છે.** તે બાલ્યાવસ્થામાં જ લોકોને આનંદ આપવાવાળી રૂપસંપદાને પ્રાપ્ત હતો અને પૂર્ણ યુવા થતા વિશેષરૂપથી મનોહર સંપદાને પ્રાપ્ત થઈ ગયો હતો. તે સુવિધિનું ઉંચું મસ્તક સદાય મુકુટથી અલંકૃત રહેતું હતું. તેથી અન્ય રાજાઓની વચ્ચે તે સુવિધિ એ પ્રકારે ઉચ્ચતા ધારણ કરતો હતો કે જેવી રીતે કુલાચલોની વચ્ચે ચૂલિકા સહિત મેરુ પર્વત ઉચ્ચતા ધારણ કરે છે! તેનું મુખ સૂર્ય, ચંદ્રમા, તારા અને ઈન્દ્રધનુષથી સુશોભિત આકાશ સમાન શોભાયમાન થઈ રહ્યું હતું. કારણ કે તે બે કુંડલોથી શોભાયમાન હતો કે જે સૂર્ય અને ચંદ્ર સમાન જણાઈ રહ્યા હતા તથા થોડી ઉપર ઊઠેલી ભ્રમર સહિત ચમકતા નેત્રોથી યુક્ત હતો, તેથી ઈન્દ્રધનુષ અને તારાઓથી યુક્ત હોય તેમ જણાતો હતો; અથવા તો તેનું મુખ એક ખીલેલા કમળ સમાન શોભાયમાન થઈ રહ્યું હતું કારણ કે ખીલેલા કમળમાં જેવી રીતે તેની કળીઓ વિકસિત હોય છે, તેવી જ રીતે તેના મુખમાં મનોહર હોઠ શોભાયમાન હતા અને ખીલેલું કમળ જેવી રીતે મનોજ્ઞ ગંધથી યુક્ત હોય છે, તેવી જ રીતે તેનું મુખ પણ શ્વાસોચ્છ્વાસની મનોજ્ઞ ગંધથી યુક્ત હતું. તેનું નાક સ્વભાવથી જ લાંબુ હતું, તેથી એવું જણાતું હતું કે જાણે તેણે મુખકમળની સુગંધ સુંઘવા માટે જ લંબાઈ ધારણ કરી હોય અને તેમાં જે બે છિદ્ર હતા તે એવા જણાતા હતા કે જાણે નીચે તરફ ઝુકીને તે છિદ્રો દ્વારા તેનું રસપાન જ કરી રહ્યા હોય! તેનું ગળું મૃણાલવલય સમાન શ્વેતહારથી શોભાયમાન હતું, તેથી

એવું જણાતું હતું કે જાણે મુખરૂપી કમળની ઉત્તમ નાળને જ ધારણ કરી રહ્યો હોય! મોટા-મોટા નેત્રોના કિરણોથી મનોહર તેનું વિશાળ વક્ષઃસ્થળ એવું શોભાયમાન થઈ રહ્યું હતું કે જાણે કમલવાસિની લક્ષ્મીનું દીપકોથી શોભાયમાન નિવાસગૃહ જ હોય!



તે સુવિધિ સ્વયં દિગ્ગજ સમાન શોભાયમાન હતો અને તેના ઉંચા ઊઠેલા બંને ખભા દિગગજના કુંભસ્થળ સમાન શોભાયમાન થઈ રહ્યા હતા. કારણ કે જેવી રીતે દિગ્ગજ સદ્ગતિ અર્થાત્ સમીચીન ચાલનો ધારક હોય છે, તેવી જ રીતે તે સુવિધિ પણ સદ્ગતિ અર્થાત્ સમીચીન આચરણનો ધારક અથવા સત્પુરુષોનો આશ્રય હતો. દિગ્ગજ જેવી રીતે સુવંશ અર્થાત્ પીઠની રીઢ સમાન હોય છે, તેવી જ રીતે તે સુવિધિ પણ સુવંશ અર્થાત્ ઉચ્ચકુળવાળો હતો અને દિગ્ગજ જેવી રીતે મહા ઉન્નત અર્થાત્ અત્યંત ઊંચા હોય છે, તેવી જ રીતે તે સુવિધિ પણ મહા ઉન્નત અર્થાત્ અત્યંત ઉત્કૃષ્ટ હતા. તે રાજાની અત્યંત લાંબી બંને ભૂજાઓ એવી સુશોભિત થઈ રહી હતી કે જાણે ઉપદ્રવોથી લોકની રક્ષા કરવા માટે વજ્રના બનેલા બે અર્ગલદંડ જ હોય! તેની બંને સુંદર હથેળીઓ નખરૂપી તારાઓથી શોભાયમાન હતી અને સૂર્ય તથા ચંદ્રના ચિહ્નો સહિત હતી, તેથી તારા અને સૂર્ય-ચંદ્ર સહિત આકાશ સમાન શોભાયમાન થઈ રહી હતી. તેનો મધ્યભાગ લોકના મધ્યભાગની શોભાને ધારણ કરતો અત્યંત શોભાયમાન હતો. કારણ કે લોકનો મધ્યભાગ જેવી રીતે કૃશ છે, તેવી જ રીતે તેનો મધ્યભાગ કૃશ હતો અને જેવી રીતે લોકના મધ્યભાગથી ઉપર અને નીચેનો હિસ્સો વિસ્તીર્ણ હોય છે, તેવી જ રીતે તેના મધ્યભાગથી ઉપર અને નીચેનો હિસ્સો વિસ્તીર્ણ હતો.



જેવી રીતે મેરુ પર્વત ઈન્દ્રધનુષ સહિત મેઘથી ઘેરાયેલા નિતંબ ભાગને—મધ્ય ભાગને ધારણ કરે છે, તેવી જ રીતે તે સુવિધિ પણ સુવર્ણમય કરધની ધારણ કરેલા નિતંબ ભાગ—જઘન ભાગને ધારણ કરતો હતો. સુવિધિએ સુવર્ણકમળની કેસર સમાન પીળા બે બાજુઓ ધારણ કર્યા હતા, તે એવા જણાતા હતા કે જાણે જગતરૂપી ઘરના બે તોરણ-સ્તંભ જ હોય! તેની બંને જાંઘ સુશ્લિષ્ટ હતી અર્થાત્ સંગઠિત હોવાના કારણે પરસ્પર અડેલી હતી, મનુષ્યોના ચિત્તને પ્રસન્ન કરવાવાળી હતી અને અલંકાર સહિત હતી, તેથી કોઈ ઉત્તમ કવિની સુશ્લિષ્ટ અર્થાત્ શ્લેષ ગુણ સહિત મનુષ્યોના ચિત્તને પ્રસન્ન કરવાવાળી અને ઉપમા-રૂપક આદિ અલંકારોથી યુક્ત કાવ્યરચનાને

પણ જીતતી હતી. અત્યંત કોમળ સ્પર્શના ધારક અને લક્ષ્મી દ્વારા સેવા કરવા યોગ્ય તેના બંને ચરણ જે સ્વાભાવિક લાલિમા ધારણ કરી રહ્યા હતા, તે એવા જણાતા હતા કે જાણે સેવા કરતાં સમયે લક્ષ્મીના કરપલ્લવથી છૂટીને લાગી ગઈ હોય!

આ રીતે, તે સુવિધિ બાળક હોવા છતાં પણ અનેક સામુદ્રિક ચિહ્નોથી યુક્ત પ્રગટ થયેલા પોતાના મનોહર રૂપ દ્વારા સંસારના સમસ્ત જીવોના મનને જબરદસ્તી હરણ કરતો હતો. તે જિતેન્દ્રિય રાજકુમારે કામનો ઉદ્રેક કરવાવાળા યૌવનના પ્રારંભ સમયમાં જ કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને માત્સર્ય—આ છ અંતરંગ શત્રુનો નિગ્રહ કરી દીધો હતો, તેથી તે તરુણ હોવા છતાં પણ વૃદ્ધ સમાન જણાતો હતો. તેણે યથાયોગ્ય સમયે ગુરુજનોના આગ્રહથી ઉત્તમ સ્ત્રી સાથે લગ્ન કરવાની અનુમતિ આપી હતી અને છત્ર, ચમર આદિ રાજ્યલક્ષ્મીનાં ચિહ્ન પણ ધારણ કર્યા હતા—રાજ્યપદ સ્વીકૃત કર્યું હતું. તરુણ અવસ્થાને ધારણ કરવાવાળો તે સુવિધિ અભયઘોષ ચક્રવર્તીનો ભાણેજ હતો, તેથી તેણે તે ચક્રવર્તીની પુત્રી મનોરમાની સાથે વિવાહ કર્યા હતા. સદાય અનુકૂળ સતી મનોરમાની સાથે તે રાજા ચિરકાળ સુધી ક્રીડા કરતો રહ્યો. બરાબર જ છે, સુશીલ અને અનુકૂળ સ્ત્રી જ પતિને પ્રસન્ન કરી શકે છે.

આ પ્રકારે, પ્રીતિપૂર્વક ક્રીડા કરતાં એ બંનેનો સમય વ્યતીત થઈ રહ્યો હતો. સ્વયંપ્રભ નામનો દેવ (શ્રીમતીનો જીવ) સ્વર્ગથી ચ્યુત થઈને એ બંનેને **'કેશવ'** નામનો પુત્ર થયો. વજ્રજંઘ પર્યાયમાં જે તેની શ્રીમતી નામની પ્યારી સ્ત્રી હતી, તે આ ભવમાં તેનો પુત્ર થઈ. શું કહી શકાય! સંસારની સ્થિતિ જ આવી છે! તે પુત્ર પર સુવિધિ રાજાને ખૂબ જ પ્રેમ હતો. બરાબર જ છે, પુત્ર માત્ર પ્રીતિ માટે જ હોય છે, તેમાં જો પૂર્વભવનો પ્રેમપાત્ર સ્ત્રીનો જીવ જ આવીને પુત્ર થયો હોય તો પછી કહેવું જ શું! તેના ઉપર તો સૌથી અધિક પ્રેમ હોય જ! સિંહ, નોળિયો, વાંદરો અને સુવરનો જીવ કે જે ભોગભૂમિ પછી બીજા સ્વર્ગમાં દેવ થયા હતા તેઓ પણ ત્યાંથી ચ્યવીને આ જ વત્સકાવતી દેશમાં સુવિધિ સમાન પુણ્યકારી હોવાથી તેના સમાન વિભૂતિના ધારક રાજપુત્ર થયા. સિંહનો જીવ ચિત્રાંગદ દેવ સ્વર્ગથી ચ્યવીને વિભિષણ રાજાથી તેની પ્રિયદત્તા નામની પત્નીના ઉદરથી વરદત્ત નામનો પુત્ર થયો. સુવરનો જીવ મણિકુંડલ નામનો દેવ નંદિષેણ રાજા અને અનંતમતિ રાણીને વરસેન નામનો પુત્ર

થયો. વાંદરાનો જીવ મનોહર નામનો દેવ સ્વર્ગથી ચ્યવીને રતિષેણ રાજાની ચંદ્રમતી રાણીને ચિત્રાંગદ નામનો પુત્ર થયો અને નોળિયાનો જીવ મનોરથ નામનો દેવ સ્વર્ગથી ચ્યવીને પ્રભંજન રાજાની ચિત્રમાલિની રાણીને પ્રશાંતમદન નામનો પુત્ર થયો. સમાન આકાર, સમાન રૂપ, સમાન સૌંદર્ય અને સમાન સંપત્તિને ધારણ કરવાવાળા તે બધા રાજપુત્ર પોતપોતાને યોગ્ય રાજ્યલક્ષ્મી પ્રાપ્ત કરીને ચિરકાળ સુધી ભોગોનો અનુભવ કરતાં રહ્યા.

ત્યારબાદ, કોઈ દિવસે તે ચારેય રાજા, ચક્રવર્તી અભયઘોષની સાથે વિમલવાહન જિનેન્દ્રની વંદના કરવા ગયા. ત્યાં બધાએ ભક્તિપૂર્વક વંદના કરી અને પછી બધાએ વિરક્ત થઈને દીક્ષા ધારણ કરી લીધી. તે ચક્રવર્તી અઢાર હજાર રાજા અને પાંચ હજાર પુત્રોની સાથે દીક્ષિત થયા હતા. તે બધા મુનિશ્વર ઉત્કૃષ્ટ સંવેગ અને નિર્વેદરૂપ પરિણામોને પ્રાપ્ત થઈ સ્વર્ગ અને મોક્ષના માર્ગભૂત ઘોર તપ કરવા લાગ્યા. ધર્મ અને ધર્મના ફળમાં ઉત્કૃષ્ટ પ્રીતિ રાખવી 'સંવેગ' કહેવાય છે અને શરીર, ભોગ તથા સંસારથી વિરક્ત થવાને નિર્વેદ કહેવાય છે. રાજા સુવિધિ કેશવપુત્રના સ્નેહથી ગૃહસ્થ અવસ્થાનો પરિત્યાગ કરી શક્યો ન હતો, તેથી શ્રાવકના ઉત્કૃષ્ટ પદમાં સ્થિત રહીને ઘોર તપ કરતો હતો. જિનેન્દ્રદેવે ગૃહસ્થોની નીચે લખ્યા અનુસાર અગિયાર પ્રતિમાઓ કહી છે : (૧) દર્શન પ્રતિમા, (૨) વ્રત પ્રતિમા, (૩) સામાયિક પ્રતિમા, (૪) પ્રોષધ પ્રતિમા, (૫) સચિત્તત્યાગ પ્રતિમા, (૬) દીવામૈથુનત્યાગ પ્રતિમા, (૭) બ્રહ્મચર્ય પ્રતિમા, (૮) આરંભત્યાગ પ્રતિમા, (૯) પરિગ્રહત્યાગ પ્રતિમા, (૧૦) અનુમતિત્યાગ પ્રતિમા અને (૧૧) ઉદ્દિષ્ટત્યાગ પ્રતિમા. આમાંથી સુવિધિ રાજાએ ક્રમ-ક્રમથી અગિયારમી ઉદ્દિષ્ટત્યાગ પ્રતિમા ધારણ કરી હતી. જિનેન્દ્રદેવે ગૃહસ્થ આશ્રમના ઉક્ત અગિયાર સ્થાનોમાં પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત—આ બાર વ્રતોનું નિરૂપણ કર્યું છે.

સ્થૂળ હિંસા, અસત્ય, ચોરી, કુશીલ અને પરિગ્રહથી નિવૃત્ત થવાને ક્રમથી અહિંસાણુવ્રત, સત્યાણુવ્રત, અચૌર્યાણુવ્રત, બ્રહ્મચર્યાણુવ્રત અને પરિગ્રહપરિમાણવ્રત કહે છે. જો આ પાંચ અણુવ્રતોને પ્રત્યેક વ્રતની પાંચ ભાવનાઓથી સુસંસ્કૃત અને સમ્યગ્દર્શનની વિશુદ્ધિથી યુક્ત કરીને ધારણ કરવામાં આવે તો તેનાથી ગૃહસ્થોને મહાન ફળની પ્રાપ્તિ થઈ શકે છે. દિગ્વિરતિ, દેશવિરતિ અને અનર્થદંડવિરતિ—આ ત્રણ ગુણવ્રત છે. કોઈ કોઈ આચાર્યો ભોગોપભોગપરિમાણવ્રતને ગુણવ્રત કહે છે (અને દેશવ્રતને શિક્ષાવ્રતમાં શામિલ કરે છે). સામાયિક,

પ્રોષધોપવાસ, અતિથિસંવિભાગ અને મરણ સમયમાં સંન્યાસ ધારણ કરવું—આ ચાર શિક્ષાવ્રત કહેવાય છે. (અનેક આચાર્યોએ દેશવ્રતને શિક્ષાવ્રતમાં શામિલ કર્યા છે અને સંન્યાસનું બાર વ્રતોથી ભિન્ન વર્ણન કર્યું છે.) ગૃહસ્થોના ઉપર્યુક્ત આ બાર વ્રત સ્વર્ગરૂપી રાજમહેલ ઉપર ચઢવા માટે સીડી સમાન છે અને નરકાદિ દુર્ગતિઓનું આવરણ કરવાવાળા છે.

આ પ્રકારે, સમ્યગ્દર્શનથી પવિત્ર વ્રતોની શુદ્ધતાને પ્રાપ્ત થયેલા રાજર્ષિ સુવિધિ ચિરકાળ સુધી શ્રેષ્ઠ મોક્ષમાર્ગની ઉપાસના કરતાં રહ્યા. ત્યારબાદ, જીવનના અંત સમયમાં પરિગ્રહ રહિત દિગંબર દીક્ષા ધારણ કરી સુવિધિ મહારાજે ઉત્કૃષ્ટ મોક્ષમાર્ગની આરાધના કરી સમાધિમરણપૂર્વક શરીર છોડ્યું કે જેથી અચ્યુત સ્વર્ગમાં ઈન્દ્ર થયા. ત્યાં તેમનું આયુષ્ય બાવીસ સાગર પ્રમાણ હતું અને તેમને અનેક ઋદ્ધિઓ પ્રાપ્ત થઈ હતી. શ્રીમતીના જીવ કેશવે પણ સમસ્ત બાહ્ય અને અભ્યંતર પરિગ્રહોનો ત્યાગ કરી નિર્ગ્રંથ દીક્ષા ધારણ કરી અને આયુષ્યના અંતમાં અચ્યુત સ્વર્ગમાં પ્રતિન્દ્ર પદ પ્રાપ્ત કર્યું. જેમનું વર્ણન ઉપર કરવામાં આવ્યું છે એવા વરદત્ત આદિ રાજપુત્ર પણ પોતપોતાના પુણ્યના ઉદયથી તે જ અચ્યુત સ્વર્ગમાં સામાનિક જાતિના દેવ થયા. પૂર્ણ આયુષ્યને ધારણ કરવાવાળા તે અચ્યુત સ્વર્ગના ઈન્દ્ર અણિમા-મહિમા આદિ આઠ ઋદ્ધિ, ઐશ્વર્ય અને દિવ્ય ભોગોનો અનુભવ કરતાં થકા ચિરકાળ સુધી ક્રીડા કરતાં હતા. તેમનું શરીર દિવ્ય પ્રભાવ સહિત હતું, સ્વભાવથી જ સુંદર હતું, વિષ-શસ્ત્ર આદિની બાધાથી રહિત હતું અને અત્યંત નિર્મળ હતું. તેઓ પોતાના ગળામાં કલ્પવૃક્ષના પુષ્પોની માળા ધારણ કરતાં હતા કે જેથી એવું જણાતું હતું કે જાણે પૂર્વભવમાં કરેલા તપશ્ચરણના વિશાળ ફળને મસ્તક પર ધારણ કરીને બધાને દેખાડી જ રહ્યા હોય! તેનું સુંદર શરીર સાથે-સાથે ઉત્પન્ન થયેલા આભૂષણથી એવું જણાતું હતું કે તેના પ્રત્યેક અંગ પર દયારૂપી લતાના પ્રશંસનીય ફળ જ લાગી રહ્યા હોય! સમચતુરસ્રસંસ્થાનના ધારક ઈન્દ્ર પોતાના અનેક દિવ્ય લક્ષણોથી એવા સુશોભિત થતા હતા કે જેવી રીતે ઉંચા-નીચા બધા જ પ્રદેશોમાં સ્થિત ફૂલોથી વ્યાપ્ત કલ્પવૃક્ષ સુશોભિત થાય છે. કાળા-કાળા કેશ અને શ્વેત વર્ણના મુગુટ સહિત તેનું મસ્તક એવું જણાતું હતું કે જાણે તાપિચ્છ પુષ્પ સહિત અને આકાશગંગાના પૂર સહિત હિમાલયનું જ શિખર હોય! તે ઈન્દ્રનું મુખકમળ ખીલેલા કમળ સમાન શોભાયમાન હતું. કારણ કે જેવી રીતે કમળ પર ભ્રમર હોય છે, તેવી જ રીતે તેના મુખ પર નેત્ર

શોભાયમાન હતા અને કમળ જેવી રીતે જળથી આક્રાંત હોય છે, તેવી જ રીતે તેનું મુખ પણ સ્મિતના સફેદ-સફેદ કિરણોથી આક્રાંત હતું. તે પોતાના મનોહર અને વિશાળ વક્ષઃસ્થળ પર જે નિર્મળ હારને ધારણ કરી રહ્યો હતો તે એવો જણાતો હતો કે જાણે મેરુ પર્વતના તટ પર અવિલંબિત શરદ ઋતુના વાદળાનો જ સમૂહ હોય! શોભાયમાન વસ્ત્રથી ઢંકાયેલું તેનું નિતંબ મંડળ એવું શોભાયમાન થઈ રહ્યું હતુ કે જાણે લહેરોથી ઢંકાયેલો સમુદ્રનો બાલૂદાર ટીલો જ હોય! દેવાંગનાના મનને હરણ કરવાવાળા તેના બંને સુંદર ઉરુ (જાંઘ) સુવર્ણ કદલીસ્તંભનો સંદેહ કરતાં થકા અત્યંત શોભાયમાન થઈ રહ્યા હતા. તે ઈન્દ્રના બંને ચરણ કોઈ તળાવ સમાન જણાતાં હતા. કારણ કે જેવી રીતે તળાવ જળથી સુશોભિત હોય છે, તેવી જ રીતે તેના ચરણ પણ નખના કિરણોરૂપી નિર્મળ જળથી સુશોભિત હતા. જેવી રીતે તળાવ કમળોથી શોભાયમાન હોય છે, તેવી જ રીતે તેના ચરણ પણ કમળના ચિહ્ન સહિત હતા અને તળાવ જેવી રીતે મચ્છ આદિ સહિત હોય છે, તેવી જ રીતે તેના ચરણ પણ મત્સ્ય રેખા આદિથી યુક્ત હતા. આ રીતે, તેના ચરણોમાં કોઈ અપૂર્વ જ શોભા હતી.

આ રીતે, અત્યંત શ્રેષ્ઠ અને સુંદર વૈક્રિયક શરીરને ધારણ કરતો તે અચ્યુતેન્દ્ર પોતાના સ્વર્ગમાં ઉત્પન્ન થયેલા ભોગોનો અનુભવ કરતો હતો. તે અચ્યુત સ્વર્ગ આ મધ્યલોકથી છ રાજૂ ઉપર છે તથાપિ પુણ્યના ઉદયથી તે સુવિધિ રાજાના ભોગોપભોગનું સ્થાન બન્યું કે જે બરાબર જ છે. પુણ્યના ઉદયથી શું પ્રાપ્ત નથી થતું! તે ઈન્દ્રના ઉપભોગમાં આવવાવાળા વિમાનોની સંખ્યા સર્વપ્રણિત આગમમાં જિનેન્દ્ર દેવે ૧૫૯ કહી છે. તે ૧૫૯ વિમાનમાં ૧૨૩ વિમાન પ્રકીર્ણક છે, ૧ ઈન્દ્રક વિમાન છે અને બાકીના ૪૫ મોટા-મોટા શ્રેણીબદ્ધ વિમાન છે, તે ઈન્દ્રને ૩૩ ત્રાયસ્ત્રિંશ જાતિના ઉત્તમ દેવ હતા કે જેને તે પોતાની સ્નેહભરી બુદ્ધિથી પુત્ર સમાન સમજતો હતો. તેને દસ હજાર સામાનિક દેવ હતા, તેઓ બધા ભોગોપભોગની સામગ્રીથી ઈન્દ્ર સમાન જ હતા, પરંતુ ઈન્દ્ર સમાન તેમની આજ્ઞા ચાલતી ન હતી. તેમના અંગરક્ષકો સમાન ૪૦૦૦૦ આત્મરક્ષક દેવો હતા. જો કે સ્વર્ગમાં કોઈપણ પ્રકારનો ભય નથી હોતો, તેમ છતાં ઈન્દ્રની વિભૂતિ દેખાડવા માટે તે હોય છે. અંતઃ પરિષદ, મધ્યમ પરિષદ અને બાહ્ય પરિષદના ભેદથી તે ઈન્દ્રની ત્રણ સભાઓ હતી. તેમાંથી પહેલાં પરિષદમાં ૧૨૫ દેવ હતા, બીજા પરિષદમાં ૨૫૦ દેવ હતા અને ત્રીજા પરિષદમાં ૫૦૦ દેવ હતા. તે અચ્યુત સ્વર્ગના અંતભાગની રક્ષા કરવા માટે ચારેય દિશાઓ

સંબંધી ચાર લોકપાલ હતા અને પ્રત્યેક લોકપાલની ૩૨-૩૨ દેવીઓ હતી. તે અચ્યુતેન્દ્રની આઠ મહાદેવીઓ હતી કે જે પોતાના વર્ણ અને સૌંદર્યરૂપી સંપત્તિ દ્વારા ઈન્દ્રના મનરૂપી લોખંડને ખેંચવા માટે બનેલી પૂતળીઓ સમાન શોભાયમાન થઈ રહી હતી. આ આઠ મહાદેવીઓ સિવાય તેને ૬૩ વલ્લભિકા દેવીઓ હતી તથા ૧-૧ મહાદેવી ૨૫૦-૨૫૦ અન્ય દેવીઓથી ઘેરાયેલી રહેતી હતી. આ પ્રકારે, બધી મળીને તેની ૨૦૭૧ દેવીઓ હતી. આ દેવીઓનું સ્મરણ કરવામાત્રથી જ તેમનું ચિત્ત સંતુષ્ટ થઈ જતું હતું—તેમની કામવ્યથા નષ્ટ થઈ જતી હતી. તે ઈન્દ્ર એ દેવીઓના કોમળ હાથના સ્પર્શથી, મુખકમળ જોવાથી અને માનસિક સંભોગથી અત્યંત સુખને પ્રાપ્ત થતો હતો. આ ઈન્દ્રની પ્રત્યેક દેવીઓ પોતાની વિક્રિયા શક્તિ દ્વારા સુંદર સ્ત્રીઓના ૧૦,૨૪,૦૦૦ સુંદર રૂપ બનાવી શકતી હતી. હાથી, ઘોડા, રથ, પાયદળ, બળદ, ગંધર્વ અને નૃત્યકારિણીના ભેદથી તેની સેનાની સાત કક્ષાઓ હતી, તેમાંથી પહેલી કક્ષામાં ૨૦,૦૦૦ હાથી હતા, પછી આગળની કક્ષામાં બમણી-બમણી સંખ્યા હતી. તેની આ વિશાળ સેના કોઈ વિશાળ સમુદ્રના લહેરો સમાન જણાતી હતી. તે સાતેય પ્રકારની સેના પોતપોતાના મહત્તરને આધીન રહેતી હતી. તે ઈન્દ્રની એક-એક દેવીની ત્રણ-ત્રણ સભાઓ હતી. તેમાંથી પહેલી સભામાં ૨૫ અપ્સરાઓ હતી, બીજી સભામાં ૫૦ અપ્સરાઓ હતી અને ત્રીજી સભામાં ૧૦૦ અપ્સરાઓ હતી.

આ પ્રકારે, ઉપર કહેલા પરિવાર સાથે અચ્યુત સ્વર્ગમાં ઉત્પન્ન થયેલી લક્ષ્મીનો ઉપભોગ કરવાવાળા તે અચ્યુતેન્દ્રની ઉત્કૃષ્ટ વિભૂતિનું વર્ણન કરવું મુશ્કેલ છે. જેટલું વર્ણન કરવામાં આવ્યું છે તેટલું જ પર્યાપ્ત છે. તે અચ્યુતેન્દ્રનું મૈથુન પણ માનસિક હતું અને આહાર પણ માનસિક હતો તથા તે બાવીસ હજાર વર્ષમાં એકવાર આહાર કરતો હતો, અગિયાર મહિનામાં એકવાર શ્વાસોચ્છ્વાસ લેતો હતો અને ત્રણ હાથ ઊંચા સુંદર શરીરને ધારણ કરવાવાળો હતો. તે અચ્યુતેન્દ્ર ધર્મ દ્વારા જ ઉત્તમ-ઉત્તમ વિભૂતિને પ્રાપ્ત થયો હતો. તેથી ઉત્તમ-ઉત્તમ વિભૂતિના અભિલાષી જીવોએ જિનેન્દ્ર દ્વારા કહેલા ધર્મમાં જ બુદ્ધિ લગાવવી જોઈએ. તે અચ્યુત સ્વર્ગમાં જેનો વેશ ખૂબ જ સુંદર છે, જે ઉત્તમ-ઉત્તમ આભૂષણ પહેરેલ છે જે સુગંધિત પુષ્પોની માળાથી સહિત છે, જેઓ અનેક પ્રકારની લીલાઓથી સહિત છે, જે મધુર શબ્દોથી ગાતી થકી રાગ-રાગિનીઓનો પ્રારંભ કરી રહી છે અને જે બધા પ્રકારે સમાન છે—સદૃશ છે અથવા ગર્વથી યુક્ત છે એવી દેવાંગનાઓ તે અચ્યુતેન્દ્રને ખૂબ જ આનંદ પ્રાપ્ત કરાવી

રહી હતી. જેના મુખ કમળ સમાન સુંદર છે એવી દેવાંગનાઓ પોતાના મનોહર ચરણોના ગમન, ભ્રમરનો વિકાર, સુંદર બંને નેત્રોના કટાક્ષ, અંગોપાંગની લચક, સુંદર હાસ્ય, સ્પષ્ટ અને કોમળ હાવ તથા રોમાંચ આદિ અનુભાવોથી સહિત રતિ આદિ અનેક ભાવો દ્વારા તે અચ્યુતેન્દ્રનું મન ગ્રહણ કરતી રહેતી હતી. જે પોતાની વિશાળ કાંતિથી શોભાયમાન છે, જેની કોઈ બરાબરી કરી શકતી નથી તથા જે પોતાના સ્થૂળ ખભાઓથી શોભાયમાન છે એવા તે સમૃદ્ધશાળી અચ્યુતેન્દ્ર સ્ત્રીઓના મુખરૂપી ચંદ્રમાંથી અત્યંત દૈદીપ્યમાન પોતાના વિસ્તૃત વિમાનમાં ક્યારેક દેવાંગનાઓના ચંદ્રકળા સમાન નિર્મળ કપોળરૂપી દર્પણમાં પોતાનું મુખ જોતા હતા, ક્યારેક તેના મુખની શ્વાસને સૂંઘીને તેમના મુખરૂપી કમળ પર ભ્રમર જેવી શોભાને પ્રાપ્ત થતા હતા, ક્યારેક ભ્રમરરૂપી ધનુષથી છોડાયેલા તેમના નેત્રોના કટાક્ષથી ઘાયલ થયેલા પોતાના હૃદયને તેમના જ કોમળ હાથના સ્પર્શથી ધૈર્ય બંધાવતા હતા, ક્યારેક દિવ્ય ભોગોનો અનુભવ કરતાં હતા, ક્યારેક અનેક દેવોથી પરિવૃત થઈને હાથીના આકારે વિક્રિયા કરેલા દેવો ઉપર ગમન કરતાં હતા અને ક્યારેક વારંવાર જિનેન્દ્રદેવની પૂજાનો વિસ્તાર કરતાં થકા પોતાની દેવાંગનાઓ સાથે ચિરકાળ સુધી ક્રીડા કરતાં રહેતા હતા.

આ રીતે, આર્ષ નામથી પ્રસિદ્ધ ભગવજ્જિનસેનાચાર્ય-વિરચિત ત્રિષષ્ઠિલક્ષણ મહાપુરાણ સંગ્રહમાં શ્રીધર દેવ, સુવિધિ રાજા અને શ્રીમાન અચ્યુતેન્દ્રના વૈભવનું વર્ણન કરવાવાળો દસમો અધ્યાય સમાપ્ત થયો.

* ધર્મની ઈચ્છા રાખવાવાળો મનુષ્ય જ ધનવાન અને સુખી હોય છે, કેમકે ધન, ઋદ્ધિ, સુખ, સંપત્તિ વિગેરે બધાનું મૂળ કારણ એક ધર્મ જ છે. (અ. ૨, શ્લોક ૩૩)
* ઈચ્છિત વસ્તુઓને આપવાવાળો ધર્મ જ કામધેનુ છે, ધર્મ જ મહાન ચિન્તામણિ છે, ધર્મ જ સ્થિર રહેનાર કલ્પવૃક્ષ છે અને ધર્મ જ અવિનાશી નિધિ છે. (અ. ૨, શ્લોક ૩૪)
* એવો કોણ બુદ્ધિમાન પુરુષ હશે કે જે આપ્ત પુરુષોનાં હિતકારી વચનોનો અનાદર કરશે? અર્થાત્ કોઈ નહીં. (અ. ૨, શ્લોક ૧૬૧)

# અધ્યાય અગિયારમો

સ્તોત્રો દ્વારા કરવામાં આવેલી પૂજા જ જેની પ્રાપ્તિનો ઉપાય છે એવા સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર આદિ અનેક ગુણરૂપી જેના કિરણો પ્રકાશમાન થઈ રહ્યા છે અને જે ભવ્યજીવરૂપી કમળોના વનને વિકસિત કરવાવાળા છે એવા તે જિનેન્દ્રરૂપી સૂર્ય બધા શ્રોતાઓને પવિત્ર કરે!

ત્યારબાદ, જ્યારે તે અચ્યુતેન્દ્ર સ્વર્ગ છોડીને પૃથ્વી પર આવવા સન્મુખ થયા ત્યારે તેના શરીર પર પડેલી કલ્પવૃક્ષના પુષ્પોની માળા અચાનક મુરઝાઈ ગઈ, તે માળા આનાથી પહેલાં ક્યારેય પણ મુરઝાઈ ન હતી. સ્વર્ગથી ચ્યુત થવાના ચિહ્ન જેવી રીતે અન્ય સાધારણ દેવોને સ્પષ્ટ પ્રગટ થાય છે, તેવી જ રીતે ઈન્દ્રોને નથી હોતા, પરંતુ કોઈક-કોઈક જ પ્રગટ થાય છે. માળા મુરઝાવાથી જો કે ઈન્દ્રને ખબર પડી ગઈ છે કે હવે હું સ્વર્ગથી ચ્યુત થવાનો છું, તેમ છતાં તે જરા પણ દુઃખી ન થયો. બરાબર જ છે, વાસ્તવમાં મહાપુરુષોનું આવું જ ધૈર્ય હોય છે! જ્યારે તેનું આયુષ્ય માત્ર છ મહિના બાકી રહી ગયું ત્યારે તે પવિત્રબુદ્ધિના ધારક અચ્યુતેન્દ્રએ અર્હંતદેવની પૂજા કરવી શરૂ કરી દીધી. બરાબર જ છે, **પ્રાયઃ પંડિતગણ આત્મકલ્યાણના અભિલાષી હોય જ છે.** આયુષ્યના અંત સમયમાં તેણે પોતાનું ચિત્ત પંચપરમેષ્ઠીના ચરણોમાં લગાવ્યું અને ઉપભોગ કરવાથી બચેલા પુણ્યકર્મથી અધિષ્ઠિત થઈને ત્યાંનું આયુષ્ય સમાપ્ત કર્યું. **જો કે સ્વર્ગના દેવ સદાય સુખને આધીન રહે છે, મહાધૈર્યવાન અને મોટી-મોટી ઋદ્ધિઓના ધારક હોય છે, તેમ છતાં તે સ્વર્ગથી ચ્યુત થઈ જાય છે. તેથી સંસારની આવી સ્થિતિને ધિક્કાર છે.**

ત્યારબાદ, તે અચ્યુતેન્દ્ર સ્વર્ગથી ચ્યુત થઈને મહાકાંતિમાન્ જંબૂદ્વીપના પૂર્વ વિદેહક્ષેત્રમાં સ્થિત પુષ્કલાવતી દેશની પુંડરીકિણી નગરીમાં **'વજ્રસેન'** રાજા અને **'શ્રીકાંતા'** નામની રાણીને **'વજ્રનાભિ'** નામનો સમર્થ પુત્ર થયો. પહેલાં કહેલા સિંહ આદિ જીવ વરદત્ત આદિ પણ ક્રમથી તે જ રાજા-રાણીને વિજય, વૈજયંત, જયંત અને

અપરાજિત નામના પુત્ર થયા. જેમનું વર્ણન પહેલાં કરી ચૂક્યા છે એવા મતિવર મંત્રી આદિના જીવ કે જે અધો ગ્રૈવેયકમાં અહમિન્દ્ર થયા હતા, ત્યાંથી ચ્યુત થઈને તે જ રાજા-રાણીને સંપત્તિશાળી પુત્ર થયા. જે પહેલાં વજ્રજંઘના સમયમાં મતિવર નામનો બુદ્ધિમાન મંત્રી હતો તે અધૌ ગ્રૈવેયકથી ચ્યુત થઈને તેમને સુબાહુ નામનો પુત્ર થયો. આનંદ પુરોહિતનો જીવ મહાબાહુ નામનો પુત્ર થયો, સેનાપતિ અકંપનનો જીવ પીઠ નામનો પુત્ર થયો અને ધનમિત્ર શેઠનો જીવ મહાપીઠ નામનો પુત્ર થયો તે બરાબર જ છે. જીવ પૂર્વભવના સંસ્કારોથી એક જગ્યાએ ભેગા થાય છે. શ્રીમતીનો જીવ કેશવ કે જે અચ્યુત સ્વર્ગમાં પ્રતિન્દ્ર થયો હતો તે પણ ત્યાંથી ચ્યુત થઈને કુબેરદત્ત વણિકને તેની સ્ત્રી અનંતમતીથી ધનદેવ નામનો પુત્ર થયો.

ત્યારબાદ, જ્યારે વજ્રનાભિ પૂર્ણ યૌવન અવસ્થાને પ્રાપ્ત થયા ત્યારે તેનું શરીર તપાવેલા સુવર્ણ સમાન અતિશય દૈદીપ્યમાન થઈ ઊઠ્યું અને તેથી પ્રાતઃકાળના સૂર્ય સમાન ખૂબ જ સુશોભિત થવા લાગ્યું. તેનું તે મનોહર રૂપ, તે વિદ્યા અને તે યૌવન બધુ જ લોકોને વશીભૂત કરી લેતા હતા. બરાબર જ છે, ગુણોથી કોણ વશીભૂત નથી થતું! અહીં જે વજ્રનાભિના ગુણોનું વર્ણન કર્યું છે તેનાથી અન્ય રાજકુમારોનું વર્ણન પણ સમજી લેવું જોઈએ કારણ કે જેવી રીતે તારાગણ કેટલાક અંશમાં ચંદ્રના ગુણોને ધારણ કરે છે, તેવી જ રીતે તે શેષ રાજકુમાર પણ કેટલાક અંશમાં વજ્રનાભિના ગુણ ધારણ કરતાં હતા. ત્યારબાદ, તેની યોગ્યતા જાણીને વજ્રસેન મહારાજે પોતાની સંપૂર્ણ રાજ્યલક્ષ્મી તેને સોંપી દીધી હતી. રાજાએ પોતાની સામે જ ખૂબ જ ઠાઠ-બાટથી તેનો રાજ્યાભિષેક કરાવ્યો અને મુકુટબદ્ધ રાજાઓ દ્વારા તેનું પટ્ટબંધ કરાવ્યું. પટ્ટબંધના સમયે તે રાજસિંહાસન પર બેઠો હતો અને અનેક સુંદર સ્ત્રીઓ ગંગાનદીના તરંગ સમાન નિર્મળ ચામર ઢોરી રહી હતી. ચામર ઢોરતી તે સ્ત્રીઓને જોઈને મારું મન તે જ ઉત્પ્રેક્ષા કરતું હતું કે જાણે રાજ્યલક્ષ્મીના સંસર્ગથી વજ્રનાભિ પર પડવાવાળી લોકાપવાદરૂપ ધૂળને જ દૂર કરવા માટે તત્પર થઈ હોય! તે સમયે રાજ્યલક્ષ્મી પણ તેના વક્ષઃસ્થળ પર ગાઢ પ્રેમ કરતી એવી જણાતી હતી કે જાણે પટ્ટબંધના છળથી તે તેના પર બાંધી જ દેવામાં આવી હોય. રાજાઓમાં શ્રેષ્ઠ વજ્રસેન મહારાજે અનેક રાજાઓની સાથે પોતાનો મુકુટ વજ્રનાભિના મસ્તક પર રાખ્યો હતો, તે સમયે તેઓ એવા જણાતા હતા કે જાણે બધાની સાક્ષીપૂર્વક પોતાનો ભાર જ ઉતારીને તેને સમર્પણ કરી રહ્યા હોય! તે સમયે તેનું વક્ષઃસ્થળ હારથી અલંકૃત

થઈ રહ્યું હતું, ભૂજાઓ બાજુબંધ આદિ આભૂષણોથી સુશોભિત થઈ રહી હતી અને કમર કરધની તથા રેશમી વસ્ત્રના પટ્ટાથી શોભાયમાન થઈ રહી હતી. અત્યંત કુશળ વજ્રસેન મહારાજે, જેનો રાજ્યાભિષેક થઈ ચૂકયો છે એવા વજ્રનાભિ માટે 'તું મહાન ચક્રવર્તી થાય' આ પ્રકારે અનેક રાજાઓની સાથે-સાથે આશીર્વાદ દઈને પોતાનો સમસ્ત રાજ્યભાર સોંપી દીધો.

ત્યારબાદ, લૌકાંતિકદેવોએ આવીને મહારાજ વજ્રસેનને સમજાવ્યા કે જેથી પ્રબુદ્ધ થઈને તેમણે દીક્ષા ધારણ કરવામાં પોતાની બુદ્ધિ લગાવી. જે સમયે ઈન્દ્ર આદિ ઉત્તમોત્તમ દેવો ભગવાન વજ્રસેનની યથાયોગ્ય પૂજા કરી રહ્યા હતા, તે સમયે તેમણે દીક્ષા લઈને મુક્તિરૂપી લક્ષ્મીને પ્રસન્ન કરી હતી. ભગવાન વજ્રસેનની સાથે આમ્રવન નામના ઉપવનમાં એક હજાર અન્ય રાજાઓએ પણ દીક્ષા લીધી હતી. આ તરફ રાજા વજ્રનાભિ રાજ્યને નિષ્કંટક કરી તેનું પાલન કરતાં હતા અને આ તરફ યોગીરાજ ભગવાન વજ્રસેન પણ નિર્દોષ તપસ્યા કરતાં હતા. આ તરફ વજ્રનાભિ રાજ્યલક્ષ્મીના સમાગમથી અતિશય સંતુષ્ટ થયા હતા અને આ તરફ તેમના પિતા ભગવાન વજ્રસેન પણ તપોલક્ષ્મીના સમાગમથી અત્યંત પ્રસન્ન થયા હતા. આ તરફ વજ્રનાભિને પોતાના સમ્મિલિત ભાઈઓથી ખૂબ જ સંતોષ પ્રાપ્ત થતો હતો અને આ તરફ ભગવાન વજ્રસેન મુનિ કલ્યાણ કરવાવાળા ગુણોથી સંતોષ પ્રાપ્ત કરતાં હતા. આ તરફ વજ્રનાભિ મંત્રીઓ દ્વારા રાજાઓના સમૂહને પોતાને અનુકૂળ કરતો હતો અને આ તરફ મુનિન્દ્ર વજ્રસેન પણ તપ અને ધ્યાન દ્વારા ગુણોના સમૂહનું પાલન કરતા હતા. આ તરફ પુત્ર વજ્રનાભિ પોતાના રાજ્યાશ્રમમાં સ્થિત હતો અને આ તરફ પિતા વજ્રસેન અંતિમ મુનિ આશ્રમમાં સ્થિત હતા.

આ રીતે, તે બંનેએ પરોપકાર કરવા માટે કમર કસી હતી અને બંને પ્રજાની રક્ષા કરતાં હતા. ભાવાર્થ—વજ્રનાભિ દુષ્ટ પુરુષોનો નિગ્રહ અને શિષ્ટ પુરુષોનો અનુગ્રહ કરી પ્રજાનું પાલન કરતો હતો અને ભગવાન વજ્રસેન હિતનો ઉપદેશ આપીને પ્રજાની રક્ષા કરતાં હતા. વજ્રનાભિના આયુધગ્રહમાં દૈદીપ્યમાન ચક્રરત્ન પ્રગટ થયું હતું અને મુનિરાજ વજ્રસેનને મનરૂપી ગ્રહમાં પ્રકાશમાન તેજનું ધારક ધ્યાનરૂપી ચક્ર પ્રગટ થયું હતું. રાજા વજ્રનાભિએ તે ચક્રરત્નથી સમસ્ત પૃથ્વીને જીતી લીધી હતી અને મુનિરાજ વજ્રસેને કર્મો ઉપર વિજય મેળવીને અનુપમ પ્રભાવ પ્રાપ્ત કરી ત્રણેય લોકને જીતી લીધો હતો. આ પ્રકારે, વિજય પ્રાપ્ત કરવાથી ઉત્કૃષ્ટ તે બંને—પિતા-પુત્ર પરસ્પરમાં

સ્પર્ધા કરતાં હોય તેમ જણાતું હતું; પરંતુ વજનાભિની વિજય અત્યંત અલ્પ હતી—છ ખંડ સુધી સીમિત હતી અને વજસેનની વિજય સંપૂર્ણ સંસાર અતિક્રાંત કરવાવાળી હતી—સર્વશ્રેષ્ઠ હતી.

ધનદેવ (શ્રીમતી – કેશવનો જીવ) પણ તે ચક્રવર્તીઓની નિધિ અને રત્નોમાં સામેલ થવાવાળો તથા રાજ્યનો અંગભૂત **'ગૃહપતિ'** નામનો તેજસ્વી રત્ન થયો. આ પ્રકારે, તે બુદ્ધિમાન અને વિશાળ અભ્યુદયના ધારક વજનાભિ ચક્રવર્તીએ ચિરકાળ સુધી પૃથ્વીનો ઉપભોગ કરી કોઈ એક દિવસ પોતાના પિતા વજસેન તીર્થંકર પાસે અત્યંત દુર્લભ રત્નત્રયનું સ્વરૂપ જાણ્યું. **'જે ચતુર પુરુષ રસાયણ સમાન સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આ ત્રણેયનું સેવન કરે છે, તે અચિંત્ય અને અવિનાશી મોક્ષરૂપી પદને પ્રાપ્ત થાય છે.'**—હૃદયથી આવો વિચાર કરીને તે ચક્રવર્તીએ પોતાના સંપૂર્ણ સામ્રાજ્યને જીર્ણ તૃણ સમાન જાણ્યું અને તપ ધારણ કરવામાં બુદ્ધિ લગાવી. તેણે વજદંત નામના પોતાના પુત્રને રાજ્ય સમર્પણ કરી સોળ હજાર મુકુટબદ્ધ રાજાઓ, એક હજાર પુત્રો, આઠ ભાઈઓ અને ધનદેવની સાથે-સાથે મોક્ષપ્રાપ્તિના ઉદ્દેશ્યથી પિતા વજસેન તીર્થંકર સમીપ ભવ્યજીવો દ્વારા આદર કરવાયોગ્ય જિનદીક્ષા ધારણ કરી. જન્મ-મરણના દુઃખોથી દુઃખી થયેલા અન્ય અનેક રાજાઓ તપ કરવા માટે તેમની સાથે વનમાં ગયા હતા. તે બરાબર જ છે, **શીતથી પીડાયેલો કોણ બુદ્ધિમાન તડકાનું સેવન નહીં કરે ?**

મહારાજ વજનાભિએ દીક્ષિત થઈને જીવનપર્યંત માટે મન-વચન-કાયથી હિંસા, જૂઠ, ચોરી, કુશીલ અને પરિગ્રહથી વિરતિ ધારણ કરી હતી અર્થાત્ અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ—એ પાંચ મહાવ્રત ધારણ કર્યા હતા. વ્રતોમાં સ્થિર થઈને તેમણે પાંચ મહાવ્રતોની પચ્ચીસ ભાવનાઓ, પાંચ સમિતિઓ અને ત્રણ ગુપ્તિઓ પણ ધારણ કરી હતી. ઈર્યા, ભાષા, એષણા, આદાન-નિક્ષેપણ અને પ્રતિષ્ઠાપન—આ પાંચ સમિતિઓ તથા મન, વચન અને કાય—આ ત્રણ ગુપ્તિઓ, એમ કુલ આઠ પ્રવચનમાતૃકાઓ કહેવાય છે. પ્રત્યેક મુનિને તેનું પાલન અવશ્ય કરવું જ જોઈએ એમ ઈન્દ્રસભા—સમવસરણની રક્ષા કરવાવાળા ગણધર આદિ દેવોએ કહ્યું છે. ત્યારબાદ, ઉત્કૃષ્ટ તપસ્વી, ધીરવીર તથા પાપરહિત મુનિઓનું ચિંતવન કરવાવાળા અને સમ્યગ્દર્શન યુક્ત તે ચક્રવર્તી એકચર્યાવ્રતને પ્રાપ્ત થયા અર્થાત્ એકાકી વિહાર કરવા લાગ્યા. આ રીતે, તે ચક્રવર્તી એકચર્યાવ્રત પ્રાપ્ત

કરી કોઈ પહાડી, હાથી સમાન તળાવ અને વનની શોભા જોતાં-જોતાં ચિરકાળ સુધી મંદગતિથી ઈર્યાસમિતિપૂર્વક પૃથ્વી પર વિહાર કરતાં રહ્યા.

ત્યારબાદ, આત્માના સ્વરૂપનું ચિંતવન કરવાવાળા ધીરવીર વજ્રનાભિ મુનિરાજે પોતાના પિતા વજ્રસેન તીર્થંકરની સમીપ તે સોળ ભાવનાઓનું ચિંતવન કર્યું કે જે તીર્થંકરપદ પ્રાપ્ત થવામાં કારણ છે. તેમણે શંકાદિ દોષ રહિત શુદ્ધ સમ્યગ્દર્શન ધારણ કર્યું, વિનય ધારણ કર્યું, શીલ અને વ્રતના અતિચાર દૂર કર્યા, નિરંતર જ્ઞાનમય ઉપયોગ કર્યો, સંસારથી ભય પ્રાપ્ત કર્યો, પોતાની શક્તિને ન છુપાવીને સામર્થ્ય અનુસાર તપશ્ચરણ કર્યું, જ્ઞાન અને સંયમના સાધનભૂત ત્યાગમાં ચિત્ત લગાવ્યું. સાધુઓના વ્રત, શીલ આદિમાં વિઘ્ન આવતા તેને દૂર કરવામાં તેઓ વારંવાર સાવધાન રહેતા હતા. કારણ કે **હિતૈષી પુરુષોની સંપૂર્ણ ચેષ્ટાઓ સમાધિ અર્થાત્ બીજાઓનું વિઘ્ન દૂર કરવા માટે જ હોય છે.** કોઈ વ્રતી પુરુષને રોગ આદિ થતાં તે તેને પોતાનાથી અભિન્ન માનતા થકા તેમની વૈયાવૃત્ત કરતાં હતા. કારણ કે વૈયાવૃત્ત જ તપનું હૃદય છે—સારભૂત તત્ત્વ છે. તેઓ પૂજ્ય અરિહંત ભગવાનમાં પોતાની નિશ્ચળ ભક્તિને વિસ્તૃત કરતાં હતા, વિનયી થઈને આચાર્યોની ભક્તિ કરતાં હતા તથા અધિક જ્ઞાનવાન મુનિઓની સેવા કરતાં હતા. તેઓ સાચા દેવના કહેલા શાસ્ત્રોમાં પણ પોતાની ઉત્કૃષ્ટ ભક્તિ રાખતા હતા, કારણ કે **જે પુરુષ પ્રવચનભક્તિ—શાસ્ત્રભક્તિ રહિત હોય છે, તે વધેલા રાગાદિ શત્રુઓને જીતી શકતો નથી.** તેઓ અપરાધીન હોવા છતાં પણ વશ—પરાધીન—જિતેન્દ્રિય હતા અને દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષા રાખવાવાળા સમતા, વંદના, સ્તુતિ, પ્રતિક્રમણ, સ્વાધ્યાય અને કાયોત્સર્ગ—આ છ આવશ્યકોનું પૂર્ણરૂપથી પાલન કરતાં હતા. તપ, જ્ઞાન આદિ કિરણોને ધારણ કરવાવાળા અને ભવ્યજીવરૂપી કમળોને વિકસિત કરવાવાળા તે મુનિરાજરૂપી સૂર્ય સદાય જૈનમાર્ગને પ્રકાશિત—પ્રભાવિત કરતાં હતા. જૈન શાસ્ત્રો અનુસાર ચાલવાવાળા શિષ્યોને ધર્મમાં સ્થિર રાખતા થકા અને ધર્મમાં પ્રેમ રાખતા થકા તે વજ્રનાભિ બધા જ ધર્માત્મા જીવો ઉપર ખૂબ જ પ્રેમ રાખતા હતા.

આ પ્રકારે, મહા ધીરવીર મુનિરાજ વજ્રનાભિએ તીર્થંકરત્વની પ્રાપ્તિના કારણભૂત સોળ ભાવનાઓનું ચિરકાળ સુધી ચિંતવન કર્યું હતું. ત્યારબાદ, એ ભાવનાઓનું ઉત્તમ રીતિથી ચિંતવન કરતાં થકા તે શ્રેષ્ઠ મુનિરાજે ત્રણ લોકમાં ક્ષોભ ઉત્પન્ન કરવાવાળી તીર્થંકર નામક મહા પુણ્ય પ્રકૃતિનો બંધ કર્યો. તેમણે નિર્મળ કોષ્ઠબુદ્ધિ,

બીજબુદ્ધિ, પદાનુસારિણી બુદ્ધિ અને સંભિન્નશ્રોતૃબુદ્ધિ—આ ચાર ઋદ્ધિઓને પણ પ્રાપ્ત કરી હતી. જે પ્રકારે કોઈ રાજર્ષિ રાજવિદ્યાઓ દ્વારા પોતાના શત્રુઓના સમસ્ત ગમનાગમનને જાણી લે છે, તેવી જ રીતે પ્રકાશમાન ઋદ્ધિઓના ધારક વજ્રનાભિ મુનિરાજે પણ ઉપર કહેલી ચાર પ્રકારની બુદ્ધિ નામક ઋદ્ધિઓ દ્વારા પોતાના પરભવ સંબંધી ગમનાગમનને જાણી લીધા હતા. તેઓ દીપ્તઋદ્ધિના પ્રભાવથી ઉત્કૃષ્ટ ઋદ્ધિને પ્રાપ્ત થયા હતા, તપ્તઋદ્ધિના પ્રભાવથી ઉત્કૃષ્ટ તપ કરતાં હતા, ઉગ્રઋદ્ધિના પ્રભાવથી ઉગ્ર તપશ્ચરણ કરતાં હતા અને ભયાનક કર્મરૂપ શત્રુઓના મર્મનું ભેદન કરતાં થકા ઘોરઋદ્ધિના પ્રભાવથી ઘોર તપ કરતાં હતા. મંત્ર-પરામર્શને જાણવાવાળા તે વજ્રનાભિ જેવી રીતે પહેલાં રાજ્યાવસ્થામાં વિદેહના અભિલાષી થઈને પરલોક-શત્રુસમૂહને જીતવા માટે તત્પર થતાં થકા મંત્રીઓની સાથે બેસીને દ્વંદ્વ-યુદ્ધનો વિચાર કર્યા કરતાં હતા, તેવી જ રીતે હવે મુનિ અવસ્થામાં પણ પંચ નમસ્કાર આદિ મંત્રોના જાણવાવાળા તે વજ્રનાભિ કર્મરૂપ શત્રુઓને જીતવાના અભિલાષી થઈને પરલોક-નરક આદિ પર્યાયોને જીતવા માટે તત્પર થતાં થકા તપરૂપી મંત્રીઓ—મંત્રશાસ્ત્રના જાણકાર યોગીઓ સાથે દ્વંદ્વ—આત્મા અને કર્મ અથવા રાગ અને દ્વેષ આદિનો વિચાર કર્યા કરતાં હતા. ઉદાર આશયને ધારણ કરવાવાળા વજ્રનાભિ કેવળ ગૌરવશાળી સિદ્ધપદની જ ઈચ્છા રાખતા હતા. તેમને ઋદ્ધિઓની જરાપણ ઈચ્છા ન હતી, તેમ છતાં પણ અણિમા, મહિમા આદિ અનેક ગુણો સહિત વિક્રિયાઋદ્ધિ તેમને પ્રાપ્ત થઈ હતી. જગતનું હિત કરવાવાળી જલ્લ આદિ ઔષધિઋદ્ધિઓ પણ તેમને પ્રાપ્ત થઈ હતી. તે ઠીક જ છે, કલ્પવૃક્ષ પર લાગેલા ફળ કોનો ઉપકાર નથી કરતાં! જો કે તે મુનિરાજને ઘી, દૂધ આદિ રસોના ત્યાગની પ્રતિજ્ઞા હતી, છતાં પણ ઘી, દૂધ આદિ વહાવવાવાળી રસઋદ્ધિઓ પ્રગટ થઈ હતી. તે બરાબર જ છે, **ઇષ્ટ પદાર્થોનો ત્યાગ કરવાથી તેનાથી પણ અધિક મહાફળોની પ્રાપ્તિ થાય છે.** બળઋદ્ધિના પ્રભાવથી બળ પ્રાપ્ત થવાના કારણે તે ઘોર પરિષહોને પણ સહી લેતા હતા. તે બરાબર જ છે, કારણ કે તે વિના શીત-ઉષ્ણ આદિની વ્યથા કોણ સહન કરી શકે? અર્થાત્ કોઈ નહીં. તેમને અક્ષીણઋદ્ધિ પ્રાપ્ત થઈ હતી, તેથી તેઓ જે દિવસે જે ઘરમાં ભોજન ગ્રહણ કરતાં હતા, તે દિવસે તે ઘરમાં અન્ન અક્ષય થઈ જતું હતું અર્થાત્ ચક્રવર્તીના કટકને ભોજન કરાવવા છતાં પણ તે ભોજન ક્ષીણ થતું ન હતું. તે બરાબર જ છે, **વાસ્તવમાં કરવામાં આવેલું મહાન તપ અવિનાશી ફળ આપે જ છે!**

વિશાળ ભાવનાઓને ધારણ કરવાવાળા વજ્રનાભિ મુનિરાજ જ્યારે પોતાના વિશુદ્ધ પરિણામોથી ઉત્તરોત્તર વિશુદ્ધ થઈ રહ્યા હતા ત્યારે તેઓ ઉપશમ શ્રેણી પર આરૂઢ થયા. તેઓ અધઃકરણ પછી આઠમા અપૂર્વકરણનો આશ્રય લઈને નવમાં અનિવૃત્તિ ગુણસ્થાનને પ્રાપ્ત થયા અને પછી જ્યાં રાગ અત્યંત સૂક્ષ્મ રહી જાય છે એવા સૂક્ષ્મસાંપરાય નામના દસમા ગુણસ્થાનને પ્રાપ્ત કરી ઉપશાંત મોહ નામક અગિયારમાં ગુણસ્થાને પ્રાપ્ત થયા. ત્યાં તેમનો મોહનીય કર્મ સંપૂર્ણ રીતે ઉપશાંત થઈ ગયો હતો. સંપૂર્ણ મોહનીય કર્મનો ઉપશમ થઈ જવાથી ત્યાં તેમને અતિશય વિશુદ્ધ ઔપશમિક ચારિત્ર પ્રાપ્ત થયું. અંતર્મુહૂર્ત પછી તે મુનિરાજ ફરી સ્વસ્થાન અપ્રમત્ત નામના સાતમાં ગુણસ્થાનમાં સ્થિત થઈ ગયા અર્થાત્ અગિયારમાં ગુણસ્થાનમાં અંતર્મુહૂર્ત રોકાઈને ત્યાંથી ચ્યુત થઈને તે જ ગુણસ્થાનમાં આવી પહોંચ્યા કે જ્યાંથી આગળ વધવાનું શરૂ કર્યું હતું. તેનું ખાસ કારણ એ છે કે **અગિયારમાં ગુણસ્થાનમાં આત્માની સ્વભાવની સ્થિતિ અંતર્મુહૂર્તથી આગળ છે જ નહીં.** મુનિરાજ વજ્રનાભિ ઉત્કૃષ્ટ મંત્રને જાણતા હતા, ઉત્કૃષ્ટ તપને જાણતા હતા, ઉત્કૃષ્ટ પૂજાને જાણતા હતા અને ઉત્કૃષ્ટ પદ સિદ્ધપદને જાણતા હતા.

ત્યારબાદ, આયુષ્યના અંત સમયમાં તે બુદ્ધિમાન વજ્રનાભિએ શ્રીપ્રભ નામના ઉંચા પર્વત ઉપર પ્રાયોપવેશન (પ્રાયોપગમન નામનું સંન્યાસ) ધારણ કરી શરીર અને આહારથી મમત્વ છોડી દીધું. કારણ કે આ સંન્યાસમાં તપસ્વી સાધુ રત્નત્રયરૂપી શય્યા પર ઉપવિષ્ટ થાય છે—બેસે છે, તેથી તેનું નામ પ્રાયોપવેશન સાર્થ છે. આ સંન્યાસમાં મોટા ભાગે રત્નત્રયની પ્રાપ્ત થાય છે, તેથી તેને પ્રાયેણોપગમ પણ કહે છે અથવા આ સંન્યાસને ધારણ કરતાં મોટા ભાગે કર્મરૂપી શત્રુઓનો અપગમ—નાશ થઈ જાય છે, તેથી તેને પ્રાયેણાપગમ પણ કહે છે. આ વિષયના જાણકાર ઉત્તમ મુનિઓએ આ સંન્યાસનું નામ પ્રાયોપગમન પણ કહ્યું છે અને તેનો અર્થ એમ કહ્યો છે કે જેમાં પ્રાયઃ સંસારી જીવોને રહેવાયોગ્ય નગર-ગ્રામ આદિથી દૂર રહીને કોઈ વનમાં જવું તેને પ્રાયોપગમન કહે છે. આ પ્રકારે, પ્રાયોપગમન સંન્યાસ ધારણ કરી વજ્રનાભિ મુનિરાજ પોતાના શરીરનું ન તો પોતે કાંઈ ઉપચાર કરતાં હતા અને ન કોઈ બીજા પાસે ઉપચાર કરાવવાની ઈચ્છા રાખતા હતા. તેઓ તો શરીરથી મમત્વ છોડીને એવી રીતે નિરાકુળ થઈ ગયા હતા કે જેવી રીતે કોઈ શત્રુના મૃતક શરીરને છોડીને નિરાકુળ થઈ જાય છે. જો

કે તે સમયે તેમના શરીરમાં ચામડી અને હાડકા જ શેષ રહી ગયા હતા અને તેમનું ઉદર પણ અત્યંત કૃષ થઈ ગયું હતું, તેમ છતાં તેઓ પોતાના સ્વાભાવિક ધૈર્યનું અવલંબન લઈ ઘણા દિવસો સુધી નિશ્ચળચિત્ત થઈ બેઠા રહ્યા.

મુનિમાર્ગથી ચ્યુત ન થવા અને કર્મોની વિશાળ નિર્જરા થવાની ઈચ્છા કરતાં થકા વજનાભિ મુનિરાજે ક્ષુધા, તૃષા, શીત, ઉષ્ણ, દંશમશક, નાગ્ન્ય, અરતિ, સ્ત્રી, ચર્યા, શૈયા, નિષદ્યા, આક્રોષ, વધ, યાચના, અલાભ, અદર્શન, રોગ, તૃણસ્પર્શ, પ્રજ્ઞા, અજ્ઞાન, મળ અને સત્કાર-પુરસ્કાર—આ બાવીસ પરિષહ સહન કર્યા હતા. બુદ્ધિમાન, મદરહિત અને વિદ્વાનોમાં શ્રેષ્ઠ વજનાભિ મુનિએ ઉત્તમ ક્ષમા, માર્દવ, આર્જવ, શૌચ, સત્ય, સંયમ, તપ, ત્યાગ, આકિંચન્ય અને બ્રહ્મચર્ય—આ દસ ધર્મ ધારણ કર્યા હતા. વાસ્તવમાં ઉપર કહેલા આ દસ ધર્મ ગણધરોને અત્યંત ઈષ્ટ છે. આ સિવાય તેઓ પ્રતિસમય બાર અનુપ્રેક્ષાઓનું ચિંતવન કરતાં રહેતા હતા : સંસારના સુખ, આયુષ્ય, બળ અને સર્વ સંપદાઓ અનિત્ય છે તથા મૃત્યુ, વૃદ્ધાવસ્થા અને જન્મનો ભય ઉપસ્થિત હોવાથી મનુષ્યોને કોઈ શરણ નથી; દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવરૂપ વિચિત્ર પરિવર્તનોને કારણે આ સંસાર અત્યંત દુઃખરૂપ છે. જ્ઞાન-દર્શન સ્વરૂપને પ્રાપ્ત થવાવાળો આત્મા સદાય એકલો રહે છે. શરીર, ધન, ભાઈ અને સ્ત્રી વગેરેથી આ આત્મા સદાય પૃથક્ રહે છે. આ શરીરના નવ દ્વારોથી સદાય મળ વહેતું રહેવાથી તે અપવિત્ર છે. આ જીવને પુણ્ય-પાપરૂપી કર્મોનો આસ્રવ થતો રહે છે. ગુપ્તિ, સમિતિ આદિ કારણોથી તે કર્મોનો સંવર થાય છે, તપથી નિર્જરા થાય છે. આ લોક ચૌદ રાજૂ પ્રમાણ ઉંચો છે. સંસારરૂપી સમુદ્રમાં રત્નત્રયની પ્રાપ્તિ થવી અત્યંત દુર્લભ છે અને દયારૂપી ધર્મથી જ જીવોનું કલ્યાણ થઈ શકે છે.



આ પ્રકારે, તત્ત્વોનું ચિંતવન કરતાં થકા બાર ભાવનાઓ ભાવી. તે સમયે શુભભાવને ધારણ કરવાવાળા તે મુનિરાજ લેશ્યાઓની અતિશય વિશુદ્ધિ ધારણ કરી રહ્યા હતા. તેઓ બીજીવાર ઉપશમ શ્રેણી પર આરૂઢ થયા અને પૃથક્ત્વવીતર્ક નામના શુક્લધ્યાનને પૂર્ણ કરી ઉત્કૃષ્ટ સમાધિને પ્રાપ્ત થયા. અંતમાં ઉપશાંતમોહ નામના અગિયારમાં ગુણસ્થાનમાં પ્રાણ છોડી સર્વાર્થસિદ્ધિ પહોંચ્યા અને ત્યાં અહમિન્દ્ર પદ પ્રાપ્ત કર્યું. આ સર્વાર્થસિદ્ધિ નામક વિમાન લોકના અંતભાગથી બાર યોજન નીચું છે, સૌથી શ્રેષ્ઠ છે અને સૌથી ઉત્કૃષ્ટ છે. તેની લંબાઈ, પહોળાઈ અને ગોળાઈ જંબૂદ્વીપ બરાબર છે, તે સ્વર્ગના ત્રેસઠ પટલના અંતમાં ચૂડામણિ રત્ન સમાન છે. કારણ

કે તે વિમાનમાં ઉત્પન્ન થવાવાળા જીવોના બધા જ મનોરથ અનાયાસ જ સિદ્ધ થઈ જાય છે, તેથી તે ‘સર્વાર્થસિદ્ધિ’ આ સાર્થક નામને ધારણ કરે છે. તે વિમાન ખૂબ જ ઉંચા છે અને લહેરાતી ધ્વજાઓથી શોભાયમાન છે, તેથી એવું જણાય છે કે જાણે સુખ આપવાની ઈચ્છાથી મુનિઓને બોલાવી રહ્યા હોય. જેના પર અનેક ફૂલ પથરાયેલા છે એવી ત્યાંની નીલમણિથી બનેલી ભૂમિને જોઈને દેવતાલોકોને તારાઓથી વ્યાપ્ત આકાશનું સ્મરણ થઈ આવે છે. દેવોના પ્રતિબિંબને ધારણ કરવાવાળી ત્યાંની રત્નમય દિવાલો એવી જણાતી હતી કે જાણે કોઈ નવા સ્વર્ગની રચના જ કરવા ઈચ્છતી હોય! ત્યાં રત્નોના કિરણોએ અંધકારને દૂર ભગાવી દીધો છે. તે બરાબર છે કે **વાસ્તવમાં નિર્મળ પદાર્થ મલિન પદાર્થોની સાથે સંગતિ કરી શકતા નથી.**

તે વિમાનની ચારે તરફ રત્નોના કિરણોથી જે ઈન્દ્રધનુષ બની રહ્યું છે તેનાથી એવું જણાય છે કે જાણે ચારે તરફ ચમકતા કોટ જ બનાવવામાં આવ્યા હોય. ત્યાં લટકતી સુગંધિત અને સુકોમળ ફૂલોની માળાઓ એવી સુશોભિત હોય છે કે જાણે ત્યાંના ઈન્દ્રોના સૌમનસ્યને જ સૂચિત કરી રહી હોય! તે વિમાનમાં નિરંતરરૂપથી લાગેલી મોતીઓની માળાઓ એવી જણાય છે કે જાણે દાંતોના સ્પષ્ટ કિરણોથી શોભાયમાન ત્યાંની લક્ષ્મીનું હાસ્ય જ હોય! આ પ્રકારે, અકૃત્રિમ અને શ્રેષ્ઠ રચનાથી શોભાયમાન રહેવાવાળા તે વિમાનમાં ઉપપાદ શૈયા પર તે દેવ ક્ષણવારમાં પૂર્ણ શરીરને પ્રાપ્ત થઈ ગયા. દોષ, ધાતુ અને મળના સ્પર્શથી રહિત, સુંદર લક્ષણોથી યુક્ત તથા પૂર્ણ યૌવન અવસ્થાને પ્રાપ્ત થયેલું તેનું શરીર ક્ષણવારમાં જ પ્રગટ થઈ આવ્યું હતું. જેની શોભા ક્યારેય પણ મલિન થતી નથી, જે સ્વભાવથી જ સુંદર છે અને જે નેત્રોને આનંદ આપવાવાળું છે તેવું તેનું શરીર એવું સુશોભિત થઈ રહ્યું હતું કે જાણે અમૃત દ્વારા જ બનાવવામાં આવ્યું હોય! આ સંસારમાં જે શુભ, સુગંધિત અને ચીકણા પરમાણુઓ હતા, પુણ્યોદયના કારણે તે જ પરમાણુઓથી તેના શરીરની રચના થઈ હતી. પર્યાપ્તિ પૂર્ણ થયા બાદ ઉપપાદ શૈયા પર પોતાના શરીરની કાંતિરૂપ ચાંદનીથી ઘેરાયેલો તે અહમિન્દ્ર એવો સુશોભિત થતો હતો કે જાણે આકાશમાં ચાંદનીથી ઘેરાયેલો પૂર્ણ ચંદ્રમા સુશોભિત થાય છે.

ઉપપાદ શૈયા પર બેઠેલો તે દિવ્યહંસ—અહમિન્દ્ર ક્ષણવાર સુધી એવો શોભાયમાન થતો રહ્યો કે જેવી રીતે ગંગાનદીના બાલુના(રેતીના) ટીલા પર એકલો બેઠેલો તરુણ હંસ જ શોભાયમાન થઈ રહ્યો હોય! ઉત્પન્ન થયા

બાદ તે અહમિન્દ્ર નિકટવર્તી સિંહાસન પર આરૂઢ થયો હતો, તે સમયે તે એવો શોભાયમાન થતો હતો કે જેવી રીતે અત્યંત શ્રેષ્ઠ નિષધ પર્વતની મધ્યમાં આશ્રિત થયેલો સૂર્ય શોભાયમાન થાય છે. તે અહમિન્દ્ર પોતાના પુણ્યરૂપી જળ દ્વારા કેવળ અભિષિક્ત જ ન થયો હતો, પરંતુ શારીરિક ગુણો સમાન અનેક અલંકારો દ્વારા અલંકૃત પણ થયો હતો. તેણે પોતાના વક્ષઃસ્થળ પર કેવળ ફૂલોની માળા જ ધારણ કરી ન હતી, પરંતુ જીવનપર્યંત નહીં નષ્ટ થવાવાળી સાથે-સાથે જ ઉત્પન્ન થયેલી સ્વર્ગની લક્ષ્મી પણ ધારણ કરી હતી. સ્નાન અને વિલેપન વિના જ જેનું શરીર સદાય દૈદીપ્યમાન રહે છે અને જે સ્વયં સાથે-સાથે ઉત્પન્ન થયેલા વસ્ત્ર તથા આભૂષણોથી શોભાયમાન છે એવો તે અહમિન્દ્ર દેવોના મસ્તક પર—અગ્રભાગમાં એવો સુશોભિત થતો હતો કે જાણે સ્વર્ગલોકનો એક શિખામણિ જ હોય અથવા સૂર્ય જ હોય! કારણ કે શિખામણિ અથવા સૂર્ય પણ સ્નાન અને વિલેપન વિના જ દૈદીપ્યમાન રહે છે અને સ્વભાવથી જ પોતાની પ્રભા દ્વારા આકાશને ભૂષિત કરતાં રહે છે.

જેનું નિર્મળ અને ઉત્કૃષ્ટ શરીર શુદ્ધ સ્ફટિક સમાન અત્યંત શોભાયમાન હતું તથા જેના મસ્તક પર દૈદીપ્યમાન મુકુટ શોભાયમાન થઈ રહ્યું હતું તેવો તે અહમિન્દ્ર, જેની શિખા ઉંચી ઊઠેલી છે એવી પુણ્યની રાશિ સમાન, સુશોભિત થઈ રહ્યો હતો. તે અહમિન્દ્ર મુકુટ, અનંત, બાજુબંધ અને કુંડળ આદિ આભૂષણોથી સુશોભિત હતો, સુંદર માળાઓ ધારણ કરી રહ્યો હતો, ઉત્તમ-ઉત્તમ વસ્ત્રોથી યુક્ત હતો અને સ્વયં શોભાથી સંપન્ન હતો, તેથી અનેક આભૂષણ અને માળા આદિ વસ્ત્રને ધારણ કરવાવાળા કોઈ કલ્પવૃક્ષ સમાન જણાતો હતો. અણિમા, મહિમા આદિ ગુણોથી પ્રસંશનીય વૈક્રિયિક શરીરને ધારણ કરવાવાળો તે અહમિન્દ્ર જિનેન્દ્રદેવની અકૃત્રિમ પ્રતિમાઓની પૂજા કરતો પોતાના જ ક્ષેત્રમાં વિહાર કરતો હતો અને ઈચ્છામાત્રથી પ્રાપ્ત થયેલ મનોહર ગંધ, અક્ષત આદિ દ્વારા વિધિપૂર્વક પુણ્યનું બંધ કરવાવાળી શ્રી જિનેન્દ્રદેવની પૂજા કરતો હતો. તે અહમિન્દ્ર પુણ્યાત્મા જીવોમાં સૌથી પ્રધાન હતો, તેથી તે જ સર્વાર્થસિદ્ધિ વિમાનમાં સ્થિત રહીને સમસ્ત લોકના મધ્યમાં વર્તમાન જિનપ્રતિમાઓની પૂજા કરતો હતો. તે પુણ્યાત્મા અહમિન્દ્રએ પોતાના વચનોની પ્રવૃત્તિ જિનપ્રતિમાઓનું સ્તવન કરવામાં લગાવી હતી, પોતાનું મન તેમના ગુણોનું ચિંતવન કરવામાં લગાવ્યું હતું અને પોતાનું શરીર તેમને નમસ્કાર કરવામાં લગાવ્યું હતું. ધર્મગોષ્ઠીઓમાં બોલાવ્યા વિના જ સંમ્મિલિત થવાવાળા, પોતાના જ સમાન

ઋદ્ધિઓને ધારણ કરવાવાળા અને શુભભાવોથી યુક્ત અન્ય અહમિન્દ્રોની સાથે સંભાષણ કરવામાં તેને ખૂબ જ આદર થતો હતો. અતિશય શોભાનો ધારક તે અહમિન્દ્ર ક્યારેક તો પોતાના મંદહાસ્યના કિરણરૂપી જળ દ્વારા દિશારૂપી દિવાલોનું પ્રક્ષાલન કરતો અન્ય અહમિન્દ્રો સાથે તત્ત્વચર્ચા કરતો હતો અને ક્યારેક પોતાના નિવાસસ્થાનના સમીપવર્તી ઉપવનના સરોવરના કિનારાની ભૂમિમાં રાજહંસ પક્ષી સમાન પોતાની ઈચ્છાનુસાર વિહાર કરતો થકો ચિરકાળ સુધી ક્રિડા કરતો હતો. **અહમિન્દ્રોનું પરક્ષેત્રમાં વિહાર થતું નથી, કારણ કે શુક્લ લેશ્યાના પ્રભાવથી પોતાના જ ભોગો દ્વારા સંતોષને પ્રાપ્ત થવાવાળા અહમિન્દ્રોને પોતાના નિરુપદ્રવ સુખમય સ્થાનમાં જે ઉત્તમ પ્રીતિ હોય છે, તે તેમને અન્યત્ર ક્યાંય પ્રાપ્ત થતી નથી. આ જ કારણ છે કે તેમને પરક્ષેત્રમાં ક્રીડા કરવાની ઇચ્છા થતી નથી.** 'હું જ ઈન્દ્ર છું, મારા સિવાય અન્ય કોઈ ઈન્દ્ર નથી' આ પ્રકારે તેઓ પોતાની નિરંતર પ્રશંસા કરતાં રહે છે અને તેથી તે ઉત્તમ દેવ અહમિન્દ્ર નામથી પ્રસિદ્ધિને પ્રાપ્ત થાય છે. તે અહમિન્દ્રને ન તો પરસ્પરમાં અસૂયા (ઈર્ષ્યા) છે, ન તો પરનિંદા છે, ન આત્મપ્રશંસા છે અને ન તો ઈર્ષ્યા જ છે! તેઓ કેવળ સુખમય થઈને હર્ષયુક્ત થતાં થકા નિરંતર ક્રીડા કરતાં રહે છે.

વજ્રનાભિનો જીવ અહમિન્દ્ર પોતાના આત્માને આધીન ઉત્પન્ન થયેલા ઉત્કૃષ્ટ સુખને ધારણ કરતો હતો, તેત્રીસ સાગર પ્રમાણ તેનું આયુષ્ય હતું અને સ્વયં અતિશય દૈદીપ્યમાન હતો. તે સમચતુરસ્રસંસ્થાનથી અત્યંત સુંદર, એક હાથ ઉંચો અને હંસ સમાન શ્વેત શરીરને ધારણ કરતો હતો. તે સાથે-સાથે ઉત્પન્ન થયેલા દિવ્ય વસ્ત્ર, દિવ્ય માળા અને દિવ્ય આભૂષણોથી વિભૂષિત જે મનોહર શરીરને ધારણ કરતો હતો, તે એવું જણાતું હતું કે જાણે સૌંદર્યનો સમુહ જ હોય! તે અહમિન્દ્રની વેષભૂષા તથા વિલાસ-ચેષ્ટાઓ અત્યંત પ્રશાંત હતી, લલિત-મનોહર હતી, ઉદાત્ત-ઉત્કૃષ્ટ હતી અને ધીર હતી. તે સિવાય તે સ્વયં પોતાના શરીરની ફેલાતી પ્રભારૂપી ક્ષીરસાગરમાં સદાય નિમગ્ન રહેતો હતો. જેણે પોતાના ચમકતા આભૂષણોના પ્રકાશથી દશેય દિશાઓને પ્રકાશિત કરી દીધી હતી એવો તે અહમિન્દ્ર એવો જણાતો હતો કે જાણે એકરૂપતાને પ્રાપ્ત થયેલો અતિશય પ્રકાશમાન તેજનો સમૂહ જ હોય! તે વિશુદ્ધ લેશ્યાનો ધારક હતો અને પોતાના શરીરના શુદ્ધ તથા પ્રકાશમાન કિરણોથી દશેય દિશાઓને લિપ્ત કરતો હતો. તેથી, સદાય સુખી રહેવાવાળો તે અહમિન્દ્ર એવો જણાતો હતો કે જાણે અમૃતરસ દ્વારા જ બનાવવામાં

આવ્યો હોય! આ રીતે, તે અહમિન્દ્ર આવા ઉત્કૃષ્ટ પદને પ્રાપ્ત થયો કે જે ઈન્દ્ર આદિ દેવોને પણ અગોચર છે, પરમાનંદ દેવાવાળું છે અને સૌથી શ્રેષ્ઠ છે.

તે અહમિન્દ્ર તેત્રીસ હજાર વર્ષ વ્યતીત થતાં માનસિક આહાર ગ્રહણ કરતો થકો ધૈર્ય ધારણ કરતો હતો તથા સોળ મહિના અને પંદર દિવસ વ્યતીત થતાં શ્વાસોચ્છ્વાસ ગ્રહણ કરતો હતો. આ પ્રકારે, તે અહમિન્દ્ર ત્યાં સર્વાર્થસિદ્ધિમાં સુખપૂર્વક નિવાસ કરતો હતો. પોતાના અવધિજ્ઞાનરૂપી દીપક દ્વારા ત્રસનાડીમાં રહેવાવાળા જણાવાયોગ્ય મૂર્તિક દ્રવ્યોને તેની પર્યાયો સહિત પ્રકાશિત કરતો થકો તે અહમિન્દ્ર અતિશય શોભાયમાન થતો હતો. **તે અહમિન્દ્રને પોતાના અવધિજ્ઞાનના ક્ષેત્ર બરાબર વિક્રિયા કરવાનું સામર્થ્ય પણ હતું, પરંતુ તે રાગરહિત હોવાના કારણે વિના પ્રયોજન ક્યારેય પણ વિક્રિયા કરતો ન હતો.** તેનું મુખ કમળ સમાન હતું, નેત્ર નિલકમળ સમાન હતા, ગાલ ચંદ્ર સમાન હતા અને હોઠ બિંબફળની કાંતિને ધારણ કરતાં હતા. અત્યાર સુધી જેટલું વર્ણન કર્યું છે તેનાથી પણ અધિક સુંદર અને અતિશય ચમકદાર તેનું શરીર એવું શોભાયમાન થતું હતું કે જાણે એક જગ્યાએ ભેગા કરવામાં આવેલા સૌંદર્યનો સાર જ હોય!

છઠ્ઠા ગુણસ્થાનવર્તી મુનિઓને આહારક ઋદ્ધિથી ઉત્પન્ન થવાવાળું અને આભૂષણ વિના જ દૈદીપ્યમાન રહેવાવાળું જે આહારક શરીર હોય છે, તેની સમાન જ તે અહમિન્દ્રનું શરીર દૈદીપ્યમાન થઈ રહ્યું હતું. વિશેષતા એટલી જ હતી કે તે આભૂષણોથી પ્રકાશમાન હતું. જિનેન્દ્રદેવે જે એકાંત અને શાંતરૂપ સુખનું નિરૂપણ કર્યું છે, એવું જણાય છે કે તે બધું જ સુખ તે અહમિન્દ્રમાં જઈને ભેગું થયું હોય! વજ્રનાભિના તે વિજય, વૈજયંત, અપરાજિત, બાહુ, સુબાહુ, પીઠ અને મહાપીઠ નામના આઠ ભાઈ તથા વિશાળ બુદ્ધિના ધારક ધનદેવ—આ નવ જીવ પોતાના પુણ્યના પ્રભાવથી તે જ સર્વાર્થસિદ્ધિમાં વજ્રનાભિ સમાન જ અહમિન્દ્ર થયા.

આ પ્રકારે, તે સર્વાર્થસિદ્ધિમાં અહમિન્દ્ર મોક્ષતુલ્ય સુખનો અનુભવ કરતાં થકા પ્રવિચાર વિના જ ચિરકાળ સુધી સુખી રહેતા હતા. તે અહમિન્દ્રના શુભકર્મના ઉદયથી જે નિર્બાધ સુખ પ્રાપ્ત થતું હતું તે પહેલાં કહેલા પ્રવિચાર સુખથી અનંતગણું હોય છે. **જ્યારે સંસારમાં સ્ત્રીસમાગમથી જ જીવોને સુખની પ્રાપ્તિ થાય છે, ત્યારે તે અહમિન્દ્રોને સ્ત્રીસમાગમ ન હોવા છતાં પણ સુખ કેવી રીતે હોઈ શકે છે? જો આ પ્રકારે કોઈ પ્રશ્ન**

કરે તો તેના સમાધાન માટે આ પ્રકારે વિચાર કરવામાં આવે છે : આ સંસારમાં જિનેન્દ્રદેવે આકુળતા રહિત વૃત્તિને જ સુખ કહ્યું છે, તેથી તે સુખ તે સરાગી જીવોને કેવી રીતે હોઈ શકે કે જેમના ચિત્ત અનેક પ્રકારની આકુળતાઓથી વ્યાકુળ થઈ રહ્યા છે? જેવી રીતે ચિત્તમાં મોહ ઉત્પન્ન કરવાથી, શરીરમાં શિથિલતા લાવવાથી, તરસ વધારવાથી અને સંતાપરૂપ હોવાથી જ્વર સુખરૂપ નથી હોતો, તેવી જ રીતે ચિત્તમાં મોહ, શરીરમાં શિથિલતા, લાલસા અને સંતાપ વધારવાનું કારણ હોવાથી સ્ત્રી-સંભોગ સુખરૂપ નથી થઈ શકતું. જેવી રીતે કોઈ રોગી પુરુષ કડવી ઔષધિનું પણ સેવન કરે છે, તેવી જ રીતે કામજ્વરથી સંતપ્ત થયેલો આ પ્રાણી પણ તેને દૂર કરવાની ઇચ્છાથી સ્ત્રીરૂપ ઔષધિનું સેવન કરે છે. જ્યારે મનોહર વિષયોનું સેવન ફક્ત તૃષ્ણા માટે જ છે, નહીં કે સંતોષ માટે, તો પછી તૃષ્ણારૂપી જ્વાળાથી સંતપ્ત થયેલો આ જીવ કેવી રીતે સુખી થઈ શકે છે? જેવી રીતે જે ઔષધિ રોગ દૂર ન કરી શકે તે ઔષધિ નથી, જે તરસ ન છુપાવી શકે તે પાણી નથી અને જે ધન આપત્તિને દૂર ન કરી શકે તે ધન નથી, તેવી જ રીતે જે વિષયજન્ય સુખ તૃષ્ણા નષ્ટ ન કરી શકે તે વિષયજ સુખ નથી. સ્ત્રીસંભોગથી ઉત્પન્ન થયેલું સુખ કેવળ કામેચ્છારૂપી રોગનો પ્રતિકાર માત્ર છે—તેને દૂર કરવાનું સાધન છે. શું આવો મનુષ્ય પણ ઔષધિ સેવન કરે છે કે જે રોગરહિત હોય અને સ્વાસ્થ્યને પ્રાપ્ત હોય? ભાવાર્થ : જેવી રીતે રોગરહિત સ્વસ્થ મનુષ્ય ઔષધિનું સેવન ન કરતો હોવા છતાં પણ સુખી રહે છે, તેવી જ રીતે કામેચ્છારહિત સંતોષી અહમિન્દ્ર સ્ત્રીસંભોગ ન કરતો હોવા છતાં પણ સુખી રહે છે.

વિષયોમાં અનુરાગ કરવાવાળા જે જીવોને સુખ પ્રાપ્ત થાય છે, તે તેમનું સ્વાસ્થ્ય કહી શકાતું નથી—તેને ઉત્કૃષ્ટ સુખ કહી શકાતું નથી. કારણ કે તે વિષય સેવન કરતાં પહેલાં, સેવન કરતાં સમયે અને અંતમાં ફક્ત સંતાપ જ ઉત્પન્ન કરે છે. વિદ્વાન પુરુષ તે જ સુખની ઇચ્છા કરે છે કે જેમાં વિષયોથી મનની નિવૃત્તિ થઈ જાય છે—ચિત્ત સંતુષ્ટ થઈ જાય છે, પરંતુ તેવું સુખ તે વિષયાંધ પુરુષોને કેવી રીતે પ્રાપ્ત થઈ શકે કે જેમનું ચિત્ત સદાય વિષય પ્રાપ્ત કરવામાં જ ખેદખિન્ન રહ્યા કરે છે! વિષયોનો અનુભવ કરવાથી પ્રાણીઓને જે સુખ થાય છે, તે પરાધીન છે, બાધાઓ સહિત છે, વ્યવધાન

સહિત છે અને કર્મબંધનનું કારણ છે, તેથી તે સુખ નથી પરંતુ દુઃખ જ છે. આ વિષય વિષ સમાન અત્યંત ભયંકર છે કે જે સેવન કરતાં સમયે જ સારા લાગે છે. વાસ્તવમાં તે વિષયોથી ઉત્પન્ન થયેલું મનુષ્યોનું સુખ ખાજ ખંજવાળવાથી ઉત્પન્ન થયેલા સુખ સમાન જ છે અર્થાત્ જેવી રીતે ખાજ ખંજવાળતા સમયે તો સુખ લાગે છે, પરંતુ ત્યારબાદ, દાહ ઉત્પન્ન થવાથી ઉલટાનું દુઃખ ઉત્પન્ન થાય છે, તેવી જ રીતે તે વિષયોનું સેવન કરવાથી તે સમયે તો સુખ લાગે છે, પરંતુ ત્યારબાદ તૃષ્ણાની વૃદ્ધિ થવાથી દુઃખ વધી જાય છે. જેવી રીતે બળેલા ઘાવ ઉપર ઘસેલા ભીના ચંદનનો લેપ કંઈક થોડો આરામ ઉત્પન્ન કરે છે, તેવી જ રીતે તે વિષય સેવન કરવાથી ઉત્પન્ન થયેલું સુખ તે સમયે થોડો કંઈક સંતોષ ઉત્પન્ન કરે છે. ભાવાર્થ : જ્યાં સુધી ફોડાની અંદર વિકાર વિદ્યમાન રહે છે, ત્યાં સુધી ચંદન આદિનો લેપ લગાવવાથી સ્થાયી આરામ થઈ શકતો નથી; તેવી જ રીતે જ્યાં સુધી મનમાં વિષયોની ચાહ વિદ્યમાન રહે છે ત્યાં સુધી વિષયસેવન કરવાથી સ્થાયી સુખ થઈ શકતું નથી. સ્થાયી આરામ અને સુખ તો ત્યારે જ પ્રાપ્ત થઈ શકે છે કે જ્યારે ફોડાની અંદરનો વિકાર અને મનની અંદરથી વિષયોની ચાહ કાઢી નાખવામાં આવે. અહમિન્દ્રોના મનથી વિષયોની ચાહ નીકળી જાય છે, તેથી તેઓ સાચા સુખી છે.

જેવી રીતે વિકારયુક્ત ઘાવ હોતા તેને ક્ષારયુક્ત શસ્ત્રથી ચિરવા આદિ ઉપક્રમ કરવામાં આવે છે, તેવી જ રીતે વિષયોની ચાહરૂપી રોગ ઉત્પન્ન થતાં તેને દૂર કરવા માટે વિષયસેવન કરવામાં આવે છે અને આ રીતે જીવોનું આ વિષયસેવન ફક્ત રોગનો પ્રતિકારક જ બની રહે છે! જો આ સંસારમાં પ્રિય સ્ત્રીઓના સ્તન, યોની આદિ અંગના સંસર્ગથી જ જીવોને સુખ થાય છે તો તે સુખ પક્ષી, હરણ આદિ તિર્યંચોને પણ થવું જોઈએ. જો સ્ત્રીસેવન કરવાવાળાને સુખ હોય તો કાર્તિકના મહિનામાં જેની યોનિ અતિશય દુર્ગંધયુક્ત ફોડા સમાન થઈ રહી છે એવી કૂતરીનું સ્વચ્છંદતાયુક્ત સેવન કરતો કૂતરો પણ સુખી હોવો જોઈએ. જેવી રીતે લીમડાના વૃક્ષમાં ઉત્પન્ન થતો કીડો તેના કડવા રસને પીતો થકો તેને મીઠું–સ્વાદિષ્ટ જાણે છે, તેવી જ રીતે સંસારરૂપી વિષ્ટામાં ઉત્પન્ન થયેલા આ મનુષ્યરૂપી કીડા સ્ત્રીસંભોગથી

ઉત્પન્ન થયેલા ખેદને સુખ માનતા થકા તેની પ્રશંસા કરે છે અને તેમાં જ પ્રીતિને પ્રાપ્ત થાય છે. ભાવાર્થ—જેવી રીતે લીમડાનો કીડો લીમડાના કડવા રસને આનંદદાયી માનીને તેમાં જ તલ્લીન રહે છે અથવા જેવી રીતે વિષ્ટાનો કીડો તેના દુર્ગંધયુક્ત અપવિત્રરસને ઉત્તમ સમજીને તેમાં જ રહેતો થકો આનંદ માને છે, તેવી જ રીતે આ સંસારી જીવ સંભોગજનિત દુઃખને સુખ માનીને તેમાં જ તલ્લીન રહે છે.

વિષયોનું સેવન કરવાથી પ્રાણીઓને ફક્ત પ્રેમ જ ઉત્પન્ન થાય છે. જો તે પ્રેમ જ સુખ માનવામાં આવે તો વિષ્ટા આદિ અપવિત્ર વસ્તુઓ ખાવામાં પણ સુખ માનવું જોઈએ. કારણ કે વિષયી મનુષ્ય જેવી રીતે પ્રેમ પામીને પ્રસન્નતાથી વિષયોનો ઉપભોગ કરે છે, તેવી જ રીતે કૂતરા અને સુવરના સમુહ તો પ્રસન્નતાપૂર્વક વિષ્ટા આદિ અપવિત્ર વસ્તુઓ ખાય છે અથવા જેવી રીતે વિષ્ટાના કીડાને વિષ્ટાના રસનું પાન કરવું જ ઉત્કૃષ્ટ સુખ જણાય છે, તેવી જ રીતે વિષયસેવનની ઇચ્છા કરવાવાળા જીવને નિંદ્ય વિષયોનું સેવન કરવું ઉત્કૃષ્ટ સુખ જણાય છે. જે પુરુષ, સ્ત્રી આદિ વિષયોનો ઉપભોગ કરે છે તેનું શરીર ધ્રુજવા લાગે છે, શ્વાસ તીવ્ર થઈ જાય છે અને સંપૂર્ણ શરીર પરસેવાથી તર થઈ જાય છે. જો સંસારમાં આવા જીવને પણ સુખી માનવામાં આવે તો પછી દુઃખી કોણ હશે? જેવી રીતે દાંતથી હાડકું ચાવતો કૂતરો પોતાને સુખી માને છે, તેવી જ રીતે જેનો આત્મા વિષયોથી મોહિત થઈ રહ્યો છે તેવો મૂર્ખ પ્રાણી જ વિષય સેવન કરવાથી ઉત્પન્ન થયેલા પરિશ્રમ માત્રને જ સુખ માને છે! ભાવાર્થ—જેવી રીતે સુકા હાડકાને ચાવવાથી કૂતરાને કાંઈપણ રસની પ્રાપ્તિ થતી નથી, તે વ્યર્થ જ પોતાને સુખી માને છે, તેવી જ રીતે વિષયસેવન કરવાથી પ્રાણીને કાંઈપણ યથાર્થ સુખની પ્રાપ્તિ થતી નથી, તે વ્યર્થ જ પોતાને સુખી માને છે. પ્રાણીઓની આ વિપરીત માન્યતાનું કારણ વિષયોથી આત્માનું મોહિત થઈ જવું જ છે! તેથી કર્મોના ક્ષયથી અથવા ઉપશમથી જે સ્વાભાવિક આહ્લાદ ઉત્પન્ન થાય છે તે જ સુખ છે, તે સુખ અન્ય વસ્તુઓના આશ્રયથી ક્યારેય પણ ઉત્પન્ન થઈ શકતું નથી.

હવે, કદાચ જો એમ કહો કે સ્વર્ગમાં રહેવાવાળા દેવોને પરિવાર, ઋદ્ધિ આદિ સામગ્રીથી સુખ થાય છે પરંતુ અહમિન્દ્રોને તે સામગ્રી પણ નથી, તેથી તેના અભાવમાં તેમને સુખ કેવી રીતે હોઈ

શકે ? તો પ્રશ્નના સમાધાનમાં અમે બે પ્રશ્ન ઉપસ્થિત કરીએ છીએ. તે આ છે—જેમની પાસે પરિવાર આદિ સામગ્રી વિદ્યમાન છે, તેમને તે સામગ્રીની સત્તામાત્રથી જ સુખ થાય છે ? કે તેનો ઉપભોગ કરવાથી ? જો સામગ્રીની સત્તામાત્રથી જ પોતાને સુખી માનવો ઇષ્ટ હોય તો તે રાજાને પણ સુખી થવું જોઈએ કે જેને જ્વર ચડ્યો છે અને અંતઃપુરની સ્ત્રીઓ, ધન, ઋદ્ધિઓ તથા પ્રતાપી પરિવાર આદિ સામગ્રી જેની સમીપ જ વિદ્યમાન છે ! જો કદાચ એમ કહો કે સામગ્રીના ઉપભોગથી સુખ થાય છે તો તેનો ઉત્તર પહેલાં આપવામાં આવી ગયો છે કે પરિવાર આદિ સામગ્રીનો ઉપભોગ કરવાવાળો, તેની સેવા કરવાવાળો પુરુષ અત્યંત શ્રમને પ્રાપ્ત થાય છે, તેથી એવો પુરુષ સુખી કેવી રીતે હોઈ શકે !

જુઓ, આ વિષય સ્વપ્નમાં પ્રાપ્ત થયેલા ભોગ સમાન અસ્થાયી અને દગો આપવાવાળા છે, તેથી નિરંતર આર્તધ્યાનરૂપ રહેવાવાળા પુરુષોને તે વિષયોથી સુખ કેવી રીતે પ્રાપ્ત થઈ શકે ? ભાવાર્થ—પહેલાં તો વિષય સામગ્રી ઇચ્છાનુસાર બધાને પ્રાપ્ત થતી નથી, તેથી તેની પ્રાપ્તિ માટે નિરંતર આર્તધ્યાન કરવું પડે છે અને બીજું એ કે પ્રાપ્ત થઈને સ્વપ્નમાં જોયેલા ભોગ સમાન શીઘ્ર જ નષ્ટ થઈ જાય છે, તેથી નિરંતર ઇષ્ટવિયોગજ આર્તધ્યાન થતું રહે છે. આ પ્રકારે વિચાર કરવાથી જણાય છે કે વિષય સામગ્રી સુખનું કારણ નથી. પહેલાં તો આ જીવ વિષયોને ભેગા કરવામાં ખૂબ જ ભારે દુઃખોને પ્રાપ્ત થાય છે અને પછી ભેગા થઈ ચૂક્યા બાદ તેની રક્ષાની ચિંતા કરતો થકો અત્યંત દુઃખી થાય છે. ત્યારબાદ, આ વિષય નષ્ટ થઈ જવાથી અપાર દુઃખ થાય છે. કારણ કે પહેલાં ભોગવેલા વિષયોનું વારંવાર સ્મરણ કરીને આ પ્રાણી ખૂબ જ દુઃખી થાય છે. જે વિષયોનું સેવન કરવાથી સંસાર નષ્ટ નથી થતો, જે વિનાશશીલ છે અને જેનું સેવન જીવોનું સંતાપ દૂર નથી કરતાં એવા આ વિષયોને ધિક્કાર છે ! જેવી રીતે ઇંધનથી અગ્નિની તૃષ્ણા મટતી નથી અને નદીઓના પૂરથી સમુદ્રની તૃષ્ણા દૂર થતી નથી, તેવી જ રીતે ભોગવેલા વિષયોથી ક્યારેય પણ જીવોની તૃષ્ણા દૂર થતી નથી. જેવી રીતે મનુષ્ય ખારું પાણી પીને વધારે તરસ્યો થઈ જાય છે, તેવી જ રીતે વિષયોના ભોગથી આ જીવની તૃષ્ણા ખૂબ વધી જાય છે.

અહો ! જેમનો આત્મા પંચેન્દ્રિયોના વિષયોને આધીન થઈ રહ્યો છે, જે વિષયરૂપી માંસની તીવ્ર લાલસા રાખે છે અને જે અચિંત્ય દુઃખને પ્રાપ્ત થઈ રહ્યા છે તેવા વિષયી જીવોને ખૂબ જ ભારે દુઃખ છે. વનોમાં મોટા-મોટા જંગલી હાથી કે જે પોતાના ઝુંડના અધિપતિ હોય છે અને અત્યંત મદોન્મત્ત હોય છે, તેઓ પણ હાથણીના સ્પર્શથી મોહિત થઈને ખાડામાં પડીને દુઃખી થાય છે. જેનું જળ ખીલેલા કમળોથી અત્યંત સ્વાદિષ્ટ થઈ રહ્યું છે એવા તળાવમાં પોતાની ઇચ્છાનુસાર વિહાર કરવાવાળી માછલી વંશી(કાંટા)માં લાગેલા માંસની અભિલાષાથી પ્રાણ ખોઈ બેસે છે–વંશીમાં ફસાઈને મરી જાય છે. મદોન્મત્ત હાથીના મદની વાસ ગ્રહણ કરતો ભમરો ગુંજારવ કરતો થકો એ હાથીઓના કર્ણરૂપી વિંઝણાના પ્રહારથી મૃત્યુનું આહ્વાન કરે છે. પતંગિયુ વાયુથી હલતી દીપકની શીખા પર વારંવાર પડે છે કે જેથી તેનું શરીર સ્યાહી સમાન કાળું પડી જાય છે અને તે ઇચ્છા ન હોવા છતાં પણ મૃત્યુને પ્રાપ્ત થઈ જાય છે, તેવી જ રીતે જે હરણીઓ જંગલમાં પોતાની ઇચ્છાનુસાર જ્યાં-ત્યાં ફરે છે તથા કોમળ અને સ્વાદીષ્ટ તૃણના અંકુર ચરીને પુષ્ટ રહે છે, તે પણ શિકારીના ગીતોમાં આસક્ત થવાથી મૃત્યુને પ્રાપ્ત થઈ જાય છે. આ પ્રકારે, જ્યારે સેવન કરવામાં આવેલો એક-એક ઇન્દ્રિયનો વિષય અનેક દુઃખોથી ભરેલો છે, ત્યારે પછી સમસ્તરૂપથી સેવન કરવામાં આવેલા પાંચેય ઇન્દ્રિયોના વિષયોનું શું કહેવું !

જેવી રીતે નદીઓના પ્રવાહથી ખેંચાયેલો પદાર્થ કોઈ ઊંડા ખાડામાં પડીને તેના વમળમાં ફર્યા કરે છે, તેવી જ રીતે ઇન્દ્રિયોના વિષયોથી ખેંચાયેલો આ જીવ નરકરૂપી ઊંડા ખાડામાં પડીને દુઃખરૂપી વમળમાં ફર્યા કરે છે અને દુઃખી થતો રહે છે. વિષયોથી ઠગાયેલો આ મૂર્ખ જીવ પહેલાં તો અધિક ધનની ઇચ્છા કરે છે અને તે ધન માટે પ્રયત્ન કરતાં સમયે અનેક ક્લેશોને પ્રાપ્ત થાય છે, તે સમયે ક્લિષ્ટ હોવાથી ભારે દુઃખ થાય છે. જો કદાચિત્ મનચાહી વસ્તુઓની પ્રાપ્તિ ન થઈ તો શોકને પ્રાપ્ત થાય છે અને જો મનચાહી વસ્તુની પ્રાપ્તિ થઈ પણ જાય તો તેટલાથી સંતોષ નથી થતો કે જેથી ફરી તે જ દુઃખ માટે દોડે છે. આ પ્રકારે, આ જીવ રાગ-દ્વેષથી પોતાના આત્માને દૂષિત કરી એવા કર્મોનો બંધ કરે છે કે જે ખૂબ મુશ્કેલીથી છૂટે છે અને જે કર્મબંધને કારણે આ જીવ પરલોકમાં

**અત્યંત દુઃખી થાય છે. આ કર્મબંધના કારણે જ આ જીવ નરકાદિ દુર્ગતિઓમાં દુઃખમય સ્થિતિને પ્રાપ્ત થાય છે અને ત્યાં ચિરકાળ સુધી અતિશય નિંદનીય તીવ્ર દુઃખ પ્રાપ્ત કરતો રહે છે. આ જીવ ત્યાં દુઃખી થઈને પણ વિષયોની ઇચ્છા કરે છે અને તેની પ્રાપ્તિ માટે તીવ્ર લાલસા રાખતો થકો અનેક દુષ્કર્મ કરે છે કે જેથી દુઃખ આપવાવાળા કર્મોનો ફરી બંધ કરે છે. આ રીતે દુઃખી થઈને પણ વિષયોની ઇચ્છા કરે છે, તેને માટે દુષ્કર્મ કરે છે, ખોટા કર્મોનો બંધ કરે છે અને તેના ઉદયમાં દુઃખ ભોગવે છે. આ પ્રકારે ચક્રરૂપથી પરિભ્રમણ કરતો થકો આ જીવ દુઃખથી તરવાયોગ્ય સંસારરૂપી અપાર સમુદ્રમાં પડે છે. તેથી આ સમસ્ત અનર્થ–પરંપરાને વિષયોથી ઉત્પન્ન થયેલા જાણી તીવ્ર દુઃખ આપવાવાળા વિષયોની પ્રીતિનો પરિત્યાગ કરી દેવો જોઈએ. જ્યારે સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુંસકવેદ—આ ત્રણેય વેદોનો સંતાપ ક્રમથી સુકાયેલા છાણાની અગ્નિ, ઇંટોની ભઠ્ઠીની અગ્નિ અને તૃણની અગ્નિ સમાન માનવામાં આવે છે, ત્યારે તે વેદને ધારણ કરવાવાળા જીવ સુખી કઈ રીતે હોઈ શકે?**

તેથી, હે શ્રેણિક! તું નિશ્ચય કર કે અહમિન્દ્ર દેવોને જે પ્રવિચાર રહિત દિવ્ય સુખ છે, તે વિષયજન્ય સુખથી અનેકગણું છે. આ ઉપર્યુક્ત કથનથી સિદ્ધોના તે સુખનું કથન પણ થઈ જાય છે કે જે પ્રમાણ રહિત છે, જે વિષયોથી રહિત છે, અંતરહિત છે, ઉપમારહિત છે અને કેવળ આત્માથી જ ઉત્પન્ન થાય છે. જે સ્વર્ગલોક અને મનુષ્યલોક સંબંધી ત્રણેય કાળનું ભેગું કરેલું સુખ છે, તે સિદ્ધ પરમેષ્ઠીના એક ક્ષણના સુખ બરાબર પણ નથી. સિદ્ધોનું તે સુખ કેવળ આત્માથી જ ઉત્પન્ન થાય છે, બાધારહિત છે, કર્મોના ક્ષયથી ઉત્પન્ન થાય છે, પરમ આહ્લાદરૂપ છે, અનુપમ છે અને સૌથી શ્રેષ્ઠ છે. જે સિદ્ધપરમેષ્ઠી બધા જ પરિગ્રહોથી રહિત છે, શાંત છે અને ઉત્કંઠાથી રહિત છે, જ્યારે તેઓ પણ સુખી માનવામાં આવે છે, ત્યારે અહમિન્દ્રપદમાં તો પોતાની મેળે જ સુખ સિદ્ધ થઈ જાય છે. ભાવાર્થ—જેમને પરિગ્રહનો એક અંશમાત્ર પણ નથી તેવા સિદ્ધ ભગવાન જ જ્યારે સુખી કહેવાય છે, ત્યારે જેમને શરીર અથવા અન્ય અલ્પ પરિગ્રહ વિદ્યમાન છે એવા અહમિન્દ્ર પણ અપેક્ષાકૃત સુખી કેમ ન કહેવાય?

જેમના પુણ્યનું ફળ પ્રગટ થયું છે એવા સ્વર્ગલોકથી આગળ સર્વાર્થસિદ્ધિમાં રહેવાવાળા તે વજ્રનાભિ આદિ અહમિન્દ્રોને જે સુખ પ્રાપ્ત થયું હતું, તે એવું જણાતું હતું કે જાણે મોક્ષનું સુખ જ તેમને પ્રાપ્ત થયું હોય! કારણ

કે જેવી રીતે મોક્ષનું સુખ અતિશય રહિત, ઉદાર, પ્રવિચાર રહિત દિવ્ય અને સ્વભાવથી મનોહર રહે છે, તેવી જ રીતે તે અહમિન્દ્રોનું સુખ પણ અતિશય રહિત, ઉદાર, પ્રવિચાર રહિત, દિવ્ય અને સ્વભાવથી જ મનોહર હતું. ભાવાર્થ—મોક્ષનું સુખ અને અહમિન્દ્ર અવસ્થાના સુખમાં મોટો અંતર રહે છે, તેમ છતાં અહીં શ્રેષ્ઠતા દેખાડવા માટે અહમિન્દ્રના સુખમાં મોક્ષના સુખની સાદૃશ્યતા કહે છે. આ સંસારના જીવોને જે સુખ-દુઃખ થાય છે તે બંને પોતપોતાના કર્મબંધ અનુસાર થયા કરે છે એવું શ્રી અરિહંતદેવે કહ્યું છે, તે કર્મ પુણ્ય અને પાપના ભેદથી બે પ્રકારનું કહેવામાં આવ્યું છે. જેવી રીતે ખાવામાં આવેલા એક જ અન્નનો મીઠા અને કડવારૂપે બે પ્રકારનો વિપાક જોવામાં આવે છે, તેવી જ રીતે તે પુણ્ય અને પાપરૂપી કર્મોનું પણ સુખદાયી અને દુઃખદાયી ફળ જોવામાં આવે છે. પુણ્યકર્મનું ઉત્કૃષ્ટ ફળ સર્વાર્થસિદ્ધિમાં અને પાપ કર્મનોનું ઉત્કૃષ્ટ ફળ સપ્તમ નરકના નારકીઓનું જાણવું જોઈએ. પુણ્યનું ઉત્કૃષ્ટ ફળ પરિણામોને શાંત રાખવા, ઈન્દ્રિયોનું દમન કરવું અને નિર્દોષ ચારિત્રનું પાલન કરવાથી પુણ્યાત્મા જીવોને પ્રાપ્ત થાય છે અને પાપનું ઉત્કૃષ્ટ ફળ પરિણામોને શાંત નહીં રાખવાથી, ઈન્દ્રિયોનું દમન નહીં કરવાથી તથા નિર્દોષ ચારિત્રનું પાલન નહીં કરવાથી પાપી જીવોને પ્રાપ્ત થાય છે. જેવી રીતે ખૂબ જ જલ્દી તીર્થંકર પદ પ્રાપ્ત કરવાવાળા આ વજ્રનાભિએ શમ, દમ અને યમની વિશુદ્ધતા માટે આળસ રહિત થઈને શ્રી જિનેન્દ્રદેવની કલ્યાણ કરવાવાળી આજ્ઞાનું ચિંતવન કર્યું હતું, તેવી જ રીતે અનુપમ સુખના અભિલાષી, દુઃખના ભારને છોડવાની ઈચ્છા કરવાવાળા બુદ્ધિમાન વિદ્વાન પુરુષોએ પણ શમ, દમ અને યમની વિશુદ્ધિ માટે પ્રમાદ રહિત થઈને કલ્યાણ કરવાવાળી શ્રી જિનેન્દ્રદેવની આજ્ઞાનું ચિંતવન કરવું જોઈએ—દર્શનવિશુદ્ધિ આદિ સોળ ભાવનાઓનું ચિંતવન કરવું જોઈએ.

આ પ્રકારે, આર્ષ નામથી પ્રસિદ્ધ શ્રી ભગવજ્જિનસેનાચાર્ય-વિરચિત ત્રિષષ્ટિલક્ષણ મહાપુરાણ સંગ્રહમાં ચક્રવર્તી વજ્રનાભિના સર્વાર્થસિદ્ધિના ગમનનું વર્ણન કરવાવાળો અગિયારમો અધ્યાય સમાપ્ત થયો.

# અધ્યાય બારમો

ત્યારબાદ, ગૌતમસ્વામી કહેવા લાગ્યા કે જ્યારે તે વજ્રનાભિનો જીવ અહમિન્દ્ર સ્વર્ગલોકથી પૃથ્વી પર અવતાર લેવા તત્પર થયો ત્યારે સંસારમાં જે વૃત્તાંત બન્યું હતું, હવે હું તે કહીશ. તમે લોકો ધ્યાન દઈને સાંભળજો. આ દરમ્યાન મુનિઓએ નમ્ર થઈને પુરાણના અર્થને જાણવાવાળા અને વક્તામાં શ્રેષ્ઠ ગણધરને પ્રશ્ન કર્યો કે હે ભગવન્! જ્યારે આ ભારતવર્ષમાં ભોગભૂમિની સ્થિતિ નાશ થઈ ગઈ હતી અને ક્રમ-ક્રમથી કર્મભૂમિની વ્યવસ્થા ફેલાઈ ગઈ હતી, તે સમયે જે કુલકરોની ઉત્પત્તિ થઈ હતી તેનું વર્ણન તમે પહેલાં જ કરી ચૂક્યા છો. તે કુલકરોમાં અંતિમ કુલકર નાભિરાય થયા હતા કે જે સમસ્ત ક્ષત્રિય સમૂહના આગેવાન હતા, તે નાભિરાયે ધર્મરૂપી સૃષ્ટિના સૂત્રધાર, મહાબુદ્ધિમાન અને ઈક્ષ્વાકુ કુળના સર્વશ્રેષ્ઠ ભગવાન વૃષભદેવને ક્યા સ્થાનમાં ઉત્પન્ન કર્યા હતા? તેમના સ્વર્ગાવતાર આદિ કલ્યાણકોનું ઐશ્વર્ય કેવું હતું? આપના અનુગ્રહથી અમે લોકો આ બધું જાણવા ઈચ્છીએ છીએ.

આ પ્રકારે જ્યારે તે મુનિઓનો પ્રશ્ન સમાપ્ત થયો ત્યારે ગણનાયક ગૌતમસ્વામી પોતાના દાંતોના નિર્મળ કિરણો દ્વારા મુનિઓને પાપરહિત કરતાં થકા બોલ્યા કે આપણે પહેલાં જે કાળસંધિનું વર્ણન કરી ચૂક્યા છીએ, તે કાળસંધિના સમયે આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં વિજયાર્ધ પર્વતથી દક્ષિણ તરફ મધ્ય આર્યખંડમાં નાભિરાય થયા હતા. તે નાભિરાય ચૌદ કુલકરોમાં અંતિમ કુલકર હોવા છતાં પણ સૌથી પહેલાં હતા—સૌથી શ્રેષ્ઠ હતા. તેમનું આયુષ્ય, તેમની ઉંચાઈ, રૂપ, સૌંદર્ય અને વિલાસ આદિનું વર્ણન પહેલાં કરવામાં આવી ગયું છે. દૈદીપ્ય મુગુટથી શોભાયમાન અને મહાકાંતિના ધારણ કરવાવાળા તે નાભિરાય આગામીકાળમાં થવાવાળા રાજાઓના બંધુ હતા અને પોતાના ગુણરૂપી કિરણોથી લોકમાં સૂર્ય સમાન શોભાયમાન થઈ રહ્યા હતા. તેઓ ચંદ્ર સમાન અનેક વિદ્યાઓના આધાર હતા, સૂર્ય સમાન તેજસ્વી હતા, ઈન્દ્ર સમાન ઐશ્વર્યવાન હતા અને કલ્પવૃક્ષ સમાન મનવાંછિત ફળ આપવાવાળા હતા.

તે નાભિરાયને મરુદેવી નામની રાણી હતી કે જે પોતાના રૂપ, સૌંદર્ય, કાંતિ, શોભા, બુદ્ધિ, દ્યુતિ અને વિભૂતિ આદિ ગુણોથી ઈન્દ્રાણી સમાન હતી, તે પોતાની કાંતિથી ચંદ્રની કળા સમાન બધા લોકોને આનંદકારી હતી અને એવી જણાતી હતી કે જાણે સ્વર્ગની સ્ત્રીઓના રૂપનો સાર ભેગો કરીને જ બનાવી હોય! **XXXXX**

આ પ્રકારે, જેના પ્રત્યેક અંગ-ઉપાંગની રચના સુંદર છે તેવું તેનું સુદઢ શરીર એવું જણાઈ રહ્યું હતું કે જાણે વિધાતાએ સ્ત્રીઓની સૃષ્ટિ કરવા માટે એક સુંદર પ્રતિબિંબ જ બનાવ્યું હોય! સંસારમાં જે સ્ત્રીઓ અતિશય યશવાળી દીર્ઘ આયુષ્યવાળી, ઉત્તમ સંતાનવાળી, મંગલરૂપીણી અને ઉત્તમ પતિવાળી હતી તે બધી મરુદેવીથી પાછળ હતી અર્થાત્ મરુદેવી તે બધાયમાં મુખ્ય હતી. તે ગુણરૂપી રત્નોની ખાણ હતી, પુણ્યરૂપી સંપત્તિઓની પૃથ્વી હતી, પવિત્ર સરસ્વતી દેવી હતી અને ભણ્યા વિના જ પંડિતા હતી! તે સૌભાગ્યની પરમ સીમા હતી, સુંદરતાની ઉત્કૃષ્ટ પુષ્ટિ હતી, મિત્રતાની પરમ પ્રીતિ હતી અને સજ્જનતાની ઉત્કૃષ્ટ ગતિ-આશ્રય હતી. તે કામશાસ્ત્રને ઉપન્ન કરવાવાળી હતી, કલાશાસ્ત્રરૂપી નદીનો પ્રવાહ હતી, કીર્તિનું ઉત્પત્તિસ્થાન હતી અને પાતિવ્રત્યધર્મની પરમ સીમા હતી! તે મરુદેવીના વિવાહના સમયે ઈન્દ્ર દ્વારા પ્રેરિત થયેલા દેવોએ ઘણી જ વિભૂતિ સાથે તેનો વિવાહોત્સવ કર્યો હતો. પુણ્યરૂપી સંપત્તિ તેના માતૃભાવને પ્રાપ્ત થઈ હતી. લજ્જા સખી-અવસ્થાને પ્રાપ્ત થઈ હતી અને અનેક ગુણ તેના પરિજન સમાન હતા. ભાવાર્થ—પુણ્યરૂપી સંપત્તિ જ તેની માતા હતી, લજ્જા જ તેની સખી હતી અને દયા, ઉદારતા આદિ ગુણ જ તેના પરિવારના લોકો હતા. રૂપ, પ્રભાવ અને વિજ્ઞાન આદિ દ્વારા ખૂબ જ પ્રસિદ્ધિને પ્રાપ્ત થઈ હતી તથા પોતાના સ્વામી નાભિરાયના મનરૂપી હાથીને બાંધવા માટે સ્તંભ સમાન જણાતી હતી. તેના મુખરૂપી ચંદ્રમાની મુસ્કાનરૂપી ચાંદની, નેત્રોના ઉત્સવને વધારતી અને પતિ નાભિરાયના મનરૂપી સમુદ્રના ક્ષોભને પ્રત્યેક સમયે વિસ્તૃત કરતી રહેતી હતી.

મહારાજ નાભિરાય રૂપ અને લાવણ્યરૂપી સંપદા દ્વારા તેને સાક્ષાત્ લક્ષ્મી સમાન માનતા હતા અને તેના વિષયમાં પોતાના ઉત્કૃષ્ટ સંતોષને એ રીતે વિસ્તૃત કરતાં રહેતા હતા કે જેવી રીતે નિર્મળ બુદ્ધિના વિષયમાં મુનિ પોતાનો ઉત્કૃષ્ટ સંતોષ વિસ્તૃત કરતાં રહે છે. તે પરિહાસના સમયે કુવચન બોલીને પતિના મર્મસ્થાનને કષ્ટ

**XXXXX** મહારાણી મરુદેવીની સુંદરતાનું વિસ્તૃત વર્ણન મૂળ ગ્રંથમાંથી વાંચવું.

પહોંચાડતી નથી અને સંભોગકાળમાં સદાય તેમને અનુકૂળ પ્રવૃત્તિ કરતી હતી. તેથી તે પોતાના પતિ નાભિરાયના પરિહાસ્ય અને સ્નેહના વિષયમાં મંત્રિણીનું કામ કરતી હતી. તે મરુદેવી નાભિરાયને પ્રાણોથી પણ અધિક પ્યારી હતી, તે તેને એટલો જ સ્નેહ કરતાં હતા કે જેટલો ઈન્દ્ર ઈન્દ્રાણીને કરે છે. અતિશય શોભાયુક્ત નાભિરાય દૈદીપ્યાન આભૂષણ અને વસ્ત્રથી સુશોભિત તે મરુદેવીને આલિંગીત થઈને એવા શોભાયમાન થતા હતા કે જેવી રીતે દૈદીપ્યમાન વસ્ત્ર અને આભૂષણોને ધારણ કરવાવાળી કલ્પલતાથી વેષ્ટિત કલ્પવૃક્ષ જ હોય!

સંસારમાં મહારાજ નાભિરાય જ સૌથી અધિક પુણ્યવાન હતા અને મરુદેવી જ સૌથી અધિક પુણ્યવતી હતી. કારણ કે જેના સ્વયંભૂ ભગવાન ઋષભદેવ પુત્ર થશે તેના સમાન બીજું કોણ હોઈ શકે છે! તે સમયે ભોગોપભોગમાં અતિશય તલ્લીનતાને પ્રાપ્ત થયેલા તે બંને દંપત્તિ એવા જણાતા હતા કે જાણે ભોગભૂમિની નષ્ટ થયેલી લક્ષ્મીને જ સાક્ષાત્ દેખાડી રહ્યા હોય! મરુદેવી અને નાભિરાયથી અલંકૃત પવિત્રસ્થાનમાં જ્યારે કલ્પવૃક્ષોનો અભાવ થઈ ગયો ત્યારે તેના પુણ્ય દ્વારા વારંવાર બોલાવવામાં આવેલા ઈન્દ્રએ એક નગરીની રચના કરી. ઈન્દ્રની આજ્ઞાથી અનેક ઉત્સાહી દેવોએ ખૂબ જ આનંદપૂર્વક સ્વર્ગપુરી સમાન તે નગરીની રચના કરી. તે દેવોએ તે નગરી વિશેષ સુંદર બનાવી હતી કે જેથી એવું જણાતું હતું કે જાણે આ મધ્યલોકમાં સ્વર્ગલોકનું પ્રતિબિંબ રાખવાની ઈચ્છાથી દેવોએ તેને અત્યંત સુંદર બનાવી હોય! 'અમારું સ્વર્ગ ખૂબ જ નાનું છે, કારણ કે તે ત્રિદશાવાસ છે અર્થાત્ ફક્ત ત્રિ+દસ=ત્રીસ વ્યક્તિઓને રહેવાયોગ્ય સ્થાન છે (ત્રિદશ=દેવોને રહેવાયોગ્ય સ્થાન)'—આવું માનીને જ જાણે તેમણે સેંકડો—હજારો મનુષ્યોને રહેવાયોગ્ય તે નગરીની રચના કરી હતી.



તે સમયે જે મનુષ્ય જ્યાં-ત્યાં વિખરાઈને રહેતા હતા તે બધાને દેવોએ લાવીને આ નગરીમાં વસાવ્યા અને બધાને માટે અનેક પ્રકારના ઉપયોગી સ્થાનોની રચના કરી. તે નગરીની મધ્યભાગમાં દેવોએ રાજમહેલ બનાવ્યો હતો કે જે રાજમહેલ ઈન્દ્રપુરીની સાથે સ્પર્ધા કરવાવાળો હતો અને બહુમૂલ્ય અનેક વિભૂતિઓથી સહિત હતો. જ્યારે તે નગરીની રચના કરવાવાળા સ્વર્ગના દેવ હતા, તેના અધિકારી સૂત્રધાર ઈન્દ્ર હતા અને મકાન વગેરે બનાવવા માટે સંપૂર્ણ પૃથ્વી પડી હતી ત્યારે તે નગરી પ્રશંસનીય કેમ ન હોય! દેવોએ તે નગરીને વપ્ર-ધૂળથી બનેલા નાના કોટ, પ્રાકાર—ચાર મુખ્ય દરવાજા સહિત પત્થરના બનેલા મજબૂત કોટ અને પરિખા આદિથી

સુશોભિત કરી હતી. તે નગરીનું નામ અયોધ્યા હતું. તે ફક્ત નામમાત્રથી અયોધ્યા ન હતી, પરંતુ ગુણોથી પણ અયોધ્યા હતી. કોઈપણ શત્રુ તેનાથી યુદ્ધ કરી શકતા ન હતા, તેથી તેનું નામ સાર્થક હતું. તે નગરીનું બીજું નામ 'સાકેત' પણ હતું કારણ કે તે પોતાના સારા-સારા મકાનોથી પ્રશંસનીય હતી. તે મકાનો પર પતાકાઓ લહેરાતી હતી કે જેથી તે એવી જણાતી હતી કે જાણે સ્વર્ગલોકના મકાનોને બોલાવવા માટે પોતાની પતાકારૂપી ભૂજાઓ દ્વારા સંકેત જ કરી રહી હોય! તે નગરી સુકોશલ દેશમાં હતી તેથી દેશના નામથી 'સુકોશલા' આ પ્રસિદ્ધિને પણ પ્રાપ્ત થઈ હતી તથા તે નગરી અનેક વિનિત–શિક્ષિત–ભણેલા વિનયવાન અથવા સભ્ય મનુષ્યોથી વ્યાપ્ત હતી તેથી તે 'વિનિતા' નામથી પણ પ્રસિદ્ધ હતી. તે સુકોશલા નામની રાજધાની અત્યંત પ્રસિદ્ધ હતી અને આગળ થવાવાળા ખૂબ જ વિશાળ દેશની મધ્યભાગની શોભા ધારણ કરતી થકી સુશોભિત થતી હતી. રાજભવન, વપ્ર, કોટ અને ખાઈ સહિત તે નગર એવું જણાતું હતું કે જાણે આગળ કર્મભૂમિના સમયમાં થવાવાળા નગરોની રચના પ્રારંભ કરવા માટે એક નકશો જ બનાવવામાં આવ્યો હોય! ત્યારબાદ, તે અયોધ્યા નગરીમાં બધા દેવોએ મળીને કોઈ શુભ દિવસે શુભ મુહૂર્તમાં શુભ યોગ અને શુભ લગ્નમાં હર્ષિત થઈને પુણ્યાહવાચન કર્યું. જેમને અનેક સંપદાઓની પરંપરા પ્રાપ્ત થઈ હતી તેવા મહારાજ નાભિરાય અને મરુદેવીએ અત્યંત આનંદિત થઈને પુણ્યાહવાચન સમયે જ તે અતિશય ઋદ્ધિયુક્ત અયોધ્યાનગરીમાં નિવાસ શરૂ કર્યો હતો. 'આ બંનેને સર્વજ્ઞ ઋષભદેવ પુત્ર થશે' એમ સમજીને ઈન્દ્રએ અભિષેકપૂર્વક તે બંનેની પૂજા કરી હતી.

ત્યારબાદ, છ મહિના પછી ભગવાન ઋષભદેવ અહીં સ્વર્ગથી અવતાર લેશે એમ જાણીને દેવોએ ખૂબ જ આદરપૂર્વક આકાશથી રત્નોની વર્ષા કરી. ઈન્દ્ર દ્વારા નિયુક્ત કુબેરે જે રત્નની વર્ષા કરી હતી, તે એવી સુશોભિત થતી હતી કે જાણે ઋષભદેવની સંપત્તિ, ઉત્સુકતાને કારણે તેમના આવવા પહેલાં જ આવી ગઈ હતી. તે રત્નવૃષ્ટિ હરિન્મણિ, ઈન્દ્રનીલમણિ અને પદ્મરાગ આદિ મણિઓના કિરણોના સમૂહથી એવી દૈદીપ્યમાન થઈ રહી હતી કે જાણે સરળતાને પ્રાપ્ત થઈને ઈન્દ્રધનુષની શોભા જ આવી રહી હોય! ઐરાવત હાથીની સૂંઢ સમાન સ્થૂળ, ગોળ અને લાંબી આકૃતિને ધારણ કરવાવાળી તે રત્નોની ધારા એવી શોભાયમાન થઈ રહી હતી કે જાણે પુણ્યરૂપી વૃક્ષના મોટા-મોટા અંકુરોની સંતતિ જ હોય! અથવા અતિશય સઘન તથા આકાશ પૃથ્વીને રોકીને પડતી તે રત્નોની ધારા

એવી સુશોભિત થતી હતી કે જાણે કલ્પવૃક્ષ દ્વારા છોડેલા અંકુરોની પરંપરા જ હોય! અથવા આકાશરૂપી આંગણથી પડતી તે સુવર્ણમયી વૃષ્ટિ એવી શોભાયમાન થઈ રહી હતી કે જાણે સ્વર્ગથી અથવા વિમાનથી જ્યોતિષીદેવોની ઉત્કૃષ્ટ પ્રભા જ આવી રહી હોય! અથવા આકાશથી વરસતી રત્નવૃષ્ટિને જોઈને લોકો આ જ ઉત્પ્રેક્ષા કરતાં હતા કે શું જગતમાં ક્ષોભ હોવાથી નિધિઓનો ગર્ભપાત થઈ રહ્યો છે! આકાશરૂપી આંગણમાં ફેલાયેલા તે રત્ન ક્ષણવાર માટે એવા શોભાયમાન થઈ રહ્યા હતા કે જાણે દેવોના હાથીઓએ કલ્પવૃક્ષોના ફળ તોડી-તોડીને નાખ્યા હોય! આકાશરૂપી આંગણમાં તે અસંખ્યાત રત્નોની ધારા એવી જણાઈ રહી હતી કે જાણે સમય પામીને ફેલાયેલી નક્ષત્રોની ચંચળ અને ચમકતી પંક્તિ જ હોય! અથવા એ રત્નવર્ષાને જોઈને ક્ષણવાર માટે એ જ ઉત્પ્રેક્ષા થતી હતી કે સ્વર્ગથી જાણે પરસ્પર મળેલી વિજળી અને ઈન્દ્રધનુષ જ દેવોએ નીચે ફેંકી દીધા હોય! અથવા દેવ અને વિદ્યાધર તેને જોઈને ક્ષણવાર માટે તે જ આશંકા કરતાં હતા કે શું આકાશમાં વિજળીની કાંતિ છે કે દેવોની પ્રભા છે?

કુબેરે જે આ હિરણ્ય અર્થાત્ સુવર્ણની વૃષ્ટિ કરી હતી તે એવી જણાતી હતી કે જાણે જગતને ભગવાનની ‘હિરણ્યગર્ભતા’ જણાવવા માટે જ કરી હોય! (જેના ગર્ભમાં રહેતા હિરણ્ય—સુવર્ણની વર્ષા થાય તે હિરણ્યગર્ભ કહેવાય છે.) આ રીતે, સ્વામી વૃષભદેવના સ્વર્ગાવતરણના છ મહિના પહેલેથી જ લઈને અતિશય પવિત્ર નાભિરાયના ઘરે રત્ન અને સુવર્ણની વર્ષા થઈ હતી અને આ રીતે ગર્ભાવતરણ પછી પણ નવ મહિના સુધી રત્ન તથા સુવર્ણની વર્ષા થઈ રહી હતી. બરાબર જ છે કે થવાવાળા તીર્થંકરનો ખૂબ જ આશ્ચર્યકારી પ્રભાવ હોય છે. ભગવાનના ગર્ભાવતરણ ઉત્સવના સમયે આ સમસ્ત પૃથ્વી રત્નોથી વ્યાપ્ત થઈ ગઈ હતી, દેવ હર્ષિત થઈ ગયા હતા અને સમસ્ત લોક ક્ષોભને પ્રાપ્ત થઈ ગયા હતા. ભગવાનના ગર્ભાવતરણના સમયે આ પૃથ્વી ગંગા નદીના જળના કણોથી સિંચવામાં આવી હતી તથા અનેક પ્રકારના રત્નોથી અલંકૃત કરવામાં આવી હતી, તેથી તે પણ કોઈ ગર્ભિણી સ્ત્રી સમાન ભારે થઈ ગઈ હતી. તે સમયે રત્ન અને ફૂલોથી વ્યાપ્ત તથા સુગંધિત જળથી સિંચવામાં આવેલી આ પૃથ્વીરૂપી સ્ત્રી ચંદનનું વિલેપન લગાવી અને આભૂષણોથી સુસજ્જિત જણાતી હતી અથવા તે સમયે તે પૃથ્વી ભગવાન વૃષભદેવની માતા મરુદેવીની સમાનતાને પ્રાપ્ત થઈ રહી હતી કારણ કે મરુદેવી જેવી રીતે

નાભિરાયને પ્રિય હતી, તેવી જ રીતે તે પૃથ્વી તેમને પ્રિય હતી અને મરુદેવી જેવી રીતે રજસ્વાલા ન હોઈને પુષ્પવતી હતી, તેવી જ રીતે તે પૃથ્વી પણ રજસ્વલા ન હોઈને પુષ્પવતી હતી.

ત્યારબાદ, કોઈ એક દિવસે મરુદેવી રાજમહેલમાં ગંગાની લહેરો સમાન સફેદ અને રેશમી ચાદરથી ઉજ્જ્વળ કોમળ શૈયા ઉપર સૂઈ રહી હતી. સુતા સમયે તેણે રાત્રિના પાછલા પહોરમાં જિનેન્દ્રદેવના જન્મને સૂચિત કરવાવાળા તથા શુભ ફળ આપવાવાળા નીચે લખ્યા અનુસાર સ્વપ્ન જોયા — સૌથી પહેલાં તેણે ઈન્દ્રનો ઐરાવત હાથી જોયો કે જે ગંભીર ગર્જના કરી રહ્યો હતો તથા તેના બંને કપોલ અને સૂંઢ એ ત્રણેય સ્થાનોથી મદ ઝરી રહ્યો હતો, તેથી તે એવો જણાતો હતો કે જાણે ગરજતા અને વરસતા શરદઋતુના વાદળા જ હોય! બીજા સ્વપ્નમાં તેણે એક બળદ જોયો કે જે બળદના ખભા નગારા સમાન વિસ્તૃત હતા તે સફેદ કમળ સમાન કંઈક શુક્લવર્ણનો હતો, અમૃતની રાશી સમાન સુશોભિત હતો અને મંદ ગંભીર શબ્દ કરી રહ્યો હતો. ત્રીજા સ્વપ્નમાં તેણે એક સિંહ જોયો, તે સિંહનું શરીર ચંદ્ર સમાન શુક્લ વર્ણનું હતું અને ખભા લાલ રંગના હતા, તેથી તે એવો જણાતો હતો કે જાણે ચાંદની અને સંધ્યા દ્વારા જ તેનું શરીર બન્યું હોય! ચોથા સ્વપ્નમાં તેણે પોતાની શોભા સમાન લક્ષ્મીને જોઈ, તે લક્ષ્મી કમળના બનેલા ઉંચા આસન ઉપર બેઠી હતી અને દેવોના હાથી સુવર્ણમય કળશો દ્વારા તેનો અભિષેક કરી રહ્યા હતા. પાંચમા સ્વપ્નમાં તેણે ખૂબ જ આનંદ સહિત બે પુષ્પમાળાઓ જોઈ, તે માળાઓ ઉપર ફૂલોની સુગંધના કારણે મોટા-મોટા ભ્રમર લાગેલા હતા અને તે મનોહર શબ્દ કરી રહ્યા હતા કે જેથી એવું જણાતું હતું કે જાણે તે માળાઓએ ગાવાનું જ શરૂ કરી દીધું હોય! છઠ્ઠા સ્વપ્નમાં તેણે પૂર્ણ ચંદ્રમંડળ જોયું, તે ચંદ્રમંડળ તારાઓ સહિત હતું અને ઉત્કૃષ્ટ ચાંદનીથી સહિત હતું તેથી એવું જણાતું હતું કે જાણે મોતીઓ સહિત હસતું પોતાનું મુખકમળ જ હોય! સાતમા સ્વપ્નમાં તેણે ઉદયાચળથી ઉદિત થતો તથા અંધકારને નષ્ટ કરતો સૂર્ય જોયો, તે સૂર્ય એવો જણાતો હતો કે જાણે મરુદેવીના માંગલિક કાર્યમાં રાખવામાં આવેલો સુવર્ણમય કળશ જ હોય! આઠમાં સ્વપ્નમાં તેણે સુવર્ણના બે કળશ જોયા, તે કળશોના મુખ કમળથી ઢંકાયેલા હતા કે જેથી તે એવા જણાતા હતા કે જાણે હસ્તમકળથી આચ્છાદિત થયેલા પોતાના બંને સ્તનકળશ જ હોય! નવમાં સ્વપ્નમાં ખીલેલા કુમુદ અને કમળોથી શોભાયમાન તળાવમાં ક્રિડા કરતી બે માછલીઓ જોઈ, તે માછલીઓ એવી જણાતી હતી કે

જાણે પોતાના નેત્રોની લંબાઈ જ દેખાડી રહી હોય! દસમાં સ્વપ્નમાં તેણે એક સુંદર તળાવ જોયું, તે તળાવનું પાણી તરતા કમળોની કેસરથી પીળું થઈ રહ્યુ હતું, તેથી તે એવું જણાતું હતું કે જાણે પીગળેલા સુવર્ણથી જ ભરેલું હોય! અગિયારમાં સ્વપ્નમાં તેણે ક્ષોભિત થઈને કિનારાને ઉલ્લંઘન કરતો સમુદ્ર જોયો, તે સમયે તે સમુદ્રમાં ઊઠતી લહેરોથી કંઈક ગંભીર શબ્દ થઈ રહ્યો હતો અને પાણીના નાના-નાના કણો ઉડીને તેની ચારે તરફ પડી રહ્યા હતા કે જેથી એવું જણાતું હતું કે જાણે તે અટ્ટહાસ જ કરી રહ્યો હોય! બારમાં સ્વપ્નમાં તેણે એક ઉંચું સિંહાસન જોયું, તે સિંહાસન સુવર્ણનું બનેલુ હતું અને તેમાં અનેક પ્રકારના ચમકતા મણિ લાગેલા હતા કે જેથી એવું જણાતું હતું કે જાણે તે મેરુ પર્વતના શિખરની ઉત્કૃષ્ટ શોભા જ ધારણ કરી રહ્યું હોય! તેરમાં સ્વપ્નમાં તેણે એક સ્વર્ગનું વિમાન જોયું, તે વિમાન બહુમૂલ્ય શ્રેષ્ઠ રત્નોથી દૈદીપ્યમાન હતું અને એવું જણાતું હતું કે જાણે દેવો દ્વારા ઉપહારમાં આપવામાં આવેલું પોતાના પુત્રનું પ્રસૂતિગૃહ જ હોય! ચૌદમાં સ્વપ્નમાં તેણે પૃથ્વીનું ભેદન કરીને ઉપર આવેલું નાગેન્દ્રનું ભવન જોયું, તે ભવન એવું જણાતું હતું કે જાણે પહેલાં જોયેલા સ્વર્ગના વિમાનની સાથે સ્પર્ધા કરવા માટે ઉદ્યત થયું હોય! પંદરમાં સ્વપ્નમાં તેણે પોતાના કિરણોથી આકાશને પલ્લવિત કરવાવાળી રત્નોની રાશિ જોઈ, તે રત્નોની રાશિને જોઈને મરુદેવી એમ સમજી કે જાણે પૃથ્વીદેવીએ તેને પોતાનો ખજાનો જ દેખાડ્યો હોય! સોળમાં સ્વપ્નમાં તેણે સળગતી પ્રકાશમાન તથા ધૂમાડા રહિત અગ્નિ જોઈ, તે અગ્નિ એવી જણાતી હતી કે જાણે થવાવાળા પુત્રનો મૂર્તિધારી પ્રતાપ જ હોય! આ પ્રકારે, સોળ સ્વપ્ન જોયા બાદ તેણે જોયું કે સુવર્ણ સમાન પીળી કાંતિનો ધારક અને ઉંચા ખભાવાળો એક ઉંચો બળદ મારા મુખકમળમાં પ્રવેશ કરી રહ્યો છે.

ત્યારબાદ, તે વાગતા વાજાઓની ધ્વનિથી જાગી ગયા અને બંદીજનોના મંગળકારક મંગળ ગીત સાંભળવા લાગ્યા, તે સમયે મરુદેવીને સુખપૂર્વક જગાડવા માટે જેની વાણી અત્યંત સ્પષ્ટ છે એવા પુણ્યપાઠ કરવાવાળા બંદીજન ઉચ્ચ સ્વરથી મંગળ પાઠ કરી રહ્યા હતા. **XXXXXX** જો કે તે મરુદેવી સ્વપ્નાઓ જોવાના કારણે બંદીજનોના મંગલગીતોથી પહેલાં જ જાગી ચૂકી હતી, તેમ છતાં તેમણે તેને ફરીથી જગાડ્યા. આ રીતે, જાગૃત થઈને તેણે સમસ્ત સંસારને આનંદમય જોયો. શુભ સ્વપ્ન જોવાથી જેને અત્યંત આનંદ થઈ રહ્યો છે એવી જાગેલી

**XXXXX** વિસ્તૃત વર્ણન મૂળ ગ્રંથમાંથી વાંચવું.

મરુદેવી ખીલેલી કમલિની સમાન કંટકિત અર્થાત્ રોમાંચિત શરીર ધારણ કરી રહી હતી. ત્યારબાદ, તે મરુદેવી સ્વપ્ન જોવાથી ઉત્પન્ન થયેલા આનંદને જાણે કે પોતાના શરીરમાં ધારણ કરવા માટે સમર્થ ન થવાથી મંગળમય સ્નાન કરીને અને વસ્ત્રાભૂષણ ધારણ કરી પોતાના પતિની સન્મુખ પહોંચી. ત્યાં જઈને ઉચિત વિનયથી તેણે મહારાજ નાભિરાયના દર્શન કર્યા અને સુખપૂર્વક બેસીને રાજ્ય સિંહાસન પર બેઠેલા મહારાજને આ રીતે નિવેદન કર્યું કે હે દેવ! આજે હું સુખપૂર્વક સુઈ રહી હતી ત્યારે રાત્રિના પાછલા પ્રહરમાં મેં આશ્ચર્યજનક ફળ આપવાવાળા આ સોળ સ્વપ્ન જોયા — સ્વચ્છ અને સફેદ શરીર ધારણ કરવાવાળો ઐરાવત હાથી, દુંદુભિ સમાન શબ્દ કરતો બળદ, પહાડના શિખરને ઉલ્લંઘન કરવાવાળો સિંહ, દેવોના હાથીઓ દ્વારા સ્નાન કરાવવામાં આવતી લક્ષ્મી, આકાશમાં લકટતી બે માળાઓ, આકાશને પ્રકાશમાન કરતો ચંદ્ર, ઉદય થતો સૂર્ય, મનોહર મીનયુગલ, જળથી ભરેલા બે કળશ, સ્વચ્છ જળ અને કમળ સહિત સરોવર, ક્ષુભિત અને વમળયુક્ત સમુદ્ર, દૈદીપ્યમાન સિંહાસન, સ્વર્ગથી આવતું વિમાન, પ્રગટ થતું નાગેન્દ્રનું ભવન, પ્રકાશમાન કિરણોથી શોભિત રત્નોની રાશિ અને સળગતી દૈદીપ્યમાન અગ્નિ. આ સોળ સ્વપ્નાઓ જોયા બાદ, હે રાજન્! મેં જોયું કે એક સુવર્ણ સમાન પીળો બળદ મારા મુખમાં પ્રવેશ કરી રહ્યો છે. હે દેવ! તમે સ્વપ્નાઓનું ફળ કહો. તેનું ફળ સાંભળવાની મારી ઈચ્છા નિરંતર વધી રહી છે. બરાબર છે કે અપૂર્વ વસ્તુ જોવાથી કોનું મન કૌતુક-યુક્ત નથી થતું!

ત્યારબાદ, અવધિજ્ઞાન દ્વારા જેમણે સ્વપ્નાઓનું ઉત્તમ ફળ જાણી લીધું છે અને જેમના દાંતોના કિરણો અતિશય શોભાયમાન થઈ રહ્યા છે એવા મહારાજ નાભિરાય મરુદેવીને સ્વપ્નાઓનું ફળ કહેવા લાગ્યા. હે દેવી! સાંભળો, હાથી જોવાથી તારે ઉત્તમ પુત્ર થશે, ઉત્તમ બળદ જોવાથી તે સમસ્ત લોકમાં જ્યેષ્ઠ થશે, સિંહ જોવાથી તે અનંત બળથી યુક્ત થશે, માળાઓ જોવાથી સમીચીન ધર્મતીર્થ ચલાવવાવાળો થશે, લક્ષ્મી જોવાથી તે સુમેરુ પર્વતના શિખર પર દેવો દ્વારા અભિષેકને પ્રાપ્ત થશે, પૂર્ણ ચંદ્ર જોવાથી સમસ્ત લોકને આનંદ આપવાવાળો થશે, સૂર્ય જોવાથી દૈદીપ્યમાન પ્રભાનો ધારક થશે, બે કળશ જોવાથી અનેક નિધિઓને પ્રાપ્ત થશે, માછલીઓનું યુગલ જોવાથી તે સુખી થશે, સરોવર જોવાથી અનેક લક્ષણોથી શોભિત થશે, સમુદ્ર જોવાથી કેવળી થશે, સિંહાસન જોવાથી જગતનો ગુરુ થઈ સામ્રાજ્યને પ્રાપ્ત થશે, દેવોનું વિમાન જોવાથી તે સ્વર્ગથી અવતરશે, નાગેન્દ્રનું ભવન જોવાથી

અવધિજ્ઞાનરૂપી લોચન સહિત હશે, ચમકતા રત્નોની રાશિ જોવાથી ગુણોની ખાણ હશે, નિર્ધૂમ અગ્નિ જોવાથી કર્મરૂપી ઈંધનને બાળવાવાળો હશે તથા તમારા મુખમાં જે વૃષભ પ્રવેશ્યો છે તેનું ફળ એ છે કે તમારા નિર્મળ ગર્ભમાં ભગવાન વૃષભદેવ પોતાનું શરીર ધારણ કરશે.

આ રીતે, નાભિરાયના વચન સાંભળીને તેનું સંપૂર્ણ શરીર હર્ષથી રોમાંચિત થઈ ગયું કે જેથી એવું જણાતું હતું કે જાણે પરમ આનંદથી નિર્ભર થઈને હર્ષના અંકુરોથી જ વ્યાપ્ત થઈ ગયું હોય! (જ્યારે અવસર્પિણીકાળના ત્રીજા સુખમા-દુઃખમા કાળના ચોર્યાસી લાખ પૂર્વ ત્રણ વર્ષ, આઠ મહિના અને એક પક્ષ બાકી રહી ગયો હતો ત્યારે અષાઢ વદ બીજના દિવસે ઉત્તરાષાઢ નક્ષત્રમાં વજનાભિ અહમિન્દ્ર, દેવાયુનો અંત થતાં સર્વાર્થસિદ્ધિવિમાનથી ચ્યુત થઈ મરુદેવીના ગર્ભમાં અવતીર્ણ થયા અને ત્યાં સીપમાં મોતીની જેમ બધી બાધાઓથી નિર્મુક્ત થઈને સ્થિત થઈ ગયા, તે સમયે સમસ્ત ઈન્દ્ર પોતપોતાને ત્યાં થવાવાળા ચિહ્નોથી ભગવાનના ગર્ભાવતારનો સમય જાણીને ત્યાં આવ્યા અને બધાએ નગરની પ્રદક્ષિણા દઈને ભગવાનના માતા-પિતાને નમસ્કાર કર્યા. સૌધર્મ સ્વર્ગના ઈન્દ્રએ દેવોની સાથે-સાથે સંગીત પ્રારંભ કર્યું. તે સમયે કોઈ જગ્યાએ ગીત ગવાઈ રહ્યા હતા, કોઈ જગ્યાએ વાજા વાગી રહ્યા હતા અને કોઈ જગ્યાએ મનોહર નૃત્ય થઈ રહ્યા હતા. નાભિરાયના મહેલનું આંગણ સ્વર્ગલોકથી આવેલા દેવો દ્વારા ખચાખચ ભરાઈ ગયું હતું. આ રીતે, ગર્ભકલ્યાણક ઉત્સવ કરી તે દેવ પોતપોતાના સ્થાનો પર પાછા ચાલ્યા ગયા.) તે સમયથી લઈને ઈન્દ્રની આજ્ઞાથી દિક્કુમારી દેવીઓ તે સમયે થવાયોગ્ય કાર્ય દ્વારા દાસીઓ સમાન મરુદેવીની સેવા કરવા લાગી.

શ્રી, હ્રી, ધૃતિ, કીર્તિ, બુદ્ધિ અને લક્ષ્મી—આ ષટ્કુમારી દેવીઓ મરુદેવીની સમીપ રહીને તેનામાં ક્રમથી પોતપોતાના શોભા, લજ્જા, ધૈર્ય, સ્તુતિ, બોધ અને વિભૂતિ નામક ગુણોનો સંચાર કર્યો હતો અર્થાત્ શ્રી દેવીએ મરુદેવીની શોભા વધારી હતી, હ્રી દેવીએ લજ્જા વધારી હતી, ધૃતિ દેવીએ ધૈર્ય વધાર્યું હતું, કીર્તિ દેવીએ સ્તુતિ કરી, બુદ્ધિ દેવીએ જ્ઞાનને નિર્મળ કર્યું અને લક્ષ્મી દેવીએ વિભૂતિ વધારી. આ રીતે, તે દેવીઓની સેવા-સંસ્કારથી તે મરુદેવી એવી સુશોભિત થવા લાગી હતી જાણે કે અગ્નિના સંસ્કારથી મણિ સુશોભિત થવા લાગે છે. પરિચર્યા કરતાં સમયે દેવીઓએ સૌથી પહેલાં સ્વર્ગથી લાવેલા પવિત્ર પદાર્થો દ્વારા માતાનું ગર્ભશોધન કર્યું હતું, તે માતા

પ્રથમ તો સ્વભાવથી નિર્મળ અને સુંદર હતી, તે ઉપરાંત દેવીઓએ તેમને વિશુદ્ધ કર્યા હતા. આ બધા કારણોથી તે તે સમયે એવી શોભાયમાન થવા લાગી હતી કે જાણે તેમનું શરીર સ્ફટિકમણિથી જ બનાવવામાં આવ્યું હોય! તે દેવીઓમાં કોઈ તો માતાની સામે અષ્ટમંગળદ્રવ્ય રાખતી હતી, કોઈ તેમને તાંબૂલ આપતી હતી, કોઈ સ્નાન કરાવતી હતી, કોઈ વસ્ત્રાભૂષણ પહેરાવતી હતી, કોઈ ભોજનશાળાના કામમાં નિયુક્ત થઈ, કોઈ શૈયા પાથરવાના કામમાં નિયુક્ત થઈ, કોઈ પગ દબાવવાના કામમાં નિયુક્ત થઈ અને કોઈ અનેક પ્રકારની સુગંધિત પુષ્પમાળાઓ પહેરાવીને માતાની સેવા કરવામાં નિયુક્ત થઈ. XXXXX

મરુદેવી સ્વભાવથી જ સંતુષ્ટ રહેતી હતી અને જ્યારે તેણે એ વાતનું પરિજ્ઞાન થઈ ગયું કે હું મારા ઉદરમાં જ્ઞાનમય તથા ઉત્કૃષ્ટ જ્યોતિ સ્વરૂપ તીર્થંકર પુત્રને ધારણ કરી રહી છું, ત્યારથી અધિક સંતોષ થયો હતો. તે મરુદેવી તે સમયે પોતાના ગર્ભની અંતર્ગત અતિશય દેદીપ્યમાન તેજને ધારણ કરી રહી હતી, તેથી સૂર્યના કિરણોને ધારણ કરવાવાળી પૂર્વદિશા સમાન અતિશય શોભાને પ્રાપ્ત થઈ હતી. અન્ય સર્વકાંતિઓને તિરસ્કૃત કરવાવાળી રત્નોની ધારારૂપી વિશાળ દીપકથી જેનો પૂર્ણ પ્રભાવ જાણી લેવામાં આવ્યો છે એવી તે કમલનયની મરુદેવી કોઈ દીપક વિશેષથી જાણવામાં આવેલી ખજાનાની મધ્યભૂમિ સમાન સુશોભિત થઈ રહી હતી. જેની અંદર અનંત રત્ન ભરેલા છે, તેવી રત્નોની ખાણની ભૂમિ જેવી રીતે અતિશય શોભાને ધારણ કરે છે, તેવી જ રીતે તે મરુદેવી પણ ગર્ભમાં સ્થિત મહાબળશાળી પુત્રથી અતિશય શોભા ધારણ કરી રહી હતી. તે ભગવાન વૃષભદેવ માતાના ઉદરમાં સ્થિત રહીને પણ તેને કોઈ પ્રકારનો કષ્ટ ઉત્પન્ન કરતાં ન હતા. બરાબર જ છે કે દર્પણમાં પ્રતિબિંબિત થયેલી અગ્નિ શું ક્યારે પણ દર્પણને બાળી શકે છે? અર્થાત્ નથી બાળી શકતી.

જો કે માતા મરુદેવીનું કૃષ ઉદર પહેલાંની માફક જ ત્રિવલીઓથી સુશોભિત બની રહ્યું, તેમ છતાં ગર્ભ વૃદ્ધિને પ્રાપ્ત થતો ગયો, તે ભગવાનના તેજનો જ પ્રભાવ હતો! ન તો માતના ઉદરમાં કોઈ વિકાર થયો હતો, ન તો તેમના સ્તનોનો અગ્રભાગ કાળો થયો હતો અને ન તો તેમનું મુખ સફેદ થયુ હતું, તેમ છતાં પણ ગર્ભ વધતો જતો હતો, તે એક આશ્ચર્યકારી વાત છે. જેવી રીતે મદોન્મત્ત ભ્રમર કમલીનીના કેશરને સ્પર્શ્યા વિના જ તેની સુગંધમાત્રથી જ સંતુષ્ટ થઈ જાય છે, તેવી જ રીતે તે સમયે મહારાજ નાભિરાય પણ મરુદેવીના સુગંધયુક્ત

મુખને સુંઘીને જ સંતુષ્ટ થઈ જતા હતા. મરુદેવીના નિર્મળ ગર્ભમાં સ્થિત તથા મતિ, શ્રુત અને અવધિ—આ ત્રણ જ્ઞાનોથી વિશુદ્ધ અંતઃકરણને ધારણ કરવાવાળા ભગવાન વૃષભદેવ એવા સુશોભિત થતા હતા કે જેવી રીતે સ્ફટિકમણિના બનેલા ઘરમાં વચ્ચે રાખવામાં આવેલો નિશ્ચલ દીપક સુશોભિત થાય છે. અનેક દેવ-દેવીઓ જેમનો સત્કાર કરી રહ્યા છે અને જે પોતાના ઉદરમાં નાભિ-કમળની ઉપર ભગવાન વૃષભદેવને ધારણ કરી રહી છે એવી તે મરુદેવી સાક્ષાત્ લક્ષ્મી સમાન શોભાયમાન થઈ રહી હતી. પોતાના સમસ્ત પાપોનો નાશ કરવા માટે ઈન્દ્ર દ્વારા મોકલવામાં આવેલી ઈન્દ્રાણી પણ અપ્સરાઓની સાથે-સાથે ગુપ્તરૂપથી મહાસતી મરુદેવીની સેવા કર્યા કરતી હતી. જેવી રીતે અતિશય શોભાયમાન ચંદ્રની કળા અને સરસ્વતી દેવી કોઈને નમસ્કાર કરતી નથી, પરંતુ બધા લોકો તેમને જ નમસ્કાર કરે છે, તેવી જ રીતે તે મરુદેવી પણ કોઈને નમસ્કાર કરતી ન હતી, પરંતુ સંસારના અન્ય સમસ્ત લોકો સ્વયં તેને જ નમસ્કાર કરતાં હતા. આ વિષયમાં અધિક કહેવાથી શું પ્રયોજન છે? એટલું કહેવું જ બસ છે કે ત્રણેય લોકમાં તે એક જ પ્રશંસનીય હતી. જગતસ્રષ્ટા અર્થાત્ ભોગભૂમિ પછી કર્મભૂમિની વ્યવસ્થા કરવાવાળા શ્રી વૃષભદેવની તે જનની હતી, તેથી કહેવું જોઈએ કે તે સમસ્ત લોકની જનની હતી!

આ પ્રકારે, જે સ્વભાવથી જ મનોહર અંગોને ધારણ કરવાવાળી છે, શ્રી, હ્રી આદિ દેવીઓ જેની ઉપાસના કરે છે તથા અનેક પ્રકારની શોભા અને લક્ષ્મીને ધારણ કરવાવાળા મહારાજ પણ સ્વયં જેમની સેવા કરે છે એવી તે મરુદેવી ત્રણેય લોકમાં અત્યંત સુંદર શ્રી ભવનમાં રહેતી થકી ખૂબ જ સુશોભિત થઈ રહી હતી. અત્યંત સુંદર અંગોને ધારણ કરવાવાળી તે મરુદેવી જાણે કે એક કલ્પલતા જ હતી અને મંદહાસ્યરૂપી પુષ્પોથી જાણે કે લોકોને દેખાડી રહી હતી કે હવે શીઘ્ર જ ફળ લાગવાવાળા છે તથા તેની સમીપ જ બેઠેલા મંગલમય શોભા ધારણ કરવાવાળા મહારાજ નાભિરાય એક ઉંચા કલ્પવૃક્ષ સમાન શોભાયમાન થઈ રહ્યા હતા. તે સમયે મરુદેવીનું મુખ એક કમળ સમાન જણાતું હતું કારણ કે તે કમળ સમાન જ અત્યંત સુંદર હતું, સુગંધિત હતું અને પ્રકાશમાન દાંતોની કિરણમંજરીરૂપ કેશર સહિત હતું તથા વચનરૂપી પરાગરજની આશાથી તેમાં અત્યંત આસક્ત થયેલા મહારાજ નાભિરાય જ પાસે બેઠેલા રાજહંસ પક્ષી હતા.

આ રીતે, તેના મુખરૂપી કમળને, ઉદિત થતાં બાળકરૂપી સૂર્યએ અત્યંત હર્ષને પ્રાપ્ત કરાવ્યું હતું અથવા

તે મરુદેવીનું મુખ પૂર્ણ ચંદ્ર સમાન હતું કારણ કે તે પણ પૂર્ણ ચંદ્ર સમાન બધા લોકોને ઉત્કૃષ્ટ આનંદ આપવાવાળું હતું અને ચંદ્ર જેવી રીતે અમૃતની સૃષ્ટિ કરે છે, તેવી જ રીતે તેનું મુખ પણ વારંવાર ઉત્કૃષ્ટ વચનરૂપી અમૃતની સૃષ્ટિ કરતું હતું. મહારાજ નાભિરાય તેના વચનરૂપી અમૃતને પીવામાં ખૂબ જ સતૃષ્ણ હતા, તેથી તેઓ પોતાના પરિવારરૂપી કુમુદસમૂહ દ્વારા વિભક્ત કરી દેવામાં આવેલા પોતાના ભાગનું ઈચ્છાનુસાર પાન કરતાં થકા રમણ કરતાં હતા. ભાવાર્થ—મરુદેવીની આજ્ઞા પાલન કરવા માટે મહારાજ નાભિરાય તથા તેમનો સમસ્ત પરિવાર તૈયાર રહેતો હતો.

આ પ્રકારે, જે પ્રગટરૂપથી અનેક મંગળ ધારણ કરે છે અને અનેક દેવીઓ આદરપૂર્વક જેની સેવા કરે છે એવી મરુદેવી પરમ સુખ દેવાવાળા અને ત્રણેય લોકમાં આશ્ચર્ય કરવાવાળા ભગવાન વૃષભદેવરૂપી તેજઃપુંજને ધારણ કરી રહી હતી અને મહારાજ નાભિરાય કમળોથી સુશોભિત તળાવ સમાન જિનેન્દ્ર થવાવાળા પુત્રરૂપી સૂર્યની પ્રતિક્ષા કરતાં થકા ખૂબ જ આકાંક્ષા સાથે પરમસુખ આપવાવાળા ધૈર્યને ધારણ કરી રહ્યા હતા.

આ રીતે, આર્ષ નામથી પ્રસિદ્ધ ભગવજ્જિનસેનાચાર્ય-વિરચિત ત્રિષષ્ટિલક્ષણ મહાપુરાણ સંગ્રહમાં ભગવાન આદિનાથના સ્વર્ગાવતરણનું વર્ણન કરવાવાળો બારમો અધ્યાય સમાપ્ત થયો.

* મોહની સંગતિ અત્યંત દુઃખકારક છે. (અ. ૪, શ્લોક ૨૫)
* ધર્મથી ઈચ્છાનુસાર સંપત્તિ મળે છે, તેનાથી ઈચ્છાનુસાર સુખની પ્રાપ્તિ થાય છે અને તેનાથી મનુષ્ય પ્રસન્ન રહે છે; આમ, આ પરંપરા ફક્ત ધર્મથી જ પ્રાપ્ત થાય છે. (અ. ૫, શ્લોક ૧૫)
* જે પ્રકારે કારણ વિના કદી કાર્યની ઉત્પત્તિ થતી નથી, દીપક વિના કદી પ્રકાશ હોતો નથી, બીજ વિના અંકુર હોતું નથી, વાદળ વિના વરસાદ હોતો નથી અને છત્ર વિના છાયા હોતી નથી, તે જ પ્રમાણે ધર્મ વિના સંપદાઓ પ્રાપ્ત થતી નથી. (અ. ૫, શ્લોક ૧૮)
* ધર્મ તે જ છે કે જેનું મૂળ દયા હોય અને પ્રત્યેક પ્રાણી ઉપર અનુકંપા કરવી દયા છે. આ દયાની રક્ષાને માટે જ ઉત્તમ ક્ષમાદિ બાકીના ગુણો કહેવામાં આવ્યા છે. (અ. ૫, શ્લોક ૨૧)

## અધ્યાય તેરમો

ત્યારબાદ, ઉપર કહેલી શ્રી, હ્રી આદિ દેવીઓ જેની સેવા કરવા માટે સદાય સમીપમાં વિદ્યમાન રહેતી હતી તેવી માતા મરુદેવીએ નવ મહિના પૂરા થતાં ભગવાન વૃષભદેવને જન્મ આપ્યો. જેવી રીતે પ્રાતઃકાળના સમયે પૂર્વદિશા કમળોને વિકસિત કરવાવાળા પ્રકાશમાન સૂર્યને પ્રાપ્ત થાય છે, તેવી જ રીતે તે મરુદેવી પણ ચૈત્ર વદ નવમીના દિવસે સૂર્યોદયના સમયે ઉત્તરાષાઢ નક્ષત્ર અને બ્રહ્મ નામક મહાયોગમાં મતિ, શ્રુત અને અવધિ—આ ત્રણ જ્ઞાનથી શોભાયમાન, બાળક હોવા છતાં પણ ગુણોથી વૃદ્ધ તથા ત્રણેય લોકના એક માત્ર સ્વામી દૈદીપ્યમાન પુત્રને પ્રાપ્ત થઈ હતી. ત્રણ જ્ઞાનરૂપી કિરણોથી શોભાયમાન, અતિશય કાંતિના ધારક અને નાભિરાયરૂપી ઉદયાચળથી ઉદયને પ્રાપ્ત થયેલ બાળકરૂપી સૂર્ય ખૂબ જ શોભાયમાન થતો હતો, તે સમયે સમસ્ત દિશાઓ સ્વચ્છતાને પ્રાપ્ત થઈ હતી અને આકાશ નિર્મળ થઈ ગયું હતું. એવું જણાતું હતું કે ભગવાનના ગુણોની નિર્મળતાનું અનુકરણ કરવા માટે જ દિશાઓ અને આકાશ સ્વચ્છતાને પ્રાપ્ત થયા હોય! તે સમયે પ્રજાનો હર્ષ વધી રહ્યો હતો, દેવ આશ્ચર્યને પ્રાપ્ત થઈ રહ્યા હતા અને કલ્પવૃક્ષ ઉપરથી પ્રફુલ્લિત થઈને ફૂલ વરસાવી રહ્યા હતા. દેવોના દુંદુભિ વાજા વગાડ્યા વિના જ ઉંચા શબ્દ કરતાં થકા વાગી રહ્યા હતા અને કોમળ, શીતળ તથા સુગંધિત વાયુ ધીરે-ધીરે વહી રહ્યો હતો. તે સમયે પહાડોને હલાવતી પૃથ્વી પણ હલવા લાગી હતી, જાણે કે સંતોષથી નૃત્ય જ કરી રહી હોય! અને સમુદ્ર પણ લહેરાઈ રહ્યો હતો, જાણે કે પરમ આનંદને પ્રાપ્ત થયો હોય!

ત્યારબાદ, સિંહાસન કંપાયમાન થવાથી અવધિજ્ઞાન દ્વારા ઈન્દ્રએ જાણી લીધું કે સમસ્ત પાપોને જીતવાવાળા જિનેન્દ્રદેવનો જન્મ થયો છે. આગામી કાળમાં ઉત્પન્ન થવાવાળા ભવ્યજીવરૂપી કમળોને વિકસિત કરવાવાળા શ્રી તીર્થંકરરૂપી સૂર્યના ઉદિત થતા જ તેમના જન્માભિષેકનો વિચાર કર્યો. તે સમયે અકસ્માત જ બધા દેવોના આસન કંપાયમાન થવા લાગ્યા હતા અને એવું જણાતું હતું કે જાણે એ દેવોને ખૂબ જ સંભ્રમ સાથે ઉંચા સિંહાસનોથી

નીચે ઉતારી રહ્યા હોય. જેના મુકુટમાં લાગેલા મણિ થોડા હલી રહ્યા છે એવા દેવોના મસ્તક સ્વયમેવ નમ્રીભૂત થઈ ગયા હતા અને એવા જણાતા હતા કે જાણે ખૂબ જ આશ્ચર્યથી સુર-અસુર આદિ બધાના ગુરુ ભગવાન જિનેન્દ્રદેવના જન્મની ભાવના જ કરી રહ્યા હોય! તે સમયે કલ્પવાસી, જ્યોતિષી, વ્યંતર અને ભવનવાસી દેવોના ઘરોમાં ક્રમથી સ્વયમેવ જ ઘંટ, સિંહનાદ, ભેરી અને શંખના શબ્દ થવા લાગ્યા હતા. ઊઠેલી લહેરોથી શોભાયમાન સમુદ્ર સમાન તે વાજાઓનો ગંભીર શબ્દ સાંભળીને દેવોએ જાણી લીધું કે ત્રણ લોકના સ્વામી તીર્થંકર ભગવાનનો જન્મ થયો છે. ત્યારબાદ, મહાસાગરની લહેરો સમાન શબ્દ કરતી દેવોની સેનાઓ ઈન્દ્રની આજ્ઞા મેળવીને અનુક્રમથી સ્વર્ગથી નીકળી. હાથી, ઘોડા, રથ, ગંધર્વ, નૃત્ય કરવાવાળી, પાયદળ અને બળદ આ પ્રકારે ઈન્દ્ર આ સાત મોટી-મોટી સેનાઓ નીકળી.

ત્યારબાદ, સૌધર્મ સ્વર્ગના ઈન્દ્રએ ઈન્દ્રાણી સહિત ખૂબ જ વિશાળ (એક લાખ યોજન વિસ્તૃત) ઐરાવત હાથી ઉપર ચડીને અનેક દેવોથી પરિવૃત્ત થઈ પ્રસ્થાન કર્યું. ત્યારબાદ, સામાનિક, ત્રાયસ્ત્રિંશ, પારિષદ, આત્મરક્ષ અને લોકપાલ જાતિના દેવોએ તે સૌધર્મ ઈન્દ્રને ચારે તરફથી ઘેરી લીધા અર્થાત્ તેની ચારે તરફ ચાલવા લાગ્યા. તે સમયે દુંદુભિ વાજાઓના ગંભીર શબ્દથી તથા દેવોના જયજય શબ્દના ઉચ્ચારણથી તે દેવસેનામાં ખૂબ જ ભારે કોલાહલ થઈ રહ્યો હતો. તે સેનામાં આનંદિત થયેલા કેટલાય દેવ હસી રહ્યા હતા, કેટલાય નૃત્ય કરી રહ્યા હતા, કેટલાય ઊછળી રહ્યા હતા, કેટલાય ઉચ્ચ શબ્દ કરી રહ્યા હતા, કેટલાય આગળ દોડી રહ્યા હતા અને કેટલાય ગીતો ગાઈ રહ્યા હતા. તે બધા દેવ-દેવેન્દ્ર પોતપોતાના વિમાનો અને પૃથક્-પૃથક્ વાહનો પર ચડીને સમસ્ત આકાશરૂપી આંગણને વ્યાપ્ત કરીને આવી રહ્યા હતા. તે આવતા દેવોના વિમાન અને વાહનોથી વ્યાપ્ત થયેલું આકાશ એવું જણાતું હતું કે જાણે ૬૩ પટવાળા સ્વર્ગથી ભિન્ન કોઈ બીજા જ સ્વર્ગની સૃષ્ટિ કરી રહ્યા હોય! તે સમયે ઈન્દ્રના શરીરના કાંતિરૂપી સ્વચ્છ જળથી ભરેલા આકાશરૂપી સરોવરમાં અપ્સરાઓના મંદ-મંદ હસતા મુખ કમળોની શોભા વિસ્તૃત કરી રહ્યા હતા અથવા ઈન્દ્રની સેનારૂપી ચંચળ લહેરોથી ભરેલા આકાશરૂપી સમુદ્રમાં ઉપર તરફ સૂંઢ કરેલા દેવોના હાથી મગરમચ્છ સમાન સુશોભિત થઈ રહ્યા હતા.

ત્યારબાદ, તે દેવોની સેનાઓ ક્રમ-ક્રમથી ખૂબ જ શીઘ્ર આકાશથી જમીન પર ઉતરીને ઉત્કૃષ્ટ વિભૂતિઓથી

શોભાયમાન અયોધ્યાપુરીમાં જઈ પહોંચી. દેવોના સૈનિક ચારે તરફથી અયોધ્યાપુરીને ઘેરીને સ્થિત થઈ ગયા અને મોટા ઉત્સવપૂર્વક આવેલા ઈન્દ્રથી રાજા નાભિરાયનું આંગણ ભરાઈ ગયું. ત્યારબાદ, ઈન્દ્રાણીએ મોટા ઉત્સવપૂર્વક પ્રસૂતિગૃહમાં પ્રવેશ કર્યો અને ત્યાં કુમારની સાથે-સાથે જિનમાતા મરુદેવીના દર્શન કર્યા. જેવી રીતે અનુરાગ–લાલી સહિત સંધ્યા બાળસૂર્યથી યુક્ત પૂર્વદિશાને ખૂબ જ હર્ષથી જુએ છે, તેવી જ રીતે અનુરાગ–પ્રેમસહિત ઈન્દ્રાણીએ જિનબાળકથી યુક્ત જિનમાતાને ખૂબ જ પ્રેમથી જોયા. ઈન્દ્રાણીએ ત્યાં જઈને પહેલાં તેમની અનેકવાર પ્રદક્ષિણા કરી, પછી જગતના ગુરુ જિનેન્દ્રદેવને નમસ્કાર કર્યા અને પછી જિનમાતાની સામે ઊભા રહીને આ પ્રકારે સ્તુતિ કરી કે હે માતા! તું ત્રણેય લોકની કલ્યાણકારિણી માતા છે! તું જ મંગળકારી છે! તું જ મહાદેવી છે! તું જ પુણ્યવતી છે! અને તું જ યશસ્વીની છે! જેણે પોતાના શરીરને ગુપ્ત કરી રાખ્યું છે એવી ઈન્દ્રાણીએ ઉપર લખ્યા અનુસાર જિનમાતાની સ્તુતિ કરી તેમને માયાથી સુવડાવી દીધા. ત્યારબાદ, તેમની પાસે માયામયી બીજું બાળક રાખીને શરીરથી નીકળતા તેજ દ્વારા લોકને વ્યાપ્ત કરવાવાળા ચૂડામણિ રત્ન સમાન જગદ્‌ગુરુ જિનબાળકને બંને હાથોથી ઊઠાવીને તે પરમ આનંદને પ્રાપ્ત થઈ, તે સમયે અત્યંત દુર્લભ ભગવાનના શરીરનો સ્પર્શ પામીને ઈન્દ્રાણીએ એવું માન્યું હતું કે જાણે મેં ત્રણેય લોકનું સમસ્ત ઐશ્વર્ય પોતાને આધીન કરી લીધું હોય! તે ઈન્દ્રાણી વારંવાર તેમનું મુખ જોતી હતી, વારંવાર તેમના શરીરનો સ્પર્શ કરતી હતી અને વારંવાર તેમના શરીરને સૂંઘતી હતી કે જેથી તેના નેત્ર હર્ષથી પ્રફુલ્લિત થઈ ગયા હતા અને તે ઉત્કૃષ્ટ પ્રીતિને પ્રાપ્ત થઈ હતી.

ત્યારબાદ, જિનબાળકને લઈને જતી તે ઈન્દ્રાણી એવી સુશોભિત થઈ રહી હતી કે જાણે પોતાના દૈદીપ્યમાન કિરણોથી આકાશને વ્યાપ્ત કરવાવાળા સૂર્યને લઈને જતું આકાશ જ સુશોભિત થઈ રહ્યું હોય! તે સમયે ત્રણેય લોકમાં મંગળ કરવાવાળા ભગવાનની આગળ અષ્ટમંગળ દ્રવ્ય ધારણ કરવાવાળી દિક્કુમારી દેવીઓ ચાલી રહી હતી અને એવી જણાતી હતી કે જાણે ભેગી કરવામાં આવેલી ભગવાનની ઉત્તમ ઋદ્ધિઓ જ હોય! છત્ર, ધ્વજા, કળશ, ચમર, સુપ્રતિષ્ઠક (સ્વસ્તિક), ઝારી, દર્પણ અને તાડનો પંખો—આ આઠ મંગળ દ્રવ્ય કહેવાય છે, તે મંગળમાં પણ મંગળપણાને પ્રાપ્ત કરાવવાવાળા અને તરુણ સૂર્ય સમાન શોભાયમાન ભગવાન પોતાની દીપ્તિથી દીપકના પ્રકાશને રોકી રહ્યા હતા. ભાવાર્થ—ભગવાનના શરીરની દીપ્તિ સામે દીપકનો પ્રકાશ ફેલાઈ રહ્યો ન હતો.

ત્યારબાદ, જેવી રીતે પૂર્વદિશા પ્રકાશમાન મણિઓથી સુશોભિત ઉદયાચળના શિખર પર બાળસૂર્યને બિરાજમાન કરી દે છે, તેવી જ રીતે ઈન્દ્રાણીએ જિનબાળકને ઈન્દ્રની હથેળી પર બિરાજમાન કરી દીધા. **(સૌધર્મ ઈન્દ્રનું પુણ્ય એટલું છે કે તેણે શચિ પાસેથી બાળ ભગવાન લેવા માટે પોતાની પત્ની-શચિના પગમાં પડવું પડતું નથી કે તેની આગળ-પાછળ ફરીને આજીજી કરવી પડતી નથી. સૌધર્મેન્દ્રનું પુણ્ય અચિંત્ય છે.)** ઈન્દ્ર આદર સહિત ઈન્દ્રાણીના હાથથી ભગવાનને લઈને હર્ષથી નેત્રોને પ્રફુલ્લિત કરતો થકો તેમનું સુંદર રૂપ જોવા લાગ્યો તથા નીચે લખ્યા અનુસાર તેમની સ્તુતિ કરવા લાગ્યો— હે દેવ! આપ ત્રણેય જગની જ્યોતિ છો. હે દેવ! આપ ત્રણેય જગતના ગુરુ છો. હે દેવ! આપ ત્રણેય જગતના વિધાતા છો અને હે દેવ! આપ ત્રણેય જગતના સ્વામી છો. હે નાથ! વિદ્વાન લોકો કેવળજ્ઞાનરૂપી સૂર્યનો ઉદય થવા માટે આપને જ મોટા-મોટા મુનિઓ દ્વારા વંદનીય અને અતિશય ઉન્નત ઉદયાચળ પર્વત માને છે. હે નાથ! આપ ભવ્યજીવરૂપી કમળોના સમૂહને વિકસિત કરવા માટે સૂર્ય સમાન છો. મિથ્યાજ્ઞાનરૂપી ગાઢ અંધકારથી ઢંકાયેલો આ સંસાર હવે આપના દ્વારા જ પ્રબોધને પ્રાપ્ત થશે. હે નાથ! આપ ગુરુઓના પણ ગુરુ છો, તેથી આપને નમસ્કાર હો! આપ મહાબુદ્ધિમાન છો, તેથી આપને નમસ્કાર હો! આપ ભવ્યજીવરૂપી કમળોને વિકસિત કરવા માટે સૂર્ય સમાન છો અને ગુણોના સમુદ્ર સમાન છો, તેથી આપને નમસ્કાર હો! હે ભગવન્! આપે ત્રણેય લોકને જાણી લીધા છે, તેથી આપથી જ્ઞાન પ્રાપ્ત કરવાની ઈચ્છા કરતાં થકા અમે લોકો આપના ચરણકમળને ખૂબ જ આદરથી પોતાના મસ્તક પર ધારણ કરીએ છીએ. હે નાથ! મુક્તિરૂપી લક્ષ્મી ઉત્કંઠિત થઈને આપમાં સ્નેહ રાખે છે અને જેવી રીતે સમુદ્રમાં મણિ વધતા રહે છે, તેવી જ રીતે આપમાં અનેક ગુણ વધતા રહે છે.

આ રીતે, દેવોના અધિપતિ ઈન્દ્રએ સ્તુતિ કરીને ભગવાનને પોતાના ખોળામાં ધારણ કર્યા અને મેરુ પર્વત પર ચાલવાની શીઘ્રતાથી ઈશારો કરવા માટે પોતાનો હાથ ઉંચો કર્યો. હે ઈશ! આપની જય હો, આપ સમૃદ્ધિવાન હો અને આપ સદાય વૃદ્ધિ પામો—આ પ્રકારે જોર જોરથી કહેતાં દેવોએ તે સમયે એટલો બધો કોલાહલ કર્યો હતો કે જેથી સમસ્ત દિશાઓ બહેરી થઈ ગઈ હતી! ત્યારબાદ, જય જય શબ્દનું ઉચ્ચારણ કરતાં અને પોતાના આભૂષણોના ફેલાતા કિરણોથી ઈન્દ્રધનુષને વિસ્તૃત કરતાં થકા દેવલોકો આકાશરૂપી આંગણમાં ઉપર તરફ ચાલવા

લાગ્યા. તે સમયે કેટલીક અપ્સરાઓ પોતાની નૈણરૂપી પતાકાઓ ઉપર ઊઠાવીને આકાશરૂપી રંગભૂમિમાં સૌથી આગળ નૃત્ય કરી રહી હતી અને ગંધર્વદેવ તેમની સાથે પોતાનું સંગીત પ્રારંભ કરી રહ્યા હતા. રત્નખચિત દેવોના વિમાનોથી જ્યાં-ત્યાં બધી બાજુ વ્યાપ્ત થયેલું નિર્મળ આકાશ એવું શોભાયમાન થઈ રહ્યું હતું કે જાણે ભગવાનના દર્શન કરવા માટે તેણે પોતાના નેત્ર જ ખોલી રાખ્યા હોય! તે સમયે સફેદ વાદળ, સફેદ પતાકાઓ સહિત કાળા હાથીઓ સાથે મળીને એવા શોભાયમાન થઈ રહ્યા હતા કે જાણે બગલાઓ પક્ષીઓ સહિત કાળા-કાળા વાદળોથી મળી રહ્યા હોય! ક્યાંક-ક્યાંક અનેક મેઘ મોટા-મોટા વિમાનોની ટક્કરથી ચૂર-ચૂર થઈને નષ્ટ થઈ ગયા હતા. બરાબર જ છે કારણ કે જે જડરૂપ થઈને પણ મોટાઓથી વેર રાખે તેઓ નષ્ટ થાય જ છે. દેવોના હાથીઓના ગંડસ્થળથી ઝરવાવાળા મદની સુગંધથી આકૃષ્ટ થયેલા ભ્રમરોએ વનના પ્રદેશોને છોડી દીધા હતા. **બરાબર જ છે કે લોકો નવીનપ્રિય હોય છે—તેમને નવી-નવી વસ્તુ સારી લાગે છે.** તે સમયે ઈન્દ્રોના શરીરની પ્રભાથી સૂર્યનો તેજ પરાસ્ત થઈ ગયો હતો–ફીકો પડી ગયો હતો, તેથી એવું જણાતું હતું કે જાણે લજ્જાને પ્રાપ્ત થઈ ચૂપચાપ ક્યાંક છૂપાઈ ગયો હોય! પહેલાં સૂર્ય પોતાના કિરણરૂપી હાથ દ્વારા દિશારૂપી અંગનાઓનું આલિંગન કર્યા કરતો હતો, પરંતુ તે સમયે ઈન્દ્રોના શરીરનું ઉદ્યોત સૂર્યના તે આલિંગનને છોડાવીને સ્વયં દિશારૂપી અંગનાઓ સમીપ જઈ પહોંચ્યા હતા. તે બરાબર જ છે કે સ્ત્રીઓ બળવાન પુરુષોને જ ભોગ્ય હોય છે. ભાવાર્થ—ઈન્દ્રોના શરીરની કાંતિ સૂર્યની કાંતિને નિષ્પ્રભ કરીને સમસ્ત દિશાઓમાં ફેલાઈ ગઈ હતી.

ઐરાવત હાથીના દાંત પર બનેલા સરોવરોમાં કમળદળ પર જે અપ્સરાઓનું નૃત્ય થઈ રહ્યુ હતું તે દેવોને પણ અતિશય રસિક બનાવી રહ્યા હતા. તે સમયે જિનેન્દ્રદેવના ગુણોથી રચાયેલા કિન્નર દેવોના મધુર સંગીત સાંભળીને દેવલોકો પોતાના કાનનું ફળ પ્રાપ્ત કરી રહ્યા હતા—પોતાના કાનને સફળ બનાવી રહ્યા હતા. તે સમયે ટીમકાર રહિત નેત્રોથી ભગવાનનું દિવ્ય શરીર જોવાવાળા દેવોએ પોતાના નેત્રોનું ટીમકાર રહિત હોવાનું ફળ પ્રાપ્ત કર્યું હતું. ભાવાર્થ—દેવોની આંખોની પલક ક્યારેય પણ ઝપકતી નથી, તેથી દેવોએ પલક ઝબકાવ્યા વિના જ ભગવાનના સુંદર શરીરના દર્શન કર્યા હતા. દેવ ભગવાનના સુંદર શરીરને પલક ઝબકાવ્યા વિના જ જોઈ શક્યા હતા તે જાણે કે તેમના તેવા નેત્રોનું ફળ હતું–ભગવાનનું સુંદર શરીર જોવા માટે જ જાણે કે વિધાતાએ તેમના

નેત્રોને પલક સ્પંદ—ટીમકાર રહિત બનાવ્યા હતા. જિનબાળને ખોળામાં લેવા, તેમના ઉપર સફેદ છત્ર ધારણ કરવું અને ચમર ઢાળવું આદિ બધા કાર્ય સ્વયં પોતાના હાથથી કરતાં થકા ઈન્દ્રલોકો ભગવાનના અલૌકિક ઐશ્વર્યને પ્રગટ કરી રહ્યા હતા.

તે સમયે ભગવાન, સૌધર્મ ઈન્દ્રના ખોળામાં બેઠા હતા, ઐશાન ઈન્દ્ર સફેદ છત્ર લગાવીને તેમની સેવા કરી રહ્યા હતા અને સનત્કુમાર તથા માહેન્દ્ર સ્વર્ગના ઈન્દ્ર તેમની બંને તરફ ક્ષીરસાગરની લહેરો સમાન સફેદ ચમર ઢોરી રહ્યા હતા. તે સમયની વિભૂતિ જોઈને કેટલાય અન્ય મિથ્યાદૃષ્ટિ દેવ ઈન્દ્રને પ્રમાણ માનીને સમચીન જૈનમાર્ગમાં શ્રદ્ધા કરવા લાગ્યા હતા. મેરુ પર્વત પર્યંત નીલમણિઓથી બનાવેલા પગથિયા એવા શોભાયમાન થઈ રહ્યા હતા કે જાણે આકાશ જ ભક્તિથી પગથિયારૂપ પર્યાયને પ્રાપ્ત થયું હોય! ક્રમક્રમથી તે ઈન્દ્ર જ્યોતિષપટલનું ઉલ્લંઘન કરીને ઉપર જવા લાગ્યા, તે સમયે તેઓ નીચે તારાઓ સહિત આકાશને એવું સમજતા હતા કે જાણે કુમુદિનીઓ સહિત સરોવર જ હોય!

ત્યારબાદ, તે ઈન્દ્ર ૯૯૦૦૦ યોજન ઉપર સુમેરુ પર્વત ઉપર જઈ પહોંચ્યા કે જેના મસ્તક પર સ્થિત ચૂલિકા મુકુટ સમાન સુશોભિત થાય છે અને જેની ઉપર સૌધર્મ સ્વર્ગનું ઋજુવિમાન ચૂડામણિની શોભાને ધારણ કરે છે. જે પોતાના મધ્યભાગ પર ઘનઘોર છાયાવાળા મોટા-મોટા વૃક્ષોથી વ્યાપ્ત ભદ્રશાલ નામના મહાવનને એવી રીતે ધારણ કરે છે કે જાણે લીલા રંગની ધોતી જ ધારણ કરી હોય! તેનાથી આગળ ચાલીને પોતાની પહેલી મેખલા ઉપર અનેક રત્નમયી વૃક્ષોથી સુશોભિત નંદનવનને એવી રીતે ધારણ કરી રહ્યો છે કે જાણે તેની કરધની જ હોય! તે પુષ્પ અને પલ્લવોથી શોભાયમાન લીલા રંગના સૌમનસ વનને એવી રીતે ધારણ કરે છે કે જાણે તેનો ઓઢવાનો દુપ્પટ્ટો જ હોય! પોતાની સુગંધથી ભ્રમરને બોલાવવાવાળા ફૂલો દ્વારા મુકુટની શોભાને ધારણ કરતાં થકા પાંડુકવન જેના શિખરપર્યંત ભાગને સદાય અલંકૃત કરતો રહે છે. આ રીતે, જેના ચારેય વનોની પ્રત્યેક દિશામાં એક-એક જિનમંદિર ચમકતા મણિઓની કાંતિથી એવા સુશોભિત થઈ રહ્યા છે કે જાણે સ્વર્ગના વિમાનોની હાંસી જ કરી રહ્યા હોય!

જે પર્વત સુવર્ણમયી છે અને ખૂબ જ ઊંચો છે તેથી જે લવણસમુદ્રરૂપી વસ્ત્ર પહેરેલા જંબૂદ્વીપરૂપી

મહારાજના સુવર્ણમય મુકુટનો સંદેહ ઉત્પન્ન કરતો રહે છે, જે તીર્થંકર ભગવાનના પવિત્ર અભિષેકની સામગ્રી ધારણ કરવાથી સદાય પવિત્ર રહે છે અને અતિશય ઉંચો અથવા સમૃદ્ધિશાળી છે જાણે કે જ્યોતિષીદેવોનો સમૂહ સદાય જેની પ્રદક્ષિણા આપ્યા કરે છે, જે પર્વત જિનેન્દ્રદેવ સમાન અત્યંત ઉન્નત છે, તેથી અનેક ચારણમુનિ હર્ષિત થઈને પુણ્ય પ્રાપ્ત કરવાની ઈચ્છાથી સદાય જેની સેવા કર્યા કરે છે, જે દેવકુરુ, ઉત્તરકુરુ, ભોગભૂમિઓને પોતાના સમીપવર્તી પર્વતોથી ઘેરીને સદાય નિર્બાધરૂપથી તેની રક્ષા કર્યા કરે છે, બરાબર છે કારણ કે ઉત્કૃષ્ટતાનું તે જ માહાત્મ્ય છે, સ્વર્ગલોકની શોભાની હાંસી કરવાવાળી પર્વતની જે ગુફાઓમાં દેવ અને ધરણેન્દ્ર સ્વર્ગ છોડીને પોતાની સ્ત્રીઓ સાથે નિવાસ કર્યા કરે છે, જે પાંડુકવનના સ્થાનોમાં સ્ફટિકમણિની બનેલી અને તીર્થંકરોના અભિષેક ક્રિયાને યોગ્ય નિર્મળ પાંડુકશિલાને ધારણ કરી રહ્યો છે અને જે મેરુ પર્વત સૌધમ ઈન્દ્ર સમાન શોભાયમાન થાય છે. કારણ કે જેવી રીતે સૌધર્મ ઈન્દ્ર તુંગ અર્થાત્ શ્રેષ્ઠ અથવા ઉદાર છે, તેવી જ રીતે તે સુમેરુ પર્વત તુંગ અર્થાત્ ઉંચો છે; સૌધર્મ ઈન્દ્રની અનેક વિબુધ–દેવો સેવા કર્યા કરે છે, તેવી જ રીતે મેરુ પર્વતની પણ અનેક દેવો અથવા વિદ્વાનો સેવા કર્યા કરે છે; જેવી રીતે સૌધર્મ ઈન્દ્ર સદાય ઋતુ વિમાનમાં રહેવાવાળા છે, તેવી જ રીતે સુમેરુ પર્વત પણ ઋતુવિમાનનો આધાર અથવા છએ ઋતુઓનો આશ્રય છે અને જેવી રીતે સૌધર્મ ઈન્દ્ર અનેક અપ્સરાઓના સમૂહથી સેવનીય છે, તેવી જ રીતે સુમેરુ પર્વત પણ અપ્સરાઓ અથવા જળથી ભરેલા સરોવરોથી શોભાયમાન છે. આ રીતે, જે ઉંચાઈથી શોભાયમાન છે, સુંદરતાની ખાણ છે અને સ્વર્ગનો જાણે કે અધિષ્ઠાતા દેવ જ છે એવા તે સુમરુ પર્વતને પામીને દેવલોકો ખૂબ જ પ્રસન્ન થયા.

ત્યારબાદ, ઈન્દ્રએ ખૂબ જ પ્રેમપૂર્વક દેવોની સાથે-સાથે તે ગિરિરાજ સુમેરુ પર્વતની પ્રદક્ષિણા કરીને તેના મસ્તક પર હર્ષપૂર્વક શ્રી જિનેન્દ્રરૂપી સૂર્યને બિરાજમાન કર્યા. તે મેરુ પર્વતના પાંડુકવનમાં પૂર્વ અને ઉત્તરદિશાની વચ્ચે અર્થાત્ ઈશાન દિશામાં એક વિશાળ પાંડુક નામની શીલા છે કે જે તીર્થંકર ભગવાનના જન્માભિષેકને ધારણ કરે છે અર્થાત્ જેના પર તીર્થંકરોનો અભિષેક થયા કરે છે, તે શિલા અત્યંત પવિત્ર છે, મનોજ્ઞ છે, રમણીય છે, મનોહર છે, ગોળ છે અને અષ્ટમ પૃથ્વી સિદ્ધશિલા સમાન શોભાયમાન છે. તે શિલા સો યોજન લાંબી છે, પચાસ યોજન પહોળી છે, આઠ યોજન ઉંચી છે અને અર્ધચંદ્ર સમાન આકારવાળી છે એવું જિનેન્દ્ર ભગવાને કહ્યું છે.

તે પાંડુકશિલા સદાય નિર્મળ રહે છે, તેના ઉપર ઈન્દ્રોએ ક્ષીર સમુદ્રના જળથી તેનું ઘણીવાર પ્રક્ષાલન કર્યું છે, તેથી તે પવિત્રતાની ચરમસીમાને ધારણ કરી રહી છે. નિર્મળતા, પૂજ્યતા, પવિત્રતા અને જિનેન્દ્રદેવને ધારણ કરવાની અપેક્ષાએ તે પાંડુકશિલા જિનેન્દ્રદેવની માતા સમાન શોભાયમાન થાય છે. તે શિલા દેવો દ્વારા ઉપરથી છોડવામાં આવેલા મુક્તાફળ સમાન ઉજ્જ્વળ કાંતિવાળી છે અને દેવલોકો જે તેના ઉપર પુષ્પ ચડાવે છે, તે સદૃશતાને કારણે તેમાં જ છુપાઈ જાય છે–પૃથક્રૂપથી ક્યારેય પણ પ્રગટ દેખાતા નથી. તે પાંડુકશિલા જિનેન્દ્રદેવના અભિષેક માટે સદાય બહુમૂલ્ય અને શ્રેષ્ઠ સિંહાસન ધારણ કરેલી હોય છે કે જેથી એવું જણાય છે કે જાણે મેરુ પર્વતની ઉપર બીજો મેરુ પર્વત જ રાખ્યો હોય! તે શિલા તે મુખ્ય સિંહાસનની બંને તરફ રાખવામાં આવેલા બે સુંદર આસનોને ધારણ કરે છે. તે બંને આસન જિનેન્દ્રદેવનો અભિષેક કરવા માટે સૌધર્મ અને ઈશાન ઈન્દ્ર માટે નિશ્ચિત રહે છે. દેવલોકો સદાય તે પાંડુકશિલાની પૂજા કરે છે, તે દેવો દ્વારા ચડાવવામાં આવેલી સામગ્રી દ્વારા નિરંતર મનોહર રહે છે અને નિત્ય મંગલમય સંગીત, નૃત્ય, વાજિંત્ર આદિથી શોભાયમાન રહે છે. તે શિલા છત્ર, ચમર, ઝારી, ઠોના(સ્વસ્તિક), દર્પણ, કળશ, ધ્વજા અને તાડનો પંખો—આ આઠ મંગળ દ્રવ્યોને ધારણ કરે છે. તે નિર્મળ પાંડુકશિલા શિલવ્રતની પરંપરા સમાન મુનિઓને ખૂબ જ ઈષ્ટ છે અને જિનેન્દ્રદેવના શરીર સમાન અત્યંત દૈદીપ્યમાન, મનોજ્ઞ અથવા સુગંધિત અને પવિત્ર છે. જો કે તે પાંડુકશિલા સ્વયં ધૌત છે અર્થાત્ શ્વેતવર્ણની અથવા ઉજ્જ્વળ છે, તેમ છતાં ઈન્દ્રોએ ક્ષીરસાગરના પવિત્રજળથી તેનું સેંકડોવાર પ્રક્ષાલન કર્યું છે. વાસ્તવમાં તે શિલા પુણ્ય ઉત્પન્ન કરવા માટે ખાણની ભૂમિ સમાન છે. તે શિલાની સમીપવર્તી પ્રદેશોમાં ચારે તરફ પરસ્પર મળેલા રત્નોના પ્રકાશથી ઈન્દ્રધનુષની શોભાનો વિસ્તાર કરવામાં આવે છે.

જિનેન્દ્રદેવના જન્મકલ્યાણકની વિભૂતિને જોવાના અભિલાષી દેવગણ તે પાંડુકશિલાને ઘેરીને બધી દિશામાં ક્રમ-ક્રમથી યથાયોગ્યરૂપમાં બેસી ગયા. દિક્પાલ જાતિના દેવો પણ પોતપોતાના પરિવારની સાથે જિનેન્દ્ર ભગવાનનો ઉત્સવ જોવાની ઈચ્છાથી દિશા-વિદિશાઓમાં જઈને યથાયોગ્યરૂપથી બેસી ગયા. દેવોની સેના પણ તે પાંડુકવનમાં આકાશરૂપી આંગણને રોકીને મેરુ પર્વતની ઉપરના ભાગમાં વ્યાપ્ત થઈને સ્થિર થઈ. આ રીતે, ચારેય તરફથી દેવ અને ઈન્દ્રોથી વ્યાપ્ત થયેલું તે પાંડુકવન એવું જણાતું હતું કે વૃક્ષોના ફૂલોના સમૂહ સ્વર્ગની શોભાની

હાંસી જ ઉડાવી રહ્યા હોય! તે સમયે એવું જણાતું હતું કે જાણે સ્વર્ગ અવશ્ય જ પોતાના સ્થાનથી વિચલિત થઈને ખાલી થઈ ગયું છે અને ઈન્દ્રનો સમસ્ત વૈભવ ધારણ કરવાથી સુમેરુ પર્વત સ્વર્ગપણાને પ્રાપ્ત થઈ ગયો હોય!

ત્યારબાદ, સૌધર્મ સ્વર્ગના ઈન્દ્ર ભગવાનનું મુખ પૂર્વદિશા તરફ કરીને પાંડુકશિલા પર રાખેલા સિંહાસન પર બિરાજમાન કરી તેમનો અભિષેક કરવા માટે તત્પર થયો. તે સમયે સમસ્ત આકાશને વ્યાપ્ત કરી દેવોના દુંદુભિ વાજા વાગી રહ્યા હતા અને અપ્સરાઓએ ચારે તરફ ઉત્કૃષ્ટ નૃત્ય કરવાનું શરૂ કરી દીધું હતું. તે જ સમયે કાલાગુરુ નામક ઉત્કૃષ્ટ ધૂપનો ધુમાડો મોટા પ્રમાણમાં નીકળવા લાગ્યો હતો, તે એવો જણાતો હતો કે જાણે ભગવાનના જન્માભિષેકમાં શામિલ થવાથી ઉત્પન્ન થયેલા પુણ્ય દ્વારા પુણ્યાત્માજીવોના અંતઃકરણથી દૂર કરવામાં આવેલું કલંક જ હોય! તે સમયે શાંતિ, પુષ્ટિ અને શરીરની કાંતિની ઈચ્છા કરવાવાળા દેવ ચારે તરફથી અક્ષત, જળ અને પુષ્પ સહિત પવિત્ર અર્ઘ ચડાવી રહ્યા હતા કે જે એવા જણાતા હતા કે જાણે પુણ્યના અંશ જ હોય! તે સમયે ત્યાં જ ઈન્દ્રોએ એક એવા મોટા વિશાળ મંડપની રચના કરી હતી કે જેમાં ત્રણેય લોકના સમસ્ત પ્રાણીઓ પરસ્પર બાધા ન પહોંચાડતા બેસી શકતા હતા. તે મંડપમાં કલ્પવૃક્ષના ફૂલોથી બનેલી અનેક માળાઓ લટકી રહી હતી અને તેના ઉપર બેસેલા ભ્રમર ગાઈ રહ્યા હતા. તે ભ્રમરોના સંગીતથી તે માળાઓ એવી જણાતી હતી કે જાણે ભગવાનનો યશ જ ગાવા ઈચ્છતી હોય!

ત્યારબાદ, પ્રથમ સ્વર્ગના ઈન્દ્રએ તે અવસરની સમસ્ત વિધિ કરીને ભગવાનનો પ્રથમ અભિષેક કરવા માટે પ્રથમ કળશ ઊઠાવ્યો. આનંદ સહિત જય જય શબ્દનું ઉચ્ચારણ કરતાં થકા શેષ ઈન્દ્ર તે બંને ઈન્દ્રના કહ્યા અનુસાર પરિચર્યા કરતાં થકા પરિચારકવૃત્તિને પ્રાપ્ત થયા. પોતપોતાની અપ્સરાઓ તથા પરિવાર સહિત ઈન્દ્રાણી આદિ મુખ્ય-મુખ્ય દેવીઓ પણ મંગલ દ્રવ્ય ધારણ કરીને પરિચર્યા કરવાવાળી થઈ હતી. ત્યારબાદ, ઘણા દેવો સુવર્ણમય કળશોથી ક્ષીરસાગરનું પવિત્ર જળ લાવવા માટે શ્રેણીબદ્ધ થઈને ખૂબ જ સંતોષપૂર્વક નીકળ્યા. 'જે સ્વયં પવિત્ર છે અને જેમાં રુધિર પણ ક્ષીર સમાન અત્યંત પવિત્ર છે એવા ભગવાનના શરીરનો સ્પર્શ કરવા માટે ક્ષીરસાગરના જળ સિવાય અન્ય કોઈ જળ યોગ્ય નથી' આવું માનીને જ જાણે કે દેવોએ અત્યંત હર્ષપૂર્વક પાંચમા ક્ષીરસાગરના જળથી જ ભગવાનનો અભિષેક કરવાનો નિશ્ચય કર્યો હતો. આઠ યોજન ઊંડો, એક યોજન પહોળું મોઢું અને

મધ્યમાં ચાર યોજન પહોળો એવા સુવર્ણમય કળશોથી ભગવાનનો જન્માભિષેક ઉત્સવ શરૂ કરવામાં આવ્યો હતો. કાલિમા અથવા પાપના વિકાસને ચોરવાવાળા વિઘ્નોને દૂર કરવાવાળા અને દેવો દ્વારા હાથોહાથ ઊઠાવેલા તે વિશાળ કળશ ઘણા જ સુશોભિત થઈ રહ્યા હતા. જેનો કંઠભાગ અનેક પ્રકારના મોતીઓથી શોભાયમાન છે, જે ઘસેલા ચંદનથી ચર્ચિત થઈ રહ્યા છે અને જે જળથી લબાલબ ભરેલા છે એવા તે સુવર્ણકળશ અનુક્રમથી આકાશમાં પ્રગટ થવા લાગ્યા. દેવોના પરસ્પર એક હાથથી બીજા હાથમાં જવાવાળા અને જળથી ભરેલા તે સુવર્ણમય કળશોથી તે આકાશ એવું વ્યાપ્ત થઈ ગયું હતું કે જાણે તે કંઈક લાલિમાયુક્ત સંધ્યાકાલીન વાદળોથી વ્યાપ્ત જ થઈ ગયું હોય! તે બધા કળશોને હાથમાં લેવાની ઈચ્છાથી ઈન્દ્રએ પોતાની વિક્રિયાના બળથી અનેક હાથ બનાવી લીધા. તે સમયે આભૂષણ સહિત તે અનેક ભૂજાઓથી તે ઈન્દ્ર એવો સુશોભિત થઈ રહ્યો હતો કે જાણે ભૂષણાંગ જાતિનું કલ્પવૃક્ષ જ હોય! અથવા તે ઈન્દ્ર એક સાથે હજાર ભૂજાઓ દ્વારા ઊઠાવવામાં આવેલા અને મોતીઓથી સુશોભિત તે સુવર્ણમય કળશોથી એવો શોભાયમાન થતો કે જાણે ભાજનાંગ જાતિનું કલ્પવૃક્ષ જ હોય!

સૌધર્મ ઈન્દ્રએ જય જય શબ્દનું ઉચ્ચારણ કરી ભગવાનના મસ્તક પર પહેલી જળધારા છોડી, તે જ સમયે જય જય બોલતા અન્ય કરોડો દેવોએ પણ ખૂબ જ કોલાહલ કર્યો હતો. જિનેન્દ્રના મસ્તક પર પડતી તે જળની ધારા એવી શોભાયમાન થતી હતી કે જાણે હિમવાન્ પર્વતના શિખર પર ઉપરથી પડતી અખંડ જળવાળી આકાશગંગા જ હોય! ત્યારબાદ, અન્ય બધા સ્વર્ગોના ઈન્દ્રોએ સંધ્યા સમયના વાદળ સમાન શોભાયમાન જળથી ભરેલા સુવર્ણમય કળશોથી ભગવાનના મસ્તક પર એક સાથે જળધારા છોડી. જો કે તે જળધારા ભગવાનના મસ્તક પર એવી પડી રહી હતી કે જાણે ગંગા-સિંધુ આદિ મહાનદીઓ જ મળીને એકસાથે પડી રહી હોય, તેમ છતાં મેરુ પર્વત સમાન સ્થિર રહેવાવાળા જિનેન્દ્રદેવે તેને પોતાના માહાત્મ્યથી લીલામાત્રમાં જ સહન કરી હતી. તે સમયે જળના કેટલાય ટીપાઓ ભગવાનના શરીરનો સ્પર્શ કરીને આકાશરૂપી આંગણમાં દૂર-દૂર સુધી ઊછળી રહ્યા હતા અને એવા જણાતા હતા કે જાણે તેમના શરીરના સ્પર્શથી પાપરહિત થઈને ઉપર જઈ રહ્યા હોય! આકાશમાં ઉછળતા કેટલાય પાણીના ટીપા એવા શોભાયમા થઈ રહ્યા હતા કે જાણે દેવોના નિવાસગ્રહોમાં છંટકાર કરવા ઈચ્છતા હોય! ભગવાનના અભિષેક જળના કેટલાય છાંટાઓ દિશા-વિદિશાઓમાં ત્રાંસા ફેલાઈ રહ્યા હતા અને

તે એવા જણાઈ રહ્યા હતા કે જાણે દિશારૂપી સ્ત્રિઓના મુખ પર કર્ણફૂલોની શોભા જ વધારી રહ્યા હોય!

ભગવાનના નિર્મળ શરીર પર પડીને તેમાં પ્રતિબિંબિત થતી જળની ધારા એવી શોભાયાન થઈ રહી હતી કે જાણે પોતાને ઘણી ભાગ્યશાળી માનીને તેમના શરીરની સાથે જ મળી ગઈ હોય! ભગવાનના મસ્તક પર ઈન્દ્રો દ્વારા છોડવામાં આવેલી ક્ષીરસમુદ્રના જળની ધારા એવી સુશોભિત થઈ રહી હતી કે જાણે કોઈ પર્વતના શીખર પર મેઘ દ્વારા છોડવામાં આવેલા સફેદ ઝરણાં જ પડી રહ્યા હોય! ભગવાનના અભિષેકનું જળ સંતુષ્ટ થઈને પહેલાં તો આકાશમાં ઊછળતું હતું અને પછી નીચે પડતું હતું, તે સમયે જે તેમાં જળના નાના છાટાં રહેતા હતા તેનાથી એ એવું જણાતું હતુ કે જાણે તે પોતાની મૂર્ખતા પર હસી જ રહ્યું હોય! તે ક્ષીરસાગરના જળનો પ્રવાહ આકાશના જળબિંદુઓની સાથે સ્પર્ધા કરવા માટે જ જાણે કે ઉપર જતા પોતાના જલકણોથી સ્વર્ગના વિમાનોને શીઘ્ર જ પવિત્ર કરી રહ્યા હતા. ભગવાન સ્વયં પવિત્ર હતા, તેમણે પોતાના પવિત્ર અંગોથી તે જળને પવિત્ર કર્યું હતું અને તે જળે સમસ્ત દિશાઓમાં ફેલાઈને આ સંપૂર્ણ સંસારને પવિત્ર કરી દીધું હતું. તે અભિષેકના જળમાં ડૂબેલી દેવોની સેના ક્ષણવાર માટે એવી દેખાતી હતી કે જાણે ક્ષીરસમુદ્રમાં ડૂબીને વ્યાકુળ જ થઈ રહી હોય! તે જળ કળશના મુખ પર રાખવામાં આવેલા કમળની સાથે સુમેરુ પર્વતના મસ્તક પર પડી રહ્યું હતું તેથી એવી શોભા પ્રાપ્ત કરી રહ્યું હતું કે જાણે હંસની સાથે જ પડી રહ્યું હોય! કળશોના મુખથી પડેલા અશોકવૃક્ષના લાલ-લાલ પલ્લવોથી વ્યાપ્ત થયેલું તે સ્વચ્છ જળ એવું શોભાયમાન થઈ રહ્યુ હતું કે જાણે રત્નોના કણોથી વ્યાપ્ત થઈ રહ્યું હોય! સ્ફટિકમણિના બનેલા નિર્મળ સિંહાસન પર જે સ્વચ્છ જળ પડી રહ્યું હતું તે એવું જણાતું હતું કે જાણે ભગવાનના ચરણોના પ્રસાદથી ખૂબ જ વધારે સ્વચ્છ થઈ ગયું હોય! ક્યાંક ચિત્ર-વિચિત્ર રત્નોના કિરણોથી વ્યાપ્ત થયેલું તે જળ એવું શોભાયમાન થતુ હતું કે જાણે ઈન્દ્રધનુષ જ પીગળીને જળરૂપ થઈ ગયું હોય! કોઈ જગ્યાએ પદ્મરાગમણિની ફેલાતી કાંતિથી લાલ-લાલ થયેલું તે પવિત્ર જળ સંધ્યાકાળના પીગળેલા વાદળોની શોભા ધારણ કરી રહ્યું હતું. કોઈ જગ્યાએ ઈન્દ્રનીલમણિની કાંતિથી વ્યાપ્ત થયેલું તે જળ એવું દેખાતું હતું કે જાણે કોઈ એક જગ્યાએ છુપાયેલો ગાઢ અંધકાર જ હોય! કોઈ જગ્યાએ મરકતમણિઓના (લીલા રંગના મણિઓના) કિરણોના સમૂહથી મળેલું તે અભિષેકનું જળ લીલા વસ્ત્ર સમાન જણાઈ રહ્યું હતું. ભગવાનના અભિષેકજળના ઉડતા છાંટાઓથી આકાશ એવું

સુશોભિત થઈ રહ્યું હતું કે જાણે ભગવાનના શરીરના સ્પર્શથી સંતુષ્ટ થઈને હસી જ રહ્યુ હોય! ભગવાનના સ્નાનજળના કેટલાય ટીપાઓ આકાશની સીમાનું ઉલ્લંઘન કરતાં એવા શોભાયમાન થઈ રહ્યા હતા કે જાણે સ્વર્ગની લક્ષ્મીની સાથે જલક્રીડા કરવા જ ઈચ્છતું હોય!

બધી દિશાઓને રોકીને બધી તરફ ઉછળતા પાણીના કેટલાય ટીપાંઓ એવા જણાતા હતા કે જાણે કે દિશારૂપી સ્ત્રીઓની સાથે હસી જ રહ્યા હોય! તે અભિષેકજળનો પ્રવાહ પોતાની ઈચ્છાનુસાર બેઠેલા સુર દંપત્તિઓને દૂર કરતો થકો શીઘ્ર જ મેરુ પર્વતની નજીક જઈ પહોંચ્યો અને મેરુ પર્વતથી નીચે ભૂમિ સુધી પડતો થકો તે ક્ષીરસાગરના જળનો પ્રવાહ એવો શોભાયમાન થઈ રહ્યો હતો કે જાણે મેરુ પર્વતને ઊભા માપથી માપી જ રહ્યો હોય! તે જળનો પ્રવાહ મેરુ પર્વત પર એવો વધી રહ્યો હતો કે જાણે શીખરો દ્વારા દૂર કરવામાં આવી રહ્યો હોય, ગુફારૂપ મુખ દ્વારા પીવામાં આવી રહ્યો હોય અને કંદરાઓ દ્વારા બહાર કાઢવામાં આવી રહ્યો હોય! તે સમયે મેરુ પર્વત પર અભિષેક જળના જે ઝરણા પડી રહ્યા હતા તેનાથી એવું જણાતું હતું કે જાણે તે એમ કહેતું સ્વર્ગને ધિક્કારી રહ્યું હોય કે હવે સ્વર્ગ શું વસ્તુ છે! તેને તો દેવોએ પણ છોડી દીધું છે! આ સમયે સમસ્ત દેવ અમારે ત્યાં આવી ગયા છે, તેથી અમને જ સાક્ષાત્ સ્વર્ગ માનવું યોગ્ય છે! તે જળના પ્રવાહે સમસ્ત આકાશને ઢાંકી દીધું હતું, જ્યોતિષ્કપટલને ઘેરી લીધું હતું, મેરુ પર્વતને આચ્છાદિત કરી દીધું હતું અને પૃથ્વી તથા આકાશના અંતરાળને રોકી લીધું હતું. તે જળના પ્રવાહે મેરુ પર્વતના સુંદર વનોમાં ક્ષણવાર વિશ્રામ કર્યો અને ફરી સંતુષ્ટ થઈને બીજી જ ક્ષણે ત્યાંથી બીજી જગ્યાએ ચાલ્યું ગયું. તે જળનો ભારે પ્રવાહ વનની અંદર વૃક્ષોના સમૂહથી રોકાઈ જવાને કારણે ધીરે-ધીરે ચાલતો હતો, પરંતુ જ્યાં તેણે વનના માર્ગને પાર કર્યો કે તરત જ શીઘ્ર જ દૂર સુધી ફેલાઈ ગયો. મેરુ પર્વત પર ફેલાતો અને આકાશને આચ્છાદિત કરતો તે જળનો પ્રવાહ એવો સુશોભિત થઈ રહ્યો હતો કે જાણે મેરુ પર્વતને સફેદ વસ્ત્રોથી ઢાંકી રહ્યો હોય! બધી તરફથી મેરુ પર્વતને આચ્છાદિત કરીને વહેતો તે ક્ષીરસાગરના જળનો પ્રવાહ આકાશગંગાના જળપ્રવાહની શોભા ધારણ કરી રહ્યો હતો. મેરુ પર્વતની ગુફામાં શબ્દ કરતો તે જળનો પ્રવાહ એવો જણાતો હતો કે જાણે શબ્દ-અદ્વૈતનો જ વિસ્તાર કરી રહ્યો હોય અથવા સંપૂર્ણ સૃષ્ટિને જળરૂપ જ સિદ્ધ કરી રહ્યો હોય! ભાવાર્થ—શબ્દ-અદ્વૈતવાદીઓનું કહેવું છે કે સંસારમાં શબ્દ જ શબ્દ

છે, શબ્દ સિવાય બીજું કાંઈપણ નથી. તે સમયે સુમેરુની ગુફાઓમાં પડતો જળપ્રવાહ પણ ભારે શબ્દ કરી રહ્યો હતો, તેથી એવું જણાતું હતું કે જાણે શબ્દ-અદ્વૈતવાદનું સમર્થન જ કરી રહ્યો હોય! ઈશ્વરસૃષ્ટિવાદીઓનું કહેવું છે કે આ સમસ્ત સૃષ્ટિ પહેલાં જળમય હતી, તે પછી જ સ્થળ આદિની રચના થઈ છે; તે સમયે બધી જગ્યાએ જળ જ જળ દેખાઈ રહ્યું હતું, તેથી એવું જણાતું હતું કે જાણે તે સંપૂર્ણ સૃષ્ટિને જળમય જ સિદ્ધ કરવા ઈચ્છતું હોય!

તે મેરુ પર્વત ઉપરથી લઈને નીચે પૃથ્વીતળ સુધી બધી તરફ જળપ્રવાહથી તર થઈ રહ્યું હતું, તેથી પ્રત્યક્ષ જ્ઞાની દેવોને પણ અજ્ઞાતપૂર્વ જણાતું હતું અર્થાત્ એવું જણાતું હતું કે જેમ તેને પહેલાં ક્યારેય જોયું જ ન હોય! તે સમયે તે પર્વત શોભાયમાન મૃણાલ સમાન સફેદ થઈ રહ્યો હતો અને ખીલેલા નમેરુ વૃક્ષોથી સુશોભિત હતો, તેથી એમ જણાતું હતું કે તે મેરુ નથી, પરંતુ કોઈ બીજો ચાંદીનો પર્વત છે. શું આ અમૃતની રાશી છે? અથવા સ્ફટિકમણિનો પર્વત છે? અથવા ચૂનાથી સફેદ કરવામાં આવેલો ત્રણ લોકની લક્ષ્મીનો મહેલ છે?—આ પ્રકારે મેરુ પર્વતના વિષયમાં વિતર્ક ઉત્પન્ન કરતો તે જળનો પ્રવાહ બધી જ દિશાઓના અંત સુધી એ રીતે ફેલાઈ ગયો કે જાણે દિશારૂપી સ્ત્રીઓનો અભિષેક જ કરી રહ્યો હોય! ચંદ્ર સમાન નિર્મળ તે અભિષેકના જળના કેટલાય છાંટાઓ ઉપર તરફ ઊછળીને બધી દિશાઓમાં ફેલાઈ ગયા હતા કે જેથી એવું જણાતું હતું કે જાણે મેરુ પર્વત ઉપર સફેદ છત્રની શોભા જ વધારી રહ્યા હોય! હાર, બરફ, સફેદ કમળ અને કુમુદ સમાન સફેદ જળનો પ્રવાહ બધી જ તરફ પ્રવૃત્ત થઈ રહ્યો હતો અને તે એવા જણાતો હતો કે જાણે જિનેન્દ્ર ભગવાનના યશનો પ્રવાહ જ હોય! હાર સમાન નિર્મળ કાંતિવાળા અભિષેકના જળના છાંટા એવા જણાતા હતા કે જાણે આકાશરૂપી આંગણમાં ફૂલોનો ઉપહાર જ ચઢાવવામાં આવ્યો હોય અથવા દિશારૂપી સ્ત્રીઓના કાનના કર્ણફૂલ જ હોય! તે જળનો પ્રવાહ લોકના અંત સુધી ફેલાવવાવાળા પોતાના છાંટાઓથી ઉપર સ્વર્ગ સુધી વ્યાપ્ત થઈને નીચે તરફ જ્યોતિષ પટલ સુધી પહોંચીને બધી જ તરફ વૃદ્ધિને પ્રાપ્ત થઈ ગયો હતો.





તે સમયે આકાશમાં ચારેય તરફ ફેલાયેલા તારાગણ અભિષેકના જળમાં ડૂબીને કાંઈક ચંચળ પ્રભાના ધારક થઈ ગયા હતા, તેથી વિખરાયેલા મોતીઓ સમાન સુશોભિત થઈ રહ્યા હતા. તે તારાગણ અભિષેકજળના પ્રવાહમાં

ક્ષણભર રહીને તેનાથી બહાર નીકળી આવ્યા, પરંતુ તે સમયે પણ તેમાંથી કંઈક પાણી ટપકી રહ્યું હતું, તેથી 'કરા'ની પંક્તિ સમાન શોભાયમાન થઈ રહ્યા હતા. સૂર્ય પણ તે જળપ્રવાહમાં ક્ષણવાર રહીને તેનાથી અલગ થઈ ગયો હતો, તે સમયે તે ઠંડો પણ થઈ ગયો હતો કે જેથી એવો જણાતો હતો કે જાણે તપેલા લોખંડનો વિશાળ ગોળો પાણીમાં નાખીને કાઢવામાં આવ્યો હોય! તે વહેતા જળ પ્રવાહમાં ચંદ્ર એવો જણાતો હતો કે જાણે ઠંડીથી જડ થઈને ધીરે-ધીરે તરતો થકો એક વૃદ્ધ હંસ જ હોય! તે સમયે ગ્રહમંડળ પણ ચારે તરફ ફેલાયેલા જળના પ્રવાહથી આકૃષ્ટ થઈને વિપરીત ગતિને પ્રાપ્ત થઈ ગયા હતા. એવું જણાય છે કે તે જ કારણથી તે હજી પણ વક્રગતિનો આશ્રય લઈ રહ્યા છે. તે સમયે જળમાં ડૂબેલા તથા સીધા અને શાંત કિરણોથી યુક્ત સૂર્યને ભ્રાંતિથી ચંદ્ર સમજીને તારાગણ પણ તેની સેવા કરવા લાગ્યા હતા. સંપૂર્ણ જ્યોતિષ-ચક્ર જળપ્રવાહમાં ડૂબીને કાંતિરહિત થઈ ગયું હતું અને તે જળપ્રવાહની પાછળ-પાછળ ચાલવા લાગ્યું હતું જાણે કે અવસર ચૂકી જવાના ભયથી એક ક્ષણ પણ રોકાઈ શક્યા ન હોય!

આ રીતે, સ્નાનજળના પ્રવાહથી વ્યાકુળ થયેલું જ્યોતિષ-પટલ ક્ષણવાર માટે ફેરવામાં આવતા કુંભારના ચક્ર સમાન ત્રાંસુ ચાલવા લાગ્યું હતું. સ્વર્ગલોકને ધારણ કરવાવાળા મેરુ પર્વતના મધ્યભાગથી બધી જ તરફ પડતા ભગવાનના સ્નાન-જળે જ્યાં-ત્યાં ફેલાઈને સમસ્ત મનુષ્યલોકને પવિત્ર કરી દીધું હતું. તે જળ પ્રવાહે સમસ્ત પૃથ્વીને સંતુષ્ટ કરી દીધી હતી, સમસ્ત કુલાચલ પવિત્ર કરી દીધા હતા, બધા જ દેશને અતિવૃષ્ટિ આદિ ઈતિઓથી રહિત કરી દીધા હતા અને સમસ્ત પ્રજાને કલ્યાણથી યુક્ત કરી દીધી હતી. આ રીતે, સમસ્ત લોકનાડીને પવિત્ર કરતાં તે અભિષેકજળના પ્રવાહે પ્રાણીઓનું એવું ક્યું કલ્યાણ બાકી રાખ્યું હતું કે જે તેણે ન કર્યું હોય? અર્થાત્ કોઈપણ નહીં.

ત્યારબાદ, પોતાના 'કલબલ' શબ્દોથી સમસ્ત દિશાઓને ભરવાવાળો તથા સમસ્ત લોકની ઉષ્ણતા શાંત કરવાવાળો તે જળનો વિશાળ પ્રવાહ જ્યારે એકદમ જ શાંત થઈ ગયો, જ્યારે મેરુ પર્વતની ગુફાઓ જળથી ખાલી થઈ ગઈ, જળ અને વન સહિત મેરુ પર્વતે કંઈક વિશ્રામ કર્યો અને માત્ર ભક્તિ પ્રગટ કરવા માટે મણિમય દીપક પ્રજ્વલિત કરવામાં આવ્યા, જ્યારે દેવોના બંદીજન સારી રીતે ઉચ્ચ સ્વરથી પુણ્ય વધારવાવાળા અનેક સ્તોત્ર બોલી

રહ્યા હતા, મનોહર અવાજવાળી કિન્નરી દેવીઓ મધુર શબ્દ કરતી ગીત ગાઈ રહી હતી, જ્યારે જિનેન્દ્ર ભગવાનના કલ્યાણ સંબંધી મંગળ ગીતોના શબ્દ સમસ્ત દેવલોકોના કાનનો ઉત્સવ કરી રહ્યા હતા, જ્યારે નૃત્ય કરવાવાળા દેવોનો સમૂહ જિનેન્દ્રદેવના જન્મકલ્યાણક સંબંધી અર્થોથી સંબંધ રાખવાવાળા અનેક ઉદાહરણો દ્વારા નાટ્યવેદનો પ્રયોગ કરી રહ્યા હતા—નૃત્ય કરી રહ્યા હતા, જ્યારે ગંધર્વદેવો દ્વારા પ્રારંભ કરવામાં આવેલા સંગીત અને મૃદંગની ધ્વનિથી મળેલો અવાજ દુંદુભિ વાજાઓનો ગંભીર શબ્દ આનંદ વધારી રહ્યો હતો, જ્યારે કેશર લાગેલા કળશોથી શોભાયમાન તથા હારના કિરણરૂપી પુષ્પોના ઉપહારથી યુક્ત સુમેરુ પર્વતરૂપી રંગભૂમિમાં અપ્સરાઓનો સમૂહ તાલની સાથે-સાથે લીલા સહિત નૃત્ય કરી રહ્યો હતો, જ્યારે દેવલોકો સાવધાન થઈને મંગળ ગીતો સાંભળી રહ્યા હતા અને અનેક લોકોની વચ્ચે ભગવાનના પ્રભાવની પ્રશંસા કરવાવાળી વાતચીત થઈ રહી હતી, જ્યારે નાંદી, તુરહી આદિ વાજાઓનો શબ્દ બધી જ તરફ આકાશમાં અને પૃથ્વીની વચ્ચેના અંતરાળને ભરી રહી હતી, જ્યારે જયઘોષણાની પ્રતિધ્વનિથી મેરુ પર્વત જ ભગવાનની સ્તુતિ કરી રહ્યો હતો, જ્યારે બધી જ તરફ ફરતી વિદ્યાધરીઓના મુખના સ્વેદજળના કણોનું ચુંબન કરવાવાળો વાયુ સમીપવર્તી વનોને હલાવતો થકો વહી રહ્યો હતો, જ્યારે વિચિત્ર વેત્રના દંડ (છડી) હાથમાં લઈને દેવોના દ્વારપાળ સભાના લોકોને હુંકાર શબ્દ કરતાં થકા ચારે તરફ પાછળ હટાવી રહ્યા હતા 'અમને દ્વારપાળ પાછા ન મોકલી દે' એવા ભયથી કેટલાય લોકો ચૂપચાપ બેઠા હતા. અને જ્યારે શુદ્ધજળનો અભિષેક સમાપ્ત થઈ ગયો ત્યારે ઈન્દ્રએ શુભ, સુગંધિત જળનો ભગવાનનો અભિષેક શરૂ કર્યો.

વિધિ-વિધાનને જાણવાવાળા ઈન્દ્રએ પોતાની સુગંધથી ભ્રમરનું આહ્વાન કરવાવાળા સુગંધિત જળરૂપી દ્રવ્યથી ભગવાનનો અભિષેક કર્યો. ભગવાનના શરીર પર પડતી તે સુગંધિત પવિત્ર જળની ધારા એવી જણાતી હતી કે જાણે ભગવાનના શરીરની ઉત્કૃષ્ટ સુગંધથી લજ્જિત થઈને જ અધોમુખ થઈ ગઈ હોય! દૈદીપ્યમાન સુવર્ણની ઝારીમાંથી નીકળતી તે સુગંધિત જળની ધારા એવી શોભાયમાન થઈ રહી હતી કે જાણે ભક્તિના ભારથી ભગવાનને નમસ્કાર કરવા માટે જ ઉદ્યત થઈ હોય! વિજળી સમાન કંઈક પીળા ભગવાનના શરીરની પ્રભાના સમૂહથી વ્યાપ્ત થયેલી તે ધારા એવી સુશોભિત થઈ રહી હતી કે જાણે સળગતી અગ્નિમાં ઘીની આહુતી જ

આપવામાં આવી રહી હોય! સ્વભાવથી સુગંધિત અને અત્યંત પવિત્ર ભગવાનના શરીર પર પડીને તે ધારા ચરિતાર્થ થઈ ગઈ હતી અને તેણે ભગવાનના ઉક્ત બંને જ ગુણ પોતાને આધીન કરી લીધા હતા—ગ્રહણ કરી લીધા હતા. જો કે તે જળનો સમૂહ સુગંધિત ફૂલો અને સુગંધિત દ્રવ્યોથી સુવાસિત કરવામાં આવ્યો હતો, તેમ છતાં તે ભગવાનના શરીર પર કાંઈપણ વિશેષતા ધારણ કરી શક્યો ન હતો—તેમના શરીરની સુગંધની સામે તે જળની સુગંધ તુચ્છ જણાતી હતી!

તે દૂધ સમાન શ્વેત જળની ધારા આપણને બધાને આનંદરૂપ થાઓ કે જે રત્નોની ધારા સમાન સમસ્ત ઈચ્છાઓ અને દિશાઓને પૂર્ણ કરવાવાળી તથા સમસ્ત જગતને આનંદ આપવાવાળી હતી. પુણ્યાસ્રવની ધારા સમાન અનેક સંપદાઓ ઉત્પન્ન કરવાવાળી તે સુગંધિત જળની ધારા આપણને લોકોને ક્યારેય પણ નષ્ટ ન થવાવાળા રત્નત્રયરૂપી ધનથી સંતુષ્ટ કરે! જે તીક્ષ્ણ તલવારની ધાર સમાન વિઘ્નોના સમૂહને નષ્ટ કરી દે છે તેવી તે પવિત્ર સુગંધિત જળની ધારા સદાય આપણને મોક્ષકારી થાઓ! જે મોટા-મોટા મુનિઓને માન્ય છે, જે જગતને એક માત્ર પવિત્ર કરવાવાળી છે અને જે આકાશગંગા સમાન શોભાયમાન છે એવી તે સુગંધિત જળની ધારા આપણા બધાની રક્ષા કરે! અને જે ભગવાનના શરીરને પ્રાપ્ત કરીને અત્યંત પવિત્રતાને પ્રાપ્ત થઈ છે એવી તે સુગંધિત જળની ધારા તે બધાના મનને પવિત્ર કરે!

આ પ્રકારે, ઈન્દ્ર સુગંધિત જળથી ભગવાનનો અભિષેક કરી જગતની શાંતિ માટે ઉચ્ચ સ્વરથી શાંતિમંત્ર બોલવા લાગ્યા. ત્યારબાદ, દેવોએ તે ગંધોદકને પોતાના મસ્તક પર લગાવ્યું અને પછી બાકી બચેલા ગંધોદકને સ્વર્ગ લઈ જવા માટે રાખ્યું. સુગંધિત જળનો અભિષેક સમાપ્ત થઈ જતા દેવોએ જયજય શબ્દના કોલાહલપૂર્વક ચૂર્ણ મળેલું સુગંધિત જળ એક બીજા ઉપર નાંખ્યું. આ પ્રકારે, અભિષેકની સમાપ્તિ થતા બધા દેવોએ ત્રિલોકપૂજ્ય ઉત્કૃષ્ટ જ્યોતિસ્વરૂપ ભગવાનની પ્રદક્ષિણા કરીને પૂજા કરી. બધા ઈન્દ્રોએ મંત્રોથી પવિત્ર થયેલા જળ, ગંધ, અક્ષત, પુષ્પ, નૈવેદ્ય, દીપ, ધૂપ, ફળ અને અર્ઘ દ્વારા ભગવાનની પૂજા કરી. આ રીતે, તેમણે ભગવાનની પૂજા કરી કે જેના પ્રભાવથી પોતાના અનિષ્ટ—અમંગળનો નાશ કર્યો અને પૌષ્ટિક કર્મોથી મોટા સમારોહપૂર્વક જન્માભિષેકની વિધિ સમાપ્ત કરી.

ત્યારબાદ, ચૂડામણિ સમાન શોભાયમાન થવાવાળા ભગવાનની પ્રદક્ષિણા કરીને તેમને નમસ્કાર કર્યા. તે સમયે સ્વર્ગથી પાણીના નાના-નાના છાટાંઓ સાથે ફૂલોની વર્ષા થઈ રહી હતી અને તે એવી જણાતી હતી કે જાણે સ્વર્ગની લક્ષ્મીના હર્ષથી પડતા અશ્રુબિંદુ જ હોય! તે સમયે કલ્પવૃક્ષોના પુષ્પોથી ઉત્પન્ન થયેલા પરાગસમૂહને કંપાવતો અને ભગવાનના અભિષેકજળના છાંટા વરસાવતો વાયુ મંદ-મંદ વહી રહ્યો હતો. તે સમયે ભગવાન વૃષભદેવ મેરુ સમાન જણાતા હતા, દેવ કુલાચલ સમાન જણાતા હતા, કળશ દૂધના મેઘ સમાન પ્રતિભાસિત થતા હતા અને દેવીઓ જળથી ભરેલા સરોવર સમાન આચરણ કરતી હતી, જેમનો અભિષેક કરવાવાળા ઈન્દ્ર હતા, મેરુ પર્વત સ્નાન કરવા માટેનું સિંહાસન હતું, દેવીઓ નૃત્ય કરવાવાળી હતી, દેવ કિંકર હતા અને ક્ષીરસમુદ્ર સ્નાન કરવાનું ટબ હતું. આ રીતે, અતિશય પ્રશંસનીય મેરુ પર્વત પર જેમનો સ્નપન મહોત્સવ સમાપ્ત થયો હતો, તે પવિત્ર આત્માવાળા ભગવાન સમસ્ત જગતને પવિત્ર કરે!

ત્યારબાદ, પવનકુમાર જાતના દેવ પોતાની ઉત્કૃષ્ટ ભક્તિને પ્રત્યેક દિશામાં વિતરણ કરતાં ધીરે-ધીરે ચાલવા લાગ્યા અને મેઘકુમાર જાતિના દેવ તે મેરુ પર્વત સંબંધી ભૂમિ પર અમૃતથી જળના છાંટાની અખંડ ધારા છોડવા લાગ્યા—મંદ-મંદ જળવૃષ્ટિ કરવા લાગ્યા. જે વાયુ શીઘ્ર જ કલ્પવૃક્ષોને હલાવી રહ્યો હતો, જે આકાશગંગાની અત્યંત શીતળ તરંગોને ઉડાવવામાં સમર્થ હતો અને જે કિનારાના વનોથી પુષ્પોનું અપહરણ કરી રહ્યો હતો તેવો વાયુ મેરુ પર્વતની ચારે તરફ ફરી રહ્યો હતો અને એવો જણાતો હતો કે જાણે તેની પ્રદક્ષિણા જ કરી રહ્યો હોય! દેવોના હાથોથી તાડિત દુંદુભિ વાજાઓના ગંભીર શબ્દ સંભળાઈ રહ્યા હતા અને તે જાણે કે જોરજોરથી આમ કહેતા થકા કલ્યાણની ઘોષણા જ કરી રહ્યા હતા કે જ્યારે ત્રિલોકીનાથ ભગવાન વૃષભદેવનો જન્મ મહોત્સવ ત્રણેય લોકમાં અનેક કલ્યાણ ઉત્પન્ન કરી રહ્યો છે ત્યારે અહીં અકલ્યાણ રહેવું અનુચિત છે. તે સમયે દેવોના હાથથી વિખરાયેલા કલ્પવૃક્ષોના ફૂલોની વર્ષા ખૂબ જ ઉંચેથી પડી રહી હતી, સુગંધના કારણે તે ચારે તરફથી ભ્રમરને આકૃષ્ટ કરી રહી હતી અને એવી જણાતી હતી કે જાણે ભગવાનના જન્મકલ્યાણકની પૂજા જોવા માટે સ્વર્ગની લક્ષ્મીએ ચારે તરફ પોતાના નેત્રોની પંક્તિ જ પ્રગટ કરી હોય!

આ રીતે, જે સમયે અનેક દેવાંગનાઓ તાલ સહિત અનેક પ્રકારની નૃત્યકળા સાથે નૃત્ય કરી રહી હતી,

તે સમયે ઈન્દ્રાદિ દેવ અને ધરણેન્દ્રોએ હર્ષિત થઈને મેરુ પર્વત પર ક્ષીરસાગરના જળથી જેમના જન્માભિષેકનો ઉત્સવ કર્યો હતો, તે પરમ પવિત્ર તથા ત્રણેય લોકના ગુરુ શ્રી વૃષભનાથ જિનેન્દ્ર સદાય જયવંત રહો! જન્મ થયા બાદ જ અનેક પ્રકારના વાહન, વિમાન અને પાયદળ આદિ દ્વારા આકાશને રોકીને ભેગા થયેલા દેવ અને અસુરોના સમૂહને મેરુ પર્વતના મસ્તક પર લાવવામાં આવેલા ક્ષીરસાગરના પવિત્ર જળથી જેમનો અભિષેક કરી મહોત્સવ કર્યો હતો, તે પ્રથમ જિનેન્દ્ર આપણા બધાની રક્ષા કરે! જેમના જન્માભિષેકના સમયે સૂર્યએ શીઘ્ર જ પોતાની ઉષ્ણતા છોડી દીધી હતી, જળના છાંટા વારંવાર ઊછળી રહ્યા હતા, ચંદ્રએ શીતળતા ધારણ કરી હતી, નક્ષત્રોએ બાંધેલી નાની-નાની નૌકા સમાન જ્યાં-ત્યાં ક્રીડા કરી હતી અને તરતા ચંચળ તારાઓના સમૂહે ફેણના પિંડ સમાન શોભા ધારણ કરી હતી, તે જગતને પવિત્ર કરવાવાળા જિનેન્દ્ર ભગવાન સદાય જયવંત રહો! મેરુ પર્વતના મસ્તક પર સ્ફુરાયમાન થતો થકો જિનેન્દ્ર ભગવાનના જન્માભિષેકનો તે જળ-પ્રવાહ આપણા બધાની રક્ષા કરે કે જેને ઈન્દ્રોએ ખૂબ જ આનંદપૂર્વક, દેવીઓએ આશ્ચર્યપૂર્વક, દેવોના હાથીઓએ સૂંઢ ઉંચી કરીને, ચારણઋદ્ધિધારી મુનિઓએ એકાગ્રચિત્ત થઈને ખૂબ જ આદરથી અને વિદ્યાધરોએ 'આ શું છે?' એવી શંકા કરતાં થકા જોયો હતો.

આ રીતે, આર્ષ નામથી પ્રસિદ્ધ શ્રી ભગવજ્જિનસેનાચાર્ય-વિરચિત ત્રિષષ્ટિલક્ષણ મહાપુરાણ સંગ્રહમાં ભગવાનના જન્માભિષેકનું વર્ણન કરવાવાળો તેરમો અધ્યાય સમાપ્ત થયો.

* સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન વિનાનું ચારિત્ર કંઈપણ કાર્યકારી થતું નથી, પરંતુ જેમ આંધળો પુરુષ દોડે તો તે તેના પતનનું કારણ બને છે, તેમ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનથી રહિત પુરુષનું ચારિત્ર પણ તેનું પતન અર્થાત્ નરકાદિ ગતિઓમાં પરિભ્રમણનું કારણ બને છે. (અ. ૨૪, શ્લોક ૧૨૨)
* પ્રાણીઓ ઉપર દયા કરવી, સાચું બોલવું, ક્ષમા ધારણ કરવી, લોભનો ત્યાગ કરવો, તૃષ્ણાનો અભાવ કરવો, સમ્યગ્જ્ઞાન અને વૈરાગ્યરૂપી સંપત્તિનો સંગ્રહ કરવો તે જ ધર્મ છે; અને તેનાથી વિરુદ્ધ પ્રકારના અદયા વિગેરે ભાવો બધા અધર્મ છે. (અ. ૧૦, શ્લોક ૧૫)

## અધ્યાય ચૌદમો

ત્યારબાદ, જ્યારે અભિષેકની વિધિ સમાપ્ત થઈ ગઈ, ત્યારે ઈન્દ્રાણીએ ખૂબ જ હર્ષપૂર્વક જગત્ગુરુ ભગવાન વૃષભદેવને વસ્ત્રાભૂષણ પહેરાવવાનો પ્રયત્ન કર્યો. જેમનો અભિષેક થઈ ગયો છે એવું પવિત્ર શરીર ધારણ કરવાવાળા ભગવાન વૃષભદેવના શરીરમાં લાગેલા જલકણોને ઈન્દ્રાણીએ સ્વચ્છ અને નિર્મળ વસ્ત્રોથી લૂછ્યા. ભગવાનના મુખ પર, પોતાના નિકટવર્તી કટાક્ષોની જે સફેદ છાયા પડી રહી હતી તેને ઈન્દ્રાણી જલકણ સમજી રહી હતી, તેથી લૂછેલા મુખને પણ તે વારંવાર લૂછી રહી હતી. પોતાની સુગંધથી સ્વર્ગ અથવા ત્રણેય લોકને લિપ્ત કરવાવાળા અતિશય સુગંધિત ગાઢ સુગંધિત દ્રવ્યોથી તેણે ભગવાનના શરીર પર વિલેપન કર્યું હતું. જો કે તે સુગંધી દ્રવ્ય ઉત્કૃષ્ટ સુગંધથી સહિત હતું, છતાં પણ ભગવાનના શરીરની સ્વાભાવિક તથા દૂર-દૂર સુધી ફેલાવવાવાળી સુગંધે તેને તિરસ્કૃત કરી દીધું હતું. ઈન્દ્રાણીએ ખૂબ જ આદરથી ભગવાનના લલાટ પર તિલક કર્યો, પરંતુ જગતના તિલક સ્વરૂપ ભગવાન શું તે તિલકથી શોભાયમાન થયા હતા? ઈન્દ્રાણીએ ભગવાનના મસ્તક પર કલ્પવૃક્ષોના પુષ્પોની માળાથી બનાવેલો મુકુટ ધારણ કરાવ્યો હતો. તે માળાઓથી અલંકૃત મસ્તક થઈને ભગવાન એવા શોભાયમાન થઈ રહ્યા હતા કે જાણે કે કીર્તિથી અલંકૃત કરવામાં આવ્યા હોય! જો કે ભગવાન સ્વયં જગતના ચૂડામણિ હતા અને સજ્જનોમાં સૌથી મુખ્ય હતા, છતાં ઈન્દ્રાણીએ ભક્તિથી નિર્ભર થઈને તેમના મસ્તક પર ચૂડામણિ રત્ન રાખ્યું હતું.

જો કે ભગવાનના બંને નેત્ર આંજણ લગાવ્યા વિના જ શ્યામવર્ણ હતા, તેમ છતાં ઈન્દ્રાણીએ નિયોગમાત્ર સમજીને તેમના નેત્રોમાં આંજણનો સંસ્કાર કર્યો હતો. ભગવાનના બંને કાન છેદન કર્યા વિના જ છિદ્ર સહિત હતા, ઈન્દ્રાણીએ તેમાં મણિમય કુંડળ પહેરાવ્યા હતા કે જેથી તેઓ એવા જણાતા હતા કે જાણે ભગવાનના મુખની કાંતિ અને દીપ્તિને જોવા માટે સૂર્ય અને ચંદ્ર જ તેમની પાસે આવી પહોંચ્યા હોય! મોક્ષલક્ષ્મીના ગળાના હાર સમાન

અતિશય સુંદર અને મણિઓના હારથી ત્રિલોકનાથ ભગવાન વૃષભદેવના કંઠની શોભા ખૂબ જ થઈ ગઈ હતી. બાજૂબંધ, કડા, અનંત આદિથી શોભાયમાન તેમની બંને ભૂજાઓ એવી જણાતી હતી કે જાણે કલ્પવૃક્ષની બે શાખાઓ જ હોય! ભગવાનના કટિપ્રદેશમાં નાના-નાના બોરીયાથી સુશોભિત મણિમય કરધની એવી શોભાયમાન થઈ રહી હતી કે જાણે કલ્પવૃક્ષના અંકુર જ હોય! ગોમુખના આકારના ચમકતા મણિઓથી શબ્દાયમાન તેમના બંને ચરણ એવા શોભાયમાન થઈ રહ્યા હતા જાણે કે સરસ્વતી દેવી જ આદર સહિત તેમની સેવા કરી રહી હોય! તે સમયે અનેક આભૂષણોથી શોભાયમાન ભગવાન એવા જણાતા હતા કે જાણે લક્ષ્મીનો પુંજ જ પ્રગટ થયો હોય! ઉંચી શિખાવાળી રત્નોની રાશી જ હોય! અથવા ભોગ્ય વસ્તુઓનો સમૂહ જ હોય! અલંકાર સહિત ભગવાન એવા શોભાયમાન થઈ રહ્યા હતા કે જાણે સૌંદર્યનો સમૂહ જ હોય! સૌભાગ્યનો ખજાનો જ હોય! અથવા ગુણોનું નિવાસસ્થાન જ હોય! સ્વભાવથી સુંદર તથા સંગઠિત ભગવાનનું શરીર અલંકારોથી યુક્ત હોવાથી એવું શોભાયમાન થવા લાગ્યું હતું કે જાણે ઉપમા, રૂપક આદિ અલંકારોથી યુક્ત તથા સુંદર રચના સહિત કોઈ કવિનું કાવ્ય જ હોય! આ રીતે, ઈન્દ્રાણી દ્વારા પ્રત્યેક અંગમાં ધારણ કરાવાયેલા મણિમય આભૂષણોથી તે ભગવાન કલ્પવૃક્ષ સમાન શોભાયમાન થઈ રહ્યા હતા કે જેની પ્રત્યેક શાખા પર આભૂષણ સુશોભિત થઈ રહ્યા હતા.

આ રીતે, ઈન્દ્રાણીએ ઈન્દ્રના ખોળામાં બેઠેલા ભગવાનને અનેક વસ્ત્રાભૂષણોથી અલંકૃત કરી જ્યારે તેમની રૂપ-સંપદા જોઈ, ત્યારે તે સ્વયં ખૂબ જ આશ્ચર્યને પ્રાપ્ત થઈ. ઈન્દ્રએ પણ ભગવાનના તે સમયના રૂપ સંબંધી શોભા જોવાની ઈચ્છા કરી, પરંતુ બે નેત્રોથી જોઈને સંતુષ્ટ ન થયો તેથી એવું જણાય છે કે તે હજાર નેત્રોવાળો થઈ ગયો હતો—તેણે વિક્રિયા શક્તિથી હજાર નેત્રો બનાવી ભગવાનનું રૂપ જોયું હતું. તે સમયે દેવ અને અસુરોએ પોતાના પલકાર રહિત નેત્રોથી ક્ષણવાર માટે મેરુ પર્વતના શિખામણિ સમાન સુશોભિત થવાવાળા ભગવાનને જોયા. ત્યારબાદ, ઈન્દ્ર આદિ શ્રેષ્ઠ દેવ તેમની સ્તુતિ કરવા માટે તત્પર થયા. બરાબર જ છે કે તીર્થંકર થવાવાળા પુરુષનો આવો જ પ્રભાવ હોય છે.

હે દેવ! અમને લોકોને પરમ આનંદ આપવા માટે આપનો ઉદય થયો છે. શું સૂર્યના ઉદય થયા વિના ક્યારે પણ કમળોનો સમૂહ પ્રબોધને પ્રાપ્ત થાય છે? હે દેવ! મિથ્યાજ્ઞાનરૂપી અંધારા કુવામાં પડેલા આ સંસારી જીવોનો

ઉદ્ધાર કરવાની ઈચ્છાથી આપ ધર્મરૂપી હાથનો સહારો આપવાવાળા છો. હે દેવ! જેવી રીતે સૂર્યના કિરણો દ્વારા ઉદય થવા પહેલાં જ અંધકાર નષ્ટપ્રાયઃ કરી દેવામાં આવે છે, તેવી જ રીતે આપના વચનરૂપી કિરણો દ્વારા પણ અમારા લોકોના હૃદયનો અંધકાર નષ્ટ કરી દેવામાં આવ્યો છે. હે દેવ! આપ દેવોના આદિ દેવ છો! ત્રણેય જગતના આદિ ગુરુ છો! જગતના આદિ વિધાતા છો અને ધર્મના આદિ નાયક છો! હે દેવ! આપ જ જગતના સ્વામી છો! આપ જ જગતના પિતા છો! આપ જ જગતના રક્ષક છો અને આપ જ જગતના નાયક છો! હે દેવ! જેવી રીતે સ્વયં ધવલ રહેવાવાળો ચંદ્ર પોતાની ચાંદનીથી સમસ્ત લોકને ધવલ કરે છે, તેવી જ રીતે સ્વયં પવિત્ર રહેવાવાળા આપ પોતાના ઉત્કૃષ્ટ ગુણોથી સંપૂર્ણ સંસારને પવિત્ર કરો છો! હે નાથ! સંસારરૂપી રોગથી દુઃખી થયેલા આ પ્રાણી અમૃત સમાન આપના વચનરૂપી ઔષધિ દ્વારા નિરોગ થઈને આપનાથી પરમ કલ્યાણને પ્રાપ્ત થશે! હે ભગવાન! આપ સંપૂર્ણ ક્લેશોને નષ્ટ કરી આ તીર્થંકરરૂપ પરમપદને પ્રાપ્ત થયા છો, તેથી આપ જ પવિત્ર છો! આપ જ બીજાઓને પવિત્ર કરવાવાળા છો અને આપ જ અવિનાશી ઉત્કૃષ્ટ જ્યોતિ સ્વરૂપ છો! હે નાથ! જો કે આપ કૂટસ્થ છો–નિત્ય છો, તેમ છતાં આજે અમને લોકોને કૂટસ્થ નથી જણાતા. કારણ કે ધ્યાનથી થવાવાળા સમસ્ત ગુણ આપમાં જ વૃદ્ધિને પ્રાપ્ત થઈ રહ્યા છે. ભાવાર્થ—જે કૂટસ્થ–નિત્ય હોય છે તેમાં કોઈપણ પ્રકારનું પરિવર્તન નથી થતું અર્થાત્ તેમાં કોઈ ગુણ ઘટતો નથી કે વધતો નથી, પરંતુ અમે જોઈએ છીએ કે આપમાં ધ્યાન આદિ યોગાભ્યાસથી થવાવાળા અનેક ગુણ પ્રતિસમય વધતા રહે છે, એ અપેક્ષાથી આપ અમને કૂટસ્થ નથી જણાતા!

હે દેવ! જો કે આપ વિના સ્નાન કર્યે જ પરમ પવિત્ર છો, તેમ છતાં મેરુ પર્વત પર જે આપનો અભિષેક કરવામાં આવ્યો છે, તે પાપોથી મલિન થયેલા આ જગતને પવિત્ર કરવા માટે જ કરવામાં આવ્યો છે. હે દેવ! આપના જન્માભિષેકથી ફક્ત અમે લોકો જ પવિત્ર નથી થયા, પરંતુ આ મેરુ પર્વત, ક્ષીરસાગર તથા તે બંનેના વન પણ પવિત્રતાને પ્રાપ્ત થઈ ગયા છે. હે દેવ! આપના અભિષેકના જળકણ બધી જ દિશામાં એવા શોભાયમાન થઈ રહ્યા હતા કે જાણે સંસારને આનંદ આપવાવાળા અને ઘનીભૂત આપના યશનો સમૂહ જ હોય! હે દેવ! જો કે આપ લેપ લગાવ્યા વિના જ સુગંધિત છો અને આભૂષણ પહેર્યા વિના જ સુંદર છો, તેમ છતાં અમે ભક્તોએ

ભક્તિવશ જ સુગંધિત દ્રવ્યોનો લેપ અને આભૂષણો આપને પહેરાવ્યા છે. હે ભગવાન! આપ તેજસ્વી છો અને સંસારમાં સર્વાધિક તેજ ધારણ કરતાં પ્રગટ થયા છો, તેથી એવા જણાવ છો કે જાણે મેરુ પર્વતના ગર્ભથી સંસારનો એક શિખામણિ–સૂર્ય જ ઉદિત થયો હોય! હે દેવ! સ્વર્ગાવતરણના સમયે આપ 'સદ્યોજાત' નામને ધારણ કરી રહ્યા હતા, 'અચ્યુત'(અવિનાશી) આપ છો જ અને આજે સુંદરતાને ધારણ કરતાં થકા 'વામદેવ' આ નામને પણ ધારણ કરી રહ્યા છો અર્થાત્ આપ જ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ છો!

જેવી રીતે શુદ્ધ ખાણમાંથી નીકળેલો મણિ સંસ્કારના યોગથી અતિશય દૈદીપ્યમાન થઈ જાય છે, તેવી જ રીતે આપ પણ જન્માભિષેકરૂપી જાતકર્મ–સંસ્કારના યોગથી અતિશય દૈદીપ્યમાન થઈ રહ્યા છો! હે નાથ! આ જે બ્રહ્મ-અદ્વૈતવાદીઓનું કહેવું છે કે 'બધા જ લોકો પરમ બ્રહ્મની શરીર આદિ પર્યાયો જ જોઈ શકે છે, તેને સાક્ષાત કોઈ નથી જોઈ શકતું' તે બધું ખોટું છે. કારણ કે પરમ જ્યોતિસ્વરૂપ આપ આજે અમને પ્રત્યક્ષ દૃષ્ટિગોચર થઈ રહ્યા છો! હે દેવ! વિસ્તારથી આપની સ્તુતિ કરવાવાળા યોગીરાજ આપને પુરાણપુરુષ, પુરુ, કવિ અને પુરાણ આદિ માને છે. હે ભગવાન! આપનો આત્મા અત્યંત પવિત્ર છે, તેથી આપને નમસ્કાર છે! આપના ગુણ સર્વત્ર પ્રસિદ્ધ છે, તેથી આપને નમસ્કાર છે! આપ જન્મ-મરણનો ભય નષ્ટ કરવાવાળા છો અને ગુણોના એકમાત્ર ઉત્પન્ન કરવાવાળા છો, તેથી આપને નમસ્કાર છે! હે નાથ! આપ ક્ષમા-પૃથ્વી સમાન ક્ષમા-શાંતિ ગુણને જ પ્રધાનરૂપથી ધારણ કરો છો, તેથી ક્ષમા અર્થાત્ પૃથ્વીરૂપને ધારણ કરવાવાળા આપને નમસ્કાર છે! આપ જળ સમાન જગતને આનંદિત કરવાવાળા છો, તેથી જળરૂપને ધારણ કરવાવાળા આપને નમસ્કાર છે! આપ વાયુ સમાન પરિગ્રહ રહિત છો, વેગશાળી છો અને મોહરૂપી મહાવૃક્ષને ઉખાડવાવાળા છો, તેથી વાયુરૂપને ધારણ કરવાવાળા આપને નમસ્કાર છે! આપ કર્મરૂપી ઇંધનને બાળવાવાળા છો, આપનું શરીર કંઈક લાલિમાયુક્ત પીત વર્ણ તથા પુષ્ટ છે તથા આપનું ધ્યાનરૂપી તેજ સદાય પ્રદીપ્ત રહે છે, તેથી અગ્નિરૂપને ધારણ કરવાવા આપને નમસ્કાર છે! આપ આકાશની જેમ પાપરૂપી ધૂળની સંગતિથી રહિત છો, વિભુ છો, વ્યાપક છો, અનાદિ અનંત છો, નિર્વિકાર છો, બધાના રક્ષક છો, તેથી આકાશરૂપને ધારણ કરવાવાળા આપને નમસ્કાર છે! આપ યાજક સમાન ધ્યાનરૂપી અગ્નિમાં કર્મરૂપી સાકલ્યનું હોમ કરવાવાળા છો, તેથી યાજકરૂપને ધારણ કરવાવાળા આપને નમસ્કાર છે! આપ ચંદ્ર સમાન નિર્વાણ

(મોક્ષ અથવા આનંદ) આપવાવાળા છો, તેથી ચંદ્રમા રૂપને ધારણ કરવાવાળા આપને નમસ્કાર છે! આપ અનંત પદાર્થોને પ્રકાશિત કરવાવાળા કેવળજ્ઞાનરૂપી સૂર્યથી સદાય અભિન્ન રહો છો, તેથી સૂર્યરૂપને ધારણ કરવાવાળા આપને નમસ્કાર છે! હે નાથ! આ રીતે, આપ પૃથ્વી, જળ, વાયુ, અગ્નિ, આકાશ, યાજક, ચંદ્ર અને સૂર્ય—આ આઠ મૂર્તિઓને ધારણ કરવાવાળા છો તથા તીર્થંકર થવાવાળા છો, તેથી આપને નમસ્કાર છે! ભાવાર્થ– અન્યમતાવલંબીઓએ મહાદેવની પૃથ્વી, જળ આદિ આઠ મૂર્તિઓ માની છે. અહીં આચાર્યે ઉપર લખેલા વર્ણનથી ભગવાન વૃષભદેવને જ તે આઠ મૂર્તિઓને ધારણ કરવાવાળા મહાદેવ માનીને તેમની સ્તુતિ કરી છે.

હે નાથ! આપ 'મહાબળ' અર્થાત્ અતુલ બળના ધારક છો અથવા આ ભવથી પૂર્વ દસમા ભવમાં **'મહાબળ'** વિદ્યાધર હતા, તેથી આપને નમસ્કાર છે! તમે લલિતાંગ છો અર્થાત્ સુંદર શરીરને ધારણ કરવાવાળા અથવા નવમા ભવમાં ઈશાન સ્વર્ગના **'લલિતાંગદેવ'** હતા, તેથી આપને નમસ્કાર છે! આપ ધર્મરૂપી તીર્થને પ્રવર્તાવવાવાળા ઐશ્વર્યવાન અને 'વજ્રજંઘ' છો અર્થાત્ વજ્રના સમાન મજબૂત જાંઘને ધારણ કરવાવાળા છો અથવા આઠમા ભવમાં **'વજ્રજંઘ'** નામના રાજા હતા, એવા આપને નમસ્કાર છે! આપ 'આર્ય' અર્થાત્ પૂજ્ય છો અથવા સાતમા ભવમાં ભોગભૂમિજ **'આર્ય'** હતા, તેથી આપને નમસ્કાર છે. આપ દિવ્ય 'શ્રીધર' અર્થાત્ ઉત્તમ શોભાને ધારણ કરવાવાળા છો અર્થાત્ છઠ્ઠા ભવમાં **'શ્રીધર'** નામના દેવ હતા, તેથી આપને નમસ્કાર છે! આપ 'સુવિધિ' અર્થાત્ ઉત્તમ ભાગ્યશાળી છો અથવા પાંચમા ભવમાં **'સુવિધિ'** નામના રાજા હતા, તેથી આપને નમસ્કાર છે! આપ 'અચ્યુતેન્દ્ર' અર્થાત્ અવિનાશી સ્વામી છો અથવા ચોથા ભવમાં અચ્યુત સ્વર્ગના **'ઇન્દ્ર'** હતા, તેથી આપને નમસ્કાર છે! આપનું શરીર વજ્રના સ્તંભ સમાન સ્થિર છે અને આપ 'વજ્રનાભિ' અર્થાત્ વજ્ર સમાન મજબૂત નાભિ ધારણ કરવાવાળા છો અથવા ત્રીજા ભવમાં **'વજ્રનાભિ'** નામના ચક્રવર્તી હતા, તેથી આપને નમસ્કાર છે! આપ સર્વાથસિદ્ધિના નાથ અર્થાત્ બધા જ પદાર્થોની સિદ્ધિના સ્વામી તથા 'સર્વાર્થસિદ્ધિ' અર્થાત્ બધા જ પ્રયોજનની સિદ્ધિને પ્રાપ્ત છો અથવા બીજા ભવમાં **'સર્વાર્થસિદ્ધિ'** વિમાનને પ્રાપ્ત કરી તેના સ્વામી થયા હતા, તેથી આપને નમસ્કાર છે! હે નાથ! દશાવતારચરમ અર્થાત્ સાંસારિક પર્યાયોમાં અંતિમ અથવા ઉપર કહેલા મહાબળ આદિ દશ અવતારોમાં અંતિમ પરમૌદારિક શરીરને ધારણ કરવાવાળા નાભિરાયના પુત્ર **'વૃષભદેવ'** પરમેષ્ઠી થયા છો,

તેથી આપને નમસ્કાર છે! ભાવાર્થ—આ રીતે શ્લેષાલંકારનો આશ્રય લઈને આચાર્યે ભગવાન વૃષભદેવના દસ ભવોનું વર્ણન કર્યું છે. તેનો અભિપ્રાય એમ છે કે અન્ય મતાવલંબી શ્રીકૃષ્ણ–વિષ્ણુના દસ અવતાર માને છે. અહીં આચાર્યે દસ ભવ કહીને ભગવાન વૃષભદેવને શ્રીકૃષ્ણ–વિષ્ણુ સિદ્ધ કર્યા છે. હે દેવ! આ રીતે, આપની સ્તુતિ કરીને અમે લોકો એવા જ ફળની આશા કરીએ છીએ કે અમારા લોકોની ભક્તિ આપમાં જ રહે. અમને અન્ય પરિમિત ફળોથી કાંઈપણ પ્રયોજન નથી.

આ પ્રકારે, પરમ આનંદથી ભરેલા ઈન્દ્રોએ ભગવાન વૃષભદેવની સ્તુતિ કરી ઉત્સવપૂર્વક અયોધ્યા ચાલવાનો વિચાર કર્યો. અયોધ્યાથી મેરુ પર્વત સુધી જતા સમયે માર્ગમાં જેવો ઉત્સવ થયો હતો, તેવો જ ઉત્સવ ફરી થવા લાગ્યો—તેવી જ રીતે દુંદુભિ વાજા વાગવા લાગ્યા, તેવી જ રીતે જય-જય શબ્દનું ઉચ્ચારણ થવા લાગ્યું અને તેવી જ રીતે ઈન્દ્રએ જિનેન્દ્ર ભગવાનને ઐરાવત હાથી પર બિરાજમાન કર્યા. તે દેવ ખૂબ જ કોલાહલ, ગીત, નૃત્ય અને જય-જય શબ્દની ઘોષણા કરતાં આકાશરૂપી આંગણને ઓળંગીને અયોધ્યાપુરી આવી પહોંચ્યા. જેના શિખર આકાશનું ઉલ્લંઘન કરવાવાળા છે અને જેના ઉપર લાગેલી પતાકાઓ વાયુના વેગથી લહેરાઈ રહી છે એવા ગોપુર દરવાજાઓથી તે અયોધ્યા નગરી એવી શોભાયમાન થઈ રહી છે કે જાણે સ્વર્ગપુરીને જ બોલાવી રહી હોય! તે અયોધ્યાપુરીની મણિમય ભૂમિ રાત્રિના શરૂઆતના સમયમાં તારાઓનું પ્રતિબિંબ પડવાથી એવી જણાતી હતી કે કુમુદોથી સહિત સરસીની અખંડ શોભા ધારણ કરી રહી હોય! દૂર સુધી આકાશમાં વાયુ દ્વારા લહેરાતી પતાકાઓથી તે અયોધ્યા એવી જણાતી હતી કે જાણે કૌતુહલવશ ઉપર ઊઠાવેલા હાથથી સ્વર્ગવાસી દેવોને બોલાવવા ઈચ્છતી હોય! જેમાં અનેક સુંદર સ્ત્રી-પુરુષ નિવાસ કરે છે એવા ત્યાંના મણિમય મહેલોને જોઈને નિઃસંદેહ કહેવું પડતું હતું કે જાણે એ મહેલોએ ઈન્દ્રના વિમાનની શોભા છીનવી લીધી હતી અથવા તિરસ્કૃત કરી હતી. ત્યાં ચૂનાના બનાવેલા મહેલોના અગ્રભાગ પર સેંકડો ચંદ્રકાંતમણિ લાગેલા હતા. રાતમાં ચંદ્રના કિરણોનો સ્પર્શ પામીને તેમાંથી પાણી ઝરતું હતું કે જેથી તે મણિઓ મેઘ સમાન જણાતા હતા. એ નગરીના મોટા રાજમહેલોના શિખર અનેક મણિઓથી દૈદીપ્યમાન રહેતા હતા, તેનાથી બધી દિશાઓમાં રત્નોનો પ્રકાશ ફેલાતો રહેતો હતો કે જેથી એવું જણાતું હતું કે જાણે તે નગરી ઈન્દ્રધનુષ જ ધારણ કરી રહી હોય! તે નગરીનું આકાશ

કોઈક સ્થાને પદ્મરાગમણિઓના કિરણોથી કંઈક લાલ થઈ રહ્યું છે કે જેથી એવું જણાતું હતું કે જાણે સંધ્યાકાળના વાદળોથી આચ્છાદિત થઈ રહ્યું હોય! ત્યાંના રાજમહેલોના શિખરોમાં લાગેલા દૈદીપ્યમાન ઈન્દ્રનીલમણિઓથી છુપાયેલું જ્યોતિષ ચક્ર આકાશમાં દેખાઈ રહ્યું જ ન હતું.

તે નગરના રાજમહેલોના શિખર પર્વતોના શિખર સમાન ખૂબ જ ઉંચા હતા અને તેના પર શરદ ઋતુના મેઘ આશ્રય લેતા હતા. બરાબર જ છે કે જે અતિશય ઉન્નત હોય છે તે કોનો આશ્રય નથી હોતા! તે નગરીનો સુવર્ણનો બનેલો પરકોટ એટલો સુંદર શોભાયમાન થઈ રહ્યો હતો કે જાણે પોતાનામાં લાગેલા રત્નોના કિરણોથી સુમેરુ પર્વતની શોભાની હાંસી જ કરી રહ્યો હોય! અયોધ્યાપુરીની પરિખા ઉદ્ધત થયેલા જળચર જીવોથી સદાય ક્ષોભને પ્રાપ્ત થતી રહેતી હતી અને ચંચળ લહેરો અને આવર્તોથી ભયંકર રહેતી હતી, તેથી કોઈ વિશાળ સમુદ્રની લીલા ધારણ કરતી હતી. ભગવાન વૃષભદેવની જન્મભૂમિ હોવાથી તે નગરી શુદ્ધ ખાણની ભૂમિ સમાન હતી અને તેણે કરોડો પુરુષરૂપી અમૂલ્ય મહારત્ન ઉત્પન્ન પણ કર્યા હતા. અનેક પ્રકારના ફળ તથા છાયો આપવાવાળા અનેક પ્રકારના વૃક્ષોથી ભરેલા ત્યાંના બહારના ઉપવનોએ કલ્પવૃક્ષોની શોભાને તિરસ્કૃત કરી દીધી હતી. તેના સમીપવર્તી પ્રદેશને ઘેરીને સરયૂ નદી સ્થિત હતી કે જેના સુંદર કિનારાઓ પર સારસ પક્ષી સૂઈ રહ્યા હતા અને હંસ મનોહર શબ્દ કરી રહ્યા હતા. તે નગરી અન્ય શત્રુઓ દ્વારા દુર્લંઘ્ય હતી અને સ્વયં અનેક યોદ્ધાઓથી ભરેલી હતી, તેથી લોકો તેને **'અયોધ્યા'** (જેની સાથે કોઈ યુદ્ધ ન કરી શકે) કહેતા હતા. તેનું બીજું નામ **'વિનીતા'** પણ હતું અને તે આર્યખંડના મધ્યમાં સ્થિત હતી, તેથી તેની નાભિ સમાન શોભાયમાન થઈ રહી હતી. દેવોની સેનાઓ તે અયોધ્યા નગરીને ચારે તરફ ઘેરીને સ્થિર થઈ ગઈ હતી કે જેથી એવું જણાતું હતું કે તેની શોભા જોવા માટે ત્રણેય લોક જ આવી ગયા હોય!

ત્યારબાદ, ઈન્દ્રએ ભગવાન વૃષભદેવને લઈને કેટલાક દેવોની સાથે ઉત્કૃષ્ટ લક્ષ્મીથી સુશોભિત મહારાજ નાભિરાયના ઘરમાં પ્રવેશ કર્યો અને ત્યાં જઈને, દેવોએ અનેક પ્રકારની સુંદર રચના કરી છે એવા શ્રીગૃહના આંગણમાં બાળકરૂપધારી ભગવાનને સિંહાસન પર બિરાજમાન કર્યા. મહારાજ નાભિરાય તે પ્રિયદર્શન ભગવાનને જોવા લાગ્યા, તે સમયે તેમનું સંપૂર્ણ શરીર રોમાંચિત થઈ રહ્યું હતું, નેત્ર પ્રીતિથી પ્રફુલ્લિત તથા વિસ્તૃત થઈ રહ્યા

હતા. માયામયી નિદ્રા દૂર કરી ઈન્દ્રાણી દ્વારા પ્રબોધને પ્રાપ્ત થયેલી માતા મરૂદેવી પણ હર્ષિત ચિત્ત થઈને દેવીઓની સાથે-સાથે ત્રણેય જગતના સ્વામી ભગવાન વૃષભદેવને જોવા લાગી. તે સતી મરૂદેવી પોતાના પુત્રને ઉદય થયેલા તેજના પુંજ સમાન જોઈ રહી હતી અને તે તેનાથી એવી સુશોભિત થઈ રહી હતી કે જાણે બાળસૂર્યથી પૂર્વદિશા સુશોભિત થાય છે. જેના મનોરથ પૂર્ણ થઈ ગયા છે એવા જગત્ગુરુ ભગવાન વૃષભદેવના માતા-પિતા અતિશય પ્રસન્ન થતા ઈન્દ્રાણીની સાથે-સાથે ઈન્દ્રને જોવા લાગ્યા.

ત્યારબાદ, ઈન્દ્રએ આશ્ચર્યકારી, મહામૂલ્ય અને અનેક પ્રકારના આભૂષણો તથા માળાઓથી તે જગતપૂજ્ય માતા-પિતાની પૂજા કરી. ત્યારબાદ, તે સૌધર્મ સ્વર્ગનો ઈન્દ્ર અત્યંત સંતુષ્ટ થઈને તે બંનેની આ પ્રકારે સ્તુતિ કરવા લાગ્યો કે તમે બંને પુણ્યરૂપી ધન સહિત છો તથા ખૂબ જ ધન્ય છો! કારણ કે સમસ્ત લોકમાં શ્રેષ્ઠ પુત્ર તમને જ થયો છે. આ સંસારમાં તમે બંને જ મહાભાગ્યશાળી છો, તમે બંને જ અનેક કલ્યાણોને પ્રાપ્ત થવાવાળા છો અને તમારા બંનેની બરાબરી કરવાવાળું કોઈ નથી, કારણ કે તમે જગત્ગુરુના પણ ગુરુ અર્થાત્ માતા-પિતા છો. હે નાભિરાય! સત્ય છે કે તમે ઐશ્વર્યવાન ઉદયાચળ છો અને રાણી મરૂદેવી પૂર્વ દિશા છે, કારણ કે આ પુત્રરૂપી પરમ જ્યોતિ તમારાથી જ ઉત્પન્ન થઈ છે. આજે તમારું આ ઘર અમારા માટે જિનાલય સમાન પૂજ્ય છે અને તમે જગત્ પિતાના પણ માતા-પિતા છો, તેથી અમારા લોકો માટે સદાય પૂજ્ય છો. આ રીતે, ઈન્દ્રએ માતા-પિતાની સ્તુતિ કરી તેમના હાથમાં ભગવાનને સોંપી દીધા અને પછી તેમના જન્માભિષેકની ઉત્તમ કથા કહેતો તે ક્ષણવાર ત્યાં જ ઊભો રહ્યો. ઈન્દ્ર દ્વારા જન્માભિષેકની બધી વાત જાણીને માતા-પિતા બંને હર્ષ અને આશ્ચર્યની અંતિમ સીમા પર આરૂઢ થયા.

માતા-પિતાએ ઈન્દ્રની અનુમતિ પ્રાપ્ત કરી અનેક ઉત્સવ કરવાવાળા પુરવાસી લોકોની સાથે-સાથે ઘણી જ વિભૂતિથી ભગવાનનો ફરી જન્મોત્સવ કર્યો. તે સમયે પતાકાઓની પંક્તિથી ભરેલી તે અયોધ્યા નગરી એવી જણાતી હતી કે જાણે કૌતુકવશ સ્વર્ગને બોલાવવા માટે ઈશારા જ કરી રહી હોય! તે સમયે તે અયોધ્યા નગરી સ્વર્ગપુરી સમાન જણાતી હતી, નગરવાસી દેવતુલ્ય જણાતા હતા અને અનેક વસ્ત્રાભૂષણ ધારણ કરેલી નગરનિવાસીની સ્ત્રિઓ અપ્સરાઓ સમાન જણાતી હતી. ધૂપની સુગંધથી બધી દિશાઓ ભરાઈ ગઈ હતી, સુગંધિત

ચૂર્ણથી આકાશ વ્યાપ્ત થઈ ગયું હતું અને સંગીત તથા મૃદંગોના શબ્દથી બધી જ દિશાઓ બહેરી થઈ ગઈ હતી. તે સમયે નગરની બધી જ ગલીઓ રત્નોના ચૂર્ણથી અલંકૃત થઈ રહી હતી અને લહેરાતી પતાકાઓના વસ્ત્રથી તેમાંનો બધો સંતાપ અટકી ગયો હતો. તે સમયે તે નગરમાં બધા સ્થાનો પર પતાકાઓ લહેરાઈ રહી હતી કે જેથી એવું જણાતું હતું કે જાણે તે નગર નૃત્ય જ કરી રહ્યું હોય! તેના ગોપુર દરવાજાઓ બાંધેલા તોરણોથી શોભાયમાન થઈ રહ્યા હતા કે જેથી એવું જણાતું હતું કે જાણે તે પોતાના મુખની સુંદરતા દેખાડી રહ્યું હોય! તે નગર જગ્યાએ-જગ્યાએ સજાવવામાં આવ્યું હતું કે જેથી તે એવું જણાતું હતું કે જાણે વસ્ત્રાભૂષણ જ ધારણ કર્યા હોય! અને શરૂ કરેલા સંગીતના શબ્દથી તે નગરની સમસ્ત દિશાઓ ભરાઈ ગઈ હતી જેથી એવું જણાતું હતું કે જાણે તે આનંદથી વાત-ચિત કરી રહ્યા હોય અથવા ગાઈ રહ્યા હોય!

આ રીતે, આનંદિત સમસ્ત પુરવાસી લોકો ગીત, નૃત્ય, વાદિત્ર તથા અન્ય અનેક મંગલકાર્યોમાં વ્યગ્ર થઈ રહ્યા હતા, તે સમયે તે નગરમાં ન કોઈ દીન રહ્યું હતું, ન તો કોઈ નિર્ધન રહ્યું હતું, ન તો કોઈ એવું રહ્યું હતું કે જેની ઈચ્છા પૂર્ણ ન થઈ હોય અને ન તો કોઈ એવું હતું કે જેને આનંદ ઉત્પન્ન ન થયો હોય! આ રીતે, સંપૂર્ણ સંસારને આનંદિત કરવાવાળો તે મહોત્સવ જેવો મેરુ પર્વત પર થયો હતો તેવો જ અંતઃપુર સહિત આ અયોધ્યાપુરીમાં થયો. તે નગરવાસીઓનો આનંદ જોઈને પોતાના આનંદને પ્રકાશિત કરતાં ઈન્દ્રએ 'આનંદ' નામનું નાટક કરવામાં પોતાનું મન લગાવ્યું. જ્યાં ઈન્દ્રએ નૃત્ય કરવું શરૂ કર્યું ત્યાં જ સંગીતવિદ્યાના જાણવાવાળા ગંધર્વોએ પોતાના વાજા આદિ ઠીક કરીને વિસ્તારપૂર્વક સંગીત શરૂ કર્યું. પહેલાં કોઈ દ્વારા કરવામાં આવેલા કાર્યનું અનુકરણ કરવું નાટય કહેવાય છે. તે નાટ્ય નાટ્યશાસ્ત્ર અનુસાર જ કરવાયોગ્ય છે અને તે નાટ્યશાસ્ત્રને ઈન્દ્રાદિ દેવ જ સારી રીતે જાણે છે. જે નાટ્ય અથવા નૃત્ય શિષ્ય-પ્રતિશિષ્યરૂપ અન્યપાત્રોમાં સંક્રાંત થઈને પણ સજ્જનોનું મનોરંજન કરતું રહે છે, જો તેને સ્વયં તેનું નિરૂપણ કરવાવાળો કરે તો પછી તેની મનોહરતાનું શું વર્ણન કરવું!

ત્યારબાદ, અનેક પ્રકારના પાઠ અને ચિત્ર-વિચિત્ર ચેષ્ટાઓ દ્વારા ઈન્દ્ર દ્વારા કરવામાં આવેલું તે નૃત્ય મહાત્મા પુરુષોએ જોવા અને સાંભળવાયોગ્ય હતું. તે સમયે અનેક પ્રકારના વાજા વાગી રહ્યા હતા, ત્રણેય લોકમાં ફેલાયેલી કુલાચલો સહિત પૃથ્વી જ તેની રંગભૂમિ હતી, સ્વયં ઈન્દ્ર પ્રધાન નૃત્ય કરવાવાળો હતો, નાભિરાય આદિ

ઉત્તમ-ઉત્તમ પુરુષ તે નૃત્યના દર્શક હતા, જગત્ ગુરુ ભગવાન વૃષભદેવ તેના આરાધ્યદેવ હતા અને ધર્મ-અર્થ-કામ આ ત્રણ પુરુષાર્થોની સિદ્ધિ તથા પરમાનંદરૂપ મોક્ષની પ્રાપ્તિ થવી જ જેનું ફળ હતું! આ ઉપર કહેલી વસ્તુમાંથી એક-એક વસ્તુ પણ સજ્જન પુરુષોને પ્રીતિ ઉત્પન્ન કરવાવાળી હતી, તો પછી પુણ્યોદયથી પૂર્વોક્ત બધી જ વસ્તુઓનો સમુદાય કોઈ એક જગ્યાએ આવી મળે તો તેનું કહેવું જ શું! તે સમયે ઈન્દ્રએ પહેલાં ત્રિવર્ગરૂપ(ધર્મ, અર્થ, કામરૂપ) ફળને સિદ્ધ કરવાવાળું ગર્ભાવતાર સંબંધી નાટક કર્યું અને પછી જન્માભિષેક સંબંધી નાટક શરૂ કર્યું. ત્યારબાદ, ઈન્દ્રએ ભગવાનના મહાબળ આદિ દશાવતાર સંબંધી વૃત્તાંતને લઈને અનેકરૂપ દેખાડવાવાળા અન્ય અનેક નાટક શરૂ કર્યા. તે નાટકોનો પ્રયોગ કરતાં સમયે ઈન્દ્રએ પાપોનો નાશ કરવા માટે મંગલાચરણ કર્યું અને પછી સાવધાન થઈને પૂર્વરંગ શરૂ કર્યું.

પૂર્વરંગ પ્રારંભ કરતાં સમયે ઈન્દ્રએ પુષ્પાંજલી ક્ષેપણ કરતાં સૌ પ્રથમ તાંડવ નૃત્ય શરૂ કર્યું. તાંડવ નૃત્યની શરૂઆતમાં તેણે નાંદીમંગલ કર્યું અને પછી નાંદીમંગલ કર્યા બાદ રંગભૂમિમાં પ્રવેશ કર્યો. તે સમયે નાટ્યશાસ્ત્રના અવતારને જાણવાવાળો અને મંગળમય વસ્ત્રાભૂષણ ધારણ કરવાવાળો તે ઈન્દ્ર ખૂબ જ શોભાયમાન થઈ રહ્યો હતો. જે સમયે તે રંગભૂમિમાં અવતીર્ણ થયો હતો તે સમયે તે પોતાના બંને હાથ કમર પર રાખીને ચારે તરફથી મરુત અર્થાત્ દેવોથી ઘેરાયેલો હતો. તેથી એવો જણાતો હતો કે જાણે મરુત અર્થાત્ વાતવલયોથી ઘેરાયેલો લોકસ્કંધ જ હોય! રંગભૂમિની મધ્યમાં પુષ્પાંજલિ વિખેરતો તે ઈન્દ્ર એવો જણાતો હતો કે જાણે પોતાના પાન કરવાથી બચેલા નાટ્યરસને બીજાઓ માટે વહેંચી રહ્યો હોય! તે ઈન્દ્ર સારા-સારા વસ્ત્રાભૂષણોથી શોભાયમાન હતો અને ઉત્તમ નેત્રોના સમૂહને ધારણ કરતો હતો, તેથી પુષ્પ અને આભૂષણોથી સહિત કોઈ કલ્પવૃક્ષ સમાન સુશોભિત થઈ રહ્યો હતો. જેની પાછળ અનેક મદોન્મત્ત ભ્રમર દોડી રહ્યા છે એવી તે પુષ્પાંજલિ એવી સુશોભિત થઈ રહી હતી કે જાણે આકાશને ચિત્ર-વિચિત્ર કરવાવાળા ઈન્દ્રના નેત્રનો સમૂહ જ હોય! ઈન્દ્રના મોટા-મોટા નેત્રોની પંક્તિ જવનીકાની શોભા ધારણ કરવાવાળી પોતાની ફેલાયેલી પ્રભાથી રંગભૂમિને ચારેય તરફથી આચ્છાદિત કરી રહી હતી. તે ઈન્દ્ર તાલની સાથે-સાથે પગ રાખીને રંગભૂમિની ચારે તરફ ફરતો એવો શોભાયમાન થઈ રહ્યો હતો કે જાણે પૃથ્વીને માપી જ રહ્યો હોય!

જ્યારે ઈન્દ્રએ પુષ્પાંજલી ક્ષેપણ કરી તાંડવ નૃત્ય શરૂ કર્યું ત્યારે તેની ભક્તિથી પ્રસન્ન થઈને દેવોએ આકાશમાંથી પુષ્પવર્ષા કરી હતી, તે સમયે દિશાઓના અંત સુધી પ્રતિધ્વનિને વિસ્તૃત કરતાં પુષ્કર આદિ કરોડો વાજાઓ એકસાથે ગંભીર શબ્દોથી વાગી રહ્યા હતા, વીણા પણ મનોહર શબ્દ કરી રહી હતી, મનોહર મુરલી પણ મધુર શબ્દોથી વાગી રહી હતી અને વાજાઓની સાથે-સાથે જ તાલ સહિત સંગીતના શબ્દ થઈ રહ્યા હતા. વીણા વગાડવાવાળા મનુષ્ય જે સ્વર અથવા જે શૈલીથી વીણા વગાડી રહ્યા હતા, સાથેના અન્ય વાજા વગાડવાવાળા મનુષ્ય પણ પોતપોતાના વાજાઓને તે જ સ્વર અથવા શૈલીથી મેળવીને વગાડી રહ્યા હતા. તે સમયે વીણા વગાડતી કિન્નર દેવીઓ કોમળ, મનોહર પરંતુ કંઈક ગંભીર, ઉચ્ચ અને સૂક્ષ્મરૂપથી ગાઈ રહી હતી. જેવી રીતે ઉત્તમ શિષ્ય ગુરુનો ઉપદેશ પામીને મધુર શબ્દ કરે છે અને અનુમાન આદિના પ્રયોગમાં કોઈ પ્રકારનો વાદ-વિવાદ ન કરતાં પોતાના ઉત્તમ વંશને યોગ્ય કાર્ય કરે છે, તેવી જ રીતે વંશી આદિ વાંસના વાજા પણ મુખનો સંબંધ પામીને મનોહર શબ્દ કરી રહ્યા હતા અને નૃત્ય-સંગીત આદિના પ્રયોગમાં કોઈ પ્રકારનો વિવાદ ન કરતાં પોતાના વાંસને યોગ્ય કાર્ય કરી રહ્યા હતા.

આ રીતે, ઈન્દ્રએ પહેલાં તો શુદ્ધ પૂર્વરંગનો પ્રયોગ કર્યો અને પછી કરણ દ્વારા વિવિધરૂપમાં તેનો પ્રયોગ કર્યો. તે ઈન્દ્ર પગ, કમર, કંઠ અને હાથોને અનેક પ્રકારે ફેરવીને ઉત્તમ રસ દેખાડતો થકો તાંડવનૃત્ય કરી રહ્યો હતો. જે સમયે તે ઈન્દ્ર વિક્રિયાથી હજાર હાથ બનાવીને નૃત્ય કરી રહ્યો હતો, તે સમયે પૃથ્વી તેનો પગ રાખવાથી હલવા લાગી હતી જાણે કે ફાટી રહી હોય! કુલપર્વત તૃણની રાશિ સમાન ચંચળ થઈ ગયા હતા અને સમુદ્ર પણ જાણે કે આનંદથી શબ્દ કરતાં થકા લહેરાવા લાગ્યા હતા. તે સમયે ઈન્દ્રની ચંચળ ભૂજાઓ ખૂબ જ મનોહર હતી, તે શરીરથી સ્વયં ઉંચો હતો અને ચંચળ વસ્ત્ર તથા આભૂષણોથી સહિત હતો, તેથી એવો જણાતો હતો કે જાણે જેની શાખાઓ હલી રહી છે, જે ખૂબ જ ઊંચું છે અને જે હલતાં વસ્ત્ર તથા આભૂષણોથી સહિત છે એવું કલ્પવૃક્ષ જ નૃત્ય કરી રહ્યું હોય! તે સમયે ઈન્દ્રના હલતાં મુગટમાં લાગેલા રત્નોના કિરણોના મંડળથી વ્યાપ્ત થયેલું આકાશ એવું જણાતુ હતું કે જાણે હજારો વિજળીઓથી જ વ્યાપ્ત થઈ રહ્યું હોય!, નૃત્ય કરતાં સમયે ઈન્દ્રની ભૂજાઓના વિક્ષેપથી વિખરાયેલા તારા ચારે તરફ ફરી રહ્યા હતા અને એવા જણાતા હતા કે જાણે ફિરકી લગાવવાથી તૂટેલા

હારના મોતી જ હોય! નૃત્ય કરતાં સમયે ઈન્દ્રની ભૂજાઓના ઉલ્લાસથી ભટકાયેલા તથા પાણીના નાના-નાના છાંટા છોડતા મેઘ એવા જણાતા હતા કે જાણે શોકથી આંસુ જ ટપકાવી હોય! નૃત્ય કરતાં-કરતાં જ્યારે ઈન્દ્ર ફીરકી લેતો હતો ત્યારે તેના વેગના આવેશથી ફરતી તેના મુકુટના મણિઓની પંક્તિઓ અલાતચક્રની જેમ ભ્રમણ કરવા લાગી હતી.

ઈન્દ્રના તે નૃત્યના ક્ષોભથી પૃથ્વી ક્ષોભિત થઈ ગઈ હતી. પૃથ્વીના ક્ષોભિત થતાં સમુદ્ર પણ ક્ષોભિત થઈ ગયો હતો અને ઉછળતાં જળોના કણથી દિશાઓની ભિત્તિઓનું (ભીંતોનું) પ્રક્ષાલન કરવા લાગ્યા હતા. નૃત્ય કરતાં સયમે તે ઈન્દ્ર ક્ષણમાં એકરૂપ રહેતો હતો, ક્ષણમાં અનેકરૂપ થઈ જતો હતો, ક્ષણમાં બધી જગ્યાએ વ્યાપ્ત થઈ જતો હતો, ક્ષણમાં નાનું રૂપ બનાવતો હતો, ક્ષણમાં બાજુમાં દેખાતો હતો, ક્ષણમાં દૂર પહોંચી જતો હતો, ક્ષણમાં આકાશમાં દેખાતો હતો અને ક્ષણમાં જમીન પર આવી જતો હતો. આ રીતે, વિક્રિયાથી ઉત્પન્ન થયેલા પોતાના સામર્થ્યને પ્રગટ કરતાં તે ઈન્દ્રએ તે સમયે એવું નૃત્ય કર્યું હતું કે જાણે ઈન્દ્રજાળનો ખેલ જ કર્યો હોય! ઈન્દ્રની ભૂજારૂપી શાખા પર મંદ-મંદ હસતી અપ્સરાઓ લીલાપૂર્વક નૈણરૂપી લતાઓને હલાવતી, શરીર હલાવતી સુંદરતાપૂર્વક નૃત્ય કરી રહી હતી. તે સમયે કેટલીય દેવ નર્તકીઓ વર્દ્ધમાન લયની સાથે, કેટલીય તાંડવ નૃત્યની સાથે અને કેટલીય અનેક પ્રકારનો અભિનય દેખાડતી અભિનય કરી રહી હતી. કેટલીય દેવીઓ વિજળીનું અને કેટલીય દેવીઓ ઈન્દ્રનું શરીર ધારણ કરી નાટ્યશાસ્ત્ર અનુસાર પ્રવેશ તથા નિષ્ક્રમણ દેખાડતી નૃત્ય કરી રહી હતી. તે સમયે ઈન્દ્રની ભૂજારૂપી શાખા પર નૃત્ય કરતી તે દેવીઓ એવી શોભાયમાન થઈ રહી હતી કે જાણે કલ્પવૃક્ષની શાખાઓ પર ફેલાયેલી કલ્પલતાઓ જ હોય!

તે શ્રીમાન્ ઈન્દ્ર નૃત્ય કરતાં સમયે તે દેવીઓની સાથે જ્યારે ફીરકી લગાવતો હતો ત્યારે તેના મુકુટનો સહેરો પણ ફરી જતો હતો અને તે એવો શોભાયમાન થતો હતો કે જાણે કોઈ ચક્ર જ ફરી રહ્યું હોય! હજાર આંખો ધારણ કરવાવાળો તે ઈન્દ્ર વિકસિત થયેલા કમળોથી સુશોભિત તળાવ સમાન જણાતો હતો અને મંદ-મંદ હસતા મુખરૂપી કમળોથી શોભાયમાન, ભૂજાઓ પર નૃત્ય કરવાવાળી તે દેવીઓ કમલિનીઓ સમાન જણાતી હતી. મંદ હાસ્યના કિરણોથી મળેલા તે દેવીઓના મુખ એવા શોભાયમાન થઈ રહ્યા હતા જાણે કે અમૃતના પ્રવાહમાં

ડૂબેલા વિકસીત કમળ જ હોય! કેટલીય દેવીઓ કુલાચલ સમાન શોભાયમાન તે ઈન્દ્રની ભૂજાઓ પર આરૂઢ થઈને નૃત્ય કરી રહી હતી અને એવી સુશોભિત થઈ રહી હતી કે જાણે શરીરધારિણી લક્ષ્મી જ હોય. ઐરાવત હાથીને બાંધવાના સ્તંભ સમાન ઈન્દ્રની ભૂજાઓ પર આરૂઢ થઈને કેટલીય દેવીઓ નૃત્ય કરી રહી હતી અને એવી જણાતી હતી કે જાણે કોઈ અન્ય વીરલક્ષ્મી જ હોય! નૃત્ય કરતાં સમયે કેટલીય દેવીઓનું પ્રતિબિંબ તેમના જ હારના મોતીઓ ઉપર પડતું હતું કે જેથી તેઓ એવી જણાતી હતી કે જાણે ઈન્દ્રની બહુરૂપીણી વિદ્યા જ નૃત્ય કરી રહી હોય! કેટલીય દેવીઓ ઈન્દ્રના હાથની આંગળીઓ ઉપર પોતાના ચરણપલ્લવ રાખતી થકી લીલાપૂર્વક નૃત્ય કરી રહી હતી અને એવી જણાતી હતી કે જાણે સૂચિનાટ્ય (સોઈની અણિ પર કરવામાં આવતું નૃત્ય) જ કરી રહી હોય! કેટલીય દેવીઓ સુંદર પગ સહિત ઈન્દ્રની આંગળીઓના અગ્રભાગ પર પોતાની નાભિ રાખીને એવી રીતે ફરી રહી હતી કે જાણે કોઈ વાંસની લાકડી પર ચડીને તેના અગ્ર ભાગ પર નાભિ રાખીને ફરી રહી હોય! તે દેવીઓ ઈન્દ્રની પ્રત્યેક ભૂજાઓ પર નૃત્ય કરતી થકી અને પોતાના નેત્રોના કટાક્ષોને ફેલાવતી થકી ઘણા યત્નપૂર્વક સંચાર કરી રહી હતી. તે સમયે ઉત્સવને આગળ વધારતો તે નાટ્યરસ તે દેવીઓના શરીરમાં ખૂબ વધી રહ્યો હતો અને એવો જણાતો હતો કે જાણે તેમના કટાક્ષોમાં પ્રગટ થઈ રહ્યો હોય, કપાળમાં સ્ફૂરાયમાન થઈ રહ્યો હોય, પગમાં ફેલાઈ રહ્યો હોય, હાથમાં વિલસિત થઈ રહ્યો હોય, મુખ પર હસી રહ્યો હોય, નેત્રોમાં વિકસિત થઈ રહ્યો હોય, અંગરાગમાં લાલવર્ણ થઈ રહ્યો હોય, નાભિમાં નિમગ્ન થઈ રહ્યો હોય, કટિપ્રદેશો પર ચાલી રહ્યો હોય અને મેખલા પર સ્ખલિત થઈ રહ્યો હોય!

નૃત્ય કરતાં ઈન્દ્રના પ્રત્યેક અંગમાં જે ચેષ્ટાઓ થઈ રહી હતી તે જ ચેષ્ટાઓ અન્ય બધા પાત્રોમાં થઈ રહી હતી કે જેથી એવું જણાતું હતું કે જાણે ઈન્દ્રએ પોતાની ચેષ્ટાઓ તે બધા માટે વહેંચી દીધી હોય! તે સમયે ઈન્દ્રના નૃત્યમાં જે રસ, ભાવ, અનુભાવ અને ચેષ્ટાઓ હતી તે જ રસ, ભાવ, અનુભાવ અને ચેષ્ટાઓ અન્ય બધા જ પાત્રોમાં હતી કે જેથી એવું જણાતું હતું કે જાણે ઈન્દ્રએ પોતાના આત્માને જ તેમનામાં પ્રવિષ્ટ કરાવી દીધા હોય! પોતાના ભૂજદંડ પર દેવનર્તકીઓને નૃત્ય કરાવતો તે ઈન્દ્ર એવો શોભાયમાન થઈ રહ્યો હતો કે જાણે કોઈ યંત્રના પાટીયા પર લાકડાની પૂતળીઓને નચાવતો યાંત્રિક અર્થાત્ યંત્ર ચલાવવાવાળો જ હોય! તે ઈન્દ્ર નૃત્ય કરતી

તે દેવીઓને ક્યારેક ઉપર આકાશમાં ચાલાવતો હતો, ક્યારેક સામે નૃત્ય કરતી દેખાડતો હતો અને ક્યારેક ક્ષણમાં તેમને અદૃશ્ય કરી દેતો હતો—આ બધાથી તે કોઈ ઈન્દ્રજાળનો ખેલ કરાવવાવાળા સમાન જણાતો હતો. નૃત્ય કરવાવાળી દેવીઓને પોતાની ભૂજાઓના સમૂહ ઉપર ગુપ્તરૂપથી જ્યાં-ત્યાં ફેરવતો તે ઈન્દ્ર હાથની સફાઈ દેખાડવાવાળા કોઈ બાજીગર સમાન જણાતો હતો. તે ઈન્દ્ર પોતાની એક તરફની ભૂજાઓ ઉપર તરુણ દેવોને નૃત્ય કરાવી રહ્યો હતો અને બીજી તરફની ભૂજાઓ ઉપર તરુણ દેવીઓને નૃત્ય કરાવી રહ્યો હતો તથા અદ્‌ભૂત વિક્રિયાશક્તિ દેખાડતો પોતાની ભૂજારૂપી શાખા પર સ્વયં પણ નૃત્ય કરી રહ્યો હતો. ઈન્દ્રની ભૂજારૂપી રંગભૂમિમાં તે દેવ અને દેવાંગનાઓ પ્રદક્ષિણા દેતા નૃત્ય કરી રહ્યા હતા, તેથી તે ઈન્દ્ર નાટ્યશાસ્ત્રને જાણવાવાળા સૂત્રધાર સમાન જણાતો હતો. તે સમયે એક તરફ તો દીપ્ત અને ઉદ્ધતરસથી ભરેલું તાંડવનૃત્ય થઈ રહ્યું હતું અને બીજી તરફ સુકુમાર પ્રયોગોથી ભરેલું લાસ્ય નૃત્ય થઈ રહ્યું હતું. આ રીતે, ભિન્ન-ભિન્ન રસવાળા ઉત્કૃષ્ટ અને આશ્ચર્યકારક નૃત્ય દેખાડતા ઈન્દ્રએ સભાના લોકોમાં અતિશય પ્રેમ ઉત્પન્ન કર્યો હતો.

આ રીતે, જેમાં શ્રેષ્ઠ ગંધર્વો દ્વારા અનેક પ્રકારના વાજાઓ વગાડવાનું શરૂ કરવામાં આવ્યું હતું તેવા ‘આનંદ’ નામક નૃત્ય ઈન્દ્ર દ્વારા ખૂબ જ સજીધજીને સમાપ્ત થયું. તે સમયે તે નૃત્ય કોઈ ઉદ્યાન સમાન જણાતું હતું. કારણ કે જેવી રીતે ઉદ્યાન કઁાસ અને તાલ (તાડ)ના વૃક્ષો સહિત હોય છે, તેવી જ રીતે તે નૃત્ય પણ કઁાસની બનેલી ઝાંઝરની તાલ સમાન હતું; ઉદ્યાન જેવી રીતે ઉંચા-ઉંચા વાંસના ફેલાતા શબ્દોથી વ્યાપ્ત રહે છે, તેવી જ રીતે તે નૃત્ય પણ ઉત્કૃષ્ટ વાંસળીઓના દૂર સુધી ફેલાવાવાળા શબ્દોથી વ્યાપ્ત હતું; ઉદ્યાન જેવી રીતે અપ્સર અર્થાત્ જળના સરોવરથી સહિત હોય છે, તેવી જ રીતે તે નૃત્ય પણ અપ્સર અર્થાત્ દેવનર્તકીઓથી સહિત હતું અને ઉદ્યાન જેવી રીતે સરસ અર્થાત્ જળ સહિત હોય છે, તેવી જ રીતે તે નૃત્ય પણ સરસ અર્થાત્ શ્રૃંગાર આદિ રસોથી સહિત હતું. મહારાજ નાભિરાય મરુદેવીની સાથે-સાથે તે આશ્ચર્યકારી નૃત્ય જોઈને ખૂબ જ આશ્ચર્યાન્વિત થયા અને ઈન્દ્રો દ્વારા કરવામાં આવેલી પ્રશંસાને પ્રાપ્ત થયા.

આ ભગવાન વૃષભદેવ વિશ્વમાં જ્યેષ્ઠ છે અને જગતનું હિત કરવાવાળા ધર્મરૂપી અમૃતની વર્ષા કરશે તેથી જ ઈન્દ્રોએ તેમનું નામ ‘વૃષભદેવ’ રાખ્યું છે અથવા ‘વૃષ’ શ્રેષ્ઠ ધર્મને કહે છે અને તીર્થંકર ભગવાન તે ‘વૃષ’

અર્થાત્ શ્રેષ્ઠ ધર્મથી શોભાયમાન થઈ રહ્યા છે, તેથી જ ઈન્દ્રએ તેમને 'વૃષભ-સ્વામી' આ નામથી બોલાવ્યા હતા અથવા તેમના ગર્ભાવતરણના સમયે માતા મરુદેવીએ એક વૃષભ જોયો હતો તેથી જ દેવોએ તેમનું 'વૃષભ' નામથી આહ્વાન કર્યું હતું. ઈન્દ્રએ સૌથી પહેલાં ભગવાન વૃષભનાથને 'પુરુદેવ' આ નામથી બોલાવ્યા હતા તેથી ઈન્દ્ર પોતાના પુરુહૂત (પુરુ અર્થાત્ ભગવાન વૃષભદેવને આહ્વાન કરવાવાળો) નામને સાર્થક જ ધારણ કરતો હતો. ત્યારબાદ, તે ઈન્દ્ર ભગવાનની સેવા માટે સમાન અવસ્થા, સમાન રૂપ અને સમાન વેશવાળા દેવકુમારોને નિશ્ચિત કરીને પોતાના સ્વર્ગે ચાલ્યો ગયો. ઈન્દ્રએ આદર સહિત ભગવાનને સ્નાન કરાવવા, વસ્ત્રાભૂષણ પહેરાવવા, દૂધ પીવડાવવા, શરીરનો સંસ્કાર(તેલ, કાજલ આદિ લગાવવું) કરવા અને ક્રીડા કરવાના કાર્ય માટે અનેક દેવીઓને ધાય બનાવીને નિયુક્ત કરી હતી.

ત્યારબાદ, આશ્ચર્યકારક ચેષ્ટાઓને ધારણ કરવાવાળા ભગવાન વૃષભદેવ પોતાની પહેલી શૈશવ અવસ્થામાં ક્યારેક મંદ-મંદ હસતા હતા અને ક્યારેક મણિમય ભૂમિ ઉપર સારી રીતે ચાલતા હતા, તે રીતે તેઓ માતા-પિતાનો હર્ષ વધારી રહ્યા હતા. ભગવાનની તે બાલ્ય અવસ્થા ઠીક ચંદ્રની બાલ્ય અવસ્થા સમાન હતી, કારણ કે જેવી રીતે ચંદ્રની બાલ્ય અવસ્થા જગતને આનંદ આપવાવાળી હોય છે, તેવી જ રીતે ભગવાનની બાલ્ય અવસ્થા પણ જગતને આનંદ આપવાવાળી હતી; ચંદ્રની બાલ્ય અવસ્થા જેવી રીતે નેત્રોને ઉત્કૃષ્ટ આનંદ દેવાવાળી હોય છે, તેવી જ રીતે તેમની બાલ્ય અવસ્થા નેત્રોને ઉત્કૃષ્ટ આનંદ દેવાવાળી હતી અને ચંદ્રની બાલ્ય અવસ્થા જેવી રીતે કળામાત્રથી ઉજ્જ્વળ થાય છે, તેવી જ રીતે તેમની બાલ્ય અવસ્થા પણ અનેક કળાઓ—વિદ્યાઓથી ઉજ્જ્વળ હતી. ભગવાનના મુખરૂપી ચંદ્ર પર મંદ હાસ્યરૂપી નિર્મળ ચાંદની પ્રગટી રહેતી હતી અને તેનાથી માતા-પિતાનું સંતોષરૂપી સમુદ્ર અત્યંત વૃદ્ધિને પ્રાપ્ત થતો રહેતો હતો. તે સમયે ભગવાનના મુખ પર જે મનોહર મંદ હાસ્ય પ્રગટ થયું હતું તે એવું જણાતું હતું કે જાણે સરસ્વતીનું ગીતબંધ અર્થાત્ સંગીતનો પ્રથમ રાગ જ હોય! અથવા લક્ષ્મીના હાસ્યની શોભા જ હોય! અથવા કીર્તિરૂપી લતાનો વિકાસ જ હોય! ભગવાનના શોભાયમાન મુખકમળમાં ક્રમ-ક્રમથી અસ્પષ્ટ વાણી પ્રગટ થઈ કે જે એવી જણાતી હતી કે જાણે ભગવાનની બાલ્યાવસ્થાનું અનુકરણ કરવા માટે સરસ્વતી દેવી જ સ્વયં આવી હોય! ઈન્દ્રનીલમણિઓની ભૂમિ પર ધીરે ધીરે ચાલતા-પડતા પગથી ચાલતા

બાળક ભગવાન એવા સુશોભિત થઈ રહ્યા હતા કે જાણે પૃથ્વીને લાલ કમળનો ઉપહાર જ આપી રહ્યા હોય! સુંદર આકારને ધારણ કરવાવાળા તે ભગવાન માતા-પિતાના મનનો સંતોષ વધારતા થકા દેવબાળકોની સાથે-સાથે રત્નોની ધૂળમાં ક્રીડા કરતાં હતા. તે બાળ ભગવાન ચંદ્ર સમાન શોભાયમાન થતા હતા, કારણ કે જેવી રીતે ચંદ્ર પોતાના આહ્લાદકારી ગુણોથી પ્રજાને આનંદ પહોંચાડે છે, તેવી જ રીતે તેઓ પણ પોતાના આહ્લાદકારી ગુણોથી પ્રજાને આનંદ પહોંચાડી રહ્યા હતા અને ચંદ્રનું શરીર જેવી રીતે ચાંદનીથી વ્યાપ્ત રહે છે, તેવી જ રીતે તેમનું શરીર પણ કીર્તિરૂપી ચાંદનીથી વ્યાપ્ત હતું.

જ્યારે ભગવાનની બાલ્યાવસ્થા વ્યતીત થઈ ત્યારે ઈન્દ્રો દ્વારા પૂજ્ય અને મહાપ્રતાપી ભગવાનની કુમાર અવસ્થાનું શરીર ખૂબ જ સુંદર થઈ ગયું. જેવી રીતે ચંદ્રમંડળની વૃદ્ધિની સાથે-સાથે જ તેની કાંતિ, દીપ્તિ આદિ અનેક ગુણ પ્રતિદિન વધતા જાય છે, તેવી જ રીતે ભગવાનના શરીરની વૃદ્ધિની સાથે-સાથે જ અનેક ગુણ પ્રતિદિન વધતા જતા હતા. તે સમયે તેમનું મનોહર શરીર, મીઠી બોલી, મનોહર અવલોકન અને મંદ હાસ્ય સહિત વાતચીત કરવી—આ બધા સંસારની પ્રીતિને વિસ્મૃત કરી રહ્યા હતા. જેવી રીતે જગતના મનને હર્ષિત કરવાવાળા ચંદ્રની વૃદ્ધિ થતા તેની સમસ્ત કળાઓ વધવા લાગે છે, તેવી જ રીતે સમસ્ત જીવોના હૃદયને આનંદિત કરવાવાળા જગતપતિ ભગવાનના શરીરની વૃદ્ધિ થતા તેમની બધી કળાઓ વધવા લાગી હતી. મતિ, શ્રુત અને અવધિ—આ ત્રણેય જ્ઞાન ભગવાનની સાથે-સાથે જ ઉત્પન્ન થયા હતા, તેથી તેમણે સમસ્ત વિદ્યાઓ અને લોકની સ્થિતિને સારી રીતે જાણી લીધી હતી. તે ભગવાન સમસ્ત વિદ્યાઓના ઈશ્વર હતા, તેથી તેમને સમસ્ત વિદ્યાઓ પોતાની મેળે જ પ્રાપ્ત થઈ ગઈ હતી. બરાબર જ છે કે **જન્માંતરનો અભ્યાસ સ્મરણશક્તિને અત્યંત પુષ્ટ રાખે છે.**

તે ભગવાન શિક્ષા વિના જ સમસ્ત કળાઓમાં પ્રશંસનીય કુશળતાને, સમસ્ત વિદ્યાઓમાં પ્રશંસનીય ચતુરાઈને અને સમસ્ત ક્રિયાઓમાં પ્રશંસનીય કર્મઠતાને પ્રાપ્ત થઈ ગયા હતા. તે ભગવાન સરસ્વતીના એકમાત્ર સ્વામી હતા, તેથી તેમને સમસ્ત શાસ્ત્ર પ્રત્યક્ષ થઈ ગયા હતા અને તેથી સમસ્ત લોકના ગુરુ થઈ ગયા હતા. તે ભગવાન પુરાણ હતા અર્થાત્ પ્રાચીન ઈતિહાસના જાણકાર હતા, કવિ હતા, ઉત્તમ વક્તા હતા, ગમક (ટીકા આદિ દ્વારા પદાર્થને સ્પષ્ટ કરવાવાળા) હતા અને બધાને પ્રિય હતા, કારણ કે કોષ્ઠબુદ્ધિ આદિ અનેક વિદ્યાઓ તેમને

સ્વભાવથી જ પ્રાપ્ત થઈ ગઈ હતી. તેમના ક્ષાયિક સમ્યગ્દર્શને તેમના ચિત્તના સમસ્ત મળને દૂર કરી દીધું હતું અને સ્વભાવથી જ વિસ્તારને પ્રાપ્ત થયેલી સરસ્વતીએ તેમના વચનસંબંધી સમસ્ત દોષોનું અપહરણ કરી લીધું હતું. તે ભગવાનને સ્વભાવથી જ શાસ્ત્રજ્ઞાન હતું, તે શાસ્ત્રજ્ઞાનથી તેમના પરિણામ ખૂબ જ શાંત રહેતા હતા, પરિણામોના શાંત રહેવાથી તેમની ચેષ્ટાઓ જગતનું હિત કરવાવાળી થતી હતી અને તે જગતહિતકારી ચેષ્ટાઓથી તેઓ પ્રજાનું પાલન કરતાં હતા. જેમ-જેમ શરીરની સાથે-સાથે તેમના ગુણ વધતા જતા હતા તેમ-તેમ સમસ્ત જનસમૂહ અને તેમના પરિવારજનો હર્ષને પ્રાપ્ત થતા જતા હતા. આ રીતે, તે ભગવાન માતા-પિતાના પરમ આનંદને, બંધુઓના સુખને અને જગતના સમસ્ત જીવોની પ્રીતિને વધારતા થકા વૃદ્ધિને પ્રાપ્ત થઈ રહ્યા હતા.

ચરમ શરીરને ધારણ કરવાવાળા ભગવાનનું સંપૂર્ણ આયુષ્ય ૮૪ લાખ પૂર્વનું હતું. તે ભગવાન દીર્ઘદષ્ટિ હતા, દીર્ઘ આયુષ્યના ધારક હતા, દીર્ઘ ભૂજાઓથી યુક્ત હતા, દીર્ઘ નેત્ર ધારણ કરવાવાળા હતા અને દીર્ઘ સુત્ર અર્થાત્ દૃઢ વિચારપૂર્વક કાર્ય કરવાવાળા હતા, તેથી ત્રણેય લોકની સૂત્રધારતા—ગુરુત્વને પ્રાપ્ત થયા હતા. ભગવાન વૃષભદેવ ક્યારેક તો, જેનો પૂર્વભવમાં સારી રીતે અભ્યાસ કર્યો છે તેવી લિપિવિદ્યા, ગણિતવિદ્યા તથા સંગીત આદિ કળાશાસ્ત્રોનો સ્વયં અભ્યાસ કરતાં હતા અને ક્યારેક બીજાઓને કરાવતાં હતા. ક્યારેક છંદ-શાસ્ત્ર, ક્યારેક અલંકાર શાસ્ત્ર, ક્યારેક પ્રસ્તાર-નષ્ટ-ઉદ્દિષ્ટ સંખ્યા આદિનું વિવેચન અને ક્યારેક ચિત્ર બનાવવું આદિ કળાશાસ્ત્રોનું મનન કરતાં હતા. ક્યારેક વૈયાકરણોની સાથે વ્યાકરણ સંબંધી ચર્ચા કરતાં હતા, ક્યારેક કવિઓની સાથે કાવ્ય સંબંધી ચર્ચા કરતાં હતા અને ક્યારેક વધારે બોલવાવાળા વાદીઓની સાથે વાદ કરતાં હતા. ક્યારેક ગીતગોષ્ઠી, ક્યારેક નૃત્યગોષ્ઠી, ક્યારેક વાદિત્રગોષ્ઠી અને ક્યારેક વીણાગોષ્ઠી દ્વારા સમય વ્યતીત કરતાં હતા. ક્યારેક મયૂરનું રૂપ ધારણ કરી નૃત્ય કરતાં દેવ કિંકરોને લય અનુસાર હાથની તાલ ઠોકીને નૃત્ય કરાવતાં હતા, ક્યારેક વિક્રિયાશક્તિથી પોપટનું રૂપ ધારણ કરવાવાળા દેવકુમારોને સ્પષ્ટ અને મધુર અક્ષરોથી શ્લોક ભણાવતા હતા, ક્યારેક હંસની વિક્રિયા કરી ધીરે-ધીરે ગદ્ગદ્ બોલીથી શબ્દ કરતાં હંસરૂપધારી દેવોને પોતાના હાથથી મૃણાલના ટુકડા આપીને સન્માનિત કરતાં હતા, ક્યારેક વિક્રિયાથી હાથીઓના બચ્ચાનું રૂપ ધારણ કરવાવાળા દેવોને સાંત્વના આપીને અથવા સૂંઢમાં પ્રહાર કરીને તેમની સાથે આનંદથી ક્રીડા કરતાં હતા, ક્યારેક મુર્ગાઓનું રૂપ ધારણ કરી

રત્નમય જમીનમાં પડતાં અને પોતાના પ્રતિબિંબની સાથે યુદ્ધ કરવાની ઈચ્છા કરવાવાળા દેવોને જોતા હતા અથવા તેમની ઉપર હાથ ફેરવતા હતા, ક્યારેક વિક્રિયાશક્તિથી મલ્લનું રૂપ ધારણ કરી વૈર વિના જ માત્ર ક્રીડા કરવા માટે યુદ્ધ કરવાની ઈચ્છા કરવાવાળા ગંભીર ગર્જના કરતાં અને આમ તેમ નૃત્ય કરતાં દેવોને પ્રોત્સાહિત કરતાં હતા, ક્યારેક ક્રૌંચ અને સારસ પક્ષીઓનું રૂપ ધારણ કરી ઉચ્ચ સ્વરથી કેકાર શબ્દ કરતાં દેવોના નિરંતર થવાવાળા કર્ણપ્રિય શબ્દ સાંભળતા હતા, ક્યારેક માળા પહેરતા હતા, ક્યારેક શરીરમાં ચંદન લગાડીને અને ભેગા થઈને આવેલા દેવબાળકોને દંડ ક્રિડામાં લગાવીને નચાવતા હતા, ક્યારેક સ્તુતિ બોલવાવાળા દેવો દ્વારા નિરંતર ગાવામાં આવેલા અને કુંદ, ચંદ્ર અને ગંગા નદીના જળના છાંટા સમાન પોતાના નિર્મળ યશને સાંભળતા હતા, ક્યારેક ઘરના આંગણમાં આળસ રહિત દેવીઓ દ્વારા બનાવવામાં આવેલી રત્નચૂર્ણની ચિત્રાવલીને આનંદપૂર્વક જોતા હતા, ક્યારેક પોતાના દર્શન કરવા માટે આવેલી પ્રજાના મધુર અને સ્નેહયુક્ત અવલોકન દ્વારા તથા મંદ હાસ્ય અને આદર સહિત સંભાષણ દ્વારા સત્કાર કરતાં હતા, ક્યારેક વાવડીઓના જળમાં દેવકુમારોની સાથે-સાથે આનંદ સહિત જલક્રીડાનો વિનોદ કરતાં ક્રીડા કરતાં હતા, ક્યારેક હંસના શબ્દોથી શબ્દાયમાન સરયૂ નદીનું જળ પ્રાપ્ત કરી તેમાં પાણીમાં શબ્દ કરવાવાળા લાકડીના બનેલા યંત્રોથી જળક્રીડા કરતાં હતા. જળક્રીડા સમયે મેઘકુમાર જાતિના દેવ ભક્તિથી ફુવારાનું રૂપ ધારણ કરી ચારે તરફથી જળની ધારા છોડતા ભગવાનની સેવા કરતાં હતા, ક્યારેક નંદનવનની સાથે સ્પર્ધા કરવાવાળા વૃક્ષોની શોભાથી સુશોભિત મિત્રરૂપ થયેલા દેવોની સાથે-સાથે વનક્રીડા કરતાં હતા. વનક્રીડાના વિનોદના સમયે પવનકુમાર જાતિના દેવ પૃથ્વીને ધૂળ રહિત કરતાં હતા અને ઉદ્યાનના વૃક્ષોને ધૂળ રહિત કરતાં હતા. આ રીતે, દેવકુમારોની સાથે-સાથે પોતપોતાના સમયને યોગ્ય ક્રીડા અને વિનોદ કરતાં ભગવાન વૃષભદેવ સુખપૂર્વક રહેતા હતા.

આ રીતે, જે ત્રણ લોકના અધિપતિ—ઈન્દ્રાદિ દેવો દ્વારા પૂજ્ય છે, આશ્રય લેવાયોગ્ય છે, સંપૂર્ણ ગુણરૂપી મણિઓની ખાણ છે અને પવિત્ર શરીરના ધારક છે એવા ભગવાન વૃષભદેવ મહારાજ નાભિરાયના પવિત્ર ઘરમાં દિવ્ય ભોગ ભોગવતા થકા દેવકુમારોની સાથે-સાથે ચિરકાળ સુધી ક્રીડા કરતાં રહ્યા. તે ભગવાન પુણ્યકર્મના ઉદયથી પ્રતિદિન ઈન્દ્ર દ્વારા મોકલવામાં આવેલી સુગંધિત પુષ્પોની માળા, અનેક પ્રકારના વસ્ત્ર તથા આભૂષણ

આદિ શ્રેષ્ઠ ભોગોનો, પોતાનો અભિપ્રાય જાણવાવાળા સુંદર દેવકુમારોની સાથે પ્રસન્ન થઈને અનુભવ કરતાં હતા. જેમના ચરણકમળ મનુષ્ય, સુર, અસુર દ્વારા પૂજિત છે; જેઓ બાલ્ય અવસ્થામાં પણ વૃદ્ધ સમાન કાર્ય કરવાવાળા છે; જેઓ લીલા, આહાર, વિલાસ અને વેષથી ચતુર, ઉત્કૃષ્ટ તથા ઉંચું શરીર ધારણ કરે છે; જેઓ જગતના જીવોના મનને પ્રસન્ન કરવાવાળા પોતાના વચનરૂપી કિરણો દ્વારા ઉત્તમ આનંદને વિસ્તૃત કરે છે; જેઓ નિર્મળ છે અને કીર્તિરૂપી ફેલાતી ચાંદનીથી શોભાયમાન છે એવા ભગવાન વૃષભદેવ બાળચંદ્ર સમાન ધીરે-ધીરે વૃદ્ધિને પ્રાપ્ત થઈ રહ્યા હતા. તારાઓની પંક્તિ સમાન, ચંચળ લક્ષ્મીના ઝૂલાની લતા સમાન સમુચિત, વિસ્તૃત અને વક્ષઃસ્થળ પર પડેલા વિશાળ હારને ધારણ કરેલા તથા કરધનીથી સુશોભિત ચાંદનીતુલ્ય વસ્ત્રોને પહેરેલા તે જિનેન્દ્રરૂપી ચંદ્ર, નક્ષત્રો સમાન દેવકુમારોની સાથે ક્રીડા કરતાં અતિશય સુશોભિત થતા હતા.

આ રીતે, આર્ષ નામથી પ્રસિદ્ધ ભગવજ્જિનસેનાચાર્ય-વિરચિત ત્રિષષ્ટિલક્ષણ મહાપુરાણ સંગ્રહમાં 'ભગવજ્જાતકર્મોત્સવ-વર્ણન' નામનો ચૌદમો અધ્યાય સમાપ્ત થયો.

---

* જન્મ-મરણ, ઘડપણ, રોગ અને ભય કોને પ્રાપ્ત થતાં નથી? (અ. ૬, શ્લોક ૧૦)
* વિશુદ્ધ પરિણામોથી કરવામાં આવેલી ભક્તિ શું ફળીભૂત નથી થતી? અર્થાત્ અવશ્ય ફળીભૂત થાય છે. (અ. ૬, શ્લોક ૧૧૦)
* પુણ્યથી કઈ વસ્તુની પ્રાપ્તિ થતી નથી? અર્થાત્ બધી જ વસ્તુ પ્રાપ્ત થાય છે. (અ. ૬, શ્લોક ૧૯૫)
* હે દેવ! આપના અનંતગુણોની સ્તુતિ ગણધરદેવ પણ નથી કરી શકતા, છતાંપણ હું ભક્તિવશ આપની સ્તુતિ શરૂ કરું છું, કારણ કે ભક્તિ જ કલ્યાણ કરનાર છે. (અ. ૭, શ્લોક ૨૭૯)
* આ સાંસારિક સુખ, દુઃખ ઉત્પન્ન કરવાવાળું છે, ધન વિનાશ થવાવાળું છે, સંયોગ પછી વિયોગ અવશ્ય હોય છે અને સંપત્તિઓ પછી વિપત્તિઓ આવે છે. (અ. ૮, શ્લોક ૭૭)
* અહો! કેવું આશ્ચર્ય છે કે સાધુ પુરુષોનો સમાગમ હૃદયમાંથી સંતાપને દૂર કરે છે, પરમ આનંદમાં વધારો કરે છે અને મનની વૃત્તિઓને સંતુષ્ટ કરે છે. (અ. ૯, શ્લોક ૧૬૦)

# અધ્યાય પંદરમો

ત્યારબાદ, યૌવનાવસ્થા પૂર્ણ થતા ભગવાનનું શરીર ખૂબ જ મનોહર થઈ ગયું હતું. બરાબર જ છે કે ચંદ્ર સ્વભાવથી જ સુંદર હોય છે અને જો શરદ ઋતુનું આગમન થઈ જાય તો પછી કહેવું જ શું! તેમનું રૂપ ખૂબ જ સુંદર અને અસાધારણ થઈ ગયુ હતું. તે તપાવેલા સુવર્ણ સમાન કાંતિવાન હતું, પરસેવાથી રહિત હતું, ધૂળ અને મળથી રહિત હતું, દૂધ સમાન સફેદ લોહી, સમચતુરસ્ર નામક સુંદર સંસ્થાન અને વજ્રવૃષભનારાચસંહનન સહિત હતું, સુંદરતા અને સુગંધની પરમ સીમા ધારણ કરી રહ્યું હતું, ૧૦૦૮ લક્ષણોથી અલંકૃત હતું, અપ્રમેય હતું, મહા શક્તિશાળી હતું અને પ્રિય તથા હિતકારી વચન ધારણ કરતું હતું.

ભગવાનનું શરીર સ્વભાવથી જ સુંદર હતું, વજ્રમય હાડકાના બંધન સહિત હતું, વિષ, શસ્ત્ર આદિથી અભેદ્ય હતું અને તેથી તે મેરુ પર્વતની કાંતિને પ્રાપ્ત થઈ રહ્યું હતું. જે સંહનનમાં વજ્રમય હાડકાઓ વજ્રથી વેષ્ટિત હોય છે અને વજ્રમય ખીલીથી કીલિત હોય છે, ભગવાન વૃષભદેવને તે જ વજ્રવૃષભનારાચ સંહનન હતું. વાત, પિત્ત અને કફ—આ ત્રણ દોષોથી ઉત્પન્ન થયેલી વ્યાધીઓ ભગવાનના શરીરમાં સ્થાન પ્રાપ્ત કરી શકી ન હતી. બરાબર જ છે કે વૃક્ષ અથવા અન્ય પર્વતોને હલાવવાવાળો વાયુ મેરુ પર્વત પર પોતાની અસર દેખાડી શકતો નથી! તેમના શરીરમાં ન તો ક્યારેય વૃદ્ધાવસ્થા આવી હતી, ન તો ક્યારેય તેમને ખેદ થતો હતો અને ન તો ક્યારેય તેમનો ઉપઘાત–અસમયમાં મૃત્યુ જ થઈ શકતું હતું! તેઓ ફક્ત સુખને આધીન થઈને પૃથ્વીરૂપી શૈયા પર પૂજિત થતા હતા. જે મહા અભ્યુદયરૂપ મોક્ષનું મૂળ કારણ હતું એવું ભગવાનનું પરમૌદારિક શરીર અત્યંત શોભાયમાન થઈ રહ્યું હતું. ભગવાનના શરીરનો આકાર, લંબાઈ-પહોળાઈ અને ઉંચાઈ આદિ બધી જ રીતે હીનાધિકતાથી રહિત હતું–તેમને સમચતુરસ્રસંસ્થાન હતું.

ભગવાન વૃષભદેવની જેવી રૂપસંપત્તિ પ્રસિદ્ધ હતી તેવી જ તેમની ભોગોપભોગની સામગ્રી પણ પ્રસિદ્ધ હતી. બરાબર જ છે કે કલ્પવૃક્ષોની ઉત્પત્તિ આભરણોથી દૈદીપ્યમાન થયા વિના રહેતી નથી. જેવી રીતે સુમેરુ પર્વતના મણિમય તટને પ્રાપ્ત કરીને જ્યોતિષી દેવોના મંડળ અતિશય શોભાયમાન થવા લાગે છે, તેવી જ રીતે ભગવાનના નિર્મળ શરીરને પ્રાપ્ત કરીને સામુદ્રિક શાસ્ત્રમાં કહેલાં લક્ષણ અતિશય શોભાયમાન થવા લાગ્યા હતા; અથવા અનેક આભૂષણોથી ઉજ્જ્વળ ભગવાન કલ્પવૃક્ષની શોભાને ધારણ કરી રહ્યા હતા અને અનેક શુભ લક્ષણ તેના ઉપર લાગેલા ફૂલ સમાન સુશોભિત થઈ રહ્યા હતા. શ્રીવૃક્ષ, શંખ, કમળ, સ્વસ્તિક, અંકુશ, તોરણ, ચમર, સફેદ છત્ર, સિંહાસન, પતાકા, બે માછલી, બે કુંભ, કચ્છપ, ચક્ર, સમુદ્ર, સરોવર, વિમાન, ભવન, હાથી, મનુષ્ય, સ્ત્રીઓ, સિંહ, બાણ, ધનુષ, મેરુ, ઈન્દ્ર, દેવગંગા, પુર, ગોપુર, ચંદ્ર, સૂર્ય, ઉત્તમ ઘોડો, તાલવૃંત પંખો, વાંસળી, વીણા, મૃદંગ, માળાઓ, રેશમી વસ્ત્ર, દુકાન, કુંડળને આદિ ગણીને ચમકતા ચિત્ર-વિચિત્ર આભૂષણ, ફળ સહિત ઉપવન, પાકેલા વૃક્ષોથી સુશોભિત ખેતર, રત્નદ્વીપ, વજ, પૃથ્વી, લક્ષ્મી, સરસ્વતી, કામધેનુ, વૃષભ, ચૂડામણિ, મહાનિધિઓ, કલ્પલતા, સુવર્ણ, જંબૂદ્વીપ, ગરુડ, નક્ષત્ર, તારા, રાજમહેલ, સૂર્યાદિક ગ્રહ, સિદ્ધાર્થ વૃક્ષ, આઠ પ્રાતિહાર્ય અને આઠ મંગળ દ્રવ્ય આદિ લઈને ૧૦૮ લક્ષણ અને મસૂરિકા આદિ નવસો વ્યંજન (કુલ ૧૦૦૮) ભગવાનના શરીરમાં વિદ્યમાન હતા. આ મનોહર અને શ્રેષ્ઠ લક્ષણોથી વ્યાપ્ત થયેલું ભગવાનનું શરીર જ્યોતિષી દેવોથી ભરેલા આકાશરૂપી આંગણની જેમ શોભાયમાન થઈ રહ્યું હતું. જો કે એ લક્ષણોને ભગવાનનું નિર્મળ શરીર સ્પર્શ કરવા માટે પ્રાપ્ત થયું હતું તેથી એમ જણાય છે કે એ લક્ષણોના અંતરલક્ષણ કાંઈક શુભ અવશ્ય હતા. રાગ-દ્વેષ રહિત જગતગુરુ ભગવાન વૃષભદેવના મનરૂપી ઘરમાં લક્ષ્મી જેવી રીતે ખૂબ જ મુશ્કેલીથી અવકાશ પામી શકતી હતી. ભાવાર્થ—ભગવાન સ્વભાવથી જ વીતરાગ હતા અને રાજ્યલક્ષ્મીને પ્રાપ્ત કરવી સારી ગણતા ન હતા. ભગવાનને બે સ્ત્રીઓ જ અત્યંત પ્રિય હતી, એક તો સરસ્વતી અને બીજી કલ્પાંતકાળ સુધી સ્થિર રહેવાવાળી કીર્તિ! લક્ષ્મી વિદ્યુત-લતા સમાન ચંચળ હોય છે, તેથી ભગવાન તેના ઉપર ખૂબ જ ઓછો પ્રેમ રાખતા હતા. ભગવાનના રૂપ-લાવણ્ય-યૌવન આદિ ગુણરૂપી પુષ્પોથી આકૃષ્ટ થયેલા મનુષ્યોના નેત્રરૂપી ભ્રમર બીજી કોઈ જગ્યાએ રમણ કરતાં ન હતા—સુખ પ્રાપ્ત કરતાં ન હતા.

કોઈ એક દિવસ મહારાજ નાભિરાય ભગવાનની યૌવનાવસ્થાની શરૂઆત જોઈને પોતાના મનમાં તેમના વિવાહ કરવાની આ પ્રકારે ચિંતા કરવા લાગ્યા કે આ દેવ અતિશય સુંદર શરીરના ધારક છે, તેના ચિત્તને હરણ કરવાવાળી કઈ સુંદર સ્ત્રી હોઈ શકે છે? કદાચિત્ તેમનું ચિત્ત હરણ કરવાવાળી કોઈ સ્ત્રી મળી પણ શકે છે, પરંતુ તેમનો વિષયરાગ અત્યંત મંદ છે તેથી તેમના વિવાહની શરૂઆત કરવી જ મુશ્કેલ કાર્ય છે; અને બીજી વાત એ છે કે તેમનો ધર્મતીર્થની પ્રવૃત્તિ કરવામાં ભારે પુરુષાર્થ છે તેથી તેઓ નિયમથી બધો જ પરિગ્રહ છોડીને મત્ત હાથી સમાન વનમાં પ્રવેશ કરશે અર્થાત્ વનમાં જઈને દીક્ષા ધારણ કરશે, તેમ છતાં તપસ્યા કરવા માટે જ્યાં સુધી તેમની કાળલબ્ધિ આવે છે ત્યાંસુધી તેમના માટે લોકવ્યવહારના અનુરોધથી યોગ્ય સ્ત્રીનો વિચાર કરવો જોઈએ. તેથી, જેવી રીતે હંસિની નિષ્પંક અર્થાત્ કીચડ રહિત માનસ (માનસરોવર)માં નિવાસ કરે છે, તેવી જ રીતે કોઈ યોગ્ય અને કુલીન સ્ત્રી તેમના નિષ્પંક અર્થાત્ નિર્મળ માનસ (મન)માં નિવાસ કરે. આમ નિશ્ચય કરી લક્ષ્મીમાન્ મહારાજ નાભિરાય ઘણા જ આદર અને હર્ષ સાથે ભગવાનની પાસે જઈને વક્તાઓમાં શ્રેષ્ઠ ભગવાનને શાંતિપૂર્વક આ પ્રમાણે કહેવા લાગ્યા કે હે દેવ! હું આપને કંઈ કહેવા ઈચ્છું છું, તેથી આપ સાવધાન થઈને સાંભળો. આપ જગતના અધિપતિ છો, તેથી આપે જગતનો ઉપકાર કરવો જોઈએ. હે દેવ! આપ જગતની સૃષ્ટિ કરવાવાળા બ્રહ્મા છો તથા સ્વયંભૂ છો અર્થાત્ સ્વયમેવ ઉત્પન્ન થયા છો. આપની ઉત્પત્તિમાં અમે લોકો માતા-પિતા છીએ તે કેવળ એક છળ જ છે. જેવી રીતે સૂર્યનો ઉદય થવામાં ઉદયાચળ નિમિત્તમાત્ર છે કારણ કે સૂર્ય સ્વયં જ ઉદિત થાય છે, તેવી જ રીતે આપની ઉત્પત્તિ થવામાં અમે નિમિત્તમાત્ર છીએ કારણ કે આપ સ્વયં જ ઉત્પન્ન થયા છો. આપ માતાના પવિત્ર ગર્ભગૃહમાં કમળરૂપી દિવ્ય આસન ઉપર પોતાની ઉત્કૃષ્ટ શક્તિ સ્થાપન કરી ઉત્પન્ન થયા છો, તેથી આપ વાસ્તવમાં શરીર રહિત છો. હે દેવ! જો કે હું આપનો યથાર્થમાં પિતા નથી, નિમિત્તમાત્રથી જ પિતા કહેવાવ છું, તેમ છતાં હું આપને એક અભ્યર્થના કરું છું કે આપ આ સમયે સંસારની સૃષ્ટિ તરફ પણ પોતાની બુદ્ધિ લગાવો. આપ આદિપુરુષ છો, તેથી આપને જોઈને અન્ય લોકો પણ એવી જ પ્રવૃત્તિ કરશે કારણ કે જેમને ઉત્તમ સંતાન થવાવાળી છે, તેવી આ પ્રજા મહાપુરુષોના જ માર્ગનું અનુગમન કરે છે. તેથી, હે જ્ઞાનીઓમાં શ્રેષ્ઠ! આપ આ સંસારમાં કોઈ ઈષ્ટ કન્યા સાથે વિવાહ કરવા માટે ઈચ્છા કરો કારણ કે આમ કરવાથી પ્રજાની સંતતીનો ઉચ્છેદ નહીં થાય. પ્રજાની સંતતીનો ઉચ્છેદ ન થતા ધર્મની સંતતી વધતી રહેશે. તેથી હે દેવ! મનુષ્યોના આ

અવિનાશિક વિવાહરૂપી ધર્મનો અવશ્ય જ સ્વીકાર કરો. હે દેવ! આપ આ વિવાહકાર્યને ગૃહસ્થોનો એક ધર્મ સમજો કારણ કે ગૃહસ્થોને સંતાનની રક્ષામાં અવશ્ય પ્રયત્ન કરવો જ જોઈએ. જો આપ મને કોઈપણ રીતે ગુરુ માનતા હો તો આપે મારા વચનોનું કોઈપણ કારણથી ઉલ્લંઘન કરવું જોઈએ નહીં કારણ કે ગુરુઓના વચનોનું ઉલ્લંઘન કરવું ઈષ્ટ નથી.

આ રીતે કહીને ધીરવીર મહારાજ નાભિરાય ચૂપ થઈ ગયા અને ભગવાને હસતાં-હસતાં 'ઓમ્' કહીને તેમના વચન સ્વીકાર કરી લીધા અર્થાત્ વિવાહ કરવાનું સ્વીકારી લીધું. ઈન્દ્રિયોને વશમાં કરવાવાળા ભગવાને જે વિવાહ કરવાની સ્વીકૃતિ આપી હતી તે શું તેમના પિતાની ચતુરાઈ હતી? અથવા પ્રજાનો ઉપકાર કરવાની ઈચ્છા હતી? અથવા તેઓના કોઈ કર્મોનો નિયોગ જ હતો? ત્યારબાદ, ભગવાનની અનુમતિ જાણીને નાભિરાયે નિઃશંક થઈને ખૂબ જ હર્ષપૂર્વક વિવાહનો મોટો ઉત્સવ કર્યો. મહારાજ નાભિરાયે ઈન્દ્રની અનુમતિથી સુશીલ, સુંદર સુલક્ષણોવાળી, સતી અને મનોહર આકારવાળી બે કન્યાઓની યાચના કરી, તે બંને કન્યાઓ કચ્છ-મહાકચ્છની બહેનો હતી. તેઓ ખૂબ જ શાંત અને યૌવનવતી હતી, યશસ્વી અને સુનંદા તેમનું નામ હતું. તે જ બે કન્યાઓ સાથે નાભિરાયે ભગવાનના વિવાહ કરાવ્યા. શ્રેષ્ઠ ગુણોને ધારણ કરવાવાળા ભગવાન વૃષભદેવ વિવાહ કરી રહ્યા છે, તે જ હર્ષથી દેવોએ પ્રસન્ન થઈને અનેક ઉત્તમ-ઉત્તમ ઉત્સવ કર્યા હતા. મહારાજ નાભિરાય પોતાના પરિવારના લોકોની સાથે બંને પુત્રવધૂઓને જોઈને ખૂબ જ સંતુષ્ટ થયા. બરાબર જ છે કે **સંસારી લોકોને વિવાહ આદિ લૌકિક ધર્મ જ પ્રિય હોય છે.** ભગવાન વૃષભદેવના વિવાહોત્સવમાં મરુદેવી ખૂબ જ સંતુષ્ટ થઈ હતી, તે બરાબર જ છે કે પુત્રના વિવાહોત્સવમાં સ્ત્રીઓને અધિક પ્રેમ હોય જ છે. જેવી રીતે ચંદ્રની કળાથી લહેરોની માળાથી ભરેલો સમુદ્રનો કિનારો વધવા લાગે છે, તેવી જ રીતે ભાગ્યોદયથી પ્રાપ્ત થવાવાળી પુત્રના વિવાહોત્સવરૂપી સંપદાથી મરુદેવી વધવા લાગી હતી. ભગવાનના વિવાહોત્સવમાં બધા જ લોકો આનંદને પ્રાપ્ત થયા હતા, તે બરાબર જ છે કે **મનુષ્ય સ્વયં જ ભોગોની તૃષ્ણા રાખે છે, તેથી તેઓ સ્વામીને ભોગનો સ્વીકાર કરતાં જોઈને તેમનું જ અનુકરણ કરવા લાગે છે.**




ભગવાનનો તે વિવાહોત્સવ ફક્ત મનુષ્યલોકની પ્રીતિ માટે નહોતો થયો, પરંતુ તેમણે સ્વર્ગલોકમાં પણ ભારે

પ્રીતિને વિસ્તૃત કરી હતી. ભગવાન વૃષભદેવની બંને મહાદેવીઓ XXXXX સ્વભાવથી મધુર અને આભૂષણોથી ઉજ્જ્વલ આકૃતિને ધારણ કરવાવાળી કાંતિમતી કલ્પલતાઓની શોભા ધારણ કરી રહી હતી. આ બંનેના સુંદર રૂપને જોઈને લોકોની એવી બુદ્ધિ થતી હતી કે વાસ્તવમાં તેમણે પોતાને સ્ત્રી માનવાવાળી દેવાંગનાઓને જીતી લીધી છે. વરમાં ઉત્તમ ભગવાન વૃષભદેવ એ દેવીઓથી એવા શોભાયમાન થઈ રહ્યા હતા કે જાણે કીર્તિ અને લક્ષ્મીથી જ શોભાયમાન થઈ રહ્યા હોય અને તે બંને ભગવાનને એવી રીતે મળી હતી કે જેવી રીતે મહાનદીઓ સમુદ્રને મળે છે. તે દેવીઓ ખૂબ જ રૂપવતી હતી, કાંતિમતી હતી, સુંદર હતી અને સમસ્ત જગતને જીતવાની ઈચ્છા કરવાવાળા કામદેવની પતાકા સમાન હતી અને તેથી જ તેમણે ભગવાન વૃષભદેવના મનનું હરણ કરી લીધું હતું. જેવી રીતે વચ્ચે લાગેલો કાંતિમાન પદ્મરાગમણિ હાર યષ્ટિઓના મધ્યભાગને અનુરંજિત અર્થાત્ લાલ વર્ણના કરી દેતો હતો, તેવી જ રીતે ઉત્કૃષ્ટ કાંતિ અથવા ઈચ્છાથી યુક્ત ભગવાન વૃષભદેવે પણ તે દેવીઓના મનને અનુરંજિત અથવા પ્રસન્ન કરી દીધા હતા. જો કે કામદેવ ભગવાન વૃષભદેવની સામે અનેકવાર અપમાનિત થઈ ચૂક્યો હતો, તેમ છતાં તે ગુપ્તરૂપથી પોતાનો સંચાર કરતો જ રહેતો હતો. વિદ્વાનોને તેનું કારણ સ્વયં જ વિચારી લેવું જોઈએ. એવું જણાય છે કે કામદેવ સ્પષ્ટરૂપથી ભગવાનને કષ્ટ દેવા માટે સમર્થ ન હોવાથી તે તે સમયે શરીર રહિત અવસ્થાને પ્રાપ્ત થઈ ગયો હતો. બરાબર જ છે કે વિજયની ઈચ્છા કરવાવાળા પુરુષ અનેક ઉપાયોથી સહિત હોય છે—કોઈને કોઈ ઉપાય અવશ્ય કરે છે. અથવા કામદેવ શરીરરહિત હોવાના કારણે તે દેવીઓના શરીરમાં પ્રવિષ્ટ થઈ ગયો હતો અને ત્યાં કિલ્લાની જેમ સ્થિત થઈને પોતાના બાણો દ્વારા ભગવાનને ઘાયલ કરતો હતો. આ રીતે, તે દેવીઓની સાથે ભોગ ભોગવતા થકા જગત્ગુરુ ભગવાન વૃષભદેવનો ઘણો જ સમય નિરંતર થવાવાળા ઉત્સવોથી ક્ષણવાર સમાન વીતી ગયો.

ત્યારબાદ, કોઈ સમયે યશસ્વતી મહાદેવી રાજમહેલમાં સૂઈ રહી હતી. સૂતા સમયે તેણે સ્વપ્નમાં ગ્રસાયેલી પૃથ્વી, સુમેરુ પર્વત, ચંદ્ર સહિત સૂર્ય, હંસ સહિત સરોવર તથા ચંચળ લહેરોવાળો સમુદ્ર જોયો. સ્વપ્ન જોયા પછી મંગળ પાઠ કરતાં બંદીજનોના શબ્દ સાંભળીને તે જાગી ગઈ. તે સમયે બંદીજનો આ પ્રકારે મંગલપાઠ

---

XXXXX વિસ્તૃત વર્ણન માટે મૂળ ગ્રંથ વાંચવો.

કરી રહ્યા હતા કે હે બીજાઓનું કલ્યાણ કરવાવાળી અને સ્વયં સેંકડો કલ્યાણકોને પ્રાપ્ત થવાવાળી દેવી! હવે તું જાગ. કારણ કે તું કમલિની સમાન શોભા ધારણ કરવાવાળી છે, તેથી આ તારો જાગવાનો સમય છે. ભાવાર્થ— જેવી રીતે આ સમય કમલિનીને જાગ્રત–વિકસિત થવાનો છે, તેવી જ રીતે તારે પણ જાગ્રત થવાનો સમય છે. હે માતા! પૃથ્વી, મેરુ, સમુદ્ર, સૂર્ય, ચંદ્ર અને સરોવર આદિ જે અનેક મંગળ કરવાવાળા શુભ સ્વપ્ન જોયા છે, તે તારા આનંદ માટે હો! હે દેવી! આ ચંદ્રરૂપી હંસ ચિરકાળ સુધી આકાશરૂપી સરોવરમાં અંધકારરૂપી શેવાળને શોધીને હવે ખેદખિન્ન થવાથી જ જાણે કે અસ્તાચળરૂપી વૃક્ષનો આશ્રય લઈ રહ્યો છે અર્થાત્ અસ્ત થઈ રહ્યો છે. આ તારારૂપી હંસિનીઓ આકાશરૂપી સરોવરમાં ચિરકાળ સુધી તરીને જાણે કે નિવાસ કરવા માટે જ અસ્તાચળના શિખરોનો આશ્રય લઈ રહી છે–અસ્ત થઈ રહ્યા છે. હે દેવી! આ ચંદ્ર કાંતિરહિત થઈ ગયો છે કે જેથી એવું જણાય છે કે રાત્રિના સમયે ચકલીઓએ નિદ્રાના કારણે લાલવર્ણ થયેલા નેત્રોથી તેને ઈર્ષ્યાપૂર્વક જોઈ છે, તેથી જાણે કે તેની દ્રષ્ટિના દોષથી દૂષિત થઈને આ કાંતિરહિત થઈ ગયો છે. હે દેવી! હવે આ રાત્રિ પણ પોતાના નક્ષત્રરૂપી ધનને ચાંદનીરૂપી વસ્ત્રમાં વીંટીને ભાગી રહી છે કે જેથી એવું જણાય છે કે તે આગળ વીતી ગયેલા પ્રહરોની પાછળ જવા ઈચ્છે છે. આ તરફ ચંદ્ર અસ્ત થઈ રહ્યો છે અને આ તરફ સૂર્યનો ઉદય થઈ રહ્યો છે, એવું જણાય છે કે જાણે આ સંસારની વિચિત્રતાનો ઉપદેશ દેવા માટે જ ઉદ્યત થયા હોય!

હે દેવી! આકાશરૂપી સમુદ્રમાં મોતી સમાન શોભાયમાન રહેવાવાળા આ તારાઓ સૂર્યરૂપી વડવાનળ દ્વારા કાંતિરહિત થઈને વિલિન થતા જાય છે. રાતભર વિરહથી વ્યાકુળ થયેલા આ ચકલા નદીની રેતીના ઢગલા પર સ્થિત થઈને રોતા-રોતા જ પોતાની પ્યારી સ્ત્રી ચકલીને શોધી રહ્યા છે. હે સતી! આ તરફ આ યુવાન હંસ ચાંચમાં પકડેલા મૃણાલ-ખંડથી શરીરને ખજવાળતો થકો હંસિની સાથે શયન કરવા ઈચ્છે છે. હે દેવી! આ તરફ કમલીનિ પોતાના વિકસિત કમળરૂપી મુખને ધારણ કરી રહી છે અને આ તરફ આ કુમુદિની મુરઝાઈને નમ્રમુખ થઈ રહી છે અર્થાત્ મુરઝાયેલા કુમુદને નીચું કરી રહી છે; આ તરફ તળાવના કિનારા પર કુરર પક્ષીઓની સ્ત્રીઓ તમારા નૂપુર સમાન ઉચ્ચ અને મધુર શબ્દ કરી રહી છે. આ સમયે આ પક્ષી કોલાહલ કરતાં થકા પોતપોતાના માળામાંથી ઊડી રહ્યા છે અને એવા જણાય છે કે જાણે પ્રાતઃકાળનો મંગલ પાઠ જ કરી રહ્યા હોય! આ તરફ પ્રાતઃકાળનો

સમય પામીને કંચુકીઓની સાથે મંદતાને પ્રાપ્ત થઈ રહ્યા છે કારણ કે જેવી રીતે કંચુકી સ્ત્રીઓ સંસ્કાર રહિત હોય છે, તેવી જ રીતે દીપક પણ પ્રાતઃકાળ થતાં સ્ત્રીઓ દ્વારા કરવામાં આવેલી સજાવટથી રહિત થઈ રહ્યા છે અને જેવી રીતે કંચુકી પરિક્ષીણ દશા અર્થાત્ વૃદ્ધ અવસ્થાને પ્રાપ્ત હોય છે, તેવી જ રીતે દીપક પણ પરિક્ષીણ દશા અર્થાત્ ક્ષીણ પ્રકાશવાળા થઈ રહ્યા છે. હે દેવી! આ તરફ તારા મંગળ કરવાની ઈચ્છાથી આ કુબ્જક તથા વામન આદિના પરિવાર તમારી પ્રતીક્ષા કરી રહ્યા છે. તેથી, જેવી રીતે માનસરોવર પર રહેવાવાળી રાજહંસ પક્ષીની પ્રિય વલ્લભા—હંસિની નદીનો કિનારો છોડી દે છે, તેવી જ રીતે ભગવાન વૃષભદેવના મનમાં રહેવાવાળી અને તેમની પ્રિય વલ્લભા તું પણ શય્યા છોડી દે!

આ રીતે, જ્યારે બંદીજનોનો સમૂહ જોર જોરથી મંગળ પાઠ કરી રહ્યા હતા ત્યારે તે યશસ્વતી મહાદેવી, જગાવવાવાળા દુંદુભિઓના શબ્દથી ધીરે-ધીરે નિદ્રારહિત થઈ—જાગી ગઈ અને શૈયા છોડીને પ્રાતઃકાળનું મંગળ સ્નાન કરીને પ્રીતિથી રોમાંચિત શરીર થઈ પોતાના જોયેલા સ્વપ્નાનું યથાર્થ ફળ પૂછવા માટે સંસારના પ્રાણીઓના હૃદયવર્તી અંધકારને દૂર કરવાવાળા અતિશય પ્રકાશમાન અને બધાના સ્વામી ભગવાન વૃષભદેવ સમીપ એવી રીતે પહોંચી કે જેવી રીતે કમલીનિ સંસારના મધ્યવર્તી અંધકારને નષ્ટ કરવાવાળા અને અતિશય પ્રકાશમાન સૂર્યની સન્મુખ પહોંચે છે. ભગવાનની સમીપ જઈને તે મહાદેવી પોતાને યોગ્ય સિંહાસન પર સુખપૂર્વક બેસી ગઈ, તે સમયે મહાદેવી સાક્ષાત્ લક્ષ્મી સમાન સુશોભિત થઈ રહી હતી. ત્યારબાદ, તેણે રાત્રિના સમયે જોયેલા સમસ્ત સ્વપ્ન ભગવાનને નિવેદન કર્યા અને અવધિજ્ઞાનરૂપી દિવ્ય નેત્ર ધારણ કરવાવાળા ભગવાને નીચે લખ્યા અનુસાર તે સ્વપ્નાઓનું ફળ કહ્યું. હે દેવી! સ્વપ્નમાં જે તેં પર્વત જોયો છે તેનાથી એવું જણાય છે કે તારે ચક્રવર્તી પુત્ર થશે, સૂર્ય તેના પ્રતાપને અને ચંદ્ર તેની કાંતિરૂપી સંપદાને સૂચિત કરી રહ્યો છે. હે કમલનયને! સરોવર જોવાથી તારો પુત્ર અનેક પવિત્ર લક્ષણોથી ચિહ્નિત-શરીર થઈને પોતાના વિસ્તૃત વક્ષઃસ્થળ પર કમલવાસિની—લક્ષ્મીને ધારણ કરવાવાળો થશે. હે દેવી! પૃથ્વીનું ગ્રસાવું જોવાથી એવું જણાય છે કે તારો તે પુત્ર ચક્રવર્તી થઈને સમુદ્રરૂપી વસ્ત્રને ધારણ કરવાવાળી સમસ્ત પૃથ્વીનું પાલન કરશે અને સમુદ્ર જોવાથી પ્રગટ થાય છે કે તે ચરમશરીરી થઈને સંસારરૂપી સમુદ્રને પાર કરવાવાળો થશે. આ સિવાય ઈક્ષ્વાકુ વંશને આનંદ દેવાવાળો તે પુત્ર તારા સો પુત્રોમાં

સૌથી જ્યેષ્ઠ પુત્ર થશે. આ પ્રકારે પતિના વચન સાંભળીને તે સમયે તે દેવી હર્ષના ઉદયથી એવી વૃદ્ધિને પ્રાપ્ત થઈ હતી કે જેવી રીતે ચંદ્ર ઉદય થતાં સમુદ્ર વૃદ્ધિને પ્રાપ્ત થાય છે.

ત્યારબાદ, રાજા અતિગૃદ્ધનો જીવ કે પહેલાં વાઘ હતો અને પછી દેવ થયો, પછી સુબાહુ થયો અને પછી સર્વાર્થસિદ્ધિમાં અહમિન્દ્ર થયો હતો તે ત્યાંથી ચ્યુત થઈને યશસ્વતી મહાદેવીના ગર્ભમાં આવીને નિવાસ કરવા લાગ્યો. તે દેવી ભગવાન વૃષભદેવના દિવ્ય પ્રભાવથી ઉત્પન્ન થયેલા ગર્ભને ધારણ કરી રહી હતી, તે જ કારણ હતું કે તે પોતાની ઉપર આકાશમાં ચાલતા સૂર્યને પણ સહન કરી શકતી ન હતી. વીરપુત્રને ઉત્પન્ન કરવાવાળી તે દેવી પોતાના મુખની કાંતિ તલવારરૂપી દર્પણમાં જોતી હતી અને અતિશય માન કરવાવાળી તે, તે તલવારમાં પડવાવાળી પોતાની પ્રતિકૂળ છાયાને પણ સહન કરી શકતી ન હતી. જેવી રીતે વર્ષાનો સમય આવતા મયૂર જળથી ભરેલી મેઘમાળાને ખૂબ જ ઉત્સુક દૃષ્ટિથી જુએ છે, તેવી જ રીતે ભગવાન વૃષભદેવ પણ તે ગર્ભિણી યશસ્વતી દેવીને ખૂબ જ ઉત્સુક દૃષ્ટિથી જોતાં હતા. તે યશસ્વતી દેવી, જેના ગર્ભમાં રત્ન ભરેલા છે એવી ભૂમિ સમાન, જેના મધ્યમાં ફળ લાગેલા છે એવી વેલ સમાન અથવા જેના મધ્યમાં સૂર્યરૂપી તેજ છુપાયેલો છે એવી પૂર્વદિશા સમાન અત્યંત શોભાને પ્રાપ્ત થઈ રહી હતી. તે રાણી રત્નખચિત પૃથ્વી પર હંસનીની જેમ નૂપુરોના ઉદાર શબ્દથી મનોહર શબ્દ કરતી મંદ-મંદ ગમન કરતી હતી. મણિઓથી જડેલી જમીન ઉપર સ્થિરતાપૂર્વક પગ રાખીને મંદ ગતિથી ચાલતી તે યશસ્વતી એવી જણાતી હતી કે જાણે પૃથ્વી અમારા જ ભોગ માટે છે એમ માનીને તેના ઉપર મોહર જ લગાવતી જતી હતી. તેના ઉદર પર ગર્ભાવસ્થાથી પહેલાંની જેમ જ ગર્ભાવસ્થામાં પણ ત્રિવલીભંગ અર્થાત્ નાભિથી નીચે પડવાવાળી રેખાઓનો ભંગ દેખાતો ન હતો અને તેનાથી જાણે કે એમ સૂચિત થતું હતું કે તેનો પુત્ર અભંગ—નાશ રહિત દિગ્વિજય પ્રાપ્ત કરશે. ગર્ભ ધારણ કરવાથી તેના સ્તનોનો અગ્રભાગ કાળો થઈ ગયો હતો અને તેનાથી એમ જ સૂચિત થઈ રહ્યું હતું કે તેના ગર્ભમાં સ્થિત રહેવાવાળો બાળક અન્ય—શત્રુઓની ઉન્નત્તિને અવશ્ય જ બાળી નાખશે—નષ્ટ કરી નાખશે. પરમ ઉત્કૃષ્ટ દોહ્યલો ઉત્પન્ન થવો, આહારમાં રુચિ મંદ પડી જવી, આળસ સહિત ગમન કરવું, શરીરને શિથિલ કરીને જમીન પર સુવું, ચહેરાનું ગાલ સુધી કંઈક સફેદ થઈ જવું, આળસ ભરેલા નેત્રોથી જોવું, અધરોષ્ઠનું કંઈક સફેદ અને લાલ થવું અને મોઢામાંથી માટી જેવી સુગંધ

આવવી—આ રીતે યશસ્વતીના ગર્ભના બધા જ ચિહ્ન ભગવાન વૃષભદેવના મનને અત્યંત પ્રસન્ન કરતાં હતા અને શત્રુઓની શક્તિઓનો શીઘ્ર જ વિજય કરતો થકો તે ગર્ભ ધીરે-ધીરે વધતો જતો હતો.

જેનું મંડળ દૈદીપ્યમાન તેજથી પરિપૂર્ણ છે અને જેનો ઉદય ખૂબ જ મોટો છે એવા સૂર્યને જેવી રીતે પૂર્વદિશા ઉત્પન્ન કરે છે, તેવી જ રીતે નવ મહિના પૂર્ણ થતાં તે યશસ્વતી મહાદેવીએ દૈદીપ્યમાન તેજથી પરિપૂર્ણ અને મહાપુણ્યશાળી પુત્રને ઉત્પન્ન કર્યો. ભગવાન વૃષભદેવના જન્મ સમયે જે શુભ દિવસ, શુભ લગ્ન, શુભ યોગ, શુભ ચંદ્ર અને શુભ નક્ષત્ર પડ્યા હતા, તે જ શુભ દિવસ આદિ તે સમયે પણ પડ્યા હતા અર્થાત્ તે સમયે ચૈત્ર કૃષ્ણ નવમીનો દિવસ, મીન લગ્ન, બ્રહ્મ યોગ, ધન રાશિનો ચંદ્ર અને ઉત્તરાષાઢ નક્ષત્ર હતો. તે જ દિવસે યશસ્વતી મહાદેવીએ સમ્રાટના શુભ લક્ષણોથી શોભાયમાન જ્યેષ્ઠ પુત્ર ઉત્પન્ન કર્યો હતો. તે પુત્ર, પોતાની બંને ભૂજાઓથી પૃથ્વીનું આલિંગન કરીને ઉત્પન્ન થયો હતો, તેથી નિમિત્તજ્ઞાનીઓએ કહ્યું હતું કે તે સમસ્ત પૃથ્વીનો અધિપતિ અર્થાત્ ચક્રવર્તી થશે. તે પુત્ર ચંદ્ર સમાન સૌમ્ય હતો, તેથી માતા યશસ્વતી તે પુત્રરૂપી ચંદ્રથી રાત્રિ સમાન સુશોભિત થઈ હતી. આ સિવાય તે પુત્ર પ્રાતઃકાળના સૂર્ય સમાન તેજસ્વી હતો, તેથી પિતા ભગવાન વૃષભદેવ તે બાળકરૂપી સૂર્યથી દિવસ સમાન દૈદીપ્યમાન થયા હતા.

જેવી રીતે ચંદ્ર ઉદય થતાં પોતાની બેલા સહિત સમુદ્ર હર્ષને પ્રાપ્ત થાય છે, તેવી જ રીતે પુત્રનો જન્મ થતાં તેના દાદા અને દાદી અર્થાત્ મહારાણી મરુદેવી અને મહારાજ નાભિરાય બંને જ પરમ હર્ષને પ્રાપ્ત થયા હતા. તે સમયે અધિક હર્ષિત થયેલી પુત્રવતી સ્ત્રીઓ 'તું આ રીતે સેંકડો પુત્ર ઉત્પન્ન કર' આ રીતે તે યશસ્વતી દેવીને પવિત્ર આશીર્વાદ આપી રહી હતી, તે સમયે રાજમંદિરમાં કરોડો દંડોથી તાડિત થયેલા આનંદના મોટા-મોટા નગારા ગરજતા મેઘ સમાન ગંભીર શબ્દ કરી રહ્યા હતા. તુરહી, દુંદુભિ, ઝલ્લરી, શહેનાઈ, સિતાર, શંખ, કાહલ અને તાલ આદિ અનેક વાજાઓ તે સમયે જાણે કે હર્ષથી વાગી રહ્યા હતા. તે સમયે સુગંધિત, વિકસિત, ભ્રમણ કરતાં ભ્રમરોથી સેવિત અને દેવોના હાથથી છોડેલો ફૂલોનો સમૂહ આકાશથી વરસી રહ્યો હતો. કલ્પવૃક્ષોના ફૂલોની ઝારી, પરાગથી ભરેલો, ધૂળને દૂર કરવાવાળો અને જળના છાંટાઓથી શીતળ થયેલો સુકોમળ વાયુ મંદ-મંદ વહી રહ્યો હતો. તે સમયે આકાશમાં 'જય-જય' આ પ્રકારે દેવોની વાણી થઈ રહી હતી અને દેવીઓના

'ચિરંજીવ રહો' આ પ્રકારના શબ્દ સમસ્ત દિશાઓમાં અતિશયરૂપથી વિસ્તારને પ્રાપ્ત થઈ રહ્યા હતા. જેમણે પોતાના સૌંદર્યથી અપ્સરાઓને જીતી લીધી છે અને જેમણે પોતાની નૃત્યકળાથી દેવોની નર્તકીઓને અનાયાસ જ પરાજિત કરી દીધી છે તેવી નૃત્ય કરવાવાળી સ્ત્રીઓ તાલની સાથે નૃત્ય તથા સંગીત પ્રારંભ કરી રહી હતી. તે સમયે ચંદનના જળથી સિંચાયેલી નગરની ગલીઓ એવી સુશોભિત થઈ હતી કે જાણે પોતાની સજાવટ દ્વારા સ્વર્ગની શોભાની હાંસી જ કરી રહી હોય! તે સમયે આકાશમાં ઈન્દ્રધનુષ અને વિજળીરૂપી લતાની સુંદરતાને ધારણ કરતાં રત્નનિર્મિત તોરણોની સુંદર રચનાઓ ઘર-ઘર શોભાયમાન થઈ રહી હતી. જ્યાં રત્નોના ચૂર્ણથી અનેક પ્રકારની રંગોળીઓની રચના કરવામાં આવી છે એવી જમીન પર મોટાં-મોટાં ઉદરવાળા અનેક સુવર્ણકળશ રાખેલા હતા, તે કળશોના મુખ સુવર્ણકમળોથી ઢાંકેલા હોવાથી તે ખૂબ જ શોભાયમાન થઈ રહ્યા હતા.

જેવી રીતે સમુદ્રની વૃદ્ધિ થતાં તેના કિનારાની નદી પણ વૃદ્ધિને પ્રાપ્ત થઈ જાય છે, તેવી જ રીતે રાજાના ઘરે ઉત્સવ થવાથી તે સમસ્ત અયોધ્યા નગરી ઉત્સવ સહિત થઈ રહી હતી. તે સમયે ભગવાન વૃષભદેવરૂપી હાથી સમુદ્રના જળ સમાન ભારે દાનનો ધોધ વરસાવી રહ્યા હોવાથી ત્યાં કોઈપણ દરિદ્ર રહ્યા નથી. આ રીતે, અંતઃપુર સહિત સમસ્ત નગરમાં પરમ આનંદને કરતો તે બાળકરૂપી ચંદ્ર ભગવાન વૃષભદેવરૂપી ઉદયાચળથી ઉદય થયો હતો, તે સમયે પ્રેમથી ભરેલા બંધુઓના સમૂહે ખૂબ જ હર્ષથી સમસ્ત ભરતક્ષેત્રના અધિપતિ થવાવાળા તે પુત્રને 'ભરત' નામથી બોલાવ્યો હતો. ઈતિહાસના જાણવાવાળા કહે છે કે જ્યાં અનેક આર્યપુરુષ રહે છે એવા તે હિમવત્ પર્વતથી રહીને સમુદ્રપર્યંતના ચક્રવર્તીઓનું ક્ષેત્ર તે જ 'ભરત' પુત્રના નામના કારણે 'ભારતવર્ષ'રૂપથી પ્રસિદ્ધ થયું છે. તે બાળકરૂપી ચંદ્ર ભાઈ-બંધુરૂપી કુમુદોના સમૂહમાં આનંદને વધારતો થકો અને શત્રુઓના કુળરૂપી અંધકારને નષ્ટ કરતો થકો વધી રહ્યો હતો. માતા યશસ્વતીનું સ્તનપાન કરતો થકો તે ભરત જ્યારે દૂધને વારંવાર પાછું કાઢતો હતો ત્યારે તે એવો દૈદીપ્યમાન થતો હતો કે જાણે પોતાનો યશ જ દિશાઓમાં ફેલાવી રહ્યો હોય! તે બાળક મંદ હાસ્ય, મનોહર હાસ, મણિમય ભૂમિ પર ચાલવું અને અવ્યક્ત મધુર ભાષણ આદિ લીલાઓથી માતા-પિતાને પરમ હર્ષ ઉત્પન્ન કરતો હતા. જેમ-જેમ તે બાળક વધતો જતો હતો, તેમ-તેમ તેની સાથે ઉત્પન્ન થયેલા સ્વાભાવિક ગુણ પણ વધતા જતા હતા. એવું જણાતું હતું કે જાણે તે ગુણ તેની સુંદરતા પર મોહિત થવાના કારણે જ તેની

સાથે-સાથે વધી રહ્યા હતા. વિધિને જાણવાવાળા ભગવાન વૃષભદેવે અનુક્રમથી પોતાના તે પુત્રના અન્નપ્રાશન (પહેલીવાર અન્ન ખવડાવવું), ચૌલ (મુંડન) અને ઉપનયન (યજ્ઞોપવીત) આદિ સંસ્કાર સ્વયં કર્યા હતા.

ત્યારબાદ, તે ભરતે ક્રમ-ક્રમથી બાળક અને કુમાર અવસ્થાની વચ્ચેના અનેક ભેદ વ્યતીત કરી નેત્રોને આનંદ દેવાવાળી યુવાવસ્થા પ્રાપ્ત કરી હતી. આ ભરતનું પોતાના પિતા ભગવાન વૃષભદેવ સમાન ગમન હતું, તેમના સમાન જ ત્રણે લોકનું ઉલ્લંઘન કરવાવાળું દૈદીપ્યમાન શરીર હતું અને તેમના સમાન મંદ હાસ્ય હતું. આ ભરતની વાણી, કળા, વિદ્યા, દ્યુતિ, શીલ અને વિજ્ઞાન આદિ બધા જ તે જ હતા કે જે તેના પિતા ભગવાન વૃષભદેવના હતા. આ રીતે, પિતાની સાથે તન્મયતાને પ્રાપ્ત ભરત પુત્રને જોઈને તે સમયે પ્રજા કહ્યા કરતી હતી કે **'પિતાનો આત્મા પુત્ર નામથી કહેવાય છે'** આ વાત એકદમ સાચી છે. સ્વયં પિતા દ્વારા જેના રૂપ આદિ ગુણોની પ્રશંસા કરવામાં આવી છે, જે સ્વયં સાક્ષાત્ કામદેવ સમાન છે એવો તે ભરત પોતાના મનોહર ગુણો દ્વારા સજ્જન પુરુષોને ખૂબ જ માન્ય થયો હતો. તે ભરત પંદરમા મનુ ભગવાન વૃષભદેવના મનને પણ પોતાના પ્રેમને આધીન કરી લેતો હોવાથી લોકો કહ્યા કરતાં હતા કે આ સોળમો મનુ જ ઉત્પન્ન થયો છે અને તે કામદેવ સમાન સુંદર આકારવાળો હોવાથી સમસ્ત પ્રજાના મનમાં નિવાસ કર્યા કરતો હતો. તેનું શરીર ક્યારે પણ નષ્ટ ન થવાવાળી વિજયલક્ષ્મીથી દૈદીપ્યમાન રહ્યા કરતું હોવાથી એવું સુશોભિત થતું હતું કે જાણે એક જગ્યાએ ભેગું કરેલું ક્ષત્રિયોનું તેજ જ હોય!

'આ કોઈ અલૌકિક પુરુષ છે' આ વાતને પ્રગટ કરતું ભરતનું બળવાન શરીર એવું શોભાયમાન થતું હતું કે જાણે તે તેજરૂપ પરમાણુઓથી બન્યું હોય! અત્યંત ઉંચા મુકુટમાં લાગેલા રત્નોના કિરણોથી શોભાયમાન તેનું મસ્તક ચૂલિકા સહિત મેરુ પર્વતના શિખર સમાન અતિશય શોભાયમાન થતું હતું. ક્રમ-ક્રમથી ઉંચું થતું તેનું ગોળ મસ્તક એવું શોભાયમાન થતું હતું કે જાણે વિધાતાએ વક્ષઃસ્થળ પર રહેવાવાળી લક્ષ્મી માટે ક્ષત્ર જ બનાવ્યું હોય! કંઈક વળેલા, સ્નિગ્ધ, કાળા અને એક સાથે ઉત્પન્ન થયેલા કેશથી શોભાયમાન તેનું મસ્તક એવું જાણાતું હતું કે જાણે તેના ઉપર ઈન્દ્રનીલમણિની બનેલી ટોપી જ રાખી હોય! ભરત પોતાના મન-વચન-કાયની પ્રવૃત્તિને ખૂબ જ સરળ રાખતો હતો કે જેથી એમ જણાતું હતું કે તેમની કુટીલતા તેના ભ્રમર સમાન કાળા કેશોના અંતભાગમાં

જ જઈને રહેવા લાગી હોય! દાંતોના કિરણોરૂપી કેશર સહિત અને સુગંધિત શ્વાસોચ્છ્વાસના પવન દ્વારા ભ્રમરોનું આહ્વાન કરવાવાળું એનું પ્રફુલ્લિત મુખકમળ ખૂબ જ શોભાયમાન થતું હતું અથવા તેનું મુખ પૂર્ણ ચંદ્રમંડળની શોભા ધારણ કરી રહ્યું હતું કારણ કે જેવી રીતે પૂર્ણ ચંદ્રમંડળને જોવાથી સુખ થાય છે, તેવી જ રીતે તેનું મુખ જોવાથી સૌને સુખ થતું હતું; જેવી રીતે પૂર્ણ ચંદ્રમંડળ અખંડ ગોળાઈ સહિત હોય છે, તેવી જ રીતે તેનું મુખ પણ અખંડ ગોળાઈ સહિત હતું અને જેવી રીતે પૂર્ણ ચંદ્રમંડળ અખંડ કાંતિથી યુક્ત હોય છે, તેવી જ રીતે તેનું મુખ પણ અખંડ કાંતિથી યુક્ત હતું. ચારેય તરફ દાંતોના કિરણોરૂપી ચાંદનીને ફેલાવતું થકું તેનું મુખરૂપી ચંદ્ર કર્ણભૂષણની દૈદીપ્યમાન કિરણોના ગોળ પરિમંડળથી ખૂબ જ શોભાયમાન થતું હતું.

સૂર્યમાં દીપ્તિ, ચંદ્રમાં કાંતિ અને કમળમાં વિકાસ—આ પ્રકારે આ બધા ગુણ અલગ-અલગ રહેતા હતા, પરંતુ ભરતના મુખ પર તે બધા ગુણ સહયોગીતાને પ્રાપ્ત થયેલા હતા અર્થાત્ સાથે-સાથે વિદ્યમાન રહેતા હતા. ચંદ્ર ક્ષય સહિત હોય છે અને કમળ પ્રત્યેક રાત્રિમાં સંકોચને પ્રાપ્ત થતું રહે છે, પરંતુ તેનું મુખ સદાય વિકસિત રહેતું હતું અને ક્યારેય પણ સંકોચને પ્રાપ્ત થતું ન હતું– પૂર્ણ રહેતું હતું, તેથી તેની ઉપમા કોની સાથે આપવામાં આવે! તેનું મુખ સર્વથા અનુપમ હતું. એવું જણાતું હતું કે તેનું મુખકમળ સદાય વિકસિત રહેવાવાળી લક્ષ્મીથી જાણે હારી ગયું હતું, તેથી તે વન અથવા જળમાં નિવાસ કરવા માટે પ્રસ્થાન કરી રહ્યું હતું. પટ્ટબંધના ઉચિત અને અતિશય કાંતિયુક્ત તેના લલાટના બનવામાં અવશ્ય જ સૂર્યના કિરણો સહાયક સિદ્ધ થયા હતા. શોભાયમાન કાંતિથીયુક્ત તેના બંને ગાલ જોઈને ચંદ્ર અવશ્ય જ પરાજિત થઈ ગયો હતો અને તેથી જ જાણે કે તે વિરક્ત થઈને સકલંક અવસ્થાને પ્રાપ્ત થયો હતો. તેની બંને નૈણરૂપી લતાઓ એટલી સુંદર શોભા ધારણ કરી રહી હતી કે જાણે જગતને જીતવાના સમયે કામદેવ દ્વારા ફરકાવવામાં આવેલી બે પતાકાઓ જ હોય! તેના નેત્રરૂપી કમળોનો વિકાસ મુખરૂપી આંગણમાં પડેલા ફૂલોના ઉપહાર સમાન શોભાયમાન થઈ રહ્યો હતો તથા સમસ્ત દિશાઓને ચિત્ર-વિચિત્ર કરી રહ્યો હતો અને તેથી જ તે આનંદને વિસ્તૃત કરીને અતિશય પ્રસિદ્ધ થઈ રહ્યો હતો. તેના ચંચળ કટાક્ષોની આભાએ શ્રવણક્રિયાથી યુક્ત–ઉત્તમ-ઉત્તમ શાસ્ત્રોના જ્ઞાનથી યુક્ત તેના બંને કાનનું ઉલ્લંઘન કરી દીધું હતું. બરાબર જ છે કે ચંચળ અથવા સતૃષ્ણ હૃદયવાળા પ્રાયઃ કોનું ઉલ્લંઘન નથી કરતાં? અર્થાત્ બધાનું જ ઉલ્લંઘન કરે છે.

ચક્રવર્તીના ક્ષેત્રમાં રહેવાવાળા સમસ્ત ક્ષેત્રના મનુષ્ય અને દેવોમાં જેટલું હોય છે તેનાથી અનેકગણું વધારે બળ ચક્રવર્તીની ભૂજાઓમાં હતું. તે ભરતના રૂપ અનુરૂપ જ તેમાં ગુણરૂપી સંપદા વિદ્યમાન હતી, તે બરાબર જ છે કારણ કે તેવું સુંદર શરીર ક્યારેય પણ છોડી શકાતું નથી. 'જ્યાં સુંદર આકાર છે ત્યાં જ ગુણ નિવાસ કરે છે' આ લોકોક્તિમાં કાંઈપણ સંશય નથી કારણ કે ગુણોએ ભરતના ઉપમારહિત સુંદર શરીરને સ્વયં આવીને સ્વીકૃત કર્યું હતું. સત્ય, શૌચ, ક્ષમા, ત્યાગ, પ્રજ્ઞા, ઉત્સાહ, દયા, દમ, પ્રશમ અને વિનય—આ ગુણ સદાય તેના આત્માની સાથે-સાથે રહેતા હતા. શરીરની કાંતિ, દીપ્તિ, લાવણ્ય, પ્રિય વચન બોલવા અને કળાઓમાં કુશળતા—આ તેના શરીરથી સંબંધ રાખવાવાળા ગુણ હતા. જેવી રીતે સ્વભાવથી જ સુંદર મણિ સંસ્કારના યોગથી અત્યંત સુશોભિત થઈ જાય છે, તેવી જ રીતે સ્વભાવથી સુંદર આકારવાળો ભરત ઉપર લખેલા ગુણોથી ખૂબ જ વધારે સુશોભિત થઈ ગયો હતો. તે ભરત એક દિવ્ય મનુષ્ય હતો, તેની આકૃતિ પણ અસાધારણ હતી, તે તેજનો ખજાનો હતો અને તેની બધી જ ચેષ્ટાઓ આશ્ચર્યકારી હોવાથી તે લક્ષ્મીના અતિશય ઉંચા પૂંજ સમાન શોભાયમાન થતો હતો. બીજી જગ્યાએ ન જોવા મળતી તેની ઉત્કૃષ્ટ રૂપસંપદા જોઈને લોકો તેના પૂર્વભવ સંબંધી પુણ્ય સંપદાની પ્રશંસા કરતાં હતા.

સુંદર શરીર, નિરોગતા, ઐશ્વર્ય, ધન-સંપત્તિ, બળ, આયુષ્ય, યશ, બુદ્ધિ, સર્વપ્રિય વચન અને ચતુરતા આદિ આ સંસારમાં જે કાંઈ સુખનું કારણ પુરુષાર્થ છે તે બધો જ અભ્યુદય કહેવાય છે અને તે બધો જ સંસારી જીવોને પુણ્યના ઉદયથી પ્રાપ્ત થાય છે. પુણ્ય વિના કોઈપણ મહાન અભ્યુદયની પ્રાપ્તિ થતી નથી, તેથી જે વિદ્વાન પુરુષ અભ્યુદય પ્રાપ્ત કરવા ઈચ્છે છે તેમણે પહેલાં પુણ્યનો સંચય કરવો જોઈએ.

આ રીતે, તે ભરત ચંદ્ર સમાન શોભાયમાન થઈ રહ્યો હતો કારણ કે જેવી રીતે ચંદ્ર પોતાના શીતળતા, સુભગતા આદિ ગુણોથી બધાના આનંદની પરંપરાને વધારે છે, તેવી જ રીતે ભરત પણ પોતાના દયા, ઉદારતા, નમ્રતા આદિ ગુણોથી માતા-પિતા તથા ભાઈઓના આનંદની પરંપરાને પ્રતિદિન વધારતો રહેતો હતો; ચંદ્ર જેવી રીતે લોકોની દુઃખમય પરિસ્થિતિને શાંત કરે છે, તેવી જ રીતે તે ભરત પણ લોકોની દુઃખમય પરિસ્થિતિને શાંત કરતો હતો; ચંદ્ર જેવી રીતે સમસ્ત પર્વતોને નીચા કરવાવાળા પૂર્વાચલથી ઉદિત થાય છે, તેવી જ રીતે તે ભરત

પણ સમસ્ત રાજાઓને નીચા દેખાડવાવાળા ભગવાન વૃષભદેવરૂપી પૂર્વાચલથી ઉદિત થયો હતો અને ચંદ્ર જેવી રીતે સમસ્ત ભૂલોકને પ્રકાશિત કરે છે, તેવી જ રીતે ભરત પણ સમસ્ત ભૂલોકને પ્રકાશિત કરતો હતો અથવા તે ભરત, ચક્રરૂપી સૂર્યને ઉદય કરવાવાળા ઉદયાચળ સમાન સુશોભિત થતો હતો કારણ કે જેવી રીતે ઉદયાચળ પર્વત સુવર્ણમય શીલાઓથી સાન્દ્ર અવયવોથી શોભાયમાન થાય છે, તેવી જ રીતે તે ભરત પણ સુવર્ણ સમાન સુંદર મજબૂત શરીરથી શોભાયમાન હતો; જેવી રીતે ઉદયાચળ ઉંચો હોય છે, તેવી જ રીતે તે ભરત પણ ઉંચો–ઉદાર હતો; ઉદયાચળ જેવી રીતે સ્વભાવથી જ ગુરુ–ભારે હોય છે, તેવી જ રીતે ભરત પણ સ્વભાવથી જ ગુરુ–શ્રેષ્ઠ હતો; ઉદયાચળ પર્વતે જેવી રીતે પોતાના સમીપવર્તી નાના-નાના પર્વતોથી પૃથ્વીતળ પર આક્રમણ કરી લીધું છે, તેવી જ રીતે ભરતે પણ પોતાના પગથી–ચરણોથી દિગ્વિજયના સમયે સમસ્ત પૃથ્વીતળ પર આક્રમણ કર્યું હતું; ઉદયાચળ જેવી રીતે પૃથ્વીના વિશાળ ભારને ધારણ કરવા માટે સમર્થ છે, તેવી જ રીતે ભરત પણ પૃથ્વીનો વિશાળ ભાર ધારણ કરવા માટે–વ્યવસ્થા કરવા માટે સમર્થ હતો; ઉદયાચળ જેવી રીતે પોતાના તટ ભાગ પર નિર્ઝરણાઓની સુંદર કાંતિ ધારણ કરે છે, તેવી જ રીતે ભરત પણ તટની સાથે સ્પર્ધા કરવાવાળા પોતાના વક્ષઃસ્થળ પર હારોની સુંદર કાંતિ ધારણ કરતો હતો અને ઉદયાચળ પર્વત જેવી રીતે દૈદીપ્યમાન શિખરોથી સુશોભિત રહે છે, તેવી જ રીતે તે ભરત પણ પોતાના પ્રકાશમાન મુગટથી સુશોભિત રહેતો હતો.

જેમને અરિહંતપદની લક્ષ્મી પ્રાપ્ત થવાવાળી છે એવા ભગવાન વૃષભદેવ, નેત્રોને આનંદ આપવાવાળા, અત્યંત સુંદર અને અસાધારણ ભરતના મુખને દેખતા થકા, કાનોને સુખ દેવાવાળા તથા વિનય સહિત કહેલા તેના મધુર વચનોને સાંભળતા થકા, પ્રણામ કર્યા બાદ ઊભા થયેલા ભરતને વારંવાર આલિંગન કરીને તેને પોતાના ખોળામાં બેસાડતા પરમ સંતોષને પ્રાપ્ત થતા હતા.

આ રીતે, આર્ષ નામથી પ્રસિદ્ધ ભગવજ્જિનસેનાચાર્ય-વિરચિત ત્રિષષ્ટિલક્ષણ મહાપુરાણ સંગ્રહમાં ભગવાનનો કુમારકાળ, યશસ્વતી અને સુનંદાનો વિવાહ તથા ભરતની ઉત્પત્તિનું વર્ણન કરવાવાળો પંદરમો અધ્યાય સમાપ્ત થયો.

## અધ્યાય સોળમો



ત્યારબાદ, જેનું વર્ણન પહેલાં કરવામાં આવી ગયું છે એવા તે સર્વાર્થસિદ્ધિના અહમિન્દ્ર સ્વર્ગથી અવતીર્ણ થઈને ક્રમથી ભગવાન વૃષભદેવની યશસ્વતી દેવીને નીચે પ્રમાણે પુત્ર થયા :

ભગવાન વૃષભદેવની વજ્રનાભિ પર્યાયમાં જે પીઠ નામનો ભાઈ હતો, તે હવે વૃષભસેન નામનો ભરતનો નાનો ભાઈ થયો; જે રાજશ્રેષ્ઠીનો જીવ મહાપીઢ હતો, તે અનંતવિજય નામનો વૃષભસેનનો નાનો ભાઈ થયો; જે વિજય નામનો સિંહનો જીવ હતો, તે અનંતવિજયથી નાનો અનંતવીર્ય નામનો પુત્ર થયો; જે વૈજયંત નામનો સુવરનો જીવ હતો, તે અનંતવીર્યનો નાનો ભાઈ અચ્યુત થયો; જે વાંદરાનો જીવ હતો તે અચ્યુતથી નાનો વીર નામનો ભાઈ થયો અને જે નોળિયાનો જીવ હતો, તે વીરથી નાનો વરવીર થયો. આ રીતે, ભગવાન વૃષભદેવને યશસ્વતી મહાદેવીથી ભરત પછી જન્મ લેવાવાળા નવાણું પુત્ર થયા, તે બધા જ પુત્ર ચરમશરીરી તથા ખૂબ જ પ્રતાપી હતા.

ત્યારબાદ, જેવી રીતે શુક્લપક્ષ પશ્ચિમદિશામાં ચંદ્રની નિર્મળ-નિર્મળ કળાને ઉત્પન્ન—પ્રગટ કરે છે, તેવી જ રીતે બ્રહ્મા—ભગવાન આદિનાથને યશસ્વતી નામક મહાદેવીથી બ્રાહ્મી નામની પુત્રી ઉત્પન્ન થઈ. આનંદ પુરોહિતનો જીવ કે જે પહેલાં મદનકુંભ હતો અને છઠ્ઠી સર્વાર્થસિદ્ધિમાં અહમિન્દ્ર થયો હતો, તે ત્યાંથી ચ્યુત થઈને ભગવાન વૃષભદેવની બીજી રાણી સુનંદાને દેવ સમાન બાહુબલી નામનો પુત્ર થયો. વજ્રજંઘ પર્યાયમાં ભગવાન વૃષભદેવની જે અનુંધરી નામની બહેન હતી, તે હવે વૃષભદેવની સુનંદા નામની દેવીથી અત્યંત સુંદર સુંદરી નામની પુત્રી થઈ. પુત્રી સુંદરી અને પુત્ર બાહુબલીને પ્રાપ્ત કરીને સુનંદા મહારાણી એવી સુશોભિત થઈ હતી કે જેવી રીતે પૂર્વદિશા સૂર્યને પ્રાપ્ત કરીને સુશોભિત થાય છે! સમસ્ત જીવોને માન્ય તથા સર્વશ્રેષ્ઠ સ્વસંપદાને ધારણ કરવાવાળો યુવા

બાહુબલી તે કાળના ચોવીસ કામદેવમાંથી પહેલો કામદેવ થયો હતો, તે બાહુબલીનું જેવું રૂપ હતું તેવું અન્ય ક્યાંય જોવા મળતું નહોતું. બરાબર છે કે ઉત્તમ આભૂષણ કલ્પવૃક્ષને છોડીને શું અન્ય ક્યાંય જોવા મળે છે ! પરમ ઉદાર અને ચરમશરીરી તે બાહુબલી માનીનિ સ્ત્રિઓના હૃદયરૂપી કુટિરમાં કેવી રીતે પ્રવેશ કરી ગયો હતો? ભાવાર્થ : સ્ત્રીઓનું હૃદય ખૂબ જ નાનું હોય છે અને બાહુબલીનું શરીર ખૂબ જ ઊંચું હતું. આ ઉપરાંત તે ચરમશરીરી હતો, માનીનિ સ્ત્રીઓ ચરમશરીરીને પસંદ નથી કરતી. આ કારણો હોવા છતાં પણ બાહુબલીનું તે શરીર સ્ત્રીઓનું માન દૂર કરીને તેમના હૃદયમાં પ્રવેશ કરી ગયું હતું, તે ખૂબ જ આશ્ચર્યની વાત હતી.

આ રીતે, તે બધા રાજકુમાર વિક્રિયા, કળા, દીપ્તિ, કાંતિ અને સુંદરતાની લીલાથી રાજકુમાર ભરતની સમાન હતા. જેવી રીતે હાથી ક્રમ-ક્રમથી મદ અવસ્થાને પ્રાપ્ત થાય છે, તેવી જ રીતે ભગવાન વૃષભદેવના ભરત આદિ પુત્ર ક્રમ-ક્રમથી યુવા અવસ્થાને પ્રાપ્ત થયા. જેવી રીતે બગીચાના વૃક્ષ સમૂહો પર વસંત ઋતુનો વિસ્તાર અતિશય મનોહર જણાય છે, તેવી જ રીતે તે સમયે તે રાજકુમારોનું યૌવન અતિશય મનોહર જણાઈ રહ્યું હતું. યુવાવસ્થાને પ્રાપ્ત થયેલા તે બધા જ પાર્થિવ અર્થાત્ 'પૃથ્વીથી ઉત્પન્ન થવાવાળા' વૃક્ષો સમાન હતા. આ બધા રાજકુમારોમાં તેજસ્વીઓમાં પણ તેજસ્વી ભરત સૂર્ય સમાન સુશોભિત થતો હતો અને સમસ્ત સંસારથી અત્યંત સુંદર યુવા બાહુબલી ચન્દ્રસમાન સુશોભિત થતા હતા. શેષ રાજપુત્ર ગ્રહ, નક્ષત્ર અને તારા સમાન શોભાયમાન થતા હતા. તે બધા રાજપુત્રોમાં બ્રાહ્મી દીપ્તિ સમાન અને સુંદરી ચાંદની સમાન સુશોભિત થતી હતી. આ બધા પુત્ર-પુત્રીઓથી ઘેરાયેલા ભગવાન વૃષભદેવ જ્યોતિષી દેવોના સમૂહથી ઘેરાયેલા ઊંચા મેરુપર્વતની જેમ સુશોભિત થતા હતા.

ત્યારબાદ, કોઈ એક સમય ભગવાન વૃષભદેવ સિંહાસન ઉપર સુખેથી બેઠા હતા, ત્યારે તેમણે પોતાનું ચિત્ત કલા અને વિદ્યાઓનો ઉપદેશ દેવામાં વ્યાપ્ત કર્યું તે જ સમયે તેમને બ્રાહ્મી અને સુંદરી નામની પુત્રીઓ માંગલિક વેષ-ભૂષા ધારણ કરી તેમની નજીક પહોંચી. તે બંને ખૂબ જ શોભાયમાન અને બાળ અવસ્થા પછી થવાવાળી કિશોર અવસ્થા ને પ્રાપ્ત હતી તથા અતિશય સુંદર જણાતી હતા. આ બંને કન્યાઓ બુદ્ધિમતિ, વિનીત, સુશીલ, સુંદર લક્ષણોથી સુશોભિત, રૂપવતી અને માનનીય સ્ત્રીઓ દ્વારા પ્રશંસનીય હતી. આ બંને કન્યાએ વિનયપૂર્વક

ભગવાનની સમીપ જઈને તેમને પ્રણામ કર્યા. દૂરથી જ જેમનું મસ્તક નમ્ર થઈ રહ્યું છે એવી નમસ્કાર કરતી બંને પુત્રીઓને ભગવાને પ્રેમથી હસતાં-હસતાં કહ્યું કે તમે સમજતા હશો કે આજે આપણે દેવોની સાથે અમરવન જઈશું, પરંતુ એમ નહીં બની શકે કારણ કે દેવગણ પહેલાં જ ચાલ્યા ગયા છે. તમે બંને શીલ અને વિનયગુણના કારણે યુવાવસ્થામાં પણ વૃદ્ધા સમાન છો. તમારા બંનેના આ શરીર, આ અવસ્થા અને આ અનુપમ શીલ જો વિદ્યાથી વિભૂષિત કરવામાં આવે તો તમારા બંનેનો આ જન્મ સફળ થઈ જશે.

આ લોકમાં વિદ્યાવાન પુરુષ પંડિતો દ્વારા પણ સમ્માન પ્રાપ્ત થાય છે અને વિદ્યાવતી સ્ત્રી પણ સર્વશ્રેષ્ઠ પદને પ્રાપ્ત થાય છે. વિદ્યા જ મનુષ્યોનો યશ કરવાવાળી છે, વિદ્યા જ પુરુષોનો કલ્યાણ કરવાવાળી છે, સારી રીતે આરાધના કરવામાં આવેલી વિદ્યાદેવી જ બધા મનોરથોને પૂર્ણ કરવાવાળી છે. વિદ્યા મનુષ્યોના મનોરથોને પૂર્ણ કરવાવાળી કામધેનુ છે, વિદ્યા જ ચિંતામણિ છે, વિદ્યા જ ધર્મ, અર્થ, કામરૂપ ફળથી સહિત સંપદાઓની પરંપરા ઉત્પન્ન કરે છે. વિદ્યા જ મનુષ્યનો બંધુ છે, વિદ્યા જ મિત્ર છે, વિદ્યા જ કલ્યાણ કરવાવાળી છે, વિદ્યા જ સાથે-સાથે જવાવાળું ધન છે અને વિદ્યા જ બધા પ્રયોજનોને સિદ્ધ કરવાવાળી છે. તેથી, હે પુત્રીઓ ! તમે બંને વિદ્યા ગ્રહણ કરવામાં પ્રયત્ન કરો, કારણ કે તમારા બંનેનો વિદ્યા ગ્રહણ કરવાનો આ જ સમય છે.

ભગવાન વૃષભદેવે આ પ્રમાણે કહીને તથા વારંવાર તેમને આશીર્વાદ આપીને સ્વર્ણના વિસ્તૃત પટ્ટાપર પોતાના મનમાં સ્થિત શ્રુતદેવતાની પૂજા કરીને સ્થાપન કરી પછી બંને હાથોથી અ, આ, આદિ વર્ણમાળા લખીને તેમને લખવાનો ઉપદેશ આપ્યો અને અનુક્રમથી એકમ, દશક આદિ અંકો દ્વારા તેમને સંખ્યાના જ્ઞાનનો પણ ઉપદેશ આપ્યો. ભાવાર્થ—એમ પ્રસિદ્ધ છે કે ભગવાને જમણા હાથથી વર્ણમાલા અને ડાબા હાથથી સંખ્યા લખી હતી.

ત્યારબાદ, જે ભગવાનના મુખથી નીકળેલી છે, જેમાં ''સિદ્ધમ્ નમઃ'' આ પ્રકારનું મંગલાચરણ અત્યંત સ્પષ્ટ છે, જેનું નામ સિદ્ધમાત્રનું છે કે જે સ્વર અને વ્યંજનના ભેદથી બે ભેદને પ્રાપ્ત છે, જે સમસ્ત વિદ્યાઓમાં જોવા મળે છે, જેમાં અનેક સંયુક્ત અક્ષરોની ઉત્પત્તિ છે, જે અનેક બીજાક્ષરોથી વ્યાપ્ત છે અને બે શુદ્ધ મોતીઓની માળા સમાન છે, એવી અકાર ને આદિ લઈને ઈકાર સુધી તથા વિસર્ગ, અનુસ્વાર, જિવ્હામુલીય અને ઉપમાનીય

આ અયોગવાદ સુધી સમસ્ત શુદ્ધ અક્ષરાવલીને બુદ્ધિમતિ બ્રાહ્મી પુત્રીએ ધારણ કરી અને અતિશય સુંદર સુંદરીદેવીએ એકમ, દશક આદિ સ્થાનોના ક્રમથી ગણિત શાસ્ત્રને સારી રીતે ધારણ કર્યું. વાઙ્મય વિના ન તો કોઈ શાસ્ત્ર છે, ન કોઈ કળા છે; તેથી ભગવાનવૃષભદેવે સર્વપ્રથમ તે પુત્રીઓને વાઙ્મયનો ઉપદેશ આપ્યો હતો. અત્યંત બુદ્ધિમતિ તે કન્યાઓએ સરસ્વતીદેવી સમાન પોતાના પિતાના મુખથી સંશય, વિપર્યય આદિ દોષોથી રહિત શબ્દ તથા અર્થરૂપ સમસ્ત વાઙ્મયનું અધ્યયન કર્યું હતું. વાઙ્મય ને જાણવાવાળા ગણધરાદિ દેવ વ્યાકરણ-શાસ્ત્ર, છંદશાસ્ત્ર અને અલંકારશાસ્ત્ર—ત્રણેના સમૂહને વાઙ્મય કહે છે. તે સમયે સ્વયંભુ અર્થાત્ ભગવાન વૃષભદેવે બનાવેલું એક ખૂબ જ મોટું વ્યાકરણશાસ્ત્ર પ્રસિદ્ધ થયું હતું કે જેમાં સોથી પણ વધારે અધ્યાય હતા અને તે સમુદ્ર સમાન ગંભીર હતું. આ જ રીતે, તેમણે અનેક અધ્યાયોમાં છંદશાસ્ત્રનો પણ ઉપદેશ આપ્યો હતો અને તેના ઉક્તા, અતિઉક્તા આદિ ૨૬ ભેદ પણ કહ્યા હતા. અનેક વિદ્યાઓના અધિપતિ ભગવાને પ્રસ્તાર, નષ્ટ, ઉદિષ્ટ, એક, બે, ત્રણ લઘુક્રિયા, સંખ્યા અને અધ્વયોગ—છંદશાસ્ત્રના આ છ પ્રત્યયોનું પણ નિરૂપણ કહ્યું હતું. ભગવાને અલંકારોનું સંગ્રહ કરતાં સમયે અથવા અલંકાર સંગ્રહ ગ્રંથમાં ઉપમા, રૂપક, યમક આદિ અલંકારોનું કથન કર્યું હતું, તેના શબ્દાલંકાર અને અર્થાલંકારરૂપ બે માર્ગોનું વિસ્તારપૂર્વક વર્ણન કર્યું હતું અને માધુર્ય, ઓજ આદિ દશ પ્રાણ અર્થાત્ ગુણોનું પણ વર્ણન કર્યું હતું.

ત્યારબાદ, બ્રાહ્મી અને સુંદરી બંને પુત્રીઓની પદજ્ઞાન—વ્યાકરણજ્ઞાનરૂપી દીપકથી પ્રકાશિત સમસ્ત વિદ્યાઓ અને કળાઓ સ્વયંમેવ જ પરિપક્વ અવસ્થાને પ્રાપ્ત થઈ હતી. આ રીતે, ગુરુ અથવા પિતાના અનુગ્રહથી જેણે સમસ્ત વિદ્યાઓ શીખી લીધી હતી એવી તે બંને પુત્રીઓ સરસ્વતી દેવીનો અવતાર લેવા માટે પાત્રતાને પ્રાપ્ત થઈ હતી. ભાવાર્થ—તેઓ એટલી જ્ઞાનવાન થઈ ગઈ હતી કે સાક્ષાત્ સરસ્વતી પણ તેમનામાં અવતાર લઈ શકતી હતી. આવી જ રીતે, ભગવાન વૃષભદેવે ભરતાદિ પુત્રોને પણ વિનયી બનાવી ક્રમથી આમ્નાય અનુસાર અનેક શાસ્ત્ર ભણાવ્યા. ભગવાને ભરતપુત્રને અત્યંત વિસ્તૃત અધ્યાયોથી સ્પષ્ટ કરીને અર્થશાસ્ત્ર અને સંગ્રહ—પ્રકરણ સહિત નૃત્યશાસ્ત્ર ભણાવ્યું હતું. ભગવાન વૃષભદેવે પોતાના પુત્ર વૃષભસેનનને જેમાં સંગીત આદિ અનેક પદાર્થોનો સંગ્રહ છે કે જેમાં ૧૦૦થી પણ વધારે અધિકાર છે એવા ગંધર્વશાસ્ત્રનો ઉપદેશ આપ્યો, અનંતવિજય પુત્રને અનેક

પ્રકારના સૈંકડો અધ્યાયોથી ભરેલી ચિત્રકલા સંબંધી વિદ્યાનો ઉપદેશ આપ્યો અને લક્ષ્મી અથવા શોભા સહિત સમસ્ત કલાઓનું નિરૂપણ કરાવ્યું. આવી જ રીતે અનંતવીર્ય પુત્રને તેમણે સૂત્રવારની વિદ્યા તથા મકાન બનાવવાની વિદ્યાનો ઉપદેશ આપ્યો. આ વિદ્યાના પ્રતિપાદક શાસ્ત્રોમાં અનેક અધ્યાયોનો વિસ્તાર હતો તથા તેના અનેક ભેદ હતા. બાહુબલી પુત્રને તેમણે કામનીતિ, સ્ત્રી-પુરુષના લક્ષણ, આયુર્વેદ, ધનુર્વેદ, હાથી, ઘોડાના લક્ષણ જાણવાના તંત્ર અને રત્ન પરીક્ષા આદિના શાસ્ત્ર અનેક પ્રકારના મોટા-મોટા અધ્યાયો દ્વારા શીખવાડ્યા. આ વિષયમાં વધારે કહેવાથી શું પ્રયોજન છે? સંક્ષેપમાં એટલું જ બસ છે કે લોકનો ઉપકાર કરવાવાળા જે-જે શાસ્ત્ર હતા, ભગવાન આદિનાથે તે બધા જ પોતાના પુત્રોને શીખવાડ્યા હતા.

જેવી રીતે સ્વભાવથી દેદીપ્યમાન રહેવાવાળા સૂર્યનું તેજ શરદઋતુ આવતા ખૂબ જ વધારે થઈ જાય છે, તેવી જ રીતે જેમણે પોતાની સમસ્ત વિદ્યાઓ પ્રકાશિત કરી દીધી છે એવા ભગવાન વૃષભદેવનું તેજ તે સમયે ખૂબ જ અદ્‌ભુત થઈ રહ્યું હતું. જેમણે સમસ્ત વિદ્યાઓ શીખી લીધી છે એવા પુત્રોથી ભગવાન વૃષભદેવ તે સમયે એવી રીતે સુશોભિત થઈ રહ્યા હતા કે જેવી રીતે શરદઋતુમાં અધિક કાંતિને પ્રાપ્ત થવાવાળો સૂર્ય પોતાના કિરણોથી સુશોભિત થાય છે. પોતાના ઈષ્ટ પુત્ર અને ઈષ્ટ સ્ત્રીઓથી ઘેરાયેલા ભગવાન વૃષભદેવનો ઘણો સમય નિરંતર અનેક પ્રકારના દિવ્યભોગ ભોગવતા વ્યતીત થઈ ગયો. આ પ્રકારે, અનેક પ્રકારના ભોગોનો અનુભવ કરતાં ભગવાનના **૨૦ લાખ પૂર્વ વર્ષનો કુમારકાળ** પૂર્ણ થયો હતો એવી ઉત્તમમુનિ ગણધરદેવે ગણના કરી છે.

આ દરમ્યાન કાળના પ્રભાવથી મહૌષધી, દીપ્તોષધી, કલ્પવૃક્ષ બધા પ્રકારની ઔષધિઓ શક્તિહીન થઈ ગઈ હતી. મનુષ્યોના નિર્વાહ માટે જે વિના વાવ્યે જ ઉત્પન્ન થવાવાળા જ ધાન્ય હતા તે પણ કાળના પ્રભાવથી પૃથ્વીમાં ઘણું કરીને વિરલતાને પ્રાપ્ત થઈ ગયા હતા—કોઈ જગ્યાએ થોડા જ રહી ગયા હતા. જ્યારે કલ્પવૃક્ષ રસ, વીર્ય અને વિપાકાદિથી રહિત થઈ ગયા ત્યારે ત્યાંની પ્રજા રોગાદિ અનેક પ્રકારની બાધાઓથી વ્યાકુળ મનોવૃત્તિને ધારણ કરતી જીવીત રહેવાની ઈચ્છાથી મહારાજ નાભિરાય પાસે ગઈ. ત્યારબાદ, નાભિરાયની આજ્ઞાથી પ્રજા ભગવાન વૃષભદેવ પાસે ગઈ અને પોતાના જીવીત રહેવાનો ઉપાય પ્રાપ્ત કરવાની ઈચ્છાથી તેમને નમસ્કાર કરવા લાગી.

ત્યારબાદ, અન્ન આદિ નષ્ટ થવાથી જેમને અનેક પ્રકારના ભય ઉત્પન્ન થઈ રહ્યા છે અને જે બધાને શરણ

દેવાવાળા ભગવાનના શરણને પ્રાપ્ત થઈ છે એવી પ્રજા સનાતન ભગવાન પાસે જઈને આ પ્રકારે પ્રાર્થના કરવા લાગી કે હે દેવ! અમે લોકો જીવિકા પ્રાપ્ત કરવાની ઈચ્છાથી આપના શરણમાં આવ્યા છીએ. તેથી, હે ત્રણલોકના સ્વામી! આપ તેનો ઉપાય બતાવીને અમારા લોકોની રક્ષા કરો. હે વિભો! જે કલ્પવૃક્ષ પિતા સમાન અમારા લોકોની રક્ષા કરતાં હતા તે બધા મૂળ સહિત નષ્ટ થઈ ગયા છે અને જે ધાન્ય વિના વાવ્યે જ ઉત્પન્ન થતાં હતા તે હવે ઉગતા નથી. હે દેવ! વધતી જતી ભૂખ-તરસ આદિની વેદના અમને લોકોને દુઃખી કરી રહી છે. અન્નપાણીથી રહિત થયેલા અમે લોકો હવે એક ક્ષણ પણ જીવીત રહેવા માટે સમર્થ નથી. હે દેવ! ઠંડી, ગરમી, મહાવાયુ અને વર્ષા આદિનો ઉપદ્રવ આશ્રયરહિત અમને લોકોને દુઃખી કરી રહ્યો છે. તેથી, આજે આ બધાને દૂર કરવાનો ઉપાય કહો. હે વિભો! આપ આ યુગના આદિકર્તા છો અને કલ્પવૃક્ષ સમાન ઉન્નત છો, આપને આશ્રિત થયેલા અમે લોકો ભયને સ્થાન કેમ હોઈ શકીયે? તેથી, હે દેવ! જેવી રીતે અમારા લોકોની આજીવિકા નિરુપદ્રવ થઈ જાય આજે તે પ્રકારનો ઉપદેશ આપવાનો પ્રયત્ન કરો અને અમારા ઉપર પ્રસન્ન થાઓ.

આ રીતે, પ્રજાજનોના દીન વચન સાંભળીને જેમનું હૃદય દયાથી પ્રેરિત થઈ રહ્યું છે એવા ભગવાન આદિનાથ પોતાના મનમાં એવો વિચાર કરવા લાગ્યા કે પૂર્વ અને પશ્ચિમ વિદેહક્ષેત્રોમાં જે સ્થિતિ વર્તમાન છે, તે જ સ્થિતિ આજે અહીં પ્રવૃત્ત કરવા યોગ્ય છે, તેનાથી જ પ્રજા જીવિત રહી શકશે. ત્યાં જેવી રીતે અસી-મસી આદિ છ કર્મ છે, જેવા ક્ષત્રિય આદિ વર્ણોની સ્થિતિ છે અને જેવી ગ્રામ-ઘર આદિની પૃથક્-પૃથક્ રચના છે, તેવી જ રીતે અહીં પણ હોવી જોઈએ. આ ઉપાયોથી જ પ્રાણીઓની આજીવિકા ચાલી શકશે. તેમની આજીવિકા માટે બીજો કોઈ ઉપાય નથી. કલ્પવૃક્ષ નષ્ટ થઈ જતા હવે આ કર્મભૂમિ પ્રગટ થઈ છે, તેથી અહીં પ્રજાએ અસી-મસી આદિ છ કર્મો દ્વારા જ આજીવિકા કરવી ઉચિત છે. આ રીતે, સ્વામી વૃષભદેવે ક્ષણવાર પ્રજાનું કલ્યાણ કરવાવાળી આજીવિકાનો ઉપાય વિચારીને તેમને વારંવાર આશ્વાસન આપ્યું કે તમે ભય ન કરો.

ત્યારબાદ, ભગવાનના સ્મરણ કરવામાત્રથી જ દેવોની સાથે ઈન્દ્ર આવ્યો અને તેણે નીચે લખ્યા અનુસાર વિભાગ કરી પ્રજાની આજીવિકાના ઉપાય કર્યા. શુભ દિવસ, શુભ નક્ષત્ર, શુભ મુહૂર્ત અને શુભ લગ્નના સમયે તથા સૂર્ય આદિ ગ્રહોના પોતપોતાના ઉચ્ચ સ્થાનોમાં સ્થિત રહેવાના અને જગદ્ગુરુ ભગવાનની બધી જ પ્રકારની

અનુકૂળતા થતા ઈન્દ્રએ પ્રથમ જ માંગલિક કાર્ય કર્યું અને પછી તે જ અયોધ્યાપુરીની વચ્ચે જિનમંદિરની રચના કરી. ત્યારબાદ, પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ તથા ઉત્તર—આ પ્રકારે ચારેય દિશામાં જિનમંદિરની રચના કરી. ત્યારબાદ, કૌશલ આદિ મહાદેશ, અયોધ્યા આદિ નગર, વન અને સીમા સહિત ગામ તથા ખેડ આદિની રચના કરી હતી. સુકોશલ, અવંતી, પુંડ્ર, ઉંડ્ર, અસ્મક, રમ્યક, કુરુ, કલિંગ, કાશી, અંગ, વંગ, સુહ્મ, સમુદ્રક, કાશ્મીર, ઉશીનર, આનર્ત, વત્સ, પંચાલ, માલવ, દશાર્ણ, કચ્છ, મગધ, વિદર્ભ, કુરુજાંગલ, કરહાટ, મહારાષ્ટ્ર, સુરાષ્ટ્ર, આભીર, કોંકણ, વનવાસ, આંધ્ર, કર્ણાટ, કોશલ, ચોલ, કેરલ, દારુ, અભિસાર, સૌવીર, શૂરસેન, અપરાન્તક, વિદેહ, સિંધુ, ગાંધાર, યવન, ચેદી, પલ્લવ, કામ્બોજ, આરટ્ટ, વાલ્હીક, તુરુષ્ક, શક અને કેકય—આ દેશોની રચના કરી તથા એ સિવાય તે સમયે બીજા પણ અનેક દેશોના વિભાગ કર્યા.

ઈન્દ્રએ તે દેશોમાંથી કેટલાય દેશ યથાસંભવરૂપથી અદેવમાતૃક અર્થાત્ નદી-નાળા આદિથી સીંચવામાં આવતા, કેટલાય દેશ દેવમાત્રક અર્થાત્ વર્ષાના જળથી સિંચાતા અને કેટલાય દેશ સાધારણ અર્થાત્ બંને દ્વારા સિંચાય તેવા નિર્માણ કર્યા હતા. જે પહેલાં ન હતા, નવીન જ પ્રગટ થયા હતા એવા દેશોથી તે પૃથ્વીતળ એવું સુશોભિત થતું હતું કે જાણે કૌતુકવશ સ્વર્ગના ટુકડા જ આવ્યા હોય! વિજયાર્ધ પર્વતની નજીકથી લઈને સમુદ્રપર્યંત કેટલાય દેશ સાધારણ હતા, કેટલાય દેશ ઘણા પાણીવાળા હતા અને કેટલાય જળની દુર્લભતાથી સહિત હતા. તે દેશોથી વ્યાપ્ત થયેલી પૃથ્વી અતિ સુશોભિત થતી હતી. જેવી રીતે સ્વર્ગના ધામ–સ્થાનોની સીમાઓ ઉપર લોકપાલ દેવોના સ્થાન હોય છે, તેવી જ રીતે તે દેશોની અંતસીમાઓ ઉપર પણ બધી જ તરફ અંતપાલ અર્થાત્ સીમારક્ષક પુરુષોના કિલ્લા બનેલા હતા. તે દેશોના મધ્યમાં બીજા પણ અનેક દેશ હતા કે જે લુબ્ધક, આરણ્ય, ચરટ, પુલિંગ તથા શબર આદિ મ્લેચ્છ જાતિના લોકો દ્વારા રક્ષિત રહેતા હતા.

તે દેશોના મધ્યભાગમાં કોટ, પ્રાકાર, પરિખા, ગોપુર અને અટારી આદિથી શોભાયમાન રાજધાની સુશોભિત થઈ રહી હતી. જેનું બીજું નામ સ્થાનીય છે એવા રાજધાનીરૂપી કિલ્લાને ઘેરીને બધી બાજુ શાસ્ત્રોક્ત લક્ષણવાળા ગામ આદિની રચના થઈ હતી. જેમાં વાડથી ઘેરાયેલા ઘર હોય, જેમાં અધિકતર શૂદ્ર અને ખેડૂત લોકો રહેતા હોય તથા બગીચા અને તળાવોથી સહિત હોય તેને ગામ કહે છે. જેમાં સો ઘર હોય તેને નિકૃષ્ટ અર્થાત્

નાનું ગામ કહે છે તથા જેમાં પાંચસો ઘર હોય અને જેના ખેડૂતો ધનસંપન્ન હોય તેને મોટું ગામ કહે છે. નાના ગામોની સીમા એક કોસની અને મોટા ગામની સીમા બે કોસની હોય છે. આ ગામના ધાનના ખેતર સદાય સંપન્ન રહે છે અને તેમાં ઘાસ અને જળ પણ વધારે રહે છે. નદી, પહાડ, ગુફા, સ્મશાન, ક્ષીરવૃક્ષ અર્થાત્ થોર આદિના વૃક્ષ, બબૂલ આદિ કાંટાળા વૃક્ષ, વન અને પુલ—આ બધા તે ગામની સીમાના ચિહ્ન કહેવાય છે અર્થાત્ નદી આદિથી ગામની સીમાનો વિભાગ કરવામાં આવે છે. ગામ વસાવવા અને ઉપભોગ કરવા યોગ્ય નિયમ બનાવવા, નવીન વસ્તુ બનાવવી અને જૂની વસ્તુઓની રક્ષા કરવાના ઉપાય, ત્યાંના લોકો પાસે મજૂરી કરાવવી, અપરાધીઓને દંડ આપવો તથા જનતાથી કર વસૂલ કરવો આદિ કાર્ય રાજાઓને આધીન રહેતા હતા.

જે પરીખા, ગોપુર, અટારી, કોટ અને પ્રાકારોથી સુશોભિત હોય, જેમાં અનેક ભવન બનેલા હોય, જે બગીચા અને તળાવથી સહિત હોય, જે ઉત્તમ રીતિથી સારા સ્થાન પર વસેલું હોય, જેમાં પાણીનો પ્રવાહ પૂર્વ અને ઉત્તરની વચ્ચેવાળી ઈશાન દિશા તરફ હોય અને જે પ્રધાન પુરુષોને રહેવાયોગ્ય હોય તે પ્રશંસનીય પુર અથવા નગર કહેવાય છે. જે નગર નદી અને પર્વતથી ઘેરાયેલું હોય તેને બુદ્ધિમાન પુરુષ ખેટ કહે છે અને જે ફક્ત પર્વતથી ઘેરાયેલું હોય તેને ખર્વટ કહે છે. જે પાંચસો ગામથી ઘેરાયેલું હોય તેને પંડિતગણ મડંબ માને છે અને જે સમુદ્રના કિનારે હોય તથા જ્યાં લોકો હોડી દ્વારા આવે છે તેને પત્તન કહે છે. જે કોઈ નદીના કિનારા પર હોય તેને દ્રોણમુખ કહે છે અને જ્યાં મસ્તક પર્યંત ઉંચા-ઉંચા ધાન્યના ઢગલા હોય તેને સંવાહ કહે છે. આ રીતે, પૃથ્વી પર જ્યાં-ત્યાં પોતપોતાને યોગ્ય સ્થાન અનુસાર ઉપર કહેલા ગામ, નગર આદિની રચના થઈ હતી. એક રાજધાનીમાં આઠસો ગામ હોય છે, એક દ્રોણમુખમાં ચારસો ગામ હોય છે અને એક ખર્વટમાં બસો ગામ હોય છે. દસ ગામોની વચ્ચે જે એક મોટું ગામ હોય છે તેને સંગ્રહ (જ્યાં પ્રત્યેક વસ્તુઓનો સંગ્રહ કરવામાં આવે છે) કહે છે. તેવી જ રીતે ઘોષ તથા આકર આદિના લક્ષણોની પણ કલ્પના કરી લેવી જોઈએ અર્થાત્ જ્યાં ખૂબ જ ઘોષ (અહીર—ભરવાડની જાત) રહે છે તેને ઘોષ કહે છે અને જ્યાં સોના-ચાંદીની ખાણ હોય છે તેને આકર કહે છે. આ રીતે, ઈન્દ્રએ ખૂબ જ સારી રીતે નગર, ગામ આદિના વિભાગ કર્યા હતા, તેથી તે તે જ સમયથી પુરંદર તે સાર્થક નામને પ્રાપ્ત થયો હતો.

ત્યારબાદ, ઈન્દ્ર ભગવાનની આજ્ઞાથી તે નગર, ગ્રામ આદિ સ્થાનોમાં પ્રજાને વસાવી કૃતકૃત્ય થયો થકો પ્રભુની આજ્ઞા લઈને સ્વર્ગ ચાલ્યો ગયો. અસિ, મષિ, કૃષિ, વિદ્યા, વાણિજ્ય અને શિલ્પ—આ છ કાર્ય પ્રજાની આજીવિકાના કારણ છે. ભગવાન વૃષભદેવે પોતાની બુદ્ધિની કુશળતાથી પ્રજા માટે તે જ છ કર્મો દ્વારા વૃત્તિ–આજીવિકા કરવાનો ઉપદેશ આપ્યો હતો. બરાબર જ છે કારણ કે તે સમયે જગદ્‌ગુરુ ભગવાન સરાગી જ હતા, વીતરાગી ન હતા. ભાવાર્થ—સાંસારિક કાર્યોનો ઉપદેશ સરાગ અવસ્થામાં જ આપી શકાય છે. તે છ કર્મોમાંથી તલવાર આદિ શસ્ત્ર ધારણ કરી સેવા કરવી અસિકર્મ કહેવાય છે, લખીને આજીવિકા કરવી મષિકર્મ કહેવાય છે, શાસ્ત્ર અર્થાત્ ભણાવીને અથવા નૃત્ય-ગાયન આદિ દ્વારા આજીવિકા કરવી વિદ્યાકર્મ કહેવાય છે, વ્યાપાર કરવો વાણિજ્ય છે અને હાથની કુશળતાથી આજીવિકા કરવી શિલ્પકર્મ છે, તે શિલ્પકર્મ ચિત્ર બનાવવું, ફૂલ-પત્તા કાપવા આદિની અપેક્ષા અનેક પ્રકારનું માનવામાં આવ્યું છે. તે જ સમયે આદિ બ્રહ્મા ભગવાન વૃષભદેવે ત્રણ વર્ણોની સ્થાપના કરી હતી કે જે ક્ષતત્રાણ અર્થાત્ વિપત્તિથી રક્ષા કરવી આદિ ગુણો દ્વારા ક્રમથી ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર કહેવાતા હતા. તે સમયે જેઓ શસ્ત્ર ધારણ કરી આજીવિકા કરતાં હતા તે ક્ષત્રિય થયા, જે ખેતી-વ્યાપાર તથા પશુપાલન આદિ દ્વારા આજીવિકા કરતાં હતા તેઓ વૈશ્ય કહેવાતા હતા અને જેઓ તેમની સેવા-શુશ્રૂષા કરતાં હતા તેઓ શૂદ્ર કહેવાતા હતા. તે શૂદ્ર બે પ્રકારના હતા—એક કારુ અને બીજો અકારુ. ધોબી આદિ શૂદ્ર કારુ કહેવાતા હતા અને તેનાથી અન્ય અકારૂ કહેવાતા હતા. કારુ શૂદ્ર પણ સ્પર્શ્ય અને અસ્પૃશ્યના ભેદથી બે પ્રકારના માનવામાં આવ્યા હતા. તેમાં જે પ્રજાથી બહાર રહે છે તેમને અસ્પૃશ્ય અર્થાત્ સ્પર્શ્ય કરવાને અયોગ્ય કહે છે અને વાણંદ વગેરેને સ્પૃશ્ય અર્થાત્ સ્પર્શ કરવા યોગ્ય કહે છે. તે સમયે પ્રજા પોતપોતાને યોગ્ય કર્મ યોગ્યરૂપથી કરતી હતી. પોતાના વર્ણની નિશ્ચિત આજીવિકા છોડીને કોઈ બીજી આજીવિકા કરતાં ન હતા તેથી તેમના કાર્યમાં મિલાવટ થતી ન હતી. તેમના વિવાહ, જાતિસમ્બન્ધ તથા વ્યવહાર આદિ બધા કાર્ય ભગવાન આદિનાથની આજ્ઞાનુસાર જ થતા હતા. તે સમયે સંસારમાં જેટલા પાપરહિત આજીવિકાના ઉપાય હતા તે બધા ભગવાન વૃષભદેવની સંમત્તિથી પ્રવૃત્ત થયા હતા. તે બરાબર જ છે કારણ કે સનાતન બ્રહ્મ ભગવાન વૃષભદેવ જ હતા.

જોકે યુગના આદિ બ્રહ્મા ભગવાન વૃષભદેવે આ પ્રકારે કર્મયુગનો પ્રારંભ કર્યો હતો, તેથી પુરાણના

જાણવાવાળા તેમને કૃતયુગ નામથી જાણે છે. કૃતકૃત્ય ભગવાન વૃષભદેવ અષાઢ મહિનાના કૃષ્ણપક્ષની એકમના દિવસે કૃતયુગનો પ્રારંભ કરીને પ્રજાપતિપણાને પ્રાપ્ત થયા હતા અર્થાત્ પ્રજાપતિ કહેવડાવવા લાગ્યા હતા. આ રીતે, જ્યારે ઘણો જ સમય વ્યતીત થઈ ગયો અને છ કર્મોની વ્યવસ્થાથી જ્યારે પ્રજા કુશળતાપૂર્વક સુખથી રહેવા લાગી ત્યારે દેવોએ આવીને શીઘ્ર જ તેમનો સમ્રાટ પદ પર અભિષેક કર્યો. તે સમયે તેમનો પ્રભાવ સ્વર્ગલોક અને પૃથ્વીલોકમાં ખૂબ જ પ્રગટ થઈ રહ્યો હતો. જો કે ભગવાનના અભિષેકનું અન્ય વિશેષ વર્ણન કરવાથી કોઈ લાભ નથી. એટલું વર્ણન કરવું જ ઘણું છે કે આદરથી ભરેલા દેવોએ દિવ્યજળથી તે આદિ બ્રહ્મા વૃષભદેવનો અભિષેક કર્યો હતો, તેમ છતાં તેનું બીજું થોડું વર્ણન કરવામાં આવે છે. કારણ કે પ્રાયઃ સાધારણ મનુષ્ય અત્યંત પ્રસિદ્ધ વાતને જાણતા નથી હોતા. તે સમયે સમસ્ત સંસાર આનંદથી ભરાઈ ગયો હતો, દેવલોકો ઈન્દ્રને આગળ કરીને સ્વર્ગથી ઉતરીને અયોધ્યાપુરી આવ્યા હતા, તે સમયે અયોધ્યાપુરી ખૂબ જ સજાવવામાં આવી હતી. તેમના મકાનોના અગ્રભાગમાં બાંધવામાં આવેલી પતાકાઓથી સમસ્ત આકાશ ભરાઈ ગયું હતું, તે સમયે રાજમંદિરમાં આનંદભેરીઓ વાગી રહી હતી, સ્ત્રીઓ મંગલ ગીતો ગાઈ રહી હતી અને દેવાંગનાઓ નૃત્ય કરી રહી હતી. દેવોના બંદીજન મંગળની સાથે-સાથે ભગવાનના પરાક્રમ જોઈ રહ્યા હતા અને દેવલોકો સંતોષથી 'જય-જય' આ પ્રમાણે ઘોષણા કરી રહ્યા હતા. રાજ્યાભિષેકની પહેલાં જ પૃથ્વીના મધ્યભાગમાં જ્યાં માટીની વેદી બનાવવામાં આવી હતી અને તે વેદી ઉપર જ્યાં દેવ કારીગરોએ બહુમૂલ્ય, શ્રેષ્ઠ આનંદમંડપ બનાવ્યું હતું કે જે રત્નોના ચૂર્ણ સમૂહથી બનાવવામાં આવેલી રંગોળીથી ચિત્રિત થઈ રહ્યું હતું, જે નવીન ખીલેલા વિખરાઈ ગયેલા પુષ્પોના સમૂહથી સુશોભિત હતો, જ્યાં મણિઓથી જડેલી જમીન ઉપર લટકતાં મોતીઓના પ્રતિબિંબ પડી રહ્યા હતા, જ્યાં રેશમી વસ્ત્રના શોભાયમાન ચંદરવાની છાયાથી રંગભૂમિ ચિત્રિત થઈ રહી હતી, જ્યાં મંગલ દ્રવ્યોને ધારણ કરવાવાળી દેવાંગનાઓથી આવવા-જવાનો માર્ગ રોકાઈ ગયો હતો, જ્યાં નજીકમાં મોટા-મોટા મંગલ દ્રવ્યો રાખવામાં આવ્યા હતા, જ્યાં દેવોની અપ્સરાઓ પોતાના હાથોથી ચામર ઢોરી રહી હતી, જ્યાં સ્નાનની સામગ્રીને લોકો પરસ્પર એકબીજાના હાથમાં દઈ રહ્યા હતા, જ્યાં લીલાપૂર્વક પગ રાખીને આમતેમ ચાલતી દેવાંગનાઓના રુમઝુમ શબ્દ કરતાં નૂપુરોના ઝણકારથી દશે દિશાઓ શબ્દાયમાન થઈ રહી હતી અને જ્યાં અનેક મંગલ દ્રવ્યોનો સંગ્રહ થઈ રહ્યો હતો, એવા રાજમહેલની આંગણરૂપી રંગભૂમિમાં યોગ્ય સિંહાસન પર પૂર્વદિશા તરફ મુખ કરીને ભગવાન

વૃષભદેવને બેસાડ્યા અને જ્યારે ગંધર્વ દેવો દ્વારા પ્રારંભ કરવામાં આવેલા સંગીતના સમયે થવાવાળા મૃદંગનો ગંભીર શબ્દ સમસ્ત દિત્કટોની સાથે-સાથે ત્રણ લોકરૂપી કુટીના મધ્યમાં વ્યાપ્ત થઈ રહ્યો હતો તથા નૃત્ય કરતી દેવાંગનાઓના સંગીતના સ્વરમાં સ્વર મીલાવીને કિન્નર જાતિની દેવીઓ કાનોને સુખકારી ભગવાનનો યશ ગાઈ રહી હતી, તે સમયે દેવોએ તીર્થોદકથી ભરેલા સુવર્ણના કળશોથી ભગવાન વૃષભદેવનો અભિષેક કરવાનું શરૂ કર્યું.

ભગવાનના રાજ્યાભિષેક માટે ગંગા અને સિંધુ બંને મહાનદીઓનું જળ લાવવામાં આવ્યું હતું કે જે હિમવત્ પર્વતના શિખરથી ધારારૂપે નીચે પડી રહ્યું હતું તથા જેણે પૃથ્વીતળનો સ્પર્શ કર્યો પણ ન હતો. આ ઉપરાંત ગંગાકૂટથી ગંગા નદીનું સ્વચ્છ જળ લાવવામાં આવ્યું હતું અને સિંધુકુંડથી સિંધુનદીનું નિર્મળ જળ લાવવામાં આવ્યું હતું. આ રીતે, ઉપરથી પડતી અન્ય નદીઓનું સ્વચ્છ જળ તેમના પડવાના કુંડોથી લાવવામાં આવ્યું હતું. શ્રી, હ્રી આદિ દેવીઓ પણ પદ્મ આદિ સરોવરોનું જળ લાવી હતી કે જે સુવર્ણમય કમળોના કેસરના સમૂહથી પીતવર્ણ થઈ રહ્યું હતું. સાંજના સમયે ખીલવાવાળા સુગંધિત કમળોના સુગંધથી મધુર, અતિશય મનોહર અને નીલકમલ સહિત તળાવનું જળ લાવવામાં આવ્યું હતું. જે બહાર પ્રગટ થયેલા મોતીઓના સમૂહથી અત્યંત શ્રેષ્ઠ છે એવા લવણ સમુદ્રનું જળ પણ લાવવામાં આવ્યું હતું. નંદીશ્વરદ્વીપમાં જે અત્યંત સ્વચ્છ જળથી ભરેલી નંદોત્તરા આદિ વાપિકાઓ છે તેનું પણ સ્વચ્છ જળ લાવવામાં આવ્યું હતું. આ સિવાય ક્ષીર સમુદ્ર, નંદીશ્વર સમુદ્ર તથા સ્વયંભૂરમણ સમુદ્રનું પણ જળ સુવર્ણ નિર્મિત દિવ્ય કળશોમાં ભરીને લાવવામાં આવ્યું હતું.

આ રીતે, ઉપર કહેલા પ્રસિદ્ધ જળથી જગદ્‌ગુરુ ભગવાન વૃષભદેવનો અભિષેક કરવામાં આવ્યો હતો. જો કે ભગવાનનું શરીર સ્વયં જ પવિત્ર હતું, તેથી અભિષેકથી શું પવિત્ર થાય? ફક્ત ભગવાને જ સ્વયં પોતાના પવિત્ર અંગોથી તે જળને પવિત્ર કર્યું હતું. તે સમયે ભગવાનના મસ્તક પર દેવો દ્વારા છોડવામાં આવેલી જળની ધારા એવી શોભાયમાન થઈ રહી હતી કે જાણે તે મસ્તકને રાજ્યલક્ષ્મીનો આશ્રય સમજીને જ છોડવામાં આવી હોય! ચર ને અચર પદાર્થોના ગુરુ ભગવાન વૃષભદેવના મસ્તક પર પડેલા જળના છાંટાઓ એવા શોભાયમાન થતા હતા કે જાણે સંસારનો સંતાપ નષ્ટ કરવાવાળી અને નિર્મળ ગુણોની સંપદાઓ જ હોય! જો કે ભગવાનનું શરીર સ્વભાવથી જ પવિત્ર હતું તથાપિ ઈન્દ્રએ ગંગા નદીના જળથી તેમનો અભિષેક કર્યો હતો તેથી તેની પવિત્રતા વધી

ગઈ હતી. તે સમયે ઈન્દ્રોએ કેવળ ભગવાનના અંગોનો જ પ્રક્ષાલ કર્યો ન હતો, પરંતુ જોવાવાળા પુરુષોની મનોવૃત્તિ, નેત્ર અને શરીરનું પણ પ્રક્ષાલન કર્યું હતું. ભાવાર્થ—ભગવાનનો રાજ્યાભિષેક જોવાથી મનુષ્યોના મન, નેત્ર તથા સમસ્ત શરીર પવિત્ર થઈ ગયા હતા. તે સમયે નૃત્ય કરતી દેવાંગનાઓના કટાક્ષરૂપી બાણ તે જળના પ્રવાહમાં પ્રતિબિંબિત થઈ રહ્યા હતા જેથી એવું જણાતું હતું કે જાણે તેના ઉપર ગરમ પાણી રાખવામાં આવ્યું હોય અને તેથી તે મનુષ્યના ચિત્તનું ભેદન કરી રહ્યા હતા. ભાવાર્થ—દેવાંગનાઓના કટાક્ષોથી જોવાવાળા મનુષ્યોના ચિત્ત ભેદાઈ જતા હતા.

ભગવાનના શરીરના સંસર્ગથી પવિત્ર થયેલા નિર્મળ જળથી સમસ્ત પૃથ્વી વ્યાપ્ત થઈ ગઈ હતી, તેથી તે એવી જણાતી હતી કે જાણે સ્વામી વૃષભદેવની રાજ્યસંપદાથી સંતુષ્ટ થઈને પોતાના શુભભાગ્યથી વધી જ રહી હોય! ઈન્દ્ર જ્યારે સુવર્ણના બનેલા કળશોથી ભગવાનનો અભિષેક કરતાં હતા ત્યારે ભગવાન એવા સુશોભિત થતા હતા કે જેવી રીતે સંધ્યા સમયે થવાવાળા વાદળોથી મેરુપર્વત સુશોભિત હોય છે. નાભિરાયને આદિ લઈને જે મોટા-મોટા રાજાઓ હતા તે બધાએ 'બધા રાજાઓમાં શ્રેષ્ઠ આ વૃષભદેવ વાસ્તવમાં રાજાને યોગ્ય છે' એમ માનીને તેમનો એક સાથે અભિષેક કર્યો હતો. નગરનિવાસી લોકોએ પણ કોઈએ કમળપત્રના બનેલા દોનાથી (કળશથી) અને કોઈએ માટીના ઘડાથી સરયૂ નદીનું જળ લઈને ભગવાનના ચરણોનો અભિષેક કર્યો હતો. માગધ આદિ વ્યંતર દેવોના ઈન્દ્રોએ પણ ત્રણ જ્ઞાનને ધારણ કરવાવાળા ભગવાન વૃષભદેવની 'આ અમારા દેશના સ્વામી છે' એવું માનીને પ્રીતિપૂર્વક પવિત્ર અભિષેક દ્વારા પૂજા કરી હતી. ભગવાન વૃષભદેવનો સૌ પ્રથમ તીર્થજળથી અભિષેક થયો હતો અને પછી કષાય-જળથી (ગેરૂ-લાલ રંગના જળથી) અભિષેક થયો હતો અને પછી સુગંધિત જળથી અંતિમ અભિષેક થયો હતો.

ત્યારબાદ, જેમનો અભિષેક થઈ ચૂક્યો છે એવા ભગવાને કંઈક ગરમ જળથી ભરેલા સ્નાન કરવાયોગ્ય સુવર્ણના કુંડમાં પ્રવેશ કરી સુખકારી સ્નાનનો અનુભવ કર્યો હતો. ભગવાને સ્નાનના અંતમાં જે માળા, વસ્ત્ર અને આભૂષણ ઉતારીને પૃથ્વી પર છોડી દીધા હતા તેનાથી તે પૃથ્વીરૂપી સ્ત્રી એવી જણાતી હતી કે જાણે તેને સ્વામીના શરીરનો સ્પર્શ કરવાવાળી વસ્તુઓ જ પ્રદાન કરવામાં આવી જ હોય! આ રીતે, જ્યારે દેવોના બંદીજન

ઉચ્ચસ્વરથી શુભ સ્નાન સૂચક મંગળ પાઠ કરી રહ્યા હતા ત્યારે ભગવાન વૃષભદેવે રાજ્યલક્ષ્મીને ધારણ કરવા અથવા તેની સાથે વિવાહ કરવાયોગ્ય સ્નાન કર્યું હતું. ત્યારબાદ જેમનો અભિષેક પૂર્ણ થઈ ચૂક્યો છે અને જેની આરતી કરવામાં આવી ચૂકી છે એવા ભગવાનને દેવોએ સ્વર્ગથી લાવેલી માળા, આભૂષણ અને વસ્ત્ર આદિથી અલંકૃત કર્યા. 'મહામુકુટબદ્ધ રાજાઓના અધિપતિ ભગવાન વૃષભદેવ જ છે' આમ કહેતાં થકા મહારાજ નાભિરાયે પોતાના મસ્તકનો મુકુટ પોતાના હાથે ઉતારીને ભગવાનના મસ્તક ઉપર રાખ્યું હતું. જગતમાત્રના બંધુ ભગવાન વૃષભદેવના લલાટ પર પટ્ટબંધ પણ ધારણ કર્યો હતો કે જે એવો લાગતો હતો કે જાણે જ્યાં-ત્યાં ભાગવાવાળી ચંચળ રાજ્યલક્ષ્મીને સ્થિર કરવાવાળું એક બંધન જ હોય! તે સમયે ભગવાન માળાઓ પહેરેલા હતા, ઉત્તમ વસ્ત્ર ધારણ કરેલા હતા, તેમના બંને કાનોમાં કુંડળ સુશોભિત થઈ રહ્યા હતા. તેઓ મસ્તક પર લક્ષ્મીના ક્રીડાચલ સમાન મુકુટ ધારણ કરી રહ્યા હતા, કંઠમાં હારલતા અને કમરમાં કરધની પહેરેલા હતા.

જેવી રીતે હિમવાન્ પર્વત ગંગાનો પ્રવાહ ધારણ કરે છે, તેવી જ રીતે ભગવાન પણ પોતાના ખભા પર યજ્ઞોપવિત ધારણ કરતાં હતા. તેમની બંને લાંબી ભૂજાઓ કડા, બાજુબંધ અને અનંત આદિ આભૂષણોથી વિભૂષિત હતી, તે ભૂજાઓથી ભગવાન એવા જણાતા હતા કે જાણે શોભાયમાન મોટી-મોટી શાખાઓ સહિત હાલતું-ચાલતું કલ્પવૃક્ષ જ હોય! તેમના ચરણ નીલમણિના બનેલા નૂપુરો સહિત હતા કે જેથી એવા જણાતા હતા કે જાણે જેના ઉપર ભ્રમર બેઠેલા છે એવા ખીલેલા બે લાલ કમળ જ હોય! આ રીતે, પ્રત્યેક અંગમાં પહેરેલા આભૂષણરૂપી સંપદાથી આદિ બ્રહ્મા ભગવાન વૃષભદેવ એવા સુશોભિત થઈ રહ્યા હતા કે જાણે ભૂષણાંગ જાતિનું કલ્પવૃક્ષ જ હોય! ત્યારબાદ, નાટ્યશાસ્ત્રને જાણવાવાળા ઈન્દ્ર તે સભારૂપી રંગભૂમિમાં આનંદપૂર્વક 'આનંદ' નામનું નાટક કરી સ્વર્ગમાં ચાલ્યો ગયો. જે પોતાનું કાર્ય સમાપ્ત કરી ચૂક્યા છે અને જેમના ચિત્તની વૃત્તિ ભગવાનના ચરણોની સેવામાં લાગી છે એવા દેવ અને અસુર તે ઈન્દ્રની સાથે જ પોતપોતાના સ્થાને ચાલ્યા ગયા.

ત્યારબાદ, કર્મભૂમિની રચના કરવાવાળા ભગવાન વૃષભદેવે રાજ્ય પ્રાપ્ત કરીને મહારાજ નાભિરાયની સમીપ જ પ્રજાનું પાલન કરવા માટે નીચે લખ્યા અનુસાર પ્રયત્ન કર્યો. ભગવાને સૌ પ્રથમ પ્રજાની સૃષ્ટિ કરી, પછી તેમની આજીવિકાના નિયમ બનાવ્યા અને પછી તેઓ પોતપોતાની મર્યાદાનું ઉલ્લંઘન ન કરી શકે તેવા નિયમો

બનાવ્યા. આ રીતે, તેઓ પ્રજાનું શાસન કરવા લાગ્યા. આ સમયે ભગવાને પોતાની બંને ભૂજાઓમાં શસ્ત્ર ધારણ કરી ક્ષત્રિયોની સૃષ્ટિ કરી હતી અર્થાત્ તેમને શસ્ત્રવિદ્યાનો ઉપદેશ આપ્યો હતો. બરાબર જ છે કે **જેઓ હાથમાં હથિયાર લઈને સબળ શત્રુઓના પ્રહારથી નિર્બળોની રક્ષા કરે છે તેઓ જ ક્ષત્રિય કહેવાય છે.** ત્યારબાદ, ભગવાને પોતાના ઉરુઓથી પરદેશ જવાનું શીખવાડીને વૈશ્યોની રચના કરી હતી. બરાબર જ છે કે જળ, સ્થળ આદિ પ્રદેશોમાં યાત્રા કરી વ્યાપાર કરવો તે જ તેમની મુખ્ય આજીવિકા છે. હંમેશા નીચ-દૈન્યવૃત્તિમાં તત્પર રહેવાવાળા શૂદ્રોની રચના બુદ્ધિમાન વૃષભદેવે પગથી જ કરી કારણ કે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય એ ઉત્તમ વર્ણોની સેવા-શુશ્રૂષા આદિ કરવી તે જ તેમની અનેક પ્રકારની આજીવિકા છે. આ રીતે, ત્રણ વર્ણોની સૃષ્ટિ તો સ્વયં ભગવાન વૃષભદેવે કરી હતી અને ત્યારબાદ, ભગવાન વૃષભદેવના જ્યેષ્ઠ પુત્ર મહારાજ ભરત, મુખથી શાસ્ત્રોનું અધ્યયન કરાવતાં બ્રાહ્મણોની રચના કરશે, પોતે અભ્યાસ કરશે, બીજાને અભ્યાસ કરાવશે, દાન લેવું તથા પૂજા-યજ્ઞ આદિ કરવા તે બ્રાહ્મણોના કાર્ય હશે. (વિશેષ : વર્ણ સૃષ્ટિની ઉપર કહેલી સત્ય વ્યવસ્થાને ન માનીને અન્ય મતાવલંબીઓએ જે આ માની રાખ્યું છે કે બ્રહ્માના મુખથી બ્રાહ્મણ, ભૂજાઓથી ક્ષત્રિય, ઉરુઓથી(જાંઘથી) વૈશ્ય અને પગથી શૂદ્ર ઉત્પન્ન થયા છે તે મિથ્યા કલ્પના જ છે.) વર્ણોની વ્યવસ્થા ત્યાં સુધી સુરક્ષિત રહી શકતી નથી કે જ્યાં સુધી વિવાહ સંબંધી વ્યવસ્થા ન કરવામાં આવે. તેથી ભગવાન વૃષભદેવે વિવાહની વ્યવસ્થા એ રીતે બનાવી હતી કે શૂદ્ર શૂદ્ર-કન્યા સાથે વિવાહ કરે, તે બ્રાહ્મણ-ક્ષત્રિય-વૈશ્યની કન્યા સાથે વિવાહ નથી કરી શકતા. વૈશ્ય વૈશ્ય-કન્યા સાથે તથા શૂદ્ર-કન્યા સાથે વિવાહ કરે; ક્ષત્રિય ક્ષત્રિય-કન્યા, વૈશ્ય-કન્યા અને શૂદ્ર-કન્યાની સાથે વિવાહ કરે તથા બ્રાહ્મણ, બ્રાહ્મણ-કન્યાની સાથે જ વિવાહ કરે પરંતુ ક્યારેક કોઈ દેશમાં તે ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર-કન્યાઓની સાથે પણ વિવાહ કરી શકે છે. તે સમયે ભગવાને આ નિયમ પણ પ્રચલિત કર્યો હતો કે જે કોઈ પોતાના વર્ણની આજીવિકાને છોડીને બીજા વર્ણની આજીવિકા કરશે તે રાજા દ્વારા દંડિત કરવામાં આવશે કારણ કે એમ ન કરવાથી બધા જ વર્ણ એક થઈ જશે–તેમનો વિભાગ ન થઈ શકે.



ભગવાન આદિનાથે વિવાહ આદિની વ્યવસ્થા કરતાં પહેલાં જ અસિ, મષિ, કૃષિ, સેવા, શિલ્પ અને વાણિજ્ય—આ છ કર્મોની વ્યવસ્થા કરી દીધી હતી. તેથી, ઉક્ત કર્મની વ્યવસ્થા થવાથી તે કર્મભૂમિ કહેવાવા લાગી

હતી. આ પ્રકારે, બ્રહ્મા—આદિનાથે પ્રજામાં વિભાગ કરી તેમને યોગ (નવીન વસ્તુની પ્રાપ્તિ) અને ક્ષેમ (પ્રાપ્ત થયેલી વસ્તુની રક્ષા)ની વ્યવસ્થા માટે યુક્તિપૂર્વક હા, મા અને ધિક્—આ ત્રણ દંડની વ્યવસ્થા કરી હતી. દુષ્ટ પુરુષોનો નિગ્રહ કરવો અર્થાત્ તેમને દંડ આપવો અને સજ્જન પુરુષોનું પાલન કરવું તે ક્રમ, કર્મભૂમિથી પહેલાં અર્થાત્ ભોગભૂમિમાં ન હતો કારણ કે તે સમયે પુરુષ નિરપરાધ હતા—કોઈ પ્રકારનો અપરાધ કરતાં ન હતા. કર્મભૂમિમાં દંડ દેવાવાળા રાજાનો અભાવ થતા પ્રજા માત્સ્યન્યાયનો આશ્રય કરવા લાગશે અર્થાત્ જેવી રીતે બળવાન મચ્છ નાના મચ્છને ખાઈ જાય છે, તેવી જ રીતે અંતરંગનો દુષ્ટ બળવાન પુરુષ નિર્બળ પુરુષને વશમાં રાખશે. આ લોકો દંડના ભયથી કુમાર્ગ તરફ નહીં દોડે તેથી દંડ દેવાવાળા રાજાનું હોવું ઉચિત જ છે અને એવો રાજા જ પૃથ્વીને જીતી શકે છે. જેવી રીતે દૂધ દેવાવાળી ગાયથી તેને કોઈપણ પ્રકારની પીડા પહોંચાડ્યા વિના જ દૂધ દોહવામાં આવે છે અને એમ કરવાથી તે ગાય પણ સુખી રહે છે તથા દૂધ દોહવાવાળાની આજીવિકા પણ ચાલતી રહે છે, તેવી જ રીતે રાજાએ પણ પ્રજાથી ધન વસૂલ કરવું જોઈએ. તે ધન અધિક પીડા ન દેવાવાળા ટેક્સ(કર)ના રૂપમાં વસૂલ કરી શકાય છે. આમ કરવાથી પ્રજા પણ દુઃખી નથી થતી અને રાજ્ય વ્યવસ્થા માટે યોગ્યધન પણ સરળતાથી મળી જાય છે. તેથી ભગવાન વૃષભદેવે નીચે લખેલા પુરુષોને દંડધર—પ્રજાને દંડ દેવાવાળા રાજા બનાવ્યા છે. તે બરાબર જ છે કારણ કે પ્રજાના યોગ અને ક્ષેમનો વિચાર કરવો તે રાજાઓને જ આધીન હોય છે.

ભગવાને હરિ, અકંપન, કાશ્યપ અને સોમપ્રભ—આ ચાર મહાભાગ્યશાળી ક્ષત્રિયોને બોલાવીને તેમનું યથોચિત સન્માન અને સત્કાર કર્યો. ત્યારબાદ, રાજ્યાભિષેક કરીને તેમને મહામાંડલિક રાજા બનાવ્યા. તે રાજા ચાર હજાર અન્ય નાના-નાના રાજાઓના અધિપતિ હતા. સોમપ્રભ, ભગવાનથી કુરુરાજ નામ પામીને કુરુદેશનો રાજા થયો અને કુરુવંશનો શિખામણિ કહેવાયો. હરિ, ભગવાનની આજ્ઞા પામીને હરિકાંત નામને ધારણ કરતો હરિવંશને અલંકૃત કરવા લાગ્યો કારણ કે તે શ્રીમાન્ હરિપરાક્રમ અર્થાત્ ઈન્દ્ર અથવા સિંહ સમાન પરાક્રમી હતો. અકંપન પણ ભગવાનથી શ્રીધર નામ પામીને તેમની પ્રસન્નતાથી નાથવંશનો નાયક થયો અને કાશ્યપ પણ જગદ્ગુરુ ભગવાનથી મઘવા નામ પ્રાપ્ત કરી ઉગ્રવંશનો મુખ્ય રાજા થયો. તે બરાબર જ છે કે સ્વામીની સંપદાથી

શું નથી મળતું? અર્થાત્ બધું જ મળી જાય છે. ત્યારબાદ, ભગવાન આદિનાથે કચ્છ, મહાકચ્છ આદિ પ્રમુખ-પ્રમુખ રાજાઓનો સત્કાર કરી તેમને અધિરાજના પદ પર સ્થાપિત કર્યા. આ રીતે, ભગવાને પોતાના પુત્રોને પણ યથાયોગ્યરૂપે મહેલ, સવારી તથા અન્ય અનેક પ્રકારની સંપત્તિનો વિભાગ કરી દીધો હતો. તે બરાબર જ છે કે રાજ્યપ્રાપ્તિનું તે જ તો ફળ છે.

તે સમયે ભગવાને મનુષ્યોને ઈક્ષુનો રસ સંગ્રહ કરવાનો ઉપદેશ આપ્યો હતો, તેથી જગતના લોકો તેમને ઈક્ષ્વાકુ કહેવા લાગ્યા. 'ગો' શબ્દનો અર્થ સ્વર્ગ છે કે જે ઉત્તમ સ્વર્ગ હોય તેને સજ્જન પુરુષ 'ગોતમ' કહે છે. ભગવાન વૃષભદેવ સ્વર્ગમાં સૌથી ઉત્તમ સર્વાર્થસિદ્ધિથી આવ્યા હતા, તેથી તેઓ 'ગૌતમ' આ નામને પણ પ્રાપ્ત થયા હતા. 'કાશ્ય' તેજને કહે છે. ભગવાન વૃષભદેવ તે તેજના રક્ષક હતા તેથી 'કાશ્યપ' કહેવાતા હતા. તેમણે પ્રજાની આજીવિકાના ઉપાયોનું પણ મનન કર્યું હતું તેથી તેઓ 'મનુ' અને 'કુલધર' પણ કહેવાતા હતા. આ સિવાય ત્રણેય જગતના સ્વામી અને વિનાશ રહિત ભગવાનને પ્રજા 'વિધાતા', 'વિશ્વકર્મા' અને 'સૃષ્ટા' આદિ અનેક નામોથી બોલાવતા હતા. **ભગવાનનો રાજ્યકાળ ત્રેસઠ લાખ પૂર્વનો** હતો કે જે તેમનો લાંબો સમય પુત્ર-પૌત્ર આદિથી ઘેરાયેલા રહેવાના કારણે અજાણતા જ વ્યતીત થઈ ગયો અર્થાત્ પુત્ર-પૌત્ર આદિના સુખનો અનુભવ કરતાં થકા તેમને એ વાતની ખબર જ ન પડી કે મને રાજ્ય કરતાં કેટલો સમય થઈ ગયો છે. મહા દૈદીપ્યમાન ભગવાન વૃષભદેવે અયોધ્યાના સિંહાસન પર આસીન રહીને પુણ્યોદયથી પ્રાપ્ત થયેલી સામ્રાજ્ય લક્ષ્મીનો સુખથી અનુભવ કર્યો હતો.

આ રીતે, સુર અને અસુરોના ગુરુ તથા અચિંત્ય ધૈર્યના ધારણ કરવાવાળા ભગવાન વૃષભદેવને ઈન્દ્ર તેમના વિશાળ પુણ્યના સંયોગથી ભોગોપભોગની સામગ્રી મોકલતા રહેતાં હતા કે જેથી તેઓ સુખપૂર્વક સંતોષને પ્રાપ્ત થતા રહેતા હતા. તેથી, **હે પંડિતજન ! પુણ્ય-ઉપાર્જન કરવામાં પ્રયત્ન કરો. આ સંસારમાં પુણ્યથી જ સુખ પ્રાપ્ત થાય છે. જેવી રીતે બીજ વિના અંકુર ઉત્પન્ન થતાં નથી, તેવી જ રીતે પુણ્ય વિના સુખ થતું નથી.** દાન દેવું, ઈન્દ્રિયોને વશ કરવી, સંયમ ધારણ કરવો, સત્ય વચન બોલવું, લોભનો ત્યાગ કરવો અને ક્ષમાભાવ ધારણ કરવો આદિ શુભ ચેષ્ટાઓથી અભિલાષિત પુણ્યની પ્રાપ્તિ થાય છે. સુર, અસુર, મનુષ્ય અને

નાગેન્દ્ર આદિના ઉત્તમ-ઉત્તમ ભોગ, લક્ષ્મી, દીર્ઘ આયુષ્ય, અનુપમ રૂપ, સમૃદ્ધિ, ઉત્તમ વાણી, ચક્રવર્તીનું સામ્રાજ્ય, ઈન્દ્રપદ, જેને પ્રાપ્ત કરીને સંસારમાં ફરી જન્મ ન લેવો પડે એવું અરિહંતપદ અને અંતરહિત સમસ્ત સુખ આપવાવાળું શ્રેષ્ઠ નિર્વાણપદ—આ બધાની પ્રાપ્તિ પુણ્યથી જ થાય છે. તેથી, હે પંડિતજન! જો સ્વર્ગ અને મોક્ષના અચિંત્ય મહિમાવાળા શ્રેષ્ઠ સુખ પ્રાપ્ત કરવા ઈચ્છતા હો તો ધર્મ કરો. કારણ કે ધર્મ જ સ્વર્ગના ભોગ અને મોક્ષના અવિનાશી અનંતસુખની પ્રાપ્તિ કરાવે છે. વાસ્તવમાં સુખની પ્રાપ્તિ થવી તે ધર્મનું જ ફળ છે. હે સુધીજન! જો તમે સુખ પ્રાપ્ત કરવા ઈચ્છતા હો તો હર્ષિત થઈને શ્રેષ્ઠ મુનિઓને દાન આપો, તીર્થંકરોને નમસ્કાર કરી તેમની પૂજા કરો, શીલવ્રતનું પાલન કરો અને પર્વના દિવસોમાં ઉપવાસ કરવાનું ન ભૂલો.

આ રીતે, જે પ્રશસ્ત લક્ષ્મીના સ્વામી હતા, સ્થિર રહેવાવાળા ભોગોનો અનુભવ કરતાં હતા, સ્નેહ રાખવાવાળા પોતાના પુત્ર-પૌત્રોની સાથે સંતોષ ધારણ કરતાં હતા, ઈન્દ્ર, સૂર્ય અને ચંદ્ર આદિ ઉત્તમ-ઉત્તમ દેવ જેમની આજ્ઞા ધારણ કરતાં હતા અને જેના પર કોઈની આજ્ઞા ચાલતી ન હતી એવા ભગવાન વૃષભદેવ સિંહાસન ઉપર આરૂઢ થઈને આ સમુદ્રાંત પૃથ્વીનું શાસન કરતાં હતા.

આ રીતે, આર્ષ નામથી પ્રસિદ્ધ ભગવજ્જિનસેનાચાર્ય-વિરચિત ત્રિષષ્ટિલક્ષણ મહાપુરાણ સંગ્રહમાં ભગવાનના સામ્રાજ્યનું વર્ણન કરવાવાળો સોળમો અધ્યાય સમાપ્ત થયો.

* મધ્યપણે સાધુ પુરુષોનો સમાગમ દૂરથી જ પાપનો નાશ કરી દે છે, ઉત્કૃષ્ટ યોગ્યતામાં વધારો કરે છે અને કલ્યાણમાં વધારો કરે છે. (અ. ૯, શ્લોક ૧૬૧)
* મોક્ષની ઈચ્છા કરવાવાળા આ સાધુજન પોતાનું દુઃખ દૂર કરવા માટે સદા નિર્દય રહે છે અર્થાત્ પોતાનું દુઃખ દૂર કરવા માટે કોઈપણ પ્રકારે કોઈપણ પ્રાણીને દુઃખ પહોંચાડવાની પ્રવૃત્તિ નથી કરતાં. બીજાના દુઃખોમાં સદાય દુઃખી રહે છે અર્થાત્ તેમના દુઃખ કરવા માટે હંમેશા તત્પર રહે છે. (અ. ૯, શ્લોક ૧૬૪)

# અધ્યાય સત્તરમો

ત્યારબાદ, કોઈ એક દિવસે સેંકડો રાજાઓથી ઘેરાયેલા ભગવાન વૃષભદેવ વિશાળ સભામંડપના મધ્યભાગમાં સિંહાસન પર એવા બિરાજમાન હતા કે જેવી રીતે નિષધપર્વતના તટભાગ ઉપર સૂર્ય બિરાજમાન થાય છે. આ પ્રકારે સિંહાસન પર બિરાજમાન ભગવાનની સેવા કરવા માટે ઈન્દ્ર, અપ્સરાઓ અને દેવોની સાથે પૂજાની સામગ્રી લઈને ત્યાં આવ્યો અને પોતાના તેજથી ઉદયાચળના મસ્તક પર સ્થિત સૂર્યને જીતતો પોતાને યોગ્ય સિંહાસન પર જઈને બેઠો, ભક્તિવિભોર ઈન્દ્રએ ભગવાનની આરાધના કરવાની ઈચ્છાથી તે સમયે અપ્સરાઓ અને ગંધર્વોનું નૃત્ય શરૂ કરાવ્યું. તે નૃત્યએ ભગવાન વૃષભદેવના મનને પણ અનુરક્ત બનાવી દીધું. તે બરાબર જ છે, અત્યંત શુદ્ધ સ્ફટિકમણિ પણ અન્ય પદાર્થોના સંસર્ગથી રાગ અર્થાત્ લાલિમા ધારણ કરે છે. ભગવાન રાજ્ય અને ભોગોથી કેવી રીતે વિરક્ત થશે એ વિચાર કરી ઈન્દ્રએ તે સમયે નૃત્ય કરવા માટે એક એવા પાત્રને નિયુક્ત કર્યું કે જેનું આયુષ્ય અત્યંત ક્ષીણ થઈ ગયું હતું.

ત્યારબાદ, તે અત્યંત સુંદરી નિલાંજના નામની દેવનર્તકી રસ, ભાવ અને લય સહિત નૃત્ય કરી રહી હતી કે એટલામાં જ આયુષ્યરૂપી દીપકનો ક્ષય થવાથી તે ક્ષણવારમાં અદૃશ્ય થઈ ગઈ. જેવી રીતે વિજળીરૂપી લતા જોતજોતામાં જ ક્ષણવારમાં નષ્ટ થઈ જાય છે, તેવી જ રીતે પ્રભાથી ચંચળ અને વિજળી સમાન ઉજ્જ્વળ મૂર્તિને ધારણ કરવાવાળી તે દેવી જોતજોતામાં ક્ષણવારમાં જ વિલિન થઈ ગઈ હતી. એના વિલિન થતાં જ ઈન્દ્રએ રસભંગના ભયથી તેના સ્થાન પર તેના જ સમાન શરીરવાળી બીજી દેવી ઊભી કરી દીધી કે જેથી નૃત્ય જેમનું તેમ ચાલતું રહ્યું. જો કે બીજી દેવી ઊભી કર્યા પછી પણ તે જ મનોહર સ્થાન હતું, તે જ મનોહર ભૂમિ હતી અને તે જ નૃત્યનો પરિક્રમ હતો, તેમ છતાં ભગવાન વૃષભદેવે તે જ સમયે તેના સ્વરૂપનું અંતર જાણી લીધું હતું.

**ત્યારબાદ, ભોગોથી વિરક્ત અને અત્યંત સંવેગ તથા વૈરાગ્ય ભાવનાને પ્રાપ્ત થયેલા ભગવાનના**

ચિત્તમાં એવી ચિંતા ઉત્પન્ન થઈ ગઈ કે ઘણા આશ્ચર્યની વાત છે કે આ જગત વિનશ્વર છે, લક્ષ્મી વિજળીરૂપી લતા સમાન ચંચળ છે, યૌવન, શરીર, આરોગ્ય અને ઐશ્વર્ય આદિ બધું જ ચલાચલ છે. રૂપ, યૌવન અને સૌભાગ્યના મદથી ઉન્મત્ત થયેલા અજ્ઞ પુરુષ આ બધામાં સ્થિરબુદ્ધિ કરે છે, પરંતુ તેમાંથી કઈ વસ્તુ વિનશ્વર નથી? અર્થાત્ બધી જ વસ્તુઓ વિનશ્વર છે. આ રૂપની શોભા, સંધ્યાકાળની લાલી સમાન ક્ષણવારમાં નષ્ટ થઈ જાય છે અને ઉજ્જવળ તરુણ અવસ્થા પલ્લવની કાંતિ સમાન શીઘ્ર જ મ્લાન થઈ જાય છે. વનમાં ઉત્પન્ન થયેલી લતાઓના પુષ્પ સમાન આ યૌવન શીઘ્ર જ નષ્ટ થઈ જવાવાળું છે, ભોગ સંપદાઓ વિષવેલ સમાન છે અને જીવન વિનશ્વર છે. આ આયુષ્યની સ્થિતિ ઘટીયંત્રના જળની ધારા સમાન શીઘ્રતાથી ગળતી જાય છે—ઓછી થતી જાય છે અને આ શરીર અત્યંત દુર્ગંધિત અને ઘૃણા ઉત્પન્ન કરવાવાળું છે. નિશ્ચય છે કે આ સંસારમાં સુખનો લેશમાત્ર પણ દુર્લભ છે અને દુઃખ ઘણું જ છે છતાં પણ આશ્ચર્ય છે કે મંદબુદ્ધિ પુરુષ તેમાં જ સુખની ઇચ્છા કરે છે.

આ જીવે નરકોમાં જે મહાન દુઃખ ભોગવ્યા છે તેનું સ્મરણ પણ થઈ આવે તો પછી એવું કોણ છે કે જે તે ભોગોની ઇચ્છા કરે! નિરંતર આર્તધ્યાન કરવાવાળા જીવ જેટલાં કાંઈ ભોગોનો અનુભવ કરે છે, તે બધાં જ તેમને અત્યંત અશાતાના ઉદયથી ભરેલા નરકોમાં દુઃખરૂપ થઈને ઉદયમાં આવે છે. દુઃખોથી ભરેલા નરકોમાં ક્યારેય પણ સ્વપ્નમાં પણ સુખ પ્રાપ્ત થતું નથી. કારણ કે ત્યાં રાત-દિવસ દુઃખ જ દુઃખ રહે છે અને એવું દુઃખ કે જે દુઃખના કારણભૂત અસાતાકર્મનો બંધ કરવાવાળા હોય છે. તે નરકોમાંથી કોઈ પ્રકારે નીકળીને આ જીવ અનેક યોનીઓમાં પરિભ્રમણ કરતો થકો તિર્યંચગતિના ઘોર દુઃખ ભોગવે છે. ઘણા જ દુઃખની વાત છે કે આ અજ્ઞાની જીવ પૃથ્વીકાયિક, જલકાયિક, અગ્નિકાયિક, વાયુકાયિક અને વનસ્પતિકાયિક જીવોમાં ઘોર દુઃખ ભોગવતો થકો નિરંતર ભ્રમણ કરતો રહે છે. આ જીવ તે પૃથ્વીકાયિક આદિ પર્યાયોમાં ખોદાવવું, બળતી અગ્નિમાં તપાવું-બુઝાવું, અનેક કઠોર વસ્તુઓથી ભટકાવવું તથા છેદાવું-ભેદાવું આદિ અનેક પ્રકારના ઘોર દુઃખ ભોગવે છે.

આ જીવ ઘટીયંત્રની સ્થિતિને ધારણ કરતો થકો સૂક્ષ્મ, બાદર, પર્યાપ્તક તથા અપર્યાપ્તક અવસ્થામાં

અનેકવાર પરિભ્રમણ કરતો રહે છે. ત્રસ પર્યાયમાં પણ આ પ્રાણી મરવું, બંધાવવું અને રોકાવું આદિ દ્વારા જીવનપર્યંત અનેક દુઃખ પ્રાપ્ત કરતો રહે છે. સૌથી પહેલાં તેણે જન્મ અર્થાત્ ઉત્પન્ન થવાનું દુઃખ ભોગવવું પડે છે. ત્યારબાદ, વૃદ્ધાવસ્થાનું દુઃખ અને પછી તેનાથી પણ અધિક મૃત્યુનું પણ દુઃખ ભોગવવું પડે છે. આ રીતે, સેંકડો દુઃખરૂપી ભંવરથી ભરેલા સંસારરૂપી સમુદ્રમાં આ જીવ સદાય ડૂબતો રહે છે. આ જીવ ક્ષણવારમાં નષ્ટ થઈ જાય છે, ક્ષણવારમાં જીર્ણ—વૃદ્ધ થઈ જાય છે અને ક્ષણવારમાં ફરી જન્મ ધારણ કરી લે છે. આ રીતે, જન્મ, મરણ, વૃદ્ધાવસ્થા અને રોગરૂપી કીચડમાં ગાયની જેમ સદાય ફસાતો રહે છે. આ રીતે, આ અજ્ઞાની જીવ તિર્યંચ યોનિમાં અનંતકાળ સુધી દુઃખ ભોગવતો રહે છે. બરાબર જ છે કે જિનેન્દ્રદેવ તેમ જ માને છે, તે તિર્યંચ યોનિ દુઃખોનું સૌથી મોટું સ્થાન છે.

ત્યારબાદ, અશુભ કર્મ કંઈક મંદ થતા આ જીવ તે તિર્યંચગતિથી ઘણી જ મુશ્કેલીથી બહાર નીકળે છે અને કર્મરૂપી સારથીથી પ્રેરિત થઈને મનુષ્યપર્યાયને પ્રાપ્ત થાય છે. ત્યાં પણ આ જીવ જો કે દુઃખોની ઇચ્છા નથી કરતો છતાં પણ કર્મરૂપી શત્રુઓથી નિરુદ્ધ થઈને અનેક પ્રકારના શારીરિક અને માનસિક દુઃખ ભોગવવા પડે છે. બીજાઓની સેવા કરવી, દરિદ્રતા, ચિંતા અને શોક આદિથી મનુષ્યોને જે તીવ્ર દુઃખ પ્રાપ્ત થાય છે તે પ્રત્યક્ષ નરક સમાન જણાય છે. યથાર્થમાં મનુષ્યોનું આ શરીર એક ગાડી સમાન છે કે જે દુઃખરૂપી ખોટા વાસણોથી ભરેલી છે. તેમાં કાંઈપણ સંશય નથી કે આ શરીરરૂપી ગાડી ત્રણ-ચાર દિવસમાં જ નષ્ટ થઈ જશે. જો કે દેવપર્યાયમાં જીવોને કંઈક સુખ પ્રાપ્ત થાય છે, પરંતુ જ્યારે સ્વર્ગથી તેનું પતન થાય છે ત્યારે તેને સૌથી વધારે દુઃખ થાય છે, તે દેવપર્યાયમાં પણ ઇષ્ટનો વિયોગ થાય છે અને કેટલાય દેવ અલ્પ વિભૂતિના ધારક હોય છે કે જે પોતાનાથી અધિક વિભૂતિવાળાઓને જોઈને દુઃખી થતાં રહે છે. તેથી તેમનું માનસિક દુઃખ પણ ખૂબ જ કષ્ટપૂર્વક વ્યતીત થાય છે. આ રીતે, આ બિચારો દીન પ્રાણી આ સંસારરૂપી ચક્રમાં પોતાના ખોટા કર્મોના ઉદયથી અનેક પરિવર્તન કરતો થકો દુઃખ પ્રાપ્ત કરતો રહે છે.

જુઓ, આ અત્યંત મનોહર સ્ત્રીરૂપી યંત્ર (નૃત્ય કરવાવાળી નિલાંજનાનું શરીર) મારા સાક્ષાત્ દેખતાં-દેખતાં જ કેવી રીતે નાશને પ્રાપ્ત થઈ ગયું ! બહારથી ઉજ્જ્વળ દેખાવાવાળા સ્ત્રીના રૂપને અત્યંત મનોહર

**માનીને કામીજનો તેના ઉપર પડે છે અને પડતા જ પતંગિયા સમાન નષ્ટ થઈ જાય છે—અશુભકર્મોનો બંધ કરી સદાય માટે દુઃખી થઈ જાય છે. ઇન્દ્રએ જે આ કપટ નાટક કર્યું છે અર્થાત્ નિલાંજનાનું નૃત્ય કરાવ્યું છે તે અવશ્ય જ તે બુદ્ધિમાને સમજી—વિચારીને મને બોધ પ્રાપ્ત કરાવવા માટે જ આવું કર્યું છે. જેવી રીતે આ નિલાંજનાનું શરીર ભંગુર હતું—વિનાશશીલ હતું, તેવી જ રીતે જીવોના અન્ય ભોગોપભોગના પદાર્થ પણ ભંગુર છે, અવશ્ય નષ્ટ થઈ જાય છે અને ફક્ત દગો આપવાવાળા છે. તેથી ભારરૂપ આભરણોથી શું પ્રયોજન છે? મેલ સમાન સુગંધિત ચંદન આદિના લેપનથી શું લાભ છે? પાગલ પુરુષની ચેષ્ટાઓ સમાન આ નૃત્ય પણ શોક સમાન, આ ગીત પણ પ્રયોજન રહિત છે. જો શરીરની પોતાની શોભા સારી છે તો પછી અલંકારોથી શું પ્રયોજન છે? અને જો શરીરમાં નિજની શોભા જ નથી તો પછી ભારસ્વરૂપ આ અલંકારોથી શું થઈ શકે છે? તેથી આ રૂપને ધિક્કાર છે! આ અસાર સંસારને ધિક્કાર છે! આ રાજ્યભોગને ધિક્કાર છે અને વિજળી સમાન આ ચંચળ આ લક્ષ્મીને પણ ધિક્કાર છે!**

આ રીતે, જેમનો આત્મા વિરક્ત થઈ ગયો છે એવા ભગવાન વૃષભદેવ ભોગોથી વિરક્ત થયા અને કાળલબ્ધિ પામીને શીઘ્ર જ મુક્તિ માટે પુરુષાર્થ કરવા લાગ્યા. તે સમયે ભગવાનના હૃદયમાં વિશુદ્ધિઓએ પોતાનું સ્થાન જમાવી લીધું હતું અને તે એવી જણાતી હતી કે જાણે મુક્તિરૂપી લક્ષ્મી દ્વારા પ્રેરિત થયેલી સખીઓ જ સામે આવીને ઉપસ્થિત થઈ હોય! તે સમયે ભગવાન મુક્તિરૂપી સ્ત્રીના સમાગમ માટે અત્યંત ચિંતાને પ્રાપ્ત થઈ રહ્યા હતા, તેથી તે સમયે તેમને આ સમસ્ત જગત્ શૂન્ય પ્રતિભાસિત થઈ રહ્યું હતું. ભગવાન વૃષભદેવને બોધ ઉત્પન્ન થઈ ગયો છે અર્થાત્ સંસારથી વિરક્ત થઈ ગયા છે, જગદ્ગુરુ ભગવાનના અંતઃકરણની તે સમસ્ત ચેષ્ટાઓ ઈન્દ્રએ પોતાના અવધિજ્ઞાનથી તે જ સમયે જાણી લીધી હતી. તે જ સમયે ભગવાનને પ્રબોધ કરાવવા માટે અને તેમના તપકલ્યાણકની પૂજા કરવા માટે લૌકાન્તિક દેવ બ્રહ્મલોકથી ઉતર્યા, તે લૌકાન્તિક દેવ સારસ્વત, આદિત્ય, આહ્નિ, અરુણ, ગર્દતોય, તુષિત, અવ્યાબાધ અને અરિષ્ટ—આ રીતે આઠ પ્રકારના હોય છે. તેઓ બધા દેવોમાં ઉત્તમ હોય છે. તેઓએ પૂર્વભવમાં સંપૂર્ણ શ્રુતજ્ઞાનનો અભ્યાસ કર્યો હોય છે. તેમની ભાવનાઓ શુભ હોય છે. તેઓ બ્રહ્મલોક અર્થાત્ પાંચમાં સ્વર્ગમાં રહે છે, સદાય શાંત રહે છે. તેમની લેશ્યાઓ શુભ રહે છે, તેઓ મોટી-મોટી

ઋદ્ધિઓને ધારણ કરે છે અને બ્રહ્મલોકના અંતમાં નિવાસ કરવાના કારણે લૌકાન્તિક એ નામને પ્રાપ્ત થયા છે. તેઓ લૌકાન્તિક સ્વર્ગના હંસ સમાન જણાય છે. કારણ કે તેઓ મુક્તિરૂપી નદીના તટ પર નિવાસ કરવા માટે ઉત્કંઠિત થઈ રહ્યા છે અને ભગવાનના દીક્ષાકલ્યાણકરૂપી શરદ્‌ઋતુના આગમનની સૂચના કરી રહ્યા હતા. તે લૌકાન્તિક દેવોએ આવીને જે પુષ્પાંજલિ અર્પણ કરી હતી તે એવી જણાતી હતી કે જાણે તેમણે ભગવાનના ચરણોની ઉપાસના કરવા માટે પોતાના ચિત્તના અંશ જ સમર્પિત કર્યા હોય! તે દેવોએ સૌ પ્રથમ કલ્પવૃક્ષોના ફૂલોથી ભગવાનના ચરણોની પૂજા કરી અને અર્થથી ભરેલા સ્તોત્રોથી ભગવાનની સ્તુતિ શરૂ કરી.

હે ભગવાન! આ સમયે જે આપ મોહરૂપી શત્રુને જીતવાના ઉદ્યોગની ઇચ્છા કરી છે, તેનાથી સ્પષ્ટ સિદ્ધ છે કે આપ ભવ્યજીવોની સાથે ભાઈપણાનું કાર્ય કરવાનો વિચાર કર્યો છે અર્થાત્ ભાઈની જેમ ભવ્યજીવોની સહાયતા કરવાનો વિચાર કર્યો છે. હે દેવ! આપ પરમજ્યોતિસ્વરૂપ છો, બધા જ લોકો આપને સમસ્ત કાર્યોનું ઉત્તમ કારણ કહે છે અને હે દેવ! આપ જ અજ્ઞાનરૂપી પ્રપાતથી સંસારનો ઉદ્ધાર કરશો. હે દેવ! આજે આપના દ્વારા દેખાડવામાં આવેલા ધર્મરૂપી તીર્થને પામીને ભવ્ય જીવ આ દુષ્કર અને ભયાનક સંસારરૂપી સમુદ્રથી લીલામાત્રમાં પાર થઈ જશે. હે દેવ! જેવી રીતે સૂર્યના દૈદીપ્યમાન કિરણો સમસ્ત જગતને પ્રકાશિત કરતાં કમળોને પ્રફુલ્લિત કરે છે, તેવી જ રીતે આપના વચનરૂપી દૈદીપ્યમાન કિરણો પણ સમસ્ત સંસારને પ્રકાશિત કરતાં ભવ્યજીવરૂપી કમળોને પ્રફુલ્લિત કરશે. હે દેવ! લોકો આપને જગતનું પાલન કરવાવાળા બ્રહ્મા માને છે, કર્મરૂપી શત્રુઓને જીતવાવાળા વિજેતા માને છે, ધર્મરૂપી તીર્થના નેતા માને છે અને બધાની રક્ષા કરવાવાળા જગદ્‌ગુરુ માને છે. હે દેવ! આ સમસ્ત જગત મોહરૂપી કીચડમાં ફસાયેલો છે, તેમનો આપ ધર્મરૂપી હાથનો સહારો આપીને ઉદ્ધાર કરશો. હે દેવ! આપ સ્વયંભૂ છો, આપે મોક્ષમાર્ગને સ્વયં જાણી લીધું છે અને આપ અમને બધાને મુક્તિના માર્ગનો ઉપદેશ આપશો, તેથી સિદ્ધ થાય છે કે આપનું હૃદય વિના કારણ જ કરુણાથી આર્દ્ર છે. હે ભગવાન! આપ સ્વયં બુદ્ધ છો, આપ મતિ-શ્રુત-અવધિજ્ઞાનરૂપી ત્રણ નિર્મળ નેત્રોને ધારણ કરવાવાળા છો તથા આપે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર—આ ત્રણેયની એકતારૂપી મોક્ષમાર્ગને સ્વયમેવ જ જાણી લીધો છે, તેથી આપ બુદ્ધ છો. હે દેવ! આપે સન્માર્ગનું સ્વરૂપ સ્વયં જાણી લીધું છે, તેથી અમારા જેવા દેવો દ્વારા આપ પ્રબોધ કરાવવાને યોગ્ય નથી, તેમ છતાં અમારા લોકોનો આ નિયોગ જ આજે અમને લોકોને વાચાલિત કરી રહ્યો છે.

હે નાથ! સમસ્ત જગતને પ્રબોધ કરાવવાનો ઉદ્યોગ કરવા માટે આપને કોઈ અન્ય પ્રેરણા નથી કરી શકતું. બરાબર જ છે કે સમસ્ત જગતને પ્રકાશિત કરવા માટે શું સૂર્યને કોઈ બીજું પ્રેરણા આપે છે?—નહીં. ભાવાર્થ— જેવી રીતે સૂર્ય સમસ્ત જગતને પ્રકાશિત કરવા માટે સ્વયં તત્પર રહે છે, તેવી જ રીતે સમસ્ત જગતને પ્રબુદ્ધ કરવા માટે આપ સ્વયં તત્પર રહો છો. હે જન્મ-મરણ રહિત જિનેન્દ્ર! આપ અમારા દ્વારા પ્રબોધિત થઈને પણ અમને લોકોને તેવી જ રીતે પ્રબોધિત કરશો કે જેવી રીતે પ્રગટાવવામાં આવેલો દીપક સંસારનો ઉપકારક હોય છે અર્થાત્ બધાને પ્રકાશિત કરે છે. હે ભગવાન! આપ પ્રથમ, ગર્ભકલ્યાણકમાં શીઘ્ર જ અવતાર લેવાવાળા કહેવાયા; બીજું, જન્મકલ્યાણકમાં સુંદરતાને પ્રાપ્ત થયા અને હવે તેના પછી ત્રીજું, તપકલ્યાણકમાં અઘોરતા અર્થાત્ સૌમ્યતાને ધારણ કરી રહ્યા છો. હે સ્વામિન્! આપ સંસારના ઉપકાર માટે ઉદ્યોગ કરો, આ ભવ્યજીવરૂપી ચાતક, નવીન મેઘ સમાન આપની સેવા કરી સંતુષ્ટ થશે.

હે દેવ! અનાદિ પ્રવાહથી ચાલ્યો આવતો આ કાળ હવે આપના ધર્મરૂપી અમૃત ઉત્પન્ન કરવાને યોગ્ય થયો છે. તેથી હે વિધાતા! ધર્મની સૃષ્ટિ કરો—પોતાના સદુપદેશથી સમીચીન ધર્મનો પ્રચાર કરો. હે ઈશ! આપ પોતાના તપોબળથી કર્મરૂપી શત્રુઓને જીતો, મોહરૂપી મહા અસુરોને જીતો અને પરિષહરૂપી અહંકારી યોદ્ધાઓને પણ જીતો. હે દેવ! હવે આપ મોક્ષ માટે ઊઠો—ઉદ્યોગ કરો, અનેકવાર ભોગવેલા આ ભોગોને છોડી દ્યો કારણ કે જીવો દ્વારા વારંવાર ભોગવવા છતાં પણ આ ભોગોના સ્વાદમાં કાંઈપણ નવીનતા આવતી નથી. આ રીતે, સ્તુતિ કરતાં લૌકાંતિક દેવોએ તપશ્ચરણ કરવા માટે જેમને પ્રાર્થના કરી હતી તેવા બ્રહ્મા-ભગવાન વૃષભદેવે તપશ્ચરણ કરવામાં— દીક્ષા ધારણ કરવામાં પોતાની દૃઢ બુદ્ધિ લગાવી. તે લૌકાન્તિક દેવ પોતાના આટલા જ નિયોગથી કૃતાર્થ થઈને હંસની જેમ શરીરની કાંતિથી આકાશમાર્ગને પ્રકાશિત કરતાં થકા સ્વર્ગમાં ચાલ્યા ગયા. એટલામાં જ આસન કંપાયમાન થવાથી ભગવાનના તપ-કલ્યાણકનો નિશ્ચય કરી દેવલોકો પોતપોતાના ઈન્દ્રો સાથે અનેક વિક્રિયાઓને ધારણ કરી પ્રગટ થવા લાગ્યા.



ત્યારબાદ, સમસ્ત ઈન્દ્ર પોતાના વાહનો અને પોતપોતાના નિકાયના (રહેઠાણના) દેવોની સાથે આકાશરૂપી આંગણાને વ્યાપ્ત કરતાં થકા આવ્યા અને અયોધ્યાપુરીની ચારે તરફ આકાશને ઘેરીને પોતાપોતાના નિકાય અનુસાર

(સમૂહ પ્રમાણે) રોકાઈ ગયા. ત્યારબાદ, ઈન્દ્રાદિક દેવોએ ભગવાનનો તપકલ્યાણક કરવા માટે ક્ષીરસાગરના જળથી તેમનો મહાભિષેક કર્યો. અભિષેક કર્યા બાદ ખૂબ જ આદરથી દિવ્ય આભૂષણ, વસ્ત્ર, માળાઓ અને મલયાગિરિ ચંદનથી ભગવાનને અલંકારિત કર્યા. ત્યારબાદ, ભગવાન વૃષભદેવે સામ્રાજ્ય પદ પર પોતાના મોટા પુત્ર ભરતનો અભિષેક કરી આ ભારતવર્ષને સનાથ કર્યું અને યુવરાજ પદ પર બાહુબલીને સ્થાપિત કર્યા. આ રીતે, તે સમયે આ પૃથ્વી ઉક્ત બંને ભાઈઓને અધિષ્ઠિત હોવાના કારણે રાજન્વતી અર્થાત્ સુયોગ્ય રાજાથી સહિત થઈ હતી. તે સમયે ભગવાન વૃષભદેવનો નિષ્ક્રમણકલ્યાણક (તપકલ્યાણક) અને ભરતનો રાજ્યાભિષેક થઈ રહ્યો હતો. આ બંને પ્રકારના ઉત્સવોના સમયે સ્વર્ગલોક અને પૃથ્વીલોક બંને હર્ષનિર્ભર થઈ રહ્યા હતા. તે સમયે એક તરફ તો ઘણા વૈભવની સાથે ભગવાનના નિષ્ક્રમણકલ્યાણકનો ઉત્સવ થઈ રહ્યો હતો અને બીજી બાજુ ભરત તથા બાહુબલી બંને રાજકુમારોને પૃથ્વીનું રાજ્ય સમર્પણ કરવાનો ઉત્સવ કરવામાં આવી રહ્યો હતો. એક તરફ રાજર્ષિ ભગવાન વૃષભદેવ તપરૂપી રાજ્ય માટે કમર બાંધીને તૈયાર થયા હતા અને બીજી બાજુ બંને તરુણ કુમાર રાજ્યલક્ષ્મીની સાથે વિવાહ કરવા માટે ઉદ્યમ કરી રહ્યા હતા. એક તરફ તો દેવોના શિલ્પી ભગવાનને વનમાં લઈ જવા માટે પાલખીનું નિર્માણ કરી રહ્યા હતા અને બીજી તરફ વાસ્તુવિદ્યા અર્થાત્ મહેલ, મંડપ આદિ બનાવવાની વિધિ જાણવાવાળા શિલ્પી રાજકુમારોના અભિષેક માટે બહુમૂલ્ય મંડપ બનાવી રહ્યા હતા. એક તરફ તો ઈન્દ્રાણી દેવીએ રંગોળી આદિની રચના કરી હતી અને બીજી તરફ યશસ્વતી તથા સુનંદાદેવીએ ખૂબ જ હર્ષપૂર્વક રંગોળીની રચના કરી હતી. એક તરફ તો દિક્કુમારી દેવીઓ મંગલ દ્રવ્ય ધારણ કરી રહી હતી અને બીજી તરફ વસ્ત્રાભૂષણ પહેરેલી ઉત્તમ વરાંગનાઓ મંગળ દ્રવ્ય લઈને ઊભી હતી. એક તરફ ભગવાન વૃષભદેવ અત્યંત સંતુષ્ટ થયેલા શ્રેષ્ઠ દેવોથી ઘેરાયેલા હતા અને બીજી તરફ બંને રાજકુમાર હજારો ક્ષત્રિય રાજાઓથી ઘેરાયેલા હતા. એક તરફ સ્વામી વૃષભદેવની સામે સ્તુતિ કરતાં દેવલોકો પુષ્પાંજલિ સમર્પિત કરી રહ્યા હતા અને બીજી તરફ પુરવાસી લોકો બંને રાજકુમારોની સામે આશીર્વાદના શેષાક્ષત (પુષ્પ) ફેંકી રહ્યા હતા. એક તરફ પૃથ્વીને સ્પર્શ્યા વિના જ આકાશમાં અપ્સરાઓનું નૃત્ય થઈ રહ્યું હતું અને બીજી તરફ વરાંગનાઓ લીલાપૂર્વક પદવિન્યાસ કરતી નૃત્ય કરી રહી હતી. એક તરફ સમસ્ત દિશાઓને વ્યાપ્ત કરવાવાળા દેવોના વાજાઓના મહાન શબ્દ થઈ રહ્યા હતા અને બીજી તરફ નાંદી આદિ માંગલિક વાજાઓના ઘોર શબ્દ બધી બાજુ ફેલાઈ રહ્યા હતા. એક તરફ કિન્નર જાતિના

દેવો દ્વારા શરૂ કરવામાં આવેલા મંગળ ગીતોના શબ્દ થઈ રહ્યા હતા અને બીજી તરફ અંતઃપુરની સ્ત્રીઓના મંગળ ગીતોની મધુર ધ્વનિ થઈ રહી હતી. એક તરફ કરોડો દેવોનો જયજય ધ્વનિનો કોલાહલ થઈ રહ્યો હતો અને બીજી તરફ પુણ્યપાઠ કરવાવાળા કરોડો મનુષ્યના પુણ્યપાઠનો શબ્દ થઈ રહ્યો હતો. આ રીતે, બંને મોટા-મોટા ઉત્સવોમાં જ્યાં દેવ અને મનુષ્ય વ્યગ્ર થઈ રહ્યા હતા એવું તે રાજમંદિર પરમ આનંદથી વ્યાપ્ત થઈ રહ્યું હતું. ભગવાને પોતાના રાજ્યનો ભાર બંને યુવરાજોને સમર્પિત કરી દીધો, તેથી તે સમયે તેમનો દીક્ષા લેવોના ઉદ્યોગ એકદમ નિરાકુળ થઈ ગયો હતો—તેમને રાજ્ય સંબંધી કોઈપણ પ્રકારની ચિંતા રહી ન હતી. મોક્ષની ઈચ્છા કરવાવાળા ભગવાને આકુળતાથી રહિત થઈને પોતાના શેષ પુત્રોને પણ આ પૃથ્વી વહેંચી દીધી હતી.

ત્યારબાદ, અક્ષર-અવિનાશી ભગવાન, મહારાજ નાભિરાય આદિ પરિવારના લોકોને પૂછીને ઈન્દ્ર દ્વારા બનાવવામાં આવેલી સુંદર 'સુદર્શન' નામની પાલખીમાં સવાર થયા. ખૂબ જ આદરપૂર્વક ઈન્દ્રએ જેમને પોતાના હાથનો સહારો આપ્યો હતો એવા ભગવાન વૃષભદેવ દીક્ષા લેવાની પ્રતિજ્ઞા સમયે પાલખી પર સવાર થયા. દીક્ષારૂપી સ્ત્રીનું આલિંગન કરવાનું જેમનું કૌતુક વધી રહ્યું છે એવા ભગવાન વૃષભદેવ તે પાલખી પર આરૂઢ થતા થકા એવા શોભાયમાન થઈ રહ્યા હતા કે જાણે પાલખીના છળથી દીક્ષારૂપી સ્ત્રીની શ્રેષ્ઠ શૈયા પર જ આરૂઢ થયા હોય! જેઓ માળાઓ પહેરેલા છે, જેમનું દૈદીપ્યમાન શરીર ચંદનના લેપથી લિપ્ત થઈ રહ્યું છે અને જેઓ અનેક પ્રકારના વસ્ત્રાભૂષણથી અલંકૃત થઈ રહ્યા છે એવા ભગવાન વૃષભદેવ પાલખી પર આરૂઢ થઈને એવા સુશોભિત થઈ રહ્યા હતા કે જાણે તપરૂપી લક્ષ્મીના ઉત્તમ વર જ હોય!

ભગવાન વૃષભદેવ પહેલાં તો પરમ વિશુદ્ધતા પર આરૂઢ થયા હતા અર્થાત્ પરિણામોની વિશુદ્ધતાને પ્રાપ્ત થયા હતા અને પછી પાલખી ઉપર આરૂઢ થયા હતા, તેથી તેઓ તે સમયે એવા જણાતા હતા કે જાણે ગુણસ્થાનોની શ્રેણી ચઢવાનો અભ્યાસ જ કરી રહ્યા હોય! ભગવાનની તે પાલખીને સૌ પ્રથમ રાજાઓ સાત પગલા સુધી લઈને ચાલ્યા અને પછી વિદ્યાધર લોકો આકાશમાં સાત પગલા લઈને ચાલ્યા. ત્યારબાદ, વૈમાનિક અને ભવનત્રિક દેવોએ અત્યંત હર્ષિત થઈને તે પાલખી પોતાના ખભે રાખી ને શીઘ્ર જ તેને આકાશમાં લઈને ચાલ્યા. ભગવાન વૃષભદેવના માહાત્મ્યની પ્રશંસામાં એટલું જ કહેવું પર્યાપ્ત છે કે તે સમયે દેવોના અધિપતિ ઈન્દ્ર પણ તેમની પાલખી લઈ

જવાવાળા થયા હતા અર્થાત્ ઈન્દ્ર સ્વયં તેમની પાલખી લઈ જઈ રહ્યા હતા. તે સમયે યક્ષ જાતિના દેવ સુગંધિત ફૂલોની વર્ષા કરી રહ્યા હતા અને ગંગા નદીના જલકણોને ધારણ કરવાવાળો ઠંડો પવન વહી રહ્યો હતો. તે સમયે દેવોના બંદીજન ઉચ્ચ સ્વરથી પ્રસ્થાન સમયના મંગલપાઠ કરી રહ્યા હતા અને દેવગણ ચારે તરફ પ્રસ્થાનસૂચક ભેરીઓ વગાડી રહ્યા હતા. તે સમયે ઈન્દ્રની આજ્ઞા પ્રાપ્ત કરીને સમસ્ત દેવ જોરજોરથી ઘોષણા કરી રહ્યા હતા 'જગદ્ગુરુ ભગવાન વૃષભદેવે મોહરૂપી શત્રુને જીતવાનો ઉદ્યોગ કરવા માટેનો આ જ સમય છે', તે સમયે હર્ષિત થયેલા સુર-અસુર જાતિના બધા જ દેવ આનંદની પ્રાપ્તિથી સમસ્ત આકાશને રોકીને ભગવાનની આગળ 'જય-જય' એવો કોલાહલ કરી રહ્યા હતા. મંગળ ગીતો, વારંવાર કરવામાં આવેલી જય-ઘોષણા અને મોટા-મોટા નગારાના શબ્દોથી બધી તરફ વ્યાપ્ત થયેલું આકાશ તે સમયે શબ્દોને આધીન થઈ રહ્યું હતું અર્થાત્ ચારે તરફ શબ્દ જ શબ્દ સંભળાઈ રહ્યા હતા. તે સમયે ઈન્દ્રો દ્વારા શરીરની પ્રભા સમસ્ત આકાશને પ્રકાશિત કરી રહી હતી અને દુંદુભિઓનો વિપુલ તથા મનોહર શબ્દ સમસ્ત સંસારને શબ્દાયમાન કરી રહ્યો હતો. તે સમયે ઈન્દ્રો દ્વારા ઢોળવામાં આવેલા ચમરોના સમૂહ આકાશમાં હંસ સમાન જણાતા હતા.

જે સમયે ભગવાન પાલખી ઉપર આરૂઢ થયા હતા, તે સમયે કરોડો દેવ-કિંકરોના હાથોમાં સ્થિત દંડના મારથી ઈન્દ્રોના કરોડો દુંદુભી વાજાઓ આકાશમાં વ્યાપ્ત થઈને વાગી રહ્યા હતા. આકાશરૂપી આંગણમાં અનેક દેવાંગનાઓ વિલાસસહિત નૃત્ય કરી રહી હતી, તેમનું નૃત્ય છત્રબંધ આદિની ચતુરાઈ તથા આશ્ચર્યકારી અનેક નૃત્યભેદો સહિત હતું. મનોહર કંઠવાળી કિન્નર જાતિની દેવીઓ પોતાના મધુર સ્વરથી કાનને સુખ દેવાવાળા મનોહર અને મધુર તપ કલ્યાણક સમયના ગીત ગાઈ રહી હતી. દેવોના બંદીજન ઉચ્ચ સ્વરથી પરંતુ ઉત્તમ શબ્દો દ્વારા મંગળ પાઠ કરી રહ્યા હતા તથા તે સમયને યોગ્ય અને બધાના મનને અનુરક્ત કરવાવાળા અન્ય પાઠ પણ કરી રહ્યા હતા. જેમને અત્યંત હર્ષ ઉત્પન્ન થયો છે અને જેઓ ચિત્ર-વિચિત્ર અનેક પ્રકારની પતાકાઓ સહિત છે એવા ભૂત જાતિના વ્યંતર દેવ ભીડમાં ધક્કા દેતા તથા અનેક પ્રકારના નૃત્ય કરતાં આમ-તેમ દોડી રહ્યા હતા. દેવ લોકો ઘણા જ અનુરાગથી પોતાના ગાલોને ફુલાવીને શરીરને પિંડ સમાન સંકુચિત કરી તુરહી તથા શંખ વગાડી રહ્યા હતા. હાથમાં કમળ ધારણ કરેલી લક્ષ્મી આદિ દેવીઓ આગળ-આગળ જઈ રહી હતી અને ઘણા જ આદરથી મંગળ દ્રવ્ય તથા અર્ઘ લઈને દિક્કુમારી દેવીઓ તેમની સાથે જઈ રહી હતી.

આ રીતે, જે સમયે યથાયોગ્યરૂપથી અનેક વિશેષતાઓ થઈ રહી હતી, તે સમયે અદ્‌ભૂત વૈભવથી શોભાયમાન ભગવાન વૃષભદેવ સમસ્ત સંસારને આનંદિત કરતાં થકા અમૂલ્ય રત્નોથી બનેલી દિવ્ય પાલખી પર આરૂઢ થઈને અયોધ્યાપુરીથી બહાર નીકળ્યા. પ્રત્યેક અંગ-ઉપાંગોથી સંબંધ રાખવાવાળી વૈરાગ્યને યોગ્ય શોભાથી તેઓ એવા જણાતા હતા કે જાણે ચિરકાળથી પાલન-પોષણ કરવામાં આવેલી પરિગ્રહની આસક્તિને જ બહાર કાઢી રહ્યા હોય! ઉપર લાગેલા નિર્મળ કાંતિવાળા સફેદ છત્રના મંડળથી તેઓ એવા શોભાયમાન થઈ રહ્યા હતા કે જાણે ક્લેશને દૂર કરવાવાળો ચંદ્ર જ આવીને તેમની સેવા કરી રહ્યો હોય! ઈન્દ્રો દ્વારા ઢોળવામાં આવતા ચમરોના સમૂહથી ભગવાન એવા શોભાયમાન થઈ રહ્યા હતા કે જાણે જન્મકલ્યાણકના ક્ષણભરના પ્રેમથી ક્ષીરસાગર જ આવીને તેમની સેવા કરી રહ્યું હોય! આ રીતે, ઉપર લખ્યા અનુસાર જેમનું માહાત્મ્ય પ્રગટ થઈ રહ્યું છે અને અનેક ઈન્દ્ર જેમને ચારે તરફથી ઘેરેલા છે એવા તે ભગવાન વૃષભદેવ અયોધ્યાપુરીથી બહાર નીકળ્યા. તે સમયે નગરવાસી લોકો તેમની આ પ્રકારે સ્તુતિ કરી રહ્યા હતા—

હે જગન્નાથ! આપ કાર્યની સિદ્ધિ માટે જાઓ, આપનો માર્ગ કલ્યાણમય હો અને હે દેવ! આપ પોતાનું કાર્ય પુરું કર્યા બાદ ફરીથી અમને લોકોને દૃષ્ટિગોચર થાઓ! હે નાથ! અનાથ પુરુષોની રક્ષા કરવા માટે આપના સમાન બીજું કોઈપણ સમર્થ નથી, તેથી અમારા લોકોની રક્ષા કરવામાં આપ પોતાનું મન ફરીથી લગાવો. હે પ્રભો! આપની સમસ્ત ચેષ્ટાઓ પુરુષોનો ઉપકાર કરવાવાળી હોય છે, આપ વિના કારણે જ અમને લોકોને છોડીને હવે બીજા કોનો ઉપકાર કરશો? આ રીતે કેટલાય નગરવાસીઓએ દૂરથી જ મસ્તક નમાવીને પ્રશંસનીય, સ્પષ્ટ અર્થને કહેવાવાળી અને કામના સહિત પ્રાર્થના કરી હતી. તે સમયે કેટલાય નગરવાસીઓ પરસ્પર એવું કહી રહ્યા હતા કે દેવ લોકો ભગવાનને પાલખી પર સવાર કરી ક્યાંક દૂર લઈ જઈ રહ્યા છે, પરંતુ અમે લોકો તેનું કારણ નથી જાણતા અથવા ભગવાનની આ કોઈ એવી જ ક્રીડા હશે અથવા એવું પણ હોઈ શકે છે કે પહેલાં ઈન્દ્રગણ જન્મોત્સવ કરવાની ઈચ્છાથી ભગવાનને સુમેરુ પર્વત ઉપર લઈ ગયા હતા અને પછી પાછા લઈ આવ્યા હતા. કદાચ આપણા લોકોના ભાગ્યથી આજે ફરી તે જ વૃત્તાંત થઈ શકે છે, તેથી આપણે લોકોને કોઈ દુઃખની વાત નથી.

કેટલાય લોકો આશ્ચર્યપૂર્વક કહી રહ્યા હતા કે પાલખી પર સવાર થઈ રહેલ ભગવાન શું સાક્ષાત્ સૂર્ય છે?

કારણ કે તેઓ સૂર્યની જેમ જ પોતાની પ્રભા દ્વારા અમારા નેત્રોને ચકાચોંધ કરતાં થકા આકાશમાં દૈદીપ્યમાન થઈ રહ્યા છે. જેવી રીતે કુલાચલોની વચ્ચે ચૂલિકા સહિત સુવર્ણમય સુમેરુ પર્વત શોભી રહ્યો છે, તેવી જ રીતે ઈન્દ્રોની વચ્ચે મુકુટ ધારણ કરી અને તપાવેલા સુવર્ણ સમાન કાંતિને ધારણ કરેલા ભગવાન ખૂબ જ સુશોભિત થઈ રહ્યા છે. જેઓ ભગવાનના મુખની સામે પોતાની દૃષ્ટિ લગાવેલા છે અને જેમની વિક્રિયા અનેક આશ્ચર્ય ઉત્પન્ન કરવાવાળી છે એવું આ કોણ છે? હાં, તે તો ભગવાનનો આજ્ઞાકારી સેવક ઈન્દ્ર જ છે. અહીં જુઓ! આ પાલખીને લઈ જાવાવાળા મહાતેજસ્વી દેવોના શરીરની પ્રભા ચારે તરફ ફેલાઈ રહી છે અને એવી જણાઈ રહી છે કે જાણે વિજળીનો સમૂહ જ હોય! અહા! ભગવાનનું પુણ્ય ઘણું જ છે, તે ન તો વચનથી કહી શકાય છે અને ન તો મનથી તેનો વિચાર કરી શકાય છે. આ બાજુ ભક્તિના ભારથી પ્રણામ કરતાં આ દેવોને જુઓ! આ બાજુ આ દેવોના નગારા મધુર અને ગંભીર શબ્દોથી વાગી રહ્યા છે અને આ બાજુ આ મૃદંગોના ગંભીર શબ્દ થઈ રહ્યા છે, આ બાજુ ગીત ગવાઈ રહ્યા છે, આ બાજુ મંગળ સંગીત થઈ રહ્યા છે, આ બાજુ ચમર ઢોળાઈ રહ્યા છે અને આ બાજુ દેવોનો અપાર સમૂહ વિદ્યમાન છે. શું આ ચાલતું સ્વર્ગ જ છે કે જે અપ્સરાઓ અને વિમાનોથી સહિત છે અથવા આકાશમાં આ કોઈએ અપૂર્વ ચિત્ર લખ્યું છે? શું આ ઈન્દ્રજાળ છે—જાદુગરનો ખેલ છે અથવા અમારી બુદ્ધિનો ભ્રમ છે? આ આશ્ચર્ય એકદમ અદૃષ્ટપૂર્વ છે અર્થાત્ આવું આશ્ચર્ય અમે લોકોએ પહેલાં ક્યારેય જોયું નથી.

આ રીતે, અનેક વિકલ્પ કરવાવાળા તથા ખૂબ જ બોલવાવાળા નગરનિવાસી લોકો ભગવાનનો તે અતિશય જોઈને વિસ્મયપૂર્વક યથેચ્છ વાતો કરી રહ્યા હતા. અનેક પુરુષો કહી રહ્યા હતા કે જ્યારથી આ ભગવાને પૃથ્વી પર અવતાર લીધો છે, ત્યારથી અહીં દેવોના આગમનમાં અંતર નથી પડતું. નિલાંજના નામની દેવાંગનાનું નૃત્ય જોતાં-જોતાં જ ભગવાનને વિના કોઈ કારણ જ ભોગોથી વૈરાગ્ય ઉત્પન્ન થઈ ગયો છે. તે જ સમયે આવેલા માનનીય લૌકાંતિક દેવોએ ભગવાનને સંબોધિત કર્યા કે જેથી તેમનું મન વૈરાગ્યમાં વધારે દૃઢ થઈ ગયું છે. કામ અને ભોગોથી વિરક્ત થયેલા ભગવાન પોતાના શરીરથી પણ નિઃસ્પૃહ થઈ ગયા છે. હવે તેઓ મહેલ, સવારી તથા રાજ્ય આદિને તૃણ સમાન ગણે છે. જેવી રીતે પોતાની ઈચ્છાનુસાર વિહાર કરવારૂપ સુખની ઈચ્છાથી મત્ત હાથી વનમાં પ્રવેશ કરે છે, તેવી જ રીતે ભગવાન વૃષભદેવ પણ સ્વાતંત્ર્ય સુખ પ્રાપ્ત કરવાની ઈચ્છાથી વનમાં

પ્રવેશ કરવા ઇચ્છે છે અને દેવ લોકો પ્રોત્સાહિત કરી તેમને લઈ જઈ રહ્યા છે.

જો ભગવાન વનમાં જ રહેશે તો પણ સુખ તેમને સ્વાધીન જ છે અને પ્રજાના સુખ માટે તેમણે પોતાના પુત્રોને રાજ્ય સિંહાસન પર બેસાડી દીધા છે. તેથી ભગવાનની પ્રારંભ કરવામાં આવેલી આ યાત્રા તેમને સુખ આપવાવાળી થાઓ તથા આ લોકો પણ તેમના ભાગ્યથી વૃદ્ધિને પ્રાપ્ત થાઓ, કોઈ વિષાદ ન કરો. અક્ષત્ આત્મા અર્થાત્ જેમનો આત્મા ક્યારેય પણ નષ્ટ થવાવાળો નથી એવા ભગવાન વૃષભદેવ ચિરકાળપર્યંત જીવિત રહે, વિજયને પ્રાપ્ત થાય, સમૃદ્ધિમાન થાય અને પાછા ફરીને અમારા લોકોની રક્ષા કરે! મહાત્મા ભરત આજે વિભુની આજ્ઞા લઈને જગતની આશાઓ પૂર્ણ કરવાવાળું મહાદાન આપી રહ્યા છે. આ ભરતે જે આ સુવર્ણનું દાન કર્યું છે, તેનાથી તમને બધાને સંતોષ પ્રાપ્ત થાઓ! આ બાજુ પલાણ સહિત ઘોડા આપવામાં આવી રહ્યા છે અને આ બાજુ હાથી વિતરણ કરવામાં આવી રહ્યા છે. આ રીતે, અજ્ઞાની અને જ્ઞાની બધા જ અલગ-અલગ પ્રકારથી વચનો દ્વારા જેમની સ્તુતિ કરી રહ્યા છે એવા ભગવાન વૃષભદેવે ધીરે-ધીરે નગરની બહાર સમીપવર્તી પ્રદેશને પાર કર્યો.

ત્યારબાદ, ભગવાનનું પ્રસ્થાન થતાં યશસ્વતી આદિ રાણીઓ મંત્રીઓ સહિત ભગવાનની પાછળ-પાછળ ચાલવા લાગી. તે સમયે શોકથી તેમના નેત્રોમાં આંસુ ભરાઈ રહ્યા હતા. લતા સમાન તેમના શરીરની શોભા મ્લાન થઈ ગઈ હતી. તેઓએ આભૂષણ પણ ઉતારીને અલગ રાખી દીધા હતા અને કેટલીયે તો ડગમગાતા પગ રાખતી ભગવાનની પાછળ જઈ રહી હતી. કેટલીય સ્ત્રીઓ શોકરૂપી અગ્નિથી જર્જરિત થઈ રહી હતી, તેમની શરીરયષ્ટિ કંપિત થઈ રહી હતી અને નેત્ર મૂર્ચ્છાથી નિમીલિત થઈ રહ્યા હોવાથી જમીન પર પડી ગઈ! કેટલીય દેવીઓ 'હા નાથ! આપ ક્યાં જઈ રહ્યા છો? ક્યાં જઈને અમારા લોકોની પ્રતીક્ષા કરશો અને હજી કેટલું દૂર જવું છે?' આમ વારંવાર બોલતી મૂર્ચ્છિત થઈ રહી હતી. તે દેવીઓ શોકથી શરીરમાં મ્લાનતાને, વચનોમાં ગદ્ગદ્તાને અને નેત્રોમાં આસુઓને ધારણ કરી રહી હતી. હે બાળા! રોઈને અમંગળ ન કર—આ પ્રકારે ટોકવાથી સ્ત્રીઓએ રડવાનું તો બંધ કરી દીધું હતું, પરંતુ તેમના આંસુ નેત્રોની અંદર જ અટકી ગયા હતા, તેથી તેઓ એવી જણાતી હતી કે જાણે શોકથી ફૂટી જ રહી હોય!

કોઈ સ્ત્રી પ્રસ્થાનકાળના મંગળનો ભંગ કરવા માટે અસમર્થ હતી, તેથી તેણે આંસુઓને નીચે પડતા રોકી લીધા, પરંતુ આમ કરવાથી તેના નેત્ર આંસુઓથી ભરાઈ ગયા હતા જેથી તે એવી જણાતી હતી કે જાણે નેત્રોની પૂતળીઓના છળથી શોકની અંદર જ પ્રવિષ્ટ થઈ ગઈ હોય! વેગથી ચાલવાના કારણે કેટલીય સ્ત્રીઓના હાર તૂટી ગયા હતા અને તેના મોતી વિખરાઈ ગયા હતા, તે વિખરાયેલા મોતીઓથી તે એવી જણાતી હતી કે જાણે મોતીઓના છળથી આંસુઓના મોટા-મોટા ટીપા જ પડી રહ્યા હોય! કેટલીય સ્ત્રીઓના વાળ ખૂલીને નીચે લટકવા લાગ્યા હતા, તેમાં લાગેલા ફૂલોની માળાઓ નીચે પડી રહી હતી અને આંખમાંથી આંસુ વહી રહ્યા હતા. આ રીતે, તેઓ શોચનીય અવસ્થાને ધારણ કરી રહી હતી. કેટલીય સ્ત્રીઓ શોકથી અત્યંત વિહ્વળ થઈ ગઈ હતી, તેથી લોકોએ તેમને પાલખીમાં બેસાડી દીધી હતી તથા અનેક પ્રકારથી સાંત્વના આપીને સમજાવી હતી, તેથી તેઓ કોઈપણ રીતે જીવિત રહી ગઈ હતી. ધીરવીર પરંતુ ચંચળ નેત્રોવાળી કેટલીય રાજપત્નીઓ પોતાના સ્વામીના વૈભવથી જ (દેવો દ્વારા કરવામાં આવેલા સન્માનથી જ) સંતુષ્ટ થઈ ગઈ હતી, તેથી તે પતિવ્રતાઓ વિના કોઈ આકુળતાથી ભગવાનની પાછળ-પાછળ જઈ રહી હતી.


હે માતા! આ ભગવાનનું મંગળ પ્રસ્થાન થઈ રહ્યું છે, તેથી વધારે રડવું સારું નથી, ધીરે-ધીરે ભગવાનની પાછળ ચાલવું જોઈએ, શોક ન કરો. હે દેવી! જલ્દી કરો, શોકના વેગને રોકો. આ જુઓ, દેવલોકો ભગવાનને લઈને જઈ રહ્યા છે. હજી આપણા પુણ્યોદયથી ભગવાન આપણને દૃષ્ટિગોચર થઈ રહ્યા છે. આ રીતે, અંતઃપુરની વૃદ્ધ સ્ત્રીઓ દ્વારા સમજાવવામાં આવતા યશસ્વતી અને સુનંદા દેવી ચાલી જઈ રહી હતી. આ વિષયમાં વધારે કહેવાથી શું લાભ છે? તે દેવીઓએ ભગવાનના જવાના સમાચાર સાંભળતાં જ પોતાના છત્ર, ચમર આદિ બધા જ પરિગ્રહ છોડી દીધા હતા અને ભગવાનની પાછળ ચાલવા લાગી હતી. ભગવાનને કોઈ પ્રકારની વ્યાકુળતા ન થાય તેનો વિચાર કરી તેમની સાથે જવાવાળા વૃદ્ધ પુરુષોએ 'આ ભગવાનની આજ્ઞા છે' આમ કહીને કોઈ એક સ્થાન પર અંતઃપુરની બધી જ સ્ત્રીઓના સમૂહને રોકી દીધી અને જેવી રીતે નદીઓનો વધેલો પ્રવાહ સમુદ્રથી રોકાઈ જાય છે, તેવી જ રીતે તે રાણીઓનો સમૂહ પણ વૃદ્ધ પુરુષો દ્વારા રોકાઈ ગયો હતો. આ રીતે, રાણીઓ લાંબો અને ગરમ શ્વાસ લઈને આગળ ન જઈ શકવાથી નિરાશ થઈને પોતાના સૌભાગ્યની નિંદા કરતી થકી પાછી

ફરી હતી, પરંતુ સ્વામીની ઈચ્છાનુસાર ચાલવાવાળી યશસ્વતી અને સુનંદા બંને મહાદેવીઓ અંતઃપુરની મુખ્ય-મુખ્ય સ્ત્રીઓથી પરિવૃત્ત થઈને પૂજાની સામગ્રી લઈને ભગવાનની પાછળ-પાછળ જઈ રહી હતી, તે સમયે મહારાજ નાભિરાય પણ મરૂદેવી તથા સેંકડો રાજાઓથી પરિવૃત્ત થઈને ભગવાનના તપકલ્યાણકનો ઉત્સવ જોવા માટે તેમની પાછળ-પાછળ જઈ રહ્યા હતા. સમ્રાટ ભરત પણ નગરનિવાસી, મંત્રી, ઉચ્ચ વંશમાં ઉત્પન્ન થયેલા રાજા અને પોતાના નાના ભાઈઓની સાથે-સાથે ઘણી જ વિભૂતિ લઈને ભગવાનની પાછળ-પાછળ ચાલી રહ્યો હતો. ભગવાને આકાશમાં થોડે દૂર જઈને કે જ્યાંથી લોકો તેમને સારી રીતે જોઈ શકતા હતા, ઉપર કહેલા મંગળ આરંભપૂર્વક પ્રસ્થાન કર્યું. આ રીતે, જગદ્‌ગુરુ ભગવાન વૃષભદેવ અત્યંત વિસ્તૃત **'સિદ્ધાર્થક'** નામના વનમાં જઈ પહોંચ્યા, તે વન અયોધ્યાપુરીથી ન તો ખૂબ દૂર હતું અને ન એકદમ નજીક જ હતું.

ઈન્દ્રોની સેના પણ આકાશ અને પૃથ્વીને વ્યાપ્ત કરતી થકી એ સિદ્ધાર્થક વનમાં જઈ પહોંચી. તે વનમાં અનેક પક્ષી શબ્દ કરી રહ્યા હતા, તેથી એવું જણાતું હતું કે જાણે ઈન્દ્રોની સેનાને જ બોલાવી રહ્યા હોય ! તે વનમાં દેવોએ એક શિલા પહેલાંથી જ સ્થાપિત કરી રાખી હતી. તે શિલા ખૂબ જ વિસ્તૃત હતી, પવિત્ર હતી અને ભગવાનના પરિણામ સમાન ઉન્નત હતી. તે શિલા ચંદ્રકાંતમણિઓની બનેલી હતી અને ચંદ્રની સુંદર શોભાને હાંસી ઉડાવી રહી હતી કે જેથી એવું જણાતું હતું કે જાણે એક જગ્યાએ ભેગો થયેલો ભગવાનનો નિર્મળ યશ જ હોય! તે શિલા સ્વભાવથી જ દૈદીપ્યમાન હતી, રમણીય હતી અને તેમનો ઘેરાવ એકદમ ગોળ હોવાથી તે એવી જણાતી હતી કે જાણે ભગવાનના તપકલ્યાણકની વિભૂતિ જોવા માટે સિદ્ધક્ષેત્ર જ પૃથ્વી ઉપર ઉતરી આવ્યું હોય! વૃક્ષોની શીતળ છાયાથી સૂર્યનો આતાપ રોકાઈ ગયો હતો અને ચારે તરફ લાગેલા વૃક્ષોની શાખાઓના અગ્રભાગથી તેના ઉપર ફૂલોના સમૂહ પડી રહ્યા હતા. તે શિલા ઘસેલા ચંદન દ્વારા કરવામાં આવેલા માંગલિક છાંટાઓથી યુક્ત હતી તથા તેના ઉપર ઈન્દ્રાણીએ પોતાના હાથથી રત્નોના ચૂર્ણના ઉપહાર કર્યા હતા. તે શિલા ઉપર મોટા-મોટા વસ્ત્રો દ્વારા આશ્ચર્યકારી મંડપ બનાવવામાં આવ્યો હતો તથા મંદ-મંદ પવનથી હલતી અનેક રંગની પતાકાઓથી તેની ઉપરનું આકાશ વ્યાપ્ત થઈ રહ્યું હતું. તે શિલાની ચારે તરફ ઊઠતા ધૂપના ધૂમાડાથી દિશાઓ સુગંધિત થઈ ગઈ હતી તથા તે શિલાની નજીક જ અનેક મંગળ દ્રવ્યરૂપી સંપદાઓ રાખી હતી.

આ રીતે, જેમાં અનેક ગુણ વિદ્યમાન છે તથા જે ઉત્તમ ઘરના લક્ષણોથી સહિત છે એવી તે ઉત્તમ શિલા ઉપર, દેવો દ્વારા પૃથ્વી ઉપર રાખવામાં આવેલી પાલખીમાંથી ભગવાન વૃષભદેવ ઉતર્યા. તે શિલાપટ્ટને જોતાં જ ભગવાનને જન્માભિષેકની વિભૂતિ ધારણ કરવાવાળી પાંડુક શિલાનું સ્મરણ થઈ આવ્યું. ત્યારબાદ, ભગવાને ક્ષણવાર તે શિલા પર બિરાજમાન થઈને મનુષ્ય, દેવ તથા ધરણેન્દ્રોથી ભરેલી તે સભાને યથાયોગ્ય ઉપદેશ દ્વારા સન્માનિત કર્યા. તે ભગવાન જગતના બંધુ હતા અને સ્નેહરૂપી બંધનથી રહિત હતા. જોકે તેઓ દીક્ષા ધારણ કરવા માટે પોતાના બંધુવર્ગથી એકવાર અનુમતિ લઈ ચૂક્યા હતા, તેમ છતાં તે સમયે તેમણે ફરીવાર ગંભીરવાણી દ્વારા તેમનાથી દીક્ષા લેવા માટે અનુમતિ મેળવી.

ત્યારબાદ, જ્યારે લોકોનો કોલાહલ શાંત થઈ ગયો હતો, બધા લોકો પાછા ચાલ્યા ગયા હતા. પ્રાતઃકાળના ગંભીર મંગળનો પ્રારંભ થઈ રહ્યો હતો અને ઈન્દ્ર સ્વયં ભગવાનની પરિચર્યા કરી રહ્યો હતો ત્યારે જેમણે અંતરંગ અને બહિરંગ પરિગ્રહ છોડી દીધા છે અને પરિગ્રહ રહિત રહેવાની પ્રતિજ્ઞા કરી છે, જેઓ સંસારની બધી જ વસ્તુઓમાં સમતાભાવનો વિચાર કરી રહ્યા છે અને જેઓ શુભભાવનાથી સહિત છે એવા તે ભગવાન વૃષભદેવે યવનિકા(પડદા)ની અંતર મોહનીય કર્મનો નાશ કરવા માટે વસ્ત્ર, આભૂષણ તથા માળા વગેરેનો ત્યાગ કર્યો. જે આભૂષણ પહેલાં ભગવાનના શરીર પર ખૂબ જ દૈદીપ્યમાન થઈ રહ્યા હતા, તે જ આભૂષણ તે સમયે ભગવાનના શરીરથી પૃથક્ થઈ જવાના કારણે કાંતિ રહિત અવસ્થાને પ્રાપ્ત થઈ રહ્યા હતા. બરાબર જ છે કે સ્થાનભ્રષ્ટ થઈ જતાં કઈ કાંતિ રહી શકે છે? અર્થાત્ કાંઈપણ નહીં. જેમાં નિષ્પરિગ્રહતાની મુખ્યતા છે એવા વ્રતોની ભાવના કરી ભગવાન વૃષભદેવે દાસી, દાસ, ગાય, બળદ આદિ જેટલો પણ કાંઈ ચેતન પરિગ્રહ હતો અને મણિ, મુક્તા, મૂંગા(લાલ રત્ન) આદિ જે કાંઈપણ અચેતન પરિગ્રહ હતો, તે બધાનો જ અપેક્ષા રહિત થઈ પોતાની, દેવોની અને સિદ્ધોની સાક્ષીપૂર્વક પરિત્યાગ કરી દીધો હતો. ત્યારબાદ, ભગવાન પૂર્વદિશા તરફ મુખ કરીને પદ્માસનથી બિરાજમાન થયા અને સિદ્ધ પરમેષ્ઠીને નમસ્કાર કરી તેમણે પંચમુષ્ટિ દ્વારા કેશલોંચ કર્યો. ધીરવીર ભગવાન વૃષભદેવે મોહનીયકર્મની મુખ્યલતાઓ સમાન ઘણી કેશરૂપી લતાઓનો લોંચ કરી દિગંબરરૂપના ધારક થતાં થકા જિનદીક્ષા ધારણ કરી.


રત્નોના અર્ઘ વડે ભગવાન આદિનાથની પૂજા
કરતા ચક્રવર્તી ભરત

ત્યારબાદ, ભગવાને સમસ્ત પાપારંભથી વિરક્ત થઈને સામાયિક ચારિત્ર ધારણ કર્યું તથા વ્રત, ગુપ્તિ, સમિતિ આદિ ચારિત્રના ભેદ ગ્રહણ કર્યા. ભગવાન વૃષભદેવે ચૈત્ર મહિનાના કૃષ્ણપક્ષની નવમીના દિવસે સાંજના સમયે દીક્ષા ધારણ કરી હતી. તે દિવસે શુભ મુહૂર્ત હતું, શુભ લગ્ન હતા અને ઉત્તરાષાઢ નક્ષત્ર હતું. ભગવાનના મસ્તક પર ચિરકાળપર્યંત નિવાસ કરવાથી પવિત્ર થયેલા કેશને ઈન્દ્રએ પ્રસન્નચિત્ત થઈને રત્નના પટારામાં રાખી લીધા હતા. સફેદ વસ્ત્રથી પરિવૃત્ત તે મોટા રત્નના પટારામાં રાખેલા ભગવાનના કાળા કેશ એવા સુશોભિત થઈ રહ્યા હતા કે જાણે ચંદ્રના કાળા ચિહ્નના અંશ જ હોય! 'આ કેશ ભગવાનના મસ્તકના સ્પર્શથી અત્યંત શ્રેષ્ઠ અવસ્થાને પ્રાપ્ત થયા હોવાથી ઈન્દ્રએ ઉપદ્રવ રહિત કોઈ યોગ્યસ્થાનમાં સ્થાપિત કરવા જોઈએ. પાંચમો ક્ષીર સમુદ્ર સ્વભાવથી જ પવિત્ર હોવાથી તેની ભેટ કરી તેના જ પવિત્ર જળમાં આને સ્થાપિત કરવા જોઈએ. આ કેશ ધન્ય છે કે જે જગતના સ્વામી ભગવાન વૃષભદેવના મસ્તક પર અધિષ્ઠિત થયા હતા તથા આ ક્ષીરસમુદ્ર પણ ધન્ય છે કે જે આ કેશને ભેટ સ્વરૂપ પ્રાપ્ત કરશે.'—આવો વિચાર કરી ઈન્દ્રએ તે કેશને આદર સહિત ઉપાડ્યા અને ઘણી જ વિભૂતિ સાથે લઈ જઈને ક્ષીરસમુદ્રમાં પધરાવ્યા. **મહાપુરુષોનો આશ્રય કરવાથી મલિન—નીચ પુરુષ પણ પૂજ્યતાને પ્રાપ્ત થઈ જાય છે,** તે વાત એકદમ બરાબર છે કારણ કે ભગવાનનો આશ્રય કરવાથી મલિન-કાળા વાળ પણ પૂજાને યોગ્ય થયા હતા. ભગવાને જે વસ્ત્ર, આભૂષણ વગેરેનો ત્યાગ કર્યો હતો તે બધાની જ દેવો દ્વારા અસાધારણ પૂજા કરવામાં આવી હતી.

તે સમયે ચાર હજાર અન્ય રાજાઓએ પણ દીક્ષા ધારણ કરી હતી. તે રાજા ભગવાનનો અભિપ્રાય જાણતા ન હતા, ફક્ત સ્વામીભક્તિથી પ્રેરિત થઈને જ દીક્ષિત થયા હતા. 'જે અમારા સ્વામીને સારું લાગે છે, તે જ અમને લોકોને પણ વિશેષરૂપથી સારું લાગવું જોઈએ' આ જ વિચાર કરીને તે રાજાઓ દીક્ષિત થઈને દ્રવ્યલિંગી સાધુ થઈ ગયા હતા. સ્વામીના અભિપ્રાય અનુસાર ચાલવાનું સેવકોનું કાર્ય છે—આમ વિચાર કરીને જ મૂઢતાપૂર્વક માત્ર દ્રવ્યની અપેક્ષાએ તે રાજાઓ નિર્ગ્રંથ અવસ્થાને પ્રાપ્ત થયા હતા. ભાવોની અપેક્ષાએ નહીં, મોટા-મોટા વંશમાં ઉત્પન્ન થયેલા તે રાજાઓ ભગવાનમાં પોતાની ઉત્કૃષ્ટ ભક્તિ પ્રગટ કરવા ઈચ્છતા હોવાથી તેઓએ ભગવાન જેવી નિર્ગ્રંથ વૃત્તિને ધારણ કરી હતી. આલોક અને પરલોક સંબંધી બધા જ કાર્યોમાં આપણને આપણા ગુરુ—ભગવાન

વૃષભદેવ જ પ્રમાણભૂત છે —એવો વિચાર કરી કચ્છ આદિ ઉત્તમ-ઉત્તમ રાજાઓએ દીક્ષા ધારણ કરી હતી. તે રાજાઓમાંથી કેટલાય સ્નેહથી, કેટલાય મોહથી અને કેટલાય ભયથી ભગવાન વૃષભદેવને દીક્ષિત થતાં જોઈને દીક્ષિત થયા હતા. જેમનો સંયમ પ્રગટ થયો નથી એવા તે દ્રવ્યલિંગી મુનિઓથી ઘેરાયેલા ભગવાન વૃષભદેવ એવા સુશોભિત થતાં હતા કે જાણે નાના-નાના કલ્પવૃક્ષોથી ઘેરાયેલું કોઈ ઉન્નત વિશાળ કલ્પવૃક્ષ જ હોય! જો કે ભગવાનનું તેજ સ્વભાવથી જ દૈદીપ્યમાન હતું, તેમ છતાં તે સમયે તપની દીપ્તિથી તે વધારે દૈદીપ્યમાન થઈ ગયું હતું. એવા તેજને ધારણ કરવાવાળા ભગવાન તે સૂર્ય સમાન અતિશય દૈદીપ્યમાન થવા લાગ્યા હતા કે જેનો સ્વભાવભાસ્વર(તેજસ્વી) તેજ શરદ ઋતુને કારણે અતિશય પ્રદીપ્ત થઈ ગયો છે. જેવી રીતે અગ્નિની જ્વાળાથી તપાવેલું સુવર્ણ અતિશય શોભાયમાન હોય છે, તેવી જ રીતે ઉત્કૃષ્ટ કાંતિથી અત્યંત સુંદર ભગવાનનું નગ્ન રૂપ અતિશય શોભાયમાન થઈ રહ્યું હતું.

ત્યારબાદ, દેવોએ જેમની પૂજા કરી છે એવા ભગવાન આદિનાથ દીક્ષારૂપી લતાથી આલિંગીત થઈને કલ્પવૃક્ષ સમાન સુશોભિત થઈ રહ્યા હતા, તે સમયે ભગવાનનું અનુપમ રૂપ અતિશય દૈદીપ્યમાન થઈ રહ્યું હતું. તે રૂપને ઈન્દ્ર હજાર નેત્રોથી જોવા છતાં પણ તૃપ્ત થતો ન હતો. ત્યારબાદ, સ્વર્ગના ઈન્દ્રોએ અતિશય સંતુષ્ટ થઈએ ત્રણેય લોકના સ્વામી—ઉત્કૃષ્ટ જ્યોતિસ્વરૂપ અને વાચસ્પતિ અર્થાત્ સમસ્ત વિદ્યાના અધિપતિ ભગવાન વૃષભદેવની આ પ્રકારે ઉંચા સ્વરથી સ્તુતિ કરી : હે સ્વામી! આપ જગતના સૃષ્ટા છો—કર્મરૂપી જગતની વ્યવસ્થા કરવાવાળા છો, સ્વામી છો અને અભિષ્ટફળના આપવાવાળા હોવાથી અમે લોકો અમારા અનિષ્ટોનો નાશ કરવા માટે આપની સારી રીતે સ્તુતિ કરી રહ્યા છીએ. હે ભગવાન! અમારા જેવા જીવ આપના અનંતગુણોની સ્તુતિ કેવી રીતે કરી શકીએ? તેમ છતાં અમે લોકો ભક્તિવશ સ્તુતિના છળથી માત્ર આપના આત્માની ઉન્નતિને વિસ્તૃત કરી રહ્યા છીએ. હે ઈશ! જેવી રીતે મેઘનું આવરણ દૂર થવાથી સૂર્યના કિરણો સ્ફૂરિત થઈ જાય છે, તેવી જ રીતે દ્રવ્યકર્મ અને ભાવકર્મરૂપી બહિરંગ તથા અંતરંગ મળ દૂર થઈ જવાથી આપના ગુણ સ્ફુરિત થઈ રહ્યા છે. હે ભગવાન! આપ જિનવાણી સમાન મનુષ્યલોકને પવિત્ર કરવાવાળી પુણ્યરૂપ નિર્મળ જિનદીક્ષા ધારણ કરી રહ્યા છો. આ ઉપરાંત આપ બધાનું હિત કરવાવાળા અને સુખ આપવાવાળા હોવાથી આપને નમસ્કાર છે!

હે ભગવાન! આપની આ પારમેશ્વરી દીક્ષા ગંગા નદી સમાન જગત્ત્રયનો સંતાપ દૂર કરવાવાળી છે અને ત્રણેય જગતને મુખ્યરૂપથી પવિત્ર કરવાવાળી છે એવી આ આપની દીક્ષા અમને લોકોને સદાય પવિત્ર કરે! હે ભગવાન! આપની આ દીક્ષા ધનની ધારા સમાન અમને લોકોને સંતુષ્ટ કરી રહી છે કારણ કે જેવી રીતે ધનની ધારા સુવર્ણા અર્થાત્ સુવર્ણમય હોય છે, તેવી જ રીતે આ દીક્ષા પણ સુવર્ણા અર્થાત્ ઉત્તમ યશ સહિત છે. ધનની ધારા જેવી રીતે રુચિરા અર્થાત્ કાંતિયુક્ત—મનોહર હોય છે, તેવી જ રીતે આ દીક્ષા રુચિરા—સમ્યક્ત્વભાવને આપવાવાળી છે. ધનની ધારા જેવી રીતે હૃદ્યા અર્થાત્ હૃદયને પ્રિય લાગે છે, તેવી જ રીતે આ દીક્ષા પણ હૃદ્યા અર્થાત્ સંયમીજનોના હૃદયને પ્રિય લાગે છે અને ધનની ધારા જેવી રીતે દૈદીપ્યમાન રત્નોથી અલંકૃત હોય છે, તેવી જ રીતે આ દીક્ષા પણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી દૈદીપ્યમાન રત્નોથી અલંકૃત છે. હે ભગવાન! મુક્તિ માટે ઉદ્યોત કરવાવાળા આપ તત્કાલીન પોતાના નિર્મળ પરિણામો દ્વારા પહેલાં જ પ્રબુદ્ધ થઈ ચૂક્યા હતા, લૌકાંતિક દેવોએ તો નિયોગવશ પાછળથી આવીને પ્રતિબોધિત કર્યા હતા. હે મુનિનાથ! જગતની સૃષ્ટિ કરવાવાળા આપના દીક્ષા ધારણ કરવાના વિષયમાં જે આ અભિપ્રાય થયો છે તે આપને સ્વયં જ પ્રાપ્ત થયો છે, તેથી આપ સ્વયંબુદ્ધ છો! હે નાથ! આપ રાજ્યલક્ષ્મીના ભોગને અયોગ્ય તથા ચંચળ સમજીને જ ક્લેશ નષ્ટ કરવા માટે નિર્વાણ દીક્ષાને પ્રાપ્ત થયા છો.

હે ભગવાન! મત્ત હાથીની જેમ સ્નેહરૂપી ખૂંટો ઉખાડીને વનમાં પ્રવેશ કરતાં થકા આપને આજે કોઈપણ રોકી શકતું નથી. હે દેવ! આ ભોગ સ્વપ્નમાં ભોગવેલા ભોગો સમાન છે, આ સંપદા નષ્ટ થઈ જવાવાળી છે અને આ જીવન પણ ચંચળ છે એમ વિચારીને આપે અવિનાશી મોક્ષમાર્ગમાં પોતાનું મન લગાવ્યું છે. હે ભગવાન! આપ ચંચળ લક્ષ્મીને દૂર કરી, સ્નેહરૂપી બંધનને તોડીને અને ધનને ધૂળની જેમ ઉડાવીને મુક્તિ સાથે જઈ મળશો. હે ભગવાન! આપ રતિ વિના જ અર્થાત્ વીતરાગ હોવા છતાં પણ રાજ્યલક્ષ્મીમાં ઉદાસીનતાને અને મુક્તિલક્ષ્મીમાં પરમ હર્ષને પ્રગટ કરતાં થકા તપરૂપી લક્ષ્મીમાં આસક્ત થઈ ગયા છો, તે એક આશ્ચર્યની વાત છે! હે સ્વામી! આપ રાજ્યલક્ષ્મીથી વિરક્ત છો, તપરૂપી લક્ષ્મીમાં અનુરક્ત છો અને મુક્તિરૂપી લક્ષ્મીમાં ઉત્કંઠિત હોવાથી એવું જણાય છે કે આપની વિરાગતા નષ્ટ થઈ ગઈ છે! હે ભગવાન! આપે હેય અને ઉપાદેય વસ્તુઓને જાણીને છોડવાયોગ્ય સમસ્ત વસ્તુઓને છોડી દીધી છે અને ઉપાદેયને આપ ગ્રહણ કરવા ઈચ્છો છો, એવી દશામાં આપ

સમદર્શી કેવી રીતે રહી શકો છો? આપ પરાધીન સુખને છોડીને સ્વાધીન સુખ પ્રાપ્ત કરવા ઈચ્છો છો તથા અલ્પ વિભૂતિને છોડીને વિશાળ વિભૂતિને પ્રાપ્ત કરવા ઈચ્છો છો, એવી દશામાં આપનો પૂર્ણ ત્યાગ ક્યાં રહ્યો? હે નાથ! યોગીઓનું આત્મજ્ઞાન માત્ર તેમના હૃદયને જાણે છે, પરંતુ આપ પોતાના સમાન પરપદાર્થોને જાણો છે, તેથી આપનું આત્મજ્ઞાન કેવું છે? હે નાથ! સમસ્ત સુર અને અસુર પહેલાંની જેમ હજી પણ આપની પરિચર્યા કરી રહ્યા છે અને આ લક્ષ્મી પણ ગુપ્તરૂપથી આપની સેવા કરી રહી છે, તો પછી આપને તપનો ભાવ ક્યાંથી આવ્યો? અર્થાત્ આપ તપસ્વી કેવી રીતે કહેવાયા?

હે ભગવાન! જો કે આપે નિર્ગ્રંથ વૃત્તિ ધારણ કરી સુખ પ્રાપ્ત કરવાનો અભિપ્રાય પણ નષ્ટ કરી દીધો છે, તેમ છતાં કુશળ પુરુષ આપને જ સુખી કહે છે. હે પ્રભો! આપ મતિ-શ્રુત-અવધિજ્ઞાનરૂપી ત્રણેય શક્તિઓને ધારણ કરી કર્મરૂપી શત્રુઓની સેનાને ખંડિત કરવા ઈચ્છો છો, તેથી આપ તપશ્ચરણરૂપી રાજ્યમાં આજે પણ આપનો વિજિગીષુભાવ અર્થાત્ શત્રુઓને જીતવાની ઈચ્છા વિદ્યમાન છે. હે ઈશ! આપ મોહરૂપી ગાઢ અંધકારને નષ્ટ કરવા માટે પ્રકાશમાન જ્ઞાનરૂપી દીપકને લઈને ચાલો છો, તેથી આપ ક્લેશરૂપી ખાડામાં પડીને ક્યારેય પણ દુઃખી નથી થતા. હે ભટ્ટારક! જ્ઞાનાવરણાદિ આઠ કર્મોની જે આ વિશાળ ભટ્ટી બનેલી છે, તેમાં આ આપની ધ્યાનરૂપી અગ્નિની ઉંચી શીખા ભભકી રહી છે. હે સમસ્ત પદાર્થોને જાણવાવાળા સર્વજ્ઞદેવ! આ જે હર્યુભર્યું આઠે કર્મોનું વન છે, તેને નષ્ટ કરવા માટે આપે આ રત્નત્રયરૂપી કુહાડી હાથમાં લીધી છે. હે ભગવાન! કોઈ બીજી જગ્યાએ ન જોવા મળતી આપની આ જ્ઞાન અને વૈરાગ્યરૂપી સંપત્તિ જ આપને મોક્ષ પ્રાપ્ત કરવાવા માટે તથા શરણમાં આવેલા ભક્ત પુરુષોના સંસારનો નાશ કરવા માટે સમર્થ સાધન છે. હે પ્રભો! આ રીતે, આપ સ્વ-પરનું હિત કરવાવાળી ઉત્કૃષ્ટ જ્ઞાનરૂપી સંપત્તિને ધારણ કરવાવાળા છો, તેમ છતાં પરમ વીતરાગ છો, તેથી આપને નમસ્કાર છે ! આ પ્રકારે સ્તુતિ કરી ઈન્દ્રગણ ભગવાનના ગુણની પવિત્ર સ્તુતિ પોતાના હૃદયમાં ધારણ કરી પોતપોતાના સ્થાને ચાલ્યા ગયા.

ત્યારબાદ, લક્ષ્મીવાન મહારાજ ભરતે પણ ભક્તિના ભારથી અતિશય નમ્ર થઈને અનેક પ્રકારના વચનરૂપી માળાઓ દ્વારા પોતાના પૂજ્ય પિતાની પૂજા કરી અર્થાત્ સુંદર શબ્દો દ્વારા તેમની સ્તુતિ કરી. ત્યારબાદ, તે જ ભરત મહારાજે ખૂબ જ ભક્તિથી સુગંધિત જળની ધારા, ગંધ, પુષ્પ, અક્ષત, દીપ, ધૂપ અને અર્ઘથી, સમાધિને

પ્રાપ્ત અર્થાત્ આત્મધ્યાનમાં લીન થયેલા અને મોક્ષપ્રાપ્તિરૂપ પોતાના કાર્યમાં સદાય સાવધાન રહેવાવાળા, મોહનીય કર્મના વિજેતા ભગવાન વૃષભદેવની પૂજા કરી. આ રીતે, જે ભગવાનના ચરણોની પૂજા કરી ચૂક્યા છે, જેમના બંને ગોઠણ પૃથ્વી પર લાગેલા છે અને જેમના નેત્રોથી હર્ષના આંસુ નીકળી રહ્યા છે એવા રાજા ભરતે પોતાના ઉત્કૃષ્ટ મુગુટમાં લાગેલા મણિઓના કિરણરૂપ સ્વચ્છ જળના સમૂહથી ભગવાનના ચરણકમલનું પ્રક્ષાલન કરતાં થકા ભક્તિથી નમ્ર થયેલા પોતાના મસ્તકથી તે જ ભગવાનના ચરણોમાં નમસ્કાર કર્યા. જેમણે ઉત્તમ-ઉત્તમ અર્થ તથા અલંકારોથી પ્રશંસા કરવાયોગ્ય અને પાપોને નષ્ટ કરવાવાળી અનેક સ્તુતિઓથી ગુરુભક્તિ પ્રગટ કરી છે અને જે વિશાળ વિભૂતિથી સહિત છે એવા રાજા ભરત, અનેક રાજપુત્રો અને પોતાના નાના ભાઈઓની સાથે સાથે અયોધ્યા સન્મુખ થયા.

ત્યારબાદ, જ્યારે સૂર્ય પોતાના મંદ કિરણોના અગ્રભાગથી પશ્ચિમદિશારૂપી સ્ત્રીના મુખનો સ્પર્શ કરી રહ્યો હતો અને વાયુ શોભાયમાન પતાકાઓના સમૂહને ધીરે-ધીરે હલાવી રહ્યો હતો, ત્યારે પોતાની આજ્ઞા સમાન ઉલ્લંઘન કરવાને અયોગ્ય અયોધ્યાપુરીમાં મહારાજ ભરતે પ્રવેશ કર્યો. જેઓ વિશાળ અભ્યુદયના ધારક છે અને જેઓ ભાવી ચક્રવર્તી છે એવા રાજા ભરત તે જ અયોધ્યાપુરીમાં રહીને દૂરથી જ આદરપૂર્વક ભગવાન વૃષભદેવની પરિચર્યા કરતાં હતા. તેમણે પોતાના રાજ્યમાં બધા જ મનુષ્યોનો ઉપકાર કરવાવાળી વૃત્તિ—આજીવિકાનો વિસ્તાર કર્યો હતો. તેઓ પોતાના ભાઈઓને સદાય હર્ષિત રાખતા હતા અને ગુરુજનોનું આદર સહિત સન્માન કરતાં હતા. આ રીતે, તેઓ કેવળ એક છત્રથી ચિહ્નિત પૃથ્વીનું ચિરકાળપર્યંત પાલન કરતાં રહ્યા.

આ રીતે, રાજાધિરાજ ભરત તપકલ્યાણકના સમયે ભગવાન વૃષભદેવની યથોચિત પૂજા કરી નાના ભાઈઓની સાથે-સાથે પોતાની અયોધ્યાપુરીમાં પાછા ફર્યા અને ત્યાં જેવી રીતે પહેલાં જિનેન્દ્રદેવ ભગવાન વૃષભનાથ દિશાઓનું પાલન કરતાં હતા, તેવી જ રીતે તેઓ પણ પ્રતિદિન પ્રાતઃકાળ રાજાઓના સમૂહની સાથે ઊઠીને ભક્તિપૂર્વક ગુરુદેવનું સ્મરણ કરતાં થકા શત્રુમંડળને નષ્ટ કરી સમસ્ત દિશાઓનું પાલન કરવા લાગ્યા.

આ રીતે, આર્ષ નામથી પ્રસિદ્ધ ભગવજ્જિનસેનાચાર્ય-વિરચિત ત્રિષષ્ટીલક્ષણ મહાપુરાણ સંગ્રહમાં ભગવાનના તપકલ્યાણકનું વર્ણન કરવાવાળો સત્તરમો અધ્યાય સમાપ્ત થયો.

# અધ્યાય અઠારમો

ત્યારબાદ, સમસ્ત લોકના અધિપતિ ભગવાન વૃષભદેવ શરીરથી મમત્વ છોડીને તથા તપોયોગમાં સાવધાન થઈ મૌન ધારણ કરી મોક્ષ પ્રાપ્તિ માટે સ્થિત થયા. યોગોની એકાગ્રતાથી જેમણે મન તથા બાહ્ય ઈન્દ્રિયોના સમસ્ત વિકારોને રોકી દીધા છે એવા ધીરવીર મહાસંતોષી ભગવાન છ મહિનાના ઉપવાસની પ્રતિજ્ઞા કરી સ્થિર થયા હતા. તે ભગવાન સમ, સીધી અને લાંબી જગ્યામાં કાયોત્સર્ગ ધારણ કરી ઊભા રહી ગયા હતા, તે સમયે તેમના બંને પગના અગ્રભાગમાં એક વિતસ્તિ અર્થાત્ બાર અંગુલનું અને એડીઓમાં ચાર અંગુલનું અંતર હતું. તે ભગવાન કઠીન શિલા પર પણ પોતાના ચરણકમળ રાખીને એ રીતે ઊભા રહી ગયા હતા કે જાણે લક્ષ્મી દ્વારા લાવીને રખાયેલા ગુપ્ત પદ્માસન ઉપર જ ઊભા હોય! તે અક્ષર અર્થાત્ અવિનાશી ભગવાન મનમાં જ અસ્પષ્ટ અક્ષરોથી કોઈ પાઠ કરી રહ્યા હતા જેથી એવા જણાતા હતા કે જાણે જેની ગુફાઓ અંદર છુપાયેલા નિર્ઝરણાઓના શબ્દથી ગુંજી રહી હોય એવો કોઈ પર્વત જ હોય! જેમાં બંને ભૂજાઓ નીચે તરફ લટકી રહી છે એવી અત્યંત પ્રસન્ન અને ઉજ્જ્વળ મૂર્તિને ધારણ કરતાં થકા તે ભગવાન એવા જણાતા હતા કે જાણે ધ્યાનની સિદ્ધિ માટે પ્રશમગુણની ઉત્કૃષ્ટ મૂર્તિ જ ધારણ કરી રહ્યા હોય! કેશોનો લોંચ થઈ જવાથી જેમનું ગોળ પરિમંડળ અત્યંત સ્પષ્ટ દેખાઈ રહ્યું હતું, જેમનું બ્રહ્મદ્વાર અતિશય દૈદીપ્યમાન હતું અને જે સૂર્યના મંડળની સાથે સ્પર્ધા કરી રહ્યું હતું એવા મસ્તકને તે ભગવાન ધારણ કરતાં હતા. જેમના નૈણ અત્યંત નિશ્ચળ હતા અને હોઠ ખેદ રહિત તથા મળેલા હતા એવા સુંદર મુખને ભગવાન ધારણ કરતાં હતા. તેમના મુખ ઉપર સુગંધિત નિશ્વાસની સુગંધથી જે ભ્રમરોનો સમૂહ ઉડી રહ્યો હતો, તે એવા જણાતા હતા કે જાણે અશુદ્ધ લેશ્યાઓનો અંશ જ બહાર નીકળી રહ્યો હોય! તેમની બંને ભૂજાઓ નીચે લટકી રહી હતી અને તેમનું શરીર અત્યંત દૈદીપ્યમાન તથા ઉંચું હતું તેથી, એવા જણાતા હતા કે જાણે અગ્રભાગમાં સ્થિત બે ઉંચી શાખાઓથી સુશોભિત એક કલ્પવૃક્ષ જ હોય!

તપશ્ચરણના મહાત્મ્યથી ઉત્પન્ન થયેલા કોઈને ન દેખાવાવાળા છત્રએ જો કે તેમના પર છાયા કરી રાખી હતી, તે છત્રની અભિલાષા ન હોવાથી તેઓ તેનાથી અપરિગ્રહી જ હતા. મંદ-મંદ વાયુથી જે સમીપવર્તી વૃક્ષોની શાખાઓના અગ્રભાગ હલી રહ્યા હતા તેનાથી તેઓ એવા જણાતા હતા કે જાણે વિના યત્નથી ઢોરવામાં આવતા ચમરોથી તેમનો ક્લેશ જ દૂર થઈ રહ્યો હોય! દીક્ષા લેતાં જ તેમને મનઃપર્યયજ્ઞાન પ્રાપ્ત થઈ ગયું હતું. તેથી મતિ-શ્રુત-અવધિ અને મનઃપર્યય આ ચાર જ્ઞાનોને ધારણ કરવાવાળા શ્રીમાન્ ભગવાન એવા જણાતા હતા કે જાણે જેમની અંદર દીપક બળી રહ્યો હોય એવો કોઈ મહેલ જ હોય! જેવી રીતે કોઈ રાજા મંત્રીઓ દ્વારા ચર્ચા કરવામાં આવતા પરલોક અર્થાત્ શત્રુઓને બધી રીતે સમજી લે છે, તેવી જ રીતે ભગવાન વૃષભદેવ પણ પોતાના સુદૃઢ ચાર જ્ઞાન દ્વારા બધા જીવોના પરલોક અર્થાત્ પૂર્વભવ આદિ બધુ જ જાણી રહ્યા હતા.

આ રીતે, ભગવાન વૃષભદેવ જ્યારે પરમ નિઃસ્પૃહ થઈ બિરાજમાન હતા, ત્યારે કચ્છ, મહાકચ્છ આદિ રાજાઓના ધૈર્યમાં ક્ષોભ ઉત્પન્ન થવા લાગ્યો. દીક્ષા ધારણ કર્યા ને બે-ત્રણ મહિના થયા ન હતા કે એટલામાં જ પોતાને મુનિ માનવાવાળા તે રાજાઓએ પરિષહરૂપી વાયુથી ભગ્ન થઈને શીઘ્ર જ ધૈર્ય છોડી દીધું હતું. ગુરુદેવ ભગવાન વૃષભદેવના અત્યંત કઠિન માર્ગ પર ચાલવામાં અસમર્થ થયેલા તે કલ્પિત મુનિ પોતપોતાનું અભિમાન છોડીને પરસ્પરમાં આ પ્રમાણે કહેવા લાગ્યા કે અહા! આશ્ચર્ય છે કે ભગવાનનું ધૈર્ય કેટલું છે! કેટલી સ્થિરતા છે અને તેમની જંઘાઓમાં કેટલું બળ છે! તેમને છોડીને એવું બીજું કોણ છે કે જે આવું સાહસ કરી શકે? હવે આ ભગવાન આ રીતે આળસ રહિત થઈને ક્ષુધા આદિથી ઉત્પન્ન થયેલી બાધાઓને સહેતા થકા નિશ્ચળ પર્વતની જેમ હજી કેટલા દિવસ ઊભા રહેશે? અમે સમજતા હતા કે ભગવાન એક દિવસ, બે દિવસ અથવા વધારેમાં વધારે ત્રણ-ચાર દિવસ સુધી ઊભા રહેશે, પરંતુ ભગવાન તો મહિનાઓ સુધી ઊભા રહીને અમને લોકોને ક્લેષિત કરી રહ્યા છે. જો સ્વયં ભોજન-પાન આદિ કરીને અને અમને લોકોને પણ ભોજન-પાન આદિથી સંતુષ્ટ કરીને પછી ઊભા રહેત તો સારી રીતે ઊભા રહેત, કોઈ તકલીફ ન હતી, પરંતુ આ તો એકદમ જ ઉપવાસ ધારણ કરીને ભૂખ, તરસ આદિનો કાંઈપણ પ્રતિકાર નથી કરી રહ્યા અને આ રીતે ઊભા રહીને અમારા લોકોનો નાશ કરી રહ્યા છે. ક્યા કાર્યના ઉદ્દેશ્યથી ભગવાન આ રીતે ઊભા રહ્યા હશે? રાજાઓને જે સંધિ, વિગ્રહ આદિ છ ગુણ હોય

છે તેમાંથી આ પ્રકારે ઊભા રહેવાનો કોઈપણ ગુણ નથી જોયો. અનેક ઉપદ્રવોથી ભરેલા આ વનમાં પોતાની રક્ષા વિના જ જે ભગવાન ઊભા છે તેનાથી એવું જણાય છે કે તેઓ નીતિના જાણકાર નથી, કારણ કે પોતાની રક્ષા પ્રયત્નપૂર્વક કરવી જોઈએ. ભગવાન પ્રાયઃ પ્રાણોથી વિરક્ત થઈને શરીર છોડવાની ચેષ્ટા કરે છે, પરંતુ અમે લોકો પ્રાણ હરણ કરવાવાળા આ તપથી ખિન્ન થઈ ગયા છીએ. તેથી જ્યાં સુધી ભગવાનના યોગની અવધિ છે અર્થાત્ જ્યાં સુધી તેમનું ધ્યાન સમાપ્ત નથી થતું, ત્યાં સુધી અમે લોકો વનમાં ઉત્પન્ન થયેલા કંદમૂળ, ફળ આદિ દ્વારા જ અમારી પ્રાણયાત્રા (જીવનનિર્વાહ) કરશું.

આ રીતે, કેટલાય કાયર પુરુષ તપસ્યાથી ઉદાસીન થઈને દીન વચન કહેતા થકા દીનવૃત્તિ ધારણ કરવા માટે તૈયાર થઈ ગયા. અમારે શું કરવું જોઈએ તે વિષયમાં મૂર્ખ રહેવાવાળા કેટલાય મુનિ પૂર્વાપર જાણવાવાળા ભગવાનની ચારે તરફ ઊભા રહી ગયા અને પોતાના અંતઃકરણને ક્યારેક નિશ્ચલ તથા ક્યારેક ચંચળ કરવા લાગ્યા. ભાવાર્થ—કેટલાય મુનિ સમજતા હતા કે ભગવાન પૂર્વાપરને જાણવાવાળા છે, તેથી અમારા લોકોનો પણ પૂર્વાપરનો વિચાર કરીને અમને લોકોને કાંઈને કાંઈ અવશ્ય કહેશે—એવો વિચાર કરી તેમની સમીપ જ ચારે તરફથી ઘેરીને ઊભા રહી ગયા. તે સમયે જ્યારે તેઓ ભગવાનના ગુણો તરફ દૃષ્ટિ કરતાં હતા ત્યારે તેમને કાંઈક ધૈર્ય પ્રાપ્ત થતું હતું અને જ્યારે પોતાની દીન અવસ્થા તરફ દૃષ્ટિ કરતાં હતા ત્યારે તેમની બુદ્ધિ ચંચળ થઈ જતી હતી–તેમનું ધૈર્ય છૂટી જતું હતું. તે મુનિઓ પરસ્પરમાં કહેતા હતા કે જ્યારે ભગવાન રાજ્યમાં સ્થિત હતા ત્યારે આપણે તેમના સૂઈ ગયા પછી સૂતા હતા, ભોજન કરી લીધા પછી ભોજન કરતાં હતા, ઊભા થયા પછી ઊભા થતા હતા અને ગમન કર્યા પછી ગમન કરતાં હતા તથા હવે જ્યારે ભગવાન તપમાં સ્થિત થયા અર્થાત્ જ્યારે ભગવાને તપશ્ચરણ કરવાનું શરૂ કર્યું ત્યારે અમે તપ પણ ધારણ કર્યું. આ રીતે, સેવકનું જે કાંઈપણ કાર્ય છે તે આપણે પહેલાં જ કરી ચૂક્યા છીએ, પરંતુ આપણા કુળ-અભિમાનનો તે સમય આજે આપણા પ્રાણોને સંકટ આપવાવાળો બની ગયો છે અથવા આ પ્રાણસંકટના સમયે આપણા કુળ-અભિમાનનો તે સમય નષ્ટ થઈ ગયો છે.

જ્યારથી ભગવાને વનમાં પ્રવેશ કર્યો છે ત્યારથી આપણે જળ પણ ગ્રહણ કર્યું નથી. ભોજનપાન વિના જ જ્યાં સુધી આપણે લોકો સમર્થ હતા ત્યાં સુધી ઊભા રહ્યા, પરંતુ હવે સામર્થ્યહીન થઈ ગયા છીએ, તેથી હવે

શું કરીએ? એવું જણાય છે કે ભગવાન અમારા ઉપર નિર્દય થઈ રહ્યા છે, તેઓ અમારી પાસે ખોટી તપસ્યા કરાવે છે. તેમની સાથે બરાબરીની સ્પર્ધા કરીને શું અમારા જેવા અસમર્થ લોકોએ મરી જવું જોઈએ? આ ભગવાન હવે ઘરે પાછા નહીં ફરે, તેમના પદનું અનુસરણ કરવા માટે કોણ સમર્થ છે? તેઓ સ્વચ્છંદચારી છે, તેથી તેમણે કરેલું કામ કોઈએ ન કરવું જોઈએ. શું મારી માતા જીવિત છે? શું મારા પિતા જીવિત છે? શું મારી સ્ત્રી મારું સ્મરણ કરે છે? અને શું મારી પ્રજા સારી રીતે સ્થિત છે? આ રીતે, ત્યાં સ્થિર થવા માટે અસમર્થ થયેલા કેટલાય લોકો પોતાના મનની વાત સ્પષ્ટરૂપથી કહીને ઘરે જવાની ઈચ્છાથી વારંવાર ભગવાનની સન્મુખ જઈને તેમના ચરણોમાં નમસ્કાર કરતાં હતા.

કોઈ કહેતું હતું કે અહા! આ ભગવાન ઘણા જ ધીરવીર છે. તેમણે પોતાના આત્માને પણ વશ કરી લીધો છે અને તેમણે કોઈના કોઈ ઉદ્દેશ્યથી રાજ્યલક્ષ્મીનો અને પરિવારનો ત્યાગ કર્યો છે, તેથી તેઓ ફરીથી રાજ્યલક્ષ્મીનો સ્વીકાર કરશે. સ્થિરબુદ્ધિને ધારણ કરવાવાળા અને બોલવાવાળામાં શ્રેષ્ઠ ભગવાન વૃષભદેવ જ્યારે આજે અથવા કાલે પોતાનો યોગ સમાપ્ત કરીને પોતાની રાજ્યલક્ષ્મીથી ફરી યુક્ત થશે ત્યારે ભગવાનના આ કાર્યમાં જેમણે પોતાનો ઉત્સાહ ભગ્ન કરી દીધો અથવા છળ કર્યો છે એવા અમને લોકોને અપમાનિત કરી અવશ્ય જ કાઢી મૂકશે અને સંપત્તિ રહિત કરી દેશે અર્થાત્ અમારા લોકોની સંપત્તિ હરણ કરી લેશે. જો અમે લોકો ભગવાનને છોડીને જઈએ તો ભરત મહારાજ અમને લોકોને કષ્ટ આપશે, તેથી જ્યાં સુધી ભગવાનનો યોગ સમાપ્ત થાય, ત્યાં સુધી અમે લોકો અહીં જ બધું સહન કરશું. આ ભગવાન અવશ્ય જ આજે અથવા કાલે સિદ્ધયોગ થઈ જશે અર્થાત્ તેમનો યોગ સિદ્ધ થઈ જતાં અનેક ક્લેશ સહન કરવાવાળા અમને લોકોને અવશ્ય જ અંગીકૃત કરશે. આમ કરવાથી આપણને લોકોને ન તો ક્યારેય ભગવાનથી કોઈ પીડા થશે અને ન તો તેમના પુત્ર ભરતથી, પરંતુ પ્રસન્ન થઈને તે બંને પૂજા, સત્કાર અને ધન આદિના લાભથી અમને લોકોને સંતુષ્ટ કરશે. આ રીતે, કેટલાય મુનિ અંતરંગમાં ક્ષોભ રહેવા છતાં ધીરતાના કારણે દુઃખી થયા ન હતા અને કેટલાય પુરુષ આત્માને ધૈર્ય બંધાવતા થકા પણ તેને ઉચિત સ્થિતિમાં રાખવા માટે સમર્થ થઈ શક્યા ન હતા. અભિમાન જ ધન છે જેમનું એવા કેટલાય પુરુષ ત્યાં રહેવા માટે તૈયાર થયા હતા અને નિર્બળ હોવાના કારણે પરવશ જમીન ઉપર પડીને પણ ભગવાનના ચરણોનું સ્મરણ કરી રહ્યા હતા.

આ રીતે, રાજા અનેક પ્રકારના ઉંચા-નીચા ભાષણ અને સંકલ્પ-વિકલ્પ કરીને તપશ્ચરણ સંબંધી ક્લેશથી વિરક્ત થઈ ગયા અને જીવિતવ્યમાં બુદ્ધિ લગાવવા લાગ્યા અર્થાત્ તેનો ઉપાય વિચારવા લાગ્યા. કેટલાય મુનિ અશક્ત થઈને ભગવાનના મુખ સન્મુખ જોવા લાગ્યા અને કેટલાય લોકોએ લજ્જાના કારણે પોતાનું મોઢું ફેરવી લીધું હતું. આ રીતે, ધીરે-ધીરે સ્ખલિત ગતિને પ્રાપ્ત થયા. કેટલાય મુનિ યોગીરાજ ભગવાન વૃષભદેવને પૂછીને અને કેટલાય વિના પૂછ્યે જ તેમની પ્રદક્ષિણા દઈને તેમને નમસ્કાર કરી પ્રાણયાત્રાના ઉપાય વિચારવા લાગ્યા. ''હે દેવ! આપ જ અમને શરણરૂપ છો. આ સંસારમાં અમારા લોકોની બીજી કોઈ ગતિ નથી'' એમ કહીને ચાલ્યા જતાં કેટલાય મુનિઓ પોતાના પ્રાણોની રક્ષામાં પોતાની બુદ્ધિ લગાવી રહ્યા હતા. જેમના પ્રત્યેક અંગ થર-થર ધ્રુજી રહ્યા છે એવા કેટલાય લજ્જાવાન મુનિ ભગવાનથી પરાઙ્મુખ થઈને વ્રતોથી પરાઙ્મુખ થઈ ગયા હતા અર્થાત્ લજ્જાના કારણે ભગવાનની પાસેથી બીજી જગ્યાએ જઈને તેમણે વ્રત છોડી દીધા હતા.

કેટલાય લોકો ભગવાનના ચરણોમાં પડીને કહી રહ્યા હતા કે હે પ્રભો! અમારી રક્ષા કરો. અમારા લોકોનું શરીર ભૂખથી ખૂબ જ કૃષ થઈ ગયું છે, તેથી હવે અમને ક્ષમા કરો—આ રીતે, કહેતા થકા ત્યાંથી અન્યત્ર ચાલ્યા ગયા. ખેદ છે કે જેને અન્ય સાધારણ મનુષ્ય સ્પર્શ પણ નથી કરી શકતા એવા ભગવાનના તે માર્ગ પર ચાલવા માટે અસમર્થ થઈને તેઓ બધા ખોટા મુનિ તપથી ભ્રષ્ટ થઈ ગયા. તે બરાબર જ છે કે હાથીના બોજને શું તેના બચ્ચા પણ ધારણ કરી શકે છે? અથવા મોટા બળદ દ્વારા ખેંચવાયોગ્ય બોજને શું નાના વાછરડા પણ ખેંચી શકે છે?

ત્યારબાદ, પરિષહોથી પીડિત થયેલા તે લોકો ફળ ખાવાની ઈચ્છાથી વનખંડોમાં ફેલાવા લાગ્યા અને તરસથી પીડિત થઈને તળાવ પર જવા લાગ્યા. તે મુનિઓને પોતાના હાથે જ ફળ ગ્રહણ કરતાં અને પાણી ગ્રહણ કરતાં જોઈને વનદેવતાઓએ તેમને રોક્યા અને કહ્યું કે આવું ન કરો. હે મૂર્ખો! આ દિગંબર રૂપ સર્વશ્રેષ્ઠ અરહંત તથા ચક્રવર્તી આદિ દ્વારા ધારણ કરવા યોગ્ય છે, તેને તમે કાયરતાનું સ્થાન ન બનાવો અર્થાત્ આ ઉત્કૃષ્ટ વેશને ધારણ કરી દીનની જેમ પોતાના હાથે ફળ ન તોડો અને તળાવ આદિનું અપ્રાસુક જળ ન પીવો. વનદેવતાના આવા વચન સાંભળી તેઓ દિગંબર વેશમાં એવું કરવાથી ડરી ગયા, તેથી તે દીનચેષ્ટાવાળા ભ્રષ્ટ તપસ્વીઓએ નીચે લખેલા અનેક વેશ ધારણ કરી લીધા. કેટલાય લોકો વૃક્ષોના વલ્કલ ધારણ કરી ફળ ખાવા લાગ્યા અને પાણી પીવા

લાગ્યા તથા કેટલાય જીર્ણ, શીર્ણ લંગોટી પહેરીને પોતાની ઈચ્છાનુસાર કાર્ય કરવા લાગ્યા. કેટલાય લોકો શરીરને ભસ્મથી લપેટીને જટાધારી થઈ ગયા, કેટલાય એકદંડને ધારણ કરવાવાળા અને કેટલાય ત્રણ દંડને ધારણ કરવાવાળા સાધુ બની ગયા હતા.

આ રીતે, પ્રાણોથી પીડિત થયેલા તે લોકો ઉપર લખ્યા અનુસાર અનેક વેશ ધારણ કરી વનમાં થવાવાળા વૃક્ષોની છાલરૂપી વસ્ત્ર, સ્વચ્છ જળ અને કંદમૂળ આદિ દ્વારા પોતાનું જીવનનિર્વાહ કરતાં રહ્યા. તે લોકો ભરત મહારાજથી ડરતા હતા, તેથી તેમનો દેશત્યાગ પોતાની મેળે જ થઈ ગયો હતો અર્થાત્ તેઓ ભરતના ડરથી જ પોતપોતાના નગરોમાં ગયા ન હતા, પરંતુ ઝૂંપડા બનાવીને તે જ વનમાં રહેવા લાગ્યા હતા. તે લોકો પાખંડી તપસ્વી પહેલાં જ હતા, પરંતુ તે સમયે કેટલાય પરિવ્રાજક થઈ ગયા હતા અને મોહોદયથી દૂષિત થઈને પાખંડીઓમાં મુખ્ય થઈ ગયા હતા. તે લોકો જળ અને ફૂલોના ઉપહારથી ભગવાનના ચરણોની પૂજા કરતાં હતા. સ્વયંભૂ ભગવાન વૃષભદેવને છોડીને તેમના અન્ય કોઈ દેવતા ન હતા. ભગવાન વૃષભદેવનો નાતી મરીચિકુમાર પરિવ્રાજક (સંન્યાસી) થઈ ગયો હતો અને તેણે મિથ્યાશાસ્ત્રોના ઉપદેશથી મિથ્યાત્વની વૃદ્ધિ કરી હતી. યોગશાસ્ત્ર અને સાંખ્યશાસ્ત્ર સૌ પ્રથમ તેના દ્વારા જ કહેવાયા હતા, જેનાથી મોહિત થઈને આ જીવ સમ્યગ્જ્ઞાનથી પરાઙ્મુખ થઈ જાય છે.

આ રીતે, જ્યારે તે દ્રવ્યલિંગી મુનિ ઉપર કહેલી અનેક પ્રકારની પ્રવૃત્તિને પ્રાપ્ત થઈ ગયા ત્યારે બુદ્ધિબળથી સહિત મહામુનિ વૃષભદેવ તે જ રીતે તપસ્યા કરતાં વિદ્યમાન રહ્યા હતા. તે પ્રભુ મેરુ સમાન નિષ્કંપ હતા, સમુદ્ર સમાન ક્ષોભ રહિત હતા, વાયુ સમાન પરિગ્રહ રહિત હતા અને આકાશ સમાન નિર્લેપ હતા. તપશ્ચરણના તીવ્ર તાપથી ભગવાનનું શરીર ખૂબ જ દૈદીપ્યમાન થઈ ગયું હતું. તે બરાબર જ છે કે તપાવેલા સુવર્ણની કાંતિ નિશ્ચયથી બદલાઈ જાય છે. કર્મરૂપી શત્રુને જીતવાની ઈચ્છા કરવાવાળા ભગવાનની મનોગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ જ કિલ્લા આદિ સમાન રક્ષા કરવાવાળા હતા, સંયમ જ શરીરની રક્ષા કરવાવાળું કવચ હતું અને સમ્યગ્દર્શન આદિ ગુણ જ તેમના સૈનિક થયા હતા!

ઉપવાસ, અવમૌદર્ય, વૃત્તિપરિસંખ્યાન, રસપરિત્યાગ, કાયક્લેશ અને વિવિક્તશૈયાસન—આ છ પ્રકારના બાહ્ય તપ મહા ધીરવીર ભગવાન વૃષભદેવને હતા. પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, વ્યુત્સર્ગ અને ધ્યાનના

ભેદથી અંતરંગ તપ પણ છ પ્રકારના છે, તેમાંથી ભગવાન વૃષભદેવને ધ્યાનમાં જ અધિક તત્પરતા રહેતી હતી અર્થાત્ તેઓ અધિકતર ધ્યાન જ કરતાં રહેતા હતા. પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, પાંચ ઈન્દ્રિય નિરોધ, છ આવશ્યક, પૃથ્વી ઉપર સૂવું, દાંત નહીં ધોવા, કેશલોંચ, નગ્ન રહેવું, સ્નાન નહીં કરવું, ઊભા રહીને ભોજન કરવું અને દિવસમાં એક જ વાર ભોજન કરવું—આ પ્રકારે અઠ્યાવીસ મૂળગુણ ભગવાન વૃષભદેવને વિદ્યમાન હતા કે જે તેમના પાયદળ સમાન હતા. ધ્યાનની વિશુદ્ધતાને કારણે ભગવાનના આ ગુણોમાં ખૂબ જ વિશુદ્ધતા રહેતી હતી. જો કે ભગવાને છ મહિનાનું મહોપવાસ તપ કર્યું હતું, તેમ છતાં તેમનું શરીર પહેલાંની જેમ જ દૈદીપ્યમાન બની રહ્યું હતું, તેથી કહેવું પડે કે તેમની ધીરતા ખૂબ જ આશ્ચર્યજનક હતી. જો કે ભગવાન આહાર લેતા જ ન હતા, તેમ છતાં તેમના શરીરમાં રંચમાત્ર પણ પરિશ્રમ થતો ન હતો. વાસ્તવમાં ભગવાન વૃષભદેવની શરીર રચના અથવા તેમના નિર્માણ નામકર્મનો જ તે કોઈ દિવ્ય અતિશય હતો.

તે સમયે ભગવાનના કેશ સંસ્કાર રહિત હોવાના કારણે જટા સમાન થઈ ગયા હતા અને તે એવા જણાતા હતા કે જાણે તપસ્યાનો ક્લેશ સહન કરવાના કારણે જ તેવા કઠોર થઈ ગયા હતા. તે જટાઓ વાયુથી ઉડીને મહામુનિ ભગવાન વૃષભદેવના મસ્તક પર દૂર સુધી ફેલાઈ ગઈ હતી કે જેથી એવી જણાતી હતી કે જાણે ધ્યાનરૂપી અગ્નિથી તપાવેલા જીવરૂપી સુવર્ણથી નીકળેલી કાલીમા જ હોય! ભગવાનના તપશ્ચરણના અતિશયથી તે વિસ્તૃત વનમાં રાત-દિવસ એવી ઉત્તમ કાંતિ રહેતી હતી કે જેવી પ્રાતઃકાળના સૂર્યના તેજની હોય છે. તે વનમાં પુષ્પ અને ફળના ભારથી નમ્ર થયેલી વૃક્ષોની લતાઓ એવી સુશોભિત થઈ રહી હતી કે જાણે ભક્તિથી ભગવાનના ચરણોને જ નમસ્કાર કરી રહી હોય! તે વનમાં લતાઓ ઉપર બેઠેલા ભ્રમર સંગીત સમાન મધુર શબ્દ કરી રહ્યા હતા કે જેથી તે વનલતાઓ એવી જણાતી હતી કે જાણે ભક્તિપૂર્વક વીણા વગાડીને જગદ્‌ગુરુ ભગવાન વૃષભદેવનું યશોગાન જ કરી રહી હોય! ભગવાનના સમીપવર્તી વૃક્ષોથી જે સ્વયમેવ જ ફૂલ પડી રહ્યા હતા, તે વૃક્ષ એવા જણાતા હતા કે જાણે ભક્તિપૂર્વક ભગવાનના ચરણોમાં ફૂલોનો ઉપહાર જ વિસ્તૃત કરી રહ્યા હોય અર્થાત્ ફૂલોની ભેટ જ ચડાવી રહ્યા હોય! ભગવાનના ચરણ સમીપ જ પોતાની ઈચ્છાનુસાર કંઈક નિદ્રા લેતા જે હરણના બચ્ચા બેઠેલાં હતા, તે તેમના આશ્રમની શાંતતા બતાવી રહ્યા હતા. સિંહ, હરણ આદિ જંતુઓની સાથે વૈરભાવ છોડીને હાથીઓના

ઝુંડની સાથે મળીને રહેવા લાગ્યા હતા, તે આ બધું ભગવાનના ધ્યાનથી ઉત્પન્ન થયેલી મહિમા જ હતી.

અહા! કેવું આશ્ચર્ય હતું કે જેમના વાળનો અગ્રભાગ કાંટામાં ફસાઈ ગયો હતો અને જે તેને વારંવાર છોડાવવાનો પ્રયત્ન કરતી હતી તેવી ચમરીગાયને વાઘ ખૂબ જ દયાપૂર્વક પોતાના નખોથી છોડાવી રહ્યો છે અર્થાત્ તેના વાળ છોડાવીને તેને જ્યાં ત્યાં જવા માટે સ્વતંત્ર કરી રહ્યો હતો. હરણોના બચ્ચા દૂધ દેતી વાઘણ પાસે જઈને અને તેની પોતાની માતા સમજીને ઈચ્છાનુસાર દૂધ પીને સુખી થતાં હતા. અહા! ભગવાનના તપશ્ચરણની શક્તિ ખૂબ જ આશ્ચર્યકારી હતી કે વનમાં હાથી પણ ખીલેલા કમળ લાવીને તેમના ચરણમાં અર્પણ કરતાં હતા. જે સમયે તે હાથી ખીલેલા કમળો દ્વારા ભગવાનની ઉપાસના કરતાં હતા તે સમયે તેમના સૂંઢના અગ્રભાગમાં સ્થિત લાલ કમળ એવા સુશોભિત થતાં હતા કે જાણે તેના પુષ્કર અર્થાત્ સૂંઢના અગ્રભાગની શોભાને બમણી કરી રહ્યા હોય! ભગવાનના શરીરથી ફેલાતી શાંતિના કિરણો, ક્યારે ક્યારેય પણ કોઈને વશ ન થવાવાળા સિંહ આદિ પશુઓને પણ હઠપૂર્વક વશમાં કરી લેતા હતા. જો કે ત્રિલોકીનાથ ભગવાન ઉપવાસ કરી રહ્યા હતા, તેમ છતાં તેમને ભૂખની બાધા થતી ન હતી. બરાબર જ છે કે **સંતોષરૂપ ભાવનાના ઉત્કર્ષથી જે અનિચ્છા ઉત્પન્ન થાય છે તે દરેક પ્રકારની ઇચ્છાઓને જીતી લે છે.** તે સમયે ભગવાનના ધ્યાનના પ્રતાપથી ઈન્દ્રોના આસન પણ કંપાયમાન થઈ ગયા હતા. **વાસ્તવમાં આ પણ એક મોટું આશ્ચર્ય છે કે મહાપુરુષોનું ધૈર્ય પણ જગતના કંપનનું કારણ બની જાય છે.** આ રીતે, છ મહિનામાં સમાપ્ત થવાવાળી પ્રતિમાયોગને પ્રાપ્ત થયેલા અને ધૈર્યથી શોભાયમાન રહેવાવાળા ભગવાનનો તે લાંબો સમય પણ ક્ષણવાર સમાન વ્યતીત થઈ ગયો.

આ દરમિયાન મહારાજ કચ્છ, મહાકચ્છના પુત્રો ભગવાન સમીપ આવ્યા હતા. તે બંને પુત્ર એકદમ જ સુકુમાર હતા, બંને જ તરુણ હતા, નમિ તથા વિનમિ તેમનું નામ હતું અને બંને ભક્તિથી નિર્ભર થઈને ભગવાનના ચરણોની સેવા કરવા ઈચ્છતા હતા. તે બંને જ ભોગોપભોગ-વિષયક તૃષ્ણાથી સહિત હોવાથી 'હે ભગવાન! પ્રસન્ન થાઓ' આ પ્રકારે કહેતાં થકા ભગવાનને નમસ્કાર કરી તેમના ચરણોમાં વિંટળાઈ ગયા અને તેમના ધ્યાનમાં વિઘ્ન કરવા લાગ્યા. હે સ્વામી! આપે આપનું આ સામ્રાજ્ય પુત્ર તથા પૌત્રોને વહેંચી દીધું છે, વહેંચતા સમયે અમને બંનેને ભૂલી જ ગયા, તેથી હવે અમને પણ કાંઈક ભોગ સામગ્રી આપો. આ રીતે, તેઓ ભગવાન પાસે વારંવાર

આગ્રહ કરી રહ્યા હતા. તેમને ઉચિત-અનુચિતનું કાંઈપણ જ્ઞાન ન હોવાથી તે બંને તે સમયે જળ, પુષ્પ અને અર્ઘ્યથી ભગવાનની ઉપાસના કરી રહ્યા હતા.

ત્યારબાદ, ધરણેન્દ્ર નામને ધારણ કરવાવાળા, ભવનવાસીઓના અંતર્ગત નાગકુમાર દેવોના ઈન્દ્રનું આસન કંપાયમાન થવાથી તેણે નમિ-વિનમિના આ સમસ્ત વૃત્તાંતને જાણી લીધું. અવધિજ્ઞાન દ્વારા આ સમસ્ત સમાચારને જાણીને તે ધરણેન્દ્ર ખૂબ જ સંભ્રમપૂર્વક ત્વરાથી ઊઠ્યો અને શીઘ્ર જ ભગવાન સમીપ આવ્યો. તે જ સમયે તે પૂજાની સામગ્રી લઈને પૃથ્વીનું ભેદન કરી ભગવાન પાસે પહોંચ્યો. ત્યાં તેણે દૂરથી જ મેરુ પર્વત સમાન ઉંચા મુનિરાજ વૃષભદેવને જોયા. તે સમયે ભગવાન ધ્યાનમાં લીન હતા અને તેમનું દૈદીપ્યમાન શરીર અતિશય વધેલી તપની દીપ્તિથી પ્રકાશમાન થઈ રહ્યું હતું, તેથી તેઓ એવા જણાતા હતા કે જાણે વાયુરહિત પ્રદેશમાં રાખવામાં આવેલા દીપક જ હોય! અથવા તે ભગવાન કોઈ ઉત્તમ યજ્ઞ કરવાવાળા સમાન શોભાયમાન થઈ રહ્યા હતા. કારણ કે જેવી રીતે યજ્ઞ કરવાવાળો અગ્નિમાં આહુતિઓ આપવા તત્પર રહે છે, તેવી જ રીતે ભગવાન પણ મહાધ્યાનરૂપી અગ્નિમાં કર્મરૂપી આહુતિઓ આપવા માટે ઉદ્યત હતા અને તે મુનિરાજ એક કુંજર અર્થાત્ હાથી સમાન જણાતા હતા કારણ કે જેવી રીતે હાથી મહોદય અર્થાત્ ભાગ્યશાળી હોય છે, તેવી જ રીતે ભગવાન પણ મહોદય અર્થાત્ ખૂબ જ ઐશ્વર્ય-સહિત હતા; હાથીનું શરીર જેવી રીતે ઉંચું હોય છે, તેવી જ રીતે ભગવાનનું શરીર પણ ઉંચું હતું; હાથી જેવી રીતે સુવંશ અર્થાત્ પીઠની ઉત્તમ રીઢ સહિત હોય છે, તેવી જ રીતે ભગવાન પણ સુવંશ અર્થાત્ ઉત્તમ કુળ સહિત હતા અને હાથી જેવી રીતે દોરડા દ્વારા સ્તંભ સાથે બંધાયેલો રહે છે, તેવી જ રીતે ભગવાન પણ ઉત્તમ વ્રતરૂપી દોરડાઓ દ્વારા તપરૂપી વિશાળ સ્તંભ સાથે બંધાયેલા રહે છે.

તે ભગવાન સુમેરુ પર્વત સમાન ઉત્તમ શરીર ધારણ કરતાં હતા કારણ કે જેવી રીતે સુમેરુ પર્વત અકંપાયમાનરૂપથી ઊભો છે, તેવી જ રીતે તેમનું શરીર પણ અકંપાયમાનરૂપથી ઊભું રહેતું હતું; મેરુ પર્વત જેવી રીતે ઉંચો હોય છે, તેવી જ રીતે તેમનું શરીર પણ ઉંચું હતું; સિંહ, વાઘ આદિ મોટા-મોટા ક્રૂર જીવો જેવી રીતે સુમેરુ પર્વતની ઉપાસના કરે છે અર્થાત્ ત્યાં રહે છે, તેવી જ રીતે મોટા-મોટા ક્રૂર જીવ શાંત રહીને ભગવાનના શરીરની પણ ઉપાસના કરે છે અર્થાત્ તેમની સમીપ રહે છે અથવા સુમેરુ પર્વત જેવી રીતે ઈન્દ્ર આદિ મહાસત્ત્વ

અર્થાત્ મહાપ્રાણીઓ દ્વારા ઉપાસિત થાય છે, તેવી જ રીતે ભગવાનનું શરીર પણ ઈન્દ્ર આદિ મહાસત્ત્વથી ઉપાસિત હતું; સુમેરુ પર્વત જેવી રીતે મહાસત્ત્વ અર્થાત્ ખૂબ જ દઢતાથી ઉપાસિત થાય છે, તેવી જ રીતે ભગવાનનું શરીર પણ મહાસત્ત્વ અર્થાત્ ખૂબ જ દઢતા–ધીરવીરતાથી ઉપાસિત હતું અને સુમેરુ પર્વત જેવી રીતે ક્ષમા અર્થાત્ પૃથ્વીના ભારને ધારણ કરવામાં સમર્થ હોય છે, તેવી જ રીતે ભગવાનનું શરીર પણ ક્ષમા અર્થાત્ શાંતિના ભારને ધારણ કરવામાં સમર્થ હતું.

તે સમયે ભગવાને પોતાના અંતઃકરણને ધ્યાનમાં નિશ્ચલ કરી લીધું હતું તથા તેમની ચેષ્ટાઓ અત્યંત ગંભીર હોવાથી તેઓ વાયુના ન ચાલવાથી નિશ્ચળ થયેલા સમુદ્રની ગંભીરતાને પણ તિરસ્કૃત કરી રહ્યા હતા અથવા ભગવાન કોઈ અનોખા સમુદ્ર સમાન જણાતા હતા. કારણ કે ઉપલબ્ધ સમુદ્ર તો વાયુથી ક્ષોભિત થઈ જાય છે, પરંતુ તેઓ પરિષહરૂપી મહાવાયુથી ક્યારેય પણ ક્ષોભિત થતા ન હતા; ઉપલબ્ધ સમુદ્ર તો જળાશય અર્થાત્ જળ છે જેના આશયમાં એવું હોય છે, પરંતુ ભગવાન જડાશય અર્થાત્ અવિવેકયુક્ત છે અભિપ્રાય જેનો, એવા ન હતા; ઉપલબ્ધ સમુદ્ર તો અનેક મગર, મચ્છ આદિ જળજંતુઓથી ભરેલું રહે છે, પરંતુ ભગવાન દોષરૂપી જળજંતુઓ દ્વારા સ્પર્શાયા પણ ન હતા. આ રીતે, ભગવાન વૃષભદેવની પાસે તે ધરણેન્દ્ર ખૂબ જ આદર સહિત પહોંચ્યો અને અતિશય વૃદ્ધિને પ્રાપ્ત તપરૂપી લક્ષ્મી દ્વારા આલિંગિત થયેલા ભગવાનના શરીરને દેખતો થકો આશ્ચર્ય કરવા લાગ્યો.

સૌ પ્રથમ, ધરણેન્દ્રએ જગદ્ગુરુ ભગવાન વૃષભદેવની પ્રદક્ષિણા કરી તેમને પ્રણામ કર્યા, તેમની સ્તુતિ કરી અને પછી પોતાનો વેષ છુપાવી રાખીને તે બંને રાજકુમારોને આ પ્રકારે કહેવા લાગ્યો : હે તરુણ યુવકો! આ હથિયાર ધારણ કરેલા તમે બંને મને વિકૃત આકારવાળા દેખાવ છો અને આ ઉત્કૃષ્ટ તપોવનને અત્યંત શાંત જોઈ રહ્યો છું. ક્યાં તો શાંત તપોવન અને ક્યાં ભયંકર આકારવાળા તમે બંને! અંધકાર અને પ્રકાશ સમાન તમારા બંનેનો(તમારો દેખાવ અને તપોવનનો) સમાગમ શું અનુચિત નથી? અહો! આ ભોગ ખૂબ જ નિંદનીય છે કે જે અયોગ્ય સ્થાને પણ પ્રાર્થના કરાવે છે અર્થાત્ જ્યાં યાચના ન કરવી જોઈએ ત્યાં પણ યાચના કરાવે છે! બરાબર જ છે કે **યાચના કરવાવાળાઓને યોગ્ય-અયોગ્યનો વિચાર જ રહેતો નથી.** આ ભગવાન તો ભોગોથી

નિઃસ્પૃહ છે અને તમે બંને તેમનાથી ભોગોની ઈચ્છા કરી રહ્યા છો. તેથી, આ તમારી શિલાતળથી કમળની ઈચ્છા આજે અમને આશ્ચર્યયુક્ત કરી રહી છે. ભાવાર્થ—જેવી રીતે પત્થરની શીલાથી કમળોની ઈચ્છા કરવી વ્યર્થ છે, તેવી જ રીતે ભોગોની ઈચ્છાથી રહિત ભગવાનથી ભોગોની ઈચ્છા કરવી વ્યર્થ છે, **જે મનુષ્ય સ્વયં ભોગોની ઇચ્છાથી યુક્ત હોય છે, તે બીજાને પણ તેવા જ સમજે છે. અરે! એવું કોણ બુદ્ધિમાન હશે કે જે અંતમાં સંતાપ ઉત્પન્ન કરવાવાળા આ ભોગોની ઇચ્છા કરતો હોય! પ્રારંભમાત્રમાં જ મનોહર દેખાવાવાળા ભોગોને વશ થયેલો આ પુરુષ ગમે તેટલો મોટો હોવા છતાં પણ યાચનારૂપી દોષથી શીઘ્ર જ તૃણ સમાન લઘુ થઈ જાય છે.** જો તમે બંને ભોગ ઈચ્છતા હો તો ભરતની પાસે જાવ કારણ કે આ સમયે સામ્રાજ્યનો ભાર ધારણ કરવાવાળો તે જ છે અને તે જ શ્રેષ્ઠ રાજા છે. ભગવાન તો રાગ-દ્વેષ આદિ અંતરંગ પરિગ્રહનો ત્યાગ કરી ચૂક્યા છે અને પોતાના શરીરથી પણ નિઃસ્પૃહ હોવાથી પણ હવે તેઓ આ ભોગોની ઈચ્છા કરવાવાળા તમને બંનેને ભોગ કેવી રીતે આપી શકે? તેથી જેઓ કેવળ મોક્ષ જવા માટે ઉદ્યોગ કરી રહ્યા છે એવા આ ભગવાનની પાસે યાચના કરવી વ્યર્થ છે. તમે બંને ભોગોના ઈચ્છુક છો, તેથી ભરતની ઉપાસના કરવા તેમની પાસે જાઓ.

આ રીતે, જ્યારે તે ધરણેન્દ્ર કહી ચૂક્યો ત્યારે તે બંને કુમાર તેને આ રીતે કહેવા લાગ્યા કે બીજાના કાર્યમાં તમારી આ શું આસ્થા છે? આપ મહાબુદ્ધિમાન છો, તેથી અહીંથી ચૂપચાપ ચાલ્યા જાઓ. કારણ કે આ વિષયમાં જે યોગ્ય અથવા અયોગ્ય છે તેને અમે લોકો જાણીએ છીએ, પરંતુ આપ આ વિષયમાં અનભિજ્ઞ છો, તેથી તમારે જ્યાં જવું હોય ત્યાં જાઓ. આ વૃદ્ધ છે અને આ તરુણ છે—આ ભેદ તો માત્ર અવસ્થાનો કરેલો છે. વૃદ્ધાવસ્થામાં ન તો કાંઈ જ્ઞાનની વૃદ્ધિ થાય છે અને તરુણ અવસ્થામાં ન તો બુદ્ધિનો કાંઈ હ્રાસ થાય છે, પરંતુ જોવામાં તો એમ આવે છે કે વૃદ્ધાવસ્થામાં પ્રાયઃ બુદ્ધિની મંદતા થઈ જાય છે અને પ્રથમ અવસ્થામાં બુદ્ધિમાન પુરુષોની બુદ્ધિ વધતી રહે છે. ન તો નવીન—તરુણ અવસ્થા દોષ ઉત્પન્ન કરવાવાળી છે અને વૃદ્ધ અવસ્થા ગુણ ઉત્પન્ન કરવાવાળી છે. કારણ કે ચંદ્ર નવીન હોવા છતાં પણ મનુષ્યોને આહ્લાદિત કરે છે અને અગ્નિ જીર્ણ હોવા છતાં પણ બાળે છે. જે મનુષ્ય વિના પૂછ્યે કોઈ કાર્યને કરે છે તેને ખૂબ જ ધીઠ સમજવામાં આવે છે. અમે બંને આ રીતે આપને

કાંઈ પૂછવા નથી ઈચ્છતા છતાં પણ તમે વ્યર્થ જ વચ્ચે શું કામ બોલો છો? આપ જેવા નિંદ્ય આચરણવાળા દુષ્ટ પુરુષ વિના પૂછ્યે જ કાર્યનો નિર્દેશ કરી તથા અત્યંત અસત્ય અને અનિષ્ટ ચાપલુસીના વચન કહીને લોકોને ઠગ્યા કરે છે. બુદ્ધિમાન પુરુષોની જીભ ક્યારેય સ્વપ્નમાં પણ અશુદ્ધ ભાષણ નથી કરતી, તેમની ચેષ્ટા ક્યારેય પણ બીજાઓનું અનિષ્ટ નથી કરતી અને ન તેમની સ્મૃતિ બીજાઓનો વિનાશ કરવા માટે ક્યારેય પણ કઠોર થાય છે. જેમણે જાણવાયોગ્ય સંપૂર્ણ તત્ત્વોને જાણી લીધા છે એવા આપ સમાન બુદ્ધિમાન પુરુષોને અમ બાળકો દ્વારા ન્યાયમાર્ગનો ઉપદેશ દેવો યોગ્ય નથી. કારણ કે જે સજ્જન પુરુષ હોય છે તેઓ એક ન્યાયરૂપી જીવિકાથી જ યુક્ત હોય છે અર્થાત્ તેઓ ન્યાયરૂપ પ્રવૃત્તિથી જ જીવિત રહે છે. આયુષ્યને અનુકૂળ ધારણ કરેલો આપનો આ વેશ ખૂબ જ શાંત છે, આપની આ આકૃતિ પણ સૌમ્ય છે અને આપના વચન પણ પ્રસાદ ગુણ સહિત તથા તેજસ્વી છે અને આપની બુદ્ધિમત્તાને સ્પષ્ટ કહી રહ્યા છે. જે અન્ય પુરુષોમાં ન જોવા મળે અને જે બહાર પણ પ્રકાશમાન થઈ રહ્યું છે એવું આપનું આ અંદર છુપાયેલું અનિર્વચનીય તેજ તથા અદ્ભુત શરીર આપની મહાનુભાવતાને બતાવી રહી છે. ભાવાર્થ—આપના પ્રકાશમાન લોકોત્તર તેજ તથા અસાધારણ દીપ્તિમાન શરીરને જોતાં એવું જણાય છે કે આપ કોઈ મહાપુરુષ છો. આ રીતે જેમની અનેક વિશેષતાઓ પ્રગટ થઈ રહી છે એવા આપ કોઈ ભદ્રપરિણામી પુરુષ છો, પરંતુ છતાં પણ આપ જે અમારા કાર્યમાં મોહને પ્રાપ્ત થઈ રહ્યા છો તેનું કારણ શું છે તે અમે નથી સમજતા. ગુરુ ભગવાન વૃષભદેવને પ્રસન્ન કરવા તે બધી જ જગ્યાએ પ્રશંસાને યોગ્ય છે અને તે જ અમારા બંનેનું ઈચ્છિત ફળ છે અર્થાત્ અમે લોકો ભગવાનને જ પ્રસન્ન કરવા ઈચ્છિએ છીએ, પરંતુ આપ તેમાં વિઘ્ન કરી રહ્યા છો. તેથી, એવું જણાય છે કે આપ બીજાઓનું કાર્ય કરવામાં ઉદ્યોગ રહિત છો અર્થાત્ આપ બીજાઓનું ભલું થવું ઈચ્છતા નથી. બીજાઓની વૃદ્ધિ જોઈને દુર્જન મનુષ્ય ઈર્ષ્યા કરે છે અને આપ જેવા સજ્જન અને મહાપુરુષોને તે બીજાઓની વૃદ્ધિથી આનંદ થવો જોઈએ.

ભગવાન વનમાં નિવાસ કરે છે તેમાં શું ભગવાનનું પ્રભુત્વ નષ્ટ થઈ ગયું છે? જુઓ, ભગવાનના ચરણકમળના મૂળમાં આજે પણ આ ચરાચર વિશ્વ વિદ્યમાન છે. આપ જે અમને ભરતની પાસે જવાની સલાહ આપી રહ્યા છો, તે બરાબર પણ નથી. કારણ કે એવો બુદ્ધિમાન કોણ હશે કે જે મોટા-મોટા ઘણા ફળોની ઈચ્છા

કરતો થકો પણ કલ્પવૃક્ષને છોડીને અન્ય સામાન્ય વૃક્ષની સેવા કરશે? અથવા રત્નોની ઈચ્છા કરવાવાળો પુરુષ મહાસમુદ્રને છોડીને, જેમાં શેવાળ પણ સુકાઈ ગઈ છે એવા કોઈ સરોવરની સેવા કરશે? અથવા ધાનની ઈચ્છા કરવાવાળો પિયાલ (પિયાર નામના વૃક્ષ)નો આશ્રય કરશે? ભરત અને ભગવાન વૃષભદેવમાં શું વિશાળ અંતર નથી? શું ગોષ્પદની(ગાયના પગલાંની) સમુદ્ર સાથે બરાબરી કરી શકાય? શું લોકમાં સ્વચ્છ જળથી ભરેલા અન્ય જળાશય નથી કે જે ચાતક પક્ષી સદાય મેઘથી જ જળની યાચના કરે છે? શું આ તેનો કોઈ અનિર્વચનીય હઠ નથી? તેથી, અભિમાની મનુષ્ય જે અત્યંત ઉદાર સ્થાનનો આશ્રય કરી કોઈ વિશાળ સ્થળની વાંછા કરે છે તો તેને તમે તેમની ઉન્નતિનું આચરણ જ સમજો.

આ રીતે, તે ધરણેન્દ્ર નમિ-વિનમિ બંને કુમારોના અભિમાનથી ભરેલા વચન સાંભળીને મનમાં ખૂબ જ સંતુષ્ટ થયો. બરાબર જ છે કે **અભિમાની પુરુષોનું ધૈર્ય પ્રશંસા કરવા યોગ્ય હોય છે.** તે ધરણેન્દ્ર મનમાં વિચાર કરવા લાગ્યો કે અહા! આ બંને તરુણ કુમારોની મહાશયતા ઘણી જ છે, તેમની ગંભીરતા પણ આશ્ચર્ય કરવાવાળી છે, ભગવાન વૃષભદેવમાં તેમની શ્રેષ્ઠ ભક્તિ પણ આશ્ચર્યજનક છે અને તેમની સ્પૃહા પણ પ્રશંસા કરવાયોગ્ય છે. આ પ્રકારે પ્રસન્ન થયેલો ધરણેન્દ્ર પોતાનું દિવ્યરૂપ પ્રગટ કરતો થકો તેમનાથી પ્રીતિરૂપ લતાના ફૂલ સમાન આ રીતે કહેવા લાગ્યો કે તમે બંને તરુણ હોઈને પણ વૃદ્ધ સમાન છો. હું તમારા બંનેની ધીરવીર ચેષ્ટાઓથી ખૂબ જ સંતુષ્ટ થયો છું. મારું નામ ધરણ છે અને હું નાગકુમાર જાતિના દેવોનો મુખ્ય ઈન્દ્ર છું. મને તમે પાતાળ સ્વર્ગમાં રહેવાવાળા ભગવાનનો કિંકર સમજો તથા અહીં હું આપ બંનેને ભોગોપભોગ સામગ્રીથી યુક્ત કરવા માટે જ આવ્યો છું. તેથી, જગતની વ્યવસ્થા કરવાવાળા ભગવાનને પૂછીને ઊઠો, આજે હું તમને બંનેને ભોગ સામગ્રી આપીશ.

આ રીતે, ધરણેન્દ્રના વચનોથી તે કુમાર ખૂબ જ પ્રસન્ન થયા કે શું સાચે જ ગુરુદેવ અમારા ઉપર પ્રસન્ન થયા છે અને અમને લોકોને મનવાંછિત ભોગ આપવા ઈચ્છે છે? હે ધરણેન્દ્ર! આ વિષયમાં ભગવાનનો જે સત્ય મત હોય તે અમને લોકોને કહો. કારણ કે ભગવાનના મત અર્થાત્ સમ્મતિ વિના અમને ભોગોપભોગની સામગ્રી ઈષ્ટ નથી. આ પ્રકારે કહેતાં કુમારોને યુક્તિપૂર્વક વિશ્વાસ અપાવીને ધરણેન્દ્ર ભગવાનને નમસ્કાર કરી તે બંને

લોકોને શીઘ્ર જ પોતાના સ્થાને લઈ ગયો. મહાન ઐશ્વર્યને ધારણ કરવાવાળો તે ધરણેન્દ્ર તે બંને કુમારોની સાથે આકાશમાં જતો એવો શોભાયમાન થઈ રહ્યો હતો કે જાણે તડકા અને પ્રકાશની સાથે ઉદિત થતો સૂર્ય જ હોય! અથવા વિનય અને પ્રશમગુણથી યુક્ત થયેલા કોઈ યોગીરાજ સુશોભિત થાય છે, તેવી જ રીતે નાગકુમાર સમાન તે બંને કુમારોથી યુક્ત તે ધરણેન્દ્ર પણ અતિશય સુશોભિત થઈ રહ્યો હતો. તે બંને રાજકુમારોને વિમાનોમાં બેસાડી તથા આકાશમાર્ગનું ઉલ્લંઘન કરી શીઘ્ર જ વિજયાર્ધ પર્વત પર જઈ પહોંચ્યો. તે સમયે તે પર્વત પૃથ્વીરૂપી દેવીના હાસ્યની ઉપમા ધારણ કરી રહ્યો હતો.

તે વિજયાર્ધ પર્વત પોતાની પૂર્વ અને પશ્ચિમ કોટિઓથી લવણ સમુદ્રમાં પ્રવેશ કરી રહ્યો હતો અને ભરતક્ષેત્રની વચ્ચે એ પ્રકારે સ્થિત હતો કે જાણે તેને માપવાનું એક દંડ જ હોય! તે પર્વત ઉંચા અનેક પ્રકારના રત્નના કિરણોથી ચિત્ર-વિચિત્ર અને પોતાની ઈચ્છાનુસાર આકાશગંગાને ઘેરવાવાળા પોતાના અનેક શિખરોથી એવો જણાતો હતો કે જાણે મુકુટોથી જ સુશોભિત થઈ રહ્યો હોય! ઝરતા નિર્ઝરણાઓના શબ્દોથી તેની ગુફાઓના મુખ ઢંકાઈ રહ્યા હતા અને તેમાં એવું જણાતું હતું કે જાણે અતિશય વિશ્રામ કરવા માટે દેવ-દેવીઓને બોલાવી જ રહ્યા હોય! તેની મેખલા અર્થાત્ વચ્ચેનો કિનારો પર્વત સમાન ઉંચો, જ્યાં ત્યાં ચાલતા અને ગંભીર ગર્જના કરતાં મેઘ દ્વારા ચારે તરફથી ઢંકાયેલો હતો. દૈદીપ્યમાન સુવર્ણના બનેલા અને સૂર્યના કિરણોથી સુશોભિત પોતાના કિનારાઓ દ્વારા તે પર્વત દેવ અને વિદ્યાધરોને બળતા દાવાનળની શંકા કરાવી રહ્યા હતા. તે પર્વત પરના વનોમાં અનેક લતાઓ હતી અને તેના ઉપર ભ્રમર બેઠેલા હતા જેનાથી તે પર્વત એવો જણાતો હતો કે જાણે સુગંધના લોભથી તે વનલતાઓને ચારે તરફથી કાળા વસ્ત્ર દ્વારા ઢાંકી જ રહ્યો હોય! તે પર્વતની ઉત્તર અને દક્ષિણ એવી બે શ્રેણીઓ હતી કે જે બે પંખાઓ સમાન ખૂબ જ લાંબી હતી અને તે શ્રેણીઓમાં વિદ્યાધરોને નિવાસ કરવા યોગ્ય અને ઉત્તમ-ઉત્તમ નગરીઓ હતી. ચંદ્રના કિરણોના સ્પર્શથી જેમાંથી પ્રત્યેક રાત્રિના પાણીની ધારા વહેવા લાગે છે એવા ચંદ્રકાંતમણિઓ દ્વારા તે પર્વત એવો જણાતો હતો કે જાણે દાવાનળના ડરથી પોતાના કિનારાના વૃક્ષોને સીંચી રહ્યા હોય! તે મોટા યોજનના પ્રમાણથી મૂળ ભાગમાં પચાસ યોજન પહોળો હતો, પચ્ચીસ યોજન ઉંચો હતો અને સવા છ યોજન પૃથ્વીની નીચે હતો. પૃથ્વીતળથી દસ યોજન ઉંચે જઈને તે ત્રીસ યોજન પહોળો હતો અને તેનાથી પણ

દસ યોજન ઉપર જતાં અગ્રભાગમાં ફક્ત દસ યોજન પહોળો રહી ગયો હતો. તે પર્વતપરના વનોમાં અનેક તરુણ વિદ્યાધરીઓ પોતપોતાના વિદ્યાધરોની સાથે વિહાર કરી રહી હતી, તે વિદ્યાધરીઓના મુખ કદમ્બ પુષ્પની સુગંધ સમાન શ્વાસથી સુગંધિત હતા અને જેવી રીતે તરુણ અર્થાત્ મધ્યાહ્નના સૂર્યના કિરણોના સ્પર્શથી કમળ ખીલી જાય છે, તેવી જ રીતે પોતાના તરુણ પુરુષરૂપી સૂર્યના હાથના સ્પર્શથી પ્રફુલ્લિત થયા હતા.

આ રીતે, જેનું માહાત્મ્ય પ્રગટ થઈ રહ્યું છે અને ત્રણેય લોકોનું અતિક્રમણ કરવાવાળો છે એવા જિનેન્દ્રદેવ સમાન ગિરિરાજને પ્રાપ્ત કરીને તે નમિ-વિનમિ રાજકુમાર અતિશય સંતોષને પ્રાપ્ત થયા. જેણે તટવર્તી વનોના વિસ્તારને કંપિત કર્યા છે, જેણે ગંગાનદીના તટ સંબંધી વેદીના સમીપવર્તીના તળાવની લહેરોનું ભેદન કરી અનેક જળની બૂંદો ધારણ કરી લીધી છે અને જેણે પોતાની સુગંધના કારણે વનના હાથીઓના ગંડસ્થળથી ભ્રમરોના સમૂહ પોતાની તરફ ખેંચી લીધા છે એવા તે પર્વતના ઉપવનોમાં ઉત્પન્ન થયેલા વાયુએ તે બંને તરુણકુમારના માર્ગનો બધો જ પરિશ્રમ દૂર કરી દીધો હતો. તે પર્વતના વન પ્રદેશોથી પ્રચલિત થયેલો પવન દૂર-દૂરથી જ ધરણેન્દ્રની સમીપ આવી રહ્યો હતો જેનાથી એવું જણાતું હતું કે જાણે પર્વતનો વન પ્રદેશ ધરણેન્દ્રની સન્મુખ આવી રહ્યો હોય! કારણ કે તે વનપ્રદેશ મદોન્મત્ત, સુંદર કોયલોના શબ્દરૂપી વાદિંત્રોની ધ્વનીથી શબ્દાયમાન થઈ રહ્યો હતો, ભમરીઓના મધુર ગુંજારરૂપી મંગળ ગીતોથી મનોહર હતો અને પુષ્પરૂપી અર્ઘ્ય ધારણ કરી રહ્યો હતો.

આ રીતે, જે ખૂબ જ ઉદાર અર્થાત્ ઉંચો છે, જે સમસ્ત વિદ્યારૂપી ખજાનાઓની ઉત્પત્તિનું મુખ્ય સ્થાન છે અને જેની કીર્તિ સમસ્ત લોકની અંદર વ્યાપ્ત થઈ રહી છે એવા, જિનેંદ્રદેવ સમાન સુશોભિત તે વિજયાર્ધ પર્વતને નજદીકથી જોતો તે ધરણેન્દ્ર તે બંને રાજકુમારોની સાથે-સાથે પોતાના મનમાં ખૂબ જ પ્રસન્ન થયો.

આ રીતે, આર્ષ નામથી પ્રસિદ્ધ ભગવજ્જિનસેનાચાર્ય-વિરચિત ત્રિષષ્ટીલક્ષણ મહાપુરાણ ગ્રંથમાં ધરણેન્દ્રનું વિજયાર્ધ પર્વત પર જવા આદિનું વર્ણન કરવાવાળો અઢારમો અધ્યાય સમાપ્ત થયો.

# અધ્યાય ઓગણીસમો

ત્યારબાદ, તે ધરણેન્દ્ર વિજયાર્ધ પર્વતની પહેલી મેખલા પર ઉતર્યો અને ત્યાં તે બંને રાજકુમારો માટે વિદ્યાધરોનો તે લોક દેખાડ્યો. આ મહાભરતક્ષેત્રમાં અવસર્પિણિ કાળ સમાન ચતુર્થકાળના પ્રારંભમાં મનુષ્યોની જે સ્થિતિ થતી હતી તે જ અહીંના મનુષ્યોની ઉત્કૃષ્ટ સ્થિતિ હોય છે અને તે ચતુર્થકાળના અંતમાં જે સ્થિતિ હોય છે તે જ અહીંની જઘન્યસ્થિતિ હોય છે. તેવી જ રીતે ચતુર્થકાળની શરૂઆતમાં શરીરની જેટલી ઉંચાઈ હોય છે તેટલી જ અહીંની ઉત્કૃષ્ટ ઉંચાઈ હોય છે અને ચતુર્થકાળના અંતમાં જેટલી ઉંચાઈ હોય છે તેટલી જ અહીં જઘન્ય ઉંચાઈ હોય છે. તે જ નિયમથી અહીંનું ઉત્કૃષ્ટ આયુષ્ય એક કરોડ પૂર્વ વર્ષનું અને જઘન્ય સો વર્ષનું હોય છે તથા શરીરની ઉત્કૃષ્ટ ઉંચાઈ પાંચસો ધનુષ અને જઘન્ય સાત હાથ હોય છે. ભાવાર્થ—અહીં આર્યખંડની જેમ છ કાળનું પરિવર્તન નથી થતું, પરંતુ ચોથાકાળની શરૂઆત અને અંત સમાન પરિવર્તન થાય છે. કર્મભૂમિમાં વરસાદ, ઠંડી, ગરમી આદિ ઋતુઓનું પરિવર્તન તથા અસિ-મસિ આદિ છ કર્મરૂપ જેટલા નિયોગ હોય છે તે બધા જ અહીં પૂર્ણરૂપથી હોય છે, પરંતુ અહીં વિશેષતા એટલી છે કે મહાવિદ્યાઓ અહીના લોકોને તેમની ઈચ્છાનુસાર ફળ આપ્યા કરે છે.

અહીં વિદ્યાધરોને જે મહાપ્રજ્ઞપ્તિ આદિ વિદ્યાઓ સિદ્ધ હોય છે, તે તેમને કામધેનુ સમાન યથેષ્ટ ફળ આપે છે. તે વિદ્યાઓ બે પ્રકારની હોય છે. એક વિદ્યા એવી છે કે જે કુળ-પિતૃપક્ષ અથવા જાતિ-માતૃપક્ષને આશ્રિત છે અને બીજી વિદ્યા એવી છે કે જે તપસ્યાથી સિદ્ધ કરવામાં આવે છે. તેમાંથી પહેલાં પ્રકારની વિદ્યાઓ કુળ–પરંપરાથી જ પ્રાપ્ત થઈ જાય છે અને બીજા પ્રકારની વિદ્યા પ્રયત્નપૂર્વક આરાધનાથી પ્રાપ્ત થાય છે. જે વિદ્યાઓ આરાધનાથી પ્રાપ્ત થાય છે તેની આરાધના કરવાનો ઉપાય એ છે કે સિદ્ધાયતનની નજીદીક અથવા દ્વીપ, પર્વત અથવા નદીનો કિનારો આદિ કોઈ પવિત્રસ્થાનમાં પવિત્ર વેષ ધારણ કરી બ્રહ્મચર્યવ્રતનું પાલન કરતાં થકા વિદ્યાના

અધિષ્ઠાતા દેવતાની પૂજા કરી તથા નિત્યપૂજાપૂર્વક મહોપવાસ ધારણ કરી તે વિદ્યાઓની આરાધના કરે. આ વિધિથી તથા તપશ્ચરણ, નિત્ય પૂજા, જપ આદિ અનુક્રમથી કરવાથી વિદ્યાધરોને તે મહાવિદ્યા સિદ્ધ થઈ જાય છે. ત્યારબાદ, જેમને વિદ્યા સિદ્ધ થઈ ગઈ છે એવા આકાશગામી વિદ્યાધર લોકો પહેલાં સિદ્ધ ભગવાનની પ્રતિમાની પૂજા કરે છે અને પછી વિદ્યાઓના ફળનો ઉપભોગ કરે છે. આ વિજયાર્ધ પર્વત પર આ વિદ્યાધર લોકો જેવી રીતે આ વિદ્યાઓના ફળોનો ઉપભોગ કર છે, તેવી જ રીતે ધાન્ય આદિ ફળ સંપદાઓનો પણ પોતાની સંપદા અનુસાર ઉપભોગ કરે છે. અહીંના સ્ત્રી-પુરુષોની સૃષ્ટિ પ્રત્યેક પ્રકારના ભોગોપભોગની સંપદાઓથી ભરપૂર હોવાના કારણે સ્વર્ગના ભોગોમાં પણ અનુત્સુક રહે છે. આ રીતે, મનુષ્યોની પ્રસન્નતાના કારણ સ્વરૂપ જે જે વિશેષ પદાર્થ છે તે બધા ભલે સ્વર્ગમાં દુર્લભ હોય, પરંતુ અહીં પગ-પગ પર વિદ્યમાન રહે છે. આ રીતે, આ પર્વત વિદ્યાધરોને યોગ્ય અતિશય મનોહર સમસ્ત વિશેષ પદાર્થોને જાણે કૌતુહલથી જ પોતાના ખોળામાં લઈને ધારણ કરી રહ્યો છે!

ઉપર કહેલી શોભા અને સંપત્તિના નિધાન સ્વરૂપ એવી આ બંને શ્રેણીઓ પર આ નગરોની ખૂબ જ સુંદર રચના દેખાય છે. આ બંને શ્રેણીઓ પૃથક્-પૃથક્ દસ યોજન પહોળી છે અને પર્વતની લંબાઈ સમાન સમુદ્રપર્યંત લાંબી છે. આ દક્ષિણ અને ઉત્તર શ્રેણીઓમાં ક્રમથી પચાસ અને સાંઈઠ નગર સુશોભિત છે કે જે નગર પોતાની શોભાથી સ્વર્ગના વિમાનોની પણ હાંસી ઉડાવે છે. આ નગરીઓમાંથી પ્રત્યેક નગરીમાં એક હજાર ચોક છે, બાર હજાર ગલીઓ છે અને નાના-મોટા બધા મળીને એક હજાર દરવાજા છે. આ નગરીઓ પૂર્વથી પશ્ચિમ સુધી નવ યોજન પહોળી છે અને દક્ષિણથી ઉત્તર સુધી બાર યોજન લાંબી છે. આ બધી નગરીઓના મુખ પૂર્વદિશા તરફ છે. આ નગરીઓના રાજભવન આદિના વિસ્તાર વગેરેનું વર્ણન કોણ કરી શકે છે! કારણ કે જે વિષયમાં મારા જેવા ધરણેંદ્રની બુદ્ધિ પણ અતિશય મોહને પ્રાપ્ત થાય છે તો પછી બીજાઓની તો શું વાત? આ નગરીઓમાંથી પ્રત્યેક નગરીને એક-એક કરોડ ગામનો પરિવાર છે તથા ખેટ આદિની રચના જુદી-જુદી છે. તે ગામ વિના વાવ્યે જ ઉત્પન્ન થવાવાળા શાલિ-ચોખાથી તથા બીજા પણ અનેક પ્રકારના ધાનથી સદાય હર્યાભર્યા રહે છે. આ વિજયાર્ધ પર્વત પર વસેલા નગરોનું અંતર પણ સર્વજ્ઞદેવે પ્રમાણ યોજનના માપથી એકસો પંચાણુ યોજન કહ્યું છે. જેવા પ્રકારની રચના દક્ષિણ શ્રેણી ઉપર છે, તેવી જ ઉત્તર શ્રેણી પર પણ અનેક વિભૂતિઓથી યુક્ત નગરોની રચના

છે, પરંતુ ત્યાંના નગરોનું અંતર પ્રમાણ યોજનોથી કંઈક અધિક એકસો અઠ્યોતેર યોજન છે. પશ્ચિમ દિશાથી લઈને સાંઈઠમાં નગર સુધી તે નગરોના નામ અનુક્રમથી આ રીતે છે :

૧-અર્જુની, ૨-વારુણી, ૩-કૈલાસવારણી, ૪-વિદ્યુત્પ્રભ, ૫-કિલકિલ, ૬-ચૂડામણિ, ૭-શશિપ્રભા, ૮-વંશાલ, ૯-પુષ્પચૂડ, ૧૦-હંસગર્ભ, ૧૧-બલાહક, ૧૨-શિવંકર, ૧૩-શ્રીહર્મ્ય, ૧૪-ચમર, ૧૫-શિવમંદિર, ૧૬-વસુમત્ક, ૧૭-વસુમતી, ૧૮-સિદ્ધાર્થક, ૧૯-શત્રુંજય, ૨૦-કેતુમાલા, ૨૧-સુરેન્દ્રકાંત, ૨૨-ગગનનન્દન, ૨૩-અશોકા, ૨૪-વિશોકા, ૨૫-વીતશોકા, ૨૬-અલકા, ૨૭-તિલકા, ૨૮-અમ્બરતિલક, ૨૯-મંદિર, ૩૦-કુમુદ, ૩૧-કુન્દ, ૩૨-ગગનવલ્લભ, ૩૩-દ્યુતિલક, ૩૪-ભૂમિલક, ૩૫-ગન્ધર્વપુર, ૩૬-મુક્તાહાર, ૩૭-નિમિષ, ૩૮-અગ્નિજ્વાલ, ૩૯-મહાજ્વાલ, ૪૦-શ્રીનિકેત, ૪૧-જય, ૪૨-શ્રીનિવાસ, ૪૩-મણિવજ, ૪૪-ભદ્રાશ્વ, ૪૫-ભવનંજય, ૪૬-ગોક્ષીર, ૪૭-ફેન, ૪૮-અક્ષોભ્ય, ૪૯-ગિરિશિખર, ૫૦-ધરણી, ૫૧-ધારણ, ૫૨-દુર્ગ, ૫૩-દુર્ધર, ૫૪-સુદર્શન, ૫૫-મહેન્દ્રપુર, ૫૬-વિજયપુર, ૫૭-સુગંધિની, ૫૮-વજ્રપુર, ૫૯-રત્નાકર અને ૬૦-ચંદ્રપુર.

આ રીતે, ઉત્તર શ્રેણીમાં આ મોટા-મોટા સાંઈઠ નગર સુશોભિત છે કે જેની શોભા સ્વર્ગના નગર સમાન છે. આ નગર ઈન્દ્રપુરી સમાન છે અને મોટા-મોટા ભવન સ્વર્ગના વિમાન સમાન છે. અહીના પ્રત્યેક નગર શોભાની અપેક્ષા બીજા નગરથી પૃથક્ જ જણાય છે તથા પ્રત્યેક નગરનો વૈભવ પણ બીજા નગરના વૈભવની અપેક્ષા પૃથક્ જણાય છે અર્થાત્ અહીના નગર એકથી વધીને એક છે. અહીંના મનુષ્ય દેવકુમાર સમાન છે અને સ્ત્રીઓ અપ્સરાઓ સમાન છે. આ બધા સ્ત્રી-પુરુષ પોતપોતાને યોગ્ય છએ ૠતુના ભોગ ભોગવે છે. આ રીતે, આ વિજયાર્ધ પર્વત એવા-એવા શ્રેષ્ઠ નગરોને ધારણ કરી રહ્યો છે કે જેની સ્તુતિ મોટા-મોટા પ્રાચીન કવી પણ કરી શકતા નથી. આ સિવાય આ પર્વત પોતાના ઉપરની ઉત્કૃષ્ટ ભૂમિથી એવો જણાય છે કે જાણે સ્વર્ગની લક્ષ્મીને જ બોલાવી રહ્યો હોય! અનેક વિશેષતાઓ સહિત આ પર્વત રાત-દિવસ ઈન્દ્રોના મનને પણ કૌતુકયુક્ત કરતો રહે છે અર્થાત્ ક્રીડા કરવા માટે ઈન્દ્રોનું મન પણ લલચાતું રહે છે, તો પછી વિદ્યાધરોની તો વાત જ શું! અનેક વિશેષ ગુણો સહિત આ પર્વત પર જેને જુઓ તે સુખ દેવાવાળું, હૃદયનું હરણ કરવાવાળું અને આંખોને લોભાવવાવાળું જણાય છે.

આ વિજયાર્ધ પર્વત પણ વૃષભજિનેન્દ્ર સમાન છે. કારણ કે જેવી રીતે વૃષભજિનેન્દ્ર શ્રીમાન્ અર્થાત્ અંતરંગ અને બહિરંગ લક્ષ્મી સહિત છે, તેવી જ રીતે આ પર્વત પણ શ્રીમાન અર્થાત્ શોભાથી સહિત છે; જેવી રીતે વૃષભજિનેન્દ્ર મનુષ્ય, દેવ, વિદ્યાધર અને ચારણઋદ્ધિધારી મુનિઓ દ્વારા સેવનીય છે, તેવી જ રીતે આ પર્વત પણ તેમના દ્વારા સેવનીય છે અર્થાત્ તે બધા આ પર્વત ઉપર વિહાર કરે છે; જેવી રીતે વૃષભજિનેન્દ્ર ત્રણેય જગતના ગુરુ છે, તેવી જ રીતે આ પર્વત પણ ત્રણેય જગતમાં ગુરુ અર્થાત્ શ્રેષ્ઠ છે; જેવી રીતે વૃષભજિનેન્દ્ર ચંદ્ર સમાન ઉજ્જ્વળ કીર્તિના ધારક છે, તેવી જ રીતે આ પર્વત પણ ચંદ્રતુલ્ય ઉજ્જ્વળ કીર્તિનો ધારક છે; જેવી રીતે વૃષભજિનેન્દ્ર તુંગ અર્થાત્ ઉદાર છે, તેવી જ રીતે આ પર્વત પણ તુંગ અર્થાત્ ઉંચો છે; જેવી રીતે વૃષભજિનેન્દ્ર શુચિ અર્થાત્ પવિત્ર છે, તેવી જ રીતે આ પણ શુચિ અર્થાત્ શુક્લ છે તથા જેવી રીતે વૃષભજિનેન્દ્રના પાદમૂલ અર્થાત્ ચરણકમળ ભરત ચક્રવર્તી દ્વારા આશ્રિત છે, તેવી જ રીતે આ પર્વતના પાદમૂલ અર્થાત્ નીચેનો ભાગ પણ દિગ્વિજયના સમયે ગુફામાં પ્રવેશ કરવા માટે ભરત ચક્રવર્તી દ્વારા આશ્રિત છે અથવા તેના પાદમૂલ ભરતક્ષેત્રમાં સ્થિત છે. આ રીતે, ભગવાન વૃષભ જિનેન્દ્ર સમાન અતિશય ઉત્કૃષ્ટ આ વિજયાર્ધ પર્વત તમારા બંનેની રક્ષા કરે.

આ રીતે, યુક્તિ સહિત ધરણેન્દ્રના વચનો સાંભળીને તે બંને રાજકુમારોએ તે ગિરિરાજની પ્રશંસા કરી અને પછી તે ધરણેન્દ્રની સાથે-સાથે નીચે ઉતરીને અતિશય શ્રેષ્ઠ અને ઉંચી-ઉંચી ધ્વજાઓથી સુશોભિત રથનુપુર ચક્રવાલ નામક નગરમાં પ્રવેશ કર્યો. ધરણેન્દ્રએ ત્યાં બંનેને સિંહાસન ઉપર બેસાડીને બધા વિદ્યાધરોને કહ્યું કે આ તમારા સ્વામી છે ને પછી તે ધીરવીર ધરણેન્દ્રએ વિદ્યાધરીઓના હાથેથી ઉપાડાયેલા સુવર્ણના મોટા-મોટા કળશોથી આ બંનેનો રાજ્યાભિષેક કર્યો. રાજ્યાભિષેક બાદ ધરણેન્દ્રએ વિદ્યાધરોને કહ્યું કે જેવી રીતે ઈન્દ્ર સ્વર્ગનો અધિપતિ છે, તેવી જ રીતે આ નમિ હવે દક્ષિણ શ્રેણીનો અધિપતિ છે અને અનેક સાવધાન વિદ્યાધરો દ્વારા નમસ્કાર કરવામાં આવતો આ વિનમિ ચિરકાળ સુધી ઉત્તર શ્રેણીનો અધિપતિ રહેશે. કર્મભૂમિરૂપી જગતને ઉત્પન્ન કરવાવાળા જગદ્ગુરુ શ્રીમાન્ ભગવાન વૃષભદેવે પોતાની સંમત્તિથી આ બંનેને અહીં મોકલ્યા છે, તેથી બધા વિદ્યાધર રાજા પ્રેમથી મસ્તક ઝુકાવીને આમની આજ્ઞા ધારણ કરે. તે બંનેના પુણ્યથી તથા જગદ્ગુરુ ભગવાન વૃષભદેવની આજ્ઞાના નિરૂપણથી અને ધરણેન્દ્રના યોગ્ય ઉપદેશથી તે વિદ્યાધરોએ તે બધા કાર્ય તેમના કહ્યા અનુસાર જ સ્વીકૃત

કરી લીધા. બરાબર જ છે કે **મહાપુરુષો દ્વારા હાથમાં લેવામાં આવેલું કાર્ય શીઘ્ર જ સિદ્ધ થઈ જાય છે.** આ રીતે, નયોને જાણવાવાળા ધીરવીર ધરણેન્દ્રએ તે બંનેને 'ગાંધારપદા' અને 'પન્નગપદા' નામની બે વિદ્યાઓ આપી અને પછી પોતાનું કાર્ય પૂર્ણ કરી વિનયવંત બંને રાજકુમારોને છોડીને પોતાના નિવાસસ્થાન પર ચાલ્યો ગયો.

ત્યારબાદ, ધરણેન્દ્રના ચાલ્યા ગયા પછી અનેક પ્રકારના સંપૂર્ણ ભોગોપભોગની વારંવાર ભેંટ આપતા વિદ્યાધર લોકો હાથ જોડી મસ્તક નમાવીને સ્પષ્ટરૂપથી જેની સેવા કરે છે એવા તે બંને કુમાર તે પર્વત પર ખૂબ જ સંતુષ્ટ થયા હતા. જે પોતપોતાના ભાગ્ય સમાન અલંઘ્ય છે, પુણ્યાત્મા જીવોનો નિવાસ હોવાના કારણે જે સ્વર્ગનું અનુકરણ કરે છે તથા જે જિનેન્દ્ર ભગવાનના સમવસરણ સમાન બધા લાકો દ્વારા વંદનીય છે, એવી તે વિજયાર્ધ પર્વતની મેખલા પર તે બંને રાજકુમાર સુખથી રહેવા લાગ્યા હતા. જેમણે સ્વયં વિધિપૂર્વક અનેક વિદ્યાઓ સિદ્ધ કરી છે અને વિદ્યામાં મોટા પુરુષોની સાથે મળીને પોતાના અભિલષિત અર્થને સિદ્ધ કર્યા છે એવા તે બંને કુમાર વિદ્યાઓને આધીન પ્રાપ્ત થવાવાળા તથા છએ ઋતુઓના સુખ દેવાવાળા ભોગોનો ઉપભોગ કરતાં થકા તે પર્વત પર વિદ્યાધરો દ્વારા વિભક્ત કરવામાં આવેલી સ્થિતિને પ્રાપ્ત થયા હતા. ભાવાર્થ—જો કે તેઓ જન્મથી વિદ્યાધર ન હતા, તેમ છતાં ત્યાં જઈને તેમણે સ્વયં અનેક વિદ્યાઓ સિદ્ધ કરી લીધી હતી અને બીજા વિદ્યાવૃદ્ધ મનુષ્યોની સાથે મળીને પોતાના અભિલાષિત કાર્ય સિદ્ધ કરી લેતા હતા. તેથી વિદ્યાધરો સમાન જ ભોગોપભોગ ભોગવતાં રહેતા હતા. આ બંને કુમારોને પ્રસન્ન કરવાવાળી સેવા કરતાં થકા વિદ્યાધર લોકો મસ્તક નમાવીને તે બંનેની આજ્ઞા ધારણ કરતાં હતા. ગૌતમસ્વામી રાજા શ્રેણિકને કહે છે કે હે રાજા શ્રેણિક! આ નમિ અને વિનમિ ક્યાં ઉત્પન્ન થયા અને ક્યાં સમસ્ત શત્રુઓને તિરસ્કૃત કરવાવાળું આ વિદ્યાધરોના ઈન્દ્રનું પદ મળ્યું! **યથાર્થમાં મનુષ્યનું પુણ્ય જ સુખદાયી સામગ્રીને આપતું રહે છે.** નમિકુમારે મોટી-મોટી ભોગોપભોગની સંપદાને પ્રાપ્ત થયેલી દક્ષિણ શ્રેણી પર રહેવાવાળા વિદ્યાધર નગરીઓના રાજાઓને વશ કર્યા હતા અને વિનમિએ ઉત્તર શ્રેણી પર રહેવાવાળા વિદ્યાધર નગરીઓના રાજાઓને નમ્રીભૂત કર્યા હતા.

આ રીતે, તે બંને રાજકુમાર વિદ્યાધરોની તે લક્ષ્મીને વિભક્ત કરી વિજયાર્ધ પર્વતના તટ પર નિષ્કંટક રૂપથી રહેતા હતા. હે ભવ્યજીવો! જુઓ, ભગવાન વૃષભદેવના ચરણોનો આશ્રય લેવાવાળા આ બંને કુમારોને પુણ્યથી

જ તે પ્રકારની વિભૂતિ પ્રાપ્ત થઈ હતી. તેથી, જે જીવ સ્વર્ગ આદિની લક્ષ્મી પ્રાપ્ત કરવા ઈચ્છુક હોય તે ફક્ત પુણ્યનો જ સંચય કરે! ચર અને અચર જગત્‌ના ગુરુ તથા ત્રણ લોકના અધિપતિઓ દ્વારા પૂજિત ભગવાન વૃષભદેવને નમસ્કાર કરીને જ બંને ભક્ત વિદ્યાધરોના અધિશ્વર થઈને ઉચિત સુખને પ્રાપ્ત થયા હતા. તેથી, જે જીવ મોક્ષરૂપી અવિનાશી સુખ અને પરમ કલ્યાણરૂપ જિનેન્દ્ર ભગવાનના ગુણ પ્રાપ્ત કરવા ઈચ્છે છે, તે આદિગુરુ ભગવાન વૃષભદેવને મસ્તક ઝુકાવી પ્રણામ કરે અને તેમની જ ભક્તિપૂર્વક પૂજા કરે!

આ રીતે, આર્ષ નામથી પ્રસિદ્ધ ભગવજ્જિનસેનાચાર્ય-વિરચિત ત્રિષષ્ટિલક્ષણ મહાપુરાણ સંગ્રહમાં 'વિજયાર્ધ પર્વતનું વર્ણન તથા નમિ-વિનમિના રાજ્યપ્રાપ્તિ'નું વર્ણન કરવાવાળો ઓગણીસમો અધ્યાય સમાપ્ત થયો.

* આત્મજ્ઞાની પુરુષોનું ચિત્ત આત્મકલ્યાણમાં જ લીન રહે છે. (અ. ૧૦, શ્લોક ૧૨૪)
* સામાન્ય રીતે પંડિતજન આત્મકલ્યાણના જ અભિલાષી હોય છે. (અ. ૧૧, શ્લોક ૫)
* જોકે સ્વર્ગના દેવો સદાય સુખને આધીન રહે છે, મહાધૈર્યવાન અને અનેક ઋદ્ધિઓના ધારક હોય છે, છતાંપણ તેઓ સ્વર્ગમાંથી બીજે ચાલ્યા જાય છે. તેથી, સંસારની આવી સ્થિતિને ધિક્કાર હો! (અ. ૧૧, શ્લોક ૭)
* સાધુઓને વ્રત, શીલ આદિમાં વિઘ્ન આવે ત્યારે તેને દૂર કરવા માટે તેઓ હંમેશા સાવધાન રહે છે, કારણ કે હિતેચ્છુ પુરુષોની ઈચ્છા સમાધિ અર્થાત્ બીજાના વિઘ્નોને દૂર કરવાની જ હોય છે. (અ. ૧૧, શ્લોક ૭૧)
* જો કે આ સંસારમાં જિનેન્દ્રદેવે આકુળતા-રહિત પરિણામને જ સુખ કહ્યું છે, તેથી તેવું સુખ એ સરાગી જીવોને કેવી રીતે હોઈ શકે કે જેમનું ચિત્ત અનેક પ્રકારની આકુળતાથી વ્યાકુળ થઈ રહ્યું છે? (અ. ૧૧, શ્લોક ૧૬૪)
* જ્યારે મનોહર વિષયોનું સેવન ફક્ત તૃષ્ણાને માટે જ છે, નહીં કે સંતોષ માટે, ત્યારે તૃષ્ણારૂપી જ્વાળાથી સળગતો આ જીવ સુખી કેવી રીતે હોઈ શકે? (અ. ૧૧, શ્લોક ૧૬૭)
* જેમ જે ઔષધિ રોગ દૂર ન કરી શકે, તે ઔષધિ જ નથી; જે પાણી તરસ દૂર ન કરી શકે, તે પાણી જ નથી અને જે ધન આપત્તિને દૂર ન કરી શકે, તે ધન જ નથી; તેવી જ રીતે જે વિષયોથી ઉત્પન્ન થયેલું સુખ, તૃષ્ણાને દૂર ન કરી શકે તો તે સુખ જ નથી. (અ. ૧૧, શ્લોક ૧૬૮)

# અધ્યાય વીસમો

ત્યારબાદ, જેમનું માહાત્મ્ય અચિંત્ય છે અને જેઓ મેરુ પર્વત સમાન અચળ સ્થિતિને ધારણ કરવાવાળા છે એવા જગદ્‌ગુરુ ભગવાન વૃષભદેવને યોગ ધારણ કર્યાને જ્યારે છ મહિના પૂર્ણ થઈ ગયા, ત્યારે યતિઓની ચર્યા અર્થાત્ આહાર લેવાની વિધિ કહેવાના ઉદ્દેશ્યથી શરીરની સ્થિતિ માટે નિર્દોષ આહાર શોધવા માટે તેમની આ પ્રમાણે બુદ્ધિ થઈ—તેઓ વિચારવા લાગ્યા કે ઘણા દુઃખની વાત છે કે મોટા-મોટા વંશમાં ઉત્પન્ન થયેલા આ નવદીક્ષિત સાધુ સમીચીન માર્ગનું પરિજ્ઞાન ન હોવાના કારણે આ ક્ષુધા આદિ પરિષહોથી શીઘ્ર જ ભ્રષ્ટ થઈ ગયા. તેથી હવે મોક્ષનો માર્ગ કહેવા માટે અને સુખપૂર્વક મોક્ષની સિદ્ધિ માટે શરીરની સ્થિતિ અર્થે આહાર લેવાની વિધિ શિખવાડીશ. મોક્ષાભિલાષી મુનિઓએ આ શરીર ન તો ફક્ત કૃશ જ કરવું જોઈએ અને ન રસીલા તથા મધુર ઈચ્છિત ભોજનથી તેને પુષ્ટ કરવું જોઈએ, પરંતુ જેવી રીતે આ ઈન્દ્રિયો પોતાના વશમાં રહે અને કુમાર્ગ તરફ ન દોડે, તેવી જ રીતે મધ્યમ વૃત્તિનો આશ્રય લઈને પ્રયત્ન કરવો જોઈએ. વાત, પિત્ત અને કફ આદિ દોષ દૂર કરવા માટે ઉપવાસ આદિ કરવા જોઈએ તથા પ્રાણ ધારણ કરવા માટે આહાર ગ્રહણ કરવો પણ જૈનશાસ્ત્રમાં કહ્યો છે. કાયક્લેશ તેટલો જ કરવો જોઈએ કે જેટલાથી સંક્લેશ ન થાય. કારણ કે સંક્લેશ થઈ જતાં ચિત્ત ચંચળ થઈ જાય છે અને માર્ગથી ચ્યુત થવું પડે છે. તેથી સંયમરૂપી યાત્રાની સિદ્ધિ માટે શરીરની સ્થિતિ ઈચ્છવાવાળા મુનિઓએ રસોમાં આસક્ત ન થઈને નિર્દોષ આહાર ગ્રહણ કરવો જોઈએ. આ પ્રકારે નિશ્ચય કરવાવાળા ધીરવીર ભગવાન વૃષભદેવ યોગ સમાપ્ત કરી પોતાના ચરણ નિક્ષેપ દ્વારા જાણે કે સમસ્ત પૃથ્વીને કંપાયમાન કરતાં વિહાર કરવા લાગ્યા.

જે સમયે મહામેરુ સમાન ઉન્નત ભગવાન વૃષભદેવ વિહાર કરી રહ્યા હતા તે સમયે કંપાયમાન થયેલી આ પૃથ્વી તેમના ચરણકમળના નિક્ષેપને સ્વીકૃત કરી રહી હતી. જો તે સમયે ભગવાન વૃષભદેવે ઈર્યાસમિતિથી યુક્ત તપશ્ચરણ ધારણ કરવામાં પ્રયત્ન ન કર્યો હોત તો સાચે જ આ પૃથ્વી તેમના ચરણોના ભારથી દબાઈને અધોલોકમાં

ડૂબી ગઈ હોત! ભાવાર્થ—ઈર્યાસમિતિથી ગમન કરવાના કારણે—ચાલતા હોવાના કારણે પૃથ્વી પર તેમનો વધારે ભાર પડતો ન હતો. ત્યારબાદ, ચાલતાં પર્વત સમાન ઉન્નત અને શોભાયમાન ભગવાન વૃષભદેવે અનેક નગર, ગ્રામ, મટંબ, ખર્વટ અને ખેટોમાં વિહાર કર્યો હતો. મુનિઓની ચર્યાને ધારણ કરવાવાળા ભગવાન જે તરફ ચરણ રાખતાં હતા અર્થાત્ જ્યાં જ્યાં જતા હતા ત્યાંના લોકો પ્રસન્ન થઈને અને ખૂબ જ સંભ્રમ સહિત આવીને તેમને પ્રણામ કરતાં હતા. તેમાંથી કેટલાય લોકો કહેવા લાગ્યા હતા કે હે દેવ! પ્રસન્ન થાઓ અને કહો કે શું કામ છે? તથા કેટલાય લોકો ચૂપચાપ જતા ભગવાનની પાછળ-પાછળ જવા લાગ્યા હતા. અન્ય કેટલાય લોકો બહુમૂલ્ય રત્ન લાવીને ભગવાનની સામે રાખતાં હતા અને કહેતાં હતા કે હે દેવ! પ્રસન્ન થાઓ અને અમારી આ પૂજાનો સ્વીકાર કરો! કેટલાય લોકો કરોડો પદાર્થ અને કરોડો પ્રકારની સવારીઓ ભગવાન પાસે લાવતા હતા, પરંતુ ભગવાનને તે બધાથી કાંઈ પ્રયોજન ન હતું. તેથી તેઓ ચૂપચાપ આગળ વિહાર કરી જતા હતા. કેટલાય લોકો માળા, વસ્ત્ર, ગંધ અને આભૂષણોના સમૂહ આદરપૂર્વક ભગવાન પાસે લાવતા હતા અને કહેતા હતા કે હે ભગવાન! આ બધું ધારણ કરો. કેટલાય લોકો રૂપ અને યૌવનથી શોભાયમાન કન્યાઓને લાવીને ભગવાનની સાથે લગ્ન કરાવવા માટે તૈયાર થયા હતા. આવી મૂર્ખતાને ધિક્કાર હો! કેટલાય લોકો સ્નાન કરવાની સામગ્રી લાવીને ભગવાનને ઘેરી લેતા હતા અને કેટલાય લોકો ભોજનની સામગ્રી સામે રાખીને પ્રાર્થના કરતાં હતા કે હે વિભો! હું સ્નાનની સામગ્રીની સાથે-સાથે ભોજન લાવ્યો છું, પ્રસન્ન થાઓ, આ આસન પર બેસો અને સ્નાન તથા ભોજન કરો.

ચર્યાની વિધિને નહીં જાણવાવાળા કેટલાય મૂર્ખ લોકો ભગવાનને એવી પ્રાર્થના કરતાં હતા કે હે ભગવાન! અમે લોકો બંને હાથ જોડીએ છીએ, પ્રસન્ન થાઓ અને અમને અનુગ્રહીત કરો. કેટલાય લોકો ભગવાનના ચરણને પામીને અને તેમની ધૂળના સ્પર્શથી પવિત્ર થઈને પોતાનું મસ્તક નમાવીને ભોજન કરવા માટે તેમને વારંવાર પ્રાર્થના કરતાં હતા અને કહેતાં હતા કે હે ભગવાન! આ ખાદ્ય પદાર્થ છે અને આ સ્વાદ્ય પદાર્થ છે, આ જુદું રાખેલું ભોજ્ય પદાર્થ છે અને આ શરીરને સંતુષ્ટ કરવાવાળું અને મનોહર વારંવાર પીવાયોગ્ય પેય પદાર્થ છે. આ પ્રકારે સંભ્રાંત થયેલા કેટલાય અજ્ઞાની લોકો ભગવાનને વારંવાર પ્રાર્થના કરતાં હતા, પરંતુ 'આવું કરવું ઉચિત નથી' એમ માનતા ભગવાન ચૂપચાપ ત્યાંથી આગળ ચાલ્યા જતા હતા.

જેમની ચર્યાની વિધિ અતિશય ગુપ્ત છે એવા ભગવાનના અભિપ્રાયને જાણવા માટે અસમર્થ થયેલા કેટલાય લોકો શું કરવું જોઈએ અને શું નહીં તે વિષયમાં મૂઢ થઈને ચિત્રલિખિત સમાન નિશ્ચળ જ ઊભા રહી જતા હતા. અન્ય કેટલાય લોકો આંખમાંથી આંસુ વહાવતા પોતાના પુત્ર તથા સ્ત્રીઓ સહિત ભગવાનના ચરણોમાં વિંટળાઈ જતા હતા કે જેથી ક્ષણવાર માટે ભગવાનની ચર્યામાં વિઘ્ન પડી જતો હતો, પરંતુ વિઘ્ન દૂર થતા તેઓ ફરી આગળ વિહાર કરવા લાગતા હતા. આ રીતે, જગતને આશ્ચર્ય કરવાવાળી ગૂઢચર્યાથી ઉત્કૃષ્ટચર્યા ધારણ કરવાવાળા ભગવાનના છ મહિના બીજા પણ વ્યતીત થઈ ગયા. આ રીતે, એક વર્ષ પૂર્ણ થતાં ભગવાન વૃષભદેવ કુરુજાંગલદેશના આભૂષણ સમાન સુશોભિત હસ્તિનાપુર નગરમાં પહોંચ્યા. તે સમયે તે નગરના રક્ષક રાજા સોમપ્રભ હતા. રાજા સોમપ્રભ કુરુવંશના શિખામણિ સમાન હતા, તેમનું અંતઃકરણ અતિશય પ્રસન્ન હતું અને મુખ ચંદ્ર સમાન સૌમ્ય હતું. તેમનો એક નાનોભાઈ હતો કે જેનું નામ શ્રેયાંસકુમાર હતું. તે શ્રેયાંસકુમાર ગુણોની વૃદ્ધિથી શ્રેષ્ઠ હતા, રૂપથી કામદેવ સમાન હતા, કાંતિથી ચંદ્ર સમાન હતા અને દીપ્તિથી સૂર્ય સમાન હતા. જે પહેલાં ધનદેવ હતા અને પછી અહમિન્દ્ર થયા હતા તે સ્વર્ગથી ચ્યુત થઈને પ્રજાનું કલ્યાણ કરવા તથા સ્વયં કલ્યાણોની નિધિ સ્વરૂપ શ્રેયાંસકુમાર થયા હતા. જ્યારે ભગવાન આ હસ્તિનાપુર નગરની સમીપ આવી રહ્યા હતા ત્યારે શ્રેયાંસકુમારે રાત્રિના પાછલા પ્રહરમાં નીચે લખેલા સ્વપ્ન જોયા :—

પ્રથમ જ સુવર્ણમય મહાશરીરને ધારણ કરવાવાળો અને અતિશય ઉંચો સુમેરુ પર્વત જોયો, બીજા સ્વપ્નમાં શાખાઓના અગ્રભાગ પર લટકતા આભૂષણોથી સુશોભિત કલ્પવૃક્ષ જોયું, ત્રીજા સ્વપ્નમાં પ્રલયકાળ સંબંધી સંધ્યાકાળના મેઘ સમાન પીળી પીળી અયાલ (કેશવાળી)થી જેની ગ્રીવા ઉંચી થઈ છે એવો સિંહ જોયો, ચોથા સ્વપ્નમાં જેના સિંગના અગ્રભાગ પર માટી લાગેલી છે એવો કિનારા ઉખાડતો બળદ જોયો, પાંચમાં સ્વપ્નમાં જેની કાંતિ અતિશય દૈદીપ્યમાન થઈ રહી છે અને જે જગતના નેત્ર સમાન છે એવા સૂર્ય અને ચંદ્ર જોયા, છટ્ઠા સ્વપ્નમાં જેનું જળ ખૂબ જ ઉંચું ઉછળીને લહેરો અને રત્નોથી સુશોભિત થઈ રહ્યું છે એવો સમુદ્ર જોયો તથા સાતમા સ્વપ્નમાં અષ્ટમંગળ દ્રવ્ય ધારણ કરી સામે ઊભેલી ભૂત જાતિના વ્યંતર દેવોની મૂર્તિઓ જોઈ. આ રીતે, ભગવાનના ચરણકમળના દર્શન જ જેમનું મુખ્ય ફળ છે એવા તે ઉપર લખેલા સાત સ્વપ્ન શ્રેયાંસકુમારે જોયા.

ત્યારબાદ, જેનું ચિત્ત અતિશય પ્રસન્ન થઈ રહ્યું છે એવા શ્રેયાંસકુમારે પ્રાતઃકાળના સમયે વિનય સહિત રાજા સોમપ્રભની પાસે જઈને તેમનાથી રાત્રિના સમયે જોયેલા તે બધા જ સ્વપ્ન કહ્યા. ત્યારબાદ, જેના ફેલાતા દાંતોના કિરણોથી બધી જ દિશાઓ અતિશય સ્વચ્છ થઈ ગઈ છે એવા પુરોહિતે તે સ્વપ્નાઓનું કલ્યાણ કરવાવાળું ફળ કહ્યું. તે કહેવા લાગ્યો કે હે રાજકુમાર! સ્વપ્નમાં મેરુ પર્વત જોવાથી એમ પ્રગટ થાય છે કે જે મેરુ પર્વત સમાન અતિશય ઉન્નત (ઉદાર) છે અને મેરુ પર્વત ઉપર જેનો અભિષેક થયો છે એવા કોઈ દેવ આજે અવશ્ય જ આપણા ઘરે આવશે અને આ અન્ય સ્વપ્ન પણ તેમના જ ગુણોની ઉન્નતિને સૂચિત કરે છે. આજે તે ભગવાનને યોગ્ય કરવામાં આવેલા વિનય દ્વારા આપણા લોકોના મહાન પુણ્યનો ઉદય થશે. આજે આપણે લોકો જગતમાં ખૂબ જ પ્રશંસા, પ્રસિદ્ધિ અને લાભ-સંપદાને પ્રાપ્ત થઈશું, તે વિષયમાં કાંઈપણ સંદેહ નથી અને કુમાર શ્રેયાંસ પણ સ્વયં સ્વપ્નના રહસ્યને જાણવાવાળા છે.

આ રીતે, પુરોહિતના વચનને પ્રસન્ન થયેલા તે બંને ભાઈ સ્વપ્ન અથવા ભગવાનની કથા કહેતાં થકા બેઠા જ હતા કે એટલામાં જ યોગીરાજ ભગવાન વૃષભદેવે હસ્તિનાપુરમાં પ્રવેશ કર્યો. તે સમયે ભગવાનના દર્શનની ઈચ્છાથી જ્યાં-ત્યાંથી આવીને ભેગા થયેલા નગરનિવાસી લોકોના મુખથી નિકળેલો ખૂબ જ કોલાહલ થઈ રહ્યો હતો. કોઈ કહી રહ્યું હતું કે આદિકર્તા ભગવાન વૃષભદેવ આપણા લોકોનું પાલન કરવા માટે અહીં આવ્યા છે; ચાલો, જલ્દી ચાલીને તેમના દર્શન કરીએ અને ભક્તિપૂર્વક તેમની પૂજા કરીએ. કેટલાય લોકો એવા ઉચિત વચન કહી રહ્યા હતા કે સનાતન ભગવાન ફક્ત આપણા લોકો ઉપર જ અનુગ્રહ કરવા માટે જ વનપ્રદેશથી પાછા ફર્યા છે.

આ લોક અને પરલોકને જાણવાવાળા ભગવાનના દર્શન કરવા માટે ઉત્કંઠિત થયેલા કેટલાય નગરનિવાસી લોકો બીજા બધા કામ છોડીને આમથી તેમ દોડી રહ્યા હતા. કોઈ કહી રહ્યું હતું કે જેમનું શરીર સુમેરુ પર્વત સમાન અતિશય ઉંચું છે અને જેમની કાંતિ તપાવેલા ઉત્તમ સુવર્ણ સમાન અતિશય દૈદીપ્યમાન છે એવા તે ભગવાન દૂરથી જ દેખાઈ રહ્યા હતા, 'સંસારના કોઈ એક પિતામહ છે' આવું જે આપણે લોકો કાનેથી સાંભળતા હતા, આજે તે જ સનાતન પિતામહ ભાગ્યથી આપણા લોકોને પ્રત્યક્ષ થઈ રહ્યા છે—આપણે તેમને પોતાની આંખોથી પણ જોઈ રહ્યા છીએ. આ ભગવાનના દર્શન કરવાથી નેત્ર સફળ થઈ જાય છે, તેમનું નામ સાંભળવાથી કાન સફળ થઈ જાય છે


અને તેમનું સ્મરણ કરવાથી અજ્ઞાની જીવ પણ અંતઃકરણની પવિત્રતાને પ્રાપ્ત થઈ જાય છે. જેમણે સમસ્ત પરિગ્રહનો ત્યાગ કરી દીધો છે અને જેમનું અતિશય ઉંચું શરીર અતિશય દૈદીપ્યમાન થઈ રહ્યું છે એવા તે ભગવાન મેઘના આવરણથી છૂટેલા સૂર્ય સમાન અત્યંત સુશોભિત થઈ રહ્યા છે. આ મોટું આશ્ચર્ય છે કે આ ભગવાન ત્રણ લોકના સ્વામી થઈને પણ બધો જ પરિગ્રહ છોડીને આ રીતે એકલા જ વિહાર કરે છે અથવા આપણે લોકોએ જે પહેલાં સાંભળ્યું હતું કે ભગવાને સ્વાધીન સુખ પ્રાપ્ત કરવાની ઈચ્છાથી ઝુંડની રક્ષા કરવાવાળા હાથી સમાન વનમાં પ્રસ્થાન કર્યું છે, તે આ સમયે સત્ય જણાઈ રહ્યું છે. કારણ કે આ પરમેશ્વર ભગવાન સમસ્ત પરિગ્રહ અને વસ્ત્ર છોડીને કોઈ કષ્ટ વિના ઈચ્છાનુસાર એકલા જ વિહાર કરી રહ્યા છે. આ ભગવાન પોતાની ઈચ્છાનુસાર અનેક દેશોમાં વિહાર કરતાં થકા આપણા લોકોના ભાગ્યથી જ અહીં આવ્યા છે. તેથી આપણે તેમની વંદના કરવી જોઈએ, પૂજા કરવી જોઈએ અને તેમની સન્મુખ જવું જોઈએ. આ રીતે, કેટલાય લોકો પ્રશંસનીય વચન કહી રહ્યા હતા.

તે સમયે કોઈ સ્ત્રી પોતાની દાસીને કહી રહી હતી કે હે દાસી તૂ બાળકને દૂધ પીવડાવ, હું ભગવાનના ચરણોના દર્શન કરવા માટે જાઉં છું. અન્ય કોઈ સ્ત્રી કહી રહી હતી કે આ સ્નાનની સામગ્રી અને આ આભૂષણ પહેરવાની સામગ્રી દૂર રાખો, હું તો ભગવાનના દષ્ટિરૂપી પવિત્ર જળથી સ્નાન કરીશ. ભગવાનના મુખરૂપી બાળસૂર્યના દર્શનથી અમારું આ મનરૂપી કમળ ચિરકાળ સુધી વિકાસને પ્રાપ્ત રહેશે. ચાલો, આજે જગત્‌ગુરુ ભગવાન વૃષભદેવના દર્શન કરીએ. કોઈ સ્ત્રી કહેતી હતી કે હે સખી! ભોજન કરવાનું બંધ કર, જલ્દી ઉઠ અને આ અર્ઘ્ય હાથમાં લે અને ચાલીને જગત્‌પૂજ્ય ભગવાનની પૂજા કર. તે સમયે નગરનિવાસી લોકો સામે રાખેલી સ્નાન અને ભોજનની સામગ્રીને દૂર કરી આગળ જવાવાળા ભગવાનના દર્શન માટે જઈ રહ્યા હતા. કેટલાય લોકો અન્ય લોકોને જતાં જોઈને તેની દેખાદેખી ભગવાનના દર્શન કરવા માટે ઉદ્યત થયા હતા. કેટલાય ભક્તિવશ અને કેટલાય કૌતુકને આધિન થઈને જિનેન્દ્રદેવને જોવા માટે તત્પર થયા હતા.

આ રીતે, નગરનિવાસી લોકો પરસ્પરમાં અનેક પ્રકારની વાતચીત અને આદર સહિત અનેક સંકલ્પ-વિકલ્પ કરતાં જગતની રક્ષા કરવાવાળા ભગવાનને દૂરથી જ નમસ્કાર કરી તેમના દર્શન કરવા લાગ્યા. 'હું પહેલાં પહોંચું, હું પહેલાં પહોંચું' આ પ્રકારે વિચાર કરી ચારે તરફથી આવેલા નગરનિવાસી લોકો દ્વારા તે સમયે રાજમહેલ સુધી

નગર ખૂબ ભરાઈ ગયું હતું. તે સમયે નગરમાં આ બધું થઈ રહ્યું હતું, પરંતુ ભગવાન સંવેગ અને વૈરાગ્યની સિદ્ધિ માટે કમર કસીને સંસાર અને શરીરના સ્વભાવનું ચિંતવન કરતાં થકા પ્રાણીમાત્ર, ગુણાધિક, દુઃખી અને અવિનયી જીવો પર ક્રમથી મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ ભાવનાનો વિચાર કરતાં થકા ચાર હાથ પ્રમાણ જમીન જોઈને ન વધારે ધીરે અને ન વધારે જલ્દી મદોન્મત્ત હાથીની જેમ લીલાપૂર્વક પગ રાખતા હતા અને મનુષ્યોથી ભરેલા નગરને શૂન્ય વન સમાન જાણતા થકા નિરાકુળ થઈને ચાંદ્રીચર્યાનો આશ્રય લઈને વિહાર કરી રહ્યા હતા અર્થાત્ જેવી રીતે ચંદ્ર ધનવાન અને નિર્ધન બધા જ લોકોના ઘરે પોતાની ચાંદની ફેલાવે છે, તેવી જ રીતે ભગવાન પણ રાગ-દ્વેષ રહિત થઈને નિર્ધન અને ધનવાન બધા જ લોકોના ઘરે આહાર લેવા માટે જતા હતા. આ રીતે, પ્રત્યેક ઘરમાં યથાયોગ્ય પ્રવેશ કરતાં રાજમંદિરમાં પ્રવેશ કરવા માટે તે સન્મુખ ગયા. આચાર્યદેવ કહે છે કે **રાગ-દ્વેષ રહિત થઈ સમતાવૃત્તિ ધારણ કરવી જ સનાતન સર્વશ્રેષ્ઠ પ્રાચીન ધર્મ છે.**

ત્યારબાદ, સિદ્ધાર્થ નામના દ્વારપાળે શીઘ્ર જ જઈને, પોતાના નાનાભાઈ શ્રેયાંસકુમારની સાથે બેઠેલા રાજા સોમપ્રભને ભગવાનના સમીપ આવવાના સમાચાર કહ્યા. આ સાંભળતા જ રાજા સોમપ્રભ અને તરુણ રાજકુમાર શ્રેયાંસકુમાર બંને, અંતઃપુર, સેનાપતિ અને મંત્રીઓની સાથે શીઘ્ર જ ઊભા થયા. ઊભા થઈને તે બંને ભાઈ રાજમહેલના આંગણા સુધી બહાર આવ્યા અને બંનેએ દૂરથી નમ્રીભૂત થઈને ભક્તિપૂર્વક ભગવાનના ચરણોમાં નમસ્કાર કર્યા. તેમણે ભગવાનના ચરણોમાં અર્ઘ્ય સહિત જળ સમર્પિત કર્યું અર્થાત્ જળથી પગ ધોઈને અર્ઘ્ય ચડાવ્યો, જગદ્ગુરુ ભગવાન વૃષભદેવની પ્રદક્ષિણા કરીને આ બંને ભાઈ એટલા સંતુષ્ટ થયા કે તેમના ઘરે કોઈ નિધિ જ આવી હોય! જેવી રીતે મલયાનિલના સ્પર્શથી વૃક્ષ પોતાના શરીર પર અંકુર ધારણ કરવા લાગે છે, તેવી જ રીતે ભગવાનના દર્શનથી હર્ષિત થયેલા તે બંને ભાઈ પોતાના શરીર પર રોમાંચ ધારણ કરી રહ્યા હતા. ભગવાનનું મુખ જોઈને જેમનું મુખકમળ વિકસિત થઈ ગયું છે એવા તે બંને ભાઈ એવા જણાતા હતા કે જાણે જેમાં કમળ ખીલી રહ્યા હોય એવા પ્રાતઃકાળના બે સરોવર જ હોય! તે સમયે તે બંને હર્ષથી ભરેલા હતા અને ભક્તિના ભારથી બંનેના મસ્તક નીચે તરફ નમી રહ્યા હતા કે જેથી એવા સુશોભિત થઈ રહ્યા હતા કે જાણે મૂર્તિધારી વિનય અને શાંતિ જ હોય! ભગવાનના ચરણ સમીપ તે બંને એવા સુશોભિત થઈ રહ્યા હતા કે જાણે



શ્રેયાંસકુમાર તથા રાજા  સોમપ્રભ દ્વારા મુનિરાજ ઋષભદેવને પ્રથમ આહારદાન



મુનિરાજ ઋષભદેવના પ્રથમ આહારદાનની પૂર્વ રાત્રિએ શ્રેયાંસકુમારને આવેલ શુભ સ્વપ્ન

ભગવાનના દર્શન કરવા માટે આવેલા સૌધર્મ અને ઐશાન સ્વર્ગના ઇન્દ્ર જ હોય! બંને તરફ ઊભા રહેલા સોમપ્રભ અને શ્રેયાંસકુમારની વચ્ચે સ્થિત ભગવાન વૃષભદેવ એવા સુશોભિત થઈ રહ્યા હતા કે જાણે નિષધ અને નિલ પર્વતની વચ્ચે ઊભો રહેલો સુમેરુ પર્વત જ હોય!

ભગવાનનું રૂપ જોઈને શ્રેયાંસકુમારને જાતિસ્મરણ થઈ ગયું કે જેથી તેણે પોતાના પૂર્વપર્યાયસંબંધી સંસ્કારોથી ભગવાનના આહારદાનની વિધિ જાણી લીધી. તેને શ્રીમતી અને વજ્જંઘ આદિનો તે સમસ્ત વૃત્તાંત યાદ આવી ગયો તથા તે જ ભવમાં તેમણે જે ચારણઋદ્ધિધારી બે મુનિઓને આહારદાન આપ્યું હતું તેનું પણ સ્મરણ થઈ આવ્યું. આ મુનિઓને દાન દેવાયોગ્ય પ્રાતઃકાળનો ઉત્તમ સમય છે એમ નિર્ણય કરી પવિત્ર બુદ્ધિવાળા શ્રેયાંસકુમારે ભગવાનને આહારદાન આપ્યું. દાનના આદિ તીર્થની પ્રવૃત્તિ કરવાવાળા શ્રેયાંસકુમારે શ્રદ્ધા આદિ સાતેય ગુણો સહિત અને પુણ્યવર્ધક નવધાભક્તિ સહિત ભગવાનને દાન આપ્યું હતું. શ્રદ્ધા, શક્તિ, ભક્તિ, વિજ્ઞાન, અક્ષુબ્ધતા, ક્ષમા અને ત્યાગ—આ દાનપતિ અર્થાત્ દાન દેવાવાળાના સાત ગુણ કહેવાય છે. શ્રદ્ધા આસ્તિક્યબુદ્ધિને કહે છે, આસ્તિક્યબુદ્ધિ અર્થાત્ શ્રદ્ધા ન હોતા દાન દેવામાં અનાદર હોઈ શકે છે. દાન દેવામાં આળસ ન કરવી તે શક્તિ નામનો ગુણ છે, પાત્રના ગુણોમાં આદર કરવો તે ભક્તિ નામનો ગુણ છે, દાન દેવા આદિના ક્રમનું જ્ઞાન હોવું તે વિજ્ઞાન નામનો ગુણ છે, દાન દેવાની શક્તિને અલુબ્ધતા કહે છે, સહનશીલતા હોવી તે ક્ષમાગુણ છે અને ઉત્તમ દ્રવ્ય દાનમાં આપવું તે ત્યાગ છે. આ રીતે, જે દાતા ઉપર કહેલા સાત ગુણ સહિત અને નિદાન આદિ દોષ રહિત થઈને અને પાત્રરૂપી સંપદામાં દાન આપે છે, તે મોક્ષપ્રાપ્ત કરવા માટે તત્પર હોય છે.

મુનિરાજનું પડ્ગાહન કરવું, તેમને ઉંચા સ્થાન પર બિરાજમાન કરવા, તેમના ચરણ ધોવા, તેમની પૂજા કરવી, તેમને નમસ્કાર કરવા, પોતાના મન-વચન-કાયની શુદ્ધિ અને આહારની શુદ્ધિ રાખવી—આ પ્રકારે દાન દેવાવાળાને નવ પ્રકારના પુણ્ય અથવા નવધાભક્તિ કહેવાય છે. અતિશય ચતુર શ્રેયાંસકુમારે પૂર્વપર્યાયના સંસ્કારોથી પ્રેરિત થઈને તે બધી જ ભક્તિઓ કરી હતી. તે ભગવાન અતિશય ઈષ્ટ તથા વિશિષ્ટ પાત્ર છે એવો વિચાર કરી પરમ સંતોષને પ્રાપ્ત થયેલા શ્રેયાંસકુમારે ભગવાનને પ્રાસુક આહારદાન આપ્યું હતું કે જે ભગવાન સંતોષ રાખવો, યાચનાનો અભાવ હોવો, પરિગ્રહનો ત્યાગ કરવો અને પોતાની પ્રધાનતા રહેવી આદિ અનેક

ગુણોનો વિચાર કરી પાણીપાત્રથી જ અર્થાત્ પોતાના હાથથી જ આહાર ગ્રહણ કરતાં હતા. ઉત્તમ આસન મળવાથી સંતોષ થશે, જો ઉત્તમ આસન નહીં મળે તો દ્વેષ થશે અને આવી અવસ્થામાં સંયમ થશે અને આવી અવસ્થામાં અસંયમ થશે એવો વિચાર કરીને ભગવાન ઊભા રહીને જ ભોજન કરતાં હતા. શરીરસંબંધી દુઃખ સહન કરવા માટે, સુખની આસક્તિ દૂર કરવા માટે અને ધર્મની પ્રભાવના માટે તે ભગવાન કાયક્લેશને પ્રાપ્ત થતા હતા. જેમાં અકિંચનતાની પ્રધાનતા છે, જે મોક્ષનું સાક્ષાત્ કારણ છે, હિંસા, રક્ષા અને યાચના આદિ દોષ જેને સ્પર્શી શકતા નથી, જે અત્યંત બળવાન છે, અસાધારણ મનુષ્ય જેને ધારણ કરી શકતા નથી, જેને કોઈ પ્રાપ્ત કરવા ઈચ્છા કરતાં નથી અને જે તત્કાળમાં ઉત્પન્ન થયેલા બાળક સમાન નિર્વિકાર તથા ઉપદ્રવ રહિત છે એવા નગ્ન દિગંબર રૂપને ભગવાન ધારણ કરતાં હતા. તેલ આદિની યાચના કરવી, તેના લાભ અને અલાભમાં રાગ-દ્વેષ ઉત્પન્ન થવો અને કેશમાં ઉત્પન્ન થવાવાળા જૂ આદિ જીવોની હિંસા થવી ઈત્યાદિ અનેક દોષોનો વિચાર કરી ભગવાન અસ્નાનવ્રતને ધારણ કરતાં હતા અર્થાત્ ક્યારેય પણ સ્નાન કરતાં ન હતા.

એક વર્ષ સુધી ભોજન ન કરવા છતાં પણ તેઓ શરીરમાં પુષ્ટિ અને દીપ્તિને ધારણ કરી રહ્યા હતા. જો ક્ષુરા(અસ્ત્રો) આદિથી વાળ બનાવવામાં આવશે તો તેના સાધન ક્ષુરા આદિ લેવા પડશે અને તેની રક્ષા કરવી પડશે અને તે ખોવાઈ જતા તેની ચિંતા થશે એવો વિચાર કરી તે ભગવાન હાથથી જ કેશલોંચ કરતાં હતા. તે ભગવાન પાંચે ઈન્દ્રિયોને વશ કરી લેવાથી શાંત હતા, ત્રણેય ગુપ્તિઓથી સુરક્ષિત હતા, બધાની રક્ષા કરવાવાળા હતા, મહાવ્રતી હતા, મહાન હતા અને ઈચ્છા રહિત હતા. તેઓ સંયમરૂપ ક્રિયાથી બધા પ્રાણીઓને અભયદાન આપવાવાળા હતા, બધાનું હિત કરવાવાળા હતા, સર્વહિતકારી જ્ઞાનદાન આપવામાં સમર્થ હતા. જેઓ આહારદાન દેવાવાળાને શીઘ્ર જ સંસારસાગરથી પાર ઉતારવાવાળા હતા, ત્રણેય લોકના સમસ્ત જીવોનું હિત કરવા માટે મોક્ષમાર્ગનો ઉપદેશ દેવાવાળા હતા અને જેમણે પોતાના બંને હાથને સીધા ભેગા કરીને અંજલિ બનાવી હતી એવા ભગવાન વૃષભદેવને શ્રેયાંસકુમારે રાજા સોમપ્રભ અને રાણી લક્ષ્મીમતીની સાથે આદરપૂર્વક પ્રાસુક ઈક્ષુરસનો આહાર આપ્યો હતો. તે રાજકુમાર શ્રેયાંસ ભગવાનના પાણિપાત્રમાં પુણ્યધારા સમાન ઉજ્જ્વળ પૌંડે (જાડી મોટી શેરડી) અને ઈક્ષુરસની ધારા છોડતાં ખૂબ જ સુશોભિત થઈ રહ્યા હતા.

તે જ સમયે, આકાશથી મહાદાનના ફળની પરંપરા સમાન દેવોના હાથથી છોડવામાં આવેલી રત્નોની વર્ષા થવા લાગી, તે સમયે દેવોના હાથથી છોડેલી અને ભ્રમરોના સમૂહથી વ્યાપ્ત ફૂલોની વર્ષા આકાશથી થવા લાગી, તે ફૂલોની વર્ષા એવી સુશોભિત થઈ રહી હતી કે જાણે દેવોના નેત્રોની માળા જ હોય! તે સમયે સમસ્ત લોકને બધીર કરવાવાળા દેવોના નગારા ગંભીર શબ્દ કરવા લાગ્યા અને મંદ-મંદ ગમન કરતો સુંદર-શીતળ તથા સુગંધિત વાયુ ચાલવા લાગ્યો. તે સમયે પ્રીતિને પ્રાપ્ત થયેલા દેવોનો 'ધન્ય આ દાન, ધન્ય આ પાત્ર અને ધન્ય આ દાતા' આ રીતે જોરથી આકાશરૂપી આંગણમાં શબ્દ થઈ રહ્યો હતો. તે સમયે તે બંને ભાઈઓએ પોતાને ખૂબ જ કૃતકૃત્ય માન્યા હતા કારણ કે કૃતકૃત્ય થયેલા ભગવાન વૃષભદેવે સ્વયં તેમના ઘરના આંગણાને પવિત્ર કર્યું હતું. તે દાનની અનુમોદના કરવાથી બીજા પણ અનેક લોકો પરમ પુણ્યને પ્રાપ્ત થઈ ગયા હતા. બરાબર જ છે કે સ્ફટિકમણિ કોઈ અન્ય ઉત્કૃષ્ટ રત્નને પ્રાપ્ત કરીને તેની કાંતિને પ્રાપ્ત થઈ જાય છે. **જો અહીં કોઈ આશંકા કરે કે અનુમોદના કરવાથી પુણ્યની પ્રાપ્તિ કેવી રીતે થાય છે? તો તેનું સમાધાન આમ છે કે પુણ્ય અને પાપનો બંધ થવામાં ફક્ત જીવના પરિણામ જ કારણ છે, બાહ્ય કારણોને તો જિનેન્દ્રદેવે ફક્ત કારણનું કારણ અર્થાત્ શુભ, અશુભ પરિણામોનું કારણ કહ્યું છે. જ્યારે પુણ્યનું સાધન કરવામાં જીવના શુભ પરિણામ જ પ્રધાન કારણ માનવામાં આવે છે ત્યારે શુભકાર્યની અનુમોદના કરવાવાળા જીવોને પણ તે શુભફળની પ્રાપ્તિ અવશ્ય થાય છે.**

આ રીતે, મહાબુદ્ધિમાન યોગીરાજ ભગવાન વૃષભદેવ શરીરની સ્થિતિ માટે આહાર ગ્રહણ કરી અને જેમને એક પ્રકારનું કૌતુક ઉત્પન્ન થયું છે તથા જે અતિશય નમ્રીભૂત છે એવા તે બંને ભાઈઓને હર્ષિત કરી ફરી વન તરફ પ્રસ્થાન કરી ગયા. કુરુવંશીઓમાં સિંહ સમાન પરાક્રમી તે રાજા સોમપ્રભ અને શ્રેયાંસ થોડે દૂર સુધી વનમાં જતા ભગવાનની પાછળ-પાછળ ગયા અને પછી પાછા આવી ગયા. તે બંને ભાઈ પાછળ ફરી-ફરીને નિરપેક્ષરૂપથી વનમાં જતા ભગવાનને જોતા રહેતાં હતા. જ્યાં સુધી તે ભગવાન આંખથી દેખાઈ રહ્યા હતા, ત્યાં સુધી તે બંને ભાઈ ભગવાન તરફ લાગેલી પોતાની દૃષ્ટિ અને તેમની પાછળ જ ગયેલી પોતાની ચિત્તવૃત્તિને પાછી લાવવા માટે સમર્થ થઈ શક્યા ન હતા. તેઓ વારંવાર ભગવાનની જ કથા કહી રહ્યા હતા, વારંવાર તેમના જ ગુણોની સ્તુતિ

કરી રહ્યા હતા, પોતાને કૃતકૃત્ય માની રહ્યા હતા. તેઓ ભગવાનના ચરણોના સ્પર્શથી પવિત્ર થઈ તથા અનેક લક્ષણોથી સુશોભિત અને તેમના જ ચરણોથી ચિહ્નિત ભૂમિને નમસ્કાર કરતાં ઘણા જ પ્રેમથી જોઈ રહ્યા હતા. જેને આવું મહાન પુણ્ય ઉપાર્જન કરવાવાળો ભાઈ થયો છે એવા આ કુરુવંશીઓના સ્વામી રાજા સોમપ્રભ જ ઉત્તમ ભાઈ સહિત છે, કૃતકૃત્ય છે, પુણ્યાત્મા છે અને કુશળ છે તથા જેની આવી ઉત્તમ બુદ્ધિ છે એવો આ શ્રેયાંસકુમાર અનેક કલ્યાણોથી સહિત છે. આ રીતે સામે જઈને પુરવાસી લોકો તેમના ગુણોના સમૂહનું વર્ણન કરી રહ્યા હતા. મોટી-મોટી ગલીઓમાં જ્યાં ત્યાં વિખરાયેલા સૂર્ય સમાન તેજસ્વી રત્નોને ભેગા કરવાવાળા સાધારણ જનસમૂહને જેઓ આનંદિત કરી રહ્યા હતા, દેવો દ્વારા વરસાવવામાં આવેલા રત્નરૂપી પાષાણોથી જેનો મધ્યભાગ ઉંચો-નીચો થઈ ગયો છે એવા રાજ્યના આંગણાને ખૂબ જ મુશ્કેલીથી ઓળંગીને અંદર પહોંચેલા અનેક લોકો વારંવાર જેમની પ્રશંસા કરી રહ્યા હોય અને જેમને નગરનિવાસી લોકો ખૂબ જ આનંદથી જોઈ રહ્યા હોય એવા તે બંને કુરુવંશી ભાઈઓએ ઉત્કૃષ્ટ સજાવટથી અન્ય આકૃતિને પ્રાપ્ત થયેલા સમાન સુશોભિત થવાવાળા નગરમાં પ્રવેશ કર્યો.

ત્યારબાદ, સંસારના બધા જ લોકો ઉત્તમ પ્રકારથી જેમના અભ્યુદયની પ્રશંસા કરે છે એવા ભગવાન વૃષભદેવ પારણું કરીને વનમાં ચાલ્યા ગયા. તે સમયે 'અહો કલ્યાણ, આવું કલ્યાણ અને આ પ્રકારનું કલ્યાણ' આ પ્રકારે સમસ્ત સંસાર રાજકુમાર શ્રેયાંસના યશથી ભરાઈ ગયું હતું. બરાબર જ છે કે **ઉત્તમ દાન યશને દેવાવાળું હોય છે**! સંસારમાં દાન દેવાની પ્રથા તે સમયથી જ પ્રચલિત થઈ અને દાન દેવાની વિધિ પણ સૌ પ્રથમ રાજકુમાર શ્રેયાંસે જ જાણી હતી. દાનની આ વિધિથી ભરત આદિ બધા રાજાને ખૂબ જ આશ્ચર્ય થયું હતું. મહારાજ ભરત પોતાના મનમાં વિચારતા આશ્ચર્ય પામી રહ્યા હતા કે આ રાજકુમારે મૌન ધારણ કરવાવાળા ભગવાનનો અભિપ્રાય કેવી રીતે જાણી લીધો! દેવોને પણ ખૂબ આશ્ચર્ય થયું હતું. જેમને શ્રેયાંસ ઉપર ખૂબ જ વિશ્વાસ ઉત્પન્ન થયો હતો એવા તે દેવોએ આવીને ખૂબ જ આદરથી તેની પૂજા કરી હતી.

ત્યારબાદ, મહારાજ ભરતે આદર સહિત રાજકુમાર શ્રેયાંસને પૂછ્યું કે હે મહાદાનપતે! કહો કે તમે ભગવાનનો આ અભિપ્રાય કેવી રીતે જાણી લીધો? આ સંસારમાં પહેલાં ક્યારેય ન જોયેલી આ દાનની વિધિને કોણ જાણી શકે છે? હે કુરુરાજ! આજે તમે અમારા માટે ભગવાન સમાન પૂજ્ય થયા છો. હે રાજકુમાર શ્રેયાંસ!

તું દાનતીર્થની પ્રવૃત્તિ શરૂ કરવાવાળો છે અને મહાપુણ્યવાન છો, તેથી હું તને આ બધું પૂછી રહ્યો છું કે જે સત્ય હોય તે આજ મને કહો. આ રીતે, મહારાજ ભરત દ્વારા પૂછવામાં આવતા શ્રેયાંસકુમાર પોતાના દાંતોના કિરણોના સમૂહથી ચાંદનીને ફેલાવતા નીચે લખ્યા અનુસાર કહેવા લાગ્યા. "જેવી રીતે રોગી મનુષ્ય રોગને દૂર કરવાવાળી કોઈ ઉત્કૃષ્ટ ઔષધિને પ્રાપ્ત કરીને પ્રસન્ન થાય છે અથવા તરસ્યો મનુષ્ય સ્વચ્છ જળથી ભરેલા અને કમળોથી સુશોભિત તળાવને જોઈને પ્રસન્ન થાય છે, તેવી જ રીતે ભગવાનના ઉત્કૃષ્ટ રૂપને જોઈને હું અતિશય પ્રસન્ન થયો હતો અને તેથી મને જાતિસ્મરણ થઈ ગયું હતું કે જેથી મેં ભગવાનનો અભિપ્રાય જાણી લીધો હતો.

પૂર્વભવમાં જ્યારે ભગવાન વજ્રજંઘની પર્યાયમાં હતા, ત્યારે વિદેહક્ષેત્રની પુંડરિકીણી નગરીમાં હું તેમની શ્રીમતી નામની પ્રિય સ્ત્રી થયો હતો. તે સમયે વજ્રજંઘની પર્યાયને ધારણ કરવાવાળા આ ભગવાનની સાથે-સાથે મેં બે ચારણઋદ્ધિધારી મુનિરાજોને આહારાદાન આપ્યું હતું. અતિશય વિશુદ્ધ, દોષ રહિત અને પ્રસિદ્ધિનું કારણ એવું મહાદાન આપવું અને સ્તુતિ કરવી તે બંને વસ્તુઓ ઘણા પુણ્યથી પ્રાપ્ત થાય છે. હે ભરતક્ષેત્રના સ્વામી ભરત મહારાજ! દાનની વિશુદ્ધિનું થોડું વર્ણન આપ પણ સાંભળો.

સ્વ અને પરના ઉપકાર માટે મન-વચન-કાયાની વિશુદ્ધતાપૂર્વક જે પોતાનું ધન આપવામાં આવે છે તેને દાન કહે છે. દાન દેવાવાળા દાતાની વિશુદ્ધતા દાન દેવામાં આવતી વસ્તુ તથા દાન લેવાવાળા પાત્રને પવિત્ર કરે છે. આપવામાં આવતી વસ્તુની પવિત્રતા, દેવાવાળા અને લેવાવાળાને પવિત્ર કરે છે અને આ રીતે લેવાવાળાની વિશુદ્ધિ દેવાવાળા પુરુષને તથા દેવામાં આવતી વસ્તુને પવિત્ર કરે છે. તેથી જે દાન નવ પ્રકારની વિશુદ્ધતાપૂર્વક દેવામાં આવે છે તે જ અનેક ફળ આપવાવાળું હોય છે. ભાવાર્થ—દાન આપવામાં દાતા, દેય (વસ્તુ) અને પાત્રની શુદ્ધતા હોવી આવશ્યક છે. પુણ્ય પ્રાપ્તિના કારણસ્વરૂપ શ્રદ્ધા આદિ ગુણોથી સહિત પુરુષ દાતા કહેવાય છે અને આહાર, ઔષધિ, શાસ્ત્ર તથા અભય આ ચાર પ્રકારની વસ્તુ દેય કહેવાય છે. જે રાગાદિ દોષોથી સ્પર્શાયો ન હોય અને જે અનંતગુણોથી સહિત હોય એવો પુરુષ પાત્ર કહેવાય છે, તે પાત્ર ઉત્તમ, મધ્ય અને જઘન્યના ભેદથી ત્રણ પ્રકારના હોય છે." હે રાજન્! આ બધું મેં પૂર્વજન્મના સ્મરણથી જાણ્યું છે.

જે પુરુષ મિથ્યાદષ્ટિ છે, પરંતુ મંદ કષાય હોવાથી વ્રત, શીલ આદિનું પાલન કરે છે તે જઘન્યપાત્ર કહેવાય છે અને જે વ્રત, શીલ આદિની ભાવનાથી રહિત સમ્યગ્દષ્ટિ છે તે મધ્યમપાત્ર કહેવાય છે. જે વ્રત, શીલ આદિથી સહિત સમ્યગ્દષ્ટિ છે તે ઉત્તમ પાત્ર કહેવાય છે અને જે વ્રત, શીલ આદિથી રહિત મિથ્યાદષ્ટિ છે તેને અપાત્ર ગણવામાં આવ્યો છે. જે મનુષ્ય અપાત્રને દાન આપે છે તે કુભોગભૂમિમાં ઉત્પન્ન થાય છે. કારણ કે જેવી રીતે શુદ્ધિ વિનાની તૂંબી પોતાનામાં રાખવામાં આવેલા દૂધ આદિને દૂષિત કરી દે છે, તેવી જ રીતે અપાત્ર પોતાના માટે દેવામાં આવેલા દાનને દૂષિત કરી દે છે. જેવી રીતે કાચા વાસણમાં રાખવામાં આવેલું ઈક્ષુરસ અથવા દૂધ સ્વયં નષ્ટ થઈ જાય છે અને તે વાસણને પણ નષ્ટ કરી દે છે, તેવી જ રીતે અપાત્રને આપવામાં આવેલું દાન સ્વયં નષ્ટ—વ્યર્થ થઈ જાય છે અને લેવાવાળા પાત્રને પણ નષ્ટ કરે છે, તેમ અહંકાર આદિથી યુક્ત કરીને વિષય વાસનાઓમાં ફસાવી દે છે. જે અનેક વિશુદ્ધગુણોને ધારણ કરવાથી પાત્ર સમાન હોય તે જ પાત્ર કહેવાય છે, તેવી જ રીતે જે જહાજ સમાન ઈષ્ટ સ્થાનમાં પહોંચાડવાવાળો હોય તે જ પાત્ર કહેવાય છે. જેવી રીતે લોખંડની બનેલી નૌકા બીજાને સમુદ્રથી પાર કરી કરાવી શકતી નથી અને ન સ્વયં પાર થઈ શકે છે, તેવી જ રીતે કર્મોના ભારથી દબાયેલો દોષવાન પાત્ર કોઈને સંસારસમુદ્રથી પાર કરી શકતો નથી અને ન પોતે જ પાર થઈ શકે છે. તેથી જેઓ મોક્ષના સાધનસ્વરૂપ દિગંબર વેશને ધારણ કરે છે અને જેઓ શરીરની સ્થિતિ અને જ્ઞાન આદિ ગુણોની સિદ્ધિ માટે આહારની ઈચ્છા કરે છે, જેઓ બળ, આયુ, સ્વાદ અથવા શરીરને પુષ્ટ કરવાની ઈચ્છા નથી કરતાં, જેઓ કેવળ પ્રાણધારણ કરવા માટે થોડા ગ્રાસથી જ સંતુષ્ટ થઈ જાય છે અને જેઓ નિજ તથા પરને તારવાવાળા છે એવા ઉપર લખેલા ગુણોથી સહિત મુનિરાજ જ પાત્ર છે અને તેમને આપવામાં આવેલો આહાર અપુનર્ભવ અર્થાત્ મોક્ષનું કારણ છે.

દાનરૂપી પુણ્યના મહાત્મ્યને પ્રગટ કરવા માટે સૌથી મોટું અને પુષ્ટ ઉદાહરણ આ જ છે કે મેં દાનના માહાત્મ્યથી પંચાશ્ચર્ય પ્રાપ્ત કર્યું છે. તેથી, હે રાજર્ષિ ભરત! આપણે બધાએ ઉત્તમ દાન આપવું જોઈએ. હવે ભગવાન વૃષભદેવના તીર્થના સમયે બધી જગ્યાએ પાત્ર ફેલાઈ જશે. ભાવાર્થ—ભગવાનના સદુપદેશથી અનેક મનુષ્ય મુનિવ્રત ધારણ કરશે, તે બધા માટે આપણે આહાર આદિ દાન આપવું જોઈએ. રાજકુમાર શ્રેયાંસે તે બધા

લોકોને પોતાના સ્વામી ભગવાન વૃષભદેવના પૂર્વભવ વિસ્તારથી કહ્યા કે જેથી તે બધાને ઉત્તમ દાન દેવામાં રુચિ ઉત્પન્ન થઈ હતી. આ રીતે, આનંદ ઉત્પન્ન કરવાવાળા અને પુણ્ય વધારવાવાળા શ્રેયાંસના વચનો સાંભળીને ભરત મહારાજ પરમ પ્રીતિને પ્રાપ્ત થયા. અતિશય પ્રસન્ન થયેલા મહારાજ ભરતે રાજા સોમપ્રભ અને શ્રેયાંસકુમારનું ખૂબ સન્માન કર્યું, તેમના ઉપર ખૂબ સ્નેહ પ્રગટ કર્યો અને પછી ગુરુદેવ વૃષભનાથના ગુણોનું ચિંતવન કરતાં-કરતાં પોતાના ઘરે પાછા ફર્યા.

ત્યારબાદ, આહારગ્રહણ કરવાથી જેમને બળ અને વીર્યની ઉત્પત્તિ થઈ છે, જે મહાધીરવીર અને યોગવિદ્યાના જાણવાવાળા છે એવા ભગવાન વૃષભદેવ, જિનેન્દ્રદેવ દ્વારા કહેવામાં આવેલો ઉત્કૃષ્ટ તપોયોગ ધારણ કરવા લાગ્યા. તેમના મનરૂપી મંદિરમાં મોહરૂપી સઘન અંધકારને નષ્ટ કરવાવાળો, સમીચીન માર્ગ દેખાડવાવાળો અને અતિશય દૈદીપ્યમાન જ્ઞાનરૂપી દીપક પ્રકાશમાન થઈ રહ્યો હતો. જે પુરુષ ગુણોને ગુણબુદ્ધિથી અને દોષોને દોષબુદ્ધિથી જુએ છે અર્થાત્ ગુણોને ગુણ અને દોષોને દોષ સમજે છે, તે જ હેય અને ઉપાદેય વસ્તુનો જાણકાર થઈ શકે છે. અજ્ઞાની પુરુષની એવી અવસ્થા થઈ શકતી નથી. તે ભગવાન, તત્ત્વોનું સાચું પરીજ્ઞાન હોવાથી, ગુણ અને દોષોના વિભાગને સારી રીતે જાણતા હતા. તેથી તેઓ દોષોને પૂર્ણરૂપથી છોડીને ફક્ત ગુણોમાં જ આસક્ત રહેતા હતા. અતિશય બુદ્ધિમાન ભગવાન વૃષભદેવે પાપરૂપી યોગોથી પૂર્ણ વિરક્તિ ધારણ કરી હતી તથા તેના ભેદ કે જે વ્રત કહેવાય છે તેનું પણ પાલન કરતાં હતા. દયારૂપી સ્ત્રીનું આલિંગન કરવું, સત્યવ્રતમાં સદા અનુરક્ત રહેવું, અચૌર્યવ્રતમાં તત્પર રહેવું, બ્રહ્મચર્યને જ પોતાનું સર્વસ્વ સમજવું, પરિગ્રહમાં આસક્ત નહીં થવું અને અસમયમાં ભોજનનો પરિત્યાગ કરવો—ભગવાન આ વ્રતોને ધારણ કરતાં હતા અને તેની સિદ્ધિ માટે નીચે લખેલી ભાવનાઓનું ચિંતવન કરતાં હતાં—

મનોગુપ્તિ, વચનગુપ્તિ, ઈર્યાસમિતિ, કાયનિયંત્રણ અર્થાત્ જોઈને વસ્તુને ઉઠાવવી, વિષ્વાણ સમિતિ અર્થાત્ આલોકિત ભોજન-પાન આ પાંચ અહિંસાવ્રતની ભાવના છે. ક્રોધ, લોભ, ભય અને હાસ્યનો પરિત્યાગ કરવો તથા શાસ્ત્ર અનુસાર વચન કહેવા—તે પાંચ દ્વિતીય સત્યવ્રતની ભાવના છે. થોડો આહાર કરવો, તપશ્ચરણને યોગ્ય આહાર લેવો, શ્રાવક દ્વારા પ્રાર્થના કરાતાં આહાર લેવો, યોગ્ય વિધિથી આહાર લેવો અને વિરુદ્ધ આહાર નહીં

લેવો તથા પ્રાપ્ત ભોજનપાનમાં સંતોષ રાખવો—આ પાંચ તૃતીય અચૌર્યવ્રતની ભાવના છે. સ્ત્રીકથાનો ત્યાગ, તેમના સુંદર અંગોપાંગ જોવાનો ત્યાગ, તેમની સાથે રહેવાનો ત્યાગ, પહેલાં ભોગવેલા ભોગોના સ્મરણનો ત્યાગ અને ગરિષ્ઠ રસનો ત્યાગ—આ પ્રકારે આ પાંચ ચૌથા બ્રહ્મચર્યવ્રતની ભાવનાઓ છે. જેના બાહ્ય અને અભ્યંતર એવા બે પ્રકારે ભેદ છે એવા પાંચે ઇન્દ્રિયોને વશીભૂત સચિત્ત તથા અચિત્ત પદાર્થોમાં આસક્તિનો ત્યાગ કરવો તે પાંચમા પરિગ્રહત્યાગવ્રતની પાંચ ભાવનાઓ છે. ધૈર્ય ધારણ કરવું, ક્ષમા રાખવી, ધ્યાન ધારણ કરવામાં નિરંતર તત્પર રહેવું અને પરિષહ આવતા માર્ગથી ચ્યુત નહીં થવું—એ ચાર ઉક્ત વ્રતોની ઉત્તર ભાવનાઓ છે.

સમસ્ત જીવોની રક્ષા કરવાવાળા ભગવાન વૃષભદેવ પોતાના પાપોને નષ્ટ કરવા માટે ઉપર લખેલી ભાવનાઓથી શુદ્ધ એવા વ્રતોનું પાલન કરતાં હતા. આ જ રીતે અન્ય બુદ્ધિમાન મનુષ્યોએ આળસ છોડીને માતૃકાપદ અર્થાત્ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિઓથી યુક્ત તથા ચૌર્યાસી લાખ ઉત્તરગુણો સહિત અહિંસા આદિ પાંચ મહાવ્રતનું પાલન કરવું જોઈએ. આ રીતે જૈન શાસ્ત્રોમાં જે નિંદનીય માયા, મિથ્યાત્વ અને નિદાન—એ ત્રણ શલ્ય કહ્યા છે તેને છોડીને નિઃશલ્ય થઈને જ મુનિઓએ વિહાર કરવો જોઈએ. આ રીતે, ઉપર કહેલા વ્રતોનું પાલન કરવું સ્થવિરકલ્પ છે, તેને જિનકલ્પમાં પણ સમજી લેવું જોઈએ. આગમ અનુસાર સ્થવિરકલ્પ ધારણ કરી જિનકલ્પ ધારણ કરવું જોઈએ. ભાવાર્થ—ઉપર કહેલા વ્રતોનું પાલન કરતાં થકા મુનિઓની સાથે રહેવું, ઉપદેશ આપવો નવીન શિષ્યોને દીક્ષા આપવી આદિ સ્થવિરકલ્પ કહેવાય છે અને વ્રતોનું પાલન કરતાં થકા એકલા રહેવું, સદાય આત્મચિંતવનમાં લાગ્યા રહેવું જિનકલ્પ કહેવાય છે. તીર્થંકર ભગવાન જિનકલ્પી હોય છે અને તે જ વાસ્તવમાં ઉપાદેય છે. સાધારણ મુનિઓને જોકે પ્રારંભિક અવસ્થામાં સ્થવિરકલ્પી થવું પડે છે, પરંતુ અંતમાં તેમને પણ જિનકલ્પી થવા માટે ઉદ્યોગ કરતાં રહેવું જોઈએ.

મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યય—આ પ્રકારે ચાર જ્ઞાનરૂપી નેત્રોને ધારણ કરવાવાળા તીર્થંકર પરમદેવ પ્રાયઃ પ્રતિક્રમણરહિત એક સામાયિક નામના ચારિત્રમાં જ રત રહેતા હતા. ભાવાર્થ—તીર્થંકર ભગવાનને કોઈપણ પ્રકારનો દોષ લાગતો નથી, તેથી તેમને પ્રતિક્રમણ-છેદોપસ્થાપના ચારિત્ર ધારણ કરવાની જરૂર પડતી નથી, તેઓ ફક્ત સામાયિક ચારિત્ર જ ધારણ કરે છે; પરંતુ તે જ તીર્થંકરદેવે બળ, આયુ અને જ્ઞાનની હીનાધિકતા જોઈને

અન્ય સાધારણ મુનિઓ માટે યથાસમય છેદોપસ્થાપના ચારિત્રના અનેક ભેદોનું નિરૂપણ કર્યું છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્યની વિશેષતાથી સંયમની રક્ષા કરવાવાળું ચારિત્ર પણ જિનેન્દ્રદેવે પાંચ પ્રકારનું કહ્યું છે. ત્યારબાદ, જ્ઞાન, ધૈર્ય અને બળ સહિત પરમપુરુષ ભગવાન વૃષભદેવે સંયમની સિદ્ધિ માટે બાર પ્રકારનું તપ કર્યું હતું. અતિશય ઉગ્ર તપ ધારણ કરવાવાળા તે વૃષભદેવ મુનિરાજ અનશન નામનું અત્યંત કઠિન તપ કરતાં હતા અને એક કણ આદિનો નિયમ લઈને અવમૌદર્ય નામનું તપ કરતાં હતા. તે ભગવાન ક્યારેક અત્યંત કઠિન વૃત્તિપરિસંખ્યાન નામનું તપ કરતાં હતા કે જેના વીથી, ચર્યા આદિ અનેક ભેદ છે. આ સિવાય તે આદિપુરુષ આળસ રહિત થઈ દૂધ, ઘી, ગોળ આદિ રસોનો પરિત્યાગ કરી નિત્ય જ રસપરિત્યાગ નામનું તપ કરતાં હતા. તે યોગીરાજ વર્ષા, ઠંડી અને ગરમી—આ પ્રકારે ત્રણેય કાળમાં શરીરને ક્લેશ દેતા હતા અર્થાત્ કાયક્લેશ નામનું તપ કરતાં હતા. વાસ્તવમાં ગણધરદેવે શરીરનું નિગ્રહ કરવાને જ અર્થાત્ કાયક્લેશ કરવાને જ ઉત્કૃષ્ટ અને કઠિન તપ કહ્યું છે. કારણ કે તેમાં કાંઈપણ સંદેહ નથી કે શરીરનો નિગ્રહ થવાથી ચક્ષુ આદિ બધી જ ઈન્દ્રિયોનો નિગ્રહ થઈ જાય છે અને ઈન્દ્રિયોનો નિગ્રહ થઈ જવાથી મનનો નિરોધ થઈ જાય છે અર્થાત્ સંકલ્પ-વિકલ્પ દૂર થઈને ચિત્ત સ્થિર થઈ જાય છે. મનનો નિરોધ થઈ જવો તે જ ઉત્કૃષ્ટ ધ્યાન કહેવાય છે તથા આ ધ્યાન જ સમસ્ત કર્મોનો ક્ષય થઈ જવાનું સાધન છે અને સમસ્ત કર્મોનો ક્ષય થઈ જવાથી અનંત સુખની પ્રાપ્તિ થાય છે, તેથી શરીરને કૃશ કરવું જોઈએ.

જો કે તે ભગવાન વૃષભદેવ મતિ, શ્રુત, અવધિ આ ત્રણ જ્ઞાનોને ગર્ભથી જ ધારણ કરતાં હતા અને મનઃપર્યયજ્ઞાન તેમને દીક્ષા પછી પ્રાપ્ત થઈ ગયું હતું તથા સિદ્ધત્વપદ તેમને અવશ્ય જ પ્રાપ્ત થવાવાળું હતું તેમ છતાં સમ્યગ્જ્ઞાનરૂપી નેત્રોને ધારણ કરવાવાળા ધીરવીર ભગવાને હજાર વર્ષ સુધી અતિશય ઉત્કૃષ્ટ અને ઉગ્ર તપ કર્યું હતું. તેથી એવું જણાતું હતું કે મહા મુનિઓને કાયક્લેશ નામનું તપ અતિશય અભીષ્ટ છે—તેઓ અવશ્ય કરે છે. જેવી રીતે પ્રાણીઓના શરીરમાં મસ્તક પ્રધાન હોય છે, તેવી જ રીતે કાયક્લેશ નામનું તપ સમસ્ત બાહ્ય તપશ્ચરણોમાં પ્રધાન છે. તેથી આ સમયે સમસ્ત પરિષહોને સહન કરવાવાળા ભગવાન વૃષભદેવ મોક્ષનું ઉત્તમ સાધન અને અતિશય કઠિન કાયક્લેશ નામનું તપ કરતાં હતા. તપરૂપી અગ્નિથી ઈંધનને બાળવા માટે તૈયાર થયેલા

તે ધીરવીર ભગવાન પ્રજ્વલિત થયેલી અગ્નિ સમાન અત્યંત દૈદીપ્યમાન થઈ રહ્યા હતા. તે સમયે તેઓ અસંખ્યાત ગુણશ્રેણી નિર્જરા દ્વારા કર્મરૂપી ગાઢ અંધકારને નષ્ટ કરી રહ્યા હતા અને તેમનું શરીર તપશ્ચરણની કાંતિથી અતિશય દૈદીપ્યમાન થઈ રહ્યું હતું, તેથી તેઓ સૂર્ય સમાન સુશોભિત થઈ રહ્યા હતા.



સદાય જાગૃત રહેવાવાળા આ યોગીરાજની શૈયા નિર્જન એકાંતસ્થાનમાં થતી હતી અને આસન પણ પવિત્ર તથા નિર્જન સ્થાનમાં થતું હતું. સદાય જાગૃત રહેવાવાળા અને ઈન્દ્રિયોને જીતવાવાળા તે ભગવાન ન તો ક્યારેય સૂતા હતા અને ન તો ક્યારેય એક જગ્યા પર વધારે બેસતા હતા તથા ભોગોપભોગનો ત્યાગ કરી પ્રયત્નપૂર્વક ઈર્યાસમિતિનું પાલન કરતાં સમસ્ત પૃથ્વી પર વિહાર કરતાં રહેતા હતા. ભાવાર્થ—ભગવાન સદાય જાગ્રત રહેતા હોવાથી તેમને શૈયાની નિત્ય આવશ્યકતા ન હતી, પરંતુ જ્યારે પણ વિશ્રામ માટે સૂતા હતા તો કોઈ પવિત્ર અને એકાંત સ્થાનમાં જ આસન લગાડતા હતા. કહેવાનું તાત્પર્ય એમ છે કે ભગવાન વિવિક્તશૈયાસન નામનું તપ કરતાં હતા. આ રીતે, તે યોગીરાજ અતિશય કઠિન છ પ્રકારના બાહ્યતપનું પાલન કરતાં થકા આગળ કહેવામાં આવતા છ પ્રકારના અંતરંગ તપનું પણ પાલન કરતાં હતા.

નિરતિચાર પ્રવૃત્તિ કરવાવાળા મુનિરાજ વૃષભદેવમાં પ્રાયશ્ચિત્ત નામનું તપ ચરિતાર્થ અર્થાત્ કૃતકાર્ય થઈ ગયું હતું. બરાબર જ છે કે સૂર્યની વચ્ચે પણ શું ક્યારેય અંધકાર રહે છે?–ક્યારેય પણ નહીં. ભાવાર્થ—અતિચાર લાગતા તેની શુદ્ધતા કરવી તે પ્રાયશ્ચિત્ત કહેવાય છે. ભગવાનને ક્યારેય પણ કોઈ અતિચાર લાગતો ન હતો અર્થાત્ તેમનું ચારિત્ર સદાય નિર્મળ રહેતું હતું, તેથી વાસ્તવમાં તેમના નિર્મળ ચારિત્રમાં જ પ્રાયશ્ચિત્ત તપ કૃતાર્થ થઈ ગયું હતું. જેવી રીતે સૂર્યનું કામ અંધકારને નષ્ટ કરવાનું છે, જ્યાં અંધકાર હોય ત્યાં સૂર્યએ પોતાનો પ્રકાશ ફેલાવવાની આવશ્યકતા હોય છે, પરંતુ સૂર્યની વચ્ચે અંધકાર ન હોવાથી સૂર્ય પોતાના વિષયમાં ચરિતાર્થ અર્થાત્ કૃતકૃત્ય હોય છે.



આ રીતે, તેમને વિનય નામનું તપ પણ અંતર્લીનતાને પ્રાપ્ત થયું હતું અર્થાત્ તેમનામાં જ અંતર્ભૂત થઈ ગયુ હતું. કારણ કે તે પ્રધાન પુરુષ બધાને નમ્ર કરવાવાળા હતા, પછી તેઓ કોને વિનય કરે? અથવા તેમણે સિદ્ધ થવાની ઈચ્છાથી વિનયી થઈને સિદ્ધ ભગવાનની આરાધના કરી હતી. કારણ કે તેમણે 'સિદ્ધોને નમસ્કાર હો' એમ

કહીને જ દીક્ષા ધારણ કરી હતી; અથવા યથાર્થ પ્રવૃત્તિ કરવાવાળા ભગવાનને જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્ય આદિ ગુણોમાં યથાયોગ્ય વિનય હતો, તેથી તેમને વિનય નામનું તપ સિદ્ધ થયું હતું. રત્નત્રયરૂપ માર્ગમાં વ્યાપાર કરવો જ તેમને વૈયાવૃત્ય નામનું તપ કહેવાતું હતું, કારણ કે તે પરમેષ્ઠી ભગવાન રત્નત્રયને છોડીને બીજા કોઈમાં વ્યાવૃત્તિ—વ્યાપાર કરતાં ન હતા. ભાવાર્થ—દીન-દુઃખી જીવોની સેવામાં વ્યાવૃત રહેવાને વૈયાવૃત્ય કહે છે, પરંતુ આ શુભ કષાયનો તીવ્ર ઉદય હોતા જ થઈ શકે છે. ભગવાનનો શુભ કષાય પણ અત્યંત મંદ થઈ ગયો હતો તેથી તેમની પ્રવૃત્તિ બાહ્ય વ્યાપારથી હટીને રત્નત્રયરૂપ માર્ગમાં જ રહેતી હતી, તે અપેક્ષા તેમને વૈયાવૃત્ય તપ સિદ્ધ થયું હતું. અહીં તાત્પર્ય એમ છે કે સ્વામી વૃષભદેવને પ્રાયશ્ચિત્ત, વિનય અને વૈયાવૃત્ય નામના ત્રણ તપના વિષયમાં કેવળ નિયંતાપન જ હતું અર્થાત્ તેઓ બીજાને ઉપદેશ દેતા હતા, બીજાઓથી ઉપદેશ ગ્રહણ કરીને સ્વયં તેનું પાલન કરતાં ન હતા. ભાવાર્થ—ભગવાન આ ત્રણ તપના સ્વામી હતા, અન્ય મુનિઓ સમાન તેનું પાલન કરતાં થકા તેને આધીન રહેતાં ન હતા.

આ સંસારમાં જે કાંઈ ધર્મસૃષ્ટિ હતી, તે બધી જ સનાતન ભગવાન વૃષભદેવે ઉદાહરણ સ્વરૂપ સ્વયં ધારણ કરી આ યુગની આદિમાં પ્રસિદ્ધ કરી હતી. જો કે ભગવાન સ્વયં દ્વાદશાંગને જાણવાવાળા હતા, તેમ છતાં બુદ્ધિની શુદ્ધિ માટે નિરંતર સ્વાધ્યાય કરતાં હતા. કારણ કે તેમનો સ્વાધ્યાય જોઈને મુનિગણ આજે પણ સ્વાધ્યાય કરે છે અર્થાત્ તેઓ અન્ય સાધારણ મુનિઓના હિત માટે સ્વાધ્યાયની પ્રવૃત્તિ ચલાવવા માટે સ્વયં સ્વાધ્યાય કરતાં હતા અને તેમને સ્વાધ્યાય કરતાં જોઈને જ અન્ય મુનિઓમાં સ્વાધ્યાયની પરિપાટી ચાલી હતી કે જે આજ સુધી પ્રચલિત છે. બાહ્ય અને અભ્યંતરના ભેદ સહિત બાર પ્રકારના તપશ્ચરણમાં સ્વાધ્યાય સમાન બીજું તપ ન તો છે અને ન ભવિષ્યમાં થશે! કારણ કે વિનયસહિત સ્વાધ્યાયમાં તલ્લીન થયેલા બુદ્ધિમાન મુનિ મનના સંકલ્પ-વિકલ્પ દૂર થઈ જવાથી નિશ્ચલ થઈ જાય છે, તેમની બધી ઈન્દ્રિયો વશીભૂત થઈ જાય છે અને તેમની ચિત્તવૃત્તિ કોઈ એક પદાર્થના ચિંતવનમાં જ સ્થિર થઈ જાય છે. ભાવાર્થ એમ છે કે સ્વાધ્યાય કરવાવાળા મુનિને ધ્યાનની પ્રાપ્તિ સહજ જ થઈ જાય છે.

વનના પ્રદેશ, પર્વત, લતાગૃહ અને સ્મશાનભૂમિ આદિ એકાંત પ્રદેશમાં શરીરથી મમત્વ છોડીને કાયોત્સર્ગ

કરવાવાળા ભગવાનને વ્યુત્સર્ગ નામનું પાંચમું તપ પણ હતું. તે ભગવાન આત્માને શરીરથી ભિન્ન જોતાં હતા અને મનોગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિનું પાલન કરતાં હતા. ત્યારબાદ, સ્વામી વૃષભદેવને વ્યુત્સર્ગ તપપૂર્વક ધ્યાન નામનું તપ થયું હતું. બરાબર જ છે કે **શરીરથી મમત્વ છોડી દેવાવાળા મુનિ જ ઉત્તમ ધ્યાનરૂપી સંપદાના સ્વામી થાય છે.** યોગીરાજ વૃષભદેવ ધ્યાનાભ્યાસરૂપ તપશ્ચરણ કરતાં થકા જ કૃતકૃત્ય થયા હતા. કારણ કે ધ્યાન જ ઉત્તમ તપ કહેવાય છે, તેના સિવાય બાકી બધા તેના સાધનમાત્ર કહેવાય છે. ભાવાર્થ—સૌથી ઉત્તમ તપ ધ્યાન જ છે કારણ કે કર્મોની સાક્ષાત્ નિર્જરા ધ્યાનથી જ થાય છે અને શેષ અગિયાર પ્રકારના તપ ધ્યાનના સહાયક કારણ છે.

મન, ઈન્દ્રિયોનો સમૂહ અને કાય—આનું તપન તથા નિગ્રહ કરવાથી જ તપ થાય છે એવું તપના જાણવાવાળા ગણધરાદિ દેવ કહે છે અને તે તપ અનશન આદિના ભેદથી બાર પ્રકારનું હોય છે. વિદ્વાનોમાં અતિશય શ્રેષ્ઠ તે ભગવાન કર્મોની ઘણી નિર્જરા અને ઉત્તમ ફળ દેવાવાળા સંવરની ઈચ્છા કરતાં થકા બાર પ્રકારના તપમાં સદાય પ્રયત્નશીલ રહેતાં હતા. તે ભગવાન પરિષહોને જીતતા થકા ગુપ્તિ, સમિતિ, અનુપ્રેક્ષા, ક્ષમા આદિ ધર્મ અને સમ્યક્ચારિત્રનું ચિરકાળ સુધી પાલન કરતાં હતા. ત્યારબાદ, ધ્યાન ધારણ કરવાની ઈચ્છા કરવાવાળા ભગવાન ધ્યાનને યોગ્ય તે-તે પ્રદેશોમાં નિવાસ કરતાં હતા કે જે એકાંત હતા, મનોહર હતા અને રાગ-દ્વેષ ઉત્પન્ન કરવાવાળી સામગ્રીથી રહિત હતા. જ્યાં ન તો વધારે ગરમી પડતી હોય અને ન તો વધારે ઠંડી હોય અથવા જ્યાં સમાનરૂપથી બધા આવ-જા કરી શકતા હોય એવી ગુફા, નદીઓના કિનારા, પર્વતના શિખર, જીર્ણ ઉદ્યાન અને વન આદિ પ્રદેશ ધ્યાનને યોગ્ય ક્ષેત્ર કહેવાય છે. તેવી જ રીતે જેમાં ન તો વધારે ગરમી હોય અને ન વધારે ઠંડી પડતી હોય તથા જે પ્રાણીઓને દુઃખદાયી પણ ન હોય એવો કાળ ધ્યાનને યોગ્ય કાળ કહેવાય છે. જ્ઞાન, વૈરાગ્ય, ધૈર્ય અને ક્ષમા આદિ ભાવ ધ્યાનને યોગ્ય ભાવ કહેવાય છે અને જે પદાર્થ ક્ષુધા આદિથી ઉત્પન્ન થયેલા સંક્લેશને દૂર કરવામાં સમર્થ છે એવા પદાર્થ ધ્યાનને યોગ્ય દ્રવ્ય કહેવાય છે. સ્વામી વૃષભદેવ ધ્યાનની સિદ્ધિ માટે અનુકૂળ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવનું જ સેવન કરતાં હતા.

અધ્યાત્મ તત્ત્વને જાણવાવાળા તે ભગવાન ક્યારેક તો પર્વત પરના લતાગૃહોમાં, ક્યારેક પર્વતની ગુફાઓમાં

અને ક્યારેક પર્વતના શિખરો ઉપર ધ્યાન લગાવતા હતા. તે ભગવાન અધ્યાત્મની સિદ્ધિ માટે ક્યારેક તો એવા એવા સુંદર પહાડોના શિખર પર પડેલા શિલાતલ પર આરૂઢ થતા હતા કે જેનો નજીકનો ભાગ મયુરોના શબ્દોથી ખૂબ જ મનોહર થઈ રહ્યો હતો. ક્યારેક-ક્યારેક ધ્યાન લગાવવા માટે તે ભગવાન, જ્યાં ગાયોના પગની ખરીના ચિહ્‌ન પણ ન હોય એવા અગમ્ય વનોમાં ઉપદ્રવ શૂન્ય, જીવ રહિત અને એકાંત વિષમ ભૂમિ ઉપર બિરાજમાન થતા હતા, ક્યારેક-ક્યારેક પાણીના છાટાં ઉડાડતાં સમીપમાં વહેવાવાળા ઝરણાઓથી કે જ્યાં ખૂબ જ ઠંડી પડી રહી હતી એવા પર્વતના ઉપરના ભાગ પર તેઓ ધ્યાનમાં તલ્લીન થતાં હતા; ક્યારેક-ક્યારેક રાત્રિના સમયે કે જ્યાં અનેક રાક્ષસ પોતાની ઈચ્છાનુસાર નૃત્ય કર્યા કરે છે એવી સ્મશાન ભૂમિમાં તે ભગવાન ધ્યાન કરતાં થકા બિરાજમાન થતા હતા. ક્યારેક શુક્લ અથવા પવિત્ર રેતીથી સહિત સુંદર નદીના કિનારા પર, ક્યારેક સરોવરના કિનારે, ક્યારેક મનોહર વનપ્રદેશોમાં અને ક્યારેક મનની વ્યાકુળતા ન કરવાવાળા અન્ય કેટલાય પ્રદેશોમાં ધ્યાનનો અભ્યાસ કરતાં થકા તે ક્ષમાધારી ભગવાને આ સમસ્ત પૃથ્વીમાં વિહાર કર્યો હતો.

મૌની, ધ્યાની અને માનથી રહિત તેઓ અતિશય બુદ્ધિમાન ભગવાન ધીરે-ધીરે અનેક દેશોમાં વિહાર કરતાં થકા કોઈ એક દિવસે 'પુરિમતાલ' નામના નગર સમીપ પહોંચ્યા. તે નગર સમીપ એક 'શકટ' નામનું ઉદ્યાન હતું કે જે તે નગરથી ન તો વધારે નજદીક હતું અને ન વધારે દૂર હતું. તે પવિત્ર, આકુળતા રહિત, રમણીય, એકાંત અને જીવરહિત વનમાં ભગવાન રોકાયા. શુદ્ધ બુદ્ધિવાળા ભગવાને ત્યાં ધ્યાનની સિદ્ધિ માટે 'વટવૃક્ષ'ની નીચે એક પવિત્ર તથા લાંબી, પહોળી શિલા પર બિરાજમાન થઈને ચિત્તની એકાગ્રતા ધારણ કરી. ત્યાં પૂર્વદિશા તરફ મુખ કરીને પદ્માસનથી બેઠેલા તથા લેશ્યાઓની ઉત્કૃષ્ટ શુદ્ધિને ધારણ કરતાં તે ભગવાને ધ્યાનમાં પોતાનું ચિત્ત લગાવ્યું. અતિશય વિશુદ્ધ બુદ્ધિને ધારણ કરવાવાળા ભગવાન વૃષભદેવે સૌ પ્રથમ સર્વશ્રેષ્ઠ મોક્ષપદમાં પોતાનું ચિત્ત લગાવ્યું અને સિદ્ધ પરમેષ્ઠીના આઠ ગુણોનું ચિંતવન કર્યું. અનંત સમ્યક્ત્વ, અનંત દર્શન, અનંત જ્ઞાન, અનંત વીર્ય, સૂક્ષ્મત્વ, અવગાહનત્વ, અવ્યાબાધત્વ અને અગુરુલઘુત્વ—આ સિદ્ધ પરમેષ્ઠીના આઠ ગુણ છે. સિદ્ધિ પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળાઓએ આ ગુણોનું અવશ્ય ધ્યાન કરવું જોઈએ. તેવી જ રીતે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાએ તેના બીજા ચાર સાધારણ ગુણોનું ચિંતવન કરવું જોઈએ. આ રીતે, જેઓ ઉપર કહેલા બાર ગુણોથી

યુક્ત છે, કર્મબંધનથી રહિત છે, સૂક્ષ્મ છે, નિરંજન છે—રાગાદિ ભાવકર્મોથી રહિત છે, વ્યક્ત છે, નિત્ય છે અને શુદ્ધ છે એવા સિદ્ધ ભગવાનનું મોક્ષાભિલાષી મુનિઓએ અવશ્ય જ ધ્યાન કરવું જોઈએ.

ત્યારબાદ, ઉત્તમ ધર્મધ્યાનની ઈચ્છા કરવાવાળા મુનિ ભગવાને અનુપ્રેક્ષાઓનું ચિંતવન કર્યું કારણ કે શુભ બાર અનુપ્રેક્ષાઓ ધ્યાનની પરિવાર અવસ્થાને પ્રાપ્ત છે અર્થાત્ ધ્યાનનું જ અંગ કહેવાય છે. તે બાર અનુપ્રેક્ષાઓના નામ અને સ્વરૂપનું વર્ણન પહેલાં જ કરવામાં આવી ગયું છે. ત્યારબાદ, બુદ્ધિની અતિશય વિશુદ્ધતાને ધારણ કરવાવાળા ભગવાન ધર્મધ્યાનને પ્રાપ્ત થયા. આજ્ઞાવિચય, અપાયવિચય, વિપાકવિચય અને સંસ્થાનવિચય—આ રીતે ધર્મધ્યાનના ચાર ભેદ છે. જેનું સ્વરૂપ પોતાના નામથી જ પ્રગટ થઈ રહ્યું છે એવા ઉપર કહેલા ચારેય ધર્મધ્યાન જિનેન્દ્રદેવે ધારણ કર્યા હતા કારણ કે તેનાથી સ્વર્ગલોકના શ્રેષ્ઠ સુખોના કારણસ્વરૂપ ઘણા જ પુણ્યની પ્રાપ્તિ થાય છે. જેમની પાપરૂપી પરાગ ધોવાઈ ગઈ છે અને રાગ-દ્વેષ આદિ વિભાવ નષ્ટ થઈ ગયા છે એવા યોગીરાજ વૃષભદેવના અંતઃકરણમાં તે સમયે જ્ઞાન, દર્શન આદિ શક્તિઓના કારણે કોઈપણ જગ્યાએ પ્રમાદ રહી શક્યો ન હતો. જ્ઞાન આદિ પરિણામોમાં પરમ વિશુદ્ધતાને પ્રાપ્ત થયેલા જિનેન્દ્રદેવને ક્લેશ, ઉત્પન્ન કરવાવાળી અશુભલેશ્યા અંશમાત્ર પણ ન હતી, તે સમયે દૈદીપ્યમાન થયેલી ભગવાનની ધ્યાનરૂપી શક્તિ એવી દેખાઈ રહી હતી કે જાણે મોહરૂપી શત્રુના નાશને સૂચિત કરવાવાળી વિશાળ ઉલ્કા જ હોય!

જેવી રીતે કોઈ રાજા પોતાની અંતઃપ્રકૃતિ અર્થાત્ મંત્રી આદિને શુદ્ધ કરી—તેમની તપાસ કરી પોતાની સેનાના જઘન્ય, મધ્યમ અને ઉત્તમ એવા ત્રણ ભેદ કરે છે અને તેમને આગળ કરી મરણભયથી રહિત થઈ બધી જ સામગ્રી સહિત શત્રુસેનાને જીતવા માટે ઊભા થાય છે, તેવી જ રીતે ભગવાન વૃષભદેવે પણ પોતાની અંતઃપ્રકૃતિ અર્થાત્ મનને શુદ્ધ કરી—સંકલ્પ-વિકલ્પ દૂર કરી પોતાની વિશુદ્ધિરૂપી સેનાના જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એવા ત્રણ ભેદ કર્યા અને પછી એ ત્રણેય પ્રકારની વિશુદ્ધિરૂપી સેનાને આગળ કરી યમરાજ દ્વારા કરવામાં આવેલી વિક્રિયા-મૃત્યુભયને દૂર કરતાં થકા બધી જ સામગ્રી સહિત મોહરૂપી શત્રુની સેના અર્થાત્ મોહનીયકર્મના અઠ્યાવીસ ભેદોને જીતવા માટે તત્પર થઈ ગયા. મોહરૂપી શત્રુનું ભેદન કરવાની ઈચ્છા કરવાવાળા ભગવાને ઈન્દ્રિયસંયમ અને પ્રાણીસંયમરૂપ—બે પ્રકારના સંયમને ક્રમથી મસ્તકની રક્ષા કરવાવાળો ટોપ અને શરીરની રક્ષા

કરવાવાળું કવચ બનાવ્યું હતું તથા ઉત્તમ ધ્યાનને જયશીલ અસ્ત્ર બનાવ્યું હતું. વિશુદ્ધિરૂપી સેનાની આપત્તિથી રક્ષણ કરવા માટે તેમણે જ્ઞાનરૂપી મંત્રીઓને નિયુક્ત કર્યા હતા અને વિશુદ્ધ પરિણામને સેનાપતિના પદ પર નિયુક્ત કર્યા હતા. જેનું કોઈ ભેદન નથી કરી શકતું અને જે નિરંતર યુદ્ધ કરવાવાળા હતા એવા ગુણોને તેમણે સૈનિક બનાવ્યા તથા રાગાદિ શત્રુઓને તેના હંતવ્ય પક્ષમાં રાખ્યા.

આ રીતે, સમસ્ત સેનાની વ્યવસ્થા કરી જગદ્‌ગુરુ ભગવાને જ્યાં કર્મોને જીતવાનો ઉદ્યોગ કર્યો કે તરત જ ભગવાનની ગુણશ્રેણી નિર્જરાના બળથી કર્મરૂપી સેના ખંડ-ખંડ થઈને નષ્ટ થવા લાગી. જેમ-જેમ ભગવાનની વિશુદ્ધિ આગળ-આગળ વધતી જતી હતી, તેમ-તેમ કર્મરૂપી સેનાનો ભંગ અને રસ અર્થાત્ ફળ દેવાની શક્તિનો વિનાશ થતો જતો હતો. તે સમયે ભગવાનના કર્મરૂપી શત્રુઓમાં પરપ્રકૃતિરૂપ સંક્રમણ થઈ રહ્યું હતું અર્થાત્ કર્મોની એક પ્રકૃતિ અન્ય પ્રક્તિરૂપ થઈ રહી હતી, તેની સ્થિતિ ઘટી રહી હતી, રસ અર્થાત્ ફળ આપવાની શક્તિ ક્ષીણ થઈ રહી હતી અને ગુણશ્રેણી નિર્જરા થઈ રહી હતી. જેવી રીતે કોઈ વિજયાભિલાષી રાજા શત્રુઓની મંત્રી આદિ અંતરંગ પ્રકૃતિમાં ક્ષોભ ઉત્પન્ન કરે છે અને પછી શત્રુઓને જડથી ઉખાડી દે છે, તેવી જ રીતે યોગીરાજ ભગવાન વૃષભદેવે પણ પોતાના યોગબળથી પહેલાં કર્મોની ઉત્તર પ્રકૃતિઓમાં ક્ષોભ ઉત્પન્ન કર્યો હતો અને પછી તેમને જડ સહિત ઉખાડી ફેંકવાનો ઉપક્રમ કર્યો હતો.

ત્યારબાદ, ઉત્કૃષ્ટ વિશુદ્ધિની ભાવના કરતાં થકા ભગવાન અપ્રમત્ત અવસ્થાને પ્રાપ્ત થઈને મોક્ષરૂપી મહેલની સીડી સમાન ક્ષપકશ્રેણી ઉપર આરૂઢ થયા. પહેલાં જ તેમણે પ્રમાદ રહિત થઈ અપ્રમત્ત સંયત નામના સાતમા ગુણસ્થાનમાં અધઃકરણની ભાવના કરી અને પછી અપૂર્વકરણ નામના આઠમા ગુણસ્થાનને પ્રાપ્ત થઈને અનિવૃત્તિકરણ નામના નવમા ગુણસ્થાનમાં પ્રવેશ કર્યો. ત્યાં તેમણે પૃથક્‌ત્વવિતર્ક નામનું પહેલું શુક્લધ્યાન ધારણ કર્યું અને તેના પ્રભાવથી વિશુદ્ધિ પ્રાપ્ત કરી નિર્ભય થઈ મોહરૂપી રાજાની સમસ્ત સેનાને પછાડી દીધી. પહેલાં જ તેમણે મોહરૂપી રાજાના અંગરક્ષક સમાન અપ્રત્યાખ્યાનાવરણ અને પ્રત્યાખ્યાનાવરણ સંબંધી આઠ કષાયોને ચૂર્ણ કર્યા બાદ નપુંસકવેદ, સ્ત્રીવેદ અને પુરુષવેદ—એ ત્રણ પ્રકારના વેદોને તથા નોકષાય નામના હાસ્યાદિ છ યોદ્ધાઓને નષ્ટ કર્યા હતા. ત્યારબાદ, સૌથી મુખ્ય અને સૌથી આગળ ચાલવાવાળા સંજ્વલન ક્રોધને, પછી માનને,

માયાને અને બાદરલોભને પણ નષ્ટ કર્યો હતો. આ રીતે, આ કર્મશત્રુઓને નષ્ટ કરી મહાધ્યાનરૂપી રંગભૂમિમાં ચારિત્રરૂપી ધ્વજા લહેરાવતા જ્ઞાનરૂપી તીક્ષ્ણ હથિયાર બાંધેલા અને દયારૂપી કવચ ધારણ કરેલા મહાયોદ્ધા ભગવાને અનિવૃત્તિ અર્થાત્ જ્યાંથી પાછું ન ફરવું પડે એવા નવમા ગુણસ્થાનરૂપ અનિવૃત્તિ નામની જયભૂમિ પ્રાપ્ત કરી. બરાબર જ છે કે પાછળ ન હટવાવાળા શૂરવીર યોદ્ધાઓની સામે શત્રુની સેના ઊભી રહી શકતી નથી.

હવે, અધઃકરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ—આ ત્રણેય કરણોનું યથાર્થ સ્વરૂપ પ્રગટ કરવા માટે આગમના યથાર્થભાવને જાણવાવાળા ગણધર આદિ દેવોએ જે આ અર્થ સહિત પદ કહ્યા છે તે અનુક્રમથી જાણવાયોગ્ય છે અર્થાત્ તેનું જ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ. અધઃપ્રવૃત્તિકરણના પ્રથમ ક્ષણમાં જે પરિણામ થાય છે, તે જ પરિણામ બીજા ક્ષણમાં થાય છે તથા તે બીજા ક્ષણમાં પૂર્વપરિણામોથી ભિન્ન બીજા પણ પરિણામ થાય છે. આ રીતે, બીજા ક્ષણ સંબંધી પરિણામોનો જે સમૂહ છે, તે જ ત્રીજા ક્ષણમાં હોય છે તથા તેનાથી ભિન્ન જાતિના બીજા પણ પરિણામ થાય છે. આ જ ક્રમ ચતુર્થ આદિ અંતિમ સમય સુધી થાય છે, તેથી આ કરણનું 'અધઃપ્રવૃત્તકરણ' આ નામ સાર્થક છે, પરંતુ અપૂર્વકરણમાં આ વાત નથી. કારણ કે ત્યાં પ્રત્યેક ક્ષણમાં અપૂર્વ-અપૂર્વ પરિણામ જ થતાં રહે છે, તેથી આ કરણનું પણ 'અપૂર્વકરણ' આ સાર્થક નામ છે. અનિવૃત્તિકરણમાં જીવોની નિવૃત્તિ અર્થાત્ વિભિન્નતા નથી હોતી કારણ કે તેના પ્રત્યેક ક્ષણમાં રહેવાવાળા બધા જીવ પરિણામોની અપેક્ષા પરસ્પરમાં સમાન જ હોય છે, તેથી આ કરણનું પણ 'અનિવૃત્તિકરણ' આ સાર્થક નામ છે. આ ત્રણેય કરણોમાંથી પ્રથમ કરણમાં સ્થિતિ, ઘાત આદિનો ઉપક્રમ નથી હોતો, પરંતુ તેમાં રહેવાવાળો જીવ શુદ્ધ થતો થકો કેવળ સ્થિતિબંધ અને અનુભાગ બંધને ઘટાડતો રહે છે. બીજા અપૂર્વકરણમાં પણ આ જ વ્યવસ્થા છે, પરંતુ વિશેષતા એટલી છે કે આ કરણમાં રહેવાવાળો જીવ ગુણશ્રેણી દ્વારા સ્થિતિબંધ અને અનુભાગબંધનું સંક્રમણ તથા નિર્જરા કરતો થકો તે બંનેના અગ્રભાગને નષ્ટ કરે છે. તેવી જ રીતે ત્રીજા અનિવૃત્તિકરણમાં પ્રવૃત્તિ કરવાવાળો અતિશય બુદ્ધિમાન જીવ પણ પરિણામોની વિશુદ્ધિમાં અંતર ન પાડીને સોળ અને આઠ કર્મરૂપી શત્રુઓને ઉઠાડી ફેંકે છે.

ત્યારબાદ, યોગીરાજ ભગવાન વૃષભદેવે નરક અને તિર્યંચગતિમાં નિયમથી ઉદય આવવાવાળી નામકર્મની તેર (નરકગતિ, નરકગત્યાનુપૂર્વી, તિર્યંચગતિ, તિર્યંચગત્યાનુપૂર્વી, એકેન્દ્રિય જાતિ, દ્વીન્દ્રિય જાતિ, ત્રીન્દ્રિય જાતિ,

ચતુરિન્દ્રિય જાતિ, આતપ, ઉદ્યોત, સ્થાવર, સૂક્ષ્મ અને સાધારણ) અને સ્ત્યાનગૃદ્ધિ આદિ ત્રણ (સ્ત્યાનગૃદ્ધિ, નિદ્રાનિદ્રા અને પ્રચલાપ્રચલા) આ પ્રકારે સોળપ્રકૃતિઓને એક જ પ્રહારથી નષ્ટ કરી. ત્યારબાદ, અધ્યાત્મતત્ત્વના જાણવાવાળા ભગવાને આઠ કષાય (અપ્રત્યાખ્યાનાવરણ અને પ્રત્યાખ્યાનાવરણ સંબંધી ક્રોધ, માન, માયા, લોભ)ને નષ્ટ કર્યા અને પછી થોડું અંતર લઈને શેષ રહેલી (નપુંસકવેદ, સ્ત્રીવેદ, પુરુષવેદ, હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, સંજ્વલન ક્રોધ, માન અને માયા) પ્રકૃતિઓને પણ નષ્ટ કરી. અશ્વકર્ણ ક્રિયા અને કૃષ્ટિકરણ આદિ જે કંઈ વિધિ હોય છે તે બધી જ વિધિ ભગવાને આ જ અનિવૃત્તિકરણ ગુણસ્થાનમાં કરી અને પછી તેઓ સૂક્ષ્મસાંપરાય નામના દસમાં ગુણસ્થાનમાં જઈ પહોંચ્યા. ત્યાં તેમણે અતિશય સૂક્ષ્મ લોભને પણ જીતી લીધો અને આ રીતે સમસ્ત મોહનીય કર્મ પર વિજય પ્રાપ્ત કરી લીધો. બરાબર જ છે કે બળવાન શત્રુ પણ દુર્બળ થઈ જતાં વિજિગીષુ(જીતવાની ઈચ્છાવાળા) પુરુષ દ્વારા અનાયાસ જ જીતી લેવામાં આવે છે. તે સમયે ક્ષપકશ્રેણીરૂપી રંગભૂમિમાં મોહરૂપી શત્રુ નષ્ટ થવાથી અતિશય દૈદીપ્યમાન થતાં મુનિરાજ વૃષભદેવ એવા સુશોભિત થઈ રહ્યા હતા કે જેવી રીતે કોઈ કુસ્તીના મેદાનમાં પ્રતિમલ્લના ભાગી જવાથી વિજયી મલ્લ સુશોભિત થાય છે.

ત્યારબાદ, અવિનાશી ગુણોનો સંગ્રહ કરવાવાળા ભગવાન ક્ષીણકષાય નામના બારમાં ગુણસ્થાનમાં પ્રવિષ્ટ થયા. ત્યાં તેમણે સંપૂર્ણ મોહનીય કર્મની ધૂળ ઉડાવી દીધી અર્થાત્ તેને એકદમ જ નષ્ટ કરી દીધી. અને સ્વયં સ્નાતક અવસ્થાને પ્રાપ્ત થઈ ગયા. ત્યારબાદ, જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાયકર્મની જે કાંઈ ઉદ્ધત પ્રકૃતિઓ હતી તે બધાને તેમણે એકત્વવિતર્ક નામના બીજા શુક્લધ્યાનથી નષ્ટ કરી અને આ રીતે તે મુનિરાજ ધ્યાનરૂપી અગ્નિ દ્વારા અતિશય દુઃખદાયી ચારેય ઘાતિકર્મોને બાળીને કેવળજ્ઞાની થઈ લોકાલોકને જોવાવાળા સર્વજ્ઞ થઈ ગયા. આ રીતે, સમસ્ત જગતને પ્રકાશિત કરતાં અને ભવ્યજીવરૂપી કમળોને પ્રફુલ્લિત કરતાં તે વૃષભ-જિનેન્દ્રરૂપી સૂર્ય કિરણો સમાન અનંત જ્ઞાન, દર્શન, વીર્ય, ચારિત્ર, શુદ્ધ સમ્યક્ત્વ, દાન, લાભ, ભોગ અને ઉપભોગ—આ અનંત નવ લબ્ધિઓને પ્રાપ્ત થયા.

આ રીતે, જેમણે ધ્યાનરૂપી અગ્નિ દ્વારા કર્મરૂપી ઇંધનને બાળી દીધું છે, જેમને કેવળજ્ઞાનરૂપી વિભૂતિ ઉત્પન્ન થઈ છે અને જેમને સમવસરણનો વૈભવ પ્રાપ્ત થયો છે એવા તે જિનેન્દ્ર ભગવાન ખૂબ જ સુશોભિત થઈ

રહ્યા હતા. ફાગણ મહિનાના કૃષ્ણપક્ષની અગિયારસના દિવસે ઉત્તરાષાઢ નક્ષત્રમાં ભગવાનને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું હતું. મોહનીય કર્મને જીતવાવાળા ભગવાન વૃષભદેવ જ્યાં કેવળજ્ઞાનરૂપી લક્ષ્મીથી દૈદીપ્યમાન થયા કે તરત જ દેવોના ઈન્દ્ર ભક્તિના ભાવથી નમ્રીભૂત થઈ ગયા અર્થાત્ તેમણે ભગવાનને મસ્તક નમાવીને નમસ્કાર કર્યા, આકાશમાં બધી બાજુ જય-જય શબ્દ થવા લાગ્યા અને આકાશમાં વિચરતા દેવોના નગારાઓના શબ્દોથી વ્યાપ્ત થઈ ગયા. તે જ સમયે ભ્રમરોના શબ્દોથી આકાશને શબ્દાયમાન કરતી થકી તથા દિશાઓના અંતને સંકુચિત કરતી કલ્પવૃક્ષોના પુષ્પોની વર્ષા ખૂબ જ ઉપરથી થવા લાગી અને વિરલ-વિરલ રૂપથી ઉતરતા દેવોના વિમાનોથી આકાશરૂપી સમુદ્ર એવું થઈ ગયું કે જાણે તેમાં ચારેય તરફ નૌકાઓ જ તરી રહી હોય! તે સમયે મદથી મનોહર શબ્દ કરવાવાળા ભ્રમર સહિત ગંગા નદીના અત્યંત શીતળ તરંગોનો સ્પર્શ કરતાં અને હલતા સુગંધિત વનના મધ્યભાગમાં સ્થિત કમળના પરાગથી ભરેલો વાયુ ચારેય તરફ ધીરે-ધીરે વહેતો દિશાઓમાં વ્યાપ્ત થઈ રહ્યો હતો.

જે સમયે આ બધું થઈ રહ્યું હતું તે સમયે આકાશમાંથી વિના વાદળ જ થવાવાળી મંદ-મંદ વૃષ્ટિ લોકનાડીના આંગણાને ધૂળ રહિત કરી રહી હતી. તે વૃષ્ટિના જળના ટીપા ચારેય તરફ ફેલાઈ રહ્યા હતા કે જેથી એવા જણાઈ રહ્યા હતા કે જાણે જગતના સ્વામી વૃષભ જિનેન્દ્રના સમવસરણની ભૂમિને શુદ્ધ કરવા માટે જ ફેલાઈ રહ્યા હોય! આ રીતે, તે સમયે ભગવાન વૃષભદેવરૂપી ઉદયાચળથી ઉત્પન્ન થયેલો કેવળજ્ઞાનરૂપી સૂર્ય જગતના જીવોના હિત માટે ઉદિત થયો હતો. તે કેવળજ્ઞાનરૂપી સૂર્ય ત્રણેય લોકમાં આનંદને વિસ્તૃત કરી રહ્યો હતો, જિનેન્દ્ર ભગવાનના આધિપત્યને પ્રસિદ્ધ કરી રહ્યો હતો અને તેમના તીર્થંકરોચિત પ્રભાવને પ્રસિદ્ધ કરી રહ્યો હતો.

આ રીતે, આર્ષ નામથી પ્રસિદ્ધ ભગવજ્જિનસેનાચાર્ય-વિરચિત ત્રિષષ્ટિલક્ષણ મહાપુરાણ સંગ્રહમાં ભગવાનના આહારદાન તથા કેવળજ્ઞાનનું વર્ણન કરતો વીસમો અધ્યાય સમાપ્ત થયો.

# અધ્યાય એકવીસમો



ત્યારબાદ, શ્રેણિક રાજાએ નમ્ર થઈને મહામુનિ ગૌતમ ગણધરને કહ્યું કે હે ભગવાન! હું આપનાથી ધ્યાનનો વિસ્તાર જાણવા ઈચ્છું છું. હે યોગીરાજ! આ ધ્યાનનું લક્ષણ શું છે? તેના કેટલા ભેદ છે? તેની નિરુક્તિ-શબ્દાર્થ શું છે? તેના સ્વામી કોણ છે? તેનો સમય કેટલો છે? તેનો હેતુ શું છે? અને તેનું ફળ શું છે? હે સ્વામી! તેનો ભાવ શું છે? તેનો આધાર શું છે? તેના ભેદોના શું નામ છે? અને તે બધાનો શું અભિપ્રાય છે? તેનું અવલંબન શું છે? અને તેમાં બળ પહોંચાડવાવાળું શું છે? હે વક્તાઓમાં શ્રેષ્ઠ! આ બધું હું જાણવા ઈચ્છું છું. મોક્ષના સાધનોમાં ધ્યાન જ સૌથી ઉત્તમ સાધન માનવામાં આવ્યું છે. તેથી હે ભગવાન! તેનું યથાર્થ સ્વરૂપ કહો કે જે મોટા-મોટા મુનિઓને પણ ગોપ્ય છે. આ રીતે, પૂછવાવાળા રાજા શ્રેણિકને ભગવાન ગૌતમ ગણધર પોતાના દાંતોના ફેલાતા કિરણોરૂપી જળ દ્વારા તેના શરીરનો અભિષેક કરતાં કહેવા લાગ્યા કે હે રાજન્! જે કર્મોનો ક્ષય કરવારૂપ કાર્યનું મુખ્ય સાધન છે એવા ધ્યાન નામના ઉત્કૃષ્ટ તપનો હું તારા માટે જિનાગમ અનુસાર સારી રીતે ઉપદેશ કરું છું.

તન્મય થઈને કોઈ એક જ વસ્તુમાં જે ચિત્તનો નિરોધ કરી લેવામાં આવે છે તેને ધ્યાન કહે છે, તે ધ્યાન વજ્રવૃષભનારાચસંહનનવાળાઓને વધારેમાં વધારે અંતર્મુહૂર્ત સુધી રહે છે. જે ચિત્તના પરિણામ સ્થિર હોય છે તેને ધ્યાન કહે છે અને જે ચંચળ રહે છે તેને અનુપ્રેક્ષા, ચિંતા, ભાવના અથવા ચિત્ત કહે છે. આ ધ્યાન છદ્મસ્થ અર્થાત્ બારમા ગુણસ્થાનવર્તી જીવો સુધી હોય છે અને તેરમાં ગુણસ્થાનવર્તી સર્વજ્ઞદેવને યોગના બળથી થવાવાળા આસ્રવનો નિરોધ કરવા માટે ઉપચારથી માનવામાં આવે છે. ધ્યાનના સ્વરૂપને જાણવાવાળા બુદ્ધિમાન પુરુષ તેને જ ધ્યાન કહે છે કે જેની વૃત્તિ પોતાના બુદ્ધિ-બળને આધીન હોય છે. કારણ કે તેવું ધ્યાન જ યથાર્થમાં ધ્યાન કહેવાય છે, તેનાથી વિપરીત ધ્યાન અપધ્યાન કહેવાય છે. યોગ, ધ્યાન, સમાધિ, નિરોધ અર્થાત્ બુદ્ધિની ચંચળતાને રોકવી,

સ્વાન્તનિગ્રહ અર્થાત્ મનને વશમાં કરવું અને અંતઃસંલીનતા અર્થાત્ આત્માના સ્વરૂપમાં લીન થવું આદિ બધા ધ્યાનના જ પર્યાયવાચક શબ્દ છે એમ વિદ્વાન લોકો માને છે.

આત્મા જે પરિણામથી પદાર્થનું ચિંતવન કરે છે તે પરિણામને ધ્યાન કહે છે, આ કરણ સાધનની અપેક્ષા ધ્યાન શબ્દની નિરુક્તિ છે. આત્માના જે પરિણામ પદાર્થોનું ચિંતવન કરે છે તે પરિણામને ધ્યાન કહે છે, આ કર્તૃ-વાચ્યની અપેક્ષા ધ્યાન શબ્દની નિરુક્તિ છે અને ભાવ-વાચ્યની અપેક્ષાથી ચિંતવન કરવું જ ધ્યાનની નિરુક્તિ છે. આ રીતે, શક્તિના ભેદથી જ્ઞાનસ્વરૂપ આત્માને એક જ વિષયમાં ત્રણ ભેદ થવા ઉચિત જ છે. જ્યાં કરણની મુખ્યતા હોય તેને કરણસાધન કહે છે, જ્યાં કર્તાની મુખ્યતા હોય તેને કર્તૃસાધન કહે છે અને જ્યાં ક્રિયાની મુખ્યતા હોય તેને ભાવસાધન કહે છે. અહીં આચાર્યે આત્મા, આત્માના પરિણામ અને ચિંતવનરૂપ ક્રિયામાં નય વિવક્ષાથી ભેદાભેદરૂપની વિવક્ષા કરી, એક જ ધ્યાન શબ્દના ત્રણેય સાધનોની નિરુક્તિ કરી છે. જે સમયે આત્મા અને પરિણામમાં ભેદ વિવક્ષા કરવામાં આવે છે તે સમયે આત્મા જે પરિણામથી ધ્યાન કરે તે પરિણામ ધ્યાન કહેવાય છે એવી કરણસાધનથી નિરુક્તિ થાય છે. જે સમયે આત્મા અને પરિણામમાં અભેદ વિવક્ષા કરવામાં આવે છે તે સમયે જે પરિણામ ધ્યાન કરે તે જ ધ્યાન કહેવાય છે એવી કર્તૃસાધનથી નિરુક્તિ થાય છે અને જ્યાં આત્મા તથા તેના પ્રદેશોમાં થવાવાળી ધ્યાનરૂપ ક્રિયામાં અભેદ માનવામાં આવે છે તે સમયે ધ્યાન કરવું તે જ ધ્યાન કહેવાય છે એવી ભાવસાધનથી નિરુક્તિ સિદ્ધ થાય છે.

જો કે ધ્યાન જ્ઞાનની જ પર્યાય છે અને ધ્યેય અર્થાત્ ધ્યાન કરવાયોગ્ય પદાર્થને જ વિષય કરવાવાળો છે, તેમ છતાં એક જગ્યાએ એકત્રિતરૂપથી જોવાના કારણે જ્ઞાન, દર્શન, સુખ અને વીર્યરૂપ વ્યવહારને ધારણ કરે છે. ભાવાર્થ—સ્થિરરૂપથી પદાર્થને જાણવું ધ્યાન કહેવાય છે, તેથી ધ્યાન જ્ઞાનની એક પર્યાયવિશેષ છે. આત્માના જે પ્રદેશ જ્ઞાનરૂપ છે તે જ પ્રદેશ દર્શન, સુખ અને વીર્યરૂપ પણ હોવાથી એક જ જગ્યાએ રહેવાના કારણે ધ્યાનમાં દર્શન, સુખ આદિનો પણ વ્યવહાર કરવામાં આવે છે. જેવી રીતે સુખ તથા ક્રોધ આદિ ભાવ ચૈતન્યના જ પરિણામ કહેવામાં આવે છે, પરંતુ તે તેનાથી ભિન્નરૂપ થઈને પ્રકાશમાન થાય છે—અનુભવમાં આવે છે, તેવી જ રીતે અંતઃકરણના સંકોચ કરવારૂપ ધ્યાન પણ જો કે ચૈતન્ય-જ્ઞાનનું જ પરિણામ કહેવામાં આવ્યું છે છતાં પણ તે તેનાથી

ભિન્નરૂપ થઈને પ્રકાશમાન થાય છે. ભાવાર્થ—પર્યાય અને પર્યાયીમાં કથંચિત્ ભેદની વિવક્ષા કરી આ કથન કરવામાં આવ્યું છે. જગતના સમસ્ત તત્વ જે જે રૂપથી અવસ્થિત છે અને જેમાં 'આ મારા છે અને હું તેનો સ્વામી છું' એવો સંકલ્પ ન હોવાથી જે ઉદાસીનરૂપથી વિદ્યમાન છે તે બધા ધ્યાનના અવલંબન છે. ભાવાર્થ—ધ્યાનમાં ઉદાસીનરૂપથી સમસ્ત પદાર્થોનું ચિંતવન કરી શકાય છે અથવા સંસારી-મુક્ત આ પ્રકારે બે ભેદવાળા આત્મતત્ત્વનું ચિંતવન કરવું જોઈએ કારણ કે આત્મતત્ત્વનું ચિંતવન ધ્યાન કરવાવાળા જીવના ઉપયોગની વિશુદ્ધિ માટે હોય છે. ઉપયોગની વિશુદ્ધિ થવાથી આ જીવ બંધના કારણોને નષ્ટ કરે છે. બંધના કારણ નષ્ટ થવાથી તેને સંવર અને નિર્જરા થવા લાગે છે તથા સંવર અને નિર્જરા થવાથી આ જીવને નિઃસંદેહ મુક્તિની પ્રાપ્તિ થઈ જાય છે.

જે જે પદાર્થ જે જે પ્રકારથી અવસ્થિત છે તેને તે તે પ્રકારથી નિશ્ચય કરવાવાળા તથા ધ્યાનની ઈચ્છા રાખવાવાળા મોક્ષાભિલાષી પુરુષને આ સમસ્ત સંસાર આલંબન છે. ભાવાર્થ—રાગ-દ્વેષથી રહિત થઈને કોઈપણ વસ્તુનું ધ્યાન કરી મોક્ષ પ્રાપ્ત કરી શકાય છે. આ વિષયમાં વધારે કહેવાથી શું લાભ છે? સંક્ષેપમાં એટલું જ સમજી લેવું જોઈએ કે આ સંસારમાં પોતપોતાની પર્યાય સહિત જે જે પદાર્થ છે તે બધા આમ્નાય અનુસાર ધ્યેયની કોટિમાં પ્રવેશ કરે છે અર્થાત્ તે બધાનું ધ્યાન કરી શકાય છે. આ રીતે, ઉપર ધ્યાન કરવાયોગ્ય પદાર્થનું જે વર્ણન કરવામાં આવ્યું છે તે બધું જ શુભ પદાર્થનું ચિંતવન કરવાવાળું ધ્યાન જ સમજવું જોઈએ. જો ઈષ્ટ-અનિષ્ટ વસ્તુઓનું ચિંતવન કરવામાં આવશે તો તે અસદ્ધ્યાન–કુધ્યાન કહેવાશે અને તેમાં ધ્યેયની કોઈ કલ્પના કરવામાં આવતી નથી અર્થાત્ અસદ્ધ્યાનનો કોઈપણ વિષય નથી, ક્યારેય પણ અસદ્ધ્યાન ન કરવું જોઈએ.



જે મનુષ્ય તત્ત્વોનું યથાર્થ સ્વરૂપ નથી સમજતો તે વિપરીતભાવથી અતદ્રૂપ વસ્તુને પણ તદ્રૂપ ચિંતવન કરવા લાગે છે અને પદાર્થમાં ઈષ્ટ-અનિષ્ટબુદ્ધિ કરી ફક્ત સંક્લેશ સહિત ધ્યાન ધારણ કરે છે. સંકલ્પ-વિકલ્પને વશીભૂત થયેલો મૂર્ખ પ્રાણી પદાર્થોને ઈષ્ટ-અનિષ્ટ સમજવા લાગે છે જેથી તેને રાગ-દ્વેષ ઉત્પન્ન થાય છે અને રાગ-દ્વેષથી, જેનાથી મુશ્કેલીથી છૂટી શકાય છે એવા, કર્મબંધનને પ્રાપ્ત થાય છે. **વિષયોમાં તૃષ્ણા વધારવાવાળી જે મનની પ્રવૃત્તિ છે, તે સંકલ્પ કહેવાય છે,** તે જ સંકલ્પને દુષ્પ્રણિધાન કહે છે અને દુષ્પ્રણિધાનથી અપધ્યાન થાય છે. 
તેથી ચિત્તની શુદ્ધિ માટે તત્ત્વાર્થની ભાવના કરવી જોઈએ. કારણ કે તત્ત્વાર્થની ભાવના કરવાથી જ્ઞાનની શુદ્ધિ થાય

છે અને જ્ઞાનની શુદ્ધિ થવાથી ધ્યાનની શુદ્ધિ થાય છે.

શુભ અને અશુભ ચિંતવન કરવાથી તે ધ્યાન પ્રશસ્ત તથા અપ્રશસ્તના ભેદથી બે પ્રકારે સ્મરણ કરવામાં આવે છે, તે પ્રશસ્ત તથા અપ્રશસ્ત ધ્યાનના પણ પ્રત્યેકના બે-બે ભેદ છે. ભાવાર્થ—જે ધ્યાન શુભ પરિણામોથી કરવામાં આવે છે તેને પ્રશસ્તધ્યાન કહે છે અને જે ધ્યાન અશુભ પરિણામોથી કરવામાં આવે છે તેને અપ્રશસ્તધ્યાન કહે છે. પ્રશસ્તધ્યાનના ધર્મ અને શુક્લ એ બે ભેદ છે તથા અપ્રશસ્તધ્યાનના પણ આર્ત અને રૌદ્ર એમ બે ભેદ છે. આ રીતે, જિનેન્દ્ર ભગવાને તે ધ્યાન આર્ત, રૌદ્ર, ધર્મ અને શુક્લના ભેદથી ચાર પ્રકારનું કહ્યું છે. આ ચારેય ધ્યાનમાંથી પહેલાં બે અર્થાત્ આર્ત અને રૌદ્ર ધ્યાન છોડવાયોગ્ય છે કારણ કે તે ખોટા ધ્યાન છે અને સંસારને વધારવાવાળા છે તથા બીજા બે અર્થાત્ ધર્મ અને શુક્લધ્યાન મુનિઓએ પણ ગ્રહણ કરવા યોગ્ય છે. હવે, આ ધ્યાનના અંતર્ભેદ, તેના લક્ષણ, તેની નિરુક્તિ, તેના બલાધાન, આધાર, કાળ, ભાવ અને ફળનું નિરૂપણ કરીશું.

જે ઋત અર્થાત્ દુઃખમાં થાય તે પહેલું આર્તધ્યાન છે અને તે ચાર પ્રકારનું હોય છે : (૧) ઈષ્ટ વસ્તુ ન મળવાથી, (૨) અનિષ્ટ વસ્તુ મળવાથી, (૩) નિદાનથી અને (૪) રોગ આદિથી ઉત્પન્ન થતું ધ્યાન. કોઈ ઈષ્ટ વસ્તુનો વિયોગ થતાં તેના સંયોગ માટે વારંવાર ચિંતવન કરવું તે પહેલું આર્તધ્યાન છે. તેવી જ રીતે કોઈ અનિષ્ટ વસ્તુનો સંયોગ થતા તેના વિયોગ માટે નિરંતર ચિંતવન કરવું તે બીજું આર્તધ્યાન છે. ભોગોની આકાંક્ષાથી જે ધ્યાન થાય છે તે ત્રીજું નિદાન નામનું આર્તધ્યાન કહેવાય છે. આ ધ્યાન બીજા પુરુષોની ભોગોપભોગની સામગ્રી જોવાથી સંક્લિષ્ટ ચિત્તવાળા જીવને થાય છે અને કોઈ વેદનાથી પિડિત મનુષ્યનું તે વેદનાને નષ્ટ કરવા માટે જે વારંવાર ચિંતવન થાય છે તે ચોથું આર્તધ્યાન કહેવાય છે. ઈષ્ટ વસ્તુ વિના થવાવાળા દુઃખના સમયે જે ધ્યાન થાય છે તે **ઇષ્ટ-વિયોગજ** નામનું પહેલું આર્તધ્યાન છે. તેવી જ રીતે પ્રાપ્ત ન થયેલા ઈષ્ટપદાર્થના ચિંતવનથી જે આર્તધ્યાન થાય છે તે **નિદાન-પ્રત્યય** નામનું ત્રીજું આર્તધ્યાન કહેવાય છે. અનિષ્ટ વસ્તુનો સંયોગ થતાં જે ધ્યાન થાય છે તે **અનિષ્ટ-સંયોગજ** નામનું બીજું આર્તધ્યાન કહેવાય છે અને વેદના ઉત્પન્ન થતાં જે ધ્યાન થાય છે તે **વેદનોપગમોદ્ભવ** નામનું ચોથું આર્તધ્યાન કહેવાય છે.

ઈષ્ટ વસ્તુની પ્રાપ્તિ માટે, અનિષ્ટ વસ્તુની અપ્રાપ્તિ માટે, ભોગોપભોગની ઈચ્છા માટે અને વેદના દૂર કરવા

માટે જે વારંવાર ચિંતવન કરવામાં આવે છે તે જ સમયે ઉપર કહેલા ચાર પ્રકારના આર્તધ્યાન થાય છે. આ રીતે આર્ત અર્થાત્ પિડિત આત્માવાળા જીવો દ્વારા ચિંતવન કરવાયોગ્ય ચાર પ્રકારના આર્તધ્યાનનું નિરૂપણ કર્યું. **આ ધ્યાન કષાય આદિ પ્રમાદથી અધિષ્ઠિત હોય છે અને અપ્રમત્તસંયત નામના છઠ્ઠા ગુણસ્થાન સુધી હોય છે.** આ ચારેય પ્રકારના આર્તધ્યાન અત્યંત અશુભ, કૃષ્ણ, નીલ અને કાપોત લેશ્યાનો આશ્રય કરી ઉત્પન્ન થાય છે, તેનો કાળ અંતર્મુહૂર્ત છે અને આલંબન અશુભ છે. આ આર્તધ્યાનમાં ક્ષાયોપશમિકભાવ હોય છે અને તિર્યંચગતિ તેનું ફળ છે, તેથી આ આર્ત નામનું ખોટું ધ્યાન કલ્યાણ ઇચ્છવાવાળા પુરુષો દ્વારા છોડવાયોગ્ય છે. પરિગ્રહમાં અત્યંત આસક્ત હોવું, કુશીલરૂપ પ્રવૃત્તિ કરવી, કૃપણતા કરવી, વ્યાજ લઈને આજીવિકા કરવી, અત્યંત લોભ કરવો, ભય કરવો, ઉદ્વેગ કરવો અને અતિશય શોક કરવો તે આર્તધ્યાનના ચિહ્ન છે. તેવી જ રીતે, શરીરનું ક્ષીણ થઈ જવું, શરીરની કાંતિ નષ્ટ થઈ જવી, માથે હાથ રાખીને પશ્ચાત્તાપ કરવો, રડવું તથા આ પ્રકારના બીજા પણ અનેક કાર્ય આર્તધ્યાનના બાહ્ય ચિહ્ન કહેવાય છે. આ રીતે, આર્તધ્યાનનું વર્ણન પૂર્ણ થયું.

હવે, રૌદ્રધ્યાનનું નિરૂપણ કરીએ છીએ. જે પુરુષ પ્રાણીઓને રુદન કરાવે છે, તે રુદ્ર-ક્રૂર અથવા બધા જીવોમાં નિર્દય કહેવાય છે. આવા પુરુષને જે ધ્યાન હોય છે તેને રૌદ્રધ્યાન કહે છે. આ રૌદ્રધ્યાન પણ ચાર પ્રકારનું હોય છે : (૧) **હિંસાનંદ** અર્થાત્ હિંસામાં આનંદ માનવો, (૨) **મૃષાનંદ** અર્થાત્ ખોટું બોલવામાં આનંદ માનવો, (૩) **સ્તેયાનંદ** અર્થાત્ ચોરી કરવામાં આનંદ માનવો અને (૪) **સંરક્ષણાનંદ** અર્થાત્ પરિગ્રહની રક્ષામાં જ દિવસ-રાત લાગ્યા રહીને આનંદ માનવો.—આ ચાર રૌદ્રધ્યાનના ભેદ છે. **આ ધ્યાન છઠ્ઠા ગુણસ્થાનની પહેલાં-પહેલાં પાંચ ગુણસ્થાનોમાં હોય છે.** આ રૌદ્રધ્યાન અત્યંત અશુભ, કૃષ્ણ આદિ ત્રણ ખોટી લેશ્યાઓના બળથી ઉત્પન્ન થાય છે, અંતર્મુહૂર્ત કાળ સુધી રહે છે અને પહેલાં આર્તધ્યાન સમાન આનો પણ ક્ષાયોપશમિકભાવ હોય છે.

મારવા અને બાંધવા આદિની ઇચ્છા રાખવી, અંગ-ઉપાંગોને છેદવા, સંતાપ આપવો તથા કઠોર દંડ આપવો આદિને વિદ્વાન લોકો હિંસાનંદ નામનું રૌદ્રધ્યાન કહે છે. જીવો પર દયા ન કરવાવાળા હિંસક પુરુષ હિંસાનંદ નામના રૌદ્રધ્યાનને ધારણ કરી પહેલાં પોતાનો ઘાત કરે છે અને પછી અન્ય જીવોનો ઘાત કરે અથવા ન કરે. ભાવાર્થ—અન્ય જીવોનું મરવું તેના આયુકર્મને આધીન છે, પરંતુ મારવાનો સંકલ્પ કરવાવાળો હિંસક પુરુષ તીવ્ર

કષાય ઉત્પન્ન થતા પોતાના આત્માની હિંસા અવશ્ય કરે છે અર્થાત્ પોતાના ક્ષમા આદિ ગુણોને નષ્ટ કરી ભાવહિંસાનો અપરાધી અવશ્ય બની જાય છે. સ્વયંભૂરમણ સમુદ્રમાં જે તંદુલ નામનો નાનો મત્સ્ય રહે છે, તે ફક્ત સ્મૃતિદોષથી જ મહામત્સ્ય સમાન દોષને પ્રાપ્ત થાય છે. ભાવાર્થ—રાઘવ મત્સ્યના કાનમાં જે તંદુલ મત્સ્ય રહે છે, તે જો કે જીવોની હિંસા નથી કરી શકતો, ફક્ત મોટા મત્સ્યના મુખવિવરમાં આવેલા જીવોને જોઈને તેને મારવાનો ભાવ ઉત્પન્ન થાય છે, છતાં પણ તે તંદુલ મત્સ્ય ભાવહિંસાના કારણે મરીને રાઘવ મત્સ્યની જેમ જ સાતમી નરકમાં જાય છે. તેવી જ રીતે પૂર્વકાળમાં અરવિંદ નામનો પ્રસિદ્ધ વિદ્યાધર ફક્ત રુધિરમાં સ્નાન કરવારૂપ રૌદ્રધ્યાનથી જ નરકમાં ગયો હતો. ક્રૂર હોવું, હિંસાના ઉપકરણ તલવાર આદિ ધારણ કરવા, હિંસાની કથા કરવી અને સ્વભાવથી જ હિંસક હોવું તે હિંસાનંદ રૌદ્રધ્યાનના ચિહ્ન માનવામાં આવ્યા છે.



ખોટું બોલીને લોકોને દગો કરવાનું ચિંતવન કરવું તે મૃષાનંદ નામનું બીજું રૌદ્રધ્યાન છે તથા કઠોર વચન બોલવા આદિ તેના બાહ્ય ચિહ્ન છે. બીજાના દ્રવ્યનું હરણ કરવામાં અર્થાત્ ચોરી કરવામાં પોતાનું ચિત્ત લગાવવું—તેનું જ ચિંતવન કરવું તે સ્તેયાનંદ નામનું ત્રીજું રૌદ્રધ્યાન છે અને ધનના ઉપાર્જન કરવા આદિનું ચિંતવન કરવું તે સંરક્ષણાનંદ નામનું ચોથું રૌદ્રધ્યાન છે. સંરક્ષણાનંદને પરિગ્રહાનંદ પણ કહે છે. સ્તેયાનંદ અને સંરક્ષણાનંદ આ બંને રૌદ્રધ્યાનના બાહ્ય ચિહ્ન સંસારમાં પ્રસિદ્ધ છે. ગણધરદેવે આ રૌદ્રધ્યાનનું ફળ અતિશય દુઃખદાયી નરકગતિના દુઃખ પ્રાપ્ત થવારૂપ કહ્યું છે. નૈણ વાંકી થઈ જવી, મુખ વિકૃત થઈ જવું, પરસેવો થવા લાગવો, શરીર ધ્રુજવા લાગવું અને નેત્રોનું અતિશય લાલ થઈ જવું આદિ રૌદ્રધ્યાનના બાહ્ય ચિહ્ન કહેવાય છે. **અનાદિકાળની વાસનાથી ઉત્પન્ન થવાવાળા આ બંને—આર્ત તેમ જ રૌદ્રધ્યાન વિના પ્રયત્ને જ થઈ જાય છે.** તેથી મુનિઓએ આ બંનેનો જ ત્યાગ કરવો જોઈએ.



સંસારના કારણ સ્વરૂપ પહેલાં કહેલા જે બંને ખોટા ધ્યાનનો પરિત્યાગ કરી મુનિગણ અંતના જે બે ધ્યાનનો અભ્યાસ કરે છે તે ઉત્તમ છે, દેશ તથા અવસ્થા આદિની અપેક્ષા રાખે છે, બાહ્ય સામગ્રીને આધીન છે અને આ બંનેનું ફળ ગૌણ તથા મુખ્યની અપેક્ષાએ બે પ્રકારના છે. આત્મધ્યાનના સ્વરૂપને જાણવાવાળા મુનિ સુમસાન ઘરમાં, સ્મશાનમાં, જીર્ણ વનમાં, નદી કિનારે, પર્વતના શિખર પર, ગુફામાં, વૃક્ષની બખોલમાં અથવા બીજા પણ

કોઈ એવા પવિત્ર તથા મનોહર પ્રદેશમાં કે જ્યાં આતપ ન હોય, અતિશય ગરમી અને ઠંડી ન હોય, જોરથી પવન ન ચાલતો હોય, વરસાદ ન થઈ રહ્યો હોય, સૂક્ષ્મ જીવોનો ઉપદ્રવ ન હોય, જળનો પ્રપાત ન હોય અને મંદ-મંદ વાયુ વહેતો હોય, પર્યંકાસન બાંધીને પૃથ્વીતળ પર બિરાજમાન હોય તે સમયે પોતાના શરીરને સમ, સરળ અને નિશ્ચલ રાખે, પોતાના પર્યંકમાં ડાબો હાથ એ રીતે રાખે કે જેની હથેળી ઉપર તરફ હોય તથા તેવી જ રીતે જમણા હાથને પણ ડાબા હાથ ઉપર રાખે, આંખને ન તો વધારે ખોલે અને ન બંધ રાખે, ધીરે-ધીરે ઉચ્છવાસ લે, ઉપર અને નીચેના બંને દાંતોની પંક્તિને મેળવીને રાખે અને ધીરવીર થઈ મનની સ્વચ્છંદ ગતિને રોકીને પોતાના અભ્યાસ અનુસાર મનને હૃદયમાં, મસ્તક પર, લલાટમાં, નાભિ ઉપર અથવા બીજી પણ કોઈ જગ્યાએ રાખીને પરિષહોથી ઉત્પન્ન બાધાઓને સહેતા થકા નિરાકુળ થઈ આગમ અનુસાર **જીવ-અજીવ આદિ દ્રવ્યોના યથાર્થ સ્વરૂપનું** (શરીરનું નહીં) **ચિંતવન કરે.**

અતિશય તીવ્ર પ્રાણાયામ થવાથી અર્થાત્ ઘણીવાર સુધી શ્વાસોચ્છ્વાસ રોકી રાખવાથી ઈન્દ્રિયોને પૂર્ણરૂપથી વશમાં ન કરવાવાળા પુરુષનું મન વ્યાકુળ થઈ જાય છે. જેનું મન વ્યાકુળ થઈ ગયું છે તેના ચિત્તની એકાગ્રતા નષ્ટ થઈ જાય છે અને આમ થતાં તેનું ધ્યાન પણ ભંગ થઈ જાય છે. તેથી શરીરથી મમત્વ છોડવાવાળા મુનિએ ધ્યાનની સિદ્ધિ માટે મંદ-મંદ શ્વાસ લેવો અને નાસાદૃષ્ટિનો નિષેધ નથી. ધ્યાનના સમયે જેનું શરીર સમાનરૂપથી સ્થિત હોય છે અર્થાત્ ઉંચું-નીચું નથી હોતું તેને સમાધાન અર્થાત્ ચિત્તની સ્થિરતા રહે છે તથા જેનું શરીર વિષમરૂપથી સ્થિત છે તેના સમાધાનનું ભંગ થઈ જાય છે અને સમાધાન ભંગ થતાં બુદ્ધિમાં આકુળતા ઉત્પન્ન થઈ જાય છે. તેથી મુનિઓએ ઉપર કહેલા પર્યંકાસનમાં બેસીને અને ચિત્તની ચંચળતા છોડીને ધ્યાનનો અભ્યાસ કરવો જોઈએ. ધ્યાન કરવાની ઈચ્છા કરવાવાળા મુનિઓને પર્યંક આસન સમાન કાયોત્સર્ગ આસન કરવાની પણ આજ્ઞા છે. કાર્યોત્સર્ગના સમયે શરીરના સમસ્ત અંગોને સમાન રાખવા જોઈએ અને આચારશાસ્ત્રમાં કહેલા બત્રીસ દોષોથી બચાવ કરવો જોઈએ.

જે મનુષ્ય ધ્યાનના સમયે વિષમ આસનથી બેસે છે તેના શરીરમાં અવશ્ય જ પીડા થવા લાગે છે, શરીરમાં પીડા થવાથી મનમાં પીડા થાય છે અને મનમાં પીડા થવાથી આકુળતા ઉત્પન્ન થઈ જાય છે. આકુળતા ઉત્પન્ન

થતાં કાંઈપણ ધ્યાન કરી શકાતું નથી. તેથી ધ્યાનના સમયે સુખાસન લગાવવું જ સારું છે. કાયોત્સર્ગ અને પર્યંક— આ બે સુખાસન છે, તેના સિવાય બાકી બધા વિષમ અર્થાત્ દુઃખ આપવાવાળા આસન છે. ધ્યાન કરવાવાળા મુનિને પ્રાયઃ આ બે આસનોની પ્રધાનતા રહે છે અને તે બંનેમાં પણ પર્યંક આસન વધારે સુખકર માનવામાં આવ્યું છે. આગમમાં એવું પણ સાંભળવામાં આવ્યું છે કે જેનું શરીર વજ્રમયી છે અને જે મહાશક્તિશાળી છે તેવા પુરુષ બધા જ આસનોથી બિરાજમાન થઈને ધ્યાનના બળથી અવિનાશી મોક્ષ પદને પ્રાપ્ત કરે છે. તેથી કાયોત્સર્ગ અને પર્યંક એવા બે આસનનું નિરુપણ અસમર્થ જીવોની અધિકતાથી કરવામાં આવ્યું છે. જે ઉપસર્ગ આદિને સહન કરવામાં અતિશય સમર્થ છે તેવા મુનિઓને માટે અનેક પ્રકારના આસન લગાવવામાં દોષ નથી. ભાવાર્થ— વીરાસન, વજ્રાસન, ગોદોહાસન, ધનુરાસન આદિ અનેક આસન લગાવવાથી કાયક્લેશ નામક તપની સિદ્ધિ અવશ્ય થાય છે, પરંતુ હંમેશા તપ શક્તિ અનુસાર જ કરવામાં આવે છે. જો શક્તિ ન હોવા છતાં પણ ધ્યાનના સમયે દુઃખકર આસન લગાવવામાં આવે તો તેનાથી ચિત્ત ચંચળ થઈ જવાથી મૂળ તત્ત્વ–ધ્યાનની સિદ્ધિ નહીં થઈ શકે. તેથી આચાર્યે અહીં અશક્ત પુરુષોની બહુલતા જોઈને કાયોત્સર્ગ અને પર્યંક આ બે જ સુખાસનોનું વર્ણન કર્યું છે, પરંતુ જેમના શરીરમાં શક્તિ છે, જેઓ નિષદ્યા આદિ પરિષહોને સહન કરવામાં સમર્થ છે તેમને અનેક પ્રકારના આસનો લગાવવાનો નિષેધ પણ નથી કર્યો. **આસન લગાવતા સમયે એ વાતનું સ્મરણ રાખવું આવશ્યક છે કે તે ફક્ત બાહ્ય પ્રદર્શન માટે ન હોઈને કાયક્લેશ તપશ્ચરણની સાથે-સાથે ધ્યાનની સિદ્ધિનું પ્રયોજન હોવું જોઈએ. કારણ કે જૈન શાસ્ત્રમાં માત્ર બાહ્ય પ્રદર્શન માટે કોઈપણ સ્થાન નથી અને તે આસન લગાવવાવાળાને પણ કોઈ આત્મલાભ જ નથી થતો.** શરીરની જે જે અવસ્થા ધ્યાનનો વિરોધ કરવાવાળી ન હોય તે તે અવસ્થામાં સ્થિત થઈને મુનિઓએ ધ્યાન કરવું જોઈએ. બેસીને ધ્યાન કરી શકે છે, ઊભા રહીને ધ્યાન કરી શકાય છે અને આડા પડીને પણ ધ્યાન કરી શકાય છે; તેવી જ રીતે દેશ આદિનો જે નિયમ કહેવામાં આવ્યો છે તે પણ હીન શક્તિના ધારક ધ્યાન કરવાવાળા માટે જ છે, પૂર્ણ શક્તિના ધારણ કરવાવાળાઓને તો બધા જ દેશ અને બધો જ કાળ ધ્યાનનું સાધન છે.



જે સ્થાન સ્ત્રી, પશુ અને નપુંસક જીવોના સંસર્ગથી રહિત હોય તથા એકાંત હોય તે જ સ્થાન મુનિઓને

સદા નિવાસ કરવાયોગ્ય હોય છે અને ધ્યાનના સમયે તો વિશેષ કરીને એવું જ સ્થાન યોગ્ય સમજવામાં આવે છે. **જે મુનિ મનુષ્યોથી ભરેલા શહેર આદિમાં નિવાસ કરે છે અને નિરંતર વિષયોને જોયા કરે છે તેવા મુનિઓનું ચિત્ત ઇન્દ્રિયોના વિષયોની અધિકતા થવાથી કદાચિત્ વ્યાકુળ થઈ શકે છે. તેથી, મુનિઓએ એકાંત સ્થાનમાં જ શયન કરવું જોઈએ અને વનમાં જ રહેવું જોઈએ.** આ જિનકલ્પી અને સ્થવિરકલ્પી બંને પ્રકારના મુનિઓનો સાધારણ માર્ગ છે. જો કે મુનિઓને નિવાસ કરવા માટે આ સાધારણ વ્યવસ્થા કહેવામાં આવી છે, તેમ છતાં કેટલાય સમદર્શી ધીરવીર મુનિરાજ મનુષ્યોથી ભરેલા શહેર આદિ તથા વન આદિ શૂન્ય-નિર્જન સ્થાનમાં વિહાર કરે છે. તેવી જ રીતે ધ્યાન કરવાના ઈચ્છુક ધીરવીર મુનિવરોને દિવસ-રાત અને સંધ્યાકાળ આદિ સમય પણ નિશ્ચિત નથી અર્થાત્ તેમના માટે સમયનો નિયમ નથી. કારણ કે તે ધ્યાનરૂપી ધન બધા જ સમયમાં ઉપયોગ કરવા યોગ્ય છે અર્થાત્ ધ્યાન ઈચ્છાનુસાર બધા જ સમયોમાં કરી શકાય છે. કારણ કે બધા જ દેશ, બધો જ કાળ અને બધી જ ચેષ્ટાઓ—આસનોમાં ધ્યાન ધારણ કરવાવાળા અનેક મુનિરાજ આજ સુધી સિદ્ધ થઈ ચૂક્યા છે, થઈ રહ્યા છે અને ભવિષ્યમાં પણ થતા રહેશે. તેથી ધ્યાન માટે દેશ, કાળ અને આસન વગેરેનો કોઈ ખાસ નિયમ નથી. જે મુનિ, જે સમયે, જે દેશમાં અને જે આસનથી ધ્યાનને પ્રાપ્ત થઈ શકે છે, તે મુનિને ધ્યાન માટે તે જ સમય, તે જ દેશ અને તે જ આસન ઉપયુક્ત માનવામાં આવ્યું છે. આ રીતે, આ ધ્યાન કરવાવાળાની અવસ્થાનું નિરૂપણ કર્યું.

હવે, ધ્યાન કરવાવાળાના લક્ષણ, ધ્યેય અર્થાત્ ધ્યાન કરવાયોગ્ય પદાર્થ, ધ્યાન અને ધ્યાનનું ફળ—આ ચારેય પદાર્થ નિરૂપણ કરવાયોગ્ય છે. જેઓ વજ્રવૃષભનારાચસંહનનવાળા અતિશય બળવાન શરીરના ધારક છે, જેઓ તપશ્ચરણ કરવામાં અત્યંત શૂરવીર છે, જેમણે અનેક શાસ્ત્રોનો સારી રીતે અભ્યાસ કર્યો છે, **જેમણે આર્ત અને રૌદ્ર નામના ખોટા ધ્યાનોને દૂર કરી દીધા છે,** જેઓ અશુભ લેશ્યાઓથી બચતા રહે છે, જેઓ લેશ્યાઓની વિશુદ્ધતાનું અવલંબન કરી પ્રમાદ રહિત અવસ્થાનું ચિંતવન કરે છે, જેઓ બુદ્ધિના પારને પ્રાપ્ત થયા છે અર્થાત્ જેઓ અતિશય બુદ્ધિમાન છે, યોગી છે, જેઓ બુદ્ધિબળથી સહિત છે, જેઓ શાસ્ત્રના અર્થનું અવલંબન કરવાવાળા છે, જેઓ ધીરવીર છે અને જેમણે સમસ્ત પરિષહોને સહી લીધા છે, **એવા ઉત્તમ મુનિઓને ધ્યાતા**

**કહેવાય છે.** આ સિવાય જેમને સંસારથી ભય ઉત્પન્ન થયો છે, જેમને વૈરાગ્યની ભાવનાઓ ઉત્પન્ન થઈ છે, જેઓ વૈરાગ્યભાવનાઓના ઉત્કર્ષથી ભોગોપભોગની સામગ્રીને અતૃપ્તિ કરવાવાળા જુએ છે, જેમણે સમ્યગ્જ્ઞાનની ભાવનાથી મિથ્યાજ્ઞાનરૂપી ગાઢ અંધકારને નષ્ટ કરી દીધો છે, જેમણે વિશુદ્ધ સમ્યગ્દર્શન દ્વારા ગાઢ મિથ્યાત્વરૂપી શલ્યને કાઢી નાખ્યું છે. જેમણે મોક્ષરૂપી ફળ આપવાવાળી ઉત્તમ ક્રિયાઓને પ્રાપ્ત કરી સમસ્ત અશુભ ક્રિયાઓ છોડી દીધી છે, જેઓ કરવાયોગ્ય ઉત્તમ કાર્યોમાં સદાય તત્પર રહે છે, જેમણે ન કરવાયોગ્ય કાર્યોનો પરિત્યાગ કરી દીધો છે, હિંસા, જૂઠ આદિ જે વ્રતોના વિરોધી દોષ છે તે બધાને દૂર કરી જેમણે વ્રતોની પરમ શુદ્ધિ પ્રાપ્ત કરી છે, જેઓ અત્યતં ઉત્કૃષ્ટ પોતાના ક્ષમા, માર્દવ, આર્જવ અને શૌચરૂપ ધર્મ દ્વારા અતિશય પ્રબળ ક્રોધ, માન, માયા અને લોભ કષાયરૂપી શત્રુઓનો પરિહાર કરતાં રહે છે, જેઓ શરીર, આયુ, બળ, આરોગ્ય અને યૌવન આદિ અનેક પદાર્થોને અનિત્ય, અપવિત્ર, દુ:ખદાયી તથા આત્મસ્વભાવથી અત્યંત ભિન્ન જોયા કરે છે, જેનો ચિરકાળથી અભ્યાસ થઈ રહ્યો છે તેવા રાગ-દ્વેષ આદિને છોડીને જેઓ પહેલાં ક્યારેય ચિંતવનમાં ન આવેલી જ્ઞાન તથા વૈરાગ્યરૂપ ભાવનાઓનું ચિંતવન કરતાં રહે છે અને જેઓ આગળ કહેવામાં આવનારી ભાવનાઓ દ્વારા ક્યારેય પણ મોહને પ્રાપ્ત નથી થતા એવા મુનિ જ ધ્યાનમાં સ્થિર થઈ શકે છે. જે ભાવનાઓ દ્વારા તે મુનિ મોહને પ્રાપ્ત નથી થતા તે ભાવનાઓ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વૈરાગ્યની ભાવનાઓ કહેવાય છે.

જૈન શાસ્ત્રોને સ્વયં ભણવા, બીજાઓને પૂછવા, પદાર્થના સ્વરૂપનું ચિંતવન કરવું, શ્લોક આદિ કંઠસ્થ કરવા તથા સમીચીન ધર્મનો ઉપદેશ આપવો—આ **પાંચ જ્ઞાનની ભાવનાઓ જાણવી** જોઈએ. સંસારથી ભય થવો, શાંત પરિણામ હોવા, ધીરતા રાખવી, મૂઢતાઓનો ત્યાગ કરવો, ગર્વ નહીં કરવો, શ્રદ્ધા રાખવી અને દયા કરવી—આ **સાત સમ્યગ્દર્શનની ભાવનાઓ** જાણવાયોગ્ય છે. ચાલવા આદિના વિષયમાં યત્ન રાખવો અર્થાત્ ઈર્યા, ભાષા, એષણા, આદાન-નિક્ષેપણ અને પ્રતિષ્ઠાપન આ પાંચ સમિતિઓનું પાલન કરવું; મનોગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિનું પાલન કરવું તથા પરિષહ સહન કરવા તે **ચારિત્રની ભાવનાઓ** જાણવી જોઈએ. વિષયોમાં આસક્ત ન થવું, શરીરના સ્વરૂપનું વારંવાર ચિંતવન કરવું અને જગતના સ્વભાવનો વિચાર કરવો તે વૈરાગ્યને સ્થિર રાખવાવાળી ભાવનાઓ છે. આ રીતે, ઉપર કહેલી ભાવનાઓનું ચિંતવન કરવાવાળા, તત્ત્વોને જાણવાવાળા અને

રાગ-દ્વેષથી રહિત મુનિની બુદ્ધિ જ્ઞાન અને ચારિત્ર આદિ સંપદામાં સ્થિર થઈ જાય છે.

જે ધ્યાન કરવાવાળા મુનિ ચૌદ પૂર્વના જાણવાવાળા હોય, દશ પૂર્વના જાણવાવાળા હોય અથવા નવ પૂર્વના જાણવાવાળા હોય તે ધ્યાતા સંપૂર્ણ લક્ષણોથી યુક્ત કહેવાય છે. આ સિવાય અલ્પશ્રુતજ્ઞાની, અતિશય દીપ્તિમાન અને શ્રેણીની પહેલાં-પહેલાં ધર્મધ્યાન ધારણ કરવાવાળા ઉત્કૃષ્ટ મુનિ પણ ઉત્તમ ધ્યાતા કહેવાય છે. આ રીતે, ઉપર કહેલા લક્ષણોથી સહિત ધ્યાન કરવાવાળા મુનિ ધ્યાનની ઘણી સામગ્રી પ્રાપ્ત કરીને ઉપશમ અથવા ક્ષપકશ્રેણીમાં ઉત્કૃષ્ટ ધ્યાનને પ્રાપ્ત થાય છે. ભાવાર્થ—ઉત્કૃષ્ટ ધ્યાન શુક્લધ્યાન કહેવાય છે, તે ઉપશમ અથવા ક્ષપકશ્રેણીમાં હોય છે. શ્રુતજ્ઞાન દ્વારા તત્ત્વોને જાણવાવાળા મુનિ પહેલાં વજ્રવૃષભનારાચસંહનન સહિત હોવાથી જ ક્ષપકશ્રેણી ચઢી શકે છે તથા બીજી ઉપશમશ્રેણી પહેલાંના ત્રણ સંહનન (વજ્રવૃષભનારાચ, વજ્રનારાચ અને નારાચ) વાળા મુનિ જ પ્રાપ્ત કરી શકે છે. અધ્યાત્મને જાણવાવાળા મુનિ બાહ્ય પદાર્થોના સમૂહથી પોતાની દૃષ્ટિને દૂર હટાવીને અને પોતાની સ્મૃતિને પોતાનામાં જ લગાવીને ધ્યાન કરે. પહેલાં તો સ્પર્શન આદિ ઇન્દ્રિયોના સ્પર્શ આદિ વિષયોથી દૂર કરે અને પછી મનના વિષયથી દૂર કરી સ્થિરબુદ્ધિને ધ્યાન કરવાયોગ્ય પદાર્થમાં લગાવે.

જે પુરુષાર્થને ઉપયોગી છે એવું અધ્યાત્મતત્ત્વ ધ્યાન કરવાયોગ્ય છે. મોક્ષપ્રાપ્ત થવો તે જ પુરુષાર્થ કહેવાય છે અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તેના સાધન કહેવાય છે, તે બધા પણ ધ્યાન કરવાયોગ્ય છે. હું અર્થાત્ જીવ અને મારા અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા તથા કર્મોનો ક્ષય થવારૂપ મોક્ષ—આ પ્રકારે આ સાત તત્ત્વ ધ્યાન કરવાયોગ્ય છે અથવા તે જ સાત તત્ત્વોમાં પુણ્ય અને પાપ મેળવતા નવ પદાર્થ ધ્યાન કરવાયોગ્ય છે. કારણ કે છ નય દ્વારા ગ્રહણ કરેલા જીવ આદિ છ દ્રવ્યો અને તે પદાર્થોના યથાર્થ સ્વરૂપનું વારંવાર ચિંતવન કરવું જ ધ્યાન કહેવાય છે. તેથી છ દ્રવ્યોનો સમસ્ત વિસ્તાર પણ ધ્યાન કરવાયોગ્ય છે. નય, પ્રમાણ, જીવ, અજીવ આદિ પદાર્થ અને સપ્તભંગીરૂપ ન્યાયથી દૈદીપ્યમાન થવાવાળી તથા જિનેન્દ્રદેવના મુખથી પ્રગટ થયેલી સિદ્ધાન્તશાસ્ત્રોની પરિપાટી પણ ધ્યાન કરવાયોગ્ય છે અર્થાત્ જૈનશાસ્ત્રોમાં કહેવામાં આવેલા સમસ્ત પદાર્થ ધ્યાન કરવાયોગ્ય છે.

શબ્દ, અર્થ અને જ્ઞાન—આ રીતે ત્રણ પ્રકારનું ધ્યેય કહેવાય છે. આ ત્રણ પ્રકારના ધ્યેયમાં જ જગતના સમસ્ત પદાર્થ ધ્યેય કોટિને પ્રાપ્ત થઈ જાય છે અથવા પુરુષાર્થની પરમ કાષ્ઠાને પ્રાપ્ત થયેલા કર્મરૂપી શત્રુને

જીતવાવાળા કૃતકૃત્ય અને રાગાદિ કર્મમળથી રહિત સિદ્ધ પરમેષ્ઠી જ ધ્યાન કરવાયોગ્ય છે. કારણ કે તે સિદ્ધ પરમેષ્ઠી કર્મરૂપી મળના દૂર થઈ જવાથી અવિનાશી વિશુદ્ધિને પ્રાપ્ત થયા છે અને રાગાદિ ક્લેશોથી રહિત છે. તેથી ધ્યાન કરવાવાળા પુરુષોએ પોતાના ભાવોની વિશુદ્ધિ માટે તેમનું ધ્યાન અવશ્ય જ કરવું જોઈએ. તે સિદ્ધ ભગવાન કર્મોના ક્ષયથી થવાવાળા અનંતદર્શન, અનંતજ્ઞાન, અનંતસુખ અને અનંતવીર્ય આદિ ગુણોથી સહિત છે અને તેના યથાર્થ સ્વરૂપને ફક્ત યોગી લોકો જ જાણી શકે છે. જો કે તેઓ સૂક્ષ્મ છે, તેમ છતાં તેમના લક્ષણ પ્રગટ છે. જો કે તે ભગવાન અમૂર્ત અને અશરીરી છે, તેમ છતાં યોગીઓના ધ્યાનનો વિષય છે અર્થાત્ યોગીઓ તેમનું ધ્યાન કરે છે. તેમનો આકાર અંતિમ શરીરથી કિંચિત્ ન્યૂન ફક્ત જીવ પ્રદેશરૂપ છે. મોક્ષની ઈચ્છાવાળા ભવ્યજીવોને તેમનાથી જ મોક્ષની પ્રાપ્તિ થાય છે. તેઓ સ્વયં કલ્યાણરૂપ છે, કલ્યાણ કરવાવાળા છે, બધાનું હિત કરવાવાળા છે, સર્વદર્શી છે અને બધા જ પદાર્થોને જાણવાવાળા અર્થાત્ સર્વજ્ઞ છે. તે ભગવાન સાકાર હોઈને પણ નિરાકાર છે અને નિરાકાર હોઈને પણ સાકાર છે. જો કે તેમણે જગતના સમસ્ત પદાર્થોને પોતાને આધીન કરી લીધા છે અર્થાત્ તેઓ જગતના સમસ્ત પદાર્થોને જાણે છે, પરંતુ તેમને જ્ઞાનરૂપ નેત્રોને ધારણ કરવાવાળા જ જાણી શકે છે. ભાવાર્થ—તે સિદ્ધ ભગવાન કિંચિત્ ન્યૂન અંતિમ શરીરના આકારે હોય છે તેથી સાકાર કહેવાય છે, પરંતુ તેમનો તે આકાર ઈન્દ્રિયજ્ઞાનગમ્ય નથી તેથી નિરાકાર પણ કહેવાય છે. શરીર રહિત હોવાના કારણે સ્થૂળદૃષ્ટિ પુરુષ જો કે તેમને જોઈ શકતા નથી, તેથી તેઓ નિરાકાર છે, પરંતુ પ્રત્યક્ષ જ્ઞાની જીવ કિંચિત્ ન્યૂન અંતિમ શરીરના આકારે પરિણત થયેલા તેમના અસંખ્ય જીવ પ્રદેશોને સ્પષ્ટ જાણે છે તેથી સાકાર પણ કહેવાય છે. જો કે તેઓ સંસારના બધા જ પદાર્થોને જાણે છે, પરંતુ તેમને સંસારના બધા લોકો જાણતા નથી. તેઓ માત્ર જ્ઞાનરૂપ નેત્ર દ્વારા જ જાણવામાં આવી શકે છે. રત્નમય દર્પણમાં પડેલા પ્રતિબિંબ સમાન તેમનો આકાર અતિશય સ્પષ્ટ છે. જો કે તેઓ અમૂર્તિક છે, છતાં પણ ચૈતન્યરૂપ ઘનાકારને ધારણ કરવાવાળા છે અને સદાય સ્થિર છે. જો કે તે ભગવાન સ્વયં વીતરાગ છે, તેમ છતાં ધ્યાન કરવામાં આવતા ભવ્ય જીવોના સંસારને અવશ્ય નષ્ટ કરે છે. કર્મોના બંધનને છિન્ન-ભિન્ન કરવાવાળા તે સિદ્ધ ભગવાનનો તે તેવા પ્રકારનો એક સ્વાભાવિક ગુણ જ સમજવો જોઈએ.

ઘાતિયાકર્મ નષ્ટ થઈ જવાથી જે સ્નાતક અવસ્થાને પ્રાપ્ત થયા છે અને જેઓ તેજોમય પરમૌદારિક શરીરને

ધારણ કરે છે એવા કેવળજ્ઞાની અરિહંત જિનેન્દ્ર પણ ધ્યાન કરવાયોગ્ય છે. રાગ આદિ અવિદ્યાઓને જીતી લેવાથી જેઓ જિન કહેવાય છે, ઘાતિયાકર્મ નષ્ટ થવાથી જેઓ અરહંત કહેવાય છે, શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ થવાથી જેઓ સિદ્ધ કહેવાય છે અને ત્રૈલોક્યના સમસ્ત પદાર્થોને જાણવાથી જેઓ બુદ્ધ કહેવાય છે, જેઓ ત્રણેય કાળમાં થવાવાળી અનંત પર્યાયો સહિત સમસ્ત પદાર્થોને જુએ છે તેથી વિશ્વદર્શી કહેવાય છે અને જેઓ પોતાના જ્ઞાનરૂપ ચૈતન્યગુણથી સંસારના બધા જ પદાર્થોને જાણે છે તેથી વિશ્વજ્ઞ કહેવાય છે, જે કેવળજ્ઞાની છે, કેવળજ્ઞાન જ જેમનું વિશાળ અને નિર્મળ નેત્ર છે તથા ઘાતિયાકર્મોનો ક્ષય થવાથી જેમને અનંતચતુષ્ટય પ્રગટ થયા છે, જેઓ બાર પ્રકારના જીવોના સમૂહથી ભરેલા સમવસરણમાં બિરાજમાન છે, અષ્ટ પ્રાતિહાર્યો દ્વારા જેમની ત્રણેય જગતની પ્રભુતા પ્રગટ થઈ રહી છે, જેઓ સર્વસામર્થ્યવાન છે, જેઓ જો કે નિશ્ચિત્ આકારવાળા છે તેમ છતાં પોતાના ચૈતન્યરૂપ ગુણ દ્વારા પ્રતિબિંબિત થયેલા સમસ્ત પદાર્થોના પ્રતિબિંબરૂપ થવાથી વિશ્વરૂપ છે અર્થાત્ સંસારના બધા જ પદાર્થોના આકાર ધારણ કરવાવાળા છે, જેઓ સમસ્ત પદાર્થોમાં વ્યાપ્ત થવાવાળા કેવળજ્ઞાનના સંબંધથી વિશ્વવ્યાપી કહેવાય છે, સમવસરણભૂમિમાં ચારે તરફ મુખદેખાવાના કારણે જેઓ વિશ્વતોમુખ કહેવાય છે, સંસારના બધા જ પદાર્થોને જોવાના કારણે જેઓ વિશ્વતશ્ચક્ષુ કહેવાય છે તથા સર્વશ્રેષ્ઠ હોવાના કારણે જેઓ સમસ્ત લોકના શિખામણિ કહેવાય છે, જેઓ સંસારરૂપી સમુદ્રથી શીઘ્ર જ પાર થવાવાળા છે, જે સુખમય છે, જેમના સમસ્ત ક્લેશ નષ્ટ થઈ ગયા છે અને જેમના સંસારરૂપી બંધન કપાઈ ગયા છે, જેઓ નિર્ભય છે, નિસ્પૃહ છે, બાધા રહિત છે, આકુળતા રહિત છે, અપેક્ષા રહિત છે, નિરોગ છે, નિત્ય છે, અને કર્મરૂપી કાલિમાથી રહિત છે; ક્ષાયિક, જ્ઞાન, દર્શન, લાભ, ભોગ, ઉપભોગ, વીર્ય, સમ્યક્ત્વ અને ચારિત્ર—આ નવ કેવળલબ્ધિ આદિ અનેક ગુણોથી જેમનું શરીર અતિશય ઉત્કૃષ્ટ છે, જેમનું કોઈ ભેદન નથી કરી શકતું અને જેઓ વજ્રની શિલામાં કોતરેલા અથવા વજ્રની શીલાઓથી વ્યાપ્ત પર્વત સમાન નિશ્ચળ–સ્થિર છે—આ પ્રકારે જેઓ ઉપર કહેલા લક્ષણથી સહિત છે, પરમાત્મા છે, પરમપુરુષરૂપ છે, પરમેષ્ઠી છે, પરમ તત્ત્વસ્વરૂપ છે, પરમ જ્યોતિરૂપ છે અને અવિનાશી છે એવા અરિહંતદેવ ધ્યાન કરવાયોગ્ય છે.

અત્યારસુધી જે ધ્યાન કરવાયોગ્ય પદાર્થોનું વર્ણન કરવામાં આવ્યું છે, તે બધું ધર્મધ્યાન અને શુક્લધ્યાન

તે બંને જ ધ્યાનના સાધારણ ધ્યેય છે અર્થાત્ ઉપર કહેલા પદાર્થોનું બંને જ ધ્યાનમાં ચિંતવન કરી શકાય છે. આ બંને ધ્યાનોમાં વિશુદ્ધ અને સ્વામીના ભેદથી પરસ્પરમાં વિશેષતા સમજવી જોઈએ. ભાવાર્થ—**ધર્મધ્યાનની અપેક્ષા શુક્લધ્યાનમાં વિશુદ્ધિના અંશ ઘણા જ વધારે હોય છે, ધર્મધ્યાન ચોથા ગુણસ્થાનથી લઈને શ્રેણીના પહેલાં-પહેલાં સુધી રહે છે અને શુક્લધ્યાન શ્રેણીમાં જ હોય છે.** આ બધી વાતોથી ઉક્ત બંને ધ્યાનોમાં વિશેષતા રહે છે. જે કોઈ એક જ વસ્તુમાં પરિણામોની સ્થિર અને પ્રશંસનીય એકાગ્રતા હોય છે તેને જ ધ્યાન કહે છે અને તેવું ધ્યાન જ મુક્તિનું કારણ થાય છે. તે ધ્યાન ધર્મધ્યાન અને શુક્લધ્યાનના ભેદથી બે પ્રકારનું હોય છે, તે બંનેમાંથી જે ધ્યાન ધર્મથી સહિત હોય છે તે ધર્મધ્યાન કહેવાય છે. ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય આ ત્રણે સહિત જે વસ્તુનું યથાર્થ સ્વરૂપ છે તે જ ધર્મ કહેવાય છે. ભાવાર્થ—**વસ્તુના સ્વભાવને ધર્મ કહે છે અને જે ધ્યાનમાં વસ્તુના સ્વભાવનું ચિંતવન કરવામાં આવે છે તેને ધર્મધ્યાન કહે છે.**

આગમની પરંપરાને જાણવાવાળા ઋષિઓએ તે ધર્મધ્યાનના આજ્ઞાવિચય, અપાયવિચય, સંસ્થાનવિચય અને વિપાકવિચય—આ પ્રકારે ચાર ભેદ કહ્યા છે. તેમાંથી અત્યંત સૂક્ષ્મપદાર્થને વિષય કરવાવાળું જે આગમ છે તેને આજ્ઞા કહે છે કારણ કે પ્રત્યક્ષ અને અનુમાનના વિષયથી રહિત ફક્ત શ્રદ્ધા કરવાયોગ્ય પદાર્થમાં એક આગમની જ ગતિ હોય છે. ભાવાર્થ—સંસારમાં કેટલાય પદાર્થ એવા છે કે જે ન તો પ્રત્યક્ષ જાણી શકાય છે અને ન તો અનુમાનથી જાણી શકાય છે. એવા સૂક્ષ્મ, અંતરીત અને દૂરવર્તી પદાર્થોનું જ્ઞાન ફક્ત આગમ દ્વારા જ થાય છે અર્થાત્ આપ્તપ્રણીત આગમમાં આમ લખ્યું છે, તેથી જ તે માનવામાં આવે છે. શ્રુતિ, સૂનૃત, આજ્ઞા, આપ્તવચન, વેદાંગ, આગમ અને આમ્નાય આ પર્યાયવાચક શબ્દોથી બુદ્ધિમાન પુરુષો તે આગમને જાણે છે.

જેઓ આદિ અને અંતથી રહિત છે, સૂક્ષ્મ છે, યથાર્થ અર્થને પ્રકાશિત કરવાવાળા છે, જેઓ મોક્ષરૂપ પુરુષાર્થના ઉપદેશક હોવાના કારણે સંસારના સમસ્ત જીવોનું હિત કરવાવાળા છે, યુક્તિઓથી પ્રબળ છે, જે કોઈના દ્વારા જીતી નથી શકાતા, જેઓ અપરિમિત છે, પરવાદી લોકો જેમના માહાત્મ્યને સ્પર્શી પણ નથી શકતા, જેઓ અત્યંત પ્રભાવશાળી છે, જીવ, અજીવ આદિ પદાર્થોથી ભરેલા છે, જેમનું શાસન અતિશય ગંભીર છે, જેઓ પરમ ઉત્કૃષ્ટ છે, સૂક્ષ્મ છે અને આપ્ત દ્વારા કહેવાયેલા છે એવા પ્રવચન અર્થાત્ આગમને સત્યાર્થરૂપ માનતા મુનિ

આગમમાં કહેલા પદાર્થોનું ધ્યાન કરે! યોગને જાણવાવાળાઓમાં શ્રેષ્ઠ યોગી જિનેન્દ્ર ભગવાનની આજ્ઞાને પ્રમાણ માનતા થકા ધર્માસ્તિકાય આદિ સૂક્ષ્મ પદાર્થોનું આગમમાં કહેલા અનુસાર ધ્યાન કરે. આ રીતના ધ્યાનને આજ્ઞાવિચય નામનું ધર્મધ્યાન કહે છે.

હવે, આગળ અપાયવિચય નામના ધર્મધ્યાનનું વર્ણન કરવામાં આવે છે. ત્રણ પ્રકારના સંતાપ આદિથી ભરેલા સંસારરૂપી સમુદ્રમાં જે પ્રાણી પડેલા છે તેમના અપાયનું ચિંતવન કરવું તે અપાયવિચય નામનું ધર્મધ્યાન છે. ભાવાર્થ—આ સંસારરૂપી સમુદ્ર માનસિક, વાચનિક, કાયિક અથવા જન્મ-જરા-મરણથી થવાવાળા ત્રણ પ્રકારના સંતાપોથી ભરેલો છે. તેમાં પડેલા જીવ નિરંતર દુઃખ ભોગવતા રહે છે. તેમના દુઃખોનું વારંવાર ચિંતવન કરવું તે અપાયવિચય નામનું ધર્મધ્યાન છે અથવા તે અપાયો–દુઃખોને દૂર કરવાની ચિંતાથી તેને દૂર કરવાવાળા અનેક ઉપાયોનું ચિંતવન કરવું પણ અપાયવિચય કહેવાય છે.

બાર અનુપ્રેક્ષાઓ તથા દસ ધર્મ આદિનું ચિંતવન કરવું તે આ જ અપાયવિચય નામના ધર્મધ્યાનમાં સમાહિત સમજવું જોઈએ. શુભ અને અશુભભેદોમાં વિભક્ત થયેલા કર્મોના ઉદયથી સંસારરૂપી આવર્તનીય વિચિત્રતાને ચિંતવન કરવાવાળા મુનિને જે ધ્યાન હોય છે તેને આગમના જાણવાવાળા ગણધરાદિ દેવ વિપાકવિચય નામનું ધર્મધ્યાન કહે છે. જૈન શાસ્ત્રોમાં કર્મોના ઉદય બે પ્રકારે માનવામાં આવ્યા છે. જેવી રીતે કોઈ વૃક્ષના ફળ એક તો સમય આવતા સ્વયમેવ પાકી જાય છે અને બીજા કોઈ કૃત્રિમ ઉપાયોથી પકવવામાં આવે છે, તેવી જ રીતે કર્મ પણ પોતાના શુભ અથવા અશુભ ફળ આપે છે અર્થાત્ એક તો સ્થિતિ પૂર્ણ થતા સ્વયં જ ફળ આપે છે અને બીજા તપશ્ચરણ આદિ દ્વારા સ્થિતિપૂર્ણ થવાથી પહેલાં જ પોતાનું ફળ આપવા લાગે છે. મૂળ અને ઉત્તર પ્રકૃતિના બંધ તથા સત્તા આદિનો આશ્રય લઈને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવના નિમિત્તથી કર્મોનો ઉદય અનેક પ્રકારનો હોય છે. કારણ કે કર્મોના વિપાકને જાણવાવાળા મુનિ તેને નષ્ટ કરવા માટે પ્રયત્ન કરે છે. તેથી મોક્ષાભિલાષી મુનિઓએ મોક્ષના ઉપાયભૂત આ વિપાકવિચય નામના ધર્મધ્યાનનું અવશ્ય જ ચિંતવન કરવું જોઈએ.



લોકના આકારનું વારંવાર ચિંતવન કરવું તથા લોકની અંતર્ગત રહેવાવાળા જીવ, અજીવ આદિ સાત તત્ત્વોનો વિચાર કરવો તે સંસ્થાનવિચય નામનું ધર્મધ્યાન છે. સંસ્થાનવિચય ધર્મધ્યાનને પ્રાપ્ત થયેલા મુનિ ત્રણેય

લોકની રચનાની સાથે-સાથે દ્વીપ, સમુદ્ર, પર્વત, નદી, સરોવર, વિમાનવાસી, ભવનવાસી તથા વ્યંતરોના રહેવાના સ્થાન અને નરકોની ભૂમિઓ આદિ પદાર્થોનું શાસ્ત્રાનુસાર ચિંતવન કરે. આ સિવાય, તે લોકમાં રહેવાવાળા સંસારી અને મુક્ત એવા બે પ્રકારવાળા જીવોના ભેદ જાણવા, કર્તાપણું, ભોક્તાપણું અને દર્શનાદિ જીવોના ગુણોનું ધ્યાન પણ કરવું. અધ્યાત્મને જાણવાવાળા મુનિ આ સંસારરૂપી સમુદ્રનું પણ ધ્યાન કરે કે જે જીવોના સ્વયં કરેલા કર્મોના માહાત્મ્યથી ઉત્પન્ન થયા છે, અત્યંત દુસ્તર છે, વ્યસનરૂપી ભમરાથી ભરેલા છે, દોષરૂપી જળજંતુઓથી વ્યાપ્ત છે, સમ્યક્જ્ઞાનરૂપી નૌકાથી તરવાયોગ્ય છે, પરિગ્રહી સાધુ જેને ક્યારેય પણ તરી શકતા નથી, જેનો પાર નથી અને જે અતિશય ગંભીર છે. આ વિષયમાં અધિક કહેવાથી શું લાભ છે? નયોના સેંકડો ભંગથી ભરેલો જે કાંઈ આગમનો વિસ્તાર છે તે બધો જ અંતરાત્માની શુદ્ધિ માટે ધ્યાન કરવાયોગ્ય છે.

આ ધર્મધ્યાન અપ્રમત્ત અવસ્થાનું આલંબન લઈ અંતર્મુહૂર્ત સુધી સ્થિત રહે છે અને પ્રમાદ રહિત સપ્તમ ગુણસ્થાનવર્તી જીવોમાં જ અતિશય ઉત્કૃષ્ટતાને પ્રાપ્ત થાય છે. આ સિવાય અતિશય શુદ્ધિને ધારણ કરવાવાળા અને પીત, પદ્મ તથા શુક્લ એવી ત્રણ શુભ લેશ્યાઓના બળથી વૃદ્ધિને પ્રાપ્ત થયેલું આ ધર્મધ્યાન શાસ્ત્રાનુસાર સમ્યગ્દર્શન સહિત ચોથા ગુણસ્થાનમાં તથા બાકીના પાંચમા તથા છઠ્ઠા ગુણસ્થાનમાં પણ થાય છે. ભાવાર્થ—આ ગુણસ્થાનોમાં ધર્મધ્યાન હીનાધિકભાવથી રહે છે. **ધર્મધ્યાન ધારણ કરવા માટે ઓછામાં ઓછું સમ્યગ્દર્શન અવશ્ય હોવું જોઈએ, કારણ કે સમ્યગ્દર્શન વિના પદાર્થોના યથાર્થ સ્વરૂપનું શ્રદ્ધાન અને નિર્ણય નથી હોતો. મંદકષાયી મિથ્યાદષ્ટિ જીવોને જે ધ્યાન હોય છે તેને શુભભાવના કહે છે.** આ ધર્મધ્યાન ક્ષાયોપશમિકભાવોને સ્વાધીન કરી વધારે છે. તેનું ફળ પણ ખૂબ જ ઉત્તમ હોય છે અને અતિશય બુદ્ધિમાન મહર્ષિ લોકો તેને ધારણ કરે છે. વસ્તુઓના ધર્મના અનુયાયી હોવાના કારણે જેને ધર્મધ્યાન એવું સાર્થક નામ પ્રાપ્ત થયું છે અને જેમાં ધ્યાન કરવાયોગ્ય પદાર્થોનું ઉપર વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે એવા આ ધર્મધ્યાનનું વારંવાર ચિંતવન કરવું જોઈએ.

**પ્રસન્નચિત્ત રહેવું, ધર્મથી પ્રેમ કરવો, શુભ યોગ રાખવો, ઉત્તમ શાસ્ત્રોનો અભ્યાસ કરવો, ચિત્ત સ્થિર રાખવું અને આજ્ઞા-શાસ્ત્રોના કથન તથા સ્વકીયજ્ઞાનથી એક પ્રકારની વિશેષ રુચિ—પ્રીતિ અથવા**

**શ્રદ્ધા ઉત્પન્ન થવી, તે ધર્મધ્યાનના બાહ્ય ચિહ્ન છે** અને અનુપ્રેક્ષાઓ તથા પહેલાં કહેલી અનેક પ્રકારની શુભભાવનાઓ તેના અંતરંગ ચિહ્ન છે. પહેલાં કહેલાં અંગોનું સન્નિવેશ થવું અર્થાત્ પહેલાં જે પર્યંક આદિ આસનોનું વર્ણન કરી ચૂક્યા છે તે આસનોને ધારણ કરવા, મુખની પ્રસન્નતા હોવી અને દૃષ્ટિ સૌમ્ય હોવી આદિ ધર્મધ્યાનના બાહ્ય ચિહ્નો સમજવા જોઈએ. અશુભ કર્મોની વધારે નિર્જરા થવી અને શુભ કર્મના ઉદયથી ઉત્પન્ન થયેલા ઈન્દ્ર આદિ સુખ પ્રાપ્ત થવા તે આ ઉત્તમ ધર્મધ્યાનનું ફળ છે અથવા સ્વર્ગ અને મોક્ષની પ્રાપ્તિ થવી આ ધર્મધ્યાનનું ફળ છે. આ ધર્મધ્યાનથી સ્વર્ગની પ્રાપ્તિ તો સાક્ષાત્ થાય છે, પરંતુ પરમપદ અર્થાત્ મોક્ષની પ્રાપ્તિ પરંપરાથી થાય છે. ધ્યાન છૂટી જવા છતાં પણ બુદ્ધિમાન મુનિઓએ સંસારનો અભાવ કરવા માટે અનુપ્રેક્ષાઓ સહિત શુભફળ આપવાવાળી ઉત્તમ-ઉત્તમ ભાવનાઓનું ચિંતવન કરવું જોઈએ.

ગૌતમસ્વામી રાજા શ્રેણિકને કહે છે કે હે મગધાધિશ! આ રીતે, જેનું લક્ષણ કહેવામાં આવી ગયું છે એવા ધર્મધ્યાનનો તું નિશ્ચય કરી તેના ઉપર વિશ્વાસ લાવ. હવે આગળ શુક્લધ્યાનનું નિરૂપણ કરીશ કે જે જીવોને મોક્ષપ્રાપ્તિનું સાક્ષાત્ કારણ છે. કષાયરૂપી મળના નષ્ટ થવાથી જે શુક્લ નામને પ્રાપ્ત થયા છે એવા તે શુક્લધ્યાનના અવાંતર ભેદોથી સહિત વર્ણન કરું છું કે જે તું સારી રીતે સમજ. તે શુક્લધ્યાન શુક્લ અને પરમશુક્લના ભેદથી આગમમાં બે પ્રકારનું કહેવામાં આવ્યું છે. તેમાંથી પહેલું શુક્લધ્યાન તો છદ્મસ્થ મુનિઓને હોય છે અને બીજું પરમ શુક્લધ્યાન કેવળી ભગવાન અરહંતને હોય છે. પહેલાં શુક્લધ્યાનના બે ભેદ છે : (૧) પૃથક્ત્વવિતર્કવિચાર અને (૨) એકત્વવિતર્કવિચાર. આ રીતે, પહેલાં શુક્લધ્યાનના આ જે ભેદ છે તે સાર્થક નામવાળા છે. તેનો અર્થ સ્પષ્ટ કરવા માટે બંને નામોની નિરુક્તિ આ પ્રકારે સમજવી જોઈએ :

જે ધ્યાનમાં વિતર્ક અર્થાત્ શાસ્ત્રના પદોનું પૃથક્-પૃથક્રૂપથી વિચાર અર્થાત્ સંક્રમણ થતું રહે તેને પૃથક્ત્વવિતર્કવિચાર નામનું શુક્લધ્યાન કહે છે. ભાવાર્થ—જેમાં અર્થ, વ્યંજન અને યોગોનું પૃથક્-પૃથક્ સંક્રમણ થતું રહે અર્થાત્ અર્થને છોડીને વ્યંજનનું અને વ્યંજનને છોડીને અર્થનું ચિંતવન થવા લાગે અથવા તેવી જ રીતે મન, વચન અને કાય ત્રણ યોગોનું પરિવર્તન થતું રહે તેને પૃથક્ત્વવિતર્કવિચાર કહે છે. જે ધ્યાનમાં વિતર્કના એકરૂપ હોવાના કારણે વિચાર નથી થતો અર્થાત્ જેમાં અર્થ, વ્યંજન અને યોગોનું સંક્રમણ નથી થતું તેને

એકત્વવિતર્કવિચાર નામનું શુક્લધ્યાન કહે છે. અનેક પ્રકારતાને પૃથક્ત્વ સમજો, શ્રુત અર્થાત્ શાસ્ત્રને વિતર્ક કહે છે અને અર્થ, વ્યંજન અને યોગોના સંક્રમણ-પરિવર્તનને વિચાર માનવામાં આવ્યો છે.

ઈન્દ્રિયોને વશ કરવાવાળા મુનિ એક અર્થથી બીજા અર્થને, એક શબ્દથી બીજા શબ્દને અને એક યોગથી બીજા યોગને પ્રાપ્ત થતા થકા આ પહેલાં પૃથક્ત્વવિતર્કવિચાર નામના શુક્લધ્યાનનું ચિંતવન કરે છે. કારણ કે મન, વચન, કાય યોગને ધારણ કરવાવાળા અને ચૌદ પૂર્વને જાણવાવાળા મુનિરાજ જ આ પહેલાં શુક્લધ્યાનનું ચિંતવન કરે છે, તેથી જ આ પહેલું શુક્લધ્યાન સવિતર્ક અને સવિચાર કહેવામાં આવ્યું છે. શ્રુતસ્કંધરૂપી સમુદ્રના શબ્દ અને અર્થોનો જેટલો વિસ્તાર છે તે બધો જ આ પહેલા શુક્લધ્યાનના ધ્યેય અર્થાત્ ધ્યાન કરવાયોગ્ય વિષય છે અને મોહનીયકર્મનો ક્ષય અથવા ઉપશમ થવો તેનું ફળ છે. અહીં એવું તાત્પર્ય સમજવું જોઈએ કે ધ્યાન કરવાવાળા મુનિ શ્રુતસ્કંધરૂપી મહાસમુદ્રમાંથી કોઈ એક પદાર્થ લઈને તેના ધ્યાન કરતાં થકા કોઈ બીજા પદાર્થને પ્રાપ્ત થઈ જાય છે અર્થાત્ પહેલાં ગ્રહણ કરેલા પદાર્થને છોડીને બીજા પદાર્થનું ધ્યાન કરવા લાગે છે. એક શબ્દથી બીજા શબ્દને પ્રાપ્ત થઈ જાય છે અને તેવી જ રીતે એક યોગથી બીજા યોગને પ્રાપ્ત થઈ જાય છે, તેથી આ ધ્યાનને સવિચાર અને સવિતર્ક કહે છે.

જે શબ્દ અને અર્થરૂપી રત્નોથી ભરેલો છે, જેમાં અનેક નયભંગરૂપી તરંગો ઊઠી રહ્યા છે, જે વિસ્તૃતધ્યાનથી ગંભીર છે, જે પદ અને વાક્યરૂપી અગાધ જળથી સહિત છે, જે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય દ્વારા ઉદ્વેલ(ભરતી-ઓટસહિત) થઈ રહ્યા છે, સ્યાત અસ્તિ, સ્યાત નાસ્તિ આદિ સપ્ત ભંગ જ જેના વિશાળ શબ્દ છે, જે પૂર્વપક્ષ કરવા માટે આવેલા અનેક પરમતરૂપી જીવજંતુઓથી ભરેલા છે, મોટી-મોટી સિદ્ધિઓ ધારણ કરવાવાળા ગણધરદેવરૂપી મુખ્ય વ્યાપારીઓએ ચારિત્રરૂપી પતાકાઓ દ્વારા સુશોભિત સમ્યક્જ્ઞાનરૂપી જહાજ દ્વારા જેમાં અવતરણ કર્યું છે, જે નય અને ઉપનયોના વર્ણનરૂપ મહાવાયુથી ક્ષોભિત થઈ રહ્યું છે અને જે રત્નત્રયરૂપી અનેક પ્રકારના દ્વીપોથી ભરેલું છે એવા શ્રુતસ્કંધરૂપી મહાસાગરમાં અવગાહન કરી મહામુનિ પૃથક્ત્વવિતર્કવિચાર નામના પહેલાં શુક્લધ્યાનનું ચિંતવન કરો. ભાવાર્થ—અગિયાર અંગ અને ચૌદ પૂર્વના જાણવાવાળા મુનિરાજ જ પ્રથમ શુક્લધ્યાનને ધારણ કરી શકે છે. આ ધ્યાન પ્રશાંતમોહ અર્થાત્ અગિયારમું ગુણસ્થાન, ક્ષીણમોહ અર્થાત્ બારમું

ગુણસ્થાન અને ઉપશમ તથા ક્ષપક આ બંને પ્રકારની શ્રેણીઓના શેષ આઠ, નવ અને દસમા ગુણસ્થાનમાં પણ હીનાધિકરૂપથી થાય છે એવું બુદ્ધિમાન મહર્ષિલોકો માને છે.

બીજું એકત્વવિતર્કવિચાર નામનું શુક્લધ્યાન પણ પહેલાં શુક્લધ્યાનની જેમ જાણવું જોઈએ, પરંતુ વિશેષતા એટલી છે કે જેમનો મોહનીયકર્મ નષ્ટ થઈ ગયો હોય, જેઓ પૂર્વોના જાણવાવાળા હોય, જેમનું આત્મતેજ અપરીમિત હોય અને જેઓ ત્રણ યોગમાંથી કોઈ એક યોગને ધારણ કરવાવાળા હોય એવા મહામુનિરાજને જ આ બીજું શુક્લધ્યાન હોય છે. જેમનો કષાય નષ્ટ થઈ ચૂક્યો છે અને જેઓ ઘાતિયાકર્મોને નષ્ટ કરી રહ્યા છે એવા મુનિ સવિતર્ક અર્થાત્ શ્રુતજ્ઞાન સહિત અને અવિચાર અર્થાત્ અર્થ, વ્યંજન અને યોગના સંક્રમણથી રહિત બીજા એકત્વવિતર્કવિચાર નામના બલિષ્ઠ શુક્લધ્યાનનું ચિંતવન કરે છે. જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાય આ ત્રણ ઘાતિયાકર્મોના ક્ષયથી ઉત્પન્ન થવાવાળું તથા સમસ્ત પદાર્થોને જાણવાવાળું અવિનાશી જ્યોતિ સ્વરૂપ કેવળજ્ઞાનનું ઉત્પન્ન થવું જ આ બીજા શુક્લધ્યાનનું ફળ છે. આ રીતે, ઉપર કહ્યા અનુસાર ફળને દેવાવાળા પહેલાં બંને શુક્લધ્યાન અગિયાર અંગ તથા ચૌદ પૂર્વને જાણવાવાળા અને ત્રણ તથા ત્રણમાંથી કોઈ એક યોગનું અવલંબન કરવાવાળા મુનિઓને બંને પ્રકારની શ્રેણિઓમાં યથાયોગ્યરૂપથી હોય છે. ભાવાર્થ—પહેલું શુક્લધ્યાન ઉપશમ અથવા ક્ષપક બંને જ શ્રેણિઓમાં હોય છે, પરંતુ બીજું શુક્લધ્યાન ક્ષીણમોહ નામના બારમા ગુણસ્થાનમાં જ હોય છે. પહેલું શુક્લધ્યાન ત્રણેય યોગોને ધારણ કરવાવાળું હોય છે, પરંતુ બીજું શુક્લધ્યાન એક યોગને જ ધારણ કરવાવાળાને જ હોય છે, તે એક યોગ ત્રણમાંથી કોઈપણ યોગ હોઈ શકે છે.

ઘાતિયાકર્મોના નષ્ટ થવાથી જેઓ ઉત્કૃષ્ટ કેવળજ્ઞાનને પ્રાપ્ત થયા છે એવા સ્નાતક મુનિ જ બંને પ્રકારના પરમ શુક્લધ્યાનોના સ્વામી હોય છે. ભાવાર્થ—પરમ શુક્લધ્યાન કેવળી ભગવાનને જ હોય છે, તે કેવળજ્ઞાની જિનેન્દ્રદેવ જ્યારે યોગોનો નિરોધ કરવા માટે તત્પર થાય છે ત્યારે તેઓ તેના પહેલાં સ્વભાવથી જ સમુદ્ઘાતની વિધિ પ્રગટ કરે છે. પહેલાં સમયમાં તેમના આત્માના પ્રદેશ ચૌદ રાજૂ ઉંચા દંડના આકારે થાય છે, બીજા સમયમાં કપાટના આકારે થાય છે, ત્રીજા સમયમાં પ્રતરરૂપ થાય છે અને ચોથા સમયમાં સંપૂર્ણ લોકમાં ફેલાઈ જાય છે. આ રીતે તે ચાર સમયમાં સમસ્ત લોકાકાશને વ્યાપ્ત કરી સ્થિત થઈ જાય છે. તે સમયે સમસ્ત લોકમાં વ્યાપ્ત

થયેલા, બધાનું હિત કરવાવાળા અને બધા પદાર્થોને જાણવાવાળા તે કેવળી જિનેન્દ્ર 'પૂરક' કહેવાય છે. ત્યારબાદ, તેઓ રેચક અવસ્થાને પ્રાપ્ત થાય છે અર્થાત્ આત્માના પ્રદેશોનો સંકોચ કરે છે અને આ બધું કરતાં થકા તેઓ અતિશય પૂજ્ય ગણાય છે. તે સર્વજ્ઞ ભગવાન સમસ્ત લોકને પૂર્ણ કરી તેના એક-એક સમય પછી જ પ્રતર અવસ્થાને અને પછી ક્રમથી એક-એક સમય પછી સંકોચ કરતાં કપાટ તથા દંડ અવસ્થાને પ્રાપ્ત થઈ મૂળ શરીરમાં પ્રવેશ કરે છે, તે સમયે તે કેવળી ભગવાન અઘાતિયાકર્મોની સ્થિતિના અસંખ્યાત ભાગોને નષ્ટ કરે છે અને તે જ રીતે અશુભકર્મની અનુભાગશક્તિના પણ અનંતભાગ નષ્ટ કરે છે.

ત્યારબાદ, જેમના સમસ્ત યોગોનું એકદમ જ નિરોધ થઈ ગયું છે એવા તે યોગીરાજ બધા જ પ્રકારના આસ્રવોથી રહિત થઈને સમુચ્છિન્નક્રિયાનિવર્તિ નામના ચોથા શુક્લધ્યાનને પ્રાપ્ત થાય છે. જિનેન્દ્ર ભગવાન તે અતિશય નિર્મળ ચોથા શુક્લધ્યાનને અંતર્મુહૂર્ત સુધી ધારણ કરે છે અને પછી સમસ્ત કર્મોના અંશોને નષ્ટ કરી નિર્વાણ અવસ્થાને પ્રાપ્ત થઈ જાય છે. આ અયોગી પરમેષ્ઠીને ચૌદમાં ગુણસ્થાનના ઉપાંત્ય સમયમાં બોંતેર અને અંતિમ સમયમાં તેર કર્મપ્રકૃતિઓનો નાશ થાય છે. તે જિનેન્દ્રદેવ ચૌદમા ગુણસ્થાનના અનંતર લેપરહિત, શરીર રહિત, શુદ્ધ, અવ્યાબાધ, રોગ રહિત, સૂક્ષ્મ, અવ્યક્ત, વ્યક્ત અને મુક્ત થતા થકા લોકના અંત ભાગમાં નિવાસ કરે છે. કર્મરૂપી રજથી રહિત થવાના કારણે જેમનો આત્મા અતિશય શુદ્ધ થઈ ગયો છે એવા તે સિદ્ધ ભગવાન ઊર્ધ્વગમન સ્વભાવ હોવાના કારણે એક જ સમયમાં લોકના અંતભાગને પ્રાપ્ત થઈ જાય છે અને ત્યાં ચૂડામણિ રત્ન સમાન સુશોભિત થવા લાગે છે.

જેઓ બધા જ પ્રકારના કર્મોથી રહિત છે, જેમણે સંસાર સંબંધી સુખ અને દુઃખ નષ્ટ કરી દીધા છે, જેમના આત્મપ્રદેશોનો આકાર અંતિમ શરીર સમાન છે અને પરિમાણ અંતિમ શરીરથી કંઈક ઓછો છે, જેઓ અમૂર્તિક હોવા છતાં પણ અંતિમ શરીરનો આકાર હોવાના કારણે ઉપચારથી સાંચાની અંદર સ્થિત આકાશની ઉપમાને પ્રાપ્ત થઈ રહ્યા છે, જેઓ શરીર અને મનસંબંધી સમસ્ત દુઃખરૂપી બંધનોથી રહિત છે, દ્વંદ્વ રહિત છે, ક્રિયા રહિત છે, શુદ્ધ છે, સમ્યક્ત્વ આદિ આઠ ગુણોથી સહિત છે, જેમના આત્મપ્રદેશોનો સમુદાય ભેદન કરવાયોગ્ય નથી, જેઓ લોકના શિખર પર મુખ્ય શિરોમણિ સમાન સુશોભિત છે, જેઓ જ્યોતિ સ્વરૂપ છે અને જેમણે પોતાના શુદ્ધ

આત્મતત્ત્વને પ્રાપ્ત કરી લીધો છે એવા તે સિદ્ધ ભગવાન અનંતકાળ સુધી સુખી રહે છે.

કૃતાર્થ, નિષ્ઠિત, સિદ્ધ, કૃતકૃત્ય, નિરામય, સૂક્ષ્મ અને નિરંજન—આ બધા મુક્તિને પ્રાપ્ત થવાવાળા જીવોના પર્યાયવાચી શબ્દ છે. તે સિદ્ધોને સમસ્ત દુઃખોના ક્ષયથી થવાવાળું અતિન્દ્રિય સુખ હોય છે અને યથાર્થમાં તે કેવળી ભગવાન તે અતિન્દ્રિય સુખને જ ઉત્કૃષ્ટ સુખ કહે છે. ક્ષુધા આદિ વેદનાઓનો અભાવ થવાથી તેમને વિષયોની ઈચ્છા નથી થતી. બરાબર જ છે કે **એવો ક્યો બુદ્ધિમાન પુરુષ હશે કે જે સ્વસ્થ હોવા છતાં પણ ઔષધિઓનું સેવન કરતો હોય!** જે સુખ પરપદાર્થોના સંબંધથી હોય છે તે સુખ નથી, પરંતુ જે શુદ્ધ આત્માથી ઉત્પન્ન થાય છે, નિત્ય છે, અવિનાશી છે અને ક્ષય રહિત છે તે જ વાસ્તવમાં ઉત્તમ સુખ છે. જો સ્વાસ્થ્ય (સમસ્ત ઈચ્છાઓનો પોતાના આત્મામાં જ સમાવેશ થવો–ઈચ્છાજન્ય આકુળતાનો અભાવ થવો) જ સુખ કહેવાય છે તો તે અનંતસુખ સિદ્ધ ભગવાનને હોય જ છે અને જો સ્વાસ્થ્ય સિવાય અન્ય વસ્તુનું નામ સુખ છે તો તે સુખ લોકમાં કાંઈપણ નથી. ભાવાર્થ—વિષયોની ઈચ્છા અર્થાત્ આકુળતા ન હોવી તે જ સુખ કહેવાય છે અને તેથી આવું સુખ સિદ્ધ પરમેષ્ઠીને સદાય વિદ્યમાન રહે છે. આ સિવાય જો કોઈ અન્ય વસ્તુનું નામ સુખ માનવામાં આવે તો તે સુખ નામનો પદાર્થ લોકમાં ક્યાંય નથી એમ સમજવું જોઈએ.

તે સિદ્ધ ભગવાન સમસ્ત ક્લેશોથી રહિત છે, મોહ રહિત છે, ઉપદ્રવ રહિત છે અને સૂક્ષ્મ છે, તેથી તેઓ કોઈના દ્વારા બાધિત થઈ શકતા નથી. તેથી તેમનું સુખ અંતરહિત કહેવામાં આવ્યું છે. ઋષિઓમાં શ્રેષ્ઠ ગણધરાદિ દેવ આ અનંતસુખને જ ધ્યાનનું ફળ કહે છે અને તે સુખ માટે જ મુનિગણ દિગંબર થઈને તપશ્ચરણ કરે છે. જેવી રીતે, વાયુથી ભટકાયેલા મેઘ તરત જ વિલીન થઈ જાય છે, તેવી જ રીતે ધ્યાનરૂપી વાયુથી ભટકાઈને કર્મરૂપી મેઘ શીઘ્ર જ વિલિન–નષ્ટ થઈ જાય છે. જેવી રીતે મંત્રની શક્તિથી સમસ્ત શરીરમાં વ્યાપ્ત થયેલું વિષ ખેંચી લેવામાં આવે છે, તેવી જ રીતે ધ્યાનની શક્તિથી સમસ્ત કર્મરૂપી વિષ દૂર કરી દેવામાં આવે છે. બાકીના અગિયાર તપ એક ધ્યાનના જ સહાયક માનવામાં આવ્યા છે, તેથી મોક્ષાભિલાષી જીવોએ નિરંતર ધ્યાનનો અભ્યાસ કરવામાં જ પ્રયત્ન કરવો જોઈએ. આ રીતે, ધ્યાનની વિધિ સાંભળીને મગધેશ્વર રાજા શ્રેણિક ખૂબ જ સંતુષ્ટ થયા અને તે સમયે અજ્ઞાનરૂપી અંધકારનો નાશ થવાથી તેમનું મનરૂપી કમળ પણ પ્રફુલ્લિત થઈ ગયું હતું.

ત્યારબાદ, ભક્તિપૂર્વક વંદના કરવાવાળા ઋષિઓએ ગૌતમગણધરની નીચે લખ્યા અનુસાર બીજા પણ થોડા ધ્યાનના ભેદ પૂછ્યા. હે ભગવાન! અમે લોકોએ આપનાથી યોગશાસ્ત્રનું રહસ્ય અનેકવાર સાંભળ્યું છે. હવે આ સમયે આપથી અન્ય પ્રકારના ધ્યાનોનું નિરાકરણ જાણવા માગીએ છીએ. હે દેવ! જેવી રીતે સૂર્ય અંધકારના સમૂહને નષ્ટ કરી દે છે, તેવી જ રીતે આપ પણ આ ધ્યાનશાસ્ત્રના વિષયમાં જે કાંઈપણ બાધાઓ છે તે બધી જ નષ્ટ કરી દો. હે સ્વામી! અનેક ઋદ્ધિઓ પ્રાપ્ત થવાથી આપ ઋષિ કહેવાવ છો, આપ અનેક પદાર્થોને પ્રત્યક્ષ જાણવાવાળા મુનિ છો, પરિગ્રહ રહિત હોવાના કારણે આપ અણગાર કહેવાવ છો અને બંને શ્રેણીઓને સન્મુખ છો, તેથી યતિ કહેવાવ છો. તેથી ભાગવત્ આદિમાં કહેલા યોગોનું નિરાકરણ કરવા માટે યુક્તિ અને શાસ્ત્ર અનુસાર આપે જેવું સાંભળ્યું છે તેવું જ અમારા લોકો માટે યોગ-ધ્યાનના સમસ્ત કારણો—બીજાક્ષરોનું નિરૂપણ કરો. આ રીતે, તે ઋષિઓના વચન સાંભળીને ભગવાન ગૌતમસ્વામી કહેવા લાગ્યા કે આપ લોકોએ જે યોગશાસ્ત્રનું તત્ત્વ અથવા રહસ્ય પૂછ્યું છે તે હું સ્પષ્ટરૂપથી કહું છું.

જે છ પ્રકારથી યોગોનું નિરૂપણ કરે છે એવા યોગવાદીઓથી વિદ્વાન પુરુષોએ પૂછવું જોઈએ કે યોગ શું છે? સમાધાન શું છે? પ્રાણાયામ કેવું છે? ધારણા શું છે? આધ્યાન—ચિંતવન શું છે? ધ્યેય શું છે? સ્મૃતિ કેવી છે? ધ્યાનનું ફળ શું છે? ધ્યાનનું બીજ શું છે? અને તેનું પ્રત્યાહાર કેવું છે? યોગના જાણવાવાળા વિદ્વાન મન, વચન અને કાયની ક્રિયાને યોગ માને છે, તે યોગ શુભ અને અશુભના ભેદથી બે ભેદને પ્રાપ્ત થાય છે. ઉત્તમ પરિણામોમાં ચિત્તને જે સ્થિર રાખવામાં આવે છે તે જ વાસ્તવમાં સમાધિ અથવા સમાધાન કહેવાય છે અથવા પંચપરમેઠીના સ્મરણને પણ સમાધિ કહે છે. મન, વચન અને કાય—આ ત્રણેય યોગોનો નિગ્રહ કરવો અને શુભભાવના રાખવી તે પ્રાણાયામ કહેવાય છે અને શાસ્ત્રોમાં કહેલાં બીજાક્ષરોનું અવધારણ કરવું ધારણા કહેવાય છે. અનિત્ય આદિ ભાવનાઓનું વારંવાર ચિંતવન કરવું આધ્યાન છે તથા મન અને વચનને અગોચર જે અતિશય ઉત્કૃષ્ટ શુદ્ધ આત્મતત્ત્વ છે તે ધ્યેય કહેવાય છે.

જીવ આદિ તત્ત્વોના યથાર્થ સ્વરૂપનું સ્મરણ કરવું સ્મૃતિ કહેવાય છે અથવા સિદ્ધ અને અરિહંત પરમેષ્ઠીના ગુણોનું સ્મરણ કરવું પણ સ્મૃતિ કહેવાય છે. ધ્યાનનું ફળ ઉપર કહેવામાં આવી ગયું છે, બીજાક્ષર આગળ કહેવામાં

આવશે અને મનની પ્રવૃત્તિનો સંકોચ કરી લેવાથી જે માનસિક સંતોષ પ્રાપ્ત થાય છે તેને પ્રત્યાહાર કહે છે. જેની આદિમાં અકાર છે, અંતમાં હકાર છે, મધ્યમાં રેફ છે અને અંતમાં બિંદુ છે એવા 'અર્હં' આ ઉત્કૃષ્ટ બીજાક્ષરનું ધ્યાન કરતાં થકા મુમુક્ષુ પુરુષ ક્યારેય પણ દુઃખી નથી થતા અથવા 'અર્હદ્‌ભ્યો નમઃ' અર્થાત્ 'અરહંતોને નમસ્કાર હો' આ રીતે છ અક્ષરવાળું જે બીજાક્ષર છે તેનું ધ્યાન કરી મોક્ષાભિલાષી મુનિ અનંતગુણયુક્ત અરહંત અવસ્થાને પ્રાપ્ત થાય છે અથવા જપ કરવાયોગ્ય પદાર્થોમાંથી 'નમઃ સિદ્ધેભ્યઃ' અર્થાત્ 'સિદ્ધોને નમસ્કાર હો' આ પ્રકારે સિદ્ધોના સ્તવનરૂપ પાંચ અક્ષરોનું જે ભવ્યજીવ જપ કરે છે, તે પોતાના ઈચ્છિત પદાર્થોને પ્રાપ્ત થાય છે અર્થાત્ તેના બધા જ મનોરથ પૂર્ણ થાય છે. 'નમોઅર્હત્પરમેષ્ઠિને' અર્થાત્ 'અર્હત્પરમેષ્ઠીને નમસ્કાર હો' આ જે આઠ અક્ષરવાળું પરમ બીજાક્ષર છે તેનું ચિંતવન કરીને પણ આ જીવ ફરીવાર દુઃખોને નથી જોતો અર્થાત્ મુક્ત થઈ જાય છે. 'અર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યો નમઃ' અર્થાત્ અરહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સર્વ સાધુ— આ પાંચેય પરમેષ્ઠીઓને નમસ્કાર હો. આ રીતે, બધા બીજ પદોથી સહિત જે સોળ અક્ષરવાળું બીજાક્ષર છે તેનું ધ્યાન કરવાવાળા તત્ત્વજ્ઞાની મુનિ અવશ્ય જ મોક્ષને પ્રાપ્ત થાય છે.

અરહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સર્વ સાધુ—આ રીતે પંચબ્રહ્મસ્વરૂપ મંત્રો દ્વારા જે યોગીરાજ શરીર રહિત પરમ તત્ત્વ પરમાત્માને શરીર સહિત કલ્પના કરી તેમનું વારંવાર ધ્યાન કરે છે તે જ બ્રહ્મતત્ત્વને જાણવાવાળા કહેવાય છે. ધ્યાન કરવાવાળા યોગીનું ચિત્ત સંતુષ્ટ થવાથી જે પરમ આનંદ થાય છે, તે જ સૌથી મોટું ઐશ્વર્ય છે તો પછી યોગથી થવાવાળી અનેક ઋદ્ધિઓનું તો કહેવું જ શું? ભાવાર્થ—ધ્યાનના પ્રભાવથી હૃદયમાં જે અલૌકિક આનંદ પ્રાપ્ત થાય છે તે જ ધ્યાનનું સૌથી ઉત્કૃષ્ટ ફળ છે અને અનેક ઋદ્ધિઓની પ્રાપ્તિ થવી ગૌણ ફળ છે. યોગને જાણવાવાળા મુનિ અણિમા આદિ ગુણોથી યુક્ત તથા ઉત્કૃષ્ટ ઉદયથી સુશોભિત ઈન્દ્ર આદિના ઐશ્વર્યનો આ જ સંસારમાં ઉપભોગ કરે છે અને પછી કર્મબંધનથી છૂટીને નિર્વાણસ્થાનને પ્રાપ્ત થાય છે. આ ઉપર કહેલા બીજોને ન જાણીને જેઓ નામમાત્ર જ મંત્રવિદ્ કહેવાય છે અને ખોટા અભિમાનથી દગ્ધ રહે છે, તે સદાય કર્મરૂપી બંધનોથી બંધાતો રહે છે.

હવે અહીંથી અન્ય મતાવલંબી લોકો દ્વારા માનવામાં આવતા યોગનું નિરાકરણ કરીએ છીએ—યોગનું

અભિમાન કરવાવાળા અર્થાત્ મિથ્યાયોગને પણ યથાર્થ યોગ માનવાવાળાઓના મતમાં જીવ પદાર્થ નિત્ય છે અથવા અનિત્ય છે? જો નિત્ય છે તો તે અવિકાર્ય અર્થાત્ વિકાર રહિત હશે અને એવી અવસ્થામાં તેને ધ્યેયના ધ્યાનરૂપ પરિણમન નહીં થઈ શકે. આ સિવાય નિત્યજીવને સુખ-દુઃખનો અનુભવ, સ્મરણ અને ઈચ્છા આદિ પરિણમનોનું હોવું પણ અસંભવ છે. તેથી જ્યારે આ જીવને સર્વપ્રથમ ધ્યાનની ઈચ્છા જ થઈ શકતી નથી ત્યારે તત્ત્વોનું ચિંતવન તો દૂર જ રહ્યું! અને તત્ત્વચિંતન વિના ધ્યાન કેવી રીતે હોઈ શકે? ધ્યાન વિના ફળની પ્રાપ્તિ કેવી રીતે હોઈ શકે? અને તેના વિના બંધ અને મોક્ષના કારણભૂત સમસ્ત ક્રિયાકલાપ પણ નિષ્ફળ થઈ જાય છે.

જો જીવને અનિત્ય માનવામાં આવે તો ક્ષણ ક્ષણમાં નવીન ઉત્પન્ન થવાવાળી ચિત્તની સંતતિમાં ધ્યાનની ભાવના જ નહીં થઈ શકે કારણ કે આ ક્ષણિક વૃત્તિમાં પોતાના દ્વારા અનુભવ કરવામાં આવેલા પદાર્થોનું સ્મરણ હોવું અશક્ય છે. ભાવાર્થ—જો જીવને સર્વથા અનિત્ય માનવામાં આવે તો ધ્યાનની ભાવના જ ન થઈ શકે. કારણ કે ધ્યાન કરવાવાળો જીવ ક્ષણ-ક્ષણમાં નષ્ટ થતો રહે છે. જો એમ કહો કે જીવ અનિત્ય છે, પરંતુ તે નષ્ટ થતાં સમયે પોતાની સંતાન છોડી જાય છે તેથી કોઈ બાધા નથી આવતી; પરંતુ આમ કહેવું પણ યોગ્ય નથી કારણ કે જ્યારે જીવનો નિરન્વય નાશ થઈ જાય છે ત્યારે 'આ તેની સંતાન છે' એવો વ્યવહાર થઈ શકતો નથી અને કોઈપણ રીતે તેની સંતાન છે એવો વ્યવહાર માની પણ લેવામાં આવે તો 'બધું ક્ષણિક છે' એ નિયમમાં જીવની સંતાનોનો સમુદાય પણ ક્ષણિક જ હશે. તેથી તે દશામાં પણ ધ્યાન થઈ શકતું નથી. આ સિવાય ધ્યાન તે પદાર્થનું કરવામાં આવે છે કે જેનો પહેલાં ક્યારેય પણ અનુભવ પ્રાપ્ત કર્યો ન હોય, પરંતુ ક્ષણિક પક્ષમાં અનુભવ કરવાવાળો જીવ અને અનુભૂત પદાર્થ બંને જ નષ્ટ થઈ જતા હોવાથી પુનઃસ્મરણ કોણ કરશે અને કોનું કરશે આ બધી આપત્તિઓનું લક્ષ્ય કરીને જ આચાર્ય મહારાજે કહ્યું છે કે ક્ષણિક એકાંત પક્ષમાં ધ્યાનની ભાવના જ થઈ શકતી નથી.

જેવી રીતે એક પુરુષ દ્વારા અનુભવ કરવામાં આવેલ પદાર્થનું સ્મરણ બીજા પુરુષને નથી થઈ શકતું, કારણ કે તે તેનાથી સર્વથા ભિન્ન છે, તેવી જ રીતે અનુભવ કરવાવાળો મૂળભૂત જીવ નષ્ટ થઈ જતાં તેના દ્વારા અનુભવ કરેલા પદાર્થનું સ્મરણ તેની સંતાન-પ્રતિસંતાનને થઈ શકતું નથી. કારણ કે મૂળ પદાર્થનો નિરન્વય નાશ માનવાથી સંતાન-પ્રતિસંતાનની સાથે તેનો કાંઈપણ સંબંધ નથી રહેતો. અનુભૂત પદાર્થના સ્મરણ વિના ધ્યાન

કરવાની ઈચ્છાનું હોવું અસંભવ છે, ધ્યાનની ઈચ્છા વિના ધ્યાન નથી થઈ શકતું અને ધ્યાન વિના તેના ફળ સ્વરૂપ મોક્ષની પ્રાપ્તિ પણ નથી થઈ શકતી તથા સમ્યગ્દષ્ટિ, સમ્યક્ સંકલ્પ, સમ્યક્ વચન, સમ્યક્ કર્માંત, સમ્યક્ આજીવ, સમ્યક્ વ્યાયામ, સમ્યક્ સ્મૃતિ અને સમ્યક્ સમાધિ—આ આઠ અંગોની ભાવના પણ નથી થઈ શકતી. તેથી જીવને અનિત્ય માનવાથી પણ ધ્યાન-યોગની સિદ્ધિ નથી થઈ શકતી.

આ જ રીતે, પુદ્‌ગલવાદ, આત્માને પુદ્‌ગલ માનવાવાળા વાત્સીપુત્રીઓના મતમાં દેહ અને પુદ્‌ગલ તત્ત્વના ભેદ, અભેદ અને અવક્તવ્ય પક્ષમાં ધ્યાતાની સિદ્ધિ નથી થઈ શકતી. તેથી, ધ્યાનની ઈચ્છાપૂર્વક ધ્યાનપ્રવૃત્તિ નથી બની શકતી. સર્વથા અસત્ આકાશપુષ્પમાં ગંધ આદિની કલ્પના નથી થઈ શકતી. તાત્પર્ય એ છે કે પુદ્‌ગલરૂપ આત્મા જો દેહથી ભિન્ન છે તો પૃથક્ આત્મતત્ત્વ સિદ્ધ થઈ જાય છે, જો અભિન્ન છે તો દેહાત્મવાદને દૂષણ આવે છે, જો અવક્તવ્ય છે તો તેને કોઈપણ રૂપનું નિર્ણય નથી થઈ શકતું અને તેને ‘અવક્તવ્ય’ આ શબ્દથી પણ નહીં કહી શકાય. આવી દશામાં ધ્યાનની ઈચ્છા, પ્રવૃત્તિ આદિ નથી થઈ શકતા.

આ રીતે, વિજ્ઞાનાદ્વૈતવાદિઓના મતમાં પણ ધ્યાનની સિદ્ધિ નથી થઈ શકતી. કારણ કે તેમનો સિદ્ધાંત છે કે સંસારમાં વિજ્ઞાનને છોડીને અન્ય કાંઈ નથી, પરંતુ તેમના આ સિદ્ધાંતમાં વિજ્ઞાનનો કાંઈપણ વિષય શેષ રહેતો નથી. તેથી વિષયના અભાવમાં વિજ્ઞાન સ્વસ્વરૂપને ક્યાં ધારણ કરી શકશે? ભાવાર્થ—વિજ્ઞાન તેને જ કહે છે કે જે કોઈ જ્ઞેયપદાર્થને જાણે, પરંતુ વિજ્ઞાનાદ્વૈતવાદી વિજ્ઞાનને છોડીને બીજા કોઈ પદાર્થની સત્તાનો સ્વીકાર ન કરતાં હોવાથી જ્ઞેયપદાર્થ વિના નિર્વિષય વિજ્ઞાનસ્વરૂપ લાભદાયી થઈ શકતું નથી અર્થાત્ વિજ્ઞાનનો અભાવ થઈ જાય છે અને વિજ્ઞાનનો અભાવ થતાં ન તો ધ્યાન, ન તો ધ્યેય અને ન તો મોક્ષ પણ સિદ્ધ થઈ શકે છે કારણ કે દીપક, સૂર્ય, અગ્નિ આદિ પ્રકાશક અને ઘટ-પટ આદિ પ્રકાશ્ય પદાર્થોના રહેતાં જ પદાર્થોનું પ્રકાશન થઈ શકે છે, અન્ય પ્રકારથી નહીં.

તેવી જ રીતે જે આત્માને નથી માનતા એવા શૂન્યવાદી બૌદ્ધના મતમાં પણ ધ્યાન સિદ્ધ નથી થઈ શકતું કારણ કે જ્યારે બધું જ શૂન્યરૂપ છે ત્યારે કોણ કોને જાણશે–કોણ કોનું ધ્યાન કરશે? તેમના આ મતમાં ધ્યાનની કલ્પના કરવી કાચબાના વાળથી આકાશના ફૂલનો સહેરો બાંધવા સમાન છે. ભાવાર્થ—શૂન્યવાદી લોકો ન તો

ધ્યાન કરવાવાળા આત્માને માને છે અને ન તો ધ્યાન કરવાયોગ્ય પદાર્થને માને છે. આવી દશામાં તેમનામાં ધ્યાનની કલ્પના એવી રીતે જ સંભવ છે કે જેવી રીતે કાચબાના વાળ દ્વારા આકાશના ફૂલોનો સહેરો બાંધવો! આ સિવાય શૂન્યવાદીઓના મતમાં ધ્યેય તત્ત્વની પણ સિદ્ધિ નથી થઈ શકતી કારણ કે ધ્યેય તત્ત્વમાં બે પ્રકારના વિકલ્પ હોય છે : એક ગ્રહણ કરવાયોગ્ય અને બીજો ત્યાગ કરવાયોગ્ય. જ્યારે શૂન્યવાદી મૂળભૂત કોઈ પદાર્થને જ નથી માનતા ત્યારે તેમાં હેય અને ઉપાદેયનો વિકલ્પ કેવી રીતે કરી શકાય? અર્થાત્ નથી કરી શકાતો.

સાંખ્ય મુક્તાત્માનું સ્વરૂપ ચૈતન્ય રહિત માને છે, પરંતુ તેમની આ માન્યતામાં ચૈતન્યરૂપ લક્ષણનો અભાવ હોવાથી આત્મારૂપ લક્ષ્યની પણ સિદ્ધિ નથી થઈ શકતી. જેવી રીતે રૂપત્વ અને સુગંધ આદિ ગુણોનો અભાવ હોવાથી આકાશકમળની સિદ્ધિ નથી થઈ શકતી, તેવી જ રીતે ચૈતન્યરૂપ વિશેષ ગુણોનો અભાવ હોવાથી મુક્તાત્માની પણ સિદ્ધિ નથી થઈ શકતી અને તેવી દશામાં તે મુક્તાત્મા ધ્યેય પણ નથી કહેવાતો તથા ધ્યેય વિના ધ્યાન પણ સિદ્ધ થઈ શકતું નથી. જે સાંખ્યમતાવલંબી એવું કહે છે કે મુક્ત જીવ ગાઢ નિદ્રામાં સુતેલા પુરુષ સમાન અચેત રહે છે, એવું જણાય છે કે તેઓ ધ્યેય તત્ત્વનો વિચાર કરતાં સમયે સ્વયં સૂવા ઈચ્છે છે અર્થાત્ અજ્ઞાની બન્યા રહેવા ઈચ્છે છે. આ રીતે દ્વૈતવાદી તથા અદ્વૈતવાદી લોકોના જે મત બાકી રહી ગયા તે બધા એકાંતરૂપી દોષથી દૂષિત હોવાથી તે બધામાં ધ્યાન અને ધ્યેયનો કાંઈપણ નિર્ણય થઈ શકતો નથી. તેથી, જીવ તત્ત્વને નિત્ય અને અનિત્ય બંને રૂપમાં માનવાવાળા સ્યાદ્વાદી લોકોના મતમાં જ ધ્યાનની સિદ્ધિ થઈ શકે છે, અન્ય એકાંતવાદી લોકોના મતમાં નથી થઈ શકતી.

કદાચિત્ અહીં કોઈ એમ કહે કે એક જ વસ્તુ બે વિરુદ્ધ ધર્મોનો આધાર નથી હોઈ શકતી અર્થાત્ એક જ જીવ નિત્ય અને અનિત્ય ન હોઈ શકે તો તેનું આ કહેવું યોગ્ય નથી કારણ કે વિવક્ષાના ભેદથી તેવું કહેવામાં કોઈ વિરોધ નથી આવતો. જો એક જ વિવક્ષાથી બંને વિરુદ્ધ ધર્મ કહેવામાં આવ્યા હોત તો અવશ્ય જ વિરોધ આવતું, પરંતુ અહીં અનેક વિવક્ષાઓથી અનેક ધર્મ કહેવામાં આવે છે, તેથી કોઈ વિરોધ જણાતો નથી. જીવ તત્ત્વ દ્રવ્યની વિવક્ષાથી નિત્ય છે, નહીં કે પર્યાયના ભેદોની વિવક્ષાથી પણ! તેવી જ રીતે જીવતત્ત્વ પર્યાયના ઉત્પાદ અને વ્યયની અપેક્ષાએ અનિત્ય છે, નહીં કે દ્રવ્યની અપેક્ષાથી પણ! જેવી રીતે એક જ દેવદત્ત વિવક્ષાવશ પિતા અને

પુત્ર બંનેરૂપ થાય છે, તેવી જ રીતે એક જ વસ્તુ વિવક્ષાવશ નિત્ય તથા અનિત્ય બંને જ રૂપ થાય છે. દેવદત્ત પોતાના પુત્રની અપેક્ષાએ પિતા છે અને પોતાના પિતાની અપેક્ષાએ પુત્ર છે, તેવી જ રીતે સંસારની પ્રત્યેક વસ્તુ દ્રવ્ય અપેક્ષાએ નિત્ય છે અને પર્યાય અપેક્ષાએ અનિત્ય છે. તેનાથી સિદ્ધ થાય છે કે વસ્તુમાં બંને વિરુદ્ધ ધર્મ જોવા મળે છે, પરંતુ તેમનો સમાવેશ, વિવક્ષા અને અવિવક્ષાવશ જ થાય છે. તેથી, જૈન શાસ્ત્રોના અભ્યાસથી જેમની જ્ઞાનરૂપી સંપદા બધી તરફ ફેલાઈ રહી છે એવા સ્યાદ્વાદી લોકોના મતમાં જ ધ્યાનની સિદ્ધિ થઈ શકે છે, અન્ય મિથ્યાદૃષ્ટિઓના મતમાં નહીં.

ભગવાન અરિહંતદેવે મોહરૂપી શત્રુ ઉપર વિજય પ્રાપ્ત કરી લીધો છે તેથી હવે જિન કહેવાય છે, તેમની બુદ્ધિનો સમસ્ત મળ નષ્ટ થઈ ગયો છે તેથી તેઓ આપ્ત કહેવાય છે અને તેમણે પોતાના વચનો દ્વારા સર્વશ્રેષ્ઠ મોક્ષમાર્ગનો ઉપદેશ આપ્યો છે તેથી તેઓ વાચસ્પતિ કહેવાય છે. અન્ય કોઈમાં ન જોવા મળતા રાગ-દ્વેષ આદિ કર્મશત્રુઓનો ઘાત કરવો આદિ ગુણોના કારણે તેઓ અર્હત્ અથવા અરિહંત કહેવાય છે, ત્રણ લોકના સમસ્ત પદાર્થોને જાણવાના કારણે તેઓ બુદ્ધ કહેવાય છે અને તેઓ સમસ્ત જીવોની રક્ષા કરવાવાળા હોવાથી વિભુ કહેવાય છે. આ જ રીતે, તેઓ સમસ્ત સંસારમાં વ્યાપ્ત હોવાથી વિષ્ણુ, કર્મરૂપી શત્રુઓને જીતવાથી વિજિષ્ણુ, શાંતિ કરવાથી શંકર, બધા જીવોને અભય આપવાથી અભયંકર, આનંદરૂપ હોવાથી શિવ, આદિ-અંત રહિત હોવાથી સનાતન, કૃતકૃત્ય હોવાથી સિદ્ધ, કેવળજ્ઞાનરૂપ હોવાથી જ્યોતિ, અનંતચતુષ્ટરૂપ લક્ષ્મી સહિત હોવાથી પરમ અને અવિનાશી હોવાથી અક્ષર કહેવાય છે.

આ રીતે, જે ત્રૈલોક્યનાથ પ્રભુના અનેક સાર્થક નામ છે, તે જ અરહંત દેવ વિદ્વાનોના હૃદયમાં આપ્તબુદ્ધિ કરવા માટે સમર્થ છે અર્થાત્ વિદ્વાન પુરુષ તેમને જ આપ્ત માની શકે છે. જેમનું રૂપ વસ્ત્ર અને આભૂષણોથી રહિત હોવા છતાં પણ અતિશય પ્રકાશમાન છે અને જેમનું કટાક્ષ રહિત જોવું કામરૂપી જ્વરના અભાવને સૂચિત કરે છે, શસ્ત્ર રહિત હોવાના કારણે જેઓ ભય અને ક્રોધથી રહિત છે તથા ક્રોધનો અભાવ હોવાથી જેમના નેત્ર લાલ નથી, જેઓ સદા સૌમ્ય છે અને મંદ મુસ્કાનથી પૂર્ણ રહે છે, રાગ આદિ સમસ્ત દોષોને જીતી લેવાથી જેઓ સમસ્ત અન્ય પુરુષોના મુખથી વધીને છે એવું જેમનું મુખકમળ જ વિદ્વાનો માટે ઉત્તમ શાસકપણાનો ઉપદેશ આપે છે

અર્થાત્ વિદ્વાન લોકો જેમનું મુખકમળ જોઈને જ જેમને ઉત્તમ શાસક સમજી લે છે. આ સિવાય જેમના જ્ઞાન અને વૈરાગ્યનો વૈભવ સમસ્ત જગતમાં ફેલાયેલો છે એવા અરહંતદેવ જ આપ્ત છે. આ ધ્યાનનું સ્વરૂપ તેમના દ્વારા જ કહેવામાં આવ્યું છે, તેથી કલ્યાણ ઈચ્છવાવાળાઓ માટે કલ્યાણ સ્વરૂપ છે.

આ રીતે, મોટી-મોટી ૠદ્ધિઓને ધારણ કરવાવાળા ગૌતમ ગણધરે જ્યારે મુનિઓની સભામાં ધ્યાન તત્ત્વનું નિરૂપણ કર્યું ત્યારે ભક્તિને ધારણ કરવાવાળા તે મુનિરાજ ખૂબ જ સંતુષ્ટ થયા. તેમના શરીર હર્ષથી રોમાંચિત થઈ ગયા અને જેવી રીતે સૂર્યના કિરણોના સંપર્કથી કમળોનો સમૂહ પ્રફુલ્લિત થઈ જાય છે, તેવી જ રીતે તેમના મુખકમળ પણ પ્રફુલ્લિત થઈ ગયા હતા. ત્યારબાદ, સ્તુતિ કરવાથી જેમના મુખ વાચાલિત થઈ રહ્યા છે એવા તે બધા યોગીઓએ યોગીઓમાં મુખ્ય અને જિનસેનાધીશ્વર અર્થાત્ જિનેન્દ્ર ભગવાનના ચાર સંઘરૂપી સેનાના અથવા આચાર્ય જિનસેનના સ્વામી ગૌતમ ગણધરની થોડીવાર સ્તુતિ કરી જેમને સમસ્ત જ્ઞાનનું તેજ પ્રાપ્ત થયું છે અને જેઓ પોતાના આત્મસ્વરૂપમાં જ સ્થિત છે એવા ભગવાન વૃષભદેવની આર્હન્ત્ય લક્ષ્મીને સાંભળવા માટે ચિત્ત સ્થિર કર્યું.

આ રીતે, આર્ષ નામથી પ્રસિદ્ધ ભગવજ્જિનસેનાચાર્ય-વિરચિત ત્રિષષ્ટિલક્ષણ મહાપુરાણ સંગ્રહમાં ધ્યાનતત્ત્વનું વર્ણન કરવાવાળો એકવીસમો અધ્યાય સમાપ્ત થયો.

* વિષયની આસક્તિ જીવોના ઈન્દ્રિયજન્ય સુખની તૃષ્ણાને વધારે છે, ઈન્દ્રિયજન્ય સુખની તૃષ્ણા સળગતી અગ્નિની માફક ભારે સંતાપ ઉત્પન્ન કરે છે, તૃષ્ણામાં ડૂબેલો પ્રાણી પાપમાં લીન થઈ જાય છે, પાપમાં લીન થયેલો પ્રાણી ધર્મ પ્રત્યે દ્વેષ કરવા લાગે છે અને ધર્મ પ્રત્યે દ્વેષ કરનાર જીવ અધર્મને કારણે અધોગતિને પ્રાપ્ત થાય છે.
(અ. ૧૦, શ્લોક ૧૬-૧૭)

* આ જીવ હિંસા આદિ અધર્મ કાર્યોથી નરક આદિ નીચગતિમાં ઉત્પન્ન થાય છે અને અહિંસા આદિ ધર્મકાર્યોથી સ્વર્ગ આદિ ઉચ્ચગતિને પ્રાપ્ત થાય છે. તેથી, ઉચ્ચપદની ઈચ્છા કરવાવાળા પુરુષોએ હંમેશા ધર્મમાં તત્પર રહેવું જોઈએ.
(અ. ૧૦, શ્લોક ૧૧૯)

# અધ્યાય બાવીસમો



ત્યારબાદ, જ્યારે જિનેન્દ્ર ભગવાને ઘાતિયા કર્મ ઉપર વિજય પ્રાપ્ત કર્યો ત્યારે સમસ્ત સંસારનો સંતાપ નષ્ટ થઈ ગયો–સમસ્ત સંસારમાં શાંતિ છવાઈ ગઈ અને કેવળજ્ઞાનની ઉત્પત્તિરૂપ વાયુના સમૂહથી ત્રણેય લોકમાં ક્ષોભ ઉત્પન્ન થઈ ગયો. તે સમયે ક્ષોભને પ્રાપ્ત થયેલા સમુદ્રની લહેરોના શબ્દનું અનુકરણ કરતાં કલ્પવાસી દેવોના ઘંટ સમસ્ત સંસારને વાચાલિત કરી રહ્યા હતા. જ્યોતિષી દેવોના લોકમાં ખૂબ જ જોરથી સિંહનાદ થઈ રહ્યો હતો કે જેથી દેવતાઓના હાથી પણ મદ રહિત અવસ્થાને પ્રાપ્ત થયા હતા. વ્યંતર દેવોના ઘરોમાં નગારાઓનો એવો જોરદાર અવાજ થઈ રહ્યો હતો કે જે ગરજતા મેઘના શબ્દોનો પણ તિરસ્કાર કરી રહ્યા હતા. 'હે ભવનવાસી દેવો! તમે પણ આકાશમાં ચાલવાવાળા કલ્પવાસી દેવોની સાથે-સાથે ભગવાનના દર્શનથી ઉત્પન્ન થતાં સુખ-શાંતિને ગ્રહણ કરવા માટે આવો.' આ રીતે જોર-જોરથી ઘોષણા કરતાં શંખ ભવનવાસી દેવોના ભવનોમાં સ્વયમેવ શબ્દ કરવા લાગ્યા હતા. તે જ સમયે સમસ્ત ઈન્દ્રોના આસન પણ કંપાયમાન થઈ ગયા હતા કે જાણે જિનેન્દ્રદેવને ઘાતિયાકર્મોને જીતી લેવાથી જે ગર્વ થયું હતું તેને તેઓ સહન કરવા માટે અસમર્થ થઈને જ કંપાયમાન થવા લાગ્યા હતા. જેમણે પોતપોતાની સૂંઢના અગ્રભાગથી પકડીને કમળરૂપી અર્ઘ્ય ઉપર ઊઠાવ્યા છે અને જેઓ પર્વત સમાન ઉંચા છે એવા દેવોના હાથી નૃત્ય કરી રહ્યા હતા તથા તેઓ એવા જણાતા હતા કે જાણે મોટા-મોટા સર્પ સહિત પર્વત જ નૃત્ય કરી રહ્યા હોય! પોતાના લાંબા-લાંબા શાખાઓરૂપી હાથથી ચારે તરફ ફૂલ વરસાવતા કલ્પવૃક્ષ એવા સુશોભિત થઈ રહ્યા હતા કે જાણે ભગવાન માટે પુષ્પાંજલિ જ સમર્પિત કરી રહ્યા હોય! સમસ્ત દિશાઓ પ્રસન્નતાને પ્રાપ્ત થઈ રહી હતી, આકાશ મેઘ રહિત થઈને સુશોભિત થઈ રહ્યો હતો અને જેણે પૃથ્વીલોકને ધૂળ રહિત કરી દીધો હતો એવી ઠંડી-ઠંડી હવા ચાલી રહી હતી. આ રીતે, સંસારની અંદર અકસ્માત્ આનંદને વિસ્તૃત કરતો કેવળજ્ઞાનરૂપી ચંદ્ર સંસારને આનંદિત કરી રહ્યો હતો. અવધિજ્ઞાની ઈન્દ્રએ આ બધા

ચિહ્નોથી સંસારમાં વ્યાપ્ત થયેલા અને સંસારને નષ્ટ કરવાવાળા ભગવાન વૃષભદેવના કેવળજ્ઞાનરૂપી વૈભવને તરત જ જાણી લીધું હતું.

ત્યારબાદ, પરમ આનંદને ધારણ કરતો ઈન્દ્ર શીઘ્ર જ આસનથી ઊભો થયો અને તે આનંદના ભારથી નતમસ્તક થઈને ભગવાનને નમસ્કાર કર્યા. 'આ શું છે!' આ પ્રકારે ઘણા આશ્ચર્યથી પૂછતી ઈન્દ્રાણીને ઈન્દ્રએ ભગવાનના કેવળજ્ઞાનની ઉત્પત્તિના સમાચાર આપ્યા. ત્યારબાદ, જ્યારે પ્રસ્થાનની સૂચના આપવાવાળા નગારા જોર જોરથી શબ્દ કરી રહ્યા હતા ત્યારે ઈન્દ્ર અનેક દેવોથી પરિવૃત્ત થઈને ભગવાનના કેવળજ્ઞાનની પૂજા કરવા માટે નીકળ્યો. તે જ સમયે બલાહક દેવે એક 'કામગ' નામનું વિમાન બનાવ્યું હતું કે જેનો આકાર બલાહક અર્થાત્ મેઘ સમાન હતો અને જે જમ્બૂદ્વીપ પ્રમાણ હતું. તે વિમાન રત્નોનું બનેલું હતું અને મોતીઓની લટકતી માળાઓથી સુશોભિત થઈ રહ્યું હતું તથા તેના ઉપર કિંકીણીઓના શબ્દ થઈ રહ્યા હતા કે જેનાથી તે એવું જણાતું હતું કે જાણે સંતોષથી હસી જ રહ્યું હોય! જે આભિયોગ્ય જાતિના દેવોમાં મુખ્ય હતો એવા નાગદત્ત નામના દેવે વિક્રિયાઋદ્ધિથી એક ઐરાવત હાથી બનાવ્યો કે જે શરદ ઋતુના વાદળા સમાન સફેદ હતો, ખૂબ જ મોટો હતો અને તેણે પોતાની સફેદીથી સમસ્ત દિશાઓને સફેદ કરી દીધી હતી.

ત્યારબાદ, સૌધર્મ ઈન્દ્રએ પોતાની ઈન્દ્રાણી અને ઈશાન ઈન્દ્રની સાથે-સાથે વિક્રિયાઋદ્ધિથી બનેલા તે દિવ્ય વાહન ઉપર આરૂઢ થઈને પ્રસ્થાન કર્યું. સૌથી આગળ કિલ્વિષિક જાતિના દેવ જોર-જોરથી સુંદર નગારાના શબ્દ કરતાં જઈ રહ્યા હતા તથા તેની પાછળ સામાનિક, ત્રાયસ્ત્રિંશ, પારિષદ, આત્મરક્ષ, લોકપાલ, અનિક અને પ્રકીર્ણક જાતિના દેવ પોતપોતાની સવારીઓ ઉપર આરૂઢ થઈને ઈચ્છાનુસાર સૌધર્મ ઈન્દ્રની પાછળ-પાછળ જઈ રહ્યા હતા. તે સમયે અપ્સરાઓ નૃત્ય કરી રહી હતી, ગંધર્વદેવો વાજા વગાડી રહ્યા હતા અને કિન્નરી જાતિની દેવીઓ ગીતો ગાઈ રહી હતી. આ રીતે, તે દેવોની સેના ઘણા જ વૈભવ સહિત જઈ રહી હતી.

હવે અહીં, ઈન્દ્ર આદિ દેવોના કંઈક લક્ષણ કહેવામાં આવે છે. અન્ય દેવોમાં ન જોવા મળતાં અણિમા, મહિમા આદિ ગુણોથી જેઓ પરમ ઐશ્વર્યને પ્રાપ્ત હોય તેને ઈન્દ્ર કહે છે. જેઓ આજ્ઞા અને ઐશ્વર્ય વિના અન્ય બધા ગુણોથી ઈન્દ્ર સમાન હોય અને ઈન્દ્ર પણ જેને મોટો માનતો હોય તે સામાનિક દેવ કહેવાય છે. આ સામાનિક

જાતિના દેવ ઈન્દ્રના માતા-પિતા અને ગુરુતુલ્ય હોય છે. તથા તેઓ પોતાની માન્યતા અનુસાર ઈન્દ્ર સમાન જ સત્કાર પ્રાપ્ત કરે છે. ઈન્દ્રના પુરોહિત મંત્રી અને અમાત્ય સમાન જે દેવ હોય છે તે ત્રાયસ્ત્રિંશ કહેવાય છે. આ દેવ એક-એક ઈન્દ્રની સભામાં ગણતરીના તેત્રીસ-તેત્રીસ હોય છે. જેઓ ઈન્દ્રની સભામાં ઉપસ્થિત રહે છે તેને પારિષદ કહે છે. આ પારિષદ જાતિના દેવ ઈન્દ્રના મિત્ર સમાન હોય છે અને ઈન્દ્ર તેમના ઉપર અતિશય પ્રેમ રાખે છે. જે દેવ અંગરક્ષક સમાન તલવાર ઊઠાવીને ઈન્દ્રની ચારે તરફ ફરતા રહે છે તેને આત્મરક્ષ કહે છે. જો કે ઈન્દ્રને કાંઈપણ ભય નથી હોતો, તેમ છતાં તે દેવ ઈન્દ્રના વૈભવને દેખાડવા માટે જ તેની પાસે ફર્યા કરે છે. જે દુર્ગરક્ષક સમાન સ્વર્ગલોકની રક્ષા કરે છે તેને લોકપાલ કહે છે અને સેના સમાન પાયદળ આદિ જે સાત પ્રકારના દેવ છે તેને અનિક કહે છે. (હાથી, ઘોડા, રથ, પાયદળ, બળદ, ગંધર્વ અને નૃત્ય કરવાવાળી દેવીઓ– આ સાત પ્રકારની દેવોની સેના છે.) નગર તથા દેશોમાં રહેવાવાળા લોકો સમાન જે દેવ છે તેને પ્રકીર્ણક જાણવા અને જે નોકર-ચાકર સમાન છે તેઓ આભિયોગ્ય કહેવાય છે. જેમને કિલ્વિષ અર્થાત્ પાપકર્મનો ઉદય હોય તેમને કિલ્વિષિક દેવ કહે છે. આ દેવ અંત્યજોની (અસ્પૃશ્ય ગણાતી જાતિની) જેમ અન્ય દેવોથી બહાર રહે છે. તેમને જે કાંઈ થોડા પુણ્યનો ઉદય હોય છે તેને અનુરૂપ તેમને થોડી ૠદ્ધિઓ હોય છે. આ રીતે, પ્રત્યેક નિકાયમાં આ ઉપર કહેલા દસ-દસ પ્રકારના દેવ હોય છે, પરંતુ વ્યંતર અને જ્યોતિષી દેવ ત્રાયસ્ત્રિંશ તથા લોકપાલભેદથી રહિત હોય છે.

હવે, ઈન્દ્રના ઐરાવત હાથીનું પણ વર્ણન કરીએ છીએ. તેનો વંશ અર્થાત્ પીઠ પરનું હાડકું ખૂબ ઉંચું હતું, તેનું શરીર ખૂબ જ વિશાળ હતું, મસ્તક અતિશય ગોળ અને ઉંચું હતું, તેને અનેક મુખ હતા, અનેક દાંત હતા, અનેક સૂંઢ હતી, તેનું આસન ખૂબ જ મોટું હતું, તે અનેક લક્ષણ અને વ્યંજનોથી સહિત હતો, શક્તિશાળી હતો, શીઘ્ર ગમન કરવાવાળો હતો, બળવાન હતો, તે ઈચ્છાનુસાર ગમન કરી શકતો હતો, ઈચ્છાનુસાર રૂપ બનાવી શકતો હતો, અતિશય શૂરવીર હતો, તેના ખભા અતિશય ગોળ હતા, સમચતુરસ્રસંસ્થાનનો ધારક હતો, તેના શરીરના બંધન ઉત્તમ હતા, તે ધુરંધર હતો, તેના દાંત અને નેત્ર મનોહર તથા ચીકણા હતા. તેની ઉત્તમ સૂંઢ નીચે તરફ લટકતી ચંચળ, લાંબી, જાડી તથા અનુક્રમથી પાતળી થતી ગોળ અને સીધી હતી. પુષ્કર અર્થાત્ સૂંઢનો

અગ્રભાગ ચિકણો અને લાલ હતો કે જેમાં મોટા-મોટા છિદ્ર હતા અને મોટી-મોટી આંગળીઓ સમાન ચિહ્‌ન હતા. તેના શરીરનો પાછલો હિસ્સો ગોળ હતો, તે હાથી અતિશય ગંભીર અને સ્થિર હતો, તેનું વક્ષસ્થળ ખૂબ પહોળું અને મજબૂત હતું, તેના કાન ખૂબ જ ભારે શબ્દ કરી રહ્યા હતા. તેના કાનરૂપી પલ્લવ ખૂબ જ મનોહર હતા, તેના નખનો સમૂહ અર્ધચંદ્રાકાર હતો, તેની કાંતિ ઉત્તમ હતી. તેનું મુખ અને તાળવું લાલ હતા, તે પર્વત સમાન ઉંચો હતો, તેના ગંડસ્થળ ખૂબ જ ઉંચા હતા. તેના જઘન સુવર સમાન હતા, તે અતિશય લક્ષ્મીમાન હતો, તેનો અવાજ દુંદુંભી શબ્દ સમાન હતો, ઉચ્છ્‌વાસ સુગંધી અને દીર્ઘ હતો. તેનું આયુષ્ય અપરિમિત હતું અને બધા જ તેનો આદર કરતાં હતા. તે સાર્થક શબ્દાર્થનો જાણવાવાળો હતો, સ્વયં મંગળરૂપ હતો, તેનો સ્વભાવ પણ મંગળરૂપ હતો, તે શુભ હતો, યોની વિના ઉત્પન્ન થયો હતો, તેની જાતિ ઉત્તમ હતી અથવા તેનો જન્મ સૌથી ઉત્તમ હતો. તે પરાક્રમ, તેજ, બળ, શૂરતા, શક્તિ, સંહનન અને વેગ—આ સાત પ્રકારની પ્રતિષ્ઠાઓથી સહિત હતો. તે પોતાના કાન સમીપ બેઠેલી તે ભ્રમરીઓની પંક્તિને ધારણ કરી રહ્યો હતો તે કે જે ગંડસ્થળથી નીકળતા મદના ઝરણાઓથી ભીની થઈ ગઈ હતી અને એવી જણાતી હતી કે જાણે મદની બીજી ધારા જ હોય!

આ રીતે, અનેક મુખોથી વ્યાપ્ત થયેલો તે ગજરાજ એવો સુશોભિત થઈ રહ્યો હતો કે જાણે ભક્તિપૂર્વક આવેલા સંસારના સમસ્ત હાથી જ તેની સેવા કરી રહ્યા હોય! તે હાથીનું તાળવું અશોક વૃક્ષના પલ્લવ સમાન અતિશય લાલ હતું, તેથી તે એવો જણાતો હતો કે જાણે લાલ-લાલ તાળવાના છાયાના બહાનાથી ખાધેલા પત્તાઓ સારા ન લાગવાથી વારંવાર બહાર કાઢી રહ્યો હોય! તે હાથીના કર્ણરૂપી તાલના તાડનથી મૃદંગ સમાન ગંભીર શબ્દ થઈ રહ્યો હતો અને ત્યાં જ જે ભ્રમર બેઠા હતા તે વીણા સમાન શબ્દ કરી રહ્યા હતા, તે બંનેથી તે હાથી એવો જણાતો હતો કે જાણે તેણે વાજા વગાડવાનું જ શરૂ કર્યું હોય! તે હાથી, જેમાંથી ખૂબ જ લાંબા શ્વાસ નીકળી રહ્યા હતા એવી સૂંઢ અને મદજળી ધારાને ધારણ કરી રહ્યો હતો અને તે બંનેથી એવો સુશોભિત થઈ રહ્યો હતો કે જાણે નિર્ઝરણા અને સર્પ સહિત કોઈ પર્વતની જ શોભા ધારણ કરી રહ્યો હોય! તેના દાંતમાં જે મૃણાલ લાગેલા હતા તેનાથી તે એવો જણાઈ રહ્યો હતો કે જાણે ચંદ્રના ટુકડા સમાન ઉજ્જ્વળ દાંતોના અંકુરોથી જ સુશોભિત થઈ રહ્યો હોય! તે શોભાયમાન હાથી એક સરોવર સમાન જણાતો હતો કારણ કે જેવી રીતે સરોવર પુષ્કર અર્થાત્

કમળોની શોભાને ધારણ કરે છે, તેવી જ રીતે તે હાથી પણ પુષ્કર અર્થાત્ સૂંઢના અગ્રભાગની શોભા જ ધારણ કરી રહ્યો હતો અથવા તે હાથી એક ઉંચા કલ્પવૃક્ષ સમાન જણાતો હતો કારણ કે જેવી રીતે કલ્પવૃક્ષ દાન અર્થાત્ અભિલષિત વસ્તુઓની ઈચ્છા કરવાવાળા મનુષ્યોથી ઉપાસિત થાય છે, તેવી જ રીતે તે હાથી પણ દાન અર્થાત્ મદજળના અભિલાષી ભ્રમર દ્વારા ઉપાસિત થઈ રહ્યો હતો.

તેના વક્ષ:સ્થળ પર સોનાની સાંકળ પડી હોવાથી તે એવો જણાતો હતો કે સુવર્ણમય લતાઓથી ઢંકાયેલો પર્વત જ હોય! અને ગળામાં નક્ષત્રમાળા નામની માળા હોવાથી તે અશ્વિની આદિ નક્ષત્રોની માળાથી સુશોભિત શરદ્ઋતુ સમાન આકાશની શોભાને તિરસ્કૃત કરી રહ્યો હતો. જે ગળામાં પડેલી માળાથી શબ્દાયમાન થઈ રહ્યો છે એવા કંઠને ધારણ કરતો તે હાથી પક્ષીઓની પંક્તિથી ઘેરાયેલા કોઈ પર્વતના મધ્યભાગની શોભાને ધારણ કરી રહ્યો હતો. તે હાથી શબ્દ કરતાં સુવર્ણમયી બે ઘંટથી એવો જણાઈ રહ્યો હતો કે જાણે દેવોને જાણ કરવા માટે જિનેન્દ્રદેવની પૂજાની ઘોષણા જ કરી રહ્યો હોય! તે હાથીનું શરીર જંબૂદ્વીપ સમાન વિશાળ અને સ્થૂળ હતું તથા તે કુલાચલ સમાન લાંબા અને સરોવરોથી સુશોભિત દાંત ધારણ કરતો હતો, તેથી તે જંબૂદ્વીપ સમાન જણાતો હતો. તે હાથી પોતાના શરીરની સફેદીથી શ્વેત દ્વીપની શોભા ધારણ કરી રહ્યો હતો અને ઝરતાં મદજળના નિર્ઝરણાથી ચાલતાં કૈલાસ પર્વત સમાન સુશોભિત થઈ રહ્યો હતો. આ રીતે, હાથીઓની સેનાના અધિપતિ દેવે, જેના વિસ્તાર આદિનું વર્ણન ઉપર કરવામાં આવી ગયું એવો વિશાળ ઐરાવત હાથી બનાવ્યો.

જેવી રીતે, કોઈ પર્વતના શિખર ઉપર ખીલેલા કમળોથી યુક્ત સરોવર સુશોભિત હોય છે, તેવી જ રીતે તે ઐરાવત હાથી ઉપર આરૂઢ થયેલો ઈન્દ્ર પણ અતિશય સુશોભિત થઈ રહ્યો હતો. તે હાથીને બત્રીસ મુખ હતા, પ્રત્યેક મુખમાં આઠ-આઠ દાંત હતા, એક-એક દાંત ઉપર એક-એક સરોવર હતું, એક-એક સરોવરમાં એક-એક કમલિની હતી, એક-એક કમલિનીમાં બત્રીસ-બત્રીસ કમળ હતા, એક-એક કમળમાં બત્રીસ-બત્રીસ દળ હતા અને તે લાંબા-લાંબા પ્રત્યેક દળ ઉપર, જેના મુખરૂપી કમળ મંદ હાસ્યથી સુશોભિત છે, જેના નૈણ અતિશય સુંદર છે અને દર્શકોના ચિત્તરૂપી વૃક્ષોમાં આનંદરૂપી અંકુર ઉત્પન્ન કરાવી રહી છે તેવી બત્રીસ-બત્રીસ અપ્સરાઓ લય સહિત નૃત્ય કરી રહી હતી. જે હાસ્ય અને શ્રૃંગારરસથી ભરેલું હતું, જે ભાવ અને લય સહિત હતું તથા જેમાં

કૌશિકી નામની વૃત્તિનો જ અધિકતર પ્રયોગ થઈ રહ્યો હતો એવા અપ્સરાઓના તે નૃત્યને જોતાં દેવગણ ખૂબ જ પ્રસન્ન થઈ રહ્યા હતા. પ્રયાણના સમયે ઈન્દ્રની આગળ અનેક અપ્સરાઓ નૃત્ય કરી રહી હતી અને જેના કંઠ અનેક રાગ-રાગિનિઓથી ભરેલા છે એવી કિન્નરી દેવીઓ જિનેન્દ્રદેવના વિજયગીત ગાઈ રહી હતી. ત્યારબાદ, જેમાં અનેક પતાકાઓ લહેરાઈ રહી હતી, જેમાં છત્ર અને ચમર સુશોભિત થઈ રહ્યા હતા અને જેમાં ચારે તરફ દેવ જ દેવ ફેલાયેલા હતા તેવા બત્રીસ ઈન્દ્રોની સેના ફેલાઈ ગઈ.

જે સમયે તે પ્રકાશમાન દેવોની સેના નીચે તરફ આવી રહી હતી તે સમયે એવું જણાતું હતું કે જાણે જ્યોતિષી દેવોની એક બીજી જ સૃષ્ટિ ઉત્પન્ન થઈ હોય અને તેથી જ જ્યોતિષી દેવોના સમૂહ લજ્જાથી કાંતિ રહિત થઈને અદશ્ય થઈ ગયા હોય! તે સમયે તે આકાશ દેવોના શરીરની કાંતિરૂપી વિજળી, દેવોના આભૂષણરૂપી ઈન્દ્રધનુષ અને દેવોના હાથીરૂપી કાળા વાદળોથી વર્ષાૠતુની શોભા ધારણ કરી રહ્યું હતું. આ રીતે, જ્યારે બધા જ દેવ પોતપોતાની દેવીઓ સહિત સવારી અને વિમાનોની સાથે-સાથે આવી રહ્યા હતા ત્યારે સ્વર્ગલોક ઘણા સમય સુધી શૂન્ય થઈ ગયું હતું. આ રીતે, તે સમયે સમસ્ત આકાશને ઘેરીને આવેલા સુર અને અસુરોથી આ જગત એવું સુશોભિત થઈ રહ્યું હતું કે જાણે ઉત્પન્ન થતું થકું કોઈ બીજું દિવ્ય સ્વર્ગ જ હોય!

ત્યારબાદ, જેમાં દેવરૂપી કારીગરોએ સેંકડો પ્રકારની ઉત્તમ-ઉત્તમ રચના કરી છે એવા ભગવાન વૃષભદેવનું સમવસરણ દેવોએ દૂરથી જ જોયું. જે બાર યોજન વિસ્તારવાળું છે અને જેનો તળભાગ અતિશય દૈદીપ્યમાન થઈ રહ્યો છે એવું ઈન્દ્રનીલમણિઓથી બનેલું તે ભગવાનનું સમવસરણ ખૂબ જ સુશોભિત થઈ રહ્યું હતું. ઈન્દ્રનીલમણિઓથી બનેલું અને ચારે તરફથી ગોળાકાર તે સમવસરણ એવું જણાતું હતું કે જાણે ત્રણ લોકની લક્ષ્મીનું મુખ જોવા માટે મંગળરૂપ એક દર્પણ જ હોય! જે સમવસરણ બનાવવામાં, બધા જ કાર્યમાં સમર્થ, ઈન્દ્ર સ્વયં સૂત્રધાર હતો એવા તે સમવસરણની વાસ્તવિક રચનાનું વર્ણન કોણ કરી શકે છે?—કોઈ કરી શકતું નથી. તેમ છતાં તેની શોભાના સમૂહનું થોડું વર્ણન કરું છું, કારણ કે તે સાંભળવાથી ભવ્યજીવોના મન પ્રસન્નતાને પ્રાપ્ત થશે.

સમવસરણની બહારના ભાગમાં રત્નોની ધૂળથી બનેલો એક ધૂલિસાલ નામનો ઘેરો હતો કે જેની કાંતિ અતિશય દૈદીપ્યમાન હતી અને જે પોતાની સમીપના ભૂ ભાગને અલંકૃત કરી રહ્યો હતો. તે ધૂલિસાલ એવું સુંદર

જણાતું હતું કે અતિશય દેદીપ્યમાન વલયનો આકાર ધારણ કરતું ઈન્દ્રધનુષ ધૂલિસાલના બહાને તે સમવસરણભૂમિની સેવા કરી રહ્યું હોય! કટિસૂત્રની શોભા ધારણ કરતું અને વલયના આકારના તે ધૂલિસાલનો ઘેરો જિનેન્દ્રદેવના સમવસરણને ચારે તરફથી ઘેરેલો હતો. અનેક પ્રકારના રત્નોની ધૂળથી બનેલો તે ધૂલિસાલ ક્યાંક તો અંજનના સમૂહ સમાન કાળો સુશોભિત થઈ રહ્યો હતો, ક્યાંક સુવર્ણ સમાન પીળો જણાઈ રહ્યો હતો અને ક્યાંક મૂંગાની (લાલ રત્નની) કાંતિ સમાન લાલ પ્રકાશિત થઈ રહ્યો હતો. આ સિવાય તે નાના-મોટા રત્નોની કિરણાવલીઓથી આકાશને પણ વ્યાપ્ત કરી રહ્યો હતો. આ ધૂલીસાલની બહાર ચારે દિશાઓમાં સુવર્ણમય સ્તંભના અગ્રભાગ પર અવલંબિત તોરણદ્વાર સુશોભિત થઈ રહ્યા હતા, તે તોરણોમાં મત્સ્યના આકાર બનાવવામાં આવ્યા હતા અને તેના ઉપર રત્નોની માળાઓ લટકી રહી હતી.

તે ધૂલીસાલની અંદર થોડા આગળ જતા ગલીઓની વચ્ચોવચ્ચ સુવર્ણના બનેલા અને અતિશય ઉંચા માનસ્તંભ સુશોભિત થઈ રહ્યા હતા. ભાવાર્થ—ચારે દિશાઓમાં એક-એક માનસ્તંભ હતા. જે જગતી (પૃથ્વી) પર માનસ્તંભ હતા તે જગતી ચાર-ચાર ગોપુર દ્વારોથી યુક્ત ત્રણ કોટથી ઘેરાયેલી હતી કે જેની વચ્ચે એક પીઠિકા હતી. તે પીઠિકા ત્રણેય લોકના સ્વામી જિનેન્દ્રદેવના અભિષેકના જળથી પવિત્ર હતી. તેના ઉપર ચડવા માટે સુવર્ણની સોળ સીડીઓ હતી. મનુષ્ય, દેવ, દાનવ આદિ બધા જ તેની પૂજા કરતાં હતા અને તેના ઉપર સદાય પૂજા માટે પુષ્પોનો ઉપહાર રાખેલો રહેતો હતો, એવી તે પીઠિકા પર આકાશનો સ્પર્શ કરતો માનસ્તંભ સુશોભિત થઈ રહ્યો હતો કે જે દૂરથી જ દેખાતા મિથ્યાદ્રષ્ટિજીવોનું અભિમાન તરત જ નષ્ટ કરી દેતા હતા. તે માનસ્તંભ આકાશમાં સ્પર્શ કરી રહ્યા હતા, મહાપ્રમાણના ધારક હતા, ઘંટાઓથી ઘેરાયેલા હતા અને ચમર તથા ધ્વજાઓ સહિત હોવાથી દિગ્ગજ સમાન સુશોભિત થઈ રહ્યા હતા. કારણ કે દિગ્ગજ પણ આકાશનો સ્પર્શ કરવાવાળા મહાપ્રમાણના ધારક, ઘંટાઓથી યુક્ત તથા ચમર અને ધ્વજાઓ સહિત હોય છે. ચાર માનસ્તંભ ચાર દિશાઓમાં સુશોભિત થઈ રહ્યા એવા જણાતા હતા કે જાણે તે માનસ્તંભોના છળથી (દેખાવથી) ભગવાનના અનંત ચતુષ્ટય જ પ્રગટ થયા હોય! તે માનસ્તંભના મૂળ ભાગમાં જિનેન્દ્ર ભગવાનની સુવર્ણમય પ્રતિમાઓ બિરાજમાન હતી કે જેનો ઈન્દ્રગણ ક્ષીરસાગરના જળથી અભિષેક કરી પૂજા કરતાં હતા. તે માનસ્તંભ નિરંતર વાગતા મોટા-મોટા

વાજાઓથી નિરંતર થવાવાળા મંગળમય ગીતો અને નિરંતર પ્રવૃત્ત રહેવાવાળા નૃત્યોથી સદાય સુશોભિત રહેતા હતા. ઉપર જગતીની વચ્ચે જે પીઠિકાનું વર્ણન કરવામાં આવી ગયું છે તેના મધ્યભાગમાં ત્રણ કટનીદાર એક પીઠ હતો. તે પીઠના અગ્રભાગ પર તે માનસ્તંભ પ્રતિષ્ઠિત હતો, તેનો મૂળભાગ ખૂબ જ સુંદર હતો, તે સુવર્ણના બનેલા હતા, તે ખૂબ જ ઉંચા હતા, તેના મસ્તક પર ત્રણ છત્ર ફરી રહ્યા હતા. ઈન્દ્ર દ્વારા બનાવવામાં આવેલા હોવાના કારણે તેનું બીજું નામ ઈન્દ્રધ્વજ પણ પ્રસિદ્ધ થઈ ગયું હતું. તેને જોતાં જ મિથ્યાદૃષ્ટિ જીવોનું બધું માન નષ્ટ થઈ જતું હતું, તેનું પરિમાણ ખૂબ જ ઉંચું હતું અને ત્રણ લોકના જીવ તેનું સન્માન કરતાં હોવાથી વિદ્વાન લોકો તેને માનસ્તંભ સાર્થક નામથી બોલાવે છે.

જે અનેક પ્રકારના કમળથી સહિત છે, જેમાં સ્વચ્છ જળ ભરેલું છે, જેમાં ભવ્યજીવોની વિશુદ્ધતા જણાય છે એવી વાવડીઓ તે માનસ્તંભને સમીપવર્તી ભૂભાગને અલંકૃત કરી રહી હતી. જે ખીલેલા સફેદ અને વાદળી કમળરૂપી સંપદાથી સહિત હતી એવી તે વાવડીઓ એવી રીતે સુશોભિત થઈ રહી હતી કે જાણે ભક્તિપૂર્વક જિનેન્દ્રદેવની લક્ષ્મીને જોવા માટે પૃથ્વીએ પોતાના નેત્ર જ ખોલ્યા હોય! તે વાવડીઓ એક-એક દિશામાં ચાર-ચાર હતી. તે વાવડીઓમાં મણિઓની સીડી લાગેલી હતી, તેના કિનારાની ઉંચી ઊઠેલી જમીન સ્ફટિકમણિની બનેલી હતી અને તેમાં પૃથ્વીથી નીકળતું લાવણ્યરૂપી જળ ભરેલું હતું. આ રીતે, તે નંદોત્તરા આદિ નામને ધારણ કરવાવાળી પ્રસિદ્ધ વાવડીઓ કૃત્રિમ રીતે નદી સમાન જ સુશોભિત થઈ રહી હતી.

તે વાવડીઓથી થોડે દૂર આગળ જતા પ્રત્યેક વીથી–ગલીને છોડીને જળથી ભરેલી એક પરિખા હતી કે જે કમળથી વ્યાપ્ત હતી અને સમવસરણની ભૂમિને ચારે તરફથી ઘેરેલી હતી. સ્વચ્છજળથી ભરેલી અને મનુષ્યોને પવિત્ર કરવાવાળી તે પરિખા એવી સુશોભિત થઈ રહી હતી કે જાણે પરિખાનું રૂપ ધારીને આકાશગંગા જ ભગવાનની સેવા કરવા માટે આવી હોય! તે પરિખા સ્ફટીકમણિના નિષ્યંદ સમાન સ્વચ્છ જળથી ભરેલી હતી અને તેમાં સમસ્ત તારા તથા નક્ષત્રોનું પ્રતિબિંબ પડી રહ્યું હોવાથી તે આકાશની શોભા ધારણ કરી રહી હતી. તે પરિખા પોતાના રત્નમયી કિનારાઓ ઉપર મધુર શબ્દ કરતાં પક્ષીઓની માળા ધારણ કરી રહી હોવાથી એવી જણાતી હતી કે જાણે લહેરોરૂપી હાથ દ્વારા પકડવાયોગ્ય ઉત્તમ કાંતિવાન કરધની જ ધારણ કરી રહી હોય!

તે પરિખાની અંદર ભૂભાગને એક લતાવન ઘેરેલું હતું કે જે લતાવન, લતાઓ, નાની-નાની ઝાડીઓ અને વૃક્ષોમાં ઉત્પન્ન થયેલા બધી જ ઋતુઓના ફળોથી સુશોભિત થઈ રહ્યું હતું. તે લતાવનમાં પુષ્પરૂપી હાસ્યથી ઉજ્જ્વળ અનેક પુષ્પલતાઓ સુશોભિત થઈ રહી હતી કે જે સ્પષ્ટરૂપથી એવી જણાતી હતી કે જાણે દેવાંગનાઓના મંદ હાસ્યનું જ અનુકરણ કરી રહી હોય! ફૂલોની મંજરીઓના સમૂહથી સઘન પરાગને ગ્રહણ કરતો અને લતાઓને હલાવતો વાયુ તે લતાવનમાં ધીરે-ધીરે વહી રહ્યો હતો. તે લતાવનમાં બનેલા મનોહર ક્રીડા-પર્વત, શૈયાઓથી સુશોભિત લતાગૃહ અને ઠંડી-ઠંડી હવા દેવાંગનાઓને સંતુષ્ટ કરતી હતી. તે વનના લતાગૃહોની વચ્ચે પડેલી બર્ફ સમાન શીતળ સ્પર્શવાળી ચંદ્રકાંતમણિની શિલાઓ ઈન્દ્રોના વિશ્રામ માટે હતી.

તે લતાવનની અંદર થોડો માર્ગ આગળ વધીને નિષધ પર્વતના આકારનો પહેલો કોટ હતો કે જે તે સમવસરણની ભૂમિને ચારે તરફથી ઘેરેલો હતો. તે સમવસરણભૂમિની ચારે તરફ સ્થિત રહેવાવાળો તે કોટ એવો સુશોભિત થઈ રહ્યો હતો કે જાણે મનુષ્યલોકની ભૂમિની ચારે તરફ સ્થિત થયેલો માનુષોત્તર પર્વત જ હોય! તે કોટને જોઈને એવું જણાતું હતું કે જાણે આકાશરૂપી આંગણાને ચિત્ર-વિચિત્ર કરવાવાળા સેંકડો ઈન્દ્રધનુષોના સમૂહ જ કોટના બહાનાથી આવીને તે સમવસરણ-ભૂમિને અલંકૃત કરી રહ્યા હોય! તે કોટના ઉપરના ભાગ પર સ્પષ્ટ દેખાતા જે મોતીઓના સમૂહ જડેલાં હતા, તે 'શું આ તારાઓનો જ સમૂહ છે?' આ રીતે લોકોની શંકાને પ્રાપ્ત કરી રહ્યા હતા. તે કોટમાં કોઈ-કોઈ જગ્યાએ જે મૂંગાઓના (લાલમણિના) સમૂહ લાગેલા હતા, તે પદ્મરાગમણિઓના કિરણોથી વધારે લાલ થઈ ગયા હતા અને સંધ્યાકાળના વાદળોની શોભા પ્રગટ કરવા માટે સમર્થ થઈ રહ્યા હતા. તે કોટ કોઈ જગ્યાએ તો નવીન મેઘ સમાન કાળો હતો, કોઈ જગ્યાએ ઘાસ સમાન લીલો હતો, કોઈ જગ્યાએ ઈન્દ્રગોપ સમાન લાલ હતો, કોઈ જગ્યાએ વિજળી સમાન પીળો હતો અને કોઈ જગ્યાએ અનેક પ્રકારના રત્નોના કિરણોથી ઈન્દ્રધનુષની શોભા ઉત્પન્ન કરી રહ્યો હતો. આ રીતે, તે વર્ષાકાળની શોભાની વિડમ્બના (અનુકરણ) કરી રહ્યો હતો.

તે કોટ કોઈ જગ્યાએ તો યુગલરૂપથી બનેલા હાથી, ઘોડા અને વાઘના આકારથી વ્યાપ્ત થઈ રહ્યો હતો, કોઈ જગ્યાએ પોપટ, હંસ અને મયૂરોના જોડાથી ઉદ્‌ભાસિત થઈ રહ્યો હતો અને કોઈ જગ્યાએ અનેક પ્રકારના

રત્નોથી બનેલા મનુષ્ય અને સ્ત્રીઓના જોડાઓથી સુશોભિત થઈ રહ્યો હતો, કોઈ જગ્યાએ અંદર અને બહાર તરફ બનેલી કલ્પલતાઓથી ચિત્રિત થઈ રહ્યો હતો, કોઈ જગ્યાએ ચમકતાં રત્નોના કિરણોથી હસતો હોય એવો જણાઈ રહ્યો હતો અને કોઈ જગ્યાએ ફેલાયેલી પ્રતિધ્વનિથી સિંહનાદ કરતો હોય તેવો જણાઈ રહ્યો હતો. જેનો આકાર ખૂબ જ દૈદીપ્યમાન છે, જેણે પોતાના ચમકતા રત્નોના કિરણોથી આકાશરૂપી આંગણને ઘેરી લીધું છે અને જે નિષધ કુલાચલ સાથે ઈર્ષ્યા કરવાવાળો છે એવો તે કોટ ખૂબ જ શોભાયમાન થઈ રહ્યો હતો.

તે કોટની ચારે દિશામાં ચાંદીના બનેલા ચાર મોટા-મોટા ગોપુર દ્વાર સુશોભિત થઈ રહ્યા હતા કે જે વિજયાર્ધ પર્વતના શિખર સમાન આકાશનો સ્પર્શ કરી રહ્યા હતા. ચાંદનીના સમૂહ સમાન નિર્મળ, ઉંચા અને ત્રણ-ત્રણ ખંડવાળા તે ગોપુરદ્વાર એવા સુશોભિત થઈ રહ્યા હતા કે જાણે ત્રણેય લોકની શોભાને જીતીને હસી જ રહ્યા હોય! તે ગોપુરદ્વાર પદ્મરાગમણિના બનેલા અને આકાશનું ઉલ્લંઘન કરવાવાળા શિખરો સહિત હતા તથા પોતાના ફેલાતા લાલ-લાલ કિરણોના સમૂહથી એવા જણાતા હતા કે જાણે દિશાઓને નવા-નવા પત્તાઓથી યુક્ત જ કરી રહ્યા હોય! આ ગોપુર-દરવાજાઓ ઉપર કેટલાય ગાવાવાળા દેવ જગદ્‌ગુરુ ભગવાન વૃષભદેવના ગુણગાન કરી રહ્યા હતા, કેટલાય તેમને સાંભળી રહ્યા હતા અને કેટલાય નૃત્ય કરી રહ્યા હતા. તે ગોપુરદ્વારોમાંથી પ્રત્યેક દ્વાર પર ભૃંગાર, કળશ અને દર્પણ આદિ એકસો આઠ મંગળ દ્રવ્યરૂપી સંપદાઓ સુશોભિત થઈ રહી હતી તથા પ્રત્યેક દ્વાર પર રત્નમય આભૂષણોની કાંતિના ભારથી આકાશને અનેક વર્ણનું કરવાવાળા સો-સો તોરણ શોભાયમાન થઈ રહ્યા હતા. તે પ્રત્યેક તોરણોમાં જે આભૂષણ બાંધેલા હતા તે એવા જણાતા હતા કે જાણે સ્વભાવથી જ સુંદર ભગવાનના શરીરમાં પોતાના માટે અવકાશ ન જોઈને તે તોરણોમાં જ આવીને બંધાઈ ગયા હોય! તે ગોપુરદ્વારોની સમીપ પ્રદેશોમાં જે શંખ આદિ નવ નિધિઓ રાખેલી હતી, તે જિનેન્દ્ર ભગવાનના ત્રણેય લોકને ઉલ્લંઘન કરવાવાળા મહાન પ્રભાવને સૂચિત કરી રહી હતી અથવા દ્વારની બહાર રાખેલી તે નિધિઓ એવી જણાતી હતી કે જાણે મોહરહિત ત્રણેય લોકના સ્વામી ભગવાન જિનેન્દ્રદેવે તેનો તિરસ્કાર કરી દીધો હોવાથી દ્વારની બહાર સ્થિત રહીને દૂરથી જ તેમની સેવા કરી રહી હોય!

તે ગોપુરદ્વારોની અંદર જે વિશાળ માર્ગ હતો તેની બંને તરફ બે નાટ્યશાળાઓ હતી. આ રીતે ચારે

દિશાઓના પ્રત્યેક ગોપુરદ્વારમાં બે-બે નાટ્યશાળાઓ હતી. તે બંને નાટ્યશાળાઓ ત્રણ-ત્રણ ખંડની હતી અને તેનાથી એવી જણાતી હતી કે જાણે લોકો માટે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના ભેદથી ત્રણ ભેદવાળો મોક્ષનો માર્ગ દેખાડવા માટે જ તૈયાર હોય! જેના મોટા-મોટા સ્તંભ સુવર્ણના બનેલા છે, જેની દિવાલો દૈદીપ્યમાન સ્ફટિકની બનેલી છે અને જેમણે પોતાના રત્નોના બનેલા શિખરોથી આકાશના પ્રદેશને વ્યાપ્ત કરી દીધો છે એવી તે બંને નાટ્યશાળાઓ ખૂબ જ સુશોભિત થઈ રહી હતી. તે નાટ્યશાળાઓની રંગભૂમિઓમાં એવી અનેક દેવાંગનાઓ નૃત્ય કરી રહી હતી કે જેના શરીર પોતાના કાંતિરૂપી સરોવરમાં ડૂબેલા હતા અને જેનાથી તેઓ વિજળી સમાન સુશોભિત થઈ રહી હતી. તે નાટ્યશાળાઓમાં ભેગી થયેલી દેવાંગનાઓ જિનેન્દ્રદેવના વિજયગીત ગાઈ રહી હતી અને તે જ વિજયનો અભિનય કરતી પુષ્પાંજલિ અર્પણ કરી રહી હતી. તે નાટ્યશાળાઓમાં વીણાના અવાજની સાથે-સાથે જે મૃદંગનો અવાજ થઈ રહ્યો હતો તે મયૂરોને વર્ષાઋતુના પ્રારંભ થવાની શંકા કરી રહ્યો હતો. તે બંને નાટ્યશાળાઓ શરદઋતુના વાદળ સમાન સફેદ હોવાથી તેમાં નૃત્ય કરતી તે દેવાંગનાઓ વિજળીની શોભા ફેલાવી રહી હતી. તે નાટ્યશાળાઓમાં કિન્નર જાતિના દેવ ઉત્તમ સંગીતની સાથે-સાથે મધુર શબ્દોની વીણા વગાડી રહ્યા હતા કે જેથી જોવાવાળાની ચિત્તવૃત્તિઓ અતિશય આસક્ત થઈ રહી હતી.

તે નાટ્યશાળાઓથી થોડા આગળ ચાલતા ગલીઓની બંને તરફ બે-બે ધૂપઘટ રાખેલા હતા કે જે ફેલાતાં ધૂપના ધુમાડાથી આકાશરૂપી આંગણને વ્યાપ્ત કરી રહ્યા હતા. તે ધૂપઘટોના ધુમાડાથી ભરેલા આકાશને જોઈને આકાશમાં ચાલવાવાળા દેવ અથવા વિદ્યાધર અસમયમાં જ વર્ષાઋતુના મેઘની આશંકા કરવા લાગ્યા હતા. મંદ-મંદ વાયુને વશ ઉડેલું અને દિશાઓને સુગંધિત કરતું તે ધૂપ એવું સુશોભિત થઈ રહ્યું હતું કે જાણે ઉચ્છ્વાસ લેવાથી પ્રગટ થયેલી પૃથ્વીદેવીના મુખની સુગંધ જ હોય! તે ધૂપની સુગંધને સૂંઘીને બધી તરફ ફેલાયેલી ભ્રમરોની પંક્તિઓ દિશારૂપી સ્ત્રીઓના મુખ ઉપર ફેલાયેલા કેશની શોભા વધારી રહ્યા હતા. ત્યાં મેઘની ગર્જનાને જીતવાવાળા મૃદંગોના શબ્દોથી તથા પડતી પુષ્પવૃષ્ટિથી સદાય વર્ષાકાળ વિદ્યમાન રહેતો હતો.

ધૂપઘટથી થોડે આગળ ચાલીને મુખ્યગલીઓના બાજુમાં ચાર-ચાર વનની વિથિઓ (રસ્તાઓ) હતી કે જે એવી જણાતી હતી કે જાણે નંદન આદિ વનોની શ્રેણીઓ જ ભગવાનના દર્શન કરવા માટે આવી હોય! તે ચારેય

વન—અશોક, સપ્તપર્ણ, ચંપક અને આમ્રવૃક્ષોના હતા, તે બધા ઉપર ફૂલ ખીલેલા હતા કે જેથી તે એવા જણાતા હતા કે જાણે સંતોષથી હસી જ રહ્યા હોય! ફળ અને ફૂલોથી સુશોભિત અનેક પ્રકારના વૃક્ષોથી તે વન એવા જણાઈ રહ્યા હતા કે જાણે જગદ્‌ગુરુ જિનેન્દ્રદેવ માટે અર્ઘ્ય લઈને જ ઊભા હોય! તે વનોમાં જે વૃક્ષ હતા તે પવનથી હલતી શાખાઓથી એવા સુશોભિત થઈ રહ્યા હતા કે જાણે હર્ષથી હાથ હલાવી-હલાવીને વારંવાર નૃત્ય જ કરી રહ્યા હોય! અથવા તે વૃક્ષ ઉત્તમ છાયાથી સહિત હતા, અનેક ફળોથી યુક્ત હતા, ઉંચા હતા, મનુષ્યને સંતોષના કારણ હતા, સુખ દેવાવાળા અને શીતળ હોવાથી કોઈ ઉત્તમ રાજાઓ સમાન જણાઈ રહ્યા હતા. કોઈ-કોઈ જગ્યાએ વિરલરૂપથી તે વૃક્ષ ઉપરથી ફૂલ છોડી રહ્યા હતા કે જેથી એવા જણાતા હતા કે જાણે જગદ્‌ગુરુ ભગવાનને ભક્તિપૂર્વક ફૂલોની ભેટ જ આપી રહ્યા હોય! કોઈ-કોઈ જગ્યાએ મધુર શબ્દ કરતાં ભ્રમરોના મંદ મનોહર શબ્દોથી તે વન એવા જણાતા હતા કે જાણે ચારે તરફથી કામદેવની તર્જના જ કરી રહ્યા હોય! તે વનોમાં કોયલોના જે મધુર શબ્દ થઈ રહ્યા હતા તેનાથી તે વન એવા સુશોભિત થઈ રહ્યા હતા કે જાણે જિનેન્દ્ર ભગવાનની સેવા કરવા માટે ઈન્દ્રોને જ બોલાવી રહ્યા હોય! તે વનોમાં વૃક્ષોની નીચેની પૃથ્વી ફૂલોના પરાગથી ઢંકાયેલી એવી સુશોભિત થઈ રહી હતી કે જાણે તેનો તળભાગ સુવર્ણની ધૂળથી જ ઢંકાઈ ગયો હોય!

આ રીતે, તે વન વૃક્ષોથી ખૂબ જ રમણીય જણાઈ રહ્યા હતા. ત્યાં થવાવાળી ફૂલોની વર્ષા, ઋતુઓના પરિવર્તનને ક્યારેય પણ જોતી ન હતી. તે વનોના વૃક્ષ એટલા પ્રકાશમાન હતા કે ત્યાં ન તો રાતનો વ્યવહાર થતો કે ન તો દિવસનો! ત્યાં સૂર્યના કિરણોનો પ્રવેશ નહોતો થઈ શકતો, તેથી એવું જણાતું હતુ કે જાણે ત્યાંના વૃક્ષોની શીતળતાથી જ ડરીને સૂર્યએ પોતાના હાથ-પોતાના કિરણોનો સંકોચ કરી લીધો હતો. તે વનોની અંદર કોઈ જગ્યાએ તિખૂટી અને કોઈ જગ્યાએ ચૌખૂટી વાવડીઓ દેવાંગનાઓની કેશરથી પીળી-પીળી થઈ રહી હતી. તે વનોમાં કોઈ જગ્યાએ કમળોથી યુક્ત નાના-નાના તળાવ હતા, કોઈ જગ્યાએ કૃત્રિમ પર્વત બનેલા હતા અને કોઈ જગ્યાએ મનોહર મહેલ બનેલા હતા અને કોઈ જગ્યાએ ક્રીડા મંડપ બનેલા હતા, કોઈ સુંદર વસ્તુઓ જોવાના ઘર બનેલા હતા, કોઈ જગ્યાએ ચિત્રશાળાઓ બનેલી હતી અને કોઈ જગ્યાએ એક ખંડની અથવા બે-ત્રણ આદિ ખંડની મોટા-મોટા મહેલોની પંક્તિઓ બનેલી હતી, કોઈ જગ્યાએ લીલા ઘાસથી યુક્ત ભૂમિ હતી, કોઈ જગ્યાએ

ઇન્દ્રગોપ નામના કીડાઓથી વ્યાપ્ત ભૂમિ હતી, કોઈ જગ્યાએ અતિશય મનોજ્ઞ તળાવ હતા અને કોઈ જગ્યાએ રેતીના કિનારાથી સુશોભિત નદીઓ વહી રહી હતી.

તે ચારેય વનમાંથી પહેલો અશોકવન કે જે પ્રાણીઓના શોકને નષ્ટ કરવાવાળો હતો, લાલ રંગના ફૂલ અને નવીન પત્તાઓથી એવો સુશોભિત થઈ રહ્યો હતો કે જાણે પોતાનો અનુરાગ જ વમન કરી રહ્યો હોય! પ્રત્યેક ગાંઠ પર સાત-સાત પત્તાઓને ધારણ કરવાવાળા સપ્તચ્છદ વૃક્ષોનું બીજુ વન પણ સુશોભિત થઈ રહ્યું એવું જણાઈ રહ્યું હતું કે જાણે પ્રત્યેક પર્વ પર ભગવાનના સજ્જાતિત્વ, સદ્‌ગૃહસ્થત્વ, પારિવ્રાજ્ય આદિ સાત પરમ સ્થાનોને દેખાડી રહ્યા હોય! ફૂલોના ભારથી સુશોભિત ત્રીજું ચંપક વૃક્ષોનું વન પણ સુશોભિત થઈ રહ્યું હતું અને તે એવું જણાઈ રહ્યું હતું કે જાણે ભગવાનની સેવા કરવા માટે દીપાંગ જાતિના કલ્પવૃક્ષોનું વન જ આવ્યું હોય! કોયલોના મધુર શબ્દોથી મનોહર ચોથું આમ્રવૃક્ષોનું વન પણ એવું સુશોભિત થઈ રહ્યું હતું કે જાણે પવિત્ર ઉપદેશ દેવાવાળા ભગવાનની ભક્તિથી સ્તુતિ જ કરી રહ્યું હોય!

અશોકવનના મધ્યભાગમાં એક વિશાળ અશોકનું વૃક્ષ હતું કે જે સુવર્ણની બનેલી ત્રણ કટનીદાર ઉંચી પીઠિકા પર સ્થિત હતું. તે વૃક્ષ, જેમાં ચાર-ચાર ગોપુરદ્વાર બનેલા છે એવા ત્રણ કોટથી ઘેરાયેલું હતું તથા તેની સમીપ જ છત્ર, ચમર, ભૃંગાર અને કળશ આદિ મંગલ દ્રવ્ય રાખેલા હતા. જેવી રીતે જંબૂદ્વીપની મધ્યભૂમિમાં જંબૂવૃક્ષ સુશોભિત હોય છે તેવી જ રીતે તે અશોકવનની મધ્યભૂમિમાં તે અશોક નામનું ચૈત્યવૃક્ષ સુશોભિત થઈ રહ્યું હતું. સમસ્ત દિશાઓને સુગંધિત કરવાવાળા ફૂલોથી જેણે આકાશને વ્યાપ્ત કરી લીધું છે એવું તે ચૈત્યવૃક્ષ એવું સુશોભિત થઈ રહ્યું હતું કે જાણે સિદ્ધ-વિદ્યાધરોના માર્ગને જ રોકી રહ્યું હોય! તે વૃક્ષ નીલમણિઓના બનેલા અનેક પ્રકારના પત્તાઓથી વ્યાપ્ત થઈ રહ્યું હતું અને પદ્મરાગમણિઓના બનેલા ફૂલોના ગુચ્છાઓથી ઘેરાયેલું હતું. તે ચૈત્યવૃક્ષ સુર, અસુર અને નરેન્દ્ર આદિના મનરૂપી હાથીઓને બાંધવા માટે સ્તંભ સમાન હતું તથા તેણે પોતાના પ્રભામંડળથી સમસ્ત દિશાઓને પ્રકાશિત કરી રાખ્યા હતા. તે વૃક્ષ મોતીઓની ઝાલરથી સુશોભિત ત્રણ છત્રોને પોતાના મસ્તક ઉપર ધારણ કરી રહ્યું હતું અને તેનાથી એવું જણાઈ રહ્યું હતું કે જાણે ભગવાનના ત્રણેય લોકના ઐશ્વર્યને વિના વચને જ દેખાડી રહ્યું હોય! તે ચૈત્યવૃક્ષના મૂળ ભાગમાં ચારેય દિશામાં જિનેન્દ્રદેવની ચાર

પ્રતિમાઓ હતી કે જેનો સ્વયં ઈન્દ્ર અભિષેક કરતાં હતા. ક્ષીરસાગરના જળથી જેમના અંગોનો પ્રક્ષાલ થયો છે અને જેઓ અતિશય નિર્મળ છે એવી સુવર્ણમયી અરિહંતની તે પ્રતિમાઓને નમસ્કાર કરી મનુષ્ય, સુર અને અસુર બધા જ તેમની પૂજા કરતાં હતા. કેટલાય ઉત્તમ દેવ અર્થથી ભરેલી સ્તુતિઓથી તે પ્રતિમાઓની પૂજા કરતાં હતા, કેટલાય તેમને નમસ્કાર કરતાં હતા અને કેટલાય તેમના ગુણોનું સ્મરણ તથા ચિંતવન કરી રહ્યા હતા.

જેવી રીતે અશોકવનમાં અશોક નામનું ચૈત્યવૃક્ષ છે, તેવી જ રીતે અન્ય ત્રણ વનોમાં પણ પોતપોતાની જાતિના એક-એક ચૈત્યવૃક્ષ હતા અને તે બધાના મૂળ ભાગ જિનેન્દ્ર ભગવાનની પ્રતિમાઓથી દૈદીપ્યાન હતા. આ રીતે, ઉપર કહેલા ચારેય વનમાં ક્રમથી અશોક, સપ્તપર્ણ, ચંપક અને આમ્ર નામના ચાર ખૂબ જ ઉંચા ચૈત્યવૃક્ષ હતા. મૂળ ભાગમાં જિનેન્દ્ર ભગવાનની પ્રતિમા બિરાજમાન હોવાથી જે 'ચૈત્યવૃક્ષ' આ સાર્થક નામને ધારણ કરી રહ્યા છે અને ઈન્દ્ર જેની પૂજા કરે છે એવા તે ચૈત્યવૃક્ષ ખૂબ જ સુશોભિત થઈ રહ્યા હતા. પાર્થિવ અર્થાત્ પૃથ્વીથી ઉત્પન્ન થયેલા તે વૃક્ષ સાચે જ પૃથ્વીના સ્વામી રાજાની સમાન જણાઈ રહ્યા હતા. કારણ કે જેવી રીતે રાજા અનેક ગુણોથી—ફળોથી અલંકૃત હોય છે, તેવી જ રીતે તે વૃક્ષ પણ અનેક ફળોથી અલંકૃત હતા. તે વૃક્ષ પોતાના પલ્લવથી એવા જણાઈ રહ્યા હતા કે જાણે અંતરંગનો અનુરાગ જ પ્રગટ કરી રહ્યા હોય અને ફૂલોના સમૂહથી એવા સુશોભિત થઈ રહ્યા હતા કે જાણે હૃદયની પ્રસન્નતા જ દેખાડી રહ્યા હોય! આ રીતે, તે વૃક્ષ ભગવાનની સેવા કરી રહ્યા હતા. જ્યારે તે વૃક્ષોનું જ આટલું મહાત્મ્ય હતું, ત્યારે ઉપમા રહિત ભગવાન વૃષભદેવના કેવળજ્ઞાનરૂપી વૈભવના વિષયમાં કહેવું જ શું! તે તો સર્વથા અનુપમ જ હતું.

આ વનોના અંતમાં ચારે ચરફ એક-એક વનવેદી હતી કે જે ઉંચા-ઉંચા ચાર ગોપુરદ્વારોથી આકાશરૂપી આંગણને રોકી રહી હતી, તે સુવર્ણમયી વનવેદિકા બધી તરફથી રત્નોની જડેલી હતી કે જેથી એવી જણાતી હતી કે જાણે તે વનની કરધની જ હોય! તે વનવેદિકા ભવ્યજીવોની બુદ્ધિ સમાન સુશોભિત થઈ રહી હતી કારણ કે જેવી રીતે ભવ્યજીવોની બુદ્ધિ ઉદગ્ર અર્થાત્ ઉત્કૃષ્ટ હોય છે, તેવી જ રીતે તે વનવેદિકા પણ ઉદગ્ર અર્થાત્ ખૂબ જ ઉંચી હતી. તે વનવેદિકા સુગુપ્તાંગી અર્થાત્ સુરક્ષિત હતી, સતી અર્થાત્ સમીચીન હતી, રુચિરા અર્થાત્ દૈદીપ્યમાન હતી, સૂત્રપા અર્થાત્ સૂત્રની રક્ષા કરવાવાળી હતી, કોઈ જગ્યાએ ઉંચી-નીચી ન હતી અને વનને ચારે

તરકથી ઘેરેલી હોવાથી કોઈ સત્પુરુષની બુદ્ધિ સમાન જણાઈ રહી હતી. કારણ કે સત્પુરુષોની બુદ્ધિ પણ સુરક્ષિત હોય છે, શંકા આદિ દોષોથી રહિત હોય છે, શ્રદ્ધાગુણ પ્રદાન કરવાવાળી હોય છે, આગમની રક્ષા કરવાવાળી હોય છે અને સૂત્રોથી પવિત્ર જૈન-શાસ્ત્રોને ઘેરી રહે છે.

તે વેદિકાના પ્રત્યેક ગોપુર દ્વારોમાં ઘંટાઓના સમૂહ લટકી રહ્યા હતા, મોતીઓની ઝાલર તથા ફૂલોની માળાઓ સુશોભિત થઈ રહી હતી. તે વેદિકાના ચાંદીના બનેલા ચારેય ગોપુરદ્વાર અષ્ટમંગળ દ્રવ્ય, સંગીત, વાજાઓ, નૃત્ય તથા રત્નમય આભરણોથી યુક્ત ખૂબ જ સુશોભિત થઈ રહ્યા હતા. તે વનવેદિકાઓથી આગળ સુવર્ણમય સ્તંભના અગ્રભાગ પર લાગેલી ધ્વજાઓની પંક્તિઓ મહાવીથીની મધ્યની ભૂમિને અલંકૃત કરી રહી હતી. તે સ્તંભની પહોળાઈ અઠ્યાવીસ અંગુલ કહેવામાં આવી છે અને તેનું અંતર પચ્ચીસ, પચ્ચીસ ધનુષ પ્રમાણ જાણવું જોઈએ. સિદ્ધાર્થવૃક્ષ, ચૈત્યવૃક્ષ, કોટ, વનવેદિકા, સ્તૂપ, તોરણ સહિત માનસ્તંભ અને ધ્વજાઓના સ્તંભ— આ બધા, તીર્થંકરોના શરીરની ઉંચાઈથી બાર ગુણા ઉંચા હોય છે અને વિદ્વાનોએ તેમની પહોળાઈ આદિ તેમની લંબાઈને અનુરૂપ કહી છે. આવી જ રીતે આગમના જાણવાવાળા વિદ્વાનોએ વન, વનના મકાન અને પર્વતોની પણ આ જ ઉંચાઈ કહી છે અર્થાત્ આ બધા પણ તીર્થંકરોના શરીરથી બારગુણા ઉંચા હોય છે. પર્વત પોતાની ઉંચાઈથી આઠગુણા પહોળા હોય છે અને સ્તૂપોનો વ્યાસ વિદ્વાનોએ પોતાની ઉંચાઈથી થોડો અધિક કહ્યો છે. પરમજ્ઞાનરૂપી સમુદ્રના પારગામી ગણધરદેવોએ વનવેદીઓની પહોળાઈ તેમની ઉંચાઈથી ચોથાભાગની કહી છે.

ધ્વજાઓમાં માળા, વસ્ત્ર, મયૂર, કમળ, હંસ, ગરુડ, સિંહ, બળદ, હાથી અને ચક્રના ચિહ્ન હોવાથી તેના દસ ભેદ થઈ ગયા હતા. એક-એક દિશામાં એક-એક પ્રકારની ધ્વજાઓ એકસો આઠ-એકસો આઠ હતી. તે ધ્વજાઓ ખૂબ જ ઉંચી હતી અને સમુદ્રોની લહેરો સમાન જણાઈ રહી હતી. માળાઓના ચિહ્નવાળી ધ્વજાઓ ઉપર ફૂલોની બનેલી દિવ્ય માળાઓ લટકી રહી હતી. વસ્ત્રોના ચિહ્નવાળી ધ્વજાઓ મહીન અને સફેદ વસ્ત્રોની બનેલી હતી તથા તે વાયુથી હલી-હલીને ઉડતી એવી સુશોભિત થઈ રહી હતી કે જાણે આકાશરૂપી સમુદ્રની ઊઠતી ખૂબ જ ઉંચી લહેરો જ હોય! મયૂરના ચિહ્નવાળી ધ્વજામાં જે મયૂર બનેલા હતા તે લીલાપૂર્વક પોતાના પંખ ફેલાવીને સાંપની બુદ્ધિથી વસ્ત્રોને ગળી રહ્યા હતા, જેથી એવા સુશોભિત થઈ રહ્યા હતા, જાણે સાપની કાંચલી જ ઓગળતી

હોય! કમળના ચિહ્નવાળી ધ્વજામાં જે કમળ બનેલા હતા તે પોતાના એક હજાર દળના વિસ્તારથી એવા શોભાયમાન થઈ રહ્યા હતા કે જાણે આકાશરૂપી સરોવરમાં કમળ જ ખીલી રહ્યા હોય! રત્નમયી પૃથ્વી પર તે ધ્વજાઓમાં બનેલા કમળના જે પ્રતિબિંબ પડી રહ્યા હતા તેને કમળ સમજીને તેના ઉપર પડતાં ભ્રમરોને કમળનો ભ્રમ ઉત્પન્ન કરતાં હતા. હંસના ચિહ્નવાળી ધ્વજાઓમાં જે હંસના ચિહ્ન બનેલા હતા તે પોતાની ચાંચથી વસ્ત્રને ગળી રહેલા એવા શોભાયમાન થઈ રહ્યા હતા કે જાણે તેના બહાને પોતાની દ્રવ્યલેશ્યાનો જ પ્રસાર કરી રહ્યા હોય! નિલમણિની પૃથ્વીમાં તે ગરુડોના જે પ્રતિબિંબ પડી રહ્યા હતા તેનાથી તે એવા શોભાયમાન થઈ રહ્યા હતા કે જાણે નાગેન્દ્રને બોલાવવા માટે જ પાતાળમાં પ્રવેશ કરી રહ્યા હોય! સિંહોના ચિહ્નવાળી ધ્વજાઓના અગ્રભાગ પર બનેલા સિંહોના મુખ પર જે મોટા-મોટા મોતીઓ લટકી રહ્યા હતા તે એવા જણાઈ રહ્યા હતા કે જાણે મોટા-મોટા હાથીઓના મસ્તક વિદારણ કરવાથી ભેગો થયેલો યશ જ લટકી રહ્યો હોય! બળદના ચિહ્નવાળી ધ્વજાઓમાં, જેના સીંગના અગ્રભાગમાં ધ્વજાઓના વસ્ત્ર લટકી રહ્યા છે એવા બળદ બનેલા હતા. હાથીના ચિહ્નવાળી ધ્વજાઓ ઉપર જે હાથી બનેલા હતા તેઓ પોતાની ઉંચી ઊઠેલી સૂંઢથી પોતાની પતાકાઓ ધારણ કરતાં એવા સુશોભિત થઈ રહ્યા હતા કે જાણે જેના શિખરના અગ્રભાગથી મોટા-મોટા ઝરણા વહી રહ્યા છે એવા પર્વત જ હોય! અને ચક્રના ચિહ્નવાળી ધ્વજાઓમાં જે ચક્ર બનેલા હતા તેમાં હજાર-હજાર આરાઓ હતા. તે ચક્રની ધ્વજાઓ એવી સુશોભિત થઈ રહી હતી કે જાણે સૂર્યની સાથે સ્પર્ધા કરવા માટે જ તૈયાર થઈ હોય! આ રીતે, તે મહાધ્વજાઓ એવી રીતે લહેરાઈ રહી હતી કે જાણે આકાશને સાફ જ કરી રહી હોય અથવા દિશારૂપી સ્ત્રીને આલિંગન જ કરી રહી હોય! આ રીતે, મોહનીયકર્મને જીતી લેવાથી પ્રાપ્ત થયેલી તે ધ્વજાઓ અન્ય બીજી જગ્યાએ ન જોવા મળતાં ભગવાનના ત્રણેય લોકના સ્વામીત્વને જ પ્રગટ કરતી ખૂબ જ સુશોભિત થઈ રહી હતી. એક-એક દિશામાં તે બધી ધ્વજાઓ મળીને એક હજાર એંસી હતી અને ચારેય દિશાઓમાં મળીને કુલ ચાર હજાર ત્રણસો વીસ હતી.

આ ધ્વજાઓની બાજુમાં જ અંદરના ભાગમાં ચાંદીનો બનેલો એક વિશાળ કોટ હતો કે જે ખૂબ જ સુશોભિત હતો અને અદ્વિતીય, અનુપમ હોવા છતાં પણ દ્વિતીય હતો અર્થાત્ બીજો કોટ હતો. પહેલાં કોટ સમાન

જ આ કોટમાં પણ ચાંદીના બનેલા ચાર ગોપુરદ્વાર હતા, જેમાં અનેક આભરણ સહિત અનેક તોરણ લાગેલા છે એવા તે ગોપુરદ્વારમાં જે નિધિઓ રાખેલી હતી તે કુબેરના ઐશ્વર્યને પણ તિરસ્કૃત કરી રહી હતી. આ કોટની બીજી બધી વિધિ પહેલાં કોટના વર્ણન સમાન જ સમજવી. પુનરુક્તિદોષના કારણે અહીં ફરીથી તેનું વિસ્તારથી વર્ણન કરવામાં આવી રહ્યું નથી. આ કક્ષામાં વિશેષતા એટલી જ હતી કે ધૂપઘટની પછી ગલિઓના અંતરાળમાં કલ્પવૃક્ષોનું જે વન હતું તે અનેક પ્રકારના રત્નોની કાંતિ ફેલાવાથી દૈદીપ્યમાન થઈ રહ્યું હતું. આ વનના તે કલ્પવૃક્ષ ખૂબ જ ઉંચા હતા, ઉત્તમ છાયાવાળા હતા, ફળોથી સુશોભિત હતા અને અનેક પ્રકારની માળા, વસ્ત્ર તથા આભૂષણોથી સહિત હોવાથી પોતાની શોભાથી રાજા સમાન જણાઈ રહ્યા હતા. તે કલ્પવૃક્ષોને જોઈને એવું જણાતું હતું કે જાણે પોતાના દસ પ્રકારના કલ્પવૃક્ષોની પંક્તિઓથી યુક્ત દેવકુરુ અને ઉત્તરકુરુ ભગવાનની સેવા કરવા માટે આવ્યા હોય! તે વૃક્ષોની નીચે છાયાતળમાં બેઠેલા દેવો અને ધરણેન્દ્ર પોતપોતાના ભવનોને છોડીને ત્યાં જ ચિરકાળ સુધી ક્રીડા કરતાં હતા. તે વનમાં કોઈ જગ્યાએ માલાંગ જાતિના વૃક્ષો ઉપર માળાઓ લટકી રહી હતી, કોઈ જગ્યાએ ભૂષણાંગ જાતિના વૃક્ષો ઉપર ભૂષણ લટકી રહ્યા હતા, વસ્ત્રાંગ જાતિના વૃક્ષો ઉપર વસ્ત્ર લટકી રહ્યા હતા, દીપાંગ જાતિના વૃક્ષો ઉપર અનેક દીપક હતા.

આ કલ્પવૃક્ષોની મધ્યભાગમાં સિદ્ધાર્થ વૃક્ષ હતા. સિદ્ધ ભગવાનની પ્રતિમાઓથી અધિષ્ઠિત હોવાના કારણે તે વૃક્ષોના મૂળ ભાગ ખૂબ જ દૈદીપ્યમાન થઈ રહ્યા હતા અને તે બધાથી તે વૃક્ષ સૂર્ય સમાન પ્રકાશમાન થઈ રહ્યા હતા. પહેલાં ચૈત્યવૃક્ષોમાં જે શોભાનું વર્ણન કરવામાં આવ્યું છે તે બધું જ આ સિદ્ધાર્થવૃક્ષોમાં પણ ઘટિત કરવું, પરંતુ વિશેષતા એટલી જ છે કે આ કલ્પવૃક્ષ અભિલાષિત ફળ આપવાવાળા હતા. આ કલ્પવૃક્ષોના વનોમાં કોઈ જગ્યાએ વાવડીઓ, કોઈ જગ્યાએ રેતીના ઢગલા અને કોઈ જગ્યાએ સભાગૃહ આદિ સુશોભિત થઈ રહ્યા હતા. આ કલ્પવૃક્ષોની વનવીથીને અંદરતરફ ચારે તરફથી વનવેદિકા ઘેરેલી હતી, તે વનવેદિકા સુવર્ણની બનેલી હતી અને ચાર ગોપુરદ્વારો સહિત હતી. આ ગોપુરદ્વારોની લંબાઈ તથા પહોળાઈ આદિ પહેલાં સમાન જ જાણવું જોઈએ.

આ ગોપુરદ્વારની આગળ અંદર તરફ ખૂબ જ લાંબો-પહોળો રસ્તો હતો અને તેની બંને તરફ દેવરૂપ

કારીગરો દ્વારા બનાવવામાં આવેલા મકાનોની પંક્તિઓ હતી. જેના મોટા-મોટા સ્તંભ સુવર્ણના બનેલા હતા, જેના બંધન અર્થાત્ નીંવ વજ્રમયી હતી, જેની સુંદર દિવાલો ચંદ્રકાંતમણિઓની બનેલી હતી અને જે અનેક પ્રકારના રત્નોથી ચિત્ર-વિચિત્ર થઈ રહી છે એવા સુંદર તે મકાન કેટલાક તો બે ખંડના હતા, કેટલાક ત્રણ ખંડના હતા અને કેટલાક ચાર ખંડના હતા, ચંદ્રશાળાઓ સહિત હતા તથા કેટલાક અટ્ટાલિકા(અટારી) આદિથી સુશોભિત હતા. જે પોતાની જ પ્રભામાં ડૂબેલા છે એવા તે મકાન પોતાના શિખરોના અગ્રભાગથી આકાશને સ્પર્શ કરતાં એવા સુશોભિત થઈ રહ્યા હતા કે જાણે ચાંદનીથી જ બનેલા હોય. કોઈ જગ્યાએ કૂટાગાર—અનેક શિખરોવાળા મકાન, સભાગૃહ અને કોઈ જગ્યાએ પ્રેક્ષાગૃહ સુશોભિત થઈ રહ્યા હતા. તે કૂટાગાર આદિમાં શૈયાઓ પાથરેલી હતી, આસનો રાખેલા હતા, ઉંચી-ઉંચી સીડીઓ રાખેલી હતી અને તે બધાએ પોતાની કાંતિથી આકાશને સફેદ કરી દીધું હતું. તે મકાનોમાં દેવ, ગંધર્વ, સિદ્ધદેવ, વિદ્યાધર, નાગકુમાર અને કિન્નર જાતિના દેવ ઘણા જ આદરપૂર્વક ક્રીડાઓ કરી રહ્યા હતા. આ દેવો સંગીત અને નૃત્ય આદિની ગોષ્ઠીઓ દ્વારા ભગવાનની આરાધના કરી રહ્યા હતા.

મહાવીથિઓના મધ્યભાગમાં નવ-નવ સ્તૂપ ઊભા હતા કે જે પદ્મરાગમણિઓથી બનેલા ખૂબ જ ઉંચા હતા અને પોતાના અગ્રભાગથી આકાશનું ઉલ્લંઘન કરી રહ્યા હતા. સિદ્ધ અને અરિહંત ભગવાનની પ્રતિમાઓના સમૂહથી તે સ્તૂપ ચારે તરફથી ચિત્ર-વિચિત્ર થઈ રહ્યા હતા અને એવા સુશોભિત થઈ રહ્યા હતા કે જાણે મનુષ્યોનો અનુરાગ જ સ્તૂપોના આકારને પ્રાપ્ત થઈ ગયો હોય! તે સ્તૂપ મેરુ પર્વત સમાન સુશોભિત થઈ રહ્યા હતા. સિદ્ધ અને ચારણ મુનિઓ દ્વારા આરાધના કરવા યોગ્ય તે અતિશય ઉંચા સ્તૂપ એવા સુશોભિત થઈ રહ્યા હતા કે જાણે સ્તૂપનો આકાર ધારણ કરતી ભગવાનની નવ કેવળલબ્ધિઓ જ હોય! આ સ્તૂપની વચ્ચે આકાશરૂપી આંગણને ચિત્ર-વિચિત્ર કરવાવાળા અનેક તોરણો બાંધેલા હતા કે જે એવા સુશોભિત થઈ રહ્યા હતા કે જાણે ઈન્દ્રધનુષ જ બાંધેલા હોય! આ સ્તૂપ પર છત્ર લાગેલા હતા, પતાકાઓ લહેરાઈ રહી હતી, મંગળ દ્રવ્ય રાખેલા હતા અને આ બધા કારણોથી તે લોકોને ખૂબ જ આનંદ ઉત્પન્ન કરી રહ્યા હોવાથી રાજાઓ સમાન સુશોભિત થઈ રહ્યા હતા. આ સ્તૂપો ઉપર જે જિનેન્દ્ર ભગવાનની પ્રતિમાઓ બિરાજમાન હતી તેની ભવ્ય લોકો અભિષેક કરી સ્તુતિ અને પૂજા કરતાં હતા તથા પ્રદક્ષિણા કરીને ખૂબ જ હર્ષિત થતા હતા.

આ સ્તૂપો અને મકાનોની પંક્તિઓથી ઘેરાયેલી પૃથ્વીઓનું ઉલ્લંઘન કરી તેનાથી થોડે આગળ આકાશમાં સ્વચ્છ સ્ફટિકમણિનો બનેલો કોટ હતો કે જે એવો સુશોભિત થઈ રહ્યો હતો કે જાણે આકાશ જ તે કોટરૂપ થઈ ગયું હોય! વિશુદ્ધ પરિણમન થવાથી અને જિનેન્દ્ર ભગવાનની સમીપ જ સેવા કરવાથી તે કોટ ભવ્ય જીવ સમાન સુશોભિત થઈ રહ્યો હતો. આ સિવાય તે કોટ ભવ્ય જીવ સમાન જ તુંગ અર્થાત્ ઉંચો અને સદ્વૃત્ત અર્થાત્ સદાચારી હતો. આ કોટ મોટા-મોટા વિદ્યાધરો દ્વારા સેવનીય હતો, ઉંચો હતો અને અચળ હોવાથી એવો જણાતો હતો કે જાણે વિજયાર્ધ પર્વત જ કોટનું રૂપ ધારણ કરી ભગવાનની પ્રદક્ષિણા દઈ રહ્યો હોય! આ ઉત્તમ કોટની ચારે દિશાઓમાં ચાર ઉંચા ગોપુરદ્વાર હતા કે જે પદ્મરાગમણિના બનેલા હતા અને એવા જણાતા હતા કે જાણે ભવ્ય જીવોના અનુરાગથી જ બન્યા હોય! પહેલાંના ગોપુરદ્વાર સમાન જ આ ગોપુરદ્વારોની રચના સમજવી. ત્રણેય કોટના ગોપુરદ્વાર પર ગદા આદિ હાથમાં લઈને ક્રમથી વ્યંતર, ભવનવાસી અને કલ્પવાસી દેવો દ્વારપાળ હતા.

ત્યારબાદ, તે આકાશ સમાન સ્વચ્છ સ્ફટિકમણિના કોટથી લઈને પીઠપર્યંત લાંબી અને મહાવીથીઓના (મોટા-મોટા રસ્તાઓના) અંતરાળમાં આશ્રિત સોળ દિવાલો હતી. ભાવાર્થ—ચારેય દિશાઓની ચારેય મહાવીથીઓની આજુ-બાજુ બંને તરફ આઠ દિવાલો હતી અને બે-બેના હિસાબથી ચારેય વિદિશાઓમાં પણ આઠ દિવાલો હતી. આ રીતે, બધી મળીને સોળ દિવાલો હતી. આ દિવાલો સ્ફટિક કોટથી લઈને પીઠ સુધી લાંબી હતી અને બાર સભાઓનો વિભાગ કરી રહી હતી. જે આકાશસ્ફટિકથી બનેલી છે, જેની નિર્મળ કાંતિ ચારેય તરફ ફેલાઈ રહી છે અને જે પ્રથમ પીઠના કિનારા સુધી લાગેલી છે એવી તે દિવાલો ચાંદની સમાન આચરણ કરી રહી હતી. તે દિવાલો અતિશય પવિત્ર હતી, સમસ્ત વસ્તુઓના પ્રતિબિંબ દેખાડી રહી હતી અને મહાન ઐશ્વર્ય સહિત હોવાથી એવી સુશોભિત થઈ રહી હતી કે જાણે જગતના ભર્તા ભગવાન વૃષભદેવની શ્રેષ્ઠ વિદ્યાઓ જ હોય!

આ દિવાલોની ઉપર રત્નમય સ્તંભથી આકાશસ્ફટિકમણિનો બનેલો ખૂબ જ મોટો શોભાયુક્ત શ્રીમંડપ બન્યો હતો. તે શ્રીમંડપ વાસ્તવમાં શ્રીમંડપ હતો કારણ કે ત્યાં પરમેશ્વર ભગવાન વૃષભદેવે મનુષ્ય, દેવ અને ધરણેન્દ્રોની સમીપ ત્રણેય લોકની શ્રી(લક્ષ્મી) સ્વીકૃત કરી હતી. ત્રણેય લોકના સમસ્ત જીવોને સ્થાન આપી

શકવાના કારણે જેને વિશાળ વૈભવ પ્રાપ્ત થયો છે એવો તે શ્રીમંડપ આકાશના અંતભાગમાં એવો સુશોભિત થઈ રહ્યો હતો કે જાણે પ્રતિબિંબિત થયેલું બીજું આકાશ જ હોય! આ શ્રીમંડપની ઉપર યક્ષ દેવો દ્વારા છોડેલા ફૂલોનો સમૂહ નીચે બેઠેલા મનુષ્યોના હૃદયમાં તારાઓની શંકા ઉત્પન્ન કરતાં હતા. આ શ્રીમંડપમાં મદોન્મત્ત શબ્દ કરતાં ભ્રમર દ્વારા સૂચિત થવાવાળી ફૂલોની માળાઓ જાણે કે જિનેન્દ્રદેવના ચરણકમળની છાયાની શીતળતાના આશ્રયથી જ ક્યારેય પણ મુરઝાતી ન હતી. આ શ્રીમંડપમાં નીલકમળોના ઉપહારો પર બેઠેલી ભ્રમરોની પંક્તિ રંગની સદૃશતાના કારણે અલગથી દેખાતી ન હતી, ફક્ત ગુંજાર શબ્દોથી પ્રગટ થઈ રહી હતી.

અહા! જિનેન્દ્ર ભગવાનનું આ કેવું અદ્‌ભુત માહાત્મ્ય હતું કે ફક્ત એક યોજન લાંબા-પહોળા તે શ્રીમંડપમાં મનુષ્ય, સુર અને અસુર એક બીજાને બાધા ન પહોંચાડતા સુખથી બેસી શકતા હતા. તે શ્રીમંડપમાં સ્વચ્છ મણિઓની સમીપ આવેલો હંસોનો સમૂહ જો કે તે મણિઓના રંગ સમાન જ હતો, તેમ છતાં તે પોતાના મધુર શબ્દોથી પ્રગટ થઈ રહ્યો હતો. જેની શોભા જગતની લક્ષ્મીના દર્પણ સમાન છે એવી શ્રીમંડપની તે દિવાલોમાં ત્રણેય લોકના સમસ્ત પદાર્થોના પ્રતિબિંબ પડી રહ્યા હતા અને તે પ્રતિબિંબોથી તે દિવાલો એવી સુશોભિત થઈ રહી હતી કે જાણે તેમાં અનેક પ્રકારના ચિત્ર બનાવવામાં આવ્યા હોય! આ શ્રીમંડપની ફેલાતી કાંતિના સમુદાયરૂપી જળથી જેમનું સ્નાન થઈ રહ્યું છે એવા દેવ અને દાનવ એવા જણાતા કે જાણે કોઈ તીર્થમાં સ્નાન જ કરી રહ્યા હોય!

આ શ્રીમંડપથી ઘેરાયેલા ક્ષેત્રના મધ્યભાગમાં સ્થિત પહેલી પીઠિકા સુશોભિત થઈ રહી હતી, તે પીઠિકા વૈડૂર્યમણિની બનેલી હતી અને એવી જણાતી હતી કે જાણે કુલાચલનું શિખર જ હોય! આ પીઠિકા ઉપર સોળ જગ્યાએ અંતર છોડીને મોટી-મોટી સીડીઓ બનેલી હતી. ચાર જગ્યાએ તો ચાર મહાદિશાઓમાં મહાવીથીઓની સામે હતી અને બાર જગ્યાએ સભાના કોઠાઓના પ્રત્યેક પ્રવેશદ્વાર પર હતી. આ પીઠિકાને અષ્ટમંગલ દ્રવ્યરૂપી સંપદાઓ અને યક્ષોના ઉંચા-ઉંચા મસ્તક પર રાખેલા ધર્મચક્ર અલંકૃત કરી રહ્યા હતા. જેમાં લાગેલા રત્નોના કિરણો ઉપર તરફ ફેલાઈ રહ્યા છે એવા હજાર-હજાર આરાઓ વાળા તે ધર્મચક્ર એવા સુશોભિત થઈ રહ્યા હતા કે જાણે પીઠિકારૂપી ઉદયાચળથી ઉદિત થતા સૂર્યના બિંબ જ હોય! પ્રથમ પીઠિકા પર સુવર્ણનો બનેલો બીજો પીઠ

હતો કે જે સૂર્યના કિરણો સાથે સ્પર્ધા કરી રહ્યો હતો અને આકાશને પ્રકાશમાન બનાવી રહ્યો હતો. આ બીજા પીઠ ઉપર આઠ દિશાઓમાં આઠ મોટી-મોટી ધ્વજાઓ સુશોભિત થઈ રહી હતી કે જે ખૂબ જ ઉંચી હતી અને એવી જણાતી હતી કે જાણે ઈન્દ્રોને સ્વીકૃત આઠ લોકપાલ જ હોય! ચક્ર, હાથી, બળદ, કમળ, વસ્ત્ર, સિંહ, ગરુડ અને માળાના ચિહ્‌ન સહિત તથા સિદ્ધ ભગવાનના આઠ ગુણો સમાન નિર્મળ તે ધ્વજાઓ ખૂબ જ સુશોભિત થઈ રહી હતી. વાયુથી હલતાં અને દૈદીપ્યમાન વસ્ત્રોના ફટકારથી (ઉડવાથી) તે ધ્વજાઓ એવી જણાતી હતી કે જાણે પાપરૂપી ધૂળને ઉડાડી જ રહી હોય!

આ બીજા પીઠ ઉપર ત્રીજો પીઠ હતો કે જે બધા પ્રકારના રત્નોથી બનેલો હતો અને ચમકતા રત્નોના કિરણોથી અંધકારના સમૂહને નષ્ટ કરી રહ્યો હતો. આ પીઠ ત્રણ કટનીઓથી યુક્ત હતો તથા શ્રેષ્ઠ રત્નોથી બનેલો હોવાથી એવો સુશોભિત થઈ રહ્યો હતો કે જાણે તે પીઠનું રૂપ ધારણ કરીને સુમેરુ પર્વત જ ભગવાનની ઉપાસના કરવા માટે આવ્યો હોય! આ પીઠરૂપી પર્વત ચક્ર સહિત હોવાથી ચક્રવર્તી સમાન જણાતો હતો, ધ્વજા સહિત હોવાથી ઐરાવત હાથી સમાન જણાતો હતો અને સુવર્ણનો બનેલો હોવાથી મહામેરુ સમાન સુશોભિત થઈ રહ્યો હતો. જેણે સમસ્ત લોકને નમાવી દીધું હતું, જેની કાંતિ અતિશય દૈદીપ્યમાન છે અને જે દેવો તથા ધરણેન્દ્રો દ્વારા પૂજિત છે એવું તે પીઠ જિનેન્દ્ર ભગવાનના શરીર સમાન સુશોભિત થઈ રહ્યું હતું. કારણ કે જિનેન્દ્ર ભગવાનના શરીરે પણ સમસ્ત લોકને નમાવી દીધું હતું, તેની કાંતિ પણ અતિશય દૈદીપ્યમાન હતી અને તે પણ દેવ તથા ધરણેન્દ્રો દ્વારા પૂજિત હતું. આ પીઠ સુમેરુ પર્વતની શોભા ધારણ કરી રહ્યો હતો. કારણ કે જેવી રીતે સુમેરુ પર્વત જ્યોતિર્ગણથી ઘેરાયેલો છે, તેવી જ રીતે પીઠ પણ જ્યોતિર્ગણ અર્થાત્ કિરણોના સમૂહથી ઘેરાયેલો હતો.

આ રીતે, ત્રણ કટનીદાર તે પીઠ ઉપર બિરાજમાન જિનેન્દ્ર ભગવાન એવા સુશોભિત થઈ રહ્યા હતા કે જાણે ત્રણ લોકના શિખર ઉપર બિરાજમાન થયેલા સિદ્ધ પરમેષ્ઠી સુશોભિત થાય છે. આકાશ સમાન સ્વચ્છ સ્ફટિકમણિઓથી બનેલા ત્રીજા કોટની અંદરનો વિસ્તાર એક યોજન પ્રમાણ હતો. આ જ રીતે ત્રણેય વન (લતાવન, અશોકવન અને કલ્પવૃક્ષવન) તથા ધ્વજાઓથી રોકાયેલી ભૂમિનો વિસ્તાર પણ એક-એક યોજન પ્રમાણ હતો અને પરીખા (કોટની ચારે બાજુની ખાઈ) પણ ધૂલિશાલથી ચાલીને એક યોજન હતી—આ બધો વિસ્તાર જિનેન્દ્ર

ભગવાન દ્વારા કહેવાયેલો છે. આકાશસ્ફટિકમણિઓથી બનેલા કોટથી કલ્પવૃક્ષના વનની વેદિકા અડધો યોજન દૂર હતી અને તે જ સાલથી પ્રથમ પીઠ સવા પાંચ યોજન દૂર હતી, પહેલાં પીઠના મસ્તકનો વિસ્તાર અડધા કોશનો હતો. તેવી જ રીતે બીજા અને ત્રીજા પીઠની પ્રત્યેક મેખલાઓ પણ સાડાસાતસો ધનુષ પહોળી હતી, મહાવીથીઓ અર્થાત્ ગોપુરદ્વારોની સામે મોટા-મોટા રસ્તાઓ એક-એક કોશ પહોળા હતા અને સોળ દિવાલો પોતાની ઉંચાઈથી આઠમા ભાગ પ્રમાણ પહોળી હતી. તે દિવાલોની ઉંચાઈનું વર્ણન પહેલાં કરવામાં આવી ગયું છે. (તીર્થંકરોના શરીરની ઉંચાઈથી બારગણી ઉંચી દિવાલો હોય છે.) પ્રથમ પીઠરૂપી જગતી આઠ ધનુષ ઉંચી જાણવી જોઈએ અને વિદ્વાન લોકો બીજી પીઠને ચાર ધનુષ ઉંચી માને છે તથા ત્રીજી પીઠ પણ ચાર ધનુષ ઉંચી હતી, સિંહાસન અને ધર્મચક્રની ઉંચાઈ એક ધનુષ માનવામાં આવી છે. આ રીતે, ઉપર કહ્યા અનુસાર જિનેન્દ્ર ભગવાનના સમવસરણની શોભા બનેલી હતી. હવે તેની વચ્ચે જે જિનેન્દ્ર ભગવાનને બિરાજમાન થવાનું સ્થાન અર્થાત્ ગંધકૂટી બનેલી હતી તેનું વર્ણન પણ સાંભળો.

આ રીતે, જ્યારે ગણનાયક ગૌતમસ્વામીએ અતિશય સ્પષ્ટ, મધુર, યોગ્ય અને તત્ત્વાર્થના સ્વરૂપનું બોધ કરાવવાવાળા વચનોથી જિનેન્દ્ર ભગવાનની સમવસરણ સભાનું વર્ણન કર્યું, ત્યારે જેવી રીતે પ્રાતઃકાળના સમયે કમલિનિઓનો સમૂહ પ્રફુલ્લિત કમળોને ધારણ કરે છે, તેવી જ રીતે જેમનું અંતઃકરણ પ્રબોધને પ્રાપ્ત થયું છે એવા શ્રેણિક રાજાનું મુખ પ્રફુલ્લિત થઈ ગયું હતું. મિથ્યાદષ્ટિઓના મિથ્યામતરૂપી અંધકારને નષ્ટ કરવાવાળી, અતિશય યોગ્ય અને વચનસંબંધી દોષોથી રહિત ગણધર ગૌતમસ્વામીની વાણી સાંભળીને સભામાં બેઠેલા બધા જ લોકો, મુનિઓની સાથે-સાથે જિનેન્દ્ર ભગવાનમાં પરમ પ્રીતિને પ્રાપ્ત થયા હતા. તે સમયે તે બધા જ સભાસદોના નેત્ર હર્ષથી પ્રફુલ્લિત થઈ રહ્યા હતા કે જેથી એવા જણાતા હતા કે જાણે સૂર્યના કિરણરૂપી લક્ષ્મીનો આશ્રય પામીને ખીલેલા કમળોનો સમૂહ જ હોય!

જેમના કેવળજ્ઞાનની ઉત્તમ પૂજા કરવાનો અભિલાષી તથા અદ્‌ભુત વિભૂતિને ધારણ કરવાવાળો ઈન્દ્ર ચારેય નિકાયોના દેવોની સાથે આવીને દૂરથી જ નમ્રીભૂત થયો હતો અને સમવસરણ ભૂમિને દેખતો થકો અતિશય પ્રસન્ન થયો હતો. એવા શ્રી જિનેન્દ્રદેવ સદાય જયવંત રહે! શું આ દેવલોકની નવી સૃષ્ટિ છે? અથવા આ જિનેન્દ્ર

ભગવાનનો પ્રભાવ છે? અથવા એવો જ કોઈ નિયોગ છે? અથવા તે ઈન્દ્રનો જ પ્રભાવ છે? આવા અનેક તર્ક-વિતર્ક કરતાં દેવોના સમૂહ જેને ખૂબ જ કૌતુકવશ જોઈ રહ્યા હતા એવી તે ભગવાનની સમવસરણ ભૂમિ સદાય જયવંત રહે!

આ રીતે, આર્ષ નામથી પ્રસિદ્ધ ભગવજ્જિનસેનાચાર્ય-વિરચિત ત્રિષષ્ટિલક્ષણ મહાપુરાણ ગ્રંથમાં સમવસરણનું વર્ણન કરવાવાળો બાવીસમો અધ્યાય સમાપ્ત થયો.

* વિદ્વાન પુરુષ એવા સુખને ઈચ્છે છે જેનાથી મન વિષયોથી નિવૃત્ત થાય અને ચિત્તમાં સંતોષ થાય, પરંતુ આવું સુખ તે, વિષયોમાં અંધ પુરુષોને કેવી રીતે પ્રાપ્ત થઈ શકે કે જેમનું ચિત્ત હંમેશા વિષયોની પ્રાપ્તિમાં જ ડૂબેલું રહે છે? (અ. ૧૧, શ્લોક ૧૭૨)
* આ (પાંચ ઈન્દ્રિયના) વિષયો, વિષની જેમ અત્યંત ભયંકર છે, જો કે તેનું સેવન કરતી વખતે તે સારા લાગે છે. ખરેખર તે વિષયોથી ઉત્પન્ન થયેલું મનુષ્યનું સુખ ખાજની ખંજવાળથી ઉત્પન્ન થયેલા સુખ સમાન છે અર્થાત્ જે પ્રકારે ખાજને ખંજવાળતી વખતે સુખ લાગે છે, પરંતુ પછી તેમાં બળતરા ઉત્પન્ન થવાથી તે દુઃખી થાય છે; તે જ પ્રકારે આ વિષયોનું સેવન કરતી વખતે તો સુખ લાગે છે, પરંતુ ત્યારબાદ તૃષ્ણાની વૃદ્ધિ થવાથી દુઃખનો જ અનુભવ થાય છે. (અ. ૧૧, શ્લોક ૧૭૪)
* જે પ્રકારે દાઝેલા ઘા ઉપર, ઘસેલા ચંદનનો લેપ થોડો આરામ આપે છે, તે જ પ્રકારે વિષય-સેવનથી ઉત્પન્ન થયેલું સુખ તે સમયે થોડો સંતોષ આપે છે. ભાવાર્થ—જ્યાં સુધી ફોલ્લાની અંદર પરૂ આદિ વિકાર હોય છે, ત્યાં સુધી ચન્દન આદિનો લેપ લગાવવાથી કાયમી આરામ નથી થતો. તે જ પ્રકારે જ્યાં સુધી મનમાં વિષયો પ્રત્યેનો પ્રેમ વિદ્યમાન છે, ત્યાં સુધી વિષય સેવન કરવાથી કાયમી સુખ નથી મળતું. કાયમી આરામ અને સુખ તો ત્યારે જ પ્રાપ્ત થાય કે જ્યારે ફોલ્લાની અંદરથી પરૂ આદિ વિકાર અને મનમાંથી વિષયો પ્રત્યેનો પ્રેમ અને સુખબુદ્ધિ નીકળી જાય. અહમિન્દ્રોના મનમાંથી વિષયો પ્રત્યેનો પ્રેમ નિકળી ગયો છે, માટે તેઓ સાચા સુખી હોય છે. (અ. ૧૧, શ્લોક ૧૭૫)

# અધ્યાય ત્રેવીસમો

ત્યારબાદ, જે દૈદીપ્યમાન મણિઓની કાંતિના સમૂહથી અનેક ઈન્દ્રધનુષોની રચના કરી રહ્યો છે, જે સ્વયં ઈન્દ્રના હાથેથી ફેલાયેલા પુષ્પોના સમૂહથી સુશોભિત થઈ રહ્યો હતો અને તેનાથી જે એવો જણાતો હતો કે જાણે મેઘના નષ્ટ થઈ જવાથી જેમાં તારાગણ ચમકી રહ્યા હોય એવા શરદઋતુના આકાશ તરફ હસી જ રહ્યો હોય; જેના પર ચમરોના પ્રતિબિંબ પડી રહ્યા હતા અને તેનાથી એવું જણાતું હતું કે જાણે તેને સરોવર સમજીને હંસ જ તેના તળભાગની સેવા કરી રહ્યા હોય; જે પોતાની કાંતિથી સૂર્યમંડળની સ્પર્ધા કરી રહ્યો હતો, મોટી-મોટી ઋદ્ધિઓથી યુક્ત હતો અને કોઈ-કોઈ જગ્યાએ આકાશગંગાના ફેણ સમાન સ્ફટિકણમણિઓથી જડેલો હતો, કોઈ જગ્યાએ પદ્મરાગના ફેલાતા કિરણોથી વ્યાપ્ત થઈ રહ્યો હતો અને તેનાથી એવું જણાતું હતું કે જિનેન્દ્ર ભગવાનના ચરણકમળની લાલ-લાલ કાંતિથી અનુરક્ત થઈ રહ્યો હોય; જે અતિશય પવિત્ર હતો, ચીકણો હતો, કોમળ સ્પર્શ સહિત હતો, જેની સમીપમાં અનેક મંગળ દ્રવ્યરૂપી સંપદાઓ રાખવામાં આવી હતી એવો તે ત્રણ કટનીદાર ત્રીજા પીઠના વિસ્તૃત મસ્તક અર્થાત્ અગ્રભાગે કુબેરે ગંધકુટી બનાવી હતી. તે ગંધકુટી ખૂબ જ વિસ્તૃત હતી, ઉંચા કોટથી શોભાયમાન હતી અને પોતાની શોભાથી સ્વર્ગના વિમાનોનું પણ ઉલ્લંઘન કરતી હતી.

ત્રણ કટનીઓથી ચિહ્નિત પીઠ ઉપર તે ગંધકુટી એવી સુશોભિત થઈ રહી હતી કે જાણે નંદનવન, સૌમનસવન અને પાંડુકવન ઉપર સુમેરુ પર્વતની ચૂલિકા જ સુશોભિત થઈ રહી હોય! અથવા જેવી રીતે સ્વર્ગલોકની ઉપર સ્થિત સર્વાર્થસિદ્ધિ સુશોભિત થાય છે, તેવી જ રીતે તે પીઠ ઉપર સ્થિત તે અતિશય દૈદીપ્યમાન ગંધકુટી સુશોભિત થઈ રહી હતી. અનેક પ્રકારના રત્નોની કાંતિને ફેલાવવાવાળા તે ગંધકુટીના શિખરોથી વ્યાપ્ત થયેલું આકાશ એવું જણાતુ હતું કે જાણે અનેક ચિત્રો સહિત જ થઈ રહ્યું હોય અથવા ઈન્દ્રધનુષોથી યુક્ત થઈ રહ્યું હોય! જેના ઉપર કરોડો વિજયપતાકાઓ બાંધેલી હતી એવા ઉંચા શિખરોથી તે ગંધકુટી એવી જણાઈ રહી

હતી કે જાણે પોતાના હાથ ફેલાવીને દેવો અને વિદ્યાધરોને જ બોલાવી રહી હોય! ત્રણેય પીઠ સહિત તે ગંધકુટી એવી જણાઈ રહી હતી કે જાણે આકાશરૂપી સરોવરના મધ્યભાગમાં પ્રતિબિંબિત ત્રણેય લોકની લક્ષ્મીની પ્રતિમા જ હોય! ચારેય તરફ લટકતા મોટા-મોટા મોતીઓની ઝાલરથી તે ગંધકુટી એવી સુશોભિત થઈ રહી હતી કે જાણે મોટા-મોટા સમુદ્રોએ મોતીઓના સેંકડો ઉપહાર જ સમર્પિત કર્યા હોય!

કોઈ-કોઈ જગ્યાએ તે ગંધકુટી સુવર્ણની બનેલી મોટી અને લાંબી જાળીથી એવી સુશોભિત થઈ રહી હતી કે જાણે કલ્પવૃક્ષોથી ઉત્પન્ન થવાવાળા લટકતાં દૈદીપ્યમાન અંકુરોથી જ સુશોભિત થઈ રહી હોય! જે સ્વર્ગની લક્ષ્મી દ્વારા મોકલાવાયેલ ઉપહાર સમાન જણાતી હતી એવી ચારેય તરફ લટકતી રત્નમય આભરણોની માળાથી તે ગંધકુટી ખૂબ જ શોભાયમાન થઈ રહી હતી. તે ગંધકુટી પુષ્પમાળાઓથી ખેંચાઈને આવેલા ગંધથી અંધ કરોડો મદોન્મત્ત ભ્રમરોથી શબ્દાયમાન થઈ રહી હતી અને એવી જણાતી હતી કે જાણે જિનેન્દ્ર ભગવાનની સ્તુતિ જ કરી રહી હોય! સ્તુતિ કરતાં ઈન્દ્ર દ્વારા રચાયેલા ગદ્ય-પદ્યરૂપ સ્તોત્રોના શબ્દોથી શબ્દાયમાન તે ગંધકુટી એવી જણાતી હતી કે જાણે ભગવાનનું સ્તવન કરવા માટે ઉદ્યત થયેલી સરસ્વતી જ હોય! ચારેય તરફ ફેલાતા રત્નોના પ્રકાશથી જેના સમસ્ત અંગ ઢંકાયેલા છે એવી તે દૈદીપ્યમાન ગંધકુટી એવી સુશોભિત થઈ રહી હતી કે જાણે જિનેન્દ્ર ભગવાનના શરીરની લક્ષ્મીથી જ- બની હોય! જે પોતાની સુગંધથી બોલાવાયેલા મદોન્મત્ત ભ્રમરોના સમૂહથી વ્યાપ્ત થઈ રહ્યો છે અને જેનો ધુમાડો ચારેય તરફ ફેલાઈ રહ્યો છે એવા સુગંધિત ધૂપથી ગંધકુટી એવી જણાઈ રહી હતી કે જાણે દિશાઓની લંબાઈ માપવા જ ઈચ્છતી હોય! બધી દિશાઓમાં ફેલાતી સુગંધથી તે ગંધકુટી એવી જણાતી હતી કે જાણે સુગંધથી જ બનેલી હોય!

ભગવાનના શરીરની સુગંધથી વૃદ્ધિને પ્રાપ્ત ધૂપની સુગંધથી તેણે સમસ્ત દિશાઓ સુગંધિત કરી દીધી હોવાથી તે ‘ગંધકુટી’ આ સાર્થકનામને ધારણ કરી રહી હતી. આ ગંધકુટી છસો ધનુષ પહોળી હતી, તેટલી જ લાંબી હતી અને પોતાની પહોળાઈથી થોડી વધારે ઉંચી હતી. આ રીતે, તે માન અને ઉન્માનના પ્રમાણ સહિત હતી. તે ગંધકુટીની મધ્યમાં ધનપતિએ એક સિંહાસન બનાવ્યું હતું કે જે અનેક પ્રકારના રત્નોના સમૂહથી જડેલું હતું અને મેરુ પર્વતના શિખરોને તિરસ્કૃત કરી રહ્યું હતું. જેનો આકાર મોટો અને દૈદીપ્યમાન હતો, જેમાંથી

કાંતિનો સમૂહ નીકળી રહ્યો હતો અને જે શ્રેષ્ઠ રત્નોથી પ્રકાશમાન હતું અને જે પોતાની શોભાથી મેરુ પર્વતને તિરસ્કૃત કરી રહ્યું હતું એવું તે સિંહાસન ખૂબ જ સુશોભિત થઈ રહ્યું હતું. પ્રથમ તીર્થંકર ભગવાન વૃષભદેવ તે સિંહાસનને અલંકૃત કરી રહ્યા હતા. તે ભગવાન પોતાના માહાત્મ્યથી તે સિંહાસનના તળથી ચાર અંગુલ ઉપર અધર બિરાજમાન હતા. તેમણે તે સિંહાસનના તળભાગનો સ્પર્શ જ કર્યો ન હતો.

ભગવાનની સમીપ જ એક અશોકવૃક્ષ હતું કે જે મરકતમણિના બનેલા લીલા પત્તા અને રત્નમય ચિત્ર-વિચિત્ર ફૂલોથી સહિત હતું તથા મંદ-મંદવાયુથી હલતી શાખાઓને ધારણ કરી રહ્યું હતું. આકાશમાં ચાલવાવાળા દેવ અને વિદ્યાધરોના સ્વામીઓનો માર્ગ રોકતું થકું, પોતાની એક યોજન વિસ્તારવાળી શાખાઓને ફેલાવતું અને શોકરૂપી અંધકારને નષ્ટ કરતું તે અશોકવૃક્ષ ખૂબ જ સુશોભિત થઈ રહ્યું હતું. જેની જડ વજ્રની બનેલી હતી, જેનો મૂળ ભાગ રત્નોથી દૈદીપ્યમાન હતો, જેના અનેક પ્રકારના પુષ્પ જપાપુષ્પની કાંતિ સમાન પદ્મરાગમણિઓના બનેલા હતા, એવા તે વૃક્ષને ઈન્દ્રએ બધા વૃક્ષોમાં મુખ્ય બનાવ્યું હતું. ભગવાનની ઉપર લાગેલા દૈદીપ્યમાન સફેદ છત્રએ ચંદ્રમાની લક્ષ્મી જીતી લીધી હતી અને તે એવું સુશોભિત થઈ રહ્યું હતું કે જાણે ત્રણેય લોકના સ્વામી ભગવાન વૃષભદેવની સેવા કરવા માટે ત્રણરૂપ ધારણ કરી ચંદ્ર જ આવ્યો હોય! તે છત્રમાં જે મોતીઓના સમૂહ લાગેલા હતા તે ચંદ્રના કિરણો સમાન જણાતા હતા. આ જિનેન્દ્ર ભગવાનની સમીપમાં સેવા કરવાવાળા યક્ષોના હાથના સમૂહથી જે ચારે તરફ ચમરોના સમૂહ ઢોરવામાં આવતા હતા તે એવા જણાતા હતા કે જાણે ક્ષીરસાગરના જળના સમૂહ જ હોય! ચંદ્ર અને અમૃત સમાન કાંતિવાળી ઉપરથી પડતી તે ઉત્તમ ચમરોની પંક્તિ ખૂબ જ ઉત્કૃષ્ટ શોભાને પ્રાપ્ત થઈ રહી હતી અને એવી જણાતી હતી કે જાણે જિનેન્દ્ર ભગવાનની સેવા કરવાની ઈચ્છાથી આવતી ક્ષીરસાગરની વેલા જ હોય! આ રીતે, જેમને અતિશય સંતોષ પ્રાપ્ત થઈ રહ્યો છે અને જેમના નેત્રો પ્રકાશમાન થઈ રહ્યા છે એવા યક્ષો દ્વારા ઢોરવામાં આવતા ચંદ્ર સમાન ઉજ્જ્વળ કાંતિના ધારક ચંવર એવા સુશોભિત થઈ રહ્યા હતા કે જાણે ભગવાનના ગુણસમૂહોની સાથે સ્પર્ધા જ કરી રહ્યા હોય! જેમનુ વક્ષઃસ્થળ લક્ષ્મીથી આલિંગીત છે અને જે શ્રીવૃક્ષનું ચિહ્ન ધારણ કરે છે એવા શ્રી જિનેન્દ્રદેવના અપરીમિત તેજને ધારણ કરવાવાળા તે ચમરોની સંખ્યા વિદ્વાન લોકો ચોસઠ કહે છે. આ રીતે, સનાતન ભગવાન જિનેન્દ્રદેવના ચોસઠ ચમર કહેવામાં આવ્યા છે,

તે જ ચમર ચક્રવર્તીથી લઈને રાજા પર્યંત અડધા-અડધા થતા જાય છે અર્થાત્ ચક્રવર્તીના ૩૨, અર્ધચક્રીના ૧૬, મંડલેશ્વરના ૮, અર્ધમંડલેશ્વરના ચાર, મહારાજના બે અને રાજાને એક ચંવર હોય છે.

આ રીતે, તે સમયે વર્ષાઋતુની શંકા કરતાં મયૂર જેની રાહ પ્રેમથી જોઈ રહ્યા હતા, એવી દેવોની દુંદુભિ મધુર શબ્દ કરતી આકાશમાં વાગી રહી હતી. જેના શબ્દ અત્યંત મધુર અને ગંભીર હતા એવા પણવ, તુણવ, કાહલ, શંખ અને નગારા આદિ વાજા સમસ્ત દિશાઓના મધ્યભાગને શબ્દાયમાન કરતાં આકાશને આચ્છાદિત કરી રહ્યા હતા. સુર-અસુર અને મનુષ્યોથી ભરેલી તે સમસ્ત ભૂમિ જિનેન્દ્ર ભગવાનના શરીરથી ઉત્પન્ન થયેલી તથા ચારેય તરફ ફેલાયેલી પ્રભા અર્થાત્ ભામંડળથી ખૂબ જ સુશોભિત થઈ રહી હતી. આ સમયે જિનેન્દ્ર ભગવાનના શરીરની પ્રભા મધ્યાહ્નના સૂર્યની પ્રભાને તિરોહિત કરતી, કરોડો દેવોના તેજને દૂર કરતી અને લોકમાં ભગવાનનું ઐશ્વર્ય પ્રગટ કરતી ચારેય તરફ ફેલાઈ રહી હતી. અમૃતના સમુદ્ર સમાન નિર્મળ અને જગતને અનેક મંગળ કરવાવાળા દર્પણ સમાન ભગવાનના શરીરની પ્રભામાં (પ્રભામંડળમાં) સુર, અસુર અને મનુષ્ય પ્રસન્ન થઈને સાત-સાત ભવ જોતા હતા. ભગવાનનું છત્રત્રય ચંદ્ર સમાન અને પ્રભામંડળ સૂર્ય સમાન હતું.

ભગવાનના મુખરૂપી કમળથી વાદળોની ગર્જનાનું અનુકરણ કરવાવાળી અતિશયયુક્ત મહા દિવ્યધ્વનિ નીકળી રહી હતી અને તે ભવ્યજીવોના મનમાં સ્થિત મોહરૂપી અંધકારને નષ્ટ કરતી થકી સૂર્ય સમાન સુશોભિત થઈ રહી હતી. જો કે તે દિવ્યધ્વનિ એકપ્રકારની હતી, તેમ છતાં ભગવાનના માહાત્મ્યથી સમસ્ત મનુષ્યોની ભાષાઓ અને અનેક કુભાષાઓને પોતાનામાં સમાવેશ કરી હતી અર્થાત્ સર્વભાષાઓરૂપ પરિણમન કરી રહી હતી અને લોકોનું અજ્ઞાન દૂર કરી તેમને તત્ત્વોનો બોધ કરાવી રહી હતી. જેવી રીતે એક જ પ્રકારના જળનો પ્રવાહ વૃક્ષોના ભેદથી અનેક રસવાળો થઈ જાય છે, તેવી જ રીતે સર્વજ્ઞદેવની તે દિવ્યધ્વનિ પાત્રોના ભેદથી અનેક પ્રકારની થઈ જતી હતી અથવા જેવી રીતે સ્ફટિકમણિ એક જ પ્રકારનું હોય છે, તેમ છતાં તેની પાસે જે-જે રંગવાળી વસ્તુઓ રાખી દેવામાં આવે છે, તે પોતાની સ્વચ્છતાથી સ્વયં તે-તે પદાર્થોના રંગોને ધારણ કરી લે છે, તેવી જ રીતે સર્વજ્ઞ ભગવાનની ઉત્કૃષ્ટ દિવ્યધ્વનિ જો કે એક પ્રકારની હોય છે, તેમ છતાં શ્રોતાઓના ભેદથી તે અનેકરૂપ ધારણ કરી લે છે. ઘણા લોકો એમ કહે છે તે દિવ્યધ્વનિ દેવો દ્વારા કરવામાં આવે છે, પરંતુ તેમનું

તે કહેવું મિથ્યા છે. કારણ કે એવું માનવાથી ભગવાનના ગુણોનો ઘાત થઈ જશે અર્થાત્ તે ભગવાનનો ગુણ નહીં કહેવાય, દેવકૃત હોવાથી દેવોનો કહેવાશે. આ સિવાય તે દિવ્યધ્વનિ અક્ષરરૂપ જ છે કારણ કે અક્ષરોના સમૂહ વિના લોકમાં અર્થનું પરિજ્ઞાન નથી થતું.

આ રીતે, ત્રણેય લોકના સ્વામી ભગવાન વૃષભદેવની એવી વિભૂતિ ઈન્દ્રએ ભક્તિપૂર્વક દેવો પાસે કરાવી હતી અને અનંતચતુષ્ટરૂપ લક્ષ્મીના અધિપતિ સર્વજ્ઞદેવ ઈન્દ્રો દ્વારા સેવનીય તે સમસરણમાં બિરાજમાન થયા હતા. જે સમસ્ત પદાર્થોને પ્રત્યક્ષ જાણે છે અને અનેક વિદ્વાન લોકો જેના ચરણોની વંદના કરે છે એવા તે ભગવાન વૃષભદેવ જગતના જીવોને ઉપદેશ દેવા માટે, સુવર્ણમય સિંહાસન ઉપર આરૂઢ થયા હતા. આ રીતે, સમવસરણ ભૂમિને જોઈને દેવલોકો ખૂબ જ પ્રસન્નચિત્ત થયા, તેમણે ભક્તિપૂર્વક ફરીને ઉચિત રીતિથી તેમને પ્રદક્ષિણા આપી અને પછી ભગવાનના દર્શન કરવા માટે તે સભામાં પ્રવેશ કર્યો. આ સભા આકાશના અગ્રભાગનું ઉલ્લંઘન કરવાવાળા ચાર માનસ્તંભને ધારણ કરી રહી હતી તથા તે માનસ્તંભ ઉપર લાગેલી નિર્મળ પતાકાઓ એવી જણાતી હતી કે જાણે ભગવાનની સેવા કરવા માટે સ્વર્ગલોકને બોલાવવા ઈચ્છતી હોય! આ સભા સ્વચ્છ તથા શીતળ જળથી ભરેલી તથા નેત્ર સમાન પ્રફુલ્લિત કમળોથી યુક્ત અનેક સરોવરીઓને ધારણ કરેલી હતી અને તેનાથી તે એવી જણાતી હતી કે જાણે જન્મ-જરા-મરણરૂપી અસુરોનો અંત કરવાવાળા ભગવાન વૃષભદેવના દર્શન કરવા માટે નેત્રોની પંક્તિઓ જ ધારણ કરી રહી હોય! આવા સમવસરણની સભામાં ઈન્દ્રએ પ્રવેશ કર્યો હતો. આ રીતે, ઉત્કૃષ્ટ શોભાને ધારણ કરવાવાળી તે સમવસરણભૂમિને જોઈને જેના નેત્ર વિસ્મયતાને પ્રાપ્ત થયા છે એવો તે સૌધર્મ સ્વર્ગનો ઈન્દ્ર મોહનીયકર્મને નષ્ટ કરવાવાળા જિનેન્દ્ર ભગવાનના દર્શનની ઈચ્છાથી ઘણી વિભૂતિપૂર્વક ઉત્તમ-ઉત્તમ દેવો સાથે અંદર પ્રવિષ્ટ થયો.

ત્યારબાદ, જેઓ ઉંચી અને દૈદીપ્યમાન પીઠિકાની ઉપર બિરાજમાન હતા, દેવોના પણ દેવ હતા, ચારેય તરફ દેખાવાવાળા ચાર મુખની શોભાથી સહિત હતા, સુરેન્દ્ર, નરેન્દ્ર અને મુનિન્દ્ર દ્વારા વંદનીય હતા, જગતની સૃષ્ટિ અને સંહારના મુખ્ય કારણ હતા (મોક્ષમાર્ગરૂપી સૃષ્ટિને ઉત્પન્ન કરવાવાળા અને પાપરૂપી સૃષ્ટિનો સંહાર કરવાવાળા હતા), જેમનું સુખ શરદઋતુના ચંદ્ર સાથે સ્પર્ધા કરી રહ્યું હતું, જેઓ શરદઋતુની ચાંદની સમાન

પોતાની કાંતિથી અતિશય શોભાયમાન હતા, જેમના નેત્ર નવીન ખીલેલા કમળો સમાન સુશોભિત હતા, જેમનું શરીર અતિશય પ્રકાશમાન અને દૈદીપ્યમાન હતું, જેમનું શરીર અતિશય ઉંચું હતું, જેઓ દેવો દ્વારા આરાધના કરવાયોગ્ય હતા, સુવર્ણ જેવી ઉજ્જ્વળ કાંતિને ધારણ કરવાવાળા હોવાથી મહામેરુ સમાન જણાતા હતા, જેઓ પોતાના વિશાળ વક્ષઃસ્થળ પર સ્થિત રહેવાવાળી અનંતચતુષ્ટરૂપી આત્મલક્ષ્મીથી ત્રણેય લોકના સ્વામિત્વને પ્રગટ કરી રહ્યા હતા, જેઓ કવલાહાર રહિત હતા, જેમણે બધા જ આભૂષણ દૂર કર્યા હતા, જેઓ ઈન્દ્રિયજ્ઞાન રહિત હતા, જેમણે જ્ઞાનાવરણ આદિ કર્મોને નષ્ટ કર્યા હતા, જેઓ સૂર્ય સમાન દૈદીપ્ય રહેવાવાળી પ્રભાની મધ્યમાં બિરાજમાન હતા અને તેથી શબ્દ કરતી અનેક લહેરોથી યુક્ત સમુદ્રની બેલા-(તટ) સમાન જણાતા હતા, જેમની નજીકનો પ્રદેશ દેવો દ્વારા વરસાવાયેલા ફૂલોથી વ્યાપ્ત થઈ રહ્યો હતો, જેમનું ઉંચું શરીર અશોકવૃક્ષ નીચે સ્થિત હતું, જેઓ ચમકતા મોતીઓથી સુશોભિત આકાશમાં સ્થિત, પોતાના વિસ્તૃત તથા ધવલ છત્રત્રયથી એવા જણાતા હતા કે જાણે પોતાનું માહાત્મ્ય અને ઐશ્વર્ય ફેલાતા ઉત્કૃષ્ટ યશને જ પ્રગટ કરી રહ્યા હતા, એવા પ્રથમ તીર્થંકર ભગવાન વૃષભદેવના તે સૌધર્મ ઈન્દ્રએ નમસ્કાર કર્યા.

દર્શન કરી દૂરથી જ જેમણે પોતાનું મસ્તક નમ્રીભૂત કર્યું છે એવા ઈન્દ્રોએ જમીન પર ગોઠણ ટેકવીને તેમને પ્રણામ કર્યા, તે જ સમયે અપ્સરાઓ તથા સમસ્ત દેવીઓ સહિત ઈન્દ્રાણીએ પણ ભગવાનના ચરણમાં પ્રણામ કર્યા. પોતપોતાની દેવીઓ સહિત તથા દૈદીપ્યમાન આભૂષણોથી સહિત તે ઈન્દ્ર પ્રણામ કરતાં એવા જણાતા હતા કે કલ્પલતાઓની સાથે મોટા-મોટા કલ્પવૃક્ષ જ ભગવાનની સેવા કરી રહ્યા હોય! ત્યારબાદ, ઈન્દ્રએ ખૂબ જ સંતોષપૂર્વક ઊભા થઈને શ્રદ્ધાપૂર્વક પોતાના હાથેથી જ ગંધ, પુષ્પમાળા, ધૂપ, દીપ, સુંદર અક્ષત અને ઉત્કૃષ્ટ અમૃતના પિંડ દ્વારા ભગવાનના ચરણોની પૂજા કરી. આ રીતે, ઈન્દ્ર-ઈન્દ્રાણી સહિત દેવોએ પણ ભક્તિપૂર્વક અરિહંત ભગવાનની પૂજા કરી હતી, પરંતુ ભગવાનને આ બધાથી કાંઈ પ્રયોજન ન હતું. તેઓ જો કે વીતરાગ હોવાથી ન તો કોઈથી સંતુષ્ટ થતા હતા અને ન તો કોઈથી દ્વેષ કરતાં હતા, તેમ છતાં પોતાના ભક્તોને ઈષ્ટફળયુક્ત કરી દેતા હતા, તે એક આશ્ચર્યની વાત હતી.

ત્યારબાદ, જેમને સમસ્ત વિદ્યાઓના સ્વામી જિનેન્દ્ર ભગવાનની સ્તુતિ કરવાની ઈચ્છા થઈ એવા મોટા-

મોટા ઈન્દ્ર પ્રસન્નચિત્ત થઈ પોતાના ભક્તિરૂપી હાથ દ્વારા ચિત્ર-વિચિત્ર વર્ણોવાળી આ વચનરૂપી પુષ્પોની માળાને અર્પિત કરવા લાગ્યા : હે જિનનાથ! આ નિશ્ચય છે કે આપની કરવામાં આવેલી ભક્તિ જ ઈષ્ટફળ આપતી હોવાથી અમે લોકો બુદ્ધિહીન તથા મંદવચન થઈને પણ ગુણરૂપી રત્નોના ખજાના સ્વરૂપ આપની સ્તુતિ કરવા માટે ઉદ્યત થયા છીએ. હે ભગવાન! જેમને બુદ્ધિના સામર્થ્યથી કંઈક વચનોનો વૈભવ પ્રાપ્ત થયો છે એવા અમે લોકો આપની ફક્ત ભક્તિ જ કરી રહ્યા છીએ. કારણ કે જે પુરુષ અમૃતના સમુદ્રનું સમ્પૂર્ણ જળ પીવાને સમર્થ નથી તે શું પોતાના સામર્થ્ય અનુસાર થોડું પણ અમૃતજળ નહીં પીવે?—અવશ્ય પીવે છે. હે દેવ! ક્યાં તો જડબુદ્ધિ અમે લોકો અને ક્યાં આપનો પાપરહિત ગુણરૂપી સમુદ્ર! હે જિનેન્દ્ર આ વાતને અમે લોકો પણ જાણીએ છીએ, તેમ છતાં આ સમયે આપની ભક્તિ અમને લોકોને વાચાલિત કરી રહી છે. હે દેવ! આ આશ્ચર્યની વાત છે કે આપના જે મોટા-મોટા ઉત્તમ ગુણ ગણધરો દ્વારા પણ નથી ગણી શકાતા તેની અમે સ્તુતિ કરી રહ્યા છીએ. તેથી, હે જિનેન્દ્ર! આપના વિષયમાં ઉત્પન્ન થયેલી અતિશય નિગૂઢ, નિશ્ચલ અને અપરિમીત ગુણોનો ઉદય કરવાવાળી વિશાળ ભક્તિ જ અમને લોકોને સ્તુતિ કરવા માટે પ્રોત્સાહિત કરી રહી છે અને તેથી અમે લોકો આજે આપની સ્તુતિ કરવા માટે ઉદ્યત થયા છીએ.

હે ઈશ્વર! આપ સમસ્ત સંસારના જાણનાર છો, કર્મભૂમિરૂપી સંસારની રચના કરવાવાળા છો, સમસ્ત ગુણોના સમુદ્ર છો, અવિનશ્વર છો અને હે દેવ! આપનો ઉપદેશ જગતના સમસ્ત જીવોનું હિત કરવાવાળો છે. તેથી, હે જિનેન્દ્રદેવ! આપ અમારા બધાની સ્તુતિને સ્વીકૃત કરો. હે જિનેન્દ્રરૂપી સૂર્ય! જેવી રીતે વાદળા ખસી જવાથી અતિશય નિર્મળ સૂર્યના દૈદીપ્યમાન કિરણો સુશોભિત થાય છે, તેવી જ રીતે સમસ્ત કર્મરૂપી કલંક દૂર થઈ જવાથી પ્રગટ થયેલાં આપના ગુણરૂપી કિરણો અતિશય સુશોભિત થઈ રહ્યા છે. હે જિનેન્દ્ર! જેવી રીતે સમુદ્ર પોતાના ઊંડા જળમાં રહેવાવાળા નિર્મળ અને વિશાળ કાંતિના ધારક મણિઓને ધારણ કરે છે, તેવી જ રીતે આપ અતિશય નિર્મળ અનંતગુણરૂપી મણિઓને ધારણ કરી રહ્યા છો. હે સ્વામિ! જે અત્યંત વિસ્તૃત છે, મોટા-મોટા દુઃખરૂપી ફળ આપવાવાળી છે અને જન્મ-જરા-મરણરૂપી ફૂલોથી વ્યાપ્ત છે એવી આ સંસારરૂપી લતાને, હે ભગવાન! આપે પોતાના શાંતપરિણામરૂપી હાથોથી ઉતારીને ફેંકી દીધી છે. હે જિનવર! આપે મોહની વિશાળ

સેનાના સેનાપતિ તથા અતિશય શૂરવીર ચાર કષાયોને તીવ્ર તપશ્ચરણરૂપી ધારદાર અને મોટી તલવારના પ્રહારથી ઘણી જ શીઘ્રતાથી જીતી લીધા છે. હે ભગવાન! જે કોઈના દ્વારા જીતી ન શકાય અને જેને કોઈ જોઈ પણ ન શકે એવા કામદેવરૂપી શત્રુને આપે ચારિત્રરૂપી તીક્ષ્ણ હથિયારોના સમૂહથી યુદ્ધમાં મારી પછાડ્યો હોવાથી ત્રણેય લોકમાં આપ જ સૌથી શ્રેષ્ઠ ગુરુ છો. હે ઈશ્વર! જે ન તો ક્યારેય વિકારભાવને પ્રાપ્ત થયા છે, ન તો કોઈને કટાક્ષોથી જોવે છે, જેઓ વિકાર રહિત છે અને આભરણ વિના જ સુશોભિત રહે છે એવું આ આપનું સુંદર શરીર કામદેવને જીતવાવાળા આપના માહાત્મ્યને પ્રગટ કરી રહ્યું છે. હે સંસારરહિત જિનેન્દ્ર! કામદેવ જેના હૃદયમાં પ્રવેશ કરે છે, તે પ્રગટ થયેલા રાગરૂપી પરાગથી યુક્ત થઈને અનેક પ્રકારની વિકારયુક્ત ચેષ્ટાઓ કરવા લાગે છે, પરંતુ કામદેવને જીતવાવાળા આપમાં કાંઈપણ વિકાર નથી જોવા મળતો, તેથી આપ ત્રણેય લોકના ગુરુ છો.

હે કામદેવને જીતવાવાળા જિનેન્દ્ર! જે મૂર્ખ પુરુષ કામદેવને વશ થઈ નાચે છે, ગાય છે, આમ-તેમ ફરે છે, સત્ય વાત છુપાવે છે અને જોરજોરથી હસે છે, પરંતુ આપનું શરીર આ બધા વિકારોથી રહિત હોવાથી આ શરીર જ આપના સુખ-શાંતિને પ્રગટ કરી રહ્યું છે. હે માન અને માત્સર્યભાવથી રહિત ભગવાન! કર્મરૂપી ધૂળથી રહિત, કલહરૂપી પંકને નષ્ટ કરવાવાળા, રાગ રહિત અને છળ રહિત આપનું તે શરીર 'આપ ત્રણેય લોકના સ્વામી છો' આ વાતને સ્પષ્ટરૂપથી પ્રગટ કરી રહ્યું છે. હે નાથ! જેમાં સમસ્ત શોભાઓનો સમુદાય મળી રહ્યો છે એવું આ આપનું શરીર વસ્ત્ર રહિત હોવા છતાં પણ અત્યંત સુંદર છે. બરાબર જ છે કે વિશાળ કાંતિને ધારણ કરવાવાળી અતિશય દૈદીપ્યમાન રત્નમણિઓની રાશિને વસ્ત્ર આદિથી ઢાંકી દેવું કોઈને સારું લાગતું નથી. હે ભગવાન! આપનું આ શરીર સ્વેદ રહિત છે, મળરૂપી દોષોથી રહિત છે, અત્યંત સુગંધિત છે, ઉત્તમ લક્ષણોથી સહિત છે, રક્ત રહિત છે, અંધકારના સમૂહને નષ્ટ કરવાવાળું છે, ધાતુ રહિત છે, વજ્રમયી મજબૂત સંધીઓ યુક્ત છે, સમચતુરસ્રસંસ્થાનવાળું છે, અપરિમિત શક્તિનું ધારક છે, પ્રિય અને હિતકારી વચનો સહિત છે, નિમેષ રહિત છે અને સ્વચ્છ દિવ્ય મણિઓ સમાન દૈદીપ્યમાન હોવાથી આપ દેવાધિદેવપદને પ્રાપ્ત થયા છો.

હે સ્વામિન્! સમસ્ત વિકાર, મોહ અને મદથી રહિત તથા સુવર્ણ સમાન કાંતિવાળું આપનું આ લોકોત્તર શરીર સંસારનું ઉલ્લંઘન કરવાવાળી આપની અદ્વિતીય પ્રભુતાના વૈભવને પ્રગટ કરી રહ્યું છે. હે અંધકાર રહિત

જિનેન્દ્ર! પાપનો સમૂહ ક્યારેય પણ આપને સ્પર્શતો નથી. બરાબર જ છે કે અંધકારનો સમૂહ ક્યારેય પણ સૂર્ય સન્મુખ જઈ શકતો નથી. હે નાથ! આપ આ જગતરૂપી ઘરમાં પોતાના દૈદીપ્યમાન વિશાળ તેજથી પ્રદીપ સમાન આચરણ કરો છો. હે ભગવાન! આપના સ્વર્ગથી અવતાર લેવાના સમયે રત્નોની ધારા સમસ્ત આકાશને રોકતી સ્વર્ગલોકથી શીઘ્ર જ આ જગતરૂપી કુટીમાં પડી રહી હતી અને તે એવી જણાઈ રહી હતી કે જાણે સમસ્ત સૃષ્ટિને સુવર્ણમય જ કરી રહી હોય! હે જિનેન્દ્ર! ઐરાવત હાથીની સૂંઢ સમાન લંબાયમાન તે રત્નોની ધારા એવી સુશોભિત થઈ રહી કે જાણે આપની લક્ષ્મી જ મૂર્તિ ધારણ કરીને લોકમાં શીઘ્ર જ એવો સંબોધ ફેલાવી રહી હોય કે અરે! મનુષ્યો કર્મરૂપી શત્રુઓને જીતવાવાળા આ જિનેન્દ્ર ભગવાનની સેવા કરો!

હે ભગવાન! આપના જન્મ સમયે આકાશથી દેવોના હાથોથી છોડવામાં આવેલી અત્યંત સુગંધિત જે ફૂલોની વૃષ્ટિ થઈ હતી, તે એવી સુશોભિત થઈ રહી હતી કે જાણે દેવાંગનાઓના નેત્રોની પંક્તિ જ આવી રહી હોય! હે સ્વામી! ઈન્દ્રોએ મેરુ પર્વતના શિખર પર ક્ષીરસાગરના સ્વચ્છ જળથી ભરેલા ઊંડા ઘડાઓથી જગતમાં આપનું મહાત્મ્ય ફેલાવવાવાળો આપનો પવિત્ર અભિષેક કર્યો હતો. હે જિન! તપકલ્યાણકના સમયે મણિમય પાલખી પર આરૂઢ થયેલા આપને લઈ જવા માટે અમે લોકો તત્પર થયા હતા તેમાં કાંઈપણ આશ્ચર્ય નથી. કારણ કે નિર્વાણપર્યંત આપના બધા જ કલ્યાણકોમાં આ દેવલોકો કિંકર સમાન ઉપસ્થિત રહે છે. હે ભગવાન! આ દૈદીપ્યમાન કેવળજ્ઞાનરૂપી સૂર્યનો ઉદય થતા આ સ્પષ્ટ પ્રગટ થઈ ગયું છે કે આપ જ ધાતા અર્થાત્ મોક્ષમાર્ગની સૃષ્ટિ કરવાવાળા છો અને આપ જ ત્રણેય લોકના સ્વામી છો. આ સિવાય આપ જન્મજરારૂપી રોગનો અંત કરવાવાળા છો, ગુણોના ખજાના છો અને લોકમાં સૌથી શ્રેષ્ઠ છો, તેથી હે દેવ! આપને અમે લોકો વારંવાર નમસ્કાર કરીએ છીએ.

હે નાથ! આ સંસારમાં આપ જ મિત્ર છો, આપ જ ગુરુ છો, આપ જ સ્વામી છો, આપ જ સૃષ્ટા છો અને આપ જ જગતના પિતામહ છો. આપનું ધ્યાન કરવાવાળા જીવ અવશ્ય જ મૃત્યુ રહિત સુખ અર્થાત્ મોક્ષસુખને પ્રાપ્ત કરે છે. તેથી હે ભગવાન! આજે આપ ત્રણ લોકને નષ્ટ થવાથી બચાવો—એવો માર્ગ બતાવો કે જેથી જન્મમરણના દુ:ખથી બચીને મોક્ષનું અનંત સુખ પ્રાપ્ત કરી શકીએ! હે જિનેન્દ્ર! પરમસુખની પ્રાપ્તિનું સ્થાન તથા અવિનાશી

ઉત્કૃષ્ટપદમાં જવાની ઈચ્છા કરવાવાળા ઉત્તમ બુદ્ધિમાન યોગી સંસારનો નાશ કરવા માટે આપના દ્વારા કહેવાયેલા પરમાગમના અક્ષરોનું ચિંતવન કરે છે. હે જિનરાજ! જે મનુષ્ય આપના દ્વારા દર્શાવેલા માર્ગમાં પરમ સંતોષ ધારણ કરે છે અથવા આનંદની પરંપરાથી યુક્ત થાય છે તેઓ જ આ અતિશય વિસ્તૃત સંસારરૂપી લતાને આપના ધ્યાનરૂપી અગ્નિની જ્વાળાથી એકદમ નષ્ટ કરી શકે છે. હે ભગવાન! વાયુથી ઊઠેલી ક્ષીરસમુદ્રની લહેરો સમાન અથવા ચંદ્ર-કિરણોના સમૂહ સમાન સુશોભિત થવાવાળી આપની આ સફેદ ચમકારોની પંક્તિઓને જોઈને સંસારી જીવ અવશ્ય જ સંસારરૂપી બંધનથી મુક્ત થઈ જાય છે. હે વિભો! સૂર્યને પણ તિરસ્કૃત કરવાવાળી અને અતિશય દૈદીપ્યમાન પોતાની કાંતિને ચારે તરફ ફેલાવતું, અત્યંત ઉંચું, મણિઓથી જડેલું, દેવો દ્વારા સેવનીય અને પોતાની મહિમાથી સમસ્ત લોકને નમાવતું આ સિંહાસન મેરુ પર્વતના શિખર સમાન શોભાયમાન થઈ રહ્યું છે. જેનું ઐશ્વર્ય અતિશય ઉત્કૃષ્ટ છે અને જે મોક્ષમાર્ગનો ઉપદેશ દેવાવાળા છે એવા આપ અરિહંતદેવનું આ દેવરૂપ કારીગરો દ્વારા બનાવવામાં આવેલું આ છત્રત્રય પોતાની કાંતિથી શરદઋતુના ચંદ્રમંડળ સમાન સુશોભિત થઈ રહ્યું છે.

હે ભગવાન! જેનો સ્કંધ મરકતમણિઓથી અતિશય દૈદીપ્યમાન થઈ રહ્યો છે અને જેના ઉપર મધુર શબ્દ કરતાં ભ્રમરોનો સમૂહ બેઠેલો છે એવું આ શોભાયમાન તથા વાયુથી હલતું આપનું અશોકવૃક્ષ એવું સુશોભિત થઈ રહ્યું છે કે જાણે પોતાની અત્યંત દૈદીપ્યમાન શાખાઓને ભૂજા બનાવીને તેના દ્વારા નૃત્ય જ કરી રહ્યું હોય! અથવા અત્યંત સુકોમળ વાયુથી ધીરે-ધીરે હલતું આ અશોકવૃક્ષ આપ સમાન જ સુશોભિત થઈ રહ્યું છે. કારણ કે જેવી રીતે આપ દેવો દ્વારા વરસાવવામાં આવેલા પુષ્પોથી વ્યાપ્ત છો, તેવી જ રીતે આ અશોકવૃક્ષ પણ પુષ્પોથી વ્યાપ્ત છે; જેવી રીતે મનુષ્ય, દેવ અને મોટા-મોટા મુનિરાજ આપને ચાહે છે—આપની પ્રશંસા કરે છે, તેવી જ રીતે મનુષ્ય, દેવ અને મોટા-મોટા મુનિરાજ આ અશોકવૃક્ષને પણ ચાહે છે; જેવી રીતે પવનકુમારદેવ મંદ-મંદ વાયુ ચલાવીને આપની સેવા કરે છે, તેવી જ રીતે આ વૃક્ષની પણ સેવા કરે છે—તે મંદ-મંદ વાયુથી હલી રહ્યા છે; જેવી રીતે આપ ઉત્તમ કાંતિના ધારક છો, તેવી જ રીતે આ વૃક્ષની પણ છાયા—કાંતિ ખૂબ જ ઉત્તમ છે; જેવી રીતે આપ મનુષ્ય તથા દેવોનો શોક નષ્ટ કરો છો, તેવી જ રીતે આ વૃક્ષ પણ મનુષ્ય તથા દેવોનો શોક નષ્ટ કરે છે અને જેવી રીતે આપ ત્રણેય લોકના શ્રેય અર્થાત્ કલ્યાણરૂપ છો, તેવી જ રીતે આ વૃક્ષ પણ ત્રણેય લોકમાં શ્રેય અર્થાત્ મંગલરૂપ છે.

હે ભગવાન! આ દેવલોકો વર્ષાકાળના મેઘોની ગર્જનાના શબ્દોને જીતવાવાળા દુંદુભિ વાજાઓના મધુર શબ્દોની સાથે-સાથે જેણે સમસ્ત આકાશને વ્યાપ્ત કરી લીધું છે એવી ફૂલોની વર્ષા આપની સામે લોકરૂપી ઘરના અગ્રભાગથી છોડી રહ્યા છે. હે જિનેન્દ્ર! મણિમય મુકુટોની દૈદીપ્યમાન કાંતિને ધારણ કરવાવાળા દેવો દ્વારા ઢોળવામાં આવેલી તથા અતિશય સુંદર આકારવાળી આ આપના ચમરોની પંક્તિ આપના શરીરની કાંતિરૂપી સરોવરમાં સફેદ હંસની શોભા વધારી રહી છે. હે ભગવાન! જેમાં સંસારના સમસ્ત પદાર્થ ભરેલા છે, જેઓ સમસ્ત ભાષાઓનું નિદર્શન કરે છે અર્થાત્ જે અતિશય વિશેષને કારણે સમસ્ત ભાષાઓરૂપ પરિણમન કરે છે અને જેણે સ્યાદ્વાદરૂપી નીતિથી અન્યમતરૂપી અંધકારને નષ્ટ કરી દીધો છે એવી આપની આ દિવ્યધ્વનિ વિદ્વાન લોકોને શીઘ્ર જ તત્ત્વોનું જ્ઞાન કરાવી દે છે. હે ભગવાન! આપની વાણીરૂપી આ પવિત્ર પુણ્ય-જળ અમારા લોકોના મનના સમસ્ત મળને ધોઈ રહી છે. વાસ્તવમાં તે જ તીર્થ છે અને તે જ આપના દ્વારા કહેવાયેલું તીર્થ ભવ્યજનોને સંસારરૂપી સમુદ્રથી પાર થવાનો માર્ગ છે. હે ભગવાન! આપનું જ્ઞાન સંસારની સમસ્ત વસ્તુઓ સુધી પહોંચેલું છે અર્થાત્ સમસ્ત વસ્તુઓને જાણે છે, તેથી આપ સર્વજ્ઞ અર્થાત્ સર્વવ્યાપક છો. આપે કામ અને મોહરૂપી શત્રુને જીતી લીધા હોવાથી આપ સર્વજિત અર્થાત્ બધાને જીતવાવાળા છો અને આપ સંસારના સમસ્ત પદાર્થોને વિશેષરૂપથી જુઓ છો, તેથી આપ સર્વદક અર્થાત્ બધાને દેખવાવાળા છો.

હે ભગવાન! આપ સમસ્ત પાપરૂપી મળને નષ્ટ કરવાવાળા સમીચીન ધર્મરૂપી તીર્થ દ્વારા જીવોને નિર્મળ કરવા માટે સદાય તત્પર રહેતા હોવાથી આપ તીર્થંકર છો અને આપ સમસ્ત પાપરૂપી વિષનું હરણ કરવાવાળા પવિત્ર શાસ્ત્રરૂપી ઉત્તમ મંત્રને બનાવવામાં ચતુર છો, તેથી આપ મંત્રકૃત છો. હે ભગવાન! મુનિલોકો આપને જ પુરાણપુરુષ અર્થાત્ શ્રેષ્ઠ પુરુષ બ્રહ્મા માને છે, આપને જ ઋષિઓના ઈશ્વર અને અક્ષયઋદ્ધિના ધારણ કરવાવાળા અચ્યુત અર્થાત્ અવિનાશી કહે છે તથા આપને જ અચિંત્ય યોગ ધારણ કરવાવાળા અને સમસ્ત જગતને ઉપાસના કરવાયોગ્ય જ યોગીશ્વર અર્થાત્ મુનિઓના અધિપતિ કહે છે. તેથી, હે સંસારનો અંત કરવાવાળા જિનેન્દ્ર! બ્રહ્મા, વિષ્ણુ અને મહેશરૂપ આપની અમે લોકો પણ ઉપાસના કરીએ છીએ.

હે નાથ! સમસ્ત ઘાતિયાકર્મરૂપી મળ નષ્ટ થઈ જવાથી જેમને કેવળજ્ઞાનરૂપી નિર્મળ નેત્ર ઉત્પન્ન થયું છે, એવા આપને નમસ્કાર હો! જે પાપબંધરૂપી સાંકળને છેદવાવાળા છે, સંસારરૂપી અર્ગલને ભેદવાવાળા છે અને

કર્મરૂપી શત્રુઓને જીતવાવાળા જિનમાં હાથી સમાન શ્રેષ્ઠ છે, એવા આપને નમસ્કાર હો! હે ભગવાન! આપ ત્રણેય લોકના એક પિતામહ છો, તેથી આપને નમસ્કાર હો! આપ પરમ નિવૃત્તિ અર્થાત્ મોક્ષસુખના કારણ છો, તેથી આપને નમસ્કાર હો! આપ ગુરુઓના પણ ગુરુ છો તથા ગુણોના સમૂહથી પણ ગુરુ અર્થાત્ શ્રેષ્ઠ છો, તેથી આપને નમસ્કાર હો! આ સિવાય આપે સમસ્ત ત્રણેય લોકને જાણી લીધા હોવાથી પણ આપને નમસ્કાર હો!

હે ઈશ! આપના ઉદાર ગુણોમાં અનુરાગ હોવાથી અમે લોકોએ આપની આ અનેક અક્ષરોવાળી ઉત્તમ સ્તુતિ કરી હોવાથી હે દેવ! હે પરમેશ્વર! અમારા ઉપર પ્રસન્ન થાઓ અને ભક્તિથી પવિત્ર તથા ચરણોમાં સમર્પિત કરેલી સુંદરમાળા સમાન તેને સ્વીકાર કરો. હે જિનેન્દ્ર! આપની સ્તુતિ કરી અમે લોકો આપનું વારંવાર સ્મરણ કરીએ છીએ અને હાથ જોડીને આપને નમસ્કાર કરીએ છીએ. હે ભગવાન! આપની સ્તુતિ કરવાથી આજે અહીં અમને લોકોને જે કાંઈ પુણ્યનો સંચય થયો છે તેનાથી અમારા લોકોની આપમાં નિર્મળ અને પ્રસન્નરૂપ ભક્તિ થાઓ. આ રીતે, જેમનું જ્ઞાન અતિશય પ્રકાશમાન થઈ રહ્યું છે એવા મુખ્ય-મુખ્ય બત્રીસ ઈન્દ્રોએ (ભવનવાસી દસ, વ્યંતર આઠ, જ્યોતિષી બે અને કલ્પવાસી બાર) સુર, અસુર, મનુષ્ય, નાગેન્દ્ર, યક્ષ, સિદ્ધ, ગંધર્વ અને ચારણોના સમૂહની સાથે-સાથે સેંકડો સ્તુતિઓ દ્વારા મસ્તક ઝુકાવતા થકા તે ભગવાન વૃષભદેવને નમસ્કાર કર્યા. આ રીતે, ધર્મથી પ્રેમ રાખવાવાળા ઈન્દ્રગણ પોતાના મોટા-મોટા મુગુટોને નમ્રીભૂત કરવાવાળા દેવોની સાથે-સાથે ફરી ક્યારેય ઉત્પન્ન નહીં થવાવાળા અને જગતના એકમાત્ર બંધુ જિનેન્દ્રદેવની સ્તુતિ કરી સમવસરણભૂમિમાં જિનેન્દ્ર ભગવાનની તરફ મુખ કરી તેમની ચારેય તરફ બેસી ગયા.

તે સમયે ઘાતિયાકર્મરૂપી શત્રુઓને જીતવાવાળા જિનેન્દ્ર ભગવાનના સુવર્ણ સમાન ઉજ્જ્વળ શરીર પર દેવોના નેત્રોના જે પ્રતિબિંબ પડી રહ્યા હતા તે એવા સુશોભિત થઈ રહ્યા હતા કે જાણે કલ્પવૃક્ષના અવયવો પર પુષ્પોનો રસ પીવાની ઈચ્છા કરવાવાળા મદોન્મત્ત ભ્રમરોના સમૂહ જ હોય! જેમની ભૂજાઓ હાથીની સૂંઢ સમાન છે, જેમનું મુખ ચંદ્ર સમાન છે અને જેમનું વક્ષઃસ્થળ મેરુ પર્વતના તટ સમાન છે એવા દેવાધિદેવ જિનેન્દ્ર ભગવાનને જોઈને તે દેવ ખૂબ જ હર્ષિત થયા હતા.

જેમના નેત્ર નવીન ખીલેલા કમળના દળ સમાન છે, જેમની બંને ભૂજાઓ હાથીની સૂંઢ સમાન છે, જેઓ

નિર્મળ છે અને જેઓ અત્યંત કાંતિયુક્ત છે એવા જિનેન્દ્ર ભગવાનના શરીરને તે દેવલોકો ખૂબ જ સંતોષથી નેત્રોને ખોલી-ખોલીને જોઈ રહ્યા હતા. જેઓ ચંદ્રની કાંતિને હરણ કરવાવાળા ચમરોથી ઘેરાયેલા છે, જેઓ કામદેવના સેંકડો બાણોના પ્રહારને જીતવાવાળા છે, જેમણે સમસ્ત મળ નષ્ટ કરી દીધા છે અને જેઓ અતિશય પવિત્ર છે, એવા જિનેન્દ્રદેવના શરીરનું દેવરૂપી ભ્રમર અમૃત સમાન પાન કરતાં હતા. જેમના ટીમકાર રહિત નેત્ર કમળદળ સમાન સુશોભિત થઈ રહ્યા હતા, જેમનું મુખ પ્રફુલ્લિત જણાઈ રહ્યું હતું, જે અતિશય સુગંધથી યુક્ત હતું, દેવ અને મનુષ્યોના સ્વામીને સુખી કરવાવાળું હતું અને કાંતિવાન હતું એવું ભગવાન વૃષભદેવનું તે શરીર ખૂબ જ સુશોભિત થઈ રહ્યું હતું. જે અત્યંત સુગંધિત છે, જેણે ચંદ્રની કાંતિને તિરસ્કૃત કરી દીધી છે, જે કામદેવરૂપી હિમના આઘાતથી રહિત છે અને જે અતિશય કાંતિવાન છે એવા ભગવાનના મુખરૂપી કમળનું દેવાંગનાઓના નેત્ર અસંતુષ્ટરૂપથી પાન કરી રહ્યા હતા.

જેમના અનુપમ નેત્ર કમળદળને જીતતા સુશોભિત થઈ રહ્યા હતા, જે જરા રહિત છે, જન્મરહિત છે, ઈન્દ્ર દ્વારા પૂજિત છે, અતિશય ઈષ્ટ છે અથવા જેનો મત અતિશય ઉત્કૃષ્ટ છે, જેમની કાંતિ અપાર છે અને જેઓ ઋષિઓના સ્વામી છે, એવા ભગવાન વૃષભદેવને હે ભવ્ય જીવો! તમે બધા નમસ્કાર કરો. હું શ્રી જિનેન્દ્ર ભગવાનના તે શરીરની સ્તુતિ કરું છું કે જેનું મુખ કમળ સમાન છે, જે કમળના કેશર સમાન પિતવર્ણ છે, જેના ટીમકાર રહિત નેત્ર કમળદળ સમાન વિશાળ અને લાંબા છે, જેની સુગંધ કમળ સમાન છે, જેની છાયા પડતી નથી અને જે સ્વચ્છ સ્ફટિકમણિ સમાન સુશોભિત થઈ રહ્યું છે. જેમના લાલાશરહિત બંને નેત્ર જેમના ક્રોધનો અભાવ બતાવી રહ્યો છે, જેમનું મુખ શાંતતાને સૂચિત કરી રહ્યું છે અને કટાક્ષાવલોકનનો અભાવ હોવાથી સૌમ્ય અવસ્થાને પ્રાપ્ત થયેલું જેમનું શરીર જેમના કામદેવના વિજયને પ્રાપ્ત કરી રહ્યું છે એવા તે જિનેન્દ્ર ભગવાનને હું વારંવાર નમસ્કાર કરું છું.

હે બુદ્ધિમાન પુરુષો! જેમનું શરીર કામદેવને નષ્ટ કરવાવાળું અતિશય સુગંધિત અને સુંદર છે, જેમના નેત્ર લાલાશ રહિત તથા અત્યંત નિર્મળ કાંતિના સમૂહ સહિત છે અને જેમનું મુખ અતિ સુશોભિત થઈ રહ્યું છે એવા તે વૃષભ જિનેન્દ્રને નમસ્કાર હો! જેમનું મુખ સૌમ્ય છે, નેત્ર નિર્મળ કમળદળ સમાન છે, શરીર સુવર્ણના પુંજ

સમાન છે, જેઓ ઋષિઓના સ્વામી છે, જેમના નિર્મળ અને કોમળ ચરણયુગલ લાલ કમળની કાંતિ ધારણ કરે છે, જેઓ પરમ પુરુષ છે અને જેમની વાણી અત્યંત કોમળ છે એવા શ્રી વૃષભ જિનેન્દ્રને હું નમસ્કાર કરું છું. જેમના ચરણયુગલ કમળોને જીતવાવાળા છે, ઉત્તમ-ઉત્તમ લક્ષણોથી સહિત છે, કામ સંબંધી રાગને નષ્ટ કરવામાં સમર્થ છે, જગતને સંતોષિત કરવાવાળા છે, ઈન્દ્રના મુકુટના અગ્રભાગથી પડતી માળાના પરાગથી પીળા-પીળા થઈ રહ્યા છે અને કમળના મધ્યમાં બિરાજમાન કરીને સુશોભિત થઈ રહ્યા છે એવા ભગવાન વૃષભદેવ સદાય જયવંત હો!

ત્રણેય લોકના ગુરુ એવા જે ભગવાનનું સફેદ છત્ર પૂર્ણ ચંદ્રમંડળ સંબંધી સમસ્ત શોભાને સુશોભિત કરી રહ્યું છે, જેમણે ઘાતિયાકર્મરૂપી શત્રુઓને જીતી લીધા છે, જેમના ચરણકમળ નમસ્કાર કરતાં ઈન્દ્રોના દૈદીપ્યમાન મુકુટોમાં લાગેલા મણિઓથી સુશોભિત થઈ રહ્યા છે અને જેઓ અંતરંગ તથા બહિરંગ લક્ષ્મીથી સહિત છે એવા શ્રી વૃષભ જિનેન્દ્ર સદાય જયવંત રહે! ઈન્દ્રોએ જેમના ચરણયુગલોની પૂજા અનેકવાર કરી હતી, દેવોના સમૂહ દ્વારા મેરુ પર્વત ઉપર ક્ષીરસાગરના પવિત્ર જળથી જેમનો અભિષેક થયો હતો તે શ્રી વૃષભ જિનેન્દ્ર સદાય જયવંત રહો! ગુણોના સમુદ્ર સ્વરૂપ જે ભગવાનના ઉજ્જ્વળ અને અતિશય દૈદીપ્યમાન કિરણોનો સમૂહ ચારેય તરફ સુશોભિત થઈ રહ્યો છે, જેમનું સુંદર ચરિત્ર સમસ્ત જીવોનું હિત કરવાવાળું છે, જેઓ સકળ જગતના સ્વામી છે અને જેઓ ભવ્યજીવરૂપી કમળોને વિકસિત કરવા માટે સૂર્ય સમાન છે એવા શ્રી વૃષભ જિનેન્દ્રદેવ આપણા બધાની રક્ષા કરે!

જેના પલ્લવ હલી રહ્યા છે, જેના પત્તા અને ફૂલ અનેક વર્ણના છે, જે ઉત્તમ શોભાથી સહિત છે, જેનો સ્કંધ મરકતમણિઓથી બનેલો છે, જેનું શરીર અત્યંત ઉજ્જ્વળ છે, જેની છાયા ખૂબ જ સઘન છે અને સમસ્ત લોકોનો શોક નષ્ટ કરવાની જેની ઈચ્છા છે એવું જેમનું અશોકવૃક્ષ સુશોભિત થઈ રહ્યું છે અને જેઓ ભવ્યજીવરૂપી કમળોના સમૂહને વિકસિત કરવા માટે સૂર્ય સમાન છે એવા તે બહિરંગ અને અંતરંગલક્ષ્મીના અધિપતિ શ્રી વૃષભ જિનેન્દ્ર સદાય જયવંત રહો! જેમનું શરીર અતિશય સુંદર છે, જેઓ વાયુથી હલતી પોતાની ચંચળ શાખાઓથી સદાય ફૂલોનો ઉપહાર ફેલાવતું રહે છે, જેણે સમસ્ત દિશાઓ વ્યાપ્ત કરી છે જે કોયલોના મધુર શબ્દરૂપી ગીતોથી મનોહર છે અને જે નૃત્ય કરતી શાખાઓના અગ્રભાગથી ભક્તિપૂર્વક જિનેન્દ્ર ભગવાનની સેવા કરતાં ભવ્ય સમાન સુશોભિત થઈ રહ્યું છે એવું તે શ્રી જિનેન્દ્ર ભગવાનનું શોભાયુક્ત અશોકવૃક્ષ સદાય જયવંત રહો!

જે સમવસરણની ભૂમિમાં દેવગણ પ્રસન્ન થઈને પોતાના નેત્રોની પંક્તિ સમાન ચંચળ અને ઉન્મત્ત ભ્રમરોથી સેવિત ફૂલોની પંક્તિ આકાશના અગ્રભાગથી છોડે છે અને જે વાયુથી હલતી પોતાની ધ્વજાઓની પંક્તિથી આકાશને સાફ કરતી સુશોભિત થઈ રહી છે એવી તે સમવસરણભૂમિ ચિરકાળપર્યંત આપણા બધાના કલ્યાણને વિસ્તૃત કરે! રત્નોની પ્રભાથી દૈદીપ્યમાન રહેવાવાળા જે ધૂલિશાલમાં સૂર્ય નિમગ્નકિરણ થઈને અત્યંત શોભાયમાન થાય છે એવું તે ભગવાનનું નિર્મળ ધૂલિશાલ સદાય જયવંત રહે! તથા જે કલ્પવૃક્ષથી પણ અધિક કાંતિવાળું છે, જેના ઉપર ઉંચી ધ્વજાઓ લહેરાઈ રહી છે, જે આકાશનું ઉલ્લંઘન કરી રહી છે અને જે અતિશય દૈદીપ્યમાન છે એવા જિનેન્દ્રદેવનું માનસ્તંભ પણ સદા જયવંત રહો! જેના કિનારા રત્નોના બનેલા છે, જેમાં સ્વચ્છ જળ ભરેલું છે અને જે નીલકમળથી વ્યાપ્ત છે એ વાવડીઓની હું સ્તુતિ કરું છું તથા જે ખીલેલા પુષ્પોના હારથી સુંદર છે એવા લતાવનની પણ હું સ્તુતિ કરું છું અને તેવી જ રીતે ભગવાનના તે પ્રસિદ્ધ પ્રથમ કોટની પણ હું સ્તુતિ કરું છું. જે જિનેન્દ્ર ભગવાનની સમવસરણ ભૂમિમાં પ્રાપ્ત થયા છે અને જેમની સંખ્યા ચાર છે એવા તે રક્ત અશોક આદિ વનોની પણ હું વંદના કરું છું, જે ચૈત્યવૃક્ષોથી મંડિત છે અને જેમાં જિનેન્દ્ર ભગવાનની પ્રતિમા બિરાજમાન છે એવા ચારેય વનોની અમે વંદના કરીએ છીએ. જે અતિશય સુંદર છે, જે દેવતાઓ દ્વારા પણ પૂજિત છે અને જે સિંહ, બળ આદિના ચિહ્નો સહિત છે એવી કોટની આગળ દૈદીપ્યમાન ધ્વજાઓના વસ્ત્રની પંક્તિઓ સુશોભિત થાય છે તેને પણ હું નમસ્કાર કરું છું. જે ફેલાતા ધૂપના ધુમાડાથી આકાશમાર્ગને મલિન કરી રહ્યા છે અને જે સમસ્ત જગતને સુગંધિત કરી રહ્યા છે એવા પ્રત્યેક દિશાના બે-બે વિશાળ તથા ઉત્તમ ધૂપઘટ અમારા મનમાં પ્રીતિ ઉત્પન્ન કરે. આ રીતે, ત્રણ કોટ સંબંધી શોભાસંપન્ન બે-બે મનોહર નાટ્યશાળાઓ પણ અમારા મનમાં પ્રીતિ ઉત્પન્ન કરે. હું એ બધાનું સ્મરણ કરું છું તથા જિનેન્દ્ર ભગવાનની પ્રતિમાઓ સહિત એવા સ્તૂપોની પંક્તિનું પણ પ્રસન્નચિત્ત થઈને સ્તવન, નમન અને સ્મરણ કરું છું. વનવેદીથી ઘેરાયેલી કલ્પવૃક્ષોના વનોની પંક્તિની આગળ જે સ્ફટિકમણિનો બનેલો ત્રીજો ઉત્તમ કોટ છે તેની આગળ ત્રણેય લોકના સમસ્ત જીવોને આશ્રય દેવાનો પ્રભાવ રાખવાવાળો જે ભગવાનનો શ્રીમંડપ છે તે અમારા લોકોની લક્ષ્મીને વિસ્તૃત કરે.



સંક્ષેપમાં સમવસરણની રચના આ પ્રકારે છે : સૌથી પહેલાં ધૂલિશાલ પછી ચાર દિશાઓમાં ચાર માનસ્તંભ

છે, માનસ્તંભની ચારે તરફ સરોવર છે, પછી નિર્મળ જળથી ભરેલી પરીખા (ખાઈ) છે, પછી પુષ્પવાટિકા છે, તેની આગળ પહેલો કોટ છે, તેની આગળ બન્ને તરફ બે-બે નાટ્યશાળાઓ છે, તેની આગળ બીજું અશોક આદિનું વન છે, તેની આગળ વેદિકા છે, ત્યારબાદ ધ્વજાઓની પંક્તિ છે, ત્યારબાદ બીજો કોટ છે, તેની આગળ વેદિકા સહિત કલ્પવૃક્ષોનું વન છે, તેની પછી સ્તૂપ અને સ્તૂપની પછી મકાનોની પંક્તિ છે, પછી સ્ફટિકમણિનો ત્રીજો કોટ છે, તેની અંદર મનુષ્ય, દેવ અને મુનિઓની બાર સભા છે, ત્યારબાદ પીઠિકા છે અને પીઠિકાના અગ્રભાગ પર સ્વયંભૂ ભગવાન અરિહંતદેવ બિરાજમાન છે. અરિહંત દેવ સ્વભાવથી જ પૂર્વ અથવા ઉત્તર દિશા તરફ મુખ કરી જે સમવસરણ ભૂમિમાં બિરાજમાન થાય છે તેની ચારે તરફ પ્રદક્ષિણારૂપથી ક્રમપૂર્વક ૧. બુદ્ધિના ઈશ્વર ગણધર આદિ મુનિરાજ, ૨. કલ્પવાસી દેવીઓ, ૩. આર્યિકાઓ અને મનુષ્યોની સ્ત્રીઓ, ૪. જ્યોતિષી દેવીઓ, ૫. વ્યંતર દેવીઓ, ૬. ભવનવાસી દેવીઓ, ૭. ભવનવાસી દેવ, ૮. વ્યંતર દેવ, ૯. જ્યોતિષી દેવ, ૧૦. કલ્પવાસી દેવ, ૧૧. ચક્રવર્તી આદિ મનુષ્ય અને ૧૨. પશુ—આ રીતે, બાર સભાઓ હોય છે. આ બધા ઉપર કહેલા કોઠાઓમાં ભક્તિભારથી નમ્રીભૂત થઈને જિનેન્દ્ર ભગવાનની ચારે તરફ બેસે છે.

ત્યારબાદ, જેમણે પ્રગટ થતા વચનરૂપી કિરણોથી અંધકારને નષ્ટ કરી દીધું છે, સંસારરૂપી રાત્રિને દૂર કરી છે અને તે રાત્રિની સંધ્યા સંધી સમાન ક્ષીણમોહ નામક બારમા ગુણસ્થાનની અવસ્થાને પણ દૂર કરી છે, જે સમ્યગ્જ્ઞાનરૂપી ઉત્તમ સારથી દ્વારા વશમાં કરેલા સાત નયરૂપી વેગશાળી ઘોડાઓથી જોડાયેલા સ્યાદ્વાદરૂપી રથ ઉપર સવાર છે અને જે ભવ્યજીવોના બંધુ છે એવા શ્રી જિનેન્દ્રદેવરૂપી સૂર્ય અતિશય દૈદીપ્યમાન થઈ રહ્યા હતા. આ રીતે, ઉપર જેનો સંગ્રહ કરવામાં આવ્યો છે એવી, ધર્મચક્રના અધિપતિ જિનેન્દ્ર ભગવાનની આ સમવસરણ ભૂમિનું જે ભવ્યજીવ ભક્તિથી મસ્તક ઝુકાવીને સ્તુતિથી મુખને શબ્દાયમાન કરતાં સ્મરણ કરે છે, તે અવશ્ય જ મણિમય મુકુટ સહિત દેવોની માળાઓને ધારણ કરવાવાળા મસ્તકો દ્વારા પૂજ્ય, સમસ્ત ગુણોથી ભરપૂર અને મોટી-મોટી ઋદ્ધિઓથી યુક્ત જિનેન્દ્ર ભગવાનની લક્ષ્મી અર્થાત્ અરિહંત અવસ્થાની વિભૂતિને પ્રાપ્ત કરે છે.

આ રીતે, આર્ષ નામથી પ્રસિદ્ધ ભગવજ્જિનસેનાચાર્ય-વિરચિત ત્રિષષ્ટિલક્ષણ મહાપુરાણ ગ્રંથમાં સમવસરણની વિભૂતિનું વર્ણન કરવાવાળો ત્રેવીસમો અધ્યાય સમાપ્ત થયો.

## અધ્યાય ચોવીસમો

જેમના જ્ઞાને પટવિદ્યા અર્થાત્ વિષ દૂર કરવાવાળી વિદ્યા સમાન મોહરૂપી વિષથી સૂતેલા આ સમસ્ત જગતને શીઘ્ર જ જગાડી દીધું હતું એવા શ્રી વૃષભદેવ ભગવાન સદાય જયવંત રહો!

ત્યારબાદ, રાજ્યલક્ષ્મીથી યુક્ત રાજર્ષિ ભરતને એક જ સાથે ત્રણ સમાચાર પ્રાપ્ત થયા—ધર્માધિકારી પુરુષથી પિતાના કેવળજ્ઞાન થવાના સમાચાર, આયુધશાળાની રક્ષા કરવાવાળા પુરુષથી ચક્રરત્ન પ્રગટ થવાના સમાચાર અને કંચુકીથી પુત્રરત્ન ઉત્પન્ન થવાના સમાચાર પ્રાપ્ત થયા હતા. આ ત્રણમાંથી પહેલાં કોનો ઉત્સવ કરવો જોઈએ એ વિચારતાં રાજા ભરત ક્ષણવાર માટે વ્યાકુળ થઈ ગયા. પુણ્યતીર્થ અર્થાત્ ભગવાનને કેવળજ્ઞાન ઉત્પન્ન થવું, પુત્રની ઉત્પત્તિ થવી અને ચક્રરત્નનું પ્રગટ થવું—આ ધર્મ, અર્થ અને કામ ત્રણેય વર્ગના ફળ મને એક સાથે પ્રાપ્ત થયા છે. આ બધું જ ધર્મ પુરુષાર્થનું પુણ્ય ફળ છે કારણ કે અર્થ ધર્મરૂપી વૃક્ષનું ફળ છે અને કામ તેનો રસ છે. બધા કાર્યોમાં સૌથી પહેલાં ધર્મકાર્ય જ કરવું જોઈએ કારણ કે તે કલ્યાણને પ્રાપ્ત કરાવવાવાળું છે અને મોટા-મોટા ફળ આપવાવાળું છે. તેથી, સૌપ્રથમ જિનેન્દ્ર ભગવાનની પૂજા જ કરવી જોઈએ. આ રીતે, રાજાઓના ઈન્દ્ર ભરત મહારાજે સૌથી પહેલાં ભગવાનની પૂજા કરવાનો નિશ્ચય કર્યો. બરાબર જ છે કે **ધર્માત્મા પુરુષોની ચેષ્ટાઓ પ્રાયઃ પુણ્ય ઉત્પન્ન કરવાવાળી જ હોય છે.**

ત્યારબાદ, મહારાજ ભરત પોતાના નાનાભાઈ, અંતઃપુરની સ્ત્રીઓ અને નગરના મુખ્ય-મુખ્ય લોકોની સાથે પૂજાની સામગ્રી લઈને જવા માટે તૈયાર થઈ ગયા. ગુરુદેવ ભગવાન વૃષભદેવમાં ઉત્કૃષ્ટ ભક્તિને વધારતા અને ધર્મની પ્રભાવના કરતાં મહારાજ ભરત ભગવાનની વંદના કરવા માટે ચાલ્યા. ત્યારબાદ, જે મહા ભાગ્યશાળી છે, જિનેન્દ્ર ભગવાનની વંદના કરવાના અભિલાષી છે, ભરતક્ષેત્રના સ્વામી છે અને ચારે તરફથી હાથી, ઘોડા, પદાતી(પાયદળના સિપાઈઓ) તથા રથના સમૂહથી ઘેરાયેલા છે એવા મહારાજ ભરતે પ્રસ્થાન કર્યું. તે સમયે તે

ચાલતી સેના સમુદ્રની વેલા સમાન સુશોભિત થઈ રહી હતી. આ રીતે, સેનાથી ઘેરાયેલા મહારાજ ભરત, દિશાઓમાં ફેલાતી પ્રભાથી જેમણે સૂર્યમંડળને જીતી લીધું છે એવા ભગવાનના સમવસરણમાં જઈ પહોંચ્યા. તેઓ સૌથી પહેલાં સમવસરણ ભૂમિની પ્રદક્ષિણા દઈને માનસ્તંભોની પૂજા કરતાં આગળ વધ્યા. ત્યાં ક્રમક્રમથી પરીખા, લતાવન, કોટ, ચાર વન અને બીજા કોટને ઉલ્લંઘીને ધ્વજાઓને, કલ્પવૃક્ષોની પંક્તિઓને, સ્તૂપોને અને મકાનોના સમૂહોને જોઈએ આશ્ચર્યને પ્રાપ્ત થયા.

ત્યારબાદ, સંભ્રમ(ઉત્કંઠા)ને પ્રાપ્ત થયેલા, દ્વારપાળ દેવો દ્વારા અંદર પ્રવેશ કરાવાયેલા ભરત મહારાજે સ્વર્ગને જીતવાવાળા શ્રીમંડપની શોભા જોઈ. ત્યારબાદ, અતિશય શોભાયુક્ત ભરતે, પ્રથમ પીઠિકા પહોંચીને પ્રદક્ષિણા દેતા ચારેય તરફ ધર્મચક્રોની પૂજા કરી. તેમણે અત્યંત પ્રસન્ન થઈને બીજા પીઠ પર સ્થિત ભગવાનની ધ્વજાની પવિત્ર સુગંધ આદિ દ્રવ્યોથી પૂજા કરી. ઉદયાચલ પર્વતના શિખર પર સ્થિત સૂર્ય સમાન ગંધકૂટીની વચ્ચે મહામૂલ્ય શ્રેષ્ઠ સિંહાસન પર સ્થિત અને અનેક દૈદીપ્યમાન ઋદ્ધિઓને ધારણ કરવાવાળા જિનેન્દ્ર વૃષભદેવને જોયા. ચામરોના સમૂહથી જેમનું વિશાળ શરીર સંવીજ્યમાન થઈ રહ્યું છે અને સુવર્ણસમાન કાંતિને ધારણ કરવાવાળા છે એવા તે ભગવાન તે સમયે એવા જણાતા હતા કે જાણે જેની ચારે તરફ નિર્ઝરણા પડી રહ્યા છે એવા સુમેરુ પર્વત જ હોય! તે ભગવાન વિશાળ અશોક વૃક્ષની નીચે ત્રણ છત્રોથી સુશોભિત હતા અને એવા જણાતા હતા કે જાણે જેમની ઉપર ત્રણ રૂપ ધારણ કરેલા ચંદ્રથી સુશોભિત મેઘ છવાયેલો હોય એવા પર્વતોનો રાજા સુમેરુ પર્વત જ હોય! તે ભગવાન ચારેય તરફથી પુષ્પવૃષ્ટિના સમૂહથી સુશોભિત હતા, આકાશમાં વ્યાપ્ત થવાવાળા દેવદુંદુભિઓના શબ્દોથી ભગવાનની સમીપ જ ભારે શબ્દ થઈ રહ્યા હતા. જેનો શબ્દ અતિશય ગંભીર છે અને જે જગતના સમસ્ત પ્રાણીઓને આનંદ કરવાવાળો છે એવા સંદેહરહિત ધર્મરૂપી અમૃતની વર્ષા કરતાં ભગવાન વૃષભદેવ એવા જણાતા હતા કે જાણે ગરજતા અને જળવર્ષા કરતાં વર્ષાઋતુના વાદળ જ હોય! પોતાના શરીરની ફેલાતી પ્રભારૂપી જળથી જેમણે સમસ્ત સભાને પ્રક્ષાલિત કરી દીધું છે એવા તે ભગવાન એવા જણાતા હતા કે જાણે ક્ષીરસમુદ્રની વચ્ચે સુવર્ણમયી પર્વત જ હોય! આ રીતે, આઠ પ્રાતિહાર્યરૂપ ઐશ્વર્યથી યુક્ત અને જગતના ગુરુ સ્વામી વૃષભદેવને જોઈને, પૂજા કરવાવાળાઓમાં શ્રેષ્ઠ ભરતે તેમની પ્રદક્ષિણા કરીને પછી ઉત્કૃષ્ટ સામગ્રીથી

તેમની પૂજા કરી. પૂજા કર્યા બાદ મહારાજ ભરતે બધી ભાષાઓના સ્વામી ભગવાન વૃષભદેવને નમસ્કાર કર્યા અને પછી વચનરૂપી પુષ્પોની માળાઓથી તેમની આ પ્રકારે પૂજા અર્થાત્ સ્તુતિ કરવા લાગ્યા—

હે ભગવાન! આપ બ્રહ્મા છો, પરમ જ્યોતિસ્વરૂપ છો, સમર્થ છો, જન્મ રહિત છો, પાપરહિત છો, પ્રથમ તીર્થંકર છો, દેવાધિદેવ છો, મહેશ્વર છો, સૃષ્ટા છો, વિધાતા છો, ઈશ્વર છો, સર્વોત્કૃષ્ટ છો, પતીતપાવન છો, આદિપુરુષ છો, જગતના ઈશ છો, જગતમાં શોભાયમાન છો અને વિશ્વતોમુખ અર્થાત્ સર્વદર્શી છો. આપ સમસ્ત સંસારમાં વ્યાપ્ત છો, જગતના ભર્તા છો, સમસ્ત પદાર્થોને દેખવાવાળા છો, બધાની રક્ષા કરવાવાળા છો, વિભૂ છો, બધી તરફ ફેલાયેલી આત્મજ્યોતિને ધારણ કરવાવાળા છો, બધાના જ્ઞાન આદિ ગુણોને ઉત્પન્ન કરવાવાળા છો અને સ્વયં પુનર્જન્મથી રહિત છો, હિરણ્યગર્ભ અર્થાત્ બ્રહ્મા છો, ભગવાન છો, વૃષભ છો, વૃષભના ચિહ્નવાળી ધ્વજાથી યુક્ત છો, પરમેષ્ઠી છો, પરમતત્ત્વ છો, પરમાત્મા છો અને આત્મભૂ–સ્વયં ઉત્પન્ન થવાવાળા છો. આપ જ સ્વામી છો, ઉત્કૃષ્ટ જ્યોતિસ્વરૂપ છો, ઈશ્વર છો, વિના યોની ઉત્પન્ન થવાવાળા છો, જરા રહિત છો, આદિ રહિત છો, અંત રહિત છો, અચ્યુત છો, અક્ષર અર્થાત્ અવિનાશી છો, અક્ષય અર્થાત્ ક્ષય થવાને અયોગ્ય છો, અનક્ષ અર્થાત્ ઈન્દ્રિયથી રહિત છો, અનક્ષર અર્થાત્ શબ્દ-અગોચર છો, વિષ્ણુ અર્થાત્ વ્યાપક છો, જિષ્ણુ અર્થાત્ કર્મરૂપ શત્રુઓને જીતવાવાળા છો, વિજિષ્ણુ અર્થાત્ સર્વોત્કૃષ્ટ સ્વભાવવાળા છો, સ્વયંભૂ અર્થાત્ સ્વયંબુદ્ધ છો, સ્વયંપ્રભ અર્થાત્ સ્વયમેવ જ પ્રકાશમાન છો, કેવળજ્ઞાનના ધારક છો, શંભૂ છો, શંભવ છો, સુખી છો, શંવદ અર્થાત્ સુખ અને શાંતિનો ઉપદેશ દેવાવાળા છો, શંકર છો–શાંતિનો ઉપદેશ કરવાવાળા છો, હર છો, મોહરૂપી અસુરના શત્રુ છો, અજ્ઞાનરૂપ અંધકારના અરિ છો, ભવ્યજીવો માટે ઉત્તમ સૂર્ય છો, પુરાણ છો, આદ્ય કવિ છો, યોગી છો, યોગને જાણવાવાળાઓમાં શ્રેષ્ઠ છો, બધાને શરણ આપવાવાળા છો, શ્રેષ્ઠ છો, અગ્રેસર છો, પુણ્યના નાયક છો, યોગ સ્વરૂપ છો, યોગ સહિત છો, કૃતકૃત્ય છો, બુદ્ધ છો, સાંસારિક ઉત્સવોથી રહિત છો, છદ્મસ્થજ્ઞાનને અગમ્ય છો, નિરંજન છો–કર્મકલંકથી રહિત છો, બ્રહ્મરૂપ છો, જિનવરોમાં શ્રેષ્ઠ છો, દ્વાદશાંગરૂપ વેદના જાણવાવાળા છો, દ્વાદશાંગરૂપ વેદના કર્તા છો, આગમને જાણવાવાળા છો, વક્તાઓમાં સર્વશ્રેષ્ઠ છો, વચનોના સ્વામી છો, અધર્મના શત્રુ છો, ધર્મોમાં પ્રથમ ધર્મ છો અને ધર્મના નાયક છો.

હે પ્રભુ! આપ જિન છો, કામને જિતવાવાળા છો, અરિહંત છો, પૂજ્ય છો, મોહરૂપી શત્રુને નષ્ટ કરવાવાળા છો, અંતરાય રહિત છો, ધર્મની ધ્વજા છો, ધર્મના અધિપતિ છો, કર્મરૂપી શત્રુને નષ્ટ કરવાવાળા છો, ભવ્યજીવરૂપી કમલિનિઓ માટે સૂર્ય સમાન છો, આપ જ અગ્નિ છો, યજ્ઞકુંડ છો, યજ્ઞના અંગ છો, શ્રેષ્ઠ યજ્ઞ છો, હોમ કરવાવાળા છો અને હોમ કરવાયોગ્ય દ્રવ્ય છો, આપ જ યજ્વા છો અર્થાત્ યજ્ઞ કરવાવાળા છો, આજ્ય છો અર્થાત ધૃતરૂપ છો, પૂજારૂપ છો, અપરિમિત પુણ્યસ્વરૂપ છો, ગુણોની ખાણ છો, શત્રુ રહિત છો, પાપ રહિત છો અને મધ્ય રહિત થઈને પણ મધ્યમ છો. ભાવાર્થ—ભગવાન નિશ્ચયનયની અપેક્ષા અનાદિ અને અનંત છે, જેનો આદિ અને અંત નથી હોતો તેનો મધ્ય પણ નથી હોતો. તેથી ભગવાનને માટે અહીં કવિને અમધ્ય અર્થાત્ મધ્યરહિત કહેલ છે, પરંતુ સાથે જ 'મધ્યમ' પણ કહેલ છે. કવિની આ ઉક્તિમાં અહીં વિરોધ આવે છે, પરંતુ જ્યારે મધ્યમ શબ્દના 'मध्ये मा अनन्तचतुष्टयलक्ष्मीर्यस्यसः' —જેની વચમાં અનન્તચતુષ્ટરૂપ લક્ષ્મી છે, એવો અર્થ કરવામાં આવે છે ત્યારે આ વિરોધ દૂર થઈ જાય છે. આ વિરોધાભાસ અલંકાર છે.

હે ભગવાન! તમે ઉત્તમ હોવા છતાં અનુત્તમ છો (પરિહાર પક્ષમાં 'नास्ति उत्तमो यस्मात्सः' જેમાં વધારે બીજું કાંઈ નથી) જ્યેષ્ઠ છો, સૌથી મોટા ગુરુ છો, અત્યંત સ્થિર છો, અત્યંત સૂક્ષ્મ છો, અત્યંત મોટા છો, અત્યંત સ્થૂળ છો અને ગૌરવના સ્થાન છો, ક્ષમાગુણથી પૃથ્વી સમાન આચરણ કરવાવાળા છો, પૂજ્ય છો, ભવનશીલ–સમર્થ છો, સ્થિર સ્વભાવવાળા છો, અવિનાશી છો, વિજયશીલ છો, અચળ છો, નિત્ય છો, શિવ છો, શાંત છો અને સંસારનો અંત કરવાવાળા છો. હે દેવ! આપ બ્રહ્મવિદ્ અર્થાત્ આત્મસ્વરૂપને જાણવાવાળાઓને ધ્યેય છો–ધ્યાન કરવાયોગ્ય છો અને બ્રહ્મપદ અર્થાત્ આત્માની શુદ્ધ પર્યાયના ઈશ્વર છો. આ રીતે, અમે લોકો અનેક નામોથી આપની સ્તુતિ કરીએ છીએ. આ રીતે, આપના એકસો આઠ નામોનું હૃદયથી સ્મરણ કરી હું આઠ પ્રાતિહાર્યોના સ્વામી તથા સ્તુતિઓના સ્થાનભૂત આપની સ્તુતિ કરું છું.

હે ભગવાન! જેની શાખાઓ અત્યંત ચલાયમાન થઈ રહી છે એવું આ ઉંચું અશોક મહાવૃક્ષ પોતાની છાયામાં આવેલા જીવોની આ પ્રકારે રક્ષા કરે છે કે જાણે તેણે આપનાથી જ શિક્ષા પ્રાપ્ત કરી હોય! યક્ષો દ્વારા ઉપર ઊઠાવીને ઢોળવામાં આવતા આ ચામરોના સમૂહ એવા જણાય છે કે જાણે વિના કોઈ કપટ મનુષ્યોની

પાપરૂપી માખીઓ જ ઉડાડી રહ્યા હોય! હે નાથ! આપની ચારે તરફ સ્વર્ગથી જે પુષ્પાંજલિઓની વર્ષા થઈ રહી છે, તે એવી જણાય છે કે જાણે સંતુષ્ટ થયેલી સ્વર્ગ લક્ષ્મી દ્વારા છોડેલા હર્ષજનિત અશ્રુબિંદુઓ જ હોય! હે જિનેન્દ્ર! મોતીઓના જાળથી સુશોભિત અને અતિશય ઉંચું આપનું આ છત્રત્રય એવું જણાઈ રહ્યું છે કે જાણે લક્ષ્મીનું ક્રીડાસ્થળ જ હોય!

હે ભગવાન! આપના શરીરની પ્રભાનો વિસ્તાર આ સમસ્ત સભાને વ્યાપ્ત કરી રહ્યો હોવાથી એવો જણાઈ રહ્યો છે કે જાણે તે સમસ્ત જીવોને ચારે તરફથી પુણ્યરૂપ જળના અભિષેકને જ પ્રાપ્ત કરાવી રહ્યું હોય! હે પ્રભો! આપના દિવ્ય વચનોનો પ્રસાદ મોહરૂપી ગાઢ અંધકારને નષ્ટ કરતો થકો જગતના જીવોનું મન પવિત્ર કરી રહ્યા હોવાથી આપ સમ્યગ્જ્ઞાનરૂપી કિરણોને ફેલાવવાવાળા સૂર્ય સમાન છો. હે ભગવાન! આ રીતે પવિત્ર અને કોઈના દ્વારા હરણ કરી શકવાને અયોગ્ય આપના આ આઠ પ્રાતિહાર્ય એવા દૈદીપ્યમાન થઈ રહ્યા છે કે જાણે લક્ષ્મીરૂપી હંસીનીને ક્રીડા કરવાયોગ્ય પવિત્ર નદીતટ જ હોય! હે પ્રભો! જ્ઞાનની અપેક્ષા આપ સમસ્ત સંસારમાં વ્યાપ્ત છો અથવા આપના આત્મામાં સંસારના સમસ્ત પદાર્થ પ્રતિબિંબિત છે, તેથી આપને નમસ્કાર હો! આપ જગતની સૃષ્ટિ કરવાવાળા છે, તેથી આપને નમસ્કાર હો! કર્મોના ક્ષયથી પ્રગટ થવાવાળી નવ લબ્ધિઓથી આપ સ્વયંભૂ છો, તેથી આપને નમસ્કાર હો!

હે નાથ! ક્ષાયિકજ્ઞાન, ક્ષાયિકદર્શન, ક્ષાયિક સમ્યક્ત્વ, ક્ષાયિકચારિત્ર અને ક્ષાયિકદાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્ય—આ આપની ક્ષાયિક નવ નિધિ કહેવાય છે. હે ભગવાન! આપનું બાધા રહિત જ્ઞાન સમસ્ત સંસારને એક સાથે જાણે છે. બરાબર જ છે કે વ્યવધાન થવું, ઈન્દ્રિયોની આવશ્યકતા હોવી અને ક્રમથી જાણવું— આ ત્રણેય તો જ્ઞાનાવરણ કર્મથી થાય છે, પરંતુ આપનું જ્ઞાનાવરણ કર્મ તો સંપૂર્ણ નષ્ટ થઈ ગયું હોવાથી નિર્બાધરૂપથી સમસ્ત સંસારને એકસાથે જાણે છે. હે પ્રભો! આ એક આશ્ચર્યની વાત છે કે આપે આ અનેક પ્રકારના જગતને એકસાથે જ જાણી લીધું, અથવા કોઈ-કોઈ જગ્યાએ મોટા પુરુષોનો આશ્રય પ્રાપ્ત કરીને ક્રમનું છૂટી જવું પ્રશંસનીય સમજવામાં આવે છે. હે વિભો! સમસ્ત ઈન્દ્રિયોના વિદ્યમાન રહેતા પણ આપનું જ્ઞાન અતીન્દ્રિય જ હોય છે. બરાબર છે કે આપની શક્તિઓનું યોગી લોકો પણ ચિન્તવન નથી કરી શકતા. હે ભગવાન! જે પ્રકારે

તમારું જ્ઞાન ક્ષાયિક છે, તે જ પ્રકારે આપનું દર્શન પણ ક્ષાયિક છે અને તે બંનેમાં એકસાથે આપનો ઉપયોગ રહે છે, તે પણ એક આશ્ચર્યની વાત છે. ભાવાર્થ—સંસારના અન્ય જીવોને પહેલાં દર્શનઉપયોગ હોય છે, પછી જ્ઞાનોપયોગ થાય છે, પરંતુ આપને બંને ઉપયોગ એકસાથે જ થાય છે. હે દેવ! આપનો જ્ઞાનગુણ સંસારના સમસ્ત પદાર્થોમાં વ્યાપ્ત થઈ રહ્યો છે, આપ આશ્ચર્ય ઉત્પન્ન કરવાવાળા છો અને યોગી લોકો આપને સર્વજ્ઞ તથા સર્વદર્શી કહે છે. હે ઈશ! આપ સંસારના સમસ્ત પદાર્થોને જાણો છો તો પણ આપને કોઈ પરિશ્રમ અને ખેદ નથી થતો. આ આપના અનંતબળની શક્તિનું પ્રગટ દેખાવવાવાળું માહાત્મ્ય છે. હે વિભો! ચિત્તને મલિન કરવાવાળા રાગ આદિ વિભાવભાવો નષ્ટ થઈ જવાથી જે આપને સમ્યક્ચારિત્ર પ્રગટ થયું છે, તે આપના વિનાશરહિત અને કેવળ આત્માથી ઉત્પન્ન થવાવાળા સુખને પ્રગટ કરે છે. જો વિષય અને કષાયથી વિરક્ત થવું જ સુખ માનવામાં આવે તો તે સુખ કેવળ આપમાં જ માનવામાં આવશે અને જો વિષય કષાયથી વિરક્ત ન થવાથી સુખ માનવામાં આવે તો પછી એ માનવું પડશે કે ત્રણે લોકમાં સુખ છે જ નહીં! ભાવાર્થ—નિર્વૃત્તિ અર્થાત્ આકુળતાના અભાવને સુખ કહે છે. વિષય કષાયમાં પ્રવૃત્તિ કરતાં થકા આકુળતાનો અભાવ ન થતો હોવાથી તેમાં વાસ્તવિક સુખ નથી, પરંતુ આપ વિષય કષાયોથી નિવૃત્ત થઈ ચૂક્યા હોવાથી આપની તદ્વિષયક આકુળતા નષ્ટ થઈ ગઈ હોઈ વાસ્તવિક સુખ આપમાં જ છે. જો વિષયવાસનાઓમાં પ્રવૃત્તિ કરતાં રહેવાને જ સુખ કહેવામાં આવે તો પછી સમસ્ત સંસાર સુખી જ સુખી કહેવાશે. કારણ કે સંસારના સમસ્ત જીવ વિષયવાસનાઓમાં પ્રવૃત્ત થઈ રહ્યા છે, પરંતુ તેમને વાસ્તવિક સુખ પ્રાપ્ત નથી થયું, તેથી જણાય છે કે સુખનું પહેલું લક્ષણ બરાબર છે અને તે સુખ આપને જ પ્રાપ્ત છે.

હે ભગવાન! જેવી રીતે કલુષ મલ અર્થાત્ કીચડ શાંત થઈ જવાથી જળ સ્વચ્છતાને પ્રાપ્ત થઈ જાય છે, તેવી જ રીતે મિથ્યાત્વરૂપી કીચડ નષ્ટ થઈ જવાથી આપનું સમ્યગ્દર્શન પણ સ્વચ્છતાને પ્રાપ્ત થયું છે. હે દેવ! જો કે દાન, લાભ આદિ શેષ લબ્ધિઓ આપમાં વિદ્યમાન છે તથાપિ તે કાંઈપણ કાર્યકારી નથી. કારણ કે કૃતકૃત્ય પુરુષને બાહ્ય પદાર્થોનો સંસર્ગ થવો બિલકુલ વ્યર્થ હોય છે. હે નાથ! એવા એવા આપના અનંતગુણ માનવામાં આવ્યા છે, પરંતુ હે ઈશ! અલ્પબુદ્ધિને ધારણ કરવાવાળો હું તે બધાની લેશમાત્ર પણ સ્તુતિ કરવા માટે સમર્થ નથી. તેથી હે દેવ! આપના ગુણોની સ્તુતિ કરવી તો દૂર રહી, આપનું લીધેલું નામ પણ અમલોકોને પવિત્ર કરી

દે છે. તેથી, અમે લોકો ફક્ત આપનું નામ લઈને જ આપના શરણમાં આવ્યા છીએ. હે નાથ! આપના ગર્ભાવતરણના સમયે આશ્ચર્ય કરવાવાળી હિરણ્યમય અર્થાત્ સુવર્ણમય વૃષ્ટિ થઈ હોવાથી લોકો આપને હિરણ્યગર્ભ કહે છે. આપના જન્મના સમયે દેવોએ રત્નોની વર્ષા કરી હોવાથી આપ વૃષભ કહેવાયા અને જન્માભિષેક માટે આપ સુમેરુ પર્વતને પ્રાપ્ત થયા હોવાથી ઋષભ પણ કહેવાયા. હે દેવ! આપ સંસારના સમસ્ત જાણવાયોગ્ય પદાર્થોને ગ્રહણ કરવાવાળા જ્ઞાનની મૂર્તિરૂપ હોવાથી મોટા-મોટા ઋષિઓ આપને સર્વગત અર્થાત્ સર્વવ્યાપક કહે છે. હે ભગવાન! ઉપર કહેલા નામોને આદિ લઈને અનેક નામ આપમાં સાર્થકતાને ધારણ કરી રહ્યા હોવાથી આપ જગજ્જયેષ્ઠ, પરમેષ્ઠી અને સનાતન કહેવાવ છો.

હે અવિનાશી! આપની ભક્તિથી પ્રેરિત થઈને મારી આ બુદ્ધિને હું સ્વયં ધારણ કરવા માટે સમર્થ ન થઈ શક્યો હોવાથી જ આજે આપની સ્તુતિ કરવામાં પ્રવૃત્ત થયો છું. ભાવાર્થ—યોગ્યતા ન હોવા છતાં પણ માત્ર ભક્તિથી પ્રેરિત થઈને આપની સ્તુતિ કરી રહ્યો છું. હે પ્રભો! આપના દ્વારા દર્શાવેલા માર્ગની ઉપાસના કરીને મોક્ષ પ્રાપ્ત કરવાની ઈચ્છા કરવાવાળા અને દેવ માનીને આપની જ ઉપાસના કરવાવાળા અમારા લોકો પર પ્રસન્ન થાઓ અને અનુગ્રહ કરો. હે ભગવાન! આ રીતે લોકોત્તર વૈભવને ધારણ કરવાવાળા આપની સ્તુતિ કરીને અમે લોકો એટલું જ ઈચ્છીએ છીએ કે અમારા લોકોની ભક્તિ આપમાં જ રહે અને એ સિવાય અમે બીજું કાંઈ ઈચ્છતા નથી.

આ રીતે, સ્તુતિ કર્યા બાદ જેમને દેવોનો સમૂહ આશ્ચર્ય સહિત નેત્રોથી જોઈ રહ્યો હતો એવા મહારાજ ભરત શ્રીમંડપમાં પ્રવેશ કરી ત્યાં પોતાને યોગ્ય સભામાં જઈને બેઠા. ત્યારબાદ, ભગવાનથી પ્રબોધ પ્રાપ્ત કરવાની ઈચ્છા રાખવાવાળી તે સભા જ્યારે હાથ જોડીને ચૂપચાપ બેસી ગઈ ત્યારે ભગવાન વૃષભદેવથી તત્ત્વનું સ્વરૂપ જાણવાની ઈચ્છા કરવાવાળા મહારાજ ભરતે વિનયથી મસ્તક નમાવીને પ્રીતિપૂર્વક પ્રાર્થના કરી કે હે ભગવાન! તત્ત્વોનો વિસ્તાર શું છે? માર્ગ કેવો છે? તેનું ફળ કેવું છે? હે તત્ત્વોને જાણવાવાળાઓમાં શ્રેષ્ઠ! હું આપનાથી આ બધુ સાંભળવા ઈચ્છું છું. આ રીતે, ભરતનો પ્રશ્ન સમાપ્ત થતાં પ્રથમ તીર્થંકર ભગવાન વૃષભદેવે અતિશય ગંભીર વાણી દ્વારા તત્ત્વોનું વિસ્તારપૂર્વક વિવેચન કર્યું. કહેતા સમયે ભગવાનના મુખકમળ પર કાંઈપણ વિકાર

ઉત્પન્ન થયો ન હતો. બરાબર છે કે પદાર્થોને પ્રકાશિત કરતાં સમયે શું દર્પણમાં કાંઈ વિકાર ઉત્પન્ન થાય છે?— નથી થતો. તે સમયે ભગવાનના ન તો તાળવું, હોઠ આદિ સ્થાન હલ્યા હતા અને ન તો તેમના મુખની કાંતિ બદલાઈ હતી તથા જે અક્ષર નીકળી રહ્યા હતા તે તેમના પ્રયત્ન વિના જ નીકળી રહ્યા હતા. જેમાં બધા અક્ષર સ્પષ્ટ છે એવી તે દિવ્યધ્વનિ ભગવાનના સર્વાંગથી એવી રીતે નીકળી રહી હતી કે જેવી રીતે કોઈ પર્વતની ગુફાના અગ્રભાગથી પ્રતિધ્વનિ નીકળતી હોય! ભગવાનની વાણી બોલવાની ઈચ્છા વિના જ પ્રગટ થઈ રહી હતી. બરાબર જ છે કે યોગબળથી ઉત્પન્ન થયેલી મહાપુરુષોની શક્તિરૂપી સંપદાઓ અચિંતનીય હોય છે–તેમના પ્રભુત્વનું કોઈ ચિંતવન નથી કરી શકતા.

ભગવાન કહેવા લાગ્યા કે હે આયુષ્યમાન! જેનું સ્વરૂપ હવે પછી અનુક્રમથી કહેવામાં આવશે એવા ભેદ પ્રભેદો તથા પર્યાયોથી સહિત જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ આ દ્રવ્યોને તું સાંભળ. જીવ આદિ પદાર્થોનું યથાર્થ સ્વરૂપ જ તત્ત્વ કહેવાય છે. આ તત્ત્વ જ સમ્યગ્જ્ઞાનનું અંગ અર્થાત્ કારણ છે અને તે જ જીવોની મુક્તિનું અંગ છે. તે તત્ત્વ સામાન્ય રીતથી એક પ્રકારનું છે, જીવ અને અજીવના ભેદથી બે પ્રકારનું છે તથા જીવોના સંસારી અને મુક્ત એવા બે ભેદ કરવાથી સંસારીજીવ, મુક્તજીવ અને અજીવ એ રીતે ત્રણ ભેદ થાય છે. સંસારી જીવને બે પ્રકારના માનવામાં આવ્યા છે : એક ભવ્ય અને બીજો અભવ્ય. આ રીતે, મુક્તજીવ, ભવ્યજીવ, અભવ્યજીવ અને અજીવ —આ રીતે તત્ત્વ ચાર પ્રકારના પણ માનવામાં આવ્યા છે. જીવના મુક્ત અને સંસારી એવા બે ભેદ છે અને તેવી જ રીતે અજીવના પણ બે ભેદ છે : એક મૂર્તિક અને બીજું અમૂર્તિક. આ બંનેને ભેગા કરીને પણ તત્ત્વના ચાર ભેદ માનવામાં આવ્યા છે. પાંચ અસ્તિકાયોના ભેદથી તે તત્ત્વ પાંચ પ્રકારના પણ માનવામાં આવ્યા છે. પોતપોતાની પર્યાયથી સહિત જીવાસ્તિકાય, પુદગલાસ્તિકાય, આકાશાસ્તિકાય, ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય—આ પાંચ અસ્તિકાય કહેવાય છે. તે પાંચ અસ્તિકાયોમાં કાળને મેળવતા તત્ત્વના છ ભેદ પણ થાય છે. આ રીતે, વિસ્તારપૂર્વક જાણવાની ઈચ્છા કરવાવાળાઓ માટે તત્ત્વોનો વિસ્તાર અનંત ભેદવાળો થઈ શકે છે.

જેમાં ચેતના અર્થાત્ જાણવા-દેખવાની શક્તિ જોવા મળે તેને જીવ કહે છે, તે અનાદિ-નિધન છે અર્થાત્

દ્રવ્યદષ્ટિની અપેક્ષાએ ન તો તે ક્યારેય ઉત્પન્ન થાય છે અને ન તો ક્યારેય નષ્ટ થશે. આ સિવાય તે જ્ઞાતા છે–જ્ઞાનોપયોગ સહિત છે, દ્રષ્ટા છે, દર્શનોપયોગ સહિત છે, કર્તા છે–દ્રવ્યકર્મ અને કર્મોને(ભાવકર્મોને) કરવાવાવાળો છે, ભોક્તા છે–જ્ઞાનાદિ ગુણ તથા શુભ-અશુભ કર્મોના ફળને ભોગવવાળા અને શરીરપ્રમાણ બરાબર છે–સર્વવ્યાપક અને અણુરૂપ નથી. તે અનેક ગુણોથી યુક્ત છે, કર્મોનો સર્વથા નાશ થઈ જતા ઉર્ધ્વગમન કરવું તેનો સ્વભાવ છે અને તે દીપકના પ્રકાશની જેમ સંકોચ તથા વિસ્તારરૂપ પરિણમન કરવાવાળો છે. ભાવાર્થ—નામકર્મના ઉદયથી તેને જેટલું નાનું કે મોટું શરીર પ્રાપ્ત થાય છે, તે તેટલા જ સંકોચ-વિસ્તારૂપ થઈ જાય છે.

આ જીવનું અન્વેષણ કરવા માટે ચૌદ માર્ગણાઓનું નિરૂપણ કરવામાં આવ્યું છે. તેવી જ રીતે ચૌદ ગુણસ્થાન અને સત્સંખ્યા આદિ અનુયોગો દ્વારા પણ આ જીવ તત્ત્વ અન્વેષણ કરવાયોગ્ય છે. ગતિ, ઈન્દ્રિય, કાય, યોગ, વેદ, કષાય, જ્ઞાન, સંયમ, દર્શન, લેશ્યા, ભવ્યત્વ, સમ્યક્ત્વ, સંજ્ઞીત્વ અને આહાર—આ ચૌદ માર્ગણાસ્થાન છે. આ માર્ગણાસ્થાનોમાં સત્સંખ્યા આદિ અનુયોગો દ્વારા વિશેષરૂપથી જીવનું અન્વેષણ કરવું જોઈએ. સિદ્ધાંતશાસ્ત્રરૂપી નેત્રને ધારણ કરવાવાળા ભવ્યજીવોને સત્, સંખ્યા, ક્ષેત્ર, સ્પર્શન, કાળ, ભાવ, અંતર અને અલ્પબહુત્વ—આ આઠ અનુયોગો દ્વારા જીવતત્ત્વનું અન્વેષણ કરવું જોઈએ. આ બધા જીવતત્ત્વના જાણવાના ઉપાય છે. આ સિવાય વિદ્વાનોએ પ્રમાણ, નય અને નિક્ષેપો દ્વારા પણ જીવતત્ત્વોનો નિશ્ચય કરવો જોઈએ.

ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક, ઔદયિક અને પારિણામિક—આ પાંચ ભાવ જીવના નિજતત્ત્વ કહેવાય છે. આ ગુણોથી જેમનો નિશ્ચય કરવામાં આવે તેને જીવ જાણવો જોઈએ. તે જીવનો ઉપયોગ જ્ઞાન અને દર્શનના ભેદથી બે પ્રકારનો છે. બંને પ્રકારના ઉપયોગમાંથી જ્ઞાન ઉપયોગ આઠ પ્રકારનો અને દર્શન ઉપયોગ ચાર પ્રકારનો જાણવો જોઈએ. જે ઉપયોગ સાકાર છે અથવા વિકલ્પ સહિત પદાર્થને જાણે છે તેને જ્ઞાનોપયોગ કહે છે અને જે અનાકાર છે–વિકલ્પ રહિત પદાર્થને જાણે છે તેને દર્શનોપયોગ કહે છે. ઘટ-પટ આદિની વ્યવસ્થા લઈને કોઈ વસ્તુના ભેદ ગ્રહણ કરવાને આકાર કહે છે અને સામાન્યરૂપ ગ્રહણ કરવાને અનાકાર કહે છે. જ્ઞાનોપયોગ વસ્તુને ભેદપૂર્વક ગ્રહણ કરતો હોવાથી તે સાકાર–સવિકલ્પક ઉપયોગ કહેવાય છે અને દર્શનોપયોગ વસ્તુને સામાન્યરૂપથી ગ્રહણ કરતો હોવાથી તે અનાકાર–અવિકલ્પક ઉપયોગ કહેવાય છે.

જીવ, પ્રાણી, જંતુ, ક્ષેત્રજ્ઞ, પુરુષ, પુમાન, આત્મા, અંતરાત્મા, જ્ઞ અને જ્ઞાની—આ બધા જીવના પર્યાયવાચી શબ્દ છે. જો કે આ જીવ વર્તમાનકાળમાં જીવિત છે, ભૂતકાળમાં પણ જીવિત હતો અને અનાગતકાળમાં પણ અનેક જન્મોમાં જીવિત રહેશે, તેથી તેને જીવ કહે છે. સિદ્ધ ભગવાન પોતાની પૂર્વ પર્યાયોમાં જીવિત હોવાથી તેઓ પણ જીવ કહેવાય છે. પાંચ ઈન્દ્રિય, ત્રણ બળ, આયુષ્ય અને શ્વાસોચ્છ્વાસ—આ દસ પ્રાણ આ જીવમાં વિદ્યમાન રહેતા હોવાથી તે પ્રાણી કહેવાય છે, તે વારંવાર અનેક જન્મ ધારણ કરતો હોવાથી જંતુ કહેવાય છે, તેના સ્વસ્વરૂપને ક્ષેત્ર કહેવાય છે અને તે તેને જાણે છે તેથી ક્ષેત્રજ્ઞ પણ કહેવાય છે. પુરુ અર્થાત્ સારા-સારા ભોગોમાં શયન અર્થાત્ પ્રવૃત્તિ કરવાથી તે પુરુષ કહેવાય છે અને પોતાના આત્માને પવિત્ર કરતો હોવાથી તે પુમાન પણ કહેવાય છે. આ જીવ નર-નારકાદિ પર્યાયોમાં અતતિ અર્થાત્ નિરંતર ગમન કરતો રહેવાથી આત્મા કહેવાય છે અને જ્ઞાનાવરણ આદિ આઠ કર્મોમાં અંતર્વર્તી હોવાથી અંતરાત્મા પણ કહેવાય છે. આ જીવ જ્ઞાનગુણથી સહિત હોવાથી જ્ઞ કહેવાય છે અને તે જ કારણે જ્ઞાની પણ કહેવાય છે. આ રીતે, આ જીવ ઉપર કહેલા પર્યાય શબ્દો તથા તેના સમાન અન્ય અનેક શબ્દોથી જાણવાયોગ્ય છે.

આ જીવ નિત્ય છે, પરંતુ તેની નર-નારકાદિ પર્યાય જુદી-જુદી છે. જેવી રીતે માટી નિત્ય છે, પરંતુ પર્યાયોની અપેક્ષા તેનો ઉત્પાદ અને વિનાશ થતો રહે છે; તેવી જ રીતે આ જીવ અનિત્ય પણ છે. ભાવાર્થ—દ્રવ્યત્વ સામાન્યની અપેક્ષાએ જીવદ્રવ્ય નિત્ય છે અને પર્યાયની અપેક્ષાએ અનિત્ય છે. એક સાથે બંને અપેક્ષાઓથી આ જીવ ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યસ્વરૂપ છે. જે પર્યાય પહેલાં ન હતી તેનું ઉત્પન્ન થવું ઉત્પાદ કહેવાય છે, કોઈ પર્યાયનું ઉત્પાદ થઈને નષ્ટ થઈ જવું વ્યય કહેવાય છે અને બંને પર્યાયોમાં તદવસ્થ થઈને રહેવું ધ્રૌવ્ય કહેવાય છે. આ રીતે, આ આત્મા ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય—આ ત્રણેય લક્ષણોથી સહિત છે.

ઉપર કહેલા સ્વભાવથી યુક્ત આત્માને ન જાણતા મિથ્યાદૃષ્ટિ પુરુષ તેનું સ્વરૂપ અનેક પ્રકારથી માને છે અને પરસ્પરમાં વિવાદ કરે છે. કેટલાય મિથ્યાદૃષ્ટિ કહે છે કે આત્મા નામનો પદાર્થ છે જ નહીં, કોઈ કહે છે કે તે અનિત્ય છે, કોઈ કહે છે કે તે કર્તા નથી, કોઈ કહે છે તે ભોક્તા નથી, કોઈ કહે છે કે આત્મા નામક પદાર્થ છે પરંતુ તેનો મોક્ષ નથી અને કોઈ કહે છે કે મોક્ષ પણ થાય છે પરંતુ મોક્ષપ્રાપ્તિનો કોઈ ઉપાય નથી. તેથી હે

આયુષ્યમાન ભરત! ઉપર કહેલા આ અનેક મિથ્યાનયોને છોડીને સમીચીન નયો અનુસાર જેનું લક્ષણ કહેવામાં આવ્યું છે એવા જીવ તત્ત્વનો તું નિશ્ચય કર. તે જીવની બે અવસ્થાઓ માનવામાં આવી છે : એક સંસાર અને એક મોક્ષ. નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ—આ ચાર ભેદયુક્ત સંસારરૂપી ભંવરમાં પરિભ્રમણ કરવું તે સંસાર કહેવાય છે અને સમસ્ત કર્મોનો સંપૂર્ણ ક્ષય થઈ જવો તે મોક્ષ કહેવાય છે, તે મોક્ષ અનંતસુખ સ્વરૂપ છે તથા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ સાધનથી પ્રાપ્ત થાય છે. સાચા દેવ, સાચા શાસ્ત્ર અને સમીચીન પદાર્થોનું પ્રસન્નતાપૂર્વક શ્રદ્ધાન કરવું સમ્યગ્દર્શન માનવામાં આવ્યું છે, તે સમ્યગ્દર્શન મોક્ષપ્રાપ્તિનું પહેલું સાધન છે. જીવ, અજીવ આદિ પદાર્થોના યથાર્થ સ્વરૂપને પ્રકાશિત કરવાવાળા તથા અજ્ઞાનરૂપી અંધકારની પરંપરા નષ્ટ થઈ જવા બાદ ઉત્પન્ન થવાવાળું જે જ્ઞાન છે તે સમ્યગ્જ્ઞાન કહેવાય છે, ઈષ્ટ-અનિષ્ટ પદાર્થોમાં સમતાભાવ ધારણ કરવાને સમ્યક્ચારિત્ર કહે છે, તે સમ્યક્ચારિત્ર યથાર્થરૂપથી તૃષ્ણા રહિત, મોક્ષની ઈચ્છા કરવાવાળા, વસ્ત્ર રહિત અને હિંસાનો સર્વથા ત્યાગ કરવાવાળા મુનિરાજને જ હોય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર—આ ત્રણેય મળીને જ મોક્ષનું કારણ કહેવામાં આવ્યું છે. જો આમાંથી એક પણ અંગ ન હોય તો તે પોતાનું કાર્ય સિદ્ધ કરવામાં સમર્થ થઈ શકતા નથી.

સમ્યગ્દર્શન હોવાથી જ જ્ઞાન અને ચારિત્ર ફળને આપવાવાળા થાય છે. તેવી જ રીતે સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્રના રહેવાથી જ સમ્યગ્જ્ઞાન મોક્ષનું કારણ થાય છે. **સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનથી રહિત ચારિત્ર કાંઈપણ કાર્યકારી સિદ્ધ થતું નથી, પરંતુ જેવી રીતે આંધળા પુરુષનું દોડવું તેના પતનનું કારણ થાય છે, તેવી જ રીતે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનથી શૂન્ય પુરુષનું ચારિત્ર તેના પતન અર્થાત્ નરક આદિ ગતિઓમાં પરિભ્રમણનું કારણ થાય છે.** આ ત્રણેયમાંથી કોઈ તો અલગ-અલગ એક-એકથી મોક્ષ માને છે અને કોઈ બે-બેથી મોક્ષ માને છે. આ રીતે મૂર્ખ લોકોએ મોક્ષમાર્ગના વિષયમાં મિથ્યાનયોની કલ્પના કરી છે, પરંતુ આ ઉપર્યુક્ત કથનથી તે બધાનું ખંડન થઈ જાય છે.

જૈનધર્મમાં આપ્ત, આગમ તથા પદાર્થોનું જે સ્વરૂપ કહેવામાં આવ્યું છે તેનાથી અધિક અથવા ઓછું ન તો છે, ન હતું અને ન ભવિષ્યમાં થશે. આ રીતે, આપ્ત આદિ ત્રણેયના વિષયમાં શ્રદ્ધાનની દઢતા થવાથી

સમ્યગ્દર્શનમાં વિશુદ્ધતા ઉત્પન્ન થાય છે. જે અનંતજ્ઞાન આદિ ગુણોથી સહિત હોય, ઘાતિયાકર્મરૂપી કલંકથી રહિત હોય, નિર્મળ આશયના ધારક, કૃતકૃત્ય હોય અને બધાનું ભલું કરવાવાળા હોય તે આપ્ત કહેવાય છે. આ સિવાય અન્ય દેવ આપ્તાભાસ કહેવાય છે. જે આપ્ત દ્વારા કહેવાયેલું છે, જે સમસ્ત પુરુષાર્થનું વર્ણન કરવાવાળું છે અને નય તથા પ્રમાણોથી ગંભીર હોય તેને આગમ કહે છે. આથી અતિરિક્ત અસત્પુરુષોના વચન આગમાભાસ કહેવાય છે. જીવ અને અજીવના ભેદથી પદાર્થના બે ભેદ જાણવા જોઈએ. તેમાંથી જેનું ચેતનારૂપ લક્ષણ ઉપર કહેવામાં આવી ગયું છે અને જે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ ત્રણ પ્રકારના પરિણમનથી યુક્ત છે તેને જીવ કહેવાય છે. ભવ્ય-અભવ્ય અને મુક્તના ભેદથી જીવના ત્રણ ભેદ કહેવામાં આવ્યા છે. જેને આગામી કાળમાં સિદ્ધિ પ્રાપ્ત થઈ શકે તેને ભવ્ય કહે છે. ભવ્ય જીવ સુવર્ણપાષાણ સમાન હોય છે અર્થાત્ જેવી રીતે નિમિત્ત મળતા સુવર્ણપાષાણ આગળ ચાલીને સુવર્ણરૂપ પરિણમી જાય છે, તેવી જ રીતે ભવ્ય જીવ પણ નિમિત્ત મળતાં શુદ્ધ સિદ્ધસ્વરૂપ થઈ જાય છે.

જે ભવ્યજીવથી વિપરીત છે અર્થાત્ જેને ક્યારેય પણ સિદ્ધિ પ્રાપ્ત થઈ શકે તેમ નથી તેને અભવ્ય કહે છે. અભવ્યજીવ અંધ પાષાણ સમાન હોય છે અર્થાત્ જેવી રીતે અંધ પાષાણ ક્યારેય પણ સુવર્ણરૂપ થઈ શકતો નથી, તેવી જ રીતે અભવ્ય જીવ પણ ક્યારેય સિદ્ધસ્વરૂપ ન થઈ શકે. અભવ્યજીવને મોક્ષ પ્રાપ્ત થવાની સામગ્રી ક્યારેય પણ પ્રાપ્ત થઈ શકતી નથી. જેઓ કર્મબંધનથી છૂટી ગયા છે, ત્રણેય લોકનું શિખર જ જેમનું સ્થાન છે, જેઓ કર્મકાલિમાથી રહિત છે અને જેમને અનંત સુખનો અભ્યુદય પ્રાપ્ત થયો છે એવા સિદ્ધ પરમેષ્ઠી મુક્ત જીવ કહેવાય છે. આ રીતે, હે બુદ્ધિરૂપી ધનને ધારણ કરવાવાળા ભરત! મેં તને સંક્ષેપમાં જીવ તત્ત્વનું નિરૂપણ કર્યું છે. હવે તે જ રીતે અજીવ તત્ત્વનો પણ નિશ્ચય કર!

ધર્મ, અધર્મ, આકાશ, કાળ અને પુદ્ગલ—આ રીતે અજીવ તત્ત્વનું પાંચ ભેદો દ્વારા વિસ્તારપૂર્વક નિરૂપણ કરવામાં આવે છે. જે જીવ અને પુદ્ગલોને ગમનમાં સહાયક કારણ હોય તેને ધર્મ કહે છે અને જે તેમના જ સ્થિર થવામાં સહકારી કારણ હોય તેને અધર્મ કહે છે. ધર્મ અને અધર્મ તે બંને પદાર્થ, પોતાની ઈચ્છાથી જ ગમન કરતાં અને સ્થિર થતા જીવ તથા પુદ્ગલોને ગમન કરવામાં અને સ્થિર થવામાં સહાયક થઈને પ્રવૃત્ત થાય છે, સ્વયં કોઈને પ્રેરિત કરતાં નથી. જેવી રીતે જળ વિના માછલીનું ગમન થઈ શકતું નથી છતાં પણ જળ માછલીને

પ્રેરિત કરતું નથી, તેવી જ રીતે જીવ અને પુદ્ગલ ધર્મ વિના ચાલી શકતાં નથી છતાં પણ ધર્મ તેમને ચાલવા માટે પ્રેરિત કરતું નથી, પરંતુ જેવી રીતે જળ ચાલતા સમયે માછલીને સહારો આપે છે, તેવી જ રીતે ધર્મ પદાર્થ પણ જીવ અને પુદ્ગલોને ચાલતા સમયે સહારો આપે છે. જેવી રીતે વૃક્ષની છાયા, સ્વયં સ્થિર થવાની ઈચ્છા કરવાવાળા પુરુષને સ્થિર થવામાં સહાયતા કરે છે, પરંતુ તે સ્વયં તે પુરુષને પ્રેરિત કરતું નથી તથા આમ હોવા છતાં પણ તે પુરુષના સ્થિર થવામાં કારણ કહેવાય છે; તેવી જ રીતે અધર્માસ્તિકાય પણ ઉદાસીન રહીને જીવ અને પુદ્ગલોને સ્થિર થવામાં સહાયતા કરે છે, પરંતુ સ્વયં સ્થિર થવાની પ્રેરણા દેતું નથી.

જે જીવ આદિ પદાર્થોને સ્થાન આપે તેને આકાશ કહે છે. તે આકાશ સ્પર્શ રહિત છે, અમૂર્તિક છે, બધી જ જગ્યાએ વ્યાપ્ત છે અને ક્રિયા રહિત (પણ પરિણમન રહિત નથી) છે. જેનું વર્તના લક્ષણ છે તેને કાળ કહે છે, તે વર્તના કાળ તથા કાળથી ભિન્ન જીવ આદિ પદાર્થોના આશ્રયે રહે છે અને બધા જ પદાર્થોનું જે પોતાપોતાના ગુણ તથા પર્યાયરૂપ પરિણમન થાય છે તેમાં સહકારી કારણ થાય છે. જેવી રીતે કુંભારના ચક્રના ફરવામાં તેની નીચે રહેલી શિલા (ખીલી) કારણ હોય છે, તેવી જ રીતે કાળદ્રવ્ય પણ બધા જ પદાર્થોના પરિવર્તનમાં કારણ થાય છે, એવું વિદ્વાન લોકોએ નિરૂપણ કર્યું છે. (તે કાળ બે પ્રકારનો છે : એક વ્યવહારકાળ અને બીજો નિશ્ચયકાળ. ઘડી, કલાક આદિને વ્યવહારકાળ કહે છે અને લોકાકાશના પ્રત્યેક પ્રદેશ પર રત્નોની રાશી સમાન એકબીજાથી અસંપૃક્ત થઈને રહેવાવાળા જે અસંખ્ય કાલાણુ છે તેને નિશ્ચયકાળ કહે છે.) વ્યવહારકાળથી જ નિશ્ચયકાળનો નિર્ણય થાય છે કારણ કે મુખ્ય પદાર્થના રહેતા જ ગૌણ પદાર્થોની પ્રતીતિ થાય છે. આ નિશ્ચયકાળ લોકાકાશના પ્રત્યેક પ્રદેશ પર સ્થિત લોકપ્રમાણ અસંખ્યાત પોતાના અણુઓથી જણાય છે અને કાળના તે અણુ રત્નોની રાશિ સમાન પરસ્પરમાં એકબીજાથી મળતાં નથી, બધા જ જુદાં-જુદાં જ રહે છે. પરસ્પરમાં પ્રદેશો ન મળવાથી આ કાળદ્રવ્ય અકાય અર્થાત્ એકપ્રદેશી કહેવાય છે, કાળને છોડીને શેષ પાંચ દ્રવ્યોના પ્રદેશ એકબીજાથી મળેલા રહેવાથી તેઓ અસ્તિકાય કહેવાય છે.

ધર્મ, અધર્મ, આકાશ અને કાળ આ ચાર પદાર્થ અમૂર્તિક છે, પુદ્ગલ દ્રવ્ય મૂર્તિક છે. હવે આગળ તેના ભેદોનું વર્ણન સાંભળ! જીવ દ્રવ્ય પણ અમૂર્તિક છે, પરંતુ અહીં અજીવ દ્રવ્યોનું વર્ણન ચાલી રહ્યું હોવાથી તેનું

નિરૂપણ કરવામાં આવ્યું નથી. પાંચ ઈન્દ્રિયોમાંથી કોઈપણ ઈન્દ્રિય દ્વારા જેનું સ્પષ્ટ જ્ઞાન થાય તેને મૂર્તિક કહે છે. પુદ્‌ગલને છોડીને બીજા કોઈ પદાર્થનું ઈન્દ્રિયો દ્વારા સ્પષ્ટ જ્ઞાન ન થવાથી પુદ્‌ગલ દ્રવ્ય મૂર્તિક છે અને શેષ દ્રવ્ય અમૂર્તિક છે. જેમાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ જોવા મળે તેને પુદ્‌ગલ કહે છે. પૂરણ અને ગલનરૂપ સ્વભાવ હોવાથી 'પુદ્‌ગલ' આ નામ સાર્થક છે. સ્કન્ધ અને પરમાણુના ભેદથી પુદ્‌ગલની અવસ્થા બે પ્રકારની થાય છે. સ્નિગ્ધ અને રુક્ષ અણુઓનો જે સમુદાય છે તેને સ્કંધ કહે છે, તે પુદ્‌ગલ દ્રવ્યનો વિસ્તાર બે પરમાણુવાળા દ્વયણુક સ્કંધથી લઈને અનંતાનંત પરમાણુવાળા મહાસ્કંધ સુધી હોય છે. છાયા, આતપ, અંધકાર, ચાંદની, મેઘ આદિ બધા જ તેના ભેદ-પ્રભેદ છે. પરમાણુ અત્યંત સૂક્ષ્મ હોય છે, તે ઈન્દ્રિયોથી જાણી શકાતા નથી. ઘટ-પટ આદિ પરમાણુઓના કાર્ય છે, તેનાથી જ તેમનું અનુમાન કરવામાં આવે છે. તેમાં કોઈપણ બે અવિરુદ્ધ સ્પર્શ રહે છે, એક વર્ણ, એક ગંધ અને એક રસ રહે છે. **તે પરમાણુ ગોળ અને નિત્ય હોય છે** તથા પર્યાયોની અપેક્ષા અનિત્ય પણ હોય છે.

ઉપર કહેલા પુદ્‌ગલ દ્રવ્યના છ ભેદ છે—૧. સૂક્ષ્મસૂક્ષ્મ, ૨. સૂક્ષ્મ, ૩. સૂક્ષ્મસ્થૂળ, ૪. સ્થૂળસૂક્ષ્મ, ૫. સ્થૂળ અને ૬. સ્થૂળસ્થૂળ. આમાંથી એક અર્થાત્ સ્કન્ધથી પૃથક્ રહેવાવાળો પરમાણુ સૂક્ષ્મસૂક્ષ્મ છે કારણ કે તે ન તો જોઈ શકાય છે અને ન તો તેનો સ્પર્શ જ કરી શકાય છે. કર્મોના સ્કંધ સૂક્ષ્મ કહેવાય છે કારણ કે તે અનંત પ્રદેશોના સમુદાયરૂપ હોય છે. શબ્દ, સ્પર્શ, રસ અને ગંધ સ્થૂળ-સૂક્ષ્મ કહેવાય છે કારણ કે જો કે તેમનું ચક્ષુ ઈન્દ્રિય દ્વારા જ્ઞાન થઈ શકતું ન હોવાથી તે સૂક્ષ્મ છે, પરંતુ પોતપોતની કર્ણ આદિ ઈન્દ્રિય દ્વારા તેનું ગ્રહણ થઈ શકતું હોવાથી તે સ્થૂળ પણ કહેવાય છે. છાયા, ચાંદની અને આતપ આદિ સ્થૂળસૂક્ષ્મ કહેવાય છે કારણ કે ચક્ષુ ઈન્દ્રિય દ્વારા જોઈ શકવાના કારણે તે સ્થૂળ છે, પરંતુ તેના રૂપનું સંહરણ થઈ શકતું ન હોવાથી વિઘાત રહિત હોઈ સૂક્ષ્મ પણ છે. પાણી આદિ તરલ પદાર્થ કે જે પૃથક્ કરવા છતાં પણ મળી જાય છે, તે સ્થૂળ ભેદના ઉદાહરણ છે અર્થાત્ દૂધ, પાણી આદિ પાતળા પદાર્થ સ્થૂળ કહેવાય છે અને પૃથ્વી આદિ સ્કંધ કે જે એકવાર ભેદ કર્યા પછી ફરી મળી શકતા નથી, તે સ્થૂળસ્થૂળ કહેવાય છે. આ રીતે, ઉપર કહેલા જીવાદિ પદાર્થોના યથાર્થ સ્વરૂપનું જે ભવ્ય વિપરીતતા રહિત શ્રદ્ધાન કરે છે, તે પરબ્રહ્મ અવસ્થાને પ્રાપ્ત થાય છે.

આ રીતે, જ્ઞાનવાનોમાં સર્વશ્રેષ્ઠ ભગવાન વૃષભદેવ ભરતને સમસ્ત પદાર્થોના સંગ્રહનું નિરૂપણ કર્યા પછી પણ સંક્ષેપમાં તત્ત્વોનું સ્વરૂપ કહેવા લાગ્યા. તેમણે આત્મા, ધર્મ-અર્થ-કામ-મોક્ષરૂપ ચાર પુરુષાર્થ, મુનિ તથા શ્રાવકનો માર્ગ, સ્વર્ગ તથા મોક્ષરૂપ માર્ગનું ફળ, બંધ અને બંધના કારણ, મોક્ષ તથા મોક્ષના કારણ, કર્મરૂપી બંધનથી બંધાયેલા સંસારી જીવ અને કર્મબંધનથી રહિત મુક્ત જીવ આદિ વિષયોનું નિરૂપણ કર્યું. આ રીતે, ત્રણેય લોકનો આકાર, નરકના પટલ, દ્વીપ, સમુદ્ર, હ્રદ(સરોવર) અને કુલાચલ આદિનું પણ સ્વરૂપ ભરતને કહ્યું. અનંત ચતુષ્ટયરૂપ લક્ષ્મીના ધારક ભગવાન વૃષભદેવે ત્રેસઠ પટલોથી યુક્ત સ્વર્ગ, દેવોના આયુષ્ય અને તેમના ભોગોનું, મોક્ષસ્થાન તથા લોકનાડીનું પણ વિસ્તારથી વર્ણન કર્યું. જગદ્‌ગુરુ ભગવાન વૃષભદેવે તીર્થંકર, ચક્રવર્તી અને અર્ધચક્રવર્તીઓના પુરાણ, તીર્થંકરોના કલ્યાણક અને તેમના હેતુ સ્વરૂપ સોલહકારણ ભાવનાઓનું પણ નિરૂપણ કર્યું. ભગવાને અમુક જીવ મરીને ક્યાં ઉત્પન્ન થાય છે, અમુક જીવ ક્યાંથી આવીને ઉત્પન્ન થાય છે, જીવોની ઉત્પત્તિ, વિનાશ, ભોગસામગ્રી, વિભૂતિઓ અથવા મુનિઓની ૠદ્ધિઓ તથા મનુષ્યોને કરવા ન કરવાયોગ્ય કામ આદિ બધાનું નિરૂપણ કર્યું હતું. બધાને જાણવાવાળા અને બધાનું કલ્યાણ કરવાવાળા ભગવાન વૃષભદેવે ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળસંબંધી બધા જ દ્રવ્યનું સ્વરૂપ ભરતને કહ્યું હતું. આ રીતે, જગદ્‌ગુરુ પરમપુરુષ ભગવાન વૃષભદેવથી તત્ત્વોનું સ્વરૂપ સાંભળીને ભક્તિથી ભરેલા મહારાજ ભરત પરમ આનંદને પ્રાપ્ત થયા.

*[આ રીતે, સાત તત્ત્વોનું સ્વરૂપ વિસ્તારથી જણાવ્યા બાદ ભગવાન કહેવા લાગ્યા કે હે ભરત ! હું તને જીવાસ્તિકાયનું નિશ્ચય સ્વરૂપનું વર્ણન કરું છું, તે તું સ્થિરચિત્તથી સાંભળ કે જે સાક્ષાત્ સિદ્ધપદનું કારણ છે. આમ કહી ભગવાન કહેવા લાગ્યા કે :*

*હે ભવ્ય ! ત્રિકાળી જીવ નિરંતર વર્તમાન છે. ભવિષ્યમાં રહેશે એમ નહીં પણ નિરંતર વર્તમાન, નિરંતર ધ્રુવ, નિરંતર વર્તમાન ધ્રુવ છે. આ શુદ્ધભાવ છે. આ શુદ્ધભાવ ત્રિકાળ રહે છે માટે શુદ્ધભાવ છે એમ નહીં, પણ એ વર્તમાનમાં જ શુદ્ધભાવ છે. વર્તમાનમાં જ ત્રિકાળી ધ્રુવ છે.*

*આહાહા...! સંસાર આડે જીવને નિવૃત્તિ મળે નહીં અને સંસારના વૈભવ વધે તેમાં ''આહાહા'' થઈ જાય ! એમાં ને એમાં પ્રભુ ઘુંચવાઈ ગયો છે ! અહીં જે શુદ્ધભાવ કહ્યો છે એ દ્રવ્ય સ્વભાવના*

ગુણની સંખ્યાનો પાર નથી–અંત નથી કે છેલ્લો ગુણ આ છે. એ અનંત....અનંત....અનંતના અનંતનો આ અનંતમો છેલ્લો ગુણ છે એવી વાત વસ્તુમાં છે જ નહીં.' આહાહા ! સંખ્યાના આંકડાની પણ હદ છે, પણ આત્માના ગુણની જે સંખ્યા છે તેની હદ નથી. આહાહા... ! એટલી સંખ્યાના ચૈતન્યનો નૂરનો પૂર આ અતીન્દ્રિય આનંદના સાગરના જળથી ભર્યો પડ્યો પ્રભુ ! તે શુદ્ધભાવની અપેક્ષાથી સંવર, નિર્જરા અને મોક્ષને પણ પરદ્રવ્ય કહે છે.

અરેરે.. ! સત્ય વાત કાને પડે નહીં, તે સત્ય વાત ક્યારે સમજે ? અરે ! મનુષ્યપણું ચાલ્યું જાય છે, ભાઈ ! સમય, મિનિટ, દિવસ ચાલ્યા જાય છે. એ જે મૃત્યુનો સમય છે, તે તો નક્કી જ છે. જેટલા દિવસ જાય છે એ મૃત્યુની સમીપ જાય છે. દેહને છૂટવાનો સમય નિશ્ચિત છે. આહાહા.. ! એટલા સમયમાં જો આત્મા પરથી ભિન્ન છે એવું સમ્યગ્દર્શન ન કર્યું તો તારા ભવનો અંત ક્યાંથી આવશે ?

જે કાળે મોક્ષ થાય એ પર્યાયને પણ પરદ્રવ્ય કહેવામાં આવી છે. એ ભગવાન આત્મા એક સમયમાં ત્રિકાળ છે. પર્યાયની સ્થિતિ એક સમયની છે. જ્યારે આ આત્મા એક સમયમાં વર્તમાન ધ્રુવ છે. એ જ ઉપાદેય છે અને સમ્યગ્દૃષ્ટિને પણ તે જ આદરણીય છે. આવા આત્માનું જ્ઞાન તે જ જ્ઞાન છે અને પોતાની પૂર્ણ વસ્તુના અસ્તિત્વની પ્રતીતિ તે શ્રદ્ધા અને પુણ્ય-પાપના ભાવથી વિરક્ત થવું તેનું નામ વૈરાગ છે !

ભગવાન ! ઘણો સૂક્ષ્મ માર્ગ છે. આહાહા ! વીતરાગ સર્વજ્ઞદેવ, મોક્ષમાર્ગના સાધક સંત અને શાસ્ત્ર એ પણ પરદ્રવ્ય છે. એ તો પરદ્રવ્ય છે જ પણ એમની શ્રદ્ધા કરવી એ પણ રાગભાવ હોઈ પરદ્રવ્ય છે. એ તો પરદ્રવ્ય છે જ પણ એ રાગથી ભિન્ન થઈને પોતાના દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિ, જ્ઞાન ને અનુભવ કર્યો એ અનુભવની પર્યાય પણ પરદ્રવ્ય છે. આહાહા... !

શુદ્ધ-સહજ-પરમપારિણામિકભાવ જેનો સ્વભાવ છે એવો કારણપરમાત્મા તે ખરેખર આત્મા છે. પર્યાય પણ આત્મા તો છે પણ વ્યવહારનયથી છે, અભૂતાર્થ છે. આહાહા.. ! સાધારણ માણસને અભ્યાસ ન હોય એટલે આવું સમજ ન પડે, પણ ભાઈ ! અભ્યાસ કરવો પડશે, આવો સમય અને મનુષ્યપણું મળ્યું

છે તે એળે ચાલ્યું જશે. તું ક્યાં જઈશ ? ક્યાં અવતાર થશે ? ચાર ગતિના વંટોળિયામાં તણખલાની જેમ ઊડીને ક્યાં જઈને પડીશ ? આમ મિથ્યાત્વમાં પડેલાં પ્રાણીનો શું અવતાર હશે ? આહાહા... !

આ આત્મા જે ત્રિકાળી ચીજ છે, ધર્મીજીવને તે એક જ ઉપાદેય છે, તેનો અનુભવ કરવો એ એક જ કર્તવ્ય છે. એમાં સાત પર્યાય છે—અજીવનું જ્ઞાન, જીવની પર્યાય, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ—એ સાતેય પર્યાય પરદ્રવ્ય છે. સૂક્ષ્મ વાત છે ભાઈ ! એ પર્યાયમાં સ્વદ્રવ્યનો અભાવ છે. એ પર્યાયનો આશ્રય કરવાથી તો વિકલ્પ અને રાગ ઉત્પન્ન થાય છે. ભલે મોક્ષનો માર્ગ હોય, એનો આશ્રય કરવાથી પણ વિકલ્પ અને રાગ ઉત્પન્ન થાય છે. આહાહા.. !

આહાહા... ! અરેરે.... ! મનુષ્યપણામાં કરવાનું હોય તો આ કર્તવ્ય છે. બાકી બધું પ્રપંચજાળ છે. શુભભાવને પણ સંસાર અને પ્રપંચ કહ્યો છે. એ તો ઠીક પણ પોતાની ચીજ જે દ્રવ્ય, ગુણ અને પર્યાય છે એ ત્રણનો જે વિચાર કરે છે એ પણ વિકલ્પ છે, રાગ છે, પરાધીનતા છે. અંતર એકરૂપ ચીજ કારણપરમાત્મા વાસ્તવમાં આત્મા છે ! જે પર્યાય ત્રિકાળીની દૃષ્ટિ કરે છે, તે ત્રિકાળીમાં એ પર્યાયનો ત્રિકાળ અભાવ છે.

હું આત્મા એટલે આનંદ અને જ્ઞાનની મૂર્તિ ! ચૈતન્ય સૂર્ય અને સુખસાગરથી ભરેલો ભગવાન ! આ ધૂળમાં સુખ માને એ તો મૂઢ છે. આ પુણ્યમાં સુખ, પૈસામાં સુખ, સ્ત્રીમાં સુખ, માંસ-હાડકાના ભોગવવામાં સુખ એ તો મૂઢ મિથ્યાદૃષ્ટિની માન્યતા છે, એ સુખ નથી, એ દુ:ખની માન્યતા છે. શુદ્ધ ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મામાં આ બંધનના વિકારીભાવ જે વર્તમાન સમયના સંબંધપણે વર્તે છે, તેની રુચિ, આશ્રય, અવલંબન છોડી, શુદ્ધભાવ ત્રિકાળ જ્ઞાનાનંદ આત્માનો અંતર આશ્રય કરીને જે, સમ્યગ્દર્શન-ધર્મની પહેલી સીડી પ્રગટે ત્યારે તેને અતીન્દ્રિય આનંદનો અંશે સ્વાદ આવે છે. આ સાચું સુખ છે અને આ જીવને ધર્મી–સુખી કહેવાય છે.



અનંતકાળથી મૂળ વાત જ તેણે લક્ષમાં લીધી નથી. એમ ને એમ મૂઢપણે મરી ગયો. ચોર્યાસીના અવતારમાં નરક અને નિગોદ, ભિખારીપણે દેવ અને રાજા, રંક બધા ભિખારી ! ભગવાન આત્મા બાદશાહ

અનંતગુણનો પિંડ છે તેની દૃષ્ટિ, તેની અધિકતા ન માનતા, પોતાના સ્વભાવની શુદ્ધતા કરતાં પુણ્ય-પાપના રાગને અધિકપણે વિશેષપણે માનીને તેમાં પ્રસન્ન રહે છે, તે મિથ્યાદૃષ્ટિ દુઃખી–અજ્ઞાની છે, તે ચાર ગતિમાં રખડવાનું ભાતુ સાથે લઈને ફરે છે! આહાહા... !

જ્યાં અંતરમાં આનંદનો વેષ લઈને પરમાત્મા પ્રવેશ કરે છે, ત્યાં મોક્ષ પણ એક વેષ છે, મોક્ષ પણ તેનું સ્વરૂપ નથી, સંવર-નિર્જરા પણ એક વેષ છે, કાયમની ચીજ નથી. આહાહા! દૃષ્ટિનો જે વિષય છે, તેમાં સ્પષ્ટપણે પર્યાય ઉપર-ઉપર ભિન્ન તરે છે, અંતરમાં નથી, આવી દૃષ્ટિ થતાં રાગાદિ દેખાય છે, પણ મારા નથી, જાણવામાં આવે છે–મારા જ્ઞાનનું પરજ્ઞેય બને છે. સ્વજ્ઞેય તરીકે તો હું જ્ઞાતા છું. આહાહા... ! પર્યાયમાત્ર દ્રવ્યની ઉપર તરે છે, તો રાગાદિની અને સ્ત્રી, કુટુંબ, પરિવારની તો શું વાત !

આહાહા ! જેની શરૂઆત નથી અને જેનો અંત નથી, જેમાં આદિ-અંતવાળી પર્યાયનો અભાવ છે, સાદિ-અનંત એવી કેવળજ્ઞાનની પર્યાયનો પણ જેમાં અભાવ છે. આહાહા... ! ગજબ વાત છે. અરે ! દુનિયા ક્યાં પડી છે અને વીતરાગ માર્ગ ક્યાં છે !

જેમ કોઈ વ્યક્તિ ઠંડક માટે હિમગિરિના શિખર પર ચડવા માગે છે, પણ કોઈ અજ્ઞાની જીવના માર્ગદર્શનથી અને સ્વયંની એવી જ યોગ્યતા હોવાથી, ઉલટા માર્ગે દોરાઈને સમુદ્રના કિનારા તરફ જવા લાગે છે. જેમ-જેમ કિનારાની નજીક તે વ્યક્તિ પહોંચે છે, તેમ-તેમ તેને ઠંડા પવનનો અનુભવ થાય છે. આ સમયે કોઈ જ્ઞાની જીવ દ્વારા હિમગિરિનો સાચો માર્ગ દેખાડવા છતાં પણ તે વ્યક્તિ સમુદ્રની શીતળતામાં સંતોષાઈને ત્યાં જ અટકી જાય છે અને હિમગિરિના શિખર ઉપર ક્યારેય પહોંચી શકતો નથી.

તેવી જ રીતે, મુક્તિપુરીમાં પહોંચવા ઈચ્છતો અભવ્ય જીવ કોઈ અજ્ઞાની ગુરુના માર્ગદર્શનથી અને સ્વયંની એવી જ યોગ્યતા હોવાથી, ઉલટા માર્ગે દોરાઈને વ્યવહાર ક્રિયાકાંડ, વ્રત, તપ, ત્યાગ, દયા, દાન, પૂજા કરવા લાગે છે. જેમ-જેમ ક્રિયાકાંડમાં આગળ વધતો જાય છે, તેમ-તેમ તેને મંદકષાયના ઠંડા પવનનો અનુભવ પણ થાય છે. આ સમયે કોઈ સાચા જ્ઞાની ગુરુના કરુણાપૂર્વક સમજાવવા છતાં પણ,

*તે જીવ મંદકષાયની શીતળતામાં  સંતોષાઈને તેને જ સાચું સુખ માનીને ત્યાં જ અટકી જાય છે અને જેથી મુક્તિગિરિ ક્યારેય પણ પહોંચી શકતો નથી.*

*પરંતુ, જે વ્યક્તિને હિમગિરિના શિખર ઉપર જ પહોંચવું છે, તે જીવ જ્ઞાની જીવની વાતનું અનુકરણ કરીને, પહેલાં તો જેટલો આગળ ખોટા માર્ગે વધ્યો છે એટલો પાછો ચાલે છે અને પછી સત્ય માર્ગ પર પ્રયાણ કરવાનું શરૂ કરે છે. તેવી જ રીતે, જે ભવ્યજીવને નિશ્ચય મોક્ષમાર્ગ ઉપર આરૂઢ થઈને શિવમહેલ સુધી પહોંચવું જ છે, તે જીવ જ્ઞાની ગુરુના ઉપદેશનું અનુકરણ કરીને, પહેલાં તો વ્યવહારના અભિમાનના ગઢ ઉપર જેટલો ઉંચે ચડ્યો છે તેટલો નીચે ઉતરે છે અને ત્યાર પછી નિશ્ચયના સત્ય માર્ગ પર પ્રયાણ કરે છે અને અંતે હિમગિરિના શિખર સમાન શિવમહેલમાં પહોંચીને સાદિ-અનંતકાળ માટે શાશ્વત સુખમાં લીન થઈ જાય છે !!!* ]

આ રીતે, જગદ્ગુરુ પરમપુરુષ ભગવાન ઋષભદેવથી તત્ત્વોનું સ્વરૂપ સાંભળીને ભક્તિથી ભરેલાં મહારાજ ભરત પરમ આનંદને પ્રાપ્ત થયા. પરમ આનંદને ધારણ કરતાં થકા ભરતે નિષ્ફળ અર્થાત્ શરીરાનુરાગથી રહિત ભગવાન વૃષભદેવથી સમ્યગ્દર્શનની શુદ્ધિ અને અણુવ્રતોની પરમ વિશુદ્ધિ પ્રાપ્ત કરી. જેવી રીતે શરદઋતુમાં પ્રબુદ્ધ અર્થાત્ ખીલેલા કમળોનો સમૂહ સુશોભિત થાય છે, તેવી જ રીતે મહારાજ ભરત પરમ ભગવાન વૃષભદેવથી પ્રબુદ્ધ થઈને—તત્ત્વોનું જ્ઞાન પ્રાપ્ત કરીને મનની પરમ વિશુદ્ધિને પ્રાપ્ત થઈ અતિશય સુશોભિત થઈ રહ્યા હતા. ભરતે ગુરુદેવની આરાધના કરી, જેમાં સમ્યગ્દર્શનરૂપી પ્રધાનમણિ લાગેલો છે અને જે મુક્તિરૂપી લક્ષ્મીના નિર્મળ કંઠ-હાર સમાન જણાતી એવી વ્રત અને શીલની નિર્મળ માળા ધારણ કરી હતી. જેવી રીતે કોઈ મોટી ખાણથી નીકળેલો મણિ સંસ્કારના યોગથી દેદીપ્યમાન થવા લાગે છે, તેવી જ રીતે મહારાજ ભરત પણ ગુરુદેવથી જ્ઞાનમય સંસ્કાર પામીને સુશોભિત થવા લાગ્યા હતા. આ સમયે મુનિઓથી સહિત દેવ-દાનવ અને મનુષ્યોની સભા ઉત્તમ ધર્મરૂપી અમૃતનું પાન કરી પરમ સંતોષને પ્રાપ્ત થઈ હતી. જેવી રીતે મેઘની ગર્જના સાંભળીને ચાતક પક્ષી પરમ આનંદને પ્રાપ્ત થાય છે, તેવી જ રીતે તે સમયે ભગવાનની દિવ્યધ્વનિ સાંભળીને ભવ્યજીવોના સમૂહ પરમ આનંદને પ્રાપ્ત થઈ રહ્યા હતા.

મેઘની ગર્જના સમાન ભગવાનની દિવ્યધ્વનિ સાંભળીને અશોકવૃક્ષની શાખા ઉપર બેઠેલા દિવ્ય મયૂર પણ આનંદથી શબ્દ કરવા લાગ્યા હતા. બધાની રક્ષા કરવાવાળા અને અગ્નિસમાન દૈદીપ્યમાન ભગવાનને પ્રાપ્ત કરી ભવ્યજીવરૂપી રત્ન દિવ્યકાંતિને ધારણ કરવાવાળી પરમ વિશુદ્ધિને પ્રાપ્ત થયા હતા. આ સમયે જે પુરિમતાલ નગરનો સ્વામી હતો, ભરતનો નાનો ભાઈ હતો, પુણ્યવાન, વિદ્વાન, શૂરવીર, પવિત્ર, ધીર, સ્વાભિમાનીઓમાં શ્રેષ્ઠ, શ્રીમાન્, અતિશય બુદ્ધિમાન અને જિતેન્દ્રિય હતો તથા જેનું નામ **વૃષભસેન** હતું તેણે ભગવાનની સમીપ દીક્ષા ધારણ કરી લીધી હતી અને તેમના પહેલાં ગણધર થઈ ગયા હતા. સાત ઋદ્ધિઓથી જેમની વિભૂતિ અતિશય દૈદીપ્યમાન થઈ રહી છે, જેઓ ચારેય તરફથી તપની દીપ્તિથી ઘેરાયેલા છે અને જેમણે અજ્ઞાનરૂપી ગાઢ અંધકારના ઉદયને નષ્ટ કરી દીધો છે એવા તે વૃષભસેન ગણધર શરદઋતુના સૂર્ય સમાન અત્યંત દૈદીપ્યમાન થઈ રહ્યા હતા, તે સમયે શ્રીમાન્ અને કુરુવંશીઓમાં શ્રેષ્ઠ મહારાજ સોમપ્રભ, શ્રેયાંસકુમાર તથા અન્ય રાજાઓ પણ દીક્ષા લઈને ભગવાનના ગણધર થયા હતા.

ભરતની નાની બહેન **બ્રાહ્મી** પણ ગુરુદેવની કૃપાથી દીક્ષિત થઈને આર્યાઓની વચ્ચે ગણિનીના પદને પ્રાપ્ત થઈ હતી, તે બ્રાહ્મી બધા દેવો દ્વારા પૂજિત થઈ હતી. આ સમયે રાજકન્યા બ્રાહ્મી દીક્ષારૂપી શરદઋતુની નદીના શીલરૂપી કિનારા પર બેઠેલી અને મધુર શબ્દ કરતી હંસીની સમાન સુશોભિત થઈ રહી હતી. વૃષભદેવની બીજી પુત્રી સુંદરીને પણ તે સમયે વૈરાગ્ય ઉત્પન્ન થઈ ગયો હોવાથી તેણે પણ બ્રાહ્મી પછી દીક્ષા ધારણ કરી લીધી હતી. આ સિવાય તે સમયે બીજા પણ અનેક રાજાઓ તથા રાજકન્યાઓએ સંસારથી ભયભીત થઈને ગુરુદેવ સમીપ દીક્ષા ધારણ કરી હતી. **શ્રુતકીર્તિ** નામના કોઈ અતિશય બુદ્ધિમાન પુરુષે શ્રાવકના વ્રત ગ્રહણ કર્યા હતા અને તે દેશવ્રત ધારણ કરવાવાળા ગૃહસ્થોમાં સર્વશ્રેષ્ઠ થયો હતો. આ રીતે, અતિશય ધીરવીર અને પવિત્ર અંતઃકરણને ધારણ કરવાવાળી કોઈ **પ્રિયવ્રતા** નામની સતી સ્ત્રી શ્રાવકના વ્રત ધારણ કરી શુદ્ધ ચારિત્રને ધારણ કરવાવાળી સ્ત્રીઓમાં સર્વશ્રેષ્ઠ થઈ હતી. જે સમયે ભગવાનને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું હતું, બીજા પણ ઘણા ઉત્તમોત્તમ રાજાઓ દીક્ષિત થઈને મોટી મોટી ઋદ્ધિઓને ધારણ કરવાવાળા મુનિરાજ થયા હતા, ભરતના ભાઈ **અનંતવીર્યે** પણ સંબોધિત થઈને ભગવાન પાસે દીક્ષા પ્રાપ્ત કરી હતી, દેવોએ પણ તેની પૂજા કરી હતી અને તે આ અવસર્પિણી

યુગમાં મોક્ષ પ્રાપ્ત કરવા માટે સૌથી અગ્રગામી થયા હતા. જે તપસ્વી પહેલાં ભ્રષ્ટ થઈ ગયા હતા તેમાંથી **મરીચિને છોડીને** બાકીના બધા તપસ્વી લોકો ભગવાન પાસે સંબોધિત થઈને તત્ત્વોનું યથાર્થ સ્વરૂપ સમજીને ફરીથી દીક્ષિત થઈને તપસ્યા કરવા લાગ્યા હતા.



ત્યારબાદ, જેમને ચક્રરત્નની પૂજા કરવા માટે ઉતાવળ હતી અને જેઓ પવિત્ર બુદ્ધિના ધારક છે એવા મહારાજ ભરત જગદ્‌ગુરુની પૂજા કરી પોતાના નગર સન્મુખ ચાલ્યા. યુવાવસ્થાને ધારણ કરવાવાળા બુદ્ધિમાન બાહુબલી તથા બીજા પણ ભરતના નાના ભાઈઓ આનંદપૂર્વક જગદ્‌ગુરુની વંદના કરી ભરતની પાછળ-પાછળ પાછા ફરી રહ્યા હતા. ત્યારબાદ, તે સમયે મહારાજ ભરત સૂર્ય સમાન જણાઈ રહ્યા હતા. કારણ કે જેવી રીતે સૂર્યના દિવ્ય પ્રભાવનો પ્રસાર પ્રગટ થાય છે, તેવી જ રીતે ભરતનો પણ દિવ્ય-અલૌકિક પ્રભાવનો પ્રસાર પ્રગટ થઈ રહ્યો હતો; જેવી રીતે સૂર્ય ઉદય થતાં સમયે રાગ અર્થાત્ લાલિમા ધારણ કરે છે, તેવી જ રીતે ભરત પણ પોતાના રાજ્યશાસનના ઉદયકાળમાં પ્રજાથી રાગ અર્થાત્ પ્રેમ ધારણ કરી રહ્યો હતો; જેવી રીતે સૂર્ય આભિમુખ અર્થાત્ પ્રધાનતાને ધારણ કરે છે, તેવી જ રીતે ભરત પણ પ્રધાનતાને ધારણ કરી રહ્યા હતા. જેવી રીતે સૂર્ય વિજયી હોય છે, તેવી જ રીતે ભરત પણ વિજયી હતા અને જેવી રીતે સંધ્યા સમયે સમસ્ત દિશાઓને પ્રકાશિત કરવાવાળા કિરણો સૂર્યની પાછળ-પાછળ ચાલે છે, તેવી જ રીતે સમસ્ત દિશાઓમાં આક્રમણ કરવાવાળા ભરતના નાના ભાઈઓ તેમની પાછળ-પાછળ જઈ રહ્યા હતા.

આ રીતે, નિધિઓના અધિપતિ મહારાજ ભરતે ખૂબ જ આનંદપૂર્વક પોતાની અયોધ્યાપુરીમાં પ્રવેશ કર્યો હતો. એ સમયે તેમાં અનેક ધ્વજાઓ લહેરાઈ રહી હતી અને તે જિનવાણી સમાન સુશોભિત થઈ રહી હતી. કારણ કે જેવી રીતે જિનવાણીમાં સમસ્ત પદાર્થોનો વિસ્તાર ભરેલો રહે છે, તેવી જ રીતે તે અયોધ્યામાં અનેક પદાર્થોનો વિસ્તાર ભરેલો હતો; જેવી રીતે જિનવાણી ફેલાયેલા વર્ણો અર્થાત્ અક્ષરોથી ઉજ્જ્વળ રહે છે, તેવી જ રીતે તે અયોધ્યા પણ ફેલાયેલા ક્ષત્રિય આદિ વર્ણોથી ઉજ્જ્વળ હતી; જેવી રીતે જિનવાણી અત્યંત શુચિ—પવિત્ર હોય છે, તેવી જ રીતે અયોધ્યા પણ શુચિ—કર્દમ આદિથી રહિત—પવિત્ર હતી; જેવી રીતે જિનવાણી સમૂહના સંન્નિધાનથી શ્રેષ્ઠ હોય છે, તેવી જ રીતે તે અયોધ્યા પણ નીતિસમૂહના સંન્નિધાનથી શ્રેષ્ઠ હતી; જેવી રીતે જિનવાણી વિસ્તૃત

આનંદ આપવાવાળી હોય છે, તેવી જ રીતે તે અયોધ્યા પણ બધાને વિસ્તૃત આનંદ આપવાવાળી હતી. જેવી રીતે જિનવાણી વિશ્વાસ કરવાયોગ્ય હોય છે અથવા બધી તરફ મુખવાળી અર્થાત સમસ્ત પદાર્થનું નિરૂપણ કરવાવાળી હોય છે, તેવી જ રીતે તે અયોધ્યા પણ વિશ્વાસ કરવાયોગ્ય અથવા બધી તરફ છે મુખ જેના અર્થાત્ જેની ચારે તરફ ગોપુર બનેલા હતા તેવી હતી અને જેવી રીતે જિનવાણી બધા જ અંગ અર્થાત્ દ્વાદશાંગને ધારણ કરવાવાળા મુનિઓ દ્વારા પરિચિત—અભ્યસ્ત રહે છે, તેવી જ રીતે તે અયોધ્યા પણ સમસ્ત જીવો દ્વારા પરિચિત હતી—તેમાં બધા જ પ્રકારના પ્રાણી રહેતા હતા.

આ રીતે, આર્ષ નામથી પ્રસિદ્ધ ભગવજ્જિનસેનાચાર્ય-વિરચિત ત્રિષષ્ટિલક્ષણ મહાપુરાણ ગ્રંથમાં ભગવત્કૃત ધર્મોપદેશનું વર્ણન કરવાવાળો ચોવીસમો અધ્યાય સમાપ્ત થયો.

* વિષયોનો અનુભવ કરનાર પ્રાણીઓનું જે સુખ હોય છે, તે પરાધીન છે, દુઃખથી સહિત છે, વિઘ્નવાળું છે અને કર્મબંધનનું કારણ છે, તેથી તે સુખ જ નથી, પરંતુ ફક્ત દુઃખ જ છે. (અ. ૧૧, શ્લોક ૧૭૩)
* જે પુરુષ, સ્ત્રી આદિ વિષયોનો ઉપભોગ કરે છે, તેનું આખું શરીર ધ્રુજવા લાગે છે, શ્વાસની ગતિ તીવ્ર થાય છે અને આખું શરીર પરસેવાથી રેબઝેબ થઈ જાય છે. જો સંસારમાં આવા જીવોને સુખી માનવામાં આવે, તો દુઃખી કોને કહેશો ? (અ. ૧૧, શ્લોક ૧૮૪)
* જે પ્રકારે દાંત દ્વારા પોતાનું જ હાડકું ચાવતો કૂતરો, પોતાને સુખી માને છે, તે જ પ્રકારે જે આત્મા વિષયોમાં આસક્ત થયેલો છે, તેવો મૂર્ખપ્રાણી પણ વિષયસેવન કરવાથી ઉત્પન્ન થતાં પરિશ્રમમાત્રને જ સુખ માને છે. (અ. ૧૧, શ્લોક ૧૮૫)
* જે પ્રકારે મનુષ્ય ખારું પાણી પીવાથી વધુ તરસ્યો થાય છે, તે પ્રકારે આ જીવને વિષયોને ભોગવવાથી વધુને વધુ તૃષ્ણાની ઉત્પત્તિ થાય છે. (અ. ૧૧, શ્લોક ૧૯૬)

# અધ્યાય પચ્ચીસમો

ત્યારબાદ, રાજશ્રી ભરતના ચાલ્યા ગયા બાદ અને દિવ્યધ્વનિ બંધ થઈ ગયા બાદ, વાયુ બંધ થઈ જવાથી નિશ્ચળ થયેલા સમુદ્ર સમાન જેમની ધ્વનિ બિલકુલ બંધ થઈ ગઈ છે, જેમણે ધર્મરૂપી જળની વર્ષા દ્વારા જગતના જીવરૂપી વનના વૃક્ષ સીંચ્યા હોવાથી જેઓ વર્ષા થઈ ચૂક્યા બાદ શબ્દ રહિત થયેલા વર્ષાઋતુના વાદળા સમાન જણાઈ રહ્યા છે, જેઓ કલ્પવૃક્ષ સમાન અભિષ્ટ ફળ દેવામાં તત્પર રહે છે, જેમના ચરણોની સમીપમાં ત્રણેય લોકના જીવ વિશ્રામ લે છે, જેઓ અનંતબળથી સહિત છે, જેમણે સૂર્ય સમાન મોહરૂપી ગાઢ અંધકારના ઉદયને નષ્ટ કર્યો છે, જેઓ નવ કેવળલબ્ધિરૂપી દૈદીપ્યમાન કિરણોના સમૂહથી સુશોભિત છે, જેઓ કોઈ વિશાળ ખાણ સમાન ઉત્પન્ન થયેલા ગુણરૂપી રત્નોના સમૂહથી વ્યાપ્ત છે, ભગવાન છે, જગતના અધિપતિ છે, અચિંત્ય તથા અનંત વૈભવને ધારણ કરવાળા છે, જેઓ ચાર પ્રકારના શ્રમણસંઘથી ઘેરાયેલા છે અને તેથી એવા જણાય છે કે જાણે ભદ્રશાલ આદિ ચારેય વનોના વિસ્તારથી ઘેરાયેલા સુમેરુ પર્વત જ હોય! જેઓ આઠ પ્રાતિહાર્યોથી સહિત છે, જેમના પાંચ કલ્યાણકો સિદ્ધ થયા છે, ચોત્રીસ અતિશયો દ્વારા જેમનું ઐશ્વર્ય વધી રહ્યું છે અને જેઓ ત્રણેય લોકના સ્વામી છે એવા ભગવાન વૃષભદેવને જોતા જ જેના હજાર નેત્ર વિકસિત થઈ રહ્યા છે અને મન પ્રસન્ન થઈ રહ્યું છે એવા સૌધર્મ સ્વર્ગના ઈન્દ્રએ સ્થિર ચિત્ત થઈને ભગવાનની સ્તુતિ કરવાનું શરૂ કર્યું.

હે પ્રભો! જો કે હું બુદ્ધિની પ્રકર્ષતાથી રહિત છું, તેમ છતાં ફક્ત આપની ભક્તિથી પ્રેરિત થઈને પરમ જ્યોતિસ્વરૂપ તથા ગુણરત્નોની ખાણ સ્વરૂપ આપની સ્તુતિ કરું છું. હે જિનેન્દ્ર! ભક્તિપૂર્વક આપની સ્તુતિ કરવાવાળા પુરુષોમાં ઉત્તમ-ઉત્તમ ફળરૂપી સંપદાઓ સ્વયમેવ જ પ્રાપ્ત થાય છે તેવો નિશ્ચય કરી આપની સ્તુતિ કરું છું. પવિત્ર ગુણોનું નિરૂપણ કરવું સ્તુતિ છે, પ્રસન્ન બુદ્ધિવાળો ભવ્ય સ્તોતા અર્થાત્ સ્તુતિ કરવાવાળો છે, જેમના બધા જ પુરુષાર્થ સિદ્ધ થઈ ચૂક્યા છે એવા આપ સ્તુત્ય અર્થાત્ સ્તુતિના વિષય છો અને મોક્ષનું સુખ પ્રાપ્ત

થવું જ જેનું ફળ છે. હે વિભો! હે સનાતન! આ રીતે, નિશ્ચય કરી હૃદયથી સ્તુતિ કરવાવાળા અને ફળની ઈચ્છા કરવાવાળા મને આપ આપની પ્રસન્ન દૃષ્ટિથી પવિત્ર કરો. હે ભગવાન! આપના ગુણો દ્વારા પ્રેરિત થયેલી ભક્તિ જ મને આનંદિત કરી રહી હોવાથી હું સંસારથી ઉદાસીન થઈને પણ આપની આ સ્તુતિના માર્ગમાં પ્રવૃત્ત થઈ રહ્યો છું. હે વિભો! આપના વિષયમાં કરવામાં આવેલી થોડી પણ ભક્તિ કલ્પવૃક્ષની સેવાની જેમ પ્રાણીઓને મોટી-મોટી સંપદાઓરૂપી ફળ પ્રદાન કરે છે. હે ભગવાન! આભૂષણ આદિ ઉપાધિઓથી રહિત આપનું શરીર આપના રાગ-દ્વેષ આદિ શત્રુઓના વિજયને સ્પષ્ટરૂપથી કહી રહ્યું છે. કારણ કે આભૂષણ વગેરે રાગી મનુષ્યોના દોષ પ્રગટ કરવાવાળો વ્યવહાર છે.

હે પ્રભો! જગતને સુશોભિત કરવાવાળું આપનું શરીર ભૂષણ રહિત હોવા છતાં પણ અત્યંત સુંદર છે, તે બરાબર જ છે કારણ કે જે આભૂષણ સ્વયં દૈદીપ્યમાન હોય છે, તે બીજા આભૂષણની રાહ નથી જોતું. હે ભગવાન! જો કે આપના મસ્તક પર ન તો સુંદર કેશપાશ છે, ન તો શેખરનો (મુગટનો) પરિગ્રહ છે અને ન તો મુકુટનો ભાર છે, તેમ છતાં તે અત્યંત સુંદર છે. હે નાથ! આપના મુખ પર ન તો નૈણ વાંકા થયા છે અને ન તો આપે પોતાના હાથથી શસ્ત્ર ઉપાડ્યા છે, તેમ છતાં પણ આપે ઘાતિયાકર્મરૂપી શત્રુઓને નષ્ટ કરી દીધા છે. હે દેવ! આપે મોહરૂપી શત્રુને જીતવામાં નીલકમળના દળ સમાન મોટા-મોટા નેત્રોને જરા પણ લાલ કર્યા ન હોવાથી એવું જણાય છે કે આપની પ્રભુત્વ શક્તિ ખૂબ જ આશ્ચર્યકારી છે. હે જિનેન્દ્ર! આપના બંને નેત્ર કટાક્ષાવલોકનથી રહિત છે અને સૌમ્યદૃષ્ટિ સહિત હોવાથી તે અમને લોકોને સ્પષ્ટ રીતે જણાવે છે કે આપે કામદેવરૂપી શત્રુને જીતી લીધો છે.

હે નાથ! અમારા લોકોના મસ્તકનો સ્પર્શ કરતી અને જગતને એકમાત્ર પવિત્ર કરતી આપના નેત્રોની નિર્મળ દીપ્તિ પુણ્યધારા સમાન અમને લોકોને પવિત્ર કરી રહી છે. હે ભગવાન! શરદઋતુના ચંદ્ર સમાન પોતાની કાંતિરૂપી ચાંદનીથી સમસ્ત જગતને વ્યાપ્ત કરતું આપનું આ મુખ ખીલેલા કમળની શોભા ધારણ કરી રહ્યું છે. હે જિન! આપનું મુખ ન તો અટ્ટહાસથી સહિત છે, ન તો હુંકારથી યુક્ત છે, તેથી તે બુદ્ધિમાન લોકોને આપની વીતરાગતા પ્રગટ કરી રહ્યું છે. હે દેવ! જે અંધકારને નષ્ટ કરી રહી છે અને જેણે પ્રાતઃકાળના સૂર્યની પ્રભાને જીતી લીધી

છે એવી આપના મુખથી નીકળતી પવિત્ર કાંતિ સરસ્વતી સમાન સુશોભિત થઈ રહી છે. હે ભગવાન! આપના મુખરૂપી કમળ પર લાગેલી આ દેવોના નેત્રોની પંક્તિ એવી જણાય છે કે જાણે તેની સુગંધના કારણે ચારે તરફથી આવેલી ભ્રમરોની પંક્તિ જ હોય! હે નાથ! જેનાથી ક્યારેય તૃપ્તિ ન થાય એવા આપના મુખરૂપી કમળથી નીકળેલા આપના વચનરૂપી મકરંદનું પાન કરી આ ભવ્યજીવરૂપી ભ્રમર આનંદને પ્રાપ્ત થઈ રહ્યા છે.

હે ભગવાન! જો કે આપ એક તરફ મુખ રાખીને બિરાજમાન છો તેમ છતાં એવા દેખાવ છો કે આપના મુખ ચારે તરફ હોય! હે દેવ! નિશ્ચયથી જ આ આપના તપશ્ચરણરૂપી ગુણનું આશ્ચર્યકારી માહાત્મ્ય છે. હે જિનેન્દ્રરૂપી સૂર્ય! તિર્યંચોના હૃદયગત અંધકારને નષ્ટ કરવાવાળા આપના વચનરૂપી કિરણો બધી દિશાઓમાં ફેલાઈ રહ્યા છે. હે દેવ! આપના વચનરૂપી અમૃતનું પાન કરીને આજે અમે લોકો વાસ્તવમાં અમર થઈ ગયા હોવાથી બધા રોગોને હરવાવાળું આપનું આ વચનરૂપ અમૃત અમને લોકોને ખૂબ જ ઈષ્ટ છે. હે જિનેન્દ્રદેવ! જેમાંથી વચનરૂપી અમૃત ઝરી રહ્યું છે અને જે ભવ્યજીવોનું જીવન છે એવું આ આપનું મુખરૂપી કમળ ધર્મના ખજાના સમાન સુશોભિત થઈ રહ્યું છે. હે દેવ! આપના મુખરૂપી ચંદ્રમંડળથી નીકળતા આ વચનરૂપી કિરણો અંધકારને નષ્ટ કરતાં સભાને અત્યંત આનંદિત કરી રહ્યા છે. હે દેવ! આ પણ એક આશ્ચર્યની વાત છે કે આપથી અનેક પ્રકારની ભાષાઓની એકસાથે ઉત્પત્તિ થાય છે અથવા આપના તીર્થંકરપણાનું માહાત્મ્ય જ એવું છે.

હે ભગવાન! જે પરસેવા અને મળમૂત્રથી રહિત છે, સુગંધિત છે, શુભ લક્ષણોથી સહિત છે, સમચતુરસ્રસંસ્થાન છે, જેમાં લાલ રક્ત નથી અને જે વજ્ર સમાન સ્થિર છે એવું આ આપનું શરીર અતિશય સુશોભિત થઈ રહ્યું છે. હે દેવ! નેત્રને આનંદિત કરવાવાળી સુંદરતા, મનને પ્રસન્ન કરવાવાળું સૌભાગ્ય અને જગતને હર્ષિત કરવાવાળી મીઠી વાણી તે આપનો અસાધારણ ગુણ છે. હે ભગવાન! જો કે આપનું વીર્ય અપરિમીત છે, તેમ છતાં તે આપના પરિમિત અલ્પ પરિમાણવાળા શરીરમાં સમાયેલું છે. બરાબર જ છે કે હાથીનું પ્રતિબિંબ નાના દર્પણમાં પણ સમાઈ જાય છે. હે નાથ! જ્યાં આપનું સમવસરણ હોય છે તેની ચારે તરફ સો-સો યોજન સુધી આપના માહાત્મ્યથી અન્નપાન આદિ બધુ સુલભ થઈ જાય છે. હે દેવ! આ પૃથ્વી સમસ્ત સુર અને અસુરોનો ભાર ધારણ કરવામાં અસમર્થ હોવાથી જ શું આપનું સમવસરણરૂપી વિમાન પૃથ્વીનો સ્પર્શ કરતાં આકાશમાં જ

વિદ્યમાન રહે છે? હે ભગવાન! સંજીવની ઔષધિ સમાન આપના સમીચીન ધર્મનો ઉપદેશ દેવામાં તત્પર રહેતા થકા સિંહ, વાઘ આદિ ક્રૂર હિંસક જીવ પણ બીજા પ્રાણીઓની ક્યારે ક્યારેય પણ હિંસા નથી કરતાં. હે પ્રભો! આપના મોહનીયકર્મનો ક્ષય થઈ જવાથી અત્યંત સુખની ઉત્પત્તિ થઈ હોવાથી આપને કવલાહાર નથી. બરાબર જ છે કે ક્ષુધાના ક્લેશથી દુ:ખી જીવ જ કવલાહાર ભોજન કરે છે.

હે જિનેન્દ્ર! જે મૂર્ખ અશાતાવેદનીય કર્મનો ઉદય હોવાથી આપને પણ કવલાહારની યોજના કરે છે અર્થાત્ એમ કહે છે કે આપ પણ કવલાહાર કરો છો કારણ કે આપને અશાતાવેદનીયકર્મનો ઉદય છે, તેમણે મોહરૂપી વાયુરોગને દૂર કરવા માટે જૂના ઘીની શોધ કરવી જોઈએ અર્થાત્ જૂનું ઘી લગાવવાથી જેવી રીતે સન્નિપાત–વાતજ્વર શાંત થઈ જાય છે, તેવી જ રીતે પોતાના મોહને દૂર કરવા માટે કોઈ જૂના અનુભવી પુરુષનો સ્નેહ પ્રાપ્ત કરવો પડશે. હે દેવ! મંત્રની શક્તિથી જેનું બળ નષ્ટ થઈ ગયું છે એવું વિષ જેવી રીતે કાંઈપણ કરી શકતું નથી, તેવી જ રીતે ઘાતિયાકર્મ નષ્ટ થઈ જતા જેની શક્તિ નષ્ટ થઈ ગઈ છે એવું અશાતાવેદનીયરૂપી વિષ આપને કાંઈપણ કરી શકતું નથી. હે નાથ! ઘાતિયાકર્મરૂપી સહકારી કારણોનો અભાવ થઈ જવાથી અશાતાવેદનીયનો ઉદય આપને અકિંચિત્કર છે. બરાબર જ છે કે ફળનો ઉદય બધી જ સામગ્રી ભેગી થતાં જ આવે છે.

હે ઈશ! આપ જગતના પાલક છો અને લીલામાત્રમાં જ પાપરૂપી કલંક ધોઈ નાખ્યા હોવાથી આપની ઉપર ન તો કોઈ ઈતિ (ઉપદ્રવ) પોતાનું પ્રભુત્વ જમાવી શકે છે અને ન કોઈ ઉપસર્ગ! હે ભગવાન! જો કે આપનું કેવળજ્ઞાનરૂપી નિર્મળ નેત્ર અનંતજ્ઞેયોને જાણતું ફેલાઈ રહ્યું છે, છતાં પણ જો કે આપના ચાર ઘાતિકર્મ નષ્ટ થઈ ગયા હોવાથી આપના આ ચાર મુખોનું હોવું ઉચિત જ છે. હે અધિશ્વર! આપ બધી જ વિદ્યાઓના સ્વામી છો, યોગી છો, ચતુર છો, અવિનાશી છો અને આપની આત્મમય કેવળજ્ઞાનરૂપી જ્યોતિ ચારે તરફ ફેલાઈ રહી હોવાથી આપ અત્યંત સુશોભિત થઈ રહ્યા છો. હે ભગવાન! તેજોમય અને દિવ્ય સ્વરૂપ આપનું આ પરમૌદારિક શરીર, છાયાનો અભાવ તથા નેત્રોની અનુન્મેષ વૃત્તિને ધારણ કરી રહ્યું છે. હે નાથ! જો કે આપ ત્રણ છત્ર ધારણ કરી રહ્યા છો, તેમ છતાં આપ છાયા રહિત દેખાઈ રહ્યા છો. બરાબર જ છે કે **મહાપુરુષોની ચેષ્ટાઓ આશ્ચર્યકારી જ હોય છે** અથવા આપનો પ્રતાપ જ એવો આશ્ચર્યકારી છે!

હે સ્વામિન્! પલક ન ઝપકવાથી જેના નેત્ર અત્યંત નિશ્ચળ છે એવા આપના મુખરૂપી કમળને જોવા માટે જ દેવોએ પોતાના નેત્રોને આપમાં જ રોકી રાખ્યા છે. હે ભગવાન! આપના નખ અને કેશની જે પરિમિત અવસ્થા છે, તે આપના વિશુદ્ધ સ્ફટિક સમાન નિર્મળ શરીરમાં રસ આદિના અભાવને પ્રગટ કરે છે. આ રીતે, ઉપર કહેલા તથા જે બીજી જગ્યાએ ન જોવા મળે એવા આપના ઉદાર ગુણોએ બીજી જગ્યાએ ઘર ન જોઈને સ્વયં આપની પાસે આવીને આપને સ્વીકાર કર્યા છે. હે દેવ! આ પણ એક આશ્ચર્યની વાત છે કે જેની પ્રાપ્તિ માટે ઈન્દ્ર પણ ઈચ્છા કર્યા કરે છે એવા આ રૂપ-સૌંદર્ય, કાંતિ અને દીપ્તિ આદિ ગુણોને આપ છોડવા ઈચ્છો છો. હે પ્રભો! અન્ય બધા ગુણરૂપી બંધનોને છોડીને ફક્ત આપની ઉપાસના કરવાવાળા ગુણીપુરુષ આપના સમાન જ બની જાય છે. બરાબર જ છે કે **સ્વામી અનુસાર ચાલવું તે શિષ્યોનું કર્તવ્ય છે.**

હે સ્વામી! આપનું શોભાયમાન આ અશોકવૃક્ષ એવું જણાઈ રહ્યું છે કે જાણે મંદ-મંદ વાયુથી હલતાં શાખારૂપી હાથના સમૂહથી હર્ષિત થઈને નૃત્ય જ કરી રહ્યું હોય! હે નાથ! દેવો દ્વારા લીલાપૂર્વક ધારણ કરાવાયેલા ચમરોના સમૂહ આપની બંને બાજુ એ રીતે ઢોરવામાં આવી રહ્યા છે કે જાણે ક્ષીરસાગરની ચંચળ લહેરોની સાથે સ્પર્ધા જ કરવા ઈચ્છતા હોય! હે ભગવાન! ચંદ્ર સમાન નિર્મળ અને મોતીઓની જાળીઓથી સુશોભિત આપના આ ત્રણ છત્ર આકાશરૂપી આંગણમાં એવા જણાઈ રહ્યા છે કે જાણે તેમાં અંકુર જ ઉત્પન્ન થયા હોય! હે સ્વામી! મધુર શબ્દ કરતાં દેવોના જે કરોડો દુંદુભી વાજા વાગી રહ્યા છે, તે એવા જણાઈ રહ્યા છે કે જાણે આકાશ અને પાતાળને વ્યાપ્ત કરી આપના વિજય-ઉત્સવની ઘોષણા જ કરી રહ્યા હોય! હે પ્રભો! દેવોના સાડા બાર કરોડ દુંદુભિ આદિ જે વાજાઓ વાગી રહ્યા છે, તે આપની ગંભીર દિવ્યધ્વનિનું અનુકરણ કરવા માટે જ જાણે તત્પર થયા હોય! આકાશરૂપી રંગભૂમિથી દેવગણ જે આ પુષ્પોની વર્ષા કરી રહ્યા છે, તે એવી જણાઈ રહી છે કે જાણે સંતુષ્ટ થયેલી સ્વર્ગલક્ષ્મી દ્વારા પ્રેરિત થયેલા કલ્પવૃક્ષ જ તે પુષ્પવર્ષા કરી રહ્યા હોય!

હે ભગવાન! આકાશમાં ચારે તરફ ફેલાતું આ આપના શરીરનું પ્રભામંડળ સમવસરણમાં બેઠેલા મનુષ્યોને સદાય પ્રાતઃકાળની શોભા દેખાડી રહ્યું છે. હે દેવ! આપના નખોના આ થોડા-થોડા લાલ કિરણો દિશાઓમાં એવી રીતે ફેલાઈ રહ્યા છે કે જાણે આપના ચરણરૂપી કલ્પવૃક્ષોના અગ્રભાગથી અંકુર જ નીકળી રહ્યા હોય! બધા જીવોને

આહ્લાદિત કરવાવાળી આપના ચરણોના નખરૂપી ચંદ્રના આ કિરણો અમારા લોકોના મસ્તકનું એ રીતે સ્પર્શ કરી રહ્યા છે કે જાણે આપના પ્રસાદના જ અંશ હોય! હે ભગવાન! આ દિવ્યલક્ષ્મીરૂપી મનોહર હંસીની નખોના કાંતિરૂપી મૃણાલથી સુશોભિત આપના ચરણકમળની છાયારૂપી સરોવરીમાં અવગાહન કરે છે. હે વિભો! આપના આ બંને ચરણ કમળની જે કાંતિને ધારણ કરી રહ્યા છે, તે એવી જણાઈ રહી છે કે જાણે મોહરૂપી શત્રુને નષ્ટ કરતાં સમયે લાગેલી તેના રક્તની છટા જ હોય! હે દેવ! આપના ચરણોના નખના કાંતિરૂપ જળરૂપ સરોવરમાં પ્રતિબિંબિત દેવાંગનાઓના મુખની છાયા કમળની શોભા વધારી રહી છે. હે નાથ! આપ પોતાના આત્મામાં પોતાના જ આત્મા દ્વારા પોતાના આત્માને ઉત્પન્ન કરી આપ પ્રગટ થયા હોવાથી આપ સ્વયંભૂ કહેવાયા છો!

આ સિવાય, આપનું માહાત્મ્ય અચિંત્ય હોવાથી આપને નમસ્કાર હો! આપ ત્રણેય લોકના સ્વામી હોવાથી આપને નમસ્કાર હો! આપ લક્ષ્મીના ભર્તા હોવાથી આપને નમસ્કાર હો! આપ વિદ્વાનોમાં શ્રેષ્ઠ હોવાથી આપને નમસ્કાર હો! આપ વક્તાઓમાં શ્રેષ્ઠ હોવાથી આપને નમસ્કાર હો! હે દેવ! બુદ્ધિમાન લોકો આપને કામરૂપી શત્રુને નષ્ટ કરવાવાળા માને છે અને આપના ચરણકમળ ઈન્દ્રોના મુકુટોની કાંતિના સમૂહથી પૂજિત હોવાથી અમે લોકો આપને નમસ્કાર કરીએ છીએ. પોતાના ધ્યાનરૂપી કુહાડાથી અતિશય મજબૂત ઘાતિયાકર્મરૂપી વિશાળ વૃક્ષોને કાપી નાખ્યા છે તથા અનંત સંસારની સંતતિને પણ જીતી લીધી હોવાથી આપ અનંતજીત કહેવાયા છો. હે જિનેન્દ્ર! ત્રણેય લોકને જીતી લેવાથી જેને ભારે અહંકાર ઉત્પન્ન થયો છે અને જે અત્યંત દુર્જય છે એવા મૃત્યુરાજને પણ આપે જીતી લીધો હોવાથી આપ મૃત્યુંજય કહેવાયા છો. આપે સંસારરૂપી સમસ્ત બંધન નષ્ટ કરી દીધા છે. આપ ભવ્યજીવોના બંધુ છો અને આપ જન્મ-જરા-મરણનો નાશ કરવાવાળા હોવાથી આપ જ ત્રિપુરારી કહેવાયા છો.

હે ઈશ્વર! જે ત્રણેય કાળવિષયક સમસ્ત પદાર્થોને જાણવાવાળા હોવાના કારણે ત્રણ પ્રકારથી ઉત્પન્ન થયા કહેવાય છે એવા કેવળજ્ઞાન નામક નેત્રને આપ ધારણ કરી રહ્યા છો, તેથી આપ જ ત્રિનેત્ર કહેવાયા છો! આપે મોહરૂપી અંધાસુરને નષ્ટ કરી દીધો હોવાથી વિદ્વાન લોકો આપને જ અંધકાંતક કહે છે! આઠકર્મરૂપ શત્રુઓમાંથી આપના અડધા અર્થાત્ ચાર ઘાતિકર્મરૂપી શત્રુઓના ઈશ્વર ન હોવાથી આપ અર્ધનારીશ્વર પણ કહેવાવ છો! આપ શિવપદ અર્થાત્ મોક્ષસ્થાનમાં નિવાસ કરતાં હોવાથી શિવ કહેવાવ છો, પાપરૂપી શત્રુઓને નાશ કરવાવાળા હોવાથી

હર કહેવાવ છો, લોકમાં શાંતિ કરવાવાળા હોવાથી શંકર કહેવાવ છો અને સુખથી ઉત્પન્ન થયા હોવાથી શંભવ કહેવાવ છો! જગતમાં શ્રેષ્ઠ હોવાથી વૃષભ કહેવાવ છો, અનેક ઉત્તમ-ઉત્તમ ગુણોનો ઉદય થવાથી પુરુ કહેવાવ છો, નાભિરાયથી ઉત્પન્ન થવાથી નાભેય કહેવાવ છો અને ઈક્ષ્વાકુ કુળમાં ઉત્પન્ન થયા હોવાથી ઈક્ષ્વાકુકુળનંદન કહેવાવ છો! સમસ્ત પુરુષોમાં આપ જ એક શ્રેષ્ઠ છો. લોકોના નેત્ર હોવાથી આપ બેરૂપ ધારણ કરવાવાળા છો તથા આપ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના ભેદથી ત્રણ પ્રકારનો મોક્ષમાર્ગ જાણો છો અથવા ભૂત-ભવિષ્ય-વર્તમાનકાળસંબંધી ત્રણ પ્રકારનું જ્ઞાન ધારણ કરતાં હોવાથી આપ ત્રિજ્ઞ પણ કહેવાવ છો. અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવળી ભગવાન દ્વારા કહેવામાં આવેલો ધર્મ તે ચાર શરણ અને મંગળ કહેવાય છે, આપ આ ચારેયની મૂર્તિ સ્વરૂપ છો, આપ ચારેય તરફની સમસ્ત વસ્તુને જાણવાવાળા છો, પંચપરમેષ્ઠી સ્વરૂપ છો અને અત્યંત પવિત્ર છો. તેથી, હે દેવ! મને પણ પવિત્ર કરો.

હે નાથ! આપ સ્વર્ગાવતરણના સમયે સદ્યોજાત અર્થાત્ શીઘ્ર જ ઉત્પન્ન થવાવાળા કહેવાયા હતા, તેથી આપને નમસ્કાર હો! આપ જન્માભિષેકના સમયે ખૂબ જ સુંદર જણાતા હોવાથી હે વામદેવ! આપને નમસ્કાર હો! દીક્ષા કલ્યાણકના સમયે આપ પરમ શાંતિને પ્રાપ્ત થયા અને કેવળજ્ઞાન પ્રાપ્ત થતા પરમપદને પ્રાપ્ત થયા તથા ઈશ્વર કહેવાયા હોવાથી આપને નમસ્કાર હો! હવે આગળ શુદ્ધાત્મસ્વરૂપ દ્વારા મોક્ષસ્થાનને પ્રાપ્ત થવાના હોવાથી આગામીકાળમાં પ્રાપ્ત થવાવાળી સિદ્ધ અવસ્થાને ધારણ કરવાવાળા આપને આજે જ મારા નમસ્કાર હો! જ્ઞાનાવરણકર્મનો નાશ થવાથી જે અનંતજ્ઞાની કહેવાયા એવા આપને નમસ્કાર હો! દર્શનાવરણકર્મનો વિનાશ થવાથી જે વિશ્વદૃષ્ટા કહેવાયા એવા આપને નમસ્કાર હો! હે ભગવાન! આપ દર્શનમોહનીયકર્મને નષ્ટ કરવાવાળા તથા નિર્મળ ક્ષાયિક સમ્યગ્દર્શનને ધારણ કરવાવાળા હોવાથી આપને નમસ્કાર હો! તેવી જ રીતે આપ ચારિત્રમોહનીયકર્મને નષ્ટ કરવાવાળા વીતરાગ અને અતિશય તેજસ્વી હોવાથી આપને નમસ્કાર હો! આપ અનંતવીર્યને ધારણ કરવાવાળા હોવાથી આપને નમસ્કાર હો!

આપ અનંતસુખરૂપ હોવાથી આપ અનંત પ્રકાશ સહિત તથા લોક અને અલોકને જોવાવાળા હોવાથી આપને નમસ્કાર હો! અનંતદાનને ધારણ કરવાવાળા આપને નમસ્કાર હો! અનંતલાભને ધારણ કરવાવાળા આપને

નમસ્કાર હો! અનંતભોગને ધારણ કરવાવાળા આપને નમસ્કાર હો! અનંત ઉપભોગને ધારણ કરવાવાળા આપને નમસ્કાર હો! હે ભગવાન! આપ પરમ ધ્યાની હોવાથી આપને નમસ્કાર હો! આપ યોનીભ્રમણ રહિત હોવાથી આપને નમસ્કાર હો! આપ અત્યંત પવિત્ર હોવાથી આપને નમસ્કાર હો! આપ પરમઋષિ હોવાથી આપને નમસ્કાર હો! આપ પરમ વિદ્યા અર્થાત્ કેવળજ્ઞાનને ધારણ કરવાવાળા છો, અન્ય મતોનું ખંડન કરવાવાળા છો, પરમ તત્ત્વસ્વરૂપ છો અને પરમાત્મા હોવાથી આપને નમસ્કાર હો! આપ ઉત્કૃષ્ટ રૂપને ધારણ કરવાવાળા છો, પરમ તેજસ્વી છો, ઉત્કૃષ્ટ માર્ગ સ્વરૂપ છો અને પરમેષ્ઠી હોવાથી આપને નમસ્કાર હો! આપ સર્વોત્કૃષ્ટ મોક્ષસ્થાનની સેવા કરવાવાળા છો, પરમ જ્યોતિસ્વરૂપ છો, આપનું જ્ઞાનરૂપી તેજ અંધકારથી પાર છે અને આપ સર્વોત્કૃષ્ટ હોવાથી આપને નમસ્કાર હો!

આપ કર્મરૂપી કલંક રહિત હોવાથી આપને નમસ્કાર હો! આપનું કર્મબંધન ક્ષીણ થઈ ગયું હોવાથી આપને નમસ્કાર હો! આપનો મોહકર્મ નષ્ટ થઈ ગયો હોવાથી આપને નમસ્કાર હો! આપના સમસ્ત રાગ આદિ દોષ નષ્ટ થઈ ગયા હોવાથી આપને નમસ્કાર હો! આપ મોક્ષરૂપી ઉત્તમ ગતિને પ્રાપ્ત થવાવાળા હોવાથી આપને નમસ્કાર હો! આપ અતિન્દ્રિયજ્ઞાન અને સુખ સહિત છો તથા ઈન્દ્રિયોથી રહિત અને ઈન્દ્રિય અગોચર હોવાથી આપને નમસ્કાર હો! શરીરરૂપી બંધન નષ્ટ થઈ જવાથી આપ અકાય કહેવાતા હોવાથી આપને નમસ્કાર હો! આપ યોગ રહિત છો અને યોગીઓમાં સર્વોત્કૃષ્ટ હોવાથી આપને નમસ્કાર હો! આપ વેદ રહિત છો, કષાય રહિત છો અને મોટા-મોટા યોગીરાજ પણ આપના ચરણયુગલની વંદના કરતાં હોવાથી આપને નમસ્કાર હો! હે પરમવિજ્ઞાન અર્થાત્ ઉત્કૃષ્ટ કેવળજ્ઞાનને ધારણ કરવાવાળા આપને નમસ્કાર હો! હે પરમ સંયમ અર્થાત્ ઉત્કૃષ્ટ યથાખ્યાત ચારિત્રને ધારણ કરવાવાળા! આપને નમસ્કાર હો!

હે ભગવાન! આપે ઉત્કૃષ્ટ કેવળદર્શન દ્વારા પરમાર્થને જોઈ લીધું છે તથા આપ બધાની રક્ષા કરવાવાળા હોવાથી આપને નમસ્કાર હો! આપ જો કે લેશ્યાઓથી રહિત છો તેમ છતાં ઉપચારથી શુદ્ધ-શુક્લલેશ્યાઓના અંશને સ્પર્શ કરવાવાળા છો, ભવ્ય તથા અભવ્ય બંને અવસ્થાથી રહિત છો અને મોક્ષરૂપ હોવાથી આપ સંજ્ઞી અને અસંજ્ઞી બંને અવસ્થાથી રહિત નિર્મળ આત્માને ધારણ કરવાવાળા હોવાથી આપની ચારેય સંજ્ઞા નષ્ટ થઈ ગઈ

છે તથા ક્ષાયિક સમ્યગ્દર્શનને ધારણ કરી રહ્યા હોવાથી આપને નમસ્કાર હો! આપ આહાર રહિત થઈને પણ સદાય તૃપ્ત રહો છો, પરમ દીપ્તિને પ્રાપ્ત છો, આપના સમસ્ત દોષ નષ્ટ થઈ ગયા છે અને આપ સંસારરૂપી સમુદ્રના પારને પ્રાપ્ત થયા હોવાથી આપને નમસ્કાર હો! આપ વૃદ્ધાવસ્થા રહિત છો, જન્મ રહિત છો, મૃત્યુ રહિત છો, અચળરૂપ છો અને અવિનાશી હોવાથી આપને નમસ્કાર હો! હે ભગવાન! આપના ગુણોનું સ્તવન દૂર રહે કારણ કે આપના અનંત ગુણ છે અને તે બધાનું સ્તવન કરવું મુશ્કેલ હોવાથી ફક્ત આપના નામોનું જ સ્મરણ કરીને આપની ઉપાસના કરવા ઈચ્છીએ છીએ. આપના દૈદીપ્યમાન ૧૦૦૮ લક્ષણ અતિશય પ્રસિદ્ધ છે અને આપ સમસ્ત વાણીના સ્વામી હોવાથી અમે લોકો અમારા અભીષ્ટની સિદ્ધિ માટે એક હજાર આઠ નામોથી આપની સ્તુતિ કરીએ છીએ :

૧. આપ અનંતચતુષ્ટરૂપ અંતરંગ લક્ષ્મી અને અષ્ટપ્રાતિહાર્યરૂપ બહિરંગ લક્ષ્મી સહિત હોવાથી **શ્રીમાન** કહેવાવ છો! ૨. આપ સ્વયમેવ ઉત્પન્ન થયા છો—કોઈ ગુરુના ઉપદેશની સહાયતા વિના સ્વયં જ સંબુદ્ધ થયા હોવાથી **સ્વયંભૂ** કહેવાવ છો! ૩. આપ વૃષ અર્થાત્ ધર્મથી સુશોભિત હોવાથી **વૃષભ** કહેવાવ છો! ૪. આપને સ્વયં અનંતસુખની પ્રાપ્તિ થઈ છે તથા આપના દ્વારા સંસારના અન્ય અનેક પ્રાણીઓને સુખ પ્રાપ્ત થયું હોવાથી આપ **શંભવ** કહેવાવ છો! ૫. આપ પરમાનંદરૂપ સુખ આપવાવાળા હોવાથી **શંભુ** કહેવાવ છો! ૬. આપે આ ઉત્કૃષ્ટ અવસ્થા પોતાના દ્વારા જ પ્રાપ્ત કરી છે અથવા યોગીશ્વર પોતાના આત્મામાં જ આત્મસાક્ષાત્કાર કરી શકતા હોવાથી આપ **આત્મભૂ** કહેવાવ છો! ૭. આપ આપના દ્વારા જ પ્રકાશમાન થાવ છો તેથી **સ્વયંપ્રભ** કહેવાવ છો! ૮. આપ સમર્થ અથવા બધાના સ્વામી હોવાથી **પ્રભુ** કહેવાવ છો! ૯. અનંત આત્મોત્થ સુખનો અનુભવ કરવાવાળા હોવાથી **ભોક્તા** છો! ૧૦. કેવળજ્ઞાનની અપેક્ષાએ સર્વત્ર વ્યાપ્ત છો અથવા ધ્યાન આદિ દ્વારા બધી જ જગ્યાએ પ્રત્યક્ષરૂપથી પ્રગટ થતાં હોવાથી **વિશ્વભૂ** છો! ૧૧. આપ ફરી સંસારમાં આવીને જન્મ ધારણ નહીં કરવાના હોવાથી **અપુનર્ભવ** છો! ૧૨. સંસારના સમસ્ત પદાર્થ આપના આત્મામાં પ્રતિબિંબિત થઈ રહ્યા હોવાથી આપ **વિશ્વાત્મા** કહેવાવ છો! ૧૩. આપ સમસ્ત લોકના સ્વામી હોવાથી **વિશ્વલોકેશ** છો! ૧૪. આપના જ્ઞાનદર્શનરૂપી નેત્ર સંસારમાં બધી જ જગ્યાએ અપ્રતિહત હોવાથી આપ **વિશ્વતશ્ચક્ષુ** કહેવાવ છો! ૧૫. આપ અવિનાશી હોવાથી **અક્ષર** કહેવાવ છો! ૧૬. આપ સમસ્ત પદાર્થોને જાણતા હોવાથી **વિશ્વવિદ્** કહેવાવ છો! ૧૭. આપ સમસ્ત વિદ્યાઓના સ્વામી હોવાથી **વિશ્વવિદ્યેશ** કહેવાવ છો! ૧૮. આપ સમસ્ત પદાર્થોની ઉત્પત્તિના કારણ છો અર્થાત્

ઉપદેશ આપવાવાળા હોવાથી **વિશ્વયોનિ** કહેવાવ છો! **૧૯.** આપના સ્વરૂપનો ક્યારેય પણ નાશ થતો ન હોવાથી આપ **અનશ્વર** કહેવાવ છો! **૨૦.** આપ સમસ્ત પદાર્થોને દેખવાવાળા હોવાથી **વિશ્વદશ્વા** છો! **૨૧.** આપ કેવળજ્ઞાનની અપેક્ષાએ બધી જગ્યાએ વ્યાપ્ત છો અથવા બધા જીવોને સંસારથી પાર ઉતારવામાં સમર્થ છો અથવા પરમોત્કૃષ્ટ વિભૂતિથી સહિત હોવાથી **વિભુ** છો! **૨૨.** આપ સંસારી જીવોનો ઉદ્ધાર કરી તેમને મોક્ષસ્થાનમાં પહોંચાડવાવાળા છો અથવા બધા જીવોનું પોષણ કરવાવાળા છો અથવા મોક્ષમાર્ગની સૃષ્ટિ કરવાવાળા હોવાથી **ધાતા** કહેવાવ છો! **૨૩.** આપ સમસ્ત જગતના ઈશ્વર હોવાથી **વિશ્વેશ** કહેવાવ છો! **૨૪.** આપ બધા પદાર્થોને દેખવાવાળા છો અથવા બધાના હિત માટે સન્માર્ગનો ઉપદેશ દેવાના કારણે બધા જીવોના નેત્ર સમાન છો તેથી **વિશ્વવિલોચન** કહેવાવ છો! **૨૫.** સંસારના સમસ્ત પદાર્થોને જાણવાના કારણે આપનું જ્ઞાન બધી જગ્યાએ વ્યાપ્ત હોવાથી આપ **વિશ્વવ્યાપી** કહેવાવ છો! **૨૬.** આપ સમીચીન મોક્ષમાર્ગનું વિધાન કરવાવાળા હોવાથી **વિધિ** કહેવાવ છો! **૨૭.** આપ ધર્મરૂપી જગતની સૃષ્ટિ કરવાવાળા હોવાથી **વેધા** કહેવાવ છો! **૨૮.** આપ સદા વિદ્યમાન રહેતા હોવાથી **શાશ્વત** કહેવાવ છો! **૨૯.** સમસરણ સભામાં આપનું મુખ ચારેય દિશામાં દેખાય છે અથવા આપ વિશ્વતોમુખ અર્થાત્ જળની જેમ પાપરૂપી પંકને દૂર કરવાવાળા સ્વચ્છ તથા તૃષ્ણાને નષ્ટ કરવાવાળા હોવાથી **વિશ્વતોમુખ** કહેવાવ છો! **૩૦.** આપે કર્મભૂમિની વ્યવસ્થા કરતી વખતે લોકોની આજીવિકા માટે અસિ, મસિ આદિ બધા જ કર્મોનો ઉપદેશ આપ્યો હોવાથી આપ **વિશ્વકર્મા** કહેવાવ છો! **૩૧.** આપ જગતમાં સૌથી જ્યેષ્ઠ અર્થાત્ શ્રેષ્ઠ હોવાથી **જગજ્જ્યેષ્ઠ** કહેવાવ છો! **૩૨.** આપ અનંત ગુણમય છો અથવા સમસ્ત પદાર્થોના આધાર આપના જ્ઞાનમાં પ્રતિફલિત થઈ રહ્યા હોવાથી આપ **વિશ્વમૂર્તિ** છો! **૩૩.** આપ કર્મરૂપ શત્રુઓને જીતવાવાળા સમ્યગ્દષ્ટિ આદિ જીવોના ઈશ્વર હોવાથી આપ **જિનેશ્વર** કહેવાવ છો! **૩૪.** આપ સંસારના સમસ્ત પદાર્થોનું સામાન્યાવલોકન કરતાં હોવાથી **વિશ્વદક્** કહેવાવ છો! **૩૫.** આપ સમસ્ત પ્રાણીઓના ઈશ્વર હોવાથી **વિશ્વભૂતેશ** કહેવાવ છો! **૩૬.** આપની કેવળજ્ઞાનરૂપી જ્યોતિ અખિલ સંસારમાં વ્યાપ્ત હોવાથી આપ **વિશ્વજ્યોતિ** કહેવાવ છો! **૩૭.** આપ બધાના સ્વામી છો, પરંતુ આપનું કોઈપણ સ્વામી ન હોવાથી આપ **અનિશ્વર** કહેવાવ છો! **૩૮.** આપે ઘાતિયાકર્મરૂપી શત્રુઓને જીતી લીધા હોવાથી આપ **જિન** કહેવાવ છો! **૩૯.** કર્મરૂપી શત્રુઓને જીતવું તે જ આપનું શીલ અર્થાત્ સ્વભાવ હોવાથી આપ **જિષ્ણુ** કહેવાવ છો! **૪૦.** આપના આત્માને અર્થાત્ આપના ગુણોને કોઈ જાણી શકતું ન હોવાથી આપ **અમેયાત્મા** છો! **૪૧.** આપ પૃથ્વીના ઈશ્વર હોવાથી **વિશ્વરીષ** કહેવાવ છો! **૪૨.** આપ ત્રણેય લોકના સ્વામી હોવાથી **જગત્પતિ** કહેવાવ છો! **૪૩.** અનંત સંસાર અથવા મિથ્યાદર્શનને જીતી લેવાના કારણે આપ **અનંતજિત** કહેવાવ છો! **૪૪.** આપના આત્માનું ચિંતવન મનથી પણ કરી

શકાતું ન હોવાથી આપ **અચિંત્યાત્મા** છો! ૪૫. આપ ભવ્યજીવોના હિતૈષી હોવાથી **ભવ્યબંધુ** કહેવાવ છો! ૪૬. આપ કર્મબંધનથી રહિત હોવાના કારણે **અબંધન** કહેવાવ છો! ૪૭. આપ આ કર્મભૂમિરૂપી યુગના પ્રારંભમાં ઉત્પન્ન થયા હોવાથી **યુગાદિપુરુષ** કહેવાવ છો! ૪૮. કેવળજ્ઞાન આદિ ગુણ આપમાં બૃંહણ અર્થાત્ વૃદ્ધિને પ્રાપ્ત થઈ રહ્યા હોવાથી આપ **બ્રહ્મા** કહેવાવ છો! ૪૯. આપ પંચપરમેષ્ઠી સ્વરૂપ હોવાથી **પંચબ્રહ્મમય** કહેવાવ છો! ૫૦. આપ શિવ અર્થાત્ મોક્ષ અથવા આનંદરૂપ હોવાથી **શિવ** કહેવાવ છો! ૫૧. આપ બધા જીવોનું પાલન અથવા સમસ્ત જ્ઞાન આદિ ગુણોને પૂર્ણ કરવાવાળા હોવાથી **પર** કહેવાવ છો! ૫૨. આપ સંસારમાં સૌથી શ્રેષ્ઠ હોવાથી **પરતર** કહેવાવ છો! ૫૩. ઇન્દ્રિયો દ્વારા આપનો આકાર જાણી શકાતો નથી અથવા નામકર્મનો ક્ષય થઈ જવાથી આપમાં ખૂબ જ જલ્દી સૂક્ષ્મત્વગુણ પ્રગટ થવાવાળો હોવાથી આપને **સૂક્ષ્મ** કહે છે! ૫૪. આપ પરમપદમાં સ્થિત હોવાથી **પરમેષ્ઠી** કહેવાવ છો! ૫૫. આપ સદાય એક જેવા જ વિદ્યમાન રહેતા હોવાથી **સનાતન** કહેવાવ છો! ૫૬. આપ સ્વયં પ્રકાશમાન હોવાથી **સ્વયંજ્યોતિ** કહેવાવ છો! ૫૭. આપ સંસારમાં ઉત્પન્ન નહીં હોવાના કારણે **અજ** કહેવાવ છો! ૫૮. આપ જન્મ રહિત હોવાથી **અજન્મા** કહેવાવ છો! ૫૯. આપ બ્રહ્મ અર્થાત્ વેદ-દ્વાદશાંગ શાસ્ત્રની ઉત્પત્તિના કારણ હોવાથી **બ્રહ્મયોનિ** કહેવાવ છો! ૬૦. આપ ચૌર્યાસીલાખ યોનિમાં ઉત્પન્ન નહીં હોવાના કારણે **અયોનિજ** કહેવાવ છો! ૬૧. આપ મોહરૂપી શત્રુને જીતવાવાળા હોવાથી **મોહારિવિજયી** કહેવાવ છો! ૬૨. આપ સર્વદા સર્વોત્કૃષ્ટરૂપથી વિદ્યમાન રહેતા હોવાથી **જેતા** કહેવાવ છો! ૬૩. આપ ધર્મચક્રને પ્રવર્તિત કરાવતાં હોવાથી **ધર્મચક્રી** કહેવાવ છો! ૬૪. દયા જ આપની ધ્વજા હોવાથી આપ **દયાધ્વજ** કહેવાવ છો! ૬૫. આપના સમસ્ત કર્મરૂપ શત્રુ શાંત થઈ ગયા હોવાથી **પ્રશાંતારિ** કહેવાવ છો! ૬૬. આપના આત્માનો અંત કોઈ પામી શકતું ન હોવાથી આપ **અનંતાત્મા** છો! ૬૭. આપ યોગ અર્થાત્ કેવળજ્ઞાન આદિ અપૂર્વ અર્થોની પ્રાપ્તિથી સહિત છો અથવા ધ્યાનથી યુક્ત છો અથવા મોક્ષપ્રાપ્તિના ઉપાયભૂત સમ્યગ્દર્શનાદિ ગુણોથી સુશોભિત હોવાના કારણે **યોગી** કહેવાવ છો! ૬૮. યોગીઓ અર્થાત્ મુનિઓના અધિશ્વર આપની પૂજા કરતાં હોવાથી આપ **યોગીશ્વરાર્ચિત** કહેવાવ છો! ૬૯. બ્રહ્મ અર્થાત્ શુદ્ધ આત્મસ્વરૂપને જાણતા હોવાથી આપ **બ્રહ્મવિદ્** કહેવાવ છો! ૭૦. આપ બ્રહ્મચર્ય અથવા આત્મરૂપી તત્ત્વના રહસ્યને જાણવાવાળા હોવાથી **બ્રહ્મતત્ત્વ** કહેવાવ છો! ૭૧. પૂર્વ બ્રહ્મા દ્વારા કહેવાયેલા સમસ્ત તત્ત્વ અથવા કેવળજ્ઞાનરૂપી આત્મવિદ્યાને જાણતા હોવાથી આપ **બ્રહ્મોદ્યાવિત** કહેવાવ છો! ૭૨. મોક્ષ પ્રાપ્ત કરવા માટે યત્ન કરવાવાળા સંયમી મુનિઓના સ્વામી હોવાથી આપ **યતિશ્વર** કહેવાવ છો! ૭૩. રાગ-દ્વેષ આદિ ભાવકર્મ-કલંક રહિત હોવાના કારણે આપ **શુદ્ધ** કહેવાવ છો! ૭૪. સંસારના સમસ્ત પદાર્થોને જાણવાવાળી કેવળજ્ઞાનરૂપી બુદ્ધિથી સંયુક્ત

હોવાના કારણે આપ **બુદ્ધ** કહેવાવ છો! **૭૫.** આપનો આત્મા સદાય શુદ્ધજ્ઞાનથી જગમગતો હોવાથી આપ **પ્રબુદ્ધાત્મા** કહેવાવ છો! **૭૬.** આપના બધા જ પ્રયોજન સિદ્ધ થઈ ચૂક્યા હોવાથી આપ **સિદ્ધાર્થ** કહેવાવ છો! **૭૭.** આપનું શાસન સિદ્ધ અર્થાત્ પ્રસિદ્ધ થઈ ચૂક્યું હોવાથી **સિદ્ધશાસન** કહેવાવ છો! **૭૮.** આપ પોતાના અનંતગુણોને પ્રાપ્ત કરી ચૂક્યા છો અથવા જલ્દી મોક્ષ અવસ્થા પ્રાપ્ત કરવાવાળા હોવાથી **સિદ્ધ** કહેવાવ છો! **૭૯.** આપ દ્વાદશાંગરૂપ સિદ્ધાંતને જાણવાવાળા હોવાથી **સિદ્ધાંતવિદ્** કહેવાવ છો! **૮૦.** બધા લોકો આપનું ધ્યાન કરતાં હોવાથી આપ **ધ્યેય** કહેવાવ છો! **૮૧.** આપનું સમસ્ત સાધ્ય અર્થાત્ કરવાયોગ્ય કાર્ય સિદ્ધ થઈ ચૂક્યું હોવાથી આપ **સિદ્ધસાધ્ય** છો! **૮૨.** આપ જગતના સમસ્ત જીવોનું હિત કરવાવાળા હોવાથી **જગદ્ધિત** કહેવાવ છો! **૮૩.** આપ સહનશીલ છો અર્થાત્ ક્ષમાગુણના ભંડાર હોવાથી **સહિષ્ણુ** કહેવાવ છો! **૮૪.** આપ જ્ઞાનાદિ ગુણોથી ક્યારેય ચ્યુત ન થતા હોવાથી **અચ્યુત** કહેવાવ છો! **૮૫.** આપ વિનાશ રહિત હોવાથી **અનંત** કહેવાવ છો! **૮૬.** આપ પ્રભાવશીલ હોવાથી **પ્રભવિષ્ણુ** કહેવાવ છો! **૮૭.** સંસારમાં આપનો જન્મ સહુથી ઉત્કૃષ્ટ માનવામાં આવ્યો હોવાથી આપ **ભવોદ્‌ભવ** કહેવાવ છો! **૮૮.** આપ શક્તિશાળી હોવાથી **પ્રભૂષ્ણુ** કહેવાવ છો! **૮૯.** વૃદ્ધાવસ્થારહિત હોવાના કારણે આપ **અજર** કહેવાવ છો! **૯૦.** આપ ક્યારેય જીર્ણ થતા ન હોવાથી આપ **અજર્ય** કહેવાવ છો! **૯૧.** આપ જ્ઞાનાદિગુણોથી અતિશય દૈદીપ્યમાન થઈ રહ્યા હોવાથી **ભ્રાજિષ્ણુ** કહેવાવ છો! **૯૨.** આપ કેવળજ્ઞાનરૂપી બુદ્ધિના ઈશ્વર હોવાથી **ધીશ્વર** કહેવાવ છો! **૯૩.** ક્યારેય આપનો વ્યય અર્થાત્ નાશ ન થતો હોવાથી આપ **અવ્યય** કહેવાવ છો! **૯૪.** આપ કર્મરૂપી ઈંધનને બાળવા માટે અગ્નિ સમાન છો અથવા મોહરૂપી અંધકારને નષ્ટ કરવા માટે સૂર્ય સમાન હોવાથી **વિભાવસુ** કહેવાવ છો! **૯૫.** આપ સંસારમાં પુનઃ ઉત્પન્ન નહીં થવાના કારણે **અસંભૂષ્ણુ** કહેવાવ છો! **૯૬.** આપ સ્વયં જ આ અવસ્થાને પ્રાપ્ત થયા હોવાથી **સ્વયંભૂષ્ણુ** કહેવાવ છો! **૯૭.** પ્રાચીન છે—દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ અનાદિસિદ્ધ હોવાથી આપ **પુરાતન** કહેવાવ છો! **૯૮.** આપનો આત્મા અતિશય ઉત્કૃષ્ટ હોવાથી આપ **પરમાત્મા** કહેવાવ છો! **૯૯.** આપ ઉત્કૃષ્ટ જ્યોતિસ્વરૂપ હોવાથી **પરમજ્યોતિ** કહેવાવ છો! **૧૦૦.** આપ ત્રણેય લોકના ઈશ્વર હોવાથી **ત્રિજગત્પરમેશ્વર** કહેવાવ છો!

**૧૦૧.** આપ દિવ્યધ્વનિના પતિ હોવાથી આપને **દિવ્યભાષાપતિ** કહે છે! **૧૦૨.** આપ અત્યંત સુંદર હોવાથી **દિવ્ય** કહેવાવ છો! **૧૦૩.** આપના વચન અતિશય પવિત્ર હોવાથી આપ **પૂતવાક્** કહેવાવ છો! **૧૦૪.** આપનું શાસન પવિત્ર હોવાથી આપ **પૂતશાસન** કહેવાવ છો! **૧૦૫.** આપનો આત્મા પવિત્ર હોવાથી આપ **પૂતાત્મા** કહેવાવ છો! **૧૦૬.** ઉત્કૃષ્ટ જ્યોતિસ્વરૂપ હોવાથી આપ **પરમજ્યોતિસ્વરૂપ** કહેવાવ છો! **૧૦૭.** ધર્મના અધ્યક્ષ હોવાથી આપ **ધર્માધ્યક્ષ** કહેવાવ છો!

૧૦૮. ઇન્દ્રિયોને જીતવાવાળાઓમાં શ્રેષ્ઠ હોવાથી આપ **દમીશ્વર** કહેવાવ છો! ૧૦૯. મોક્ષરૂપી લક્ષ્મીના અધિપતિ હોવાથી આપ **શ્રીપતિ** કહેવાવ છો! ૧૧૦. અષ્ટપ્રાતિહાર્યરૂપ ઉત્તમ ઐશ્વર્ય સહિત હોવાથી આપ **ભગવાન** કહેવાવ છો! ૧૧૧. બધા દ્વારા પૂજ્ય હોવાથી આપ **અર્હન્** કહેવાવ છો! ૧૧૨. કર્મરૂપી ધૂળથી રહિત હોવાના કારણે આપ **અરજાઃ** કહેવાવ છો! ૧૧૩. આપના દ્વારા ભવ્યજીવોના કર્મમળ દૂર થાય છે અથવા આપ જ્ઞાનાવરણ તથા દર્શનાવરણ કર્મથી રહિત હોવાના કારણે **વિરજાઃ** કહેવાવ છો! ૧૧૪. અતિશય પવિત્ર હોવાથી આપ **શુચિ** કહેવાવ છો! ૧૧૫. ધર્મરૂપ તીર્થને કરવાવાળા હોવાથી આપ **તીર્થકૃત્** કહેવાવ છો! ૧૧૬. કેવળજ્ઞાન સહિત હોવાના કારણે આપ **કેવળી** કહેવાવ છો! ૧૧૭. અનંત સામર્થ્યથી યુક્ત હોવાના કારણે આપ **ઇશાન** કહેવાવ છો! ૧૧૮. પૂજાયોગ્ય હોવાના કારણે આપ **પૂજાર્હ** કહેવાવ છો! ૧૧૯. ઘાતિયાકર્મોના નષ્ટ થવાથી અથવા પૂર્ણજ્ઞાન થવાથી આપ **સ્નાતક** કહેવાવ છો! ૧૨૦. આપનું શરીર મળ રહિત છે અથવા આત્મા રાગ-દ્વેષ આદિ દોષોથી વર્જિત હોવાથી આપ **અમલ** કહેવાવ છો! ૧૨૧. કેવળજ્ઞાનરૂપી અનંત દીપ્તિ અથવા શરીરની અપરિમિત પ્રભાના ધારક હોવાથી આપ **અનંતદીપ્તિ** કહેવાવ છો! ૧૨૨. આપનો આત્મા જ્ઞાનસ્વરૂપ હોવાથી આપ **જ્ઞાનાત્મા** કહેવાવ છો! ૧૨૩. સ્વયં સંસારથી વિરક્ત થઈને મોક્ષમાર્ગમાં પ્રવૃત્ત થયા અથવા પોતાના ગુરુઓની સહાયતા વિના જ આપે સમસ્ત પદાર્થોનું જ્ઞાન પ્રાપ્ત કર્યું હોવાથી **સ્વયંબુદ્ધ** કહેવાવ છો! ૧૨૪. સમસ્ત જનસમૂહના રક્ષક હોવાથી આપ **પ્રજાપતિ** છો! ૧૨૫. કર્મરૂપ બંધનથી રહિત હોવાના કારણે આપ **મુક્ત** કહેવાવ છો! ૧૨૬. અનંતબળથી સંપન્ન હોવાના કારણે આપ **શક્ત** કહેવાવ છો! ૧૨૭. બાધા-ઉપસર્ગ આદિથી રહિત હોવાથી આપ **નિરાબાધ** કહેવાવ છો! ૧૨૮. શરીર અથવા માયાથી રહિત હોવાના કારણે આપ **નિષ્કલ** કહેવાવ છો! ૧૨૯. ત્રણેય લોકના ઈશ્વર હોવાથી આપ **ભુવનેશ્વર** કહેવાવ છો! ૧૩૦. કર્મરૂપી અંજનથી રહિત હોવાના કારણે આપ **નિરંજન** કહેવાવ છો! ૧૩૧. જગતને પ્રકાશિત કરવાવાળા હોવાથી આપ **જગજ્જ્યોતિ** કહેવાવ છો! ૧૩૨. આપના વચન સાર્થક છે અથવા પૂર્વાપર વિરોધથી રહિત હોવાથી આપ **નિરુક્તોક્તિ** કહેવાવ છો! ૧૩૩. રોગરહિત હોવાથી આપ **અનામય** કહેવાવ છો! ૧૩૪. આપની સ્થિતિ અચલ હોવાથી આપ **અચલસ્થિતિ** કહેવાવ છો! ૧૩૫. આપ ક્યારેય ક્ષોભને પ્રાપ્ત થતા ન હોવાથી આપ **અક્ષોભ્ય** કહેવાવ છો! ૧૩૬. નિત્ય હોવાથી આપ **કૂટસ્થ** કહેવાવ છો! ૧૩૭. ગમનાગમનથી રહિત હોવાના કારણે આપ **સ્થાણુ** કહેવાવ છો! ૧૩૮. ક્ષય રહિત હોવાના કારણે આપ **અક્ષય** કહેવાવ છો! ૧૩૯. ત્રણેય લોકમાં સર્વશ્રેષ્ઠ હોવાથી આપ **અગ્રણી** કહેવાવ છો! ૧૪૦. ભવ્યજીવોના સમૂહને મોક્ષ પ્રાપ્ત કરાવવાવાળા હોવાથી આપ **ગ્રામણી** કહેવાવ છો! ૧૪૧. બધા જીવોને હિતનો માર્ગ પ્રાપ્ત કરાવતા હોવાથી આપ **નેતા** કહેવાવ છો! ૧૪૨. દ્વાદશાંગરૂપ શાસ્ત્રની રચના

કરવાવાળા હોવાથી આપ **પ્રણેતા** કહેવાવ છો! ૧૪૩. ન્યાયશાસ્ત્રનો ઉપદેશ દેવાવાળા હોવાથી આપ **ન્યાયશાસ્ત્રકૃત્** કહેવાવ છો! ૧૪૪. હિતનો ઉપદેશ દેવાના કારણે આપ **શાસ્તા** કહેવાવ છો! ૧૪૫. ઉત્તમ ક્ષમા આદિ ધર્મોના સ્વામી હોવાથી આપ **ધર્મપતિ** કહેવાવ છો! ૧૪૬. ધર્મથી સહિત હોવાથી આપ **ધર્મ્ય** કહેવાવ છો! ૧૪૭. આપનો આત્મા ધર્મરૂપ અથવા ધર્મથી ઉપલક્ષિત હોવાથી આપ **ધર્માત્મા** કહેવાવ છો! ૧૪૮. ધર્મરૂપી તીર્થના કરવાવાળા હોવાથી આપ **ધર્મતીર્થકૃત** કહેવાવ છો! ૧૪૯. આપની ધ્વજામાં વૃષ અર્થાત્ બળદનું ચિહ્ન છે અથવા ધર્મ જ આપની ધ્વજા છે અથવા આપ વૃષભ ચિહ્નથી અંકિત હોવાથી **વૃષધ્વજ** કહેવાવ છો! ૧૫૦. આપ વૃષ અર્થાત્ ધર્મના પતિ હોવાથી **વૃષાધીશ** કહેવાવ છો! ૧૫૧. આપ ધર્મની પતાકાસ્વરૂપ હોવાથી આપ **વૃષકેતુ** કહેવાવ છો! ૧૫૨. આપે કર્મરૂપ શત્રુઓને નષ્ટ કરવા માટે ધર્મરૂપ શસ્ત્ર ધારણ કર્યા હોવાથી આપ **વૃષાયુધ** કહેવાવ છો! ૧૫૩. ધર્મરૂપ હોવાથી આપ **વૃષ** કહેવાવ છો! ૧૫૪. ધર્મના સ્વામી હોવાથી આપ **વૃષપતિ** કહેવાવ છો! ૧૫૫. સમસ્ત જીવોનું ભરણ-પોષણ કરતાં હોવાથી આપ **ભર્તા** કહેવાવ છો! ૧૫૬. વૃષભ અર્થાત્ બળદના ચિહ્નથી સહિત હોવાથી આપ **વૃષભાંક** કહેવાવ છો! ૧૫૭. પૂર્વપર્યાયમાં ઉત્તમ ધર્મ કરવાથી જ આપ તીર્થંકર થઈને ઉત્પન્ન થયા છો, તેથી આપ **વૃષોદ્ભવ** કહેવાવ છો! ૧૫૮. સુંદર નાભિ હોવાથી આપ **હિરણ્યનાભિ** કહેવાવ છો! ૧૫૯. આપનો આત્મા સત્યરૂપ હોવાથી આપ **ભૂતાત્મા** કહેવાવ છો! ૧૬૦. સમસ્ત જીવોની રક્ષા કરતાં હોવાથી આપ **ભૂતભૃત્** કહેવાવ છો! ૧૬૧. આપની ભાવના ખૂબ જ ઉત્તમ હોવાથી આપ **ભૂતભાવન** કહેવાવ છો! ૧૬૨. આપ મોક્ષપ્રાપ્તિના કારણ છો અથવા આપનો જન્મ પ્રશંસનીય હોવાથી આપ **પ્રભવ** કહેવાવ છો! ૧૬૩. સંસારથી રહિત હોવાના કારણે આપ **વિભવ** કહેવાવ છો! ૧૬૪. દૈદીપ્યમાન હોવાથી આપ **ભાસ્વાન્** કહેવાવ છો! ૧૬૫. ઉત્પાદ-વ્યય તથા ધ્રૌવ્યરૂપથી સદાય ઉત્પન્ન થતાં રહેતા હોવાથી આપ **ભવ** કહેવાવ છો! ૧૬૬. પોતાના ચૈતન્યરૂપ ભાવમાં લીન રહેતા હોવાથી આપ **ભાવ** કહેવાવ છો! ૧૬૭. સંસારભ્રમણનો અંત કરવાવાળા હોવાથી આપ **ભવાંતક** કહેવાવ છો! ૧૬૮. જ્યારે આપ ગર્ભમાં હતા ત્યારે પૃથ્વી સુવર્ણમય થઈ ગઈ હતી અને આકાશથી દેવોએ પણ સુવર્ણની વૃષ્ટિ કરી હોવાથી આપ **હિરણ્યગર્ભ** કહેવાવ છો! ૧૬૯. આપના અંતરંગમાં અનંત ચતુષ્ટયરૂપી લક્ષ્મી દૈદીપ્યમાન થઈ રહી હોવાથી આપ **શ્રીગર્ભ** કહેવાવ છો! ૧૭૦. આપનો વૈભવ ખૂબ જ હોવાથી આપ **પ્રભૂતવિભવ** કહેવાવ છો! ૧૭૧. જન્મ રહિત હોવાના કારણે આપ **અભવ** કહેવાવ છો! ૧૭૨. સ્વયં સમર્થ હોવાથી આપ **સ્વયંપ્રભુ** કહેવાવ છો! ૧૭૩. કેવળજ્ઞાનની અપેક્ષાએ આપનો આત્મા સર્વત્ર વ્યાપ્ત હોવાથી આપ **પ્રભૂતાત્મા** કહેવાવ છો! ૧૭૪. સમસ્ત જીવોના સ્વામી હોવાથી આપ **ભૂતનાથ** કહેવાવ છો! ૧૭૫. ત્રણેય લોકના સ્વામી હોવાથી આપ **જગત્પ્રભુ** કહેવાવ છો!

૧૭૬. સૌથી મુખ્ય હોવાના કારણે આપ **સર્વાદિ** કહેવાવ છો! ૧૭૭. સર્વપદાર્થને જોવાના કારણે આપ **સર્વદક્** કહેવાવ છો! ૧૭૮. બધાનું હિત કરવાવાળા હોવાથી આપ **સાર્વ** કહેવાવ છો! ૧૭૯. બધા પદાર્થોને જાણતા હોવાથી આપ **સર્વજ્ઞ** કહેવાવ છો! ૧૮૦. આપનું દર્શન અર્થાત્ સમ્યક્ત્વ અથવા કેવળદર્શન પૂર્ણ અવસ્થાને પ્રાપ્ત થયું હોવાથી આપ **સર્વદર્શન** કહેવાવ છો! ૧૮૧. આપ બધાનું ભલું ઈચ્છતા હોવાથી-બધાને પોતાની સમાન સમજતા હોવાથી અથવા સંસારના સમસ્ત પદાર્થ આપના આત્મામાં પ્રતિબિંબિત થઈ રહ્યા હોવાથી આપ **સર્વાત્મા** કહેવાવ છો! ૧૮૨. બધા લોકોના સ્વામી હોવાથી આપ **સર્વલોકેશ** કહેવાવ છો! ૧૮૩. બધા પદાર્થોને જાણતા હોવાથી આપ **સર્વવિદ્** કહેવાવ છો! ૧૮૪. સમસ્ત લોકને જીતવાવાળા છો—સર્વશ્રેષ્ઠ હોવાથી આપ **સર્વલોકજીત** કહેવાવ છો! ૧૮૫. આપની મોક્ષરૂપી ગતિ અતિશય સુંદર છે અથવા આપનું જ્ઞાન ખૂબ જ ઉત્તમ હોવાથી આપ **સુગતિ** કહેવાવ છો! ૧૮૬. અતિશય પ્રસિદ્ધ છો અથવા ઉત્તમ શાસ્ત્રોને ધારણ કરવાવાળા હોવાથી આપ **સુશ્રુત** કહેવાવ છો! ૧૮૭. બધા જીવોની પ્રાર્થના સાંભળતા હોવાથી આપ **સુશ્રુત્** કહેવાવ છો! ૧૮૮. આપના વચન ખૂબ જ ઉત્તમ નીકળતા હોવાથી આપ **સુવાક્** કહેવાવ છો! ૧૮૯. બધાના ગુરુ છો અથવા સમસ્ત વિદ્યાઓને પ્રાપ્ત હોવાથી આપ **સૂરિ** કહેવાવ છો! ૧૯૦. ઘણા શાસ્ત્રોના પારગામી હોવાથી આપ **બહુશ્રુત** કહેવાવ છો! ૧૯૧. ખૂબ જ પ્રસિદ્ધ છો અથવા કેવળજ્ઞાન થવાના કારણે આપનું ક્ષાયોપશમિક શ્રુતજ્ઞાન નષ્ટ થઈ ગયું હોવાથી આપ **વિશ્રુત** કહેવાવ છો! ૧૯૨. આપનો સંચાર પ્રત્યેક વિષયોમાં થાય છે અથવા આપના કેવળજ્ઞાનરૂપી કિરણો સંસારમાં ચારે તરફ ફેલાયેલા હોવાથી આપ **વિશ્વતઃપાદ** કહેવાવ છો! ૧૯૩. લોકના શિખર પર બિરાજમાન હોવાથી આપ **વિશ્વશીર્ષ** કહેવાવ છો! ૧૯૪. આપની શ્રવણ શક્તિ અત્યંત પવિત્ર હોવાથી આપ **શુચિશ્રવા** કહેવાવ છો! ૧૯૫. અનંત સુખી હોવાથી આપ **સહસ્રશીર્ષ** કહેવાવ છો! ૧૯૬. આત્માને જાણવાથી આપ **ક્ષેત્રજ્ઞ** કહેવાવ છો! ૧૯૭. અનંત પદાર્થોને જાણતા હોવાથી આપ **સહસ્રાક્ષ** કહેવાવ છો! ૧૯૮. અનંતબળના ધારક હોવાથી આપ **સહસ્રપાત્** કહેવાવ છો! ૧૯૯. ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળના સ્વામી હોવાથી આપ **ભૂતભવ્યભવદ્ભર્તા** કહેવાવ છો! ૨૦૦. સમસ્ત વિદ્યાઓના પ્રધાન સ્વામી હોવાથી આપ **વિશ્વવિદ્યામહેશ્વર** કહેવાવ છો!

૨૦૧. સમીચીન ગુણોની અપેક્ષાએ સ્થૂળ હોવાથી આપ **સ્થવિષ્ઠ** કહેવાવ છો! ૨૦૨. જ્ઞાનાદિ ગુણો દ્વારા વૃદ્ધ હોવાથી આપ **સ્થવીર** કહેવાવ છો! ૨૦૩. ત્રણેય લોકમાં અતિશય પ્રશસ્ત હોવાથી આપ **જ્યેષ્ઠ** કહેવાવ છો! ૨૦૪. સૌના અગ્રગામી હોવાથી આપ **પ્રષ્ઠ** કહેવાવ છો! ૨૦૫. બધાને અતિશય પ્રિય હોવાથી આપ **પ્રેષ્ઠ** કહેવાવ છો! ૨૦૬. આપની બુદ્ધિ અતિશય શ્રેષ્ઠ હોવાથી આપ **વરિષ્ઠધી** કહેવાવ છો! ૨૦૭. અત્યંત સ્થિર અર્થાત્ નિત્ય હોવાથી આપ **શ્રેષ્ઠ** કહેવાવ

છો! **૨૦૮.** અત્યંત ગુરુ હોવાથી આપ **ગરિષ્ઠ** કહેવાવ છો! **૨૦૯.** ગુણોની અપેક્ષાએ અનેકરૂપ ધારણ કરવાથી આપ **બંહિષ્ઠ** કહેવાવ છો! **૨૧૦.** અતિશય પ્રશસ્ત હોવાથી આપ **શ્રેષ્ઠ** કહેવાવ છો! **૨૧૧.** અતિશય સૂક્ષ્મ હોવાથી આપ **અણિષ્ઠ** કહેવાવ છો! **૨૧૨.** આપની વાણી અતિશય ગૌરવથી પૂર્ણ હોવાથી આપ **ગરિષ્ઠગીઃ** કહેવાવ છો! **૨૧૩.** ચતુર્ગતિરૂપ સંસારને નષ્ટ કરવાવાળા હોવાથી આપ **વિશ્વમુટ્** કહેવાવ છો! **૨૧૪.** સમસ્ત સંસારની વ્યવસ્થા કરવાવાળા હોવાથી આપ **વિશ્વસૃટ્** કહેવાવ છો! **૨૧૫.** બધા જ લોકોના ઈશ્વર હોવાથી આપ **વિશ્વેટ્** કહેવાવ છો! **૨૧૬.** સમસ્ત સંસારની રક્ષા કરવાવાળા હોવાથી આપ **વિશ્વભુક્** કહેવાવ છો! **૨૧૭.** અખિલ વિશ્વના સ્વામી હોવાથી આપ **વિશ્વનાયક** કહેવાવ છો! **૨૧૮.** સમસ્ત સંસારમાં વ્યાપ્ત થઈને રહેતા હોવાથી આપ **વિશ્વાસી** કહેવાવ છો! **૨૧૯.** વિશ્વરૂપ અર્થાત્ કેવળજ્ઞાન જ આપનું સ્વરૂપ છે અથવા આપનો આત્મા અનેકરૂપ હોવાથી આપ **વિશ્વરૂપાત્મા** કહેવાવ છો! **૨૨૦.** બધાને જીતવાવાળા હોવાથી આપ **વિશ્વજિત્** કહેવાવ છો! **૨૨૧.** અંતક અર્થાત્ મૃત્યુને જીતવાવાળા હોવાથી આપ **વિજિતાંતક** કહેવાવ છો! **૨૨૨.** આપનું સંસારભ્રમણ નષ્ટ થઈ ગયું હોવાથી આપ **વિભવ** કહેવાવ છો! **૨૨૩.** ભય દૂર થઈ ગયો હોવાથી આપ **વિભય** કહેવાવ છો! **૨૨૪.** અનંતબળશાળી હોવાથી આપ **વીર** કહેવાવ છો! **૨૨૫.** શોક રહિત હોવાથી આપ **વિશોક** કહેવાવ છો! **૨૨૬** જરા અર્થાત્ વૃદ્ધાવસ્થાથી રહિત હોવાથી આપ **વિજર** કહેવાવ છો! **૨૨૭.** જગતના બધા જ જીવોમાં પ્રાચીન હોવાથી આપ **જરન્** કહેવાવ છો! **૨૨૮.** રાગરહિત હોવાથી આપ **વિરાગ** કહેવાવ છો! **૨૨૯.** સમસ્તપાપોથી વિરત થઈ ચૂક્યા હોવાથી આપ **વિરત** કહેવાવ છો! **૨૩૦.** પરિગ્રહ રહિત હોવાથી આપ **અસંગ** કહેવાવ છો! **૨૩૧.** એકાકી અથવા પવિત્ર હોવાથી આપ **વિવિક્ત** કહેવાવ છો! **૨૩૨.** માત્સર્યથી રહિત હોવાથી આપ **વીતમત્સર** કહેવાવ છો! **૨૩૩.** આપ આપના શિષ્યજનોના હિતૈષી હોવાથી આપ **વિનેયજનતાબંધુ** કહેવાવ છો! **૨૩૪.** આપના સમસ્ત પાપકર્મ નષ્ટ થઈ ગયા હોવાથી આપ **વિલીનાશેષકલ્મષ** કહેવાવ છો! **૨૩૫.** આપ યોગ અર્થાત્ મન-વચન-કાયના નિમિત્તથી થવાવાળા આત્મપ્રદેશ પરિસ્પંદનથી રહિત હોવાથી આપ **વિયોગ** કહેવાવ છો! **૨૩૬.** યોગ અર્થાત્ ધ્યાનના સ્વરૂપને જાણવાળા હોવાથી આપ **યોગવિદ્** કહેવાવ છો! **૨૩૭.** સમસ્ત પદાર્થોને જાણતાં હોવાથી આપ **વિદ્વાન** કહેવાવ છો! **૨૩૮.** ધર્મરૂપ સૃષ્ટિના કર્તા હોવાથી આપ **વિધાતા** કહેવાવ છો! **૨૩૯.** આપનું કાર્ય ખૂબ જ ઉત્તમ હોવાથી આપ **સુવિધિ** કહેવાવ છો! **૨૪૦.** આપની બુદ્ધિ ઉત્તમ હોવાથી આપ **સુધી** કહેવાવ છો! **૨૪૧.** ઉત્તમ ક્ષમાને ધારણ કરવાવાળા હોવાથી આપ **ક્ષાંતિભાક્** કહેવાવ છો! **૨૪૨.** પૃથ્વી સમાન સહનશીલ હોવાથી આપ **પૃથ્વીમૂર્તિ** કહેવાવ છો! **૨૪૩.** શાંતિના ઉપાસક હોવાથી આપ **શાંતિભાક્** કહેવાવ છો! **૨૪૪.** જળ સમાન શીતળતા ઉત્પન્ન કરવાવાળા

હોવાથી આપ **સલિલાત્મક** કહેવાવ છો! **૨૪૫.** વાયુ સમાન પરપદાર્થના સંસર્ગથી રહિત હોવાથી આપ **વાયુમૂર્તિ** કહેવાવ છો! **૨૪૬.** પરિગ્રહ રહિત હોવાથી આપ **અસંગાત્મા** કહેવાવ છો! **૨૪૭.** અગ્નિ સમાન કર્મરૂપી ઈંધનને બાળવાવાળા હોવાથી આપ **વહ્નિમૂર્તિ** કહેવાવ છો! **૨૪૮.** અધર્મને બાળવાવાળા હોવાથી આપ **અધર્મધક્** કહેવાવ છો! **૨૪૯.** કર્મરૂપી સામગ્રીનો સારી રીતે હોમ કરવાથી આપ **સુયજ્વા** કહેવાવ છો! **૨૫૦.** નિજસ્વભાવનું આરાધન કરવાથી આપ **યજમાનાત્મા** કહેવાવ છો! **૨૫૧.** આત્મસુખરૂપ સાગરમાં અભિષેક કરવાથી આપ **સુત્વા** કહેવાવ છો! **૨૫૨.** ઈન્દ્ર દ્વારા પૂજિત હોવાથી આપ **સૂત્રામપૂજિત** કહેવાવ છો! **૨૫૩.** જ્ઞાનરૂપી યજ્ઞ કરવામાં આચાર્ય કહેવાતા હોવાથી આપ **ઋત્વિક** કહેવાવ છો! **૨૫૪.** યજ્ઞના પ્રધાન અધિકારી હોવાથી આપ **યજ્ઞપતિ** કહેવાવ છો! **૨૫૫.** સ્વયં યજ્ઞસ્વરૂપ હોવાથી આપ **યજ્ઞ** કહેવાવ છો! **૨૫૬.** યજ્ઞના અંગ હોવાથી આપ **યજ્ઞાંગ** કહેવાવ છો! **૨૫૭.** વિષયતૃષ્ણાને નષ્ટ કરવાવાળા હોવાથી આપ **અમૃત** કહેવાવ છો! **૨૫૮.** આપે જ્ઞાનયજ્ઞમાં પોતાની જ અશુદ્ધ પરિણતિને હોમી દીધી હોવાથી આપ **હવિ** કહેવાવ છો! **૨૫૯.** આકાશ સમાન નિર્મળ અથવા કેવળજ્ઞાનની અપેક્ષાએ લોકાલોકમાં વ્યાપ્ત હોવાથી આપ **વ્યોમમૂર્તિ** કહેવાવ છો! **૨૬૦.** રૂપ, રસ, ગંધ અને સ્પર્શ રહિત હોવાથી આપ **અમૂર્તાત્મા** કહેવાવ છો! **૨૬૧.** કર્મરૂપ લેપથી રહિત હોવાથી આપ **નિર્લેપ** કહેવાવ છો! **૨૬૨.** મળ રહિત હોવાથી આપ **નિર્મળ** કહેવાવ છો! **૨૬૩.** સદાય એકરૂપથી વિદ્યમાન રહેતા હોવાથી આપ **અચળ** કહેવાવ છો! **૨૬૪.** ચંદ્ર સમાન શાંત, સુંદર અથવા પ્રકાશમાન રહેતા હોવાથી આપ **સોમમૂર્તિ** કહેવાવ છો! **૨૬૫.** આપનો આત્મા અતિશય સૌમ્ય હોવાથી આપ **સુસૌમ્યાત્મા** કહેવાવ છો! **૨૬૬.** સૂર્ય સમાન તેજસ્વી હોવાથી આપ **સૂર્યમૂર્તિ** કહેવાવ છો! **૨૬૭.** અતિશય પ્રભાના ધારક હોવાથી આપ **મહાપ્રભ** કહેવાવ છો! **૨૬૮.** મંત્રને જાણવાવાળા હોવાથી આપ **મંત્રવિત્** કહેવાવ છો! **૨૬૯.** અનેક મંત્રોના કરવાવાળા હોવાથી આપ **મંત્રકૃત્** કહેવાવ છો! **૨૭૦.** મંત્રોથી યુક્ત હોવાથી આપ **મંત્રી** કહેવાવ છો! **૨૭૧.** મંત્રરૂપ હોવાથી આપ **મંત્રમૂર્તિ** કહેવાવ છો! **૨૭૨.** અનંત પદાર્થોને જાણતા હોવાથી આપ **અનંતગ** કહેવાવ છો! **૨૭૩.** કર્મબંધનથી રહિત હોવાથી આપ **સ્વતંત્ર** કહેવાવ છો! **૨૭૪.** શાસ્ત્રોના કરવાવાળા હોવાથી આપ **તંત્રકૃત્** કહેવાવ છો! **૨૭૫.** આપનું અંતઃકરણ ઉત્તમ હોવાથી આપ **સ્વન્તઃ** કહેવાવ છો! **૨૭૬.** આપે કૃતાંક અર્થાત્ યમરાજ-મૃત્યુનો અંત કરી દીધો હોવાથી આપ **કૃતાંત** કહેવાવ છો ! **૨૭૭.** કૃતાંત અર્થાત્ આગમની રચના કરવાવાળા હોવાથી આપ **કૃતાંતકૃત્** કહેવાવ છો! **૨૭૮.** અત્યંત કુશળ અથવા પુણ્યવાન હોવાથી આપ **કૃતી** કહેવાવ છો! **૨૭૯.** આત્માના બધા જ પુરુષાર્થ સિદ્ધ કરી ચૂક્યા હોવાથી આપ **કૃતાર્થ** કહેવાવ છો! **૨૮૦.** સંસારના સમસ્ત જીવો દ્વારા સત્કાર કરવાયોગ્ય હોવાથી આપ **સત્કૃત્ય** કહેવાવ છો! **૨૮૧.** સમસ્ત કાર્ય કરી ચૂક્યા હોવાથી આપ

**કૃતકૃત્ય** કહેવાવ છો! **૨૮૨.** જ્ઞાન અથવા તપશ્ચરણરૂપી યજ્ઞ કરી ચૂક્યા હોવાથી આપ **કૃતક્રતુ** કહેવાવ છો! **૨૮૩.** સદાય વિદ્યમાન રહેતા હોવાથી આપ **નિત્ય** કહેવાવ છો! **૨૮૪.** મૃત્યુને જીતવાથી આપ **મૃત્યુંજય** કહેવાવ છો! **૨૮૫.** મૃત્યુથી રહિત હોવાથી આપ **અમૃત્યુ/અમર** કહેવાવ છો! **૨૮૬.** આપનો આત્મા અમૃત સમાન સદાય શાંતિદાયક હોવાથી આપ **અમૃતાત્મા** કહેવાવ છો! **૨૮૭.** અમૃત અર્થાત્ મોક્ષમાં આપની ઉત્કૃષ્ટ ઉત્પત્તિ થવાવાળી હોવાથી આપ **અમૃતોદ્ભવ** કહેવાવ છો! **૨૮૮.** સદાય શુદ્ધ આત્મસ્વરૂપમાં લીન રહેતા હોવાથી આપ **બ્રહ્મનિષ્ઠ** કહેવાવ છો! **૨૮૯.** ઉત્કૃષ્ટ બ્રહ્મરૂપ હોવાથી આપ **પરબ્રહ્મ** કહેવાવ છો! **૨૯૦.** બ્રહ્મ અર્થાત્ જ્ઞાન અથવા બ્રહ્મચર્ય જ આપનું સ્વરૂપ હોવાથી આપ **બ્રહ્માત્મા** કહેવાવ છો! **૨૯૧.** આપને સ્વયં શુદ્ધાત્મસ્વરૂપની પ્રાપ્તિ થઈ હોવાથી તથા આપના દ્વારા બીજાઓને પણ પ્રાપ્તિ થતી હોવાથી આપ **બ્રહ્મસંભવ** કહેવાવ છો! **૨૯૨.** ગણધર આદિ મહાબ્રહ્માઓના પણ અધિપતિ હોવાથી આપ **મહાબ્રહ્મપતિ** કહેવાવ છો! **૨૯૩.** કેવળજ્ઞાનના સ્વામી હોવાથી આપ **બ્રહ્મેટ્** કહેવાવ છો! **૨૯૪.** મહાબ્રહ્મપદ અર્થાત્ આર્હન્ત્ય અને સિદ્ધત્વ અવસ્થાના ઈશ્વર હોવાથી આપ **મહાબ્રહ્મપદેશ્વર** કહેવાવ છો! **૨૯૫.** સદાય પ્રસન્ન રહેતા હોવાથી આપ **સુપ્રસન્ન** કહેવાવ છો! **૨૯૬.** આપનો આત્મા કષાયોનો અભાવ થઈ જવાથી સદાય પ્રસન્ન રહેતો હોવાથી આપ **પ્રસન્નાત્મા** કહેવાવ છો! **૨૯૭.** કેવળજ્ઞાન, ઉત્તમક્ષમા આદિ ધર્મ અને ઇન્દ્રિયનિગ્રહરૂપ દમના સ્વામી હોવાથી આપ **જ્ઞાનધર્મદમપ્રભુ** કહેવાવ છો! **૨૯૮.** આપનો આત્મા ઉત્કૃષ્ટ શાંતિ સહિત હોવાથી આપ **પ્રશમાત્મા** કહેવાવ છો! **૨૯૯.** આપનો આત્મા કષાયોનો અભાવ થઈ જવાથી અતિશય શાંત થઈ ચૂક્યો હોવાથી આપ **પ્રશાંતાત્મા** કહેવાવ છો! **૩૦૦.** શલાકા પુરુષોમાં સર્વોત્કૃષ્ટ હોવાથી લોકો આપને **પુરાણપુરુષોત્તમ** કહે છે.

**૩૦૧.** વિશાળ અશોકવૃક્ષ જ આપનું ચિહ્ન હોવાથી આપ **મહાશોકધ્વજ** કહેવાવ છો! **૩૦૨.** શોકથી રહિત હોવાથી આપ **અશોક** કહેવાવ છો! **૩૦૩.** બધાને સુખ આપવાવાળા હોવાથી આપ **ક** કહેવાવ છો! **૩૦૪.** સ્વર્ગ અને મોક્ષના માર્ગની સૃષ્ટિ કરતાં હોવાથી આપ **સૃષ્ટા** કહેવાવ છો! **૩૦૫.** કમળરૂપ આસન પર બિરાજમાન હોવાથી આપ **પદ્મવિષ્ટર** કહેવાવ છો! **૩૦૬.** પદ્મા અર્થાત્ લક્ષ્મીના સ્વામી હોવાથી આપ **પદ્મેશ** કહેવાવ છો! **૩૦૭.** વિહારના સમયે દેવલોકો આપના ચરણોની નીચે કમળની રચના કરતાં હોવાથી આપ **પદ્મસંભૂતિ** કહેવાવ છો! **૩૦૮.** આપની નાભિ કમળ સમાન હોવાથી આપ **પદ્મનાભિ** કહેવાવ છો! **૩૦૯.** આપથી શ્રેષ્ઠ અન્ય કોઈ ન હોવાથી આપ **અનુત્તર** કહેવાવ છો! **૩૧૦.** આપનું આ શરીર માતાના પદ્માકાર ગર્ભાશયમાં ઉત્પન્ન થયું હોવાથી આપ **પદ્મયોનિ** કહેવાવ છો! **૩૧૧.** ધર્મરૂપ જગતની ઉત્પત્તિનું કારણ હોવાથી આપ **જગદ્યોનિ** કહેવાવ છો! **૩૧૨.** ભવ્ય જીવ તપશ્ચરણ દ્વારા આપને જ પ્રાપ્ત કરવા

ઈચ્છતા હોવાથી આપ **ઇત્ય** કહેવાવ છો! **૩૧૩.** ઈન્દ્ર આદિ દેવો આદિ દ્વારા સ્તુતિ કરવાયોગ્ય હોવાથી આપ **સ્તુત્ય** કહેવાવ છો! **૩૧૪.** સ્તુતિઓના સ્વામી હોવાથી આપ **સ્તુતિશ્વર** કહેવાવ છો! **૩૧૫.** સ્તવન કરવાયોગ્ય હોવાથી આપ **સ્તવનાર્હ** કહેવાવ છો! **૩૧૬.** ઈન્દ્રિયોના ઈશ અર્થાત્ ઈન્દ્રિયોને વશ કરવાવાળા સ્વામી હોવાથી આપ **હૃષીકેશ** કહેવાવ છો! **૩૧૭.** આપે જીતવાયોગ્ય સમસ્ત મોહાદિ શત્રુઓને જીતી લીધા હોવાથી આપ **જિતજેય** કહેવાવ છો! **૩૧૮.** કરવાયોગ્ય સમસ્ત ક્રિયાઓ કરી ચૂક્યા હોવાથી આપ **કૃતક્રિય** કહેવાવ છો! **૩૧૯.** બાર સભારૂપી ગણના સ્વામી હોવાથી આપ **ગણાધિપ** કહેવાવ છો! **૩૨૦.** સમસ્ત ગણોમાં શ્રેષ્ઠ હોવાના કારણે આપ **ગણજ્યેષ્ઠ** કહેવાવ છો! **૩૨૧.** ત્રણેય લોકમાં આપ જ ગણના કરવાયોગ્ય હોવાથી આપ **ગણ્ય** કહેવાવ છો! **૩૨૨.** પવિત્ર હોવાથી આપ **પુણ્ય** કહેવાવ છો! **૩૨૩.** સમસ્ત સભામાં સ્થિત જીવોને કલ્યાણના માર્ગમાં આગળ લઈ જવાવાળા હોવાથી આપ **ગણાગ્રણી** કહેવાવ છો! **૩૨૪.** ગુણોની ખાણ હોવાથી આપ **ગુણાકર** કહેવાવ છો! **૩૨૫.** ગુણોનો સમૂહ હોવાથી આપ **ગુણામ્ભોધિ** કહેવાવ છો! **૩૨૬.** ગુણોને જાણતા હોવાથી આપ **ગુણજ્ઞ** કહેવાવ છો! **૩૨૭.** ગુણોના સ્વામી હોવાથી ગણધર આપને **ગણનાયક** કહે છે! **૩૨૮.** ગુણોનો આદર કરતાં હોવાથી આપ **ગુણાદરી** કહેવાવ છો! **૩૨૯.** સત્ત્વ, રજ, તમ અથવા કામ, ક્રોધ આદિ વૈભાવિક ગુણોને નષ્ટ કરવાવાળા હોવાથી આપ **ગુણોચ્છેદી** કહેવાવ છો! **૩૩૦.** આપ વૈભાવિક ગુણોથી રહિત હોવાથી **નિર્ગુણ** કહેવાવ છો! **૩૩૧.** પવિત્રવાણીના ધારક હોવાથી આપ **પુણ્યગી** કહેવાવ છો! **૩૩૨.** ગુણોથી યુક્ત હોવાથી આપ **ગુણ** કહેવાવ છો! **૩૩૩.** શરણમાં આવેલ જીવોની રક્ષા કરવાવાળા હોવાથી આપ **શરણ્ય** કહેવાવ છો! **૩૩૪.** આપના વચન પવિત્ર હોવાથી આપ **પૂતવાક્** કહેવાવ છો! **૩૩૫.** સ્વયં પવિત્ર હોવાથી આપ **પૂત** કહેવાવ છો! **૩૩૬.** શ્રેષ્ઠ હોવાથી આપ **વરેણ્ય** કહેવાવ છો! **૩૩૭.** પુણ્યના અધિપતિ હોવાથી આપ **પુણ્યનાયક** કહેવાવ છો! **૩૩૮.** આપની ગણના નથી થઈ શકતી અર્થાત્ આપ અપરિમિત ગુણોના ધારક હોવાથી આપ **અગણ્ય** કહેવાવ છો! **૩૩૯.** પવિત્ર બુદ્ધિના ધારક હોવાથી આપ **પુણ્યધી** કહેવાવ છો! **૩૪૦.** ગુણોથી સહિત હોવાથી આપ **ગુણ્ય** કહેવાવ છો! **૩૪૧.** પુણ્યને કરવાવાળા હોવાથી આપ **પુણ્યકૃત્** કહેવાવ છો! **૩૪૨.** આપનું શાસન પુણ્યરૂપ અર્થાત્ પવિત્ર હોવાથી આપ **પુણ્યશાસન** કહેવાવ છો! **૩૪૩.** ધર્મના ઉપવન સ્વરૂપ હોવાથી આપ **ધર્મારામ** કહેવાવ છો! **૩૪૪.** આપમાં અનેક ગુણોનું ગ્રામ અર્થાત્ ગુણોનો સમૂહ જોવા મળતો હોવાથી આપ **ગુણગ્રામ** કહેવાવ છો! **૩૪૫.** આપે શુદ્ધોપયોગમાં લીન થઈને પુણ્ય અને પાપ બંનેનો નિરોધ કરી દીધો હોવાથી આપ **પુણ્યાપુણ્યનિરોધક** કહેવાવ છો! **૩૪૬.** હિંસાદિ પાપોથી રહિત હોવાથી આપ **પાપાપેત** કહેવાવ છો! **૩૪૭.** આપના આત્મામાંથી સમસ્ત પાપ વિગત થઈ ગયા હોવાથી આપ **વિપાપાત્મા** કહેવાવ છો!

**૩૪૮.** આપે પાપકર્મ નષ્ટ કરી દીધા હોવાથી આપ **વિપાપ્મા** કહેવાવ છો! **૩૪૯.** આપના સમસ્ત કલ્મષ અર્થાત્ રાગ-દ્વેષ આદિ ભાવકર્મરૂપી મળ નષ્ટ થઈ ચુક્યા હોવાથી આપ **વીતકલ્મષ** કહેવાવ છો! **૩૫૦.** પરિગ્રહ રહિત હોવાથી આપ **નિર્દ્વંદ્વ** કહેવાવ છો! **૩૫૧.** અહંકારથી રહિત હોવાથી આપ **નિર્મદ** કહેવાવ છો! **૩૫૨.** આપનો મોહ નીકળી ચૂક્યો હોવાથી આપ **નિર્મોહ** કહેવાવ છો! **૩૫૩.** ઉપદ્રવ અને ઉપસર્ગ આદિથી રહિત હોવાથી આપ **નિરુપદ્રવ** કહેવાવ છો! **૩૫૪.** આપના નેત્રો ટીમકાર રહિત હોવાથી આપ **નિર્નિમેષ** કહેવાવ છો! **૩૫૫.** કવલાહાર ન કરતાં હોવાથી આપ **નિરાહાર** કહેવાવ છો! **૩૫૬.** સાંસારિક ક્રિયાઓથી રહિત હોવાથી આપ **નિષ્ક્રિય** કહેવાવ છો! **૩૫૭.** બાધા રહિત હોવાથી આપ **નિરુપપ્લવ** કહેવાવ છો! **૩૫૮.** કલંક રહિત હોવાથી આપ **નિષ્કલંક** કહેવાવ છો! **૩૫૯.** આપે સમસ્ત એનસ્ અર્થાત્ પાપોને દૂર કર્યા હોવાથી આપ **નિરસ્તૈના** કહેવાવ છો! **૩૬૦.** સમસ્ત અપરાધોને આપે દૂર કરી દીધા હોવાથી આપ **નિર્દ્ધૂતાગસ્** કહેવાવ છો! **૩૬૧** કર્મોના આસ્રવથી રહિત હોવાથી આપ **નિરાસ્રવ** કહેવાવ છો! **૩૬૨.** સૌથી મહાન હોવાથી આપ **વિશાળ** કહેવાવ છો! **૩૬૩.** કેવળજ્ઞાનરૂપી વિશાળ જ્યોતિને ધારણ કરવાવાળા હોવાથી આપ **વિપુલજ્યોતિ** કહેવાવ છો! **૩૬૪.** ઉપમારહિત હોવાથી આપ **અનુપમ** કહેવાવ છો! **૩૬૫.** આપનો વૈભવ અચિંત્ય હોવાથી આપ **અચિંત્યવૈભવ** કહેવાવ છો! **૩૬૬.** આપ નવીન કર્મોના આસ્રવને રોકીને પૂર્ણ સંવર કરી ચૂક્યા હોવાથી આપ **સુસંવૃત** કહેવાવ છો! **૩૬૭.** આપનો આત્મા અતિશય સુરક્ષિત અથવા મનોગુપ્તિ આદિ ગુપ્તિઓથી યુક્ત હોવાથી આપ **સુગુપ્તાત્મા** કહેવાવ છો! **૩૬૮.** સમસ્ત પદાર્થોને સારી રીતે જાણતા હોવાથી આપ **સુભુત્** કહેવાવ છો! **૩૬૯.** સમીચીન નયોના યથાર્થ રહસ્યને જાણતા હોવાથી આપ **સુનયતત્ત્વવિદ્** કહેવાવ છો! **૩૭૦.** કેવળજ્ઞાનરૂપી એક વિદ્યાને ધારણ કરતાં હોવાથી આપ **એકવિદ્ય** કહેવાવ છો! **૩૭૧.** અનેક મોટી-મોટી વિદ્યાઓ ધારણ કરતાં હોવાથી આપ **મહાવિદ્ય** કહેવાવ છો! **૩૭૨.** પ્રત્યક્ષજ્ઞાની હોવાથી આપ **મુનિ** કહેવાવ છો! **૩૭૩.** બધાના સ્વામી હોવાથી આપ **પરિવૃઢ** કહેવાવ છો! **૩૭૪.** જગતના જીવોની રક્ષા કરતાં હોવાથી આપ **પતિ** કહેવાવ છો! **૩૭૫.** બુદ્ધિના સ્વામી હોવાથી આપ **ધીશ** કહેવાવ છો! **૩૭૬.** વિદ્યાઓનો ભંડાર હોવાથી આપ **વિદ્યાનિધિ** કહેવાવ છો! **૩૭૭.** સમસ્ત પદાર્થોને પ્રત્યક્ષ જાણતા હોવાથી આપ **સાક્ષી** કહેવાવ છો! **૩૭૮.** મોક્ષમાર્ગને પ્રગટ કરવાવાળા હોવાથી આપ **વિનેતા** કહેવાવ છો! **૩૭૯.** યમરાજ અર્થાત્ મૃત્યુને નષ્ટ કરવાવાળા હોવાથી આપ **વિહતાન્તક** કહેવાવ છો! **૩૮૦.** બધા જીવોની નરકાદિ ગતિઓથી રક્ષા કરતાં હોવાથી આપ **પિતા** કહેવાવ છો! **૩૮૧.** બધાના ગુરુ હોવાથી આપ **પિતામહ** કહેવાવ છો! **૩૮૨.** બધાનું પાલન કરવાથી હોવાથી આપ **પાતા** કહેવાવ છો! **૩૮૩.** અતિશય શુદ્ધ હોવાથી આપ **પવિત્ર** કહેવાવ છો! **૩૮૪.** બધાને શુદ્ધ અથવા પવિત્ર કરતાં હોવાથી

આપ **પાવન** કહેવાવ છો! **૩૮૫.** સમસ્ત ભવ્ય તપસ્યા કરીને આપના અનુરૂપ થવા ઈચ્છતા હોવાથી આપ **બધાની ગતિ** કહેવાવ છો! **૩૮૬.** ખંડાકાર છેદ કાઢતા ગતિ રહિત હોવાથી આપ **અગતિ** કહેવાવ છો! **૩૮૭.** સમસ્ત જીવોની રક્ષા કરતાં હોવાથી આપ **ત્રાતા** કહેવાવ છો! **૩૮૮.** જન્મ-જરામરણરૂપી રોગને નષ્ટ કરવા માટે ઉત્તમ વૈદ્ય હોવાથી આપ **ભિષગ્વર** કહેવાવ છો! **૩૮૯.** શ્રેષ્ઠ હોવાથી આપ **વર્ય** કહેવાવ છો! **૩૯૦.** ઈચ્છાનુકૂળ પદાર્થોને પ્રદાન કરતાં હોવાથી આપ **વરદ** કહેવાવ છો! **૩૯૧.** આપની જ્ઞાનાદિ લક્ષ્મી અતિશય શ્રેષ્ઠ હોવાથી આપ **પરમ** કહેવાવ છો! **૩૯૨.** આત્મા તથા પરપુરુષોને પવિત્ર કરવાના કારણે આપ **પુમાન્** કહેવાવ છો! **૩૯૩.** દ્વાદશાંગનું વર્ણન કરવાવાળા હોવાથી આપ **કવિ** કહેવાવ છો! **૩૯૪.** અનાદિકાળ હોવાથી આપ **પુરાણપુરુષ** કહેવાવ છો! **૩૯૫.** જ્ઞાનાદિ ગુણોની અપેક્ષાએ અતિશય વૃદ્ધ હોવાથી આપ **વર્ષીયાન્** કહેવાવ છો! **૩૯૬.** શ્રેષ્ઠ હોવાથી આપ **ઋષભ** કહેવાવ છો! **૩૯૭.** તીર્થંકરોમાં આદિપુરુષ હોવાથી આપ **પુરુ** કહેવાવ છો! **૩૯૮.** પ્રતિષ્ઠા અર્થાત્ સન્માન અથવા સ્થિરતાનું કારણ હોવાથી આપ **પ્રતિષ્ઠાપ્રસવ** કહેવાવ છો! **૩૯૯.** સમસ્ત ઉત્તમ કાર્યોનું કારણ હોવાથી આપ **હેતુ** કહેવાવ છો! **૪૦૦.** સંસારના એકમાત્ર ગુરુ હોવાથી આપ **ભુવનૈકપિતામહ** કહેવાવ છો!

**૪૦૧.** શ્રીવૃક્ષના ચિહ્નથી ચિહ્નિત હોવાથી આપ **શ્રીવૃક્ષલક્ષણ** કહેવાવ છો! **૪૦૨.** સૂક્ષ્મરૂપ હોવાથી આપ આપ **શ્લક્ષ્ણ** કહેવાવ છો! **૪૦૩.** લક્ષણોથી અનપેત અર્થાત્ સહિત હોવાથી આપ **લક્ષણ્ય** કહેવાવ છો! **૪૦૪.** આપના શરીરમાં અનેક શુભ લક્ષણ વિદ્યમાન હોવાથી આપ **શુભલક્ષણ** કહેવાવ છો! **૪૦૫.** સમસ્ત પદાર્થોનું નિરીક્ષણ કરવાવાળા છો અથવા નેત્રેન્દ્રિય દ્વારા દર્શનક્રિયા કરતાં ન હોવાથી આપ **નિરીક્ષ** કહેવાવ છો! **૪૦૬.** આપના નેત્ર પુંડરીક કમળ સમાન સુંદર હોવાથી આપ **પુંડરીકાક્ષ** કહેવાવ છો! **૪૦૭.** આત્મગુણોથી ખૂબ જ પરિપુષ્ટ હોવાથી આપ **પુષ્કલ** કહેવાવ છો! **૪૦૮.** કમળદળ સમાન લાંબા નેત્ર ધારણ કરવાવાળા હોવાથી આપ **પુષ્કરેક્ષણ** કહેવાવ છો! **૪૦૯.** સિદ્ધિને આપવાવાળા હોવાથી આપ **સિદ્ધિદ** કહેવાવ છો! **૪૧૦.** આપના બધા સંકલ્પ સિદ્ધ થઈ ચૂક્યા હોવાથી આપ **સિદ્ધ સંકલ્પ** કહેવાવ છો! **૪૧૧.** આપનો આત્મા સિદ્ધ અવસ્થાને પ્રાપ્ત થઈ ચૂક્યો હોવાથી આપ **સિદ્ધાત્મા** કહેવાવ છો! **૪૧૨.** આપને સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી મોક્ષસાધન પ્રાપ્ત થઈ ચૂક્યું હોવાથી આપ **સિદ્ધસાધન** કહેવાવ છો! **૪૧૩.** આપે જાણવાયોગ્ય બધા પદાર્થોને જાણી લીધા હોવાથી આપ **બુદ્ધબોધ્ય** કહેવાવ છો! **૪૧૪.** આપની રત્નત્રયરૂપી વિભૂતિ ખૂબ જ પ્રશંસનીય હોવાથી આપ **મહાબોધિ** કહેવાવ છો! **૪૧૫.** આપના ગુણ ઉત્તરોત્તર વધતા રહેતા હોવાથી આપ **વર્ધમાન** કહેવાવ છો! **૪૧૬.** મોટી-મોટી ઋદ્ધિઓને ધારણ કરવાવાળા હોવાથી આપ **મહર્દ્ધિક** કહેવાવ છો! **૪૧૭.** અનુયોગરૂપી

વેદોના અંગ અર્થાત્ કારણ હોવાથી આપ **વેદાંગ** કહેવાવ છો! ૪૧૮. વેદને જાણવાવાળા હોવાથી આપ **વેદવિત્** કહેવાવ છો! ૪૧૯. ઋષિઓ દ્વારા જાણવાયોગ્ય હોવાથી આપ **વેદ્ય** કહેવાવ છો! ૪૨૦. દિગંબરરૂપ હોવાથી આપ **જાતરૂપ** કહેવાવ છો! ૪૨૧. જાણવાવાળાઓમાં શ્રેષ્ઠ હોવાથી આપ **વિદાંવર** કહેવાવ છો! ૪૨૨. કેવળજ્ઞાન દ્વારા જાણવાયોગ્ય હોવાથી આપ **વેદવેદ્ય** કહેવાવ છો! ૪૨૩. અનુભવગમ્ય હોવાથી આપ **સ્વસંવેદ્ય** કહેવાવ છો! ૪૨૪. ત્રણ પ્રકારના વેદથી રહિત હોવાથી આપ **વિવેદ** કહેવાવ છો! ૪૨૫. વક્તાઓમાં શ્રેષ્ઠ હોવાથી આપ **વદતાંવર** કહેવાવ છો! ૪૨૬. આદિ-અંત રહિત હોવાથી આપ **અનાદિનિધન** કહેવાવ છો! ૪૨૭. જ્ઞાન દ્વારા અત્યંત સ્પષ્ટ હોવાથી આપ **વ્યક્ત** કહેવાવ છો! ૪૨૮. આપના વચન અતિશય સ્પષ્ટ હોવાથી આપ **વ્યક્તવાક્** કહેવાવ છો! ૪૨૯. આપનું શાસન અત્યંત સ્પષ્ટ અથવા પ્રગટ હોવાથી આપ **વ્યક્તશાસન** કહેવાવ છો! ૪૩૦. કર્મભૂમિરૂપી યુગના આદિ વ્યવસ્થાપક હોવાથી આપ **યુગાદિકૃત્** કહેવાવ છો! ૪૩૧. યુગની સમસ્ત વ્યવસ્થા કરવાવાળા હોવાથી આપ **યુગાધાર** કહેવાવ છો! ૪૩૨. આ કર્મભૂમિરૂપી યુગનો પ્રારંભ આપનાથી જ થયો હોવાથી આપ **યુગાદિ** કહેવાવ છો! ૪૩૩. જગતના પ્રારંભમાં ઉત્પન્ન થયા હોવાથી આપ **જગદાદિજ** કહેવાવ છો! ૪૩૪. આપે પોતાના પ્રભાવ અથવા ઐશ્વર્યથી ઈન્દ્રોને પણ અતિક્રાંત કરી દીધા હોવાથી આપ **અતીન્દ્ર** કહેવાવ છો! ૪૩૫. ઈન્દ્રિયગોચર ન હોવાથી આપ **અતીન્દ્રિય** કહેવાવ છો! ૪૩૬. બુદ્ધિના સ્વામી હોવાથી આપ **ધીન્દ્ર** કહેવાવ છો! ૪૩૭. પરમ ઐશ્વર્યનો અનુભવ કરતાં હોવાથી આપ **મહેન્દ્ર** કહેવાવ છો! ૪૩૮. અતીન્દ્રિય પદાર્થોને જોવાવાળા હોવાથી આપ **અતીન્દ્રિયાર્થદૃક્** કહેવાવ છો! ૪૩૯. ઈન્દ્રિયોથી રહિત હોવાથી આપ **અનિન્દ્રિય** કહેવાવ છો! ૪૪૦. અહમિન્દ્રો દ્વારા પૂજિત હોવાથી આપ **અહમિન્દ્રાર્ચ્ય** કહેવાવ છો! ૪૪૧. મોટા-મોટા ઈન્દ્રો દ્વારા પૂજિત હોવાથી આપ **મહેન્દ્રમહિત** કહેવાવ છો! ૪૪૨. સ્વયં બધાથી મોટા હોવાથી આપ **મહાન** કહેવાવ છો! ૪૪૩. સમસ્ત સંસારથી ખૂબ જ ઉપર છો અથવા આપનો જન્મ સંસારમાં સર્વોત્કૃષ્ટ હોવાથી આપ **ઉદ્‌ભવ** કહેવાવ છો! ૪૪૪. મોક્ષનું કારણ હોવાથી આપ **કારણ** કહેવાવ છો! ૪૪૫. શુદ્ધભાવોને કરતાં હોવાથી આપ **કર્તા** કહેવાવ છો! ૪૪૬. સંસારરૂપી સમુદ્રના પારને પ્રાપ્ત થયા હોવાથી આપ **પારગ** કહેવાવ છો! ૪૪૭. ભવ્યજીવોને સંસારરૂપી સમુદ્રથી તારવાવાળા હોવાથી આપ **ભવતારક** કહેવાવ છો! ૪૪૮. આપ કોઈના પણ દ્વારા અવગાહન કરવાયોગ્ય નથી અર્થાત્ આપના ગુણોને કોઈ પણ સમજી શકતું ન હોવાથી આપ **અગાહ્ય** કહેવાવ છો! ૪૪૯. આપનું સ્વરૂપ અતિશય ગંભીર હોવાથી આપ **ગહન** કહેવાવ છો! ૪૫૦. ગુપ્તરૂપ હોવાથી હોવાથી આપ **ગુહ્ય** કહેવાવ છો! ૪૫૧. સર્વોત્કૃષ્ટ હોવાથી આપ **પરાર્ધ્ય** કહેવાવ છો! ૪૫૨. બધાથી વધારે સમર્થ હોવાથી આપ **પરમેશ્વર** કહેવાવ છો! ૪૫૩. આપની ઋદ્ધિઓ અનંત, અનેય અને અચિંત્ય

હોવાથી આપ **અનંતર્દ્ધિ** કહેવાવ છો! ૪૫૪. આપ **અમેયર્દ્ધિ** કહેવાવ છો! ૪૫૫. આપ **અચિંત્યર્દ્ધિ** કહેવાવ છો! ૪૫૬. આપની બુદ્ધિ પૂર્ણ અવસ્થાને પ્રાપ્ત થઈ હોવાથી આપ **સમગ્રર્દ્ધિ** કહેવાવ છો! ૪૫૭. બધામાં મુખ્ય હોવાથી આપ **પ્રાગ્ર્ય** કહેવાવ છો! ૪૫૮. પ્રત્યેક માંગલિક કાર્યમાં સર્વપ્રથમ આપનું સ્મરણ કરવામાં આવતું હોવાથી આપ **પ્રાગ્રહર** કહેવાવ છો! ૪૫૯. લોકનો અગ્રભાગ પ્રાપ્ત કરવા સન્મુખ હોવાથી આપ **અભ્યગ્ર** કહેવાવ છો! ૪૬૦. સમસ્ત લોકોથી વિલક્ષણ-નૂતન હોવાથી આપ **પ્રત્યગ્ર** કહેવાવ છો! ૪૬૧. બધાના સ્વામી હોવાથી આપ **અગ્ર્ય** કહેવાવ છો! ૪૬૨. બધાના અગ્રેસર હોવાથી આપ **અગ્રિમ** કહેવાવ છો! ૪૬૩. સૌથી જ્યેષ્ઠ હોવાથી આપ **અગ્રજ** કહેવાવ છો! ૪૬૪. આપે ખૂબ જ કઠિન તપશ્ચરણ કર્યું હોવાથી આપ **મહાતપા** કહેવાવ છો! ૪૬૫. આપનું તેજ ચારેય તરફ ફેલાઈ રહ્યું હોવાથી આપ **મહાતેજા** કહેવાવ છો! ૪૬૬. આપની તપશ્ચર્યાનું ઉદર્ક અર્થાત્ ફળ ખૂબ જ મોટું હોવાથી આપ **મહોદર્ક** કહેવાવ છો! ૪૬૭. આપનું ઐશ્વર્ય વિશાળ હોવાથી આપ **મહોદય** કહેવાવ છો! ૪૬૮. આપનો યશ ચારેય તરફ ફેલાઈ રહ્યો હોવાથી આપ **મહાયશા** કહેવાવ છો! ૪૬૯. વિશાળ તેજપ્રતાપ અથવા જ્ઞાનના ધારક હોવાથી આપ **મહાધામા** કહેવાવ છો! ૪૭૦. આપની શક્તિ અપાર હોવાથી વિદ્વાન લોકો આપને **મહાસત્ત્વ** કહે છે! ૪૭૧. આપનું ધૈર્ય મહાન હોવાથી આપ **મહાધૃતિ** કહેવાવ છો! ૪૭૨. ક્યારેય પણ આમ તેમ થતા ન હોવાથી આપ **મહાધૈર્ય** કહેવાવ છો! ૪૭૩. અનંતવીર્યના ધારક હોવાથી આપ **મહાવીર્ય** કહેવાવ છો! ૪૭૪. સમવસરણરૂપી અદ્વિતીય વિભૂતિને ધારણ કરતાં હોવાથી આપ **મહાસંપત્** કહેવાવ છો! ૪૭૫. અત્યંત બળવાન હોવાથી આપ **મહાબળ** કહેવાવ છો! ૪૭૬. અદ્ભૂત શક્તિના ધારક હોવાથી આપ **મહાશક્તિ** કહેવાવ છો! ૪૭૭. અતિશય કાંતિ અથવા કેવળજ્ઞાન સહિત હોવાથી આપ **મહાજ્યોતિ** કહેવાવ છો! ૪૭૮. આપનો વૈભવ અપાર હોવાથી આપ **મહાભૂતિ** કહેવાવ છો! ૪૭૯. આપના શરીરની દ્યુતિ વિશાળ હોવાથી આપ **મહાદ્યુતિ** કહેવાવ છો! ૪૮૦. અતિશય બુદ્ધિમાન હોવાથી આપ **મહામતિ** કહેવાવ છો! ૪૮૧. અતિશય ન્યાયવાન હોવાથી આપ **મહાનીતિ** કહેવાવ છો! ૪૮૨. અતિશય ક્ષમાવાન હોવાથી આપ **મહાક્ષાંતિ** કહેવાવ છો! ૪૮૩. અતિશય દયાળુ હોવાથી આપ **મહોદય** કહેવાવ છો! ૪૮૪. અત્યંત વિવેકવાન હોવાથી આપ **મહાપ્રાજ્ઞ** કહેવાવ છો! ૪૮૫. અત્યંત ભાગ્યશાળી હોવાથી આપ **મહાભાગ** કહેવાવ છો! ૪૮૬. અત્યંત આનંદ હોવાથી આપ **મહાનંદ** કહેવાવ છો! ૪૮૭. સર્વશ્રેષ્ઠ કવિ હોવાથી આપ **મહાકવિ** કહેવાવ છો! ૪૮૮. અત્યંત તેજસ્વી હોવાથી આપ **મહામહા** કહેવાવ છો! ૪૮૯. વિશાળ કીર્તિના ધારક હોવાથી આપ **મહાકીર્તિ** કહેવાવ છો! ૪૯૦. અદ્ભૂત કાંતિયુક્ત હોવાથી આપ **મહાકાંતિ** કહેવાવ છો! ૪૯૧. ઉત્તંગ શરીર હોવાથી આપ **મહાવપુ** કહેવાવ છો! ૪૯૨. મોટા દાની હોવાથી આપ **મહાદાન** કહેવાવ

છો! **૪૯૩.** કેવળજ્ઞાની હોવાથી આપ **મહાજ્ઞાન** કહેવાવ છો! **૪૯૪.** મહાન ધ્યાની હોવાથી આપ **મહાયોગ** કહેવાવ છો! **૪૯૫.** મોટા-મોટા ગુણના ધારક હોવાથી આપ **મહાગુણ** કહેવાવ છો! **૪૯૬.** અનેક મોટા-મોટા ઉત્સવોના સ્વામી હોવાથી આપ **મહામહપતિ** કહેવાવ છો! **૪૯૭.** આપે ગર્ભ આદિ પાંચ મહાકલ્યાણક પ્રાપ્ત કર્યા હોવાથી આપ **પ્રાપ્તમહાકલ્યાણપંચક** કહેવાવ છો! **૪૯૮.** સૌથી મોટા સ્વામી હોવાથી આપ **મહાપ્રભુ** કહેવાવ છો! **૪૯૯.** અશોકવૃક્ષ આદિ આઠ પ્રાતિહાર્યોના સ્વામી હોવાથી આપ **મહાપ્રાતિહાર્યાધીશ** કહેવાવ છો! **૫૦૦.** બધા દેવોના અધિશ્વર હોવાથી આપ **મહેશ્વર** કહેવાવ છો!

**૫૦૧.** બધા મુનિઓમાં ઉત્તમ હોવાથી આપ **મહામુનિ** કહેવાવ છો! **૫૦૨.** વચનાલાપ રહિત હોવાથી આપ **મહામૌની** કહેવાવ છો! **૫૦૩.** શુક્લધ્યાનનું ધ્યાન કરતાં હોવાથી આપ **મહાધ્યાની** કહેવાવ છો! **૫૦૪.** અતિશય જિતેન્દ્રિય હોવાથી આપ **મહાદમ** કહેવાવ છો! **૫૦૫.** અતિશય સમર્થ અથવા શાંત હોવાથી આપ **મહાક્ષમ** કહેવાવ છો! **૫૦૬.** ઉત્તમ શીલથી યુક્ત હોવાથી આપ **મહાશીલ** કહેવાવ છો! **૫૦૭.** તપસ્યારૂપી અગ્નિમાં કર્મરૂપી હવિનો હોમ કરવાના કારણે આપ **મહાયજ્ઞ** કહેવાવ છો! **૫૦૮.** અતિશય પૂજ્ય હોવાથી આપ **મહામખ** કહેવાવ છો! **૫૦૯.** પાંચ મહાવ્રતોના સ્વામી હોવાથી આપ **મહાવ્રતપતિ** કહેવાવ છો! **૫૧૦.** જગતપૂજ્ય હોવાથી આપ **મહ્ય** કહેવાવ છો! **૫૧૧.** વિશાળ કાંતના ધારક હોવાથી આપ **મહાકાંતિધર** કહેવાવ છો! **૫૧૨.** બધાના સ્વામી હોવાથી આપ **અધિપ** કહેવાવ છો! **૫૧૩.** બધા જીવોની સાથે મૈત્રીભાવ રાખતા હોવાથી આપ **મહામૈત્રીમય** કહેવાવ છો! **૫૧૪.** અપરિમિત ગુણોના ધારક હોવાથી આપ **અમેય** કહેવાવ છો! **૫૧૫.** મોક્ષના ઉત્તમોત્તમ ઉપાયોથી સહિત હોવાથી આપ **મહોપાય** કહેવાવ છો! **૫૧૬.** તેજ સ્વરૂપ હોવાથી આપ **મહોમય** કહેવાવ છો! **૫૧૭.** અત્યંત દયાળુ હોવાથી આપ **મહાકારુણિક** કહેવાવ છો! **૫૧૮.** બધા પદાર્થોને જાણતા હોવાથી આપ **મંતા** કહેવાવ છો! **૫૧૯.** અનેક મંત્રોના સ્વામી હોવાથી આપ **મહામંત્ર** કહેવાવ છો! **૫૨૦.** યતિઓમાં શ્રેષ્ઠ હોવાથી આપ **મહાયતિ** કહેવાવ છો! **૫૨૧.** ગંભીર દિવ્યધ્વનિના ધારક હોવાથી આપ **મહાનાદ** કહેવાવ છો! **૫૨૨.** દિવ્યધ્વનિનું ગંભીર ઉચ્ચારણ થવાના કારણે આપ **મહાઘોષ** કહેવાવ છો! **૫૨૩.** મોટી-મોટી પૂજાઓના અધિકારી હોવાથી આપ **મહેજ્ય** કહેવાવ છો! **૫૨૪.** સમસ્ત તેજ અથવા પ્રતાપના સ્વામી હોવાથી આપ **મહાસંપતિ** કહેવાવ છો! **૫૨૫.** જ્ઞાનરૂપી વિશાળ યજ્ઞના ધારક હોવાથી આપ **મહાધ્વરધર** કહેવાવ છો! **૫૨૬.** કર્મભૂમિનો સમસ્ત ભાર સંભાળવાના કારણે અથવા સર્વશ્રેષ્ઠ હોવાથી આપ **ધુર્ય** કહેવાવ છો! **૫૨૭.** અતિશય ઉદાર હોવાથી આપ **મહૌદાર્ય** કહેવાવ છો! **૫૨૮.** શ્રેષ્ઠ વચનોથી યુક્ત હોવાથી આપ **મહેષ્ઠવાક્** કહેવાવ છો! **૫૨૯.** મહાન આત્માના ધારક હોવાથી

આપ **મહાત્મા** કહેવાવ છો! **૫૩૦.** સમસ્ત તેજના સ્થાન હોવાથી આપ **મહસાંધામ** કહેવાવ છો! **૫૩૧.** ઋષિઓમાં પ્રધાન હોવાથી આપ **મહર્ષિ** કહેવાવ છો! **૫૩૨.** પ્રશસ્ત જન્મના ધારક હોવાથી આપ **મહિતોદય** કહેવાવ છો! **૫૩૩.** મોટા-મોટા ક્લેશોને નષ્ટ કરવા માટે અંકુશ સમાન હોવાથી આપ **મહાક્લેશાંકુશ** કહેવાવ છો! **૫૩૪.** કર્મરૂપી શત્રુઓનો ક્ષય કરવામાં શૂરવીર હોવાથી આપ **શૂર** કહેવાવ છો! **૫૩૫.** ગણધર આદિ મોટા-મોટા પ્રાણીઓના સ્વામી હોવાથી આપ **મહાભૂતપતિ** કહેવાવ છો! **૫૩૬.** ત્રણેય લોકમાં શ્રેષ્ઠ હોવાથી આપ **ગુરુ** કહેવાવ છો! **૫૩૭.** વિશાળ પરાક્રમના ધારક હોવાથી આપ **મહાપરાક્રમ** કહેવાવ છો! **૫૩૮.** અંત રહિત હોવાથી આપ **અનંત** કહેવાવ છો! **૫૩૯.** ક્રોધના મોટા શત્રુ હોવાથી આપ **મહાક્રોધરિપુ** કહેવાવ છો! **૫૪૦.** સમસ્ત ઇન્દ્રિયોને વશ કરી લીધી હોવાથી આપ **વશી** કહેવાવ છો! **૫૪૧.** સંસારરૂપી મહાસમુદ્રથી પાર થવાના કારણે **મહાભવાબ્ધિસંતારી** કહેવાવ છો! **૫૪૨.** મોહરૂપી મહાચળનું ભેદન કર્યું હોવાથી આપ **મહામોહાદ્રિસૂદન** કહેવાવ છો! **૫૪૩.** સમ્યગ્દર્શનાદિ મોટા-મોટા ગુણોની ખાણ હોવાથી આપ **મહાગુણાકર** કહેવાવ છો! **૫૪૪.** ક્રોધાદિ કષાયોને જીતી લીધા હોવાથી આપ **ક્ષાંત** કહેવાવ છો! **૫૪૫.** મોટા-મોટા યોગીઓના સ્વામી હોવાથી આપ **મહાયોગીશ્વર** કહેવાવ છો! **૫૪૬.** અતિશય શાંત પરિણામી હોવાથી આપ **શમી** કહેવાવ છો! **૫૪૭.** શુક્લધ્યાનરૂપી મહાધ્યાનના સ્વામી હોવાથી આપ **મહાધ્યાનપતિ** કહેવાવ છો! **૫૪૮.** અહિંસારૂપી મહાધર્મનું ધ્યાન કરવાથી **ધ્યાતમહાધર્મ** કહેવાવ છો! **૫૪૯.** મહાવ્રતોને ધારણ કર્યા હોવાથી આપ **મહાવ્રત** કહેવાવ છો! **૫૫૦.** કર્મરૂપી મહાશત્રુઓને નષ્ટ કર્યા હોવાથી આપ **મહાકર્મારિહા** કહેવાવ છો! **૫૫૧.** આત્મસ્વરૂપના જાણકાર હોવાથી આપ **આત્મજ્ઞ** કહેવાવ છો! **૫૫૨.** બધા દેવોમાં પ્રધાન હોવાથી આપ **મહાદેવ** કહેવાવ છો! **૫૫૩.** મહાન સામર્થ્ય સહિત હોવાથી આપ **મહેશિતા** કહેવાવ છો! **૫૫૪.** બધા પ્રકારના ક્લેશોને દૂર કરવાથી આપ **સર્વક્લેષાપહ** કહેવાવ છો! **૫૫૫.** આત્મકલ્યાણ સિદ્ધ કર્યું હોવાથી આપ **સાધુ** કહેવાવ છો! **૫૫૬.** સર્વદોષોને દૂર કર્યા હોવાથી આપ **સર્વદોષહર** કહેવાવ છો! **૫૫૭.** સમસ્ત પાપોને નષ્ટ કર્યા હોવાથી આપ **હર** કહેવાવ છો! **૫૫૮.** અસંખ્યાત ગુણોને ધારણ કર્યા હોવાથી આપ **અસંખ્યેય** કહેવાવ છો! **૫૫૯.** અપરિમિત શક્તિને ધારણ કરતાં હોવાથી આપ **અપ્રમેયાત્મા** કહેવાવ છો! **૫૬૦.** શાંતસ્વરૂપ હોવાથી આપ **શમાત્મા** કહેવાવ છો! **૫૬૧** ઉત્તમ શાંતિની ખાણ હોવાથી આપ **પ્રશમાકર** કહેવાવ છો! **૫૬૨.** બધા મુનિઓના સ્વામી હોવાથી આપ **સર્વયોગીશ્વર** કહેવાવ છો! **૫૬૩.** કોઈના ચિંતવનમાં ન આવવાથી **અચિંત્ય** કહેવાવ છો! **૫૬૪.** ભાવશ્રુતરૂપ હોવાથી આપ **શ્રુતાત્મા** કહેવાવ છો! **૫૬૫.** ત્રણેય લોકના સમસ્ત પદાર્થોને જાણતાં હોવાથી આપ **વિષ્ટરશ્રવા** કહેવાવ છો! **૫૬૬.** મનને વશ કર્યું હોવાથી આપ **દાન્તાત્મા** કહેવાવ છો! **૫૬૭.** સંયમરૂપ તીર્થના સ્વામી હોવાથી આપ **દમતીર્થેશ**

કહેવાવ છો! **૫૬૮.** યોગમય હોવાથી આપ **યોગાત્મા** કહેવાવ છો! **૫૬૯.** જ્ઞાન દ્વારા બધી જગ્યાએ વ્યાપ્ત હોવાથી આપ **જ્ઞાનસર્વગ** કહેવાવ છો! **૫૭૦.** એકાગ્રતાથી આત્માનું ધ્યાન કરવાથી અથવા ત્રણેય લોકમાં પ્રમુખ હોવાથી આપ **પ્રધાન** કહેવાવ છો! **૫૭૧.** જ્ઞાન સ્વરૂપ હોવાથી આપ **આત્મા** કહેવાવ છો! **૫૭૨.** પ્રકૃષ્ટ કાર્ય થવાથી આપ **પ્રકૃતિ** કહેવાવ છો! **૫૭૩.** ઉત્કૃષ્ટ લક્ષ્મીના ધારક હોવાથી આપ **પરમ** કહેવાવ છો! **૫૭૪.** ઉત્કૃષ્ટ ઉદય અર્થાત્ જન્મ અથવા વૈભવને ધારણ કરતાં હોવાથી આપ **પરમોદય** કહેવાવ છો! **૫૭૫.** કર્મબંધનના ક્ષીણ થઈ જવાથી આપ **પ્રક્ષીણબંધન** કહેવાવ છો! **૫૭૬.** કામદેવ અથવા વિષયાભિલાષીના શત્રુ હોવાથી આપ **કામારિ** કહેવાવ છો! **૫૭૭.** કલ્યાણકારી હોવાથી આપ **ક્ષેમકૃત** કહેવાવ છો! **૫૭૮.** મંગળમય ઉપદેશ આપવાથી આપ **ક્ષેમશાસન** કહેવાવ છો! **૫૭૯.** ઓંકારરૂપ હોવાથી આપ **પ્રણવ** કહેવાવ છો! **૫૮૦.** સ્નેહરૂપ હોવાથી અથવા ભવ્યજીવોને ઈષ્ટસ્થાનની પ્રાપ્તિ કરાવવાથી આપ **પ્રણત** કહેવાવ છો! **૫૮૧.** જગતને જીવિત રાખવાથી આપ **પ્રાણ** કહેવાવ છો! **૫૮૨.** બધા જીવોના પ્રાણદાતા અર્થાત્ રક્ષક હોવાથી આપ **પ્રાણદ્** કહેવાવ છો! **૫૮૩.** નમ્રીભૂત ભવ્યજનોના સ્વામી હોવાથી આપ **પ્રણતેશ્વર** કહેવાવ છો! **૫૮૪.** પ્રમાણ અર્થાત્ જ્ઞાનમય હોવાથી આપ **પ્રમાણ** કહેવાવ છો! **૫૮૫.** અનંતજ્ઞાન આદિ ઉત્કૃષ્ટ નિધિઓના સ્વામી હોવાથી આપ **પ્રણિધિ** કહેવાવ છો! **૫૮૬.** સમર્થ અથવા પ્રવીણ હોવાથી આપ **દક્ષ** કહેવાવ છો! **૫૮૭.** સરળ હોવાથી આપ **દક્ષિણ** કહેવાવ છો! **૫૮૮.** જ્ઞાનરૂપ યજ્ઞ કરવાથી આપ **અધ્વર્યુ** કહેવાવ છો! **૫૮૯.** સમીચીન માર્ગના પ્રદર્શક હોવાથી આપ **અધ્વર** કહેવાવ છો! **૫૯૦.** સદાય સુખરૂપ હોવાથી આપ **આનંદ** કહેવાવ છો! **૫૯૧.** બધાને આનંદ આપવાથી આપ **નંદન** કહેવાવ છો! **૫૯૨.** સદાય સમૃદ્ધિમાન હોતા રહેવાથી આપ **નંદ** કહેવાવ છો! **૫૯૩.** ઈન્દ્ર આદિ દ્વારા વંદન કરવાયોગ્ય હોવાથી આપ **વંદ્ય** કહેવાવ છો! **૫૯૪.** નિંદા રહિત હોવાથી આપ **અનિંદ્ય** કહેવાવ છો! **૫૯૫.** પ્રશંસનીય હોવાથી આપ **અભિનંદન** કહેવાવ છો! **૫૯૬.** કામદેવને નષ્ટ કર્યો હોવાથી આપ **કામહા** કહેવાવ છો! **૫૯૭.** અભિલષિત પદાર્થો આપતા હોવાથી આપ **કામદ** કહેવાવ છો! **૫૯૮.** અત્યંત મનોહર અથવા બધા દ્વારા ઈચ્છવાયોગ્ય હોવાથી આપ **કામ્ય** કહેવાવ છો! **૫૯૯.** બધાના મનોરથ પૂર્ણ કરવાથી આપ **કામધેનુ** કહેવાવ છો! **૬૦૦.** કર્મરૂપ શત્રુઓને જીત્યા હોવાથી આપ **અરિંજય** કહેવાવ છો!

**૬૦૧.** કોઈ અન્ય દ્વારા સંસ્કારિત થયા વગર ઉત્તમ સંસ્કારોને ધારણ કરવાથી આપ **અસંસ્કૃત-સુસંસ્કાર** કહેવાવ છો! **૬૦૨.** સ્વાભાવિક હોવાથી આપ **પ્રાકૃત** કહેવાવ છો! **૬૦૩.** રાગાદિ વિકારોનો નાશ કર્યો હોવાથી આપ **વૈકૃતાંતકૃત્** કહેવાવ છો! **૬૦૪.** અંત અર્થાત્ ધર્મ અથવા જન્મ-મરણરૂપ સંસારનું અવસાન કરવાવાળા હોવાથી આપ **અંતકૃત્** કહેવાવ

છો! **૬૦૫.** સુંદર કાંતિ, વચન અથવા ઈન્દ્રિયોના ધારક હોવાથી આપ **કાંતગુ** કહેવાવ છો! **૬૦૬.** અત્યંત સુંદર હોવાથી આપ **કાંત** કહેવાવ છો! **૬૦૭.** ઈચ્છિત પદાર્થ આપવાથી આપ **ચિંતામણિ** કહેવાવ છો! **૬૦૮.** ભવ્ય જીવો માટે અભિષ્ટ—સ્વર્ગ-મોક્ષ આપવાથી આપ **અભિષ્ટદ્** કહેવાવ છો! **૬૦૯.** કોઈના દ્વારા જીતી ન શકાવાના કારણે આપ **અજિત** કહેવાવ છો! **૬૧૦.** કામરૂપ શત્રુને જીતવાથી આપ **જીતકામારિ** કહેવાવ છો! **૬૧૧.** અવધિ રહિત હોવાથી આપ **અમિત** કહેવાવ છો! **૬૧૨.** અનુપમ ધર્મનો ઉપદેશ દેવાથી આપ **અમિતશાસન** કહેવાવ છો! **૬૧૩.** ક્રોધને જીતવાથી આપ **જિતક્રોધ** કહેવાવ છો! **૬૧૪.** શત્રુઓને જીતી લેવાથી આપ **જિતામિત્ર** કહેવાવ છો! **૬૧૫.** ક્લેશોને જીતી લેવાથી આપ **જિતક્લેશ** કહેવાવ છો! **૬૧૬.** યમરાજને જીતી લેવાથી આપ **જિતાંતક** કહેવાવ છો! **૬૧૭.** કર્મરૂપ શત્રુઓને જીતવાવાળાઓમાં શ્રેષ્ઠ હોવાથી આપ **જિનેન્દ્ર** કહેવાવ છો! **૬૧૮.** ઉત્કૃષ્ટ આનંદના ધારક હોવાથી આપ **પરમાનંદ** કહેવાવ છો! **૬૧૯.** મુનિઓના નાથ હોવાથી આપ **મુનિન્દ્ર** કહેવાવ છો! **૬૨૦.** દુંદુભિ સમાન ગંભીર ધ્વનિથી યુક્ત હોવાથી આપ **દુંદુભિસ્વન** કહેવાવ છો! **૬૨૧.** મોટા-મોટા ઈન્દ્રો દ્વારા વંદનીય હોવાથી આપ **મહેન્દ્રવંદ્ય** કહેવાવ છો! **૬૨૨.** યોગીઓના સ્વામી હોવાથી આપ **યોગીન્દ્ર** કહેવાવ છો! **૬૨૩.** યતિઓના અધિપતિ હોવાથી આપ **યતીન્દ્ર** કહેવાવ છો! **૬૨૪.** નાભિરાયના પુત્ર હોવાથી આપ **નાભિનંદન** કહેવાવ છો! **૬૨૫.** નાભિરાજાનું સંતાન હોવાથી આપ **નાભેય** કહેવાવ છો! **૬૨૬.** નાભિ મહારાજથી ઉત્પન્ન થવાના કારણે આપ **નાભિજ** કહેવાવ છો! **૬૨૭.** દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ જન્મરહિત હોવાથી આપ **અજાત** કહેવાવ છો! **૬૨૮.** ઉત્તમ વ્રતોના ધારક હોવાથી આપ **સુવ્રત** કહેવાવ છો! **૬૨૯.** કર્મભૂમિની સમસ્ત વ્યવસ્થા દર્શાવનારા અથવા મનન-જ્ઞાનરૂપ હોવાથી આપ **મનુ** કહેવાવ છો! **૬૩૦.** ઉત્કૃષ્ટ હોવાથી આપ **ઉત્તમ** કહેવાવ છો! **૬૩૧.** કોઈના દ્વારા ભેદન કરવાયોગ્ય ન હોવાથી આપ **અભેદ્ય** કહેવાવ છો! **૬૩૨.** વિનાશ રહિત હોવાથી આપ **અનત્યય** કહેવાવ છો! **૬૩૩.** તપશ્ચરણ કરવાથી આપ **અનાશવાન** કહેવાવ છો! **૬૩૪.** બધામાં શ્રેષ્ઠ હોવાથી અથવા વાસ્તવિક સુખ પ્રાપ્ત હોવાથી આપ **અધિક** કહેવાવ છો! **૬૩૫.** શ્રેષ્ઠ ગુરુ હોવાથી આપ **અધિગુરુ** કહેવાવ છો! **૬૩૬.** ઉત્તમ વચનોના ધારક હોવાથી આપ **સુધી** કહેવાવ છો! **૬૩૭.** ઉત્તમ બુદ્ધિ હોવાથી આપ **સુમેધા** કહેવાવ છો! **૬૩૮.** પરાક્રમી હોવાથી આપ **વિક્રમી** કહેવાવ છો! **૬૩૯.** બધાના અધિપતિ હોવાથી આપ **સ્વામી** કહેવાવ છો! **૬૪૦.** કોઈના દ્વારા અનાદર, હિંસા અથવા નિવારણ આદિ ન કરી શકાવાથી આપ **દુરાધર્ષ** કહેવાવ છો! **૬૪૧.** સાંસારિક વિષયોની ઉત્કંઠાથી રહિત હોવાથી આપ **નિરુત્સુક** કહેવાવ છો! **૬૪૨.** વિશેષરૂપ હોવાથી આપ **વિશિષ્ટ** કહેવાવ છો! **૬૪૩.** શિષ્ટ પુરુષોનું પાલન કરતા હોવાથી આપ **શિષ્ટભુક્** કહેવાવ છો! **૬૪૪.** સદાચાર પૂર્ણ

હોવાથી આપ **શિષ્ટ** કહેવાવ છો! **૬૪૫.** વિશ્વાસ અથવા જ્ઞાનરૂપ હોવાથી આપ **પ્રત્યય** કહેવાવ છો! **૬૪૬.** મનોહર હોવાથી આપ **કામન** કહેવાવ છો! **૬૪૭.** પાપ રહિત હોવાથી આપ **અનઘ** કહેવાવ છો! **૬૪૮.** કલ્યાણથી યુક્ત હોવાથી આપ **ક્ષેમી** કહેવાવ છો! **૬૪૯.** ભવ્યજીવોનું કલ્યાણ કર્યું હોવાથી આપ **ક્ષેમંકર** કહેવાવ છો! **૬૫૦.** ક્ષય રહિત હોવાથી આપ **અક્ષય** કહેવાવ છો! **૬૫૧.** કલ્યાણકારી ધર્મના સ્વામી હોવાથી આપ **ક્ષેમધર્મપતિ** કહેવાવ છો! **૬૫૨.** ક્ષમાથી યુક્ત હોવાથી આપ **ક્ષમી** કહેવાવ છો! **૬૫૩.** અલ્પજ્ઞાનીઓના ગ્રહણમાં ન આવવાથી આપ **અગ્રાહ્ય** કહેવાવ છો! **૬૫૪.** સમ્યગ્જ્ઞાન દ્વારા ગ્રહણ કરવાયોગ્ય હોવાથી આપ **જ્ઞાનનિગ્રાહ્ય** કહેવાવ છો! **૬૫૫.** ધ્યાન દ્વારા જાણી શકાવાના કારણે આપ **જ્ઞાનગમ્ય** કહેવાવ છો! **૬૫૬.** સર્વોત્કૃષ્ટ હોવાથી આપ **નિરુત્તર** કહેવાવ છો! **૬૫૭.** પુણ્યવાન હોવાથી આપ **સુકૃતિ** કહેવાવ છો! **૬૫૮.** શબ્દોનો ઉત્પાત હોવાથી આપ **ધાતુ** કહેવાવ છો! **૬૫૯.** પૂજાયોગ્ય હોવાથી આપ **ઇજ્યાર્હ** કહેવાવ છો! **૬૬૦.** સમીચીન નયોથી સહિત હોવાના કારણે આપ **સુનય** કહેવાવ છો! **૬૬૧.** લક્ષ્મીનો નિવાસ હોવાથી આપ **શ્રીનિવાસ** કહેવાવ છો! **૬૬૨.** સમવસરણમાં અતિશય વિશેષથી ચારે તરફ મુખ દેખાવાના કારણે આપ **ચતુરાનન** કહેવાવ છો! **૬૬૩.** આપ **ચતુર્વક્ત્ર** કહેવાવ છો! **૬૬૪.** આપ **ચતુરાસ્ય** કહેવાવ છો! **૬૬૫.** આપ **ચતુર્મુખ** કહેવાવ છો! **૬૬૬.** સત્ય-સ્વરૂપ હોવાથી આપ **સત્યાત્મા** કહેવાવ છો! **૬૬૭.** યથાર્થવિજ્ઞાન સહિત હોવાથી આપ **સત્યવિજ્ઞાન** કહેવાવ છો! **૬૬૮.** સત્યવચન હોવાથી આપ **સત્યવાક્** કહેવાવ છો! **૬૬૯.** સત્યધર્મનો ઉપદેશ દીધો હોવાથી આપ **સત્યશાસન** કહેવાવ છો! **૬૭૦.** સત્ય આશીર્વાદ હોવાથી આપ **સત્યાશી** કહેવાવ છો! **૬૭૧.** સત્યપ્રતિજ્ઞ હોવાથી આપ **સત્યસંધાન** કહેવાવ છો! **૬૭૨.** સત્યરૂપ હોવાથી આપ **સત્ય** કહેવાવ છો! **૬૭૩.** સત્યમાં જ નિરંતર તત્પર રહેતા હોવાથી આપ **સત્યપરાયણ** કહેવાવ છો! **૬૭૪.** અત્યંત સ્થિર હોવાથી આપ **સ્થેયાન્** કહેવાવ છો! **૬૭૫.** અતિશય સ્થૂળ હોવાથી આપ **સ્થવીયાન્** કહેવાવ છો! **૬૭૬.** ભક્તોને સમીપવર્તી હોવાથી આપ **નેદીયાન્** કહેવાવ છો! **૬૭૭.** પાપોથી દૂર રહેવાના કારણે આપ **દવીયાન્** કહેવાવ છો! **૬૭૮.** દૂરથી જ દર્શન થવાના કારણે આપ **દૂરદર્શન** કહેવાવ છો! **૬૭૯.** પરમાણુથી પણ સૂક્ષ્મ હોવાથી આપ **અણોઃઅણીયાન્** કહેવાવ છો! **૬૮૦.** અણુરૂપ ન હોવાથી આપ **અનણુ** કહેવાવ છો! **૬૮૧.** ગુરુઓમાં પણ શ્રેષ્ઠ ગુરુ હોવાથી આપ **ગરિયસામાદ્યગુરુ** કહેવાવ છો! **૬૮૨.** સદા યોગરૂપ હોવાથી આપ **સદાયોગ** કહેવાવ છો! **૬૮૩.** સદા આનંદના ભોક્તા હોવાથી આપ **સદાભોગ** કહેવાવ છો! **૬૮૪.** સદા સંતુષ્ટ રહેતા હોવાથી આપ **સદાતૃપ્ત** કહેવાવ છો! **૬૮૫.** સદા કલ્યાણરૂપ રહેતા હોવાથી આપ **સદાશિવ** કહેવાવ છો! **૬૮૬.** સદા જ્ઞાનરૂપ રહેતા હોવાથી આપ **સદાગતિ** કહેવાવ છો! **૬૮૭.** સદા સુખરૂપ રહેતા હોવાથી આપ **સદાસૌખ્ય** કહેવાવ છો! **૬૮૮.** સદા

કેવળજ્ઞાનરૂપી વિદ્યાથી યુક્ત હોવાથી આપ **સદાવિદ્ય** કહેવાવ છો! ૬૮૯. સદા ઉદયરૂપ રહેતા હોવાથી આપ **સદોદય** કહેવાવ છો! ૬૯૦. ઉત્તમ ધ્વનિ હોવાથી આપ **સુઘોષ** કહેવાવ છો! ૬૯૧. સુંદર મુખ હોવાથી આપ **સુમુખ** કહેવાવ છો! ૬૯૨. શાંતરૂપ હોવાથી આપ **સૌમ્ય** કહેવાવ છો! ૬૯૩. બધા જીવોને સુખદાયી હોવાથી આપ **સુખદ** કહેવાવ છો! ૬૯૪. બધાનું હિત કરતાં હોવાથી આપ **સુહિત** કહેવાવ છો! ૬૯૫. ઉત્તમ હૃદય હોવાથી આપ **સુહૃત્** કહેવાવ છો! ૬૯૬. સુરક્ષિત અથવા મિથ્યાદૃષ્ટિઓ માટે ગૂઢ હોવાથી આપ **સુગુપ્ત** કહેવાવ છો! ૬૯૭. ગુપ્તિઓને ધારણ કરતાં હોવાથી આપ **ગુપ્તિભૃત્** કહેવાવ છો! ૬૯૮. બધાના રક્ષક હોવાથી આપ **ગોપ્તા** કહેવાવ છો! ૬૯૯. ત્રણેય લોકોનો સાક્ષાત્કાર કર્યો હોવાથી આપ **લોકાધ્યક્ષ** કહેવાવ છો! ૭૦૦. ઈન્દ્રિય વિજયરૂપી દમના સ્વામી હોવાથી આપ **દમેશ્વર** કહેવાવ છો!

૭૦૧. ઈન્દ્રોના ગુરુ હોવાથી આપ **બૃહદ્‌બૃહસ્પતિ** કહેવાવ છો! ૭૦૨. પ્રશસ્ત વચનોના ધારક હોવાથી આપ **વાગ્મી** કહેવાવ છો! ૭૦૩. વચનોના સ્વામી હોવાથી આપ **વાચસ્પતિ** કહેવાવ છો! ૭૦૪. ઉત્કૃષ્ટ બુદ્ધિના ધારક હોવાથી આપ **ઉદારધિ** કહેવાવ છો! ૭૦૫. મનનશક્તિથી યુક્ત હોવાથી આપ **મનીષી** કહેવાવ છો! ૭૦૬. ચાતુર્યપૂર્ણ બુદ્ધિથી સહિત હોવાથી આપ **ધિષણ** કહેવાવ છો! ૭૦૭. ધારણ પટુબુદ્ધિથી સહિત હોવાથી આપ **ધીમાન્** કહેવાવ છો! ૭૦૮. બુદ્ધિના સ્વામી હોવાથી આપ **શેમુષીશ** કહેવાવ છો! ૭૦૯. બધા પ્રકારના વચનોના સ્વામી હોવાથી આપ **ગિરાંપતિ** કહેવાવ છો! ૭૧૦. અનેકરૂપ હોવાથી આપ **નૈકરૂપ** કહેવાવ છો! ૭૧૧. નયો દ્વારા ઉત્કૃષ્ટ અવસ્થાને પ્રાપ્ત થયા હોવાથી આપ **નયોત્તુંગ** કહેવાવ છો! ૭૧૨. અનેક ગુણોને ધારણ કર્યા હોવાથી આપ **નૈકાત્મા** કહેવાવ છો! ૭૧૩. વસ્તુના અનેક ધર્મોનો ઉપદેશ દેવાથી આપ **નૈકધર્મકૃત** કહેવાવ છો! ૭૧૪. સાધારણ પુરુષો દ્વારા જણાવાને અયોગ્ય હોવાથી આપ **અવિજ્ઞેય** કહેવાવ છો! ૭૧૫. તર્ક-વિતર્ક રહિત સ્વરૂપથી યુક્ત હોવાથી આપ **અપ્રતર્ક્યાત્મા** કહેવાવ છો! ૭૧૬. સમસ્ત કૃત્ય જાણવાથી આપ **કૃતજ્ઞ** કહેવાવ છો! ૭૧૭. સમસ્ત પદાર્થોના લક્ષણ સ્વરૂપ કહેવાથી આપ **કૃતલક્ષણ** કહેવાવ છો! ૭૧૮. અંતરંગમાં જ્ઞાન હોવાથી આપ **જ્ઞાનગર્ભ** કહેવાવ છો! ૭૧૯. દયાળુ હૃદય હોવાથી આપ **દયાગર્ભ** કહેવાવ છો! ૭૨૦. રત્નત્રયથી યુક્ત હોવાથી અથવા ગર્ભકલ્યાણકના સમયે રત્નમયીવૃષ્ટિ હોવાથી આપ **રત્નગર્ભ** કહેવાવ છો! ૭૨૧. દૈદીપ્યમાન હોવાથી આપ **પ્રભાસ્વર** કહેવાવ છો! ૭૨૨. કમલાકાર ગર્ભાશયમાં સ્થિત હોવાથી આપ **પદ્મગર્ભ** કહેવાવ છો! ૭૨૩. જ્ઞાનની અંદર સમસ્ત જગતનું પ્રતિબિંબ પડવાથી આપ **જગદ્‌ગર્ભ** કહેવાવ છો! ૭૨૪. ગર્ભવાસ સમયે પૃથ્વી સુવર્ણમય થઈ જતા અથવા સુવર્ણમય વૃષ્ટિ થવાથી આપ **હેમગર્ભ** કહેવાવ છો! ૭૨૫. સુંદર દર્શન હોવાથી આપ **સુદર્શન** કહેવાવ છો! ૭૨૬. અંતરંગ તથા બહિરંગ લક્ષ્મીથી યુક્ત હોવાથી આપ **લક્ષ્મીવાન** કહેવાવ છો!

**૭૨૭.** દેવોના સ્વામી હોવાથી આપ **ત્રિદશાધ્યક્ષ** કહેવાવ છો! **૭૨૮.** અત્યંત દૃઢ હોવાથી આપ **દૃઢિયાન્** કહેવાવ છો! **૭૨૯.** બધાના સ્વામી હોવાથી આપ **ઇન** કહેવાવ છો! **૭૩૦.** સામર્થ્યશાળી હોવાથી આપ **ઇશિતા** કહેવાવ છો! **૭૩૧.** ભવ્યજીવોનું મન-હરણ કરતાં હોવાથી આપ **મનોહર** કહેવાવ છો! **૭૩૨.** સુંદર અંગોના ધારક હોવાથી આપ **મનોજ્ઞાંગ** કહેવાવ છો! **૭૩૩.** ધૈર્યવાન હોવાથી આપ **ધીર** કહેવાવ છો! **૭૩૪.** શાસનની ગંભીરતાથી આપ **ગંભીરશાસન** કહેવાવ છો! **૭૩૫.** ધર્મના સ્તંભરૂપ હોવાથી આપ **ધર્મયૂપ** કહેવાવ છો! **૭૩૬.** દયારૂપ યજ્ઞના કરવાવાળા હોવાથી આપ **દયાયાગ** કહેવાવ છો! **૭૩૭.** ધર્મરૂપ રથની ચક્રધારા હોવાથી આપ **ધર્મનેમિ** કહેવાવ છો! **૭૩૮.** મુનિઓના સ્વામી હોવાથી આપ **મુનિશ્વર** કહેવાવ છો! **૭૩૯.** ધર્મચક્રરૂપી શસ્ત્રના ધારક હોવાથી આપ **ધર્મચક્રાયુધ** કહેવાવ છો! **૭૪૦.** આત્મગુણોમાં ક્રીડા કરવાથી આપ **દેવ** કહેવાવ છો! **૭૪૧.** કર્મોનો નાશ કરવાથી આપ **કર્મહાઃ** કહેવાવ છો! **૭૪૨.** ધર્મનો ઉપદેશ દેવાથી આપ **ધર્મભૂષણ/ધર્મઘોષણ** કહેવાવ છો! **૭૪૩.** આપના વચન ક્યારેય પણ વ્યર્થ જતા ન હોવાથી આપ **અમોઘવાક્** કહેવાવ છો! **૭૪૪.** આપની આજ્ઞા ક્યારેય પણ નિષ્ફળ જતી ન હોવાથી આપ **અમોઘાજ્ઞ** કહેવાવ છો! **૭૪૫.** મળ રહિત હોવાથી આપ **નિર્મળ** કહેવાવ છો! **૭૪૬.** આપનું શાસન સદાય સફળ રહેતું હોવાથી આપ **અમોઘશાસન** કહેવાવ છો! **૭૪૭.** સુંદર રૂપના ધારક હોવાથી આપ **સુરૂપ** કહેવાવ છો! **૭૪૮.** ઉત્તમ ઐશ્વર્યથી યુક્ત હોવાથી આપ **સુભગ** કહેવાવ છો! **૭૪૯.** આપે પરપદાર્થોનો ત્યાગ કરી દીધો હોવાથી આપ **ત્યાગી** કહેવાવ છો! **૭૫૦.** સિદ્ધાંત, સમય અથવા આચારના જ્ઞાતા હોવાથી આપ **સમયજ્ઞ** કહેવાવ છો! **૭૫૧.** સમાધાનરૂપ હોવાથી આપ **સમાહિત** કહેવાવ છો! **૭૫૨.** સુખપૂર્વક સ્થિત રહેતા હોવાથી આપ **સુસ્થિત** કહેવાવ છો! **૭૫૩.** આરોગ્ય અથવા આત્મસ્વરૂપની નિશ્ચળતાને પ્રાપ્ત હોવાથી આપ **સ્વાસ્થ્યભાક્** કહેવાવ છો! **૭૫૪.** આત્મસ્વરૂપમાં સ્થિત હોવાથી આપ **સ્વસ્થ** કહેવાવ છો! **૭૫૫.** કર્મરૂપ રજથી રહિત હોવાથી આપ **નિરજસ્ક** કહેવાવ છો! **૭૫૬.** સાંસારિક ઉત્સવોથી રહિત હોવાથી આપ **નિરુદ્ધવ** કહેવાવ છો! **૭૫૭.** કર્મરૂપી લેપથી રહિત હોવાથી આપ **અલેપ** કહેવાવ છો! **૭૫૮.** કલંક રહિત આત્માથી યુક્ત હોવાથી આપ **નિષ્કલંકાત્મા** કહેવાવ છો! **૭૫૯.** રાગાદિ દોષોથી રહિત હોવાથી આપ **વીતરાગ** કહેવાવ છો! **૭૬૦.** સાંસારિક વિષયોની ઈચ્છાથી રહિત હોવાથી આપ **ગતસ્પૃહ** કહેવાવ છો! **૭૬૧** આપે ઈન્દ્રિયોને વશ કરી લીધી હોવાથી આપ **વશ્યેન્દ્રિય** કહેવાવ છો! **૭૬૨.** આપનો આત્મા કર્મબંધનથી છૂટી ગયો હોવાથી આપ **વિમુક્તાત્મા** કહેવાવ છો! **૭૬૩.** આપનો કોઈપણ શત્રુ અથવા પ્રતિદ્વંદ્વી ન હોવાથી આપ **નિઃસપત્ન** કહેવાવ છો! **૭૬૪.** ઈન્દ્રિયોને જીતી લેવાથી આપ **જીતેન્દ્રિય** કહેવાવ છો! **૭૬૫.** અત્યંત શાંત હોવાથી આપ **પ્રશાંત** કહેવાવ છો! **૭૬૬.** અનંતતેજના ધારક ઋષિ

હોવાથી આપ **અનંતધામર્ષિ** કહેવાવ છો! ૭૬૭. મંગળરૂપ હોવાથી આપ **મંગળ** કહેવાવ છો! ૭૬૮. મળને નષ્ટ કરવાવાળા હોવાથી આપ **મલહા** કહેવાવ છો! ૭૬૯. વ્યસન અથવા દુઃખથી રહિત હોવાથી આપ **અનઘ** કહેવાવ છો! ૭૭૦. આપ સમાન અન્ય કોઈ ન હોવાથી આપ **અનિદંક્** કહેવાવ છો! ૭૭૧. બધા માટે ઉપમા દેવાયોગ્ય હોવાથી આપ **ઉપમાભૂત** કહેવાવ છો! ૭૭૨. બધા જીવોના ભાગ્યસ્વરૂપ હોવાથી આપ **દિષ્ટિ** કહેવાવ છો! ૭૭૩. બધા જીવોના ભાગ્યસ્વરૂપ હોવાથી આપ **દૈવ** કહેવાવ છો! ૭૭૪. ઈન્દ્રિયો દ્વારા જણાઈ શકતા નથી અથવા કેવળજ્ઞાન થયા પછી ગો અર્થાત્ પૃથ્વી પર વિહાર નથી કરતાં પરંતુ આકાશમાં ગમન કરતાં હોવાથી આપ **અગોચર** કહેવાવ છો! ૭૭૫. રૂપ, રસ, ગંધ, સ્પર્શથી રહિત હોવાથી આપ **અમૂર્ત** કહેવાવ છો! ૭૭૬. શરીર સહિત હોવાથી આપ **મૂર્તિમાન** કહેવાવ છો! ૭૭૭. અદ્વિતીય હોવાથી આપ **એક** કહેવાવ છો! ૭૭૮. અનેક ગુણો સહિત હોવાથી આપ **નૈક** કહેવાવ છો! ૭૭૯. આત્માને છોડીને આપ અન્ય અનેક પદાર્થોને નથી જોતા—તેમાં તલ્લીન ન થતાં હોવાથી આપ **નાનૈકતત્ત્વદંક્** કહેવાવ છો! ૭૮૦. અધ્યાત્મ શાસ્ત્રો દ્વારા જાણવાયોગ્ય હોવાથી આપ **અધ્યાત્મગમ્ય** કહેવાવ છો! ૭૮૧. મિથ્યાદૃષ્ટિ જીવોને જાણવાયોગ્ય ન હોવાથી આપ **અગમ્યાત્મા** કહેવાવ છો! ૭૮૨. યોગના જાણકાર હોવાથી આપ **યોગવિદ્** કહેવાવ છો! ૭૮૩. યોગીઓ દ્વારા વંદના કરવામાં આવતા હોવાથી આપ **યોગીવંદિત** કહેવાવ છો! ૭૮૪. કેવળજ્ઞાનની અપેક્ષાએ બધી જગ્યાએ વ્યાપ્ત હોવાથી આપ **સર્વત્રગ** કહેવાવ છો! ૭૮૫. સદા વિદ્યમાન રહેતા હોવાથી આપ **સદાભાવી** કહેવાવ છો! ૭૮૬. ત્રિકાળ વિષયક સમસ્ત પદાર્થોને જોવાથી આપ **ત્રિકાલવિષયાર્થદંક્** કહેવાવ છો! ૭૮૭. બધાને સુખ આપવાવાળા હોવાથી આપ **શંકર** કહેવાવ છો! ૭૮૮. સુખનો માર્ગ દેખાડવાવાળા હોવાથી આપ **શંવદ** કહેવાવ છો! ૭૮૯. મનને વશ કરવાથી આપ **દાન્ત** કહેવાવ છો! ૭૯૦. ઈન્દ્રિયોનું દમન કરવાથી આપ **દમી** કહેવાવ છો! ૭૯૧. ક્ષમા ધારણ કરવામાં તત્પર હોવાથી આપ **ક્ષાન્તિપરાયણ** કહેવાવ છો! ૭૯૨. બધાના સ્વામી હોવાથી આપ **અધિપ** કહેવાવ છો! ૭૯૩. ઉત્કૃષ્ટ આનંદરૂપ હોવાથી આપ **પરમાનંદ** કહેવાવ છો! ૭૯૪. ઉત્કૃષ્ટ અથવા પર અને નિજના આત્માને જાણતા હોવાથી આપ **પરાત્મજ્ઞ** કહેવાવ છો! ૭૯૫. શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ હોવાથી આપ **પરાત્પર** કહેવાવ છો! ૭૯૬. ત્રણેય લોકના પ્રિય અથવા સ્વામી હોવાથી આપ **ત્રિજગદ્વલ્લભ** કહેવાવ છો! ૭૯૭. પૂજનીય હોવાથી આપ અભ્યર્ચ્ય કહેવાવ છો! ૭૯૮. ત્રણેય લોકમાં મંગલદાતા હોવાથી આપ **ત્રિજગન્મંગલોદય** કહેવાવ છો! ૭૯૯. ત્રણેય લોકના ઈન્દ્રો દ્વારા પૂજનીય ચરણોથી યુક્ત હોવાથી આપ **ત્રિજગત્પતિપૂજ્યાંઘ્રિ** કહેવાવ છો! ૮૦૦. થોડા સમય પછી ત્રણેય લોકના અગ્રભાગ પર ચૂડામણિ સમાન બિરાજમાન થવાના હોવાથી આપ **ત્રિલોકાગ્રશિખામણિ** કહેવાવ છો!

૮૦૧. ત્રણેય કાળ સંબંધી સમસ્ત પદાર્થોને જોવાવાળા હોવાથી આપ **ત્રિકાળદર્શી** કહેવાવ છો! ૮૦૨. લોકના સ્વામી હોવાથી આપ **લોકેશ** કહેવાવ છો! ૮૦૩. સમસ્ત લોકોના પોષક અથવા રક્ષક હોવાથી આપ **લોકધાતા** કહેવાવ છો! ૮૦૪. વ્રતોને સ્થિર રાખતા હોવાથી આપ **દઢવ્રત** કહેવાવ છો! ૮૦૫. બધા લોકોથી શ્રેષ્ઠ હોવાથી આપ **સર્વલોકાતિગ** કહેવાવ છો! ૮૦૬. પૂજાયોગ્ય હોવાથી આપ **પૂજ્ય** કહેવાવ છો! ૮૦૭. બધા લોકોને મુખ્યરૂપથી અભિષ્ટ સ્થાન સુધી પહોંચાડવામાં સમર્થ હોવાથી આપ **સર્વલોકૈકસારથિ** કહેવાવ છો! ૮૦૮. સૌથી પ્રાચીન હોવાથી આપ **પુરાણ** કહેવાવ છો! ૮૦૯. આત્માના શ્રેષ્ઠ ગુણોને પ્રાપ્ત થવાથી આપ **પુરુષ** કહેવાવ છો! ૮૧૦. સર્વપ્રથમ થવાથી આપ **પૂર્વ** કહેવાવ છો! ૮૧૧. અંગ અને પૂર્વોનો વિસ્તાર કરવાથી **કૃતપૂર્વાંગવિસ્તર** કહેવાવ છો! ૮૧૨. બધા દેવોમાં મુખ્ય હોવાથી આપ **આદિદેવ** કહેવાવ છો! ૮૧૩. પુરાણોમાં પ્રથમ હોવાથી આપ **પુરાણાદ્ય** કહેવાવ છો! ૮૧૪. મહાન અથવા પ્રથમ તીર્થંકર હોવાથી આપ **પુરુદેવ** કહેવાવ છો! ૮૧૫. દેવોના પણ દેવ હોવાથી આપ **અધિદેવતા** કહેવાવ છો! ૮૧૬. આ અવસર્પિણીયુગના મુખ્ય પુરુષ હોવાથી આપ **યુગમુખ્ય** કહેવાવ છો! ૮૧૭. આ યુગમાં સૌથી મોટા હોવાથી આપ **યુગજ્યેષ્ઠ** કહેવાવ છો! ૮૧૮. કર્મભૂમિરૂપ યુગના પ્રારંભમાં તત્કાલોચિત્ મર્યાદાના ઉપદેશક હોવાથી આપ **યુગાદિસ્થિતિદેશક** કહેવાવ છો! ૮૧૯. કલ્યાણ અર્થાત્ સુવર્ણ સમાન કાંતિના ધારક હોવાથી આપ **કલ્યાણવર્ણ** કહેવાવ છો! ૮૨૦. કલ્યાણરૂપ હોવાથી આપ **કલ્યાણ** કહેવાવ છો! ૮૨૧. મોક્ષ પ્રાપ્ત કરવામાં સજ્જ અર્થાત્ તત્પર હોવાથી અથવા નિરામય-નીરોગ હોવાથી આપ **કલ્ય** કહેવાવ છો! ૮૨૨. કલ્યાણકારી લક્ષણોથી યુક્ત હોવાથી આપ **કલ્યાણલક્ષણ** કહેવાવ છો! ૮૨૩. આપનો સ્વભાવ કલ્યાણરૂપ હોવાથી આપ **કલ્યાણપ્રકૃતિ** કહેવાવ છો! ૮૨૪. આપનો આત્મા દૈદીપ્યમાન સુવર્ણ સમાન નિર્મળ હોવાથી આપ **દીપ્રકલ્યાણાત્મા** કહેવાવ છો! ૮૨૫. કર્મકાલિમાથી રહિત હોવાથી આપ **વિકલ્મષ** કહેવાવ છો! ૮૨૬. કલંક રહિત હોવાથી આપ **વિકલંક** કહેવાવ છો! ૮૨૭. શરીર રહિત હોવાથી આપ **કલાતીત** કહેવાવ છો! ૮૨૮. પાપોને નષ્ટ કરવાવાળા હોવાથી આપ **કલિલઘ્ન** કહેવાવ છો! ૮૨૯. અનેક કળાઓને ધારણ કરવાવાળા હોવાથી આપ **કલાધર** કહેવાવ છો! ૮૩૦. દેવોના દેવ હોવાથી આપ **દેવદેવ** કહેવાવ છો! ૮૩૧. જગતના સ્વામી હોવાથી આપ **જગન્નાથ** કહેવાવ છો! ૮૩૨. જગતના ભાઈ હોવાથી આપ **જગદ્‌બંધુ** કહેવાવ છો! ૮૩૩. જગતના સ્વામી હોવાથી આપ **જગદ્‌વિભુ** કહેવાવ છો! ૮૩૪. જગતનું હિત ઈચ્છવાવાળા હોવાથી આપ **જગદ્ધિતૈષી** કહેવાવ છો! ૮૩૫. લોકને જાણવાથી આપ **લોકજ્ઞ** કહેવાવ છો! ૮૩૬. બધી જગ્યાએ વ્યાપ્ત હોવાથી આપ **સર્વગ** કહેવાવ છો! ૮૩૭. જગતમાં બધામાં જ્યેષ્ઠ હોવાથી આપ **જગદગ્રજ** કહેવાવ છો! ૮૩૮. ચર, સ્થાવર બધાના ગુરુ હોવાથી આપ

ચરાચર **ગુરુ** કહેવાવ છો! ૮૩૯. ખૂબ જ સાવધાનીપૂર્વક હૃદયમાં સુરક્ષિત રાખવાના કારણે આપ **ગોપ્ય** કહેવાવ છો! ૮૪૦. ગૂઢ સ્વરૂપના ધારક હોવાથી આપ **ગૂઢાત્મા** કહેવાવ છો! ૮૪૧. અત્યંત ગૂઢ વિષયને જાણવાથી આપ **ગૂઢગોચર** કહેવાવ છો! ૮૪૨. તત્કાલમાં ઉત્પન્ન થયેલા સમાન નિર્વિકાર હોવાથી આપ **સદ્યોજાત** કહેવાવ છો! ૮૪૩. પ્રકાશસ્વરૂપ હોવાથી આપ **પ્રકાશાત્મા** કહેવાવ છો! ૮૪૪. સળગતી અગ્નિ સમાન શરીરની પ્રભાના ધારક હોવાથી આપ **જ્વલજ્જ્વલનસપ્રભ** કહેવાવ છો! ૮૪૫. સૂર્ય સમાન તેજસ્વી હોવાથી આપ **આદિત્યવર્ણ** કહેવાવ છો! ૮૪૬. સુવર્ણ સમાન કાંતિવાળા હોવાથી આપ **ભર્માભ** કહેવાવ છો! ૮૪૭. ઉત્તમ પ્રભાથી યુક્ત હોવાથી આપ **સુપ્રભ** કહેવાવ છો! ૮૪૮. સુવર્ણ સમાન આભા હોવાથી આપ **કનકપ્રભ** કહેવાવ છો! ૮૪૯. આપ **સુવર્ણવર્ણ** કહેવાવ છો! ૮૫૦. આપ **રુક્માભ** કહેવાવ છો! ૮૫૧. કરોડો સૂર્ય સમાન દૈદીપ્યમાન પ્રભાના ધારક હોવાથી આપ **સૂર્યકોટિસમપ્રભ** કહેવાવ છો! ૮૫૨. સુવર્ણ સમાન ભાસ્વર હોવાથી આપ **તપનીયનિભ** કહેવાવ છો! ૮૫૩. ઉંચું શરીર હોવાથી આપ **તુંગ** કહેવાવ છો! ૮૫૪. પ્રાતઃકાળના સૂર્ય સમાન બાળપ્રભાના ધારક હોવાથી આપ **બાલાર્કાભ** કહેવાવ છો! ૮૫૫. અગ્નિ સમાન કાંતિવાળા હોવાથી આપ **અનલપ્રભ** કહેવાવ છો! ૮૫૬. સંધ્યાકાળના વાદળ સમાન સુંદર હોવાથી આપ **સંધ્યાભ્રવભ્રુ** કહેવાવ છો! ૮૫૭. સુવર્ણ સમાન આભાવાળા હોવાથી આપ **હેમાભ** કહેવાવ છો! ૮૫૮. તપાવેલા સુવર્ણ સમાન પ્રભાથી યુક્ત હોવાથી આપ **તપ્તચામીકરપ્રભ** કહેવાવ છો! ૮૫૯. અત્યંત તપાવેલા સુવર્ણ સમાન કાંતિવાળા હોવાથી આપ **નિષ્ટપ્તકનકચ્છાય** કહેવાવ છો! ૮૬૦. દૈદીપ્યમાન સુવર્ણ સમાન ઉજ્જ્વળ હોવાથી આપ **કનત્કાંચનસન્નિભ** કહેવાવ છો! ૮૬૧ સુવર્ણ સમાન વર્ણ હોવાથી આપ **હિરણ્યવર્ણ** કહેવાવ છો! ૮૬૨. આપ **સ્વર્ણાભ** કહેવાવ છો! ૮૬૩. આપ **શાતકુમ્ભનિભપ્રભ** કહેવાવ છો! ૮૬૪. આપ **દ્યુમ્નાભ** કહેવાવ છો! ૮૬૫. આપ **જાતરૂપાભ** કહેવાવ છો! ૮૬૬. આપ **તપ્તજામ્બુનદદ્યુતિ** કહેવાવ છો! ૮૬૭. આપ **સુધૌતકલધૌતશ્રી** કહેવાવ છો! ૮૬૮. આપ **હાટકદ્યુતિ** કહેવાવ છો! ૮૬૯. દૈદીપ્યમાન હોવાથી આપ **પ્રદીપ્ત** કહેવાવ છો! ૮૭૦. શિષ્ટ અર્થાત્ ઉત્તમ પુરુષોના ઈષ્ટ હોવાથી આપ **શિષ્ટેષ્ટ** કહેવાવ છો! ૮૭૧. પુષ્ટિને કરવાવાળા હોવાથી આપ **પુષ્ટિદ** કહેવાવ છો! ૮૭૨. બળવાન હોવાથી અથવા લાભાન્તરાય કર્મના ક્ષયથી પ્રત્યેક સમયે પ્રાપ્ત થવાવાળા અનંત શુભ પુદ્ગલવર્ગણાઓથી પરમૌદારિક શરીરના પુષ્ટ થવાથી આપ **પુષ્ટ** કહેવાવ છો! ૮૭૩. પ્રગટ દેખાતા હોવાથી આપ **સ્પષ્ટ** કહેવાવ છો! ૮૭૪. સ્પષ્ટ અક્ષર હોવાથી આપ **સ્પષ્ટાક્ષર** કહેવાવ છો! ૮૭૫. સમર્થ હોવાથી આપ **ક્ષમ** કહેવાવ છો! ૮૭૬. કર્મરૂપ શત્રુઓને નાશ કરવાથી આપ **શત્રુઘ્ન** કહેવાવ છો! ૮૭૭. શત્રુ રહિત હોવાથી આપ **અપ્રતિઘ** કહેવાવ છો! ૮૭૮. સફળ હોવાથી આપ **અમોઘ** કહેવાવ છો! ૮૭૯. ઉત્તમ ઉપદેશક હોવાથી આપ

**પ્રશાસ્તા** કહેવાવ છો! ૮૮૦. રક્ષક હોવાથી આપ **શાસિતા** કહેવાવ છો! ૮૮૧. સ્વયમેવ ઉત્પન્ન થયા હોવાથી આપ **સ્વભૂ** કહેવાવ છો! ૮૮૨. શાંત હોવાથી આપ **શાંતનિષ્ઠ** કહેવાવ છો! ૮૮૩. મુનિઓમાં શ્રેષ્ઠ હોવાથી આપ **મુનિજ્યેષ્ઠ** કહેવાવ છો! ૮૮૪. કલ્યાણ પરંપરાને પ્રાપ્ત હોવાથી આપ **શિવતાતિ** કહેવાવ છો! ૮૮૫. કલ્યાણ અથવા મોક્ષપ્રદાન કરવાવાળા હોવાથી આપ **શિવપ્રદ** કહેવાવ છો! ૮૮૬. શાંતિ આપવાવાળા હોવાથી આપ **શાંતિદ** કહેવાવ છો! ૮૮૭. શાંતિના કર્તા હોવાથી આપ **શાંતિકૃત** કહેવાવ છો! ૮૮૮. શાંતસ્વરૂપ હોવાથી આપ **શાંતિ** કહેવાવ છો! ૮૮૯. કાંતિયુક્ત હોવાથી આપ **કાંતિમાન** કહેવાવ છો! ૮૯૦. ઈચ્છિત પદાર્થ પ્રદાન કરતા હોવાથી આપ **કામિતપ્રદ** કહેવાવ છો! ૮૯૧. કલ્યાણના ભંડાર હોવાથી આપ **શ્રેયોનિધિ** કહેવાવ છો! ૮૯૨. ધર્મનો આધાર હોવાથી આપ **અધિષ્ઠાન** કહેવાવ છો! ૮૯૩. અન્યકૃત પ્રતિષ્ઠાથી રહિત હોવાથી આપ **અપ્રતિષ્ઠ** કહેવાવ છો! ૮૯૪. પ્રતિષ્ઠા અર્થાત્ કીર્તિથી યુક્ત હોવાથી આપ **પ્રતિષ્ઠિત** કહેવાવ છો! ૮૯૫. અતિશય સ્થિર હોવાથી આપ **સુસ્થિર** કહેવાવ છો! ૮૯૬. વિહાર રહિત હોવાથી આપ **સ્થાવર** કહેવાવ છો! ૮૯૭. અચલ હોવાથી આપ **સ્થાણુ** કહેવાવ છો! ૮૯૮. અત્યંત વિસ્તૃત હોવાથી આપ **પ્રથીયાન** કહેવાવ છો! ૮૯૯. પ્રસિદ્ધ હોવાથી આપ **પ્રથિત** કહેવાવ છો! ૯૦૦. જ્ઞાનાદિ ગુણોની અપેક્ષાએ મહાન હોવાથી આપ **પૃથુ** કહેવાવ છો!

૯૦૧. દિશારૂપ વસ્ત્રને ધારણ કરવાથી આપ **દિગ્વાસા** કહેવાવ છો! ૯૦૨. વાયુરૂપી કરધનીને ધારણ કરવાથી **વાતરશન** કહેવાવ છો! ૯૦૩. નિર્ગ્રંથ મુનિઓના સ્વામી હોવાથી આપ **નિર્ગ્રંથેશ** કહેવાવ છો! ૯૦૪. વસ્ત્રરહિત હોવાથી આપ **નિરંબર** કહેવાવ છો! ૯૦૫. પરિગ્રહ રહિત હોવાથી આપ **નિષ્કિંચન** કહેવાવ છો! ૯૦૬. ઈચ્છારહિત હોવાથી આપ **નિરાશંસ** કહેવાવ છો! ૯૦૭. જ્ઞાનરૂપી નેત્રના ધારક હોવાથી આપ **જ્ઞાનચક્ષુ** કહેવાવ છો! ૯૦૮. મોહથી રહિત હોવાથી આપ **અમોમુહ** કહેવાવ છો! ૯૦૯. તેજનો સમૂહ હોવાથી આપ **તેજોરાશિ** કહેવાવ છો! ૯૧૦. અનંત પ્રતાપના ધારક હોવાથી આપ **અનંતૌજ** કહેવાવ છો! ૯૧૧. જ્ઞાનના સમુદ્ર હોવાથી આપ **જ્ઞાનાબ્ધિ** કહેવાવ છો! ૯૧૨. શીલના સમુદ્ર હોવાથી આપ **શીલસાગર** કહેવાવ છો! ૯૧૩. તેજઃસ્વરૂપ હોવાથી આપ **તેજોમય** કહેવાવ છો! ૯૧૪. અપરિમિત જ્યોતિના ધારક હોવાથી આપ **અમિતજ્યોતિ** કહેવાવ છો! ૯૧૫. ભાસ્વર શરીર હોવાથી આપ **જ્યોતિર્મૂર્તિ** કહેવાવ છો! ૯૧૬. અજ્ઞાનરૂપ અંધકારને નષ્ટ કરવાવાળા હોવાથી આપ **તમોઅપહ** કહેવાવ છો! ૯૧૭. ત્રણેય લોકમાં મસ્તકના રત્ન સમાન અતિશય શ્રેષ્ઠ હોવાથી આપ **જગતચ્ચૂડામણિ** કહેવાવ છો! ૯૧૮. દૈદીપ્યમાન હોવાથી આપ **દીપ્ત** કહેવાવ છો! ૯૧૯. સુખી અથવા શાંત હોવાથી આપ **શંવાન** કહેવાવ છો! ૯૨૦. વિઘ્નોના નાશક હોવાથી આપ **વિઘ્નવિનાશક** કહેવાવ છો! ૯૨૧. કલહ અથવા પાપોને નષ્ટ કરવાથી આપ **કલિઘ્ન** કહેવાવ છો! ૯૨૨. કર્મરૂપ શત્રુઓના ઘાતક હોવાથી આપ

**કર્મશત્રુધ્ન** કહેવાવ છો! ૯૨૩. લોક તથા અલોકને પ્રકાશિત કરવાથી આપ **લોકાલોકપ્રકાશક** કહેવાવ છો! ૯૨૪. નિદ્રારહિત હોવાથી આપ **અનિદ્રાલુ** કહેવાવ છો! ૯૨૫. તંદ્રા-આળસ રહિત હોવાથી આપ **અતંદ્રાળુ** કહેવાવ છો! ૯૨૬. સદા જાગ્રત રહેવાથી **જાગરૂક** કહેવાવ છો! ૯૨૭. જ્ઞાનમય રહેવાથી **પ્રભામય** કહેવાવ છો! ૯૨૮. અનંતચતુષ્ટરૂપ લક્ષ્મીના સ્વામી હોવાથી આપ **લક્ષ્મીપતિ** કહેવાવ છો! ૯૨૯. જગતને પ્રકાશિત કરવાથી આપ **જગજ્જ્યોતિ** કહેવાવ છો! ૯૩૦. અહિંસાધર્મના રાજા હોવાથી આપ **ધર્મરાજ** કહેવાવ છો! ૯૩૧. પ્રજાના હિતૈષી હોવાથી આપ **પ્રજાહિત** કહેવાવ છો! ૯૩૨. મોક્ષના ઈચ્છુક હોવાથી આપ **મુમુક્ષુ** કહેવાવ છો! ૯૩૩. બંધ અને મોક્ષનું સ્વરૂપ જાણવાથી આપ **બંધમોક્ષજ્ઞ** કહેવાવ છો! ૯૩૪. ઈન્દ્રિયોને જીતવાથી આપ **જિતાક્ષ** કહેવાવ છો! ૯૩૫. કામને જીતવાથી આપ **જિતમન્મથ** કહેવાવ છો! ૯૩૬. અત્યંત શાંતરૂપી રસને પ્રદર્શિત કરવા માટે નટ સમાન હોવાથી આપ **પ્રશાંતરસશૈલૂષ** કહેવાવ છો! ૯૩૭. ભવ્ય સમૂહના સ્વામી હોવાથી આપ **ભવ્યપેટકનાયક** કહેવાવ છો! ૯૩૮. ધર્મના આદ્યવક્તા હોવાથી આપ **મૂળકર્તા** કહેવાવ છો! ૯૩૯. સમસ્ત પદાર્થોને પ્રકાશિત કરતા હોવાથી આપ **અખિલજ્યોતિ** કહેવાવ છો! ૯૪૦. કર્મમળને નષ્ટ કરવાથી આપ **મલઘ્ન** કહેવાવ છો! ૯૪૧. મોક્ષમાર્ગના મુખ્ય કારણ હોવાથી આપ **મૂળકારણ** કહેવાવ છો! ૯૪૨. યથાર્થ વક્તા હોવાથી આપ **આપ્ત** કહેવાવ છો! ૯૪૩. વચનોના સ્વામી હોવાથી આપ **વાગીશ્વર** કહેવાવ છો! ૯૪૪. કલ્યાણસ્વરૂપ હોવાથી આપ **શ્રેયાન્** કહેવાવ છો ૯૪૫. કલ્યાણરૂપ વાણી હોવાથી આપ **શ્રાયસોક્તિ** કહેવાવ છો! ૯૪૬. સાર્થક વચન હોવાથી આપ **નિરુક્તવાક્** કહેવાવ છો! ૯૪૭. શ્રેષ્ઠ વક્તા હોવાથી આપ **પ્રવક્તા** કહેવાવ છો! ૯૪૮. વચનોના સ્વામી હોવાથી આપ **વચસામીશ** કહેવાવ છો! ૯૪૯. કામદેવને જીતવાના કારણે આપ **મારજિત્** કહેવાવ છો! ૯૫૦. સંસારના સમસ્ત પદાર્થોને જાણવાથી આપ **વિશ્વભાવવિત્** કહેવાવ છો! ૯૫૧. ઉત્તમ શરીરયુક્ત હોવાથી આપ **સુતનુ** કહેવાવ છો! ૯૫૨. શીઘ્ર જ શરીરબંધનથી રહિત થઈ મોક્ષની પ્રાપ્તિ થવાની હોવાથી આપ **તનુનિર્મુક્ત** કહેવાવ છો! ૯૫૩. પ્રશસ્તવિહાયોગતિ નામકર્મના ઉદયથી આકાશમાં ઉત્તમ ગમન કરવું, આત્મસ્વરૂપમાં તલ્લીન થવું અથવા ઉત્તમ જ્ઞાનમય હોવાથી આપ **સુગત** કહેવાવ છો! ૯૫૪. મિથ્યાનયોને નષ્ટ કરવાથી આપ **હતદુર્નય** કહેવાવ છો! ૯૫૫. લક્ષ્મીના ઈશ્વર હોવાથી આપ **શ્રીશ** કહેવાવ છો! ૯૫૬. લક્ષ્મી આપના ચરણોની સેવા કરતી હોવાથી આપ **શ્રીશ્રિતપાદાબ્જ** કહેવાવ છો! ૯૫૭. ભય રહિત હોવાથી આપ **વીતભી** કહેવાવ છો! ૯૫૮. બીજાનો ભય નષ્ટ કરવાવાળા હોવાથી આપ **અભયંકર** કહેવાવ છો! ૯૫૯. સમસ્ત દોષોને નષ્ટ કરી દીધા હોવાથી આપ **ઉત્સન્નદોષ** કહેવાવ છો! ૯૬૦. વિઘ્ન રહિત હોવાથી આપ **નિર્વિઘ્ન** કહેવાવ છો! ૯૬૧ સ્થિર હોવાથી આપ **નિશ્ચળ** કહેવાવ છો! ૯૬૨. લોકોના

સ્નેહપાત્ર હોવાથી આપ **લોકવત્સલ** કહેવાવ છો! **૯૬૩.** સમસ્ત લોકોમાં ઉત્કૃષ્ટ હોવાથી આપ **લોકોત્તર** કહેવાવ છો! **૯૬૪.** ત્રણેય લોકના સ્વામી હોવાથી આપ **લોકપતિ** કહેવાવ છો! **૯૬૫.** સમસ્ત પુરુષોના નેત્રસ્વરૂપ હોવાથી આપ **લોકચક્ષુ** કહેવાવ છો! **૯૬૬.** અપરિમિત બુદ્ધિના ધારક હોવાથી આપ **અપારધી** કહેવાવ છો! **૯૬૭.** સદા સ્થિરબુદ્ધિના ધારક હોવાથી આપ **ધીરધી** કહેવાવ છો! **૯૬૮.** સમીચીન માર્ગને જાણી લેવાથી આપ **બુદ્ધસન્માર્ગ** કહેવાવ છો! **૯૬૯.** કર્મમળથી રહિત હોવાથી આપ **શુદ્ધ** કહેવાવ છો! **૯૭૦.** સત્ય તથા પવિત્ર વચન બોલવાથી આપ **સત્યસૂનૃતવાક્** કહેવાવ છો! **૯૭૧.** બુદ્ધિની પરાકાષ્ઠાને પ્રાપ્ત થયા હોવાથી આપ **પ્રજ્ઞાપારમિત** કહેવાવ છો! **૯૭૨.** અતિશય બુદ્ધિમાન હોવાથી આપ **પ્રાજ્ઞ** કહેવાવ છો! **૯૭૩.** વિષયકષાયોથી વિરક્ત હોવાથી આપ **યતિ** કહેવાવ છો! **૯૭૪.** ઈન્દ્રિયોને વશ કરવાથી આપ **નિયમિતેન્દ્રિય** કહેવાવ છો! **૯૭૫.** પૂજ્ય હોવાથી આપ **ભદંત** કહેવાવ છો! **૯૭૬.** બધા જીવોનું ભલું કરવાથી આપ **ભદ્રકૃત** કહેવાવ છો! **૯૭૭.** કલ્યાણરૂપ હોવાથી આપ **ભદ્ર** કહેવાવ છો! **૯૭૮.** મનોવાંછિત વસ્તુઓના દાતા હોવાથી આપ **કલ્પવૃક્ષ** કહેવાવ છો! **૯૭૯.** ઈચ્છિતવર પ્રદાન કરવાથી આપ **વરપ્રદ** કહેવાવ છો! **૯૮૦.** કર્મરૂપ શત્રુઓને ઉખાડી દેવાથી આપ **સમુન્મૂલિતકર્મારિ** કહેવાવ છો! **૯૮૧.** કર્મરૂપ ઈંધનને બાળવા માટે અગ્નિ સમાન હોવાથી આપ **કર્મકાષ્ઠાશુશુક્ષણિ** કહેવાવ છો! **૯૮૨.** કાર્ય કરવામાં નિપુણ હોવાથી આપ **કર્મણ્ય** કહેવાવ છો! **૯૮૩.** સમર્થ હોવાથી આપ **કર્મઠ** કહેવાવ છો! **૯૮૪.** ઉત્કૃષ્ટ અથવા ઉન્નત હોવાથી આપ **પ્રાંશુ** કહેવાવ છો! **૯૮૫.** છોડવા તથા ગ્રહણ કરવાયોગ્ય પદાર્થોના જાણવામાં વિદ્વાન હોવાથી આપ **હેયાદેયવિચક્ષણ** કહેવાવ છો! **૯૮૬.** અનંત શક્તિઓના ધારક હોવાથી આપ **અનંતશક્તિ** કહેવાવ છો! **૯૮૭.** કોઈના દ્વારા છિન્ન-ભિન્ન કરવાયોગ્ય ન હોવાથી આપ **અછેદ્ય** કહેવાવ છો! **૯૮૮.** જન્મ, જરા, મરણનો નાશ કરવાથી આપ **ત્રિપુરારિ** કહેવાવ છો! **૯૮૯.** ત્રિકાળવર્તી પદાર્થોને જાણવાથી **ત્રિલોચન** કહેવાવ છો! **૯૯૦.** આપ **ત્રિનેત્ર** કહેવાવ છો! **૯૯૧.** આપ **ત્ર્યમ્બક** કહેવાવ છો! **૯૯૨.** આપ **ત્ર્યક્ષ** કહેવાવ છો! **૯૯૩.** કેવળજ્ઞાનરૂપ નેત્ર સહિત હોવાથી આપ **કેવલજ્ઞાનવીક્ષણ** કહેવાવ છો! **૯૯૪.** બધી બાજુથી મંગળરૂપ હોવાથી આપ **સમંતભદ્ર** કહેવાવ છો! **૯૯૫.** કર્મરૂપ શત્રુઓના શાંત થઈ જવાથી આપ **શાંતારિ** કહેવાવ છો! **૯૯૬.** ધર્મના વ્યવસ્થાપક હોવાથી આપ **ધર્માચાર્ય** કહેવાવ છો! **૯૯૭.** દયાના ભંડાર હોવાથી આપ **દયાનિધિ** કહેવાવ છો! **૯૯૮.** સૂક્ષ્મ પદાર્થોને પણ જોવાથી આપ **સૂક્ષ્મદર્શી** કહેવાવ છો! **૯૯૯.** કામદેવને જીતી લેવાથી આપ **જિતાનંગ** કહેવાવ છો! **૧૦૦૦.** કૃપાયુક્ત હોવાથી આપ **કૃપાળુ** કહેવાવ છો!

**૧૦૦૧.** ધર્મના ઉપદેશક હોવાથી આપ **ધર્મદેશક** કહેવાવ છો! **૧૦૦૨.** શુભયુક્ત હોવાથી આપ **શુભંયુ** કહેવાવ

છો! **૧૦૦૩.** સુખને આધીન હોવાથી આપ **સુખસાદ્‌ભૂત** કહેવાવ છો! **૧૦૦૪.** પુણ્યના સમૂહ હોવાથી આપ **પુણ્યરાશિ** કહેવાવ છો! **૧૦૦૫.** રોગ રહિત હોવાથી આપ **અનામય** કહેવાવ છો! **૧૦૦૬.** ધર્મની રક્ષા કરવાથી આપ **ધર્મપાલ** કહેવાવ છો! **૧૦૦૭.** જગતની રક્ષા કરવાથી આપ **જગતપાલ** કહેવાવ છો! **૧૦૦૮.** ધર્મરૂપી સામ્રાજ્યના સ્વામી હોવાથી આપ **ધર્મસામ્રાજ્યનાયક** કહેવાવ છો!

હે તેજના અધિપતિ જિનેન્દ્રદેવ! આગમના જ્ઞાતા વિદ્વાનોએ આપના આ એક હજાર આઠ નામ સંચિત કર્યા છે. જે પુરુષ આપના આ નામોનું ધ્યાન કરે છે, તેમની સ્મરણશક્તિ અત્યંત પવિત્ર થઈ જાય છે. હે પ્રભો! જો કે આપ આ નામસૂચક વચનને ગોચર છો, તેમ છતાં વચનોને અગોચર જ માનવામાં આવ્યા છે. આ બધું છે, પરંતુ સ્તુતિ કરવાવાળા આપનાથી નિઃસંદેહ અભિષ્ટફળ પ્રાપ્ત કરે છે. તેથી, હે ભગવાન! આપ જ જગતના બંધુ છો, આપ જ જગતના વૈદ્ય છો, આપ જ જગતનું પોષણ કરવાવાળા છો અને આપ જ જગતનું હિત કરવાવાળા છો. હે નાથ! જગતને પ્રકાશિત કરવાવાળા આપ એક જ છો, જ્ઞાન તથા દર્શન—આ પ્રકારે વિવિધ ઉપયોગના ધારક હોવાથી બેરૂપ છો, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર—આ પ્રકારે ત્રિવિધ મોક્ષમાર્ગમય હોવાથી ત્રણરૂપ છો, પોતામાં જ ઉત્પન્ન થયેલા અનંતચતુષ્ટરૂપ હોવાથી ચારરૂપ છો, પંચપરમેષ્ઠીસ્વરૂપ હોવાથી અથવા ગર્ભાદિ પંચકલ્યાણકોના નાયક હોવાથી પાંચરૂપ છો; જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ—આ છ દ્રવ્યોના જ્ઞાતા હોવાથી છરૂપ છો; નૈગમ આદિ સાત નયોના સંગ્રહસ્વરૂપ હોવાથી સાતરૂપ છો; સમ્યક્ત્વ આદિ આઠ અલૌકિક ગુણરૂપ હોવાથી આઠરૂપ છો; નવ કેવળલબ્ધિઓથી સહિત હોવાથી નવરૂપ છો અને મહાબળ આદિ દસ અવતારોથી આપનો નિર્ધાર થતો હોવાથી આપ દસરૂપ છો. આ રીતે, હે પરમેશ્વર સંસારના દુઃખોથી મારી રક્ષા કરો.

હે ભગવાન! લોકો આપની નામાવલીથી બનેલા સ્તોત્રોની માળાથી આપની પૂજા કરે છે. તેથી આપ પ્રસન્ન થાઓ અને અમને બધાને અનુગ્રહિત કરો. ભક્તગણ આ સ્તોત્રનું સ્મરણ કરવામાત્રથી જ પવિત્ર થઈ જાય છે અને જેઓ આ પુણ્યપાઠનું પઠન કરે છે તેઓ કલ્યાણને પાત્ર થાય છે. તેથી, જે બુદ્ધિમાન પુરુષ પુણ્યની ઈચ્છા રાખે છે અથવા ઈન્દ્રની પરમ વિભૂતિ પ્રાપ્ત કરવા ઈચ્છે છે તેઓ સદાય આ સ્તોત્રનું પઠન કરે. આ રીતે, ઈન્દ્રએ

ચર અને અચર જગતના ગુરુ ભગવાન વૃષભદેવની સ્તુતિ કર્યા બાદ તીર્થવિહાર માટે આ પ્રમાણે પ્રાર્થના કરી— હે ભગવાન! ભવ્યજીવરૂપી ધાન્ય પાપરૂપી અનાવૃષ્ટિથી સુકાઈ રહ્યા છે. તેથી હે વિભો! તેમનું ધર્મરૂપી અમૃતથી સિંચન કરી તેમના માટે આપ શરણ બનો. હે ભવ્યજીવોના સમૂહના સ્વામી! હે લહેરાતી દયારૂપી ધ્વજાથી સુશોભિત જિનેન્દ્રદેવ! આપના વિજયના ઉદ્યોગને સિદ્ધ કરવાવાળું આ ધર્મચક્ર તૈયાર છે. હે ભગવાન! મોક્ષમાર્ગને રોકવાવાળી મોહની સેનાને નષ્ટ કરી ચૂક્યા પછી હવે આપનો આ સમીચીન મોક્ષમાર્ગનો ઉપદેશ દેવાનો સમય આવ્યો છે. આ રીતે, જેમણે સમસ્ત તત્ત્વોનું સ્વરૂપ જાણી લીધું છે અને જેઓ સ્વયં જ વિહાર કરવા માટે તૈયાર છે એવા ભગવાન વૃષભદેવની સામે ઈન્દ્રના વચન પ્રગટ થયા હતા.

ત્યારબાદ, જેઓ ત્રણેય લોકમાં ક્ષોભ ઉત્પન્ન કરવાવાળા છે અને તીર્થંકરનામક પુણ્યપ્રકૃતિ જ જેમનો સારથી–સહાયક છે એવા જિનેન્દ્રદેવરૂપી સૂર્ય, ભવ્યજીવરૂપી કમળોનો અનુગ્રહ કરવા માટે તૈયાર થયા. જેઓ મોક્ષરૂપી મહેલ પર ચડવા માટે સીડી સમાન છત્રત્રયથી સુશોભિત થઈ રહ્યા છે, જેમના ઉપર ક્ષીરસમુદ્રના ફેન સમાન સુશોભિત ચમર ઢોરાઈ રહ્યા છે, મધુર, ગંભીર, ધીર તથા દિવ્ય મહાધ્વનિથી જેમનું શરીર શબ્દાયમાન થઈ રહ્યું છે, જેઓ કરોડો સૂર્યથી સ્પર્ધા કરવાવાળા ભામંડળથી દૈદીપ્યમાન થઈ રહ્યા છે, જેમની સમીપ જ દેવતાઓ દ્વારા વગાડવામાં આવેલા દુંદુભિ ગંભીર શબ્દ કરી રહ્યા છે, જેઓ સ્વામી છે, દેવસમૂહના હાથોથી છોડવામાં આવેલી પુષ્પવર્ષાથી જેમના ચરણકમળની પૂજા થઈ રહી છે, જેઓ મેરુ પર્વતના શિખર સમાન અત્યંત ઉંચા સિંહાસનના સ્વામી છે, છાયા અને ફળ સહિત અશોકવૃક્ષથી જેમની શાંત ચેષ્ટાઓ પ્રગટ થઈ રહી છે, જેમના સમવસરણની પૃથ્વીનો ઘેરો ધૂલિસાલ નામક કોટથી ઘેરાયેલો છે, જેમણે માનસ્તંભો દ્વારા અન્ય મિથ્યાદષ્ટિઓના અહંકાર તથા સંદેહને નષ્ટ કરી દિધા છે, જેઓ સ્વચ્છ જળથી ભરેલી પરિખાને સમીપવર્તી લતાવનોથી ઘેરાયેલી અને અપૂર્વ વૈભવથી સંપન્ન સભાભૂમિને અલંકૃત કરી રહ્યા છે, સમસ્ત ગોપુરદ્વારોથી ઉન્નત અને ઉત્કૃષ્ટ રચનાથી સહિત ત્રણ કોટથી જેમનું ખૂબ જ માહાત્મ્ય પ્રગટ થઈ રહ્યું છે, જેમની સભાભૂમિમાં અશોક આદિ વનસમૂહથી સઘન છાયા થઈ રહી છે, જેઓ માળા, વસ્ત્ર આદિથી ચિહ્નિત ધ્વજાઓના ફરકવાથી સમસ્ત જીવોને બોલાવતા હોય એવું જણાઈ રહ્યું છે, કલ્પવૃક્ષોના વનની છાયામાં વિશ્રામ કરવાવાળા દેવગણ સદાય જેમની પૂજા કર્યા કરે

છે, મોટા-મોટા મહેલોથી ઘેરાયેલી ભૂમિમાં સ્થિત કિન્નરદેવ જોર-જોરથી જેમનો યશ ગાઈ રહ્યા છે, પ્રકાશમાન અને ઘણી વિભૂતિને ધારણ કરવાવાળા સ્તૂપોથી જેમનો વૈભવ પ્રગટ થઈ રહ્યો છે, બંને નાટ્યશાળાઓની ઋદ્ધિઓથી જે મનુષ્યોનો ઉત્સવ વધી રહ્યો છે, જેઓ ધૂપની સુગંધથી દશે દિશાઓને સુગંધિત કરવાવાળી વિશાળ ગંધકૂટિના સ્વામી છે, જેઓ ઈન્દ્રો દ્વારા કરવામાં આવેલી પૂજાને યોગ્ય છે, જેઓ ત્રણેય જગતના સ્વામી છે અને ધર્મના અધિપતિ છે એવા શ્રીમાન્ આદિપુરુષ ભગવાન વૃષભદેવે વિહાર કરવાનું શરૂ કર્યું.

ત્યારબાદ, ભગવાનના વિહારનો સમય આવતા જેમના મુકુટોનો અગ્રભાગ હલી રહ્યો છે એવા કરોડો દેવ આમતેમ ચાલવા લાગ્યા. ભગવાનના તે દિગ્વિજયના સમયે ગભરાયેલા ઈન્દ્રોના મુકુટોથી વિચલિત થયેલા મણિ એવા જણાતા હતા કે જાણે જગતની આરતી જ ઉતારી રહ્યા હોય! તે સમયે 'જય-જય' આ રીતે જોરથી શબ્દ કરતાં અને આકાશરૂપી આંગણને વ્યાપ્ત કરતાં તથા પોતાના તેજથી દિશાઓના મુખને પ્રકાશિત કરતાં દેવગણ ચાલી રહ્યા હતા. તે સમયે ઈન્દ્રો સહિત ચારેય નિકાયના દેવ જિનેન્દ્ર ભગવાનના વિહારરૂપી મહાવાયુથી ક્ષોભને પ્રાપ્ત થઈ ચાર મહાસાગર સમાન જણાઈ રહ્યા હતા. આ રીતે સુર અને અસુરોથી સહિત ભગવાને સૂર્ય સમાન ઈચ્છારહિત વૃત્તિને ધારણ કરી પ્રસ્થાન કર્યું.

જેમણે અર્ધમાગધી ભાષામાં જગતના સમસ્ત જીવોને કલ્યાણનો ઉપદેશ આપ્યો હતો, જેઓ ત્રણેય જગતના લોકોમાં મિત્રતા કરાવવારૂપ ગુણોથી બધાને આશ્ચર્ય પમાડતા હતા, જેમણે પોતાની સમીપતાથી વૃક્ષોને ફૂલ, ફળ અને અંકુરોથી વ્યાપ્ત કરી દીધા હતા, જેમણે પૃથ્વીમંડળને દર્પણના રૂપમાં પરિવર્તિત કરી દીધું હતું, જેમની સાથે સુગંધિત, શીતળ તથા મંદ-મંદવાયુ ચાલી રહ્યો છે, જેઓ પોતાના ઉત્કૃષ્ટ વૈભવથી અકસ્માત જ જનસમુદાયને આનંદ પહોંચાડી રહ્યા છે, જેમના સ્થાનથી એક યોજન સુધીની ભૂમિને પવનકુમાર જાતિના દેવ સાફ કરીને અત્યંત સુંદર રાખે છે, જેમની વિહારયોગ્ય ભૂમિને મેઘકુમાર જાતિના દેવ સુગંધિત જળની વર્ષા કરીને ધૂળ રહિત કરી દે છે, જેઓ કોમળસ્પર્શથી સુખ આપવા માટે કમળ પર પોતાના ચરણકમળ રાખે છે, શાલિ, વ્રીહિ આદિથી સંપન્ન અવસ્થાને પ્રાપ્ત થયેલી પૃથ્વી જેમના આગમનની સૂચના આપે છે, શરદઋતુના સરોવરની સાથે સ્પર્ધા કરવાવાળો આકાશ જેમના સમીપ આવવાની સૂચના આપી રહ્યો છે, દિશાઓના અંતરાળની નિર્મળતાથી જેમના સમાગમની

સૂચના પ્રાપ્ત થઈ રહી છે, દેવોના પરસ્પર એક બીજાને બોલાવવા માટે પ્રયુક્ત થયેલા શબ્દોથી જેમણે દિશાઓનું મુખ વ્યાપ્ત કરી દીધું છે, જેમની આગળ હજાર આરાવાળું ધર્મચક્ર ચાલી રહ્યું છે, જેમની આગળ-આગળ ચાલતા અષ્ટમંગળ દ્રવ્ય તથા આગળ-આગળ લહેરાતી ધ્વજાઓના સમૂહથી આકાશ વ્યાપ્ત થઈ રહ્યું છે અને જેમની પાછળ અનેક સુર તથા અસુર ચાલી રહ્યા છે એવા વિહાર કરવા માટે તૈયાર ભગવાન તે સમયે ખૂબ જ સુશોભિત થઈ રહ્યા હતા.

આ સમયે ક્ષુબ્ધ થતા સમુદ્રની ગર્જના સમાન આકાશને ચારેય તરફ વ્યાપ્ત કરીને મધુર તથા ગંભીર શબ્દ થઈ રહ્યો હતો. દેવગણ ભવ્યજીવરૂપી ભ્રમરોને આનંદિત કરવાવાળી તથા આકાશરૂપી આંગણને પૂર્ણ રીતે ભરતી પુષ્પોની વર્ષા કરી રહ્યા હતા. જેમના વસ્ત્ર વાયુથી હલી રહ્યા છે એવી કરોડો ધ્વજાઓ ચારેય તરફ લહેરાઈ રહી હતી અને તે એવી જણાઈ રહી હતી કે જાણે 'અહીં આવો... અહીં આવો' આ પ્રકારે ભવ્યજીવોના સમૂહને બોલાવી જ રહી હોય! ભગવાનના વિહારકાળમાં પગ-પગ પર સમસ્ત દિશાઓને વ્યાપ્ત કરવાવાળો અને ઉંચો જે ભેરીઓનો શબ્દ થઈ રહ્યો હતો તે એવો જણાતો હતો કે જાણે કર્મરૂપી શત્રુઓની તર્જના જ કરી રહ્યો હોય! જેમની ભ્રોંહરૂપી પતાકાઓ ઊડી રહી છે એવી દેવાંગનાઓ પોતાના શરીરની પ્રભાથી દિશાઓને લુપ્ત કરતી આકાશરૂપી રંગભૂમિમાં નૃત્ય કરી રહી છે. દેવગણ ઘણા જ ઉત્સાહપૂર્વક પુણ્યપાઠ કરી રહ્યા હતા, કિન્નર જાતિના દેવ મધુર અવાજથી ગાઈ રહ્યા હતા અને ગંધર્વ વિદ્યાધરોની સાથે મળીને વીણા વગાડી રહ્યા હતા. જેમના મુકુટોના અગ્રભાગ દૈદીપ્યમાન થઈ રહ્યા છે એવા ઈન્દ્ર સમસ્ત જગતને પ્રભામય કરવા માટે તત્પર થયા સમાન ભગવાનની આજુબાજુ ચાલી રહ્યા હતા. તે સમયે સમસ્ત દિશાઓ જાણે કે આનંદથી જ ધૂમરહિત થઈને નિર્મળ થઈ ગઈ હતી અને મેઘરહિત આકાશ અતિશય નિર્મળતાને ધારણ કરી સુશોભિત થઈ રહ્યું હતું. ભગવાનના વિહારના સમયે પાકેલા શાલિ આદિ ધાન્યોથી સુશોભિત પૃથ્વી એવી જણાઈ રહી હતી કે જાણે સ્વામીનો લાભ થતા તેના હર્ષથી રોમાંચ જ ઊભા થઈ ગયા હોય! જે આકાશગંગાના જલકણોનો સ્પર્શ કરી રહ્યો હતો અને જે કમળોના પરાગરજથી મળેલો હોવાથી સુગંધિત વસ્ત્રોથી ઢંકાયેલો જણાઈ રહ્યો હતો એવો સુગંધિત વાયુ વહી રહ્યો હતો. તે સમયે પૃથ્વી પણ દર્પણતળ સમાન ઉજ્જ્વળ તથા સમતલ થઈ ગઈ હતી, દેવોએ તેના ઉપર સુગંધિત જળની

વર્ષા કરી હતી કે જેથી તે ધૂળ રહિત થઈને એવી સુશોભિત થઈ રહી હતી કે જાણે રજોધર્મથી રહિત તથા સ્નાન કરેલી પતિવ્રતા સ્ત્રી જ હોય! વૃક્ષ પર પણ અસમયમાં જ પુષ્પ ખીલી ગયા હતા અને તેનાથી એવા જણાતા હતા કે જાણે બધી ઋતુઓએ ભયથી એકસાથે આવીને જ તેમનું આલિંગન કર્યું હોય!

ભગવાનના મહાત્મ્યથી ચારસો કોસ પૃથ્વી સુધી સુભિક્ષ હતું, બધા પ્રકારનું કલ્યાણ હતું, આરોગ્ય હતું અને પૃથ્વી પ્રાણિઓની હિંસાથી રહિત થઈ ગઈ હતી. સમસ્ત પ્રાણી અચાનક આનંદની પરંપરાને પ્રાપ્ત થઈ રહ્યા હતા અને ભાઈપણાને પ્રાપ્ત થયા સમાન પરસ્પરની મિત્રતા વધારી રહ્યા હતા. જે મકરંદ અને પરાગની વર્ષા કરી રહ્યા છે, જેમાં નવીન કેશર ઉત્પન્ન થઈ છે, જેની કર્ણિકા અનેક પ્રકારના રત્નોથી બનેલી છે, જેના દળ અત્યંત સુશોભિત થઈ રહ્યા છે, જેનો સ્પર્શ કોમળ છે અને જે ઉત્કૃષ્ટ શોભા સહિત છે, એવા સુવર્ણમય કમળોનો સમૂહ આકાશતળમાં ભગવાનના ચરણ રાખવાની જગ્યામાં સુશોભિત થઈ રહ્યા હતા. જેની કેશરના રેણુ ઉત્કૃષ્ટ સુગંધથી સાંદ્ર છે એવા તે પ્રફુલ્લિત સાત કમળ તો ભગવાનની આગળ પ્રગટ થયા હતા અને સાત પાછળ પ્રગટ થયા હતા. આ રીતે, બીજા પણ કમળ તે કમળોની સમીપમાં સુશોભિત થઈ રહ્યા હતા અને તે એવા જણાઈ રહ્યા હતા કે જાણે આકાશરૂપી આંગણમાં ચાલતા લક્ષ્મીને રહેવાના ભવન જ હોય! ભ્રમરોની પંક્તિઓથી સહિત આ સુવર્ણમય કમળોની પંક્તિને દેવગણ ઈન્દ્રની આજ્ઞાથી બનાવી રહ્યા હતા. જિનેન્દ્ર ભગવાનના ચરણ સન્મુખ બનેલી કમળોની પંક્તિ એવી જણાઈ રહી હતી કે અધિકતાને કારણે નીચે તરફ વહેતી તેમના ચરણકમળોની કાંતિ જ પ્રાપ્ત કરવા ઈચ્છતા હોય! આકાશરૂપી સરોવરમાં જિનેન્દ્ર ભગવાનના ચરણ સમીપ પ્રફુલ્લિત થયેલી વિહાર કરતી તે કમળોની પંક્તિ પંદરના વર્ગ પ્રમાણ અર્થાત્ બસોપચ્ચીસ કમળોની હતી. તે સમયે ભગવાનના દિગ્વિજયના કાળમાં સુવર્ણમય કમળોથી ચારે તરફથી વ્યાપ્ત થયેલું આકાશ એવું સુશોભિત થઈ રહ્યું હતું કે જાણે જેમાં કમળ ખીલી રહ્યા હોય એવું સરોવર જ હોય!

આ રીતે, સમસ્ત જગતના સ્વામી ભગવાન વૃષભદેવે જગતને આનંદમય કરતાં તથા પોતાના વચનરૂપી અમૃતથી સમસ્ત જગતને સંતુષ્ટ કરતાં થકા સમસ્ત પૃથ્વી પર વિહાર કર્યો હતો. જનસમૂહની પીડા હરવાવાળા જિનેન્દ્રરૂપી સૂર્યએ વચનરૂપી કિરણો દ્વારા મિથ્યાત્વરૂપી અંધકારના સમૂહને નષ્ટ કરી સમસ્ત જગત પ્રકાશિત કર્યું

હતું. સુવર્ણમય કમળો પર પગ રાખવાવાળા ભગવાને જ્યાં-જ્યાં વિહાર કર્યો ત્યાં-ત્યાં ભવ્યોએ ધર્મામૃતરૂપ જળની વર્ષાથી પરમ સંતોષ પ્રાપ્ત કર્યો હતો. જે સમયે તે જિનેન્દ્રરૂપી મેઘ સમીપમાં ધર્મરૂપી અમૃતની વર્ષા કરતાં હતા, તે સમયે આ સમસ્ત સંસાર સંતોષ ધારણ કરી સુખના પ્રવાહમાં ડૂબી જતું હતું, તે સમયે અત્યંત લાલાયિત થયેલા ભવ્યજીવરૂપી ચાતક જિનેન્દ્રરૂપી મેઘથી ધર્મરૂપી જળનું વારંવાર પાન કરી ચિરકાળ માટે સંતુષ્ટ થઈ ગયા હતા. આ રીતે, જેઓ ચરાચર જીવોના સ્વામી છે, જેઓ સંસારરૂપી ગર્તમાં ડૂબેલા જીવોનો ઉદ્ધાર કરવા ઈચ્છે છે, જેમની વૃત્તિ અખંડિત છે, દેવ અને અસુર જેમની સાથે છે તથા જેઓ સુવર્ણમય કમળની મધ્યમાં ચરણકમળ રાખે છે એવા જિનેન્દ્ર ભગવાને સમસ્ત પૃથ્વી પર વિહાર કર્યો.

આ સમયે સંસારરૂપી તીવ્ર દાવાનળથી બળતા સંસારરૂપી વનને ધર્મામૃતરૂપ જળના છાંટાઓથી સીંચીને જેમણે બધાનો સંતાપ દૂર કરી દીધો અને જેમની દિવ્યધ્વનિ પ્રગટ થઈ રહી છે એવા તે ભગવાન વૃષભદેવ બરાબર વર્ષાૠતુ સમાન સુશોભિત થઈ રહ્યા હતા. સમીચીન માર્ગનો ઉપદેશ દેવામાં તત્પર તથા ધીરવીર ભગવાને કાશી, અવંતી, કુરુ, કોશલ, સુહ્મ, પુંડ્ર, ચેદિ, અંગ, બંગ, મગધ, આંધ્ર, કલિંગ, મદ્ર, પંચાલ, માલવ, દશાર્ણ અને વિદર્ભ આદિ દેશોમાં વિહાર કર્યો હતો. આ રીતે, જેમનું ચરિત્ર અત્યંત શાંત છે, જેમણે અનેક ભવ્યજીવોને તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરાવ્યું છે અને જેઓ ત્રણેય લોકના ગુરુ છે એવા ભગવાન વૃષભદેવ અનેક દેશોમાં વિહાર કરી ચંદ્ર સમાન ઉજ્જવળ, ઉંચા અને પોતાનું અનુકરણ કરવાવાળા કૈલાશ પર્વતને પ્રાપ્ત થયા. ત્યાં તેના અગ્રભાગ પર દેવો દ્વારા બનાવાયેલા સુંદર, પૂર્વોક્ત સમસ્ત વર્ણન સહિત અને સ્વર્ગની શોભા વધારવાવાળા સભામંડપમાં બિરાજમાન થયા. આ સમયે તે જિનેન્દ્રદેવ અનંત ચતુષ્ટયરૂપ લક્ષ્મીથી સહિત હતા, આદર સાથે ભક્તિથી નમ્રીભૂત થયેલા બાર સભાના જીવોથી ઘેરાયેલા હતા અને ઉત્તમોત્તમ આઠ પ્રાતિહાર્યોથી સુશોભિત થઈ રહ્યા હતા.

જેમના ચરણકમળ ઈન્દ્રો દ્વારા પૂજિત છે, ઘાતિયાકર્મોનો ક્ષય થયા પછી જેમને અનંતચતુષ્ટરૂપી વિભૂતિ પ્રાપ્ત થઈ છે, જે ભવ્યજીવરૂપી કમલિનીઓને વિકસિત કરવા માટે સૂર્ય સમાન છે, જેમના માનસ્તંભોને જોવામાત્રથી જ જગતના મોટા-મોટા પુરુષ નમ્રીભૂત થઈ જાય છે, જેઓ ત્રણેય લોકના સ્વામી છે, જેમને અચિંત્ય

બહિરંગ વિભૂતિ પ્રાપ્ત થઈ છે અને જેઓ સર્વ પાપથી રહિત છે એવા શ્રી સ્વામી જિનેન્દ્રદેવને અમે લોકો પણ ભક્તિપૂર્વક નમસ્કાર કરીએ છીએ.

આ રીતે, આર્ષ નામથી પ્રસિદ્ધ ભગવજ્જિનસેનાચાર્યવિરચિત ત્રિષષ્ટિલક્ષણ મહાપુરાણ ગ્રંથમાં ઇન્દ્ર દ્વારા ભગવાનની એક હજાર આઠ નામોથી સ્તુતિનું તથા ભગવાનના વિહારનું વર્ણન કરવાવાળો પચ્ચીસમો અધ્યાય સમાપ્ત થયો.

આ પ્રમાણે નાભિનંદન, આદિનાથ, વૃષભદેવ આદિ નામોથી પ્રસિદ્ધ શ્રીમદ્ જિનસેનાચાર્ય-વિરચિત 'મહાપુરાણ ભાગ-૧ (આદિપુરાણ)' ગ્રંથનો પ્રશમ જિતુભાઈ મોદી, સોનગઢ કૃત ગુજરાતી અનુવાદ વિ.સં. ૨૦૭૧, પોષ સુદ પાંચમના દિને (તા. ૨૬-૧૨-૨૦૧૪) પૂર્ણ થયો.

✻ જે પ્રકારે સિદ્ધરસના સંયોગથી તાંબુ આદિ ધાતુઓ સુવર્ણપણાને પ્રાપ્ત થાય છે, તે જ પ્રમાણે ગુરુદેવના ઉપદેશથી પ્રગટ થયેલા ગુણો દ્વારા ભવ્ય જીવ પણ શુદ્ધિની પ્રાપ્તિ કરે છે. (અ. ૯, શ્લોક ૧૭૪)

✻ જે પ્રકારે જહાજ વિના સમુદ્ર પાર થઈ શકતો નથી, તેવી જ રીતે ગુરુના ઉપદેશ વિના આ સંસારરૂપી સમુદ્ર પાર થઈ શકતો નથી. (અ. ૯, શ્લોક ૧૭૫)

✻ આ સંસારમાં ભાઈ અને ગુરુ એ બે જ પાત્રો મનુષ્યોની પ્રીતિનું પાત્ર છે. ભાઈ તો આ લોકમાં જ પ્રીતિ ઉત્પન્ન કરે છે અને ગુરુ તો આ લોક અને પરલોક—બંને લોકમાં વિશેષરૂપથી પ્રીતિ ઉત્પન્ન કરે છે. (અ. ૯, શ્લોક ૧૭૭)

✻ સિંહ, નોળિયો, વાનર અને ભુંડના જીવ પણ ઐશાન સ્વર્ગમાં મોટી-મોટી ઋદ્ધિઓના ધારક દેવ થયા, તે બરાબર છે. પુણ્યથી શું દુર્લભ છે? (અ. ૯, શ્લોક ૧૮૭)

✻ આ સંસારમાં ધર્મ વિના સ્વર્ગ ક્યા છે? અને સ્વર્ગ વિના સુખ ક્યાં છે? તેથી, સુખની ઇચ્છા કરવાવાળા પુરુષોએ લાંબા સમય સુધી ધર્મરૂપી કલ્પવૃક્ષનું જ સેવન કરવું જોઈએ. (અ. ૯, શ્લોક ૧૮૮)

# —: ભગવાન વૃષભદેવ :—

## પૂર્વભવ

૧. જયવર્મા
૨. રાજા મહાબળ
૩. લલિતાંગ દેવ
૪. રાજા વજ્જંઘ
૫. ભોગભૂમિના આર્ય
૬. શ્રીધર દેવ
૭. સુવિધિ રાજા
૮. અચ્યુતેન્દ્ર
૯. રાજા વજ્રનાભિ
૧૦. સર્વાર્થસિદ્ધિમાં અહમિન્દ્ર
૧૧. ભગવાન વૃષભદેવ

## કલ્યાણક તિથિ


ગર્ભકલ્યાણક : જેઠ વદ-૨
જન્મકલ્યાણક : ફાગણ વદ-૯
દીક્ષાકલ્યાણક : ફાગણ વદ-૯
જ્ઞાનકલ્યાણક : મહા વદ-૧૧
મોક્ષકલ્યાણક : પોષ વદ-૧૪

## આયુષ્ય

૮૪ લાખ પૂર્વ =
(૫૯ લાખ ૨૭ હજાર ૪૦ ચાલીસ ક્રોડાક્રોડી વર્ષ)
(૫૯,૨૭,૦૪૦,૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ વર્ષ)

(૧) કુમારકાળ = ૨૦ લાખ પૂર્વ
(૨) રાજ્યકાળ = ૬૩ લાખ પૂર્વ
(૩) દીક્ષાકાળ = ૧૦૦૦ વર્ષ
(૪) કેવળી અવસ્થા = ૧ લાખ પૂર્વમાં
૧૦૦૦ વર્ષ ઓછા

કુલ આયુષ્ય = ૮૪ લાખ પૂર્વ




## ધર્મવૈભવ

– ૮૪ ગણધર
– ૪૭૫૦ શ્રુતકેવળી (પૂર્વજ્ઞાની)
– ૪૧૫૦ ઉપાધ્યાય
– ૯૦૦૦ અવધિજ્ઞાની મુનિરાજ
– ૧૨૭૫૦ મનઃપર્યયજ્ઞાનધારી મુનિરાજ
– ૨૦૬૦૦ વિક્રિયાઋદ્ધિધારી મુનિરાજ
– ૧૨૭૫૦ વાદિ—મુનિરાજ

૬૪૦૮૪ મુનિરાજ
+ ૨૦૦૦૦ કેવળજ્ઞાની ભગવંતો

કુલ ૮૪૦૮૪

૩૫૦૦૦૦ બ્રાહ્મી આદિ અર્જિકા માતાઓ, ૩૦૦૦૦૦ દૃઢવ્રત આદિ શ્રાવકો તથા ૫૦૦૦૦૦ સુવ્રતા આદિ શ્રાવિકાઓ— વૃષભદેવ ભગવાનના ગુણોની ઉપાસના કરતાં પોતે મોક્ષના માર્ગમાં પ્રવર્તન કરી રહ્યા હતા.

## —: ૮૪ ગણધર ભગવંતોના નામ :—

| | | | |
|---|---|---|---|
| (૧) વૃષભસેન | (૨૨) મેરુ | (૪૩) વિનીત | (૬૪) મહારથ |
| (૨) કુમ્ભ | (૨૩) મેરુધન | (૪૪) સંવર | (૬૫) વિશાલાક્ષ |
| (૩) દૃઢરથ | (૨૪) મેરુભૂતિ | (૪૫) મુનિગુપ્ત | (૬૬) મહાબાલ |
| (૪) શતધનુ | (૨૫) સર્વયશ | (૪૬) મુનિદત્ત | (૬૭) શુચિશાલ |
| (૫) દેવશર્મા | (૨૬) સર્વયજ્ઞ | (૪૭) મુનિયજ્ઞ | (૬૮) વજ્ર |
| (૬) દેવભાવ | (૨૭) સર્વગુપ્ત | (૪૮) મુનિદેવ | (૬૯) વજ્રસાર |
| (૭) નંદન | (૨૮) સર્વપ્રિય | (૪૯) ગુપ્તયજ્ઞ | (૭૦) ચંદ્રચૂલ |
| (૮) સોમદત્ત | (૨૯) સર્વદેવ | (૫૦) મિત્રયજ્ઞ | (૭૧) જય |
| (૯) સૂરદત્ત | (૩૦) સર્વવિજય | (૫૧) સ્વયંભૂ | (૭૨) મહારસ |
| (૧૦) વાયુશર્મા | (૩૧) વિજયગુપ્ત | (૫૨) ભગદેવ | (૭૩) કચ્છ |
| (૧૧) યશોબાહુ | (૩૨) વિજયમિત્ર | (૫૩) ભગદત્ત | (૭૪) મહાકચ્છ |
| (૧૨) દેવાગ્નિ | (૩૩) વિજયિલ | (૫૪) ભગફલ્ગુ | (૭૫) નમિ |
| (૧૩) અગ્નિદેવ | (૩૪) અપરાજિત | (૫૫) ગુપ્તફલ્ગુ | (૭૬) વિનમિ |
| (૧૪) અગ્નિગુપ્ત | (૩૫) વસુમિત્ર | (૫૬) મિત્રફલ્ગુ | (૭૭) બલ |
| (૧૫) મિત્રાગ્નિ | (૩૬) વિશ્વસેન | (૫૭) પ્રજાપતિ | (૭૮) અતિબલ |
| (૧૬) હલભૃત્ | (૩૭) સાધુસેન | (૫૮) સર્વસંધ | (૭૯) ભદ્રબલ |
| (૧૭) મહિધર | (૩૮) સત્યદેવ | (૫૯) વરુણ | (૮૦) નંદી |
| (૧૮) મહેન્દ્ર | (૩૯) દેવસત્ય | (૬૦) ધનપાલક | (૮૧) મહાભાગી |
| (૧૯) વસુદેવ | (૪૦) સત્યગુપ્ત | (૬૧) મઘવાન્ | (૮૨) નંદિમિત્ર |
| (૨૦) વસુન્ધર | (૪૧) સત્યમિત્ર | (૬૨) તેજોરાશિ | (૮૩) કામદેવ |
| (૨૧) અચલ | (૪૨) નિર્મલ | (૬૩) મહાવીર | (૮૪) અનુપમ |

સંદર્ભ : આદિપુરાણ ભાગ-૨, અધ્યાય ૪૩ અને અધ્યાય ૪૭.

**પરિશિષ્ટ - ૨**

# કાળચક્ર

વીતરાગી જૈનશાસનની પરંપરા અનાદિકાળથી ચાલી આવે છે, કેમકે આ જૈન શાસન શાશ્વત સત્ય પર આધારિત છે. આ શાશ્વત સત્યમાં કોઈપણ કાળે ફેરફાર થયો નથી. આ વીતરાગી શાસનની ગૌરવપૂર્ણ પરંપરાના પુનિત પ્રવાહમાં, જંબૂદ્વીપના આપણા ભરતક્ષેત્રમાં વર્તમાન ચોવીસીના પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાનથી અંતિમ તીર્થંકર શ્રી મહાવીર ભગવાન સુધીના તમામ તીર્થંકરોએ જૈનદર્શનમાં જગતની વસ્તુ વ્યવસ્થાનું પ્રતિપાદન કર્યું છે અને ભવ્યજીવોને કલ્યાણના કારણભૂત મોક્ષમાર્ગ બતાવ્યો છે.

જૈન દર્શનની પરંપરા પ્રમાણે આપણા ભરતક્ષેત્રમાં કાળનું ચક્ર પરિવર્તિત થયા જ કરે છે. જોકે કાળનો પ્રવાહ અનાદિ-અનંત છે, તોપણ તે વ્યવહાર કાળચક્રના મુખ્ય બે વિભાગ છે : (૧) અવસર્પિણીકાળ અને (૨) ઉત્સર્પિણીકાળ. આ બંને કાળનો દરેકનો સમય દસ ક્રોડાક્રોડી સાગર છે. આમ એક કાળચક્રનો કુલ સમય વીસ ક્રોડાક્રોડી સાગર છે, જેને કલ્પકાળ કહેવામાં આવે છે.

અસંખ્યાત અવસર્પિણીકાળ વીતી ગયા પછી, એક હુંડાવસર્પિણી કાળ (અતિ નિકૃષ્ટકાળ) આવે છે. હાલ એવો જ હુંડાવસર્પિણી કાળનો પાંચમો આરો અત્રે ચાલુ છે. તેના કુલ એકવીસ હજાર વર્ષમાંથી અત્યારે ૨૫૪૨ વર્ષ થઈ ગયા છે. હજુ ૧૮૪૫૮ વર્ષ બાકી છે. અવસર્પિણીકાળમાં મનુષ્યોના બળ, આયુ અને શરીર આદિનો ક્રમે-ક્રમે ઘટાડો થાય છે, જ્યારે ઉત્સર્પિણીકાળમાં મનુષ્યોના બળ, આયુ અને શરીર આદિનો ક્રમે-ક્રમે વધારો થાય છે. બંને કાળચક્રના દરેકમાં છ પ્રકાર છે.

| (૧) અવસર્પિણી કાળચક્ર | | | (૨) ઉત્સર્પિણી કાળચક્ર | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | કાળનું નામ | સમય | ક્રમ | કાળનું નામ | સમય |
| ૧ | સુષમા-સુષમા (અતિ સુખરૂપ) | ૪ ક્રોડાક્રોડી સાગર | ૬ | દુઃષમા-દુઃષમા (અતિ દુઃખરૂપ) | ૨૧૦૦૦ વર્ષ |
| ૨ | સુષમા (સુખરૂપ) | ૩ ક્રોડાક્રોડી સાગર | ૫ | દુઃષમા (દુઃખરૂપ) | ૨૧૦૦૦ વર્ષ |
| ૩ | સુષમા-દુઃષમા (સુખ-દુઃખરૂપ) | ૨ ક્રોડાક્રોડી સાગર | ૪ | દુઃષમા-સુષમા (દુઃખ-સુખરૂપ) | ૧ ક્રોડાક્રોડી સાગરમાં ૪૨૦૦૦ વર્ષ ઓછા |
| ૪ | દુઃષમા-સુષમા (દુઃખ-સુખરૂપ) | ૧ ક્રોડાક્રોડી સાગરમાં ૪૨૦૦૦ વર્ષ ઓછા | ૩ | સુષમા-દુઃષમા (સુખ-દુઃખરૂપ) | ૨ ક્રોડાક્રોડી સાગર |
| ૫ | દુઃષમા (દુઃખરૂપ) | ૨૧૦૦૦ વર્ષ | ૨ | સુષમા (સુખરૂપ) | ૩ ક્રોડાક્રોડી સાગર |
| ૬ | દુઃષમા-દુઃષમા (અતિ દુઃખરૂપ) | ૨૧૦૦૦ વર્ષ | ૧ | સુષમા-સુષમા (અતિ સુખરૂપ) | ૪ ક્રોડાક્રોડી સાગર |
| | કુલ | ૧૦ ક્રોડાક્રોડી સાગર | | કુલ | ૧૦ ક્રોડાક્રોડી સાગર |

## પરિશિષ્ટ - ૩

## ભગવાન મહાવીરના નિર્વાણ બાદ મૂલસંઘની આચાર્ય-પરંપરા

| | | | દૃષ્ટિ-૧ | | દૃષ્ટિ-૨ | | |
|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | નામ | અપરનામ | જ્ઞાન | સમુદિત સમય | જ્ઞાન | કુલ વર્ષ | સમુદિત સમય |
| ૧ | ગૌતમસ્વામી | ઈન્દ્રભૂતિ | કેવળી | ૬૨ વર્ષ | કેવળી | ૧૨ વર્ષ | ૬૨ વર્ષ |
| ૨ | સુધર્માસ્વામી | લોહાચાર્ય-(પ્રથમ) | કેવળી | | કેવળી | ૧૨ વર્ષ | |
| ૩ | જમ્બૂસ્વામી | | કેવળી | | કેવળી | ૩૮ વર્ષ | |
| ૪ | વિષ્ણુ | નન્દિ | શ્રુતકેવળી ૧૧ અંગ ચૌદ પૂર્વના ધારક | ૧૦૦ વર્ષ | શ્રુતકેવળી બાર અંગ ચૌદ પૂર્વના ધારક | ૧૪ | ૧૦૦ વર્ષ |
| ૫ | નન્દિમિત્ર | નન્દિ | | | | ૧૬ | |
| ૬ | અપરાજિત | | | | | ૨૨ | |
| ૭ | ગોવર્ધન | | | | | ૧૯ | |
| ૮ | ભદ્રબાહુ(પ્રથમ) | | | | | ૨૯ | |
| ૯ | વિશાખાચાર્ય | વિશાખદત્ત | ૧૧ અંગ અને ૧૦ પૂર્વના ધારક | ૧૮૩ વર્ષ | ૧૧ અંગ અને ૧૦ પૂર્વના ધારક | ૧૦ | ૧૮૩ વર્ષ |
| ૧૦ | પ્રોષ્ઠિલ | ચન્દ્રગુપ્ત મૌર્ય | | | | ૧૯ | |
| ૧૧ | ક્ષત્રિય | | | | | ૧૭ | |
| ૧૨ | જય | જયસેન | | | | ૨૧ | |
| ૧૩ | નાગસેન | નાગ | | | | ૧૮ | |
| ૧૪ | સિદ્ધાર્થ | | | | | ૧૭ | |
| ૧૫ | ધૃતષેણ | | | | | ૧૮ | |
| ૧૬ | વિજય | વિજયસેન | | | | ૧૩ | |
| ૧૭ | બુદ્ધિમાન | બુદ્ધિલ | | | | ૨૦ | |
| ૧૮ | ગંગદેવ | ગંગ | | | | ૧૪ | |
| ૧૯ | ધર્મસેન | ધર્મ, સુધર્મ | | | | ૧૬(૧૪) | |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૨૦ | નક્ષત્ર | | | | | ૧૮ | |
| | ૨૧ | જયપાલ | યશપાલ | ૧૧ અંગના ધારક | ૨૨૦ વર્ષ | ૧૧ અંગના ધારક | ૨૦ | ૧૨૩ વર્ષ |
| | ૨૨ | પાણ્ડુ | | | | | ૩૯ | |
| | ૨૩ | ધ્રુવસેન | દ્રુમસેન | | | | ૧૪ | |
| | ૨૪ | કંસ | | | | | ૩૨ | |
| | ૨૫ | સુભદ્ર | | | | ૧૦ અંગધારી | ૦૬ | |
| | ૨૬ | યશોભદ્ર | અભયભદ્ર | આચારાંગ ધારક | ૧૧૮ વર્ષ | ૯ અંગધારી | ૧૮ | ૯૭ વર્ષ |
| | ૨૭ | ભદ્રબાહુ (દ્વિ.) | યશોબાહુ, જયબાહુ | | | ૮ અંગધારી | ૨૩ | |
| | ૨૮ | લોહાચાર્ય (દ્વિ.) | લોહાર્ય | | | ૮ અંગધારી | ૫૦(૫૨) | |
| | | | | કુલ વર્ષ : | ૬૮૩ | | કુલ વર્ષ : | ૫૬૫ |
| | - | વિનયદત્ત | | | | ૧ અંગધારી | સમકાલીન | |
| | | શ્રીદત્ત (પ્રથમ) | | | | ૧ અંગધારી | | |
| | | શિવદત્ત | | | | ૧ અંગધારી | | |
| | | અર્હદત્ત | | | | ૧ અંગધારી | | |
| | ૨૯ | અર્હદ્બલિ | (ગુપ્તિગુપ્ત) | | | અંગ અંશધર અથવા પૂર્વવિદ | ૨૮ | |
| | ૩૦ | માઘનન્દિ | | | | ,, | ૨૧ | |
| | ૩૧ | ધરસેન | | | | ,, | ૧૯ | ૧૧૮ વર્ષ |
| | ૩૨ | પુષ્પદંત | | | | ,, | ૩૦ | |
| | ૩૩ | ભૂતબલિ | | | | ,, | ૨૦ | |
| | | | | કુલ વર્ષ : | ૬૮૩ | | કુલ વર્ષ : | ૬૮૩ |

સંદર્ભ ગ્રંથ : **દૃષ્ટિ (૧)** : આદિપુરાણ, તિલોયપણતિ, હરિવંશપુરાણ

**દૃષ્ટિ (૨)** : ઈન્દ્રનન્દિકૃત 'શ્રુતાવતાર'– નન્દિસંઘ બલાત્કારગણની પટ્ટાવલી, 'ષટ્ખંડાગમ' પ્રસ્તાવના, તીર્થંકર મહાવીર ઔર ઉનકી આચાર્ય પરમ્પરા : ભાગ : ૨/૧૬ તથા ભાગ : ૪/૩૪૭, જૈનેન્દ્ર સિદ્ધાન્તકોશ ભાગ : ૧. (પે. ૩૧૬-૩૧૭)

કુલ વર્ષ

**પરિશિષ્ટ - ૪**

# તીર્થંકરોની વચ્ચે જન્મકાળનો અંતરાલ

૧. ઋષભદેવનો જન્મ સુષમા-દુષમા નામના ત્રીજા કાળના અંતમાં જ્યારે ૮૪ લાખ પૂર્વ ૩ વર્ષ ૮।। માસ બાકી રહ્યા ત્યારે થયો.

૨. અજિતનાથનો જન્મ ઋષભદેવના જન્મ થયા પછી ૫૦ લાખ કરોડ સાગરોપમ ૧૨ લાખ પૂર્વ પ્રમાણ કાળ વ્યતીત થયા પછી થયો.

૩. સંભવનાથનો જન્મ અજિતનાથના જન્મ થયા પછી ૩૦ લાખ ક્રોડાક્રોડી સાગરોપમ ૧૨ લાખ પૂર્વ પ્રમાણ કાળ વ્યતીત થયા પછી થયો.

૪. અભિનંદનનાથનો જન્મ સંભવનાથના જન્મ થયા પછી ૧૦ લાખ કરોડ સાગરોપમ ૧૦ લાખ પૂર્વ પ્રમાણ કાળ વ્યતીત થયા પછી થયો.

૫. સુમતિનાથનો જન્મ અભિનંદનનાથના જન્મ થયા પછી ૯ લાખ કરોડ સાગરોપમ ૧૦ લાખ પૂર્વ પ્રમાણ કાળ વ્યતીત થયા પછી થયો.

૬. પદ્મપ્રભનાથનો જન્મ સુમતિનાથના જન્મ થયા પછી ૯૦ હજાર કરોડ સાગરોપમ ૧૦ લાખ પૂર્વ પ્રમાણ કાળ વ્યતીત થયા પછી થયો.

૭. સુપાર્શ્વનાથનો જન્મ પદ્મપ્રભનાથના જન્મ થયા પછી ૯ હજાર કરોડ સાગરોપમ ૧૦ લાખ પૂર્વ પ્રમાણ કાળ વ્યતીત થયા પછી થયો.

૮. ચંદ્રપ્રભનો જન્મ સુપાર્શ્વનાથના જન્મ થયા પછી ૯૦૦ કરોડ સાગરોપમ ૧૦ લાખ પૂર્વ પ્રમાણ કાળ વ્યતીત થયા પછી થયો.

૯. પુષ્પદંતનો જન્મ ચંદ્રપ્રભના જન્મ થયા પછી ૧૦ કરોડ સાગરોપમ ૮ લાખ પૂર્વ પ્રમાણ કાળ વ્યતીત થયા પછી થયો.

૧૦. શીતલનાથનો જન્મ પુષ્પદંતના જન્મ થયા પછી ૯ કરોડ સાગરોપમ ૧ લાખ પૂર્વ પ્રમાણ કાળ વ્યતીત થયા પછી થયો.

૧૧. શ્રેયાંસનાથનો જન્મ શીતલનાથના જન્મ થયા પછી ૧ કરોડ સાગરોપમ ૧ લાખ પૂર્વ પ્રમાણ કાળમાં ૧૦૦ સાગર ૧૫૦૨૬૦૦૦ વર્ષ બાદ કરતા જે બાકી રહે તેટલો કાળ પ્રમાણ વ્યતીત થયા પછી થયો.

૧૨. વાસુપૂજ્યનાથનો જન્મ શ્રેયાંસનાથના જન્મ થયા પછી ૫૪ સાગરોપમ ૧૨ લાખ વર્ષ પ્રમાણ કાળ વ્યતીત થયા પછી થયો.

૧૩. વિમલનાથનો જન્મ વાસુપૂજ્યનાથના જન્મ થયા પછી ૩૦ સાગરોપમ ૧૨ લાખ વર્ષ પ્રમાણ કાળ વ્યતીત થયા પછી થયો.

૧૪. અનંતનાથનો જન્મ વિમલનાથના જન્મ થયા પછી ૯ સાગરોપમ ૩૦ લાખ વર્ષ પ્રમાણ કાળ વ્યતીત થયા પછી થયો.

૧૫. ધર્મનાથનો જન્મ અનંતનાથના જન્મ થયા પછી ૪ સાગરોપમ ૨૦ લાખ વર્ષ પ્રમાણ કાળ વ્યતીત થયા પછી થયો.

૧૬. શાંતિનાથનો જન્મ ધર્મનાથના જન્મ થયા પછી ૩ સાગરોપમ ૯ લાખ વર્ષ પ્રમાણ કાળ વ્યતીત થયા પછી થયો.

૧૭. કુંથુનાથનો જન્મ શાંતિનાથના જન્મ થયા પછી અડધો પલ્ય ૫ હજાર પ્રમાણ કાળ વ્યતીત થયા પછી થયો.

૧૮. અરનાથનો જન્મ કુંથુનાથના જન્મ થયા પછી પલ્યના ચોથા ભાગમાંથી ૯૯૯૯૯૮૯૦૦૦ વર્ષ બાદ કરતાં જે બાકી રહે તેટલા કાળ પ્રમાણ કાળ વ્યતીત થયા પછી થયો.

૧૯. મલ્લિનાથનો જન્મ અરનાથના જન્મ થયા પછી ૧૦૦૦ કરોડ ૨૯૦૦૦ વર્ષ પ્રમાણ કાળ વ્યતીત થયા પછી થયો.

૨૦. મુનિસુવ્રતનાથનો જન્મ મલ્લિનાથના જન્મ થયા પછી ૫૪૨૫૦૦૦ વર્ષ કાળ વ્યતીત થયા પછી થયો.

૨૧. નમિનાથનો જન્મ મુનિસુવ્રતનાથના જન્મ થયા પછી ૬૨૦૦૦૦ વર્ષ કાળ વ્યતીત થયા પછી થયો.

૨૨. નેમિનાથનો જન્મ નમિનાથના જન્મ થયા પછી ૫૦૯૦૦૦ વર્ષ કાળ વ્યતીત થયા પછી થયો.

૨૩. પાર્શ્વનાથનો જન્મ નેમિનાથના જન્મ થયા પછી ૮૪૬૫૦ વર્ષ કાળ વ્યતીત થયા પછી થયો.

૨૩. મહાવીરપ્રભુનો જન્મ પાર્શ્વનાથના જન્મ થયા પછી ૨૭૮ વર્ષ કાળ વ્યતીત થયા પછી થયો અર્થાત્ દુષમા-સુષમા નામના ચોથાકાળના અંતમાં જ્યારે ૭૫ વર્ષ ૮ માસ ૧૫ દિવસ બાકી રહ્યા ત્યારે મહાવીર સ્વામીનો જન્મ થયો.

## પરિશિષ્ટ - ૫

## ૧૪ કુલકરોનાં નામ, આયુ અને ઊંચાઈ

| ક્રમ | કુલકરોના નામ | આયુષ્ય | | તેમની ઊંચાઈ |
|---|---|---|---|---|
| ૧ | શ્રી પ્રતિશ્રુતિ | પલ્યનો દસમો ભાગ | | ૧૮૦૦ ધનુષ |
| ૨ | શ્રી સન્મતિ | અમમ પ્રમાણ | અટટ X૮૪ વર્ષ = અમમાંગ<br>અમમાંગ X ૮૪ લાખ વર્ષ = અમમ | ૧૩૦૦ ધનુષ |
| ૩ | શ્રી ક્ષેમંકર | અટટ પ્રમાણ | તુટિક X ૮૪ વર્ષ = અટટાંગ<br>અટટાંગ X ૮૪ લાખ વર્ષ = અટટ | ૮૦૦ ધનુષ |
| ૪ | શ્રી ક્ષેમંધર | તુટિક પ્રમાણ | કમલ X ૮૪ વર્ષ = તુટ્યાંગ<br>તુટ્યાંગ X ૮૪ લાખ વર્ષ = તુટિક | ૭૭૫ ધનુષ |
| ૫ | શ્રી સીમંકર | કમલ પ્રમાણ | નલિન X ૮૪ વર્ષ = કમલાંગ<br>કમલાંગ X ૮૪ લાખ વર્ષ = કમલ | ૭૫૦ ધનુષ |
| ૬ | શ્રી સીમંધર | નલિન પ્રમાણ | પદ્મ X ૮૪ વર્ષ = નલિનાંગ<br>નલિનાંગ X ૮૪ લાખ વર્ષ = નલિન | ૭૨૫ ધનુષ |
| ૭ | શ્રી વિમલવાહન | પદ્મ પ્રમાણ | પદ્મ = પદ્માંગ X ૮૪ લાખ વર્ષ | ૭૦૦ ધનુષ |
| ૮ | શ્રી ચક્ષુષ્માન | પદ્માંગ પ્રમાણ | પદ્માંગ = કુમુદ X ૮૪ વર્ષ | ૬૭૫ ધનુષ |
| ૯ | શ્રી યશસ્વાણ | કુમુદ પ્રમાણ | કુમુદ = કુમુદાંગ X ૮૪ લાખ વર્ષ | ૬૫૦ ધનુષ |
| ૧૦ | શ્રી અભિચન્દ્ર | કુમુદાંગ પ્રમાણ | કુમુદાંગ = નયુત X ૮૪ વર્ષ | ૬૨૫ ધનુષ |
| ૧૧ | શ્રી ચન્દ્રાભ | નયુત પ્રમાણ | નયુત = નયુતાંગ X ૮૪ લાખ વર્ષ | ૬૦૦ ધનુષ |
| ૧૨ | શ્રી મરુદેવ | નયુતાંગ પ્રમાણ | નયુતાંગ = પર્વ X ૮૪ વર્ષ | ૫૭૫ ધનુષ |
| ૧૩ | શ્રી પ્રસેનજિત | પર્વ પ્રમાણ | એક પૂર્વ કોટિ X ૮૪ વર્ષ = એક પર્વાંગ<br>એક પર્વાંગ X ૮૪ લાખ વર્ષ = એક પર્વ | ૫૫૦ ધનુષ |
| ૧૪ | શ્રી નાભિરાય | એક કરોડ પૂર્વ | એક પૂર્વાંગ = ૮૪ લાખ વર્ષ<br>એક પૂર્વ = ૮૪ લાખ X ૮૪ લાખ વર્ષ | ૫૨૫ ધનુષ |

નોંધ : ‘‘સુષમા-દુષમા’’ નામના ત્રીજા કાળને પૂર્ણ થવામાં પલ્યનો આઠમો ભાગ બાકી હતો, ત્યારે પ્રથમ કુલકર શ્રી પ્રતિશ્રૂતિ થયા.

**પરિશિષ્ટ - ૬**

# કાળનું પ્રમાણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | એક પૂર્વાંગ | ૮૪ લાખ વર્ષ | ૧૫ | કમલ | કમલાંગ X ૮૪ લાખ વર્ષ |
| ૨ | એક પૂર્વ | ૮૪ લાખ X ૮૪ લાખ વર્ષ | ૧૬ | તુટ્યાંગ | કમલ X ૮૪ વર્ષ |
| | | ૭૦,૫૬૦,૦૦,૦૦,૦૦,૦૦૦ | ૧૭ | તુટિક | તુટ્યાંગ X ૮૪ લાખ વર્ષ |
| | | સિત્તેર હજાર પાંચસો સાઈઠ અબજ વર્ષ | ૧૮ | અટટાંગ | તુટિક X ૮૪ વર્ષ |
| ૩ | એક પૂર્વ કોટિ | એક પૂર્વ X એક કરોડ | ૧૯ | અટટ | અટટાંગ X ૮૪ લાખ વર્ષ |
| | | ૭૦૫,૬૦,૦૦,૦૦,૦૦,૦૦૦ X | ૨૦ | અમમાંગ | અટટ X ૮૪ વર્ષ |
| | | ૧,૦૦,૦૦,૦૦૦ વર્ષ | ૨૧ | અમમ | અમમાંગ X ૮૪ લાખ વર્ષ |
| ૪ | એક પર્વાંગ | એક પૂર્વ કોટિ X ૮૪ વર્ષ | ૨૨ | હાહાંગ | અમમ X ૮૪ વર્ષ |
| ૫ | એક પર્વ | પર્વાંગ X ૮૪ લાખ વર્ષ | ૨૩ | હમમ | હાહાંગ X ૮૪ લાખ વર્ષ |
| ૬ | નયુતાંગ | પર્વ X ૮૪ વર્ષ | ૨૪ | હુહવંગ | હમમ X ૮૪ વર્ષ |
| ૭ | નયુત | નયુતાંગ X ૮૪ લાખ વર્ષ | ૨૫ | હુહુ | હુહવંગ X ૮૪ લાખ વર્ષ |
| ૮ | કુમુદાંગ | નયુત X ૮૪ વર્ષ | ૨૬ | લતાંગ | હુહુ X ૮૪ વર્ષ |
| ૯ | કુમુદ | કુમુદાંગ X ૮૪ લાખ વર્ષ | ૨૭ | લતા | લતાંગ X ૮૪ લાખ વર્ષ |
| ૧૦ | પદ્માંગ | કુમુદ X ૮૪ વર્ષ | ૨૮ | મહાલતાંગ | લતા X ૮૪ વર્ષ |
| ૧૧ | પદ્મ | પદ્માંગ X ૮૪ લાખ વર્ષ | ૨૯ | મહાલતા | મહાલતાંગ X ૮૪ લાખ વર્ષ |
| ૧૨ | નલિનાંગ | પદ્મ X ૮૪ વર્ષ | ૩૦ | શિરઃ પ્રકમ્પિત | મહાલતા X ૮૪ વર્ષ |
| ૧૩ | નલિન | નલિનાંગ X ૮૪ લાખ વર્ષ | ૩૧ | હસ્ત પ્રહેલિત | શિરઃ પ્રકમ્પિત X ૮૪ લાખ વર્ષ |
| ૧૪ | કમલાંગ | નલિન X ૮૪ વર્ષ | ૩૨ | અચલ | હસ્ત પ્રહેલિત X ૮૪ લાખ વર્ષ |

નોંધ : ઉપર મુજબની સંખ્યાઓમાં નામ કાળ દ્રવ્યની પર્યાય છે, તે બધા ''સંખ્યાત''ના ભેદ છે. તેના પછીની આગળની સંખ્યાઓ 'અસંખ્યાત' છે.

## પરિશિષ્ટ - ૭

### ''આદિપુરાણ''માં આવેલા ''દેશવિભાગ'માંથી કેટલાક દેશોનો પરિચય

૧. **કાશ્મીર** :– આ પ્રાન્ત ભારતની ઉત્તરસીમા પર છે. આજે પણ તેનું નામ કાશ્મીર છે. તેની રાજધાની શ્રીનગર છે.

૨. **પંચનંદ** :– જુનું નામ પંચનંદ છે અને આધુનિક નામ પંજાબ છે. આ પ્રદેશમાં વિતસ્તા (જેલમ) વિગેરે પાંચ નદીઓ છે, તેથી તેનું નામ ''પંચનંદ'' પડ્યું. આ પાંચ નદીઓના મધ્યમાં કુલૂત, મદ્ર, આરટ્ટ, યૌધેય વિગેરે અનેક પ્રદેશ હતા. લવપુર (લાહોર), કુશપુર (કુશાવર), તક્ષશિલા (ટેક્સિલા) અને મૂલસ્થાન (મુલ્તાન) વિગેરે તેના વર્તમાનકાળમાં મુખ્ય નગરો છે.

૩. **આરટ્ટ** :– પંજાબના એક પ્રદેશનું નામ આરટ્ટ હતું.

૪. **કેકય** :– પંજાબ પ્રાન્તની વિતસ્તા (જેલમ) અને ચન્દ્રભાગા (ચેનાબ) નદીઓનો અંતરાલવર્તી પ્રદેશ પહેલાં ''કેકય''ના નામથી પ્રસિદ્ધ હતો. ''ગિરિવ્રજ'' કે જેનું આજે ''જલાલપુર'' નામ છે, તે તેની રાજધાની હતી.

૫. **આનર્ત** :– પ્રાચીનકાળમાં ગુર્જર (ગુજરાત)ના ત્રણ ભાગ હતા : (૧) આનર્ત, (૨) સુરાષ્ટ્ર (કાઠિયાવાડ) અને (૩) લાટ. આનર્ત ગુજરાતનો ઉત્તરભાગ છે. દ્વારાવતી (દ્વારિકા) એની મુખ્ય નગરી હતી.

૬. **સુરાષ્ટ્ર** :– માળવાનો પશ્ચિમપ્રદેશ સુરાષ્ટ્ર અથવા સૌરાષ્ટ્ર કહેવાતો હતો. આજકાલ તેને સૌરાષ્ટ્ર (કાઠિયાવાડ) કહે છે. રૈવતક (ગિરનાર) ક્ષેત્ર આમાં ગણાય છે. સૌરાષ્ટ્રના જે ભાગમાં દ્વારિકા છે, તેને ''આનર્ત'' કહેતા હતા.

૭. **કચ્છ** :– પશ્ચિમી સમુદ્રતટનો પ્રદેશ ''કચ્છ'' કહેવાતો હતો. આ ક્ષેત્ર કચ્છ અને કાઠિયાવાડના નામથી આજે પણ પ્રસિદ્ધ છે.

૮. **વટગ્રામ(વટપદ)** :– વર્તમાનમાં બડૌદા અર્થાત્ વડોદરાને માનવામાં આવે છે. અહીં જ આચાર્ય જિનસેને જયધવલા ટીકાની સમાપ્તિ ઈ.સ. ૮૩૭માં કરી હતી.

૯. **પુણ્ડ્ર** :– આજકાલના બંગાળનો ઉત્તર ભાગ પુણ્ડ્ર કહેવાતો હતો. તેનું બીજું નામ ''ગૌડ'' દેશ પણ હતું.

૧૦. **સુહ્મ** :– આ તે દેશ છે, જેમાં કપિશા (કોસિયા) નદી વહે છે. તામ્રલિપ્ત (તામલૂક) તેની રાજધાની હતી. પશ્ચિમ બંગાળમાં મેદિનીપુર જિલ્લામાં તામલૂક છે.

૧૧. **બંગ** :– બંગાળનું જુનું નામ ''બંગ'' છે. આ સુહ્મ દેશના પૂર્વમાં છે. તેની પ્રાચીન રાજધાની કર્ણ-સ્વર્ણ (વન-સોના) હતી. અત્યારે કાલી ઘટ્ટપુરી (કલકત્તા) રાજધાની છે.

**૧૨. મહારાષ્ટ્ર** :– કૃષ્ણા નદીથી નર્મદા નદી સુધીનું વિસ્તૃત મેદાન મહારાષ્ટ્ર કહેવામાં આવતું.

**૧૩. કોંકણ** :– પશ્ચિમી સમુદ્રતટ પરનો આ પ્રદેશ સૂર્ય પતન (સુરત) થી રત્નાગિરિ સુધી વિસ્તરેલો હતો. મહામ્બાપુર (મુંબઈ) તથા કલ્યાણ આ જ કોંકણ દેશમાં છે.

**૧૪. વિદર્ભ** :– આનું આધુનિક નામ ''બરાર'' છે. તેની પ્રાચીન રાજધાની વિદર્ભપુર (બીદર અથવા કુંડિનપુર) હતી. મહારાષ્ટ્રમાં અમરાવતી જિલ્લામાં કુંડિનપુર ગામ છે.

**૧૫. આંધ્ર** :– આ પ્રદેશ ગોદાવરી નદી અને કૃષ્ણા નદીની વચ્ચે હતો. તેની રાજધાની અન્ધ્રનગર (બંગી) હતી. તેનો મોટો ભાગ ભાગ્યપુર (હૈદરાબાદ) રાજ્યમાં અંતર્ભૂત છે. આને જ ત્રૈલિંગ (તેલંગ) દેશ પણ કહેવામાં આવે છે.

**૧૬. કર્ણાટ** :– આ આંધ્રપ્રદેશનો દક્ષિણ અથવા પશ્ચિમ ભાગ હતો. વનવાસ તથા મહિષ્મ અથવા મહિશૂર (મૈસૂર) તેના અંતર્ગત છે. તેની રાજધાનીઓ મહિષપુર અને શ્રીરંગપત્તન હતી.

**૧૭. વનવાસ** :– કર્ણાટક પ્રાન્તનો એક ભાગ વનવાસ કહેવામાં આવતો. આજકાલ તે ''બનૌસી'' કહેવાય છે કે જે કર્ણાટકના વિજાપુર જિલ્લામાં છે. ગુણભદ્રાચાર્યના સમયમાં (આશરે ઈ.સ. ૮૧૮-૮૯૭) તેની રાજધાની ''બંકાપુર'' હતી કે જે ધારવાડ જિલ્લામાં છે.

**૧૮. બંકાપુર** :– વનવાસ દેશની આ રાજધાની હતી. પુના-બેંગલોર રેલ્વેલાઈન પર આવેલા ''હરિહર'' સ્ટેશનની પાસે આવેલ ''હાવેરી'' રેલ્વે સ્ટેશનથી લગભગ ૨૨ કિ.મી. દૂર ધારવાડ જિલ્લામાં આવેલું છે. આ પવિત્ર સ્થાન પર જ ગુણભદ્રાચાર્યે ''ઉત્તરપુરાણ'' પૂર્ણ કર્યું હતું. અહીં અનેક જિનમંદિરો હતા. જૈનધર્મનું આ મુખ્ય કેન્દ્ર હતું. તેથી જ જૈનાચાર્યોનો નિવાસ અહીં વધુ રહેતો હતો.

**૧૯. માન્યખેટ** :– રાજા અમોઘવર્ષના સમયમાં (ઈ.સ. ૮૧૪-૮૭૭) કર્ણાટક અને મહારાષ્ટ્રની આ રાજધાની હતી. વર્તમાનમાં આ ''મલખેડ'' નામથી પ્રસિદ્ધ છે. હૈદ્રાબાદ રેલ્વે લાઈન પર ''મલખેડગેટ'' નામના એક નાના સ્ટેશનથી આશરે ૭-૮ કિલોમીટર દૂર છે.

**૨૦. ચોલ** :– કર્ણાટકનો દક્ષિણ પૂર્વભાગ અર્થાત્ મદ્રાસ શહેર, તેના ઉત્તરના કેટલાક પ્રદેશ અને મૈસૂર રિયાસતનો મોટો ભાગ પહેલાં ''ચોલ'' નામથી પ્રસિદ્ધ હતો.

**૨૧. પલ્લવ** :– દક્ષિણમાં તામિલનાડુમાં કાંચીની નજીકના પ્રદેશને પલ્લવ દેશ કહેતા હતા. અહીં ઈતિહાસમાં પ્રસિદ્ધ પલ્લવવંશના રાજાઓનું રાજ્ય હતું. કાંચી/કાંચીપુરમ તેની રાજધાની હતી.

**૨૨. કેરલ** :— કૃષ્ણા અને તુંગભદ્રાના દક્ષિણમાં વિદ્યમાન ભૂભાગ કે જે આજકાલ કેરલના અંતર્ગત છે, તે પાંડ્ય, કેરલ તથા સતીપુત્ર નામથી પ્રસિદ્ધ હતો.

**૨૦. કલિંગ** :— ઉત્કલ (ઉડીસા-ઓરિસ્સા)નો દક્ષિણ ભાગ પહેલાં કલિંગ નામથી પ્રસિદ્ધ હતો. તેની રાજધાની કલિંગ નગર (રાજમહેન્દ્રી) હતી. ત્યાં મહેન્દ્રમાલી (મહેન્દ્રગિરિ) નામનો પર્વત છે.

**૨૪. મગધ** :— બિહાર પ્રાન્તનો ગંગા નદીના દક્ષિણનો ગયા/પટનાની નજીકનો ભાગ મગધ કહેવાતો હતો. તેની રાજધાની પાટલીપુત્ર (હાલ-પટના) હતી. ગયા અને ઉરુ બિલ્વ (બુદ્ધગયા-બોધિગયા) આ પ્રાન્તમાં હતા.

**૨૫. અંગ** :— મગધ દેશનો પૂર્વભાગ ''અંગ'' કહેવાતો. તેની મુખ્યનગરી ''ચંપા'' (ચંપાપુરી) હતી કે જે ભાગલપુરની પાસે છે.

**૨૬. કોસલ** :— આ ઉત્તર કોસલ અને દક્ષિણ કોસલ એમ બે ભાગમાં વિભક્ત હતું. અયોધ્યા, શરાવતી (શ્રાવસ્તી), લક્ષ્મણપુરી (લખનૌ) વિગેરે તેના પ્રસિદ્ધ નગરો છે. અહીં ગોમતી, તમસા અને સરયૂ નદીઓ વહે છે. કોસીનો નજીકનો પ્રદેશ દક્ષિણ કોસલ કહેવાતું. અયોધ્યા, લખનૌ વિગેરેના સમીપવર્તી પ્રદેશનું નામ ઉત્તર કોસલ હતું.

**૨૭. શૂરસેન** :— ઉત્તરપ્રદેશમાં મથુરાનો સમીપવર્તી પ્રદેશ શૂરસેન દેશ કહેવાતો. ગોકુલ, વૃંદાવન અને અગ્રવણ (આગ્રા) આ પ્રદેશમાં છે.

**૨૮. વિદેહ** :— દ્વારબંગ (દરભંગા)ની નજીકના પ્રદેશને વિદેહ(બિહાર) કહે છે. મિથિલા અથવા જનકપુરી આ દેશમાં છે.

**૨૯. સુકોસલ** :— મધ્યપ્રદેશના ઉત્તરભાગને સુકોસલ કહે છે, તેનું બીજું નામ મહાકોસલ પણ છે.

**૩૦. અવન્તી** :— મધ્યપ્રદેશમાં ઉજ્જૈન નજીકના પ્રદેશને અવન્તી કહેતા હતા. અવન્તીનગરી (ઉજ્જૈન) તેની રાજધાની હતી.

**૩૧. માલવ** :— આનું નામ માલવા છે. પહેલાં અવન્તી તેના જ અંતર્ગત બીજા નામથી પ્રસિદ્ધ હતું, પરંતુ હવે તે માલવમાં સમ્મિલિત છે. ઉજ્જૈન, દશપુર (મન્દસૌર), ધારાનગરી (ધાર), ઈન્દ્રપુર (ઈન્દૌર) વિગેરે તેના પ્રસિદ્ધ નગરો છે.

**૩૨. દશાર્ણ** :— મધ્યપ્રદેશમાં આવેલો આ પ્રદેશ માલવાનો પૂર્વભાગ છે. આ ક્ષેત્રમાં વેત્રવતી (બેતવા) નદી વહે છે. કેટલાક સ્થાનમાં દશાર્ણ નદી પણ વહી છે અને અંતમાં તે વેત્રવતી નદીમાં જઈને મળી છે. વિદિશા (ભેલસા) તેની રાજધાની હતી.

**૩૩. ચેદિ** :— મધ્યપ્રદેશમાં બુંદેલખંડની આધુનિક ''ચન્દેરી'' નગરીની સમીપવર્તી પ્રદેશને ''ચેદિદેશ'' કહેવામાં આવતો.

**૩૪. વત્સ** :— પ્રયાગના ઉત્તરભાગના મેદાનને વત્સ કહેતા, તેની રાજધાની કૌશામ્બી (કોસમ) હતી.

**૩૫. કુરુ** :— આ સરસ્વતીની જમણી બાજુ અનેક કોસોનું મેદાન છે, તેને કુરુજાંગલ પણ કહે છે. હસ્તિનાપુર તેની રાજધાની હતી.

**૩૬. પંચાલ** :— આ વિભાગ કુરુક્ષેત્રના પૂર્વમાં છે, તે દક્ષિણ પંચાલ અને ઉત્તર પંચાલ એમ બે વિભાગમાં હતો. તેનો વિસ્તાર

ચંબલ (ચર્મણ્વતી) નદી સુધી હતો. કાન્યકુબ્જ (કન્નોજ) તેમાં છે. ઉત્તર પંચાલની અહિચ્છત્રા અને દક્ષિણ પંચાલની કામ્પિલ્ય રાજધાની હતી.

૩૭. **કાશી** :— બનારસની ચારે બાજુનો વિભાગ આ દેશની અંતર્ગત હતો. આ દેશની રાજધાની વારાણસી (બનારસ) હતી.

૩૮. **સિન્ધુ** :— આ દેશ આજે પણ સિન્ધ નામથી પ્રસિદ્ધ છે. કરાંચી તેની રાજધાની છે.

૩૯. **સૌવીર** :— સિન્ધ દેશનો એ ભાગ સૌવીર દેશ કહેવાતો હતો.

૪૦. **કામ્બોજ** :— એનું વર્તમાન નામ બલુચિસ્તાન છે.

૪૧. **ગાન્ધાર** :— (કન્દહાર) : તેનું વર્તમાન નામ અફઘાનિસ્તાન છે. આ પ્રદેશ સિંધુ નદી અને કાશ્મીરની પશ્ચિમમાં છે. અહીંની પ્રાચીન રાજધાનીઓ પુરુષપુર (પેશાવર) અને પુષ્કરાવર્ત (હસ્તનગર) હતી.

૪૨. **તુરુષ્ક** :— તેનું આધુનિક નામ તુર્કિસ્તાન છે.

૪૩. **યવન** :— આ યુનાન (ગ્રીક)નું જુનું નામ છે.

૪૪. **શક (શકસ્થાન)** :— તેનું આધુનિક નામ બેક્ટ્રીયા છે. આ સ્થાન હિન્દુકુશ પર્વતમાળા અને અમુદરિયા નદીની વચ્ચે આવેલો છે. તેમાં અફઘાનિસ્તાન, ઉઝબેકિસ્તાન અને તાજીકિસ્તાનના પ્રદેશોનો સમાવેશ થાય છે.

---

સંદર્ભ : ''આદિપુરાણ'' પ્રસ્તાવના.



# કલ્પકાળની સ્થિતિ


વ્યવહારકાળના બે ભેદ છે.

(૧) ઉત્સર્પિણી અને (૨) અવસર્પિણી.

અવસર્પિણી કાળના છ ભેદ —(૧) સુખમા-સુખમા, (૨) સુખમા, (૩) સુખમા-દુઃખમા, (૪) દુઃખમા-સુખમા, (૫) દુઃખમા અને (૬) દુઃખમા-દુઃખમા અથવા અતિ દુઃખમા.

ઉત્સર્પિણી કાળના પણ છ ભેદ થાય છે કે જે ઉક્ત ભેદોથી વિપરીતરૂપ છે, જેમકે (૧) દુઃખમા-દુઃખમા, (૨) દુઃખમા, (૩) દુઃખમા-સુખમા, (૪) સુખમા-દુઃખમા, (૫) સુખમા અને (૬) સુખમા-સુખમા.

-: ચક્ર ૨૦ કરોડ x ૨૦ કરોડ સાગરોપમ :-



# પરિશિષ્ટ - ૮

## કેટલાંક દિગંબર જૈન પુરાણો

| ક્રમ | ગ્રંથ | ગ્રંથકાર | સમય | ભાગ/પૃષ્ઠ | |
|---|---|---|---|---|---|
| ૧ | અજિતનાથ પુરાણ | કવિ રન્ન | ઈ.સ. ૧૦મી સદી | ૪/૩૦૭ | |
| ૨ | અજિતપુરાણ | કવિ વિજયસિંહ | વિ. ની ૧૬મી સદી | ૪/૨૨૭ | |
| ૩ | અજિતપુરાણ | કવિ અરૂણમણિ | વિ. ની ૧૮મી સદી | ૪/૮૯ | (આ.પુ. ૨૧/૪) |
| ૪ | અંજના ચરિત | આચાર્ય ભુવનકીર્તિ | વિ. ની ૧૬મી સદી | ૩/૩૩૬ | |
| ૫ | અંજના-પવનંજય | આચાર્ય હસ્તિમલ | ઈ.સ. ૧૧૬૧-૧૧૮૧ | ૩/૨૭૫ | |
| ૬ | અનંતનાથ પુરાણ | કવિ જન્ન | ઈ.સ. ૧૧૭૦-૧૨૨૫ | ૪/૩૦૯ | |
| ૭ | અમરસેન ચરિત | કવિ માણિક્યરાજ | વિ. ની ૧૬મી સદી | ૪/૨૩૭ | |
| ૮ | આદિપુરાણ | આચાર્ય જિનસેન (દ્વિતીય) | વિ.સં. ૮૧૦-૯૦૦ | ૨/૩૪૧ | |
| ૯ | આદિપુરાણ | આચાર્ય હસ્તિમલ | વિ. ૧૧૬૧-૧૧૮૧ | ૩/૨૭૫ | |
| ૧૦ | આદિપુરાણ | આચાર્ય સકલકીર્તિ | વિ.સં. ૧૪૪૩-૧૪૯૯ | ૩/૨૨૯ | (આ.પુ. ૨૧/૭) |
| ૧૧ | આદિપુરાણ | આચાર્ય બ્રહ્મજિનદાસ | વિ.સં. ૧૪૫૦-૧૫૨૫ | ૩/૩૩૮ | |
| ૧૨ | આદિપુરાણ (વૃષભદેવ પુરાણ) | ભટ્ટારક ચન્દ્રકીર્તિ | વિ. ની ૧૭મી સદી | ૩/૪૪૧ | (આ.પુ. ૨૧/૬) |
| ૧૩ | આદિપુરાણ(મેહેસર ચરિઉ) | મહાકવિ રઈધૂ | વિ.સં. ૧૪૫૭-૧૫૩૬ | ૪/૨૦૧ | |
| ૧૪ | આદિપુરાણ (કન્નડ) | કવિ પમ્પ | ઈ.સ. ૯૪૧ | | (આ.પુ. ૨૧/૫) |
| ૧૫ | આદિપુરાણ | કવિ મહીચન્દ્ર | વિ.ની ૧૮મી સદી | ૪/૩૨૧ | |
| ૧૬ | આદિપુરાણ વચનિકા | પં. દૌલતરામજી કાસલીવાલ | વિ. ૧૭૪૫-૧૮૨૯<br>રચના : વિ.સં. ૧૮૨૪ | ૪/૨૮૨ | |
| ૧૭ | ઉત્તરપુરાણ | આચાર્ય ગુણભદ્ર | વિ.સં. ૮૭૫-૮૯૨ | ૩/૯ | |
| ૧૮ | ઉત્તરપુરાણ | આચાર્ય સકલકીર્તિ | વિ.સં. ૧૪૪૩-૧૪૯૯ | ૩/૨૨૯ | |
| ૧૯ | બૃહત્ કથાકોષ | આચાર્ય હરિષેણ | ઈ.સ. ૧૦મી સદી | ૩/૬૬ | |
| ૨૦ | કથાકોષ | આચાર્ય બ્રહ્મદેવ | વિ. ની ૧૨મી સદી | ૩/૩૧૦ | |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૧ | આરાધના કથાકોષ | ભટ્ટારક બ્રહ્મ નેમિદત્ત | વિ. ની ૧૬મી સદી | ૩/૪૦૨ |
| ૨૨ | કથાકોષ | કવિ શ્રીચન્દ | ઈ.સ. ૧૧મી સદી | ૪/૧૩૪ (આ.પુ. ૨૨/૩૪) |
| ૨૩ | કથાકોષ | કવિ જોધરાજ ગોદિકા | — | ૪/૩૦૩ |
| ૨૪ | કરકંડુ ચરિઉ | મુનિ કનકામર | વિ. ની ૧૧મી સદી | ૪/૧૫૯ |
| ૨૫ | કરકંડુ ચરિત | મહાકવિ રઈધૂ | વિ. સં. ૧૪૫૭-૧૫૩૬ | ૪/૨૦૧ |
| ૨૬ | કરકંડુ ચરિત | આચાર્ય શુભચંદ્ર | વિ.સં. ૧૫૩૫-૧૬૨૦ | ૩/૩૬૪ |
| ૨૭ | કર્ણામૃત પુરાણ | કેશવસેન | ૧૬૮૮ | (આ.પુ. ૨૧/૯) |
| ૨૮ | ચંદના ચરિત | આચાર્ય શુભચંદ્ર | વિ.સં. ૧૫૩૫-૧૬૨૦ | ૩/૩૬૪ |
| ૨૯ | ચંદ્રપ્રભ ચરિત | આચાર્ય શુભચન્દ્ર | વિ.સં. ૧૫૩૫-૧૬૨૦ | ૩/૩૬૪ |
| ૩૦ | ચંદ્રપ્રભ ચરિત | આચાર્ય વીરનન્દિ | ઈ.સ. ૯૫૦-૯૯૯ | ૩/૫૩ |
| ૩૧ | ચન્દ્રપ્રભ પુરાણ | કવિ અગ્ગલ | ઈ.સ.૧૧૮૯ | ૪/૩૧૧ (આ.પુ. ૨૧/૧૧) |
| ૩૨ | ચંદપ્પહ ચરિઉ | કવિ શ્રીધર (પ્રથમ) | વિ. ની ૧૨મી સદી | ૪/૧૩૭ |
| ૩૩ | ચંદપ્પહ ચરિઉ | કવિ યશઃકીર્તિ (પ્રથમ) | વિ. ની ૧૨મી સદી | ૪/૧૩૭ |
| ૩૪ | ચંદપ્પહ ચરિઉ | કવિ દામોદર (દ્વિતીય) | વિ. ની ૧૬મી સદી | ૪/૧૯૫ |
| ૩૫ | ચંદ્રપ્રભ ચરિત | પં. જયચન્દજી છાબડા | વિ.સં. ૧૮૨૦-૧૮૮૬ | ૪/૨૯૨ |
| ૩૬ | જંબુસ્વામી ચરિત | આચાર્ય સકલકીર્તિ | વિ.સં. ૧૪૪૩-૧૪૯૯ | ૩/૨૨૯ |
| ૩૭ | જંબુસ્વામી ચરિત | આચાર્ય બ્રહ્મ જિનદાસ | વિ.સં. ૧૪૫૦-૧૫૨૫ | ૩/૩૩૮ |
| ૩૮ | જંબુસ્વામી વેલી | આચાર્ય વીરચન્દ્ર | વિ. ની ૧૬મી સદી | ૩/૩૭૪ |
| ૩૯ | જંબુસ્વામી ચરિત | પાંડે રાજમલ | વિ. ની ૧૭મી સદી | ૪/૭૯ |
| ૪૦ | જંબુસ્વામી ચરિત | પાંડે જિનદાસ | વિ.સં. ૧૬૪૨ | ૪/૩૦૪ |
| ૪૧ | જંબુસ્વામી પુરાણ | કવિ જિનસેન | વિ.સં. ૧૮૭૮ | ૪/૩૨૨ |
| ૪૨ | જંબુસ્વામી ચરિત | કવિ દયાસાગર | વિ. ની ૧૯મી સદી | ૪/૩૨૨ |
| ૪૩ | જંબુસ્વામિ ચરિઉ | વીર કવિ | વિ. ની ૧૧મી સદી | ૪/૧૨૪ |
| ૪૪ | જંબુસ્વામી ચરિત | કવિ નથમલ વિલાલા | વિ. ની ૧૯મી સદી | ૪/૨૮૧ |

| | | | | |
|---|---|---|---|---|
| ૪૫ | જસહર ચરિઉ | મહાકવિ પુષ્પદંત | ઈ.સ. ૧૦મી સદી | ૪/૧૦૪ |
| ૪૬ | જસહર ચરિઉ | કવિ અમરકીર્તિગણિ | વિ. ની ૧૩મી સદી | ૪/૧૫૭ |
| ૪૭ | જસહર ચરિઉ | મહાકવિ રઈધૂ | વિ.સં. ૧૪૫૭-૧૫૩૬ | ૪/૨૦૧ |
| ૪૮ | જીવન્ધર ચમ્પુ | મહાકવિ હરિચન્દ્ર | ઈ.સ. ૧૦મી સદી | ૪/૨૦ |
| ૪૯ | જીવન્ધર ચરિત | કવિ ભાસ્કર | ઈ.સ. ૧૪૨૪ | ૪/૩૧૧ |
| ૫૦ | જીવન્ધર ચરિત | કવિ નથમલ વિલાલા | વિ. ની ૧૯મી સદી | ૪/૨૮૧ |
| ૫૧ | જીવન્ધર ચરિત | પં. દૌલતરામજી કાસલીવાલ | વિ.સં. ૧૭૪૫-૧૮૨૯ | ૪/૨૮૨ |
| ૫૨ | જીવન્ધર પુરાણ | કવિ જિનસાગર | — | ૪/૩૨૨ |
| ૫૩ | જીવન્ધર ચરિત | આચાર્ય શુભચંદ્ર | વિ.સં. ૧૫૩૫-૧૬૨૦ | ૩/૩૬૭ |
| ૫૪ | જીવન્ધર પુરાણ | ભટ્ટારક જિનસાગર | વિ. ની ૧૮-૧૯મી સદી | ૩/૪૫૦ |
| ૫૫ | જિનદત્ત ચરિત | આચાર્ય ગુણભદ્ર | વિ.સં. ૮૭૫-૯૫૨ | ૩/૯ |
| ૫૬ | જયકુમાર પુરાણ | બ્ર. કામરાજ | ૧૫૫૫ | (આ.પુ. ૨૧/૧૦) |
| ૫૭ | ત્રિષષ્ઠિ પુરાણ(ચામુંડરાય પુરાણ) | ચામુંડરાય | ઈ.સ. ૧૦મી સદી | ૪/૨૮ (આ.પુ. ૨૧/૨૨) |
| ૫૮ | તિસટ્ઠિ મહાપુરિસ ગુણાલંકાર (મહાપુરાણ) | મહાકવિ પુષ્પદંત | ઈ.સ. ૧૦મી સદી | ૪/૧૦૪ (આ.પુ. ૨૨/૩૨) |
| ૫૯ | ત્રિષષ્ઠિ સ્મૃતિશાસ્ત્ર | પં. આશાધર | વિ.સં. ૧૨૩૦-૧૩૦૦ | ૪/૪૭ |
| ૬૦ | તિસટ્ઠિ મહાપુરિસ ચરિઉ (ત્રિષષ્ઠી મહાપુરુષ ચરિત) | મહાકવિ રઈધૂ | વિ.સં. ૧૪૫૭-૧૫૩૬ | ૪/૨૦૧ |
| ૬૧ | મહાપુરાણ | આચાર્ય મલ્લિષેણ | ઈ.સ. ૧૧મી સદી | ૩/૩૭૧ (આ.પુ. ૨૨/૩૧) |
| ૬૨ | ધન્યકુમાર ચરિત | આચાર્ય સકલકીર્તિ | વિ.સં. ૧૪૪૩-૧૪૯૯ | ૩/૩૨૯ |
| ૬૩ | ધન્યકુમાર ચરિત | ભટ્ટારક બ્રહ્મ નેમિદત્ત | વિ. ની ૧૬મી સદી | ૩/૪૦૨ |
| ૬૪ | ધન્યકુમાર ચરિત | કવિ ગુણભદ્ર (દ્વિતીય) | વિ.ની ૧૩મી સદી | ૪/૫૯ |
| ૬૫ | ધન્યકુમાર ચરિત | મહાકવિ રઈધૂ | વિ.સં. ૧૪૫૭-૧૫૩૬ | ૪/૨૦૧ |
| ૬૬ | ધન્યકુમાર ચરિત | કવિ ખુશાલચન્દ કાલા | વિ. ની ૧૮મી સદી | ૪/૩૦૩ |

| | | | | |
|---|---|---|---|---|
| ૬૭ | ધન્યકુમાર ચરિત | પં. જયચન્દજી છાબડા | વિ.સં. ૧૮૨૦-૧૮૮૬ | ૪/૨૯૨ |
| ૬૮ | ધર્મનાથ પુરાણ | કવિ મધુર | ઈ.સ. ૧૩૮૫ | ૪/૩૧૧ |
| ૬૯ | ધર્મશર્મ અભ્યુદય (ધર્મનાથ ચરિત) | મહાકવિ હરિચન્દ્ર | ઈ.સ. ૧૦મી સદી | ૪/૨૦ |
| ૭૦ | ધર્મનાથ પુરાણ (કન્નડ) | કવિ બાહુબલી | ઈ.સ. ૧૫૬૦ | ૪/૩૧૧ (આ.પુ. ૨૧/૧૩) |
| ૭૧ | નાગકુમાર ચરિઉ | મહાકવિ પુષ્પદંત | વિ.ની ૧૦મી સદી | ૪/૧૦૪ |
| ૭૨ | નાગકુમાર ચરિત | કવિ બાહુબલિ | ઈ.સ. ૧૫૬૦ | ૪/૩૧૧ |
| ૭૩ | નાગકુમાર ચરિત | કવિ માણિકરાજ | વિ. ની ૧૬મી સદી | ૪/૨૩૭ |
| ૭૪ | નાગકુમાર ચરિત | કવિ ધર્મધર | વિ. ની ૧૬મી સદી | ૪/૫૮ |
| ૭૫ | નાગકુમાર ચરિત | કવિ નથમલ વિલાલા | વિ. ની ૧૯મી સદી | ૪/૨૮૧ |
| ૭૬ | નેમિનાથ પુરાણ | કવિ કર્ણપાર્થ | ઈ.સ. ૧૨મી સદી | ૪/૩૦૯ |
| ૭૭ | ણેમિણાહ ચરિઉ | મહાકવિ રઈધૂ | વિ. ૧૪૫૭-૧૫૩૬ | ૪/૨૦૧ |
| ૭૮ | નેમનાથ પુરાણ | પં. ભાગચન્દજી | વિ.સં. ૧૮૭૭-૧૯૩૩ | ૪/૨૯૭ |
| ૭૯ | નેમનાથ પુરાણ | ભટ્ટારક બ્રહ્મ નેમિદત્ત | વિ. ૧૬મી સદી | ૩/૪૦૨ (આ.પુ. ૨૧/૧૪) |
| ૮૦ | અર્ધનેમિપુરાણ | કવિ નેમિચન્દ્ર | ઈ.સ. ૧૩મી સદી | ૪/૩૦૯ |
| ૮૧ | નેમિણાહ ચરિઉ | કવિ અમરકીર્તિગણિ | વિ.ની ૧૩મી સદી | ૪/૧૫૮ |
| ૮૨ | પઉમ ચરિઉ | આચાર્ય વિમલસૂરિ | ઈ.સ. ૪ થી શતાબ્દી | ૨/૨૫૭ |
| ૮૩ | પઉમ ચરિય | કવિ ચતુર્મુખદેવ | ઈ.સ. ૮ મી પૂર્વવર્તી સદી | ૪/૯૫ (આ.પુ. ૨૧/૧૬) |
| ૮૪ | પઉમ ચરિઉ | મહાકવિ સ્વયંભૂ | ઈ.સ. ૭૮૩ | ૪/૯૮ (આ.પુ. ૨૧/૧૭) |
| ૮૫ | પદ્મપુરાણ | આચાર્ય રવિષેણ | વિ.સં. ૭૩૪ | ૨/૨૭૮ (આ.પુ. ૨૧/૧) |
| ૮૬ | પદ્મપુરાણ | ભટ્ટારક ધર્મકીર્તિ | વિ. ની ૧૭મી સદી | ૩/૪૩૨ (આ.પુ. ૨૧/૧૯) |
| ૮૭ | પદ્મપુરાણ | મહાકવિ રઈધૂ | વિ.સં. ૧૪૫૭-૧૫૩૬ | ૪/૨૦૧ (આ.પુ. ૨૧/૨૦) |
| ૮૮ | પદ્મપુરાણ વચનિકા | પં. દૌલતરામ કાસલીવાલ | વિ.સં. ૧૭૪૫-૧૮૨૯ | ૪/૨૮૨ |
| ૮૯ | પદ્મપુરાણ | કવિ ખુશાલચન્દ્ર કાલા | વિ. ની ૧૮મી સદી | ૪/૩૦૩ |

| | | | | |
|---|---|---|---|---|
| ૯૦ | પદ્મપુરાણ | કવિ ગુણદાસ(ગુણકીર્તિ) | — | ૪/૩૧૯ |
| ૯૧ | રામચરિત | આચાર્ય બ્રહ્મ જિનદાસ | વિ.સં. ૧૪૫૦-૧૫૨૫ | ૩/૩૩૮ |
| ૯૨ | રામપુરાણ | ભટ્ટારક સોમસેન | વિ. ની૧૭મી સદી | ૩/૪૪૩ |
| ૯૩ | રામપુરાણ | કવિ પદ્મનાભ | ઈ.સ. ૧૫૮૦ | ૪/૩૧૧ |
| ૯૪ | રામપુરાણ | કવિ કુમુદેન્દુ | ઈ.સ. ૧૨૭૫ | ૪/૩૧૧ |
| ૯૫ | પાંડવ પુરાણ | આચાર્ય શુભચન્દ્ર | વિ.સ. ૧૫૩૫-૧૬૨૦ | ૩/૩૬૭ |
| ૯૬ | પાંડવ પુરાણ | ભટ્ટારક યશઃકીર્તિ | વિ. ૧૫-૧૬મી સદી | ૩/૪૧૧ (આ.પુ. ૨૧/૧૪) |
| ૯૭ | પાંડવપુરાણ | ભટ્ટારક ચન્દ્રકીર્તિ | વિ. ની ૧૭મી સદી | ૩/૪૪૧ |
| ૯૮ | પાંડવ પુરાણ | ભટ્ટારક વાદીચન્દ્ર | વિ. ૧૬૩૭-૧૬૬૪ | ૪/૭૩ |
| ૯૯ | પાંડવ પુરાણ | કવિ ઠકાપ્પા | વિ. ૧૯-૨૦મી સદી | ૪/૩૨૨ |
| ૧૦૦ | પાંડવ પુરાણ | કવિ બુલાકીદાસ | — | ૪/૨૬૩ |
| ૧૦૧ | દ્વિસંધાન મહાકાવ્ય (રાઘવ-પાંડવીય/રામ-કૃષ્ણ ચરિત) | મહાકવિ ધનંજય | ઈ.સ. ૮મી સદી | ૪/૮ |
| ૧૦૨ | પાર્શ્વપુરાણ | આચાર્ય સકલકીર્તિ | વિ.સં. ૧૪૪૩-૧૪૯૯ | ૩/૩૩૪ |
| ૧૦૩ | પાર્શ્વનાથ ચરિત | આચાર્ય વાદિરાજ | ઈ.સ. ૧૦૧૦-૧૦૬૫ | ૩/૮૮૦ |
| ૧૦૪ | પાર્શ્વપુરાણ | ભટ્ટારક વાદીચન્દ્ર | વિ. ની ૧૬૩૭-૧૬૬૪ | ૪/૭૨ (આ.પુ. ૨૧/૩૦) |
| ૧૦૫ | પાર્શ્વપુરાણ | ભટ્ટારક ચન્દ્રકીર્તિ | વિ. ની ૧૭મી સદી | ૩/૪૪૧ |
| ૧૦૬ | પાર્શ્વનાથ પુરાણ (કર્ણાટક) | કવિ પાર્શ્વ પંડિત | ઈ.સ. ૧૨૦૫ | ૪/૩૧૧ |
| ૧૦૭ | પાર્શ્વપુરાણ | પં. ભૂધરદાસ | વિ.સં. ૧૭૫૦-૧૮૦૬ | ૪/૨૭૩ |
| ૧૦૮ | પાસણાહ ચરિઉ | મુનિ પદ્મકીર્તિ | વિ. ની ૧૨મી સદી | ૩/૨૦૫ (આ.પુ. ૨૧/૧૭) |
| ૧૦૯ | પાસણાહ ચરિઉ | કવિ શ્રીધર (પ્રથમ) | વિ. ની ૧૨મી સદી | ૪/૧૩૭ |
| ૧૧૦ | પાસણાહ ચરિઉ | કવિ દેવચન્દ્ર | વિ. ની ૧૨મી સદી | ૪/૧૮૨ |
| ૧૧૧ | પાસણાહ ચરિઉ | મહાકવિ રઈધૂ | વિ.સં. ૧૪૫૭-૧૫૩૬ | ૪/૨૦૧ (આ.પુ. ૨૧/૨૮) |
| ૧૧૨ | પાસણાહ ચરિઉ | કવિ અસવાલ | વિ. ની ૧૫મી સદી | ૪/૨૨૯ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૧૩ | પુષ્પદંત પુરાણ (કર્ણાટક) | કવિ ગુણવર્મ | ઈ.સ. ૧૨૩૦ | ૪/૩૦૯ |
| ૧૧૪ | પ્રદ્યુમ્ન ચરિત | આચાર્ય મહાસેન | ઈ.સ. ૧૦મી સદી ઉત્તરાર્ધ | ૩/૫૭ |
| ૧૧૫ | પ્રદ્યુમ્ન ચરિત | આચાર્ય સોમકીર્તિ | વિ.સં. ૧૪૮૦-૧૫૦૦ | ૩/૩૪૭ |
| ૧૧૬ | પ્રદ્યુમ્ન ચરિત | મહાકવિ સિંહ | વિ.૧૨-૧૩મી સદી | ૪/૧૭૦ |
| ૧૧૭ | પ્રદ્યુમ્ન ચરિત | કવિ સુધારૂ | — | ૪/૩૦૯ |
| ૧૧૮ | પ્રદ્યુમ્ન ચરિત | મહાકવિ રઈધૂ | વિ.સં. ૧૪૫૭-૧૫૩૬ | ૪/૨૦૧ |
| ૧૧૯ | પુણ્યાશ્રવ કથા | મહાકવિ રઈધૂ | વિ.સં. ૧૪૫૭-૧૫૩૬ | ૪/૨૦૧ |
| ૧૨૦ | પુણ્યાસ્રવ કથાકોષ | કવિ રામચંદ્ર મુમુક્ષુ | ઈ.સ. ૧૩મી સદી મધ્ય | ૪/૭૧ |
| ૧૨૧ | પુણ્યાસ્રવ વચનિકા | પં. દૌલતરામજી કાસલીવાલ | વિ.સં. ૧૭૪૫-૧૮૨૯ | ૪/૨૮૨ |
| ૧૨૨ | બાહુબલિ વેલિ | આચાર્ય વીર ચન્દ્ર | વિ.સં. ૧૫૫૬-૧૫૮૨ | ૩/૩૭૪ |
| ૧૨૩ | બાહુબલી ચરિઉ (કામ ચરિઉ) | કવિ ધનપાલ (દ્વિતીય) | વિ. ની ૧૫મી સદી | ૪/૨૧૪ |
| ૧૨૪ | ભદ્રબાહુ ચરિત | આચાર્ય રત્નકીર્તિ (રત્નનંદિ) | વિ. ની ૧૬મી સદી ઉત્તરાર્ધ | ૩/૪૩૭ |
| ૧૨૫ | ભદ્રબાહુ ચરિત | કવિ કિશનસિંહ | વિ. ની ૧૮મી સદી | ૪/૨૮૦ |
| ૧૨૬ | ભરતેશ વૈભવ | કવિ રત્નાકર વર્ણી | ઈ.સ. ૧૬મી સદી | ૪/૩૦૯ |
| ૧૨૭ | ભરતેશ્વર અભ્યુદય | પં. આશાધરજી | વિ.સં. ૧૨૩૦-૧૩૦૦ | ૪/૪૫ |
| ૧૨૮ | ભવિષ્યદત્ત ચરિત | મહાકવિ રઈધૂ | વિ.સં. ૧૪૫૭-૧૫૩૬ | ૪/૧૦૧ |
| ૧૨૯ | ભવિષ્યદત્ત ચરિત | પં. પદ્મ સુંદર | વિ. ની ૧૭મી સદી | ૪/૮૩ |
| ૧૩૦ | ભવિષ્યદત્ત કથા | કવિ ધનપાલ (પ્રથમ) | વિ. ની ૧૦મી સદી | ૪/૧૧૪ |
| ૧૩૧ | ભવિષ્યદત્ત ચરિઉ | કવિ શ્રીધર (દ્વિતીય) (કવિ વિબુધ શ્રીધર) | વિ. ની ૧૩મી સદી | ૪/૧૪૬ |
| ૧૩૨ | મલ્લિનાથ ચરિત | આચાર્ય સકલકીર્તિ | વિ.સં. ૧૪૪૩/૧૪૯૯ | ૩/૩૩૧ |
| ૧૩૩ | મલ્લિનાથ પુરાણ (કન્નડ) | કવિ નાગચંદ્ર | ઈ.સ. ૧૧૦૦ | ૪/૩૦૮ (આ. પુ. ૨૨/૩૩) |
| ૧૩૪ | મુનિસુવ્રત પુરાણ | કવિ બ્રહ્મકૃષ્ણદાસ | વિ.સ. ૧૭મી સદી | ૪/૮૫ |
| ૧૩૫ | યશોધર ચરિત્ર | આચાર્ય વાદિરાજ | ઈ.સ. ૧૦૧૦-૧૦૬૫ | ૩/૮૮ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૩૬ | યશોધર ચરિત્ર | આચાર્ય સકલકીર્તિ | વિ.સં. ૧૪૪૩-૧૪૯૯ | ૩/૩૩૧ |
| ૧૩૭ | યશોધર ચરિત્ર | આચાર્ય સોમકીર્તિ | વિ.સં. ૧૪૮૦-૧૫૦૦ | ૩/૩૪૪ |
| ૧૩૮ | યશોધર ચરિત્ર | આચાર્ય શ્રુતસાગર સૂરિ | વિ. ની ૧૬મી સદી | ૩/૩૯૧ |
| ૧૩૯ | યશોધર ચરિત્ર | કવિ જન્ન | ઈ.સ. ૧૧૭૦-૧૨૨૫ | ૪/૩૦૯ |
| ૧૪૦ | યશોધર ચરિત્ર | કવિ પદ્મનાભ કાયસ્થ | ઈ.સ. ૧૪/૧૫મી સદી | ૪/૫૫ |
| ૧૪૧ | યશોધર ચરિત્ર | કવિ મેઘરાજ | વિ. ની ૧૬મી સદી | ૪/૩૧૯ |
| ૧૪૨ | યશોધર ચરિત્ર | કવિ જ્ઞાનકીર્તિ | વિ. ની ૧૭મી સદી | ૪/૫૬ |
| ૧૪૩ | યશોધર ચરિત્ર | ભટ્ટારક વાદિચન્દ્ર | વિ.સં. ૧૬૩૭-૧૬૬૪ | ૪/૭૩ |
| ૧૪૪ | યશોધર ચરિત્ર | કવિ લક્ષ્મીદાસ | વિ. ની ૧૮મી સદી | ૪/૩૦૪ |
| ૧૪૫ | યશોધર ચરિત્ર | કવિ નાગોઆયા | — | ૪/૩૨૧ |
| ૧૪૬ | યશસ્તિલક ચમ્પૂ(યશોધર ચરિત્ર) | આચાર્ય સોમદેવ | ઈ.સ. ૧૦મી સદી | ૩/૮૩ |
| ૧૪૭ | વર્ધમાન ચરિત | ભટ્ટારક પદ્મનંદિ | ઈ.સ. ૧૪મી સદી | ૪/૩૨૨ |
| ૧૪૮ | વર્ધમાન ચરિત | આચાર્ય સકલકીર્તિ | વિ.સં. ૧૪૪૩-૧૪૯૯ | ૩/૩૩૧ |
| ૧૪૯ | વર્ધમાન ચરિત | મહાકવિ અસગ | ઈ.સ. ૧૦મી સદી | ૪/૧૧ (આ.પુ. ૨૨/૩૫) |
| ૧૫૦ | વડ્ઢમાણ ચરિઉ | કવિ શ્રીધર (પ્રથમ) | વિ. ની ૧૨મી સદી | ૪/૧૩૭ |
| ૧૫૧ | વડ્ઢમાણ ચરિઉ | કવિ હરિચન્દ્ર (જયમિત્રહલ) | વિ. ની ૧૫મી સદી | ૪/૨૧૪ |
| ૧૫૨ | વર્ધમાન ચરિત | કવિ નવલ શાહ | વિ.સં. ૧૮૨૫ | ૪/૪૪૪ |
| ૧૫૩ | મહાવીર ચરિઉ | કવિ અમરકીર્તિગણિ | વિ.સં. ૧૩મી સદી | ૪/૧૫૭ |
| ૧૫૪ | વરાંગ ચરિત | આચાર્ય જટાસિંહનંદિ | વિ. ની ૭-૮મી સદી | ૨/૨૯૧ |
| ૧૫૫ | વરાંગ ચરિત | ભટ્ટારક વર્ધમાન (પ્રથમ) | ઈ.સ. ૧૪મી સદી ઉત્તરાર્ધ | ૩/૩૫૮ |
| ૧૫૬ | વાગર્થસંગ્રહપુરાણ | કવિપરમેશ્વર | વિ.ની૯મીસદીથીપૂર્વવર્તી | (આ.પુ. ૨૨/૪૦) |
| ૧૫૭ | વિમલ પુરાણ | કવિ જયસાગર | વિ.સં. ૧૬૭૪ | ૪/૩૦૨ |
| ૧૫૮ | શાંતિનાથ ચરિત | આચાર્ય સકલકીર્તિ | વિ.સં. ૧૪૪૩-૧૪૯૯ | ૩/૩૩૦ |
| ૧૫૯ | શાંતિનાથ ચરિત | આચાર્ય શુભકીર્તિ | વિ. ની ૧૫મી સદી | ૩/૪૧૧ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬૦ | શાંતિનાથ પુરાણ | ભટ્ટારક શ્રીભૂષણ | વિ.સં. ૧૭મી સદી | ૩/૪૪૦ |
| ૧૬૧ | શાંતિનાથ પુરાણ | મહાકવિ અસગ | ઈ.સ. ૧૦મી સદી | ૪/૧૧ |
| ૧૬૨ | શાંતિનાથ ચરિત | કવિ દેવદત્ત | ઈ.સ. ૧૦૫૦ | ૪/૨૪૩ |
| ૧૬૩ | શાંતિનાથ ચરિત | કવિ રામચંદ્ર મુમુક્ષુ | ઈ.સ. ૧૩મી સદી મધ્ય | ૪/૭૧ |
| ૧૬૪ | શાંતિનાથ પુરાણ | કવિ શાંતિકીર્તિ | ઈ.સ. ૧૫૧૯ | ૪/૩૧૧ |
| ૧૬૫ | શ્રીપાલ ચરિત | આચાર્ય સકલકીર્તિ | વિ.સં. ૧૪૪૩-૧૪૯૯ | ૩/૩૩૦ |
| ૧૬૬ | શ્રીપાલ ચરિત | ભટ્ટારક બ્રહ્મ નેમિદત્ત | વિ. ની ૧૬મી સદી | ૩/૪૦૨ |
| ૧૬૭ | શ્રીપાલ ચરિત | આચાર્ય શ્રુતસાગર સૂરિ | વિ. ની ૧૬મી સદી | ૩/૩૯૧ |
| ૧૬૮ | શ્રીપાલ ચરિત | કવિ ધર્મધર | વિ.સં. ૧૬મી સદી | ૪/૫૮ |
| ૧૬૯ | શ્રીપાલ ચરિત | પં. દૌલતરામજી કાસલીવાલ | વિ.સં. ૧૭૪૫-૧૮૨૯ | ૪/૨૮૨ |
| ૧૭૦ | શ્રીપાલ ચરિત | મહાકવિ રઈધૂ | વિ.સં. ૧૪૫૭-૧૫૩૬ | ૪/૨૦૧ |
| ૧૭૧ | શ્રેણિક ચરિત | આચાર્ય શુભચંદ્ર | વિ.સં. ૧૫૩૫-૧૬૨૦ | ૩/૩૬૪ |
| ૧૭૨ | શ્રેણિક ચરિત | કવિ જનાર્દન | વિ. ની ૧૯ મી સદી | ૪/૩૨૨ |
| ૧૭૩ | શ્રેણિક પુરાણ | કવિ ગુણદાસ (ગુણકીર્તિ) | — | ૪/૩૧૯ |
| ૧૭૪ | શ્રી પુરાણ | ભટ્ટારક ગુણભદ્ર | ૧૫-૧૬મી સદી | ૪/૪૯૧ (આ.પુ. ૨૨/૪૩) |
| ૧૭૫ | સગર ચરિત | કવિ બ્રહ્મ જયસાગર | વિ. ની ૧૮મી સદી | ૪/૩૦૨ |
| ૧૭૬ | સનતકુમાર ચરિત | કવિ વોમ્મરસ | ઈ.સ. ૧૪૮૫ | ૪/૩૧૧ |
| ૧૭૭ | સુભૌમ ચરિત | આચાર્ય બ્રહ્મ જિનદાસ | વિ.સં. ૧૪૫૦-૧૫૨૫ | ૩/૩૩૮ |
| ૧૭૮ | સુકોસલ ચરિઉ | મહાકવિ રઈધૂ | વિ.સં. ૧૪૫૭-૧૫૩૬ | ૪/૨૦૧ |
| ૧૭૯ | સુષેણચરિત | કવિજગન્નાથ | વિ.૧૭મીઅંત-૧૮મીશરૂઆત | ૪/૯૧ |
| ૧૮૦ | સુલોયણા ચરિઉ | કવિ દેવસેન | વિ.સં. ૧૧૩૨ | ૪/૧૫૨ |
| ૧૮૧ | સુભગ સુલોચના ચરિત | ભટ્ટારક વાદિચન્દ્ર | વિ.સં. ૧૬૩૭-૧૬૬૪ | ૪/૭૩ |
| ૧૮૨ | સુકુમાલ ચરિત | કવિ શ્રીધર (તૃતીય) | વિ. ની ૧૩મી સદી | ૪/૧૪૯ |
| ૧૮૩ | સુકુમાલ ચરિત | આચાર્ય સકલકીર્તિ | વિ.સં. ૧૪૪૩-૧૪૯૯ | ૩/૩૩૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮૪ | સુદંસણ ચરિઉ | આચાર્ય નયનંદિ | વિ. ની ૧૧-૧૨મી સદી | ૩/૨૯૦ |
| ૧૮૫ | સુદંસણ ચરિઉ | મહાકવિ રઈધૂ | વિ. ૧૪૫૭-૧૫૩૬ | ૪/૨૦૧ |
| ૧૮૬ | સુદર્શન ચરિત | આચાર્ય સકલકીર્તિ | વિ.સં. ૧૪૪૩-૧૪૯૯ | ૩/૩૩૦ |
| ૧૮૭ | સુદર્શન ચરિત | આચાર્ય વિદ્યાનંદિ | વિ.સં. ૧૪૯૯-૧૫૩૮ | ૩/૩૬૯ |
| ૧૮૮ | સુદર્શન ચરિત | ભટ્ટારક બ્રહ્મનેમિદત્ત | વિ. ની ૧૬મી સદી | ૩/૪૦૨ |
| ૧૮૯ | સુદર્શન ચરિત | કવિ વીરદાસ (પાસકીર્તિ) | વિ. ની ૧૭-૧૮મી સદી | ૩/૩૨૦ |
| ૧૯૦ | સુદર્શન પુરાણ | કવિ કામરાજ | – | ૪/૩૨૧ |
| ૧૯૧ | હનુમાન પુરાણ | કવિ દયાસાગર | વિ. ની ૧૯મી સદી | ૪/૩૨૨ |
| ૧૯૨ | હરિવંશ પુરાણ | આચાર્ય જિનસેન (પ્રથમ) | વિ.સં. ૮૦૫-૮૭૫ | ૩/૪ (આ.પુ. ૨૨/૪૪) |
| ૧૯૩ | હરિવંશ પુરાણ | આચાર્ય બ્રહ્મ જિનદાસ | વિ.સં. ૧૪૫૦-૧૫૨૫ | ૩/૩૩૮ (આ.પુ. ૨૨/૪૭) |
| ૧૯૪ | હરિવંશપુરાણ | ભટ્ટારકયશઃકીર્તિ | વિ.૧૫મીઅંત-૧૬પૂર્વાર્ધ | ૩/૪૦૭ (આ.પુ.૨૨/૪૮) |
| ૧૯૫ | હરિવંશ પુરાણ | ભટ્ટારક શ્રુતકીર્તિ | વિ. ની ૧૬ મી સદી | ૩/૪૩૦ (આ.પુ. ૨૨/૪૯) |
| ૧૯૬ | હરિવંશ પુરાણ | ભટ્ટારક ધર્મકીર્તિ | વિ. ની ૧૭ મી સદી | ૩/૪૩૪ (આ.પુ. ૨૨/૫૧) |
| ૧૯૭ | હરિવંશ પુરાણ | કવિ ચતુર્મુખદેવ | ૮મી સદી પૂર્વવર્તી | ૪/૯૧ (આ.પુ. ૨૨/૪૬) |
| ૧૯૮ | હરિવંશ પુરાણ | મહાકવિ સ્વયંભૂદેવ | ઈ.સ. ૭૮૩ | ૪/૯૮ (આ.પુ. ૨૨/૪૫) |
| ૧૯૯ | હરિવંશ પુરાણ | કવિ બન્ધુવર્મા | ઈ.સ. ૧૨૦૦ | ૪/૩૧૧ |
| ૨૦૦ | હરિવંશ પુરાણ | મહાકવિ રઈધૂ | વિ.સં. ૧૪૫૭-૧૫૩૬ | ૪/૨૦૧ (આ.પુ. ૨૧/૫૦) |
| ૨૦૧ | હરિવંશ પુરાણ | કવિ ધવલ | વિ. ની ૧૨-૧૩મી સદી | ૪/૧૧૯ |
| ૨૦૨ | હરિવંશ પુરાણ | કવિ ખુશાલચન્દ કાલા | વિ. ની ૧૮મી સદી | ૪/૩૦૩ |
| ૨૦૩ | હરિવંશ પુરાણ | કવિ પુણ્યસાગર | વિ. ની ૧૮મી સદી | ૪/૩૨૧ |
| ૨૦૪ | હરિવંશ પુરાણ | પં. દૌલતરામજી કાસલીવાલ | વિ.સં. ૧૭૪૫-૧૮૨૯ | ૪/૨૮૨ |

**સંદર્ભ ગ્રન્થ :** તીર્થંકર મહાવીર ઔર ઉનકી પરંપરા : ડૉ. નેમિચન્દ્ર શાસ્ત્રી, જ્યોતિષાચાર્ય.
આદિપુરાણ પ્રસ્તાવના : ડૉ. પન્નાલાલ જૈન, સાહિત્યાચાર્ય.
ઈ.સ. = વિ.સં.–૫૭ = વીર સંવત–૫૨૭.

## —: વાંચકોની નોંધ માટે :—

# અમારા સંકલિત પ્રકાશનો


- ☞ દૃષ્ટિના નિધાન
- ☞ પરમાગમ ચિંતામણિ
- ☞ વૈરાગ્ય-વર્ષા
- ☞ દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર–
  પર્યાયદૃષ્ટિ વિનશ્વર
- ☞ બોધિ-સમાધિ-નિધાન ભાગ-૧
- ☞ સમજ
- ☞ અધ્યાત્મગંગા
- ☞ દ્રવ્યદૃષ્ટિ–પ્રવેશિકા
- ☞ ગુરુ કહાન-દૃષ્ટિ મહાન ભાગ-૧
- ☞ ગુરુ કહાન-દૃષ્ટિ મહાન ભાગ-૨
- ☞ બોધિ-સમાધિ-નિધાન ભાગ-૨
- ☞ ગુરુ કહાન-દૃષ્ટિ મહાન ભાગ-૩
- ☞ ગુરુ કહાન-દૃષ્ટિ મહાન ભાગ-૪
- ☞ ગુરુ કહાન-દૃષ્ટિ મહાન ભાગ-૫
- ☞ ગુરુ કહાન-દૃષ્ટિ મહાન ભાગ-૬
- ☞ ગુરુ કહાન-દૃષ્ટિ મહાન ભાગ-૭
- ☞ પાંડવ પુરાણ (ગુજરાતી)
- ☞ ગુરુ કહાન-દૃષ્ટિ મહાન ભાગ-૮
- ☞ મહાવીર પુરાણ (ગુજરાતી)
- ☞ શાંતિનાથ પુરાણ (ગુજરાતી)
- ☞ શુદ્ધાત્મસ્વરૂપ ચિંતન (પાંચ આવૃત્તિ)
- ☞ પ્રેરણા
- ☞ ગુરુ કહાન-દૃષ્ટિ મહાન ભાગ-૯
- ☞ ગુરુ કહાન-દૃષ્ટિ મહાન ભાગ-૧૦
- ☞ આદિપુરાણ ભાગ-૧ (ગુજરાતી)
- ☞ ગુરુ કહાન-દૃષ્ટિ મહાન ભાગ-૧૧

## આગામી પ્રકાશનો

- ☞ આદિપુરાણ ભાગ-૨ (ગુજરાતી)
- ☞ ચારુદત્ત ચરિત્ર (ગુજરાતી)
- ☞ સુભૌમ ચરિત્ર (ગુજરાતી)
- ☞ શ્રીપાલ ચરિત્ર (ગુજરાતી)



તપકલ્યાણક



જ્ઞાનકલ્યાણક



મોક્ષકલ્યાણક



જન્મકલ્યાણક



ગર્ભકલ્યાણક